


# નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચન

## ભાગ-૬








—: પ્રકાશક :—

શ્રી કુંદકુંદકહાન દિગંબર
જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ
(પાર્લા-સાંતાક્રુઝ) મુંબઈ

वीतरागाय नमः।

# નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચન

## (ભાગ - ૬)

**શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર**
**પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના**
**પ્રવચનોનું અક્ષરશઃ પુસ્તક**

(નાટક સમયસાર  સાધ્ય સાધક દ્વાર પદ ૨૩ થી ૫૬
ચતુર્દશ ગુણસ્થાન અધિકાર પદ ૧ થી ૧૧૫,
ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિ પદ ૧ થી ૪૦ ઉપર

(પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન નં. ૧૬૭ થી ૨૦૦)

—ઃ પ્રકાશક ઃ—
**શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ,**
**(પાર્લા-સાંતાક્રુઝ) મુંબઈ-૪૦૦૦૫૬**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૬૦૦
વિ.સં. ૨૦૭૩ વીર સં. ૨૫૪૩ ઈ.સ. ૨૦૧૭
દ્વિતિય સુધારેલ આવૃત્તિ ૨૦૨૨

-: પ્રકાશન તિથિ :-

પૂજ્ય બહેનશ્રી ચંપાબેન ૧૦૪મી જન્મજયંતી
૯–૮–૨૦૧૭ શ્રાવણ વદ–૨

**નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચન ભાગ-૬**

## * પુસ્તક પુરસ્કૃતકર્તા *

**સ્વ. શ્રીમતી મણિબેન મેઘજીભાઈ શાહના સ્મરણાર્થે**
**હ. શ્રી ખિલનભાઈ તથા રાહુલભાઈ લંડન તરફથી**

## : પ્રાપ્તિસ્થાન :

**(૧) શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
**સોનગઢ-૩૬૪૨૫૦**
જિ. ભાવનગર
**ફોન નં. ૦૨૮૪૬-૨૪૪૩૩૪**

**(૨) શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિર**
**C/o શ્રી કુંદકુંદકહાન દિગંબર**
**જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝ**
૪૭, ચર્ચ રોડ, ધનજી મહેતા ગ્રાઉન્ડ સામે
વિલેપાર્લા-(વેસ્ટ)
**મુંબઈ–૪૦૦૦૫૬**
**ફોન નં. ૦૨૨-૨૬૬૩૧૧૬૫**

**(૩) શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ,**
૩૦૨, કૃષ્ણાકુંજ, વી.એલ. મહેતા માર્ગ,
વીલેપાર્લા (વેસ્ટ)
**મુંબઈ–૪૦૦૦૫૬**
ટે.નં. ૦૨૨–૨૬૧૩ ૦૮૨૦ / ૨૬૧૦ ૪૯૧૨

**(૪) શ્રી સીમંધર ભગવાન દિ. જિનમંદિર**
**C/o શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**
પ્લોટ નં. ૭૪૨, પૂજ્ય ગુરુદેવ
શ્રી કાનજીસ્વામી માર્ગ, સીંપોલી કોર્નર,
સોનીવાડી સામે, બોરીવલી (વેસ્ટ),
**મુંબઈ–૪૦૦૦૯૨**
**ફોન નં. ૦૨૨-૨૮૯૯ ૧૩૭૮**

## મૂલ્ય : સ્વાધ્યાય

મુદ્રક :-
**સ્મૃતિ ઓફસેટ**
**પ્લોટ નં. ૧૩, કહાન વાડી**
**અંકુર સ્કૂલ રોડ, સોનગઢ-(જિ. ભાવનગર)**
**મો. ૯૮૨૪૯૪૪૪૦૧**

ટાઈપ સેટીંગ :-
**અરિહંત કોમ્પ્યુટર ગ્રાફિક્સ**
**સોનગઢ (જિ. ભાવનગર)**
**મો. ૯૬૬૨૫૩૫૩૮૭**



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)


હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં-અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!



અધ્યાત્મયુગસ્રષ્ટા પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## પૂજ્ય ગુરુદેવશ્રી વિષે બહેનશ્રીના ઉદ્‌ગાર

આ પંચમકાળે પૂજ્ય ગુરુદેવ મળવા મુશ્કેલ છે. ગુરુદેવ મળ્યા તે જ બેડો પાર છે. તેમના જેટલા ગુણગ્રામ કરીએ એટલા ઓછા છે. તેમની નિરંતર વાણી ને નિરંતર સાન્નિધ્ય મળવું મુશ્કેલ છે. તેમનો એક એક શબ્દ આત્માને બતાવનારો, આત્માને જગાડનારો ને જે પુરુષાર્થ કરે તેને અનુભૂતિ થઈ જાય તેવી વાણી હતી. ગુરુદેવે તો સ્વયં ચૈતન્યને પ્રગટ કર્યો. 'તરણ—તારણ' પોતે તરીને બીજાને તારનાર હતા.

❃

શાસ્ત્રોમાં ભરેલા ગહન ભાવો ખોલવાની પૂજ્ય ગુરુદેવની શક્તિ કોઈ અજબની હતી. તેમને શ્રુતની લબ્ધિ હતી. વ્યાખ્યાનમાં નીકળતાં ગંભીર ભાવો સાંભળતાં ઘણીવાર એમ થતું કે આ તો શું શ્રુતસાગર ઊછળ્યો છે! આવા ગંભીર ભાવો ક્યાંથી નીકળે છે? ગુરુદેવના જેવી વાણી ક્યાંય સાંભળી નથી. તેમની અમૃતવાણીના રણકાર કેટલા મીઠા હતા જાણે કે સાંભળ્યા જ કરીએ. અનુભવરસમાંથી રસબસતી ગુરુદેવની જોરદાર વાણીના પડકાર કોઈ જુદા જ હતા. પાત્ર જીવોના પુરુષાર્થને ઉપાડે અને મિથ્યાત્વના ભુક્કા ઉડાડી દે તેવી દૈવી તેમની વાણી હતી. આપણાં ભાગ્ય કે ગુરુદેવની એ મંગળમય કલ્યાણકારી વાણી ટેઈપમાં ઉતરીને જીવંત રહી. ગુરુદેવે ઘણું સ્પષ્ટ કરીને બતાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે, હું તો તેમનો દાસ છું. ગુરુદેવે આ મુમુક્ષુ સમાજ ઉપર અપાર ઉપકાર કર્યો છે.

❃

ગુરુદેવની શ્રુતની શૈલી ગજબ છે. તેમાં નિશ્ચય-વ્યવહાર, અસ્તિ-નાસ્તિ, ઉપાદાન-નિમિત્ત બધું જ તેઓએ સમજાવ્યું છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે નહિ, દિગંબર ધર્મથી જ મોક્ષ છે. બધો ખુલાસો કર્યો. મુક્તિનો માર્ગ ગુરુદેવે સ્પષ્ટ કર્યો, શ્રીમદ્ રાજચંદ્રના કેટલાક અર્થો પૂજ્ય ગુરુદેવે ખુલ્લા કરી સમજાવ્યા. તીર્થંકર ભગવાનની જેમ માર્ગ પ્રકાશ્યો....શ્રુતની ધારા જુદી જ....

મને તત્ત્વની ઝંખના ઘણી. અંદરથી પોકાર આવતો પણ માર્ગની સ્પષ્ટતા તો ગુરુદેવે જ કરી. જેનાથી ઉપકાર થયો હોય તેનું નામ કેમ ભુલાય?

# પ્રસ્તાવના

નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે ।
ચિત્સ્વભાવાયભાવાયઃ સર્વ ભાવાન્તરચ્છિદે ॥

સદેહે વિદેહ જઈ મહાવિદેહક્ષેત્રમાં બિરાજમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરનાર, ભરતક્ષેત્રના સીમંધર લઘુનંદન, જ્ઞાનસામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ, શુદ્ધાત્મામાં નિરંતર કેલી કરનાર હાલતા-ચાલતા સિદ્ધસમ ભગવાન **શ્રી કુંદકુંદાચાર્ય** વિક્રમ સંવત ૪૯ની સાલમાં થયા હતા.

ભગવાન મહાવીરથી ચાલતા આવતા જ્ઞાનમાં આચાર્યોની પરંપરાથી શ્રી ગુણધર આચાર્યને જ્ઞાનપ્રવાદ પૂર્વના દસમાં વસ્તુ અધિકારના ત્રીજા પ્રાભૃતનું જ્ઞાન હતું. ત્યાર પછીના આચાર્યોએ અનુક્રમે સિદ્ધાંતો રચ્યા અને પરંપરાથી તે જ્ઞાન ભગવાન **કુંદકુંદાચાર્ય**ને પ્રાપ્ત થયું હતું.

ભગવાન **કુંદકુંદાચાર્ય** વિ.સં. ૪૯માં સદેહે મહાવિદેહમાં ૮ દિવસ ગયા હતા. તેમણે શ્રી સીમંધર ભગવાનના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મચર્ચાનો અમૂલ્ય ખજાનો હૃદયગત કરીને ભરતક્ષેત્રમાં આવી પંચ પરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મશાસ્ત્ર છે. જેમાં શ્રી **કુંદકુંદાચાર્યે** ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે, જે ભવરહિત અશરીરી થવાનું શાસ્ત્ર છે.

**શ્રી કુંદકુંદઆચાર્ય** બાદ લગભગ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગત કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાન હૃદયને ખોલનાર, સિદ્ધપદ સાધક, મુનિવર સંપદાને આત્મસાત કરી નિજ સ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી શ્રી સમયસાર શાસ્ત્રની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય **શ્રી અમૃતચંદ્ર આચાર્યદેવ**ને થયું. તેમણે ''આત્મખ્યાતિ'' નામની ટીકાની રચના કરી. તે ઉપરાંત તે ગાથા ઉપર ૨૭૮ માર્મિક કળશો તેમજ પરિશિષ્ટની

રચના કરી. આ ટીકા વાંચતા પરમાર્થતત્ત્વના મધુર રસાસ્વાદી ધર્મજિજ્ઞાસુઓના હૃદયમાં નિઃસંદેહ આત્માનો અપાર મહિમા આવે છે, કેમકે આચાર્યદેવે તેમાં પરમ હિતોપદેશક, સર્વજ્ઞ વીતરાગ તીર્થંકર ભગવંતોના હાર્દ ખોલીને અધ્યાત્મતત્ત્વના નિધાનો ઠાંસીઠાંસીને ભરી દીધા છે. અધ્યાત્મતત્ત્વના હાર્દને સર્વાંગ પ્રકાશનારી આ ''આત્મખ્યાતિ'' જેવી સુંદર ટીકા હજુ સુધી બીજા કોઈ જૈન અધ્યાત્મગ્રંથની લખાયેલી નથી.

**શ્રી સમયસાર કળશ** ઉપર અધ્યાત્મરસિક **પંડિત શ્રી રાજમલજી પાંડે**એ ટીકા લખી છે, જે વિ.સં. સત્તરમી શતાબ્દીમાં થયા હતા. તે તેમણે રાજસ્થાનના ઢૂંઢાર પ્રદેશમાં બોલાતી જૂની ઢૂંઢારી ભાષામાં લખેલી છે. સામાન્યબુદ્ધિના જિજ્ઞાસુ જીવો પણ સરળતાથી સમજી શકે એ રીતે વિસ્તારથી સ્પષ્ટતાપૂર્વક અને જોરદાર શૈલીથી ભાવો ખુલ્લા કર્યા છે. ટીકામાં સ્થાને-સ્થાને નિર્વિકલ્પ સહજ સ્વાનુભવનું અતિશય મહત્વ બતાવ્યું છે અને તેની પ્રાપ્તિ કરવા પ્રેરણા આપી છે. તેઓ **કવિવર શ્રી બનારસીદાસ**થી થોડાક વર્ષો પહેલાં થઈ ગયા હોય એમ વિદ્વાનોનું માનવું છે.

**શ્રી સમયસાર કળશ**ની વિદ્વાન **પં. રાજમલજી**એ ટીકા કરી અને તેના ઉપરથી વિદ્વાન **પં. કવિવર શ્રી બનારસીદાસજીએ ''નાટક સમયસાર''**ની રચના કરી છે. આ ગ્રંથ અધ્યાત્મનું એક ઉજ્જવલ રત્ન છે.

પં. બનારસીદાસજીનો જન્મ વિ.સં. ૧૬૪૩ના મહા મહિનામાં મધ્ય ભારતમાં રોહતકપુર પાસે બિહોલી ગામમાં થયો હતો. તેમનું કુળ શ્રીમાળ હતું અને ગોત્ર બિહોલિયા હતું. વિદ્વાન કવિવર શ્રી બનારસીદાસજીએ પંડિત રાજમલજી રચિત ''સમયસાર કળશ'' ઉપરથી ''નાટક સમયસાર''ની રચના કરી હતી. તેમાં મંગલાચરણ તથા ઉત્થાનિકાના ૫૧ કળશ, જીવ દ્વારના ૩૫ કળશ, અજીવ દ્વાર—૧૪, કર્તા કર્મ ક્રિયા દ્વાર—૩૬, પુણ્ય-પાપ એકત્વ દ્વાર—૧૬, આસ્રવ દ્વાર—૧૫, સંવર દ્વાર—૧૧, નિર્જરા દ્વાર—૬૧, બંધ દ્વાર—૫૮, મોક્ષ દ્વાર—૫૩, સર્વવિશુદ્ધિ દ્વાર—૧૩૯, સ્યાદ્‌વાદ દ્વાર—૨૧+૧, સાધક સાધ્ય દ્વાર—૫૬, ચૌદ ગુણસ્થાનાધિકાર (ચતુર્દશ ગુણસ્થાનાધિકાર)—૧૧૫, ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિના—૪૦ પદની રચના કરવામાં આવી છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયઃ લુપ્ત થયો હતો. મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો. જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા. પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું. તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ, અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મયુગસ્રષ્ટા, આત્મજ્ઞસંત,

અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ **પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી**નો ઉદય થયો.

ભારતની ભવ્ય વસુંધરા એ સંતરત્નો પાકવાની પવિત્ર ભૂમિ છે. તેમાં સૌરાષ્ટ્ર આગળ પડતું નામ છે. અર્વાચીનયુગમાં, અધ્યાત્મપ્રધાન જૈન ગગનમંડળમાં ચમકતા નક્ષત્રો સમા સમીપ સમયજ્ઞ **શ્રીમદ્ રાજચંદ્ર**, અધ્યાત્મ યુગસ્રષ્ટા આત્મજ્ઞ સંત **પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી** અને તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પવિત્રાત્મા **બહેનશ્રી ચંપાબેન** જેવા અસાધારણ સ્વાનુભૂતિ ધર્મપ્રકાશક સાધક મહાત્માઓની જગતને ભેટ આપી, સૌરાષ્ટ્રની ધરતી પુણ્યભૂમિ બની છે. તેમ જ સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળી, પુરુષાર્થ ઉપાડી એક જ રાત્રિમાં સમ્યગ્દર્શન પામી તદ્‌ભક્ત પૂજ્ય **શ્રી નિહાલચંદ સોગાની**એ સોનગઢથી પોતાની મોક્ષયાત્રા શરૂ કરી. આવી અપૂર્વ ભવનાશક વાણી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની હતી.

પરમ દેવાધિદેવ ચરમતીર્થંકર પરમ પૂજ્ય શ્રી મહાવીરસ્વામીના દિવ્યધ્વનિ દ્વારા પુનઃ પ્રવાહિત અને ગુરુ પરંપરા દ્વારા સંપ્રાપ્ત જે પરમ પાવન અધ્યાત્મપ્રવાહને ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ''પરમાગમ સમયસાર'' વગેરે પ્રાભૃતભાજનોમાં સૂત્રબદ્ધ કરી ચિરંજીવી કર્યો છે, તે પુનિત પ્રવાહના અમૃતનું પાન કરી, અંતરના પુરુષાર્થ વડે સ્વાનુભૂતિ સમૃદ્ધ આત્મસાક્ષાત્કાર પામી, જેમણે સૌરાષ્ટ્ર, ગુજરાત, સમગ્ર ભારતવર્ષ તેમજ વિદેશમાં પણ શુદ્ધાત્મતત્ત્વ પ્રમુખ અધ્યાત્મવિદ્યાનું પવિત્ર આંદોલન પ્રસરાવી વર્તમાન સદીના વિષમય ભૌતિકયુગમાં દુ:ખી જીવોનો ઉદ્ધાર કર્યો છે, તે જિનશાસન પ્રભાવક કરુણામૂર્તિ પરમોપકારી **પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી**ની શુદ્ધાત્મ સુધારસ મંગલમય પવિત્રતા, પુરુષાર્થથી ધબકતું ધ્યેયનિષ્ઠ સહજ વૈરાગ્ય નીતરતું ઉત્તમ બાલબ્રહ્મચર્ય સહિત પવિત્ર જીવન, સ્વાનુભૂતિમૂલક વીતરાગમાર્ગદર્શક સદુપદેશો અને બીજા અનેકાનેક ઉપકારોનું વર્ણન ગમે તેટલું સંક્ષિપ્તરૂપે કરવામાં આવે તો પણ ઘણા પૃષ્ઠો ભરાય તેમ છે.

**પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી**એ ૪૫-૪૫ વર્ષો સુધી અલૌકિક પ્રવચનો તથા તત્ત્વચર્ચાઓ દ્વારા મુમુક્ષુઓને ન્યાલ કરી દીધા. તેમણે ૧૫ શાસ્ત્રો ઉપર સળંગ તેમજ અન્ય સાત શાસ્ત્ર ઉપર અમુક પ્રવચનો તથા અમુક શાસ્ત્રો ઉપર ઘણીવાર પ્રવચનો કરેલા છે. અંદાજે ૯૪૦૦ કલાકના પ્રવચનો ટેપ તથા સીડીમાં સંગ્રહિત કરવામાં આવેલ છે.

જો અક્ષરશઃ પ્રવચનના પુસ્તક બનાવવામાં આવે તો તેના ઘણા ફાયદા મુમુક્ષુઓને થાય. પ્રવચનમાં આવેલ બાબતને શાંતચિત્તે વિશેષ ઘોલન કરી શકે. ન સમજાતી બાબતને

પૂછી શકે, તેમ જ કઈ અપેક્ષા અને ન્યાય પૂજ્ય ગુરુદેવ કાઢીને આપે છે તેનું અવલોકન પણ કરી શકે વગેરે. જુદા જુદા મંડળો તથા વ્યક્તિઓની ભાવના હતી કે બધા શાસ્ત્રોના અક્ષરશઃ પ્રવચન છપાય તો મુમુક્ષુઓને ઘણું લાભનું કારણ થશે.

અમારા પાર્લા મંડળમાં ટ્રસ્ટીઓ સમક્ષ મુમુક્ષુઓએ રજૂઆત કરતાં તેઓએ સહર્ષ અનુમોદના આપી અને પાર્લા મંડળે શ્રી નાટક સમયસાર ઉપર અક્ષરશઃ પ્રવચનો છપાવવાનું નક્કી કર્યું અને તે સંબંધી સંપૂર્ણ કાર્યવાહી શ્રી પંકજભાઈ પ્રાણભાઈ કામદારને સોંપવામાં આવી. જેવી કે મુમુક્ષુઓ પાસે પ્રવચનો લખાવવા, તેને તપાસવા, કંપોઝ કરાવવા, બે વાર પ્રૂફ રીડિંગ તથા ભાષાકીય ચેક કરાવવા તથા છપાવવા વગેરે.

જેઓએ પ્રવચન લખવામાં તથા તપાસવામાં મદદ કરી છે તે મુમુક્ષુઓના નામ આ પ્રમાણે છે. વીણાબેન નંદુ, મંજુબેન ગાલા, સ્વાતિબેન બાબુભાઈ મોદી, કલ્પેશભાઈ બાબુભાઈ મોદી, આશિષભાઈ કીર્તિભાઈ કોઠારી, હેતલબેન અમીતભાઈ કોઠારી, કિરીટભાઈ જોબાલિયા, નીતાબેન મધુભાઈ દોશી, ચંદ્રકાંતભાઈ કેશવલાલ શાહ, લક્ષ્મીબેન સાવલા, દિલિપભાઈ સવાઈલાલ શાહ, પ્રીતિબેન ભાવેશભાઈ શાહ, જયંતભાઈ બ્રોકર, રૂપાબેન જયંતભાઈ બ્રોકર, ફોરમબેન મનહરભાઈ પારેખ, દીવાળીબેન ગડા, ભવ્યભાઈ મહેતા, પારૂલબેન અનુજભાઈ શેઠ, ઉષાબેન અરૂણભાઈ શાહ, ઝરણાબેન કેતનભાઈ શાહ, કેતનભાઈ ગોપાણી, વંદનાબેન સાવલા, ભારતીબેન સાવલા, મનીષભાઈ પીપલીયા, જયાબેન ગાલા, બેલાબેન દફતરી, અમીબેન રવાણી, મિનાક્ષીબેન નંદુ, આશાબેન જિતેન્દ્રભાઈ મહેતા, સૌમિલભાઈ મહેતા, અજયભાઈ શાહ, રજનીબેન જયેશભાઈ, ઝવેરબેન છેડા, હંસાબેન રાંભીયા, અનિલભાઈ પુનાતર, રાજીવભાઈ ચંદ્રકાંતભાઈ વાધર, બિપિનભાઈ શાહ, રસીલાબેન પ્રતાપભાઈ શાહ, રજનીભાઈ શેઠ, રીનાબેન વિપુલભાઈ તુરખીયા, આશીષભાઈ ગાંધી, અતુલભાઈ ગાંધી, મીનાબેન ભરતભાઈ શાહ તથા કૌશિકભાઈ માણેકલાલ ડેલીવાળા–મુલુંડ.

આ ઉપરાંત અતિ સૌથી મહત્વની અને ખૂબ જ ચીવટપૂર્વક સંપૂર્ણ જવાબદારી મલાડ મંડળના મુમુક્ષુ શ્રી અતુલભાઈ પ્રેમજીભાઈ જૈને નિભાવી છે. જેમકે તપાસેલ પ્રવચનને સાંભળીને તપાસવા અને કંપોઝ થયેલ પ્રૂફને પ્રવચન સાંભળીને તપાસવા તેમજ ભાષાકીય રીતે તપાસવા વગેરે. આ પ્રવચન ગ્રંથનું પ્રિન્ટીંગ કાર્ય સ્મૃતિ ઑફસેટ, સોનગઢે કરી આપેલ છે. ઉપરોક્ત સર્વેનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

**જેટલા પ્રવચનો હિંદીમાં થયેલા છે, એની ભાષા હિંદી રાખીને ગુજરાતી**

**લિપીમાં લખેલા છે. વાક્યનો અર્થ હિંદી ભાષા પ્રમાણે કરવો. જ્યાં શબ્દો સ્પષ્ટ સંભળાતાં નથી ત્યાં .......(ડોટ) મૂકેલ છે.** અમે અમારો પૂરો પ્રયાસ કર્યો છે કે ક્યાંય ભૂલ ન રહી જાય છતાં જો અમારાથી શરતચૂકથી જો કોઈ ભૂલ રહી ગઈ હોય તો દેવ-શાસ્ત્ર-ગુરુની ક્ષમા માંગીએ છીએ. જો કોઈ ભૂલ તમારા ખ્યાલમાં આવે તો અમારું ધ્યાન દોરવા વિનંતી, જેથી આગળના પ્રકાશનમાં સુધારી શકાય.

આ નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ સભામાં એક વખત જ પ્રવચન આપેલ છે અને તે ૨૦૦ પ્રવચન આપેલ હતા. તે સર્વેને ૬ ભાગમાં અક્ષરશઃ પ્રવચન તરીકે પ્રકાશિત કરી નાટક સમયસાર ઉપરના અક્ષરશઃ પ્રવચનોનું પ્રકાશન પૂર્ણ કરવામાં આવે છે. તેમાં અનુમોદના કરી દાન આપ્યું છે તે સર્વેનો હૃદયથી આભાર માનવામાં આવે છે. દાનરાશી અન્યત્ર આ પુસ્તકમાં છાપવામાં આવેલ છે. આ પ્રવચન ગ્રંથ માટે દાનરાશિ આપનાર મુમુક્ષુઓની ભાવના અનુસાર આ પુસ્તક દરેક તત્ત્વપ્રેમી મુમુક્ષુઓને વિનામૂલ્યે સ્વાધ્યાય અર્થે ભેટ આપવામાં આવશે.

**પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૦૪મી જન્મજયંતી પ્રસંગે નાટક સમયસારના અક્ષરશઃ પ્રવચન ભાગ-૬ પ્રકાશિત કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ.**

અંતમાં, શ્રી નાટક સમયસાર ઉપરના અક્ષરશઃ પ્રવચનોનો સ્વાધ્યાય કરી આપણે સૌ પૂર્ણતા પ્રાપ્ત કરી જ્ઞાની ધર્માત્માઓના ઉપકારને યથાર્થ કરીએ એવી મંગલ ભાવના.

પૂજ્ય બહેનશ્રીની
૧૦૪મી જન્મજયંતી
તા. ૯-૦૮-૨૦૧૭
શ્રાવણ વદ-૨
વિ.સં. ૨૦૭૩ વી.સં. ૨૫૪૩

લિ.
**શ્રી કુંદકુંદકહાન દિ. જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ પાર્લા—સાંતાક્રુઝના**
જય જિનેન્દ્ર

**સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ**



# અનુક્રમણિકા


| પ્રવચન ક્રમ | અધિકાર તથા પદ નંબર | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧૬૭ | **સાધ્ય-સાધક દ્વાર** પદ ૨૩ થી ૨૬ | ૧ |
| ૧૬૮ | **સાધ્ય-સાધક દ્વાર** પદ ૨૭ થી ૨૯ | ૧૫ |
| ૧૬૯ | **સાધ્ય-સાધક દ્વાર** પદ ૩૦ થી ૩૫ | ૨૯ |
| ૧૭૦ | **સાધ્ય-સાધક દ્વાર** પદ ૩૬ થી ૩૭ | ૪૪ |
| ૧૭૧ | **સાધ્ય-સાધક દ્વાર** પદ ૩૮ થી ૪૧ | ૬૧ |
| ૧૭૨ | **સાધ્ય-સાધક દ્વાર** પદ ૪૨ થી ૪૩ | ૭૬ |
| ૧૭૩ | **સાધ્ય-સાધક દ્વાર** પદ ૪૪ થી ૪૬ | ૯૦ |
| ૧૭૪ | **સાધ્ય-સાધક દ્વાર** પદ ૪૭ થી ૪૯ | ૧૦૬ |
| ૧૭૫ | **સાધ્ય-સાધક દ્વાર** પદ ૫૦, ૫૧ (હિન્દી) | ૧૨૧ |
| ૧૭૬ | **સાધ્ય સાધક દ્વાર** પદ ૫૧ થી ૫૪ (હિન્દી) | ૧૩૬ |
| ૧૭૭ | **સાધ્ય સાધક દ્વાર** પદ ૫૫-૫૬ (હિન્દી) | ૧૫૪ |
| ૧૭૮ | **સાધ્ય સાધક દ્વાર સાર** | ૧૬૯ |
| ૧૭૯ | **ચતુર્દશ ગુણસ્થાન અધિકાર** પદ ૧, ૨, ૩ | ૧૮૪ |
| ૧૮૦ | **ચતુર્દશ ગુણસ્થાન અધિકાર** પદ ૩ થી ૭ (હિંદી) | ૨૦૦ |
| ૧૮૧ | **ચતુર્દશ ગુણસ્થાન અધિકાર** પદ ૮ થી ૧૩ | ૨૧૬ |
| ૧૮૨ | **ચતુર્દશ ગુણસ્થાન અધિકાર** પદ ૧૪ થી ૨૪ | ૨૩૨ |
| ૧૮૩ | **ચતુર્દશ ગુણસ્થાનાધિકાર** પદ ૨૫ થી ૩૦ | ૨૫૨ |
| ૧૮૪ | **ચતુર્દશ ગુણસ્થાનાધિકાર** પદ ૩૧ થી ૩૫ | ૨૬૬ |
| ૧૮૫ | **ચતુર્દશ ગુણસ્થાનાધિકાર** પદ ૩૬ થી ૪૧ | ૨૭૯ |
| ૧૮૬ | **ચતુર્દશ ગુણસ્થાનાધિકાર** પદ ૫૦ થી ૫૩ | ૨૯૭ |
| ૧૮૭ | **ચતુર્દશ ગુણસ્થાનાધિકાર** પદ ૫૪ | ૩૧૧ |
| ૧૮૮ | **ચતુર્દશ ગુણસ્થાનાધિકાર** પદ ૫૫, ૫૬, ૫૭ | ૩૨૫ |
| ૧૮૯ | **ચતુર્દશ ગુણસ્થાનાધિકાર** પદ ૫૮ થી ૬૪ | ૩૪૦ |
| ૧૯૦ | **ચતુર્દશ ગુણસ્થાનાધિકાર પદ** ૬૫ થી ૭૨ | ૩૫૫ |
| ૧૯૧ | **ચતુર્દશ ગુણસ્થાનાધિકાર** પદ ૭૩ થી ૮૧ | ૩૭૧ |
| ૧૯૨ | **ચતુર્દશ ગુણસ્થાન અધિકાર** પદ ૮૪ થી ૮૯ | ૩૮૯ |
| ૧૯૩ | **ચતુર્દશ ગુણસ્થાનાધિકાર** પદ ૯૦ થી ૯૪ | ૪૦૬ |
| ૧૯૪ | **ચતુર્દશ ગુણસ્થાનાધિકાર** પદ ૯૫ થી ૧૦૭ | ૪૨૧ |
| ૧૯૫ | **ચતુર્દશ ગુણસ્થાનાધિકાર** પદ ૧૦૮ થી ૧૧૪ | ૪૩૯ |
| ૧૯૬ | **ચતુર્દશ ગુણસ્થાનાધિકાર** પદ ૧૧૫ તથા સાર | ૪૫૫ |
| ૧૯૭ | **ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિ** પદ ૧ થી ૧૧ | ૪૭૧ |
| ૧૯૮ | **ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિ** પદ ૧૨, ૧૩, ૧૪ | ૪૮૯ |
| ૧૯૯ | **ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિ** પદ ૧૫ થી ૩૧ | ૫૦૪ |
| ૨૦૦ | **ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિ** પદ ૩૧ થી ૪૦ | ૫૨૩ |

ૐ

॥ શ્રી પરમાત્મને નમઃ ॥

# શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર

## અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવ
## શ્રી કાનજીસ્વામીના પ્રવચન

## ભાગ-૬

**પ્રવચન નં. ૧૬૭, આસો સુદ ૨, મંગળવાર તા. ૨૧-૯-૧૯૭૧**
**સાધ્ય-સાધક દ્વાર પદ ૨૩ થી ૨૬ ઉપર પ્રવચન**

સમયસાર નાટક છે. સાધ્ય-સાધક અધિકાર. સાધ્ય એટલે શું? સિદ્ધપદને સાધ્ય કહીએ અથવા અરિહંત પદ. છે ને ? એ સાધ્ય કરવાલાયક છે. સાધનથી એ સાધ્ય (અર્થાત્) પ્રગટ કરવાલાયક છે માટે એને સાધ્ય કહે છે. અને સાધક (એટલે) મોક્ષનો માર્ગ. જે આત્મા વસ્તુ પરમાનંદ અને જ્ઞાનની મૂર્તિ છે, એના અંતરમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા—વીતરાગી પરિણતિ પ્રગટ કરવી એ સાધક છે. મોક્ષનો એ સાધક છે. એમાં આ પાંચ પ્રકારના જીવનું વર્ણન છે. અધિકાર તો આ છે. પાંચ પ્રકારમાં પાંચમો બોલ આવે છે અત્યારે. ૨૩, ૨૩. એક પહેલા આવી ગયેલું કે જેની કર્મકલંકરહિત દશા એ સિદ્ધ ભગવાન, એ પણ એક જીવ. જીવની પાંચ જાત, પાંચ પ્રકાર.

સિદ્ધ ભગવાન.. અશરીરી કર્મકલંક રહિત પૂર્ણ આનંદની દશાની પ્રાપ્તિ એનું નામ સિદ્ધ ભગવાન અથવા અરિહંત, એ સાધ્ય છે. અને બીજી વાત હતીને ચૂંઘા જીવની. ચૂંઘા એટલે ચૂસે. ધર્માત્મા એને આત્માની વાત કરે કે ભાઈ! તું ચાર ગતિમાં રખડે છે ચોર્યાશીના અવતારમાં. ક્યાંય ત્યાં જનમ-મરણના દુઃખ સિવાય ક્યાંય સુખ છે નહીં. એને આત્માની વાત કરતાં, જેમ બાળક માતાનું સ્તન ચૂસે દૂધને, એમ આ પાત્ર જીવ

છે સાધક, એ આતમધર્મની વાત ચૂસે. આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, શાંતિનો સાગર આત્મા છે, સ્વચ્છતાથી પરિપૂર્ણ ભરેલો છે. એવું એને કથન કરતાં એમાંથી વાતના ભાવનો રસ ચૂસે, એ બીજા નંબરના જીવ કહ્યા.

ત્રીજા નંબરના મંદ કષાયવાળા. કષાયની મંદતા હોય, સત્ય વાત સાંભળવામાં રુચિ હોય, પણ સમજે નહીં કાંઈ. એને અહીંયા સૂંઘા જીવ કહેવામાં આવે છે. હૃદયની દુષ્ટતા ન હોય, તેમ સત્ શ્રવણમાં જેની પ્રીતિ હોય. સાચું તત્ત્વ આત્મા એને સાંભળવાની પ્રીતિ હોય. કષાયની મંદતા હોય, રાગની મંદતા. પુણ્ય બાંધે, પણ છે મૂરખ મિથ્યાદષ્ટિ. એને આત્મા પુણ્યના ભાવથી ભિન્ન એ વાત એને રુચે નહીં. સાધ્ય, સાધક, કષાય મંદ—ત્રણ થયા. ચોથા અશુભભાવવાળા. જેને સત્ય વાત રુચે નહીં, આગમની અધ્યાત્મ વાતનો પ્રેમ નહીં. વિકથા સાંભળવાનો જેને પ્રેમ. સમજાણું કાંઈ? એ ઊંઘા છે. ઊંઘા. આ 'ઘ' છેને બધે 'ઘ'. એ પણ એક મૂરખ છે. અને પાંચમાની વાત આપણે ચાલે છે. ચારની વાત થઈ ગઈ. પાંચમાની વાત ચાલે છે. घूंघा जीवोंका

ઘૂંઘા જીવનું લક્ષણ (દોહરા)

जाकै वचन श्रवन नहीं, नहि मन सुरति विराम।
जड़तासौं जड़वत भयौ, घूंघा ताकौ नाम॥२३॥

**શબ્દાર્થ** :—સુરતિ=સ્મૃતિ. વિરામ=અવ્રતી.

**અર્થ** :—વચન રહિત અર્થાત્ એકેન્દ્રિય, શ્રવણ રહિત અર્થાત્ દ્વિ, ત્રિ, ચતુરિન્દ્રિય, મનરહિત અર્થાત્ અસંજ્ઞી પંચેન્દ્રિય અને અવ્રતી અજ્ઞાની જીવ જે જ્ઞાનાવરણીય કર્મના તીવ્ર ઉદયથી જડ થઈ રહ્યા છે તે ઘૂંઘા છે. ૨૩.

**अर्थ** :—वचन रहित अर्थात् एकेन्द्रिय, श्रवण रहित अर्थात् द्वि, त्रि, चतुरिन्द्रिय, मन रहित अर्थात् असंज्ञी पंचेन्द्रिय और अव्रती अज्ञानी जीव जो ज्ञानावरणीकर्मके तीव्र उदयसे जड़ हो रहा है वह घूंघा है॥२३॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કહે છે કે એવા જીવો જગતમાં છે કે જેને વચન નથી. એકેન્દ્રિય, આ વનસ્પતિ, પૃથ્વી, અગ્નિ, વાયુ—એ એકેન્દ્રિય જીવ એને વચન નથી. એ બિચારા અધર્મમાં પડ્યા છે. અંધાધૂંધ. એકેન્દ્રિય જીવ – અનંત નિગોદ બટાટા, શક્કરકંદ અનંત જીવ. આહાહા! કહે છે કે એ શ્રવણ-વચન વિનાના છે. બીજા શ્રવણ રહિત, જેને કાન નથી. દ્વિ, ત્રિ, ચતુરિન્દ્રિય. ઈયળો, કીડા-મકોડા એવા જીવોને કાન નથી એને અહીંયા શ્રવણ રહિત મૂર્ખ જીવ ગણ્યા છે. અધર્મમાં પડ્યા છે બિચારા. આહા! સમજાણું કાંઈ? नहि मन सुरति..

જેને મન નથી. મન વિનાના અસંજ્ઞી પ્રાણી. પાણીમાં જેમ માછલા થાય, દેડકા થાય એ બધા મન વિનાના પ્રાણી છે. એ અસંજ્ઞી છે, મન નથી. એ પણ મૂરખ છે, જ્ઞાનાવરણીયનું જોર (હોવાથી) અજ્ઞાની છે. એને ધર્મ સમજવાની પાત્રતા પણ નથી. શ્રવણ નથી ત્યાં પાત્રતા ક્યાંથી હોય? આહાહા! એવા અવતાર પણ અનંત વાર કર્યા. એ અસંજ્ઞી છે.

અને વિરામ.. અવ્રતી છે. વિરામનો અર્થ કર્યો છે આમાં. વિરામનો અર્થ અવ્રતી. અવ્રતી જેને રાગનો રાગ અને (રાગ ને) આત્મસ્વભાવની એકતાબુદ્ધિ છે. આહાહા! સમજાણું કાંઈ? એવા અવ્રતી અજ્ઞાની. આ આત્મા આનંદસ્વરૂપ એમાં વિકલ્પ જે રાગ દયા-દાન-વ્રત-ભક્તિ આદિ, એવા રાગની સાથે જેને એકતાબુદ્ધિ છે. એ રાગથી મને લાભ થશે, રાગ એ મારું સ્વરૂપ છે—એવા માનનારા મિથ્યાદૃષ્ટિ અવ્રતી છે. ચંદુભાઈ! ભારે! આહાહા! સમજાણું કાંઈ? પછી ભલે મોટા શેઠિયા કરોડોપતિ-અબજોપતિ હો, સ્વર્ગના જીવ હો, રાજા-મહારાજા હો. પણ જેને આ આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ નિર્મળાનંદ સહજાનંદની મૂર્તિ આત્મા છે. સહજ આનંદ જેમાં પડ્યો છે. એવા આનંદસ્વભાવની સાથે જેને પુણ્યપરિણામ નામ રાગભાવની એકતાબુદ્ધિ છે એવા મિથ્યાદૃષ્ટિ અવ્રતી એ પાંચમા બોલમાં નાખ્યા. એકેન્દ્રિય સાથે નાખ્યા. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌઇન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય અને મિથ્યાદૃષ્ટિ અવ્રતી આમાં નાખ્યા. આહાહા! આવા જીવની જાત પાંચ પ્રકારની જગતમાં છે.

હવે એનો ખુલાસો કરે છે. उपर्युक्त पाँच प्रकारके जीवोंका विशेष वर्णन. વિશેષ સ્પષ્ટતા.

ઉપર્યુક્ત પાંચ પ્રકારના જીવોનું વિશેષ વર્ણન (ચોપાઈ)

डूंघा सिद्ध कहै सब कोऊ।
सूंघा ऊंघा मूरख दोऊ॥
घूंघा घोर विकल संसारी।
चूंघा जीव मोख अधिकारी॥२४॥

**અર્થ :**—ડૂંઘા જીવને સર્વ કોઈ સિદ્ધ કહે છે, સૂંઘા અને ઊંઘા બંને મૂર્ખ છે, ઘૂંઘા ઘોર સંસારી છે અને ચૂંઘા જીવ મોક્ષના પાત્ર છે. ૨૪.

**अर्थ :**—डूंघा जीवको सब कोई सिद्ध कहते हैं, सूंघा ऊंघा दोनों मूर्ख हैं, घूंघा घोर संसारी है और चूंघा जीव मोक्षका पात्र है॥२४॥

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

डूंघा सिद्ध कहै.. સિદ્ધ ભગવાન પરમાત્મા એમને ડૂંઘા જીવ કહેવામાં આવે છે. પૂર્ણાનંદની જેને પૂર્ણ પ્રાપ્તિ થઈ ગઈ છે, જેને કૃતકૃત્ય દશા પ્રગટ થઈ ગઈ. અશરીરી સિદ્ધ પરમાત્મા 'ણમો સિદ્ધાણં' એ જીવને આંહીં ડૂંઘા (કહે છે.) એમની ભાષા વાપરી છે. આપણે હિન્દીમાં ક્યાંય ચાલતી નહીં હોય આવી કોઈ ભાષા. એમણે મેળવ્યું છે, મેળવ્યું છે. અને શબ્દનો અર્થેય નહીં થતો હોય એ તો અત્યારે. डूंघा सिद्ध कहै सब कोऊ.. શું કીધું? (શ્રોતા : ઘ અને ધ બે એક જ જાત) નહીં, એ 'ઘ' છે. એ ઘૂંઘા જીવ. એ ઘૂંઘા છે. ઘૂંધા નહીં ઘૂંઘા.

डूंघा सिद्ध कहै सब कोऊ, सूंघा ऊंघा मूरख दोऊ.. જેને શ્રવણ પ્રીતિ છે, હૃદયમાં દુષ્ટતા નથી. પણ આત્મા શું ચીજ છે (એમ) પોતાની કિંમતનું ભાન નથી એને અહીંયા મૂરખ કહેવામાં આવ્યા છે. આહાહા! સમજાણું કાંઈ? પછી ભલે આ દાક્તરનું ને વકીલનું ને બધું ભણ્યા હોય, પાંચ-પાંચ હજારનો દનિયો લેતા હોય એક દિવસનો. પણ જેને આ ભગવાન આત્મા તીર્થંકર પરમાત્માએ કહ્યો એવો આત્મા જેને ખબર નથી, સમજાણું કાંઈ? એને આનંદનો રસ શું છે એની ખબર નથી. આ જગતના રસમાં રાચેલા છે. આહાહા! એ મૂરખ કહેવામાં આવે છે. ચંદુભાઈ! મોટા મૂરખ હશે આ?

આ રામજીભાઈ પહેલા તો મોટા કહેવાતા. આમ છાપ પડતી. બસો રૂપિયાનો દનિયો લેતા મોટા. આ એક જણો કહેતો હતો કો'ક, નહીં? અમદાવાદમાં, નહીં? કનુભાઈ! (શ્રોતા : ...અમદાવાદના વકીલ હતા) હા, એ કહેતો હતો. એય કનુભાઈ! અમદાવાદનો એક, નહીં? અહીં આવી ગયેલ છે વકીલ. તે દિ' કહેતા હતા કે રામજીભાઈનો ભઈ યુગ હતોને. એ ભલે ન માને પણ લોકોમાં એ રીતે ચાલતું હતું. (શ્રોતા : વકીલોમાં છાપ મોટી) વકીલોમાં છાપ મોટી. ૩૦ વર્ષ પહેલા બસે રૂપિયા લેતા ચાર કલાક કે પાંચ કલાકના. એક કલાક સલાહ લેવા આવે, ૪૦ રૂપિયા. આ રામજીભાઈ. એક જ મિનિટ થાય ને બીજા ૪૦. વકીલ કાંઈ ઉઘરાણી કરવા જાય ઘરે? પણ એ બધું જ્ઞાન મૂર્ખનું છે. આહાહા! એય!

આ અમારા હિંમતભાઈ પાસ થયા ઓલા અક્ષરમાં કાંઈ, શેમાં? ગણિતમાં. ગણિતમાં, લ્યો. એય! કાંઈ મળ્યું હતુંને એને. છસો રૂપિયા શું કાંઈક, નહીં? કેટલા? છસો ને? સાંભળ્યું હતું એ. છસો કીધા મેં. સાંભળ્યું હતું. સાંભળ્યું હોય એટલું સાંભળ્યું હોય. છસો રૂપિયા સ્કોલરશિપ મળ્યા. લ્યો, એ જ્ઞાન કેવું હશે? આહાહા! એમાં કારખાનાના ડાહ્યા આ બધા હોય છે ને? હુશિયાર રંગમાં. જુઓને, અમારે ભૂપત છેને

અમારે ન્યાં મુંબઈ. ભૂપેન્દ્ર ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્ક્સ. ભૂપેન્દ્રનો બાપ હતોને હેમચંદ, નહીં? ખેતવાડીમાં, નહીં? બધા મૂરખના જામ હોં. ભાન કાંઈ ના મળે. આ દિવસની પાંચ-પાંચ હજારની પેદાશ. અનૂપચંદભાઈ! આપણે ભૂપેન્દ્ર નહીં ખેતવાડીમાં ? (શ્રોતા : ...) ના, ચુનીલાલ નીકળી ગયો. એનું ....બીજે માંડ્યું હતુંને. ક્યાં રહ્યા? અમારે એ ભાઈ હતોને હેમચંદ. કાંઈ બુદ્ધિના ઠેકાણા નહીં, પણ પુણ્યને લઈને પાંચ-પાંચ હજારની પેદાશ દિવસની. એ બધા હુશિયાર કહેવાતા હશે? આંહીં એને મૂરખ કહે છે. એ મગનભાઈ! (શ્રોતા : આનું થર્મોમીટર જુદું છે.) કહો.

કહે છે, જેને આત્માના આનંદના રસને ચૂસતા નથી આવડતો, આહાહા! અને જે જગતના રાગ અને દ્વેષના રસને ચૂસે છે, મોટા મૂરખ છે. મૂલચંદભાઈ! આ અમેરીકાની મોટી પરીક્ષા દઈને આવે, ૧૦-૧૦ હજારનો પગાર મહિને તો કહેવાય છે. (શ્રોતા : એ લૌકિક). લૌકિક? એય! મહિનાનો ૧૦ હજારનો પગાર. અમેરીકાથી ઉતરે એટલે જાણે શું ઓલા આવ્યા મોટા. આહાહા! એક જણો કહેતો હતો ભાઈ એક ગામમાં. નામ નથી આપતા. કે અમારી કન્યા મોટી થઈ ગઈ, પણ અમેરીકાનો ઉતરેલો હોય તો જ એને કન્યા દેવી ને ૫૦ હજાર દેવા. ઠીક. અમેરીકાથી ભણીને આવ્યો હોય પરદેશમાંથી. આ તો ગામમાં વસતા એની વાત છે હોં. અને આપણા મુમુક્ષુ છે એ. પણ કહે, પરદેશથી ભણીને જો આવ્યો હોય તો કન્યા અને ૫૦ હજાર બીજા, બેય દઉં. માળા આને એની કિંમત પાછી, કીધું. આહાહા!

ભગવાન આત્મા અંતર નિજસ્વરૂપનું અંતર જ્ઞાન અને કિંમત નથી અને જગતના ભણતરની કિંમત છે, એને આંહીં મૂરખ કહેવામા આવ્યો છે. ધીરુભાઈ! બહારમાં તો મોટરો ફરતી હોય મોટી. લાખ-લાખની શું મોટરનું નામ? (શ્રોતા : ઈમ્પાલા) ઈમ્પાલા. આપણે કાંઈક એક લાખની આવે છે મોટર લાખની કાંઈક. લાલ અને બેઠો હોય તો જાણે ઓહોહો! મોટો ભિખારી. (શ્રોતા : મોટર લઈને સાથે ફરતો). મમતા સાથે. એ ભિખારી કહેવાય હોં. આમ કંઈ માંગેને લાવ.. લાવ.. લાવ.. લાવ. એ ભિખારી કહેવાય. આત્મામાં આનંદની બાદશાહી પડી છે એની જેને ખબરું નથી, એની જેને રુચિ નથી, એ બધા રાંકા ભિખારી મૂરખ છે. કહો, કેમ હશે આમાં? નાગરભાઈ! કેમ હશે આ? નામા લખતા આવડે, લ્યો. ૫૦૦-૫૦૦નો પગાર, હજાર-હજારનો પગાર. અને મોતીના દાણા જેવા અક્ષર પડે અને નામા. ઓહોહો ! શું હોંશિયાર ! કહે છે કે મૂરખ છે મોટો. આહાહા! જેને ભગવાન આત્મા શાંત અને આનંદનો રસકંદ પ્રભુની જેને રુચિ અને જેને રસનો અનુભવ નથી. સમજાણું કાંઈ? એ બધા શેઠિયા મોટા મૂરખ છે, કહે છે. આહાહા! પાટનીજી ! જુઓ.

सूंघा.. ઓલો સૂંઘો, ભાઈ. સાંભળવાનું ...છે, પણ કષાય મંદ છે. ऊंघा એ ચોથો છે. मूरख दोऊ.. બેયને મૂરખ ઠરાવ્યા છે. ઓલા પહેલામાં આવ્યું હતુંને. जो गुरुके वचन प्रेमपूर्वक सुनता है और हृदयमें दुष्टता नहीं है, भद्र है, पर आत्मस्वरूपको नहीं पहिचानता. એ મંદકષાયી પણ મૂરખ. ચંદુભાઈ! આહાહા! ભારે આ. घूंघा घोर विकल संसारी. આવ્યું હતુંને એ. जाकौ विकथा हित लगै, आगम अंग अनिष्ट सो ऊंघा विषयी विकल. એકલા વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ એના રસિયા. વિષયના રસિયા એવા ઘોર અજ્ઞાની એને ઘૂંઘા કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

चूंघा जीव मोख अधिकारी, લ્યો. એ ચૂસનારા. चूंघा.. સત્ય વાત પરમાત્મા આત્માનું સ્વરૂપ, એ આત્માથી પરમાત્મા એવું જે સ્વરૂપ એની વાત સાંભળતાં જેને રસ આવે અને એ અતીન્દ્રિય આનંદ પ્રભુ એને ચૂસે એટલે અનુભવે એ મોક્ષનો અધિકારી છે. સમજાણું કાંઈ? બીજી રીતે નાખ્યું, જુઓ. ધર્મી અને મોક્ષનો અધિકારી એને કહીએ કે જે આત્મા આનંદમૂર્તિ એ આનંદને જેને અનુભવ કરતા આવડે. આહાહા! સમજાણું કાંઈ? રાગ અને દ્વેષનો અનુભવ છોડી પરમાત્મા પોતે જ સિદ્ધસ્વરૂપ અંદર શક્તિરૂપ તત્ત્વ છે, એને જે અનુભવમાં આનંદનો રસ લેતા આવડે એ મોક્ષનો અધિકારી. એ રીતે નાખ્યું, જુઓ ભાઈ. આ એના સાધકમાં આ રીતે નાખ્યું. કોઈ દયા-દાન ને વ્રત પાળે માટે સાધક છે, ચૂંઘા છે, એમ નહીં. આહાહા!

સિદ્ધ ભગવાનને પૂર્ણ પરમાત્મદશા પ્રગટ થઈ ગઈ એ તો પહેલા નંબરમાં આવ્યા. આ બીજા નંબરમાં અધિકારી આ. ધર્મના અધિકારી, મોક્ષના અધિકારી એને કહીએ કે જે આત્મા શાંત અને અતીન્દ્રિય આનંદનું સ્વરૂપને અંદરમાં જઈને આમ ચૂસતા એટલે અનુભવતા આવડે. આહાહા! ગજબ વાત છે ને ! સમજાય છે કાંઈ? એ મોક્ષનો અધિકારી છે. એ આનંદનો અનુભવ કરતા આવડે એ મોક્ષનો અધિકારી, એમ કહે છે. આહાહા! કઈ રીતે નાખ્યું છે, જુઓ! એકલા પુણ્ય ને પાપના રાગના ભાવ અનુભવ કરે એને અહીંયા મૂરખમાં નાખ્યા છે. ચેતનજી ! શબ્દો ભલે આપણા આધારે ન આવે એનું કાંઈ નહીં. એનો ભાવ આ છે. આહાહા!

કહે છે કે સાધક અથવા મોક્ષનો અધિકારી અથવા ધર્મરૂપે થયેલો, ધર્મ જેને પ્રગટ્યો છે. એટલે કે આત્મા આનંદનો ધામ પ્રભુ, એ પુણ્ય-પાપના વિકલ્પના દુઃખથી એ રહિત આત્મા છે. આહાહા! એવો આત્મા અતીન્દ્રિય સ્વભાવથી ભરેલું તત્ત્વ એને આત્મા માનીને જે અનુભવે આનંદને, આહાહા! એને ધર્મી કહીએ. પૂજા ને પાઠ ને વ્રત ને નિયમ ને તપસ્યા કરતો હોય, કહે છે કે એ તો રાગની ક્રિયા છે. રાગના રસમાં નાચ્યો

તે મૂરખ છે, એમ કહ્યું એને તો. આહાહા! સમજાણું કાંઈ? દુનિયાથી જુદી જાતનું માપ છે આ. આહા! જે કોઈ ત્યાગી થાય બહારનો, પંચ મહાવ્રત પાળે, એ રાગનો ભાગ છે. એ રાગને જે અનુભવે છે એને અહીંયા મૂરખમાં નાખ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? જે આત્મા જ્ઞાન ચૈતન્યસ્વરૂપી પ્રભુ, એમાં પુણ્ય ને પાપના વિકલ્પો રાગ નથી, એમાં તો આનંદ અને શાંતિ ભરી છે. એવા આનંદ ને શાંતિને અંતર્મુખ થઈને અનુભવે છે એને અહીંયા ધર્મનો અધિકારી અથવા મોક્ષનો અધિકારી કહ્યો છે. કહો, સમજાણું આમાં ? (શ્રોતા : સાધકની વ્યાખ્યા..) બહુ સારી છે. ચૂંઘાની વ્યાખ્યા. चूंघा जीव मोख अधिकारी.

પોતાની ચીજ ભગવાન આત્મા વસ્તુ અવિનાશી અનાદિ-અનંત છે, એમાં અતીન્દ્રિય આનંદ અનાદિ અનંત અવિનાશી પડ્યો છે. એવા આનંદની ઉપર દૃષ્ટિ કરી અને બહારના સુખની-દુઃખની કલ્પના અજ્ઞાનીઓની છે એ છોડી, એ આત્માના અતીન્દ્રિય આનંદને વેદે, અનુભવે, સ્વાદ લે, એ જીવનો આનંદસ્વભાવ એને ચૂસે. આહાહા! આ કુલ્ફી નથી ચૂસતા છોકરાઓ? કુલ્ફી.. કુલ્ફી.. આ ઋતુ ગરમીમાં બહુ ચૂસે. આમ આડી હોય અને વળી કોક આમ.. અને એક આ પતરામાં આવે છે ઓલા ... કરીને. એ આવે છે. એ કુલ્ફી જ કહેને ? ભરુચમાં જોયેલી. પતરાના ઓલા હોયને એમાં નાખે. ગોળામાં નાખે. એ ત્યાં આવડા આવડા આવતા. આ તો પાલેજથી માલ લેવા ભરુચ જતા ને. એ ઉનાળામાં જોયું હોય ત્યાં. પીધેલુંય કો'ક દિ'. આ તો વાત છે ૬૪-૬૫ની. સંવત ૧૯૬૪-૬૫. પાલેજથી દુકાનનો માલ લેવા જતા ભરુચ ત્યારે ઓલા જોતા કુલ્ફી. હવે એ તો ધૂળના ચૂસવા, મૂરખના ચૂસવા છે. આહાહા! એમાં જેને સ્વાદ આવે છે એ તો મૂરખ જીવ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

આ સ્ત્રીના વિષયનું રમવું અને પાંચ-પચાસ હજારના બંગલામાં એ..ય આમ શ્રીખંડ-પુરી ને પતરવેલિયા ખાઈને ઊંઘવું. અમે સુખી છીએ. કહે છે કે મૂરખ મોટો દુઃખી છે. સમજાણું કાંઈ? આહા! 'સુખિયા જગતમાં સંત, દુરિજન દુઃખિયા.' જેણે આત્માના આનંદને અનુભવ્યો, જે આત્મા અતીન્દ્રિયમૂર્તિ પ્રભુને જેણે અંતરમાં અંતરની ચીજને જેણે જાણી, બહારની ચીજના જાણવાના જેણે અભિમાન છોડી દીધા, એવો ભગવાન આત્માને જે જાણીને અનુભવે એ આનંદના રસને ચૂસે. ચૂંઘા છેને ચૂંઘા. એ આ ન ચૂસે તો પુણ્ય ને પાપના રાગને ચૂસે અનાદિથી. એ મોટા મૂરખ છે એમ કહે છે. આહાહા! કહો, સમજાણું આમાં? આ મોટા લાગે મોટા ગૃહસ્થો અબજોપતિ ને કરોડપતિ. ઉદ્યોગપતિ. હા, વળી એમાં એ. એના મા-બાપ કાંઈ મૂકી નહોતા ગયા. એ બાવડે બળ કરીને ઉદ્યોગપતિ ૨૫-૫૦ લાખ ભેગા કર્યા. એવી વાતું આવે ઓલા

લખાણમાં. મૂરખા વખાણે અને ઓલો મૂરખ પોતે ખુશી થાય. આહાહા!

ભાઈ! તને આત્મા શું ચીજ અને એની કિંમત કરવી જોઈએ, એ કિંમત તો કરી નહીં. અને જેમાં કોઈ માલ નથી એની કિંમત કરીને પડ્યો. સમજાણું કાંઈ? અમને શરીર સુંદર મળ્યું છે, વક્તા અમે મોટા જબ્બર છીએ, લક્ષ્મીવાળા છીએ, બંગલા છે, બાયડી આમ સારી મળી છે, છોકરા કહ્યાગરા છે અને સારે ઠેકાણે છોકરા વર્યા છે. હવે સારું કોને કહેવું, સાંભળને! સમજાણું કાંઈ? જેને એવા પરપદાર્થના પ્રેમ ને રસનો રસ છે, એ બધા મૂરખ કહેવામાં આવ્યા છે આંહીં. આરે, આરે ભારે વ્યાખ્યા આવી! એય ધીરુભાઈ! આવી વ્યાખ્યા. હવે એમના બાપ હતા ત્યાં કરોડપતિ કહેવાતા. વળી આમ થયું, વળી આમ થયું .... આ ફૂલચંદ તંબોળી કહેવાય, લે. હાકલ વાગતી આમ. બધા વયા ગયા. ...એમ ચાલ્યા જ કરે. ધૂળેય નથી, કહે છે, આંહીં. એય ભોગીભાઈ! શું છે આ? ભોગીભાઈ બહુ કરે છે ધડાધડ. વેપાર.. વેપાર. શિવલાલભાઈ, મુળજીભાઈ ને ભીમજીભાઈ ત્રણે આવ્યા છે. આહાહા!

અરે ભાઈ! પ્રભુ ! તું કોણ? તારો વેપાર ક્યો? તારો વેપાર તો ભગવાન આનંદમૂર્તિ એમાં એકાગ્ર થઈને અનુભવવો એ તારો વેપાર. આહાહા! ભારે ભાઈ! પરના વેપારમાં રાગ અને દ્વેષ અને એ રાગ-દ્વેષના રસિક-રસીલા, અમે આવા વેપારી, અમે આવા હુશિયાર, આવા કારખાના અમે ચલાવીએ કરોડોના, ફલાણાના.. શિવલાલભાઈ! શું હશે આ તમારું આવું? આવું જગત આંધળું હશે? આહાહા! ભાઈ! તારો આનંદરસ તારી પાસે. જેમ મધપૂડામાં એકલું મધ ભર્યું છે (પણ) માખીઓને ખાતા આવડ્યું નહીં. ભેગું કરીને રહે અને વાઘરી-બાઘરી ધૂમાડો કરે ને ઊડી ગઈ. આવે છે ને? 'માખીઓએ મધ કીધું, ન ખાધું ન દાન દીધું, લૂંટનારે લૂંટી લીધું, એ પામર પ્રાણી.' આહાહા! 'બનારસીદાસે' પણ પાંચ પ્રકારનું નાખ્યું. ઠીક નાખ્યું. આહાહા!

ભગવાન! તારો આનંદરસ ચૂસતા ન આવડે અને પુણ્ય ને પાપના રાગના રસનો રસીલો પ્રભુ! તું તો દુર્ગતિ ને નરક-નિગોદનો સાધનારો છે. આહા! આ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પોતે છે, સત્ શાશ્વત આનંદ અને જ્ઞાનનો સાગર છે. એની જેણે દૃષ્ટિ કરી, એને જેણે મહત્તા આપી અને રાગ ને એક સમયની પર્યાયની મહત્તા જેણે છોડી. આહાહા! સમજાણું કાંઈ? આંહીં તો એક ઠીક કંઈ ખાવાનો થાય, દૂધપાક સરખો થયો હોય, પતરવેલિયા સરખા હોય કે શું તમારા કંઈક ઓલા ખમણ ઢોકળા ને, આરામથી આમ ખાઈને બેઠો હોય. અરે પ્રભુ ! એ તે કંઈ તારો ખોરાક? આહાહા! અને એ ખોરાક તરફનો રાગ એ પણ તારો ખોરાક? આહા! (શ્રોતા : બેય જડ). ભાઈ! તારો

ખોરાક તો આનંદનો. એ હંસલા મોતીને ચરે. એ હંસલા અનાજ ન ખાય. સમજાણું કાંઈ? માનસરોવરના હંસો એના મોતીના ચારા હોય. એને અનાજના ચારા ન હોય, એ જુવાર ન ખાય. આહાહા!

ભગવાન! તું તો આનંદનો ચારો કરનારો આત્મા. આ રાગનો ચારો કરવો, એ પ્રભુ! તારી ચીજ નહીં. સમજાય છે કાંઈ? માળું આવું તો બાવા થાય તો ખબર પડે, નહીં? બાવો જ છો, સાંભળને ! દેહ, વાણી, મન, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ ક્યાં તારા હતા અને તારામાં ગરી ગયા છે ? અને એ તારા થઈને ક્યાં રહ્યા છે? એ તો એના થઈને રહ્યા છે. આહા! આ મૂરખ વચ્ચે માને કે મારા છે. ઉઠાવગીર છે. કો'કની ચીજ ઉઠાવે છે પોતામાં. સમજાણું કાંઈ? અને પોતાની ચીજ જે અંદર આનંદ અને જ્ઞાનથી ભરેલો પદાર્થ, ઉઠાવગીર એને છોડી દે છે. એને ઉઠાવ, આને નહીં. આહાહા! ભારે ધર્મની વ્યાખ્યા ભાઈ આવી ! આહા! આ તો એની દયા કરવી, પોષો કરવો, પર્યુષણમાં અપવાસ કરવા આઠ. ન થાય તો એક અપવાસ કરવો. સંવત્સરીનો છેલ્લો નકોરડો અપવાસ. થઈ ગયું. એક અપવાસ કર્યો, થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી, સાંભળને! મરી જાને સૂકાઈને એવા અપવાસ કરીને.

પણ આ આત્મા અંદર ચિદાનંદપ્રભુ અતીન્દ્રિય આનંદનો નાથ, એને વિશ્વાસમાં લઈને અનુભવ ન કર ત્યાં સુધી બધું રણમાં પોક મૂકવા જેવું છે. એ તારી પોક કોઈ સાંભળે નહીં અને તારું રોવું બંધ થાય નહીં. આહા! પડખું ફેરવ, કહે છે. ભાઈ! चूंघा जीव मोख अधिकारी.. આપણે આની વ્યાખ્યા કરી થોડી. આહાહા! ધર્મી એને કહીએ કે જેની દશામાં આત્માનો આનંદસ્વભાવ ધર્મ પ્રગટ થયો છે. સમજાણું કાંઈ? આમ ધર્મ કરીએ, દયા પાળીએ ને વ્રત પાળ્યા ને અપવાસ કરી નાખ્યા, બધો વિકલ્પ રાગ છે. આંહીં તો चूंघा जीव मोख अधिकारी.. એક શબ્દમાં તો ઘણું નાખ્યું છે. આહાહા! ભગવાન સિદ્ધ તો કર્મરહિત. પણ મોક્ષના અધિકારી, એ આત્માના સ્વભાવના અનુભવનારા તેને આંહીં મોક્ષના અધિકારી કહીએ. આહાહા! ત્યારે કહે છે કે અનુભવમાં સિદ્ધ ન થાય ત્યાં સુધી તો રાગ-દ્વેષ હોયને? કહે, ના. રાગ-દ્વેષની ધારા કર્મધારામાં ગઈ. ધર્મધારામાં એમ ન હોય. આહાહા! जीव मोख अधिकारी, લ્યો.

चूंघा जीवका वर्णन. એની વ્યાખ્યા કરે છે હવે.

ચૂંઘા જીવનું વર્ણન (દોહરા)

चूंघा साधक मोखकौ, करै दोष दुख नास।
लहै मोख संतोषसौं, वरनौं लच्छन तास।।२५।।

**અર્થ :**—ચૂંઘા જીવ મોક્ષના સાધક છે, દોષ અને દુઃખોના નાશક છે, સંતોષથી પરિપૂર્ણ રહે છે, તેના ગુણોનું વર્ણન કરું છું. ૨૫.

**अर्थ :**—चूंघा जीव मोक्षका साधक है, दोष और दुःखोंका नाशक है, संतोषसे परिपूर्ण रहता है, उसके गुण वर्णन करता हूँ।।२५।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

સાધકની વ્યાખ્યા—ચૂંઘા જીવની. સાધક-સાધ્ય દ્વાર છે ને. આહાહા! चूंघा जीव मोक्षका साधक है. એ પરમ પવિત્ર દશા એવી આત્માની મોક્ષ દશા એના સાધક ચૂંઘા છે. કેમ? કે દોષ અને દુઃખને નાશક છે. રાગ-દ્વેષ—દુઃખ અને દોષ, એનો તો નાશ કરનારો છે, રક્ષક નથી. આહાહા! સમજાણું કાંઈ? મોક્ષના ધર્મના સાધનારા એ જીવ કેવા હોય કે જે દોષ અને દુઃખનો તો નાશ કરે છે, વ્યય કરાવે છે. પુણ્ય ને પાપના વિકલ્પો વ્યવહાર રત્નત્રય રાગ, આહાહા! એ દુઃખ અને દોષનો તો એ નાશક છે. ધર્મી એનો રક્ષક નથી. આહાહા! સમજાય છે કાંઈ? ભારે છે ધર્મની જુદી જાત. આંહીં તો આઠ વરસની છોડી ને પાંચ અપવાસ કર્યા કે પાંચ પંચરંગી સામાયિક કરી, ઓહોહો! શું પણ? જાઓ એને આપો. ધૂળ આપો. પાંચ પૈસા કે રૂપિયા દસ. બેય ખુશી થઈ જાય. ઓલો કહે, ધર્મ કર્યો અને ધર્મ કરનારને આપણે અનુમોદ્યું. આપણે કરી ન શકીએ પણ હવે કરતા હોય એને આપણે કાંઈક સહાયક તો થઈએને. ધૂળેય નથી તારા અપવાસમાં, સાંભળને! એય જાદવજીભાઈ! ભારે વાત આવી આકરી ! આવી વાત તો સાંભળવા મુશ્કેલ પડે. કહે છે કે ધર્મનો અધિકારી એને કહીએ કે જેટલા પુણ્ય ને પાપના ભાવ એ દોષ અને દુઃખ જાણીને તેનો નાશ કરે છે.

लहै मोख संतोष. संतोषसे परिपूर्ण रहता है, લ્યો. જ્ઞાતા-દૃષ્ટા રહી, સંતોષ વેદી, वरनौं लच्छन. એનું લક્ષણ વર્ણવું છું, કહે છે. એને સંતોષી કહીએ. લક્ષ્મી થોડી રાખવી ફલાણું, એ નહીં. આત્મા જ્ઞાન અને આનંદનો ધામને જે અનુભવે એને સંતોષી કહીએ. અને તે વસ્તુ પરિપૂર્ણને વેદે છે. એ અપેક્ષાએ એને પોતે પરિપૂર્ણ એને કહીએ. આહાહા! મોં-માથું હાથ ન આવે આમાં. શું કરવું આમાં શું? ઓલામાં સૂઝ પડે કે અપવાસ કરવો, સામાયિક કરવી, પોષો કરવો, ચૌવિહાર (છોડવો), કંદમૂળ ન ખાવા. હવે એ તો બધી પરની જડની ક્રિયા, સાંભળને ! એમાં વળી તારો ભાવ કદાચિત હોય તો શુભ છે, એ જડ છે, લે. અચેતન છે. ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા.. એ તો संतोषसे परिपूर्ण रहता है ધર્મી. પરિપૂર્ણ પોતાનો સ્વભાવ જેણે અનુભવમાં લીધો, પરિપૂર્ણ (દૃષ્ટિ)માં આવે. અધૂરી દશા છે કે નહીં, એ તો પર્યાયદૃષ્ટિમાં આવે. સમજાણું કાંઈ? હું તો પરિપૂર્ણ છું.

સમ્યગ્દ્રષ્ટિ ધર્મી એ પોતાના આત્માને પરિપૂર્ણ માને છે. સમજાણું કાંઈ? उसके गुण वर्णन करता हूँ, લ્યો. એના ગુણનું વર્ણન કરે છે. એ ધર્મી સાધક સમકિતીથી માંડીને બારમા ગુણસ્થાન સુધી સાધક કહેવામાં આવે છે. એનું વર્ણન કરે છે.

(દોહરા)

कृपा प्रसम संवेग दम, अस्तिभाव वैराग्य।
ये लच्छन जाके हियै, सप्त व्यसनकौ त्याग॥२६॥

**શબ્દાર્થ** :–કૃપા=દયા. પ્રસમ(પ્રશમ)=કષાયોની મંદતા. સંવેગ=સંસારથી ભયભીત. દમ=ઈન્દ્રિયોનું દમન. અસ્તિભાવ(આસ્તિક્ય)=જિનવચનોમાં શ્રદ્ધા. વૈરાગ્ય=સંસારથી વિરક્તિ.

**અર્થ** :–દયા, પ્રશમ, સંવેગ, ઇન્દ્રિયદમન, આસ્તિક્ય, વૈરાગ્ય અને સાત વ્યસનોનો ત્યાગ–આ ચૂંઘા અર્થાત્ સાધક જીવના ચિહ્ન છે. ૨૬.

**अर्थ** :–दया, प्रशम, संवेग, इन्द्रिय दमन, आस्तिक्य, वैराग्य और सप्तव्यसनका त्याग ये चूंघा अर्थात् साधक जीवके चिह्न हैं॥२६॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

દયા, જેને આત્માને રાગરહિત દશા પ્રગટી છે (એ) આત્માની દયા. સમજાણું કાંઈ? અરે! તેં તારી દયા કરી નહીં કોઈ દિ' હોં. મારું શું થશે? હું ક્યાં જઈશ? આંહીંથી છૂટ્યા પછી પાંજરાપોળ નથી ન્યાં. માસીબા નથી બેઠી કે ચાલ ભાઈ ભાણિયા. આહાહા! સમજાણું કાંઈ? દયા જેને હોય છે. જેને મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય– જે પરમાં પ્રેમ હતો એટલે મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય હતો. એ જેણે ટાળ્યો છે આત્માના ભાન દ્વારા, એને આત્માની દયા પ્રગટી છે. સંસારના ઉદ્ધાર કરી મોક્ષ લેવો એવી દયા પ્રગટી છે. પરની દયા કોણ કરી શકે? ૨૦ વર્ષનો જુવાન મરતો હોય આમ. ક્ષય લાગુ પડ્યો હોય. મુંબઈના પાણી લાગુ પડ્યા હોય. હવે ત્યાં ઓછા લાગે છે હોં. પહેલાં બહુ લાગતા. મુંબઈના પાણી લાગતા. એય, મૂલચંદભાઈ! હમણાં કંઈ ઓછું સાંભળીએ છીએ. (શ્રોતા : હવે હવાફેર...) હવાફેર. પહેલાં મુંબઈના પાણી બહુ લાગતા. માણસ જાય નોકરી કરવા. વરસ-બે વરસ-પાંચ વરસ થાય ત્યાં પીળું ફટ પીળું થઈ જાય. આગળ એમ હતું.

અમારે ભાઈ હતાને. મોટાભાઈને મુંબઈનું પાણી લાગ્યું. અમારે મોટાભાઈ હતાને દીપચંદભાઈ. ૫૭માં ગુજરી ગયા ૫૭. મુંબઈનું પાણી લાગ્યું. બહુ રૂપાળા હતા. જુવાન ૨૮ વર્ષની ઉંમર. આઠ વર્ષનું પરણેતર. ૨૦ વર્ષે પરણ્યા હતા. આઠ વર્ષ(નું

પરણેતર.) ૨૮ કે ૨૭ (ઉંમર). અને મારી ઉંમર તે દિ' ૧૧ હતી. ઉંમર ૧૧ (વર્ષની) હતી. આમ ખાટલે પડ્યા હતા ને. એ..ય મોટું મોઢું, શરીર રૂપાળું. મુંબઈનું પાણી લાગ્યું ત્યાં એવું ... થઈ ગયું. એના ઉપર કાંઈક આપતાં વળી સફરજનનો મુરબ્બો. ભાઈ, આવે છે ને ? સફરજનનો મુરબ્બો આવે છે. આટલી બરણી આવે છે, નહીં ? તે દિ' આ જોયેલું બધું. ભરણી કરી રાખતા. મુંબઈથી આવ્યું સફરજન. સફરજનનો પાક આવે છે, નહીં? મુરબ્બો આવે છે તૈયાર. પછી આવા પાણીવાળાને ખવડાવે. ખવરાવે એ રહે નહીં. એ તો મરી ગયા. આહાહા! પાણી લાગ્યું છે, કહે. આવે કંઈ પાણી... પણ આ તો અજ્ઞાનનું પાણી લાગ્યું છે એને. એને ક્ષય વળગ્યો છે. આહાહા! સમજાણું કાંઈ?

એ પરદેશમાં જાય એને પાણી લાગે, એમ ભગવાન આત્મા આનંદસ્વરૂપને છોડી અને પુણ્ય ને પાપ(રૂપ) પરદેશ—પરભાવ એમાં જાય એને ક્ષય લાગુ પડે. આહાહા! અંતરનો ક્ષય હોં. શરીર ભલે સારું દેખાય. અંતર સડી ગયા હોય કાળજાં એના. આહાહા! રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, સંકલ્પ-વિકલ્પથી... પણ આને ધર્મી જેને તો.. ઓહો ! મારી ચીજ શુદ્ધ આનંદને રાખવા માટે જેને પરિણતિ નિર્મળ પ્રગટ થઈ છે. એને ધર્મી અને મોક્ષનો સાધક (કહે છે). प्रसम—કષાયોની મંદતા, લ્યો. આ પ્રશમ જરી, મંદતા એકલો નહીં. અનંતાનુબંધી આદિ ગયો છે એટલો ઉપશમરસ પ્રગટ્યો છે, શાંતિ. અંતરમાં ભગવાન આત્મા અકષાય શાંતિનો રસ પડેલો છે. એમાં એકાગ્ર થતાં, રાગ અને દ્વેષ દુઃખરૂપ જાણીને છોડીને ભગવાન આત્મામાં એકાગ્ર થાય, એને શાંતિ પ્રગટે છે. અંતરની શાંતિ એને વિસામો પ્રગટે છે. આહા! સમજાણું કાંઈ? હવે દરેકની વ્યાખ્યા જુદી.

संवेग.. ખોટાનું બધું ખોટું જ હોય. संवेग—संसारसे भयभीत. આહાહા! ધર્મી તો સંસારથી ખસે છે. ખસ્યો છે. સંસાર એટલે? પુણ્ય-પાપમાં લાભ અને એ મારો ધર્મ એવો મિથ્યાત્વભાવ એ સંસાર. બાયડી છોકરા એ સંસાર નહીં, એ તો પરચીજ છે. ન્યાં ક્યાં તારો સંસાર હતો? સંસાર એટલે સ્વરૂપમાંથી સંસરીને—ખસીને મિથ્યાત્વભાવમાં આવ્યો એને સંસાર કહેવામાં આવે છે. એ જેને નાશ થયો છે અને શાંતિ જેને પ્રગટી છે અને સંસારથી તો (ડર લાગ્યો છે). આહા! આવે છે ને. 'ચૌગતિ દુઃખથી ડરી', નહીં? ચાર ગતિના દુઃખથી જેને ડર લાગ્યો છે. એ સ્વર્ગના પણ સુખને દુઃખ માને છે. એનાથી ભયભીત છે. આહા! અરે! ક્યાંય સ્વર્ગનું પણ પદ મળી જાય (એ) દુઃખ છે. ધર્મીને સ્વર્ગના સુખમાં દુઃખ ભાસે છે. આહાહા! આંહીં તો હજી આ પાંચ-પચીસ હજાર-લાખ-બે લાખ-પાંચ લાખ થાય, દસ લાખ થાય ને આ સુખી છે. સમજાણું કાંઈ? પૈસે ટકે સુખી છે, એમ કહે છે કે નહીં? એની પાસે હામ, દામ ને ઠામ છે. શેના? રખડવાના. આહાહા! ભારે વાત

આવી ! આવો વીતરાગનો માર્ગ હશે ? આવો જૈનધર્મ હશે આવો ? આહા!

જેણે અંદર પુણ્ય ને પાપના ભાવનો નાશ કર્યો છે. એ મારામાં નથી, મારામાં તો શાંતિ છે. એવો જે સંસારથી ભયભીત થયો છે. અરેરે! ભવ મળે (એ) દુઃખ છે. જનમ એ કલંક છે. આત્મા અનંત આનંદનો નાથ એને અવતાર કલંક છે, કહે છે. આવે છેને આ શું? કલંક શરમજનક. (શ્રોતા : જગમાં જનમ કલંક સમ..) શરમજનક કલંક. આહા! અરે! અતીન્દ્રિય ભગવાન એનું ચામડામાં આવવું, આહાહા! ગધેડા મરી ગયા હોય, એનું જે ચામડું સડેલું, એમાં એક શેર ચણાના લોટમાં ચાર શેર ઘી પાઈને મેસૂબ કર્યો હોય, એ મેસૂબ એ ગંધાયેલા ચામડાના ઓલામાં વીંટે. એમ આ ભગવાન અમૃતનો સાગર(ને) મડદાં આ સડેલા મડદાં રજકણ ધૂળ છે એમાં વીંટાળ્યો. આહાહા! સમજાણું કાંઈ ? આહા!

આખા જગતથી, વિકલ્પથી માંડીને આખું જગત એનાથી ધર્મી ઉદાસ છે. આહાહા! ભલે ગૃહસ્થાશ્રમમાં હો, પણ એ ગૃહસ્થાશ્રમ એટલે શું ? રાગનો ભાગ એ ગૃહસ્થાશ્રમ છે. રાગથી મુક્ત છે આત્મા. આહા! એને સંસારથી ભય છે. એ પુણ્યના ભાવથી પણ ડરે છે. આહાહા! સમજાણું કાંઈ? આમ અજાણ્યા માણસને તો એવું લાગે, આ તે આવો ધર્મ કેવો હશે ? આપણે તો આવું સાંભળતાં કે અપવાસ કરવા ને પર્યુષણમાં આમ કરવું ને આમ કરવું. દેરાસરવાળાને આંગી રચવી, મૂર્તિને આમ નાખવા, અત્તર ચોપડીને આમ ચોપડવું, ચાંદીના ફૂલ આમ નાખવા. જય મહારાજ! ન્યાં ક્યાં તારો ભગવાન છે કે ભગવાન તને આપે? તારો ભગવાન તો આંહીં પડ્યો છે બેઠો. સમજાણું કાંઈ? આહાહા!

એક ફેરી ન્યાં પાળિયાદમાં ચોમાસું હતું ને ૭૫. ત્યારે ગયા હતાને. એનો શું કહેવાય? મહંત. એનો બાપ હતા. હા. એણે કહ્યું હતું, મહારાજ મારે ત્યાં પગલાં કરે. મોટું છે ને, જમીન મોટી. શું કહેવાય એ ? જગ્યા.. જગ્યા. ગયા હતાને હમણાં. એનો બાપ હતા. પણ એને એટલું એટલું. અપાસરો પાછો બતાવ્યો એણે હોં. મહારાજ, આ અપાસરો. કીધું, આ અપાસરામાં ચોમાસું કર્યું છે અમે ૭૫માં. આ ઓળંદથી ગયા હતાને આ બોટાદથી પાળિયાદ. પછી ત્યાં ૭૫ માં ચોમાસું હતું ને બોટાદ—પાળિયાદ. આ અપાસરું જોડે જ છે એનું. પણ તે દિ' એનો બાપ આમ બેઠો હતો ને આમ સાંભળતા હતા. આમ ફળીયામાં એના અપાસરામાં. કેટલાક માણસ આવ્યા હશે એટલે ન્યાં એનું મંદિર હોયને મંદિર, દર્શન કરવા જાય. ત્યારે કહે, પણ ન્યાં ક્યાં ઠાકોર છે ? ઠાકોર તો આંહીં છે. પોતે ઠાકોર છે એમ બોલે. ઠાકોર ન્યાં ક્યાં છે મંદિરમાં ? ઠાકોર

તો આ બેઠો. આંહીં તો આવ પહેલા, એમ. એને ઓલું કહે, પિરાણું મળ્યું છે ને. પિરાણાના પુત્તર ખરાને, એમ. વાત બીજી સાચી એક ન્યાયે કે ઠાકોર, આ આત્મા ઠાકોર છે. ન્યાં મંદિરમાં ઠાકોર છે નહીં. સમજાણું કાંઈ?

કહે છે, જેને સંવેગ છે. સંસારથી ભયભીત છે એ ધર્મી કહેવાય. જેને દમ– ઈન્દ્રિયોનું દમન છે. અતીન્દ્રિય આનંદમાં ઈન્દ્રિયના આનંદનો એને રસ નથી. હો ભાવ, રસ નથી. ઈન્દ્રિયના વિષયનો રસ એને નથી. કેમકે ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એનો જેને રસ પ્રગટ્યો છે, એને ઈન્દ્રિયના રસમાં રસ નથી. સમજાણું કાંઈ? સમકિતી આમ ૯૬ હજાર સ્ત્રીને ભોગવે, એમ કહે, દેખાય. ના, એ તો આનંદને ભોગવે છે. આહાહા! આ તે કોઈ વાત ! ચેષ્ટા બધી હોય પણ એ તો જડની ને પરની. કહે છે, જેને ઈન્દ્રિયનું દમન.. આ इन्द्रिये जिणित्ता આવે છે ને. જે जो इंदिये जिणित्ता. પાંચ ઈન્દ્રિય અને ખંડખંડ (જ્ઞાન) ને એનો વિષય, એની દૃષ્ટિ છૂટીને અતીન્દ્રિય થયો છે. અતીન્દ્રિય આત્માનો અનુભવ થયો છે એને ઈન્દ્રિયનું દમન હોય, આસ્તિકતા હોય. ગમે એવી સૂક્ષ્મ વાત ને સૂક્ષ્મ ભાવ હો, આસ્થા છે. એક શરીરમાં અનંતા નિગોદના જીવ. એક નિગોદ બટાટું, સક્કરકંદ એની રાઈ જેટલી કટકી, એમાં અસંખ્ય તો શરીર. એક શરીરમાં અનંતા સિદ્ધ કરતા અનંત ગુણા જીવ એવું સાંભળીને પણ એને આસ્થા છે. બરાબર છે. સમજાણું કાંઈ? આહાહા!

એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે આ કેવળી. સમય એક ને કાળ ત્રણ. આસ્થા છે. બરાબર વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સમજાય છે કાંઈ? એને શંકા–સંદેહ ન પડે ધર્મીને. કારણ કે સર્વજ્ઞસ્વભાવી આત્મા, પોતે હું આત્મા સર્વજ્ઞસ્વભાવી એમ જ્યાં આમ અનુભવમાં આવ્યું તો એ સર્વજ્ઞ થવાનો એવી આસ્થા છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાતું ભાઈ આવી ! આવી વાતો જૈનધર્મની હશે આ? બીજે આ વાત છે જ નહીં ક્યાંય. આહાહા! (જૈનમાં) જન્મ્યા એને ખબર નથી. એ આંહીં કહે છે. આસ્તિક છે. વૈરાગ્ય છે. વૈરાગ્ય.. આખી દુનિયાથી ખસી ગયો છે. અને સપ્ત વ્યસનનો ત્યાગ છે. સાત વ્યસન ધર્મીને ન હોય. સમજાણું ? એવા સાધકજીવના ચિહ્નો છે. એ સાત વ્યસનની વ્યાખ્યા કરશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૬૮, આસો સુદ ૩, બુધવાર તા. ૨૨-૯-૧૯૭૧
## સાધ્ય-સાધક દ્વાર પદ ૨૭ થી ૨૯ ઉપર પ્રવચન

...ની વ્યાખ્યા છે. સપ્ત વ્યસનના નામ છે, લ્યો. સાધકજીવને સપ્ત વ્યસન હોય નહીં. ધર્મનો સાધક જે થાય સમ્યગ્દ્રષ્ટિ (કે) જેને આત્માનો આનંદ રુચ્યો છે અને પરમાં ક્યાંય સુખ છે એ વાત–મિથ્યાત્વનો નાશ કર્યો છે, એને ધર્મી અને સાધક કહીએ. બાકી સંસારના સુખો જેને રુચ્યા છે અને એનું સાધન કરે છે, એનું સાધ્ય તો નરક અને નિગોદ છે. નરક અને નિગોદને સાધી રહ્યો છે. આરે, આરે! સમજાણું? જેને આત્મા વસ્તુ છે પદાર્થ ચૈતન્ય ભગવાન... ઈન્દ્રિયો એ કંઈ આત્મા નથી. આ શરીરેય આત્મા નથી, તેમ અંદર પુણ્ય-પાપના ભાવ થાય એ પણ આત્મા નથી. જે આત્મા નથી એનાથી એ જણાય, એમ એ નથી. બરાબર છે? એટલે કે જે આત્મા નથી એનાથી ધર્મ થાય એમ નથી.

આત્મા તો આનંદ અને જ્ઞાનની મૂર્તિ એવું એનું 'હું'પણું જેને કહીએ... આસ્તિકતા આવી હતીને અંદર. આસ્થા–સત્તાની શ્રદ્ધા. તો આત્મા તો આનંદ અને જ્ઞાનની સત્તાવાળું તત્ત્વ છે. એની જેને શ્રદ્ધા થાય તેને સ્વસન્મુખ થઈને સમ્યગ્દર્શન થાય. એને આવા જુગાર આદિના સાત દોષ હોય નહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? સાત વ્યસન – દ્રવ્ય અને ભાવ, બે પ્રકારના વર્ણવશે. જેને ધર્મ પ્રગટ્યો છે અને ધર્મમાં, જેને આત્મામાં આનંદ છે એવો સ્વાદ આવ્યો છે, આહા! એવા આનંદના સ્વાદીયા જીવને જગતના કોઈ પદાર્થમાં સુખ છે એ હોતું નથી. તેથી તેને આ સાત વ્યસનો ન હોય. સમજાણું કાંઈ? સાત વ્યસનના નામ.

સાત વ્યસનના નામ (ચોપાઈ)

जूवा आमिष मदिरा दारी।
आखेटक चोरी परनारी॥
एई सात विसन दुखदाई।
दुरित मूल दुरगतिके भाई॥२७॥

**શબ્દાર્થ** :–આમિષ=માંસ. મદિરા=શરાબ. દારી=વેશ્યા. આખેટક=શિકાર. પરનારી=પરાઈ સ્ત્રી. દુરતિ=પાપ. મૂલ=જડ.

**અર્થ** :–જુગાર રમવો, માંસ ખાવું, દારૂ પીવો, વેશ્યા સેવન કરવું, શિકાર કરવો, ચોરી અને પરસ્રીનું સેવન કરવું,—આ સાતે વ્યસન દુ:ખદાયક છે, પાપનું મૂળ છે અને કુગતિમાં લઈ જનાર છે. ૨૭.

**अर्थ :—**जुवा खेलना, मांस खाना, शराब पीना, वेश्या सेवन, शिकार करना, चोरी और परस्त्री सेवन। ये सातों व्यसन दुःखदायक हैं, पापकी जड़ हैं और कुगतिमें ले जानेवाले हैं।।२७।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

જેને જુગટું ખેલવું એ ન હોય. જેને આત્માની દૃષ્ટિ છે અને આત્માનું સાધન જેને કરવું છે, સિદ્ધપદની પ્રાપ્તિ માટે—મુક્તિને માટે ભગવાન આત્મા તરફના ભાવવાળી દશા છે એને આ જુગટું હોઈ શકે નહીં. જુગટાનો ભાવ એને હોય નહીં. માંસ ખાવું. એ માછલા ને માંસને ખાય એ ધર્મી નથી, અધર્મી છે. માંસ ખાવું એ ધર્મીને હોય નહીં. જેને આત્માનું સાધન કરીને નિજ પરમાત્મપદની પ્રાપ્તિ કરવી છે એને માંસ ખાવું હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? આહા! मदिरा. દારૂ ન હોય એને. દારૂ મતિને ભ્રમ કરવાનું નિમિત્ત છે. ધર્મી જે સુખનું સાધન સાધે છે એને મદિરાપાન હોઈ શકે નહીં. સમજાણું કાંઈ ?

વેશ્યાગમન. दारी છેને दारी. એને વેશ્યાગમન ન હોય. એને શિકાર ન હોય. आखेटक.. શિકારનો ભાવ અને એ શિકારી હોય નહીં. આહા! જેને આત્માના આનંદનું સાધન કરવું છે. દુઃખનું સાધન કરવું હોય એને એ બધું હો. આહાહા ! સમજાણું કાંઈ? આત્માની શાંતિ જે છે અંદરમાં એ જેને પ્રાપ્ત કરવી છે એવા જીવની દૃષ્ટિ તો આનંદ અને શાંતિ ઉપર હોય છે, એથી એને મદિરા પીવાનો ભાવ હોઈ શકે નહીં. શિકાર. વેશ્યાસેવન. છે ને ? आखेटक.

चोरी. ચોરી અને પરસ્ત્રીસેવન એ ન હોય. ચોરી ન હોય ચોરી. કોઈના ધાડ પાડવાના, એ વાત એને હોય નહીં. અને પરસ્ત્રીસેવન ન હોય. પરસ્ત્રીનું ગમન સમકિતી(ને ન હોય). જો કે એ તો લોકના સારા સજ્જનને પણ હોય નહીં. પણ આત્માની શાંતિ જેને આનંદ પ્રગટ કરવો છે એવા આનંદના રસિયાને પરસ્ત્રી હોઇ શકે નહીં. एई सात विसन दुखदाई.. દુઃખના દાતાર છે. નરક ને નિગોદ, ચાર ગતિમાં રખડવાનું સાધન છે. આ વ્યસનમાં તો સ્વર્ગ આદિ તો હોય નહીં, નરક ને નિગોદનું સાધન છે. આહાહા ! दुरित. દુઃખદાયી છે. દુરિત એટલે એ પાપની જડ છે. दुरित मूल दुरगतिके भाई.. और कुगतिमें ले जानेवाले हैं. આહાહા ! આવા ભાવવાળા તો નરકમાં દોડીને દુર્ગતિએ જનારા છે. સમજાણું કાંઈ ? હવે એના ભાવ. व्यसनोंके द्रव्य और भावभेद.

વ્યસનોના દ્રવ્ય અને ભાવરૂપ ભેદ (દોહરા)

दरवित ये सातौं विसन, दुराचार दुखधाम।
भावित अंतर कलपना, मृषा मोह परिनाम।।२८।।

**અર્થ :—**આ સાતે વ્યસન જે શરીરથી સેવવામાં આવે છે તે દુરાચારરૂપ દ્રવ્ય-વ્યસન છે અને જૂઠા મોહ-પરિણામની અંતરંગ કલ્પના તે ભાવવ્યસન છે. દ્રવ્ય અને ભાવ બન્નેય દુઃખોના ઘર છે. ૨૮.

**अर्थ :—**ये सातों जो शरीरसे सेवन किये जाते हैं वे दुराचाररूप द्रव्य-व्यसन हैं, और झूठे मोहपरिणामकी अन्तरंग कल्पना सो भाव-व्यसन हैं। द्रव्य और भाव दोनों ही दुःखोंके घर हैं।।२८।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

એ સાત વ્યસનો दरवित એટલે जो शरीरसे सेवन किये जाते हैं वे दुराचाररूप द्रव्य-व्यसन हैं. भावित अंतर कलपना.. ઓલી બહારની વાત છે. હવે झूठे मोहपरिणामकी अन्तरंग कल्पना. મિથ્યાત્વભાવની મોહકલ્પના એ ભાવવ્યસન છે. ભાવવ્યસને અનાદિથી ટેવાઈ ગયો છે. એ વ્યસનનો ધર્મ(ના) સાધકજીવને ત્યાગ હોય છે. ભાષા બેસે ને. दरवित ये सातौं विसन दुराचार दुखधाम.. શારીરિક વાત છે. અને આ અંતર કલ્પના છે મિથ્યાત્વ. भावित अंतर कलपना, मृषा मोह परिनाम.. જૂઠા મિથ્યાત્વના પરિણામ છે. सप्त भाव व्यसनोंका स्वरूप.

સાત ભાવ-વ્યસનોનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

अशुभमैं हारि शुभ जीति यहै दूत कर्म,
देहकी मगनताई यहै मांस भखिवौ।
मोहकी गहलसौं अजान यहै सुरापान,
कुमतिकी रीति गनिकाकौ रस चखिवौ।।
निरदै ह्वै प्रानघात करवौ यहै सिकार,
परनारी संग परबुद्धिकौ परखिवौ।
प्यारसौं पराई सौंज गहिवेकी चाह चोरी,
एई सातौं विसन बिडारैं ब्रह्म लखिवौ।।२९।।

**શબ્દાર્થ :—**दूत(द्यूत)=જુગાર. ગહલ=મૂર્છા. અજાન=અચેત. સુરા=શરાબ. પાન=પીવું. ગનિકા=વેશ્યા. સૌંજ=વસ્તુ. બિડારૈં=વિદારણ કરે.

**અર્થ :—**અશુભ કર્મના ઉદયમાં હાર અને શુભ કર્મના ઉદયમાં વિજય માનવો એ ભાવ–જુગાર છે, શરીરમાં લીન થવું એ ભાવ–માંસભક્ષણ છે, મિથ્યાત્વથી મૂર્છિત થઈને સ્વરૂપને ભૂલી જવું એ ભાવ–મદ્યપાન છે, કુબુદ્ધિના રસ્તે ચાલવું એ ભાવ–વેશ્યાસેવન છે, કઠોર પરિણામ રાખીને પ્રાણોનો ઘાત કરવો એ ભાવ–શિકાર છે, દેહાદિ પરવસ્તુમાં આત્મબુદ્ધિ રાખવી તે ભાવ–પરસ્ત્રીસંગ છે, અનુરાગપૂર્વક પર પદાર્થોનું ગ્રહણ કરવાની અભિલાષા તે ભાવ–ચોરી છે. આ જ સાતે ભાવ–વ્યસન આત્મજ્ઞાનનું વિદારણ કરે છે અર્થાત્ આત્મજ્ઞાન થવા દેતા નથી. ૨૯.

**अर्थ :—**अशुभ कर्मके उदयमें हार और शुभ कर्मके उदयमें विजय मानना यह भावजुआ है, शरीरमें लीन होना यह भावमांस-भक्षण है, मिथ्यात्वसे मूर्छित होकर स्वरूपको भूलना यह भावमद्यपान है, कुबुद्धिके मार्ग पर चलना यह भाववेश्यासेवन है, कठोर परिणाम रखकर प्राणोंका घात करना यह भावशिकार है, देहादि परवस्तुमें आत्मबुद्धि रखना सो भावपरस्त्रीसंग है, अनुरागपूर्वक परपदार्थोंके ग्रहण करनेकी अभिलाषा करना सो भावचोरी है। ये ही सातों भावव्यसन आत्मज्ञानको विदारण करते हैं अर्थात् आत्मज्ञान नहीं होने देते।।२९।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

બ્રહ્મ નામ આત્મા. પૂર્ણાનંદનું સ્વરૂપ એ બ્રહ્મ નામ આત્મા, એમાં આનંદ છે. આનંદસ્વરૂપ એવો ભગવાન એને જાણવામાં આ બધા વિઘ્નવાળા ભાવવ્યસન હોય, એ આત્માને જાણી શકે નહીં. સમજાણું કાંઈ? એને ધર્મ હોઈ શકે નહીં, એમ કહે છે. अशुभमैं हारि.. (આ પદ) 'બનારસીદાસે' ખાસ નાખ્યું છે. એ પાપનો ઉદય હોય અને પ્રતિકૂળતા આવે, એને એ હાર માને, એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અશુભમેં હાર માને. अशुभ कर्मके उदयमें हार. આહાહા! હારી ગયા ભાઈ. નહીં ખાવાનું, નહીં પીવાનું ને પ્રતિકૂળતા રોગ એવા અશુભના ઉદયમાં આત્મા હારી ગયો એમ જે માને, એ જુગટું છે. ભાવ જુગટું છે. કહો, ભીખાભાઈ! આ ભારે ! અશુભમાં હાર માને. નિર્ધનતા, વાંઝિયાપણું, શરીરમાં રોગપણું, વેપાર-ધંધા ચાલે નહીં, ખાવાપીવાના સાધનોમાં સાંસા લાગે, એને એમ લાગે કે અરેરે! ભવ હારી ગયા. એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! એ જુગટું રમનારો છે. જુઆ–ખેલ કરે છે એ માળો. જુગટું રમે છે. સમજાણું કાંઈ?

અને शुभ जीति.. અને પુણ્યના ઉદયે શરીર સારું, લક્ષ્મી સારી અને અનુકૂળતા બહારની સામગ્રી, પાંચ-પચાસ લાખ, કરોડ-બે કરોડ પુંજી (હોય) તો આપણે જીત્યા. એમ માનનારા ભાવજુગટા રમનારા છે. એ મિથ્યાદૃષ્ટિ છે, એને ધર્મ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? આહાહા! અમારે તો બધી સગવડતા છે ભાઈ. બધી સગવડતા. કુટુંબકબીલો, પૈસા, હામ-દામ-ઠામ, મકાન, પૈસો, આબરૂ. આ કારખાના અમારે એવા

મંડાણા છે કે એમાંથી એ..ય મહિને દસ હજાર-વીસ હજાર પેદાશ આવ્યા જ કરે. (શ્રોતા : ચાલતા હોય તે કબૂલ ન કરે કે ચાલે છે?) શું ચાલે? ધૂળ ચાલે એમાં એને શું? પુણ્યના ઉદયથી (મળતી) અનુકૂળ સામગ્રી એ મારી છે અને એમાં મને મજા પડે છે, એ જુગટાનો રમનારો છે. એય મૂલચંદભાઈ! ભાવજુગટું રમનારો છે. આહાહા! શુભ, ભાવ જે છે શુભ એ પણ પુણ્ય છે. એ પણ એને પોતાના માનનારો જુગટું રમનારો છે. અને એમાંથી એ અનુકૂળતા મળે એટલે અમે સગવડતાવાળા છીએ એમ (માનનારા) એ જુગટા રમનારાં છે. આરે, ભારે આ! આકરું કામ, નહીં?

કહે છે કે અરે! એમાં જીતાઈ ગયો તું પરને લઈને. સમજાણું ? એમાં તેં જીત માની, મૂઢ છો. આહા! આબાળગોપાળ અમારે બધું છે. ભર્યાં ઘર છે. ભર્યાં ઘર ને? તું તો ખાલી છો ને? સમજાણું કાંઈ? જાદવભાઈ! દીકરા સારા, દીકરીયું સારી, વહુ સારી મળે. વળી દીકરીયુંને અહીંયા સારા ખાન મળે આહાર આદિ, એમાં અમે જીત્યા. જીત્યા અને મોઢા આગળ પડ્યા. એ મૂઢ છે, કહે છે. એય મલૂકચંદભાઈ! છે એમાં એ? છે? शुभ जीति यहै दूत कर्म, લ્યો. શુભકર્મના ઉદયમાં વિજય માનવો. અમે તો મિલમાલિક, અમને તો દેવગતિ સારી મળી. એવા શુભમાં જે હારી ગયા છે, કહે છે. જીત માને છે તે હારી ગયા છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! હમણાં અમે ફાવ્યામાં છીએ, એમ માને છે ને ? ધંધે- પાણીએ છોકરાઓ પણ એવા પાક્યા છે કે બધા ધંધે ચડી ગયા સરખે. એક-એકથી ચડિયાતા. વળી સરખા ધંધે ચડી ગયા. આપણે કાંઈ હવે ચિંતા રહી નથી. એ બધા છોકરાઓ પાંચ-પાંચ હજાર રળે મહિને. મૂરખ છો, કહે છે. આહાહા! આખી દુનિયા મૂરખ છે. એય ચંદુભાઈ! શું હશે આ માળું આવું! 'બનારસીદાસ' કહે છે કે એ તો જુગટા રમનારા છે. આહાહા! મિથ્યાદૃષ્ટિ મોહમાં જીતાઈ ગયા છે એ. બહારથી અનુકૂળતાને પોતાની જીત માનનારા મિથ્યાત્વમાં જીતાઈ ગયા છે. આહાહા!

આત્મા અંદર આનંદસ્વરૂપ છે એની વૃદ્ધિ થઈને શુદ્ધિ થાય એ એની જીત છે. સમજાણું કાંઈ? शुभ कर्मके उदयमें विजय मानना यह भावजुआ है. આહાહા! ગરી ગયા છે મિથ્યાત્વમાં, એમ કહે છે. છોકરા સારા થયાને બધા, અમે હવે ફાવ્યામાં છીએ હમણાં. અમેરીકાથી આવ્યો છોકરો ને. ચંદુભાઈ! શાંતિભાઈ સારી રીતે રળે છે. આપણે હવે નિરાંતે ખાઓ-પીઓ અહીંયા. તમારે તો નથી પણ ઓલો તમારો મણિભાઈ હતાને (તે) ખાખરી કરતા, નહીં? તે શું કરે? એ ઘીમાં. પણ અત્યારે ભરડવાનો તો દાક્તર ને. આંહીં જયારે રહેતા ત્યારે આંહીં પણ કરતા. ભાઈ, ભાખરી ઘઉંની તળેલી. ઘીમાં તળેલી આખેઆખી. એ ને દૂધ ખાય. બસ એ..ય. પોચી-પોચી. ઓલો લોટ ઘઉંનો કઠણ બાંધી તેલ-બેલ નાખ્યું હોય અંદર મોણ સરખું. પછી એની આટલી આટલી બનાવતા એ.

(શ્રોતા : તેલ ન નાખે, ઘી નાખે) ઘી નાખતા હશે, એમ ઘી નાખતા હશે. મોણમાં ઘી. એ કંઈ કરતા ખરા. આપણને ક્યાં (ખબર છે) ? આંહીં તો વહોરવા જાય તે એક-બે આપે. હા, એક-બે એવી અંદરથી કૂણી. તેલમાંય કૂણું થતું હશે આ. આ રોટલીમાં મોણ નાખે છેને તેલ, નહીં? મોણ નાખે છે તેલનું. ઘણું કરીને તેલનું જ મોણ આવે. ઘીનું હશે. પણ એ ભાખરી ખાતા. ખબર છેને તમને તો. એ ને ભેગા રહેતાને પહેલા. કહે છે કે એમાં અનુકૂળતા છે એમાં જીત માનવી એ જુગટું છે, બાપા! આહા!

કીધું હતુંને એક ફેરી. દાખલો નહોતો આપ્યો? વિસાશ્રીમાળી વાણિયા વસા જામનગરમાં. એ ચૂરમાના લાડવા ખાય દરરોજ. દરરોજ. બીજો ખોરાક જ નહીં. રોટલી-રોટલો કોઈ ખોરાક જ નહીં. અપાસરા પાસે રહેતા હતા. છે જામનગરનો અહીં કોઈ? એ વસા.. વસા કહેવાતા. વિસાશ્રીમાળી. ચૂરમાનો લાડવો દરરોજ. રોટલી-રોટલો બીજી ચીજ જ નહીં. એમાં એકનો એક છોકરો જુવાન મરી ગયો. બાળી આવ્યા. એકનો એક. રોવે.. રોવે. બાળીને આવ્યા. અમને ખબર નહીં.... અપાસરાના ઘણા હતા. બાળીને આવ્યા. આંસુની ધારાએ રોવે. ઘરમાં ચૂરમું બનાવ્યું માણસોએ. એય મૂલચંદભાઈ!

સગાવહાલાએ ભેગા થઈ ચૂરમું બનાવ્યું. ભાઈ! તમે બીજું નહીં ખાઈ શકો અને રોટલી-રોટલો ખાશો તો આ દીકરા પાછળ તમે જાશો પાછા હોં. પણ પચે જ નહીં. એને એ ખોરાક જ નહોતો રોટલી-રોટલાનો. ચૂરમું અને અડદની દાળ હોય કે ન હોય, ખબર નથી. પણ મૂળ તો એની સાથે અડદની દાળ ભળે. ચૂરમા સાથે અડદની દાળ હોયને સરખી સદડી. પણ ચૂરમું જ ખાતા. એકનો એક દીકરો (ગુજરી ગયો). સદડી સમજતે હૈં? અડદ.. અડદ. અડદની દાળ હોતી હૈ ન આમ છાશ નાખીને આમ. દાળ અને છાશ બેય એક સાથે સરખા થઈ જાય. આમ છોતાછુવાણી થઈ જાય એ સદડી ન કહેવાય એ. આ તો સરખો રસ એમ થઈ જાય. ચૂરમું ને એ. પણ એક જણો તો એવો હતો. ચૂરમો લાડવા હોય બે-ત્રણ અને ઘી નાખે શેર. એવા હતા. સમજાણું કાંઈ? આવા ને આવા માણસ અને માને કે આપણે મજા છે આપણે.

કહે છે કે સગવડતામાં જીત્યા, જીત માની એ જુગટા રમનારા છે, કહે છે. ઓલાએ લાડવા ખાધા હોં પાછા. આંખમાંથી આંસુ ચાલ્યા જાય. એકનો એક જુવાન દીકરો. બાળીને આવ્યા. રોટલી કરો, કહે ભાઈ. અરે ભાઈ! તમને નહીં પચે હોં. બાજરાનો રોટલો ઘી નાખીને કરશો તો પણ નહીં પચે. એ ચૂરમાના લાડવા. આમ પડે આંસુની ધારા. છે રસ ચૂરમાનો? એમ જ્ઞાનીને જગતની સગવડતાનો રસ છે જ નહીં અંદરમાં. એ ચૂરમાના લાડવા જેવી સગવડતા બધી સરખી હોય બહારમાં, એમ કહે છે. સમજાણું કાંઈ? ધર્મીને બહારની સગવડતામાં રસ હોતો જ નથી. એને તો આત્માના

આનંદનો રસ છે. એ બહારની સગવડતામાં ધર્મી ભોગતા દેખાય, પણ એ આંસુ પાડે અને લાડવો ખાય એવું છે. અજ્ઞાનીને એમાં રસ આવી જાય છે. સમજાણું કાંઈ? આહાહા! કહે છે કે જુગટું રમનારા છે. ભારે વાતું ભાઈ આ! વ્યસનની વ્યાખ્યા આવી ભારે જુદી જાતની આ.

यहै दूत कर्म, देहकी मगनताई.. આહાહા! શું કહે છે ? આ શરીર માંસ-હાડકા છે. આ એની એકતાબુદ્ધિ(માં) મગ્ન એ માંસના ખાનારા છે. આહાહા! દેહમાં જેની એકતાબુદ્ધિ, મગ્નતા, પ્રીતિ અને રુચિ છે એ માંસના ખાનારા મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! દેહ માટી-જડ-ધૂળ એની મગ્નતા એ તો મિથ્યાત્વભાવ છે. એને, આત્મા અંદર આનંદસ્વરૂપ છે એની મગ્નતા તો છે નહીં. આરે, ભારે નાખ્યું. બહુ સરસ. કહો, સમજાણું આમાં? આહાહા! આ દેહ-માટી આ તો કો'કના જડ એઠાં છે. આવા શરીર તો અનંતવાર આવી ગયા જોડે. એમાં એકતા.

'શ્રીમદે' કહ્યુંને એ. 'સકળ જગત છે એંઠવત્ અથવા સ્વપ્ન સમાન. એ કંઈ જે જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન.' સમજાણું કાંઈ? આહાહા! અરે! ધર્મ તે કોને કહીએ ? ભાઈ! અને સુખના પંથની રીત કોઈ અલૌકિક છે. ધર્મની દશા કહો કે સુખના પંથની (રીત) કહો. આ બધા દુઃખના પંથ છે. શરીર માટી-જડ એમાં મગ્નતા—એકતાબુદ્ધિ, એ માંસ ખાનારા છે. આહાહા! આમ માંસ ન ખાતા હોય. માંસ સજ્જન ખાય? મુનિ હોય એ ખાય? છતાં દેહની એકતાબુદ્ધિ એ જ માંસ ખાવું છે, કહે છે. એ વ્યસન છે મોટું. ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો ઢગલો પ્રભુ છે. અરે! એની જેને રુચિ અને પ્રેમ નથી અને દેહમાં એકલો પ્રેમ ને મગ્નતા છે (એ) માંસ ખાનારા, ભાવથી માંસ ખાનારા છે. આહાહા! સમજાણું કાંઈ?

मोहकी गहलसौं अजान यहै सुरापान.. मिथ्यात्वसे मूर्छित होकर.. રાગ-દ્વેષમાં મિથ્યાત્વથી મૂર્છિત થઈ ગયો છે, એ દારૂ પીવે છે. ભગવાન આત્મા આનંદસ્વરૂપ.. એ આનંદનો રસિયો આનંદને સ્વાદે છે એનું નામ ધર્મ છે. આહાહા! અજ્ઞાની મોહની ગહલ— મિથ્યાત્વથી મૂર્છિત થઈ ગયો છે. પુણ્યમાં ધર્મ છે, પાપમાં મજા છે—વિગેરે વિપરીત માન્યતામાં ઘેરાઈ ગયો છે, મૂર્છિત છે. स्वरूपको भूलना यह भाव मद्यपान है. ધર્મદાસજી! ભારે વાત આ ! એ ભાવમદિરા કુગતિને દેનારી છે. ચાર ગતિના દુઃખને દેનારી છે. ધર્મના સાધકને એ ભાવ હોય નહીં, એમ કહે છે. આમ ધર્મ... ધર્મ.. વાતું કરે, અમે ધર્મ કરીએ. શું બાપા! તને હજી ધર્મ કોને કહેવો એની ખબર નથી. કેમ ધર્મ થાય અને કેવી રીતે થાય અને એ ધર્મના ભાવ કોને કેટલા કેવા હોય અને ક્યા ભાવનો એને ત્યાગ હોય, એની ખબરું વિના ધર્મ ક્યાંથી થાતો હશે? મૂલચંદભાઈ! આવો ધર્મ છે. આહાહા!

કહે છે, मोहकी गहलसौं.. મિથ્યાત્વથી પાગલ થઈ ગયો છે. આહાહા! ભ્રમણાને લઈને જ્યાં ત્યાં અમે સુખી છીએ. પૈસે-ટકે, બાયડી, છોકરા, આહાહા! આબરૂ બધી સરખાઈ. મિથ્યાત્વની ભ્રાંતિમાં પોતાને અજ્ઞાન છે, સ્વરૂપનું ભાન નથી. એવા અજ્ઞાની પરમાં મૂર્ચ્છાઈ ગયેલા ભાવદારૂના પીધેલા છે. ભાવદારૂ પીનારા છે. સમજાય છે કાંઈ? માળો ધર્મ ભારે કહે, આવો મોંઘો! ઓલો તો ખાઈ પીને લહેર કરીએ (એમાં) મગ્નતા અને વળી આપણે ધર્મ આવો છે એમ સાચું માનવું. આહાહા! એમ નથી, ભાઈ! જેને આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ હું.. હું (એમ) જેમાં થઈ રહ્યું છે. 'હું' એમ જેમાં થઈ રહ્યું છે એવો 'હું' એ તો આનંદ ને જ્ઞાનનો સાગર છે. એ રાગ હું, શરીર હું, એ એમાં નથી. સમજાણું કાંઈ? 'હું' જે છે એનું ધર્મ સાધન નિર્મળ અને વીતરાગી પર્યાય હોય છે. 'હું'.. એ રાગને હુંપણું માનનારા, પુણ્યને હુંપણું માનનારા એ તો મદિરા પીનારા છે. દારુ પીધો છે, કહે છે. આહાહા!

આ બનારસીદાસ પહેલા વ્યભિચારી હતા, આ (શાસ્ત્રના) કરનારા. જુવાન અવસ્થા. એકનો એક દીકરો એના બાપને. વ્યભિચારી. અને વ્યભિચારના પુસ્તકો બનાવેલા. હા, કવિ હતા, પહેલા વ્યભિચારી હતા, એમાં એને ધર્મનું ભાન થયું. ઓહોહો! સત્‌સમાગમ થયો. ભાન થયું અંદર. અરેરે, અમે તો રાગ ને વિકલ્પના પુણ્ય-પાપથી જુદા છીએ. રાગ ને પુણ્યમાં અમે નથી, તો પછી રાગ અને પુણ્યના ફળ જે આ બહારની ધૂળ સુખ-સગવડતા એમાં તો આત્મા છે જ નહીં. આહાહા! એવું ભાન થતાં વ્યભિચારના પુસ્તકો બનાવેલાં એ ગોમતીમાં નાખી દીધાં. ગોમતી ક્યાં આવી? (શ્રોતા : લખનૌમાં) લખનૌ. ન્યાં રહેતા હશે આગ્રામાં. આહાહા! ગોમતી નદી છે. આગ્રાને પાદરે છે કંઈક ? (શ્રોતા : લખનૌ). લખનૌ. ન્યાં રહેતા હશે, એમ. ત્યાંથી ગોમતી નીકળી હશે.

છેને આપણી પાસે પુસ્તક. બેઠા હતા ઓલી નાવડીમાં પુસ્તક લઈને. નાવડીમાંથી નાખ્યા હેઠે નદીમાં. વ્યભિચારના બનાવેલા પુસ્તક નાખી દીધા. ધર્મનો રંગ ચડ્યો. આત્મા રાગરહિત, પુણ્યરહિત, પાપરહિત, બહારની અનુકૂળતા-પ્રતિકૂળતા રહિત એટલે કે બહારના જ્ઞેયથી પણ રહિત. અંદરનું જ્ઞેય—પુણ્ય ને પાપ, આહાહા! એનાથી રહિત (ને) આનંદ ને જ્ઞાનથી સહિત, એમ જ્યાં ભાન થયું, પુસ્તકો નાખી દીધા. છોકરાઓ વ્યભિચારને રસ્તે ચડશે. પછી બનાવ્યું આ. ધર્મ સમજ્યા પછી આ બનાવ્યું છે. સમજાણું કાંઈ? કે વ્યસની હતા ખરાને. આ ભાવવ્યસનનું સ્વરૂપ વર્ણવ્યું છે એમ. જુવાન માણસ હતા અંદર. ખાવાના-પીવાના શું કહેવાય એને? હિન્દુસ્તાનની ભાષા કંઈ કહેવાય.

પરસ્ત્રીના વ્યભિચારી હતા. પણ જ્યાં સમજાય છે અને ભાન થાય છે ત્યારે પછી એ પરસ્ત્રીના વ્યભિચારપણું ત્યાં રહેતું નથી. આહાહા! કહે છે, मिथ्यात्वसे मूर्छित.. ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટાને ભૂલીને પરમાં મૂર્ચ્છા કરવી રાગ આદિમાં, એ ભાવ-મદિરા છે. એ દારૂ પીનારો છે. એને ધર્મ હોઈ શકે નહીં. આહાહા!

कुमतिकी रीति गनिकाकौ रस चखिवौ.. કહો, સમજાણું ? कुबुद्धिके मार्ग पर चलना. કુયુક્તિ અને કુતર્ક. એના કુમતિને રસ્તે ચાલવું એ પરનારીનું સેવન છે. એ વેશ્યાનું સેવન છે. कुबुद्धिके मार्ग पर चलना यह भाववेश्यासेवन है. આહાહા! આ ભવ છે નહીં, પરભવ દીઠો કોણે? આત્મા વળી ત્રણે કાળ આવો છે એવી કુબદ્ધિ-કુતર્ક, એ કુબુદ્ધિવાળો વેશ્યાનો સેવનાર છે. કુબુદ્ધિ પોતે વેશ્યા જેવી છે. આહાહા! એમ કહે છે. સમજાણું કાંઈ? આ સંસારના ડહાપણ, ભણ્યા-ગણ્યાના મોટા ડહાપણ હોય, એ બધી કુબુદ્ધિ છે. એ કુબુદ્ધિમાં એકાગ્રતા એ વેશ્યાનું સેવન છે. ભારે વાત. સમજાણું કાંઈ? गनिकाकौ रस चखिवौ.. વેશ્યાનો.

निरदै ह्वै प्रानघात करवौ यहै सिकार.. અરેરે! ભગવાન આત્માને ભૂલી, નિર્દય પરિણામથી પ્રાણને હણવા એનું નામ શિકાર છે. એ શિકાર કરે છે, કહે છે. આહાહા! कठोर परिणाम रखकर प्राणोंका घात करना यह भावशिकार है. ભાવશિકારીને ધર્મ હોઈ શકે નહીં. આહાહા! ભારે ! આવું સ્પષ્ટ વિના એને સમજાય નહીં. એથી સ્પષ્ટ કરે છે. 'સમયસાર નાટક' લીધું હતું એમાંથી... આહાહા! परनारी संग परबुद्धिकौ परखिवौ.. देहादि परवस्तुमें आत्मबुद्धि रखना. દેહમાં, રાગમાં, શરીરમાં, વાણીમાં, મનમાં, પૈસામાં આત્મબુદ્ધિ રખના એ પરસ્ત્રીનો સંગ છે. એ પરસ્ત્રીનો સેવનારો છે. પરપદાર્થને મારા માનવા એ પરસ્ત્રીનો સેવનાર. આહાહા! સમજાણું કાંઈ? परनारी संग परबुद्धिकौ परखिवौ.

प्यारसौं पराई सौंज.. આહા! એ અનુરાગપૂર્વક પરપદાર્થનું ગ્રહણ કરવું. શરીર, વાણી, મન, લક્ષ્મી એની એકતાબુદ્ધિએ ગ્રહણ કરવા એ ચોરી છે. એ કો'કની ચીજ છે એને ગ્રહણ—લેવી એનું નામ ચોર છે. આહા! સમજાણું કાંઈ? પ્રેમની એકતાબુદ્ધિથી પરપદાર્થને ગ્રહણ કરવા, પકડવા, લેવા એ તો ચોર છે, કહે છે. ચોર છે મોટો. આહાહા! સમજાણું કાંઈ? સર્વવિશુદ્ધિમાં આવે છે. अनुरागपूर्वक परपदार्थोंके ग्रहण करनेकी अभिलाषा. પ્રેમથી—રસથી પરવસ્તુને પકડવી અને લેવી એનું નામ ભાવચોરી છે. સમકિતીને એ હોઈ શકે નહીં અને એ હોય ત્યાં સમકિત હોય નહીં. સમજાણું કાંઈ? ભાવચોરી આવી ગયું, લો.

चाह चोरी.. एई सातौं विसन बिडारैं ब्रह्म लखिवौ. આ સાત પ્રકારના વ્યસન. વ્યસનનો અર્થ દુઃખ થાય છે. એ સાત પ્રકારના ભાવ એ દુઃખરૂપ. એના પ્રેમવાળાને, આત્મા બ્રહ્માનંદસ્વરૂપ છે એને જાણવામાં એ વિઘ્ન કરનારા છે. बिडारैं ब्रह्म लखिखौ, છે ને ? આહા! ये ही सातों भावव्यसन आत्मज्ञानको विदारण करते हैं. પરની એકતાબુદ્ધિના આ બધા પ્રકાર વર્ણવ્યા છે. સમજાણું કાંઈ? ये ही सातों भावव्यसन आत्मज्ञानको विदारण करते हैं अर्थात् आत्मज्ञान नहीं होने देते. આ સાત ભાવવ્યસન આત્માનો ધર્મ સમકિતધર્મ થવા દેતા નથી. બહુ સરસ વાત આવી. કહો, સમજાણું કાંઈ? આહા!

મૂળ તો આત્મા સિવાય રાગથી માંડીને પરચીજ એમાં એકતાબુદ્ધિ, એ બધું (વ્યસન) છે. માંસ ખાવું, દારૂ પીવું, પરસ્ત્રીલંપટ, ચોરી, શિકાર બધું એ છે, એમ કહેવું છે. ગિરધરભાઈ! આહાહા! અરેરે! જુઓ ક્ષણમાં ચાલ્યા જવાના. ભાઈનો છોકરો મરી ગયોને. ગિરધરભાઈનો ભાઈનો. ૧૪ વરસનો છોકરો. અહીં આવ્યા હતા. કાંતિભાઈનો. કાંતિભાઈ પહેલા ગુજરી ગયા. લ્યો, આ કાર્યવાહક હતા મોટા. ભત્રીજો મરી ગયો તો કાંઈ કરી શક્યા નહિ. આ રીતે તો થાય પણ કાંઈ રાખી શક્યા નહીં. આબરૂવાળો માણસ છે એ ગિરધરભાઈ, લ્યો.

૧૪ વરસનો બિચારો, નહીં? આઠ દિ' રહ્યો હશે. કહો, રગ તૂટી ગઈ. રગ તૂટી ગઈને? (શ્રોતા : હા. હેમરેજ થઈ ગયું). હેમરેજ થઈ ગયું. ૧૪ વરસનો. આઠ દિ' અસાધ્ય. અરેરે ! અસાધ્ય તો અનાદિનો છે એ. રાગ અને વિકારને પોતાના માનનારો એને આત્માનું સાધ્યપણું નથી. એ સાધ્યવાળા નથી તો અસાધ્ય છે. આહાહા! આ શરીરને બહારથી અસાધ્ય થાય છે. ચંદુભાઈ! આહાહા! અરે નિજાનંદ પ્રભુ! સહજાનંદની મૂર્તિ આત્માની જેને દૃષ્ટિ અને સ્વીકાર નથી એ બધા અસાધ્ય છે. સાધ્ય એવો જે આત્મા એને માટે અસાધ્ય છે. આહાહા! સમજાણું કાંઈ?

એ સાત ભાવવ્યસનો बिडारैं ब्रह्म लखिवौ.. બ્રહ્માનંદ આત્માને જાણવામાં એ વિઘ્ન કરનાર છે, હણનાર છે. આહા! સાત ભાવવ્યસનો આત્મજ્ઞાન અને આત્મધર્મ થવા દેતા નથી. આમ વાત છે. સમજાણું કાંઈ? કરોડોપતિ, અબજોપતિ આમ હોય પૈસાવાળા, મગ્ન-લીન હોય. દુનિયા એમ કહે કે ઓહોહો ! સુખી છે. પણ એ ભાવવ્યસનના સેવનારા છે. વ્યસનનો અર્થ જ દુઃખ થાય છે. વ્યસનની વ્યાખ્યા દુઃખ. વ્યસન એટલે દુઃખ એવો અર્થ છે. દુઃખના વ્યસને ચડી ગયેલો છે. આહાહા!

આનંદની જે દશા ભગવાન આત્મા નિજાનંદ ભગવાન એને રસ્તે નથી, એ

પરરસ્તે ચડી ગયો, એ દુઃખને પંથે છે. આહા! આ તો સાદું છે. આ તો દવા છે બધી. સમજાય એવું છે. આહા! મુદ્દાની વાત છે. અહીં તો કહે છે કે હીરાભાઈમાં એકત્વબુદ્ધિ થાય મગ્નતા, એ માંસ ખાવું, એમ લેવાનું. મદિરા પીધી એમ કહે છે. (શ્રોતા : એ એકને સાતે લાગુ પડે છે). છોકરો સારો પાક્યો ને આવો થયો તો આપણને લાભ છે કે નહીં? અરેરે! કોના છોકરા? કોના બાપ? આહાહા!

'કોના છોરું ને કોના વાછરું, કોના માઈ ને બાપ, અંત કાળે જાવું એકલું, સાથે પુણ્ય ને પાપ.' કોના હતા ધૂળના ? મફતનો માળો. ચોર છે (એમ) ન કીધું? પરચીજ જે છે એને કારણે આવી અને એને કારણે ટકી, એમાં ટકી છે. એને ઠેકાણે મારા છે અને મારે લઈને ટક્યા છે (એમ માને છો), ચોર છો. ચોરી કહેવાય. સમજાણું કાંઈ? હવે શું કરવું પણ આમાં ? ભારે આ તો આકરું આવ્યું કામ. એને પહેલી સમજવી તો પડશે કે નહીં ? કે આ ધૂળ ચીજ છે. ધીરુભાઈ! આહાહા! અરે! રાગ આદિ પુણ્યનો ભાવ એ મારા એમ માનનાર પણ ચોર છે. કો'કની ચીજને પોતામાં ખતવે છે એ ચોર છે. કો'કની લક્ષ્મી, ઘરની લક્ષ્મીમાં ખતવે (એ) ગુનેગાર છે. એમ જગતના પુણ્યના પરિણામ, પાપના પરિણામ એ બધું જગત પર છે. આહાહા! પોતામાં થતા પુણ્ય-પાપ હોં. એ પુણ્ય-પાપ અને એના ફળ તરીકે પરવસ્તુ જગતની, જગતમાં જગતની ચીજ છે. ભગવાન આત્મા એ જગતને મારું માને છે એ જ માંસ ખાવું, એ જ જુગટું, એ જ ચોરી અને એ જ વેશ્યાગમન, એ જ પરનારી(સેવન). આહાહા! ભારે વાત કરી. આહાહા!

પોતાનો ભગવાન પૂર્ણ આનંદ અને જ્ઞાનથી ભરેલો, પૂર્ણ પવિત્રતા અને શુદ્ધ સ્વચ્છતાનું ધામ એને પોતાનો ન માનતા, જે એમાં નથી... આહા! સમજાણું કાંઈ? એક પ્રશ્ન આવ્યો છે હમણાં. શું કહેવાય? એમ કે ભાઈ, અત્યાર સુધી તો એમ જ અમે સમજતા કે શરીર આદિ પર્યાય મારી એમ માને તો (મિથ્યાદૃષ્ટિ). વળી આ ક્યાંથી આવ્યું કે એક સમયની પર્યાયને આમ માને તો મિથ્યાદૃષ્ટિ. આમ પ્રશ્ન છે. આહા! ત્યાં ખુલાસો તો સારો આપ્યો છે ભાઈ હિતેષીએ. એક સમયની પર્યાય એક સમય ટકે છે અને આખું ટકતું તત્ત્વ એને માનવું કે જે પર્યાય એક સમયની તે દ્રવ્યથી એક થતી જ નથી. હવે બધું ચાલે છેને આ તો. રાગનો ભાવ એ તો આત્માનો થતો જ નથી, એ તો વિભાવ છે. એને પોતાનો માનવો એ સાત વ્યસનમાંથી દરેક વ્યસન એને લાગુ પડે છે. આહાહા! પંડિતજી !

ત્યાં આમાં એમ કે ભઈ, અમે પર્યાયબુદ્ધિમાં તો આમ સમજતા અત્યાર સુધી કે શરીરથી અમે સુખી છીએ, દુઃખી છીએ, મૂરખ છીએ, પંડિત છીએ, ફલાણું છીએ. એવું

આવે છે ને? તો એને પર્યાયબુદ્ધિ કહેવી. આ વળી ક્યાંથી કીધું? (શ્રોતા : એક સમયની પર્યાયને વળી ક્યાં...?) એ વળી ક્યાંથી કાઢ્યું તમે ? એય ચંદુભાઈ! પ્રશ્ન ઉઠ્યો પ્રશ્ન. ત્યારે કહે, ભાઈ, એક સમયની પર્યાય—અવસ્થા જે છેને એ એના અંશમાં છે. એ અંશી ત્રિકાળમાં નથી. છતાં એને ત્રિકાળમાં છે એમ માનવું એ પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! પર્યાયમાં એકત્વ, ત્યાં એકત્વપણું, પર્યાયમાં એકત્વપણું છે. દ્રવ્યમાં એકત્વપણું છૂટી ગયું ત્યાં એને. આહાહા! સમજાણું કાંઈ?

નિત્યાનંદ પ્રભુ, જેનો સ્વભાવ નિત્ય શુદ્ધ એવી જે ચીજ આત્મા, એમાં રાગ અને દ્વેષના વિકલ્પો જુદા છે એનાથી. શરીર, બાયડી, છોકરા, કુટુંબ, પરિવાર તો ક્યાંય જુદા રહી ગયા. આહાહા! એ જુદાને પોતાના માનવા એ જ મિથ્યાત્વ ને ચોરી છે. આમાં તો જરી આમ વાત લઈ ગયા. પણ જવાબ ઠીક આપ્યો છે. કે ભાઈ! એક સમયની જે દશા છે એ દશા દ્રવ્યરૂપ કોઈ દિ' થતી નથી. છતાં એને પોતાના દ્રવ્યમાં માનવી એટલે કે પર્યાયમાં એકત્વબુદ્ધિ થવી એ જ મિથ્યાત્વભાવ છે. કાયમ તત્ત્વ રહેનારું આમ ચિદ્ઘન. આહાહા! અરે! વાત કાને પડે નહિ બિચારાને. બધા બહારના ડાહ્યા અને સમજુ સંસારના. (શ્રોતા : એકડાની ખબર નથી). એકડાની ખબર નથી. સાચી વાત છે. ધર્મ કેમ પમાય અને ધર્મ પામનારની કેવી દૃષ્ટિ હોય અને અધર્મની દૃષ્ટિનું શું સ્વરૂપ? આહાહા! કરો સામાયિક ને કરો પોષા ને કરો પડિક્કમણા, કરો અપવાસ, તમારે ધર્મ થાય. મૂઢ છો, કહે છે. સાંભળને હવે !

આહાર મેં છોડ્યો એમ માનનાર આહાર અને આત્મા એકપણે (માને છે તે) ચોરી કરનારો છે. આહાહા! ગજબ વાત ! અમરચંદભાઈ! આહાહા! મેં આહાર છોડ્યો છે, આજ મારે અપવાસ છે. કે દિ' આહારના રજકણો તારામાં હતા કે તેં છોડ્યા? એટલે આહારના રજકણોનું હું ધણી છું કે જેથી હું છોડી શકું છું. આહાહા! એ માન્યતા મિથ્યાદૃષ્ટિનું શલ્ય છે મોટું. એની ખબર ન મળે અને અપવાસ કર્યો છે, નિર્જરા થઈ ગઈ હવે. નિર્જરા થઈ તારા કાળની. ગયો કાળ. એક સમયનો કાળ ગયો હવે. ભારે કામ ભાઈ! અરે! ધર્મ તે કોને કહીએ? ભાઈ! ધર્મના મોઢા મોટા છે અને ધર્મના ફળ પણ મોટા છે. આહાહા!

જેના ફળ 'અનંત અનંત સમાધિ સુખમાં અનંત અનંત દર્શન જ્ઞાન સહિત' એવી દશા અને એવી દશાની પ્રાપ્તિ, એના કારણ તો મોટા જ હોયને! સમજાણું કાંઈ? એને આવા (બાહ્ય) કારણોથી ધર્મ થાય, તો એનો અર્થ કે એવા કારણથી મને મુક્તિ થાય. (શ્રોતા : કેમ બને?) આંહીં તો સાતેમાં નાખવી. બીજાને હણું છું એવા નિર્દય પરિણામ,

એ મારા પરિણામ છે એવી એકત્વબુદ્ધિ, એ શિકારી જીવ છે. પોતાના સ્વભાવનો શિકાર કર્યો એણે. 'બનારસીદાસ' જેવાએ ગૃહસ્થાશ્રમમાં રહીને આમ વાત કરી છે. એમાં શું છે ? દ્રવ્યદૃષ્ટિ હોય, પાંચમે હો, છઠ્ઠે હો, કેવળી હોય, તત્ત્વની વાત તો એકસરખી જ હોય. ફેર કાંઈ નથી. એ તો સ્થિરતાના અંશમાં ફેર હોય છે. બે ગુણ જુદા છે તેથી (ફેર હોય.) સમજાણું કાંઈ ?

सातौं विसन बिडारैं ब्रह्म लखिवौ.. આત્મજ્ઞાન થવાને નાશ કરનારા છે સાત. સમજાણું કાંઈ ? એ પુણ્ય પરિણામ એમાં એકત્વબુદ્ધિ કરવી, એનાથી પોતાને લાભ થાય એમ માનનારે બેને એકત્વ કર્યાં. પોતાનો નિર્મળ શુદ્ધસ્વભાવ ધ્રુવ અને પુણ્યપરિણામ વિભાવ ભિન્ન. એનાથી મને લાભ થશે, એ તો દારૂ પીધેલા છે, કહે છે. મિથ્યાત્વનો ગહલ—ગાંડો પાગલ છે. ભારે ! તો આ દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત પર? એનાથી મને લાભ થશે. ભારે કામ આકરું પણ હોં. (શ્રોતા : દેવ-શાસ્ત્ર-ગુરુ ન હોય તો સમજે શેનાથી ?) પોતે આવો આત્મા એવો ન હોય તો સમજણ ન થાય. (શ્રોતા : પોતે ન હોય તો ન થાય..., બીજાને કરનારો કોણ ?) એ પોતે એવો આનંદ ને જ્ઞાનસ્વભાવ ન હોય તો જ્ઞાન થાય નહીં એને. બસ એ. હીરાભાઈ! હવે હીરાભાઈ એમ ન માને એવું... આહાહા !

ભાઈ! તું કોણ છો ? ક્યાં છો ? એ પરમાં તું છો કે પરને લઈને તારાપણું તને પ્રગટે ? આહાહા ! આંહીં તો એક સમયની પર્યાયમાં દ્રવ્ય નથી. તો એ પર્યાયને આશ્રયે દ્રવ્ય પ્રગટે? (શ્રોતા : એમ ન બને.) આહાહા ! આકરી વાત બાપુ ! સમ્યગ્દર્શન અને એનો વિષય અલૌકિક વાત છે. એ કંઈ વાત કરવા જેવી ચીજ નથી. અંદર ચીજમાં પરિણમવા જેવી ચીજ છે. સમજાણું કાંઈ ? તે દિ' પુછ્યું હતું ને દિલ્હીમાં, નહીં ? વિદ્યાનંદજીએ એ પ્રશ્ન ઉઠાવ્યો. 'जीवादी सद्दहणं सम्मत्तं.' જાણે એક આ જીવાદિ શ્રદ્ધવું એ સમકિત, એમ. ૧૫૫ (ગાથા) પુણ્ય-પાપ (અધિકાર)ની. 'जीवादी सद्दहणं समकित.' આ શું કહે છે ? એમ કહે. બધાને બહાર કાઢીને પૂછ્યું ખાનગીમાં.

એ કહે છે કે जीवादी सद्दहणंનો અર્થ, એ જ્ઞાનસ્વરૂપ ભગવાન, જ્ઞાનનું પરિણમન થવું અને રાગનું પરિણમન છૂટી જવું એનું નામ સમકિત છે. છેને અંદર પાછું. પુણ્ય-પાપ. ૧૫૫. દિલ્હીમાં. માણસને આ વાત... અત્યારે તો હિન્દુસ્તાનમાં હા.. હો.. ચાલી છે. આહાહા ! આવો મુનિ ને આવા... એક વાત કરી ત્યાં લાખ રૂપિયા થયા. ભગવાનના ૨૫૦૦મા વર્ષ વખતે એક પુસ્તક લાખ રૂપિયાનું બનાવવું છે. એક પુસ્તક બનાવવું છે એમ મોટું સારું. એમ કીધું ત્યાં પંદર મિનિટમાં લાખ રૂપિયા. લો, કેટલું કામ થયું. પણ એને લઈને આત્માનું શું થયું ? આહાહા !

લાખ તો જડ છે અને વિકલ્પ આવ્યો દેવાનો એ જડ-અચેતન પુણ્ય છે. એમાં ભગવાનના નામના વખાણ ક્યાં આવ્યા ત્યાં? ભારે આકરું કામ! એય ! જેમાં તારો સ્વભાવ છે અને જેમાં તું છો, તેનાથી તારું કલ્યાણ થાય. સમજાણું કાંઈ? ભગવાન મહાવીર અને એમની વાણીથી પણ કલ્યાણ ન થાય. એમાં એ તું નથી અને એ તારામાં નથી. આહાહા! દેવીલાલજી ! ભારે પણ આકરું ! સાધારણ સજ્જન માણસોને એવું લાગે કે આ તે સોનગઢિયાની વાત... પણ સોનગઢની છે કે આ શાસ્ત્રની છે? આહાહા!

ત્રણ લોકના નાથ... 'केवली पण्णंत्तो धम्मो' આ છે. આમ બોલ્યા કરે, 'केवली पण्णंत्तं धम्मं सरणं.' એય નાગરભાઈ! મંગલિકમાં આવે છે કે નહીં મંગલિકમાં? હાંક્યા રાખે ગાડાં. અર્થની ખબર ન મળે. ભાવની ખબર ન મળે. આહાહા! આંહીં તો કહે છે, જે કોઈ, શુભભાવથી પણ હું જીતાણો છું, મારી જીત છે હમણાં અને બહારના સગવડતામાં વધ્યો માટે મારી હુંફમાં વધી ગયો છું, એમ માનનારા જુગટા રમનારા પાપના પાપી છે. કહો, સમજાણું આમાં ? એ સાતો ભાવવ્યસન અને દ્રવ્યવ્યસન બધુંય बिडारैं ब्रह्म लखिवौ.. ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ બ્રહ્મ નામ આનંદમૂર્તિને જાણવામાં એને એ વિઘ્ન કરનારા છે. એ હોય ત્યાં આત્માનું જ્ઞાન થશે નહીં અને આત્માનું જ્ઞાન થાય એને એ ભાવ હોતા નથી.

( પ્રમાણ વચન ગુરુદેવ. )

## પ્રવચન નં. ૧૬૯, આસો સુદ ૪, ગુરુવાર તા. ૨૩-૯-૧૯૭૧
## સાધ્ય-સાધક દ્વાર પદ ૩૦ થી ૩૫ ઉપર પ્રવચન

સાધ્ય-સાધક દ્વાર. ૩૦. ૩૦.. ૩૦.

સાધક જીવનો પુરુષાર્થ (દોહરા)

विसन भाव जामैं नहीं, पौरुष अगम अपार।
किये प्रगट घट सिंधुमैं, चौदह रतन उदार॥३०॥

**શબ્દાર્થ** :—સિંધુ=સમુદ્ર. ઉદાર=મહાન.

**અર્થ** :—જેમના ચિત્તમાં ભાવ-વ્યસનોનો લેશ પણ રહેતો નથી તે અતુલ્ય અને અપરંપાર પુરુષાર્થના ધારક હૃદયરૂપ સમુદ્રમાં ચૌદ મહારત્ન પ્રગટ કરે છે. ૩૦.

**अर्थ** :—जिसके चित्तमें भाव-व्यसनोंका लेश भी नहीं रहता है वह अतुल्य और अपरम्पार पुरुषार्थका धारक हृदयरूप समुद्रमें चौदह महारत्न प्रगट करता है॥३०॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ઉદાર મહારતન. કાંઈ એના વખાણ નથી ૧૪ રત્નના. .... ઉદાર નથી. ઉદારનો અર્થ મહારત્ન ત્યાં છે, જાણવાલાયક. કહે છે કે ધર્મી જે હોય સાધક... આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ એનું જેને સાધકપણું પ્રગટ્યું છે એને જ્ઞાનના મંથનમાં ૧૪ રત્ન જાણવામાં આવે છે. એમાં કેટલાક હેય છે અને કેટલાક ઉપાદેય સાધન છે. पौरुष अगम अपार.. આહા! દેખો, આત્માના પૂર્ણ આનંદસ્વરૂપમાં સમ્યગ્દર્શન પ્રગટ કરવું એ અગમ અપાર પુરુષ છે, પુરુષાર્થ. સમજાય છે કાંઈ? એક તો અગમ્ય અને અપાર. આહા! जिसके चित्तमें भाव-व्यसनोंका लेश भी नहीं रहता है. સાત વ્યસનો કહ્યાને? ધર્મી જીવને પુણ્યના રાગથી માંડીને બધું આખું સંસાર સ્વરૂપ એની જેને એકતાબુદ્ધિ ન હોય, એને સાધક કહીએ. સમજાણું કાંઈ? સાત ભાવવ્યસન ન હોય. और वह अतुल्य और अपरम्पार पुरुषार्थका धारक. આ પુરુષાર્થ છે. સંસારના રળવા ને ખાવા ને પીવાનો જે વિકલ્પ એ તો ઊંધો—ઉલ્ટો પુરુષાર્થ છે. આત્મા તરફના ભાવ ને ઝુકાવથી સમ્યગ્દર્શન આદિ પ્રગટ કરવું એ અગમ અપાર પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? और अपरम्पार पुरुषार्थका धारक हृदयरूप समुद्रमें चौदह महारत्न प्रगट करता है. જ્ઞાનના મંથનમાં, રાગ અને વિકલ્પથી ભિન્ન એવી જ્ઞાનની મંથનક્રિયામાં આવા ૧૪ ભાવ જેને પ્રગટ થાય

છે, એ વાત કરે છે જુઓ. ચૌદ ભાવરત્ન.

ચૌદ ભાવરત્ન (સવૈયા એકત્રીસા)

लक्ष्मी सुबुद्धि अनुभूति कउस्तुभ मनि,
वैराग कलपवृच्छ संख सुवचन है।
ऐरावत उद्दिम प्रतीति रंभा उदै विष,
कामधेनु निर्जरा सुधा प्रमोद धन है।।
ध्यान चाप प्रेमरीति मदिरा विवेक वैद्य,
सुद्धभाव चन्द्रमा तुरंगरूप मन है।
चौदह रतन ये प्रगट होंहि जहां तहां,
ग्यानके उदोत घट सिंधुकौ मथन है।।३१।।

**શબ્દાર્થ** :—સુધા=અમૃત. પ્રમોદ=આનંજ. ચાપ=ધનુષ્ય. તુરંગ=ઘોડો.

**અર્થ** :—જ્યાં જ્ઞાનના પ્રકાશમાં ચિત્તરૂપ સમુદ્રનું મંથન કરવામાં આવે છે ત્યાં સુબુદ્ધિરૂપ લક્ષ્મી, અનુભૂતિરૂપ કૌસ્તુભમણિ, વૈરાગ્યરૂપ કલ્પવૃક્ષ, સત્ય વચનરૂપ શંખ, ઐરાવત હાથીરૂપ ઉદ્યમ, શ્રદ્ધારૂપ રંભા, ઉદયરૂપ વિષ, નિર્જરારૂપ કામધેનુ, આનંદરૂપ અમૃત, ધ્યાનરૂપ ધનુષ્ય, પ્રેમરૂપ મદિરા, વિવેકરૂપ વૈદ્ય, શુદ્ધભાવરૂપ ચંદ્રમા અને મનરૂપ ઘોડો—આવી રીતે ચૌદ રત્ન પ્રગટ થાય છે. ૩૧.

**अर्थ** :—जहाँ ज्ञानके प्रकाशमें चित्तरूप समुद्रका मंथन किया जाता है वहाँ सुबुद्धिरूप लक्ष्मी, अनुभूतिरूप कौस्तुभमणि, वैराग्यरूप कल्पवृक्ष, सत्यवचनरूप शंख, ऐरावत हाथीरूप उद्यम, श्रद्धारूप रम्भा, उदयरूप विष, निर्जरारूप कामधेनु, आनन्दरूप अमृत, ध्यानरूप धनुष्य, प्रेमरूप मदिरा, विवेकरूप वैद्य, शुद्धभावरूप चन्द्रमा और मनरूप घोड़ा ऐसे चौदह रत्न प्रगट होते हैं।।३१।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ચક્રવર્તીને ૧૪ રત્ન હોય છે. સમજાણું કાંઈ? છ ખંડનો સાધક ચાહે તો સમકિતી હોય ચક્રવર્તી કે મિથ્યાદૃષ્ટિ, પણ એને ૧૪ રત્ન હોય છે. એક એક રત્નના એક હજાર દેવ સેવા કરનારા (એવા) ચૌદ હજાર દેવ અને બે હજાર શરીરના રક્ષક—સોળ હજાર દેવ હોય. એમ આત્મા ચક્રવર્તી પોતાના સ્વરૂપને જેણે સાધ્યું છે... ઓલો છ ખંડ સાધે છે, આ અખંડ સાધે છે. સમજાણું કાંઈ? આઠ વર્ષની બાલિકા હો કે મંડૂક—દેડકો હો કે સાતમી નરકનો નારકી હો. પણ જે સમ્યગ્દ્રષ્ટિ અપરંપાર જેનો પુરુષાર્થ સ્વરૂપના સાવધાની માટે છે, આહાહા! સમજાણું કાંઈ? એને આ ચૌદ રત્ન—કેટલાક છોડવાલાયક અને કેટલાક આદરવાલાયક એ બધાનું ભાન એને થાય છે, એમ કહે છે. છોડવાલાયક

પણ રત્ન કહેવાયને એઈ. સંસારના ખ્યાલમાં નહોતું આવ્યું (તે હવે) ખ્યાલમાં આવ્યું, એમ કહે છે.

सुद्धभाव चन्द्रमा तुरंगरूप मन है. चौदह रतन ये प्रगट होंहि जहां तहां, ग्यानके उदोत घट सिंधुकौ मथन है.. ચૌદ રત્ન પ્રગટ હોય છે, લ્યો. છે ને? सुबुद्धिरूप लक्ष्मी.. એને લક્ષ્મી પ્રગટે છે સુબુદ્ધિરૂપી. કુબુદ્ધિનો નાશ થઈને સુબુદ્ધિ પ્રગટે છે એમ કહે છે. સમજાણું ? अनुभूतिरूप कौस्तुभमणि.. આત્માનો અનુભવ. ધર્મી જીવને આત્માના આનંદનો અનુભવ-અનુભૂતિ કૌસ્તુભમણિ છે. બહુ ઊંચી ચીજ કહેવાય છે. સમજાણું કાંઈ ? શ્રીકૃષ્ણ વાસુદેવે જ્યારે દેહ છોડ્યો ત્યારે એની આંગળીમાં કૌસ્તુભમણિ હતી. વાસુદેવ હતાને ત્રણ ખંડના ધણી. સમકિતી હતા, જ્ઞાની હતા. ધર્માત્મા. દેહ છૂટવા ટાણે.. જંગલમાં દેહ છૂટ્યો. એનો ભાઈ હતો એણે માર્યું બાણ. બળદેવ પાણી લેવા ગયા હતા. .... ભાઈ ! શ્રીકૃષ્ણે પોકાર કર્યો. બાણ વાગ્યું.... ખૂબ જંગલમાં અંદર હતા. બળદેવ પાણી લેવા ગયા હતા.

કોણ છે નિરપરાધીને મારનાર ? એમ અવાજ કર્યો કૃષ્ણે. ત્યાં ભાઈ આવ્યો. અરરર! પ્રભુ ! તમે કોણ ? અહીંયા? ભાઈ! તું ચાલ્યો જા અહીંથી. નહીં તો હમણાં બળદેવ આવશે ને મારશે. તને નહીં ઓળખે કોઈ, માટે આ કૌસ્તુભમણિ લઈ જા કૌસ્તુભમણિ. એ અનુભૂતિ. આહાહા ! એ નાખ્યું છે, જુઓ. અનુભૂતિરૂપ કૌસ્તુભમણિ. પણ વેષ બધો ભીલનો હતો. રાજાના દીકરા હતા. એની મોટી બાના દીકરા હતા વાસુદેવ. ઓલાને ઓળખે કોણ એટલે... કૌસ્તુભ... વાસુદેવ પાસે હોય... પાંડવો પાસે ગયા જરત્કુમાર. કૌસ્તુભ એટલે અનુભૂતિ. આહા! (શ્રોતા : ...સમકિત ક્યારે થશે?) ..... સમકિત લઈને ગયા છે પણ થોડો કાળ ... અત્યારે સમકિતી છે. અત્યારે સમકિતી છે. ક્ષયોપશમ સમકિત. એ તો અલ્પ કાળમાં.... ત્યાંથી નીકળીને સમકિત લઈને નીકળશે. તીર્થંકરગોત્ર બાંધ્યું. અલ્પકાળમાં... ત્રીજી (નરકે) ગયા. ક્ષયોપશમ (સમકિત) લઈને ગયા. વચમાં જરા પડી ગયું થોડો વખત માટે એક અંતર્મુહુર્ત.

આંહીં કહે છે, અનુભૂતિ તે કૌસ્તુભમણિ છે. આહા! એ કૌસ્તુભમણિ ચક્રવર્તી અને વાસુદેવની પાસે હોય. એમ આ ધર્માત્મા પાસે આવી કૌસ્તુભમણિ હોય, એમ કહે છે. આહાહા ! આત્મા રાગ વિનાનો એવી આનંદની અનુભૂતિ. સ્વભાવની પૂર્ણતા તરફની એકાગ્રતા એના અનુભવમાં આનંદનો સ્વાદ અને જ્ઞાનની નિર્મળતા એ સાધકજીવને હોય છે. સમજાણું કાંઈ ? वैराग्यरूप कल्पवृक्ष, લ્યો. વૈરાગ્યરૂપી કલ્પવૃક્ષ. એ આદરણીય છે. કુબુદ્ધિ લક્ષ્મીને ત્યાજ્યયોગ્ય છે એમ કહે છે. સમજાણું ? સુબુદ્ધિ પ્રગટી છે પણ એ અસ્થિર છે, એમ કહે છે. આહાહા ! અનુભૂતિ તે આદરણીય છે. વૈરાગ્યરૂપી કલ્પવૃક્ષ

એ આદરણીય છે. વૈરાગ્ય.. પરવસ્તુથી ધર્મી તદ્દન ઉદાસ છે. પરમાં પોતાપણું ક્યાંય નથી. પણ રાગથી આદિ માંડીને મારામાં નાસ્તિ છે એવો વૈરાગ્ય હોય છે. આહા! જુઓ, આ ધર્મીનું લક્ષણ.

सत्यवचनरूप शंख.. એ હેય છે. સાચું બોલવું એ પણ એનો વિકલ્પ છે અને વચન વાણી બધું હેય છે. સમજાણુ કાંઈ? એમ રત્ન જાણે છે, એમ કહે છે આ વાત. આહા! બહુ વક્તા હોય તો એ આદરણીય છે એમ નથી, કહે છે. વાણી અને વાણીનો વિલાસ છોડવાયોગ્ય છે. ऐरावत हाथीरूप उद्यम, લ્યો. એ આદરણીય છે. ऐरावत हाथीरूप उद्यम. આહા! સૌધર્મ ઈન્દ્ર ભગવાનના જન્મકલ્યાણક આદિમાં આવે. ઐરાવત હાથી, લાખ (જોજનનો વિસ્તાર) હોય એને. લાખ ઓલાનો, લાખ જોજન. સૂંઢ હોય એના એકસો આઠ. અને એક-એક સૂંઢમાં અપ્સરાઓ નાચતી હોય. એવો ઐરાવત હાથીને લઈને ભગવાનના ઓલામાં આવે. એમ આ ઐરાવત હાથી. ઉદ્યમ.. ઉદ્યમ. કહે છે કે ધર્મીનો પુરુષાર્થ સ્વભાવ તરફ જાગી ઉઠ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? બીજામાં રાગ આદિમાં પુરુષાર્થ હલકો છે. જેણે આત્મા શુદ્ધ ચૈતન્યના જાગૃતભાવને જગાડ્યો ઉદ્યમે, એ ઉદ્યમને ઐરાવત હાથીની ઉપમા છે. આહાહા!

श्रद्धारूप रम्भा, લ્યો. એ આદરણીય છે. પૂર્ણ સ્વરૂપ આત્માનું એની જે શ્રદ્ધા— સમકિત એ આદરણીય છે. उदयरूप विष.. સમકિતી ધર્મી જીવને સાધકપણામાં જે કંઈ રાગ અને પુણ્ય-પાપનો ઉદય જણાય એને એ ઝેર તરીકે માને છે. આરે, ભારે ! સમજાણું કાંઈ? આત્મા અમૃતનો સાગર પરમાત્મા એની જેને અનુભૂતિ અને પ્રયાસથી સાધન કર્યું છે એને રાગનો ઉદય ઝેર દેખાય છે. એને કીધું રતન હોં. નહોતું જાણવામાં આવ્યું તે જાણવામાં આવ્યુંને. સમજાણું કાંઈ? ... રત્ન, સ્રીરત્ન. બધા રત્ન હોં. એમ આ ઉદય રત્ન, ઝેર છે એ. આહાહા! સમજાણું કાંઈ? निर्जरारूप कामधेनु. છતાં હેય. અશુદ્ધતાનો નાશ થાય કે શુદ્ધતાની પર્યાય ઉત્પન્ન થાય, એને કામધેનુ કહે છે. છતાં અસ્થિર છે માટે છોડવાલાયક છે, એમ. સમજાણું કાંઈ? કહો, નિર્જરા છોડવાલાયક છે. ઉદય તો ઝેર છે, પણ નિર્જરાય છોડવાલાયક, એમ કીધું. આહાહા! એકલો ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એ જ આદરણીય અને એની શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ આદરણીય છે. અભેદ .....

आनन्दरूप अमृत, લ્યો. સુધા. એ અમૃત આદરણીય છે. આનંદરૂપ અમૃત. આહા! ભગવાને રાગ અને આત્મા બે જુદા પાડ્યા. પોતે ભગવાન આત્મા હોં. ત્યારે અમૃત.. અમૃત પ્રગટ્યું. સાધકજીવને આનંદસ્વરૂપ આત્મા એ આનંદની દશા પ્રગટ થઈ, એ આદરણીય છે. (શ્રોતા : અકામનિર્જરા) અકામનિર્જરાની વાત નથી. ઓલી નિર્જરા એ ને એ બધું. પર્યાય છે ને અસ્થિરતા. એકલા અકામ એ નહીં. એ આંહીં આનંદ તો

અમૃત છે ને સુખરૂપ છે. ઉપાદેય છે. ध्यानरूप धनुष्य, લ્યો. એ ધ્યાનરૂપી ધનુષ. ધનુ.. ધનુ. છે ને? એ પણ હેય છે. એ તો આપણે ઉપાદાન-નિમિત્તમાં આવે છે ને. ૪૭ દોહરામાં આવે છે. ..... બધું આમાં અંદર ધ્યાન કરવું એ હેય. અરે, છોડને ધ્યાન ને ધ્યાતા ને શું આ વિકલ્પ ને ધ્યેય ને? આહાહા! (શ્રોતા : છોડ ધ્યાનકી ધારા.)

प्रेमरूप मदिरा. દારૂ પીધો છે. પરનો પ્રેમી છે. એવું એને ભાન થઈ ગયું, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા! विवेकरूप वैद्य, લ્યો. વિવેક.. વિવેક. શેમાં આવ્યું? ના, પણ નામ ક્યાં આવ્યું? संख विष धनु सुरा. વૈદ્ય.. વૈદ્ય. વૈદ્ય.. વૈદ્ય. વૈદ્ય આવ્યું. આ ત્યાજ્ય. છે ને? वैद्य धेनु हय हेय. પછીના (પદ)માં આવશે. એ ૩૩માં આવે છે, જુઓ. વૈદ્ય.. વૈદ્ય. વિવેકરૂપી વૈદ્ય એ છોડવાલાયક છે. ભેદજ્ઞાન છે ને. शुद्धभावरूप चन्द्रमा. દેખો, પુણ્ય પાપના વિકલ્પ ઝેર છે. ભગવાન અમૃતસ્વરૂપનું સાધન કરીને શુદ્ધભાવ પ્રગટ કર્યો એ ચંદ્રમા છે. આહાહા!

मनरूप घोड़ा.. એ છોડવાલાયક છે. ઓલામાં વળી એવો અર્થ કર્યો છે આનો. સપ્તમુખી ઘોડો. સપ્તમુખી ઘોડો. સાત મુખ. ...આવે છે. સાત ઘોડા હોય. ઉપર હોયને સાત ઘોડા. સૂર્યને, નહીં? સૂર્યને હોય છે ને. સાત બધા આમ સાત ઘોડા હોય. એમ આ સપ્તમુખી ઘોડો કહ્યો છે એને રૂપચંદજીએ. એ ચૌદ રત્ન પ્રગટ વસે. ચૌદનું ભાન એમ રત્નનો અર્થ કર્યો. ચૌદનું ભાન—એમાં ઉપાદેય અને છોડવાલાયક. આઠ છે છોડવાલાયક અને છ છે એ આદરવાલાયક છે. આ નવી વાત 'બનારસીદાસે' મૂકી છે. હવે નીચે છે, જુઓ. चौद रतनोमें कौन हेय और कौन उपादेय है.

ચૌદ રત્નોમાં ક્યું હેય અને ક્યું ઉપાદેય છે (દોહરા)

किये अवस्थामैं प्रगट, चौदह रतन रसाल।
कछु त्यागै कछु संग्रहै, विधिनिषेधकी चाल।।३२।।

रमा संख विष धनु सुरा, वैद्य धेनु हय हेय।
मनि रंभा गज कलपतरु, सुधा सोम आदेय।।३३।।

इह विधि जो परभाव विष, वमै रमै निजरूप।
सो साधक सिवपंथकौ, चिद वेदक चिद्रूप।।३४।।

**શબ્દાર્થ :—**સંગ્રહૈ=ગ્રહણ કરે. વિધિ=ગ્રહણ કરવું. નિષેધ=છોડવું. રમા=લક્ષ્મી. ધનુ=ધનુષ્ય. સુરા=શરાબ. ધેનુ=ગાય. હય=ઘોડો. રંભા=અપ્સરા. સોમ=ચંદ્રમા. આદેય=ગ્રહણ કરવા યોગ્ય. વમૈ=છોડે.

**અર્થ :**—સાધકદશામાં જે ચૌદ રત્નો પ્રગટ કર્યા તેમાંથી જ્ઞાની જીવ વિધિ-નિષેધની રીત પર કેટલાકનો ત્યાગ કરે છે અને કેટલાકનું ગ્રહણ કરે છે. ૩૨. અર્થાત્ સુબુદ્ધિરૂપ લક્ષ્મી, સત્યવચનરૂપ શંખ, ઉદયરૂપ વિષ, ધ્યાનરૂપ ધનુષ્ય, પ્રેમરૂપ મદિરા, વિવેકરૂપ ધન્વન્તરિ, નિર્જરારૂપ કામધેનુ અને મનરૂપ ઘોડો—આ આઠ અસ્થિર છે તેથી ત્યાગવા યોગ્ય છે, તથા અનુભૂતિરૂપ મણિ, પ્રતીતિરૂપ રંભા, ઉદ્યમરૂપ હાથી, વૈરાગ્યરૂપ કલ્પવૃક્ષ, આનંદરૂપ અમૃત, શુદ્ધભાવરૂપ ચંદ્રમા—આ છ રત્ન ઉપાદેય છે. ૩૩. આ રીતે જે પરભાવરૂપ વિષ-વિકારનો ત્યાગ કરીને નિજ-સ્વરૂપમાં મગ્ન થાય છે તે નિજ-સ્વરૂપનો ભોક્તા ચૈતન્ય આત્મા મોક્ષમાર્ગનો સાધક છે. ૩૪.

**अर्थ :**—साधकदशामें जो चौदह रत्न प्रगट किये उन्हें ज्ञानी जीव विधि-निषेधकी रीतिपर कुछ त्याग करता है और कुछ ग्रहण करता है।।३२।। अर्थात् सुबुद्धिरूप लक्ष्मी, सत्यवचनरूप शंख, उदयरूप विष, ध्यानरूप धनुष्य, प्रेमरूप मदिरा, विवेकरूप धन्वन्तरि, निर्जरारूप कामधेनु और मनरूप घोड़ा ये आठ अस्थिर हैं इसलिये त्यागने योग्य हैं तथा अनुभूतिरूप मणि, प्रतीतिरूप रम्भा, उद्यमरूप हाथी, वैराग्यरूप कल्पवृक्ष, आनन्दरूप अमृत, शुद्धभावरूप चन्द्रमा, ये छह रत्न उपादेय हैं।।३३।। इस प्रकार जो परभावरूप विष-विकार त्याग करके निज स्वरूपमें मग्न होता है वह निज स्वरूपका भोक्ता चैतन्य आत्मा मोक्षमार्गका साधक है।।३४।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

किये अवस्थामैं प्रगट. સાધક અવસ્થા એને કહીએ. આહા! જુઓ તો ખરા. ભગવાન આત્મા પૂર્ણ આનંદની સંપદા આદિ શક્તિઓનો જેણે સ્વીકાર કરીને અંદર સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, એ સાધકદશામાં ચૌદ રત્ન પ્રગટ કર્યા. उन्हें ज्ञानी जीव विधि-निषेधकी रीतिपर कुछ त्याग करता है और कुछ ग्रहण करता है. प्रगट चौदह रतन रसाल.. રસાલનો અર્થ 'છે', એમ. રસવાળા છે એવું કાંઈક છે. નહીંતર આંહીં તો ઝેરને .... છે એવું કાંઈક. સમજાણું ? कछु त्यागै कछु संग्रहै.. ચૌદમાંથી આઠને ત્યાગે અને છને આદરે. विधिनिषेधकी चाल. અસ્તિની વિધિ અને નાસ્તિનો નિષેધ. પરનો નાસ્તિ એવા વિધિનિષેધમાં ચૌદ રત્નો.

रमा, આવ્યું હતુંને. ... શ્રદ્ધારૂપી રમા. રંભા.. રંભા.. (શ્રોતા : ...) એ નહીં પહેલું આ તો. રમા આવ્યુંને રમા. રમા-લક્ષ્મી, એમ નહીં? આહાહા! રમા.. રમા.. સુબુદ્ધિરૂપી લક્ષ્મી, એમ ને? એ છોડવાલાયક છે. શંખ. એ સત્યવચનરૂપી શંખ. એ જૈનદર્શનમાં એને મૌનપણાની સરાહના છે. બોલવાની સરાહના અને અનુમોદના નથી. આહાહા! (શ્રોતા : ...) ...છોડવા. એ તો વીતરાગ છે, એને ક્યાં બોલવાનો વિકલ્પ છે ? આ તો નિશ્ચયનયની વાત છે. એને તો વિકલ્પ છે ક્યાં? વિકલ્પ છે એટલે બોલવું છે,

એનો ત્યાગ છે, એમ વાત છે. ક્યાં સુધી બોલે જો વાણીમાં હોય ધ્વનિ નીકળે. ... આંહીં તો વિકલ્પ છે એ બોલવું છે, એ છોડવાલાયક છે. આહાહા! અંદર લખ્યું છે, જુઓ નીચે. सत्यवचन भी हेय है, जैनमतमें तो मौनहीकी सराहना है. તો પછી કોઈ બોલશે નહીં, આ વાંચશે નહીં. બોલે છે કોણ? આ તો બોલે એ બીજો. જડની વાત–ભાષા છે બોલવામાં, એ કંઈ આત્મા બોલતો નથી. આહા! ભારે માર્ગ ! રંભા અને શંખ કીધો.

ઝેર. ઉદય ઝેર. ધનુ.. ધનુ. ધનુષ્ય–ધ્યાન. ધ્યાન છે ને. ધ્યાનરૂપી ધનુષ્ય છોડવાલાયક છે. सुरा–મદિરાપાન, લ્યો. પ્રેમરૂપી મદિરા. એ પરનો પ્રેમ છોડવાલાયક છે. રાગનો પ્રેમ આદિ એ છોડવાલાયક છે. હા, વ્યવહાર રત્નત્રયનો પ્રેમ છોડવાલાયક છે. આહાહા! અને પછી સુરા. દારૂ એટલે સુરા લખ્યું છે. પછી વૈદ્ય. એ વિવેકરૂપી વૈદ્ય. ભેદ પાડવોને. વિકલ્પથી જુદો એવો વિવેક–ભેદજ્ઞાન એ છોડવાલાયક છે. ધેનુ. એ નિર્જરારૂપી ગાય–કામધેનુ એ છોડવાલાયક છે. હવે ઘોડો, મનરૂપી ઘોડો. એ છોડવાલાયક છે, લ્યો. આઠ છોડવાલાયક. એમ મણિ. જુઓ, આવ્યું. અનુભૂતિરૂપી કૌસ્તુભમણિ. અનુભૂતિથી ભિન્ન આવે છે ને. સમયસારમાં ૨૯ બોલની (ગાથા) આવે છે ને. એ અનુભૂતિથી ભિન્ન એટલે અનુભૂતિ એ અપેક્ષાએ આદરણીય કીધી છે. અનુભૂતિ. આહાહા! એ મણિ, કૌસ્તુભમણિ.

રંભા, લ્યો. રંભા.. રંભા. એ શ્રદ્ધારૂપી રંભા, એ આદરણીય છે. ગજ–હાથી. ઉદ્યમ. આત્માના પુરુષાર્થથી જાગૃતિ એવો જે હાથી એ આદરણીય છે. સ્વભાવ તરફનો પુરુષાર્થ એ આદરણીય છે. આહાહા! કલ્પતરુ–કલ્પવૃક્ષ. વૈરાગ્યરૂપી કલ્પવૃક્ષ. વૈરાગ્ય એ આદરણીય છે. સુધા-અમૃત. આનંદરૂપી અમૃત એ આદરણીય છે. અને સોમ-ચન્દ્ર. સોમ એટલે ચંદ્ર. શુદ્ધભાવરૂપી ચંદ્ર. સોમ.. સોમ. રવિને સૂર્ય કહીએ ને સોમને ચંદ્ર. આ છે ને સાત દિવસ. રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ. સોમ એટલે ચંદ્ર ઈન્દ્ર છે. શુદ્ધભાવરૂપી ચંદ્ર આદરણીય છે. આહા! આટલી સ્પષ્ટતા કેટલી કરી, લ્યો. (શ્રોતા : ...) આવે ત્યારે પર્યાયમાં આવે. પર્યાય જે થાય તે આદરણીય છે, એમ. સમજાણું કાંઈ? એ અપેક્ષાએ કહ્યુંને. અપેક્ષાથી એ સાધન છે.

इह विधि जो परभाव विष, લ્યો. આ રીતે પરભાવ વિકલ્પ જે છે એ ઝેર સમાન છે. વમે, એને વમે અને રમે. વિકલ્પને વમે અને સ્વરૂપમાં રમે. સમજાણું કાંઈ? આ તો તે દિ' કહ્યું મણિભાઈએ. .... ઓલા આદિસરવાળા નહોતા ક્ષુલ્લક ? આંહીં આવતા. એ કહેતા, 'સ્વમાં વસ, પરથી ખસ.' બે છે. સ્વમાં વસ ને પરથી ખસ, લ્યો, અસ્તિ-નાસ્તિ. સમજાણું કાંઈ? इह विधि जो परभाव विष वमै रमै.. રાગ આદિને છોડે ને સ્વરૂપમાં રમે. આવ્યુંને બે. निजरूप.. પોતાના આનંદસ્વરૂપમાં રમવું, એ ચીજ છે એક

આ. सो साधक सिवपंथकौ.. શિવપંથનો સાધક છે એ જીવ. શિવ નામ મોક્ષ. આહાહા! આ સમજે નહીં ને ઓલા જબલપુરમાં આ વાંધા આવ્યા હતાને. શિવરૂપી શિવની રાણી પરણ્યા ભગવાન. ત્યારે કહે, અમારા શિવની રાણી? આવા ને આવા ઊંધા. જબલપુરમાં થયું હતુંને. શિવરમણી વર્યા. શિવરમણી વર્યા. અરે, અમારા શંકરની સ્ત્રી? આ ... જૈનમાં ગપ્પા માર્યા છે. મારો, તોફાન કરો. આહા! કાંઈ ખબર ન મળે. આ તો શિવ એટલે કલ્યાણમૂર્તિ પરમાત્મદશા એવો પંથ.

साधक सिवपंथकौ, चिद वेदक चिद्रूप, લ્યો. અને ક્યા કરકે? निज रमै. वह निज स्वरूपका भोक्ता चैतन्य आत्माका मोक्षमार्गका साधक है, લ્યો. चिद वेदक. એ આનંદનો વેદનારો. આહા! चिद वेदक चिद्रूप, એમ છે. સાધક ધર્મી એને કહીએ કે શિવપંથને સાધે. મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ સ્વભાવ તરફના સાધનને સાધે. चिद्रूप चिद वेदक.. એ જ્ઞાનમૂર્તિ ભગવાન આત્મા જ્ઞાનનો જ વેદક અનુભવનારો હોય. સમજાણું કાંઈ? चिद वेदक એટલે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેને ચિદ્ કહીએ—જ્ઞાનની દશા કહીએ. એ રાગની દશા નથી માટે ચિદ્. चिद्रूप चिद वेदक, એમ. નિજસ્વરૂપનો ભોક્તા વેદક, એમ. ચૈતન્ય આત્મા મોક્ષમાર્ગનો સાધક કહેવામાં આવે છે. માળે બધી નવી વાતું લાગે.

मोक्षमार्गके साधकजीवोंकी अवस्था. જેને આ અભ્યાસ ન હોય એને તો એવું લાગે કે આ બધું કેવું છે? એ શિવલાલભાઈ! તમારા ભીમજીભાઈને તો ઓલા... હાસ્ય કર્યો હતો મારી પર તરત જ. અભ્યાસ ન હોયને તો આ શું હશે? આવો જૈનધર્મ હશે? આ તો વસ્તુનું સ્વરૂપ આવું છે. આહા! જેને અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ કરવી હોય અને જેને ઇન્દ્રિય દુઃખનો નાશ કરવો હોય, એનો આ માર્ગ છે. આહાહા! સમજાય છે કાંઈ? દેડકો હોય એ પણ આટલા શરીરમાં સાધક થઈ શકે છે. ખાવાને મળે નહીં, પાણીનો બિંદુ હોય નહીં. ત્યાં વાવમાં પાણી આદિ હોય. લ્યો, એવાય દેડકા હોય છે. શ્રાવક થઈને સચેત પાણીનો ત્યાગ હોય, લો. એય! કોણ કરી દે એને અચેત? હવે ક્યાંક એવા પાણી હોય ચોખ્ખા .....નીતરેલા ..... આદિ હોય.

મોક્ષમાર્ગના સાધક જીવોની અવસ્થા (કવિત્ત)

ग्यान द्रिष्टि जिन्हके घट अंतर,
निरखैं दरब सुगुन परजाइ।
जिन्हकैं सहजरूप दिन दिन प्रति,
स्यादवाद साधन अधिकाइ॥

जे केवलि प्रनीत मारग मुख,
चितैं चरन राखै ठहराइ।
ते प्रवीन करि खीन मोहमल,
अविचल होहिं परमपद पाइ।।३५।।

**અર્થ :**—જેમના અંતરંગમાં જ્ઞાનદષ્ટિ દ્રવ્ય, ગુણ અને પર્યાયોનું અવલોકન કરે છે, જેઓ સ્વયમેવ દિન-પ્રતિદિન સ્યાદ્વાદ દ્વારા પોતાનું સ્વરૂપ અધિકાઅધિક જાણે છે, જે કેવળી કથિત ધર્મમાર્ગમાં શ્રદ્ધા કરીને તે અનુસાર આચરણ કરે છે, તે જ્ઞાની મનુષ્યો મોહકર્મનો મળ નષ્ટ કરે છે અને પરમપદ પ્રાપ્ત કરીને સ્થિર થાય છે. ૩૫.

**अर्थ :**—जिनके अन्तरंगमें ज्ञानदृष्टि द्रव्य, गुण और पर्यायोंका अवलोकन करती है, जो स्वयमेव ही दिनपर दिन स्याद्वादके द्वारा अपना स्वरूप अधिक अधिक जानते हैं, जो केवली कथित धर्ममार्गमें श्रद्धा करके उसके अनुसार आचरण करते हैं, वे ज्ञानी मनुष्य मोहकर्मका मल नष्ट करते हैं और परमपदको प्राप्त करके स्थिर होते हैं।।३५।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

મોક્ષમાર્ગના સાધક જીવોની સ્થિતિ વર્ણવે છે. એ આટલા પૈસાવાળો હોય ને આટલા દાન દેવાવાળો હોય, એમ નથી કહ્યું આમાં. સમજાણું કાંઈ? ગ્યાન દ્રિષ્ટિ જિન્હકે ઘટ અંતર.. અંતરમાં આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એવી જેને દૃષ્ટિ હોય છે એ ધર્મીને મોક્ષનો સાધક કહેવામાં આવે છે. આહાહા! ભારે! બનારસીદાસે આ બધું બનાવ્યું છે. निरखैं दरव सुगुन परजाइ, લ્યો. એક આ શ્લોકમાં આવે છે. નીચે છે ને. એમાંથી આવ્યું છે કળશ-કળશ.

नैकान्तसंगतदृशा स्वयमेव वस्तु-
तत्त्वव्यवस्थितिमिति प्रविलोकयन्तः।
स्याद्वादशुद्धिमधिकामधिगम्य सन्तो
ज्ञानीभवन्ति जिननीतिमलंघयन्तः।।२।।

---

**સમયસાર કળશ અર્થ :**—''सन्तः इति ज्ञानीभवन्ति'' (सन्तः) સંતો અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવો (इति) આ રીતે (ज्ञानीभवन्ति)—અનાદિ કાળથી કર્મબંધ સંયુક્ત હતા—સામ્પ્રત (હવે) સકળ કર્મોનો વિનાશ કરીને મોક્ષપદને પ્રાપ્ત થાય છે. કેવા છે સન્તો? ''जिननीतिमलंघयन्तः'' (जिन) કેવળીનો (नीतिम्) કહેલો જે માર્ગ (अलंघयन्तः) તે જ માર્ગ પર ચાલે છે, તે માર્ગને ઉલ્લંઘીને અન્ય માર્ગ પર ચાલતા નથી. શું કરીને? ''अधिकाम् स्याद्वादशुद्धिम् अधिगम्य'' (अधिकाम्) પ્રમાણ છે એવો જે (स्याद्वादशुद्धिम्) અનેકાન્તરૂપ વસ્તુનો ઉપદેશ, તેનાથી થયું છે જ્ઞાનનું નિર્મળપણું, તેની (अधिगम्य) સહાયતા પામીને. કેવા છે સન્તો?

''वस्तुतत्त्वव्यवस्थितिम् स्वयम् एव प्रविलोकयन्तः'' (वस्तु) જીવદ્રવ્યનું (तत्त्व) જેવું છે સ્વરૂપ, તેનાં (व्यवस्थितिम्) દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપને (स्वयम् एव प्रविलोकयन्तः) સાક્ષાત્ પ્રત્યક્ષપણે દેખે છે. કેવા નેત્ર વડે દેખે છે? ''नैकान्तसङ्गतदृशा'' (नैकान्त) સ્યાદ્વાદ સાથે (सङ्गत) મળેલા (दृशा) લોચન વડે. ૨-૨૬૫.

એ શ્લોકમાં છે. કળશ છે 'અમૃતચંદ્ર આચાર્ય'નો લ્યો. અત્યાર સુધી પોતે વાત કરી અને હવે 'અમૃતચંદ્ર આચાર્ય'ના કળશનો ઉલ્લેખ કરે છે. મોક્ષમાર્ગકે સાધક જીવ निरखैं दरव सुगुन परजाइ. ધર્મી જીવ પોતાનો આત્મા ત્રિકાળી પવિત્ર એને જોવે, એના જ્ઞાન-આનંદ આદિ ગુણને જાણે અને એની નિર્મળ દશા—અવસ્થા એને પણ જાણે. દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણને જાણે, એમ કહે છે. છે ને? निरखैं दरव सुगुन परजाइ.. દ્રવ્ય-ગુણ-પર્યાયના નામેય આવડ્યા ન હોય હજી તો. શબ્દોય હજી (ન આવડે). પ્રવીણભાઈ! ના પાડે છે, લ્યો. એય ભીમજીભાઈ! દ્રવ્ય એટલે પૈસો. સમજાણું કાંઈ? (શ્રોતા : ...) દ્રવ્યદૃષ્ટિ છે ને અહીંયા. દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દ્રષ્ટિ. પૈસાવાળા એ સમ્યગ્દ્રષ્ટિ, એમ હશે ? (શ્રોતા : એમ ન હોય પ્રભુ! આત્મારૂપી ધનવાળાને...) આંહીં તો દ્રવ્ય એટલે આત્મા. અનંત.. અનંત.. અનંત.. અનંત ગુણનો પિંડ પ્રભુ એકરૂપ દ્રવ્ય એને અહીં દ્રવ્ય કહેવામાં આવે છે. એવા દ્રવ્યને ધર્મી જાણે છે. આ દ્રવ્ય. આ દ્રવ્ય-વસ્તુ. અને એમાં રહેલા ગુણોને જાણે છે. ગુણી તરીકે દ્રવ્ય અને ગુણ તરીકે ગુણ. सुगुन परजाइ.. પોતાની નિર્મળ પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને એ જાણે છે, કહે છે. નિરખે છે. આહાહા! સમજાણું કાંઈ? એમ છે ને ? स्वयमेव वस्तु.

जिन्हकै सहजरूप दिन दिन प्रति.. એ આવ્યું. 'स्वयमेव वस्तु तत्त्वव्यवस्थिति-मिति प्रविलोकयन्तः स्याद्वादशुद्धिमधिकाम.' जिन्हकै सहजरूप दिन दिन प्रति.. આમ પૈસો રળે અને પછી નથી કહેતા? ધન રળે ને ઢગલો થાય, પંડ રળે ને પેટ ભરાય. એ વાતું કરે લોકો. અહીં તો એકલું શરીર હોય, પૈસા ન હોય, એ કેટલું રળે ? ખાવા-પીવાનું હોય ને ઉપરથી બે-ચાર રૂપિયા વધતા હશે ઓલા કંઈક. ધન મળ્યું જ્યાં લાખ-દોઢ લાખનું, એ ઢગલા થાય. એમ આ આત્મા સહજરૂપ દિન-પ્રતિદિન ધન મળ્યું અંદર લક્ષ્મી, એમાં દિન-દિન પ્રતિ શુદ્ધિ વધતી જાય. આહાહા! સમજાણું કાંઈ? પૈસા મળે એમાં ભારે, આહાહા! બે લાખની આમદની પેદાશ. એમાં વળી પચાસ હજાર વધ્યા. અઢી લાખની પેદાશ. બીજે વર્ષે વળી ૩ લાખની. ધૂળની લાખ વધે ત્યાં ખુશી થઈ જાય. (શ્રોતા : ...) શું હોય એને બતાવવું તો પડેને? (શ્રોતા : કેટલાકને મીઠી લાગે). મીઠી લાગે અજ્ઞાનીને. એય ! આહાહા ! કરોડ પૈસા એટલે જડ અને એનો પતિ એ જડ. જડનો પતિ એ જડ હોય. મલૂકચંદભાઈ! તમારા ન્યાલભાઈ બહુ પૈસાવાળા કહેવાય છે ને ?

માને કે અમે બધા પૈસાવાળા છીએ, બાયડી-છોકરાવાળા છીએ. તે પરનો પતિ થાય

છે જડનો, મિથ્યાદ્રષ્ટિ છે એમ કહે છે. એની દૃષ્ટિમાં વિવેક નથી. એ ચીજ જ મારી નથી. આહા! મારી ચીજ તો મારી પાસે છે. આહાહા! દિન-દિન પ્રતિ એ સ્વભાવનું સાધન વધતું જાય છે, એમ કહે છે. જુઓ, આ લક્ષ્મી વધતી જાય છે ક્ષણે ક્ષણે. આહાહા! जिनके अन्तरंगमें ज्ञानदृष्टि द्रव्य, गुण और पर्यायोंका अवलोकन करती है, जो स्वयमेव ही दिनपर दिन स्याद्वादके द्वारा अपना स्वरूप अधिक अधिक जानते हैं. અપેક્ષાએ જે જ્ઞાન છે તેને વિશેષ જાણીને જાણવું—જ્ઞાન થાય છે. અનેક અપેક્ષાનું જ્ઞાન જ્ઞાનીને વધતું જાય છે. स्वयमेव ही दिनपर दिन स्याद्वादके द्वारा.. અપેક્ષાથી કથન. આહા!

આજે એક કાગળ આવ્યો છે આજે. ક્યાં ગયા ચેતનજી? તમે લખ્યો હશેને, એનો આવ્યો જવાબ. એમ કહે, હમણાં તો જયસેનાચાર્યનો ઉપકાર છે મારે. અને અમૃતચંદ્રઆચાર્ય અને કુંદકુંદાચાર્યનું ટોડરમલે જાણ્યા છે કે નહીં એ હું માનતો નથી. 'ટોડરમલ' ને 'ભૈયા ભગવતીદાસ.' કારણકે નિમિત્ત અકિંચિત્કર (છે) એ આચાર્યોએ કહ્યું નથી. અને એ લોકોએ કહ્યું હોય તો કંઈ અમને માન્ય નથી. ઠીક. એમ આ ભાઈનું લખાણ આવ્યું. (શ્રોતા : ન માને તો એની પાસે રાખે.) આંહીં કાગળ લખીને પોતે ડાહ્યો થઈને બનાવ્યો છે. પંચાચારમાં વાત છે. આજ કાગળ આવ્યો છે. નથી? ઉપાસના કો'કનું... તમારો પત્ર મળ્યો એમ કરીને. તમે લખ્યો હશે. કોઈનો ઉપકાર મને છે જ નહીં. મારે તો એક જયસેનાચાર્યનો ઉપકાર છે કે જેમાં વ્યવહાર મોક્ષમાર્ગ—નિશ્ચય મોક્ષમાર્ગનું કથન સ્પષ્ટ છે, એમ કરીને (લખ્યું) છે. આવા ને આવા ઠેકાણાય ન મળે. મૂર્ખાઈ ભરેલી બધી વાત. ચેતનજીના ગુરુ હતા એ. આહાહા!

ભૈયા ભગવતીદાસે ઓલા ઉપાદાન-(નિમિત્તના દોહા)માં લખ્યુંને, નિમિત્ત કાંઈ ન કરે. એટલે એ એમ કહે, આ અમૃતચંદ્ર આચાર્ય અને કુંદકુંદાચાર્યને જાણ્યા છે કે નહીં એમણે, એ હું માનતો નથી. જયસેનાચાર્યે જાણ્યા છે. ન્યાં જયસેનાચાર્યમાં બેયનું કથન આવે છેને ભાઈ, નિમિત્ત ને ઉપાદાનનું. એ એને પસંદ પડી ગયું છે. (શ્રોતા : એમ નિમિત્ત કાંઈ કાયમ બેઠો છે ? નિમિત્ત તો હોય જ ને.) હા. હોય જ. એ તો જ્ઞાન કરાવવા ચીજ બતાવે છે આ. (શ્રોતા : હોય જ. ઉપાદાનનું સિદ્ધ કેમ થાય?) ઘણા કાગળ લખ્યા છે ત્રણ-ચાર. શિખામણ દે છે. બહુ સારી ..... તમે હવે તમારી ગલતી સમજો. તમને કહેતા હશે કે મને કહે છે, કાંઈ ખબર નથી એમાં કાંઈ બહુ. કાગળ છે, વાંચજો, વાંચજો. એને આપો તો ખરા. એનો ઉત્તર છે એના ઉપર. (શ્રોતા : એના ઉપર આવ્યું તો એને જ કહેને.) ના, ના. મારી ઉપર આવ્યું છે.

શ્રીમાન કાનજીભાઈ, એમ લખ્યું હતું. એવા ત્રણ-ચાર કાગળ આવ્યા. (શ્રોતા :

આમણે ૩-૪ કાગળ લખ્યા હશે.) એની તો આ વાત છે. ચેતનજીએ લખ્યા હશે ત્રણ-ચાર. આહા! (શ્રોતા : ...) એને ક્યાં ભાન? એનું કાંઈ નહીં. બે-ચાર વાર કાગળ... એવો કોઈ ભાવ આવી ગયો. એને આપી દો બધું. એના કાગળનો ઉત્તર છે. ભલામણ કરે છે. જયસેનાચાર્યના સાહિત્યનો અભ્યાસ કરો તો તમારી ગલતી છે એ નીકળી જશે. આવા ને આવા. 'જયસેનાચાર્ય' અને 'અમૃતચંદ્રાચાર્ય' ને આમાં ફેર હશે કાંઈ? (શ્રોતા : અરિહંત...) અરિહંતનો ઉપદેશ .... નથી. પોતપોતાને કારણે એ બધી દશા થઈ છે. આહાહા! ક્યારે વસ્તુને એ સમજે? હવે પરની તો વાત નહીં, આંહીં તો વ્યવહારના વિકલ્પથી પણ નિશ્ચય ન થાય. એ ચોથેથી છે. ચોથે વ્યવહાર મોક્ષમાર્ગ એકલો હોય. એમ કે નિશ્ચય ન હોય, એમ. (શ્રોતા : વ્યવહાર મોક્ષમાર્ગ કેવો?) વ્યવહાર (એ) મોક્ષમાર્ગ ક્યાં હતો? બંધમાર્ગ છે. આહાહા! વળી લખ્યો, આખો પત્ર લખ્યો...

આંહીં તો જેને ધર્મદશા અંતરની પ્રગટી છે એ રાગ અને નિમિત્તના અવલંબન વિના પ્રગટી છે. ચૈતન્યમૂર્તિ ભગવાન એને આશ્રયે પ્રગટ થાય છે. આહાહા! અવલંબન કેવા પરના? નિશ્ચય રત્નત્રયમાં વ્યવહારની અપેક્ષા કેવી? હો ભલે. પણ એની અપેક્ષાએ નિશ્ચય પ્રગટે છે, એમ નથી. સમજાણું કાંઈ? આહાહા! કેટલાકને વાંચવામાં અભિમાન હોય છે. અમે બહુ વાંચ્યું છે. ખોટા ઝેર કાઢ્યા વાંચીને. હજી આપણે એમ કે, અમે આમ ભગવાનના દાખલા આપશું. કોઈ કોઈ આચાર્યના દાખલા આપશું. આચાર્યે આમ કહ્યું છે. વ્યવહાર મોક્ષમાર્ગ પણ કહ્યો છે. વ્યવહાર મોક્ષમાર્ગ... અને ટોડરમલે તો કહ્યું કે વ્યવહાર મોક્ષમાર્ગ નથી. એ માન્ય નથી.

આંહીં કહે છે, જેને સહજ ભગવાન આત્મા, ચંદ્રમાની જેમ બીજ ઊગી એ સહજપણે ત્રીજ અને ચોથ એ વધતી જાય છે, એમ જેને સહજરૂપ દિન-દિન પ્રતિ સ્યાદ્‌વાદ સાધન અપેક્ષાનું સાધન વધતું જાય છે. આહાહા! स्याद्वाद साधन अधिकाइ, એમ છે ને? स्याद्वादके द्वारा अपना स्वरूप अधिक अधिक जानते हैं. અનેક સ્યાદ્વાદનું અંદર (જ્ઞાન છે કે) પોતાપણે છે ને પરપણે નથી. એની ધર્મીને સ્પષ્ટતા વિશેષ થતી જાય છે, એમ કહે છે. પોતાથી આત્માનો ધર્મ થાય, રાગ અને નિમિત્તથી ન થાય એવી સ્યાદ્વાદની અધિકતા વધતી જાય છે, એમ કહે છે. આહા! આ શું આવું માણસને સમજવાની દરકાર છે જ નહીં. રળવા માંડો ને હવે કંઈ ધર્મ ..... અપવાસ.

અંધારે પણ ગોળ ગળ્યો. અંધારે ગોળ ગળ્યો લાગે. (શ્રોતા : ...) ગોળ. છાણું-છાણું. છાણા હોતા હૈ ન. ગોબરકા છાણા નહીં હોતા હૈ? (શ્રોતા : હા, ભૂકો એને ગોળ કહેવાય.) એને ગોળ કહેવાય. ભૂકો કરેને. અગ્નિ, ચૂલામાં નાખેને. સંધૂકણ કરે પહેલા.

એમાં અગ્નિ મૂકે, પોચું હોય તો. લાકડું આખું એમાં અગ્નિ ક્યાં મૂકાય? છાણાંનો ભૂકો કરી, ચૂલામાં નાખે પછી એમાં દિવાસળી આમ મૂકાય તો પકડે દિવાસળી. પોચી ચીજ થઈ જાય. ચૂલામાં ભડકો થાય એમાંથી. એમ અહીંયા સ્યાદ્વાદથી ભડકો વિશેષ નરમ થતો જાય, એમ કહે છે. જ્યાં જુઓ ત્યાં સ્વથી છે ને પરથી નથી. એક ગુણ પોતાથી છે ને પરગુણથી નથી. એક સમયની પર્યાય સ્વથી છે અને પરથી નથી. વિકાર પણ પોતાથી છે ને નિમિત્તના ઉદયથી નથી. આહાહા! એમ જે સ્યાદ્વાદનું સ્વરૂપ.. स्याद्वाद साधन अधिकाइ.. એ સાધન એનું વધતું જાય છે. અધિક અધિક जानते हैं, લ્યો.

जे केवलि प्रनीत मारग मुख.. जो केवली कथित धर्ममार्गमें श्रद्धा करके उसके अनुसार आचरण करते हैं, લ્યો. ભગવાને પરમાત્મા તીર્થંકરદેવે જે આત્મા કહ્યો એવો આત્મા અનુભવીને चितैं चरन राखै ठहराइ.. એ સમ્યગ્દર્શન સહિત સ્વરૂપમાં ઠરવાનો પ્રયત્ન ચારિત્રનો એને હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આત્માનું ભાન એમાં સમ્યક્ થયું. એ સમ્યક્ પછી એમાં ઠરવું એ ચારિત્ર થયું. આહાહા! જુઓ, ચારિત્રની તો આ વ્યાખ્યા છે. પછી મહાવ્રત ને ફલાણું ને ઢીંકણું, એ નહીં. चितैं चरन राखै ठहराइ.. સ્વરૂપની એકાગ્રતાનું ચારિત્ર ઠરાવે—અંદર ઠરે. આનંદમાં ઠરે એ ચારિત્ર છે. આહાહા! ઓલામાં પ્રશ્ન કર્યો છે એક ભાઈએ. ઓલા હિતેષીમાં. હિતેષી ને શું કહેવાય? સન્મતિ સંદેશ. દિલ્હી. કે સમકિતી એ પૂજ્ય છે કે નહીં ? એવો પ્રશ્ન કર્યો. આમાંથી આવ્યું છે ભાઈ. પૂછયો એનો જવાબ કહે છે 'છ ઢાળા'નો. 'ઉદયવશ લેશ ન સંયમ, પૈ સુરનાથ જજૈ હૈ.' એ વાંધા ઉઠ્યા છેને બધા. અવ્રતી સમકિતી પૂજનીય નહીં. અરે, એ તો સાધુપદ તરીકે પૂજનીય નહીં એમ કીધું છે. સમજાણું કાંઈ?

'છ ઢાળા'માં છે ને. ચારિત્રના ઉદયવશ લેશ ન સંયમ. લેશ સંયમ નહીં. અમરચંદભાઈ! આવે છે ને આ. 'પૈ સુરનાથ જજૈ હૈ.' છતાં ઈન્દ્રો પણ સમકિતીની પ્રશંસા કરે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો 'જજૈ'નો અર્થ પૂજે, પૂજા કરે એવું આવે. આહાહા! ધન્ય અવતાર ભાઈ! એ સમ્યગ્દર્શને આ અનંત સંસાર તોડી નાખ્યો છે. એકાદ—બે ભવ આડે હોય, એ ભવ તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે રહી ગયા છે. આહાહા! (શ્રોતા : પૂજા તો ગુણની જ હોય.) ગુણની પૂજા છે ને. રાગની પૂજા ક્યાં છે? ગુણીને વંદન કરે છે તે ઓલા પંચમહાવ્રતના વિકલ્પ ને ? અંદર શુદ્ધની સમ્યગ્દર્શન થઈ ચારિત્ર વીતરાગ, તેને વંદન છે. ઓલું છે એ તો હેય છે જાણવાલાયક. આહાહા!

પણ આ જવાબ આપ્યો સાચો. સન્મતિ સંદેશ. એવા પ્રશ્ન ઘણા કર્યા છે, પણ જવાબ નથી આપ્યો. આ આપ્યો. 'બનારસીદાસ' વંદન કરે છે (એમ) આવે છે ને. 'કરે

કર જોડી બનારસી વંદન.' એ પહેલો દાખલો આપ્યો. એ આપ્યો. આ છે આ જુઓ. પણ આ બહુ સ્પષ્ટ લીધું. લેશ ન સંયમ, એમ. આત્મજ્ઞાન છે, ચારિત્ર નથી. ચારિત્રમોહના વશે થયેલો પોતે વિકારમાં છે, પણ એ અવસ્થાની અસ્થિરતા છે. વસ્તુની દૃષ્ટિમાં એ અસ્થિરતા આવતી નથી. આહાહા! એ તો જ્ઞાનનું જ્ઞેય છે. આવી વાત છે. બેય પંડિતના વ્યાખ્યાન છે. એવું આવે છે. નારકીમાં શીલ છે. એવું આવે છે પાછું ત્યાં 'અષ્ટપાહુડ'માં. 'કુંદકુંદાચાર્ય' કહે છે. શીલ નારકીમાં છે. સમકિત છે એની સાથે અનંતાનુબંધીનો અભાવ અને સ્થિરતા, એવું શીલ ત્યાં પણ છે. શીલ છે અને એ શીલને પ્રભાવે ત્યાંથી નીકળી આ તીર્થંકર થવાના છે. એમ છે પાઠ. શીલનો પ્રભાવ કહ્યો. પહેલી નરકે ગયા ત્યાંથી નીકળીને તીર્થંકર થશે. એવું નારકીમાં પણ ભાવ છે.

આંહીં તો केवलि प्रनीत मारग मुख, चितैं चरन राखै ठहराइ.. स्याद्वादके द्वारा अपना स्वरूप अधिक अधिक जानते हैं, जो केवली कथित धर्ममार्गमें श्रद्धा करके उसके अनुसार आचरण करते हैं. ઉસકે અનુસાર આચરણ. ते प्रवीन करि खीन मोहमल, લ્યો. वे ज्ञानी मनुष्य मोहकर्मका मल नष्ट करते हैं. આત્માની અંદરમાં એકાગ્રતા દ્વારા મોહનો નાશ કરીને... તેનું યથાર્થ શું છે એને જાણવું તો પડે કે નહિ એને? કે આ એની રીત ને આ એનો માર્ગ છે. ते प्रवीन करि खीन मोहमल. આ આવે છે કે નહીં તમારે? ...... હા. એણે પ્રશ્ન કર્યો હતો આ. કે આ ચારિત્રના દોષ હોય, એને સમકિતીએ વંદન કરવાલાયક છે કે નહીં ?

એ તો આ બતાવ્યું ને. 'છ ઢાળા'માં કહ્યું છે આ જ વિષય. વાંચન કરે છે. ભગવતી આરાધના. પેલું આવે છે ને, અવ્રતી પૂજનીય નથી અને દ્રવ્યલિંગી પૂજનીય છે. 'અષ્ટપાહુડ'માં. એ વાતને બધા મોઢા આગળ મૂકે છે. પેલા કાંતિલાલ, નહીં? મુંબઈવાળો. કાંતિલાલ ...વાળો. હા, મલાડવાળો. ઓલો કહે છે, નહીં, આમ છે. હવે આંહીં કહે છે જુઓ, ચારિત્રમોહના કારણે વશ થઈ ગયેલો આત્મા છે. છે ભાન, છતાં એ પણ ઈન્દ્રોથી પૂજ્યમાન, પૂજ્યમાન છે. આહાહા! સમજાણું કાંઈ? દર્શનપાહુડમાં છેને બધી વાત? દર્શનની વ્યાખ્યા ઘણી છે ત્યાં. ... આદરણીય છે. (શ્રોતા : ...) ન સૂઝે? ... છે ને. ઈન્દ્ર સમકિતી છે, ક્ષાયિક સમકિતી છે. દર્શનપાહુડ છે. આધાર આપે ને. ..... (શ્રોતા : ... ) હા, હા. એય પૂજ્ય છે પાંચમાવાળો. એ એકતા પ્રમાણે...

ते प्रवीन करि खीन मोहमल, લ્યો. એ એનું જ્ઞાન કરી જ્ઞાની મનુષ્ય મોહકર્મનો મળ નષ્ટ કરે છે. और परमपदको प्राप्त करके स्थिर होते हैं, લ્યો. મૂળ પાઠ. अविचल होहिं परमपद पाइ.. આહાહા! બીજ ઊગી એ પૂનમ થાય છે, પ્રકાશ વધતો જાય છે. એમ જેને

આત્મજ્ઞાન અને આત્મભાન થયું એ ક્રમે-ક્રમે કરીને વધતું જાય છે. અવિચલ. સ્થિર થઈ મોહનો નાશ કરે છે, પરમપદને પામે છે. પરમપદ એટલે મોક્ષ, લ્યો. હવે ત્રીજો કળશ, નહીં? એનું લાગે છે આ. કર્યું છે, મીંડું કર્યું છે. ત્રીજા કળશમાં તો કર્યું છે એમાં.

ये ज्ञानमात्रनिजभावमयीमकम्पां
भूमिं श्रयन्ति कथमप्यपनीतमोहाः।
ते साधकत्वमधिगम्य भवन्ति सिद्धा
मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमन्ति।।३।।

---

**સમયસાર કળશ અર્થ :**—''ते सिद्धाः भवन्ति'' (ते) એવા છે જે જીવો તે (सिद्धाः भवन्ति) સકળ કર્મકલંકથી રહિત મોક્ષપદને પામે છે. કેવા થઈને ''साधकत्वम् अधिगम्य'' શુદ્ધ જીવના અનુભવગર્ભિત છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ કારણ-રત્નત્રય, તે-રૂપ પરિણમ્યો છે આત્મા, એવા થઈને. વળી કેવા છે તે? ''ये ज्ञानमात्रनिजभावमयीम् भूमिं श्रयन्ति'' (ये) જે કોઈ (ज्ञानमात्र) ચેતના છે સર્વસ્વ જેનું એવો (निजभाव) જીવદ્રવ્યનો અનુભવ (मयीम्) તે-મય અર્થાત્ જેમાં કોઈ વિકલ્પ નથી એવી (भूमिं) મોક્ષના કારણભૂત અવસ્થાને (श्रयन्ति) પ્રાપ્ત થાય છે—એકાગ્રપણે તે ભૂમિરૂપ પરિણમે છે. કેવી છે ભૂમિ? ''अकम्पां'' નિર્દ્વન્દ્વરૂપ સુખગર્ભિત છે. કેવા છે તે જીવો? ''कथमपि अपनीतमोहाः'' (कथम् अपि) અનંત કાળ ભમતાં કાળલબ્ધિ પામીને (अपनीत) મટ્યો છે (मोहाः) મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ જેમનો, એવા છે. ભાવાર્થ આમ છે કે આવા જીવો મોક્ષના સાધક થાય છે. ''तु मूढाः अमूम् अनुपलभ्य परिभ्रमन्ति'' (तु) કહેલા અર્થને દઢ કરે છે—(मूढाः) જીવવસ્તુનો અનુભવ જેમને નથી એવા જે કોઈ મિથ્યાદૃષ્ટિ જીવો છે તે (अमूम्) શુદ્ધ જીવસ્વરૂપના અનુભવરૂપ અવસ્થાને (अनुपलभ्य) પામ્યા વિના (परिभ्रमन्ति) ચતુર્ગતિસંસારમાં ભટકે છે. ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ મોક્ષનો માર્ગ છે, બીજો માર્ગ નથી. ૩.

---

આહાહા! શુદ્ધ અનુભવસે મોક્ષ, લ્યો. એ આત્માના આનંદસ્વરૂપનો અનુભવ કરવો એ મુક્તિનું કારણ. વચ્ચે વ્યવહાર, રાગ કે વિકલ્પ આવે, એ મુક્તિનું કારણ નથી. પવિત્રતાના કારણે પવિત્રતા પૂર્ણ પ્રગટે કે અપવિત્રતાના કારણે પવિત્રતા પ્રગટે? શુદ્ધ अनुभवसे मोक्ष और मिथ्यात्वसे संसार है. વિપરીત શ્રદ્ધાથી સંસાર. दंसणभट्ठाभट्ठा दंसणभट्ठस्य णत्थि णिव्वाणं એમ લખ્યું છે. सिज्झंति चरियभट्ठा.. ચારિત્રભ્રષ્ટ હોય તો ય મુક્તિ થશે. એના ખ્યાલમાં છે કે આ દોષ છે. સમજાણું કાંઈ? પણ દર્શનભ્રષ્ટ, જેને ભાન જ નથી વસ્તુનું. એ તો દર્શનભટ્ઠા ભટ્ઠા. એ દર્શનથી ભ્રષ્ટ, જ્ઞાનથી ભ્રષ્ટ અને ચારિત્રથી ભ્રષ્ટ-ત્રણથી ભ્રષ્ટ છે. આહાહા! શ્રદ્ધાની શું કિંમત છે એની ખબર નથી. આહાહા! મિથ્યાત્વ તે સંસાર અને અનુભવ તે મોક્ષ. એ વિશેષ કહેશે પછી.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૭૦, આસો સુદ ૫, શુક્રવાર તા. ૨૪-૯-૧૯૭૧
## સાધ્ય-સાધક દ્વાર પદ ૩૬ થી ૩૭ ઉપર પ્રવચન

૩૬. શ્લોક બોલાઈ ગયો છે. ૩૫ પછી ૩૬ છે ને. शुद्ध अनुभवसे मोक्ष और मिथ्यात्वसे संसार है. શું કહે છે? છે વીરચંદભાઈ? આની કોર ત્યાં. આ બધું ઝીણી નવી વાત છે હમણાં ઓલામાં, પણ હવે સાંભળવામાં તો... (શ્રોતા : ...ન સમજાય) હા. પણ આ નરમ માણસ છે ને. એ બુદ્ધિવાળા છેને કાંઈક પકડે થોડું, શું આ કંઈક કહે છે. બધું ચાલે ખરૂંને. કહે છે કે शुद्ध अनुभवसे मोक्ष. આ શબ્દ છે હવે. હવે એની વ્યાખ્યા. આમ તો કંઈ સમજાય નહીં. આ શુદ્ધ અનુભવસે મોક્ષ એટલે શું ? એટલે કે આ આત્મા જે અંદર સત્ શાશ્વત અને અતીન્દ્રિય આનંદનો પિંડ શુદ્ધ છે. એમાં જે આ પુણ્ય-પાપના ભાવ થાય છે તે વિકાર છે. આ શરીર, વાણી, મન તો આ તો જડ છે, આ તો અજીવ છે. એથી તો જુદી ચીજ છે. પણ પુણ્ય અને પાપના ભાવ થાય શુભ-અશુભ, એનાથી એ ચીજ આત્મા ભિન્ન છે અને એમાં રહેલા બધા ગુણો શુદ્ધ છે. જ્ઞાન શુદ્ધ... શુદ્ધ નામ પવિત્ર પૂર્ણ. આનંદ શુદ્ધ, શાંતિ એ ચારિત્ર, વીતરાગતા શુદ્ધ. બધું શુદ્ધ છે. એનો સ્વભાવ. એનો અનુભવ.

એવા શુદ્ધ સ્વભાવનો વર્તમાનદશામાં, એવા શુદ્ધ સ્વભાવને અનુસરીને, ત્રિકાળી શુદ્ધ વસ્તુને અનુસરીને, અનુભવ એટલે થવું. એને અનુસરીને વીતરાગદશા થવી એનું નામ અનુભવ, એ મોક્ષનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? શુદ્ધ અનુભવસે મોક્ષ. મોક્ષ નામ પરમ સિદ્ધ ભગવાન. 'ણમો સિદ્ધાણં' આવે છે ને. પાંચ પદ તો આવડે છે કે નહીં ભાઈ, જયસુખભાઈ? 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં..' એ પરદેશમાં ફરતા હોય. ન હોય એ ભૂલી જાય, લો. કહો, સમજાણું કાંઈ? 'ણમો અરિહંતાણં' આવે છે ને પહેલું પદ. બીજું 'ણમો સિદ્ધાણં.' અરિહંતને તો ચાર કર્મ બાકી હોય, પણ અંદર કેવળજ્ઞાન આદિ પ્રગટ થયું હોય. સમજાણું કાંઈ? સિદ્ધ ભગવાનને તો, શરીર રહિત એકલો આત્મા રહે એને સિદ્ધ પરમાત્મા કહીએ. 'ણમો સિદ્ધાણં.' એ સિદ્ધની પ્રાપ્તિ આત્માને કેમ થાય? કે શુદ્ધ અનુભવથી થાય. એ અંદર દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામથી મુક્તિ ન થાય. (શ્રોતા : ...) સ્પષ્ટ કરે ત્યારે જ બધું થાયને. વસ્તુની સ્થિતિ, એની મર્યાદા જેમ જેટલી હોય એટલું સ્પષ્ટ થાય તો સમજમાં આવેને. આમ તો ઓઘે ઓઘે તો કૂટાય છે બધું અનાદિથી.

અહીંયા તો શુદ્ધ આત્મા... જેને પૂર્ણ પવિત્રતારૂપી સિદ્ધદશા—મોક્ષ જોઈતો હોય,

એને એ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ આનંદમય છે એને અનુસરીને અનુભવવું. એ અનુભવ તે મોક્ષનું કારણ છે. (શ્રોતા : મોક્ષ એટલે?) કીધુંને, મોક્ષ એક આ સિદ્ધદશા. (શ્રોતા : સુખ ક્યારે? અમારે સુખ જોઈએ છે). એ સુખ છે. મોક્ષ દશામાં પૂર્ણ સુખ છે. પૂર્ણ અતીન્દ્રિય આનંદ છે અને સંસારદશામાં રાગ અને દ્વેષ જેટલો છે એટલું દુઃખ છે. આહાહા! આત્મા તો સચ્ચિદાનંદસ્વરૂપ જ છે. સત્ શાશ્વત અણકરાયેલ–અણરચાયેલ સત્ શાશ્વત વસ્તુ છે. એમાં સિદ્ધ નામ જ્ઞાન અને આનંદ નામ સુખથી ભરેલો પદાર્થ છે. એવા સુખ સહિત એવો ભગવાનનો અનુભવ કરીને... એનો અનુભવ થતાં વર્તમાનમાં પણ આનંદની દશાનું વેદન આવે. આહાહા! એ આનંદ–અતીન્દ્રિય આનંદનું વેદન એ પૂર્ણ આનંદની પ્રાપ્તિનું કારણ છે. આ તો ન્યાયથી તો કહેવાય પણ, હવે માળાએ કોઈ દિ' દરકાર જ નથી કરી એવી. આ સંસારની હોળીઓ સળગી. જ્યાં-ત્યાં પડ્યો એમાં–ચોર્યાશીમાં. ભઠ્ઠી છે અગ્નિ. સમજાણું કાંઈ?

કહે છે, શુદ્ધ અનુભવ. અનુ એટલે... પવિત્ર આ ભગવાન એનો સ્વભાવ ત્રિકાળ એને અનુ એટલે એને અનુસરીને, (ભવ એટલે) થવું એટલે નિર્મળ શુદ્ધના આનંદનું વેદન કરવું. એ મોક્ષ નામ પૂર્ણ આનંદની પ્રાપ્તિનો એ ઉપાય છે. કહો, જેઠાભાઈ! આમાં તો સીધી સાદી વાત છે. સમજાણું ? અને मिथ्यात्वसे संसार है. એની વ્યાખ્યા હવે. મિથ્યાત્વ એટલે? આ શરીર, વાણી, મન મારા; એના નથી એને મારા માનવા. એમાં પુણ્ય ને પાપના રાગ થાય એ એનું સ્વરૂપ નથી. છતાં એને મારા માનવાં એ મિથ્યાશ્રદ્ધા–જૂઠી શ્રદ્ધા એ સંસારનું કારણ છે. આરે, આરે !

(શ્રોતા : સંસાર એટલે શું ?) આ રખડવું. ચાર ગતિમાં રખડવું. આ કીડા ને કાગડા ને કૂતરાના ભવ. (શ્રોતા : ...) થયું કે નહીં પહેલું હવે ? શું થાય અહીંયા? બધા દુઃખી છે. આ બધા અબજોપતિ, કરોડોપતિ કહેવાય, એ પૈસાની પાછળ વૃત્તિ ઊઠે છે એ બધા દુઃખી છે. એ પૈસાને અનુસરીને થતો રાગ એ બધું દુઃખ છે. વ્યાખ્યા પણ જુદી જાતની. કેમ કાંતિભાઈ! શું હશે આ? (શ્રોતા : ...ખાવાનું ન મળે) અરે! ખાવાનું ન મળે એને લઈને આત્માને શું છે? એ મને ખાવાનું નથી, હું દીન છું—એવી માન્યતા તે દુઃખ છે. આહાહા! સમજાણું કાંઈ? અને હું સધન છું, કુટુંબવાળો છું. જે એનામાં નથી એ ચીજવાળો છું એવી જે માન્યતા એ પોતે દુઃખરૂપ છે. એના નથી ને એના માન્યા એ જૂઠું અસત્ય છે. એ અસત્ય છે તે મિથ્યાત્વ છે ને મિથ્યાત્વ છે તે દુઃખ છે. ન્યાયથી તો સમજાય એવું છે. હવે આમાં ક્યાં સાદી ભાષામાં કાંઈ મોટા પલાખા શીખવા પડે એવું નથી. ચંદુભાઈ! કેમ હશે આ? માળે ભારે! એક લીટીમાં બેય સમજાવે તો આમ સમજાવી શકાય.

કે **मिथ्यात्वसे संसार है.** સંસાર નામ ચાર ગતિમાં રખડવાનો ભાવ એ મિથ્યાત્વ છે અને એ જ સંસાર છે. 'સંસરણ ઈતિ સંસારઃ' અર્થાત્ સંસાર એટલે ? કોઈ બાયડી, છોકરાં, કુટુંબ, પૈસા એ સંસાર નથી જીવને. જીવમાં નથી એટલે એ સંસાર નથી. સંસાર એનો, પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ પોતે ન્યાંથી ખસીને રાગ-દ્વેષના, પુણ્ય-પાપના ભાવ એ મારા એવી માન્યતા તે સંસાર છે. સમજાણું કાંઈ ? આરે, આરે ! સંસારના એલ.એલ.બી.ના પૂછડા વળગાડવા હોય ને બી.એ. થાવું હોય તો માળા મહેનત કરીને મરી જાય બિચારા! ભણીને. આ એને સમજવું (સહેલું). એના ઘરની ચીજ છે. ઉજાગરા તો કરે નહીં પણ અમથા દિવસનો વખત હોય તોય આને સમજવાની દરકાર કરે નહીં અને ઓલો તો ઉજાગરા કરીને ભણે.

(શ્રોતા : એમાં લાભ દેખે છે ને). ધૂળેય નથી લાભ. મફતનો... (શ્રોતા : આમાં લાભ દેખાડો તો આ કરીએ). એ વકીલાત કરતા. તે કહ્યુંને ભાઈ બપોરે. (શ્રોતા : અત્યારે એ વકીલાત જ કરે છે). ૩૦ વર્ષ પહેલાં કોર્ટમાં પાંચ કલાક જાય, ૨૦૦ રૂા. લેતા. પછી છોડી દીધું. એ તો ધૂળ હતી. મમતા લેતા. ન્યાં બીજું લેતા હતા શું ? મમતા લેતા હતા. છોકરો છે ને, ન્યાં છેને તમારે મુંબઈમાં. એસોમાં. આઠ હજારનો પગાર માસિક. (શ્રોતા : પણ આપ તો ના પાડો છો). પણ આ લોકોમાં એમ કહેવાયને કે આ રામજીભાઈનો દીકરો સુમન એ અમેરીકામાં ભણવા ગયો હતો. આ કહે કે કૂચે મરવા ગયો છે એમ કહેતા હતા. એય ભીખાભાઈ! ઓલો ભણવા ગયો. કેટલા ખર્ચ્યા કેટલા હજારો. કોણ જાણે એની ખબર નહીં, પણ ઘણા ખર્ચ્યા હશે એમાં. પણ એ કૂચે મરવા ગયો છે એ ન્યાં, આ એમ કહેતા ત્યારે. પણ હવે અત્યારે આઠ-આઠ હજારનો પગાર લાવે, એ કૂચે મરવા ગયા હતા એનો છે ને પગાર કે નહીં ? ધૂળેય નથી. આહાહા !

એ તો મમતા છે. અને પૂર્વના પુણ્ય હોય એનું ફળ દેખાય આમ. પણ એમાં એને આત્માને શું ? પોતે તો લક્ષ્મીથી ભિન્ન અને દૂર ચીજ છે. એ લક્ષ્મીથી મને ઠીક છે, એમ પરદ્રવ્યથી ઠીક છે એ જૂઠો ભાવ, એ મિથ્યાત્વભાવ, એ દુઃખ છે. સમજાણું કાંઈ ? મિથ્યાત્વ એ સંસાર છે, જુઓ. આહાહા ! બાયડી—છોકરાં સંસાર નહીં. એ તો પરચીજ છે. એ ક્યાં આત્મામાં ગરી ગઈ હતી ? એનામાં પર મારા, હું એનો અને પુણ્ય-પાપની વૃત્તિઓ—વિભાવ—વિકાર, સ્વભાવથી વિરુદ્ધ ભાવ થાય તે મારા—એવો મિથ્યાત્વભાવ એ સંસાર છે. એ દુઃખમાં ડૂબકી મારી રહયો છે. આહાહા! મૂલચંદભાઈ! એ કહે છે હવે, જુઓ. એ તો ફક્ત મથાળું માંડ્યું. હવે એનું પદ છે.

શુદ્ધ અનુભવથી મોક્ષ અને મિથ્યાત્વથી સંસાર છે. (સવૈયા એકત્રીસા)

चाकसौ फिरत जाकौ संसार निकट आयौ,
पायौ जिन सम्यक मिथ्यात नास करिकै।
निरदुंद मनसा सुभूमि साधि लीनी जिन,
कीनी मोखकारन अवस्था ध्यान धरिकै।।
सो ही सुद्ध अनुभौ अभ्यासी अविनासी भयौ,
गयौ ताकौ करम भरम रोग गरिकै।
मिथ्यामती अपनौ सरूप न पिछानै तातैं,
डोलै जगजालमैं अनंत काल भरिकै।।३६।।

**શબ્દાર્થ** :—ચાક=ચક્ર, નિરદુંદ (નિરદ્વંદ)=દુવિધા રહિત. ગરિકૈ(ગલિકૈ)=ગળીને નાશ પામ્યું. પિછાનૈ=ઓળખે.

**અર્થ** :—ચાકડાની જેમ ઘૂમતા-ઘૂમતા જેને સંસારનો અંત નજીક આવી ગયો છે, જેણે મિથ્યાત્વનો નાશ કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે, જેણે રાગ-દ્વેષ છોડીને મનરૂપ ભૂમિને શુદ્ધ કરી છે અને ધ્યાન દ્વારા પોતાને મોક્ષને યોગ્ય બનાવેલ છે, તે જ શુદ્ધ અનુભવનો અભ્યાસ કરનાર અવિચળ પદ પામે છે અને તેના કર્મ નાશ પામે છે, તથા અજ્ઞાનરૂપી રોગ દૂર થઈ જાય છે. પરંતુ મિથ્યાદષ્ટિ પોતાનું સ્વરૂપ ઓળખતા નથી તેથી તેઓ અનંતકાળ સુધી જગતની જાળમાં ભટકે છે અને જન્મ-મરણના ફેરા કરે છે. ૩૬.

**अर्थ** :—चाकके समान घूमते घूमते जिसके संसारका अन्त निकट आ गया और जिसने मिथ्यात्वका नाश करके सम्यग्दर्शन प्राप्त किया, जिसने राग-द्वेष छोड़कर मनरूप भूमिको शुद्ध किया है और ध्यानके द्वारा अपनेको मोक्षके योग्य बनाया है, वही शुद्ध अनुभवका अभ्यास करनेवाला अविचल पद पाता है, और उसके कर्म नष्ट हो जाते हैं व अज्ञानरूपी रोग हट जाता है, परंतु मिथ्यादृष्टि अपने स्वरूपको नहीं पहिचानते इससे वे अनन्तकाल पर्यन्त जगतके जालमें भटकते हैं और जन्म-मरणके चक्कर लगाते हैं।।३६।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આ તો હિન્દી છે સમયસાર નાટક. હવે એનો અર્થ. चाकसौ फिरत जाकौ.. ચક્ર હોય છેને ઓલાનું—કુંભારનું. વાસણ બનાવવાનું, નહીં? કુંભારનો ચાક.. ચાક.. ચાકડો. એમાં વાસણ બનેને. એમ આ સંસારરૂપી મિથ્યાત્વનો ચાકડો છે. એ ચોર્યાશીના અવતારમાં અનાદિથી ચાક ઉપર ભમે છે. ઈયળું, કીડી, કાગડા, કૂતરા આવા ભવો પોતાની જાતને જાણ્યા વિના, પોતાની ચીજની કિંમત કર્યા વિના, પરની ચીજની કિંમત—

મહત્તા આપીને અનાદિથી चाकसौ फिरत.. હવે એને संसार निकट आयौ.. (પરિભ્રમણ) કરતાં કરતાં સંસારના અંત આવવાનો કાળ આવ્યો, એમ કહે છે. પરિભ્રમણ કરતાં જેને અર્ધપુદ્‌ગલ આદિ સંસાર રહી ગયો હોય હવે. સંસાર નામ પરિભ્રમણનું અટકવું—નજીક થઈ ગયું હવે. અટકવું.

पायौ जिन सम्यक लो. એ સમ્યગ્દર્શન પામે છે. એટલે આત્મા અતીન્દ્રિય સુખસંપન્ન પ્રભુ સત્ વસ્તુ એનો એને અનુભવ થાય છે કે આ તો આત્મા પરમ આનંદ અને શુદ્ધનો પિંડ પ્રભુ છે. એવું સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વનો નાશ થઈને, પુણ્યમાં સુખ છે, પાપમાં મજા છે, સંયોગમાં મને સગવડતા છે માટે હું સુખી છું—એવું જે મિથ્યાત્વ–અજ્ઞાન–અસત્યભાવ એને સત્‌સ્વરૂપ એવો ભગવાન આત્મા અંતર્મુખ થઈને અનુભવ કરતાં મિથ્યાત્વનો નાશ થાય છે. અસત્યનો નાશ થઈને સત્ય વસ્તુ છે એની એને પ્રતીત અનુભવ થાય છે. આહા! સમજાણું કાંઈ?

चाकसौ फिरत जाकौ संसार निकट आयौ, पायौ जिन सम्यक.. जिन એટલે જેણે. જેણે—जिन सम्यक.. ઓહો ! આ આત્મવસ્તુ ! એમાં વસેલી શક્તિઓ—અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય વીતરાગતા—એ બધી શક્તિઓનો પિંડ તે હું. એમ પોતાનો જે અવિશ્વાસ અનાદિથી હતો એવા સ્વરૂપનો જેને અંદર વિશ્વાસ આવ્યો અને એનો અનુભવ થયો, એને સમ્યગ્દ્રષ્ટિ—સાચી દૃષ્ટિવંત—જેવું સત્ય છે તેવી દૃષ્ટિવંત કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? સમ્યક્ કેમ પમાય એ રીત પણ બતાવી સાથે. સમજાણું કાંઈ? રાગ, વિકલ્પ, પુણ્ય-પાપની લાગણી અને એના બંધ તરીકે કર્મ અને એના ફળ તરીકે સંયોગ—ત્રણે ચીજમાં હું છું અને મારી છે એ અસત્યભાવ—જૂઠો ભાવ—મિથ્યાત્વભાવ—સંસારભાવ છે. એમાં—વસ્તુમાં એ માને છે, (પણ) એમાં એ નથી. છતાં એ મારા છે અને હું એનો છું એમ માને છે, એ મિથ્યાત્વભાવ દુઃખનો દાયક સંસારભાવ છે. એ હવે ગુલાંટ ખાય છે.

અરે! હું તો આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ છું. ચૈતન્યબ્રહ્મ સહજાનંદ મારી ચીજ જ સહજ સ્વભાવિક આનંદની મૂર્તિ છે. એવું છે એવો અંદર વિશ્વાસ આવીને વેદન થાય એને સમ્યગ્દર્શન—સાચું દર્શન—સત્યદર્શન—સત્‌ના પરમ સત્યના સ્વીકારરૂપી દૃષ્ટિ એને સમ્યગ્દ્રષ્ટિ ધર્મી કહે છે. આહાહા! આવી વાતું ધર્મની. ઓલા તો કહે, જીવદયા મંડળી કાઢો, મંદિર બંધાવો, દેરાસર બંધાવો. ધૂળેય બનાવ્યા (નથી). આ જડની, પરની ચીજ બનાવે કોણ? આ આંગળીના રજકણો પણ આ ચાલે એ આત્માને લઈને નહીં. કેમકે એ તત્ત્વ ભિન્ન અને ભગવાન ભિન્ન તત્ત્વ છે. જુદાં તત્ત્વથી જુદાં તત્ત્વનું કાર્ય થાય એ ત્રણ કાળમાં બને નહીં. સમજાય છે કાંઈ? આ દુનિયામાં અત્યારે તો ઝપાઝપ ચાલે

છે. જુઓને, આ કારખાના ને મોટા... વસ્તુ જ એવી છે. પોતે આત્મા એટલે શું? કોઈ વસ્તુ હોય એની શક્તિ હોય કે નહીં વસ્તુમાં? અફીણ છે તો એનો કડવાશનો સ્વભાવ, સાકર છે તો મીઠો સ્વભાવ, લીંબુ છે તો ખાટો સ્વભાવ, ખડી છે તો ધોળો સ્વભાવ. તો આત્મા છે તો સ્વભાવ શું પણ? (શ્રોતા : સ્વભાવનું શું કામ છે? ધર્મની વાત કરોને.) પણ ત્યાં ભાન વિના ધર્મ ક્યાંથી થાતો હતો એને? મારો સ્વ-ભાવ ત્રિકાળી જ્ઞાન અને આનંદ એ મારો સ્વભાવ છે. સમજાય છે કાંઈ?

सम्यक पायौ.. એવી દૃષ્ટિ અંતરથી પામે અને મિથ્યાત્વનો નાશ કરી લે. એ ભ્રમણા જે છે એનો નાશ કરી.. નાશ થઈ જાય છે, પણ કથન તો એમ જ આવેને. પૂર્ણ પરમાત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુ, એ વસ્તુની શક્તિઓ પવિત્ર અને અનંત છે. એવું અંતરમાં એકરૂપ અભેદ વસ્તુની દૃષ્ટિ કરવી, એનો અનુભવ કરવો એને અહીંયા સમ્યક્ દૃષ્ટિ, જેવું સત્‌સ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ એથી એણે મિથ્યાત્વનો નાશ કર્યો. સમજાણું કાંઈ? હવે આવો ધર્મ કંઈ મૂળ હશે? કંદમૂળ ન ખાવા. એય ! હવે એ તો પરચીજ છે. ખાય કોણ અને પીવે કોણ? હા. પણ છે, એ ચીજ છે. આહાહા! મંદિર બનાવવા, જાત્રા કરવી શેત્રુંજયની. હવે એ શેત્રુંજય તો પરચીજ છે. એની જાત્રા કરવાનો ભાવ હોય તો એ શુભભાવ પુણ્ય હોય. પુણ્ય, ધર્મ નહીં.

ધર્મ એ તો આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ સત્‌સ્વરૂપ, એનું અવલંબન લઈને જે પ્રતીત અને જ્ઞાન થાય એને ધર્મ–મોક્ષના કારણની દશા કહેવામાં આવે છે. આરે, આરે! આ તે કઈ જાતનો ધર્મ? આ બધે તો ચાલે છે તો બીજી જાતનું. પરદેશમાં તો ધમાલ–ધડાકા દેતા હોય આમ. આમ કરે, આમ કરે. ઓલા કાલ હતાને આ તમારા વેવાઈ ? ક્યાં ગયા નથી આવ્યા ચંદ્રકાંત? એના વેવાઈ આવ્યા છે. એનો દીકરો છે ને, ક્યાંક છે પરદેશમાં. ચંદ્રકાંત ગુજરાતી. એનો બાપ આંહીં છે. બહુ ફર્યો પરદેશ. (શ્રોતા : ફ્રેન્કફર્ટમાં) ક્યાંક હશે. ફેલફટ થઈ ગયા છે બધા. ફેલ થઈ ગયા છે. આત્માના ભાન વિના અંદર આ ફેલ થઈ ગયા છે. એ એમ કહેતો હતો. કાલ આહાર હતોને આહાર. ત્યારે કહે, મહારાજ! આફ્રિકામાં આમ છે ને ઢીંકણામાં આમ છે. આપણે એને વાત કરીએ કે બટાટા અમે ન ખાઈએ. કહે, કેમ? એમાં જીવ છે. હેં? એને એમ થઈ જાય. હવે કીધું, એમાં કાંઈ માલ નથી. સાધારણ વાત છે. એ એમ કહેતો હતો. ઓલો પરદેશમાં ફરી આવ્યા છે ને. ભઈ, પરદેશમાં ફરી આવવાવાળા ઘણા અમને મળ્યા છે, કીધું. અમે ભલે પરદેશમાં ગયા નથી બહારમાં.

ભાઈ હતાને નહીં આપણા? ન્યાં નાઈરોબીમાં હતાને ભાઈ. આ મનસુખ તારાચંદ નાઈરોબી. આ કરોડપતિ. મોટો કરોડ રૂપિયા. મનસુખ તારાચંદ. આ આપણા

આંખના ઓપરેશન વખતે હાજર હતાને. લીમડીના હતા. નાઈરોબીમાં ૧૫-૨૦ લાખનો સંચો છે. આંહીં કરોડ આંહીં મુંબઈમાં છે. એના છોકરાઓ કરોડપતિ કરોડ મોટા ઊંચા. પોતે અહીં આવતા ઘણીવાર મહિના મહિના પંદર-પંદર દિ' આંખ માટે. મોતીયો ઉતારવા. આંહીં સૂતા. ઓલા ધ્યાન રાખવા રાતે આવે. આંહીં સૂતા. કરોડપતિ. માણસ બહુ સાદો. બહુ દેખાવે સાદો. તે ન્યાં નાઈરોબીમાં રહેતા. બધી વાતો અમને કરતા ન્યાંની. પણ શું એને? ધૂળેય નથી કીધું ન્યાં.

નાઈરોબી આફ્રિકામાં છે ને. મરી ગયા ન્યાં જઈને. ઘણું કીધું હતું કે આંહીં તમે નિવૃત્તિ લઈને આવ્યા છો. હવે તો કરો. ન્યાં મરી ગયા. નરમ માણસ બિચારા. બહુ નરમ હતા. આ સાંભળેલું નહીં એટલે... ચૌવિહાર કરે, એક મહિનાના ચાર ઉપવાસ કરે. ગૃહસ્થ હતા હોં. સામાયિક દરરોજ (કરે). આ બહારની માનેલી સંપ્રદાયની દૃષ્ટિ. તત્ત્વ તો ક્યાં હતું? મેં કીધું, એવા બધા આવીને અમને તો ઘણી પરદેશની વાતો કરી છે એટલે અમને કાંઈ નવું લાગતું નથી. આહાહા! ન્યાં તો આમ હોય. કોઈ ચીજ પડી હોય રસ્તામાં તો કોઈ ઉપાડે નહીં. જે આવે માણસ એ હાથેય ન લગાડે અને એ (જેની) હોય એ જ લઈ જાય. બીજા ઉપાડે નહીં. એવું એમ કે આમ... હવે ધૂળમાં મૂકી જાય. ઓલા રૂપાળા ચામડા દેખેને રૂપાળા, ધોળા ને ટોપામાં આવે મોટા. હવે બુદ્ધિના બારદાન હોય બધાય. આહા!

ધર્મ કોને કહેવો એનું ભાન ન મળે. હવે જેમાં આત્માને સુખ થાય એની રીતની ખબર ન મળે અને આ દુઃખ થાય એની રીતની ખબર એટલે બુદ્ધિ કોને કહેવી એને? પણ માણસના સાધારણ ચામડા ને આના લાલ આદિ ને એના. ધોળા ચામડા ને આ ... હોય તો ઘોના ચામડા જેવા હોય એ તો. ખબર છે ? ઓળખો છો? ગોરા જેને ધોળા લાગે એ ચામડા આ ઘો જેવા હોય. ઘો, ઘો થાય છેને આપણે અહીંયા. ઠંડી બહુને ત્યાં એટલે આ ચામડી બહુ કઠણ હોય આમ. સુંવાળી ન હોય એની. હા, હા, અમને તો બધી ખબર છેને એક એક વાતની. લાગે રૂપાળા. પણ ઠંડી બહુને તો આ ચામડી, ઘોનું ચામડું નથી? ઘો.. ઘો નથી આવતી? એવું ચામડું એનું ગોરાનું. પણ આ અમારા સાધારણને ઓલા ગોરા જોઈને (થાય), ઓહોહો! હવે ન્યાંનો હોય ઢેડ હલકો તે અહીં આવીને મોટો થઈ જાય સાહેબ.

આંહીં કહે છે કે આ આત્મા.. આહાહા! જેણે નિજ સાહ્યબી અંદરની જેણે જોઈ ને માની એ મોટો ધર્મનો સાહેબો છે. આહાહા! સમજાણું કાંઈ? **पायौ जिन सम्यक मिथ्यात नास करिकै..** અસત્યપણું છે એનો નાશ કર્યો. પુણ્યથી લાભ થાય, પુણ્યથી સુખ થાય, પાપમાં મજા છે—એવી જે અસત્ય–જૂઠી દુઃખરૂપ માન્યતા એને, આત્મા

આનંદસ્વરૂપ એવું સત્‌સ્વરૂપનો અનુભવ કરીને, પ્રતીતિ કરીને મિથ્યાત્વનો જેણે નાશ કર્યો છે અને સમ્યગ્દર્શનની અવસ્થા જેણે ઉત્પન્ન કરી છે. આહાહા! ભારે ભાઈ!

निरदुंद मनसा सुभूमि साधि लीनी जिन.. આહાહા! जिसने मिथ्यात्वका नाश करके सम्यग्दर्शन प्राप्त किया, जिसने राग-द्वेष छोड़कर मनरूप भूमिको शुद्ध किया है, દેખો. આહાહા! શુભ-અશુભ જે ભાવ છે પુણ્ય-પાપ, એનાથી રહિત આત્માના સ્વરૂપનું ભાન કર્યું, એના પરિણામ શુદ્ધ થયા. એ શુદ્ધ થયા. निरदुंद मनसा.. મનમાં દ્વંદ્વ રહ્યો નહીં. પુણ્ય ને પાપ બે ઠીક ને અઠીક એ દૃષ્ટિ ટળી ગઈ. પુણ્ય તે ઠીક અને પાપ તે અઠીક એવી દ્વંદ્વદશા, ધર્મ પામતા—આત્માની સત્યની દૃષ્ટિ થતા, રાગ-પુણ્ય ઠીક ને પાપ અઠીક એ દ્વંદ્વદશા નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ?

તમારે આ પૈસાવાળાની ખુરશી પહેલી પડે, લ્યો. અને ગરીબ માણસ આમ બુદ્ધિવાળો સારો એક-બે ભવે મોક્ષ જનારો (હોય)... (શ્રોતા : એ જ ભવે મોક્ષ જનારો..) એ ભવે મોક્ષ જનારો હોય તોય પૂછે નહીં કોઈ. ઓલાને ખમ્મા. આવો શેઠ. પાછા ૫-૧૦ હજાર, ૨૦ હજાર, ૫૦ હજાર પડાવવા હોય. ઓલા ધર્મને નામે શેઠિયા આપે. ગરીબ શું આપે? (શ્રોતા : કોણ આપે ને કોણ લે?) આ ... ધૂળમાં હવે તારા.

આંહીં તો કહે છે કે લક્ષ્મી આત્માની પોતાની પોતામાં છે. એનો અનુભવ કરતા એનો ભાવ શુદ્ધ થાય છે. એને પુણ્ય-પાપના બે ભાગમાં પુણ્ય ઠીક ને પાપ અઠીક એમ રહેતું નથી. બેયથી છૂટો પડી જાય છે. આહાહા! પરથી છૂટો તો છે, પણ પુણ્ય ને પાપના શુભ-અશુભ બે ભાવ એનાથી આત્મા અખંડ આનંદમૂર્તિનું ભાન થતાં બેપણાના રાગથી તે જુદો રહી જાય છે. એને સાચી દૃષ્ટિવંત ધર્મી કહેવામાં આવે છે. આરે, આરે! એ ધર્મ છે.

निरदुंद मनसा सुभूमि.. મનની ભૂમિ જેણે શુદ્ધ કરી છે. साधि लीनी जिन—જેણે સાધી લીધી છે આહાહા! कीनी मोखकारन अवस्था ध्यान धरिकै.. જેણે આત્મા શુદ્ધ પરમાનંદમૂર્તિ એનું જે કારણ મોક્ષનું એવી દશા ધ્યાન ધરીને પ્રગટ કરી છે. ફરીને. कीनी मोखकारन अवस्था ध्यान धरिकै.. અંદર ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યની એકાગ્રતા—ધ્યાન કરીને જેણે મોક્ષના કારણની દશા પ્રગટ કરી છે. આરે, આરે! સમજાણું કાંઈ? આ તો તીર્થંકરનો આત્માનો વિચાર ચાલતો હતો. (ચક્રવર્તીને) પાંચમા ગુણસ્થાનમાં ૯૬ હજાર સ્ત્રી હોય છતાં દેવો આદર કરે? એ અમારા ભાઈનો પ્રશ્ન હતો પ્રદીપનો. પણ એણે આત્મા અંદરમાં આનંદમૂર્તિનો અનુભવ કર્યો છે. આહાહા! ૯૬ હજાર સ્ત્રી હોવા છતાં ક્યાંય સુખબુદ્ધિ માનતા નથી. એનો વિકલ્પ આવે એ કાળા નાગ જેવો દેખાય જ્ઞાનીને. આ તે વાત. સમજાય છે કાંઈ?

જેણે આત્માના સ્વભાવમાં એકાગ્ર કરીને મોક્ષના કારણની દશા પ્રગટ કરી, એને આત્મામાં સુખ ભાસે છે. એને પુણ્ય-પાપના વિકલ્પમાં અને એના બહારના સામગ્રીના ઢગલામાં ક્યાંય સુખ ભાસતું નથી. આહાહા! સમજાણું કાંઈ? કેમ કે સુખ—આનંદ તે તો આત્મામાં છે. એમ જ્યાં ભાન થયું એટલે અસત્—પરમાં જે સુખ છે એ બુદ્ધિ તો નાશ થઈ ગઈ. સમજાણું કાંઈ? સમજાણું કે નહીં આમાં? આ હીરાભાઈ ઠીક છે ને એ બધું સુખ નાશ થઈ જાય, એમ કહે છે. પણ આ સંગતિ પણ હીરાભાઈ જેવો છોકરો કેવો પાક્યો આને. ભાઈ, ભાઈ કરીને આમ... (શ્રોતા : અરે પ્રભુ ! એમાં મારે શું લેવા-દેવા ?) લેવા-દેવા નહીં ? કહે છે, કોના છોકરા? પણ હતા કે દિ' એને ? આહાહા ! એ રખડતો આત્મા ક્યાંકથી આવ્યો, તમે રખડતા ક્યાંકથી આવ્યા. હતા કે દિ' કે થઈ જાય ? (શ્રોતા : ભેગા તો થઈ ગયા?) ક્યાંય ભેગા નથી. બેય જુદે જુદા છે. બે ભેગા થઈ જાય તો જ્યાં હીરાભાઈ હોય છે ત્યાં ભીખાભાઈ રહે ને ભીખાભાઈ હોય ત્યાં હીરાભાઈ રહે, ભેગા થઈ ગયા હોય તો. ઓલો રખડતો હોય ન્યાં ને આ રખડતા હોય આંહીં. આહાહા !

કહે છે, **कीनी मोखकारण अवस्था ध्यान धरिकै..** એમ કીધું છે હોં. કે રાગથી થાય ને પુણ્યથી થાય એમ નથી, એમ કહે છે. સમ્યગ્દર્શનની દશા—સમ્યગ્જ્ઞાનની દશા—મોક્ષકારણરૂપ અવસ્થા એ આત્માનું ધ્યાન કરીને થાય છે. રાગ અને પુણ્યની ક્રિયા કરતાં થાય છે, એમ છે નહીં. ટૂંકા શબ્દમાં ભાવ ઘણાં ભર્યાં છે. આહાહા! અરેરે! ચોર્યાશીમાં રખડતો રઝળતો... એને આત્માનું તત્ત્વ જ્યાં હાથ આવે છે અંતર અનુભવથી, કહે છે કે એની દશા પોતાના ત્રિકાળી સ્વભાવની એકાગ્રતાથી જ એ પ્રગટી છે. એ વ્યવહારની ક્રિયાકાંડ બહુ કરી માટે પ્રગટી છે, (એમ નથી). આહાહા ! આજ લખાણ આવ્યું છે વળી સ્થાનકવાસીનું. ભાઈ, પહેલી વ્યવહારભૂમિકા ચોખ્ખી જોઈએ પછી નિશ્ચય પમાય. બધા વળગ્યા છે માળા. હજી વ્યવહાર કોને કહેવા એનું ભાન ન મળે. અહીંયા લખાણ છે મોટું.

એક જણાની વળી શંકા મોટી એનો ખુલાસો આપ્યો છે. એ કાંઈક ઠીક આપ્યો છે. કો'ક શું ઈન્દ્રલાલ શાસ્ત્રી છે કો'ક. સ્થાનકવાસી હશે. એમ કહે, જો સર્વજ્ઞને કબૂલ કરવા જઈએ તો પુરુષાર્થ કરવું રહેતું નથી. માટે સર્વજ્ઞને માનવું છોડી દો તો પુરુષાર્થ છે. માળા ગજબ કર્યા છેને કાંઇ. એય! એની સામે બહુ જોર આવતું નથી. ભાઈ! સર્વજ્ઞને છોડી દેવામાં, એની માન્યતા છોડે તો એમ કે પુરુષાર્થ કરી શકીએ, એમ છે ? સર્વજ્ઞ એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે છે એ નિયત કારણ છે, એમ લખ્યું છે ભાઈ ત્યાં હોં. કો'કે લખ્યું છે. એટલું કંઈક ઠીક લખ્યું છે. પણ નિયત કારણ સાથે

પુરુષાર્થ તો છે. પુરુષાર્થ સાથે છે. કેમકે સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ કેવળી તીર્થંકર એક સમયમાં ત્રણ કાળ જાણે, એવો જેને જ્ઞાનનો સ્વભાવ આવો એક સમયની દશાનો છે, એવા ભાવની પ્રતીત (થાય), એને હું જ આત્મા સર્વજ્ઞ સ્વભાવી છું એવા સ્વસન્મુખ થયા વિના સર્વજ્ઞની પ્રતીત આવા પુરુષાર્થની જાગૃતિ વિના થાય જ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

એવી સર્વજ્ઞની એક સમયની દશા, એવી અનંતી દશા આવી ક્યાંથી? આવી ક્યાંથી? આત્મા વસ્તુ ભગવાન સર્વજ્ઞસ્વભાવી, ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાનો (એક) પર્યાયનો સ્વભાવ છે તો એના દ્રવ્યના સ્વભાવની શું વાત કરવી! એવા દ્રવ્યસ્વભાવના પુરુષાર્થની જાગૃતિ વિના સર્વજ્ઞ છે એની પ્રતીતિ સાચી હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? બધાય પ્રશ્ન આવ્યા છે. કોણ જાણે માળા ખખડ્યા છે બધા અંદરથી. કે સર્વજ્ઞને માનવા જાઈએ તો ભગવાન દેખે એવું થાય. પછી આપણે પુરુષાર્થ ક્યાં રહ્યો? હવે તારે આખા જૈનશાસનના સર્વજ્ઞને ઉડાડવા છે ? તને ઉડાડ હવે, સાંભળને ! શું કરવા માંગે છે તું મોટો પંડિત?

દાખલો એણે જરીક આપ્યો છે કે આ... સમજાણું ? કાંઈક ઉધઈનો દાખલો આપ્યો છે. શાસ્ત્રમાં શબ્દ ઉપર ઉધઈ ફરે, ઉધઈ.. ઉધઈ નથી થતી આ? (શ્રોતા : જીવાત, દીમક). ગુજરાતીમાં દીમક થાય. પહેલા નવ ચોપડી ભણ્યા છે એમ કહેતા હતા. ભાઈ કહેતા હતા, નહીં ? એ એમ કહે, તમે .... દીમક ભાષા કહે છે. ઓલી ઉધઈ થાય છેને ઝીણી ઝીણી ધોળી. બહુ તડકો હોયને તો મરી જાય. મોટા આમ ધોળી આવડી થાય ઉધઈ. તો એ ઉધઈ, શું કહેવાય? (શ્રોતા : દીમક). હા, દીમક અહીંયા અક્ષર ઉપર ફરે તો દીમકને જ્ઞાન થાય? એમ શાસ્ત્રના મોટા પોથા ઉપર ફરે, જ્ઞાન થાય? (શ્રોતા : બિલકુલ ન થાય.) એમ અજ્ઞાની, આત્મા ઉપર આવ્યા વિના આ પરના ઉપર એકલો ફરે એ તો ઉધઈ જેવો છે. આહાહા!

ભગવાન આત્મા એક સમય—સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે. જ્ઞાનનો સ્વભાવ એવો જ સ્વભાવ હોય. એવા સ્વભાવની પ્રતીત, એવા સર્વજ્ઞ સ્વભાવી ધ્રુવ સ્વભાવીની દૃષ્ટિ થયા વિના એ સર્વજ્ઞની પ્રતીત આવે નહીં સાચી. એમાં પુરુષાર્થ ભરેલો જ છે. પણ જરીક સૂક્ષ્મ વાત છે. એ જ કહે છે. **कीनी मोखकारण अवस्था ध्यान धरिकै..** સર્વજ્ઞસ્વભાવ મારો છે ત્રિકાળ, એનું ધ્યાન કરીને જેણે મોક્ષના કારણની દશા પ્રગટ કરી છે. સમજાણું કાંઈ?

આરે, આવી બધી ઝીણી વાતું. ગ્રીક-લેટિન જેવું લાગે અજાણ્યાને તો, નહીં? ગ્રીક-લેટિનવાળો બોલે, ગુજરાતીને કાંઈ સમજ ન પડે. શાસ્ત્રીય શબ્દ નહિ ને એનો

અભ્યાસ નહીં કે આ શું છે આ? આહાહા! આપણે આ કચ્છી બોલે બહુ તો એવું લાગે, આ શું બોલેલા. એમ આ મારવાડી ભાષા જોઈ ? બહુ મારવાડી હોયને જૂની. .. એ.. એ.. તું.. તું.. કર્યા કરે. જાણે શું કહે છે આપણને કંઈ સમજાય નહીં. બહુ એવી ભાષા હોયને ઝીણી, ખરા મારવાડી હં. અઠે-કઠે ને ફલાણું, ઢીકણું કર્યા કરે. આપણે શું કાંઈ અઠે-કઠે(માં કંઇ ન જાણીએ). એમ આપણી ગુજરાતી ભાષા એને એવી લાગે. ખરૂં કે નહીં ? એને બિચારાને ખબર ન હોયને. એમ આ વીતરાગની મોક્ષને માટેની ભાષા એ અજાણ્યા જીવને તો ગ્રીક-લેટિન જેવું લાગે. આહાહા!

ભાઈ! તારું સ્વરૂપ જે છે એનું તને અજાણપણું વર્તે છે પ્રભુ! આહાહા! તારું નિધાન, તારું નિધાન વસ્તુમાં અનંત આનંદ આદિ પડેલું છે. જેને સુખ પ્રાપ્ત કરવું એ સુખ ક્યાંથી આવશે? ભાઈ! તને ખબર નથી. જ્ઞાન પૂર્ણ પ્રાપ્ત કરવું એ જ્ઞાન ક્યાંથી આવશે? એ અંદર પૂર્ણ જ્ઞાન છે, ભાઈ! આહાહા! એ પૂર્ણ જ્ઞાન વસ્તુમાં એકાગ્ર થઈ ધ્યાન કરીને—એનું ધ્યાન કરીને, અનાદિથી રાગ-પુણ્ય-પાપ, નિમિત્તનું ધ્યાન કરતો હતો, એ તો સંસાર છે. આહાહા! એ રખડવાના પંથે પડ્યા છે એ તો. આહાહા! ભગવાન! તારી ચીજ અંદર વસ્તુ છે. એમાં અનંત જ્ઞાન, આનંદ આદિ શક્તિઓ વસેલી—રહેલી છે. એનું જે ધ્યાન કરે, એને જે આદરે, એના સન્મુખ થાય, એને મોક્ષના કારણની દશા પ્રગટ થાય. એને ધર્મ કહેવામાં આવે. આવો ધર્મ ! કાંઈ પાંચ-પચાસ હજાર-લાખ-બે લાખ દઈ દઈએ, લો ને ધર્મ થતો હોય તો. બે કરોડવાળા—પાંચ કરોડવાળાને શું, દસ લાખ દઈ દઈએ જાઓ.

પણ દસ લાખ તારા કે દિ' હતા? એ તો જડ છે. તારી લક્ષ્મી અંદર છે એ કાંઈ દેવાય છે કોઈને? એ તો શાશ્વત પડી છે અંદર. એ લેનારો લે, માનનારો માને. સમજાણું કાંઈ? લેનારો લે એટલે? એની દશામાં આ સ્વરૂપ આવું છે એમ જ્યાં પ્રતીત થાય ત્યારે એણે લીધો આખા આત્માને. આહાહા! હજી ગૃહસ્થાશ્રમમાં એ હોય જીવ ભલે. સમજાય છે? પણ આવું ભાન થયેલો જીવ રાગને અને કોઈ ચીજને પોતાની માનતો નથી. ચક્રવર્તી તીર્થંકર હોય, કીધુંને. આહાહા!

પ્રશ્ન તો એમ ઉઠ્યો કે તીર્થંકર ચક્રવર્તી હોય છે. ૧૬મા, ૧૭મા, ૧૮મા. ૨૪ તીર્થંકર છે ને. શાંતિનાથ, અરનાથ, કુંથુનાથ. તો એને તો ૯૬ હજાર સ્ત્રી હોય છે પદ્મણી જેવી. એવા પુણ્ય લઈને આવ્યા હોય છે. અને એ પરણે છે પછી મોટી ઉંમરે, આઠ વર્ષે તો બાર વ્રત આવે. પાંચમા ગુણસ્થાનમાં પરણે અને છતાં એની સામગ્રી દેવો લઈને આપે. ઓલા પાંચમા દેવલોકના છેને ઓલા ભાઈ, લોકાંતિક (દેવ), એ ન આવે.

એ તો જ્યારે ત્યાગ કરવાના હોય ત્યારે જ આવે. દીક્ષા લેવાના હોય ત્યારે આવે એ. કેમ પોતે બ્રહ્મચારી દેવ છે ને. જુઓને, એક શૈલી જગતની રચનાની બહુ પ્રકાર. એ પહેલાં બીજા દેવો આવે. સમજાણું કાંઈ?

એ જીવ જ એવો છે કે એને પાસે પુણ્ય એવા જ હોય કે આવું ભોગ સાધન હોવા છતાં દૃષ્ટિમાં નિર્ભોગ છે. આહાહા! અરે! મારા અતીન્દ્રિય આનંદના ભોગ આગળ, અરેરે! આ રાગનો ભોગ તો ઝેર છે. કાળા નાગની જેમ ફેણ દેખે... આહાહા! એવા ધર્માત્માને દેવ લાવીને વસ્ત્ર ને પાત્ર કર્યા છે. ઓહોહો ! ગજબ વાત છે! આ તો આત્માના સ્વભાવની શ્રદ્ધા અને અનુભવ થયો એની આ કિંમત છે. આહાહા! હવે આ તો બીજા હોય, પણ આ તો તીર્થંકરનો જીવ. ચક્રવર્તીનો હોય તો પણ એને દેવો આ પ્રમાણે કરે. આહાહા! સમજાણું ? આત્મા પૂર્ણાનંદ પ્રભુ એનો જેને અંતર અનુભવ છે અને એ આત્મા જ એ જાતનો હોય કે જેને દેવો આવીને... 'દેવ ઉપનિત્ય' એવો શબ્દ છે. આહાહા!

सो ही सुद्ध अनुभौ अभ्यासी अविनासी भयौ.. ભગવાન અવિનાશી તત્ત્વ પ્રભુ, એનો અનુભવ કરનારો सुद्ध अनुभौ अभ्यासी अविनासी भयौ.. હવે ચાર ગતિમાં રખડવાનું એને રહેતું નથી. આહાહા! આ અધ્યાત્મની વાત છે એટલે ઝીણી છે ઝીણી. નવાને ઝીણી લાગે. જયચંદભાઈ! આ તો અધ્યાત્મની અંતરની (વાત). ન્યાં તો રળવું, ખાવું, આ બધું હો-હા. શહેરોમાં બહુ ફરેને એટલે પંચરંગી દેખાય બધું ન્યાં. અબજોપતિ દેખાય બધા. અમેરિકામાં હવે તો કેટલા મોટા મોટા હજીરા. ઓહોહો! ઓલા ગોવામાં એક જણો આપણો છેને વાણિયો. ૪૦ લાખનો બંગલો છે. શાંતિલાલ ખુશાલ. ગોવામાં દશાશ્રીમાળી વાણિયો છે આપણો. લ્યો, એમાં તો મજા માણતા હશે, નહીં? ૪૦ લાખનો બંગલો. બંગલો ૪૦ લાખનું મકાન. પૈસા તો અબજો રૂપિયા એની પાસે છે, અબજો રૂપિયા. શાંતિલાલ ખુશાલ. દુનિયા ગાંડી છે, પાગલ છે. એવાઓને સુખી કહેવા (એટલે) પાગલની હોસ્પિટલમાં પાગલ પાગલને વખાણે. નેમચંદભાઈ!

આંહીં તો કહે છે, આહાહા! सुद्ध अनुभौ अभ्यासी अविनासी भयौ.. ભાઈ, એમ કીધું આંહીં. પહેલો જે રાગ ને પુણ્ય ને પરને (પોતાના) માનતો ત્યારે નાશવાન હતો એ જીવ. આહાહા! એ ચંદુભાઈ! આહાહા! નિત્ય વસ્તુ આદિ-અંત વિનાનું મારું તત્ત્વ એવું જે અંતર્મુખ થઈને ભાન થયું, અવિનાશી થયો એ તો. (શ્રોતા : પર્યાયમાં રહીને?). પર્યાય અવિનાશી. દ્રવ્ય તો છે, પણ આ ભાન થયું ત્યારે આ અવિનાશી છે એમ અવિનાશી પર્યાયમાં ભાન થયું. આહાહા! હું રાગ નહીં, પુણ્ય નહીં કાંઈ.

એક જણનો વળી કાગળ આવ્યો છે છિંદવાડાથી. તમે કંઈક વ્રત તો લ્યો. હવે

આવા તમે બુદ્ધિવાળા ને કાંઈ... લ્યો. હવે વ્રત (એટલે) આ બહારથી લે એ વ્રત કહેવાતા હશે? ઓલા કહેતા હશે કે અમે... છિંદવાડાના, નહીં? (શ્રોતા : આપનું ભલું ઈચ્છતા હશે.) વ્રત, એ કંઈ એમ વ્રત-બ્રત લેવાય ? અંદરમાં શાંતિની વૃદ્ધિ દેખાય કે થાય એને વ્રતના વિકલ્પ હોય. આહાહા! અમરચંદભાઈ! પણ શું થાય? જગતની ચીજમાં શું છે.... છે છિંદવાડાના.

છિંદવાડામાં આપણું મંડળ મોટું છે. મોટું છે, નહીં? આ ગયા હતાને. પણ હમણાં આવી હતીને બાઈયું. બાઈયુંનું ટોળું છિંદવાડામાં આંહીંનું ઓલું છે અને એક એમાં હુંશિયાર જુવાન કો'ક એવી. એ બધું પૈસા ભેગા કરે. બાઈયું-બાઈયુંમાંથી પૈસા ભેગા કરે, આદમીને બોલાવે નહીં. ધર્માદો કરીને કાંઈ સ્વાધ્યાય મંદિર ઉભું કર્યુ મોટું. છિંદવાડા છે. ક્યાં આવ્યું એ? (શ્રોતા : નાગપુર પાસે). નાગપુર પાસે. હા, હમણાં આવી હતી થોડી ૨૫-૩૦ બાઈયું. બધાને રસ બહુ. ત્યાંનો કો'ક છે. વાત એમ ભાઈ. આ કાગળ આવ્યો હતો. વ્રત તે કોને કહેવા બાપા? વ્રત તે અંદર બે કષાયનો અભાવ થાય, પુરુષાર્થથી થાય હોં એ, ત્યારે એને વ્રતના વિકલ્પ આવે એને વ્યવહારવ્રત કહેવાય. ભાઈ! આ વાત કંઈ ઝીણી છે. એમ આ બહારથી લઈ લીધા એટલે અંદર દશા થઈ જાય, એવું સ્વરૂપ નથી. ભાઈ! એને ખબર નથી. આહાહા!

सो ही सुद्ध अनुभौ अभ्यासी अविनासी भयौ.. 'બનારસીદાસ'નું જુઓ. गयौ ताकौ करम भरम रोग गरिकै.. આહા! गरिकै એટલે ગળીને. એવા ધર્માત્મા આત્મા પૂર્ણાનંદ પ્રભુ એનું અંતરમાં ભાન થઈને શ્રદ્ધા થતાં, અનુભવ થઈને શ્રદ્ધા થઈ, એ જીવ અવિનાશી છે એવો અવિનાશી રહ્યો. હવે ચાર ગતિમાં રખડવાનું મારે છે નહીં. એમ થઈ જાય એ સમ્યક્માં, એમ કહે છે. गयौ ताकौ करम.. એને કર્મ-ભ્રમ હોય નહીં. भरम रोग गरिकै.. કર્મ અને ભ્રમણા બેયનો રોગ તો ગળી જાય, કહે છે. આહાહા! જ્યાં સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનું સ્વરૂપ જ્યાં પ્રતીતમાં, અનુભવમાં હાથ આવી ગયું. બસ ખલાસ, એને કરમ-ભરમનો રોગ ગળી જાય છે. સમજાણું કાંઈ? ભારે કરી. એને નિર્જરા થાય છે, એમ કહે છે ભાઈ, ગળી જાય એટલે આને નિર્જરા થઈ, એમ કહે છે. આ અપવાસ કરીને બેઠા ને ભાન ન મળે આત્માનું અને નિર્જરા તપની થઈ જાય. ધૂળેય ન થાય. સમજાણું કાંઈ?

मिथ्यामती अपनौ सरूप न पिछानै तातैं.. હવે અવળું લે છે. મિથ્યા નામ જૂઠી મતિ. अपनौ स्वरूप.. ત્રિકાળી જ્ઞાનનો પુંજ પ્રભુ આનંદની કાતળી નિત્યાનંદ પ્રભુ એવા સ્વરૂપને મિથ્યાબુદ્ધિવાળા જાણતા નથી. न पिछानै तातैं, डोलै जगजालमैं.. ઓલો

અવિનાશી કહ્યો હતો માથે. એની સામે આ ડોલે કીધું છે. આહાહા! આત્મા પરમાનંદમૂર્તિ, રાગ વિનાની ચીજ નિર્વિકલ્પ પ્રભુ એનું જેને ભાન નથી, પ્રતીત નથી, ઓળખાણ નથી એ મિથ્યામતિ डोलै जगजालमैं. એ ચોર્યાશીના જાળમાં રખડ્યા કરે. આહાહા! સમજાણું કાંઈ?

अनंतकाल भरिकै.. ભાષા દેખો! અનંત કાળ. આહાહા! કહો, સમજાણું આમાં? કીધું, રાજુલ ઉપર નજર ગઈ, આજ નથી આવી. સુશીલભાઈને બતાવી કે નહીં? નથી બતાવી? હવે કો'ક દિ' આવ્યા છે તે જુએ, કીધું આંહીં. પણ નથી આવી. નિશાળે ગઈ હશે. નિશાળે... આ નિશાળમાં ગઈ છે. ઓલી જાતિસ્મરણ ન થયું છોકરીને? પૂર્વભવનું. આંહીં જૂનાગઢની લોહાણાની દીકરી, એમાંથી આપણે ત્યાં આવી. આ એના પિતાના પિતા છે આ વજુભાઈ. એના દીકરાની દીકરી છે. સામા મકાનમાં રહે છે. હમણાં નિશાળે ગઈ છે. આ તો પરભવ છે, ન્યાંથી (બીજો) ભવ આવે છે, એવો નિર્ણય થાય એવું છે આ. એકલો આ જ ભવ છે, એમ છે નહીં. આહાહા! એવા તો અનંતા ભવ (કર્યા). આંહીં કહે છે ને જુઓને. जगजालमैं अनंत काल भरिकै.. અનંત કાળથી ચાર ગતિમાં રખડશે અજ્ઞાની. જેની બુદ્ધિ મિથ્યાત્વ છે એ પોતાના સ્વરૂપને જાણતો નથી. આહા! आत्मअनुभवका परिणाम. છે ને પછી. એ ચોથો કળશ. નીચે છે ને.

स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां
यो भावयत्यहरहः स्वमिहोपयुक्तः।
ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्री-
पात्रीकृतः श्रयति भूमिमिमां स एकः॥४॥

**સમયસાર કળશ અર્થ :**—આવી અનુભવ ભૂમિકાને કેવો જીવ યોગ્ય છે તે કહે છે—"सः एकः इमां भूमिम् श्रयति' (सः) આવો (एकः) આ જ એક જાતિનો જીવ (इमां भूमिम्) પ્રત્યક્ષ શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ અવસ્થાના (श्रयति) અવલંબનને યોગ્ય છે અર્થાત્ એવી અવસ્થારૂપ પરિણમવાનો પાત્ર છે. કેવો છે તે જીવ? "यः स्वम् अहरहः भावयति" (यः) જે કોઈ સમ્યગ્દષ્ટિ જીવ (स्वम्) જીવના શુદ્ધ સ્વરૂપને (अहरहः भावयति) નિરંતર અખંડ ધારાપ્રવાહરૂપ અનુભવે છે. શાનાથી અનુભવે છે? "स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां" (स्याद्वाद) દ્રવ્યરૂપ તથા પર્યાયરૂપ વસ્તુના અનુભવનું (कौशल) કૌશલ્ય અર્થાત્ વિપરીતપણાથી રહિત—વસ્તુ જે પ્રમાણે છે તે પ્રમાણે—અંગીકાર, તથા (सुनिश्चलसंयमाभ्यां) સમસ્ત રાગાદિ અશુદ્ધ પરિણતિનો ત્યાગ,—એ બંનેની સહાયતાથી. વળી કેવો છે? "इह उपयुक्तः" (इह) પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવમાં (उपयुक्तः) સર્વ કાળ એકાગ્રપણે તલ્લીન છે. વળી કેવો છે? "ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्रीपात्रीकृतः" (ज्ञाननय) શુદ્ધ જીવના સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે, શુદ્ધ સ્વરૂપના અનુભવ વિના જે કોઈ ક્રિયા છે તે સર્વ મોક્ષમાર્ગથી શૂન્ય છે, (क्रियानय) રાગાદિ અશુદ્ધ પરિણામનો ત્યાગ પ્રાપ્ત થયા વિના જે કોઈ શુદ્ધ સ્વરૂપનો અનુભવ કહે છે તે સમસ્ત જૂઠો છે, અનુભવ નથી, કોઈ એવો જ અનુભવનો ભ્રમ છે, કારણ કે શુદ્ધ સ્વરૂપનો અનુભવ

અશુદ્ધ રાગાદિ પરિણામને મટાડીને થાય છે;—આવા છે જે જ્ઞાનનય તથા ક્રિયાનય, તેમનું છે જે (परस्परतीव्रमैत्री) પરસ્પર અત્યંત મિત્રપણું—શુદ્ધ સ્વરૂપનો અનુભવ છે તે રાગાદિ અશુદ્ધ પરિણતિને મટાડીને છે, રાગાદિ અશુદ્ધ પરિણતિનો વિનાશ શુદ્ધ સ્વરૂપના અનુભવ સહિત છે, એવું અત્યંત મિત્રપણું—તેનો (पात्रीकृतः) પાત્ર થયો છે અર્થાત્ જ્ઞાનનયક્રિયાનયનું એક સ્થાનક છે. ભાવાર્થ આમ છે કે બંને નયોના અર્થ સહિત બિરાજમાન છે. ૪-૨૬૭.

આત્મ-અનુભવનું પરિણામ (સવૈયા એકત્રીસા)

जे जीव दरबरूप तथा परजायरूप,
दोऊ नै प्रवांन वस्तु सुद्धता गहतु हैं।
जे असुद्ध भावनिके त्यागी भये सरवथा,
विषैसौं विमुख ह्वै विरागता बहतु हैं।।
जे जे ग्राह्यभाव त्यागभाव दोऊ भावनिकौं,
अनुभौ अभ्यास विषै एकता करतु हैं।
तेई ग्यान क्रियाके आराधक सहज मोख,
मारगके साधक अबाधक महतु हैं।।३७।।

**અર્થ :**—જે જીવોએ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બંને નયો દ્વારા પદાર્થનું સ્વરૂપ સમજીને આત્માની શુદ્ધતા ગ્રહણ કરી છે, જે અશુદ્ધભાવોના સર્વથા ત્યાગી છે, ઇન્દ્રિય-વિષયોથી પરાઙ્મુખ થઈને વીતરાગી થયા છે, જેમણે અનુભવના અભ્યાસમાં ઉપાદેય અને હેય બન્ને પ્રકારના ભાવોને એકસરખા જાણ્યા છે, તે જ જીવો જ્ઞાનક્રિયાના ઉપાસક છે, મોક્ષમાર્ગના સાધક છે, કર્મબાધા રહિત છે અને મહાન છે. ૩૭.

**अर्थ :**—जिन जीवोंने द्रव्यार्थिक और पर्यायार्थिक दोनों नयोंके द्वारा पदार्थका स्वरूप समझकर आत्माकी शुद्धता ग्रहण की है, जो अशुद्ध भावोंके सर्वथा त्यागी हैं, इन्द्रिय-विषयोंसे पराङ्मुख होकर वीतरागी हुए हैं, जिन्होंने अनुभवके अभ्यासमें उपादेय और हेय दोनों प्रकारके भावोंको एकसा जाना है, वे ही जीव ज्ञानक्रियाके उपासक हैं, मोक्षमार्गके साधक हैं, कर्मबाधा रहित हैं और महान हैं।।३७।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

સંસ્કૃત છે. આત્મ-અનુભવનું પરિણામ. શું કહે છે? જેને અનાદિથી રાગ ને દ્વેષ ને વિકારનો અનુભવ છે એ સંસારી, મિથ્યાદૃષ્ટિ, મૂઢ છે. જેને આ આત્મા પૂર્ણ આનંદનો નાથ છે એવું સ્વરૂપનું ભાન થયું, એને એનું પરિણામ શું હોય? કહે છે. કે जे जीव दरबरूप तथा परजायरूप, दोऊ नै प्रवांन वस्तु सुद्धता गहतु हैं.. ત્રિકાળી ભગવાન

આત્મા શુદ્ધ છે એવું એને જ્ઞાન હોય અને વર્તમાન અવસ્થા પલટતી છે એનું પણ એને જ્ઞાન હોય. વસ્તુ તરીકે નિત્ય છે દ્રવ્ય, પણ અવસ્થા—પરિણામ બદલે છે. વિચાર બદલે છે ને. એ બદલે છે તે પર્યાય છે. જેમ સોનું સોનાપણે કાયમ છે. સોનું. અને એમાંથી કડા, વીંટી, દાગીના ભિન્ન ભિન્ન થાય, એ અવસ્થા છે. સોનું સોનાપણે કાયમ રહીને એ અવસ્થાઓ બદલે. એમ આત્મા, આત્માના અવિનાશી સ્વભાવે કાયમ રહીને એની દશાઓમાં—અવસ્થાઓમાં બદલો થાય છે. આરે ! સમજાણું કાંઈ ?

પાણી પાણીપણે કાયમ રહીને પાણીના તરંગો અવસ્થાઓ બદલ્યા કરે છે, એમ ભગવાન આત્મા કાયમ નિત્યપણું રાખીને એની દશાઓમાં પલટો ખાય છે. એ તો સમજાય એવી ભાષા છે. બહુ સાદી ભાષા છે. વાત છે ઊંચી. ઓલો તમારો પ્રોફેસર બોલે ને ન્યાં એક કલાકમાં તમારે ગળામાં આવે. જે ઓલો સાંભળે ને ભાગી જાય પછી... પ્રોફેસર હોય ને ન્યાં. આંહીં એવું નથી. આ તો સાદી ભાષા. ધ્યાન રાખે તો પકડાય એવું છે. એ ખ્યાલમાં આવી જાય કે આમ કહેવા માંગે છે. આહાહા! સમજાણું કાંઈ? અરે! એવી વાતું સાંભળવા મળે ઈ ભાગ્યશાળી કહેવાય. આવું પરમ સત્ય પરમાત્માનું. આહાહા !

जे जीव दरबरूप.. દ્રવ્ય એટલે વસ્તુ. પોતે ત્રિકાળ છે એનું પણ જ્ઞાન ધર્માત્માને હોય છે. અને परजायरूप—વર્તમાન અવસ્થા. મિથ્યાત્વનો નાશ થઈને સમકિત થયું. સમકિતનો પલટો ખાતી અવસ્થા, ચારિત્ર ને આગળ કેવળજ્ઞાન થશે. એવી પર્યાયનું પણ એને જ્ઞાન થયું. दोऊ नै प्रवांन.. બેય નયના અંશોનો વિષય સત્ય છે. ત્રિકાળ પણ સત્ય છે ને અવસ્થા પણ સત્ય છે. સમજાણું કાંઈ ? दोऊ नै એટલે બે નય. નય એટલે જ્ઞાન. જ્ઞાનના અંશો બે—એક ત્રિકાળી ધ્રુવને જાણે અને એક અવસ્થાને જાણે. બેય નય સત્ય છે. કૂટસ્થ જ આત્મા છે એમ નથી. કૂટસ્થ હોય તો કાર્ય થાય નહીં. કાર્ય થાય છે એ દશામાં થાય છે. ધ્રુવ તે કૂટસ્થ છે અને જેનો બદલો થાય છે એ પર્યાય છે. સમજાણું કાંઈ ? આરે આ ! અણઅભ્યાસીને (કઠણ) ચીજ લાગે જાણે. બેય નય પ્રમાણ છે એમ કહે છે.

वस्तु सुद्धता गहतु हैं.. બેય નયને જાણે, છતાં ત્રિકાળી શુદ્ધને જ તે અનુભવે છે. ગહૈ—એને જ પકડે છે, એમ કહે છે. जिन जीवोंने द्रव्यार्थिक और पर्यायार्थिक दोनों नयोंके द्वारा पदार्थका स्वरूप समझकर आत्माकी शुद्धता ग्रहण की है, દેખો. આત્મા ત્રિકાળ નિત્ય પણ છે અને અવસ્થા બદલે પણ છે. બેય પ્રમાણજ્ઞાનમાં લઈને શુદ્ધતા પકડી છે. આહાહા ! जे असुद्ध भावनिके त्यागी भये सरवथा, દેખો. આહાહા ! આત્મા

સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ અને વર્તમાન બદલતી પર્યાય—અવસ્થા, બેયને જાણતો પણ શુદ્ધને પકડે છે. અશુદ્ધ જે ભાવ... આ ગ્રહે છે ને આ છોડે છે એમ કહે છે. એ પુણ્ય ને પાપના ભાવ એ અશુદ્ધ છે. એને त्यागी भये.. સર્વથા ત્યાગી છે એનો. આહાહા! શું કહ્યું સમજાણું?

ધર્મી થતા ધર્માત્માને ત્રિકાળી દ્રવ્ય—વસ્તુ છે એનું પણ જ્ઞાન છે અને એ જ્ઞાન પલટો ખાય છે અવસ્થામાં એ પણ એને ભાન છે. એમ ભાન હોવા છતાં ત્રિકાળી શુદ્ધને અનુભવે છે. શુદ્ધ ત્રિકાળી શુદ્ધ પર એનું જોર છે અને અશુદ્ધનો ત્યાગી છે. વિકલ્પ ઉઠે એનો ત્યાગ છે અર્થાત્ વસ્તુના શુદ્ધતાના અનુભવમાં અશુદ્ધતાની ઉત્પત્તિ થતી નથી. આહાહા! પુણ્ય ને પાપનો ભાવ બેય અશુદ્ધ છે અને એ ક્ષણિક છે. અને ત્રિકાળી ભાવ શુદ્ધ આત્મા પવિત્ર શુદ્ધ છે. બેયનું જ્ઞાન હોવા છતાં શુદ્ધને ગ્રહે છે અને અશુદ્ધતાને છોડે છે. આનું નામ ધર્મ ને ધર્મી કહેવાય છે. સમજાણું કાંઈ? અશુદ્ધતાને જાણે તો છે, એમ કહે છે. જાણીને છોડે છે.

जे असुद्ध भावनिके त्यागी भये सरवथा.. આહાહા! કથંચિત પુણ્યપરિણામ આદરણીય છે, છોડવા જેવા નથી, એમ નહીં. આહાહા! ધર્મી જીવને પોતાના આનંદના નિધાનની લક્ષ્મીનું ભાન થયું, એથી તે આનંદને વેદે ને આનંદને ગ્રહે છે. અને અશુદ્ધતાને છોડે છે એટલે કે અશુદ્ધતા તેને ઉત્પન્ન થતી નથી. આહાહા! विषेसौं विमुख ह्वै विरागता बहतु हैं.. ધર્મીને તો વિષયની વાસનાથી તો વૈરાગ્ય છે. વાસના હો, પણ અંદરથી વૈરાગ્ય છે. આહાહા! સમજાણું કાંઈ? विषेसौं विमुख ह्वै विरागता बहतु हैं.. એ વૈરાગ્યપણાને વહે—પરિણમે છે. એ રાગપણે પરિણમતો (નથી). પરિણમતો નથી એટલે રાગની અવસ્થાપણે થતો નથી.

जे जे ग्राह्यभाव त्यागभाव दोऊ भावनिकौं, अनुभौ अभ्यास विषै एकता करतु हैं.. શુદ્ધ આનંદ તે ગ્રહવાલાયક છે અને અશુદ્ધતા છોડવાલાયક છે. બેયને એક-સા જાણે છે એટલે બેયને જાણે છે, એમ. એનું (સ્વરૂપ) છે એવું જાણે છે. આહાહા! જેવું સ્વરૂપ જે ત્રિકાળ ધ્રુવનું શુદ્ધ ગ્રહે એને જાણે અને અશુદ્ધતા છોડે એને પણ જાણે છે. જાણવામાં બેય વસ્તુ છે. तेई ग्यान क्रियाके आराधक सहज मोख.. જુઓ, આ ક્રિયા આવી. એ આત્માના સ્વરૂપનું જ્ઞાન થવું અને રાગની ક્રિયાનો એમાં અભાવ થવો એ 'ज्ञानक्रियाभ्यां मोक्ष.' सहज मोख मारगके साधक अबाधक महतु हैं.. એને વિઘ્ન કરનાર કોઈ છે નહીં. કર્મ બાધા છે નહીં. ભગવાન આત્મા પોતાની પુંજી અનંત આનંદ આદિની પ્રતીત જ્યાં હાથ આવી એને કોઈ બાધા કરનાર છે નહીં. પોતાની પૂર્ણદશાને પ્રાપ્ત કરશે, એનું નામ મુક્તિના સાધક કહેવાય છે. (પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૭૧, આસો સુદ ૬, શનિવાર તા. ૨૫-૯-૧૯૭૧
## સાધ્ય-સાધક દ્વાર પદ ૩૮ થી ૪૧ ઉપર પ્રવચન

સમયસાર નાટક. સાધક, મોક્ષની પર્યાયનો સાધક કોને કહેવો એ વાત ચાલે છે. સંસાર ચોર્યાશીના અવતારનું કારણ જે મિથ્યાત્વ છે એનો સાધક મિથ્યાદષ્ટિ એ સંસારને સાધે છે. જેને આત્માની પૂર્ણ આનંદની પર્યાયરૂપ સિદ્ધની સિદ્ધિ એની જે વડે પ્રાપ્તિ થાય એને ઉપાય અથવા સાધક કહે છે. એ સાધકની વ્યાખ્યા છે. આ લોકો એમ કહે છેને કે જ્ઞાન ને ક્રિયા બે હોય તો મુક્તિ—મોક્ષ થાય. હવે કઈ ક્રિયા અને કયું જ્ઞાન, એ વાત આ શ્લોકમાં આવે છે. જ્ઞાન અને ક્રિયા બે જોઈએ. વાત સાચી, પણ કઈ ક્રિયા અને કયું જ્ઞાન? આહા! ज्ञान-क्रियाका स्वरूप.

જ્ઞાનક્રિયાનું સ્વરૂપ (દોહરા)

विनसि अनादि असुद्धता, होइ सुद्धता पोख।
ता परनतिको बुध कहैं, ग्यान क्रियासौं मोख॥३८॥

**શબ્દાર્થ** :—વિનસિ=નષ્ટ થઈને. પોખ=પુષ્ટ. પરનતિ=ચાલ.

**અર્થ** :—જ્ઞાનીઓ કહે છે કે અનાદિકાળની અશુદ્ધતા નષ્ટ કરનાર અને શુદ્ધતાને પુષ્ટ કરનાર પરિણતિ જ્ઞાનક્રિયા છે અને તેનાથી જ મોક્ષ થાય છે. ૩૮.

**अर्थ** :—ज्ञानी लोग कहते हैं कि अनादिकालकी अशुद्धताके नष्ट होने और शुद्धताके पुष्ट होनेकी परिणति ज्ञानक्रिया है और उसीसे मोक्ष होता है॥३८॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

દેખો. સર્વજ્ઞ ભગવાન અથવા જ્ઞાની એ જ્ઞાન અને એ ક્રિયાને મોક્ષ કહે છે કે विनसि अनादि असुद्धता.. રાગ-દ્વેષની અશુદ્ધતા ટળે એ ક્રિયા. અશુભભાવ ટળે અને શુભ થાય એ ક્રિયા, એ નહીં. છે? જુઓ. विनसि अनादि असुद्धता.. અનાદિ(થી) જે રાગ અને પુણ્યને પોતાના માનતો હતો એવો જે મિથ્યાત્વભાવ એવી જે અશુદ્ધતા, એ સ્વભાવનું જ્ઞાન કરીને અશુદ્ધતાનો નાશ થયો. અને होइ सुद्धता पोख.. જેમાં વીતરાગી નિર્મળ દશાનું પોષણ થાય તેને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ज्ञानी लोग कहते हैं कि अनादिकालकी अशुद्धताके नष्ट होने और शुद्धताके पुष्ट होनेकी परिणति... વસ્તુ જે ત્રિકાળ શુદ્ધ અને પવિત્ર જ્ઞાયકભાવ એની અનુભૂતિ

થવી, એનો અનુભવ થવો એને શુદ્ધતાનું પોષણ કહેવામાં આવે છે. એ શુદ્ધતાનું પોષણ અને અશુદ્ધતાનો નાસ્તિભાવ એને અહીંયા ધર્મનો સાધક કહેવામાં આવે છે. આહા! કહો, મૂલચંદભાઈ! આ ક્રિયા, રાગ ને પુણ્યની ક્રિયા ન આવી આમાં. વ્યવહાર હો, પણ એ કંઈ સાધકનું સ્વરૂપ નથી. એ તો બાધક વચમાં વિઘ્ન છે. આહા! ક્રિયા એને કહીએ કે જે આત્મા જ્ઞાનસ્વભાવ વસ્તુ છે એના સ્વભાવની સન્મુખ થઈને જ્ઞાન અને રાગની દશાનો અભાવ. આ વસ્તુના સ્વરૂપનું જ્ઞાન અને રાગની ક્રિયાનો અભાવ એ ક્રિયા. એ 'ज्ञानक्रियाभ्यां मोक्ष.' આહાહા! સમજાણું કાંઈ? કહો, પંડિતજી! આમાં વ્યવહાર ક્યાં આવ્યો? દયા-દાન ને વ્રતનો વ્યવહાર તો આવ્યો નહીં આમાં ? (શ્રોતા : વ્યવહાર તો બાધક હૈ.) બાધક હૈ?

૯૦ની સાલમાં ચોટીલા હતા. ૯૦, ૯૦. સદરમાં આવ્યું હતુંને ભાઈ ચોમાસું. ૯૦. ૯૦ની સાલ. ૧૯૯૦. (શ્રોતા : ૩૫ વરસ). ઈતના વરસ. તો ત્યાં સ્થાનકવાસી સાધુ થા ગુલાબચંદજી. રતનચંદજી શતાવધાનીના ગુરુ ચોટીલામાં હતા. એમાં અમે ઉતર્યા. એમાં જ હતાને ત્યારે તો. પછી વ્યાખ્યાન આપ્યું. ઘણાં માણસો... પોતે બિચારા સાંભળવા આવેલા. સાંભળો તો ખરા કે આ શું કહે છે આ? સાંભળ્યું. બહાર વ્યાખ્યાન આપ્યું. અપાસરામાં તો માણસ સમાય નહીં. તે બપોરે વાત થતાં ચર્ચા થઈ. ભઈ, આ જ્ઞાન અને ક્રિયા—બે મોક્ષનું કારણ કહે છે ને? એમની ૫૫ વર્ષની દીક્ષા. ૫૫. મોટી ઉંમર હતી. ગુલાબચંદજી હતા. રતનચંદજીના ગુરુ. પછી તો ઘણા વરસે ગુજરી ગયેલા. ૭૫-૮૦ વર્ષની દીક્ષા. મોટી ઉંમરમાં...

એને (એમ) કે આમ કેમ? મેં કીધું, કઈ જ્ઞાન ને ક્રિયા? કહે, આ જ્ઞાન કરવું શાસ્ત્રનું અને આ મહાવ્રત ને રાગની ક્રિયા કરવી એ. એમ અમે તો માનીએ છીએ અત્યાર સુધી. અપાસરામાં. મુહપત્તી સહિત હતાને એ વખતે. કીધું, એમ નહીં. એમના શિષ્ય તો મોટા શતાવધાની હતા. સ્થાનકવાસીમાં લીંબડી સંપ્રદાયમાં. ત્યારે? એ આત્માનું જ્ઞાન—આત્મા કોણ છે એનું જ્ઞાન, કેવો છે એનું જ્ઞાન. અને રાગનો અભાવ-અશુદ્ધતાનો અભાવ એ ક્રિયા છે, કીધું. અરે! વાત તો કહે સાચી લાગે છે હોં. ભાઈ! એમ કહ્યું. વાત તો સાચી લાગે પણ આવા અર્થ ક્યાંથી થાય? બધા (બીજા અર્થ) કરે છે એમાંથી ..... ... મૂલચંદભાઈ! કેમકે જ્યાં આત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એની જ્યાં સન્મુખ થયો એટલે વિભાવનો એટલો અભાવ થયો. ત્યાં શુદ્ધતાની પુષ્ટિ અને વિભાવનો અભાવ. એ શુદ્ધતાની પુષ્ટિ એ જ્ઞાન અને વિભાવનો અભાવ એ ક્રિયા. એ જ્ઞાન-ક્રિયાથી મુક્તિ છે. મૂલચંદભાઈ! ત્યારે શું અત્યાર સુધી આ માંડ્યું બધું? જુઓ, છે અંદર?

विनसि अनादि असुद्धता.. ૩૮ (પદ). આ અત્યારે મોટો ઝઘડો છે એનો ખુલાસો છે આ. આહા! બધાને વાંધા. ક્યાં ગયા દામોદરભાઈ આવ્યા છે? નથી આવ્યા. દામનગરવાળા. અમદાવાદવાળા. નહીં તો સવારે તો હોય. એ કહે, ઔદાયિક વાત થઈ. આ ઓલા સાથે વાત થઈ. આ ઓલા અમરચંદજી આવે છે ને. અમરચંદ, નહીં? વળા પાટિયાપરવાળા. પાટિયાપર શું કહેવાય? .... અમારે તો ... ઉમરાળા પાસે અને પાટિયાપર (પાલેજ) પાસે. ઓલા પાલેજ પાસે. ....ન્યાં એક પાટિયાપર છે. જસદણ ને ......ની વચ્ચે. અહીંયા પછડી ગામને સાત માઈલ આઘું છે. એ એને ત્યાં મળ્યા હશે હમણાં. એ કહેતા હતા હમણાં. જંગલ ગયાને સાથે સાથે. કહે, આ પહેલી ક્રિયા બધી આ ક્રિયા કરવી એ સાધન છે અને એનાથી પછી ધર્મ થાય નિશ્ચય. (શ્રોતા : કેટલા વર્ષની મુદતે થાય?) એ મુદત, મુદત કાંઈ નહીં. આહાહા! દામોદર કહે, ભઈ, એ વાત તમને બેસતી નથી. એમ છે નહીં. સમજાણું કાંઈ? ક્યાં ગયા ક્યાં દામોદર? પાલીતાણે? સવારે આપણે દિશાએ ગયાને ત્યારે સાથે હતા. એણે કીધું, આ ક્રિયા અને એમ કંઈ.. કીધું, બધી દુનિયા આખી કહે છે. માર્ગ આ છે, જાદવજીભાઈ!

આ આત્મા વસ્તુ છે. છે કે નહીં? એ આનંદ ને જ્ઞાનની મૂર્તિ આત્મા છે. એનું જ્ઞાન કરવું. એનું જ્ઞાન અંદર સન્મુખ થઈને સ્વસંવેદન થવું. અને જ્યારે આ સ્વ થયું એટલે અશુદ્ધતાનો નાશ થાય. અસ્તિપણે પૂર્ણ આત્મા એનું જ્ઞાન થયું, અશુદ્ધતાનો નાશ થયો એ ક્રિયા છે. હૈ ઉસમેં? આ લોકોને ભારે કઠણ પડે છે. આ અમારા સાધન છે. મહાવ્રત લીધા, નાગા થયા, સાધુ થયા, એ સાધન છે, ક્રિયા છે. (શ્રોતા : ગ્રહણ-ત્યાગ સાચો છે). આ ગ્રહણ-ત્યાગ સાચો. ઠીક હવે તો ઠેકાણે આવે છે હવે. પણ એનું કાંઈ નહીં. છેડો સારો એનું બધું સારું. ગયો કાળને સંભારવો નહીં. આહાહા! ભાઈ! વસ્તુ તો આ છે એને પહેલી શ્રદ્ધામાં તો લે. ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ એ તો છે. હવે એ જ્ઞાનની ક્રિયા જે એકાગ્ર થઈને થાય, એમાં રાગનો અભાવ થઈને જ્ઞાનની એકાગ્રતા એને આંહીં ક્રિયા કહેવામાં આવે છે. આ માર્ગ છે. 'બનારસીદાસે' એમ કહ્યુંને, નહીં? ઉપાદાન-નિમિત્તમાં, નહીં? બંને ચાર.. શિવ ચાર... ત્યાં આવે છે ને? .... નહીં? ક્યાં ગયું ? છે એમાં ? દોહા, દોહા. ૪૭ દોહામાં આવે છે ને. ઉપાદાન-નિમિત્ત. આમાં છે?

(શ્રોતા : જ્ઞાનનયન અને ક્રિયાચરન). હા. એ ज्ञाननयन क्रियाचरन दोऊ सिवमगधार. એ આ પ્રમાણે જ કહ્યું છે બનારસીદાસે. બસ એ જ છે. એમણે ઓલા ઉપાદાન-નિમિત્તમાં નાખ્યું જુદું અને આણે આ બનાવ્યું છે આ 'કળશટીકા'માંથી. આ 'કળશટીકા'માંથી. સમજાણું? 'યોગસાર'માં આવે છે કે નહીં ? આ સજ્જાય ૨૦મો.

'યોગસાર'માં એ કહે છે. આમાં યોગસાર નથી? .... છ ઢાળા. યોગસાર નથી? 'યોગસાર'માં આવે છે. 'યોગસાર'. આપણે આ સજ્જાય ચાલે છેને આ યોગસારની. ત્યાં એના ઉપાદાન દોહા સાથે આવે છે ભેગા. ૪૭ ને ૭ = ૫૪. ને આ ૧૦૮. એમ ત્યાં સજ્જાય ચાલે છે ને. ...

અનાદિકાલકી અશુદ્ધતા નષ્ટ હોય. મલિનતાના પરિણામ નાશ થાય એ ક્રિયા. જુઓ, આ બનારસીદાસનું છે. ત્યાં એક આવ્યું હતું ને. 'ગુરુ ઉપદેશ નિમિત્ત બિન ઉપાદાન બહુ હીન, જ્યોં નર દૂજે પાવ બિન ચલવેકો આધીન.' બે પગ વિના કાંઈ એક પગે ચલાય? જો કે એક પગવાળા માણસ હોય છે. ૫૬ ઓલા અંતર્દ્વીપમાં. એક પગ ને એક ટાંગાવાળા ને. ૫૬ અંતર્દ્વીપમાં આવે છે શાસ્ત્રમાં. આ ૩૦ અકર્મભૂમિના અને ૫૬ એ. ૯૬ છે ને. એ એક ટાંગાવાળા, જાણે વાઘ જેવા મોઢાં, કૂતરા જેવા, વાંદરા જેવા મોઢાં એમાં. હા. મૂંગા હોય. કાન મોટાં. એવા મોટાં કાન કે એક કાન હેઠે પાથરે ને એક કાન માથે ઓઢે એટલા કાન મોટા લાંબા. હા, એ ૫૬ અંતર્દ્વીપ છે. સિદ્ધાંતમાં છે ને. 'ત્રિલોકસાર'માં છે. આજે જરી જોયું હતું. મારે તો ઓલું જોવું હતું. આ સ્થળનું. પણ એમાં ન નીકળ્યું. પુસ્તકમાં ન નીકળ્યું.

એક એમાંથી નીકળ્યું કે પહેલી નરકમાં છ આરામાંથી છઠ્ઠા આરા જેવો કાળ છે. એવું એક નીકળ્યું આમાં. અને સ્વર્ગમાં પહેલા આરા જેવો કાળ છે. એટલું આ બપોરે વાંચ્યું. મહાવિદેહમાં ચોથા આરા જેવો કાળ છે. આરા નથી. આરા નથી, પણ ચોથા આરા જેવો કાળ. પહેલી નરકમાં છેલ્લા છઠ્ઠા આરા જેવો કાળ અને સ્વર્ગમાં પહેલા આરા જેવો કાળ, એવો છે પાઠ. શું કીધું? (શ્રોતા : પહેલા આરા જેવો સ્વર્ગમાં). સ્વર્ગમાં કાળ, એમ. પહેલો આરો નહીં, એના જેવો. અને નરકમાં છેલ્લા છઠ્ઠા આરા જેવો કાળ. (શ્રોતા : બધાય નરકમાં?) બધાયમાં. સાતેય નરક. સાતેય નરક. બધા સ્વર્ગ. બે દ્વાર છે. 'ત્રિલોકસાર'માં છે.

આંહીં તો કહે છે, 'હૂ જાનુ થા એક હી ઉપાદાન સો સાર. ટકે સહાય પૌન બિન પાની માંહી જહાજ.' પવન ન હોય તો એકલું પાણીમાં જહાજ ચાલે (નહીં). બે જોઈએ. ત્યારે ઉત્તર આપે છે કે ज्ञाननयन क्रियाचरन दोऊ सिवमगधार. આ જે અત્યારે ચાલે છે એ. વસ્તુ ભગવાન આત્માનો અંતર જ્ઞાન અને રાગ વિનાની સ્થિરતા એ ક્રિયા दोऊ सिवमगधार. બેય મોક્ષનો માર્ગ છે આવો. બનારસીદાસે એ ઉપાદાન-નિમિત્તમાં નાખ્યું છે. આ સાધકમાં નાખ્યું. उपादान निश्चय जहां तहां निमित्त व्यवहार, લ્યો. કહે છે કે જ્ઞાનનું સ્વરૂપ આત્માનું અંતરમાં ભાન થયું, અને રાગનો અભાવ એ જ્ઞાનક્રિયા એ

નિશ્ચય. અને એના પ્રમાણમાં ત્યાં રાગની મંદતા આદિનો ભાવ હોય એ નિમિત્ત. તો આ જ્ઞાન (ને) ક્રિયા. આ બે એનાથી મુક્તિ થાય. નિમિત્તથી ન થાય. उपादान निश्चय जहां तहां निमित्त व्यवहार, એમ કહે છે.

ચૈતન્યસ્વરૂપની શુદ્ધતા સન્મુખ થઈને જે નિર્મળતા પ્રગટે અને રાગ વિનાની સ્થિરતા થાય, એ જ્ઞાન અને ક્રિયા. એનું નામ મુક્તિનો માર્ગ. આવો જ્યાં નિશ્ચય હોય ત્યાં ભૂમિકા(ના) પ્રમાણમાં રાગની મંદતાનું નિમિત્તપણું હોય. છે ને ? ઉપાદાન નિશ્ચય જહાં તહાં.. એટલે ત્રણે નાખ્યું. જ્ઞાન, ક્રિયા અને નિમિત્ત એ પણ નાખ્યું. સમજાણું કાંઈ? નિમિત્ત એ વ્યવહાર, પણ એ નિમિત્ત મુક્તિનું કારણ નહીં. એમ છે. તેથી કહ્યુંને. ज्ञाननयन क्रियाचरन दोऊ सिवमगधार, उपादान निश्चय जहाँ तहाँ निमित्त व्यवहार. એની રાગની ક્રિયા છે એ નિશ્ચયમાં ન નાખી. રાગના અભાવની સ્થિરતા એ ક્રિયા, એ મુક્તિનું કારણ. અને રાગ બાકી રહ્યો એ નિમિત્તમાં નાખ્યું. એ બંધનું કારણ, એ મુક્તિનું કારણ નહીં એમ સિદ્ધ કર્યું. 'બનારસીદાસ.' આપણે ચાલે છેને સ્વાધ્યાય. આવા તો ગૃહસ્થાશ્રમમાં ખુલાસા કરી ગયા છે બનારસીદાસ. સમજાણું કાંઈ? આ પણ બનારસીદાસનું છે. એ બનારસીદાસનું છે. આ એમનું છે. 'સમયસાર નાટક' એમનું છે ને. તો શબ્દ એના એ જ આવ્યા.

विनसि अनादि असुद्धता.. ધર્મીને તો અંદર અશુદ્ધતા તો નાશ થઈ ગઈ છે, કહે છે. એ થોડી બાકી રહી પણ એ એના અભાવમાં વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ? 'શ્રીમદ્'ને પ્રશ્ન કર્યો હતો કોઈ ભાઈએ કૃષ્ણનો. કૃષ્ણનો. શ્રીકૃષ્ણ ક્યાં છે? ત્યારે જવાબ આપ્યો કે શ્રીકૃષ્ણ આત્મામાં છે. વસ્તુ એમ જ છે. સ્થાન છે એ તો પરક્ષેત્ર છે અને દુઃખનો વિકલ્પ છે એ પણ પરવસ્તુ છે. એમાં જ્ઞાની છે જ નહીં. સમજાણું કાંઈ? ધર્મી જીવ તો પોતાનો આનંદ અને જ્ઞાનસ્વભાવ, રાગ વિનાનો ભાવ એમાં છે. વ્યવહારનું નિમિત્ત જે રાગ છે એમાં એ છે જ નહીં. આહાહા! ચોખ્ખી વાત ઘણી નિર્મળ પણ હવે ગૃહસ્થને આગ્રહ છે ને એટલે એને બેસવા દેતું નથી. એને મહાત્મ્ય આવતું નથી. આ પ્રભુ મોટો મહા એનું જ્ઞાન એટલે રાગનો એમાં અભાવ. એ જ્ઞાનક્રિયા, એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

તે દિ' એણે કબૂલ કર્યું હોં ભાઈ ગુલાબચંદજીએ. તે દિ' તો સ્થાનકવાસીમાં પાટે બેસતા હતા. બે વાત ચાલી હતી. એક(વાત). શાસ્ત્રમાં મૂર્તિ છે કે નહીં? કીધું, મૂર્તિ છે. કહે. આ વાત તો સાચી છે. મૂર્તિ છે. શિષ્યો જો શાસ્ત્ર વાંચશે તો અમને ગુરુ નહીં માને, એમ બોલ્યા હતા. શું કરે આમાં? રહેવાનું ઓલા સ્થાનકવાસીમાં. શાસ્ત્રમાં પ્રતિમા છે. ૩૨ સૂત્રમાં મૂર્તિ અને મૂર્તિપૂજા છે, કીધું. ત્યારે કહે, છે તો મનેય શંકા છે. ઓલા મૂળ

તો શિષ્ય વાંચશેને. શિષ્ય તો હુશિયાર હતાને રતનચંદજી. પંડિત હતા શતાવધાની. આ શિષ્યોને શંકા પડશે કે આ તો શાસ્ત્રમાં આવું છે અને આ લોકો આમ બીજું બોલે છે. તો અમારી જિંદગી શંકામાં ગઈ, એમ બોલતા હતા એ. જેઠાભાઈ! શુભભાવ નિમિત્ત તરીકે હોય છે પણ એ મુક્તિનું કારણ નથી. છતાં એ હોય છે. એ ન હોય એમ માને તોય મિથ્યાદૃષ્ટિ છે અને એને મુક્તિના કારણમાં ખતવે તોય મિથ્યાદૃષ્ટિ છે. કહો, સમજાય છે કાંઈ?

ता परनतिको बुध कहैं.. પરિણતિની વ્યાખ્યા કરી—ચાલ. સાધક અવસ્થા કહ્યો છે ને. આત્માની ચાલ. આત્મા મોક્ષ તરફ ચાલે છે, એમ. આત્મા પૂર્ણ આનંદની દશા તરફ ગમન કરે છે. ઉપાય છે ખરોને. સાધક છે ને. ચાલે છે ને એ. એક પંથ ચાલે ત્યારે પંથમાં પૂરો થાયને એને, એમ. એટલે આત્મા પોતાના નિજસ્વરૂપ આનંદ અને જ્ઞાનમાં ચાલે છે એ, ગતિ કરે છે, પરિણમે છે. અશુદ્ધતા અભાવ અને શુદ્ધતાની અસ્તિ એની ચાલમાં છે સાધકજીવ. કહો, સમજાણું કાંઈ? એના એ માર્ગમાં છે. આહાહા! અરે! એના સ્વભાવમાં એનો મુક્તિનો માર્ગ સ્વભાવની દશાથી હોય. કારણકે મુક્ત સ્વભાવ પૂર્ણ સ્વભાવ છે. તો પૂર્ણ સ્વભાવનું કારણ પણ સ્વભાવની દશા જ હોય. વિભાવદશા પૂર્ણનું કારણ હોય? મૂળ વાત તો ઘણી સીધી અને સરળ છે. દેવીલાલજી ! આ તો બે ને બે ચાર જેવા છે. હવે એમાં કાંઈ... આહાહા! ભલે બીજું જ્ઞાન થોડું હો, પણ એને આ દૃષ્ટિમાં તો બેસવું જોઈએને અંદર અનુભવમાં. સમજાણું કાંઈ?

અશુદ્ધતાનો અભાવ. આપણે એક કળશમાં અશુદ્ધતાનો અભાવ નાખ્યો છે 'સમયસાર'માં. આ 'ज्ञानक्रियाभ्यां मोक्ष' છેને ભાઈ. એ છેને અંદરમાં. 'ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्री' એનો અર્થ જયચંદ પંડિતે શુભ વિકલ્પ નાખ્યો છે ત્યાં. સમજાણું કાંઈ? એના કરતાં આ સ્પષ્ટ છે. અને એમાં આ બનારસીદાસનો જે શ્લોક છે એમાં તો ઘણું સ્પષ્ટ છે. કે આત્મા પોતાનો શુદ્ધ સ્વભાવ એનું જ્ઞાન અને રાગનો અભાવ એ सिवमगની ક્રિયા. શિવમાર્ગ—મોક્ષમાર્ગની એ ક્રિયા અને એ એની ચાલ. એનું ચાલવું એમાં છે. એનું ચાલવું રાગમાં અને નિમિત્તમાં નથી. આહાહા! સમજાણું કાંઈ?

ता परनतिको बुध कहैं.. જ્ઞાની ધર્માત્મા તો આવી ચાલ હોય, જેમાં શુદ્ધતાની દૃષ્ટિ અને અશુદ્ધતાનો અભાવ એવી જે ચાલ હોય, પરિણતિ હોય એને મોક્ષનો માર્ગ કહે છે. ग्यान क्रियासौं मोख, લ્યો. એ જ્ઞાન ને ક્રિયાથી મુક્તિ. આમાં તો સાદી ભાષા છે. સમજાય છે કાંઈ? આમાં કોઈ બહુ સંસ્કૃત વ્યાકરણ ભણ્યો હોય ને પલાખા-બલાખા બહુ આવડતા હોય સંસ્કૃતના ને વ્યાકરણના તો સમજે, એવી આ વાત નથી કાંઈ. એમાં સંસ્કૃત વ્યાકરણની ભાષાય ક્યાં છે અને એનું જ્ઞાન એ સંસ્કૃત ભાષા તરફનું જ્ઞાન એ

વસ્તુમાં ક્યાં છે? આહાહા! આ સાધકની વ્યાખ્યા. ધર્મનો ધરનાર અને મોક્ષનો સાધક આવો હોય. ग्यान क्रियासौं मोख, લો. परनतिनो અર્થ ચાલ જ કર્યો. परनति. परनति. सम्यक्त्वसे क्रमशः ज्ञानकी पूर्णता होती है, લો. ૩૯-૪૦.

સમ્યક્ત્વથી ક્રમે ક્રમે જ્ઞાનની પૂર્ણતા થાય છે (દોહરા)

जगी सुद्ध समकित कला, बगी मोखमग जोइ।
वहै करम चूरन करै, क्रम क्रम पूरन होइ॥३९॥

जाके घट ऐसी दसा, साधक ताकौ नाम।
जैसै जो दीपक धरै, सो उजियारौ धाम॥४०॥

**અર્થ :**—સમ્યગ્દર્શનનું જે કિરણ પ્રગટ થાય છે અને મોક્ષના માર્ગમાં ચાલે છે તે ધીરે-ધીરે કર્મોનો નાશ કરતું પરમાત્મા બને છે. ૩૯. જેના ચિત્તમાં આવા સમ્યગ્દર્શનના કિરણનો ઉદય થયો છે તેનું જ નામ સાધક છે, જેમ કે જે ઘરમાં દીપક સળગાવવામાં આવે છે તે જ ઘરમાં અજવાળું થાય છે. ૪૦.

**अर्थ :**—सम्यग्दर्शनकी जो किरण प्रकाशित होती है और मोक्षके मार्गमें चलती है वह धीरे धीरे कर्मोंका नाश करती हुई परमात्मा बनती है॥३९॥ जिसके चित्तमें ऐसी सम्यग्दर्शनकी किरणका उदय हुआ है उसीका नाम साधक है, जैसे कि जिस घरमें दीपक जलाया जाता है उसी घरमें उजेला होता है॥४०॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આરે! સાદી ભાષામાં કેટલું નાખ્યું! जगी सुद्ध समकित कला.. સમ્યગ્દર્શનની કિરણ પ્રકાશિત થઈ. આહા! નિર્વિકલ્પ ચૈતન્ય પૂર્ણ સ્વરૂપનું નિર્વિકલ્પ પર્યાયથી ભાન થયું, એ સમકિતનું કિરણ ઉગ્યું. સમજાણું કાંઈ? આહાહા! जगी सुद्ध समकित कला.. જાગી શુદ્ધ સમકિતની કળા નામ પર્યાય. કળા છે ને આ. હવે આવશે. 'નિયમસાર'માં શ્લોકમાં આવશે હવે. શ્લોક આવશે કળશ એમાં આવશે. 'જ્ઞાનકળા.' પહેલા એક આવી ગયો શ્લોક. પણ આમાંય આવશે. અને 'સમયસાર'માં છે. ત્રણ ઠેકાણે કળશમાં.

जगी सुद्ध समकित कला.. આ સાધન. સાધકનું આ સાધન. વસ્તુ ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એની અંતરમાં દૃષ્ટિ અને એકરૂપતાની એકાગ્રતા એને સમકિત કહેવામાં આવે છે. રાગમાં એકાગ્રતા તેને મિથ્યાત્વ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? દુનિયાને તો આમ હો-હા બહારનું જોઈએ છે ને. માણસ ઝાઝા ભરાય. એનું થઈ જાય અભિમાન કે, આહાહા.. આપણા આટલા આટલા માનનારા. કોને માને ને કોણ કરે?

ભાઈ! તને તારું માનવું છે. આહાહા! પરને ક્યાં માને ને કોણ માને? પોતાનો ભગવાન અનંત-અનંત ગુણનો રાશિ પ્રભુ ઢગલો એને માનવો, એ તેં તને માન્યું. અને ભગવાને જ્ઞાનમાં પણ તને માન્યો કે માન્યતા તારી સાચી છે. તેં જે માન્યું એ વાત સાચી છે. આહાહા!

बगी मोख मग जोइ.. મોક્ષના માર્ગ તરફ ચાલી ગતિ હવે. આહાહા! બગી કહે છેને ગાડીને, ઘોડાગાડીને. હા, એ બગી કહે છે બગી. આ હિન્દી ભાષા. બગી (એટલે) ચલી. सुद्ध समकित कला.. ભગવાન આત્મા પુણ્ય-પાપ ને શરીર વિનાની ચીજ છે. એક સમયની પર્યાયને અંતર વાળતા એ પર્યાયરહિત ચીજ એવી જે સમકિતકળા જાગી અને चली मोख मग जोइ.. मोक्षके मार्गमें चलती है પરિણતિ. वहै करम चूरन करै.. એ આનંદની પરિણતિ નિર્મળદશા, સમકિતની દશા, સમ્યગ્જ્ઞાન એ करम चूरन करै—એ કર્મનો નાશ કરે. ક્રિયાકાંડ, પંચમહાવ્રત આદિ વિકલ્પ તો બંધને કરે. સમજાણું કાંઈ? वहै करम चूरन करै.. એ વ્યવહાર સમજાવવો તો કેમ સમજાવે? કર્મ તો જડ છે. એને ક્યાં ચૂર્ણ કરવું છે? અશુદ્ધતાનો નાશેય ક્યાં કરવો છે? આંહીં તો શુદ્ધતામાં આવ્યો એટલે અશુદ્ધતાનો નાશ થઈ ગયો. વાત તો ટૂંકી છે, પણ હવે ઉપદેશની શૈલી ને પધ્ધતિ તો જેમ હોય એમ આવે. વાત આમેય સમજાવી છે.

क्रम क्रम पूरन होइ.. આનંદસ્વરૂપ ભગવાન આત્મા એની જે જ્ઞાનદશા જાગી અને શ્રદ્ધાકળા જાગી, એ ક્રમે ક્રમે મોક્ષ તરફ ચલી. ચાલી ગતિ. એ ક્રમે ક્રમે કેવળજ્ઞાનને પામશે, એમ કહે છે. क्रम क्रम पूरन होइ.. એ વીતરાગતા જે પ્રગટી એ ક્રમે ક્રમે પૂર્ણતાને પામશે. રાગ વચમાં છે એ પૂર્ણતાને પામશે, એમ નહીં. સમજાણું કાંઈ? એના ક્રમમાં હોય તો આ ક્રમ હોય. એ સમ્યગ્દર્શનની કળા પ્રગટી—પૂર્ણાનંદની પ્રતીત અનુભવ અને बगी मोख मग जोइ.. મોક્ષના પંથના કારણમાં એ પંથ કારણ છે તેના તરફ એ ગતિ કરી અંદર. वहै करम चूरन करै.. એ કર્મની નિર્જરા કરે, એમ કહે છે. પૂર્વનું જે હોય એને નિર્જરા કરે હવે, એમ કહે છે.

क्रम क्रम पूरन होइ.. ક્રમે ક્રમે પરમાત્મા બને છે. આત્માની કળા સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન, એ કળા વધીને પૂર્ણતાને પામે છે. કહો, આવો માર્ગ! પણ માણસને રુચે નહીં. એના ઘરના સ્વભાવનું મહાત્મ્ય છે આમાં. પણ આમાં મહાત્મ્ય નથી લાગતું. ઓલા વ્યવહારનું મહાત્મ્ય માળાને ગરી ગયું છે ને અનાદિથી. અને એમાં દુઃખ થશે તને. વર્તમાન દુઃખ છે અને દુઃખના ફળ તરીકે દુઃખ છે. આહાહા! ભાઈ! તારો સ્વભાવ તો અનાકુળ આનંદ નિજ તત્ત્વ છે. એનું જ્ઞાન ને શ્રદ્ધા ને એકાગ્રતા એ સમકિત ને જ્ઞાન છે. એ એકાગ્રતામાં રાગના અભાવનો ભાવ એ ક્રિયા છે. આહાહા! એ જ્ઞાન અને

રાગના અભાવની ક્રિયા क्रम क्रम पूरन होइ.. બીજ ઉગે એ પૂનમ થાય. બીજ ઉગ્યું આગળ. કહે, આગળ થોડા વ્રત લ્યો અને આ લ્યો. પણ વ્રત તે કંઈ બહારના હશે કે અંદરની કોઈક દશા છે? આહાહા! કહો, પંડિતજી.

આંહીં તો એ સ્વભાવ-સન્મુખની એકાગ્રતા વધતા વધતા પૂર્ણતાને પામે. વચમાં ભલે ઓલા વિકલ્પ ભૂમિકા પ્રમાણે આવે, એ તો નિમિત્તમાં—પરમાં ગયું. જેમ નિમિત્ત કાંઈ કરતું નથી, એમ વ્યવહાર કાંઈ મોક્ષના માર્ગને કરતું નથી. આહાહા! સમજાણું કાંઈ? નિમિત્ત બહારનું એને નિમિત્ત કહીએ ને વ્યવહારેય નિમિત્ત છે. થયુંને. આવી ગયુંને આપણે હમણાં. નિશ્ચય જ્યાં હોય ત્યાં નિમિત્ત વ્યવહાર. એ કડીમાં બધું સમાડી દીધું બનારસીદાસે. ત્રણ વાત નાખી દીધી. બધી ઘણી છે એમાં. હવે એનેય ઉડાવે છે માણસ. ભગવાન! પણ તને બેસતી નથી. તારા ઘરનું મહાત્મ્ય કહે છે એ તને બેસતું નથી અને ઘરથી બહાર નીકળેલો મહાત્મ્ય ઉડાડી દે તો કહે, ના, ના, એ નહીં. (શ્રોતા : .... દાખલો આપ્યો છે.) હા, આવ્યું છે ને. ...માં એમ ક્યાં છે? ઢીકળું ક્યાં છે? હવે આ તો દાખલો આપ્યો, સાંભળને !

एक चक्रसौ रथ चलै, रविकौ यही स्वभाव.. એની ભૂલ કાઢી. (શ્રોતા : એમ ક્યાં છે?) ખબર છે? બનારસીદાસની ભૂલ કાઢી ભાઈએ, રતનચંદજીએ. એ તો અન્યમતિનો દાખલો છે. ન્યાં ક્યાં એક ચક્ર છે? ચીજ સાબિત કરવા માટે એ દાખલો છે. એ દાખલાને તારે શું સિદ્ધ કરવું છે? આહા! દેવના... ઓલા કીધા નથી ભક્તામરમાં ? એના ગુરુ આવા હોય બૃહસ્પતિ, લ્યો. છે? એ તો દાખલો આપ્યો છે. આહા! ભક્તામરમાં છે. આંહીં તો સમ્યગ્દર્શન એ સંવર પ્રગટ્યું અને તેને કારણે અશુદ્ધતાનો અભાવ, એની સાથે નિર્જરા થઈ ગઈ. જ્ઞાન અને વૈરાગ્ય બે પ્રગટ્યા. જ્ઞાન સ્વરૂપનું અને વૈરાગ્ય એ રાગનો અભાવ. નિર્જરા અધિકારમાં આવે છે. ધર્મીને જ્ઞાન અને વૈરાગ્યની બે શક્તિ સાથે જ હોય છે. રાગથી ઉદાસ એ વૈરાગ્ય અને સ્વભાવના અસ્તિનું ભાન એ જ્ઞાન. આ બે છે. અરે! ભવ નીકળવાના પંથ છેને પ્રભુ. તને ન બેસે આ વાત, ભાઈ ! વિરોધ થાય છે સત્યનો. ભગવાન ભૂલે છે. ભગવાન ભૂલાવીશ. શરતે ચડી ગયો.

जाके घट ऐसी दसा, જુઓ. જેના ઘટમાં એવી આત્મસ્વભાવ તરફની દૃષ્ટિ અને રાગના અભાવની ક્રિયા, એવી જેના ઘટમાં આત્મદશા (હોય), साधक ताकौ नाम, લ્યો. આંહીં એમ કહે છે. આનું નામ સાધક. દયા કરે ને વ્રત પાળે ને પૂજા કરે તો સાધક, એમ ન કહ્યું આંહીં. સમજાણું કાંઈ? પોતાનો પવિત્ર સ્વભાવ એના તરફનો ઝુકાવ, રાગના તરફનો ઝુકાવ અભાવરૂપ થઈ ગયો. આહાહા! રાગ તરફનો ઝુકાવ એમાં મિથ્યાત્વભાવ હતો, સ્વભાવભાવનો અભાવ હતો. આમ ગુલાંટ ખાય છે વાત. સાધકમાં

પૂર્ણાનંદ આત્માનો સ્વીકાર અને રાગનો અભાવ. એ साधक ताकौ नाम, લ્યો. આને સાધક કહીએ. 'લાખ બાતકી બાત નિશ્ચય ઉર આનો'. આહાહા! 'તોરી સકલ જગ દ્વંદ ફંદ..' ભાઈ! તારા ઘરની વાતું છે હોં. મીઠો મહેરામણ છે ને પ્રભુ ! આહાહા! એને ઝેર દ્વારા અને ખાર દ્વારા એની પ્રશંસા કરવી (શ્રોતા : ન ચાલે) આહાહા! ઓલા કહે, પણ એ કરવું પડે કે નહીં વ્યવહાર? હા ભઈ, કરવું પડે એમેય કહેવાય, લેને સાંભળને. એ પરિણમે છે માટે. પણ એ વસ્તુ કોઈ મુક્તિનું કારણ નથી. એ બંધના પંથે ગતિ જાય છે ત્યાં. આહાહા! આવું પ્રત્યક્ષ પરમ સત્ય એનો પણ જ્યાં અંતરમાંથી વિરોધ આવે. ભાઈ ! શું થશે? આ પંથ મોક્ષને પામવાલાયક છે, એમ કહે છે.

जैसै जो दीपक धरै.. જે ઘરમાં દીવો મૂકાય, उजियारो धाम.. ત્યાં અજવાળું થાય. એ ઘરમાં उजियारो થાય. જ્યાં દીપક મૂકે ઘરમાં ત્યાં અજવાળું. એમ આત્મા સમ્યગ્દર્શન ને જ્ઞાન અને રાગનો અભાવ—એવું સમ્યગ્દર્શન થતાં જ્ઞાનનો ઉજાશ–ભાન યથાર્થ થઈ ગયું કે રાગ એ મારી ચીજ નહીં, આ વસ્તુ મારી ચીજ એમ ઉજાસ–પ્રકાશ થઈ ગયો અંદરથી. સમજાણું કાંઈ? છે ને? उजियारो धाम.. ધામનો અર્થ ઘર કર્યું. ઘરમાં દીવો પ્રગટ્યો, ઉજાસ થઈ ગયા. આહાહા! એમ પૂર્ણાનંદનો નાથ આત્મા એનું સમ્યગ્દર્શન, અનુભવ થયું, એના અંતરમાં ઉજાળા થઈ ગયા. રાગને જાણે, પર્યાયને જાણે, ગુણને જાણે, દ્રવ્યને જાણે. જાણવું.. જાણવું.. જાણવું. ઉજાળો થઈ ગયો, કહે છે. આહાહા! સમજાણું કાંઈ? सम्यक्त्वकी महिमा. પાંચમો કળશ. નીચે છે ને.

चित्पिण्डचण्डिमविलासिविकासहासः
शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः।

સુપ્રભાત ઘણી વાર બોલતા હતા. ત્યાં (સમયસારમાં) કેવળજ્ઞાન (એમ અર્થ) લીધું છે. આંહીં સમકિતને સુપ્રભાત (કહ્યું) આંહીં તો. ઉજાળો થઈ ગયોને.

आनन्दसुस्थितसदास्खलितैकरूप-
स्तस्यैव चायमुदयत्यचलार्चिरात्मा।।५।।

---

**સમયસાર કળશ અર્થ :**—''तस्य एव आत्मा उदयति'' (तस्य) પૂર્વોક્ત જીવને (एव) અવશ્ય (आत्मा) જીવપદાર્થ (उदयति) સકળ કર્મનો વિનાશ કરીને પ્રગટ થાય છે, અનંતચતુષ્ટયરૂપ થાય છે. વળી કેવો પ્રગટ થાય છે? ''अचलार्चिः'' સર્વ કાળ એકરૂપ છે કેવળજ્ઞાન-કેવળદર્શન તેજપુંજ જેનો એવો છે. વળી કેવો છે? ''चित्पिण्डचण्डिमविलासिविकासहासः'' (चित्पिण्ड) જ્ઞાનપુંજના (चण्डिम) પ્રતાપની (विलासि) એકરૂપ પરિણતિ એવું જે (विकास) પ્રકાશસ્વરૂપ તેનું (हासः) નિધાન છે. વળી કેવો છે? ''शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः'' (शुद्धप्रकाश) રાગાદિ અશુદ્ધ પરિણતિ મટાડીને થયેલો જે શુદ્ધત્વરૂપ પરિણામ તેની (भर) વારંવાર જે શુદ્ધત્વરૂપ

પરિણતિ, તેનાથી (निर्भर) થયો છે (सुप्रभातः) સાક્ષાત્ ઉદ્યોત જેમાં, એવો છે. ભાવાર્થ આમ છે કે જેમ રાત્રિસંબંધી અંધકાર મટતાં દિવસ ઉદ્યોતસ્વરૂપ પ્રગટ થાય છે, તેમ મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિ મટાડીને શુદ્ધત્વપરિણામે બિરાજમાન જીવદ્રવ્ય પ્રગટ થાય છે. વળી કેવો છે? ''आनन्दसुस्थितसदा-स्खलितैकरूपः'' (आनन्द) દ્રવ્યના પરિણામરૂપ અતીન્દ્રિય સુખના કારણે (सुस्थित) જે આકુળતાથી રહિતપણું, તેનાથી (सदा) સર્વ કાળ (अस्खलित) અમિટ (-અટળ) છે (एकरूपः) તદ્રૂપ સર્વસ્વ જેનું, એવો છે. ૫-૨૬૮.

સમ્યક્ત્વનો મહિમા (સવૈયા એકત્રીસા)

जाके घट अंतर मिथ्यात अंधकार गयौ,
भयौ परगास सुद्ध समकित भानकौ।
जाकी मोहनिद्रा घटी ममता पलक फटी,
जान्यौ जिन मरम अवाची भगवानकौ।।
जाकौ ग्यान तेज बग्यौ उद्दिम उदार जग्यौ,
लगौ सुख पोख समरस सुधा पानकौ।
ताहि सुविचच्छनकौ संसार निकट आयौ,
पायौ तिन मारग सुगम निरवानकौ।।४१।।

**શબ્દાર્થ :—**અવાચી=વચનાતીત. બગ્યૌ=વધ્યું.

**અર્થ :—**જેના હૃદયમાં મિથ્યાત્વનો અંધકાર નષ્ટ થવાથી શુદ્ધ સમ્યગ્દર્શનનો સૂર્ય પ્રકાશિત થયો, જેની મોહનિદ્રા દૂર થઈ ગઈ અને મમતાની પલકો ઊઘડી ગઈ, જેણે વચનાતીત પોતાના પરમેશ્વરનું સ્વરૂપ ઓળખી લીધું, જેના જ્ઞાનનું તેજ પ્રકાશિત થયું, જે મહાન ઉદ્યમમાં સાવધાન થયો, જે સામ્યભાવના અમૃતરસનું પાન કરીને પુષ્ટ થયો, તે જ જ્ઞાનીને સંસારનો અંત સમીપ આવ્યો છે અને તેણે જ નિર્વાણનો સુગમ માર્ગ પ્રાપ્ત કર્યો છે. ૪૧.

**अर्थ :—**जिसके हृदयमें मिथ्यात्वका अन्धकार नष्ट होनेसे शुद्ध सम्यग्दर्शनका सूर्य प्रकाशित हुआ, जिसकी मोहनिद्रा हट गई और ममताकी पलकें उघड़ पड़ीं, जिसने वचनातीत अपने परमेश्वरका स्वरूप पहिचान लिया, जिसके ज्ञानका तेज प्रकाशित हुआ, जो महान उद्यममें सावधान हुआ, जो साम्यभावका अमृतरस पान करके पुष्ट हुआ, उसी ज्ञानीके संसारका अन्त समीप आया है और उसने ही सुगम मार्ग पाया है।।४१।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जाके घट अंतर मिथ्यात अंधकार गयौ.. રાગમાં સુખબુદ્ધિ હતી એવો અંધકાર ગયો. આત્મામાં સુખ છે એમ પ્રકાશ થયો. जाके घट अंतर मिथ्यात अंधकार गयौ, भयौ परगास सुद्ध समकित भानकौ. સમકિતરૂપી સૂર્ય ઉગ્યો. સમજાણું કાંઈ? આ

ઓલા ભજનમાંય ગાતા નથી બાઈયું ? ગાય છે ને કાંઈક. 'સોના સમો રે સૂરજ ઉગ્યો.' એમ આ સમકિતરૂપી સોનું એનો સૂરજ પ્રકાશ્યો. આહાહા! ભગવાન ચૈતન્યબિંબ એનું જ્યાં ભાન (થયું), એ સૂર્ય પ્રકાશ્યો, કહે છે. समकित भानकौ.. એને સુપ્રભાત કીધી. એ મિથ્યાત્વ ગયો ને સમકિત થયું, એને પ્રભાત ઉગ્યો. સુપ્રભાત. આહાહા! જે પ્રભાત થઈ એ થઈ, આખો દિવસ પૂરો થવાનો. આહાહા! સંસારનો સુપ્રભાત ઉગતાં સાંજે અંધારા થઈ જાય. આ તો સુપ્રભાત આગળ જાતાં કેવળજ્ઞાન થઈ જાય, એમ કહે છે.

जाके घट अंतर मिथ्यात अंधकार गयौ.. પણ એ મિથ્યાત્વ કોને કહેવું એની ખબર ન મળે અને નાશ શી રીતે થાય? આપણે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે, બસ મિથ્યાત્વનો નાશ છે આપણે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માનવા, નવ તત્ત્વને ન માનવા એનું નામ મિથ્યાત્વ. આપણે માનીએ છીએ હવે, એમ અજ્ઞાની કહે છે. એમ નથી. આત્માને પૂર્ણાનંદ તરીકે ન સ્વીકારતા પુણ્ય ને પાપના રાગવાળો સ્વીકારવો અને એક પર્યાય જેટલો સ્વીકારવો એ મિથ્યાત્વનો અંધકાર છે. भयौ परगास सुद्ध समकित भान.. ભાન કીધુંને સૂર્ય. સમકિતરૂપી સૂર્ય ઉગ્યો. આહા! जाकी मोहनिद्रा घटी.. મોહરૂપી નિદ્રા ઘટી ગઈ. આહાહા! રાગમાં એકતા થઈને સૂતો હતો એ મોહની નિદ્રા ઘટી ગઈ. એ સમ્યગ્દર્શન—આત્માનું ભાન—અનુભવ થઈને જે પ્રતીત પ્રગટી, કહે છે, એની મોહનિદ્રા ઘટી. આહાહા! એકાંત પરમાં સાવધાન હતો એ સ્વમાં સાવધાન થયો. મોહનિદ્રા હટી. સમજાણું કાંઈ?

એક ઓલા કહેતા ભાઈ. કીધું હતુંને ન્યાં. એક ક્ષુલ્લક.... આદિસાગર આવતા. ક્ષુલ્લક એક ફેરી આવ્યા હતા. .... બિચારા બુદ્ધિ ઓછી હતી. ક્ષુલ્લક હતા. પણ એ ટૂંકુ કહેતા અહીંનું સાંભળ્યા પછી. એ કહે 'સ્વમાં વસ, પરથી ખસ, એ ટૂંકું ટચ. સ્વમાં વસ, પરથી ખસ, એ ટૂંકું ટચ.' પંડિતજી! આ તમારી ભાષામાં આતા હૈ. હિન્દી આતી હૈ કે નહીં? સ્વમેં વસ, પરસે ખસ. આ તમારી ભાષા કંઈક. એ ટૂંકું ટચ. આ બાર અંગનો સાર, કહે. ત્યારે ટૂંકામાં કહેવું હોય તો આ છે, કહે.

આ ભિલોડાના આવ્યા હતાને ભાઈ. ત્યાં મંદિર છે મોટું જૂનું. ભિલોડામાં બહુ જૂનું મંદિર. આ કેસરિયા જેવું મંદિર છે. કેસરીયાજી છે ને મંદિર એવું જ મંદિર આબેહૂબ એક જ જાત. .... ગયા હતા ત્યારે આવ્યા હતા, ત્યાં રહ્યા હતા ભાઈ. ભક્તિ કરી હતી ભિલોડામાં. બહુ મોટું મંદિર છે. કેસરીયાનું મંદિર જેવું જ મંદિર છે. આવ્યા હતાને હમણાં ભાઈ. એનું નામ શું હતું? ડાહ્યાભાઈ. એને વાંચન 'શ્રીમદ્'નું ઘણું. એ કહેતા હતા કે આદિસાગર આમ કહેતા હતા. આપણે બહુ ન જાણીએ કે મહારાજ કહે

છે શું. સ્વમાં વસ અને પરથી ખસ, જાઓ. રાગથી ખસ અને સ્વભાવમાં આવી જા. એ ટૂંકું ટચ. એ ટૂંકું ને ટચ બેય સાથે આવેને. ઓલા સાથે આવ્યું. વસ, ખસ ને ટચ. શબ્દેય થોડા. ભાવ મોટા. આહાહા!

કહે છે, પોતામાં જ્યાં આવ્યો સ્વ-વસ્તુમાં, સમકિત ભાન પ્રગટ્યું. जाकी मोह निद्रा घटी.. પરમાં સાવધાનપણું ઘટી ગયું, એમ કહે છે. ममता पलक फटी.. ममताकी पलकें उघड़ पड़ीं. એટલે મમતાની પલક નાશ થઈ ગઈ. નિર્મમ થઈ ગયો, પરનો સ્વામી રહ્યો નહીં. આહાહા! સમજાણું કાંઈ? ઘટી ममता पलक फटी. આહાહા! જુઓ છે ને અંદર. जिसकी मोहनिद्रा हट गई और ममताकी पलकें उघड़ पड़ीं. પલક ખુલ્લા થઈ ગયા. નાશ થઈ ગયા એનો મમતાનો. जान्यौ जिन मरन अवाची भगवानकौ. આહાહા! આ જાણ્યું અંદર, કહે છે. जिन—જેનો मरम अवाची भगवान.. અવાચી—વાણીથી પાર, વિકલ્પથી પાર એવો ભગવાન સમ્યગ્દર્શન ને જ્ઞાનમાં જાણ્યો નિજમર્મ—જેણે પોતાનો મર્મ જાણ્યો. અરે, હું તો જ્ઞાન ને આનંદ છું. રાગ આદિ મારામાં છે નહીં. આહાહા! રાગ એ પલટતી (દશા) આવે ને જાય, આવે ને જાય. એ ચીજ રહેનારી ક્યાં છે કાયમની? એક સમયની પર્યાય જાય ને આવે. એ રહેનારી ત્રિકાળ ક્યાં છે આ? ત્રિકાળીને જાણ્યો એ પર્યાય થઈ નિર્મળ. मरम अवाची भगवानकौ, લ્યો. जिसने वचनातीत अपने परमेश्वरका स्वरूप पहिचान लिया. વચનાતીત—વચનથી દૂર એવા પરમેશ્વરનું સ્વરૂપ પહિચાન લિયા.

जाकौ ग्यान तेज बग्यौ—વધ્યો. જેનું જ્ઞાનતેજ વધ્યું. એ ચૈતન્યના ભાનનું તેજ વધ્યું, એમ કહે છે. એને પકડવાનું જ્ઞાન, અનુભવનું જ્ઞાન એને વધ્યું. આહાહા! तेज बग्यौ.. ताकौ ग्यान तेज बग्यौ. बग्यौ છેને, વધ્યા—વધ્યું. उद्दिम उदार जग्यौ.. જુઓ, રાગમાં ઉદ્યમી ન કહ્યો અહીંયા. उद्दिम उदार जग्यौ.. जो महान उद्यममें सावधान हुआ. ભગવાન આત્મા શુદ્ધસ્વભાવ તરફ સાવધાન થયો. જે રાગમાં સાવધાન અનાદિથી હતો, અહીં સ્વભાવમાં સાવધાન થયોસ એ પુરુષાર્થ. લ્યો, આવ્યું કે નહીં પુરુષાર્થ આમાં? ભઈ, ભગવાને જાણ્યું એમાં પુરુષાર્થ ક્યાં રહ્યો—એ તકરાર ઊઠે છે બધે. સ્થાનકવાસીમાં આ ઊઠ્યું, દેરાવાસીમાં તો કોઈ સળવળતા નથી, દિગંબરમાં વાંધા ઊઠ્યા.

આ સર્વજ્ઞ ત્રણ કાળનું જાણે એ વાત છોડી દ્યો તો પુરુષાર્થથી કામ થાય. આવું હવે તદ્દન! પણ ત્રણ કાળનું જ્ઞાન છે, બાપુ! એવો કોણ? એવો કોણ? એક સમયની પર્યાય. એવી એક સમયની પર્યાયવાળો કોણ? કે અનંત ગુણનો પિંડ એ પર્યાયવાળો. તો

એવા અનંત ગુણની શક્તિ ઉપર પ્રતીત થઈ ત્યારે એને સર્વજ્ઞની પ્રતીત થઈ. પુરુષાર્થ થયો એમાં પણ. આહાહા! જ્ઞાનની એક સમયની પર્યાયમાં ત્રણ કાળ જાણે એવું મહાત્મ્ય, એ ક્યારે આવે એને ? ભાઈ! એને અંતર જ્ઞાનસ્વભાવ જ આત્મા છે એવી અંતર્મુખ થઈને પ્રતીત થાય. એક સમયનો પર્યાય નહીં પણ આ તો ત્રિકાળી એકલો સ્વભાવનો પિંડ જ છે. જ્ઞાતા-દ્રષ્ટાનો પિંડ છે એવી પ્રતીત થઈ એ જ અનંત પુરુષાર્થ છે. પુરુષાર્થ (એચલે) કૂદવો છે બહારમાં ? સમજાણું કાંઈ? આહાહા! કહે છે કેવી, જુઓને.

કહે છે કે जाकौ ग्यान तेज बग्यौ उद्दिम उदार जग्यौ.. એ અંતર્મુખ થવાનો પુરુષાર્થ જાગ્યો, એને ઉધમ ઉદાર થયો. लगौ सुख पोख.. એ સુખના પોષણ માટે જાગૃત થઈ ગયો એ. समरस सुधा पानकौ.. સમતાભાવના અમૃતને સ્વાદવા વધી ગયો આગળ, એમ કહે છે. जो साम्यभावका अमृतरस पान करके पुष्ट हुआ. પોતાનો સામ્ય-સમતાભાવ ત્રિકાળનો આશ્રય કરીને જે સુધારસ સમતા પ્રગટી, પુષ્ટ થયો. આહાહા! ताही सुविचच्छनकौ संसार निकट आयौ.. એવા વિચિક્ષણ ધર્મી જીવને સંસાર નિકટ આવ્યો. એકાદ-બે ભવમાં જેનો અંત છે એવો આ થયો, એમ કહે છે. संसार निकट आयौ.. સમજાણું કાંઈ? ताही सुविचच्छन—જ્ઞાની, એને સંસારનો અંત સમીપ આવ્યો.

पायौ तिन मारग सुगम निरवानकौ.. એ માર્ગ સુગમ, મોક્ષનો સુગમ માર્ગ પામ્યો. લ્યો, उसने ही सुगम मार्ग पाया है. સુગમ હૈ. વિકલ્પ એ તો બધો વિષમમાર્ગ છે. આહાહા! આ તો એમાં 'છે' એને પ્રગટ કરીને માર્ગ પ્રગટ્યો. સુગમ માર્ગ છે, કહે છે. આહા! पायौ तिन मारग—તે માર્ગ પામ્યો. सुगम निरवानकौ, લ્યો. સુગમ માર્ગ પાયા. निरवानकौ કહ્યું છે ને. એનો અર્થ ન આવ્યો. સુગમ માર્ગ પાયો એવું આવ્યું. આ નથી. (શ્રોતા : મોક્ષ કહા). હા, પણ એમાં સુગમ માર્ગ પાયા, એમ લખ્યું છે. સુગમ માર્ગ પાયા. પણ નિર્વાણનો માર્ગ, એમ છે ને ભાષા. પૂર્ણ આનંદની પ્રાપ્તિનો સુગમ માર્ગ પામ્યો, એમ કહે છે. માર્ગ જ આ છે. નિર્વાણનો અર્થ નથી. સમજાય છે ? 'आनन्द सुस्थितसदास्खलित एकरूप,' લ્યો. 'स्तस्यैव चायमुदयत्यचलार्चिरात्मा' ચળે નહીં એવી જ્ઞાનધારા અર્ચિ પ્રગટ થઈ ગઈ. એણે પૂર્ણતાની પ્રાપ્તિ કરી. આહાહા! એ જ્ઞાનકળા દ્વારા અનુભવ દ્વારા એણે મોક્ષને પ્રાપ્ત કર્યો, એમ કહે છે. સમજાણું કાંઈ? છઠ્ઠો કળશ.

स्याद्वाददीपितलसन्महसि प्रकाशे
　　शुद्धस्वभावमहिमन्युदिते मयीति
किं बन्धमोक्षपथपातिभिरन्यभावै-
　　र्नित्योदयः परमयं स्फुरतु स्वभावः ॥६॥

**સમયસાર કળશ અર્થ :—**''अयं स्वभावः परम् स्फुरतु'' (अयं स्वभावः) વિદ્યમાન છે જે જીવપદાર્થ (परम् स्फुरतु) તે જ એક અનુભવરૂપ પ્રગટ હો. કેવો છે? ''नित्योदयः'' સર્વ કાળ એકરૂપ પ્રગટ છે. વળી કેવો છે? ''इति मयि उदिते अन्यभावैः किम्'' (इति) પૂર્વોક્ત વિધિથી (मयि उदिते) હું 'શુદ્ધ જીવસ્વરૂપ છું' એવા અનુભવરૂપ પ્રત્યક્ષ થતાં (अन्यभावैः) અન્ય ભાવોથી અર્થાત્ અનેક છે જે વિકલ્પો તેમનાથી (किम्) શું પ્રયોજન છે? કેવા છે અન્ય ભાવ? ''बन्धमोक्षपथपातिभिः'' (बन्धपथ) મોહ-રાગ-દ્વેષ બંધનું કારણ છે, (मोक्षपथ) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે,—એવા જે પક્ષ તેમાં (पातिभिः) પડનારા છે અર્થાત્ પોતપોતાના પક્ષને કહે છે, એવા છે અનેક વિકલ્પરૂપ. ભાવાર્થ આમ છે કે એવા વિકલ્પો જેટલા કાળ સુધી હોય છે તેટલા કાળ સુધી શુદ્ધ સ્વરૂપનો અનુભવ હોતો નથી; શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં એવા વિકલ્પો વિદ્યમાન જ નથી હોતા, વિચાર કોનો કરવામાં આવે? કેવો છું હું? ''स्याद्वाददीपितलसन्महसि'' (स्याद्वाद) દ્રવ્યરૂપે તથા પર્યાયરૂપે (दीपित) પ્રગટ થયું છે (लसत्) પ્રત્યક્ષ (महसि) જ્ઞાનમાત્ર સ્વરૂપ જેનું. વળી કેવો છું? ''प्रकाशे'' સર્વ કાળ ઉદ્યોતસ્વરૂપ છું. વળી કેવો છું? ''शुद्धस्वभावमहिमनि'' (शुद्धस्वभाव) શુદ્ધપણાના કારણે (महिमनि) પ્રગટપણું છે જેનું. ૬-૨૬૯.

આહાહા! ગાણા તો જુઓ! जाके हिरदैमैं स्याद्वाद साधना करत.. જેના હૃદયમાં स्याद्वादके अभ्याससे जिसके अन्तःकरणमें शुद्ध आत्माका अनुभव प्रगट हुआ, લો. સ્વ શુદ્ધપણે છે અને અશુદ્ધપણે નથી, એનું નામ સ્યાદ્વાદ. આહાહા! जाकै हिरदैमैं स्याद्वाद साधना करत, सुद्ध आतमाकौ अनुभौ प्रगट भयौ है.. શુદ્ધ પરમાનંદ આત્મા જૈસા હૈ— જેવો છે એવો પર્યાયમાં પ્રગટ ભાસ્યો છે. सुद्ध आतमाकौ अनुभौ प्रगट भयौ है.. પ્રગટ हुआ. जाके संकलप विकलपके विकार मिटि.. સંકલ્પ અને વિકલ્પ એનો વિકાર મટી... આંહીં તો અસ્થિરતાનો (રાગ) છે સંકલ્પ—વિકલ્પના અર્થમાં છે આંહી બધું.

सदाकाल एकीभाव रस परनियौ है.. ધર્મી તો એકલા આત્માના આનંદરસે પરિણમ્યો છે. એ મહાવ્રત આદિ વિકલ્પ દુઃખરૂપે એ પરિણમ્યો જ નથી, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? (શ્રોતા : ...) નથી. એમ છે એ રીતે. આહાહા! વ્યવહારથી તો વિરક્ત છે ધર્મી. એ રક્તરૂપે કેમ પરિણમે? આહાહા! ગજબ વાત છે આત્માની! અંદર ગમ પડે નહીંને એટલે પછી કંઈ બીજો રસ્તો શોધવા માંડ્યો એણે, પણ રસ્તો આવ્યો નહીં હાથ. આહાહા! માર્ગ રહી ગયો ક્યાંક અને ચાલવા માંડ્યો ક્યાંક. और सदैव ज्ञानभावरूप हुआ.. જ્ઞાનભાવરૂપ—एकीभाव, એમ. રાગરૂપ ને જ્ઞાનભાવ—બે રૂપ નહીં. सदाकाल एकीभाव परिनयो है.. આહાહા! એક આત્માનો પવિત્ર સ્વભાવ એવી એની પવિત્રતાની પરિણતિનો એક સ્વભાવરૂપે થયો. વિભાવરૂપે ધર્મી થતો નથી. આહાહા! આવી વાતો! વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં.... પછી વિશેષ કહેશે, લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૭૨, આસો સુદ ૭, રવિવાર તા. ૨૬-૯-૧૯૭૧
## સાધ્ય-સાધક દ્વાર પદ ૪૨ થી ૪૩ ઉપર પ્રવચન

સમ્યગ્જ્ઞાનનો મહિમા (સવૈયા એકત્રીસા)

जाके हिरदैमैं स्याद्वाद साधना करत,
सुद्ध आतमकौ अनुभौ प्रगट भयौ है।
जाके संकलप विकलपके विकार मिटि,
सदाकाल एकीभाव रस परिनयौ है।।
जिन बंध विधि परिहार मोख अंगीकार,
ऐसौ सुविचार पच्छ सोऊ छांडि दयौ है।
ताकौ ग्यान महिमा उदोत दिन दिन प्रति,
सोही भवसागर उलंघि पार गयौ है।।४२।।

**શબ્દાર્થ** :—પરિનયૌ=થયો. પરિહાર=નષ્ટ. અંગીકાર=સ્વીકાર. પાર=કિનારે.

**અર્થ** :—સ્યાદ્વાદના અભ્યાસથી જેના અંતઃકરણમાં શુદ્ધ આત્માનો અનુભવ પ્રગટ થયો, જેના સંકલ્પ–વિકલ્પના વિકાર નષ્ટ થઈ ગયા અને સદૈવ જ્ઞાનભાવરૂપ થયો, જેણે બંધવિધિના ત્યાગ અને મોક્ષના સ્વીકારનો સદ્વિચાર પણ છોડી દીધો છે, જેના જ્ઞાનનો મહિમા દિવસે–દિવસે પ્રગટ થયો છે તે જ સંસારસાગરથી પાર થઈને તેના કિનારે પહોંચ્યો છે. ૪૨.

**अर्थ** :—स्याद्वादके अभ्याससे जिसके अन्तःकरणमें शुद्ध आत्माका अनुभव प्रगट हुआ, जिसके संकल्प-विकल्पके विकार नष्ट हो गये और सदैव ज्ञानभावरूप हुआ, जिसने बन्धविधिका परिहार और मोक्ष अंगीकारका सद्विचार भी छोड़ दिया, जिसके ज्ञानकी महिमा दिन पर दिन प्रकाशित हुई, वह ही संसार-सागरसे पार होकर उसके किनारे पर पहुँचा है।।४२।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આ સમયસાર નાટક. ૪૨મું પદ છે. શું કહે છે? સમ્યગ્જ્ઞાનકી મહિમા. આત્માનું જ્ઞાન થવું, આત્માના જ્ઞાનની અલૌકિક મહિમા છે કહે છે. શાસ્ત્ર આદિ બીજા લૌકિકજ્ઞાનની આંહીં વાત નથી. આત્માનું જ્ઞાન. ભગવાનના મુખમાંથી ચાર વાર દિવ્યધ્વનિ આવે છે. મધ્યરાત્રિ... ચાર-ચાર વાર. વળી એમ કહેવામાં આવે કે એ સાંભળવાથી જ્ઞાન થાય. માળે ભારે! એવો વ્યવહાર વચ્ચે આવે છે. ભગવાનના મુખમાંથી પણ ચાર-ચાર ઘડી... પાછી એ કંઈ અર્ધો કલાક-કલાક એમ નહીં, ચાર ઘડી.

સવારમાં દિવ્યધ્વનિ, બપોરે, સાંજે અને રાત. જેઠાભાઈ! આરે, આ ભારે વાત જૈનદર્શન તે! એય! એવું હોય છે. સાંભળવાનો વિકલ્પ અને ભક્તિનો ભાવ હોય છે. ભગવાનને તો વિકલ્પ વિના કથન આવે છે. વાણીનો ધોધ, મધુર ધ્વનિ અને મીઠો મહેરામણ લાગતો હોય એવી વાણી આવે. સમજાણું કાંઈ? એક વ્યવહારૂ, અંતરમાં શું ચીજ છે એમ જાણવાનું વ્યવહારૂ જ્ઞાન એવું આવે. સમજાય છે કાંઈ? અને એ અંતર જ્ઞાન થતાં, એનું નિમિત્તપણું અને નિમિત્તથી વિકલ્પ જે હતો પોતાથી અને એનાથી જ્ઞાન જે થતું, એનો પણ અભાવ થઈને સ્વને આશ્રયે જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? એને વ્યવહારની રીતમાં 'સાંભળીને થયું' એમ કહેવામાં આવે છે.

એવું જે જ્ઞાન जाके हिरदैमैं स्याद्वाद साधना करत, એમ કહ્યું. આત્મા આત્માપણે છે, એ આત્મા પરવસ્તુ ને દેવ-ગુરુ-શાસ્ત્રપણે પણ નથી. આહાહા! આત્મા આત્માપણે જ્ઞાન પોતાથી થાય છે, એ વાણીથી પણ જ્ઞાન થાતું નથી. એવું સ્યાદ્વાદ સાધન કરતાં.. આહાહા! વજુભાઈ! એવો માર્ગ છે. સ્યાદ્વાદ એટલે પોતાથી છે, પરથી નથી. એવો પોતાનો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, એક-એક સ્વભાવ પોતાથી છે ને પરથી નથી. એમ એક-એક ગુણ પોતાથી છે ને પરગુણથી નથી. એમ એક-એક પર્યાય-અવસ્થા પોતાથી અસ્તિ છે ને પરથી નથી. આહાહા! એવું સ્યાદ્વાદ જેના હૃદયમાં સાધના થઈને પ્રગટ્યું, એમ કહે છે.

सुद्ध आतमाकौ अनुभौ प्रगट भयौ है. લ્યો, આ એનું સ્યાદ્વાદમાંથી આ. આહા! આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનના હોવાપણાનું અસ્તિ—સત્તાવાળું તત્ત્વ એમ જ્યાં અંતરદૃષ્ટિમાં આવ્યું, ત્યારે કહે છે કે શુદ્ધ આત્માનો અનુભવ છે. હું પવિત્ર છું, શુદ્ધ છું એવો જ્યાં વિકલ્પ પણ નથી. આહાહા! સમજાય છે કાંઈ? सुद्ध आतमाकौ अनुभौ प्रगट भयौ.. ભગવાન પોતે... પરથી હું છું એમ જે માન્યતા હતી એ ગઈ. મારું સ્વરૂપ—વસ્તુ, એની શક્તિઓ અને એની દશા એ પરથી નથી. એમ અંતરમાં સાધન થતાં શુદ્ધ આત્માનો અનુભવ પ્રગટ થયો. આત્મા પૂર્ણ આનંદ એમાં દુઃખેય નથી, રાગેય નથી, શરીરેય નથી—એવું જે નાસ્તિપણું અને સ્વના આનંદનું અસ્તિપણું, આહાહા! આમ સ્યાદ્વાદનું અપેક્ષાએ સાધન થતાં અનુભવ પ્રગટ્યો, કહે છે.

जाके संकलप विकलपके विकार मिटि.. પર તરફના લક્ષવાળા સંકલ્પ અને વિકલ્પ અસ્થિરતા સંબંધી છે, એ પણ જેમાં નથી. जाके संकलप विकलपके विकार मिटि.. પુણ્ય-પાપના વિકલ્પો અને સંકલ્પો સ્વરૂપમાં નથી એવો અનુભવ થતાં ધર્મી જીવનું જ્ઞાન સંકલ્પ-વિકલ્પ વિનાનું થઈ જાય છે. આહાહા! ભારે વાત ભાઈ! સમજાણું

કાંઈ? એને અહીંયા ધર્મનો સાધક કહે છે અથવા પૂર્ણાનંદની પ્રાપ્તિનો સાધક કહે છે. સમજાણું કાંઈ?

सदाकाल एकीभाव रस परिनयौ है.. ચાહે તો સંકલ્પ-વિકલ્પ હો, છતાં એનાથી રહિત શુદ્ધ ચૈતન્યની સત્તાવાળું તત્ત્વ એમાં આ નથી એવો અનુભવ થતાં સદાકાળ એકભાવ રસ પરિણમ્યો છે. આહાહા! જ્ઞાયકભાવના પરિણમનરૂપ દશા જેની એકરૂપ છે, એને રાગ અને વ્યવહારનું સાધન નથી. સમજાણું કાંઈ? આહાહા! सदैव ज्ञानभावरूप हुआ, લ્યો. એમ. એ જ્ઞાન એટલે આત્મા. આત્માના સ્વભાવની દૃષ્ટિ-અનુભવ થતાં એકરૂપ જ્ઞાન પ્રગટ્યું. એ જ્ઞાનની નિર્મળ દશા એમાં રહી, રાગ આદિ એમાં છે નહીં. આમ સમ્યગ્દર્શન થતાં સાધકપણું આ પ્રકારે હોય છે. આહાહા! સમજાણું કાંઈ? ભારે! જુઓને હમણાં કહ્યું, ચોથા આરામાં સારા કાળમાં પણ અસંખ્ય અબજ વર્ષ સુધી ધર્મ નહીં, કહો. એમાં લખ્યું છે બીજે ઠેકાણે. શ્રોતાય નહોતા, વક્તાય નહોતા. બેમાંથી એક હોય તો (બીજું) હોયને. એવું લખ્યું છે. આહાહા! એવી ચીજ દુર્લભ છતાં સહજ જ પોતાની ચીજ છે એ. સમજાણું કાંઈ?

એ નજરમાં નિધાનને લેતાં, કહે છે કે જ્ઞાનીનું પરિણમન એકરૂપ જ છે. પુણ્ય-પાપનું પરિણમન જ્ઞાનીને છે જ નહીં. આહાહા! જુઓ. પુણ્ય-પાપના વિકલ્પો એનાથી રહિત દૃષ્ટિ થઈ ગઈ છે. એ પર્યાય એનાથી રહિત થઈ ગઈ છે. સમજાણું કાંઈ? सदाकाल एकीभाव रस परिनयौ है.. એનો અર્થ—ચૈતન્ય આનંદરસ પ્રભુ એનું ભાન થતાં જે જ્ઞાન થયું, એ જ્ઞાનનું જ પરિણમન એકલું રહ્યું છે હવે. જ્ઞાન સાથે સમકિત આદિ એ બધું જ્ઞાનનું પરિણમન છે. રાગ અને વ્યવહારનું પરિણમન સાધકજીવને—જ્ઞાનીને નથી. સમજાણું કાંઈ? આંહીં સુધી તો કાલ આવ્યું હતું. કાલે અહીં સુધી આવ્યું હતું.

जिन बंध विधि परिहार मोख अंगीकार, ऐसौ सुविचार पच्छ सोऊ छांड़ि दयौ है.. આહાહા! ભગવાન આત્મા રાગથી બંધાયેલો છે. સ્વભાવ... પરિહાર... એ બંધ વિધિ પરિહાર, એ પણ ત્યાગ છે જ્યાં. આહાહા! રાગમાં અટકેલો છું એવો જે બંધભાવ ધર્મીને ત્યાગ થઈ જાય છે. આરે ! શુદ્ધ ભગવાન આનંદ અને અબદ્ધસ્વરૂપનું જ્યાં ભાન થતાં, કહે છે કે बंध विधि परिहार અને मोख अंगीकार. એ બેયનો વિકલ્પ પક્ષ છૂટી ગયો છે. આહાહા! સમજાય છે કાંઈ? બંધનો ત્યાગ અને મુક્તિનું ગ્રહણ એવો વિકલ્પ સાધક(દશા)માં ધર્મીને નથી. આહાહા! માણસને લાગે કે આ તો કેવળીની વાત છે. (શ્રોતા : કેવળી બનવાની વાત). બનવાની વાત છે, યે બાત હૈ.

કહે છે, ભાઈ! તું અજ્ઞાનથી દુઃખી છો. ચાહે તો સાધન ચક્રવર્તીના હો કે ઈન્દ્રના હો કે અબજોપતિ શેઠિયાના હો, પણ અજ્ઞાનથી દુઃખી છો તું. સમજાય છે કાંઈ? અને

જ્ઞાનથી સુખી થવાય છે. બીજો કોઈ ઉપાય નથી. (શ્રોતા : પૈસા મળેને?) પૈસાની તો વાત પહેલી કહી. ધૂળમાં ક્યાં હતું જ્ઞાન? આહાહા! અજ્ઞાન તે દુઃખ છે. કહ્યું હતુંને ત્યાં જેલમાં. રાજકોટ. ત્યાં આગળ હતાને બધા કેદીઓ. એક ફેરી કહે, અમારે સાંભળવું છે. તે ગયા હતા. એમાં લખેલું એમાં–જેલખાનામાં. 'અજ્ઞાન તે દુઃખ છે.' રાજકોટ. કેદીઓએ એક ફેરી માંગણી કરી હતી કે અમારે સાંભળવું છે મહારાજનું. મહારાજ બહુ વખણાય છે કાંઈ. પણ આ તો વિષય ઝીણો વિષય છે. આહાહા! એમાં લખેલું ખરું જેલમાં. જેલમાં તો મોટા અક્ષરે લખેલું. ભાષા બધી નવી. કીધું, આ શું કહ્યું છે? અજ્ઞાન એ દુઃખ છે. જેલનું દુઃખ છે ને ગુના કરે છે, એ ગુનો શું ચીજ છે? એ વિકાર છે. અને વિકાર ને અવિકારી–બેનું ભેદજ્ઞાન નથી એથી અજ્ઞાન તે દુઃખ છે. આ વાત છે.

આંહીં કહ્યુંને કે અજ્ઞાન ટળી ને.... જ્યાં સ્યાદ્વાદ સ્વરૂપમાં બીજી ચીજ જ નથી. અરે! ત્રિકાળી વસ્તુમાં એક સમયની પર્યાય નથી એનું નામ સ્યાદ્વાદ. આહાહા! એવું અંતર્મુખથી જે કંઈક જ્ઞાન થયું એ જ્ઞાન એકરૂપે પરિણમતું રહ્યું. જેઠાભાઈ! ભારે વાત આવી. સાધક હોવા છતાં બાધકરૂપે પરિણમતો નથી, એમ કહે છે. આહાહા! બાધકનો ભાવ જે રાગ આદિ છે... એ જ્ઞાનમાં રાગ નથી અને રાગનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? (શ્રોતાઃ રાગનો જ્ઞાતા છે.) જાણે છે કે આ રાગ. પણ રાગ જ્ઞાનમાં, એ પર્યાયમાં નથી. આહાહા! સમજાણું કાંઈ? આવો વીતરાગમાર્ગ છે ભાઈ! વીતરાગમાર્ગ એટલે તારો માર્ગ. તું વીતરાગ સ્વરૂપે જ છો. 'જિન સો હી આત્મા અન્ય સો હી કર્મ, યે હી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' આહાહા!

શાંતિના સ્વભાવથી ભરેલો સાગર પરમાત્મા તું છે. એમાં અશાંતિ ને નિમિત્તનો અભાવ છે. એવું ભાન થતાં આત્માનો સ્વભાવ એકરૂપે જ પરિણમે છે. સુખ અને જ્ઞાનના પરિણમનપણે જ એનું પરિણમન છે, એમ કહે છે. મૂલચંદભાઈ! આવો ધર્મ છે આવો ભારે! આ તો હો-હા કરીને, અરે! બિચારાને રખડાવ્યો પોતે પોતાને, કહો. આહાહા! આવું સ્વરૂપ સર્વજ્ઞ પરમાત્માએ વાણી દ્વારા કહ્યું અને સમજનારા એ સમજી ગયા એમાંથી. આહાહા! મારો ભગવાન મારો પ્રભુ તો પરિપૂર્ણ ગુણે અને આનંદે પરિપૂર્ણ છે. મારા સુખને માટે બહાર ડોકિયા કરવાની જરૂર નથી. અંદરમાં જોવાથી અંદરને જોવાથી એકલું જ્ઞાનનું પરિણમન જ રહી ગયું છે, કહે છે. સમજાણું કાંઈ?

ऐसौ सुविचार.. ઐસો વિચાર શું છે? ઓલો વિકલ્પ છે ને. પણ બંધનો પરિહાર અને મોક્ષનો અંગીકાર–એવો સુવિચાર એનો પક્ષ છાંડી દીધો છે. આ બધું કર્મથી બંધાયેલો છે એ વાત પહેલી કબૂલ કરે પછી ચર્ચા થાય. આહાહા! અરે ભાઈ! એ રાગમાં અટકેલો છે એ ભાવબંધ છે. પણ જ્યાં સ્વરૂપ આ છે અને એમાં રાગ નથી એમ

ભાન થતાં એ તો અબદ્ધસ્વરૂપ જ દૃષ્ટિમાં આવ્યું. અને પરિણામ પણ, અબદ્ધના પરિણામમાં બંધના પરિણામનું જ્ઞાન હો, પણ બંધના પરિણામ અબંધ પરિણામમાં ન હો. આહાહા! સમજાણું કાંઈ? આ તો બહુ નિવૃત્તિ લઈને ઊંડા ઉતરે તો સમજાય એવું છે. શિવલાલભાઈ! ઓલા ધંધા મોટા કરવા હોયને, એમાં બધું આ નથી એમાં. એય, અનુપચંદભાઈ! આ તો હજી શું કહે છે એને સમજવા માટે કેટલી અંદર નિવૃત્તિ જોઈએ.

કહે છે કે જો તારે ધર્મના સાધક થવું હોય એટલે મોક્ષના સાધક થવું હોય, સાધવો છે મોક્ષ એમ જો થવું હોય તો એણે મારા સ્વરૂપમાં તો અબંધપણું એકલું ત્રિકાળ છે. રાગ આદિનું બંધપણું અને નિમિત્તનો સંબંધ, એ છે જ નહીં વસ્તુમાં. આહાહા! એવો ભગવાન આત્માની ધર્મદૃષ્ટિ થતાં સાધકનું પરિણમન શુદ્ધ જ વહે છે. આહાહા! સમજાય છે કાંઈ? (શ્રોતા : બંને વિકલ્પ...) હા. એટલે બંધ અને મોક્ષનો વિકલ્પ એમાં નથી અને શુદ્ધ પરિણમન જ એકલું રહ્યું છે. આહા! કેમકે દ્રવ્ય અને ગુણ શુદ્ધ છે અને અશુદ્ધતાનો એમાં અભાવ છે. એમ જ્યાં અસ્તિપણે જ્ઞાનમાં પૂર્ણ શુદ્ધ છું આવ્યું, ત્યાં અશુદ્ધપણું એમાં નથી એ પરિણમન થઈ ગયું. આહાહા! રાજમલજી ક્યાં ગયા? આવો માર્ગ છે. બાળક હોય આઠ વર્ષનો કે દેડકો હોય તો પણ ધર્મ પામતાં આવી દશા થાય છે. કહો, હિંમતભાઈ! આહાહા! કાંઈ વાતે વડા ન થાય એવું નથી આ. વડામાં તો લોટ જોઈએ, તેલ જોવે, આવડત જોઈએ એની. વડા, વડા થાય છે ને. લોકો કહેને, વાતે વડા ન થાય. એમાં તેલ જોવે, લોટ જોવે અડદનો અને એ પણ પાછું કરતાં આવડવું જોઈએ નહીં તો લોંદા થાય. એમ આ વાતે, વિકલ્પે આ લાભ ન મળે, કહે છે.

ભગવાન પૂર્ણાનંદનો નાથ અંદર એ દુઃખરૂપ કોઈ દિ' થયો જ નથી. સંસારની દશાને એ સ્પર્શ્યો જ નથી. આહાહા! આ તે વીર્યમાં આટલી કબૂલાત એટલે કેટલું વીર્ય છે એ! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યદળ રાગના ઉદયભાવને પણ કોઈ દિ' વસ્તુએ સ્પર્શ્યો જ નથી. એ તો અબદ્ધસ્પૃષ્ટ ચૈતન્ય ભગવાન છે. એવી જ્યાં દૃષ્ટિ અને અનુભવ થયો એ સાધકને રાગનું પરિણમન દશા રહેતી નથી, કહે છે. કારણકે વસ્તુમાં રાગ નથી. વસ્તુ નિર્મળ અરાગી ભગવાન પોતે પરમાત્મસ્વરૂપ છે. એને સાધતાં તો પર્યાયમાં નિર્મળતા જ હોય એકલી, એમ કહે છે. સમજાણું કાંઈ? અરે! આવો માર્ગ જીવતો જાગતો છે. એવા માર્ગને મૂકીને બીજી રીતે માર્ગ પામશે ને સુખી થશે (એમ નથી). ભાઈ! એ અત્યારે જરી પુણ્યનો ઉદય હોય અને વીર્ય એ કાંઈક પરમાં વણ્યો હોય એટલે એને એમ લાગે કે અમે કાંઈક ધર્મ કરીએ. કાંઈક ઠીક કરીએ છીએ. બાપુ! ઠીકના પંથ તો બહુ જુદી જાતના છે. ઠીકમાં ઠીકરા નહીં કામ આવે. આહાહા! પુણ્યના પરિણામ વિકલ્પ તો ઠીકરા છે. એને છોડી ભગવાન આત્મા દૃષ્ટિમાં-શ્રદ્ધામાં અને

જ્ઞાનમાં પૂર્ણ પ્રભુ છે એ લીધો, કહે છે કે ત્યાં બંધ અને મોક્ષના વિકલ્પથી પણ પક્ષ છૂટી ગયા છે. આહાહા!

ताकौ ग्यान महिमा उदोत दिन दिन प्रति.. ધર્માત્માનું જ્ઞાન.. મહિમા અલૌકિક જેની મહિમા છે. ઓહો! રાગ હોવા છતાં રાગને સ્પર્શે નહીં. આ તે જ્ઞાનની મહિમા તો જુઓ! કહે છે. આહા! સમજાણું કાંઈ? એવો જે ભગવાન એનો महिमा उदोत दिन दिन प्रति.. આહાહા! એનો પ્રકાશ ચૈતન્યનો દિન-દિન પ્રત્યે વધતો જાય છે. સમજાય છે કાંઈ? આહા! આ કંઈ કાયરના કામ નથી આ. એમ દુનિયા શું કહેશે અને આવું અમે માનીએ અને આવું કહીએ બહારમાં તો દુનિયા પક્ષ નહીં કરે, વિપક્ષમાં આવી જશે. હવે પક્ષ ક્યાં? આંહીં વિકલ્પનો—મોક્ષનો પક્ષ પણ છોડવો છે હવે, ત્યાં હવે પક્ષ તારે કોનો કરવો છે? આહાહા!

મોક્ષ અંગીકાર કરવાલાયક છે એવો જે વિકલ્પ એ પક્ષ છોડ. આહાહા! કારણકે વસ્તુદૃષ્ટિના વિષયમાં બંધ અને મોક્ષ—બેય પર્યાય જ જ્યાં નથી. પછે એનો પક્ષ તો છૂટી ગયો છે અંદરમાંથી. આહાહા! સમજાણું કાંઈ? આકરું છે. મોંઘુ છે પણ એની જાતનું. એ વિના કાંઈ છાપ પડે એવી નથી. આહાહા! (શ્રોતા : અસલ વસ્તુ છે). આ અસલ વસ્તુ છે. હવે શેઠિયા ઠેકાણે પડે છે હવે બધા. આહાહા! ભાઈ! તું ત્રણ લોકનો નાથ છો પ્રભુ! તારે દીનતા ન હોય નાથ! આહાહા! તારે દીનતા ન હોય. એ પ્રભુતા અને દીનતાનો તો વિરોધ છે. આહાહા! સમજાણું કાંઈ? ધર્મી જીવને પ્રભુતા પોતાની ભાસે છે. એને દીનતા એને દેખાતી નથી. આહાહા! એમ કહે છે. પ્રભુતાનું જ પરિણમન છે કહે છે. દીનતાનું નહીં એમ કહે છે. આવો.... બાપુ! સમજાણું કાંઈ?

सोही भवसागर उलंघि पार गयौ है.. આહાહા! કહે છે કે જેનો જ્ઞાનમહિમા રાગના અભાવસ્વભાવરૂપ પરિણમન થયું, એવું જે જ્ઞાન અને આત્માની દશા દિન-દિન પ્રતિ વધતી જાય શુદ્ધતા. सोही भवसागर.. અરેરે! ચોર્યાશીના અવતારમાં ગળકા ખાતો... કહે છે, એ સંસારસાગરને પાર હોકર કિનારે પર પહોંચ ગયા. બસ, કિનારે પહોંચી ગયો છે. એક પગલું ઉપાડીને મૂકે અંદર ત્યાં કેવળજ્ઞાન. આહાહા! અરે ભગવાન! આવી વાત સાંભળીને, નિશ્ચય છે ને આવું છે ને તેવું છે—એમ કરીને ભગવાન તું તારા સત્‌નો અનાદર કરે છે હોં. બીજાની વાત અહીં છે નહીં ભાઈ! સમજાણું કાંઈ? વ્યવહાર તો એમાં નથી, પણ દીનતા નથી. આહાહા! એ તો પ્રભુતાની પરિણતિએ વધતો જાય છે. આહાહા! અને એ સંસાર भवसागर उलंघि पार गयौ है.. એને એમ ખાતરી અંદર થઈ જાય. બસ. ઉદય જ્યાં મારામાં નથી ત્યાં ઓલો સંસાર ક્યાં આવ્યો? આહાહા! સમજાણું કાંઈ? સંસાર પાર ગયો છે. किनारे पर पहुँचा है, લ્યો. अनुभवमें नयपक्ष नहीं. એ સાતમો શ્લોક છે.

चित्रात्मशक्तिसमुदायमयोऽयमात्मा
सद्यः प्रणश्यति नयेक्षणखण्ड्यमानः।
तस्मादखण्डमनिराकृतखण्डमेक-
मेकान्तशान्तमचलं चिदहं महोऽस्मि।।७।।

**સમયસાર કળશ અર્થ :**—''तस्मात् अहं चित् महः अस्मि'' (तस्मात्) તે કારણથી (अहं) હું (चित् महः अस्मि) જ્ઞાનમાત્ર પ્રકાશપુંજ છું; વળી કેવો છું? ''अखण्डम्'' અખંડિતપ્રદેશ છું; વળી કેવો છું? ''अनिराकृतखंडम्'' કોઈના કારણે અખંડ નથી થયો, સહજ જ અખંડરૂપ છું; વળી કેવો છું? ''एकम्'' સમસ્ત વિકલ્પોથી રહિત છું; વળી કેવો છું? ''एकान्तशान्तम्'' (एकान्त) સર્વથા પ્રકારે (शान्तम्) સમસ્ત પરદ્રવ્યોથી રહિત છું; વળી કેવો છું? ''अचलं'' પોતાના સ્વરૂપથી સર્વ કાળે અન્યથા નથી;—આવો ચૈતન્યસ્વરૂપ હું છું; કારણ કે ''अयम् आत्मा नयेक्षणखण्ड्यमानः सद्यः प्रणश्यति'' (अयम् आत्मा) આ જીવવસ્તુ (नय) દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક એવા અનેક વિકલ્પરૂપ (ईक्षण) અનેક લોચન તેમના દ્વારા (खण्ड्यमानः) અનેકરૂપ જોવામાં આવતી થકી (सद्यः प्रणश्यति) ખંડખંડરૂપ થઈને મૂળથી શોધી જડતી નથી—નાશ પામે છે. આટલા નયો એકમાં કઈ રીતે ઘટે છે? ઉત્તર આમ છે : કેમ કે આવું છે જીવદ્રવ્ય—''चित्रात्मशक्तिसमुदायमयः'' (चित्र) અનેક પ્રકારે—અસ્તિપણું, નાસ્તિપણું, એકપણું, અનેકપણું, ધ્રુવપણું, અધ્રુવપણું ઈત્યાદિ અનેક છે એવા—જે (आत्मशक्ति) જીવદ્રવ્યના ગુણો તેમનું જે (समुदाय) દ્રવ્યથી અભિન્નપણું (मयः) તે-મય અર્થાત્ એવું છે જીવદ્રવ્ય; તેથી એક શક્તિને કહે છે એક નય, પરંતુ અનંત શક્તિઓ છે તેથી એક એક નય કરતાં અનંત નય થાય છે. એ પ્રમાણે કરતાં ઘણા વિકલ્પો ઊપજે છે, જીવનો અનુભવ ખોવાઈ જાય છે. તેથી નિર્વિકલ્પ જ્ઞાનવસ્તુમાત્ર અનુભવ કરવાયોગ્ય છે. ૭.

આહાહા! સંતોનો ધ્વનિ ઉઠે છે ને અંદરથી કેટલો!

અનુભવમાં નયપક્ષ નથી (સવૈયા એકત્રીસા)

अस्तिरूप नासति अनेक एक थिररूप,
अथिर इत्यादि नानारूप जीव कहियै।
दीसै एक नैकी प्रतिपच्छी न अपर दूजी,
नैकौ न दिखाइ वाद विवादमैं रहियै।।
थिरता न होइ विकलपकी तरंगनिमैं,
चंचलता बढ़ै अनुभौ दसा न लहियै।
तातैं जीव अचल अबाधित अखंड एक,
ऐसौ पद साधिकै समाधि सुख गहियै।।४३।।

**શબ્દાર્થ :**—થિર=સ્થિર. અથિર=ચંચળ પ્રતિપચ્છી=વિપરીત. અપર=બીજું. થિરતા= શાંતિ. સમાધિ=અનુભવ.

**અર્થ :**—જીવ પદાર્થ નયની અપેક્ષાએ અસ્તિ-નાસ્તિ, એક-અનેક, સ્થિર-અસ્થિર આદિ અનકરૂપે કહેવામાં આવ્યો છે. જો એક નયથી વિપરીત બીજો નય ન બતાવવામાં આવે તો વિપરીતતા દેખાય છે અને વાદ-વિવાદ ઉપસ્થિત થાય છે. એવી દશામાં નયની વિકલ્પજાળમાં પડવાથી ચિત્તને વિશ્રામ મળતો નથી અને ચંચળતા વધવાથી અનુભવ ટકી શકતો નથી, તેથી જીવપદાર્થને અચળ, અબાધિત, અખંડિત અને એક સાધીને અનુભવનો આનંદ લેવો જોઈએ.

ભાવાર્થ :—એક નય પદાર્થને અસ્તિરૂપ કહે છે તો બીજો નય તે જ પદાર્થને નાસ્તિરૂપ કહે છે, એક નય તેને એકરૂપ કહે છે તો બીજો નય તેને અનેક કહે છે, એક નય નિત્ય કહે છે તો બીજો નય તેને અનિત્ય કહે છે, એક નય શુદ્ધ કહે છે તો બીજો નય તેને અશુદ્ધ કહે છે, એક નય જ્ઞાની કહે છે તો બીજો તેને અજ્ઞાની કહે છે, એક નય સબંધ કહે છે તો બીજો નય તેને અબંધ કહે છે. આવી રીતે પરસ્પર વિરુદ્ધ અનેક ધર્મોની અપેક્ષાએ પદાર્થ અનેકરૂપ કહેવાય છે. જ્યારે પહેલો નય કહેવામાં આવ્યો હોય ત્યારે તેનો વિરોધી બતાવવામાં ન આવે તો વિવાદ ઊભો થાય છે અને નયોના ભેદ વધવાથી અનેક વિકલ્પ ઉત્પન્ન થાય છે જેનાથી ચિત્તમાં ચંચળતા વધવાથી અનુભવ નષ્ટ થઈ જાય છે, તેથી પ્રથમ અવસ્થામાં તો નયોને જાણવા આવશ્યક છે. પછી તેમના દ્વારા પદાર્થનું વાસ્તવિક સ્વરૂપ નક્કી કર્યા પછી એક શુદ્ધ બુદ્ધ આત્મા જ ઉપાદેય છે. ૪૩.

**अर्थ :**—जीवपदार्थ नयकी अपेक्षासे अस्ति-नास्ति, एक-अनेक, थिर-अथिर, आदि अनेकरूप कहा गया है। यदि एक नयसे विपरीत दूसरा नय न दिखाया जाय तो विपरीतता दिखने लगती है और वादानुवाद उपस्थित होता है। ऐसी दशामें अर्थात् नयके विकल्पजालमें पड़नेसे चित्तको विश्राम नहीं होता और चंचलता बढ़नेसे अनुभव टिक नहीं सकता, इसलिये जीवपदार्थको अचल, अबाधित, अखंडित और एक साधकर अनुभवका आनन्द लेना चाहिये।

भावार्थ :—एक नय पदार्थको अस्तिरूप कहता है तो दूसरा नय उसी पदार्थको नास्तिरूप कहता है, एक नय उसे एकरूप कहता है तो दूसरा नय उसे अनेक कहता है, एक नय नित्य कहता है तो दूसरा नय उसे अनित्य कहता है, एक नय शुद्ध कहता है तो दूसरा नय उसे अशुद्ध कहता है, एक नय ज्ञानी कहता है तो दूसरा उसे अज्ञानी कहता है, एक नय सबंध कहता है तो दूसरा नय उसे अबंध कहता है। ऐसे परस्पर विरुद्ध अनेक धर्मोंकी अपेक्षासे पदार्थ अनेकरूप कहा जाता है। जब प्रथम नय कहा गया और उसका विरोधी न दिखाया जावे तो विवाद खड़ा होता है और नयोंके भेद बढ़नेसे अनेक विकल्प उपजते हैं जिससे चित्तमें चंचलता बढ़नेके कारण अनुभव नष्ट हो जाता है, इसलिये प्रथम अवस्थामें तो नयोंका जानना आवश्यक है, फिर उनके द्वारा पदार्थका वास्तविक स्वरूप निर्णय करनेके अनंतर एक शुद्ध बुद्ध आत्मा ही उपादेय है।।४३।।

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

અસ્તિ અને નાસ્તિ. છે ને ? जीवपदार्थ नयकी अपेक्षासे अस्ति-नास्ति है. સ્વપણે છે ને પરપણે નથી. એ બે નયો થઈ ગયા બે. એક જ નય કહે તો બીજો વાદવિવાદ ઊભો રહે. 'છે જ'. છે જ, એ નથી જ. પરપણે નથી જ. આહાહા ! 'છે તે નથી.' આ ભારે વાત કહી, ભાઈ! अस्तिरूप नासति अनेक एक.. એકરૂપ પણ છે અને અનેકરૂપ પણ છે. વસ્તુએ જુઓ તો એક છે, ગુણ-પર્યાયથી અનેક છે. એક જ નયને કહે તો બીજો નયનો વિવાદ ઊભો રહે સામે. આહાહા ! थिररूप अथिर.. સ્થિર છે એમ કહો ત્યાં અસ્થિરપણું પરિણમનમાં છે એનો વિવાદ ઊભો રહેશે. અસ્થિર કહે તો સ્થિર બિંબ ચીજ છે એ વાતને વિઘ્ન આવશે, કહે છે.

इत्यादि नानारूप जीव कहियै.. ઇત્યાદિ અનેકરૂપ ભગવાન આત્મામાં આ બધા નયોનું રૂપ છે. પણ એનો જે વિકલ્પ છે કે આવો છે ને તેવો, એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ ? આવી ધર્મની વાતો ભારે ભાઈ! આમાં ક્યાંય કંદમૂળ ન ખાવા ને નિગોદની દયા પાળવી ને (એમ ન આવ્યું) (શ્રોતા : પોતાની દયા પાળવાની વાત આવી તે ?) ભગવાનભાઈ ! આ બધા પોષા કે દિ' કરવા.... પહેલાં તો ભડકતા હતા. હવે હળવે-હળવે... આહાહા ! ભાઈ! તારામાં એક કહેતાં અનેકપણું સામે છે એ વાત ખડી રહેશે ઊભી અને અનેક કહેતાં એકપણે છે એ વાત પણ ખડી રહેશે ઊભી. એ બધા વિકલ્પો છે. સમજાણું કાંઈ ?

दीसै एक नैकी प्रतिपच्छी न अपर दूजी.. એક નયની પ્રતિપક્ષ બીજી અસ્તિ કહેતાં નાસ્તિપણું ઊભું છે. 'નથી જ' કહેતાં 'છે' એવું અસ્તિપણું ઊભું છે. સમજાણું કાંઈ ? નહોતું કહ્યું એક ફેરી? તમારા ચંદ્રકાંત પંડિત. શું જડ જગતમાં છે કે નહીં ? માનીએ તો છે ને ન માનીએ તો નથી, એમ જૈન કહે છે. ઓલું અસ્તિ-નાસ્તિ આવે ખરુંને. આમ બિચારો નરમ હતો. મરી ગયો નાની ઉંમરમાં. જુવાન અવસ્થા. પરણ્યો હતો. મરી ગયો બિચારો. આમ માણસ કૂણો-નરમ. અમારી સાથે વાત કરતાને. કારણકે ત્યાં કોઈ હતું નહીં એ બાજુમાં. અમે ત્યાં હતાને હીરાભાઈના મકાનમાં. એ લોકો નીકળે, આવે તો પ્રેમ બતાવે. પણ આ વસ્તુ જૈનના વાડાવાળાને ન સમજાય તો અન્યને તો ક્યાં બેસે ? આહાહા !

કહે છે કે दीसै एक नैकी प्रतिपच्छी न अपर दूजी.. यदि एक नयसे विपरीत दूसरा नय न दिखाया जाय, એમ. न अपर दूजी नैकौ न दिखाइ वाद विवादमैं रहियै.. એમ કહે છે. બીજો નય ન બતાવે તો પાછો વાદવિવાદ થાય. વ્યવહાર છે કે નહીં ? ભઈ,

છે, વ્યવહાર છે. વ્યવહાર નિશ્ચયમાં છે કે નહીં? કહે, જરાય નહીં. આહાહા! આરે, આમાં શું કરાય આમાં ? નિશ્ચય એક જ ધર્મ છે કે વ્યવહાર ધર્મ બીજો ઉપચારીક છે ? આહા! એ તો કથનમાં બીજી ચીજ છે. પણ એ સાધકપણે છે ને સ્વભાવને મદદ કરે છે, એમ નથી. કારણકે નહીંતર અસ્તિ-નાસ્તિપણું રહેતું નથી. આહાહા! હવે આવો ધર્મ માર્ગ! બાપુ ! એ આઠ વર્ષના બાળક પણ આમ સાધી શકે છે. કારણ કે એ સ્વભાવ છે એમાં કૃત્રિમતા તો લાવવી નથી. જેવું છે એવું અંદર અનુભવમાં સિદ્ધ કરવું છે. આહા! એટલે આમાં કાંઈ કોઈને લક્ષ્મી ને શરીર નિરોગી હોય ને એવાં સાધન હોય તો આમ થાય, એવું છે? જ્યાં વિકલ્પનું, શુભનું સાધન હોય તો આ ધર્મ સમજાય એવી વસ્તુ નથી, કહે છે. પોતાપણે છે અને રાગ આદિ ને પરપણે નથી એવો તો એનો સ્વભાવ છે. ભીખાભાઈ! અનેકાંત-અનેકાંત એમ કહે એમ ન ચાલે. આમેય હોય ને આમેય હોય. આહાહા! જેને દૃષ્ટિમાં, ભગવાન ધ્રુવ નિત્યાનંદ અબદ્ધસ્વરૂપ એમ દૃષ્ટિમાં આવ્યું તો એના પરિણમનમાં અશુદ્ધતા નથી. એમ જો ન કહે તો શુદ્ધતા જ એકલી છે? કહે, હા. અશુદ્ધતા છે? કહે, ના. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

एक नय दिखाये तो वाद विवादमैं रहियै.. સ્થિરતા ન હોય, સ્થિરતા થઈ શકે નહીં. કારણ લોકોને સમજાવવામાં રોકાવું પડે. અને ત્યાં એને આ બીજો નય ન બતાવે તો એને (સાચું સમજાય નહીં). ભગવાનનો માર્ગ તો બે નયનો છે. એ બે નયનો ભલે છે. પર્યાય પર્યાયપણે છે એક નયે, દ્રવ્ય દ્રવ્યપણે છે એક નયે, એમ. એમ બે નય. પણ એથી કરીને પર્યાય પર્યાયપણે છે માટે એને આશ્રયે ધર્મ થાય, એમ નથી. સમજાણું કાંઈ? દ્રવ્ય દ્રવ્યપણે છે ભગવાન ચૈતન્યદ્રવ્ય. જ્ઞાનસ્વભાવ.. જ્ઞાનસ્વભાવ ધ્રુવપણે છે એમ એકલું કહે તો બીજા નયમાં પર્યાય નથી એ વિવાદ ઊભો રહે છે, કહે છે. તો ભઈ કહે કે પર્યાય છે. પણ એવા બે નયના વાદમાં ઊભો રહે તો વિકલ્પ ઉઠશે અને અનુભવ થઈ શકશે નહીં. આહા! સમજાણું કાંઈ? અરે! જ્યાં એને જાવું છે ત્યાં એ રાગનો સ્પર્શ પણ નથીને અંદર. એક નયનું કથન કરતાં બીજો નય સામો માગશે, પણ બે નયમાં ઊભો રહે તો વિકલ્પ થાશે, કહે છે. સમજાણું કાંઈ? આરે, આરે! રાગ થાશે.

थिरता न होइ विकलपकी तरंगनिमै.. નિત્ય છે તો અનિત્યનું પડખું ઊભુ રહે સામે પાછું. કારણકે નિત્ય છે એ નિર્ણય કોણ કરે છે? અનિત્ય નિર્ણય કરે છે. સમજાણું કાંઈ? અથવા હું એક નિત્ય છું.. નિત્ય છું.. નિત્ય છું. શેમાં નિત્ય છું એવું જણાય? ધ્રુવમાં જણાય? જણાવાનું તો અનિત્યમાં જણાય છે. આહાહા! સમજાણું ? અને એ અનિત્યનયનો પર્યાય એમ કહે કે હું ધ્રુવ છું. પોતે પર્યાય એમ ન કહે કે હું અધ્રુવ છું. હું ધ્રુવ છું સામે. તો એ પર્યાયે વિષય કરીને પર્યાયાર્થિક નયનું જ્ઞાન યથાર્થ થાય.

સમજાણું કાંઈ? આહાહા! નિત્યાનંદ છું. નિત્ય આનંદ છું. કૂટસ્થ છું. પણ એ જાણ્યું કોણે? કૂટસ્થ જાણે? નિત્ય જાણે? જાણવાની પર્યાય તો અનિત્ય છે. એ અનિત્યમાં નિત્યનો નિર્ણય થાય છે. આહાહા! સમજાણું કાંઈ?

थिरता न होइ विकलपकी तरंगनिमै, चंचलता बढ़ै.. આહાહા! આ પણ છે ને આ પણ છે. અમે તો ધ્રુવ છીએ, એમ જે કહે એ કોણ કહે છે? પણ જાણે છે કોણ? કહે તો વાણી. અમે તો ત્રિકાળી અબદ્ધસ્પૃષ્ટ છીએ, ધ્રુવ છીએ, સામાન્ય છીએ. ભાઈ! અમે તો સામાન્ય એકરૂપ છીએ. શેમાં? શેમાં એ તને જણાય છે? વિશેષમાં જણાય છે એ. મૂલચંદભાઈ! આવો માર્ગ ઝીણો છે. લોકોએ જૈનદર્શનને વીંખીં નાખ્યો. એ કંઈ વીંખાતું નથી, પણ એની કલ્પનામાં (ઉંધો બેઠો છે). અરે, માર્ગ તે બાપા આવો! આહાહા!

ગમે એવું જોર કરવા અને વાત કરવા જાય કે અમે તો પરિપૂર્ણ સામાન્ય અબદ્ધસ્પૃષ્ટ નિશ્ચય... આવે છે ને બધા બોલો. અબદ્ધસ્પૃષ્ટ, સામાન્ય, નિયત, અવિશેષ. એ છે ખરું ભલે, પણ એ શેમાં જણાય? બદલતી દશામાં જણાય કે એકરૂપ રહે એમાં જણાય? બાપુ! એ આવશે વાત. પર્યાય છે એ વાત આવશે. પણ એનો વિકલ્પ કરીશ તો અંદર અનુભવ નહીં થઈ શકે. આહાહા! સમજાણું કાંઈ? હું પર્યાય જો ન માનું તો બસ નિશ્ચયાભાસી (થઈ જઈશ.) એ પણ વિકલ્પ છે. ન માને ક્યા? શાંતિભાઈ! આવો માર્ગ છે ભાઈ! આહાહા! પ્રભુને પ્રભુતા પર્યાયમાં પામવા માટે પ્રભુની આ આજ્ઞા છે. સમજાણું કાંઈ?

चंचलता बढ़ै अनुभौ दसा न लहियै.. નિત્ય અને અનિત્ય, શુદ્ધ અને અશુદ્ધ, એક ને અનેક, સ્થિર ને અસ્થિર—બધું આવ્યુંને. એવા બે ભેદમાં ઊભો રહીશ તો વિકલ્પ થાશે, અનુભવ થશે નહીં. અનુભવ તો વિકલ્પાતીત છે. આહાહા! એમ કહીને એમ કહે છે કે પર્યાયમાં આવા વિચારો રહ્યા કરે તો તો વિકલ્પ રહેશે. ભલે ધ્રુવ છું અને પર્યાય એનો નિર્ણય કરે છે—એવા બે પ્રકારનો વિચાર પણ વિકલ્પ રહેશે. આહાહા! શું વીતરાગમાર્ગનો પ્રવાહ! સમજાણું કાંઈ? શાંતિ છું, શાંતિ છું. સુખરૂપ છું, સુખરૂપ છું. ત્રિકાળ શુદ્ધ છું. ભાઈ! ત્રિકાળ શુદ્ધ છે એવી જાણવાની પર્યાયને માગશે લોકમાં અને તને પણ અંદર થવું જોઈએ કે આ ત્રિકાળ આવો છે તે એની આ પર્યાયે જાણવું થયું. પણ બે ભેદના વિકલ્પમાં અટકીશ તો અનુભવ નહીં થાય. સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! આહાહા! (શ્રોતા : ...) આવે ત્યારે તો કહેને એને.

ઓલું બાઈયું ગાય. ઓલા પૈસા પડાવવામાં 'નાણાં મળશે પણ ટાણાં નહીં મળે,' એમ. એમ ગાયને, બાઈયું એમ ગાયને. આ પૈસા-બૈસા ઉઘરાવવા હોયને ત્યારે એમ

ગાય. આપણે તો અહીં ક્યાં લેવા છે, પણ શ્વેતાંબરમાં બહુ ગાય. દિગંબરમાંય કેટલાક કહે, આવા ટાણાં નહીં મળે. લખાવો. હા, સાધુ કહે. નાણા મળશે ટાણાં નહીં મળે. હા. ભાષણ કરે એવા. એય શાંતિભાઈ! એમ જ છે? (શ્રોતા : નાણાં મળશે ટાણાં નહીં મળે) હા. આંહીં તો કહે, નાણુંય નથી ને ટાણુંય નથી. તને ખબર નથી. (શ્રોતા : ચડતા ભાવ રાખો). હા. ચડતા ભાવ રાખો. ખરડો થાતો હોયને. કેટલા લખાણા ભાઈ? તમારા પ્રમાણમાં ઓછા છે. બોલો વધારે. આવી માથાકૂટ. કહો. આહા!

આંહીં તો તારામાં છે જે બે પ્રકાર, એના એક પક્ષમાં ઊભો રહીને વિકલ્પ કરીશ તો બીજો પક્ષ છૂટી જશે, લક્ષમાં નહીં રહે. અને એની અસ્તિ જ્યાં સિદ્ધ કરવા જાઈશ ત્યાં દ્રવ્યની અસ્તિત્વનું જ્ઞાન નહીં રહે. એથી વિકલ્પ રહેશે, એમ કહે છે. જયાં છું ત્યાં છું અને જેમ છું ત્યાં છું, એમેય નહીં. આહાહા! (શ્રોતા : ...અવસ્થા હૈ ?) અવસ્થા તો એવી જ છે. પણ વાણીમાં શું આવે, કહે છે. વાણીમાં એમ કહે કે હું નિત્ય છું. તો ઓલો કહે, નિત્ય છું તને ક્યાંથી ખબર? પર્યાય વિના નિત્ય છે ક્યાંથી થયું? આ બાજુ ફરે તો પર્યાય છે. પર્યાયે શું નિર્ણય કર્યો તેં? પર્યાયે નિર્ણય કર્યો નિત્યનો. તો પર્યાયે પોતાનો નિર્ણય ન કર્યો? એમાં જ્ઞાનમાં આવી ગયું, ભાઈ! નિત્ય છું એમ જયાં જ્ઞાન થયું એટલે પર્યાયમાં જ્ઞાન થયું, એ પર્યાયનું જ્ઞાન પણ આવી ગયું. જેઠાભાઈ! આવો માર્ગ ભારે પણ ભાઈ! આહાહા! વસ્તુની સ્થિતિ જ આવી છે. એમાં ભગવાને કાંઈ કહ્યું છે માટે આમ છે, એમ છે? જેવું હતું એવું કહ્યું અને કહ્યું એવું છે. આહાહા!

चंचलता बढ़ै अनुभौ दसा न लहियै.. नयके विकल्पजालमें पड़नेसे चित्तको विश्राम नहीं होता और चंचलता बढ़नेसे अनुभव टिक नहीं सकता. तातैं जीव अचल अबाधित अखंड एक.. આ તો દૃષ્ટિમાં લેવાના વિષયની વાત કરે છે. આમ તો વળી અખંડ ને અબાધિત છું તો ખંડ ને ચલવાળું છે, બાધિતવાળું છે એવો બીજો નય ઊભો છે. પણ બેય નયનો વિકલ્પ તોડીને અનુભવમાં અચળ એવી ચીજ, અબાધિત નામ એને કંઈ વિઘ્ન જ નથી. એમાં વિકલ્પનો વિરોધપક્ષ છે જ નહીં. અબાધિત ચૈતન્ય ભગવાન! આહા! આ તે કંઈ વસ્તુ હાથમાં આવવી (કઠણ છે). એમ ને એમ બોલી જવું વાણીમાં એ જુદી વાત છે, કહે છે. એના વિશ્વાસમાં આવીને અનુભવ કરવો (કે) આ જ આવું છે. સમજાણું કાંઈ?

અબાધિત, અચળ, અખંડ, એક વસ્તુનો અનુભવ કર. અનુભવ છે પર્યાય, પણ અનુભવ કરે છે દ્રવ્યનો એમ કહેવાય. નહીંતર અનુભવ છે પર્યાયનો પર્યાયમાં, દ્રવ્યનો અનુભવ નથી. સમજાણું કાંઈ? અનુભવ દ્રવ્યનો ન હોય, દ્રવ્ય તો ધ્રુવ છે. અનુભવ હોય પર્યાયમાં—અવસ્થામાં. પણ આમ દ્રવ્યની સામું જોઈને જે અનુભવ થાય એ દ્રવ્યનો

અનુભવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ભારે ધર્મ ભાઈ આવો! ઓલા તો ભાઈ ગુરુની ભક્તિ કરો, કલ્યાણ થઈ જશે, જાઓ. વિનય કરો વિનય. ભગવાનની ભક્તિ એવી લગાઓ, એવી લગાઓ કે ભૂલી જાઓ પોતાને પણ. તને ભૂલીને કરી, એ શું થાય? આહાહા!

ઓલા કહેતા હતા એક શિવલાલભાઈ. વકીલ, નહીં ભાઈ? રાજકોટ. કે માળું સાંભળવા જઈએ ત્યાં દયાની વ્યાખ્યા આવે તો એવી આવે કે આપણે હવે દયા જ પાળવી. (શ્રોતા : જીવરાજભાઈના માણસ.) હા. એય ! જીવરાજભાઈ ક્યાં ગયા? એ તમારો મામો હતોને એ બિચારાને બહુ પ્રેમ. પાછો દમ ચડતો હતો દમ. પછી એકવાર કહેતા ૯૯માં. ૯૯માં ચોમાસું હતુંને. કહે, સાંભળવા જઈએ (તો) અહિંસાની વ્યાખ્યા આવે, ઓહો! આપણે અહિંસા જ કરો ત્યારે. દાનની વ્યાખ્યા આવે, દાન જ આપો શક્તિ અનુસાર. સત્યની વાત આવે તો સત્ય બોલવું હરીશચંદ્રની જેમ. હવે આમાં, કહે, પત્તો લાગતો નથી. બ્રહ્મચર્યની વ્યાખ્યા આવે, બરાબર બ્રહ્મચર્ય પાળવું. એક એમાં જ ઉતરો. પણ પાછો એનો સરવાળો ક્યાં બંધાય? એ હાથ આવતું નહોતું, કહે. એનો બધો વિકલ્પ ને દયા ને ફલાણું—ફલાણું છોડ. એક એક ભાગને છોડ. અહીં તો અખંડાનંદ પ્રભહિ એકરૂપ ને અખંડ., ऐसौ पद साधिकै, એ સાધવાનું છે. આહાહા! સમજાણું કાંઈ?

આ કેવી આવે દયાની વાત (કે) દયા જેવો કોઈ ધર્મ નથી. સત્ય જેવું કોઈ જગતમાં સ્વરૂપ નથી. બ્રહ્મચર્ય જેવો કોઈ જગતમાં ધર્મ નથી. અપરિગ્રહ નિવૃત્તસ્વરૂપ છે અપરિગ્રહ. જેટલો પરિગ્રહ છૂટે એટલો ધર્મ થાય. છોડો બાપા, લ્યો. અપવાસ કરવો, ઉણોદરી કરવી. આ બધાની વ્યાખ્યા આવે તો એવી આવે. હવે આ અપવાસ કરવા કે ઉણોદરી કરવી? અપવાસ કરતાં વળી એમ આવે, ખાવું ને પછી એને ખાવાનું ઓછું કરવું એ મોટી તપસ્યા કહેવાય. એમ બોલે. એને આ વખાણે હરખચંદ મહારાજ. અને વિનય. મરી જવું જોઈએ વિનય માટે. મૂળિયું છે ધર્મનું. પણ હવે શું કરવું? સમજાણું કાંઈ? ભાઈ! એ બધી વાતું છે એ વિકલ્પની વાતું છે. સમજાણું કાંઈ? જ્યાં ભક્તિ આવે દેવની, પરિક્રમાની સાક્ષાત... એવી પ્રતિમા. દેવો આમ ભક્તિ કરે ને ભક્તિના સ્ત્રોત વહે. ભઈ, ચાલો આપણે ભક્તિ કરીએ ત્યારે. પણ એમાંથી કાઢવું છે શું? એ ભક્તિ... એય પંડિતજી ! પરની ભક્તિ અને પર—બેયનો જેના આત્મસ્વભાવમાં અભાવ છે. આહાહા! એ ન હોય તો સદાય ભક્તિનો વિકલ્પ રહ્યા જ કરે એના સ્વભાવમાં. છે જ નહીં એનામાં એ. આહાહા!

ऐसौ पद साधिकै समाधि सुख गहियै.. અર્થમાં છે એ બધું. जीवपदार्थ नयकी अपेक्षासे अस्ति-नास्ति, एक-अनेक, थिर-अथिर, आदि अनेकरूप कहा गया है। यदि

एक नयसे विपरीत दूसरा नय न दिखाया जाय तो विपरीतता दिखने लगती है और वादानुवाद उपस्थित होता है। ऐसी दशामें अर्थात् नयके विकल्पजालमें पड़नेसे चित्तको विश्राम नहीं होता और चंचलता बढ़नेसे अनुभव टिक नहीं सकता. અનુભવમેં તો, મૈં ઐસા હૂં કે નહીં ઐસા વિકલ્પ નહીં. આહાહા! इसलिये जीवपदार्थको अचल, अबाधित, अखंडित और एक साधकर.., લ્યો પાછું આવ્યું. વળી તમે એક પક્ષને ના પાડતા ને વળી એક પક્ષને સાધવો (એમ કહો છો). પણ એ જ વસ્તુ છે. એકરૂપ છે અને સાધે છે એ પર્યાય એમાં આવી ગઈ. સમજાણું કાંઈ? આહાહા!

ભાવાર્થ :—एक नय पदार्थको अस्तिरूप कहता है तो दूसरा नय उसी पदार्थको नास्तिरूप कहता है, एक नय उसे एकरूप कहता है तो दूसरा नय उसे अनेक कहता है, एक नय नित्य कहता है तो दूसरा नय उसे अनित्य कहता है. પર્યાયની અપેક્ષાએ. एक नय शुद्ध कहता है तो दूसरा नय उसे अशुद्ध कहता है, एक नय ज्ञानी कहता है तो दूसरा उसे अज्ञानी कहता है, एक नय सबंध कहता है... સંબંધ છે પરની સાથે નિમિત્ત-નૈમિત્તિક. દૂસરા નય કહે, વસ્તુમેં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હૈ નહીં. સમજાય છે કાંઈ? જ્ઞાની કહતા હૈ. દૂસરા અજ્ઞાની કહતા હૈ. ऐसे परस्पर विरुद्ध अनेक धर्मोंकी अपेक्षासे पदार्थ अनेकरूप कहा जाता है. जब प्रथम नय कहा गया और उसका विरोधी न दिखाया जावे तो विवाद खड़ा होता है. એકલું દ્રવ્ય.. દ્રવ્ય.. દ્રવ્ય.. દ્રવ્ય.. દ્રવ્ય કરી કરીને પછી આ પર્યાય ક્યાં ગઈ તારી? એ વિવાદ ઊભો થાય. થઈ ગયું. સમજાણું કાંઈ? દ્રવ્ય કહેતાં, વસ્તુ છે એમ કહેતાં જ એ જાણનાર પર્યાય આવી ગઈ. સમજાણું કાંઈ? અને એ પર્યાયનું જ્ઞાન પણ દ્રવ્યનું જ્ઞાન થાય ત્યારે જ યથાર્થ પર્યાયનું જ્ઞાન થાય.

नयोंके भेद बढ़नेसे अनेक विकल्प उपजते हैं जिससे चित्तमें चंचलता बढ़नेके कारण अनुभव नष्ट हो जाता है, इसलिये प्रथम अवस्थामें तो नयोंका जानना आवश्यक है, લ્યો. જુઓ, આવ્યું પહેલું. વળી ના પાડે, પણ એવી ચીજ છે એમ પહેલી સિધ્ધ તો કરવું પડેને નક્કી. फिर उनके द्वारा पदार्थका वास्तविक स्वरूप निर्णय करनेके अनंतर... વાસ્તવિક નિર્ણય કરીને પછી કરવું શું? एक शुद्ध बुद्ध आत्मा ही उपादेय है. એનો અનુભવ કરવો એમ કહે છે. એમાં હા પાડી કે નય નહીં. પણ એમાં પહેલા સમજવું તો પડશેને. નિત્ય શું છે, અનિત્ય શું છે, એક કઈ અપેક્ષાએ કહે છે, અનેક કઈ અપેક્ષાએ કહે છે—એ જાણી અખંડ અભેદનો અનુભવ કરવો. આ જાણવાનો સાર છે. આત્મા એ અખંડ અભેદ છે, એ ઉપાદેય છે. બાકી બધું છોડવાલાયક છે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૭૩, આસો સુદ ૮, સોમવાર તા. ૨૭-૯-૧૯૭૧
## સાધ્ય-સાધક દ્વાર પદ ૪૪ થી ૪૬ ઉપર પ્રવચન

સમયસાર નાટક, સાધ્ય-સાધક દ્વાર. आत्मा द्रव्य, क्षेत्र, काल भावसे अखंडित है. એ વ્યાખ્યા છે. દૃષ્ટાંત આપીને વાત સિદ્ધ કરે છે.

આત્મા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અખંડિત છે (સવૈયા એકત્રીસા)

जैसें एक पाकौ आंबफल ताके चार अंस,
　　रस जाली गुठली छीलक जब मानियै।
यौंतौ न बनै पै ऐसे बनै जैसै वहै फल,
　　रूप रस गंध फास अखंड प्रमानियै।।
तैसै एक जीवकौ दरव खेत काल भाव,
　　अंस भेद करि भिन्न भिन्न न बखानियै।
दर्वरूप खेतरूप कालरूप भावरूप,
　　चारौंरूप अलख अखंड सत्ता मानियै।।४४।।

**શબ્દાર્થ** :—આંબફળ=કેરી. ફાસ=સ્પર્શ. અખંડ=અભિન્ન. અલખ=આત્મા.

**અર્થ** :—કોઈ એમ સમજે કે જેવી રીતે પાકા આમ્રફળમાં રસ, જાળી, ગોટલી અને છાલ એવી રીતે ચાર અંશ છે, તેવી જ રીતે પદાર્થમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ—એ ચાર અંશ છે,—એમ નથી. આ રીતે છે કે જેવી રીતે આમ્રફળ છે અને તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ તેનાથી અભિન્ન છે, તેવી જ રીતે જીવપદાર્થના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તેનાથી અભિન્ન છે અને આત્મસત્તા પોતાના સ્વચતુષ્ટયથી સદા અખંડિત છે.

ભાવાર્થ :—જો કોઈ ઇચ્છે કે અગ્નિથી ઉષ્ણતા ભિન્ન કરવામાં આવે, અર્થાત્ કોઈ તો અગ્નિ પોતાની પાસે રાખે અને બીજાની પાસે ઉષ્ણતા સોંપે તો તેમ બની શકતું નથી, તેવી જ રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને પદાર્થથી અભિન્ન જાણવા જોઈએ. ૪૪.

**अर्थ** :—कोई यह समझे कि जिस प्रकार पके हुए आमके फलमें रस, जाली, गुठली, छिलका ऐसे चार अंश हैं, वैसे ही पदार्थमें द्रव्य, क्षेत्र, काल, भाव ये चार अंश हैं, सो ही ऐसा नहीं है। इस प्रकार है कि जैसे आमका फल है और उसके स्पर्श, रस, गंध उससे अभिन्न हैं, उसी प्रकार जीव पदार्थके द्रव्य, क्षेत्र, काल, भाव उससे अभिन्न हैं और आत्मसत्ता अपने स्वचतुष्टयसे सदा अखंडित है।

भावार्थ :–यदि कोई चाहे कि अग्निसे उष्णता पृथक् की जावे अर्थात् कोई तो अपने पासमें अग्नि रक्खे और दूसरेके पास उष्णता सोंपे तो नहीं हो सकती, इसी प्रकार द्रव्य, क्षेत्र, काल, भावको पदार्थसे अभिन्न जानना चाहिये।।४४।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

શું કહે છે? કોઈ એમ સમજે કે એક કેરી છે, કેરી–આમ્રફળ. એના ચાર અંશ છે કેરીના. ક્યા ચાર? એક રસ કેરીનો, એક જાળી.. જાળી, એક ગોટલી અને એક છીલકા ઉપરના છાલ—એ કેરીના ચાર ભાગ. એમ આત્મામાં ચાર (ભાગ) નથી, કહે છે. સમજાણું કાંઈ? નીચે છે ને.

न द्रव्येण खण्डयामि, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि,
न भावेन खण्डयामि; सुविशुद्ध एको ज्ञानमात्रौ भावोऽस्मि ।।

---

**સમયસાર કળશ અર્થ :**—''भावः अस्मि'' હું વસ્તુસ્વરૂપ છું. વળી કેવો છું? ''ज्ञानमात्र'' ચેતનામાત્ર છે સર્વસ્વ જેનું એવો છું. ''एकः'' સમસ્ત ભેદ-વિકલ્પોથી રહિત છું. વળી કેવો છું? ''सुविशुद्धः'' દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ ઉપાધિથી રહિત છું. વળી કેવો છું? ''द्रव्येण न खण्डयामि'' જીવ સ્વદ્રવ્યરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું; ''क्षेत्रेण न खण्डयामि'' જીવ સ્વક્ષેત્રરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું; ''कालेन न खण्डयामि'' જીવ સ્વકાળરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું; ''भावेन न खण्डयामि'' જીવ સ્વભાવરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું. ભાવાર્થ આમ છે કે—એક જીવવસ્તુ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવરૂપ ચાર પ્રકારના ભેદો દ્વારા કહેવાય છે તોપણ ચાર સત્તા નથી, એક સત્તા છે. તેનું દૃષ્ટાન્ત—જેમ એક આમ્રફળ ચાર પ્રકારે છે એમ તો ચાર સત્તા નથી. તેનું વિવરણ—કોઈ અંશ રસ છે, કોઈ અંશ છોતરું છે, કોઈ અંશ ગોટલી છે, કોઈ અંશ મીઠાશ છે; તેમ એક જીવવસ્તુ (વિષે) કોઈ અંશ જીવદ્રવ્ય છે, કોઈ અંશ જીવક્ષેત્ર છે, કોઈ અંશ જીવકાળ છે, કોઈ અંશ જીવભાવ છે,–એ પ્રમાણે તો નથી, એવું માનતાં સર્વ વિપરીત થાય છે. તેથી આ પ્રમાણે છે કે જેમ એક આમ્રફળ સ્પર્શ-રસ-ગંધ-વર્ણે બિરાજમાન પુદ્‌ગલનો પિંડ છે, તેથી સ્પર્શમાત્રથી વિચારતાં સ્પર્શમાત્ર છે, રસમાત્રથી વિચારતાં રસમાત્ર છે, ગંધમાત્રથી વિચારતાં ગંધમાત્ર છે, વર્ણમાત્રથી વિચારતાં વર્ણમાત્ર છે; તેમ એક જીવવસ્તુ સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ-સ્વભાવે બિરાજમાન છે, તેથી સ્વદ્રવ્યરૂપે વિચારતાં સ્વદ્રવ્યમાત્ર છે, સ્વક્ષેત્રરૂપે વિચારતાં સ્વક્ષેત્રમાત્ર છે, સ્વકાળરૂપે વિચારતાં સ્વકાળમાત્ર છે. સ્વભાવરૂપે વિચારતાં સ્વભાવમાત્ર છે. તેથી એમ કહ્યું કે જે વસ્તુ છે તે 'અખંડિત' છે. 'અખંડિત' શબ્દનો આવો અર્થ છે.

---

એનો અર્થ છે એ. કહે છે કે કેરી છે આંબો-અંબ. એનો એક રસભાગ, એક છીલકા–છાલ.. છાલ, એક જાળી અંદર હોય છેને અને એક ગોટલી. એમ ચાર ભાગ કરીને કેરી, એમ નથી. સમજાણુ કાંઈ? यौंतौ न बनै–એમ ન બને. પણ बनै जैसै वहै फल.. રૂપ, રસ, ગંધ અને સ્પર્શ. કેરીનો રંગ કહો તોય વ્યાપક છે બધે, રસ કહો તોય વ્યાપક છે, ગંધ કહો તોય વ્યાપક અને સ્પર્શ કહો તોય વ્યાપક. ઓલા ચાર તો જુદી જાત

જ છે. કેરીમાં ચાર ભાગ, એમ કેરી ન હોય. સમજાણું કાંઈ? પણ આખી કેરીમાં રંગ, ગંધ, રસ અને સ્પર્શ એ ચાર ચીજનું એકરૂપ તે કેરી છે. એમાંથી રસ જુદો કાઢી નાખે, ગંધ જુદી કાઢી નાખે અને કેરી રહે, એમ બને? સમજાણું કાંઈ?

एक जीवकौ.. હવે દૃષ્ટાંત (પરથી) સિદ્ધાંત. એક આત્મા અંદર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એમ अंस भेद करि भिन्न भिन्न न बखानियै.. એમ ભિન્ન ભિન્ન ન વખાણીએ કે આત્માનું દ્રવ્ય જુદું છે, ક્ષેત્ર જુદું છે, કાળ જુદો છે અને ભાવ જુદો છે, એમ નથી. સમજાણું કાંઈ? दर्वरूप खेतरूप कालरूप भावरूप, चारौंरूप अलख अखंड सत्ता मानियै. વસ્તુ જે છે એ દ્રવ્યરૂપે પણ એ, ક્ષેત્રરૂપે પણ અસંખ્યપ્રદેશી એ, કાળથી પણ ત્રિકાળી એ અને ભાવથી પણ એ. એમાં એકેય બોલ જુદો પડે અને આત્મા રહે, એમ છે નહીં. સમજાણું કાંઈ?

जैसे आमका फल है और उसके स्पर्श, रस, गंध उससे अभिन्न हैं. કેરી એના રંગ, ગંધ, રસ, સ્પર્શથી જુદી નથી, એકરૂપ છે. એમ આત્મા દ્રવ્યરૂપ.. દ્રવ્ય પણ એનો એ ચીજ, ગુણ-પર્યાયનો પિંડ તે દ્રવ્ય, ક્ષેત્ર અસંખ્યપ્રદેશ. એ વસ્તુ એકની એક છે. વળી દ્રવ્ય જુદું અને ક્ષેત્ર જુદું—એમ છે? કાળેય જુદો એમ છે? કે એનું કાળનું રહેવાપણું ને ત્રિકાળી વળી જુદી ચીજ છે? એ ત્રિકાળી રહેવું એનો કાળ એ પણ અભિન્ન છે. અને એને ભાવ ગણીએ જ્ઞાન-દર્શન-આનંદ તો એ રૂપે જ છે. ભાવ જુદી ચીજ છે, ક્ષેત્ર જુદી ચીજ છે, દ્રવ્ય જુદી ચીજ છે, કાળ જુદી ચીજ છે—એમ નથી. કહો, બરાબર છે? એકરૂપ છે. ચાર નામ ભિન્ન ભિન્ન ઓળખાવ્યા છે, પણ ચારનું રૂપ તો એક જ છે. જેમ આંબામાં–કેરીમાં ચાર ઓલા ગણ્યા–રસ, જાળી, ગોટલી, છિલકા, એમ નથી. સમજાણું કાંઈ?

હવે સ્પર્શને એક કોર મૂકો અને એકલો રસ રાખો કેરીમાં. એમ રહે? એમ આત્મામાં જ્ઞાન એક કોર રાખો અને ક્ષેત્ર જુદો રાખો, એમ દ્રવ્યને જુદું રાખો અને ગુણને જુદાં રાખો. બધી એકની એક ચીજ છે. જુદું કોને રાખે? સમજાણું કાંઈ? ચારના ભેદ પાડીને વિકલ્પ ઉઠાવવો એ આશ્રય કરવાલાયક નથી, એમ કહે છે. આહાહા! રાગનો તો આશ્રય કરવાલાયક નથી, નિમિત્તનો આશ્રય કરવાલાયક નથી, પણ એક આત્માના ચાર ભાગ પાડીને ભેદરૂપનો આશ્રય કરવાલાયક નથી કેમકે ચાર ભેદ છે જ નહીં. આહા! કહો, હવે આમાં ચીજ તો આ રીતે છે. ઓલા કહે, નહીં તો વ્યવહાર–ભેદ છે કે નહીં? ભેદ છે એનો અર્થ શું કે ભેદ એક પ્રકાર છે. કંઈ વસ્તુમાં ભેદ જુદી ચીજ છે અને અભેદ જુદી ચીજ છે, એમ છે કંઈ? એનો જ્ઞાન-દર્શન-આનંદ આદિ ભાવ એ જુદી ચીજ છે અને એનો કાળ, ક્ષેત્ર, દ્રવ્ય, જુદું છે. (એમ નથી.)

**चारौंरूप अलख..** વિકલ્પ ને ઈન્દ્રિયોથી જાણ્યો ન જાય એવો જે ભગવાન આત્મા ચારરૂપ અખંડ છે. એકરૂપ અખંડ સત્તા માનિયે. બે સત્તા ને ત્રણ સત્તા ને ચાર સત્તા, એમાં નથી. દ્રવ્યની સત્તા છે એ જ ક્ષેત્રની સત્તા છે, ક્ષેત્રની સત્તા એ જ કાળની અને કાળની સત્તા એ જ ભાવની છે. કહો, સમજાણું કાંઈ? જેમ આ ગાંધીને ત્યાં ગંધિયાણામાં ન હોય ? એકમાં જીરું, એકમાં ધાણા, એકમાં (બીજી વસ્તુ). નોખા નોખા ખાના હોયને, એમ આંહીં ખાના હશે ચાર અંદર ? એક દ્રવ્ય હશે ને બીજો ક્ષેત્ર ને ત્રીજો કાળ ને ચોથો ભાવ? ઓલામાં જુદું જુદું હોય. એકમાં ધાણા હોય, એકમાં જીરું હોય, એકમાં સોપારી હોય, એકમાં બદામ હોય. ખાના જુદા છે જ નહીં. જ્યાં ગુણ છે ત્યાં જ આત્મા છે અને આત્મા દ્રવ્ય છે અને દ્રવ્ય છે ત્યાં ગુણ છે. ગુણ છે ત્યાં ક્ષેત્ર છે અને ક્ષેત્ર છે ત્યાં ત્રિકાળી તત્ત્વ છે. આહા!

(શ્રોતા : કાળમાં ફરી એ તત્ત્વ લેવું?) ત્રિકાળ. એ બધું કાળે ત્રિકાળી તત્ત્વ. સમજાય છે ? ત્રિકાળી એને સ્વકાળ લીધો છે ને. એક સમયની પર્યાય એ તો ભેદકાળ છે. તું તો અભેદ છે. આહાહા! (શ્રોતા : ભેદાભેદને પણ અભેદ માનીએ તો?) ભેદાભેદ એટલે શું પણ? (શ્રોતા : સ્વરૂપ ભેદાભેદ?) સ્વરૂપભેદ શું છે? દ્રવ્યનું સ્વરૂપ છે તે ક્ષેત્રનું સ્વરૂપ છે, તે કાળનું સ્વરૂપ છે ને તે ભાવનું સ્વરૂપ છે. નામભેદ છે. વસ્તુભેદ નથી. નામભેદે ભેદ પાડ્યા, વસ્તુમાં ભેદ ક્યાં છે? સમજાણું કાંઈ આમાં? આ આત્મા દ્રવ્ય, એ ગુણ-પર્યાયનો પિંડ અને ક્ષેત્ર—એનું સ્વરૂપ જુદું છે? નામ જુદાં છે. વસ્તુ જુદી જુદી નથી. (શ્રોતા : નામભેદે ભેદ છે?) નામભેદે ભેદનો અર્થ શું? એ તો કથન છે. (શ્રોતા : એટલો વ્યવહાર લાગુ પડેને?) વ્યવહાર લાગુ પડતો નથી એને. સમજાણું કાંઈ? એમ છે. વાત સાચી છે. અભેદ વસ્તુમાં ભેદ જુદી ચીજ છે ત્યાં? ગુણ અને કાળ જુદી ચીજ છે? આહાહા!

એ એક જ સત્તા છે ચારેની. બસ નામ જુદા છે એ તો એક ઓળખાવવા માટે સમજાવ્યા છે. એ જ કહ્યુંને. **चारौंरूप अलख अखंड** છે. અખંડ સત્તા છે. દ્રવ્ય સત્તા– દ્રવ્યનું હોવાપણું, ક્ષેત્રનું હોવાપણું ને કાળનું ને ભાવનું હોવાપણું—એવું ચારનું હોવાપણું ચારપણે નથી. ચારનું હોવાપણું એકપણે સત્તા છે. આરે, આરે ! ભારે આવું ઝીણું. દ્રવ્યાનુયોગમાં તત્ત્વ જ એવું છે કે લોકોને એમાંથી વ્યવહાર અભૂતાર્થ અને નિમિત્ત.. સિદ્ધ કરવું ભારે આકરું પડે. વ્યવહાર અભૂતાર્થ (છે) પણ વ્યવહાર આવ્યા વિના રહે છે? એના વિના ચાલે છે? એમ કહે છે. કહો હવે. વ્યવહાર વિના જ ચાલ્યું છે અંદર, સાંભળને ! (શ્રોતા : નિશ્ચય વ્યવહાર વિના ચાલે નહીં એનો અર્થ?) આહાહા! આ

સોનગઢનું નીકળ્યું એટલે પછી કાંઈક આપણે (બીજું કાઢવું.) (શ્રોતા : ભાન પડી એ પહેલાં એમ માનતા હતા.) એ માનતા હતાને એ તો. આહાહા!

એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે. ત્યારે કરે એટલે શું? કહે છે. નિમિત્ત એ રૂપે પરિણમતું નથી. નિમિત્ત એ રૂપે પરિણમતું નથી એ પરદ્રવ્યનો અકર્તા છે, એમ કહેવું છે. લે, ઠીક (શ્રોતા : તો કઈ રીતે કર્તા છે?) કરી તો શકે, એમ કહે. પણ નિમિત્ત એ રૂપે પરિણમતું નથી માટે કર્તા નથી, એમ. (શ્રોતા : તો એ કઈ રીતે કર્તા છે?) આ રીતે કર્તા છે. આ તે કર્તા છે. નિમિત્ત વિના કાર્ય થતું નથી એટલે અકિંચિત્કર નથી. નિમિત્ત વિના બેય એક સાથે કામ ચાલે છે. (શ્રોતા : બેયમાં ચાલે?) બે સાથે. એના દાખલા કીધા નહીં આપણે? દાખલા પણ છે ક્યાંક. દાખલો છે એમ હોં. બેય વિના કાર્ય થાય નહીં. એ દાખલા જ મારે... વિદ્વાન ખરાને એ લોકો. એવું આપ્યું છે. .... એટલે વિદ્વાનના દાખલા ખરા અહીંયા. આના વિના ચાલે નહીં એટલે કે બે હોય તો જ કામ થાય.

આંહીં તો ચારે વસ્તુ એક સમયમાં પોતાથી છે. અને તેનો સમયનો કાળ લ્યો તોય તે સમયે પોતાથી છે અને નિમિત્ત નિમિત્તથી છે. એમાં નિમિત્ત છે માટે કાળ—પર્યાય સ્વકાળ છે, એમ છે? પરકાળની તો આંહીં નાસ્તિ છે. આમ નિમિત્તની નાસ્તિ થઈ એમાં. પણ નિમિત્ત વિના થતું નથીને? એમ માળો કહે. બે-એક જગ્યાએ દાખલો નાખ્યો (છે.) એવો અંદર દાખલો છે એક અંદર. ચિહ્ન, ચિહ્ન કર્યું હશે. એવો બેસાડ્યો દાખલો કે જુઓ, આ બે વિના થાય નહીં.

આંહીં તો કહે છે, जीव पदार्थके द्रव्य, क्षेत्र, काल, भाव उससे अभिन्न हैं और आत्मसत्ता अपने स्वचतुष्टयसे सदा अखंडित है. સ્વચતુષ્ટય (કહેતા) ચાર ભાગ નથી, પણ અખંડિત છે, એમ કહે છે. આહાહા! 'न द्रव्येण खण्डयामि' છે ને. દ્રવ્યથી ખંડ જુદો ન પાડ, ક્ષેત્રથી જુદો ન પાડ, કાળથી નહીં ને ભાવથી નહીં. એ તો વિશુદ્ધ.. વિશુદ્ધ એક 'ज्ञानमात्रौ भावोऽस्मि'. હું તો એકરૂપ જ્ઞાનમાત્ર... ભાષા દેખો. ભાવ.....એકલો. પણ એ જ્ઞાનમાં બધું આવી જાય છે. 'एको ज्ञानमात्रौ भावोऽस्मि', લ્યો. હવે આઠમો કળશ. આઠમો કળશ છે ને નીચે.

योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव ।
ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन् ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ॥८॥

---

**સમયસાર કળશ અર્થ :**—ભાવાર્થ આમ છે કે જ્ઞેય-જ્ઞાયકસંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે, તેથી કોઈ એમ સમજશે કે જીવવસ્તુ જ્ઞાયક, પુદ્‌ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્યો જ્ઞેય છે; પરંતુ એમ તો નથી, જેમ હમણાં કહેવામાં આવે છે તેમ છે—"अहम् अयं यः ज्ञानमात्रः भावः अस्मि" (अहम्) હું (अयं

યઃ) જે કોઈ (ज्ञानमात्रः भावः अस्मि) ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું ''सः ज्ञेयः न एव'' તે હું જ્ઞેયરૂપ છું, પરંતુ એવા જ્ઞેયરૂપ નથી; કેવા જ્ઞેયરૂપ નથી? ''ज्ञेयज्ञानमात्रः'' (ज्ञेय) પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના (ज्ञानमात्रः) જાણપણામાત્ર. ભાવાર્થ આમ છે કે—હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય–એમ તો નથી. તો કેમ છે? આમ છે—''ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः'' (ज्ञान) જ્ઞાન અર્થાત્ જાણપણારૂપ શક્તિ, (ज्ञेय) જ્ઞેય અર્થાત્ જણાવાયોગ્ય શક્તિ, (ज्ञातृ) જ્ઞાતા અર્થાત્ અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર,—એવા ત્રણ ભેદ (मद्वस्तुमात्रः) મારું સ્વરૂપમાત્ર છે (ज्ञेयः) એવા જ્ઞેયરૂપ છું. ભાવાર્થ આમ છે કે—હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું તેથી મારું નામ જ્ઞાન, હું પોતા વડે જણાવાયોગ્ય છું તેથી મારું નામ જ્ઞેય, એવી બે શક્તિઓથી માંડીને અનંત શક્તિરૂપ છું તેથી મારું નામ જ્ઞાતા;–એવા નામભેદ છે, વસ્તુભેદ નથી. કેવો છું? ''ज्ञानज्ञेयकल्लोलवल्गन्'' (ज्ञान) જીવ જ્ઞાયક છે, (ज्ञेय) જીવ જ્ઞેયરૂપ છે, એવો જે (कल्लोल) વચનભેદ તેનાથી (वल्गन्) ભેદને પામું છું. ભાવાર્થ આમ છે કે—વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી. ૮.

---

ज्ञान और ज्ञेयका स्वरूप.

જ્ઞાન અને જ્ઞેયનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

कोऊ ग्यानवान कहै ग्यान तौ हमारौ रूप,
ज्ञेय षट दर्व सो हमारो रूप नाहीं है।
एक नै प्रवांन ऐसे दूजी अब कहूं जैसै,
सरस्वती अक्खर अरथ एक ठाहीं है।।
तैसै ग्याता मेरौ नाम ग्यान चेतना विराम,
ज्ञेयरूप सकति अनंत मुझ पांही है।
आ कारन वचनके भेद भेद कहै कोऊ,
ग्याता ग्यान ज्ञेयकौ विलास सत्ता मांही है।।४५।।

**અર્થ** :—કોઈ જ્ઞાની કહે છે કે જ્ઞાન મારું રૂપ છે અને જ્ઞેય–છ દ્રવ્ય મારું સ્વરૂપ નથી. ત્યાં શ્રીગુરુ સંબોધન કરે છે કે એક નય અર્થાત્ વ્યવહાર નયથી તમારું કહેવું સત્ય છે અને બીજો નિશ્ચયનય હું કહું છું તે આ જ રીતે છે કે જેવી રીતે વિદ્યા, અક્ષર અને અર્થ એક જ સ્થાનમાં છે, ભિન્ન નથી, તેવી જ રીતે જ્ઞાતા આત્માનું નામ છે અને જ્ઞાન ચેતનનો પ્રકાર છે તથા તે જ્ઞાન જ્ઞેયરૂપ પરિણમન કરે છે તે જ્ઞેયરૂપ પરિણમન કરવાની અનંત શક્તિ આત્મામાં જ છે, તેથી વચનના ભેદથી ભલે ભેદ કહો, પણ નિશ્ચયથી જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયનો વિલાસ એક આત્મસત્તામાં જ છે. ૪૫.

**अर्थ** :—कोई ज्ञानी कहता है कि ज्ञान मेरा रूप है और ज्ञेय षट् द्रव्य मेरा स्वरूप नहीं है। इसपर श्रीगुरु संबोधन करते हैं कि एक नय अर्थात् व्यवहारनयसे तुम्हारा कहना सत्य है, और दूसरा निश्चयनय मैं कहता हूँ वह इस प्रकार है कि जैसे विद्या अक्षर और अर्थ एक ही स्थानपर हैं, भिन्न नहीं हैं। उसी प्रकार ज्ञाता आत्माका नाम है, और ज्ञान

**चेतनाका प्रकार है तथा वह ज्ञान ज्ञेयरूप परिणमन करता है सो ज्ञेयरूप परिणमन करनेकी अनंत शक्ति आत्मामें ही है, इसलिये वचनके भेदसे भले ही भेद कहो, परंतु निश्चयसे ज्ञाता ज्ञान और ज्ञेयका विलास एक आत्मसत्तामें ही है।।४५।।**

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

વચનના ભેદે ભેદ હો, વસ્તુમાં ભેદ છે નહીં. શું કહે છે? कोऊ ग्यानवान એમ કહે કે જ્ઞાન જાણવું એ મારું સ્વરૂપ છે. ज्ञेय षट दर्व सौ हमारौ रूप नाहीं.. એ પરજ્ઞેય હમારો રૂપ નાહીં. સમજાણું? પણ આંહીં નિશ્ચયથી તો એનું જે જ્ઞાન—ષટ્દ્રવ્યનું જે જ્ઞાન એ જ પોતાનું જ્ઞેય છે. સમજાણું કાંઈ? ज्ञेय षट दर्व सो हमारौ रूप नांही.. ષટ્દ્રવ્ય તે અમારું રૂપ નહીં, જ્ઞેય તે અમારું રૂપ નહીં, એમ. એ વ્યવહારથી બરાબર છે. एक नै प्रवांन ऐसे दूजी अब कहूं जैसै, सरस्वती अक्खर अरथ एक ठाहीं है.. અક્ષર લખેલો હોય એને શબ્દવિદ્યા પણ કહીએ, એને અક્ષર પણ કહીએ. અને એમાં એનો અર્થ છે એ પણ એમાં છે. ત્રણેય એક ઠેકાણે છે. સમજાણું કાંઈ? સરસ્વતી એક શબ્દ છે એટલે સરસ્વતી અક્ષર થયો. એ વિદ્યાનું નામ છે. અને એનો અર્થ જે છે કે વિદ્યા એવો અર્થ-ભાવ. ઓલો વિદ્યા તો અક્ષર-શબ્દ થયો. એનો ભાવ પણ વિદ્યા એમાં ભરેલી રહેલી છે. એ ત્રણ કાંઈ જુદા નથી.

तैसै ग्याता मेरौ नाम.. જાણનાર હું. ग्यान चेतना विराम, લ્યો. છે ને અંદર. इसपर श्रीगुरु संबोधन करते हैं कि एक नय अर्थात् व्यवहारनयसे तुम्हारा कहना सत्य है, और दूसरा निश्चयनय मैं कहता हूँ वह इस प्रकार है कि जैसे विद्या, अक्षर और अर्थ एक ही स्थानपर हैं, भिन्न नहीं हैं। उसी प्रकार ज्ञाता आत्माका नाम है और ज्ञान चेतनाका प्रकार है. જ્ઞાન ને દર્શન—ચેતનાના પ્રકાર બેય. પણ એની એ ચીજ થઈ એ તો. જ્ઞાતા, એની ચેતના—જ્ઞાન ને દર્શન, એની એ ચીજ છે. तथा वह ज्ञान ज्ञेयरूप परिणमन करता है.. જ્ઞાન, જે પરજ્ઞેય છે એ રૂપે પોતાની જ્ઞાનની પર્યાય પરિણમે છે. એ ત્રણે જ્ઞેય છે. એનો દ્રવ્ય-ગુણ ને પર્યાય પોતે ત્રણે જ્ઞેય છે. પોતે જ્ઞેય છે એમ કહે છે. છ દ્રવ્યને જાણવારૂપે પરિણમેલી દશા એને જ્ઞાન જાણે છે. એ જ્ઞેય મારું છે. સમજાણું કાંઈ?

જ્ઞાનની પર્યાયમાં ષટ્દ્રવ્યને જાણવારૂપે પરિણમવું એ તો પોતાના ભાવરૂપે થવું. એ પરરૂપે થઈને જાણતો નથી. ષટ્દ્રવ્યને જાણનાર ષટ્દ્રવ્યના રૂપે થઈને જાણતો નથી. એના સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાના જ્ઞાનપણે થઈને જાણે છે. એટલે પોતે જ્ઞેય થઈ ગયો. સમજાણું? પોતે જ્ઞાન, પોતે જ્ઞાતા અને પોતે જ્ઞેય. આરે! આખરના શ્લોક છેને તે

એકદમ અભેદ (વર્ણવે છે). ઓલામાં ચાર કાઢી નાખ્યા. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધું અભિન્ન છે. એમ હવે ત્રણ લીધા. ત્રણેય અભિન્ન છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

तथा वह ज्ञान ज्ञेयरूप परिणमन करता है.. શું કીધું? જે જ્ઞાન છે.. જેવું પરજ્ઞેય છે અને પોતેય જ્ઞેય છે એ રૂપે જ્ઞાન પરિણમે છે, એ જ્ઞેય છે. આહાહા! જ્ઞાનમાં જાણવાનો ભાવ ષટદ્રવ્યના જાણવારૂપે પરિણમ્યું એ તો જ્ઞાનનો પોતાનો ભાવ છે. એ ષટ્દ્રવ્યરૂપે થયું નથી. એ જ્ઞાનરૂપ થઈને જ્ઞેયને જાણે એટલે પોતે પોતાને જ્ઞેયને જાણે, એમ. પોતે જ્ઞેય છે ને. આહાહા! ભારે ઝીણું આવું! ज्ञेयरूप सकति अनंत मुझ मांही है.. જ્ઞાન એક શક્તિ (અને) જ્ઞાતા અનંત શક્તિવાળું છે. એમાં આ જ્ઞેયરૂપ જ્ઞેયને જાણવું એવો પોતાનો નિજસ્વભાવ છે એ જ્ઞેય છે. આહા! જેમાં તન્મય થઈને પોતાનું જ્ઞાન પરિણમન થયું છે એ એનું જ્ઞેય છે. પરજ્ઞેય તો ભિન્ન રહ્યું છે. આંહીં તો એમ સિદ્ધ કરવું છે કે જ્ઞાતાસ્વરૂપ પણ એ એક જ પોતે છે અને એનો જ્ઞાનગુણ જે સ્વભાવ છે એ પણ પોતે જ છે. અને એના જ્ઞાનમાં છ દ્રવ્યને જાણવાની જે શક્તિ છે પોતાની, એ પોતે પોતાના પર્યાયપણે પરિણમે છે. એ એનું ખરેખર તો જ્ઞેય છે. એટલે રાગથી માંડીને આખી દુનિયા પરજ્ઞેય છે. પણ એ પરજ્ઞેયને જાણવાનો પર્યાય સ્વજ્ઞેય છે. સમજાણું કાંઈ?

અરીસો સામી ચીજપણે પરિણમે છે એમ કહેવું એ તો વ્યવહાર છે. સામી ચીજ ક્યાં ન્યાં આવી છે? સામી ચીજનું જે સ્વરૂપ છે એ રૂપે પોતાની પર્યાયરૂપે અરીસો પરિણમ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? એ ષટ્દ્રવ્ય પર્યાયમાં આવી ગયા, એમ કહે છે. પોતાની જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય એટલું છે કે છ દ્રવ્યને જાણવારૂપે પરિણમવું એ તો જ્ઞાનનો પર્યાયનો શક્તિ—સ્વભાવ છે. એટલે પોતે જ જ્ઞેય થઈ ગયું. પોતે જ્ઞેય, પોતે જ્ઞાન, પોતે જ્ઞાતા. આહાહા! આવું બધું સમજાવીને શું કરવું હશે? ભાઈ! તું અભેદ છો. આ પરજ્ઞેય છે એ તો વચનનો ભેદ છે. એ આવશે પછી.

स्वपरप्रकाशक सकति हमारी.. સ્વ-પર પ્રકાશે એ તો પોતાની શક્તિ પોતાની પોતામાં પોતાને લઈને છે. છ દ્રવ્યને લઈને નહીં. ષટ્દ્રવ્ય છે માટે તેને જાણવાના પર્યાયનું પરિણમન પરાધીન ને પરને લઈને છે, એમ નથી. આહાહા! જ્ઞાનનો પર્યાય પરિણમે છે છ દ્રવ્યને જાણવા(રૂપે), એ તો જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે એ રીતે જ્ઞાન પરિણમ્યું છે. એટલે ખરેખર તો સ્વજ્ઞેય થઈ ગયું. પરજ્ઞેય નથી. આહાહા! આવું ઝીણું શું કરે? ભાઈ! તું જ્ઞાન, તું જ્ઞાતા ને જ્ઞેય એવા ત્રણ ભેદ (છતાં) પણ તું એકરૂપે છો.

એમાં બીજું છે નહીં. આખો આત્મા જ્ઞેય થઈ ગયો, એનો ગુણ જ્ઞેય થઈ ગયો ને પર્યાય જ્ઞેય; એક અભિન્ન થઈ ગયો. આહાહા! અંતર્મુખ થવા માટે આ અભેદતાની વાત છે. સમજાણું કાંઈ?

એણે અનંતવાર બહાર જોવાને, ભેદ જોવાને માટે મહેનત બહુ કરી, પણ અભેદ હાથ આવ્યો નહીં. જ્યાં જોવું જોઈએ—એકરૂપ છે એના ઉપર એણે નજર કરી નહીં. આહાહા! સમજાણું ? પરને જાણવું એ તો અનંતવાર કર્યું છે. એમાં સ્વ—પોતે ક્યાં આવ્યો? એમાં પોતે પર્યાય ક્યાં આવી, ગુણ પણ ક્યાં આવ્યો અને દ્રવ્ય ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? એ પર્યાય, ગુણ ને દ્રવ્ય ત્રણે એકરૂપ છે એવું જે ત્રિકાળીતત્ત્વ એનો આશ્રય કરતાં એને ધર્મ સમકિત થાય છે. આ વળી જ્ઞેય પર અને જ્ઞાતા હું—એવો ભેદ પાડવો એ પણ એમાં નથી, એમ કહે છે. આમ તો લખ્યું છે. 'પ્રવચનસાર'માં નથી આવતું? જ્ઞાન ને જ્ઞેયની પ્રતીતિ એનું નામ સમકિત છે, લ્યો. આવે છે કે નહીં? એનું નામ સમ્યગ્દર્શન. જ્ઞાન ને જ્ઞેયનું જ્ઞાન એ બધી વાત એમ વ્યવહારે કહી છે. પોતે જ્ઞેય પણ પોતે. એક જ ચીજ હું છું, બસ. દુનિયામાં કોઈ બીજી ચીજ જ નથી. મારે કારણે મારી અપેક્ષાએ કોઈ ચીજ જગતમાં છે, એમ છે જ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

ग्याता ग्यान ज्ञेयकौ विलास सत्ता मांही है, દેખો. પોતાની સત્તામાં જ્ઞેય, પોતાની સત્તામાં જ્ઞાન અને પોતાની સત્તામાં જ્ઞાતા. ઓલામાં એમ કહ્યું છે, જુઓને. चारौं अलख अखंड सत्ता मानियै.. એકરૂપ સત્તા માનિયે, છેલ્લો શબ્દ એમ હતો. આહાહા! સમજાણું કાંઈ? પરને જોવાનો પ્રયત્ન તો અનંત વાર કર્યો છે. પરનું જોવું એ વાસ્તવિક વસ્તુસ્વરૂપ નથી. પોતે પરને જાણે એક સમયમાં. પોતાના પરિણમનમાં ષટ્દ્રવ્યનું પરિણમન આવી જાય છે ષટ્દ્રવ્યનું. એ પોતાનું છે. એ આત્મજ્ઞ પર્યાય છે, આત્મદર્શી પર્યાય છે. પરદર્શી અને પરજ્ઞેય નહીં. સમજાણું ? (શ્રોતા : બહોત બઢિયા બાત હૈ). બઢિયા બાત હે? વીતરાગમાર્ગ એવો છે ભાઈ. આ તો સર્વજ્ઞે જાણેલું—જોયેલું તત્ત્વ એ છે, એવું છે. એવું છે ને એ છે. આહાહા!

ચાર ભાગ એકરૂપ. આ જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાન એકરૂપ. પણ બીજું જ્ઞેય ને હું આ જ્ઞાન, એમ ભેદ નહીં. આહાહા! અરે! એની જાતને જોવા... એના સામર્થ્યની શક્તિ—જ્ઞેયરૂપ થવાની, જ્ઞાનરૂપ થવાની ને જ્ઞાતારૂપ રહેવાની. આહાહા! ભેદ નહીં. હવે જ્ઞાતા હું અને જ્ઞેય પર. હું પોતે જ જ્ઞેય ને હું પોતે જ્ઞાતા ને હું પોતે જ્ઞાન. સમજાણું કાંઈ? અને પરદ્રવ્યની હયાતી છે જગતમાં, માટે તેને જાણવારૂપ જ્ઞાન પરિણમ્યું છે, એમ છે? પોતાની જ્ઞાનની સત્તા પોતાથી પરિણમી છે અને એટલી એની તાકાત છે. આહાહા! છ

દ્રવ્ય, અનંત સિદ્ધો, અનંત કેવળીઓ કે લાખો કેવળીઓ વિગેરે, અનંત નિગોદના જીવ, અનંત ગુણા પરમાણુઓ—એ બધાને (જાણવારૂપે) સ્વજ્ઞેયમાં પોતાની પર્યાયપણે પરિણમવું એ એનો સ્વભાવ છે. આહા!

હજી તો અનંત-અનંત જીવો અનંત, એથી અનંત ગુણા પરમાણુઓ, એથી અનંત ગુણા ત્રિકાળ સમય, એથી અનંત ગુણા આકાશપ્રદેશ—એનું બેસવું (ભારે કઠણ). હજી આ પરજ્ઞેય છે એય બેસતા નથી. આંહીં તો કહે છે કે એ તો છે એ છે. એટલા બધા જે જ્ઞેયો છે અને એ આકાશના પ્રદેશથી પણ અનંત ગુણા ગુણો છે. એટલા બધા જે જ્ઞેયો છે એ જ્ઞેયને જાણવાનો પર્યાય જે છે શક્તિરૂપે પોતાનો, એ પોતામાં બધું આવી ગયું જ્ઞેય. પોતે જ્ઞેય થઈ ગયો છે. સમજાણું કાંઈ ? એનો અર્થ કે પોતે દ્રવ્યમાં જાય છે એટલે ત્રણેય અભેદ છે એમાં. કોઈ જુદું નથી. સ્વજ્ઞાનમાં શક્તિ એક સમયમાં ષટ્દ્રવ્યને જાણવાની પર્યાયનો ભાવ પોતાનો પોતાનો થઈને જ્ઞેય, એવી અનંતી-અનંતી જ્ઞેયપર્યાય દ્રવ્યમાં રહી છે– જ્ઞાતામાં રહી છે. સમજાણું કાંઈ ? એવા જ્ઞાતાને જ્ઞાન જ્ઞેય તરીકે બનાવે... સમજાણું કાંઈ ? ભારે આવી ઝીણી વાત ભાઈ!

એ કરતાં તો આ દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, લોકોને એ બહુ (સહેલું) લાગે. પુણ્ય સર્વથા હેય નથી. બધું એમાં આવી ગયું. પુણ્ય સર્વથા હેય નથી. એ તો શુદ્ધ ઉપયોગની અપેક્ષાએ હેય છે, પણ અશુદ્ધની અપેક્ષાએ ઉપાદેય છે. છે ને એમાં ? (શ્રોતા : એ સંસાર થયો. ઉપાદેય ક્યાંથી થઈ ગયો ?) બધા ભાષણ કર્યાં. ભાઈ હતો .....માં. મુન્નાલાલ, નહીં ? ગોરેયા ને? ... ગોરેયા. એમ છે માળે એને. .... સૌ પછી તો સાંભળે, ન બેસે તો પણ. સમાજની સાથે રહેવું અને સમાજથી જુદું પડવું.... હવે સમાજ કોનો ?

દાખલો એક આપ્યો છે એમાં. ઓલા વાજાવાળા હતા. વાજા વગાડતા હતા બધા ભિન્ન-ભિન્ન જાતના. (કોઈ) વીણા, કોઈ કંઈક. એક આવ્યો માણસ. એ વાજાનો વગાડનાર હતો. વાજું મળ્યું નહીં. બધા વહેંચાઈ ગયા વાજા. પછી શું કર્યું ? કે એક પાટ હતી. પાટનો પાયો કાઢ્યો. ઓલા શું વગાડવા માંડ્યાને સૌ, તો પાયા સાથે (અવાજ કરવા લાગ્યો). અવાજ થાયને અવાજ. તો એ વાજું.... વાજાવાળાને બધાને બક્ષીસ આપી રાજાએ બધાને. ... બોલતો જાય. આ આવ્યો. (રાજા) કહે, તારું વાજું લાવ. શેનું આપું બક્ષીસ તને ? મારું વાજું આ. પણ એ ક્યારે વાગે ? એ સમહનું વાજું છે. બધા વગાડે ત્યારે સાથે વાગે એવું એ છે. એ નિમિત્ત-ઉપાદાનનો દાખલો આપ્યો. એ વાજું એકલું ન વાગે. બધા વાગે ત્યારે સાથે આનું વાગે, એવું આ વાજું છે. એમ બે નિમિત્ત-ઉપાદાન

ભેગા થાય તો કાર્ય થાય. એકલું આ કાર્ય ન થાય. એય! આવા દાખલા આપે.

આંહીં તો કહે છે કે નિશ્ચયથી વિકાર પણ એકથી થાય. એ પણ બધું નાખ્યું છે. નિમિત્તથી આ અહીંયા... એ નાખ્યું છે. કહે, નહીં. નિમિત્ત વિના (થાય) તો સ્વભાવ થઈ જાય. (શ્રોતા : કુંદકુંદાચાર્ય બહાર ગયા હતા..) એને ક્યાં કાંઈ... એ તો વ્યવહારથી નિમિત્ત છે. નિશ્ચયથી તો પોતાથી એક-એક સમયનો એક પર્યાય જેને કોઈ નિમિત્તની, પૂર્વની, પછીની, દ્રવ્ય-ગુણની અપેક્ષા નહીં. એવું એ સત્‌નું સ્વરૂપ છે. આખું સત્‌નું ચોસલું જામી ગયેલું છે. આહાહા! સમજાણું કાંઈ?

આત્માની એક સમયની પર્યાયમાં... આ છદ્મસ્થકાળમાં પણ રાગ છે એના સંબંધીનું જ્ઞાન એ રાગને લઈને નથી. રાગને જોતાં પરને જોવું છે, એમ નથી. એ રાગ સંબંધીનું (ને) પોતા સંબંધીનું પોતામાં થયેલું જ્ઞાન એવો પર્યાયનો ધર્મ છે, એવી અનંતી પર્યાયનો ધર્મ દ્રવ્ય છે. સમજાણું કાંઈ? એમ પોતાના દ્રવ્યને જોતાં સ્વ-પરની પર્યાયનું પરિણમન સ્વતઃ પરની અપેક્ષા રાખ્યા વિના થઈ જાય છે. આહાહા! બધા પ્રશ્ન છંછેડ્યા છે એમાં. કેટલાક કહે છે, બધું સ્વતંત્ર છે. સ્વતંત્ર છે કોણે ના પાડી? પણ આના વિના થાય નહીં, એવો એનો સ્વભાવ છે. લ્યો, ઠીક. એકલું વાજું વાગે નહીં. એય વજુભાઈ! (શ્રોતા : એકલું જ વાજું વાગે). અરે! એકલી પર્યાય.. એકલી પર્યાય સમય-સમયની એકલી ઊભી થાય છે. એને કોઈની અપેક્ષા છે નહીં. અરે! દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી એટલું આવ્યું સામાન્યની અપેક્ષાએ.. આહાહા! આવું સત્ છે ભાઈ! એ માનીશ ત્યારે તને સત્યતા પ્રગટ થશે. સમ્યક્ સત્ એટલે આ સમ્યક્. આ વિના સમ્યક્ સત્યતા નહીં હાથ આવે. આહાહા! સમજાણું ?

દાખલો એક આપ્યો છે. એક હતો કાચબો. પાણી બહાર નીકળ્યો. ઘણાં કાચબા રહેતા હતા. તે બહાર નીકળ્યો. ત્યાં પંખીઓ આવીને આમ ચાંચ મારે ત્યાં એની સામું જોવે, આની કોર મારે ત્યાં એની સામું જોવે. પણ હવે અંદર જાને બે-ચાર ફૂટ ઊંડો, કોઈ પંખી નહીં મારે તને. વળી ઓલા .... થયા. એમ એક કોર આમ જાઈશ તો શુભ થાશે ને આમ જાઈશ તો અશુભ થાશે. પણ ઊંડે જા અંદરમાં, કોઈ તને નડશે નહીં. ... આવું આવે તો ક્યાં મેળ ક્યાં..? (શ્રોતા : કોણ નડે પણ પરમાં?) આ તો એમ કે બહાર જાય તો શુભભાવ થશે, એમ. બહિર્બુદ્ધિ કરશે તો શુભ થાશે. આમ કરે તો બહિર્બુદ્ધિમાં અશુભ થાશે. બેય ભાગથી બેયમાં હણાવું થાશે. પણ ઊંડો જા તો ત્યાં શુભાશુભ પરિણામ તને નડશે જ નહીં, થશે જ નહીં. આહાહા! સમજાણું કાંઈ? પણ એ પર્યાયનો આશ્રય લે તો શી રીતે જઈ શકે? આ નિમિત્ત તો ક્યાંય રહી ગયું હવે. આહાહા! એનો

અર્થ એ કે ત્યાં રાગની ઉત્પત્તિ થાશે, કાં તો શુભ કે અશુભ. વસ્તુનો આશ્રય લેતાં જ વીતરાગતા ઉત્પન્ન થશે. આ વસ્તુનું ત્રિકાળી પરમ સત્ છે. આ માને તેને એની સવળાઈ કહેવાય. સમજાય છે કાંઈ?

सो ज्ञेयरूप परिणमन करनेकी अनंत शक्ति आत्मामें ही है, इसलिये वचनके भेदसे भले ही भेद कहो, परंतु निश्चयसे ज्ञाता, ज्ञान और ज्ञेयका विलास एक आत्मसत्तामें ही है, એમ. એ પરની સત્તાને લઈને આંહીં જ્ઞાનનું જ્ઞેયપણું પરિણમ્યું છે જ્ઞાનમાં, એમ નહીં. આહા! જ્ઞાનગુણ, એની પર્યાય, એ પોતાને લઈને પરિણમે એવી સત્તાનું એનું સામર્થ્ય છે. એ જ્ઞેય પણ પોતે, ત્રણે થઈને હોં, જ્ઞાન પણ પોતે અને જ્ઞાતા પણ પોતે. નિશ્ચયસે જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયનો વિલાસ... આ સૂક્ષ્મ પડેને એટલે પછી ઓલી શુભભાવ અને આ ક્રિયા અને આ બધું સહેલું પડે. કેમ જેઠાભાઈ? આ બધું કહેશે હોં એ. ૪૬. स्वपर प्रकासक सकति हमारी.. પરપ્રકાશક શક્તિ છે, પણ અમારી શક્તિથી પર પ્રકાશે છે, પરને લઈને નહીં. આહાહા!

(ચોપાઈ)

स्वपर प्रकासक सकति हमारी।
तातैं वचन-भेद भ्रम भारी।
ज्ञेय दशा दुविधा परगासी।
निजरूपा पररूपा भासी।।४६।।

**અર્થ** :—આત્માની જ્ઞાનશક્તિ પોતાનું સ્વરૂપ જાણે છે અને પોતાના સિવાય અન્ય પદાર્થોને પણ જાણે છે, તેથી જ્ઞાન અને જ્ઞેયનો વચન-ભેદ મૂર્ખાઓને મોટો ભ્રમ ઉત્પન્ન કરે છે. જ્ઞેય અવસ્થા બે પ્રકારની છે—એક તો સ્વજ્ઞેય અને બીજી પરજ્ઞેય. ૪૬.

**अर्थ** :—आत्माकी ज्ञानशक्ति अपना स्वरूप जानती है और अपने सिवाय अन्य पदार्थोंको भी जानती है, इससे ज्ञान और ज्ञेयका वचन-भेद मूर्खोंको बड़ा भ्रम उत्पन्न करता है। ज्ञेय अवस्था दो प्रकारकी है—एक स्वज्ञेय और दूसरी परज्ञेय।।४६।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

आत्माकी ज्ञानशक्ति अपना स्वरूप जानती है और अपने सिवाय अन्य पदार्थोंको भी जानती है. એ શક્તિનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પર છે માટે આંહીં જાણવાની શક્તિનું પરિણમન છે, એમ નથી. એની સત્તાનું એવું સામર્થ્ય છે કે સ્વજ્ઞેયપણે પરિણમવું અને પરનો પ્રકાશક થવો એ પણ સ્વજ્ઞેય છે. ઝીણું બહુ. મૂલચંદભાઈ! ત્યાં

બધું ચાલ્યું આમ વાડામાં. એવું લાગે, સોનગઢ એકાંત કરે છે, એકાંત કરે છે. એમ બધા સંભારે બિચારા એકાંતમાં. સંભારે, પણ વાત સાચી બાપા! વાત એવી છે ને જરી એટલે ન પકડાય એને બિચારાને. એને ન પકડાયને (એટલે) આ શું કહે છે માળા? એય! પાછું વળી કહે, વીતરાગની વાણીથી જ્ઞાન થાય નહીં. એ પણ અકિંચિત્કર નિમિત્ત છે. જ્ઞાન થયું પરલક્ષી એ પણ નિમિત્તથી થાય નહીં. તો પહેલા કેમ ન થયું? કહો, મૂલચંદભાઈ! આમ મુંબઈ બેઠા હતા તો આ જ્ઞાન હતું? આંહીં સાંભળે ત્યારે અહીંયા જ્ઞાન થાય છે ને? પણ એમ છે નહીં. એનું જ્ઞાન એનાથી થાય છે. ભારે વાત ભાઈ!

ત્યારે ઓલા કહેતા હતા એક કેશવલાલ ... કેશવભાઈ, નહીં? વઢવાણના. કેશવલાલ આવ્યા હતાને હમણાં, નહીં? દામનગરના... ને ઓલા સોની હરગોવિંદ. કોઈએ એમ કહ્યું કે તમે તો નિમિત્તથી થાય એમ માનતા નથી. તો ન્યાં શું કરવા જાઓ છો? એ કહે, નિમિત્તથી થાય નહીં એ દઢ કરવા ત્યાં જઈએ છીએ. એ કેશુભાઈ કહેતા હતા. ત્યાં શું કરવા જાઓ છો? નિમિત્તથી તો માનતા નથી. એ નિમિત્તથી થાય એવા કહેનારાથી છૂટીને નિમિત્તથી ન થાય એવું દઢ કરવા ન્યાં જઈએ છીએ, કહે. એણે એવો જવાબ આપ્યો. (શ્રોતા : સાચો જવાબ) એમ? સચ્ચા જવાબ ને ? વહ વેપારી થા. પંડિત નહીં થા તુમ્હારે જૈસા. દાણાના વેપારી છે. છતાંય ઘણા .... ચર્ચા કરતા... ભઈ, તમે જાઓ છો. એ વાત સાચી છે એ વાતને દઢ કરવાને જઈએ છીએ. નિમિત્તથી થાય એમ વાત કહેનારા તો ઘણાય છે. જવાબ બરાબર છે કે નહીં? એ કાંઈ વકીલ નથી, કાંઈ પંડિત નથી. કેશવભાઈ હમણાં આવ્યા હતા, નહીં?

આંહીં કહે છે, आत्माकी ज्ञानशक्ति अपना स्वरूप जानती है, દેખો. અપના સ્વરૂપ જાનતી હૈ, એ જ્ઞેય થયું. અપના સ્વરૂપ જ્ઞાન જાનતી હૈ એ જ્ઞેય થઈ ગયું અપના. अपने सिवाय अन्य पदार्थोंको भी जानती है. એ પરપ્રકાશક એ વ્યવહાર થઈ ગયો. इससे ज्ञान और ज्ञेयका वचन-भेद मूर्खोंको बड़ा भ्रम उत्पन्न करता है. तातैं वचन भेद भ्रम भारी, છે ને ? ભ્રમ છે ને. ભ્રમણા. એમ હોય? એ જ્ઞેય છે તો જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ?

અને આ પ્રશ્ન બહુ ચાલ્યો હતો ૮૩માં. દામનગર. વીરજીભાઈ અને શેઠિયા વચ્ચે. શેઠ કહે કે એ લોકાલોક જ્ઞેય છે તો આંહીં જ્ઞાન થાય. એ ન હોય તો થાય? ચર્ચા ચાલી ૮૩માં. સંવત ૮૩. ૧૭ ને ૨૭ = ૪૪ (વર્ષ થયા). ખૂબ ચર્ચા ચાલી હતી. પછી મારી પાસે આવ્યા. ચર્ચા એને બેને ચાલી હતી. એ વસ્તુ છે તો આંહીં છે, એમ છે? એમ કોણે કીધું? એ છે તો એનાથી છે. આંહીં થાય છે તે પોતાથી થાય છે. ન્યાંથી શું

થાતું હતું? જ્ઞાન જ્ઞેય પ્રમાણે, (એમ) કહ્યું છે. જ્ઞેય પ્રમાણે કહ્યું, પણ જ્ઞેય છે માટે જ્ઞાનનું પ્રમાણ છે? જ્ઞાન એવું સાચું એને લઈને થયું છે? એની હયાતીએ આંહીં જ્ઞાનની હયાતીની દશા થઈ જાય છે? આની હયાતીએ આની દશા થઈ છે. બરાબર છે? અમરચંદભાઈ! આ કેટલા વખતની વાતો છે ? ૪૪ વરસ થયા. આવી ચર્ચા ઠેઠથી ચાલ્યા જ આવે છે વાંધા. કર્મના ને આ પરના ને.

ભાઈ! તારામાં સત્તા સામર્થ્ય, સ્વ ને પરને જાણવાનું સામર્થ્ય એકલું તારું છે. તારી સત્તાનું એ સામર્થ્ય છે. પરની સત્તા છે માટે જાણવાનું તારામાં સામર્થ્ય છે, એમ છે નહીં. આહાહા! આ શરીર છે એમ જ્ઞાનમાં આવ્યું–જણાણું. દાખલો. સમજાણું ? એટલે જ્ઞાનમાં જણાણું તે આ શરીર છે માટે જ્ઞાનમાં જણાણું? એને લઈને જણાણું? એ તો જ્ઞાનનો પર્યાય એટલો સ્વ-પરપ્રકાશક પોતાનું સામર્થ્ય છે. એથી આ પર જણાય છે એમ કહેવામાં આવે છે. ખરેખર તો પોતે જાણે છે. આહાહા! સમજાણું કાંઈ? (શ્રોતા : સામર્થ્યકા જ્ઞાન કરાયા). હા. એ પરજ્ઞેયના સામર્થ્યને લઈને તારું જ્ઞાન જ્ઞેયરૂપે થાય છે, એમ નથી. તારું જ્ઞાન તને જણાવાયોગ્ય થાય, એ તારી શક્તિ પોતાની પોતાને કારણે છે. આહાહા! ભારે ઝીણું આવું. સાધારણ બિચારા ભણ્યા ન હોય એને તો (એમ લાગે કે) આ શું કહે છે? આ શું કહેતા હશે? અને ભણ્યા હોય ચોપડી થોડી ઘણી થોડી... આહાહા! એનો દરબાર જુદો છે. ચૈતન્યનો દરબાર જુદો છે. આહા! (શ્રોતા : સ્વને જાણવું હોય તો સ્વને જાણે અને પરને જાણવું હોય તો પરને જાણે). પરને જાણવું એ પોતાને કારણે. આંહીં તો આગળ તો એ કહે છે કે પોતે પોતાને જાણે એવો ભેદેય ક્યાં છે એમાં? સમજાણું કાંઈ?

જ્ઞાયક જ્ઞાયકને જાણે. આવે છે ને ? એવો ભેદ શું પણ? ‘હું જ્ઞાયક.’ એ તો છે, જાણે છે. જ્ઞાયકને જાણે એવું હોય તો ભેદ થઈ ગયો. પરને જાણવાની વાતેય ક્યાં? એવું સત્ મહાપ્રભુ છે ને. ચૈતન્યની હયાતી એવા સ્વભાવવાળો મહાપ્રભુ છે અને એક જ હું છું. બાકી કોઈ ચીજ મારી અપેક્ષાએ છે જ નહીં. કેવળી, સિદ્ધો (આદિ) પંચ પરમેષ્ઠી પણ મારી અપેક્ષાએ છે નહીં. આહાહા! હું એક જ દુનિયામાં છું, બસ. સમજાણું કાંઈ? એય! જીવ અપૂર્ણ નથી. પરિપૂર્ણ–આખું લોકાલોક એને જાણવાનો એક સમયનો પર્યાયનો સ્વભાવ છે. એ જાણવું એ હું આખું છું. એ સિવાય બીજી ચીજ મારામાં છે જ નહીં. એ મારી અપેક્ષાએ બીજી ચીજેય નથી. એની અપેક્ષાએ હો. સમજાણું કાંઈ? આહાહા! અને મારી અપેક્ષાએ નથી અને એની અપેક્ષાએ છે, એ પણ એમાં ક્યાં છે? વિકલ્પનો ભેદેય એમાં નથી. આહાહા!

स्वपर प्रकासक सकति हमारी, तातैं वचन भेद भ्रम भारी.. આહાહા! ભગવાનનો દરબાર પોતાનો એવડો છે કે છ દ્રવ્ય તો એના જ્ઞાનની પર્યાયના સામર્થ્યના અનંતમા ભાગમાં જણાઈ જાય છે. એને જાણવું, એ વાત નથી આંહીં તો. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનનો એક સમયનો પર્યાય આવડો અને એ પર્યાય આખા દ્રવ્યને જાણે પોતાને કે જેમાં આવી અનંતી અનંતી (શકિત કે) છ દ્રવ્યથી પણ અનંતગુણો કાળ અને દ્રવ્ય હોય  તો પણ જાણવાનો સ્વભાવ છે જેનો, એ સ્વભાવને હદ અને મર્યાદા ન હોય. એવી જે એની તાકાત, એવી અનંતી તાકાત લઈને પડેલું શક્તિવાળું જ્ઞાતાતત્ત્વ છે. સમજાણું કાંઈ? એટલે શું કહ્યું?

એક સમયની પર્યાયમાં ષટ્દ્રવ્ય ત્રણ કાળ, ત્રણ લોક અસંખ્યપ્રદેશ અનંતપ્રદેશ અનંતગુણા અનંતગુણા એટલું જાણવાનું પરિમણનની તાકાત પોતાને લઈને પોતાની સત્તાથી છે. હવે એવી એવી અનંતી તાકાત દ્રવ્યમાં પડી છે. અને એવડો એટલો જ હું છું. બાકી દુનિયામાં બીજી ચીજ છે નહીં. આ હું છું અને બીજી નથી એવો એમાં અવકાશ નથી, એમ કહે છે. જાદવજીભાઈ! આવું ઝીણું છે. ન્યાં તો પોષા કરવા ને પડિકમણા કરવા એવું હતું તમારે ન્યાં કલકત્તા. પણ એ શેઠિયા ન્યાં હતાને શેઠિયા બધા. અગ્રેસર. બૈરામાં બૈરા અગ્રેસર. શેઠિયામાં આ જાદવજીભાઈ. કલકત્તા. બધી બહારની વાતો કરે. આહાહા!

ભાઈ! તું કોણ છો ? પ્રભુ! તું તારાથી અનંત અનંત ગુણા જીવો અને અનંત અનંત ગુણા પરમાણુઓ, અનંત અનંત ગુણો કાળ અને અનંત અનંત ગુણા આકાશના (પ્રદેશ અને એથી) અનંતગુણા ભાવ—શક્તિ, એ ગુણની શક્તિની જે હાનિ-(વૃદ્ધિ) છે એ પણ જીવનો એક સમયનો પર્યાય બધાને જાણે.—એવું જે જ્ઞેય થઈને પરિણમે, એવી અનંતી પર્યાય એના ગુણમાં છે. એવી અનંતી અનંતી શક્તિનું તત્ત્વ એને જાણવાનો તારો પર્યાય એની (-જ્ઞેયની) સત્તા છે માટે નથી. આહાહા! સમજાણું કાંઈ? પાછા સામા અનંત છે. અનંત અનંત ગુણો છે, અનંત અનંત શક્તિઓ છે. અસ્તિ છે, ભાઈ! એ અસ્તિત્વ એને લઈને છે. અને એને અસ્તિમાં પણ એક-એક જીવની પર્યાયમાં ષટ્દ્રવ્ય અને ત્રણ કાળ જાણવાની એક સમયની પર્યાય પોતાને કારણે છે. એ આ છે માટે, એમ નહીં. એવી એક પર્યાયમાં અનંત ગુણો ભાગ ખાલી રહી જાય છે. આથી અનંત ગુણા હોત તો જાણત એટલો તો ભાગ એક પર્યાયનો છે. આહાહા!

અને એવી અનંતી પર્યાયનો પિંડ પ્રભુ ગુણ છે અને એવા અનંતગુણનું એકરૂપ તે દ્રવ્ય છે. કેટલું જ્ઞેય થઈ ગયું એને. ઓલું જ્ઞેય ન રહ્યું, આ જ્ઞેય રહ્યું. સમજાણું કાંઈ?

માળે આવી ધર્મકથા! બાપુ! તું ઈશ્વર છો ભાઈ! તારે માટે બીજો ઈશ્વર હોય નહીં. સમજાણું કાંઈ? ઈશ્વરનો ઈશ્વર કોઈ હોય? ઈશ્વરનો ઈશ્વર હોય તો ઓલો ઈશ્વર રહેતો નથી. આહાહા! તને જ્ઞેય થવાનો તારો સ્વભાવ છે. તારો તને જ્ઞેય થવાનો તારો સ્વભાવ છે. પરને જ્ઞેય કરવું એ ખરેખર તારો સ્વભાવ નથી. આહાહા! સમજાણું કાંઈ? (શ્રોતા : તો પછી જ્ઞેય શું અને ધ્યેય શું?) બધું એનું એ છે, એમ .... વાત. આમ વાતને સ્પષ્ટીકરણ, કહેવાનો આશય આંહીં છે. જોવું હોય તો તને અને જાણનારેય તું અને જાણનારો સ્વભાવેય તું. આહાહા!

(શ્રોતા : જ્ઞાન, જ્ઞાતા જ્ઞેય... ધ્યાન-ધ્યાતા-ધ્યેય). ધ્યેય. ત્યાં વિકલ્પ જ નથી. આવે છે ને 'છઢાળા'માં. ધ્યાન-ધ્યાતા-ધ્યેયનો વિકલ્પ નીકળી જાય. મહાપ્રભુમાં એવા મેલા ભાવ ક્યાં હોય? ભાઈ! આહાહા! એકલા પ્રકાશના પુંજમાં.. એકલા પ્રકાશમાં.. ચૈતન્યપ્રકાશનો પુંજ હોં. દુનિયાના પ્રકાશ પરમાણુના કે મુક્તિશીલાના સ્ફટિક રત્નના, એ નહીં. આ તો એકલા ચૈતન્યનો પ્રકાશ એવો એનો પુંજ એવું તત્ત્વ તારું, કહે છે કે એ તારું જ્ઞેય છે. પરજ્ઞેય ખરેખર નિશ્ચયથી (નથી). આહાહા! જેમાં તન્મય થઈને રહેતો નથી એ જ્ઞેય એનું કેમ હોય? જેમાં તન્મય થઈને રહે તે તેનું જ્ઞેય છે. સમજાણું કાંઈ? આ પરમેશ્વરની લ્હાણી થાય છે. આવો ભગવાન છે ભાઈ! તને. પરમેશ્વર... હમણાં કહ્યુંને, 'તે તો પ્રભુએ આપિયો.' આવે છેને આંહીં. 'વર્તુ ચરણાધીન.' 'શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન.' આ ભગવાન આપ્યો. આપ્યોનો અર્થ, જેવો છે એવો ઓળખાવ્યો, એમ. આહાહા! એ આપે તો શું... પણ આ તો અમથો... આપે-લે કોણ? દે ને લે કોણ? કહો, ભીખાભાઈ! આહાહા!

ज्ञेय दशा दुविधा परगासी.. વચનના ભેદને લઈને ભ્રમીઓને—ભ્રમણાવાળાને, પરજ્ઞેય જાણે છે એમ એને લાગે છે. એમ કહે છે. ज्ञेय दशा दुविधा परगासी, निजरूपा पररूपा भासी.. ज्ञेय अवस्था दो प्रकारकी है एक स्वज्ञेय और दूसरी परज्ञेय. સ્વજ્ઞેય તે જ તેનું જ્ઞેય છે, એમ કહે છે. પરજ્ઞેયને એનું જ્ઞેય કહેવું એ તો વ્યવહાર છે. આહાહા! ગજબ વાત છે. હજી તો ઓલો રાગ આવે એનાથી લાભ માને, વ્યવહારને લઈને આ થાય.... આ તો એ હોય તોય જ્ઞાન ન થાય. એના સંબધીનું એ હોય તોય જ્ઞાન ન થાય. એનું જ્ઞાનનું પોતાની હયાતીમાં એટલું ભરેલું છે એમાંથી જ્ઞાન થાય છે. એ એનું જ્ઞેય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? સ્વજ્ઞેય અને પછી પરજ્ઞેય. પછી એનો અનુવાદ.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૭૪, આસો સુદ ૯, મંગળવાર તા. ૨૮-૯-૧૯૭૧
## સાધ્ય-સાધક દ્વાર પદ ૪૭ થી ૪૯ ઉપર પ્રવચન

સમયસાર નાટક. ૪૭મો બોલ છે. સાધક અને સાધ્ય દ્વાર.

(દોહરા)

निजरूपा आतम सकति, पररूपा पर वस्त।
जिन लखि लीनौं पेंच यह, तिन लखि लियौ समस्त।।४७।।

**અર્થ :–**સ્વજ્ઞેય આત્મા છે અને પરજ્ઞેય આત્મા સિવાયના જગતના સર્વ પદાર્થો છે, જેણે આ સ્વજ્ઞેય અને પરજ્ઞેયની ગુંચવણ (કોયડો) સમજી લીધી છે તેણે બધું જ જાણી લીધું છે એમ સમજો. ૪૭.

**अर्थ :–**स्वज्ञेय आत्मा है और परज्ञेय आत्माके सिवाय जगतके सब पदार्थ हैं, जिसने यह स्वज्ञेय और परज्ञेयकी उलझन समझ ली है उसने सब कुछ ही जान लिया समझो।।४७।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

લ્યો, બહુ ટૂંકું આંહીં આવ્યું. ઓલા ... સિદ્ધ કરતાં આમાં થોડુંક આવ્યું. આચાર્યોના વચન છે એ વચન .... એમાંથી એક શબ્દ ફેરફાર ન થાય. મોટી ચર્ચા રાજવાર્તિક... એક-એક શબ્દ આનો આવો જ હોય, બીજો શબ્દ હોય નહીં ક્યાંય. એકલું દેખવું એમ નહીં, સમ્યક્ દેખવું, સમ્યક્ શ્રદ્ધવું, એમ. એકલું જાણવું એમ નહીં, સમ્યક્ જાણવું. એકલું ચારિત્ર નહીં, સમ્યક્ ચારિત્ર. અને સમ્યક્જ્ઞાન ત્રણે થોભ છે. શબ્દ એમ ન જોઈએ. સમજાણું ?

આંહીં કહે છે કે निजरूपा आतम सकति. ભગવાન આત્મા પોતે જ આત્મશક્તિ જ્ઞેય છે. અને पररूपा पर वस्त.. પરજ્ઞેય પરવસ્તુ છે. કેમકે ખરેખર પરવસ્તુને જાણતાં પરમાં વ્યાપ્ય-વ્યાપક થતો નથી માટે પરજ્ઞેય વ્યવહાર કહેવાય છે. આહાહા! સમજાણું કાંઈ? અને પોતે આત્મા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં તન્મય છે, વ્યાપ્ય-વ્યાપક છે. વ્યાપક દ્રવ્ય અને પોતાની પર્યાયમાં વ્યાપ્ય–એ આત્મશક્તિ ખરેખર જ્ઞેય છે. પરજ્ઞેય તો વ્યવહાર છે. કેમ કે પરને જાણતાં કાંઈ પરમાં તન્મય થતો નથી અને તન્મય થતો નથી તે બધો વ્યવહાર છે એ તો. સમજાણું કાંઈ? પરને જાણવાનો જે પર્યાય પોતાનો એ જ તન્મયમાં છે, પોતામાં છે. માટે ખરેખર તો એ પોતાનો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ એ જ જ્ઞેય

છે. સમજાણું કાંઈ? જેમ રાગમાં વ્યાપ્યતો નથી, એમ ખરેખર પરજ્ઞેયમાં આત્માની પર્યાય વ્યાપતી નથી. આહાહા! ટૂંકામાં કહ્યું છેને બહુ.

निजरूपा आतम सकति.. ભગવાન આત્મા અનંત-અનંત ગુણના સાગરનો ભરેલો અને એની જે પરિણતિ નામ પર્યાય, એ પરને જાણે અને સ્વને જાણે, એ તો પોતાનું રૂપ છે. પરને જાણવું એ પરનું રૂપ નથી. સમજાણું કાંઈ? ઝીણું છે ભાઈ. પોતે જ ભગવાન સ્વ-પરપ્રકાશકની શક્તિથી ભરેલો પદાર્થ છે. એથી એની પર્યાયમાં પણ સ્વ ને પરનું જે જાણવું એમ કહેવું.. પરને જાણવું એ કહેવું એ તો વ્યવહાર છે. આહા! સ્વનું અને પર સંબંધીનું પોતાનું જ્ઞાન છે પર્યાયમાં, એ જ ખરેખર જ્ઞેય છે. સમજાણું કાંઈ? જેમાં વ્યાપક થઈને વ્યાપે એ એની ચીજ. પણ પોતે વ્યાપક થઈને રાગમાં કે પરદ્રવ્યમાં વ્યાપતો નથી. આહાહા! પોતાનું અસ્તિત્વ પોતામાં છે. પોતાનું અસ્તિત્વ—હોવાપણું એની સત્તા સ્વજ્ઞેયની, એ પરની સત્તામાં વ્યાપીને જાણે છે એમ નથી. ભાઈ! પરવસ્તુ પરજ્ઞેય છે, તદ્દન ભિન્ન છે. સમજાણું કાંઈ?

પોતે પોતાના સ્વભાવને—દ્રવ્યને અને પર્યાયમાં ષટ્દ્રવ્યનું જાણપણારૂપે પોતાનું અસ્તિત્વ જે પરિણમ્યું એ સ્વજ્ઞેય છે. આહાહા! હવે આવી વાત સ્વજ્ઞેય-પરજ્ઞેય બિચારા સમજે શું માણસ સાધારણ ? એ કરતાં તો સામાયિક ને પોષા—પડિકમણા કરે, જાત્રા કરી આવે એક ચૈત્ય સમેદશિખરની. એકવાર વંદે કોઈ.., આવે છે ને. અમરચંદભાઈ! (શ્રોતા : નરક પશુ ગતિ ન હોઈ.) એમાં એક ગતિ ન હોય એમાં શું એક ભવમાં ? પછી થાશે. આહા! સમજાણું કાંઈ? પોતાને પર ગતિ જ નથી અને ગતિના ભાવનું જ્ઞાન એ પણ પોતાનું છે. આહાહા! સમજાણું કાંઈ? ગતિ અને ગતિનો ભાવ એ બધું ખરેખર પરજ્ઞેય છે. એને જાણવા સંબંધીનું પોતાનું જ્ઞાન એ પોતાના અસ્તિત્વમાં છે એ એનું સ્વજ્ઞેય છે, આમ જેણે જાણ્યું... આહાહા!

निजरूपा आतम सकति पररूपा पर वस्त.. પરવસ્તુ તે પરરૂપ છે. स्वज्ञेय आत्मा है और परज्ञेय आत्माके सिवाय जगतके सब पदार्थ हैं, जिसने यह स्वज्ञेय और परज्ञेयकी उलझन समझ ली है, નિકાલ થઈ ગયો ત્યાં, કહે છે. સમજાણું કાંઈ? પરનું જાણવું જ આત્મામાં નથી, એમ કહે છે. એ તો સ્વનું જાણવું એમાં આવ્યું. આહાહા! સમજાણું કાંઈ? પોતાના અસ્તિત્વમાં છે જેટલું એ એનું સ્વજ્ઞેય અને પોતાના અસ્તિત્વમાં નથી એવું પર તે પરજ્ઞેય. આહાહા!

કહે છે કે સ્વજ્ઞેય તે આત્મા. એનો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સ્વજ્ઞેય, બસ. અને पररूपा पर वस्त, जिन लखि लीनौं पेंच.. જેણે આ પેચ સમજ લઈ (લીધી), સમજ

હો ગઈ, उसने सब कुछ ही जान लिया, લો. એણે બધું જાણ્યું. આહા! સમજાણું કાંઈ? આ જ વસ્તુ છે. વસ્તુની સ્થિતિ જ એવી છે એમ કહે છે. રાગનું જ્ઞાન અને શાસ્ત્ર (આદિ) પર સંબંધીનું જ્ઞાન એ બધું પરજ્ઞેય છે. સાધકની આંહીં વાત છે ને. આ સાધકમાં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

એવો આત્મસ્વભાવ ત્રિકાળ જ્ઞાયક, અનંત ગુણ અને પોતાના પર્યાયમાં સ્વ-પરનું જે જ્ઞાનનું અસ્તિત્વ એ સ્વનું અસ્તિત્વ છે, એ સ્વજ્ઞેય છે. બાકી સર્વજ્ઞ પરમાત્મા પંચપરમેષ્ઠી એ બધા પરજ્ઞેય છે. પરજ્ઞેયને જાણતાં જ્ઞાનપર્યાય કાંઈ પરમાં વ્યાપતું નથી, પ્રસરતું નથી, પરિણમતું નથી, પરરૂપે થતું નથી. પોતાના રૂપમાં, પોતાના જાતમાં, પોતાના અસ્તિત્વમાં જાણતાં સ્વ-પરનું પરિણમવું થાય છે, એ સ્વજ્ઞેય છે. આહા! એ જ્ઞેય-જ્ઞાનની વાતમાં આટલી ગંભીરતા. આ તો ઓલા કહે, રાગથી નિશ્ચય થાય, વ્યવહારથી નિશ્ચય થાય. પરથી—નિમિત્તથી અહીંયા થાય.

આંહીં તો કહે છે, વસ્તુ જે આત્મા, ચૈતન્યનું અસ્તિત્વ શાશ્વત અને એની શક્તિઓ એ શાશ્વત અને એની પર્યાયમાં સ્વ-પરનું જાણવું એવું પોતે વ્યાપીને રહે છે. એને સ્વજ્ઞેય કહીએ. સમજાણું કાંઈ? પર, રાગાદિ અને પરનું જાણવું એ બધું સાધકને પરરૂપ જ્ઞેય છે. આહાહા! સમજાણું કાંઈ? એમ જેણે જાણી લીધું. लखि એટલે જાણવું. पेच—આ કળા. આ કળા જેણે જાણી એણે બધું જાણ્યું. આહાહા! સમજાણું કાંઈ?

परज्ञेयकी उलझन समझ ली.. સ્વજ્ઞેય અને પરજ્ઞેય. સ્વ અને પરનો વિવેક થઈને સ્વજ્ઞેય-પરજ્ઞેયનો ખ્યાલ આવી ગયો, उसने सब कुछ ही जान लिया. બધું જાણ્યું એણે બારે અંગનું જ્ઞાન. આહાહા! બાર અંગનું જ્ઞાન પણ પરજ્ઞેય છે. વિકલ્પરૂપ છે ને. ભેદરૂપ છે. આહાહા! પોતાનો ભગવાન આત્મા પોતાના અંતરસ્વભાવનો અવલંબન લઈને જે સ્વ-પરનો પ્રકાશક પર્યાય સ્વજ્ઞેયપણે વ્યાપીને થયો એ સ્વ-સ્વરૂપ. એ સ્વજ્ઞેય. ઝીણું તો છે. આ તો છેલ્લી ગાથાઓ છે ને. ઠેઠ સુધી અંદર લઈ ગયા છે. આહા! તકરાર શેની કરે ભાઈ! એના અસ્તિત્વમાં જેટલું છે એ સ્વજ્ઞેય અને એના અસ્તિત્વમાં જે નથી તે પરજ્ઞેય. આમ જેણે જાણ્યું એણે બધું જાણી લીધું. કહો, સમજાણું કાંઈ? આહાહા! स्याद्वादमें जीवका स्वरूप. એકલો શ્લોક. નવ, નવ.

क्वचिल्लसति मेचकं क्वचिन्मेचकामेचकं
क्वचित्पुनरमेचकं सहजमेव तत्त्वं मम।
तथापि न विमोहयत्यमलमेधसां तन्मनः
परस्परसुसंहतप्रकटशक्तिचक्रं स्फुरत्।।९।।

**સમયસાર કળશ અર્થ :**—ભાવાર્થ આમ છે કે આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે, તેથી જેમ નાટકમાં એક ભાવ અનેકરૂપે દેખાડવામાં આવે છે તેમ એક જીવદ્રવ્ય અનેક ભાવો દ્વારા સાધવામાં આવે છે. ''मम तत्त्वं'' મારો જ્ઞાનમાત્ર જીવપદાર્થ આવો છે. કેવો છે? ''क्वचित् मेचकं लसति'' કર્મસંયોગ વડે રાગાદિ વિભાવરૂપ પરિણતિથી જોતાં અશુદ્ધ છે એવો આસ્વાદ આવે છે. ''पुनः'' એકાન્તથી આવો જ છે એમ નથી; આવો પણ છે—''क्वचित् अमेचकं'' એક વસ્તુમાત્રરૂપ જોતાં શુદ્ધ છે. એકાન્તથી આવો પણ નથી. તો કેવો છે? ''क्वचित् मेचकामेचकं'' અશુદ્ધ પરિણતિરૂપ તથા વસ્તુમાત્રરૂપ એમ એકીવખતે જોતાં અશુદ્ધ પણ છે, શુદ્ધ પણ છે;—એ પ્રમાણે બંને વિકલ્પો ઘટે છે. એવું કેમ છે? (सहजं) સ્વભાવથી એવું જ છે. ''तथापि'' તોપણ ''अमलमेधसां तत् मनः न विमोहयति'' (अमलमेधसां) સમ્યગ્દૃષ્ટિ જીવોની (तत् मनः) તત્ત્વજ્ઞાનરૂપ છે જે બુદ્ધિ તે (न विमोहयति) સંશયરૂપ થતી નથી—ભ્રમને પ્રાપ્ત થતી નથી. ભાવાર્થ આમ છે કે—જીવનું સ્વરૂપ શુદ્ધ પણ છે, અશુદ્ધ પણ છે, શુદ્ધ-અશુદ્ધ પણ છે-એમ કહેતાં અવધારવામાં ભ્રમને સ્થાન છે, તોપણ જેઓ સ્યાદ્વાદરૂપ વસ્તુ અવધારે છે તેમને સુગમ છે, ભ્રમ ઊપજતો નથી. કેવી છે વસ્તુ? ''परस्परसुसंहतप्रकटशक्तिचक्रं'' (परस्परसुसंहत) પરસ્પર મળેલી છે (प्रकटशक्ति) સ્વાનુભવગોચર જીવની જે અનેક શક્તિઓ તેમનો (चक्रं) સમૂહ છે જીવવસ્તુ. વળી કેવી છે? ''स्फुरत्'' સર્વ કાળ ઉદ્યોતમાન છે. ૯.

એનો આ પદ છે. स्याद्वादमें जीवका स्वरूप.

સ્યાદ્વાદમાં જીવનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

करम अवस्थामैं असुद्धसौ विलोकियत,<br>
करम कलंकसौं रहित सुद्ध अंग है।<br>
उभै नै प्रवांन समकाल सुद्धासुद्ध रूप,<br>
ऐसौ परजाइ धारी जीव नाना रंग है।<br>
एक ही समैमैं त्रिधारूप पै तथापि याकी,<br>
अखंडित चेतना सकति सरवंग है।।<br>
यहै स्यादवाद याकौ भेद स्यादवादी जानै,<br>
मूरख न मानै जाकौ हियौ दृगभंग है।।४८।।

**શબ્દાર્થ :**—અવસ્થા=દશા. વિલોકિયત=દેખાય છે. ઉભૈ(ઉભય)=બે. નૈ=નય. પરજાઈ ધારી=શરીર સહિત, સંસારી. રંગ=ધર્મ. ત્રિધા=ત્રણ. દગ ભંગ=આંધળો.

**અર્થ :**—જો જીવની કર્મસહિત અવસ્થા ઉપર દૃષ્ટિ દેવામાં આવે તો તે વ્યવહારનયથી અશુદ્ધ દેખાય છે, જો નિશ્ચયનયથી કર્મમળ રહિત અવસ્થાનો વિચાર કરવામાં આવે તો તે નિર્દોષ છે, અને જો એ બન્ને નયોનો એકસાથે વિચાર કરવામાં આવે તો શુદ્ધાશુદ્ધરૂપ જણાય છે,—આ રીતે સંસારી જીવની વિચિત્ર ગતિ છે. જોકે તે એક ક્ષણમાં શુદ્ધ, અશુદ્ધ અને શુદ્ધાશુદ્ધ એવા ત્રણરૂપે છે તોપણ આ ત્રણે રૂપોમાં તે અખંડ ચૈતન્યશક્તિથી સર્વાંગ સમ્પન્ન છે. આ જ સ્યાદ્વાદ છે, આ સ્યાદ્વાદનો મર્મ સ્યાદ્વાદી જ જાણે છે, જે મૂર્ખ હૃદયના આંધળા છે તે આ અર્થ સમજતા નથી.

**अर्थ :**—यदि जीवकी कर्म सहित अवस्था पर दृष्टि दी जावे तो वह व्यवहारनयसे अशुद्ध दिखता है, यदि निश्चयनयसे कर्म-मलरहित अवस्था विचारी जावे तो वह निर्दोष है, और यदि ये दोनों नय एक साथ सोचे जावें तो शुद्धाशुद्धरूप जाना जाता है। इस प्रकार संसारी जीवकी विचित्र गति है। यद्यपि वह एक क्षणमें शुद्ध, अशुद्ध और शुद्धाशुद्ध ऐसे तीनरूप है तो भी इन तीनों रूपोंमें वह अखंड चैतन्य शक्तिसे सर्वांग संपन्न है। यही स्याद्वाद है, इस स्याद्वादके मर्मको स्याद्वादी ही जानते हैं, जो मूर्ख हृदयके अंधे हैं वे इस मतलबको नहीं समझते॥४८॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

સમજવું.. સમજવું એકલું આવે છે આમાં. કારણકે એ સમજણનો પિંડ જ છે. એમાં બીજું કાંઈ છે જ નહીં. તો એ જ આવેને. બીજું શું આવે? સમજાણું કાંઈ? करम अवस्थामैं अशुद्धसौ विलोकियत.. આમ દેખીએ તો નિમિત્તની અપેક્ષાએ જ્યાં લક્ષ જાય છે એટલે એમાં અશુદ્ધતા થાય છે. તો અશુદ્ધતા પણ એની પર્યાયમાં છે. એના અસ્તિત્વમાં છે એટલું સિદ્ધ કરવું છે ને. સમજાણું કાંઈ? જુઓને, ક્યાં દેખે છે? करम अवस्थामैं अशुद्धसौ विलोकियत.. અશુદ્ધપણું કર્મના સંગે એમાં દેખાય છે. બસ, એક નયે. करम कलंकसौं रहित सुद्ध अंग है. નીચે લખ્યું છે, જુઓ. यदि जीवकी कर्म सहित अवस्था पर दृष्टि दी जावे तो वह व्यवहारनयसे अशुद्ध दिखता है, यदि निश्चयनयसे कर्म-मलरहित अवस्था विचारी जावे तो वह निर्दोष है. આ અહીં અવસ્થાની વાત છે, ત્રિકાળીની નહીં. શું કહે છે? કર્મના નિમિત્તના સંગનો વિચાર કરે તો એને અશુદ્ધતા દેખાય છે અને અશુદ્ધતા રહિતની પર્યાય જોવે સાધક તો શુદ્ધ દેખાય છે. પર્યાય હોં. સમજાણું કાંઈ? સાધકની વ્યાખ્યા છે ને.

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ એનું જ્યાં અંતરમાં મુખ થઈને ભાન થયું, કહે છે કે એમાં દશાઓ એકસાથે ત્રણ દેખાય. એક અશુદ્ધ પણ દેખાય, પર્યાય શુદ્ધ પણ દેખાય અને શુદ્ધ-અશુદ્ધ બેય એક સાથે પણ દેખાય. સમજાણું કાંઈ? (શ્રોતા : ...) પર્યાય સ્વભાવ. અહીં તો પર્યાયની વાત ચાલે છે. ત્રિકાળ તો પિંડ માખણ છે આખો. છે ને જુઓ. उभै नै प्रवांन समकाल सुद्धासुद्ध रूप, ऐसौ परजाइ धारी,.. એમ છે ને. શું કહે છે? શુદ્ધ દ્રવ્ય, એમ નથી આંહીં લેવું અત્યારે. એક બાજુ જુએ તો પર્યાયમાં અશુદ્ધતા, એનો ને એનો આનીકોરનો ભાગ જોવે તો શુદ્ધ પર્યાય. એકસાથે શુદ્ધ-અશુદ્ધ જોવે તો પ્રમાણથી બેય છે. એની ને એની વાત છે આંહીં. બહારની વાત નથી આંહીં. સમજાણું કાંઈ? એના અસ્તિત્વની પર્યાયના અસ્તિત્વમાં—સત્તામાં અશુદ્ધતા પણ સંગથી દેખાય અને આ બાજુ જોવે તો સંગરહિત નિર્મળ પર્યાય પણ જણાય છે. આહાહા! અને

એકસાથે શુદ્ધ-અશુદ્ધ પર્યાય બેય પણ જણાય છે. આ ત્રણ થયા. હવે આ ચોથો.

ऐसौ परजाइ धारी जीव नाना रंग है. પર્યાયનો ધરનાર આ રીતે અનેક રંગપણે પર્યાયમાં જણાય છે. આહાહા! એને જાણવું.. જાણવું તો આત્માને જાણવું છે ને. સમજાણું કાંઈ? અને એની પર્યાયમાં ત્રણ પ્રકાર છે એ પણ જાણે અને ત્રણે કાળ એ પર્યાયમાં અખંડ ચૈતન્યદ્રવ્ય છે એ પણ જાણે. સમજાણું કાંઈ? વિષય એવો ઝીણો પડેને માણસને પછી સભા રંજન કરવા અને ... (શ્રોતા : પોતાને જ ન આવડતું હોય એમાં શું કરે? પોતાને આવડવું જોઈએને..) આહાહા! એ થોડુંક એવું મૂક્યું છે ભાઈએ કંઈક ભાષણમાં. ઈન્દોરવાળા... જરીક મૂક્યું છે ... ને સાધુ અત્યારે બહારમાં. એ વળી એકાદ વાત છે થોડીક એમાં. આ ચોપડી, નહીં કંઈક ? (શ્રોતા : સત્તા...) હા. એ છે ખરું કંઈક. માર્ગ તો આ આત્માનો છે એ સાધવો જોઈએ ધર્મીને. સમજાણું કાંઈ?

અહીંયા તો આત્માને રાજી અને આનંદિત કરવો છે. પરને રાજી કરવું એ કાંઈ વાત છે નહીં. પણ માણસ માને છેને આ બધા તો... આહાહા! સભા રાજી થાય, આપણે કાંઈક સમજાવ્યા કહેવાય અને એ સમજ્યા કહેવાય, પ્રભાવના થઈ કહેવાય. નહીં, દેવીલાલજી? આહાહા! ભાઈ! તારામાં પ્રભાવના તારી થાય કે તારી પ્રભાવના પરમાં થાય? (શ્રોતા : બીજામાં ... અભાવ છે). છે અભાવ છે. આહાહા! વસ્તુ જ આવી છે ત્યાં એમાં બીજી ચીજ ક્યાંથી લાવે? સમજાણું કાંઈ? આત્મા અખંડ આનંદસ્વરૂપ એવી દૃષ્ટિ થઈ ત્યાં પર્યાયમાં ત્રણ પ્રકાર જણાણા. પરલક્ષે જોવે તો અશુદ્ધતા પણ દેખાય, આ બાજુથી જોવે તો શુદ્ધતા પણ પ્રગટી છે, એક સાથે દેખે તો શુદ્ધાશુદ્ધ પરિણમન પણ છે પર્યાયમાં. સમજાણું કાંઈ? અહીંયા પરને જોવું એ વાતેય નથી. મૂલચંદભાઈ! આહાહા!

એક શેઠિયા એમ કહેતા હતા. એક શેઠિયા તમારા નહીં ઓલા? પૂનમચંદ ઘાંસીવાળા મુંબઈ. કાલબાદેવી મંદિર નથી? પૂનમચંદ .... હા, એ. એની એક વાત આવી હતી બહારથી કે 'કાનજીસ્વામી' જરીક બહુ ખેંચે છે. તે થોડુંક આમ પોચું મૂકે ને અમે થોડુંક પોચું મૂકીએ તો ભેગા થઈ જઈએ. આ તો તમારા શેઠિયા માંહ્યલા એક શેઠિયા આમ કહેતા, એમ કહું છું. (શ્રોતા : ...) થોડોક જરી હા પાડે થોડુંક વ્યવહારની આ બાજુ. એવું કંઈક હશે. એ કંઈક એવું કહેવા માગે છે. એ ભાઈ કહેતા હતા. એને ખબર નહીં. પણ અહીં ભાઈ કહેતા હતા, નહીં? હિંમતભાઈ કહેતા હતા. હિંમતભાઈ કહેતા હતા, એમ કે આમ કહે છે. કીધું, આ વાણિયાવેડા છે નહીં.

ઓલા વાણિયા આમ પાંચ હજાર રૂપિયા માંગતો હોય કણબી પાસે. આ વાણિયો સમજે કે એની પાસે બે હજાર સિવાય કાંઈ છે નહીં. ગાદલા ગોદડા વેચે તોય બે હજાર

(મળશે.) ઓલોય સમજે કે આપણે કંઈક બે હજાર સિવાય કોઈ રૂપિયો આપણી પાસે છે નહીં. ત્યારે ઓલો વાણિયો કહે, પાંચ હજારમાં એક પાઈ ઓછી લેવી નથી, લે. મનમાં છે કે બે હજાર (મળે તો) જવા દો. ઓલો માંડે કે પાંચસો સિવાય એક રૂપિયો મારી પાસે નથી વધારે. પાઈ પણ નથી. એમ કરતાં કરતાં કરતાં ઓલો વાણિયો વળી એમ આવે કે ભઈ, એક પાંચસો ઓછા આપજે. ઓલો કહે કે પણ છસો (આપવા), લ્યો. કરતાં કરતાં કરતાં બે હજાર આવે. એમ છે એમાં? બાંધછોડ કરતા કરતા. જાદવજીભાઈ! વાણીયા કરે તમારે. જાણે કે આમાં કંઈ ... દુકાળ છે ને આ થયું છે. આહાહા!

કહે છે, उभै नै प्रवांन समकाल सुद्धासुद्ध रूप.. ઓહો! માળે કીધું છેને પણ! ऐसौ परजाइ धारी,.. એમ કીધું છે ને. એવી અવસ્થાનો ધરનાર. અશુદ્ધતા પણ છે... સાધક છે ને? શુદ્ધતા પ્રગટી છે ને એકસાથે જોવો તો શુદ્ધ-અશુદ્ધ બેય છે. एक ही समैमैं त्रिधारूप पै तथापि याकी, દેખો. આહાહા! एक ही समैमैं त्रिधारूप पै तथापि याकी, अखंडित चेतना सकति सरवंग है. ચૈતન્યશક્તિ અખંડ તો ત્રિકાળ પડી છે એમાં. વાહ! સમજાય છે કાંઈ?

ચાર વાત કરી. ધર્મનો સાધક થયો એટલે કે આત્મા અખંડ આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય ત્રિકાળ અખંડ આનંદનું જ્યાં ભાન થયું તો એ પર્યાયમાં ત્રણ પ્રકાર છે. સાધકની વાત છે ને આ. આહા! હજી વ્યવહારની અશુદ્ધતા દેખાય છે, કર્મના સંગે રાગ આદિ વિકલ્પ અને આ બાજુ ઢળ્યો એટલે શુદ્ધતા પણ દેખાય છે. આહાહા! બેયને એક સાથે જોવે તો શુદ્ધ અને અશુદ્ધ, પર્યાયમાં બેય દેખાય છે. અને ચોથી રીતે જોવે एक ही समैमैं त्रिधारूप पै तथापि—તો પણ याकी अखंडित चेतना सकति सरवंग है. ચેતના.. ચેતના.. ચેતના.. ચેતના.. ચેતના અનાદિ-અનંત છે. કહો, સમજાણું કાંઈ?

આ તો સમજાય એવું છે. આ સાદું છે. શિવલાલભાઈ! સમજાય છે કે નહીં? અને આ તો સાદી ભાષા છે. ઓલા ગાડાં ફેરવ્યા હોયને અનાજના. જેટલા ગાડાં હોય એમાં શિવલાલભાઈ મુખ્ય હોય. ઓલાના વેપારધંધા. અને ન્યાં શું નજર પોગે. વટાવીએ છીએ હવે. આ વેપાર બીજી જાતનો છે. હવે નિવૃત્તિ લેશે, એમ કહેતા બેન ઘરેથી. હવે નિવૃત્તિ લેશે. આ ઉપાધિ બહુ કરી છે ને ભાઈ. બેન કહેતા હતા. આહાહા! આ જ કરવાનું, આ જ કરવાનું છે. અરેરે! શું કરીને કરવું? જેમાં શાંતિ ન મળે, શાંતિની શરૂઆત ન થાય, એ શું કર્યુ એ? આહાહા! જેમાં ભવરહિતની નિઃશંકતા ન થાય, અરે! એણે શું કર્યું? પંડિતજી! આહાહા!

કહે છે, પાછું વળી ઓલા શક્તિમાં છે ને. ૪૭ શક્તિનું વર્ણન. આ તો ઓલું ૪૭ હતુંને આંહીં. આ ૪૭ પદ આવ્યુંને એમાં અંદરમાં. ૪૭ શક્તિમાં તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે પ્રમાણનો વિષય નિર્મળ જ લીધો છે. અશુદ્ધતા નહીં. સમજાણું કાંઈ? શું કીધું એ? ૪૭ શક્તિનું જ્યાં વર્ણન કર્યું... પહેલાં આવી ગયું. ત્યાં તો વસ્તુ શુદ્ધ ચૈતન્ય ભગવાન ત્રિકાળ, એની શક્તિ શુદ્ધ ત્રિકાળ, એની અવસ્થા નિર્મળ. એ બેય થઈને, દ્રવ્ય-ગુણ અને પર્યાય બેય થઈને પ્રમાણનો વિષય. અશુદ્ધની વાત નથી. અશુદ્ધકા જ્ઞાન હૈ. પણ અહીંયા વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે (એમ) સાથે સિદ્ધ કરવું છે અહીંયા. આહાહા! સમજયાને? એ વ્યવહાર એની પર્યાયમાં છે એમ સિદ્ધ કરવું છે ને. પરની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા! અરે! ભગવાન તૈયાર થઈ શકે છે. એમ ન સમજવું (કે) અરેરે! અમને આ ન સમજાય. અમે બાળક કહેવાઈએ, અમે બાઈડીયું કહેવાઈએ. શું કહેવાય, અમને આવડતું નથી. હવે આત્મા છે એ ત્રણે કાળે ચૈતન્યશક્તિ છે. ન કીધી આ?

अखंडित चेतना सकति सरवंग है.. આહાહા! આત્મા છે એવું જાણવું છે. એમાં ન હોય એને જાણવું હોય તો તો આકરું પડે. ભઈ, છે કે નહીં બધા? બાળક, જુવાન, ઢોર, મનુષ્ય, નારકી—એ વસ્તુ ક્યાં છે અંદર? ત્રિકાળ સર્વાંગ. આહા! अखंडित चेतना सकति सरवंग है. સમજાણું કાંઈ? सरवंग है. એટલે ઓલામાં અંગ કહ્યું હતુંને, નાના રંગ. દરેક પર્યાયમાં દ્રવ્ય તો ત્રિકાળ શક્તિરૂપ છે, એમ. સમજાણું કાંઈ? અશુદ્ધ પર્યાય, શુદ્ધ પર્યાય અને એકસાથે (શુદ્ધાશુદ્ધ), છતાં આ એક રંગે ત્રિકાળ છે. એ બધા રંગમાં सरवंग.. બધી પર્યાયોમાં દ્રવ્ય ત્રિકાળ એકરૂપ છે. સમજાણું કાંઈ? આરે, આરે! આ કંઈ વિદ્વત્તાનો વિષય નથી. આ તો આગમના સ્વરૂપનો વિષય છે. અને દુનિયા એથી રાજી થાય કે ન રાજી થાય એની સાથે સંબંધ નથી. માર્ગ આ છે. સમજાણું કાંઈ? જેને જનમ-મરણ ચોર્યાશીના અવતાર પરિભ્રમણમાં રખડે છે એને ટાળવું હોય તો આ માર્ગ છે. સમજાણું કાંઈ?

કહે છે કે તું કોણ છો? કે હું ત્રિકાળ રહેનારો ચૈતન્યશક્તિ સંપન્ન આત્મા. તારી પર્યાયમાં શું છે? તારી દશામાં શું છે? પરની દશાનું કાંઈ અહીં કામ નથી. કે મારી પર્યાયમાં તો આ છે. નિર્મળ પર્યાય ધર્મની પ્રગટેલી છે. ત્રિકાળ શક્તિ તો અખંડ સર્વંગ દરેક પર્યાયમાં છે. એ સમયમાં ચૈતન્ય ભગવાનને આશ્રયે શુદ્ધ પર્યાય પ્રગટી છે તે પણ હું છું, અશુદ્ધતા છે એ પણ મારા પર્યાયના અસ્તિત્વમાં છે અને બેયને જાણવું એક સમયે એવું પણ મારા અસ્તિત્વમાં છે. એવું એક પર્યાયમાં આવા પ્રસંગો—પ્રકાર હોવા છતાં, આહા!

एक ही समैमैं त्रिधारूप पै तथापि याकी, अखंडित चेतना सकति सरवंग है.

શુદ્ધપર્યાય-અશુદ્ધપર્યાય એકસાથે (હોવા) છતાં એમાં ભગવાન ત્રિકાળ ચૈતન્યપ્રભુ ધ્રુવરૂપ બિરાજે છે. સમજાણું કાંઈ? આખા ચાર અંગનું જ્ઞાન કરાવ્યું છે. એક-એક નયનું એકસાથે... પર્યાયનું એ પણ નય છે. પણ એ બેને ભેગું કહ્યું છે, એમ. આહાહા! એ પ્રમાણ તો આ પ્રમાણ દીધું છે. પર્યાય નિર્મળ અને મલિન એમ કરીને ભેગા કરીને પ્રમાણ કર્યું છે. આહાહા! પરનું નહીં તેમ દ્રવ્યનું ભેગું કરીને નહીં. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. એ પર્યાયમાં બેય અંશો હોવા છતાં એક-એક અંશનું, એક એક નયનું જ્ઞાન હોવા છતાં એકસાથે કરે તોય પણ એ નય છે. કારણ કે પ્રમાણ છે એ પણ સદ્ભૂત વ્યવહારનય છે. આ પણ પ્રમાણનો ભાગ છે આ તો હજી. આખું પ્રમાણ છે એ તો સ્વ પોતે અને પરને જાણે એવો જે પ્રમાણ એ પણ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. આહાહા! કારણકે આ પર અપેક્ષા આવીને. એમ અહીંયા શુદ્ધતાનો પર્યાય જે પ્રગટ્યો દ્રવ્યને આશ્રયે, બેનું જ્ઞાન એકસાથે (થાય) એ પણ એક પ્રમાણ છે. બે ભેગા થયાને. ઓલા એમ કહે છે ને કે રાગ નિમિત્તથી થાય. નિમિત્ત અકિંચિત્કર નથી. ભાઈ! તને ખબર નથી. એ જ્ઞેયથી જ્ઞાન ન થાય, તો પછી નિમિત્તથી રાગ થાય એ તો ક્યાં છે?

બીજી વાત. કે એમાં એ (ઉપાદાન)-નિમિત્તથી — બેથી કાર્ય થાય. ઓલો દાખલો આપ્યોને સાંબેલાનો. સાંબેલો વાગે છે. મારો વાજું સાંબેલું વાગે છે. બધા વાજાં વાગે ત્યારે મારે વાગે, એકલા નહીં. એમ ઉપાદાન-નિમિત્ત ભેગા થાય તો કાર્ય થાય. એ તો વ્યવહારનયનું વચન છે. સમજ્યા ? બે ભેગા થયાને બેય. એ વ્યવહારનયના વિષયની વાત છે. નિશ્ચયમાં તો પર્યાય પોતાથી જ થઈ છે ત્રિકાળ. આહાહા! સમજાણું કાંઈ? વ્યવહારના ગ્રંથમાં એ આવે, એક કાર્યના બે કારણ. પણ બે કારણ એ વ્યવહાર થઈ ગયો. બે થયો એ જ વ્યવહાર થઈ ગયો. આહાહા! અરે! શું થાય? (શ્રોતા : મોક્ષમાર્ગ પ્રકાશકમાં..) પણ આવે છેને બધે ઠેકાણે. બે-બે થયા એ તો વ્યવહાર થઈ ગયો. આહાહા! એનો વિકાર એનાથી થાય એ નિશ્ચય છે. જેમાં સ્વ સિવાય પરની અપેક્ષા છે નહીં એનું નામ નિશ્ચય કહેવાય. પરની અપેક્ષાથી જ્યાં કથન કરવું ત્યાં તો વ્યવહાર થઈ ગયો. બે ભેગાં. આહાહા! (શ્રોતા : સ્વને બતાવે છે). બતાવે છે છતાં એ વ્યવહાર થઈ ગયો એ તો, એમ. સમજાણું કાંઈ?

આંહીં પણ એક સમયની બે પર્યાય. પર્યાય તો એક જ છે, એના બે ભાગ. આહાહા! અમરચંદભાઈ! વસ્તુ એક આ ત્રિકાળ ચૈતન્યભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ. એ તો ત્રિકાળી બેય પર્યાયમાં ત્રિકાળ વસે છે. બે ભાગમાં. પણ એક પર્યાયના બે ભાગ—એક અશુદ્ધતાનો અને એક શુદ્ધતાનો અંશ. એ બેય એક પર્યાયના બે ભાગ છે. પર્યાયના બે

ભાગ છે. (શ્રોતા : પર્યાય એક, ભાગ દો). ભાગ દો. પર્યાય બે નહીં. દો ભાગ. સમજાણું કાંઈ? ત્યારે ભાગ વિનાની ચીજ ત્રિકાળ ચૈતન્યશક્તિ તે અભાગ. અખંડાનંદ પ્રભુ ચૈતન્ય સ્વભાવ. સમજાણું કાંઈ?

अखंडित चेतना सकति सरवंग है. નીચે કર્મમલ રહિત લખ્યું છે ને. यदि ये दोनों नय एक साथ सोचे जावें तो शुद्धाशुद्धरूप जाना जाता है. નય. इस प्रकार संसारी जीवकी विचित्र गति हैं यद्यपि वह एक क्षणमें शुद्ध, अशुद्ध और शुद्धाशुद्ध ऐसे तीनरूप है तो भी इन तीनों रूपोंमें वह अखंड चैतन्य शक्तिसे सर्वांग संपन्न है. પર્યાયના અંશની પાછળ આખો ચૈતન્યશક્તિનો પિંડ ત્રિકાળ છે. સમજાય છે કાંઈ? થોડું પણ સત્ય હોવું જોઈએને ભાઈ. અને સત્‌ના ફળ તરીકે સત્ય હોય. અસત્ય આવે ને એનું ફળ સત્ય આવે, એવું બને? अखंडित चेतना सकति सरवंग है.. એટલે બધા અંગ જે પર્યાયો થઈ બે - બે ભાગ. એમાં ત્રિકાળી ભાગ વિનાનું ચૈતન્યમૂર્તિ એ તો ત્રિકાળ છે. એનો આશ્રય અને દ્રવ્યદૃષ્ટિ થતાં જે પર્યાય પ્રગટી એમાંથી શુદ્ધતા અને અશુદ્ધતા બે ભાગ પડ્યા છે. સાધક છે ને. સમજાણું કાંઈ?

यहै स्याद्वाद याकौ भेद स्यादवादी जानै, દેખો. यहै स्याद्वाद. આવા અનેક—અનંત ધર્મવાળું તત્ત્વ અખંડ તત્ત્વ અને પર્યાયના એકમાં બે ભાગ. આરે, આરે ! અશુદ્ધ પણ ખરું, શુદ્ધ પણ ખરું. આ તે કંઈ (વાત છે !) અશુદ્ધતા પણ એનો એક અંશ—ધર્મ છે પર્યાયનો અને શુદ્ધતા પ્રગટી એ પણ એનો એક ધર્મ છે. यहै स्याद्वाद याकौ भेद स्यादवादी जानै.. અનેકાંત વસ્તુનું સ્વરૂપ એને જ્ઞાની જાણે. મૂરખ ન માને. આવું હોય? શુદ્ધ પર્યાય અને વળી અશુદ્ધ પર્યાય અને પર્યાય એક. એક સમયની એક ને એના બે ભાગ ને. આરે, આરે! આવા પર્યાયને માને નહીં એ આ વેદાંત આદિને તો આ બધું મોટું ગપ્પા જેવું લાગે. શું કહે છે? આહાહા! સમજાણું કાંઈ? કાર્ય થાય છે એ તો પર્યાય છે. એક કાર્યમાં—એક અધૂરી દશામાં શુદ્ધતા અને મલિનતા બે ભાગ પડ્યા છે એમાં. એવું જ્ઞાન થઈ ગયું છે એને. એને પોતાને અશુદ્ધતા નથી. બીજો હજી નયથી જાણનારો જાણે કે ૧૪મા ગુણસ્થાન સુધી એને હજી અશુદ્ધતા છે. સમજાણું કાંઈ?

લે, કેવળજ્ઞાન જાણે કે આમાં આટલું છે, એટલું. પણ એને કાંઈ નયભેદ નથી. એટલે કે અશુદ્ધ હું છું. શુદ્ધ હું છું, અશુદ્ધ હું છું—એવું ત્યાં નથી કાંઈ. સમજાણું કાંઈ? શું કહ્યું એ વળી? આ તો સાધક શ્રુતજ્ઞાનના અપેક્ષાએ વાત છે. સમજાણું કાંઈ? કેવળીને કાંઈ નય નથી. એ અશુદ્ધતા છે એને જાણે, એમ આ શુદ્ધતા પર્યાયને જાણે અને ત્રિકાળી દ્રવ્યને જાણે.—બધું એક સાથે જાણે. સમજાણું કાંઈ? આહાહા! એક-એક શ્લોક

ને એક-એક પદમાં ઘણું જ ભરી દીધું છે. 'અમૃતચંદ્રાચાર્ય' દિગંબર મુનિ વનવાસી. આહાહા! ચાલતા સિદ્ધ હતા છતાં એને ઓળખી ન શક્યા લોકો. શ્વેતાંબર પક્ષ નીકળી ગયેલો પહેલેથી 'કુંદકુંદાચાર્ય' પહેલા. આવા મુનિને પણ પરખી ન શક્યા. મત નવા નીકળ્યા. નહીં, આમ હોય વાત. 'અમૃતચંદ્રાચાર્ય' તો હમણાં અહીં થયા. એનો ખ્યાલ કરે તોય ખબર પડે કે આવી વાત આપણે જાણતા નથી ને આપણામાં છે નહીં.

(શ્રોતા : ...) એ આદિ લીધું. એનો અર્થ ઓલા કરે, આદિ એટલે શરૂઆતમાં વાત. એવો અર્થ કર્યો એણે. પાછળથી હોં. એ વખતે તો કે આદિ એટલે મૂળ દિગંબર. કોની પહેલી પૂજા થાય (એ માટે) દિગંબર-શ્વેતાંબર બેયની વચ્ચે ચર્ચા ચાલીને. તો એમાં સરસ્વતીને બોલાવો. બોલાવો, 'કુંદકુંદાચાર્ય' કહે. પછી પથ્થરમાં જવાબ આવ્યો, આદ્ય દિગંબર. એમણે પછી પાછળથી અર્થ ફેરવી નાખ્યો. આદિવાળા છે દિગંબર, અમે પુરાના છીએ. શબ્દનો અર્થ... ગજબ છે! (શ્રોતા : અવાજ આવ્યો?) અવાજ આવ્યો. પથ્થરને બોલાવ્યું. (શ્રોતા : યોગ્યતા કે વિશેષતા?) યોગ્યતા. પુણ્ય પણ છે ને. પુણ્યની વાત છે, પવિત્રતાની ક્યાં વાત છે?

બેને તકરાર ચાલી. 'કુંદકુંદાચાર્ય' કહે, ભાઈ, આ સરસ્વતી બોલે. .... જે કહે માતા એ બોલે. દિગંબર, કરો પહેલી પૂજા મૂર્તિની. આહાહા! એ વખતે પણ .... વસ્તુ ત્યાં નહીં. .... દૃઢ થયું. સો વર્ષ પહેલાં નીકળી ગયેલા, આ (શ્વેતાંબર) કુંદકુંદઆચાર્યની સો વર્ષ પહેલા નીકળી ગયેલા. પછી મેળ ન ખાધો કયાંય. મધ્યસ્થતાથી જોવું જોઈએ. સત્યનું સત્‌પણું કેવું હોય એમ એને જાણવામાં પક્ષપાત વિના જાણવું જોઈએ. તો એને સત્ય હાથ આવ્યા વિના રહે નહીં. પક્ષ બાંધીને જોવે કે અમે આમ માનીએ છીએ. અમે આમ... માનીએ છીએ પણ તે છે કે નહીં? એવું સ્વરૂપ એમાં છે કે નહીં? ...ધર્મ છે. શુદ્ધ એટલો ધર્મ છે. આહાહા! સમજાણું કાંઈ?

સાધક છે એની સાથે બાધકપણું કાંઈ છે તો સાધક રહ્યોને? આખી વાત કરે છે જોઈ? કે અશુદ્ધતા એનો સ્વભાવ નથી માટે અશુદ્ધતા નથી, એમ નહીં. આંહીં તો અશુદ્ધતા, જાણવા માટે 'અશુદ્ધતા છે' એમ બરાબર સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ? આહા! આમ જોઈએ તો કહે, સમ્યગ્દ્રષ્ટિ વ્યવહારથી મુક્ત છે, અશુદ્ધથી મુક્ત છે. લો, એમ કહ્યું કે નહીં? પણ છે ને. છે, એનાથી મુક્ત છે ને. જ્ઞાનમાં જાણે છે કે આ છે. 'પદ્મનંદી'માં આવ્યું છે. જ્ઞાન જાણે છે જ્ઞાન. એમ જ્ઞાનમાં બે પડખાં જાણવામાં થયા. દર્શનમાં તો એકલું અભેદ છે. સમજાણું કાંઈ? અને એની સાથે પ્રગટેલું જ્ઞાન જાણે છે કે આ શુદ્ધ છે અને આંહીં પર્યાયમાં બે ભાગ છે, બસ એટલું. જેનું **દૃગભંગ**—જેની દૃષ્ટિ

આંધળી છે એ આવું સમજતા નથી, એમ કહે છે. ૧૦મો કળશ.

इतो गतमनेकतां दधदितः सदाप्येकता-
मितः क्षणविभङ्गुरं ध्रुवमितः सदैवोदयात्।
इतः परमविस्तृतं धृतमितः प्रदेशैर्निजै-
रहो सहजमात्मनस्तदिदमद्भुतं वैभवम्॥१०॥

**સમયસાર કળશ અર્થ :—**''अहो आत्मनः तत् इदम् सहजम् वैभवम् अद्भुतं'' (अहो) 'અહો' સંબોધન વચન છે. (आत्मनः) જીવવસ્તુની (तत् इदम् सहजम्) અનેકાન્તસ્વરૂપ એવી (वैभवम्) આત્માના ગુણસ્વરૂપ લક્ષ્મી (अद्भुतं) અચંબો ઉપજાવે છે. શા કારણથી એવી છે? ''इतः अनेकतां गतम्'' (इतः) પર્યાયરૂપ દૃષ્ટિથી જોતાં (अनेकतां) 'અનેક છે', એવા ભાવને (गतम्) પ્રાપ્ત થયેલી છે; ''इतः सदा अपि एकताम् दधत्'' (इतः) તે જ વસ્તુને દ્રવ્યરૂપે જોતાં (सदा अपि एकताम् दधत्) સદાય એક છે એવી પ્રતીતિને ઉપજાવે છે. વળી કેવી છે? ''इतः क्षणविभङ्गुरं'' (इतः) સમય સમય પ્રતિ અખંડ ધારાપ્રવાહરૂપ પરિણમે છે એવી દૃષ્ટિથી જોતાં (क्षणविभङ्गुरं) વિનશે છે, ઊપજે છે; ''इतः सदा एव उदयात् ध्रुवम्'' (इतः) સર્વ કાળ એકરૂપ છે એવી દૃષ્ટિથી જોતાં, (सदा एव उदयात्) સર્વ કાળ અવિનશ્વર છે એમ વિચારતાં, (ध्रुवम्) શાશ્વત છે. ''इतः परमविस्तृतं'' (इतः) વસ્તુને પ્રમાણદૃષ્ટિથી જોતાં (परमविस्तृतं) પ્રદેશોથી લોકપ્રમાણ છે, જ્ઞાનથી જ્ઞેયપ્રમાણ છે; ''इतः निजैः प्रदेशैः धृतम्'' (इतः) નિજ પ્રમાણની દૃષ્ટિથી જોતાં (निजैः प्रदेशैः) પોતાના પ્રદેશમાત્ર (धृतम्) પ્રમાણ છે. ૧૦.

જુઓ! આ વૈભવ જીવનો. આ બધા પૈસા—પૈસાના નહીં. દેખો. શું આ મકાન ને વૈભવને કરે ને રચે ને અત્યારે.. લાઈબ્રેરી ને શું કહેવાય બધું? ફર્નિચર. લાકડાના મોઢા ચાલે આમ આમ. મરી ગયેલાના આમ મોઢા પાછા... એના ફર્નિચર એ. આ તો જીવતું ફર્નિચર. ઘરનો વૈભવ. મલુકચંદભાઈ! આ ઘરનો વૈભવ. ઓલો તો પરનો છે એમાં તારું ક્યાં આવ્યું અહીંયા? વ્યવહાર વિના ચાલે છે ક્યાં? હવે એમ લખ્યું ઓલાએ. વ્યવહાર છે જ ક્યાં તે ચાલે નહીં, એમ કીધું છે. સમજાણું કાંઈ? પરનો વ્યવહાર એ તારામાં છે જ ક્યાં કે એ વિના ન ચાલે ? એ વિના જ ચાલ્યુ છે એને. આહાહા! પરની ક્રિયા જડની એના અભાવરૂપે જ ત્રણે કાળ આત્મા નભી રહ્યો છે. આહાહા! સમજાણું કાંઈ? વ્યવહારનો સંયોગ જોવે. ખાધા-પીધા વિના ચાલે? ખાવું પડે, એવું એમ લખ્યું છે. ખાવું પડે. કોણ ખાય? કોણ પીવે? માળા સાંભળ તો ખરો. જેના અસ્તિત્વ—સત્તામાં જે પરદ્રવ્ય નથી એને ખાવું-પીવું ? શું કહે છે તું આ? સમજાણું કાંઈ?

હજી અહીંયા પ્રમાણજ્ઞાનમાં રાગ વ્યાપે છે અવસ્થામાં એટલું તો જાણવા જેવું છે. પણ એ જ્ઞાન જડમાં વ્યાપે અને કંઈ કરે ને બનાવે (એવું) છે એમાં કાંઈ? (શ્રોતા : વેદાંત અને અધ્યાત્મ...) એ તો પછી ઓલી આ... પહેલું તો આંહીં પરથી જુદો પાડીને

એકલું અખંડ પર્યાય ચૈતન્યદ્રવ્ય સિદ્ધ કરવું છે. એ વળી દ્રવ્યસ્વભાવની દૃષ્ટિએ જોતાં અશુદ્ધપણું પણ પરદ્રવ્ય છે. અરે, શુદ્ધનો પર્યાય એ પરદ્રવ્ય છે. આહાહા! આ તે વાત છે! સ્યાદ્વાદની શૈલી. (શ્રોતા : ભૂતાર્થ...) ભૂત જે વસ્તુ છે... પણ આમ વસ્તુ જ છે, ભાઈ! તારા જ્ઞાનમાં જોને, જાણને. પક્ષપાત મૂકી દે. જેમ છે તેમ જાણ. એ પદ એનું છે.

(સવૈયા એકત્રીસા)

निहचै दरवद्रिष्टि दीजै तब एक रूप,
गुन परजाइ भेद भावसौं बहुत है।
असंख्य परदेस संजुगत सत्ता परमान,
ग्यानकी प्रभासौं लोकालोक मानयुत है।।
परजै तरंगनिके अंग छिनभंगुर है।
चेतना सकतिसौं अखंडित अचुत है।
सो है जीव जगत विनायक जगतसार,
जाकी मौज महिमा अपार अदभुत है।।४९।।

**શબ્દાર્થ :**—ભેદ ભાવ=વ્યવહારનય. સંજુગત(સંયુક્ત)=સહિત. જુત(યુક્ત)=સહિત. અચુત=અચળ. વિનાયક= શિરોમણિ. મૌજ=સુખ.

**અર્થ :**—આત્મા નિશ્ચયનય અને દ્રવ્યદૃષ્ટિથી એકરૂપ છે, ગુણ–પર્યાયોના ભેદ અર્થાત્ વ્યવહારનયથી અભેદરૂપ છે. અસ્તિત્વની દૃષ્ટિથી નિજ ક્ષેત્રાવગાહમાં સ્થિત છે, પ્રદેશોની દૃષ્ટિએ લોક–પ્રમાણ અસંખ્યપ્રદેશી છે, જ્ઞાયક દૃષ્ટિએ લોકાલોક પ્રમાણ છે. પર્યાયોની દૃષ્ટિએ ક્ષણભંગુર છે, અવિનાશી ચેતનાશક્તિની દૃષ્ટિએ નિત્ય છે. તે જીવ જગતમાં શ્રેષ્ઠ અને સાર પદાર્થ છે, તેના સુખગુણનો મહિમા અપરંપાર અને અદ્‌ભુત છે. ૪૯.

**अर्थ :**—आत्मा निश्चयनय वा द्रव्यदृष्टिसे एकरूप है, गुण-पर्यायोंके भेद अर्थात् व्यहारनयसे अभदरूप है। अस्तित्वकी दृष्टिसे निज क्षेत्रावगाहमें स्थित है, प्रदेशोंकी दृष्टिसे लोक-प्रमाण असंख्यात प्रदेशी है, ज्ञायकदृष्टिसे लोकालोक प्रमाण है। पर्यायोंकी दृष्टिसे क्षणभंगुर है, अविनाशी चेतनाशक्तिकी दृष्टिसे नित्य है। वह जीव जगतमें श्रेष्ठ और सार पदार्थ है, उसके सुखगुणकी महिमा अपरम्पार और अद्‌भुत है।।४९।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

લો આવ્યું, એય! વિનાયક. દુલ્હા પાસે વિનાયક રહેને, એમ આંહીં ભગવાન પાસે વિનાયક ઓલું યંત્ર રહે.

આહાહા! जाकी मौज महिमा.. જુઓ, મોજ નાખીને લીધું તમારે આ... મોજ

કરવા ગયા હતા. નથી કહેતા? ફરવા ગયા હતા. ભાઈબંધો લઈને. બધું હમણાં ઘણું ચાલે છે. છોકરાંને લઈને ફરવા નીકળે. મિત્રો લઈને જોવા નીકળે દેશ આખો. છ-છ હજાર રૂપિયા ખર્ચીને આ લઈને જાય છે ને. શું કહેવાય આને ? દેશો જોવા. (શ્રોતા : પર્યટન) પર્યટન. જુદા જુદા દેશો અને જુદા જુદા જાણીએ તો એમાંથી જ્ઞાન ખીલે. મૂઢતા ખીલે. સમજાણું કાંઈ? દેશ-દેશના ભાત-ભાતના કપડાં ને ભાત-ભાતની ભાષા અને ભાત-ભાતના બંગલા અને ભાત-ભાતના પંખીઓ—પક્ષીઓ. કેટલું જ્ઞાન વધે? ધૂળમાંય નથી, સાંભળને હવે ! એ બધું અજ્ઞાન છે. આહાહા! આ તો આત્માની મૌજ महिमा अपार अदभुत है. કહે છે, એ જેવો આત્મા છે એવું જેણે જાણ્યું અને અનુભવ્યો, એને આ પ્રકારે નયના જ્ઞાન અપેક્ષાએ હોય છે. છતાં એ મોજ અને આનંદની લહેર કરતો હોય છે, કહે છે. આહાહા! એમ કહે છે. સમજાણું કાંઈ?

निहचै दरवद्रिष्टि दीजै तब एक रूप.. વસ્તુ જોઈએ તો એકરૂપ છે ત્રિકાળ. દ્રવ્ય—વસ્તુ—સત્ત્વ—તત્ત્વ—સ્વભાવ—સત્ ત્રિકાળ. એ એકરૂપ છે નિશ્ચયથી. गुन परजाइ भेद भावसौं बहुत है. અનંતા ગુણો અને એની પર્યાયના ભાવથી બહુત છે. અનેક છે, એમ. આમ એક છે, અનેક છે. अनेकतां અને આમ एकता, એમ છે ને અંદર. લોકમાં એમ છે ને. એકદેશથી એક... આહાહા! એકરૂપે પણ છે અને ગુણ-પર્યાયથી અનેકરૂપ પણ છે. આહાહા! આ એનો વૈભવ છે. असंख्य परदेस संजुगत सत्ता परमान.. આમ જોઈએ તો અસંખ્ય પ્રદેશમાં પોતામાં છે. ક્ષેત્રની વાત. પોતાના અસંખ્ય પ્રદેશ ક્ષેત્રમાં છે. એક પરમાણુ જેટલી જગ્યા રોકે એને પ્રદેશ કહીએ. એવું અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્ર છે. એના ક્ષેત્રમાં છે પોતે. असंख्य परदेस संजुगत सहित सत्ता परमान—પોતાની સત્તા પ્રમાણે છે.

ग्यानकी प्रभासौं लोकालोक मानयुत है, લો. જ્ઞાનની અપેક્ષાએ લોકાલોકને જાણે છે એથી સર્વગત પણ કહેવામાં આવે છે. સર્વવ્યાપક કહ્યો, લો, જ્ઞાનની અપેક્ષાએ. ક્ષેત્રની અપેક્ષાએ નહીં? ક્ષેત્ર તો અસંખ્ય પ્રદેશમાં પહોંચે છે, પણ એનું જ્ઞાન લોકાલોકને જાણે છે. ग्यानकी प्रभासौं,.. છેને એમાં ? अस्तित्वकी दृष्टिसे निज क्षेत्रावगाहमें स्थित है, प्रदेशोंकी दृष्टिसे लोक-प्रमाण असंख्यात प्रदेशी है, ज्ञायकदृष्टिसे लोकालोक प्रमाण है. લ્યો, ત્રણ લીધા.

परजै तरंगनिके अंग छिनभंगुर है.. પર્યાયથી જોઈએ તો ક્ષણભંગુર ક્ષણે-ક્ષણે તરંગ ઉઠે છે. આહાહા! પર્યાયના તરંગો ક્ષણે-ક્ષણે નવા નવા ક્રમવર્તી થાય છે. સમજાય છે ? શેમાં ક્ષણભંગુર? એ પર્યાયથી આત્મા ક્ષણભંગુર. લ્યો. શરીર ક્ષણભંગુર, ...

ક્ષણભંગુર, પણ (આ તો) પર્યાયથી આત્મા ક્ષણભંગુર. જે પર્યાય જે ક્ષણે ઉત્પન્ન થઈ તે બીજે સમયે રહેતી નથી. એવો આત્મા પર્યાયથી ક્ષણભંગુર છે. સમજાણું કાંઈ? चेतना सकतिसौं अखंडित अचुत है. પણ ચેતનાશક્તિ ત્રિકાળી જોઈએ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન એનાથી તો તે અચ્યુત–કોઈ દિ' ચ્યુત થયો નથી અને અખંડિત છે, એમ. પર્યાયથી ખંડિત છે, વસ્તુથી અખંડિત છે. આહાહા! ભારે વેદાંતવાળાને તો એવું લાગે આ. આત્મા ક્ષણભંગુર? ભાગો આંહીંથી. અમે તો એવું સાંભળવા આવ્યા હતા કે આ અધ્યાત્મની વાત તો આત્મા અલખ... એમ વાત કરે છે આંહીં. આ તો કહે, આત્મા ક્ષણભંગુર, આત્મા અનિત્ય. નવી પર્યાયનો સંયોગ થાય ને જૂની પર્યાયનો વિયોગ થાય. સમજાણું કાંઈ?

सो है जीव जगत विनायक जगतसार, લ્યો. वह जीव जगतमें श्रेष्ठ और सार पदार्थ है. સર્વોત્કૃષ્ટ પદાર્થ ભગવાન આત્મા અને સાર પણ એ જ છે જગતમાં. આહાહા! ચેતનાશક્તિથી ભરેલો ભંડાર અને પર્યાયમાં ક્રમે ક્રમે (પરિણમતો). આ નિત્ય, આમ અનિત્ય. પ્રદેશે પોતાની સત્તામાં. જ્ઞાનગુણે પરમાં વ્યાપક જાણવાની અપેક્ષાએ.—આવું એનું સ્વરૂપ સ્વતઃ છે. સ્વની સત્તાનું આવું સ્વરૂપ છે, લ્યો. પહેલા કીધું, સર્વગત છે એમ કહેવું એ નયાભાસ છે. 'પ્રવચનસાર'માં કહ્યું કે ભઈ, સર્વગત છે, લે. આ અપેક્ષાએ. આવે છે ને. 'પંચાધ્યાયી'માં આવે છે. એમ આવે છે. સર્વગત કહેવું એ નયાભાસ છે. (વ્યાપક) થતો નથી એટલે. પણ આંહીં કહે છે કે મૂળ જાણવાનો સ્વભાવ એવો છે (કે) બધાયને જાણે, એ અપેક્ષાએ એને સર્વગત પણ એક નયે કહીએ છીએ. સમજાણું કાંઈ? પોતાની સત્તામાં રહ્યા છતાં લોકાલોકને જાણે છે એ અપેક્ષાએ એને પ્રકાશક, વ્યાપક કહીએ છીએ.

सो है जीव जगत विनायक जगतसार, जाकी मौज महिमा अपार अद्‌भुत है. આહાહા! એનો સુખગુણથી મહિમા... મોજ લીધો છે ને. સુખ એટલે આનંદ. જેનો આનંદસાગર ભગવાન આનંદગુણની મહિમા અપરંપાર અને આશ્ચર્યકારી, અચંબાકારી, અદ્‌ભુત છે. આહાહા! એવો આત્મા, એને જેમ છે તેમ જાણીને અનુભવવો, એનું નામ ધર્મ કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૭૫ આસો સુદ ૧૦ ગુરુવાર તા. ૩૦-૯-૧૯૭૧
## સાધ્ય-સાધક દ્વાર પદ ૫૦, ૫૧ ઉપર પ્રવચન (હિન્દી)

આ સમયસાર નાટક. ૧૧મો કળશ છે. નીચે. નીચે. નીચે છેને ૧૧મો.

कषायकलिरेकतः स्खलति शान्तिरस्त्येकतो
भवोपहतिरेकतः स्पृशति मुक्तिरप्येकतः
जगत्त्रितयमेकतः स्फुरति चिच्चकास्त्येकतः
स्वभावमहिमात्मनो विजयतेऽद्भुतादद्भुतः ।।११ ।।

**સમયસાર કળશ અર્થ** :—''आत्मनः स्वभावमहिमा विजयते'' (आत्मनः) જીવદ્રવ્યનો (स्वभावमहिमा) સ્વભાવમહિમા અર્થાત્ સ્વરૂપની મોટપ (विजयते) સર્વથી ઉત્કૃષ્ટ છે. કેવો છે મહિમા? ''अद्‌भुतात् अद्‌भुतः'' આશ્ચર્યથી આશ્ચર્યરૂપ છે. તે શું છે આશ્ચર્ય? ''एकतः कषायकलिः स्खलति'' (एकतः) વિભાવપરિણામશક્તિરૂપ વિચારતાં (कषाय) મોહ-રાગ-દ્વેષનો (कलिः) ઉપદ્રવ થઈને (स्खलति) સ્વરૂપથી ભ્રષ્ટ થઈ પરિણમે છે, એવું પ્રગટ જ છે; ''एकतः शान्तिः अस्ति'' (एकतः) જીવનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં (शान्तिः अस्ति) ચેતનામાત્ર સ્વરૂપ છે, રાગાદિ અશુદ્ધપણું વિદ્યમાન જ નથી. વળી કેવું છે? ''एकतः भवोपहतिः अस्ति'' (एकतः) અનાદિ કર્મસંયોગરૂપ પરિણમેલ છે તેથી (भव) સંસાર—ચતુર્ગતિમાં (उपहतिः) અનેક વાર પરિભ્રમણ (अस्ति) છે; ''एकतः मुक्तिः स्पृशति'' (एकतः) જીવનું શુદ્ધ સ્વરૂપ વિચારતાં (मुक्तिः स्पृशति) જીવવસ્તુ સર્વ કાળ મુક્ત છે એવું અનુભવમાં આવે છે. વળી કેવું છે? ''एकतः जगत्त्रितयम् स्फुरति'' (एकतः) જીવનો સ્વભાવ સ્વ-પરજ્ઞાયક છે એમ વિચારતાં (जगत्) સમસ્ત જ્ઞેયવસ્તુના (त्रितयं) અતીત-અનાગત-વર્તમાનકાળગોચર પર્યાય (स्फुरति) એક સમયમાત્ર કાળમાં જ્ઞાનમાં પ્રતિબિંબરૂપ છે; ''एकतः चित् चकास्ति'' (एकतः) વસ્તુને સ્વરૂપસત્તામાત્ર વિચારતાં (चित्) 'શુદ્ધ જ્ઞાનમાત્ર' (चकास्ति) એમ શોભે છે. ભાવાર્થ આમ છે કે—વ્યવહારમાત્રથી જ્ઞાન સમસ્ત જ્ઞેયને જાણે છે, નિશ્ચયથી જાણતું નથી, પોતાના સ્વરૂપમાત્ર છે, કેમ કે જ્ઞેય સાથે વ્યાપ્ય-વ્યાપકરૂપ નથી. ૧૧.

ગાથા, ચૈતન્યના મહિમાની ગાથા છે. ક્યા કહતે હૈં દેખો. ઉસમેં હૈ ન. પદ-પદ ૫૦.

(સવૈયા એકત્રીસા)

विभाव सकति परनतिसौं विकल दीसै,
सुद्ध चेतना विचारतैं सहज संत है।
करम संजोगसौं कहावै गति जोनि वासी,
निहचै सुरूप सदा मुकत महंत है।।

ज्ञायक सुभाउ धरै लोकालोक परगासी,
सत्ता परवांन सत्ता परगासवंत है।
सो है जीव जानत जहान कौतुक महान,
जाकी कीरति कहां न अनादि अनंत है।।५०।।

**શબ્દાર્થ** :—વિકલ=દુઃખી. સહજ સંત=સ્વાભાવિક શાંત. વાસી=રહેનાર. જહાન=લોક. કીરતિ(કીર્તિ)=યશ. કહાં ન=ક્યાં નથી.

**અર્થ** :—આત્મા વિભાવ-પરિણતિથી દુઃખી દેખાય છે, પણ તેની શુદ્ધ ચૈતન્યશક્તિનો વિચાર કરો તો તે સાહજિક શાંતિમય જ છે. તે કર્મના સંયોગથી ગતિ યોનિનો પ્રવાસી કહેવાય છે, પણ તેનું નિશ્ચય સ્વરૂપ જુઓ તો કર્મબંધનથી મુક્ત પરમેશ્વર જ છે. તેની જ્ઞાયક શક્તિ ઉપર દૃષ્ટિ મૂકો તો તે લોકાલોકનો જ્ઞાતાદૃષ્ટા છે, જે તેના અસ્તિત્વ ઉપર ધ્યાન આપો તો નિજ ક્ષેત્રાવગાહ-પ્રમાણ જ્ઞાનનો પિંડ છે. આવો જીવ જગતનો જ્ઞાતા છે. તેની લીલા વિશાળ છે, તેની કીર્તિ ક્યાં નથી ? અનાદિકાળથી ચાલી આવે છે અને અનંતકાળ સુધી ચાલશે. ૫૦.

**अर्थ** :—आत्मा विभाव परिणतिसे दुःखी होता है, पर उसकी शुद्ध चैतन्य शक्तिका विचार करो तो वह साहजिक शान्तिमय ही है। वह कर्मके संसर्गसे गति योनिका प्रवासी कहलाता है, पर उसका निश्चय स्वरूप देखो तो कर्म-बन्धनसे मुक्त परमेश्वर ही है। उसकी ज्ञायक शक्ति पर दृष्टि डालो तो लोकालोकका ज्ञातादृष्टा है, यदि उसके अस्तित्व पर ध्यान दो तो निज क्षेत्रावगाह-प्रमाण ज्ञानका पिण्ड है। ऐसा जीव जगतका ज्ञाता है, उसकी लीला विशाल है, उसकी कीर्ति कहाँ नहीं है, अनादिकालसे चली आती है और अनंत काल तक चलेगी।।५०।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ક્યા કહતે હૈં? દેખો. विभाव सकति परनतिसौं विकल दीसै.. આત્મા, યહ આત્મવસ્તુ જો હૈ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવને જો આત્મા કહા, આત્મા જિસે વીતરાગને કહા. સાધક જીવ—ધર્મી જીવ યહ આત્મા કૈસા હૈ ઉસે જાનતે હૈં. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ હૈ ઉસકા અનુભવ કરના વહ ધર્મ હૈ. આહા! ધર્મ કોઈ બાહ્ય ક્રિયાકાંડમેં હૈ નહીં. ઉસ ધર્મમેં જાનને(મેં આતા હૈ) અપના શુદ્ધ સ્વરૂપ, (પણ) પર્યાયમેં विभाव सकति परनतिसौं विकल दीसै. પર્યાયમેં દેખે તો વિકાર દિખતા હૈ. પરચીજકા સબંધ યહાં હૈ નહીં. અપના આત્મા એક સમયમેં પૂર્ણ શુદ્ધ આનંદકંદ હૈ ઐસી જબ દૃષ્ટિ હુઈ સમ્યગ્દર્શન—ધર્મકી દશા, તબ પર્યાયમેં વિકાર ભી દિખતા હૈ. યે શુભ-અશુભ જો પરિણામ હોતે હૈં યે વિકાર હૈં, વિભાવ હૈં.

सुद्ध चेतना विचारतैं सहज संत है.. વિકારકી એક સમયકી અવસ્થાસે ભિન્ન દેખો તો सुद्ध चेतना विचारतैं શાંતિ.. શાંતિ.. શાંતિ હૈ. ધર્મીકી બાત ચલતી હૈ ન. ધર્મ કોઈ શરીરસે, મનસે, વચનસે હોતા નહીં, વૈસે ધર્મ કોઈ પુણ્ય-પાપકા પરિણામ ક્રિયાકાંડસે હોતા નહીં. ધર્મ અપને સ્વભાવસે હોતા હૈ. તો અપના સ્વભાવ ચૈતન્યમૂર્તિ, ઉસકી દૃષ્ટિ હોકર અંતરમેં અનુભવ હો કિ આત્મા તો પવિત્ર ઔર આનંદ હૈ, ઐસી દશાવંતકો ધર્મી કહતે હૈં. વહ ધર્મી અપની પર્યાયમેં વિભાવ હૈ યહ ભી જાનતે હૈં... પુણ્ય-પાપકા વિકલ્પ રાગ જો વિકાર હૈ... જબ લગ કેવલજ્ઞાન નહીં તબ લગ સાધકસ્વભાવમેં વિભાવકી પર્યાય ઉત્પન્ન હોતી દિખતી હૈ.

सुद्ध चेतना विचार.. અંતર ચીજ જો દેખે તો અકેલા શાંત અકષાયરસ પડા હૈ આત્મા. આહા! ભારે કામ. વસ્તુ—આત્મા જિસે કહે, આત્મા તો અકષાય આનંદકા રસપિંડ હૈ. યહાં અકષાય બતાના હૈ શાંતમેં. સમજમેં આયા? પર્યાયમેં રાગ દિખતા હૈ ઔર સ્વભાવમેં શાંતિ દિખતી હૈ, યે કહતે હૈં. એક સમયમેં ઐસા હૈ. સમજમેં આયા? શરીરવાલા દિખતા હૈ કિ કર્મવાલા દિખતા હૈ, વહ બાત યહાં હૈ નહીં. એક સમયમેં, જ્ઞાની અપના ત્રિકાલ ચૈતન્ય ભગવાનકા અનુભવ ગહરે ઉતરકર અંતર સ્વભાવકો સ્પર્શ કરતે હૈં તો, કહતે હૈં કિ પર્યાયમેં—અવસ્થામેં ધર્મ હોતા હૈ. વહ ધર્મી અપની પર્યાયમેં વિકાર હૈ ઐસા ભી દેખતે હૈં ઔર ત્રિકાલી શુદ્ધ શાંત હૈ ઐસા ભી દેખતે હૈં. આહાહા! ભારે ધર્મ! વીતરાગનો ધર્મ સૂક્ષ્મ છે. જગતકો ધર્મ ક્યા ચીજ હૈ (ખબર નહીં). ધર્મી ઐસે અપને આત્માકો (દેખતે હૈં). પરકી બાત (નહીં), પર દેખે ન દેખે, યે તો પરચીજ હૈ.

અપના આત્મા નિજસ્વરૂપ અનાદિ-અનંત શાંત અકષાય વીતરાગમૂર્તિ, ધર્મી ઉસે દેખતે હૈં, ચૈતન્યશક્તિકા સત્ત્વ (ઔર) પર્યાયમેં રાગ દેખતે હૈં. સમજમેં આયા? સાધકકી બાત ચલતી હૈ ન, સાધક ધર્મીકી. विभाव सकति परनतिसौं विकल दीसै.. અપને સ્વરૂપસે થોડા ભ્રષ્ટ હોકર પુણ્ય-પાપકી પરિણતિ જો હૈ વિભાવ—દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા આદિ, વહ સબ વિભાવ રાગ હૈ. ઐસે ધર્મી અપની પર્યાયમેં રાગકો દેખતે હૈં ઔર ત્રિકાલમેં અકષાયસ્વભાવ દેખતે હૈં. સમજમેં આયા? સહજ શાંતિ હૈ શાંતિ. ઐસે વિભાવ અશાંતિ હૈ, સ્વભાવ શાંતિ હૈ. આહાહા! સમજમેં આયા?

करम संजोगसौं कहावै गति जोनि वासी.. કર્મકે નિમિત્તસે દેખે તો મનુષ્યગતિ, યહ મનુષ્ય યોનિ આદિ ઉસમેં હૈ ઐસે પર્યાયમેં દિખતા હૈ. ગતિ હૈ, યોનિ હૈ. હૈ પર્યાયમેં, ઐસે દેખતે હૈં. निहचै सुरूप सदा मुकत महंत है.. આહાહા! સમ્યગ્દ્રષ્ટિ ધર્મી(કો) અંતર દેખનેસે... ધર્મ ઉસે હોતા હૈ કિ જિસે અપના આત્મા ત્રિકાલસ્વરૂપ સદા

મુક્ત મહંત દિખતા હૈ. આહા! સમજમેં આયા? પરમેશ્વર, उसका निश्चय स्वरूप देखो तो कर्म बंधनसे मुक्त परमेश्वर ही है. કબ? અભી. યહ આત્મા ભગવાન અંદર સચ્ચિદાનંદસ્વરૂપ શુદ્ધ જ્ઞાન ઔર આનંદ ત્રિકાલીસ્વરૂપ હૈ. વસ્તુ દેખે તો મુક્ત હૈ, સદા મુક્ત હૈ. વસ્તુ કોઈ બંધમેં કિ રાગમેં હૈ નહીં. આહા! સમજમેં આયા?

ક્યા કહતે હૈં? कर्म संयोगसौं દેખે તો ગતિ-યોનિ હૈ. હો પર્યાયમેં. પર નિશ્ચયસ્વરૂપ સદા મુક્ત હૈ. ત્રિકાલ કર્મ ઔર રાગસે મુક્ત હૈ. ઐસી દૃષ્ટિ કરનેસે ત્રિકાલી આત્મા શુદ્ધ દિખતા હૈ. આહાહા! ધર્મીકી બાત ચલતી હૈ. જિસે આત્મા ત્રિકાલ શુદ્ધ અખંડ મુક્ત ઐસી દૃષ્ટિ હુઈ નહીં તો ઉસે ધર્મ હોતા હી નહીં કભી. સમજમેં આયા? બહારની એકલી દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા એ તો શુભ પુણ્યભાવ છે. પાપસે–અશુભસે બચનેકો ઐસી બાત હો. પર વહ વસ્તુ ધર્મ નહીં. આહા! ક્યોંકિ ઐસી બાત તો અનંત બાર કી હૈ. આહાહા! એક સેકન્ડ ભી આત્મા ત્રિકાલ મુક્તસ્વરૂપ હૈ ઐસી દૃષ્ટિ હુઈ તો સમ્યગ્દર્શન હુઆ. સમજમેં આયા? આહા! निहचै सुरूप सदा मुकत महंत है.. પરમેશ્વર હૈ. આહા! કેમ બેસે? મૈં પરમેશ્વર હૂં. જો સિદ્ધ હોતે હૈં તો સિદ્ધકી પર્યાય કહાંસે આતી હૈ? બહારસે આતી હૈ? અંદરમેં ઐસી અનંતી શક્તિયાં પડી હૈં.

ભગવાન આત્મા અવિનાશી આદિ-અંત બિનાકી ચીજ નિત્યાનંદ પ્રભુ... આહાહા! અરે! કભી ઉસને અપને નિત્યાનંદ સ્વભાવ પર દૃષ્ટિ દી નહીં ઔર ઉસ પર દૃષ્ટિ દિયે બિના વાસ્તવિક વિભાવ ક્યા હૈ ઉસકા ભી જ્ઞાન યથાર્થ હુઆ નહીં. સમજમેં આયા? યહાં તો લક્ષમેં ઐસા આયા કિ નિશ્ચયસ્વરૂપ મુક્ત આત્મા ઐસા જબ જ્ઞાન ઔર ભાન હુઆ તબ પર્યાયમેં કર્મકે નિમિત્તસે યોનિ, ગતિરૂપ ભાવ હૈં ઐસા જ્ઞાન કરતે હૈં. સુજાનમલજી! ભારે કામ પણ આવું! આવો ધર્મ ભારે! (શ્રોતા : આનંદકી બાત હૈ). આનંદકી બાત હૈ. આહાહા!

વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ તીર્થંકર પરમાત્માકી વાણીમેં ધર્મકા યહ સ્વરૂપ આયા હૈ. સમજમેં આયા? કિ ધર્મી કિસે કહે કિ જિસકી દૃષ્ટિમેં ત્રિકાલ બંધસે રહિત ત્રિકાલ મુક્તસ્વરૂપ હૈ ઐસી દૃષ્ટિ હુઈ હૈ. તબ ઐસી દૃષ્ટિમેં જ્ઞાન જો હુઆ વહ જ્ઞાન ત્રિકાલકો ભી જાનતા હૈ ઔર વર્તમાનમેં ગતિમેં (મૈં) હૂં, વિભાવ હૈ ઐસા જાનતા હૈ. આહાહા! निहचै सुरूप सदा मुकत महंत.. મુક્ત પરમેશ્વર હૈ. ત્રિકાલ વસ્તુ જો હૈ વસ્તુ, એક સમયકી જ્ઞાનપર્યાયકી સ્થિતિકે બિના વહ તો ત્રિકાલ સાક્ષાત્ પરમેશ્વર હૈ. સમજમેં આયા? ઐસી ધર્મીકી દૃષ્ટિ હો જાતી હૈ ઔર ઐસી દૃષ્ટિ બિના ઉસે ધર્મ કભી હોતા નહીં. ઉસે વિભાવકા જ્ઞાન ભી યથાર્થ નહીં હોતા હૈ, એમ કહતે હૈં. વ્યવહારકા રાગ આતા હૈ ઔર મનુષ્યગતિમેં હૈ ઐસા જ્ઞાન ભી, ત્રિકાલ મુક્તસ્વરૂપ મૈં હૂં ઐસે

અનુભવ બિના પર્યાયકા વિભાવ ઔર ગતિકા યથાર્થ જ્ઞાન હોતા નહીં. સમજમેં આયા? આહા! ભારે કઠણ!

ज्ञायक सुभाउ धरै लोकालोक परगासी.. જાનને-દેખનેકા ઉસકા સ્વભાવ હૈ. જાનન-દેખન ઐસા સ્વભાવ હૈ. ઉસ સ્વભાવસે લોકાલોકકો જાનતે હૈં-દેખતે હૈં. અપની સત્તામેં રહકર, અપને જ્ઞાન-દર્શનમેં રહકર પરકો દેખતે હૈં ઐસા કહના યે એક વ્યવહાર હૈ. સમજમેં આયા? નિશ્ચયમેં યથાર્થ સત્યમેં અપને સ્વભાવમેં હી અપની પર્યાયમેં જો લોકાલોક જાનતે હૈં ઉસ પર્યાયકા અસ્તિત્વ અપનેમેં હૈ. લોકાલોકકો વ્યાપકરૂપ (હોકર) જાનતે નહીં. ક્યા કહા? આહા! અનંતકાલ અનંત અનંતકાલ બીતા. દિગંબર જૈન સંપ્રદાયકા સાધુ અનંતબાર હુઆ. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' અનંતબાર દિગંબર મુનિ હુઆ. નવવીં ગ્રૈવેયક અનંત બાર ગયા. પર યહ આત્મા ચીજ ક્યા હૈ અંદર ઉસકા અનુભવ ઔર સમ્યગ્દર્શન બિના એક ભવ ભી ઉસકા કટા નહીં. સમજમેં આયા? આહા!

જિસમેં ભવ નહીં, ભવકા ભાવ નહીં ઐસી ચીજ.. સુબહમેં આયા થા ન આજ. કલ? ભવનો પરિચય.... ભવ તો ઉસકી એક સમયકી પર્યાયમેં રાગ આદિ દિખતે હૈં. પર્યાય-અવસ્થા. ત્રિકાલ ચીજમેં ભવકા પરિચય હૈ નહીં. અખંડ ત્રિકાલમેં ભવ હૈ નહીં. આહાહા? સમજમેં આયા? ત્રિકાલમેં ભવ હો તો તો વિકારી હો ગયા અંદર. ત્રિકાલી ચીજ જો હૈ યહ તો ત્રિકાલ શુદ્ધ આનંદકંદ હૈ. ઉસમેં ભવ તો નહીં પર ભવકા કારણરૂપ વિકલ્પ ઔર જિસ ભાવસે તીર્થંકરગોત્ર બંધે યે ભાવ ભી ઉસમેં નહીં. સમજમેં આયા? ઐસા જ્ઞાયકસ્વભાવ યહ તો જાનન-દેખન સ્વભાવકી સત્તા રખનેવાલા આત્મા હૈ. ઐસે દેખનેસે વ્યવહારસે લોકાલોકકો જાનતે હૈં, એમ કહનેમેં આતા હૈ.

सत्ता परवांन सत्ता परगासवंत है.. ઐસા હોને પર ભી અપની સત્તામેં રહતા હૈ. લોકાલોકકી સત્તામેં આત્મા જાનને-દેખને જાતા નહીં. આરે, આરે! ભારે ધર્મ મોંઘો! સમજમેં આયા? ભગવાન આત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞને કહા ઐસા આત્મા, યે આત્મા અપની જ્ઞાયક સત્તામેં રહતા હૈ. જ્ઞાયક(સ્વભાવ)સે લોકાલોક જાને ઐસે કહનેમેં આતા હૈ, પર અપની સત્તા છોડકર લોકાલોકમેં વ્યાપતા નહીં. સમજમેં આયા? આહા! આત્મા ક્યા ચીજ હૈ ઉસે જાનનેકી જરૂરત લગી નહીં. સમજમેં આયા? ઐસી ક્રિયા-દયા-વ્રત-તપ યે સબ વિકલ્પ-રાગ હૈ. ઐસે કર કરકે મર ગયા અનંત કાલમેં, પણ આત્માકા પતા આયા નહીં. આત્માકા પતા આયે બિના સમકિતદર્શન હોતા નહીં. ज्ञायक सुभाउ धरै लोकालोक परगासी.. ઐસે દેખો તો લોકાલોકકો જાનતે હૈં. પર લોકાલોકકો

જાનતે હૈં વહ તો અપેક્ષાસે કહા. બાકી सत्ता प्रमाण.. सत्ता परवांन सत्ता परगासवंत है. અપની સત્તામેં પ્રકાશમાન સત્તા વહાં રહી હૈ. યે પ્રકાશસત્તા પરમેં ગઈ હૈ ઐસા નહીં. મૂલચંદભાઈ!

(શ્રોતા : સ્વમાં રહીને જાણે છે). સ્વમાં રહીને પરને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. અપનેકો અપનેમેં રહકર અપની સત્તા પ્રમાણકો જાનતે હૈં. સમજમેં આયા? ધર્મ સૂક્ષ્મ હૈ. સમજમેં આયા? પુણ્યક્રિયા ઉસને કી. પુણ્ય, દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા-તપ યે સબ પુણ્ય હૈ. નવ તત્ત્વમેં પુણ્યતત્ત્વ તો ભિન્ન હૈ. આત્મા ભિન્ન હૈ. આત્માકા ભાન કરકે સંવર-નિર્જરા હો વહ ભી ભિન્ન તત્ત્વ હૈ. આહાહા! તત્ત્વની ખબર નહીં, એમ ને એમ જન્મ ગુમાવે. સમજમેં આયા? સાધુ હોકર ભી.... આત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુકા અનુભવમેં આનંદ આના ચાહિયે. ઐસી ચીજકે ભાન બિના આત્મા પરકો પ્રકાશે ઐસા કહના, યે વ્યવહાર ભી ઉસે લાગુ નહીં હોતા. સમજમેં આયા?

વીતરાગમાર્ગ સારી દુનિયાસે ભિન્ન હૈ. તીર્થંકરકા પંથ—સર્વજ્ઞકા પંથ સારી દુનિયાસે ભિન્ન હૈ. જૈનમેં જન્મે ઉસે ભી ખબર નહીં અભી કિ ક્યા ચીજ હૈ આત્મા. ભગવાન ક્યા કહતે હૈં અને આત્મા કિસે કહના? સમજમેં આયા? ધર્મ કરનેવાલા જિસે ધર્મ કરના હૈ તો કરનેવાલા આત્મા કૈસા હૈ? સમજમેં આયા? ઐસી ખબર બિના ધર્મ કિસમેં હોતા હૈ? પંડિતજી! (શ્રોતા : બડે બડે પંડિત નહીં સમજતે.) નહીં? એમને એમ બિચારા જીવન ચોર્યાશીના અવતાર કરી-કરીને રખડી મર્યા અનંત કાળ. કોઈ શુભભાવ કિયા, પુણ્ય બાંધા, (હુઆ) બંધન ઔર માના કિ હમેં ધર્મ હોતા હૈ. મિથ્યાત્વકા પોષણ કરતે હૈં. જૈન નહીં વહ. સમજમેં આયા?

જૈન તો ઈસે કહતે હૈં, જિસકે અપને સ્વભાવમેં પરિપૂર્ણતા પડી હૈ. ઉસકે આશ્રયસે મિથ્યાત્વકા નાશ હોકર સમકિતકી ઉત્પત્તિ હો, તબ જૈનદશા ઉત્પન્ન હોતી હૈ, તબ જૈન કહનેમેં આતા હૈ. સમજમેં આયા? આહાહા! ભારે! નામ લિખે... થૈલી(કો) ક્યા કહતે હૈં તુમ્હારે? થેલી હૈ ન ઉપર..? (શ્રોતા : કિરાતા) ના, ના. થેલી. કિરાતા તો પછી. એ તો અંદર માલની વાત છે. (શ્રોતા : કોથલા) કોથલા ઉપર લિખે સક્કર ઔર અંદર હૈ કાલી જીરી. અંદર હૈ અફીણ, ઉપર લિખે કિ સક્કર હૈ. ઐસે યહ લિખે કે હમ જૈન હૈં, હમ શ્રાવક હૈં. યહ તો નામ દિયા. વસ્તુ ક્યા હૈ યહ તો ખબર નહીં. સમજમેં આયા?

ચૈતન્યરત્ન ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ, રાગ ઔર વિકલ્પસે રહિત ઐસી પ્રતીતિ અનુભવમેં આયે બિના જૈન હો સકતા હી નહીં. (શ્રોતા : નામ(ધારી) જૈન.)

નામ કહા સક્કર લિખા ઔર કોથલીમેં કિરાતા. થેલી.. થેલી શું કહે તમારે? (શ્રોતા : બોરા) બોરી તો મોટી હોય. કોથલી, કોથલી. .... શું કહે છે? કોથળી, લ્યોને. ઉસમેં ભરા હૈ કિરાતા (ઔર) ઉપર લિખે સક્કર, તો ક્યા કિરાતા મીઠા હો જાતા હૈ? ઐસે હમ જૈન હૈં ઔર હમ તીર્થંકરકો માનતે હૈં ઐસા નામ લો. પર અંદર આત્મા ક્યા ચીજ હૈ ઉસકા તો ભાન નહીં. સમજમેં આયા?

સક્કરરૂપ તો હુઆ નહીં. ભગવાન આત્મા સક્કર આનંદરૂપ હૈ. અતીન્દ્રિય આનંદરૂપ હૈ. ઉસ અતીન્દ્રિય આનંદકે સાથમેં જ્ઞાયકભાવ લોકાલોકકો જાને ઐસા કહનેમેં આતા હૈ. પર હૈ તો અપની સત્તામેં. સમજમેં આયા? જાનનસ્વભાવ ઔર આનંદસ્વભાવ અપની સત્તા અપને અપનેમેં હૈ. યે કોઈ બહાર (જાકર) જાનતા હૈ, ઐસા હૈ નહીં. ઐસી ચીજકી સ્વ અસ્તિ, અપની સત્તાકી અસ્તિ ઐસી હૈ. ઐસી દૃષ્ટિ હૈ નહીં, અંતર્મુખ દૃષ્ટિ હુઈ નહીં ઔર પર્યાયમેં રાગ આદિકી મંદતા કરનેસે ધર્મ હો, ઐસા કભી હોતા નહીં. સમજમેં આયા?

सत्ता परवांन सत्ता परगासवंत है.. એ સત્તા પ્રમાણે કહ્યુંને. નીચે હૈ. यदि इसके अस्तित्व पर ध्यान दो तो निज क्षेत्रावगाह प्रमाण ज्ञानका पिंड है. નિજક્ષેત્ર—અપને ક્ષેત્રમેં આત્મા હૈ, પરકે ક્ષેત્રમેં નહીં. લોકાલોકકો યહાં રહતે હુએ જાનતે હૈં. જાનતે હોને પર ભી અપની સત્તા અપને ક્ષેત્રપ્રમાણસે હૈ. પરકા ક્ષેત્ર જાનતા હૈ ઈસલિયે પરક્ષેત્રમેં ચલા જાતા હૈ ઐસા નહીં. આહાહા! આવું બધું ભારે ! આવું સમજ્યા વિના કરવા માંડે ચાર ગતિ નાશ. ચારગતિ નાશ કરીએ છીએ એમ માને. અમારે ભવભ્રમણ મટશે અને મુક્ત થાશું. ચાર ગતિમાં રખડશે. આહા! સમજમેં આયા? (શ્રોતા : .....) હીરા-માણેકમાં કેટલી દરકાર કરી છે? ખરું છે કે નહીં? ત્યાં ઝવેરાતમાં આમ ને નામું ને ફલાણું ને. જેમાં જેની રુચિ એમાં એ વીર્ય ફોરવ્યા વિના રહે નહીં. જિસમેં જિસકી રુચિ ઉસમેં પુરુષાર્થ કરે બિના રહે નહીં. પુણ્ય-પાપ ઔર બાહ્યકી રુચિ હૈ તો ઉસકા પુરુષાર્થ કરતે હૈં. અપના આત્મા ચીજ ક્યા હૈ ? સચ્ચિદાનંદ પ્રભુ સહજાનંદકી મૂર્તિ અકેલા જ્ઞાનકા પુંજ ઐસી ચીજકી રુચિ નહીં તો ઉસકા પ્રયત્ન ભી કરતે નહીં. સમજમેં આયા?

सो है जीव जानत जहान कौतुक महान, એમ. ऐसा जीव जगतका ज्ञाता है, उसकी लीला विशाल है. કહતે હૈં કિ जाकी कीरति.. આહા! ભગવાન આત્માકી કીર્તિ કહાં ન હૈ, યે કહતે હૈં. કહાં નહીં હૈ? 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. આતા હૈ કિ નહીં? 'चेतनरूप अनूप अमूरति, सिद्धसमान सदा पद मेरौ' 'બનારસીદાસ' 'સમયસાર નાટક' મેં હૈ. 'બનારસીદાસ'ને બનાયા ઉસમેં યહ બાત હૈ પહલી.

चेतनरूप अनूप अमूरति, सिद्धसमान सदा पद मेरौ ।

મૈં તો સિદ્ધસ્વરૂપી ત્રિકાલ હૂં.

मोह महातम आतम अंग, कियौ परसंग महा तम घेरौ।।
ग्यानकला उपजी अब मोहि, कहौं गुन नाटक आगमकेरौ।
जासु प्रसाद सधै शिवमारग, वेगि मिटै भववास बसेरौ।।

સમ્યગ્જ્ઞાનકી કલા મુઝે પ્રગટી હૈ. 'બનારસીદાસ' અપની સાક્ષી કરકે બોલતે હૈં. સમજમેં આયા? ग्यानकला उपजी अब मोहि कहौं गुन नाटक आगमकेरौ। जासु प्रसाद सधै सिवमारग.. શિવ નામ મોક્ષનો માર્ગ. वेगि मिटै भववास बसेरौ.

આ શરીરમાં માંસ, હાડકાં, ચામડાં એમાં રહેવું કલંક છે. અમૃતનો સાગર એ આ હાડકાં અને માંસમાં રહે? આહા! પ્રભુ આત્મા અમૃતકા સાગર હૈ. સુના હી નહીં. અમૃતનો સાગર ક્યાં આવ્યો? કહે. (શ્રોતા : વાસ્તવમેં નહીં સુના). નહીં સુના. આહાહા! ધર્મ કરો.. ધર્મ કરો. ક્યા કરે? કિસમેં કરે? કિસસે હો? કિસમેં હો? ઔર હો તો ક્યા હોતા હૈ? ખબર કાંઈ ન મળે. સમજમેં આયા? યહાં તો ધર્મ કરનેવાલેકો અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ આત્મા ઐસી દૃષ્ટિ હોનેસે પર્યાય—દશામેં આનંદ હોતા હૈ. અતીન્દ્રિય આનંદકા સ્વાદ આયે ઉસકા નામ ધર્મ હૈ. આહાહા! મૂલચંદભાઈ! વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઈન્દ્ર ઔર ગણધરકે સમક્ષ ઐસી દિવ્યધ્વનિ આતી થી ઉનકી. સમજમેં આયા?

કહતે હૈં, जानत जहान कौतुक महान.. આહાહા! યહ તો નિત્ય જગતકા જ્ઞાતા હૈ. ઉસકી લીલા (એટલે) કૌતુક છે ને, મહાન હૈ. ભગવાન ચૈતન્યચમત્કારકી લીલા મહાન હૈ. તીન કાલ તીન લોક જાને ફિર ભી પરમાં પ્રવેશ ન કરે ઔર અપનેમેં જાને. આહા! ઔર અપના જ્ઞાન હુઆ તો અતીન્દ્રિય આનંદ આયા ઐસા મહાન કૌતુક હૈ, કહતે હૈં. આહાહા! અપનેસે આનંદ આયા, પરસે આનંદ હૈ નહીં. કુછ ભી આનંદ પરમેં માનના, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની હૈ, મૂઢ હૈ. જૈન નહીં. સમજમેં આયા? આહાહા! પરમેશ્વર તેરા સ્વરૂપ પરમેશ્વરપના કહતે હૈં. સમજમેં આયા? તો પરમેશ્વરતા કિસકી? અપના જ્ઞાન-દર્શન-આનંદ ઈસકી ઈશ્વરતા ઉસમેં હૈ. કોઈ રાગ ઔર પરકા સ્વામી હૈ ઐસા હૈ નહીં.

जानत जहान कौतुक महान.. આહાહા! ચૈતન્ય ચમત્કારકા કૌતુક—વિસ્મયતા ઉસકી લીલા વિશાલ હૈ. આહા! સમજમેં આયા? जाकी कीरति कहां न.. કહાં ન હૈ,

એમ કહતે હૈં. નીચે પાઠ કર્યો છે. કહાં ન એટલે (ક્યાં નથી.) जाकी कीरति कहां न अनादि अनंत है.. અનાદિ-અનંત હૈ વહ તો. આદિ નહીં, અંત નહીં. ઐસા ભગવાન આત્મા, કહતે હૈં કિ ઈસકી કીર્તિ કહાં નહીં ! તીન લોકમેં કીર્તિ ઉસકી હૈ. સમજમેં આયા? સપ્તમ નરકમેં રહા નારકી અપના આનંદ અંદર વેદતા હૈ સમ્યગ્દષ્ટિ. કીર્તિ કહાં નહીં હૈ, કહતે હૈં. આહા! સમજમેં આયા? સપ્તમ નરકમેં હો કિ સ્વર્ગમેં હો, વ્યંતર-ભવનપતિમેં હો. અરે, ઉસકી સ્ત્રીમેં હો, આહા! શરીર. પર અપની કીર્તિ કહાં નહીં, એમ કહતે હૈં. સમજમેં આયા? અપને આનંદસ્વરૂપકી પ્રતીત અનુભવ કરે તો ઉસ સ્થિતિમેં આનંદ આતા હૈ. કીર્તિ ઉસકી વિશાલ હૈ. આહાહા! જહાં નરકમેં ઈતની પીડા. સમજમેં આયા? આવ્યું હતુંને. 'भवोपहतिरेकतः चिच्चकास्त्येकतः' છેને એમાં? 'भवोपहति'—ભવકી પીડા દિખતી હૈ પર્યાયમેં. એક ઓર દેખો તો ભવકી પીડા રાગ દિખતા હૈ. પર્યાયમેં હોં, વસ્તુમેં તો કુછ હૈ નહીં. આહાહા!

'स्पृशति मुक्तिरप्येकतः' આત્મા દેખો તો અકેલા મુક્તસ્વભાવ સમ્યગ્દ્રષ્ટિકો દિખતા હૈ. આહાહા! સમજમેં આયા? કભી? ત્રિકાલ. મુક્તસ્વરૂપ ભગવાન આત્મા નિરાલી ચીજ હૈ. રાગ ઔર કર્મસે નિરાલી ચીજકો આત્મા કહતે હૈં. વહ તો મુક્તસ્વરૂપ હૈ પરમાત્મા. ઐસી દૃષ્ટિમેં મુક્તસ્વરૂપ જબ આતા હૈ, તબ ઉસકી પર્યાયમેં ધર્મ ઔર આનંદ હોતા હૈ. ધર્મ કહો કે આનંદ કહો. ક્યોંકિ આનંદ ઉસકા ધર્મ હૈ યે પર્યાયમેં આતા હૈ. આહાહા! આ તો બધી નિશ્ચયની વાતું છે, કહે છે. પણ વ્યવહાર? અરે! સુન તો સહી. નિશ્ચય નામ યથાર્થ સત્ય, વ્યવહાર નામ જૂઠી કથનશૈલી. સમજમેં આયા?

અનંત બાર દિગંબર સાધુ હોકર નવવીં ગ્રૈવેયક ગયા. દૃષ્ટિ મિથ્યા કર અપને આનંદકા અનુભવ કિયે બિના ઐસી ક્રિયાસે નવવી ગ્રૈવેયક તો ચલે ગયે. વહ દુઃખ થા. 'લેશ ન સુખ' આવ્યું ને? 'આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' તો ઉસકા અર્થ ક્યા હુઆ? કિ નવવીં ગ્રૈવેયક ગયે, પંચમહાવ્રત પાલે, ૨૮ મૂલગુણ પાલે. તો કહે છે કે લેશ ન સુખ પાયો. તો ઉસકા અર્થ ક્યા હુઆ? કિ પંચમહાવ્રત ઔર ૨૮ મૂલગુણકા રાગ યહ તો દુઃખ હૈ. આહાહા! ગજબ વાત છે. વીતરાગકા માર્ગ તીર્થંકરકા માર્ગ સુના નહીં. ઐસે કે ઐસે ગધામજૂરી કરકે જિંદગી ચલી જાતી હૈ. અમૃતકા સ્વરૂપ ક્યા હૈ ઉસકી ખબર નહીં. આહાહા!

ઉસમેં આયા કિ નહીં વહ નવવી ગ્રૈવેયક? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રીવક ઉપજાયો.' તો નવમી ગ્રૈવેયક જાય કોણ? મુનિ નગ્ન દિગંબર. ૨૮ મૂળગુણ પાલે ઔર ચમડી ઉતારકર ખાર છાંટે (તો પણ) ક્રોધ ન કરે ઐસી ક્રિયા હો, પર આત્મા અંદર

આનંદમૂર્તિકા દર્શન નહીં, ઉસકા ભાન નહીં તો યે દુઃખી હૈ, એમ કહતે હૈં. 'આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' ઉસકા અર્થ ક્યા હુઆ? પંચમહાવ્રત રાગ આદિકી ક્રિયા વહ સુખ નહીં, વહ તો રાગ હૈ, દુઃખ હૈ. બરાબર હૈ? આહાહા! આરે, આ તો એમ માને કે અમે ધર્મ કર્યો. યહાં તો કહા કિ નવવીં ગ્રૈવેયક અનંત બાર ગયા. ફિર ભી આત્માકા સુખ અંશ ભી આયા નહીં. તો ઉસકા અર્થ હુઆ કિ સબ દુઃખ થા. આહાહા! ભારે કઠણ કામ જગતને. તીર્થંકરકા પંથ મિલના, સુનનેકો મિલના કઠિન હો ગયા. આહા! સુનનેમેં ભી દૂસરી ચીજ મિલતી હૈ. શું કહ્યું? (શ્રોતા : સ્પષ્ટ) સ્પષ્ટ. આહાહા!

કહતે હૈં કે જિસમેં આત્માકા આનંદ નહીં વહ સબ પરિણામ દુઃખરૂપ હૈ. સમજમેં આયા? 'આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો.' હવે થોડુંક તો ભઈ, પંચ મહાવ્રત, ૨૮ મૂળગુણ પાળ્યા, થોડુંક-થોડુંક સુખ થશે કે નહીં? થોડી શાંતિ હૈ? અહીં તો ના પાડી. એ તો વિભાવ પરિણતિ છે. શાંતિ અહીંયા ક્યાં હતી? આહાહા! ત્યાં શાંતિ ક્યાં? વહ રાગ હૈ. પરકી દયા, ભગવાનકી પૂજા, ભક્તિ, જાત્રા યે તો શુભ રાગ હૈ, પુણ્ય હૈ. પાપસે બચનેકો યહ આતા હૈ, પર હૈ તો રાગ. ઐસી ક્રિયા અનંત બૈર કી તો આનંદ આયા? નહીં. તો ઉસકા અર્થ હો ગયા કિ યે સ્વયં દુઃખ હૈ. હજી દુઃખતત્ત્વ અને આનંદતત્ત્વની ખબર ન મળે. આહાહા! જો દુઃખતત્ત્વ હૈ ઉસે ધર્મતત્ત્વ માનતે હૈં, સંવરતત્ત્વ માનતે હૈં. સમજમેં આયા? રાગકી વૃત્તિ ઉઠતી હૈ, ઐસા કરૂં, ઐસા કરૂં—યે તો દુઃખ હૈ. ભગવાન આત્મા તો આનંદસ્વરૂપ હૈ.

તો કહતે હૈં, जाकी कीरति कहां न, આહાહા! સપ્તમ નરકમેં સંયોગી પ્રતિકૂલતા અનંતી તો ભી આત્માકી કીર્તિ વહાં પ્રગટ હોતી હૈ. સમજમેં આયા? કીર્તિ કહાં નહીં હૈ? અનાદિકાલસે ચલી આતી હૈ કીર્તિ તો. સમજમેં આયા? ઐસે આત્માકે ગુણકી શક્તિયાં ઉસકા વર્ણન અને શક્તિકા પ્રગટ અનુભવ, અનાદિસે આત્મામેં ચલા આતા હૈ ધર્મી જીવમેં. અજ્ઞાનીકો અપને આત્માકી કીર્તિ પ્રગટ હોતી નહીં. ખબર નહીં (હૈ), કીર્તિ ક્યા હૈ, આત્મા ક્યા હૈ. આત્મા-આત્મા ક્યા કરના? કુછ કરો ન. ક્યા કરો? રાગ કરે રાગ. સમજમેં આયા? આહા!

जाकी कीरति कहां न अनादि अनंत है. ઓહો! સિદ્ધ પ્રસિદ્ધ, આવે છે ને? પ્રસિદ્ધ છે સિદ્ધ તો. યે આત્માકી કીર્તિ અનાદિ અનંત પ્રસિદ્ધ હૈ. અનંત સંતોને ગાયી હૈ, અનંત સંતોને પ્રગટ કી ઔર અનંત સંત પ્રગટ કરેંગે. આહા! પુણ્ય-પાપકી કીર્તિકો યહાં કીર્તિ નહીં કહનેમેં આતી હૈ. સમજમેં આયા? શુભભાવસે સ્વર્ગ મિલે કિ અશુભસે નરક—દોનોં હી ભાવકી કીર્તિ કુછ નહીં. વહ તો નિંદા કરનેલાયક હૈ. આહા! વ્યસની

થઈ ગયો છે. આહા! વ્યસનનો અર્થ જ દુઃખ છે. વ્યસનનો અર્થ દુઃખ છે. વ્યસન એટલે દુઃખ. વ્યસન અર્થાત્ દુઃખ. પુણ્ય-પાપકી ક્રિયા શુભાશુભભાવ યે વ્યસન હૈ, દુઃખ હૈ. ભગવાન દુઃખસે રહિત અતીન્દ્રિય આનંદમય હૈ. સમજમેં આયા? ક્યા ભગવાન? આ (પોતે) ભગવાન હોં. ભગવાન હો ગયે વે હો ગયે ઉનકે. આહા!

'स्वभावमहिमात्मनो विजयते,' એમ છે ને? એનો અર્થ કર્યોને. 'विजयते' એટલે કીર્તિ. 'स्वभावमहिमात्मनो विजयतेऽद्‌भुताद‌द्भुतः' ચોથું પદ છે કળશમાં. એવા સ્વભાવની મહિમા, આહાહા! 'चिच्चकास्त्ये'. યહાં તો ભગવાન એક સેકન્ડકે અસંખ્યવેં ભાગમેં અતીન્દ્રિય અનંત આનંદકી મહિમાવંત પ્રભુ હૈ. જિસમેં અનંત શાંતિ, અનંત જ્ઞાન, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા હૈ—ઐસી અનંત શક્તિકા પિંડ પ્રભુ આત્મા હૈ. ઐસી કીર્તિ કહાં ન હૈ? ઉસકા વિજય કહાં નહીં હૈ? એમ કહતે હૈં. વિજયનો અર્થ કર્યોને, યશકીર્તિ. દેખો, ઉસકા વિજય સબ જગહ હૈ, એમ કહતે હૈં. આહાહા! પુણ્ય-પાપકા ફલ ઔર પુણ્ય-પાપકા વિજય અનાદિસે ચલા આયા હૈ. યે વિજય નહીં, એમ કહતે હૈં. આહાહા! 'विजयतेऽद्‌भुताद्‌भुतः' ભગવાન આનંદમૂર્તિ પ્રભુ જ્ઞાનનો ગાંગડો—જ્ઞાનકી ડલી ઐસી ચીજકી કીર્તિ કહાં ન હૈ ઔર કહાં ઉસકા વિજય નહીં હૈ ? નર્કમેં હો તો ભી ઉસકી વિજય હૈ સમ્યગ્દ્રષ્ટિકો. આહાહા! સમજમેં આયા? 'स्वभावमहिमात्मनो विजयते'

ભગવાન આત્મા પૂર્ણસ્વભાવ પૂર્ણ સ્વ-ભાવ અપના, પુણ્ય-પાપકે રાગસે રહિત ત્રિકાલસ્વભાવ ઉસકા વિજય કહાં નહીં હૈ? ઉસકા વિજય કહાં નહીં હૈ? કિસ ક્ષેત્રમેં નહીં હૈ? કિસ કાલમેં નહીં હૈ? કિસ ભાવમેં નહીં હૈ? એમ કહતે હૈં. ઉસકા હી વિજય હૈ. સમજમેં આયા? 'अदभुताद‌द्भुतः' અપનેસે પ્રત્યક્ષ જાનનેલાયક ચીજકી મહિમા સદા ત્રિકાલ અદ્‌ભુત હૈ. આહાહા! જિસે વિકલ્પ—શુભરાગ યા શુભઉપયોગકી ભી જરૂર નહીં. નિમિત્તકી જરૂર નહીં, શુભરાગકી જરૂર નહીં. એક પર્યાયકા આશ્રય લેનેકી જરૂર નહીં. આહાહા! અદ્‌ભુત! ઐસી અદ્‌ભુત વિજયકીર્તિ ભગવાનકી હો રહી હૈ, કહતે હૈં. જડકી કીર્તિ ઔર જડકા વિજય કભી હુઆ નહીં. અજ્ઞાનીને માના પર ઉસકા વિજય હુઆ નહીં. સમજમેં આયા? ૧૧મા શ્લોકનો અર્થ થયો, લો.

ઓહો! અનાદિ-અનંત. અનંતકાલસે સમ્યગ્દર્શન પ્રગટ કરનેવાલે જીવ હૈં હી. પશુમેં (ભી) હૈ. તિર્યંચ પશુમેં અસંખ્ય સમકિતિ હૈં. આહાહા! કિસ ગતિમેં ઉસકા વિજય નહીં? એમ કહતે હૈં. પશુમેં અસંખ્ય તિર્યંચ સ્વયંભૂરમણ સમુદ્રમેં પડે હૈં. આતમજ્ઞાની પશુ. હજાર-હજાર જોજનકા લંબા શરીર. સ્વયંભૂરમણ સમુદ્ર. ઉસમેં આત્મા અખંડાનંદપ્રભુ હૈ ઐસા અનુભવ કરતે હૈં. તિર્યંચમેં ભી આત્માકા વિજય હૈ, એમ કહતે

હૈં. ગતિકા—રાગકા વિજય નહીં. સમજમેં આયા? આહાહા! ગરીબ અવસ્થા હો, બાહરમેં નિર્ધન હો, રોગી હો. શરીરમેં ૧૬ રોગ હૈં. લો, ન નારકીમેં તો. પર કહતે હૈં કિ વહાં આત્માકા વિજય હૈ. સમજમેં આયા? આત્માકા ભાન કિયા કે યહ આત્મા. મૈં અનાદિ-અનંત આનંદકી મૂર્તિ હૂં. ઐસી કીર્તિ પ્રસિદ્ધ કી તો ઉસકા હી જય હૈ વહાં. સમજમેં આયા? આહાહા! નરકમેં ભી આત્માકા વિજય હૈ. પશુમેં હૈ, મનુષ્યમેં હૈ, દેવમેં ભી હૈ. શક્રેન્દ્રકી રાની શચી ઈન્દ્રાની યહાંસે મિથ્યાત્વ લેકર ગઈ થી સ્વર્ગમેં. સ્ત્રીકા અવતાર તો મિથ્યાત્વમેં મિલે. સમકિતમેં સ્ત્રીકા અવતાર ન મિલે. મિથ્યાત્વ (લેકર) ગઈ પર વહાં કીર્તિ જાગી આત્માકી. સમજમેં આયા? કહાં ન કીર્તિ તેરી? તેરી મહિમા કહાં છુપી હૈ? આહાહા! તેરી મહિમા તો પ્રગટ પ્રત્યક્ષ સામને હૈ. સમજમેં આયા? કહાં ન તેરી કીર્તિ, કહાં ન તેરી પ્રસિદ્ધિ, કહાં ન તેરી શ્લાઘા? તેરી શ્લાઘા કહાં નહીં હૈ? સબ ગતિમેં ઔર અનાદિ-અનંત ચલી આતી હૈ કીર્તિ. આહાહા! સમજમેં આયા?

મનુષ્યપનેમેં ભાન હોતા હૈ. ચારિત્ર ભી મનુષ્યપનેમેં હી હોતા હૈ. તીન ગતિમેં નહીં હોતા. ક્યા હૈ યે ચારિત્ર? સમજમેં આયા? યહાં તો પ્રથમ વસ્તુ કૈસી હૈ ઐસે સ્વભાવકી મહિમાકી બાત પહલી ચલતી હૈ. ઐસા સમ્યગ્દર્શન તો ચારોં હી ગતિમેં ઉત્પન્ન હોતા હૈ. સમ્યગ્દર્શન બિના ચારિત્ર-ફારિત્ર હોતા નહીં. અકેલે વ્રત પાલે યે ચારિત્ર હૈ નહીં. સમજમેં આયા? આત્મા અનુભવમેં આયા મહિમાવંત પ્રભુ. જિસકી એક સમયકી દૃષ્ટિમેં અદભુતાદદ્ભુતં આત્મા અનુભવમેં આતા હૈ, બાદમેં સ્વરૂપમેં લીનતા આનંદમેં કરતે હૈં ઉસકા નામ ચારિત્ર હૈ. સમજમેં આયા? ઐસી 'स्वभावमहिमात्मनो विजयते'—વિજય હૈ. આહા! એ વિજય અદભુતાદદ્ભુતં છે, લ્યો.

હવે ૧૨મો કળશ. ઐસા સાધ્યસ્વરૂપકા ભાન હુઆ તો સાધ્ય ક્યા પ્રાપ્ત હુઆ, યે કહતે હૈં. સાધકમેં અપના આનંદસ્વરૂપ સમ્યગ્દર્શનમેં પ્રગટ હુઆ ઔર બાદમેં સ્વરૂપમેં લીનતા કરતે આનંદમય રહતે હૈં વહ ચારિત્ર. તો ઉસસે સાધ્ય જો સિદ્ધપદ યા કેવલજ્ઞાન પ્રગટ હોતા હૈ. સાધકસે સાધ્યપદ હોતા હૈ. યે સાધ્યપદ કૈસા હૈ યે બાત કહતે હૈં. साध्यस्वरूप केवलज्ञानका वर्णन. આહાહા! ઐસા અંતર ભગવાન આત્મા અમૃતકા સાગર પ્રભુ અકેલા અતીન્દ્રિય આનંદકા અમૃત. ઐસી ચીજકા અનુભવ હુઆ, ઉસકી મહિમા દૃષ્ટિમેં આયી, સ્વરૂપમેં સ્થિરતા કરકે સાધકપનેસે સિદ્ધ—સાધ્યપદ પ્રગટ કિયા. યે સાધ્ય ક્યા હૈ ઉસકા વર્ણન કરતે હૈં. સમજમેં આયા? કળશ ૧૨.

जयति सहजतेजःपुञ्जमज्जत्त्रिलोकी-
स्खलदखिलविकल्पोऽप्येक एव स्वरूपः।

स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलम्भः
प्रसभनियमितार्चिश्चिच्चमत्कार एषः ॥१२॥

**સમયસાર કળશ અર્થ :—**''एषः चिच्चमत्कारः जयति'' અનુભવપ્રત્યક્ષ જ્ઞાનમાત્ર જીવવસ્તુ સર્વ કાળ જયવંત પ્રવર્તો. ભાવાર્થ આમ છે કે સાક્ષાત્ ઉપાદેય છે. કેવી છે? ''सहजतेजःपुञ्जमज्जत्त्रिलोकीस्खलदखिलविकल्पः'' (सहज) દ્રવ્યના સ્વરૂપભૂત (तेजःपुञ्ज) કેવળજ્ઞાનમાં (मज्जत्) જ્ઞેયરૂપે મગ્ન જે (त्रिलोकी) સમસ્ત જ્ઞેયવસ્તુ, તેના કારણે (स्खलत्) ઊપજ્યા છે (अखिलविकल्पः) અનેક પ્રકારના પર્યાયભેદ જેમાં, એવી છે જ્ઞાનમાત્ર જીવવસ્તુ; ''अपि'' તોપણ ''एकः एव स्वरूपः'' એક જ્ઞાનમાત્ર જીવવસ્તુ છે. વળી કેવી છે? ''स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलम्भः'' (स्वरस) ચેતનાસ્વરૂપની (विसर) અનંત શક્તિથી (पूर्ण) સમગ્ર છે, (अच्छिन्न) અનંત કાળ પર્યન્ત શાશ્વત છે,—એવા (तत्त्व) જીવવસ્તુસ્વરૂપની (उपलम्भः) થઈ છે પ્રાપ્તિ જેને, એવી છે. વળી કેવી છે? ''प्रसभनियमितार्चिः'' (प्रसभ) જ્ઞાનાવરણકર્મનો વિનાશ થતાં પ્રગટ થયું છે (नियमित) જેટલું હતું તેટલું (अर्चिः) કેવળજ્ઞાનસ્વરૂપ જેનું, એવી છે. ભાવાર્થ આમ છે કે પરમાત્મા સાક્ષાત્ નિરાવરણ છે. ૧૨.

આહા! एषः (એટલે) આ. ક્યા કહતે હૈં? યહ સાધ્ય-સાધક દ્વાર હૈ. પહલે સાધકભાવ પ્રગટ કિયા. અતીન્દ્રિય આનંદમૂર્તિ મૈં હૂં ઐસા અનુભવ રાગસે પૃથક્ હોકર અપની પરિપૂર્ણતાકા અનુભવ કરકે, પ્રતીત કરકે સ્થિરતા કી ઉસકા નામ સાધક. ઉસકા ફલ-સાધ્ય કેવલજ્ઞાન. ઉસકા ફલ-સાધ્ય કેવલજ્ઞાન. સમજમેં આયા? બીચમેં રાગ આદિ આતા હૈ ઉસકા ફલ કેવલજ્ઞાન નહીં. આહા!

સાધ્યસ્વરૂપ કેવળજ્ઞાનનું વર્ણન (સવૈયા એકત્રીસા)

पंच परकार ग्यानावरनकौ नास करि,
　　प्रगटी प्रसिद्ध जग मांहि जगमगी है।
ज्ञायक प्रभामैं नाना ज्ञेयकी अवस्था धरि,
　　अनेक भई पै एकता रस पगी है॥
याही भांति रहेगी अनंत काल परजंत,
　　अनंत सकति फोरि अनंतसौं लगी है।
नरदेह देवलमैं केवल सरूप सुद्ध,
　　ऐसी ग्यानज्योतिकी सिखा समाधि जगी है॥५१॥

**શબ્દાર્થ :—**ફોરિ=સ્ફુરિત કરીને. દેવલ=મંદિર. સિખા(શિખા)=જ્વાળા. સમાધિ= અનુભવ.

**અર્થ :—**જગતમાં જે જ્ઞાયક જ્યોતિ પાંચ પ્રકારના જ્ઞાનાવરણીય કર્મોનો નાશ કરીને ચમકતી પ્રગટ થઈ છે અને અનેક પ્રકારે જ્ઞેયાકારે પરિણમન કરવા છતાં પણ જે એકરૂપ થઈ રહી છે તે જ્ઞાયકશક્તિ આવી જ રીતે અનંતકાળ સુધી રહેશે અને અનંત વીર્યની સ્ફુરણા કરીને

અક્ષયપદ પ્રાપ્ત કરશે. તે શુદ્ધ કેવળજ્ઞાનરૂપ પ્રભા મનુષ્યદેહરૂપ મંદિરમાં પરમ શાંતિમય પ્રગટ થઈ છે. ૫૧.

**अर्थ :**—जगतमें जो ज्ञायक ज्योति पाँच प्रकारका ज्ञानावरणीय कर्म नष्ट करके चमकती हुई प्रगट हुई है और अनेक प्रकार ज्ञेयाकार परिणमन करनेपर भी जो एकरूप हो रही है वह ज्ञायक शक्ति इसी ही प्रकार अनंतकाल तक रहेगी और अनंत वीर्य स्फुरित करके अक्षयपद प्राप्त करेगी। वह शुद्ध केवलज्ञानरूप प्रभा मनुष्य देहरूप मंदिरमें परम शान्तिमय प्रगट हुई है॥५१॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

યહાં તો નરદેહમેં હી કેવલજ્ઞાન હોતા હૈ, એમ કહતે હૈં.

'બનારસીદાસ'કા પદ હૈ. પહલે બનારસીદાસ વ્યભિચારી થે. આત્મભાન હુઆ તો બાદમેં યહ 'સમયસાર નાટક' બનાયા. સુગમ રાજમલ્લ ટીકા ઉસમેંસે લિયા.

કહતે હૈં કિ जगतमें जो ज्ञायक ज्योति पाँच प्रकारका ज्ञानावरणीय कर्म नष्ट करके चमकती हुई प्रगट हुई है. આહાહા! વાત જ જુદી છે આ સાધકની. ઔર ક્યા આયા સાધકપનેમેં? એમ કહતે હૈં. કિ કેવલજ્ઞાન હુઆ. અંતરમેં આનંદસ્વરૂપકા અનુભવ કરતે કરતે ઉસકે પરિણામરૂપ—ફલરૂપ કેવલજ્ઞાન (હુઆ). કૈસા? पंच परकार ग्यानावरनकौ नास करि.. કેવલજ્ઞાન પ્રગટ હુઆ. ઓહો! જિસમેં તીન કાલ તીન લોક જાનનેકી અપની પરિણતિ—પૂર્ણ જ્ઞાનકી દશા પ્રગટ હુઈ. સમજમેં આયા? આહા! કેવલજ્ઞાન કિસે કહતે હૈં ઉસકા વિવાદ હૈ અભી તો. કેવલજ્ઞાન ઉસે જાને, ઉસે ન જાને. આહાહા!

જાનનસ્વભાવ ત્રિકાલકા આશ્રય લેકર સમ્યગ્દર્શન સાધકભાવ હુઆ. 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ.. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગ.' તીનોંકી દશા પ્રગટ હુઈ અંદરમેંસે ઉસકા ફલ કેવલજ્ઞાન પૂર્ણ તીન કાલ તીન લોક જાને. ભગવાન કિસે ન જાને? ..ज्ञानावरणीय कर्म नष्ट करके चमकती हुई प्रगट हुई है. ચમકતો તેજ. સૂર્યનો તેજ છે એ તો જડનો તેજ છે. આ ચૈતન્યના પ્રકાશના નૂર. ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર. કેવળજ્ઞાન એ ચૈતન્યના સાધકના સ્વભાવનું ફળ. આ તો ત્યાં કેવળજ્ઞાન છે, જાઓ. શું પણ છે? નથી સાધકની ખબર અને સાધકના ફળ તરીકે નિશ્ચય મોક્ષમાર્ગમાં સાધક તરીકેનું ફળ તો સિદ્ધ કેવળજ્ઞાન છે. સમજાણું કાંઈ?

ज्ञायक ज्योति पाँच प्रकारका ज्ञानावरणीय कर्म नष्ट करके चमकती हुई प्रगट हुई है. સૂર્ય ઉગે તો પાછો અસ્ત થાય છે. યહ ચમકતી પ્રગટ હુઈ ઉસકા નાશ કભી હોતા નહીં. ઐસી અવિચલજ્યોતિ કેવલજ્ઞાન, અપના મોક્ષમાર્ગ જો શુદ્ધ આત્માકે

આશ્રયસે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકે ફલરૂપ હુઆ યે કેવલજ્ઞાનકા કભી નાશ હોતા નહીં. ફિરસે અવતાર ધારણ નહીં કરના પડતા ઉસે. આહાહા! ચમકતી હુઈ પ્રગટ હુઈ હૈ. प्रगटी प्रसिद्ध जग मांहि जगमगी है.. अनेक प्रकार ज्ञेयाकार परिणमन करनेपर भी जो एकरूप हो रही है. પીછે હૈ. प्रगटी प्रसिद्ध जग मांहि जगमगी है.. આહાહા! પ્રગટી, અંદરમાં હતી તે પ્રગટી. સમજમેં આયા?

ज्ञायक प्रभामैं नाना ज्ञेयकी अवस्था धरि.. અનેક પ્રકાર જ્ઞેયાકાર પરિણમન કરને પર ભી, લોકાલોક જ્ઞેય હૈ ઉસે જાનને પર ભી એકરૂપ રહી હૈ. અનંતકો જાનને પર ભી અનંત ખંડ નહીં હુએ, એમ કહતે હૈં. ભારે માર્ગ આવો! ..... એ તો નિશ્ચય છે નિશ્ચય. પણ નિશ્ચય એ જ સત્ય છે. પણ આપણે કરવું છેને વ્યવહારને ? ક્યા વ્યવહાર કરે, સાંભળને! વ્યવહાર આતા હૈ બીચમેં જરૂર, પર ઉસસે કોઈ કેવલજ્ઞાન હો, યે નહીં. નિશ્ચય સાધકપનેસે કેવલજ્ઞાન હોતા હૈ. સમજમેં આયા?

अनेक भई पै एकताके रस पगी है.. કેવલજ્ઞાન સાધ્યમેં એક સમયમેં અનંત.. અનંત.. અનંત.. અનંત કેવલી આદિ, અનંત નિગોદ, અનંત પરમાણુ આદિ સબકો જાને. એક સમયકી પર્યાયમેં અનંતકો જાને ફિર ભી અનંત ખંડ નહીં હુએ. એકરૂપ પર્યાય રહી હૈ. આહાહા! સમજમેં આયા? अनेक भई पै एकताके रस.. એકલો રસ. એમ પડી છે. એકરૂપ દશા. કેવલજ્ઞાન અભિન્ન એક સમયકી પર્યાયમેં એકરૂપતા હૈ. અનંતકો જાનતે હુએ ભી એક પર્યાયકા અનંત ખંડ નહીં હુએ. આહાહા! કેવળ, જુઓને હજી તો કેવળજ્ઞાન સમજવું એને કઠણ. એક સમયકા સ્વભાવ કેવલજ્ઞાન અનંત.. અનંત.. અનંત.. અનંત ક્ષેત્ર, અનંત.. અનંત કાલ, અનંત દ્રવ્ય, અનંત ભાવ—ઈતને અપારકો જાને ફિર ભી એકરૂપ રહા હૈ. એકરૂપ (પર્યાય) રહી હૈ. છે ને ? ઉસમેં લિખા હૈ. આહાહા! એકરૂપ હો રહી હૈ. એક મિટકે દો નહીં હુઈ. ઐસી કેવલજ્ઞાનકી પરિણતિકા સ્વભાવ અનંતકો જાનને પર એકરૂપ રહી હૈ. સમજમેં આયા? વિશેષ બાદમેં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૭૬ આસો સુદ ૧૧ શુક્રવાર તા. ૧-૧૦-૧૯૭૧
## સાધ્ય સાધક દ્વાર પદ ૫૧ થી ૫૪ પર પ્રવચન

સાધ્ય અને એનો સાધક. આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ નિત્યાનંદ એના તરફની એકાગ્રતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—એ શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા એ સાધક, મોક્ષના કારણરૂપ એ દશા. ભગવાન પરમાત્મ થવાને તીર્થંકર પરમેશ્વરે કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી જે પરમાત્માની વાણી નીકળી, તો એ કેવળજ્ઞાન એટલે પરમાત્મદશા—અરિહંતદશા—સિદ્ધદશા બધું એક જ છે. એ પ્રાપ્તિ તે સાધ્ય છે. જીવનું કર્તવ્ય ધર્મનું એ છે. અને એના કારણરૂપે સાધકભાવ.. એ આવ્યું છે જુઓ. साध्य स्वरूप केवलज्ञानका वर्णन. છેને ૫૧, ૫૧. ૫૧ પદ છે. ૩૬૧ પાનું. ૩૬૧. ૩૬૧ પાનું. ૫૧ પદ છે. છે હિન્દી.

સાધ્યસ્વરૂપ કેવળજ્ઞાનનું વર્ણન (સવૈયા એકત્રીસા)

पंच परकार ग्यानावरनकौ नास करि,
प्रगटी प्रसिद्ध जग मांहि जगमगी है।
ज्ञायक प्रभामैं नाना ज्ञेयकी अवस्था धरि,
अनेक भई पै एकता रस पगी है।।
याही भांति रहेगी अनंत काल परजंत,
अनंत सकति फोरि अनंतसौं लगी है।
नरदेह देवलमैं केवल सरूप सुद्ध,
ऐसी ग्यानज्योतिकी सिखा समाधि जगी है।।५१।।

**શબ્દાર્થ** :—ફોરિ=સ્ફુરિત કરીને. દેવલ=મંદિર. સિખા(શિખા)=જ્વાળા. સમાધિ= અનુભવ.

**અર્થ** :—જગતમાં જે જ્ઞાયક જ્યોતિ પાંચ પ્રકારના જ્ઞાનાવરણીય કર્મોનો નાશ કરીને ચમકતી પ્રગટ થઈ છે અને અનેક પ્રકારે જ્ઞેયાકારે પરિણમન કરવા છતાં પણ જે એકરૂપ થઈ રહી છે તે જ્ઞાયકશક્તિ આવી જ રીતે અનંતકાળ સુધી રહેશે અને અનંત વીર્યની સ્ફુરણા કરીને અક્ષયપદ પ્રાપ્ત કરશે. તે શુદ્ધ કેવળજ્ઞાનરૂપ પ્રભા મનુષ્યદેહરૂપ મંદિરમાં પરમ શાંતિમય પ્રગટ થઈ છે. ૫૧.

**अर्थ** :—जगतमें जो ज्ञायक ज्योति पाँच प्रकारका ज्ञानावरणीय कर्म नष्ट करके चमकती हुई प्रगट हुई है और अनेक प्रकार ज्ञेयाकार परिणमन करनेपर भी जो एकरूप हो रही है वह ज्ञायक शक्ति इसी ही प्रकार अनंतकाल तक रहेगी और अनंत वीर्य स्फुरित करके अक्षयपद प्राप्त

**करेगी। वह शुद्ध केवलज्ञानरूप प्रभा मनुष्य देहरूप मंदिरमें परम शान्तिमय प्रगट हुई है॥५१॥**

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

હવે એનો અર્થ. આ તો પદ થયું. કે આ આત્મા... આ દેહ છે એ માટીનો પિંડ છે આખો દેહ. એ તો જડ છે પુદ્‌ગલ. એમાં ભગવાન આત્મા ચૈતન્ય આનંદ દેહમંદિરમેં ચૈતન્યસ્વરૂપ બિરાજતે હૈં. એ તો અરૂપી આત્મા છે. અનંત આનંદ-જ્ઞાન-દર્શનની શક્તિનો ભંડાર છે. આહાહા! સમજાય છે કાંઈ? દેહદેવળમાં કેવળ શુદ્ધસ્વરૂપ. શરીર, વાણી, મન આ તો માટી,જડ, અજીવ, પુદ્‌ગલ છે. એનાથી જુદી ચીજ છે. એનાથી જુદી પણ કર્મથી ય જુદી. કારણકે કર્મ જડ છે અને આ તો ભગવાન આત્મા તો અરૂપી છે. એથી જુદી પણ પુણ્ય-પાપના ભાવ(થી જુદી). ઝીણી વાત છે ભાઈ ! તીર્થંકરનો સહજ માર્ગ ઝીણો છે. દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાનો ભાવ એ પુણ્ય છે. હિંસા-જૂઠું-ચોરી-વિષયભોગનો ભાવ એ પાપ છે. પુણ્ય ને પાપના ભાવથી આત્મા ભિન્ન છે. સમજાય છે કાંઈ? એવું જે આત્મતત્ત્વ, નરદેહ—આ મનુષ્યનું માટીનું હાડકું દેહ, એમાં દેવળમાં (બિરાજમાન છે.) છેલ્લી લીટી છે.

नरदेह देवलमैं केवल सरूप सुद्ध.. એ તો શુદ્ધ સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ છે. જે કોઈ અરિહંત અને સિદ્ધ થયા, એ બધી અંદર શક્તિ પડી હતી એમાંથી પ્રગટ થઈ છે, કાંઈ બહારથી આવતી નથી. આહાહા! સમજાય છે કાંઈ? આગળ તો કહેશે કે ક્રિયા જે દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાનો ભાવ એ ક્રિયા છે. આગળ પોતે કહેશે. क्रियासौं उदासी वह.. એમ કહેશે. सो तो मेरे क्रियाकी ममताहीकौ फल है. એ આગળ આવશે ૫૫માં. क्रियासौं उदासी वह. ૫૫માં છે. ઝીણી વાત છે ભગવાન ! આંહીં તો કહે છે કે ચૈતન્યસ્વરૂપ એ જ્ઞાન અને આનંદનો ભંડાર છે. એમાં દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ એ પણ રાગના પરિણામ છે, પુણ્ય પરિણામ છે, એ ધર્મ નહીં. એ ક્રિયાથી પણ ઉદાસ છે ધર્મી. હો, પણ હોવા છતાં એનાથી ઉદાસ છે કે મારી ચીજ નથી. આહાહા!

કહે છે કે नरदेह देवलमैं केवल सरूप सुद्ध.. આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ ऐसी ग्यानज्योतिकी सिखा समाधि जगी है. છેલ્લું પદ છે. છેલ્લો શબ્દ છે ને ૫૧માં. કઈ રીતે? હવે કહે છે, पंच परकार ग्यानावरनकौ नास करि.. જ્ઞાનાવરણીયની પ્રકૃતિ પાંચ છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ—એ પાંચ પ્રકૃતિ જડ છે. પણ એનું લક્ષ છોડી અને ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ અને શાંતિનું સ્વરૂપ છે એવો અંતર અનુભવ કરીને, દૃષ્ટિ કરીને સ્થિર થતાં પાંચ પ્રકારની પ્રકૃતિનો નાશ થાય છે. એ જ્ઞાનાવરણીયનો નાશ થાય ત્યાં. અંતર આનંદ અને જ્ઞાનસ્વરૂપ ચૈતન્યની ઝગમગ

જ્યોતિથી ભરેલું તત્ત્વ આત્મા છે. સમજાય છે કાંઈ? એવા ચૈતન્યસૂર્યમાં એકાગ્ર થઈને, અનુભવ કરીને, કે હું તો પૂર્ણ આનંદ અને શુદ્ધ છું એવી સમ્યક્ દૃષ્ટિ પ્રગટ કરી અને પછી સ્વરૂપમાં સ્થિરતાની રમણતા એનું નામ ચારિત્ર. આંહીં તો હજી ચારિત્ર કોને કહેવું ને સમ્યગ્દર્શન કોને (કહેવું), એની ખબર ન મળે. આ બહાર જે લૂગડાં ફેરવ્યાં, થઈ ગયા ચારિત્ર. સમજાણું કાંઈ? બાપુ! માર્ગ બીજો છે આ તો.

આ તો વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા 'કેવળીપણ્ણંતો ધમ્મં શરણં'. મંગળિકમાં આવે છેને મંગળિક. 'અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં'. આ તો 'કેવળીપણ્ણંતો ધમ્મં મંગલં', ઝીણી વાત છે. ભગવાન તીર્થંકરદેવે એમ કહ્યું કે આ આત્મા જે આનંદ ને જ્ઞાન સ્વભાવ છે એની અંતરમાં દૃષ્ટિ કરીને નિર્વિકલ્પ પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કર. સમજાણું કાંઈ? પછી આંહીં તો છેલ્લી વાત છેને, સ્થિરતા. એમાં રમણતા કર. જ્ઞાનમાં, સ્વરૂપ શુદ્ધ છે એમાં રમણતા, એનાથી પંચ પ્રકારના (જ્ઞાનાવરણીયનો) નાશ કરી... પંચ પ્રકાર જ્ઞાનાવરણીયનો નાશ થાય છે. ભીખાભાઈ! આહાહા!

આ તો સમ્યક્‌નું ભાન ન મળે, સમ્યગ્દર્શન કોને કહેવું અને સમ્યગ્દર્શનનો વિષય-ધ્યેય શું? ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ તીર્થંકરદેવે જે આત્મા કેવળજ્ઞાનમાં જોયો, બધાના આત્મા હોં, આહાહા! એ તો પરમ પવિત્ર આનંદનું ધામ આત્મા છે અત્યારે. એના અંતરમાં દૃષ્ટિ ને સ્થિરતા કરીને સાધકભાવ પ્રગટ કરીને કેવળજ્ઞાન પ્રગટ થાય છે એને સાધ્ય કહેવામાં આવે છે, ત્યારે પાંચ જ્ઞાનાવરણીય પ્રકૃતિનો નાશ થાય છે. સમજાણું કાંઈ?

આ કર્મદહનની પૂજા ને ચાલે છે ને. અંતરાયકર્મની પૂજા ને કર્મદહન ..... (શ્રોતા : અંતરાય કર્મની પૂજા કરાવે તો લાભ થાય). ધૂળેય ન થાય. એ તો શુભભાવ છે. (શ્રોતા : અંતરાય જાય એટલે પૈસાના લાભમાં ઢગલા થાય). ધૂળના ઢગલા એમાં આત્માને (શું)? એય! લોકોની દશા અનાદિની મૂઢ છે. વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ કહે છે કે એ બધી પૂજા-બૂજા બધો શુભભાવ છે. પુણ્ય છે. કર્મ એનાથી નાશ થાય, એ વાત એમાં છે નહીં. (શ્રોતા : અરે, કર્મ નાશ ન થાય તો કાંઈ નહીં. પૈસા તો મળે.) પૈસા ધૂળેય મળતા નથી. એના લીધે પૈસા મળે? એ તો પૂર્વના પુણ્ય હોય તો મળે. એમ હશે કે નહીં?

એનો દીકરો ક્યાં પૂજા-બૂજા કરવા ગયો હતો. એ તો ઢુંઢિયા હતા સ્થાનકવાસી. એને બે કરોડ છે એની પાસે. એની પાસે (છે એની) ના પાડે રામજીભાઈ. એ તો એના

છોકરા પાસે, લ્યોને. એમના દીકરા પાસે બે કરોડ રૂપિયા છે અત્યારે. એટલે આ પોતે રળ્યા નથી, એમ. આણે રળ્યા એમ કહે છે. પણ એ તો પૂર્વના પુણ્ય હતા એનો એ એને દેખાવ થયો કહેવાય. એ પુણ્ય વિના કંઈ પ્રયત્ન કર્યે મળતા હોત તો બુદ્ધિ વિનાના બારદાનને પણ મળે છે. એ તો પૂર્વના પુણ્ય હોય એટલે આવે, દેખાય કે આમાં બે લાખ-દસ લાખ-વીસ લાખ (આવ્યા.) એમાં આત્માને શું? સમજાય છે ? એ પરનું લક્ષ કરે એ તો દુઃખી છે. આહાહા! લક્ષ્મી, આ શરીર, બાયડી, છોકરા, કુટુંબ પરવસ્તુ છે. અને પરવસ્તુ એ જીવ ને અજીવતત્ત્વ ભિન્ન છે. એ ભિન્ન તત્ત્વ મારા એ માન્યતા જ મિથ્યા ને ભ્રમ છે. આહાહા! સમજાણું કાંઈ?

આંહીં કહે છે, આહા ! પૈસા-પૈસાની વાત... પણ એ ભગવાન પોતે જ અનંત લક્ષ્મીનો ભંડાર છે. આહાહા! પણ એ વાત બેસવી જોઈએ અંદર હોં. અનંત-અનંત જ્ઞાન અને આનંદ, શાંતિ અને સ્વચ્છતા, પ્રભુતા—એવી અનંત શક્તિઓનો સાગર એ તો આત્મા છે. એવા આત્માનો અનુભવ કરીને, એવા આત્માની સન્મુખ થઈને જે શાંતિ અને આનંદદશા પ્રગટ થાય એને સાધક કહેવામાં આવે છે. એ ધર્મનો સાધનાર છે. આહાહા! સમજાણું કાંઈ? એમાં એકાગ્ર થઈ... હમણાં એક કાગળમાં આવ્યું હતુંને? એ વાંચ્યુંને આમાં.

દરબાર છે ને, આપણે એક આવે છે ને. ભરવાડા ને શું નામ છે કંઈ? ગરાસિયા એક આવે છે આંહીં લાભ લેવા ઘણીવાર. આપણે વ્યાખ્યાનમાં પણ આવે છે. આમ ઉપજ છે ૨૫ હજારની. છે ગરાસિયા. અત્યારે ૨૫ હજારની ગણતરી શી અત્યારે ? અત્યારે પાંચસે એટલે ૨૫ હજાર. વીસગુણા ભાવ થઈ ગયા બધા. આહાહા! એ પણ ત્યાં ગયા હતા, કહે છે અમદાવાદમાં રામવિજય પાસે સાંભળવા. એ રામવિજયે કીધું હશે કે આ મોક્ષની વિરોધી માયા છે માટે માયા છોડો. ત્યારે આણે કહ્યું કે માયા તો જડ છે. એ જડ વિરોધી કેમ હોય? છેને કાગળ, ક્યાં ગયો? આ કાગળ છે. આજ જ આવ્યો. આજે કાગળ આવ્યો એનો.

મોક્ષ થાય (એ માટે) શું કરવું? જવાબ આપો. ....કો'ક બોલતા સાધારણ કહ્યું. પ્રશ્ન કરેલ (એના જવાબમાં કહ્યું) કે મોક્ષમાં વિરોધ માયા છે. માયા ત્યજો તો મોક્ષ થાય. તો શું કરવું? એમ કંઈ બોલવા માંડ્યા, કો'ક કહે છે. પછી કહ્યું કે માયા તો જડ છે. એય! આમ જવાબ દેનારા મળ્યા ગરાસિયા. માયા તો જડ છે. તે આવરણ મોક્ષમાં કરી જ ન શકે. જડ આત્માને આવરણ કરે? એય! એક ગરાસિયા આવે છે આંહીં. દરબાર છે. (શ્રોતા : ક્લાસમાં હતા) ક્લાસમાં હતા. હા, એ. ઘણા (વરસોથી) આવે છે.

ઘરે આ વાંચન કરે ઘરે બધા ભેગાં થઈને. આ આત્મા શું ચીજ છે, આ શું કહે છે આ? હતા તો બધા (લૌકિક) ઈશ્વરના માનનારા હતા. પણ ઈશ્વર-બિશ્વર કોઈ નથી, માળા સાંભળને. પોતે જ ઈશ્વર છે. આનો કર્તા કોઈ છે નહીં. એમ વાંચે છે.

બિચારાએ જવાબ આપ્યો રામવિજયને કે તમે કહો છો કે માયા વિરોધી મોક્ષની, તો માયા તો જડ છે. એ વિરોધી કેમ હોય ? જુઓ. (હોઇ) ન શકે. ફક્ત જીવની અજ્ઞાનદશા અને જડ-ચેતનનું જુદાનું જ્ઞાન જીવને નથી તે ભૂલના કારણે ભવભ્રમણ છે. મારી નાખ્યા. બહુ સરસ ! આ હમણાં વાત થઈ. આંહીં અમદાવાદમાં છે ને રામવિજય. આજ કાગળ આવ્યો છે. .... કહે, ચાર વાગે આવજો. પછી ચાર વાગે ગયા. કહે, તમે ક્ષત્રિય છો તો તમે આ વસ્તુ ક્યાંથી જાણી? એમ પૂછ્યું. તમે તો ગરાસિયા છો. વાણિયા હોય તો ભઈ, આ જૈન કહેવાય. પણ તમે તો ગરાસિયા છો. આ વસ્તુ ક્યાંથી આવી જાણી? એણે પૂછ્યું. તો કહે, 'સોનગઢ' 'ગુરુદેવ કાનજીમુનિ'ના પ્રવચનથી અને શિક્ષણ શિબિરથી જાણી આ તત્ત્વની વાત, સમજ્યાને. મેં ત્યાં જાણી અને 'મોક્ષમાર્ગપ્રકાશક' અને 'સમયસાર'ના પ્રવચનોમાં એકલું અમૃત ઝરે છે તે અમે રાખીએ.

ત્યારે કહે, દીક્ષા લેજો. છે તો નાની ઉંમર. નહીં? સાઠેક વર્ષ હશે. ગરાસિયા છે. તો તેમણે કહ્યું કે ખરૂં તત્ત્વ જાણ્યા પછી દીક્ષા શોભે. અરે, આતમજ્ઞાન વિના દીક્ષા કેવી? વાત બરાબર હૈ? સમ્યગ્દર્શન, આતમજ્ઞાન વિના આ લૂગડાં પહેરીને સાધુ થઈ ગયા એ સાધુ કેવા ? કહે છે. ગરાસિયો વાત કરે છે આ. હમણાં આજ કાગળ આવ્યો. જાણ્યા પછી દીક્ષા શોભે. માટે આતમતત્ત્વની ગાદી 'સોનગઢ'માં 'ગુરુ કાનજી' શોભાવે છે. સાંભળીને ઓલો ખુશી (થઈ ગયો.) લખ્યું છે હોં. એ સાંભળીને ખુશી થયા. એટલે બીજા સાધુએ કહ્યું કે તમારી વાત તો (સાચી છે.) આ ગરાસિયાને શું કહેવું ગરાસિયાને. આજ કાગળ આવ્યો છે.

આ આત્મા, આ દેહની ક્રિયાથી જુદો. અરે, દયા-દાનના વ્રત ને તપના વિકલ્પનો રાગ છે એનાથી જુદો. એનું અંતર અનુભવ સમ્યગ્દર્શન વિના સાધુપણું ક્યાંથી આવ્યું? એકડા વિનાના મીંડા કોરે કાગળે છે બધા. એય, પંડિતજી ! ઝીણી વાત છે ભાઈ! જગતને ન રુચે તેવી વાત છે. આ તો વીતરાગનો માર્ગ છે આ. આ કંઈ કોઈનો કલ્પેલો નથી. કેવળી પરમાત્માએ (કહ્યું કે) અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો, સ્વર્ગમાં નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો પણ મિથ્યાદૃષ્ટિ આત્મા આનંદસ્વરૂપ એનો અનુભવ કર્યો નહીં. એના અનુભવ વિના બધું થોથાં-થોથાં નીકળ્યા. સમજાણું કાંઈ? પછી ભલે રાજા થાય કે દેવ થાય. એ બધા મિથ્યાદૃષ્ટિ દુઃખી છે. આહાહા!

અહીંયા કહે છે, प्रगटी प्रसिद्ध जग मांहि जगमगी है.. શું કહે છે? कर्म नष्ट करके चमकती हुई प्रगट हुई है, લ્યો. જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ. ભગવાન આત્મા ચૈતન્યના પિંડથી ભરેલો એનો અનુભવ, આનંદના વેદનમાં સ્વસંવેદનથી આગળ વધતાં એને, ચકમકથી જેમ અગ્નિ પ્રગટે એમ આત્મામાં કેવળજ્ઞાન પ્રગટ્યું, કહે છે. સમજાણું કાંઈ? કોઈ રાગ ને ક્રિયાકાંડથી પ્રગટ્યું નથી. એ તો પુણ્યબંધનું કારણ છે. આહાહા!

ज्ञायक प्रभामैं नाना ज्ञेयकी अवस्था धरि.. શું કહે છે? ઓહો! ચૈતન્ય ભગવાન પોતાના અંતર્મુખના અનુભવથી અને અંતર્મુખની ચારિત્રદશાથી પાંચ જ્ઞાનાવરણીય પ્રકૃતિનો નાશ કર્યો, કેવળજ્ઞાન ઝગમગ જ્યોતિ પ્રગટ હુઈ. સમજાણું કાંઈ? ત્યારે જ્ઞાનમાં લોકાલોક જણાણા. ત્રણ કાળ ત્રણ લોક ભગવાન જાણે કેવળજ્ઞાની. કોઈ વાત ગુપ્ત હોય નહીં. ભગવાનથી કોઈ વાત ગુપ્ત ન હોય. એવું જ્ઞાન જેને આત્માના અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર જે વીતરાગી દશા, અંતરના અનુભવની દશા, એ ક્રિયાકાંડથી રહિત આત્માના સ્વભાવની ક્રિયા દ્વારા કેવળજ્ઞાન ઝગમગ જ્યોતિ પ્રગટી. સાધક પણ કહ્યું અને સાધકનું ફળ સાધ્ય પણ કહ્યું. આહાહા!

કહતે हैं कि જ્ઞાયકસ્વભાવमें अनेक प्रकार ज्ञेयाकार परिणमन करनेपर भी जो एकरूप हो रही है... પોતાનું સ્વરૂપ જ્યાં કેવળજ્ઞાન પ્રગટ્યું, ત્રણ કાળ ત્રણ લોક જાણતા છતાં જ્ઞાનની પર્યાય તો એકરૂપ રહી છે. એ જ્ઞાનની પર્યાય ખંડ-ખંડ થઈને અનંત થઈ નથી. અનંતને જાણતાં એકરૂપ રહી છે. આવો ભારે માર્ગ ઝીણો !

સર્વજ્ઞ પરમાત્મા 'સીમંધર' ભગવાન સાક્ષાત્ મહાવિદેહમાં તો બિરાજે છે. વર્તમાન તીર્થંકર બિરાજે છે. ૫૦૦ ધનુષ્યનો દેહ છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. બિરાજે છે હજી. 'મુનિસુવ્રત' ભગવાનના કાળમાં દીક્ષા લીધી હતી. કેવળ પામેલા છે અને હજી આવતી ચોવીસીના તેરમા તીર્થંકર વખતે મોક્ષ જશે. એટલું તો આયુષ્ય છે લાંબુ. કોનું? 'સીમંધર' ભગવાન બિરાજે છે મહાવિદેહમાં એમનું. અત્યારે બિરાજે છે.

આ સામાયિકમાં આજ્ઞા નથી લેતા? 'સીમંધર' ભગવાનની આજ્ઞા લઈને... એમાં આવે છે સ્થાનકવાસીમાં. વીસ તીર્થંકર નથી આવતા? વીસ વિહરમાન ભગવાન. તો વિહરમાન નામ વિચરતા. એ સિદ્ધ થયા નથી. અરિહંતપદે વિચરે છે. આહાહા! મહાવિદેહમાં વિચરે છે અત્યારે. એમને 'મુનિસુવ્રત' ભગવાન જ્યારે આંહીં થયા ત્યારે તો કેવળજ્ઞાન થયું. આહાહા! કરોડ પૂર્વનું આયુષ્ય છે. આવતી ચોવીસીમાં તેરમા તીર્થંકર આંહીં થશે ત્યારે દેહ છૂટીને મોક્ષ થશે. સિદ્ધાણં થશે. અત્યારે 'ણમો અરિહંતાણં'માં છે. પછી થશે 'ણમો સિદ્ધાણં.' સમજાણું કાંઈ?

પણ કહે છે કે એ અરિહંત ભગવાને એમ કહ્યું કે તું મારા સ્વરૂપ, મારી જાતનો જ આત્મા છો. મારા અને તારા આત્મામાં કાંઈ ફેર નથી. આહાહા! જેઠાભાઈ! તું તારા સ્વભાવમાં એકાગ્ર થા. ભાઈ! કરવાનું તો એ છે. આહાહા! વચ્ચે શુભભાવ આવે, પુણ્યભાવ હો, પણ એ બધું હેય છે. હેયબુદ્ધિએ આવે. અને ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ એની દૃષ્ટિપૂર્વક લીનતા એ ઉપાદેય છે. એમાં ખરૂં ઉપાદેય તો ઓલો આત્મા છે. સમજાણું કાંઈ?

नाना ज्ञेयकी अवस्था धरि, अनेक भई पै एकताके रस पगी है.. આહાહા! સાધક સ્વભાવથી સાધ્ય એવું કેવળજ્ઞાન થતાં કેવળજ્ઞાનમાં તો ત્રણ કાળ ત્રણ લોક અનંત આત્મા, અનંત પરમાણુ, અનંત આકાશ, ત્રણ કાળ બધું જણાય. છતાં કહે છે કે અનંત જ્ઞેયને જાણતાં છતાં એ જ્ઞાનની દશા અનંત થઈ નથી, અવસ્થા એક રહી છે. એકમાં અનંત જણાય છે. સમજાણું કાંઈ? આહાહા! આરે, હજી તો કેવળજ્ઞાન કોને કહેવું (એની ખબર નથી.) અરિહંતનું 'કેવળીપણત્તં ધમ્મં સરણં.' કેવળીએ કહેલો ધર્મ એ આત્માના આનંદમાં રમણતા, શાંતિની અતીન્દ્રિય દશા પ્રગટ થવી, એનું નામ કેવળીપણંત્તો ધર્મ છે. સમજાણું કાંઈ?

याही भांति रहेगी अनंत काल परजंत.. વસ્તુ પૂર્ણ જ્ઞાનનો પિંડ એવું તત્ત્વ આત્મા, એનું આત્મજ્ઞાન થયું એનું જ્ઞાન અને એનો અનુભવ, એની સ્થિરતા એનાથી જે કેવળજ્ઞાન થયું એ અનંત કાળ રહેશે. કેટલાક કહે છે ને કે ભઈ, કેવળ મુક્તિ થયા પછી પણ પાછા અવતાર ધારણ કરે. જગતના ભક્તોની ભીડ દેખીને અને રાક્ષસો ને વિરોધીઓનું દુઃખ દેખીને ભગવાન અવતરે. ભગવાન-ભગવાન અવતરે નહીં. સમજાણું કાંઈ? એ તો પૂર્ણ દશા પામ્યા, એ અનંતકાળ એમને એમ રહેશે. એમને અવતાર ને રાગ હોય નહીં. આવે છેને ઓલામાં ગીતામાં કે ભઈ, યદા યદા... બધી વાતું બધી કલ્પનાની. કલ્પનાની વાતો.

ચણો શેકાણો અને શેકાઈને જ્યાં પાકો થયો, હવે ઊગે? કાચો ચણો હોય ત્યાં સુધી એને ચણાનો સ્વાદ સાચો ન આવે. સ્વાદ તૂરો આવે. તૂરો સમજતે હૈં? ચના હોતા હૈ ન ચના.. ચના. કચ્ચા ચના હૈ ઉસકા સ્વાદ તૂરા આતા હૈ. અને વાવે તો ઊગે. શેકે સ્વાદ પલટી જાય. તૂરાકા નાશ હોકર... દાળિયા હોતા હૈ ન. દાળિયા, કહે ન ? ચણા શેકેલા. ઉસકા સ્વાદ મીઠા હો જાતા હૈ. મીઠા સ્વાદ અને વાવે તો ઊગે નહીં. એમ આ આત્મા જ્યાં લગી પુણ્ય ને પાપના રાગ અને શરીર મારું માને ત્યાં સુધી અજ્ઞાની છે એ. એને અજ્ઞાનનો સ્વાદ તૂરો દુઃખનો આવે છે અને જ્યાં ત્યાં એ જન્મ્યા કરે છે. આહાહા!

પણ એકવાર અંદરમાં આત્માના આનંદનો અનુભવ કરી અને અજ્ઞાનને બાળે ને દુઃખનો નાશ કરે તો એને અંતરમાં અનંત આનંદની મીઠાશ પ્રગટ થાય અને એ આનંદની મીઠાશમાં એને ઊગવું હોઈ શકે નહીં. જન્મ-મરણ એને હોય નહીં ને અવતાર એને હોઈ શકે નહીં. શેકેલો ચણો ઊગે નહીં, એમ કેવળજ્ઞાન પામેલા ભગવાન ભવમાં ભ્રમણ કરે નહીં. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાત ભાઈ! એ કહે છે જુઓ. **याही भांति रहेगी अनंत काल परजंत..** આનંદ અને કેવળજ્ઞાન પ્રગટ થયું, અનંત કાળ રહેશે એમ ને એમ. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.'

**अनंत सकति फोरि अनंतसौं लगी है,** લો. **और अनंत वीर्य स्फुरित करके अक्षयपद प्राप्त करेगी.** આત્માનું બળ જે અનંત છે એને આત્મામાં ફોરવીને જેણે અનંત વીર્ય પ્રગટ કર્યું છે. અંતરના સ્વભાવમાં શક્તિરૂપે છે એને પ્રગટ કર્યું છે, એમ કહે છે. આહાહા! અનંત વીર્ય. ભગવાનને પરમાત્માને અનંત જ્ઞાન હોય, અનંત દર્શન હોય, અનંત આનંદ હોય અને અનંત વીર્ય હોય—અનંત ચતુષ્ટય હોય. એ અંદર શક્તિમાં હતા એ પ્રગટ થયાં છે. સમજાણું કાંઈ? આહાહા! અનંત કાળ રહેગા વીર્યને સ્ફૂરીને. **वह शुद्ध केवलज्ञानरूप प्रभा मनुष्य देहरूप मंदिरमें परम शान्तिमय प्रगट हुई है.** આહાહા!

'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન સહિત જો.' એવી દશા પરમાત્મા અરિહંતની હોય છે. એ અરિહંતપણું પામે એ સિદ્ધદશા જ છે હવે. ચાર કર્મ બાકી થોડા રહ્યાં, ટાળીને સિદ્ધ થઈ જવાના. સમજાણું કાંઈ? 'સીમંધર' ભગવાન બિરાજે છે એમને આઠ કર્મમાં ચાર કર્મનો નાશ છે, ચાર કર્મ બાકી છે. પણ છે કેવળજ્ઞાન અને અનંત આનંદમાં. એ ક્રમે એને ટાળશે અને આવતી ચોવીસીમાં (તેરમા તીર્થંકરના કાળમાં) સિદ્ધ થશે.

સિદ્ધ ભગવાનને આઠ કર્મનો અભાવ હોય. અરિહંતને ચારનો અભાવ હોય. આઠ કર્મ છે ને આઠ. અરિહંત ભગવાનને ચારનો અભાવ હોય, સિદ્ધને આઠેયનો અભાવ હોય. એકલો આત્મા રહી જાય. આહાહા! ચૈતન્યના પ્રકાશનું નૂર, આનંદનું પૂર. આહાહા! એનું નામ સિદ્ધ, એનું નામ અરિહંત. સમજાણું કાંઈ? નાશ કરશે એ આઠ કર્મનો. કીધુંને, 'અરિ' આવે છે ને. વેરીને નાશ કરીને, લો. 'ણમો અરિહંતાણં.' એમ આવે છે ને. જેણે આત્માના આનંદ ને અનુભવ દ્વારા કર્મરૂપી વેરીને જેણે નાશ કર્યો છે. એ પહેલું આવ્યું હતું. આહાહા!

**ऐसी ग्यानज्योतिकी सिखा..** ઝળહળ જ્યોતિ ભગવાન આત્મા... જેમ પીપરના દાણામાં લીંડીપીપર.. વહ લીંડીપીપર હોતી હૈ ન. છોટી, નહીં? કાલી. ૬૪ પહરી. વહ

૬૪ પહરી હુઈ કહાંસે? પથરાના ઘસવાથી થઈ? અંદરથી (થઈ.) પથરાના ઘસવાથી હોય તો પથરા કાંકરા ઘસેને ? અંદર (શક્તિ)છે. ૬૪ (પહરી) શક્તિ હૈ તો પ્રગટ હોતી હૈ. એમ આત્મામાં કેવલજ્ઞાન–કેવલદર્શન પ્રગટ શક્તિરૂપ હૈ. હૈ માટે પ્રગટ હોતા હૈ. આહાહા! બરાબર છે? આહાહા! આતમધર્મમાં થોડું થોડું આવે છે. આતા હૈ? ૬૪ પહરીનું કહ્યુંને, ભાઈ. એ આતમધર્મમાં એ ૬૪ પહરનો દાખલો આવ્યો હતો ઘણાં (વખત) પહેલા. એ શુદ્ધ કેવળજ્ઞાન અંદર શક્તિરૂપે હતું એ પ્રગટ કર્યું અંતર્મુખ થઈને. સમજાય છે કાંઈ? આહાહા!

सिखा समाधि जगी.. એની સાથે વીતરાગરૂપી સમાધિ... ઓલા બાવા કરે એ સમાધિ નહીં હોં. આ તો સમાધિ એટલે શાંતિ.. શાંતિ.. શાંતિ. કેવળજ્ઞાની પરમાત્માને અનંત સુખની સમાધિ છે. અનંત સુખમાં બિરાજે છે. એ સાધકભાવથી સાધ્ય થયું છે. આહાહા! અંતરના સ્વભાવને અનુભવમાં લઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દ્વારા રમણતા કરતાં કરતાં એ કેવળજ્ઞાન અને આનંદ થયો. તો આ હજી કહે કે આ બહારની ક્રિયાથી મુક્તિ થાશે. શ્રદ્ધામાં જ મિથ્યાત્વ છે એને. સમજાણું કાંઈ? આહાહા!

હવે અમૃતચંદ્રકળાના તીન અર્થ. આ આની ટીકા કરનારા 'અમૃતચંદ્રાચાર્ય' છે. આ છેલ્લી ગાથાઓ છે ને. મૂળ શ્લોક કરનારા 'કુંદકુંદાચાર્ય' છે. જે બે હજાર વર્ષ પહેલાં મુનિ હતા દિગંબર સંત અહીંયા ભરતક્ષેત્રમાં. ભગવાન પાસે ગયા હતા. 'સીમંધર' પરમાત્મા ત્રિલોકનાથ વર્તમાન બિરાજે છે સદેહે. એ વખતે પણ ત્યાં હતા. એમની પાસે આઠ દિન રહ્યા. સાક્ષાત્ દિવ્યધ્વનિ સાંભળીને અહીં આવ્યા. એમણે આ 'સમયસાર' બનાવ્યું. એની ટીકા 'અમૃતચંદ્રાચાર્યે' કરી. હજાર વર્ષ પછી એક મુનિ થયા. 'અમૃતચંદ્ર' દિગંબર સંત વનવાસી. એની આંહીં વાત ચાલે છે હવે. ૧૩મો કળશ છે નીચે. કળશ છે ને નીચે. સંસ્કૃત છે.

अविचलितचिदात्मन्यात्मनात्मानमात्म-
न्यनवरतनिमग्नं धारयद् ध्वस्तमोहम्।
उदितममृतचन्द्रज्योतिरेतत्समन्ता-
ज्ज्वलतु विमलपूर्णं निःसपत्नस्वभावम्॥१३॥

---

**સમયસાર કળશ અર્થ :**—''एतत् अमृतचन्द्रज्योतिः उदितम्'' (एतत्) પ્રત્યક્ષપણે વિદ્યમાન (अमृतचन्द्रज्योतिः) 'અમૃતચંદ્રજ્યોતિ';—આ પદના બે અર્થ છે. પહેલો અર્થ—(अमृत) મોક્ષરૂપી (चन्द्र) ચંદ્રમાનો (ज्योतिः) પ્રકાશ (उदितम्) પ્રગટ થયો. ભાવાર્થ આમ છે કે શુદ્ધ જીવસ્વરૂપ મોક્ષમાર્ગ એવા અર્થનો પ્રકાશ થયો. બીજો અર્થ આમ છે કે (अमृतचन्द्र) અમૃતચંદ્ર નામ છે ટીકાના કર્તા આચાર્યનું, તેમની (ज्योतिः) બુદ્ધિના પ્રકાશરૂપ (उदितम्) શાસ્ત્ર સંપૂર્ણ થયું. શાસ્ત્રને આશીર્વાદ દેતા થકા કહે છે—''निःसपत्नस्वभावम्

समन्तात् ज्वलतु'' (निःसपत्न) નથી કોઈ શત્રુ જેનો એવા (स्वभावम्) અબાધિત સ્વરૂપે (समन्तात्) સર્વ કાળ સર્વ પ્રકારે (ज्वलतु) પરિપૂર્ણ પ્રતાપસંયુક્ત પ્રકાશમાન હો. કેવું છે? ''विमलपूर्ण'' (विमल) પૂર્વાપર વિરોધરૂપ મળથી રહિત છે તથા (पूर्ण) અર્થથી ગંભીર છે. ''ध्वस्तमोहम्'' (ध्वस्त) મૂળથી ઉખાડી નાખી છે (मोहम्) ભ્રાન્તિ જેણે, એવું છે. ભાવાર્થ આમ છે કે આ શાસ્ત્રમાં શુદ્ધ જીવનું સ્વરૂપ નિઃસંદેહપણે કહ્યું છે. વળી કેવું છે? ''आत्मना आत्मनि आत्मानम् अनवरतनिमग्नं धारयत्'' (आत्मना) જ્ઞાનમાત્ર શુદ્ધ જીવ વડે (आत्मनि) શુદ્ધ જીવમાં (आत्मानम्) શુદ્ધ જીવને (अनवरतनिमग्नं धारयत्) નિરંતર અનુભવગોચર કરતું થકું. કેવો છે આત્મા? ''अविचलितचिदात्मनि'' (अविचलित) સર્વ કાળ એકરૂપ જે (चित्) ચેતના તે જ છે (आत्मनि) સ્વરૂપ જેનું, એવો છે. નાટક સમયસારમાં અમૃતચંદ્રસૂરિએ કહેલો જે સાધ્ય-સાધક ભાવ તે સંપૂર્ણ થયો. નાટક સમયસાર શાસ્ત્ર પૂર્ણ થયું.—આ આશીર્વાદ વચન છે. ૧૩.

---

હવે 'અમૃતચંદ્રઆચાર્ય' આંહીં એનો અર્થ કરે છે.

અમૃતચંદ્ર કળાના ત્રણ અર્થ (સવૈયા એકત્રીસા)

अच्छर अरथमैं मगन रहै सदा काल,
　　महासुख दैवा जैसी सेवा कामगविकी।
अमल अबाधित अलख गुन गावना है,
　　पावना परम सुद्ध भावना है भविकी।।
मिथ्यात तिमिर अपहारा वर्धमान धारा,
　　जैसी उभै जामलौं किरण दीपैं रविकी।
ऐसी है अमृतचंद्र कला त्रिधारूप धरै,
　　अनुभौ दसा गरंथ टीका बुद्धि कविकी।।५२।।

**શબ્દાર્થ** :—કામગવિ=કામધેનુ. અલખ=આત્મા. પાવના=પવિત્ર. અપહારા=નાશ કરનારી. વર્ધમાન=ઉન્નતિરૂપ. ઉભૈ જામ=બે પહોર. ત્રિધારૂપ=ત્રણ પ્રકારની.

**અર્થ** :—અમૃતચંદ્રસ્વામીની ચન્દ્રકળા અનુભવની, ટીકાની અને કવિતાની—એમ ત્રણ રૂપે છે તે સદાકાળ અક્ષર અર્થ અર્થાત્ મોક્ષપદાર્થથી ભરપૂર છે, સેવા કરવાથી કામધેનુ સમાન મહા સુખદાયક છે, એમાં નિર્મળ અને શુદ્ધ પરમાત્માના ગુણસમૂહનું વર્ણન છે. પરમ પવિત્ર છે, નિર્મળ છે અને ભવ્ય જીવોને ચિંતવન કરવા યોગ્ય છે, મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરનાર છે, બપોરના સૂર્ય સમાન ઉન્નતિશીલ છે. પર.

**अर्थ** :—अमृतचंद्र स्वामीकी चंद्रकला अनुभवकी, टीकाकी और कविताकी तीनरूप है सो सदाकाल अक्षर अर्थ अर्थात् मोक्ष पदार्थसे भरपूर है, सेवा करनेसे कामधेनुके समान महा सुखदायक है। इसमें निर्मल और शुद्ध परमात्माके गुणसमूहका वर्णन है, परम पवित्र है, निर्मल है और भव्य जीवोंके चिंतवन करने योग्य है, मिथ्यात्वका अंधकार नष्ट करनेवाली है, दोपहरके सूर्यके समान उन्नतिशील है।।५२।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આ સમયસાર નાટક ઘણા વખતથી ચાલે છે ને આ. હવે કહે છે કે अच्छर अरथमैं मगन रहै सदा काल.. અક્ષર એવો જે અવિનાશી અર્થ એવો જે મોક્ષદશા. अच्छर अरथ—નાશ ન પામે એવો અર્થ—પદાર્થ, મોક્ષપદાર્થ. अच्छर अरथमैं मगन रहै सदा काल.. એમાં આનંદના અનુભવમાં સદાકાળ રહે. આ અમૃતચંદ્ર (શબ્દમાં) ત્યાં અ—મૃત છેને ભાઈ એમાં ? મરે નહીં, એમ કહેવું છે. આત્માના આનંદનો અનુભવ કરી અને જે મોક્ષ થાય, એ મોક્ષમાં તો मगन रहै सदा काल. આ 'અમૃતચંદ્ર'નો અર્થ ચાલે છે. ટીકાકારનું નામ અમૃત છે. 'અમૃતચંદ્ર.' અ—મૃત—મરે નહીં કોઈ દિ'. ટીકાકારનો અર્થ છે. આહાહા! હવે કોઈ દિ' ભવ ધારણ કરે (નહીં.) મરે નહીં. દેહ છૂટે, દેહ જ ક્યાં છે? મોક્ષ થયો તો દેહાતીત એકલું પૂર્ણાનંદ આત્મતત્ત્વ રહ્યું. જરા (શેકાયેલો) ચણો ફરીને ઊગે નહીં, એમ મોક્ષ થયા પછી એને અવતાર હોય નહીં.

अच्छर अरथमैं मगन रहै सदा काल.. અક્ષર અર્થ સદા કાળ. અક્ષર અર્થ એટલે મોક્ષપદાર્થ ભરપૂર છે, એમ લખ્યું છે. મોક્ષપદાર્થસે ભરપૂર હૈ આત્મા. આહાહા! અંતર સ્વભાવ પૂર્ણ શાંતિ ને આનંદથી ભરેલો પદાર્થ; એના અંતરમાં અંતર્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જેણે પ્રગટ કર્યું, એના ફળ તરીકે મોક્ષપદાર્થ પ્રાપ્ત થાય છે. એ મોક્ષપદાર્થ કેવો છે? સદા કાળ મોક્ષપદાર્થથી ભરપૂર છે એ તો. આહાહા! સમજાણું કાંઈ? સિદ્ધદશામાં પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન એ તો ભરપૂર છે.

महासुख दैवा जैसी सेवा कामगविकी.. सेवा करनेसे कामधेनुके समान महा सुखदायक है. કહે છે કે આ શાસ્ત્ર જે છે એનો અનુભવ કરતાં એને મોક્ષ થાય. એમ કહે છે. આ શાસ્ત્રમાં જે કહ્યું છે એ એનો—આત્માનો ભાવ કહ્યો છે એમાં. સમજાણું કાંઈ? આહાહા! 'સાકર' શબ્દ છે. એ શબ્દ 'સાકર' કંઈ સાકર પદાર્થમાં નથી. એમ સાકર પદાર્થમાં શબ્દ નથી અને શબ્દ 'સાકર' એમાં સાકર પદાર્થ નથી. બે જુદી ચીજ છે. એમ આ શબ્દ છે એ 'સમયસાર'. પણ શબ્દમાં કંઈ આત્મા નથી. અંદર ભગવાન આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન.

કહે છે, सेवा करनेसे कामधेनुके समान महा सुखदायक है.. એવો જે આત્મા... શાસ્ત્રની સેવા તો નિમિત્તથી કથન છે, પણ એમણે કહેલો જે ભગવાન આત્મા એની સેવા કરવાથી કામધેનુ સમાન મહાસુખદાયક હૈ. કામધેનુ ગાય એને કહીએ કે માગે ત્યારે દૂધ આપે. કામધેનુ ગાય છે ને. જ્યારે જોઈએ (ત્યારે દૂધ આપે.) આ ચાવાળા સવારે પીએ એમ નહીં, બાર વાગે પીએ તો રાતના બાર વાગે દૂધ આપે. અહીંયા કામધેનુ ગાય હતી

અહીં વઢવાણમાં. કેવા? દાદભા ચુનીલાલભાઈ. એની પાસે કામધેનુ ગાય (હતી.) ગમે ત્યારે જોઈએ, દોહે તો દૂધ આપે. એક શેઠિયા હતા વિસાશ્રીમાળી ત્યાં વઢવાણ.

એમ આ આત્મા કામધેનુ સમાન આનંદનું ધામ છે. આહાહા! જ્યારે એકાગ્રતા થાય ત્યારે આનંદ ઝરે. સમજાણું કાંઈ? એને એમ નહીં કે આ રાતના ૧૨ વાગ્યા છે અને હવે ધ્યાન કરે તો આનંદ આવશે કે નહીં? સદા. આહાહા! એ આનંદનો ધામ અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન છે. સર્વજ્ઞ પરમેશ્વરની પ્રગટ દશા થઈ એવી અહીં શક્તિરૂપે છે. એની સેવા કરવાથી कामधेनुके समान महा सुखदायक है, લો. લ્યો, આ સેવા. પરની સેવા કરવી, કોઈ ધૂળેય કરી શકતું નથી. (શ્રોતા : સેવાભાવી). હા, સેવાધર્મ આ. આ સેવાધર્મ, લ્યો. પરની સેવા કોણ કરે? ધૂળ. શરીરના રજકણ ફાટીને રોગ થાય, કોઈ મટાડી શકે? આ તો જડ છે. આ તો અજીવતત્ત્વ છે. અજીવની પર્યાય અજીવથી થાય. એ પરથી થાય? ઈન્જેક્શન મારે માટે રોગ મટે, એમ છે? એ તો એની પર્યાય સ્વતંત્ર છે. એની પ્રકારે પરિણમવું હોય એમ પરિણમે. એને કોઈ બીજો પરિણમાવી દે જડને (એમ નથી.) જડની ક્રિયાનો કર્તા આત્મા ત્રણ કાળમાં છે નહીં. અરે, રાગનો કર્તા નથી. આંહીં તો એ કહેવું છે ને. રાગનો કર્તા માને તો મિથ્યાદષ્ટિ છે. આહાહા!

આંહીં તો કહે છે, સેવા કરનેસે મહાસુખદાયક... ભગવાન કામધેનુ સમાન છે. (કામધેનુ પાસે) જ્યારે માંગો ત્યારે દૂધ નીકળે, એમ પ્રભુ જ્ઞાનાનંદસ્વભાવ ચૈતન્ય રસકંદ(માં) જ્યારે એકાગ્રતા થાય ત્યારે એને આનંદ આવે. આહાહા! એ આનંદ નથી પૈસામાં, નથી બાયડીમાં, નથી ધૂળમાં, ક્યાંય નથી. મફતનો મૂઢ માનીને (બેસે). આ પૈસા પાંચ કરોડ થયા ને ધૂળ કરોડ થયા. રમેશભાઈ! સુખી છીએ અમે. ધૂળમાંય નથી હવે, સાંભળને! અને આ સુખ તે પરમાં હોય કે સુખ તે આત્મામાં હોય? અનેકાંત કર્યુંને, આત્મામાં સુખ હોય ને પરમાં ન હોય. કે આત્મામાં સુખ હોય, પરમાંય સુખ (હોય) એવો અનેકાંત હશે? આહાહા! ભગવાન તો કહે છે ને, મહાસુખદાયક હૈ. પુણ્ય-પાપના પરિણામ સુખરૂપ નથી. એ દુઃખરૂપ છે. બૈરા ને છોકરાં ને પૈસા ને મોટા હજીરા... હજીરા એટલે આ મકાન. ૧૦-૧૦ લાખના ને ૨૦-૨૦ લાખના. ધૂળેય નથી, કહે છે, મહાસુખ તો આત્મામાં છે. આહાહા!

તમારો છોકરો ત્યાં મોટા બંગલામાં મ્હાલે છે કે નહીં, લ્યો. જઈ આવ્યાને, એનો લ્હાવો લઈ આવ્યા થોડો સ્વીટ્ઝર્લેન્ડ જઈને. ધૂળમાંય નથી. હેરાન થઈ ગયા હેરાન. આહાહા! કૂચે મરે છે. રામજીભાઈએ કહ્યું નહોતું. (સુમન) ભણવા ગયો ભાઈનો સુમનભાઈ. કૂચે મરવા ગયો છે. એમ આય કૂચે મરે છે ન્યાં. કૂચે મરે છે એટલે હેરાન

થઈ જાય છે. આહાહા! એની આત્માની જાત્રા કરને. તને અંદરમાં પડ્યો છે ને પ્રભુ. આહાહા! એના ઉપર, સુખ ઉપર ચડ તો તને સુખ મળશે. આહાહા! બહારની જાત્રા એ તો શુભભાવ.. પાપથી બચવા શુભ પુણ્ય છે. એ કોઈ સંવર-નિર્જરા ને ધર્મ છે, એમ છે નહીં. આહાહા!

અહીંયા કહે છે, મહાસુખદાયક. લ્યો છે ને. दैवा जैसी सेवा कामगविकी.. કામગવિ એટલે કામધેનુ. अमल अबाधित अलख गुन गावना है.. આહાહા! એ ભગવાન આત્મા... इसमें निर्मल और शुद्ध परमात्माके गुणसमूहका वर्णन है આ શાસ્ત્રમાં, એમ કહે છે. આ શાસ્ત્રમાં આત્મા નિર્મળ, શુદ્ધ, પરમાત્મસ્વરૂપ એના ગુણના સમૂહનું વર્ણન છે. આહાહા! આ 'સમયસાર' પરમ પવિત્ર છે. છે ને, अमल अबाधित अलख गुन गावना है, पावना परम सुद्ध भावना है भविकी.. પરમપવિત્ર છે આત્મા, નિર્મળ છે. भव्य जीवोंके चिंतवन करने योग्य है શાસ્ત્ર, એમ કહે છે. આહાહા!

ભવિ નામ લાયક જીવને આ સમયસાર ચિંતવન નામ સમજવા યોગ્ય છે, એમ કહે છે. આવું શાસ્ત્ર અત્યારે અદ્વૈત—ભરતક્ષેત્રમાં અજોડ છે અજોડ શાસ્ત્ર. આહાહા! અરે! ચોર્યાશીના અવતાર કરી કરીને મરી ગયો, એ દુઃખી છે. ઢોરના, કાગડાના, કૂતરાના, આહાહા! જરી ક્યાંક શરીર ઠીક થાય ને લાખ—બે લાખ—પાંચ લાખ મળે ત્યાં અમે બાદશાહ છીએ. ધૂળેય નથી. આ સડી ગયો, સાંભળને હવે. દુઃખમાં સડી ગયો છે. સડી ગયા સમજતે હૈં? (શ્રોતા : ગિર ગયે). ગિર ગયે નહીં. સડ જાતા હૈ. આહાહા! ફોડા હોતા હૈ ન. ઐસા ફોડા હૈ. આહાહા!

पावना परम सुद्ध भावना है भविकी.. ભવ્ય પ્રાણીકો ઐસા સમયસાર ચૈતન્ય ભગવાનકા અનુભવ કરકે પવિત્ર ભાવના ભાકર શુદ્ધ ભાવના ભાના, એમ કહતે હૈં. જુઓ, એમાં પુણ્યની ભાવના, વ્યવહારની ભાવના ભાવવી એમ નથી કહ્યું. વચમાં આવે ખરું. જુઓ, છે? पावना परम सुद्ध भावना है भविकी.. ભવિ પ્રાણીની ભાવના અંતર જ્ઞાન ને આનંદની ભાવના હોય છે. આહાહા! એને પુણ્ય વચ્ચે આવે ખરું. ભક્તિ આદિ હોય છે ને. (શ્રોતા : એમાં ફાવે તો ...) ના, એમ નહીં. છતાં એનું જાણવાનું એનું જ્ઞાન છે બસ, એને આદરવા જેવું નથી. આહાહા!

मिथ्यात तिमिर अपहारा वर्धमान धारा.. આહાહા! મિથ્યાત્વનો અંધકાર નાશ થઈ... આત્માનું આ શાસ્ત્ર સમજે એને મિથ્યાત્વનો નાશ થાય, એમ કહે છે. મિથ્યા નામ ભ્રમણા. આ પરથી મને સુખ થાય, પૈસાથી સુખ થાય, આ પુણ્યના ભાવમાં સુખ થાય, પાપ ભાવમાં ઠીક થાય એવું જે મિથ્યાભ્રમ—મિથ્યાદર્શન શલ્ય, આહાહા! એને નષ્ટ કરવાવાળું (આ શાસ્ત્ર.)

दोपहरके सूर्यके समान उन्नतिशील है. બાર વાગે જેમ બપોરનો સૂર્ય ઊગે, પ્રકાશ.. પ્રકાશ.. પ્રકાશપિંડ. એવો આ સમયસારનું જ્ઞાન કરી, એનો અનુભવ કરી જ્ઞાન પ્રગટ થાય એ સૂર્યની સમાન ઉન્નતિશીલ છે. આગળ વધીને પરમાત્મા થાય એવું આમાં કથન છે, લ્યો. આવું ફરી ફરીને ..... વકીલાત-ફકીલાતમાં કાંઈ નથી, એમ કહે છે આંહીં તો. ગોદા મારીને હેરાન થવાનું છે ન્યાં. વકીલ છે ને એ. એ તો બધું મૂકી દીધું છે હવે. આહાહા! એ કવિના જ્ઞાન ને દાક્તરના જ્ઞાન ને, બધા અજ્ઞાન છે. આહાહા! અજ્ઞાનનો બાપ મોટો છે. ભગવાન આત્માનું જ્ઞાન એ સમ્યક્જ્ઞાન છે. સમજાણું કાંઈ?

'આતમજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય.' 'શ્રીમદ્'માં આવે છે ને. 'શ્રીમદ્ રાજચંદ્ર'માં આવે છે. એ આત્મજ્ઞાન. મુનિ હોય ન્યાં આત્મજ્ઞાન હોય એમ લીધું છે. એય! મુનિ આત્મજ્ઞાન વિનાના હોય નહીં અને આત્મજ્ઞાન ન હોય તે મુનિ છે જ નહીં. એમ કહ્યુંને, આ દરબારે કહ્યુંને. તત્ત્વજ્ઞાન વિના દીક્ષા શોભે નહીં. મીઠી ભાષા કરી. એટલે કે દીક્ષા હોય નહીં ખરેખર. જેને હજી આત્મજ્ઞાન-સમ્યગ્દર્શનના ઠેકાણા નથી, એને દીક્ષા ને ચારિત્ર થઈ ગયા. આ મુંડાવીને બેસાડી દે. આહાહા! (શ્રોતા : એ વખત ગુમાવવાનું છે....) કમાવવું શું? રોટલા મળવાના છે ન્યાંય. એક ઠેકાણે રોટલા આપે. એમાં આત્મા ક્યાં આવ્યો? આહાહા! ભગવાન આત્મા...

'ભરત' ચક્રવર્તી જેવા ગૃહસ્થાશ્રમમાં ૯૬ હજાર સ્ત્રી હતી. છતાં આનંદમાં મ્હાલતા ગૃહસ્થાશ્રમમાં અંદર આત્માના આનંદમાં. આહા! (શ્રોતા : ભગવાનના દીકરા હતા). ભગવાનના દીકરા તો બીજા ઓલો મરિચિય હતો એક. ભરતનો (દીકરો), લ્યો. મરિચિ એક નહોતો? મિથ્યાદૃષ્ટિ. ભગવાનના વખતમાં, 'ઋષભદેવ' ભગવાનના વખતમાં ભરતના મરિચિકુમારે બીજો મત કાઢ્યો. ભગવાન બિરાજતા અને ભવિષ્યમાં તીર્થંકર થવાના. ૨૪મા તીર્થંકર 'મહાવીર' ભગવાન-મરિચિકુમાર. આવે છે ને. ઊંધો પંથ કાઢ્યો, ઊંધો પરિણમ્યો. વીતરાગમાર્ગ છોડી દઈને એણે બીજો માર્ગ કાઢ્યો સાંખ્યમતિનો કાંઈક. દીકરો શું કરે? આહાહા! સમજાણું કાંઈ? ભરત ચક્રવર્તીનો પુત્ર.

ऐसी है अमृतचन्द्र कला त्रिधारूप धरै.. એ અનુભવ-દશા, ગ્રંથ ટીકા અને બુદ્ધિ- ત્રણેય. છે ને અંદર. अमृतचंद्र स्वामीकी चंद्रकला अनुभवकी, टीकाकी और कविताकी तीनरूप है. 'અમૃતચંદ્ર'ની કળા. અનુભવની કળા આત્મજ્ઞાન આનંદની, ટીકાની-એમણે ટીકા બનાવી એની અને એની કવિતા બનાવી એમાં. આ કળશ બનાવ્યાને. 'સમયસાર' ગ્રંથ અલૌકિક હૈ. અલૌકિક. અદ્વૈત આવ્યુંને. અદ્વૈતચક્ષુ.

(દોહરા)

नाम साध्य साधक कह्यौ, द्वार द्वादसम ठीक।
समयसार नाटक सकल, पूरन भयौ सटीक।।५३।।

**અર્થ** :—સાધ્ય-સાધક નામના બારમા અધિકારનું વર્ણન કર્યું અને શ્રી અમૃતચંદ્રાચાર્ય કૃત સમયસારજી સમાપ્ત થયું. ૫૩.

**अर्थ** :—साध्य-साधक नामक बारहवाँ अधिकार वर्णन किया और श्री अमृतचंद्राचार्य कृत समयसारजी समाप्त हुए।।५३।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

સાધ્ય નામ પરમાત્માનું પદ પ્રાપ્ત કરવું, એ જીવને સાધ્ય છે. પૈસાવાળું થવું ને દુનિયામાં આબરૂવાળું થવું, એ એનું સાધ્ય નથી. એ પાપનું સાધ્ય છે. આહાહા! આ તમારે છોકરાંને તો કાંઈ છે નહીં તોય નવરો થાતો નથી, લ્યો. એકની એક દીકરી છે એ તો પરણાવી દીધી છે. વળી આ શું હશે આ બધામાં મોહ ? (શ્રોતા : મોહ રાગ) મોહ. આહાહા! અરે! કરવાનું તો આ છે મનુષ્યદેહમાં. એને ઠેકાણે ક્યાંક ઊતરી ગયો કરવા માળો. આ સરખાઈ કરું ને આ સરખાઈ કરું ને આ સરખાઈ. બહારની સરખાઈ તો પુણ્ય-પાપને લઈને હોય. પુણ્યને લઈને બહારની અનુકૂળતા, પાપને લઈને પ્રતિકૂળતા. સમજાણું કાંઈ? આ તો પુણ્ય-પાપના ભાવ વિનાની અનુકૂળતા આત્મામાં છે. વીતરાગ પરમાત્માએ એમ ફરમાવ્યું છે. આહાહા! ભાઈ! તું આનંદ છોને નાથ ! આહાહા! તારી તુલના કરે એવું તત્ત્વ જગતમાં તું જ છો. અને બીજો આત્મા સિદ્ધ (સાથે) તારી તુલના કરે એવી પણ કોઈ બીજી ચીજ નથી. આહાહા!

કહે છે, સાધ્ય નામ પૂર્ણ પરમાત્મા. સાધક નામ ચોથા ગુણસ્થાનથી લઈને બારમા સુધી. એ અધિકાર કહ્યો. ચોથે ગુણસ્થાનથી ધર્મનો સાધક થાય છે. અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ. ત્યારથી આત્માની દૃષ્ટિ અનુભવની થઈ. રાગ ને પુણ્ય એ ચીજ મારી નહીં. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ મારો નહીં, એ પણ રાગ છે. રાગથી બંધન પડે. કાંઈ ધર્મથી બંધન પડે? રાગથી પડે. તીર્થંકરગોત્ર બાંધે એ ભાવના રાગ છે. આહાહા! આકરું કામ છે. સમજાણું કાંઈ? હો ભલે, પણ એ કાંઈ સાધકપણામાં મદદ કરનાર નથી. આહાહા!

(શ્રોતા : ખાતરી થઈને). ખાતરી એનાથી થઈ છે? એ તો અનુભવથી થઈ છે. પોતાના આત્માથી થઈ છે કે, ઓહો ! (શ્રોતા : આત્માની ખાતરી...) એ એને લઈને થઈ

નથી, એ આત્માને લઈને થઈ છે. કે હું અલ્પકાળમાં મુક્તિ પામવાનો છું. એ આત્માના (જ્ઞાનના) કારણે થઈ છે. (શ્રોતા : એ અલ્પસાધન છે. આ નિશ્ચય.....) ના, ના. નિશ્ચયે એનાથી થઈ છે, પ્રકૃતિને લઈને નહીં. સમજાણું કાંઈ? આત્માની આ વાત જ કે, આવો આત્મા છે કે જે અખંડ, ભવ વિનાનો છે અને પુણ્ય-પાપના ભાવ વિનાનો છે. એની મુક્તની દૃષ્ટિ થઈ એટલે મુક્તિ થઈ ગઈ દૃષ્ટિમાં તો. આહાહા!

એ મુક્તિએ એને ભણકાર આપ્યો કે આ અલ્પકાળમાં દશામાં મુક્તિ આવશે. કારણકે આખો કેવળજ્ઞાનનો કંદ પકડ્યો છે અનુભવમાં એટલે કેવળજ્ઞાન થયા વિના રહેશે નહીં. એને કેવળજ્ઞાનનીય ઇચ્છા હોતી નથી સમકિતીને. છતાં એક ન્યાયે અભિલાષા, પરમાત્મપદ પૂર્ણ થાય એવી ભાવના હોય છે ભાવના. સમજાણું કાંઈ? પણ એ આવ્યા વિના રહેવાનો નથીને. અંદર ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ અને કેવળજ્ઞાનનો કંદ પકડ્યો, આખા ખજાનાને ખોલી નાખ્યો. એને કેવળજ્ઞાન થયા વિના છૂટકો નથી.

'શ્રીમદ્'માં આવે છેને એક. 'શ્રીમદ્'માં આવે છે. સમકિત કહે છે કે જુઓ મને પકડ્યા પછી કેવળજ્ઞાન દીધા વિના રહીશ નહીં હું. માટે કેવળજ્ઞાન ન જોઈતું હોય તો મને પકડીશ નહીં. કેવળજ્ઞાન આવશે, આવશે ને આવશે. જેણે આત્માનો અનુભવ પળમાં કરીને સમ્યગ્દર્શન કર્યું, એને કેવળજ્ઞાન થવાનું, થવાનું ને થવાનું. બીજ ઊગી એ ચંદ્રમા (પૂર્ણ) થવાનો. બીજ ઊગી એ પાછી અમાસ થઈ જાય (એમ ન બને). સમજાણું કાંઈ? આહાહા! જુઓને, આત્માની લહેર તો જુઓ, કહે છે. આહાહા!

આ ૧૨મો અધિકાર કહ્યો. नाम साध्य साधक कह्यौ.. આનું નામ સાધ્ય-સાધક (અધિકાર) નામ છે. द्वार द्वादसम.. ૧૨મો અધિકાર આ. જીવ-અજીવ, કર્તા, કર્મ, પુણ્ય, પાપ કરતાં કરતાં બારમો અધિકાર. समयसार नाटक सकल, पूरन भयौ सटीक.. એ ટીકા થઈ એ પૂર્ણ થયો, એમ કહે છે. સમજાણું કાંઈ? ગ્રંથકે અંતમેં ગ્રંથકારકી આલોચના.

ગ્રંથના અંતમાં ગ્રંથકારની આલોચના (દોહરા)

अब कवि निज पूरब दसा, कहैं आपसौं आप।
सहज हरख मनमैं धरै, करै न पश्चाताप॥५४॥

**અર્થ** :—સ્વરૂપનું જ્ઞાન થવાથી પ્રસન્નતા પ્રગટ થઈ છે અને સંતાપનો અભાવ થયો છે તેથી હવે કાવ્યકર્તા પોતે જ પોતાની પૂર્વદશાની આલોચના કરે છે. ૫૪.

**अर्थ** :—स्वरूपका ज्ञान होनेसे प्रसन्नता प्रगट हुई और संतापका अभाव हुआ है इसलिये

अब काव्यकर्ता स्वयं ही अपनी पूर्वदशाकी आलोचना करते हैं।।५४।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

'બનારસીદાસ'. આહાહા! स्वरूपका ज्ञान होनेसे प्रसन्नता प्रगट हुई. રાગ-દ્વેષની એકતામાં તો દુઃખદાયી દશા હતી. આહાહા! ભગવાન.. રાગ અને દ્વેષથી ભિન્ન પડીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું ત્યાં સ્વરૂપનું જ્ઞાન, પ્રસન્નતા પ્રગટ થઈ. આનંદ આવ્યો. આહાહા! સમજાણું કાંઈ? संतापका अभाव हुआ है.. અસ્તિ તરીકે સુખ પ્રગટ્યું. નાસ્તિ તરીકે સંતાપ—દુઃખનો નાશ થયો. આહા! અંધારાનો નાશ અને પ્રકાશની ઉત્પત્તિ. એમ આત્માના સ્વરૂપનું જ્ઞાન થતાં પ્રસન્નતા—આનંદ પ્રગટ્યો અને સંસારના દુઃખનો અભાવ થયો. આહાહા! इसलिये अब काव्यकर्ता स्वयं ही अपनी पूर्वदशाकी आलोचना करते हैं. પૂર્વદશાને જાણે છે, વિચારે છે, આલોચે છે. એમ ઓલાનો અર્થ કર્યો છે, પોતાને નાખીને. નાખ્યો સ્વભાવ. જીવ આવો હતો એ. અદ્વૈત ને અચક્ષુ.

यस्माद् द्वैतमभूत्पुरा स्वपरयोर्भूतं यतोऽत्रान्तरं
रागद्वेषपरिग्रहे सति यतो जातं क्रियाकारकैः।
भुञ्जाना च यतोऽनुभूतिरखिलं खिन्ना क्रियायाः फलं
तद्विज्ञानघनौघमग्नमधुना किञ्चिन्न किञ्चित्किल।।१४।।

---

**સમયસાર કળશ અર્થ :**—''किल तत् किञ्चित् अखिलं क्रियायाः फलं अधुना तत् विज्ञानघनौघमग्नम् खिन्ना न किञ्चित्'' (किल) નિશ્ચયથી (तत्) જેનો અવગુણ કહીશું એવો જે, (किञ्चित् अखिलं क्रियायाः फलं) કોઈ એક પર્યાયાર્થિક નયથી મિથ્યાદૃષ્ટિ જીવને અનાદિ કાળથી નાના પ્રકારની ભોગ સામગ્રીને ભોગવતાં મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ પરિણતિના કારણે, કર્મનો બંધ અનાદિ કાળથી થતો હતો તે (अधुना) સમ્યક્ત્વની ઉત્પત્તિથી માંડીને (तत् विज्ञानघनौघमग्नम्) શુદ્ધ જીવસ્વરૂપના અનુભવમાં સમાયો થકો (खिन्ना) મટી ગયો; તે (न किञ्चित्) મટતાં કાંઈ છે જ નહિ; જે હતું તે રહ્યું. કેવું હતું ક્રિયાનું ફળ? ''यस्मात् स्वपरयोः पुरा द्वैतम् अभूत्'' (यस्मात्) જે ક્રિયાના ફળના કારણે (स्वपरयोः) 'આ આત્મસ્વરૂપ, આ પરસ્વરૂપ' એવું (पुरा) અનાદિ કાળથી (द्वैतम् अभूत्) દ્વિવિધાપણું થયું. ભાવાર્થ આમ છે કે મોહ-રાગ-દ્વેષ સ્વચેતનાપરિણતિ જીવની—એમ માન્યું. વળી ક્રિયાફળથી શું થયું? ''यतः अत्र अन्तरं भूतं'' (यतः) જે ક્રિયાફળના કારણે (अत्र) શુદ્ધ જીવવસ્તુના સ્વરૂપમાં (अन्तरं भूतं) અંતરાય થયો. ભાવાર્થ આમ છે કે જીવનું સ્વરૂપ તો અનંતચતુષ્ટયરૂપ છે; અનાદિથી માંડીને અનંત કાળ ગયો, જીવ પોતાના સ્વરૂપને ન પામ્યો, ચતુર્ગતિસંસારનું દુઃખ પામ્યો; તે પણ ક્રિયાના ફળના કારણે. વળી ક્રિયાફળથી શું થયું? ''यतः रागद्वेषपरिग्रहे सति क्रियाकारकैः जातं'' (यतः) જે ક્રિયાના ફળથી (रागद्वेष) અશુદ્ધ પરિણતિરૂપ (परिग्रहे) પરિણામ થયા, એમ (सति) થતાં (क्रियाकारकैः जातं) 'જીવ રાગાદિ પરિણામોનો કર્તા છે તથા ભોક્તા છે' ઈત્યાદિ જેટલા વિકલ્પો ઊપજ્યા તેટલા ક્રિયાના ફળથી ઊપજ્યા. વળી ક્રિયાના ફળના કારણે શું થયું? ''यतः अनुभूतिः भुञ्जाना'' (यतः) જે ક્રિયાના ફળના કારણે (अनुभूतिः) આઠ કર્મોના ઉદયનો સ્વાદ (भुञ्जाना) ભોગવ્યો. ભાવાર્થ આમ

છે કે આઠેય કર્મોના ઉદયથી જીવ અત્યંત દુઃખી છે, તે પણ ક્રિયાના ફળના કારણે. ૧૪.

આહાહા! પોતે નાખ્યું. જુઓ. ..... આમ પહેલો હતો. હું પહેલો આમ હતો ને હવે થયો, એમ નાખ્યું છે.

जो मैं आपा छांड़ि दीनौ पररूप गहि लीनौ.. લ્યો, આ અનાદિથી કર્યું હતું અજ્ઞાન, કહે છે. जो मैं आपा छांड़ि दीनौ.. ભગવાન આનંદસ્વરૂપની દૃષ્ટિ છોડી દીધી અનાદિથી. दीनौ पररूप गहि लीनौ.. પરપદાર્થોકોં અપના માના. શરીર મારું ને પુણ્ય મારા ને પાપના ભાવ મારા ને વિકારીભાવ શુભ-અશુભ મારા—એ બધો મિથ્યાત્વભાવ હતો. ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યને છોડી દઈને, અનાદિથી જે મારામાં નથી અને છૂટી જાય એવી ચીજેય મારામાં નથી એને મારી માની હતી. આહાહા! પરમ સમાધિમેં લીન નહીં હુઆ. રાગ અને દ્વેષને મારા માની, પોતાનો આનંદસ્વભાવ એમાં લીન ન થયો એ મારી ભૂલ છે. એ મારી ભૂલ હતી. કોઈ કર્મે ભૂલ કરાવી છે (એમ છે નહીં.)

છઠ્ઠી સાલમાં કહ્યું હતું એ આમાં આવ્યું. ઓલો કહે, કર્મ આત્માને નુકશાન કરે છે. કર્મથી પરિભ્રમણ કરે. ત્યારે ઓલો કહે, ના, પોતાના અજ્ઞાનથી. સમજાણું કાંઈ? 'અપનેકો આપ ભૂલ કે હૈરાન હો ગયા.' કર્મ તો જડ છે. એ તો માટી છે, ધૂળ છે .... એને તો ખબરેય નથી કે અમો કોણ છીએ જગતના. આહાહા! 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ.' કર્મ ક્યા કરે બિચારા? એ તો જડ, માટી, ધૂળ, અજીવ છે. એ જીવને શું કરે? જીવમાં અજીવનો અભાવ છે. તો અભાવ વસ્તુ એના ભાવને કેમ નુકશાન કરે? આહાહા! સમજાણું કાંઈ? જૈનમાં તો જ્યાં હોય ત્યાં એ નાખે. કર્મને લઈને થયું, કર્મને લઈને થયું. ધૂળેય નથી થયું. તારા દોષને લઈને થયું. સમજાણું કાંઈ?

जो मैं आपा छांड़ि दीनौ.. મારા સ્વરૂપને મેં દૃષ્ટિમાં લીધું નહીં. નહીં કે દર્શનમોહને કારણે મેં દર્શન લીધું નહીં. એમ નથી કહ્યું ન્યાં. કર્મ જડ છે બિચારા. એ ક્યાં ગરી ગયા છે અંદર? એના અસ્તિત્વમાં છે અને હું મારા અસ્તિત્વમાં છું. આહાહા! पररूप गहि लीनौ.. પોતાનું સ્વરૂપ જ્ઞાન અને આનંદ એ મેં ન ગ્રહ્યું, તો પુણ્ય ને પાપના વિકલ્પને મારા માનીને પકડ્યા, એ મિથ્યાત્વભાવ હતો. આહાહા! कीनौ न बसेरौ तहां जहां मेरौ थल है.. મેં મારું સ્થળ જે અસંખ્યપ્રદેશી આનંદધામ, એમાં હું વસ્યો નહીં અને રાગ ને પુણ્યમાં વસ્યો. એ મારું પોતાની ભૂલ હતી, એમ કહે છે. સમજાણું કાંઈ? એને ટાળીને હવે હું મારા આત્મામાં આવું છું. એ વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૭૭ આસો સુદ ૧૨ શનિવાર તા. ૨-૧૦-૧૯૭૧
## સાધ્ય સાધક દ્વાર પદ ૫૫-૫૬ પર પ્રવચન

સાધ્ય-સાધક દ્વાર. સમયસાર નાટક ચલતા હૈ ન. સમયસાર નાટક. આખિરકી ગાથા હૈ. અનાદિસે ક્યોં દુઃખી હુઆ ઔર આત્માકા ભાન હુઆ તો દુઃખકા કૈસે અંત આયા, દોનોં હી બાતેં એક શ્લોકમેં હૈં. સમજમેં આયા? યે આત્મા અનાદિસે કૈસે દુઃખી હુઆ ઔર દુઃખકા અંત મૈં કૈસે લાયા? દોનોં હી ચીજ હૈં. એક શ્લોકમેં દોનોં હી સમાહિત કર દિયે.

(સવૈયા એકત્રીસા)

जो मैं आपा छांड़ि दीनौ पररूप गहि लीनौ,
कीनौ न बसेरौ तहां जहां मेरौ थल है।
भोगनिकौ भोगी ह्वै करमकौ करता भयौ,
हिरदै हमारे राग द्वेष मोह मल है।।
ऐसी विपरीत चाल भई जो अतीत काल,
सो तो मेरे क्रियाकी ममताहीकौ फल है।
ग्यान दृष्टि भासी भयौ क्रियासौं उदासी वह,
मिथ्या मोह निद्रामैं सुपनकोसौ छल है।।५५।।

**શબ્દાર્થ :**—બસેરૌ=નિવાસ. થલ=સ્થાન. અતીત કાલ=પૂર્વ સમય.

**અર્થ :**—મેં પૂર્વે મારા સ્વરૂપનું ગ્રહણ કર્યું નહોતું, પરપદાર્થોને પોતાના માન્યા અને પરમ સમાધિમાં લીન ન થયો, ભોગોનો ભોક્તા થઈને કર્મોનો કર્તા થયો અને હૃદય રાગ-દ્વેષ-મોહના મળથી મલીન રહ્યું. આવી વિભાવપરિણતિમાં અમે મમત્વભાવ રાખ્યો અર્થાત્ વિભાવપરિણતિને આત્મપરિણતિ સમજ્યા, તેના ફળથી અમારી આ દશા થઈ. હવે જ્ઞાનનો ઉદય થવાથી ક્રિયાથી વિરક્ત થયો છું. આગળ કહેલું જે કાંઈ થયું તે મિથ્યાત્વની મોહનિદ્રામાં સ્વપ્ન જેવું છળ થયું છે, હવે નિદ્રા ઊડી ગઈ. ૫૫.

**अर्थ :**—मैंने पूर्वकालमें अपना स्वरूप ग्रहण नहीं किया, परपदार्थोंको अपना माना और परम समाधिमें लीन नहीं हुआ, भोगोंका भोगता बनकर कर्मोंका कर्ता हुआ, और हृदय राग-द्वेष-मोहके मलसे मलिन रहा। ऐसी विभाव परिणतिमें हमने ममत्वभाव रक्खा अर्थात् विभाव परिणतिको आत्मपरिणति समझा, उसके फलसे हमारी यह दशा हुई। अब ज्ञानका उदय होनेसे क्रियासे विरक्त हुआ हूँ, पहलेका कहा हुआ जो कुछ हुआ वह मिथ्यात्वकी मोहनिद्रामें स्वप्न कैसा छल हुआ है, अब नींद खुल गई।।५५।।

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કહતે હૈં, जो मैं आपा छांड़ि दीनौ.. અરે, મૈંને અનાદિ કાલસે દૃષ્ટિમેંસે અપના આનંદ શાંત શુદ્ધસ્વરૂપ અનાદિસે છોડ દિયા. आपा छांड़ि दीनौ.. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદઘન ઉસે દૃષ્ટિમેંસે છોડ દિયા અનાદિસે. पररूप गहि लीनौ.. ઔર રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, શરીર—પરપદાર્થ મેરે ઐસા માન લિયા. સમજમેં આયા? આહા! અપની ચીજ જો હૈ અંદર જ્ઞાન, આનંદ, શાંતિ આદિસે ભરી હુઈ... એક પ્રશ્ન હમણાં એ ઉઠ્યો હતો કે આત્માકા તો દોષ હૈ હી નહીં. આત્મા જો હૈ વહ તો શુદ્ધ ચૈતન્યદ્રવ્ય હૈ. એ આજે એક પ્રશ્ન ઉઠ્યો હતો. પત્ર લાવ્યાને ઓલા તમારા. એક મોરબીના છેને ઓલો વિરોધી જયંતિલાલ. સત્તર પત્ર એકસાથે લખ્યા છે અહીંના વિરોધમાં. એ એક (સાથે) સત્તર. એક વાર દસ આવ્યા. એવા ૨૭ આજ આવ્યા. એ તો ફાડી નાખ્યા. પણ એ ઉપરથી વિચાર કર્યો કે વાંક એનો કંઈ નહીં. આત્માનો વાંક નથી, એમ.

અપના આત્મા જો હૈ યે તો શુદ્ધ ચિદાનંદ આનંદઘન હૈ ઉસે આત્મા કહતે હૈં. (શ્રોતા : એ પણ અજ્ઞાનની પર્યાયનો વાંક કાઢે છે). અજ્ઞાનપર્યાય, પર વહ અજ્ઞાનપર્યાય આત્મા હૈ નહીં. સમજમેં આયા? અજ્ઞાન હૈ યે અનાત્મા હૈ, સત્ય આત્મા નહીં. સમજમેં આયા? આત્મા હૈ તો શુદ્ધ ચૈતન્યઘન શુદ્ધ દ્રવ્ય વહી આત્મા હૈ. શુદ્ધરૂપ પરિણમે તો હી આત્મા. અશુદ્ધ પરિણમન ઉસમેં હૈ હી નહીં. આહાહા! મૂલચંદભાઈ! યહાં કહા ન, मैं आपा छांड़ि दीनौ.. મેરી ચીજ જો અંદર હૈ શુદ્ધ જ્ઞાનઘન આનંદકંદ પ્રભુ હૈ, અનાદિ-અનંત એકરૂપ ચીજ હૈ ઉસકી તો દૃષ્ટિ છોડ દી. આત્માકી દૃષ્ટિ છોડ દી. पररूप गहि लीनौ.. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, વિકલ્પ જો રાગ આદિ હૈં યે પરરૂપ હૈં, યે આત્મસ્વરૂપ નહીં. આહાહા! શરીર, વાણી, મનકો માને અપના, પર ઉસકા હોતા નહીં. રાગ-દ્વેષ તો પરિણમનમેં હોતા હૈ, એમ કહતે હૈં. સમજમેં આયા? આહાહા!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ નિત્યાનંદસ્વરૂપ હી આત્મા હૈ, ઉસે આત્મા કહતે હૈં. તો ઉસ આત્માકી દૃષ્ટિ (નહીં કરકે) અનાદિસે અપને આત્માકો છોડ દિયા. જો છોડના થા વહ ન છોડા ઔર જો અપના થા વહ છોડ દિયા દૃષ્ટિમેંસે. સમજમેં આયા? આહાહા! और पररूप गहि लीनौ.. ૫૫ (પદ)મેં હૈ. ભૈયા! હૈ ન? સૂક્ષ્મ બાત હૈ યહાંકી. બાહરકે વિદ્યાલયમેં દુઃખ હૈ. કોલેજ હૈ, યહાં તત્ત્વકી કોલેજ હૈ. સાગરથી આવ્યા છે. ન્યાં ઊતર્યા છે શોભાલાલ શેઠને ત્યાં. સમજાય છે કાંઈ? આહા ભગવાન! તું તો ભગવાન પરમાત્મા પરમેશ્વર સાક્ષાત્ છે અંદર વસેલો. ઉસે અનાદિસે દૃષ્ટિમેંસે છોડ દિયા. નટુભાઈ!

और पररूप गहि लीनौ.. અપની ચીજમેં નહીં ઐસા પુણ્ય-પાપ, રાગ-વિકલ્પ, યે અપના નહીં, યે તો વિભાવ—પરભાવ હૈ. ઉસે પકડા. ક્યોંકિ અપના અસ્તિત્વ શુદ્ધ ચૈતન્ય હૈ વહ અસ્તિત્વ હૈ. અપની સત્તા યે હૈ ઐસા જબ છોડ દિયા દૃષ્ટિમેંસે, તો કહીં અપનાપના માનના તો પડેગા ન ઉસે? આહા! શરીર, વાણી, મન તો અજીવ, જડ, ધૂલ હૈં. યે તો કોઈ દૂસરી ચીજ હૈ. પર અંદરમેં પુણ્ય-પાપકા વિકલ્પ જો વૃત્તિ ઉઠતી હૈ યે પરરૂપ હૈ, અપનેરૂપ હૈ નહીં. આહા! ત્રિકાલી સ્વભાવ સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી પ્રભુ આત્મા હૈ. ઐસા સ્વભાવકા લક્ષ છોડ દિયા. અપની ચીજ જો કાયમી મોજૂદ હૈ ઉસકા તો લક્ષ છોડ દિયા. ઔર ઉસમેં જો પુણ્ય-પાપ, શુભ-અશુભ ભાવ જો અપની ચીજ નહીં, અપનેમેં નહીં ઐસા કર્મકે નિમિત્તસે ઉત્પન્ન હુઆ વિકાર ઉસે પકડ લિયા. સમજમેં આયા? આહાહા!

पररूप गहि लीनौ.. એક પદમેં દો આયે. અપની નિજ ચીજ(કો) અનાદિસે લક્ષમેંસે છોડ દિયા, આહા! ઔર વહ પુણ્ય-પાપકા વિકલ્પ જો વિભાવ જો કૃત્રિમ દુઃખરૂપ દશા હૈ ઉસે ગહિ લિયા. યે અપના હૈ ઐસા અસ્તિત્વ માન લિયા વહ મિથ્યાત્વભાવ હૈ. આહાહા! કહો, હીરાભાઈ! ક્યાં ગયા? હીરાભાઈ ગયા હતા ક્યાંક, નહીં? કહો, સમજાણું? આહાહા! कीनौ न बसेरौ तहां जहां मेरौ थल है.. મૈં મેરા સ્થાન—સ્થલ—ભાવમેં સમાધિમેં તો ન બસા. આહાહા! कीनौ न बसेरौ.. મેરી ચીજ જો શુદ્ધ આનંદકંદ પ્રભુ ઉસમેં તો બસના હુઆ નહીં. અપની સમાધિ તો કી નહીં. અપની શાંતિમેં તો રહા નહીં. तहां जहां मेरौ थल है.. तहां जहां मेरौ थल है.. મેરો સ્થલ તો જ્ઞાનાનંદ ધ્રુવ યે મેરા સ્થલ હૈ. યે મેરા સ્થલ હૈ, યે મેરા ક્ષેત્ર હૈ, યે મેરા ભાવ હૈ. નટુભાઈ! આમાં તો એનું નહીં બાબરા, નહીં કુંડલા, નહીં પાલીતાણા, કાંઈ નહીં. ત્રણ ફેરવ્યું ત્રણ એના બાપે. આહાહા! એ સ્થળમાં વસ્યો નહીં. અપના સ્થલમેં બસા નહીં, એમ કહતે હૈં. અપના આનંદધામ ભગવાન શુદ્ધ ચૈતન્યઘન ઉસમેં બસા નહીં, સમાધિ કી નહીં, શાંતિ લી નહીં. तहां जहां मेरौ थल है.. સમજમેં આયા? આહા! પરમસમાધિમેં લીન નહીં હુઆ.

भोगनिकौ भोगी है.. આહાહા! પહલે રાગ-દ્વેષ, વિકલ્પ અપના કિયા તો વહાં કર્તા હુઆ, અબ વહાં ભોક્તા હુઆ. આહા! અપના આનંદસ્વરૂપ ભગવાન નિત્ય કાયમ રહનેકી ચીજમેં રહા નહીં તો રાગ ઔર પુણ્યકા પરિણામ—પુણ્ય-પાપમેં રહા તો ઉસકા ભોક્તા હુઆ. વિકારકા ભોક્તા હુઆ. આહા! ઐસી ગાથા થોડેમેં બહોત ભર દિયા હૈ. ગાગરમેં સાગર. આહાહા! પ્રભુ! તું કહાં હૈ ઔર અનાદિસે કહાં તેરી દૃષ્ટિ પડી હૈ, એમ કહતે હૈં. भोगनिकौ भोगी.. જબ અપને આનંદસ્વરૂપસે દૃષ્ટિ હઠ ગઈ તો ઉસમેં

બસના હુઆ નહીં. તો પુણ્ય-પાપકે વિકલ્પમેં અપના માનકર રહા ઉસકા ભોક્તા હુઆ. આહાહા! સમજાય છે કાંઈ? શરીર, વાણી, મનકા તો ભોક્તા આત્મા હોતા હી નહીં. યે તો માટી, જડ હૈ. ભોક્તા હુઆ રાગ-દ્વેષકા. ઓહો! સમજમેં આયા?

भोगनिकौ भोगी है करमकौ करता भयौ.. ભોગ ને કર્તા સાથે નાખી દીધા પછી. રાગ-દ્વેષરૂપી કર્મ-કાર્યકા કર્તા હુઆ. એય મૂલચંદભાઈ! ઉપરમેં બહોત હૈ. એમાં છે પણ અર્થ કરતા ઘણું ઉપરમાં છે. સમજમેં આયા? આહાહા! ઈસ સંસ્કૃત શ્લોકકા અર્થ 'સમયસાર'મેં બહોત ભરા હૈ. એકનો બે થયો એમ કહ્યું ભાઈએ એમાંથી, નહીં? અદ્વૈત છે ને. 'यस्मादद्वैतमभूत्पुरा'. એક ભગવાન આત્મા આનંદસ્વરૂપ હૈ ઉસમેં વિકાર અપના માના તો દ્વૈત હો ગયા. એકકા દો હુઆ. એકડે એક ને બગડે બે. રાગ મેરા ઐસા દ્વૈત હુઆ તો બિગડ ગયા. મિથ્યાત્વ હુઆ, અજ્ઞાન હુઆ, એમ કહતે હૈં. સમજમેં આયા? આહા!

ભોગોંકા ભોક્તા બનકર, કર્મોંકા કર્તા-વિકારરૂપી પરિણામકા કર્તા હુઆ. સમજમેં આયા? શરીર, કર્મ જડકા તો કર્તા હો સકતા નહીં. અજ્ઞાનમેં ભી કર્તા નહીં હો સકતા. પરદ્રવ્યકા ક્યા કરે આત્મા? આહાહા! भोगनिकौ भोगी, करमकौ करता भयौ, हिरदै हमारे राग द्वेष मोह मल है. ઉસ કારણસે હૃદયમેં—જ્ઞાનકી પર્યાયમેં—અપને નિજાનંદ સ્વરૂપ(કી) પર્યાય—વર્તમાન અવસ્થામેં हिरदै हमारे राग द्वेष मोह मल है. ઉસકી પર્યાયમેં પર મેરા ઐસા મિથ્યાત્વભાવ ઔર રાગ-દ્વેષ ભાવ વહ મલ હૈ દશામેં, યે મૈલ હૈ. આહાહા! સમજમેં આયા?

ऐसी विपरीत चाल भई जो अतीत काल.. આહાહા! શેઠાઈ કી તો ઐસા રાગ-દ્વેષ કિયા, એમ કહતે હૈં. ધૂલ ભી કિયા નહીં પરકા. ભીખાભાઈ! કાંઈ કર્યું નથી બંગડીના વેપાર ને ઓલો શું કહેવાય તમારું ટપાલી .. ? પોલીસ પટેલ—તલાટીપણું. કુછ કિયા નહીં એમ કહતે હૈં. રાગ-દ્વેષ કિયા હૈ. ભીખાભાઈ! અપને ત્રિકાલી વીતરાગમૂર્તિકો ભૂલકર રાગ-દ્વેષ પરિણામ જો સ્વભાવમેં નહીં ઐસે ઉલ્ટેકો કિયા ઔર ઉસકો ભોગા. આહાહા! અનાત્મા હૈ યે તો. આહાહા! ક્યા કરે? આત્મા તો યે ન કરે, ભાઈ! આત્મા તો ભૂલ કરતા હી નહીં. ભૂલ કરતી હૈ વહ પર્યાય-અજ્ઞાન-અનાત્મભાવ. આહાહા! સમજમેં આયા? બહુ ઝીણી વાત છેને એટલે લોકોને બેસે નહીં. મૂઢ મહા માન.. માન. એય! સોનગઢ વ્યવહાર ઉડાતા હૈ. નિશ્ચયકી બાત અકેલી કરતા હૈ. અરે પ્રભુ! સુન તો સહી. વ્યવહાર કિસે કહતે હો તુમ? જો રાગ-દ્વેષરૂપ પરિણામ હૈં વહ તો વિભાવ હૈ. ઉસે અપના માનના ઔર અપના માનકર કર્તા હુઆ, ભોક્તા ઉસકા હુઆ તો વહ તો મિથ્યાત્વભાવ હૈ. આહાહા! સમજમેં આયા?

કભી યે બાત રુચી નહીં ઉસે અનાદિકાલસે. દેખો, યહાં ભૂલ તો અપની કહી હૈ. દૂસરા કર્મ ભૂલ કરાતા હૈ ઐસા કહા નહીં. તમારે કહેતા હતાને, કર્મ ભૂલ કરાવે, રખડાવે. કલ ભી આયા ન વહ દરબારકા પત્ર. ઐસે કહતે હૈં કિ આત્માકે મોક્ષકી માયા વિરોધી હૈ. માયા (હૈ), સબ છોડ દો. ક્યા છોડે? યે તો પરચીજ હૈ. કહાં ગ્રહી થી કિ છોડે? આત્માને ક્યા રજકણ પકડા હૈ? યે તો માટી હૈ, ધૂલ હૈ. કર્મ જડકો પકડ લિયા હૈ? ઉસને પકડા હૈ વિભાવ. સમજમેં આયા? વહ ઉસકા અજ્ઞાનભાવ હૈ. અજ્ઞાનભાવસે રુલા હૈ. વહ યહાં કહતે હૈં. ભીખાભાઈ!

જ્યાં હોય ત્યાં જૈનમાં કર્મ.. કર્મ.. કર્મ.. કર્મ. બીજાને ઈશ્વર મોટો, આને કર્મ મોટો. માળા મરી ગયાને આમાં. જગત કહે કિ મુઝે ઈશ્વરને ચાર ગતિમેં રુલાયા. ત્યારે આ વળી જૈન કહે, હમેં કર્મને રુલાયા. તો ઓલાનો ઈશ્વર ચૈતન્ય અને તારો ઈશ્વર કર્મ જડ. સમજમેં આયા ભૈયા? વહ કહતે હૈં ન કિ ઈશ્વરને કરાયા. ઈશ્વર સબ કરતે હૈં. કોઈ ઈશ્વર (કર્તા) હૈ નહીં. સબ સ્વતંત્ર ચીજ હૈં. તબ યહાં જૈનમેં કહતે હૈં કિ હમેં કર્મને રુલાયા, ભૈયા. ઉસને ચૈતન્ય ઈશ્વરકો કર્તા બનાયા, તુમને જડકો બનાયા કર્તા. ઐસા હૈ હી નહીં. કર્મ રુલાતે નહીં, કર્મ છોડતે નહીં. કર્મ તો પરપદાર્થકી પરિણતિ હૈ. વહ તો ઉસમેં પરિણતિ—અવસ્થા હોતી હૈ.

યહાં તો કહતે હૈં, हिरदै हमारे राग द्वेष मोह मल है.. જેઠાભાઈ! આ એકેય વાત સાંભળવાને મળી નહીં એને, લ્યો. (શ્રોતા : ક્યાંથી મળે? ત્યાં હોય નહીં તો.) આહાહા! અરે! એના ઘરની ચીજ... 'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા.' દૂસરા ભુલાવે કૌન? 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' ભગવાનકી સ્તુતિમેં આતા હૈ. ચંદ્રનાથ, કેવા? 'ચંદ્રપ્રભુ' જયમાલામાં આતા હૈ. ભગવાનકી (પૂજાકી) જયમાલા હૈ ન. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' જડ કર્મ બિચારા અજીવ ક્યા કરે? મૈંને ભૂલ કી તબ કર્મકો નિમિત્ત કહનેમેં આયા. 'અગ્નિ સહે ઘનઘાત લોહકી સંગતિ પાયી.' અગ્નિ પર ઘન પડતે હૈં ઘન, વહ લોહેકી સંગતિ કરતી હૈ તો પડતે હૈં. ભિન્ન અગ્નિ(પર) કોઈ ઘન મારતે હૈં? લોહેમેં અગ્નિ ઘુસતી હૈ તો ઘન પડતે હૈં. ઐસે કર્મકા સંગ કિયા તો વિકાર ઉત્પન્ન હુઆ. ઉસસે દુઃખકે ઘન પડતે હૈં. આહાહા! સમજમેં આયા? આહાહા!

ऐसी विपरीत चाल भई जो अतीत काल.. અબ તક અનાદિકાલસે, અતીત નામ ભૂતકાલ અનંતકાલસે ઐસી વિપરીત ચાલ ભયી મેરે કારણસે. સમજમેં આયા? ऐसी विपरीत चाल भई.. चाल (અર્થાત્) ગતિ—પરિણમન. ઉલ્ટા-ઊંધા પરિણમન હુઆ. આહાહા! जो अतीत અનંતકાલ(से) हुआ सो तो मेरे क्रियाकी ममताहीकौ फल है.. આહા! મેરી ક્રિયા જો રાગકી, પુણ્યકી, પાપકા પરિણામ ઉસ ક્રિયાકા ફલ ચાર ગતિમેં

રુલના હૈ. ક્રિયા કી મમતા–મેરી હૈ ન મેરી ક્રિયા. રાગ મેરા, પુણ્ય મેરા, દયા-દાન-વ્રત વિકલ્પ રાગકી ક્રિયા યે મેરી. છહોં કારક ખડા હુઆ.

ઉસમેં વિશેષ ખુલાસા હૈ ન. 'यतो जातं क्रियाकारकैः' અનાદિસે અપને સ્વરૂપકો ભૂલકર વહ પુણ્ય-પાપકા ભાવકા કર્તા હુઆ. વહ મેરા કાર્ય હૈ, વહ મેરા કારણ હૈ અથવા મેરે કારણસે ઉત્પન્ન હુઆ. સમજમેં આયા? વહી રાગ-વિકાર હૈ (ઉસે) અપનેમેં રખા, અપનેસે ઉત્પન્ન હુઆ, અપને આધારસે ઉત્પન્ન હુઆ. ઐસા ષટ્કારક અજ્ઞાનમેં ઉત્પન્ન કિયા. આહાહા! ભારે ભાઈ, ધર્મનું સ્વરૂપ આવું વીતરાગનું! બિચારા જુવાનિયાને તો મળે નહીં સાંભળવા. વૃદ્ધ થાય એ ઝોલાં ખાય ને.... અને પૂર્વની જે બેઠી હોય એ વાતથી બીજી સાંભળે તો, નહીં યે ક્યા? એ વળી ઊંચી કહે. ઓલી ખોટી ન કહે અહીંયા એટલે ઊંચી કહે. આહાહા! ભાઈ! માર્ગ હી ઐસા હૈ. ઊંચી કહે યા હલ્કી કહે, યે માર્ગ ઐસા હૈ. સમજમેં આયા? આહા! (શ્રોતા : મહારાજ! ઊંચા જાનેકે લિયે બાત ભી ઊંચી હોની ચાહિયે). ઊંચી કહતે હૈં, યે ઐસે નહીં કહતે હૈં. ઊંચી (હૈ), હમારે લિયે દૂસરી ક્રિયા હોની ચાહિયે. આપ કહતે હૈં ઐસા નહીં, એમ. આહાહા! ઓહોહો!

ऐसी विपरीत चाल भई जो अतीत काल.. ચાલ સાથે કાલ. કવિ છે ને કવિ. ऐसी विपरीत चाल भई जो अतीत काल.. અબ તક અનંત કાલસે મેરી વિપરીત ગતિ ઐસી હુઈ. सो तो मेरे क्रियाकी ममताहीकौ फल है.. આહાહા! કહે છે કે પુણ્ય-પાપકે વિકલ્પ જાત વિભાવ જો ઉત્પન્ન હોતા હૈ વહ મેરા હૈ, મેરા કર્તવ્ય હૈ, મૈં કરનેવાલા હૂં, મેરે આધારસે ઉત્પન્ન હુઆ—ઐસી પર્યાયદૃષ્ટિમેં ભૂલ ઉસકી હૈ. સમજમેં આયા? આહા! मेरे क्रियाकी ममताहीकौ फल है.. પુણ્ય વિભાવ, આહા! ક્રિયા રાગકી પરિણતિ–વિકારકી દશા યે ક્રિયાકા ફલ. મેરી ક્રિયાકી મમતા–ઉસકી (ક્રિયાકી) મમતાકા ફલ, યૂં. યે રાગ મેરા હૈ ઐસી દૃષ્ટિમેં ચાર ગતિમેં મૈં અનંતકાલ રુલા. આહાહા! યે ચારગતિમેં રખડા ક્યોં? કર્મકે કારણસે નહીં. એય જેઠાભાઈ!

એની એ વાત આવી હમણાં અમદાવાદમાં. ઓલો ગરાસિયો કહે, લ્યો. ક્ષત્રિય હૈ ન તુમ? ઐસી બાત કહાંસે લાયે? ભાઈ! અમે 'કાનજીસ્વામી' પાસે જાઈએ સાંભળવા. ન્યાંથી લાવ્યા છીએ. સમજે? કાલ કાગળ આવ્યો હતોને ગરાસિયાનો. ગરાસિયા હૈ. ૨૫ હજારની ઉપજ હૈ. ૨૫ હજાર તો અત્યારે સાધારણ છે ને. બાર મહિને ૨૫ હજારકી આમદની–ઉપજ હૈ ગરાસકી. આતે હૈં યહાં બહોત આતે હૈં. ક્લાસમાં આવે છે. ત્યાં ઓલા એક જણાએ કહ્યું, માયા એ વિરોધી છે મોક્ષ(ની), માટે છોડો માયા. એમ આ સ્ત્રી, કુટુંબ, આ ધંધા છોડી દો. ધૂળેય માયા વિરોધી નથી. યે તો પરચીજ હૈ. ઉસને ઐસા

જવાબ દિયા કિ અપને સ્વરૂપકો ભૂલા વહ અજ્ઞાન ઉસકા વિરોધી હૈ. સ્વભાવકા વિરોધી તો અજ્ઞાન હૈ. એય! બહુ સરસ? યા જડ ઔર ચૈતન્યકી ભિન્નતાકા ભાન નહીં ઉસ કારણસે રુલા હૈ. કર્મને રુલાયા હૈ ઐસી બાત હૈ નહીં. કર્મ બિચારે કૌન? યે તો જડ હૈં. પર જૈનમેં રહતે હુએ ભી ખબર નહીં, ભાન નહીં. અમે જૈન. એ (પોતાને) જૈન કહે. બોલે ને ભાન ન મળે. જૈન ક્યા—કિસે કહતે હૈં. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ વીતરાગદેવને તો આત્માકા ઐસા સ્વરૂપ કહા હૈ. સમજમેં આયા?

જૈનમેં જન્મે પર જૈનકી ખબર નહીં. કલ કહા થા ન વહ? થેલીમેં કિરાતા—કરિયાતા. ઉપર લિખા નામ સક્કર. તો ક્યા સક્કર નામ લિખનેસે કિરાતા મીઠા હો જાતા હૈ? ઐસે હમ જૈન હૈં. પર જૈન નામ કહાં(સે) આયા ? નામસે જૈન હો ગયે? અંદર વિકાર પુણ્ય-પાપકા ભાવ હૈ વહ મેરા નહીં, મેરી ચીજ તો આનંદ હૈ. ઐસી ચીજકા ભાન હુઆ ઉસકા નામ જૈન કહતે હૈં. જૈન કોઈ સંપ્રદાય નહીં હૈ. જૈન તો વસ્તુકા સ્વભાવ હૈ. ભગવાન ત્રિલોકનાથને કહા યહી વસ્તુકા સ્વરૂપ હૈ. સમજમેં આયા? અત્યારે તો છોકરાઓ પણ આગળ વધી ગયા હોય અને બાપ પાછળ રહી જાય. એય! ગમે છે? એમ કે સમજનારા છોકરા હોય તો છોકરાઓ પણ વધી જાય બાપ કરતાં, એમ. આહા! આવી ચીજ!

કહતે હૈં, પુણ્ય-પાપકા, શુભ-અશુભ રાગકા વિભાવ, યે રાગકી વિભાવકી ક્રિયા મેરી નહીં. પર યે મેરી હૈ ઐસી મમતાકા ફલ ચાર ગતિમેં રુલના હૈ. યે મમ, યે મમ નહીં. આહાહા! સમજમેં આયા? દૃષ્ટિમેં ફેર હૈ. અખંડાનંદ પ્રભુ ચૈતન્ય આત્મા, જૈસા સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવને કહા ઐસે આત્મામેં મમપના—મૈં(પના) નહીં. પર રાગ આદિ પુણ્ય આદિ જિસે ભગવાનને આત્મા નહીં કહા ઐસા પુણ્ય-પાપ તો અનાત્મા આસ્રવતત્ત્વ હૈ. સમજમેં આયા? ઉસકી મમતાકા ફલ મિથ્યાત્વ ઔર ઉસસે ચાર ગતિમેં રુલતા હૈ. આહા! કહો, સમજમેં આયા? આ તો જૈનમાં જન્મે તોય આપણને કર્મ (રખડાવે). કર્મનો ઉદય આવે તો આપણે રખડવું પડે. કર્મ આવે તો રાગ-દ્વેષ કરવા પડે. કર્મ આવે તો આત્મા દુઃખી થાય. અરે! પર યે શીખા કહાંસે ઐસા? જૈન પરમેશ્વર તો ઐસે કહતે નહીં. સમજમેં આયા? નટુભાઈ!

(શ્રોતા : શ્વેતાંબર શાસ્ત્રમાં તો એમ કહે છે કે ભગવાન એમ કહે છે.) ભગવાન એમ કહે છે. હા, છે, છે. એમાં લખાણ એમ શ્વેતાંબરમાં એ રીતે શૈલી જ એ બધી છે. પણ અમથુંય આંહીં દિગંબરમાં એમ આવેને, જ્ઞાનાવરણીય કર્મસે જ્ઞાન રુકા. ઐસા આયે. પર યે તો નિમિત્તકા જ્ઞાન કરાનેકી બાત હૈ. ક્યા જડ આત્માકો રોકે? પર અજીવ યે તો ધૂલ હૈ. જૈસે યે માટી હૈ, ઐસે માટી હૈ. તો માટી અપની પર્યાયકો રોકે? અપની

પર્યાય અપનેસે ઉલ્ટી દશાસે રુકતી હૈ, પરકે કારણસે નહીં. વહ તો યહાં કહતે હૈં. પંડિતજી !

કાંઈ ભાન ન મળે. જૈન થયા. આ ક્રિયા કરો, સામાયિક કરો ને પોષા કરો ને જાત્રા કરો, ચૌવિહાર કરો. ધર્મ હો ગયા. ધૂળેય ધર્મ નહીં. સમજમેં આયા? વહ તો સબ વિકલ્પ હૈ, રાગ હૈ. રાગકી મમતાકા ફલ ચાર ગતિમેં રુલના હૈ, એમ કહતે હૈં યહાં તો. મમ–મેરા સ્વરૂપ ભગવાન આત્મા ઉસ ઓરકી દૃષ્ટિ નહીં ઔર રાગકે-વિકલ્પકે વિભાવ પર દૃષ્ટિ પડી ઉસકા ફલ ચાર ગતિમેં રુલનેકા કારણ હૈ. એક શ્લોકમેં ઐસા ભર દિયા, દેખો. ઓહોહો!

અબ કહતે હૈં કિ ક્રિયાકી મમતાકા ફલ. યે રાગક્રિયા હોં. આત્મા અક્રિયસ્વરૂપ જ્ઞાનાનંદ હૈ. યે રાગ-વિકલ્પ ઉઠતે હૈં—દયા-દાન-વ્રત-ભક્તિ, કામ-ક્રોધ-હિંસા-જૂઠું-ચોરી-વિષયભોગવાસના—યે સબ વિકલ્પ જો હૈં, યે રાગકી ક્રિયા હૈ. યે ક્રિયાકી મમતા કિ યે ક્રિયા મેરી (હૈ). (ઉસસે) ચૈતન્ય ભગવાન મેરા ઐસી દૃષ્ટિ છૂટ ગઈ અનાદિસે. આહાહા! સમજમેં આયા?

ग्यान दृष्टि भासी भयौ क्रियासौं उदासी.. જ્ઞાન દૃષ્ટિ ભયી હવે તો. મૈં તો આત્મા જ્ઞાનાનંદ સહજાનંદકી મૂર્તિ પરમેશ્વર વીતરાગદેવને કહા (ઐસા). દૂસરા કોઈ કહતે હૈં, ઉસે આત્માકી ખબર નહીં. વીતરાગદેવ સિવા દૂસરેકો આત્માકી ખબર નહીં. સમજમેં આયા? સબ ધર્મ સરીખે હૈં ઐસી બાત જૈનમેં નહીં. પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞને કહા આત્મા, યે આત્મા ઐસા હૈ. પૂર્ણાનંદ ચૈતન્યમૂર્તિ ભગવાન પર્યાયમેં ભૂલ કરતા થા, વસ્તુ મેરી યહ હૈ ઐસા અનુભવ કરકે અજ્ઞાનકા નાશ કિયા. સમજમેં આયા? આહાહા !

ग्यान दृष्टि भासी.. જબ જ્ઞાનદૃષ્ટિ ભયી, ઓહોહો! આ તો ચૈતન્યસ્વરૂપ! આ રાગ ક્યાં અને ચૈતન્યસ્વરૂપ ક્યાં! આહા! સમજમેં આયા? મૈં તો ચૈતન્યપ્રકાશકા પુંજ હૂં, ચૈતન્યમૂર્તિ મૈં હૂં. ચૈતન્યપ્રકાશ. યે બાહર(કા) પ્રકાશ પરમાણુકા હૈ. ચૈતન્યપ્રકાશકા નૂર, ઈસકા પૂર મૈં હૂં. આહાહા! રાગ આદિ મૈં નહીં. રાગ નહીં તો શરીર-ફરીર તો કહાંસે (મેરા) આયા? યે તો પરવસ્તુ હૈ જડ, ધૂલ. ઐસી ग्यान दृष्टि भासी.. જબ અપને ચૈતન્યસ્વરૂપકા ભાન હુઆ... 'શ્રીમદ્'માં એમ કહે છેને જુઓને. શરીર આદિથી કેવળ ચૈતન્ય... શું ? ભૂલી ગયા કડી. (શ્રોતા : ....) 'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.' અપૂર્વ અવસરમાં આવે છે 'શ્રીમદ્'માં. એની પણ એને ખબર ન પડે. એ હાંક્યે રાખે. ભક્તિ કરો ભગવાનની ને ગુરુની, થઈ જશે મુક્તિ. અવતાર છૂટી જશે. આવો

અવતાર મળ્યો એમાં જો આ વસ્તુ ન સમજ્યો—સમજમેં ન આયા, ચલી જાયેગી જિંદગી. સમજમેં આયા? આહા!

'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો.' એમાં દેહ ભિન્નમાં રાગસહિત, એમ કહ્યું નથી. યે તો રાગ, શરીરસે ભિન્ન અકેલા ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટાસ્વરૂપ (ઉસકી) જ્ઞાનદૃષ્ટિ ભયી. તબ સમ્યગ્દર્શન હુઆ. તબ ધર્મકી પ્રથમ શ્રેણી પ્રગટ હુઈ. તબસે ધર્મ કરનેવાલા કહનેમેં આતા હૈ. ઉસસે પહલે જબ તક રાગ-દ્વેષકા કર્તા હોતા હૈ ઔર ભોક્તા હોતા હૈ તબ તક અધર્મી કહનેમેં આતા હૈ. આંહીં તો ચોખ્ખી વાત છે ને. આંહીં ક્યાં ઝાટકીને... યે બાત હૈ. આહાહા!

ग्यान दृष्टि भासी भयौ क्रियासौं उदासी.. વિકલ્પ—જો રાગ ઔર પુણ્યકી વૃત્તિ ઉઠતી હૈ ઉસસે ઉદાસ હુઆ. મેરા નહીં, મેરી ચીજમેં નહીં. આહાહા! દેખો, વ્યવહારસે મુક્ત હૈ, યે આ ગયા. ग्यान दृष्टि भासी भयौ क्रियासौं उदासी.. યે વ્યવહાર ક્રિયા જો દયા-દાન-વ્રત-ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા વિકલ્પ-રાગ—ઉસસે તો क्रियासौं उदासी भयौ હૈ, ઉસસે ઉદાસ હુઆ. ત્રિકાલ હૈ ઉસકી આસ્થા હુઈ, દૃષ્ટિ હુઈ. આહા! સમજમેં આયા? ग्यान दृष्टि भासी भयौ क्रियासौं उदासी.. બધામાં 'ભ' ભાષા રાખી. ग्यान दृष्टि भासी भयौ क्रियासौं उदासी.. કવિ છે ને આ તો 'બનારસીદાસ.'

मिथ्या मोह निद्रामैं सुपनकोसौ छल है.. આહા! ક્યા હુઆ અભી તક યે? સમજમેં આયા? મિથ્યાત્વકી મોહનિદ્રામેં સ્વપ્ન જૈસા છલ હુઆ. આહા! હુઆ ક્યા? જ્ઞાનસ્વરૂપ ભગવાન કિસે કરે? ક્યા રાગકો કરે? રાગકો ભોગે? યહ જ્ઞાનસ્વરૂપ ચીજ હૈ ઐસા જબ ભાન હુઆ યે ક્યા હુઆ? સ્વપ્ન હો ગયા. ભૂલ (થી વહ) સ્વપ્ન હો ગયા. યે ભૂલ ચીજ હી મેરી નહીં. રાગ મેરા નહીં. સ્વપ્ન હો ગયા. સમજમેં આયા? આહા! એક શ્લોકમેં કિતના ભર દિયા હૈ! આચાર્યોને ગજબ કામ કિયા હૈ! એક-એક શ્લોકમેં શુરૂઆતસે પૂર્ણ... વિપરીત ક્યોં દૃષ્ટિ હુઈ? સાધક કૈસે હો ઔર સાધકસે સાધ્ય—સિદ્ધપદ કૈસે હોતા હૈ? તીનોં ચીજ એક કલશમેં ભર દી હૈ. આહાહા! શાંતિસે, ધીરજસે સમજનેમેં લે તો (કાર્ય હો સકતા હૈ). ઉસે ઐસે ઐસે પઢ લિયા. સમયસાર નાટક પઢ લિયા.

અપના આત્મા જ્ઞાનપુંજ પ્રભુમેં પુણ્ય-પાપકા વિભાવ વિકલ્પકી ગંધ નહીં. સમજમેં આયા? ઐસી ગંધ જબ તક અપનેમેં માની, તબ તક તો મિથ્યાત્વસે ચાર ગતિમેં રુલા. આહાહા! કહતે હૈં ન, વ્યવહારસે નિશ્ચય હોતા હૈ. યહાં તો કહતે હૈં, વ્યવહારકી ગંધ નહીં આત્મામેં. કહાંસે નિશ્ચય હોતા હૈ? આહાહા! ભગવાન આત્મા

અપની દૃષ્ટિમેં પુણ્ય-પાપકા ભાવકા પર્યાયબુદ્ધિમેં અસ્તિત્વ માનતા થા વહ દૃષ્ટિ છોડ દી. મૈં તો જ્ઞાનપુંજ આત્મા આનંદકા કંદ નિજાનંદ પ્રભુ હૂં ઐસી દૃષ્ટિ જ્ઞાનદૃષ્ટિ ભયી, પૂર્વકી ભૂલ સ્વપ્ન જૈસી લગી. આહા! જૈસે સ્વપ્ન આયે ઔર ચલા જાયે ઐસે, યે ક્યા હુઆ? આહાહા! કૈસે હુઆ? રાગકા કર્તા, રાગકા ભોક્તા હુઆ કૈસે આત્મા? સમજમેં આયા? આહાહા!

અરે! અપના સ્વભાવ ભૂલકર, અપની ત્રિકાલી ચીજકો છોડકર, કૃત્રિમ પુણ્ય-પાપ, શુભ-અશુભ ભાવ ઉસકા પરિણમન કૈસે હો ગયા? ચૈતન્યમેં હૈ નહીં (વહ) હુઆ કૈસે? ભાન (હોને પર) ઐસા હોતા હૈ, યે કહતે હૈં. રાગ ઔર દ્વેષકા અનુભવ કરનેવાલા રાગકા ભોક્તા? અરે! ક્યા હુઆ? ભગવાન! મૈં તો આનંદકા ભોગનેવાલા આત્મા હૂં, યે ક્યા હુઆ? સ્વપ્ન (સમાન) હુઆ. આહાહા! સમજમેં આયા? જૈસે સ્વપ્ન આતા હૈ ન. આંખ ખુલ જાયે, ક્યા હુઆ? ઓહો! મૈં તો સુખડી ખાતા થા, પેડા ખાતા થા. નીંદમેં. સમજમેં આયા? આમ ખાતો હતો. કંઈ નથી. આહાહા! પાની પીતા થા, ભૂત આયા થા, ભૂતસે મૈં ડર ગયા થા. આવે છે ને સપનું. ભૂત.. ભૂત. આમ જ્યાં આંખ ખુલી તો ભૂતેય નહીં ને ડરેય નહીં. કુછ હૈ નહીં.

ઐસે આત્મા અપને ચૈતન્યસ્વભાવકા ભાન દૃષ્ટિ ખુલી, ક્યા હુઆ સંસાર? કૈસે હુઆ ? કુછ ખબર પડતી નહીં. આહાહા! મિથ્યાત્વકી મોહનિદ્રામેં.... મોહ લિયા ન, મિથ્યા(ત્વ) મોહ. રાગ અપના હૈ, પુણ્ય પરિણામ અપના હૈ ઐસી મિથ્યાબુદ્ધિ, યે मोह निद्रामैं सुपनकोसौ छल है.. યે સ્વપ્ન જૈસા છલ હો ગયા તેરા. સમજાણું કાંઈ? 'શ્રીમદ્'માં આવે છેને કાંઈક ? 'શ્રીમદ્'માં આવે છે ને ક્યાંક. (શ્રોતા : કોટિ વર્ષનું સ્વપ્નું) હા, એ, એ. 'કોટિ વર્ષનું સ્વપ્ન પણ જાગૃત થતાં સમાય, એમ વિભાવ અનાદિનો જ્ઞાન થતાં દૂર થાય.' લો. ગુજરાતી હૈ. કોટિ વર્ષકા સ્વપ્ન—કરોડ વર્ષનું સ્વપ્ન એનું.

કહા થા ન? એક સી. જી. શાહ થા વઢવાણકા. તો નિદ્રામેં ઐસા (સ્વપ્ન આયા) ઉસે કિ ચાર માસ મૈં બાહર ગયા. શું કહેવાય તમારી? બેગ. બેગ લેકર યહાં ચાર માસ(કે બાદ) મૈં આયા હૂં અભી. ચાર માસ જાપાન, યુરોપ ફરી ફરીને. હવે આમ આંખ ઉઘડી. કેલેન્ડર થા ન કેલેન્ડર. કહે, યહ કલકી તિથિ ક્યોં યહાં રખી? મુજે તો ચાર મહિને હુએ બહાર નિકલે. પર ઈસ ખાટમેં તુમ સોયે હો ન યહાં. સી. જી. શાહ થા વિસાશ્રીમાળી વઢવાણકા. ચાર મહિના ફરી આવ્યા ને બેગ મૂકી. આમ આંખ ખુલી. અરે! યે તિથિ ક્યો હૈ કેલેન્ડરમેં? ચાર માસ બાહર થા, કિસીને ફાડી નહીં. ક્યા હુઆ બાપુજી? નટુભાઈ! ખાટલો છે. આ ખાટલો સાંજે પાથર્યો હતો ને સૂતા હતા ને આ જાગ્યા. ચાર માસ .....

અહીં આવ્યા હતાને. ભ્રમણામાં. એવી ભ્રમણા લઈને ચાલ્યા ગયા.

આંહીં કહે છે, આહાહા! ભગવાન આત્મા... ભૂલમેં જો કોઈ અપરાધ, રાગ-દ્વેષ અપના માના થા, વહ ચીજ નહીં અપની. અપની ચીજ તો જ્ઞાન-આનંદસ્વરૂપ મૈં આત્મા હૈ—ઐસા સમ્યગ્દર્શન-જ્ઞાન દૃષ્ટિ હુઈ, निद्रामैं सुपनकोसौ छल है.. મોહકી નિદ્રા (ઉડ) ગઈ વહ તો. મોહકી નિદ્રા ઉડ ગઈ. ગુજરાતી હૈ. કોટિ વર્ષકા સ્વપ્ન-કરોડ વર્ષનું સ્વપ્ન આવ્યું. એક કલશકા યે અર્થ હૈ, લો. ૧૪ હૈ ન ૧૪. નીચે ૧૪વાં કલશ હૈ. ઉસકા અર્થ ઈતના હૈ. ઈતના અર્થ 'બનારસીદાસ'ને ભરા. પદ્યમેં લે લિયા ઈતના. ગદ્યમેં તો બહોત વિસ્તાર હૈ. પદ્યમેં ઐસા નહીં હૈ. લો, પૂરા હુઆ વહ.

(દોહરા)

अमृतचंद्र मुनिराजकृत, पूरन भयौ गिरंथ।
समयसार नाटक प्रगट, पंचम गतिको पंथ।।५६।।

**અર્થ :—**સાક્ષાત્ મોક્ષનો માર્ગ બતાવનાર શ્રી અમૃતચન્દ્ર મુનિરાજ કૃત નાટક 'સમયસાર ગ્રંથ' સંપૂર્ણ થયો. ૫૬.

**अर्थ :—**साक्षात् मोक्षका मार्ग बतलानेवाला श्री अमृतचंद्रजी मुनिराज कृत नाटक समयसार ग्रंथ संपूर्ण हुआ।।५६।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

'અમૃતચંદ્ર' મુનિરાજ આજસે પહલે ૯૦૦ વર્ષ પહલે, ૧૦૦૦ વર્ષ પહલે હુએ. મૂલ શાસ્ત્ર 'સમયસાર'કે કર્તા ૨૦૦૦ વર્ષ પહલે સંવત ૪૯(મેં).. 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંત સંવત ૪૯(મેં) ભરતક્ષેત્રમેં થે. ભગવાનકે પાસ ગયે થે. 'સીમંધર' પરમાત્મા વર્તમાન તીર્થંકર બિરાજતે હૈં. મહાવિદેહમેં બિરાજતે હૈં અભી. શરીર સહિત હૈં, કેવળજ્ઞાની હૈં. ચાર કર્મ બાકી હૈં, ચાર કર્મકા નાશ કિયા હૈ. અરિહંતપદમેં વર્તમાન બિરાજતે હૈં, મનુષ્યક્ષેત્રમેં. 'કુંદકુંદાચાર્ય' મહાવિદહમેં ગયે થે. આઠ દિન રહે થે. દિગંબર સંત થે. સમજમેં આયા? વહાંસે આકર 'સમયસાર' શાસ્ત્ર બનાયા. 'સમયસાર'કી ટીકા 'અમૃતચંદ્રાચાર્ય'ને કી. 'અમૃતચંદ્રાચાર્ય'ને યે કલશ બનાયે. કલશકા ગ્રંથ યહાં પૂરા હુઆ, યે કહતે હૈં. સમજમેં આયા?

अमृतचंद्र मुनिराजकृत.. 'બનારસીદાસ' કહતે હૈં, पूरन भयौ गिरंथ समयसार नाटक प्रगट, पंचम गतिकौ पंथ.. આહા! મોક્ષકા પંથ યે હૈ. સમજમેં આયા? નરક, પશુ, મનુષ્ય, દેવ—વહ ચાર ગતિ તો દુઃખદાયક હૈ. ઉસમેં જન્મ જીવકો કલંક હૈ.

સમજમેં આયા? યહ પંચમગતિકા પંથ. મોક્ષગતિ-સિદ્ધગતિ, ઉસકા પંથ સમયસાર. સમયસાર નામ આત્મા. શબ્દ—સમયસાર. ભાવ—આત્મા. હવે ૧૫મો કળશ. હૈ ન.

स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै व्यार्ख्या कृतेयं समयस्य शब्दैः।
स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति कर्तव्यमेवामृतचन्द्रसूरेः॥१५॥

**સમયસાર કળશ અર્થ :**—''अमृतचन्द्रसूरेः किञ्चित् कर्तव्यम् न अस्ति एव'' (अमृतचन्द्रसूरेः) ગ્રંથકર્તાનું નામ અમૃતચંદ્રસૂરિ છે, તેમનું (किञ्चित्) નાટક સમયસારનું (कर्तव्यम्) કરવાપણું (न अस्ति एव) નથી. ભાવાર્થ આમ છે કે નાટક સમયસાર ગ્રંથની ટીકાના કર્તા અમૃતચંદ્ર નામના આચાર્ય પ્રગટ છે, તોપણ મહાન છે, મોટા છે, સંસારથી વિરક્ત છે, તેથી ગ્રંથ કરવાનું અભિમાન કરતા નથી. કેવા છે અમૃતચંદ્રસૂરિ? ''स्वरूपगुप्तस्य'' દ્વાદશાંગરૂપ સૂત્ર અનાદિનિધન છે, કોઈએ કરેલ નથી—એમ જાણીને પોતાને ગ્રંથનું કર્તાપણું નથી માન્યું જેમણે, એવા છે. એમ કેમ છે? કારણ કે ''समयस्य इयं व्याख्या शब्दैः कृता'' (समयस्य) શુદ્ધ જીવ સ્વરૂપની (इयं व्याख्या) નાટક સમયસાર નામક ગ્રંથરૂપ વ્યાખ્યા (शब्दैः कृता) વચનાત્મક એવા શબ્દરાશિ વડે કરવામાં આવી છે. કેવો છે શબ્દરાશિ? ''स्वशक्तिसंसूचितवस्तुतत्त्वैः'' (स्वशक्ति) શબ્દોમાં છે અર્થ સૂચવવાની શક્તિ, તેથી (संसूचित) પ્રકાશમાન થયો છે (वस्तु) જીવાદિ પદાર્થોનો (तत्त्वैः) દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ અથવા હેય-ઉપાદેયરૂપ નિશ્ચય જેના વડે, એવો છે શબ્દરાશિ. ૧૫.

આખિરકા કલશ હૈ. ઉસકા અર્થ—સાક્ષાત્ મોક્ષકા માર્ગ બતલાનેવાલા. વિશેષમેં ....ચંદ્રસૂરી કહા. 'અમૃતચંદ્ર'જી મુનિરાજ કૃત નાટક 'સમયસાર' ગ્રંથ સંપૂર્ણ હુઆ. હિન્દી હતું. સમયસાર... ભાવ આવવા જોઈએને. ક્યા કહતે હૈં અર્થમેં? 'स्वशक्तिसंसूचितवस्तुतत्त्वैःर्व्याख्या'. યહ 'સમયસાર'કી ટીકા જો હુઈ વહ શબ્દસે હુઈ હૈ, આત્માસે નહીં, એમ કહતે હૈં. આત્મા તો જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યસૂર્ય હૈ. ઉસમેં શબ્દ કહાં હૈ કિ વહ શબ્દ બનાવે? આહાહા! સમજમેં આયા? 'स्वशक्तिसंसूचित'. પરમાણુ ભાષા(વર્ગણા)મેં અપની શક્તિ હૈ ઉસસે સૂચિત હુઆ 'वस्तुतत्त्वैःर्व्याख्या'. વસ્તુ-તત્ત્વકી યે વ્યાખ્યા શબ્દને કી હૈ, મૈંને નહીં કી. આ મોટા વકીલો તો કોર્ટમાં ત્યાં કહે, ઐસા હૈ, ઐસા હૈ. કહેવું પડે ન્યાં. ઐસા હૈ, ઐસી ભાષા હમ કરતે હૈં, ઐસી દલીલ કરતે હૈં, લો. યહાં તો કહતે હૈં, ભાષાકી પર્યાય આત્માસે હોતી હી નહીં કભી. યે તો જડ હૈ, જડસે ઉત્પન્ન હોતી હૈ યે ભાષા. આત્મામેં હૈ ભાષા? સમજમેં આયા? 'અમૃતચંદ્ર આચાર્ય' મુનિરાજ દિગંબર સંત ૯૦૦ વર્ષ પહલે 'સમયસાર'કી ટીકા રચનેવાલે કહતે હૈં કિ યે શબ્દસે ટીકા હુઈ હૈ, મેરેસે નહીં.

યે ધંધા-બંધા કરતે હૈં ન? મૂલચંદભાઈ! ક્યાં ગયા માણેકલાલજી? આ ધંધા દવાના મોટા કરે છે. કોણ કરે છે? હવે નવરા થઈને આંહીં બેઠા. પણ કરતા હતા ત્યાં સુધી કરતા હતાને ત્યાં? (શ્રોતા : ત્યારે પુદ્‌ગલ કરતો હતો). લે! (શ્રોતા : પુદ્‌ગલનું

કામ પુદ્‌ગલ જ કરેને. જીવ શું કરે ?) આહાહા ! મમતા. ઐસા હમને ધંધા કિયા, ઐસા હમને કિયા. ખજૂરકા વાડીયા ઐસા રખા. લો, એ યાદ આવ્યું વળી. ભૂરાભાઈ આપણા પોરબંદર. ખજૂર, ખજૂરકા ધંધા હૈ ન. ખજૂર સમજતે હૈં? ખજૂર નહીં સમજતે? ખજૂરકો ક્યા કહતે હૈં? (શ્રોતા : ખજૂરી બોલતે હૈં). હાં, વહ ખજૂર. બડા વેપાર હૈ ઉસકા ભૂરાભાઈકા. પોરબંદર. દસ સાલમેં ૨૦ લાખ પેદા કિયા. અભી ઔર ૨૦ લાખ પેદા કિયા એક સાલમેં. તો હુશિયાર થા તભી કિયા ન યહ સબ તુમને? ધૂલમેં ભી નહીં. તુમને તો રાગ કિયા થા, કીધું.

ભૂરાભાઈ ને મનસુખભાઈ ને ચાર ભાઈ છે ને ? કરોડપતિ. ૨૦-૨૦ લાખની પેદાશ વર્ષની. હમણાં કરોડ થઈ ગયા. ૨૦ લાખ તો ઉસકે પિતાજી રખકર ગયે થે. અબ કરોડ રૂપિયા હો ગયા. ખજૂર (ગોદામમેં) ચીજ રહ ગઈ. ચાર ભાઈ વચ્ચે ૨૫-૨૫ આવ્યા. એ બહારમાં એટલું ન કહે. જેટલા પૈસા થાય છે એટલા ન કહે. એને ખજૂર એટલો બધો રહી ગયેલો ખજૂર કે ભાવ ઘટી ગયા. ચૌથા લડકા હૈ. વે લોગ જાતે હૈં અરબસ્તાનમેં માલ લેનેકો. બસરા. વહ ખજૂરકી વખાર હૈ ન વખાર. વખાર કહતે હૈં? (શ્રોતા : ગોદામ) ગોદામ. કૂંચી બંધ કર દો. તાલા લગાકર કૂંચી મેરે પાસ લાઓ. ભાવ ઘટ ગયા હૈ (પર) હમ બચેંગે. તુમ ચિંતા ન કરો. ચૌથા લડકા હૈ. કુદરતસે ઐસા હુઆ. સરકારે (એલાન) કર દિયા કિ હિન્દુસ્તાનમેં વહાંસે ખજૂર લાના બંધ કરો. યહાં વખારમેં ભરી થી ઈતની ખજૂર. અપની ઈચ્છાસે ભાવ લિયા. ૧૫-૨૦ લાખ પેદા કિયા. જિસમેં જાનેવાલા થા... કોણ કરે ?

સરકારે એમ કર્યું હોં સરકારે. બસરાસે ખજૂર લાનેકા બંદ કર દિયા હિન્દુસ્તાનમેં. ઔર ઈસકે પાસ ખજૂર(કા) બહોત માલ પડા થા. બાદમેં તો બહોત પૈસા કમાયા. કોઈ ૧૫ લાખ કહતે હૈં, કોઈ વીસ લાખ કહતે હૈં. ઈતના ખજૂર પડા થા. સારે હિન્દુસ્તાનકો બેચી. દિલ્હી આદિ બહોત વેપારી હૈં ન. પોરબંદર યહાંકા મુમુક્ષુ હૈ. તો ક્યા અપની બુદ્ધિબલસે પૈદા હુઆ હૈ? ધૂળેય કામ કરે નહીં વેપારી. ચકોર હોય તોય મરી જાય. એમાં કાંઈ (નહીં.) પુણ્ય હો તો મિલે, ઉસકે બિના મિલે નહીં. આહાહા ! અને એ કહેતા હતા હતા કે મહારાજ ! અમે કાંઈ કર્યું નથી. મારી પાસે ન કહે તો બીજું (કોને) કહે ત્યારે. એય! અને આ છોકરાઓ નરમ છે. પૂર્વકા પુણ્ય હો તો ઐસી ચીજ નજરમેં દિખતી હૈ. દિખતી હૈ, આયે ક્યા ઔર લાવે ક્યા? દેખે, યે તો જ્ઞાનકી પર્યાયકી જાનનેકી શક્તિ ઉસકી હૈ. જાને, કિતના હૈ. સમજમેં આયા?

યહાં કહતે હૈં, 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજને જો ટીકા બનાયી... વે કહે, નહીં, મેરેસે બની હૈ હી નહીં. શાસ્ત્ર મેરેસે બના હૈ હી નહીં. શાસ્ત્ર જડકી પર્યાય હૈ. આહાહા !

ગજબ બાત હૈ. યહાં તો જહાં હો વહાં, મૈં કરતા હૂં, મૈં કરતા હૂં. ધંધામેં હુશિયાર. એય અનુપચંદભાઈ! શિવલાલભાઈ વેપારમેં બડા હુશિયાર થા. ભઈ, તમારો ભાઈ કહેતો હતો ઓલો કે જેમ ઈશ્વરે ઘર ફેરવ્યું એમ આણે ફેરવ્યું. એમ ભીમજીભાઈ કહેતા હતા. ખબર છે ને અહીં દાખલો આપ્યો હતો ત્યાં. ઈશ્વર ફેરવે એમ અમારા ઘરમાં... વાતો કરતા ત્યાં. હવે ફેરવ્યું ઘર. આંહીં કર્યું, લો. ભઈ, કોને કરે અને કોણ મૂકે? વહ તો ચીજ જહાં મિલની હૈ વહ ચીજ આતી હૈ, ઉસકે જડકે કારણસે. રાગ કરે કિ મૈં કમાયા, મુઝે ખોટ ગઈ. વહ તો રાગ-દ્વેષ કરે. દૂસરા તો કુછ કર સકતે નહીં. આહાહા!

આચાર્ય કહતે હૈં, યે તત્ત્વવ્યવસ્થાકી વ્યાખ્યા મૈંને નહીં કી. હૈ ન ? 'कृतेयं समयस्य शब्दैः' યે તો સમયકે શબ્દોંને બનાયી યે ટીકા, મેરેસે નહીં. આંહીં તો અભિમાનના પાર નહીં. કહો, ભીખાભાઈ! આહાહા! (શ્રોતા : મોટા માણસ એમ જ કહેને?) લ્યો, ઠીક. આંહીં એમ કહે, નહીં. આંહીં કહે છે. એમણે લખ્યું છે, 'કળશટીકા'માં એમ લખ્યું છે કળશટીકામાં. મોટા પુરુષ છે. એ અમે કર્યું એમ કેમ કહે? પણ કરી શકતો જ નથી. મોટા હો કે છોટા હો, જડકા ક્યા કરે? ક્યા અક્ષર બોલનેકી શક્તિ આત્મામેં હૈ? અક્ષર હોતા હૈ યે તો જડકી પર્યાય હૈ. એક અક્ષરમેં અનંત પરમાણુકી પર્યાય હો તબ અક્ષર બનતા હૈ. યે તો પરમાણુ જડકી અવસ્થા હૈ. આત્મા બના સકે અક્ષરકો? ભાન ન મળે મૂઢની જેમ. પંડિત બોલતે હૈં ઐસા નહીં. પંડિત કહતે હૈં કિ નહીં, હમને શાસ્ત્ર શીખા, હમ બોલતે હૈં. સુનો સુનો. યહાં નહીં કહતે કિ સુનો. વાહ તો સુનનેકી ક્રિયા જડ પર ધ્યાન રખો, ઈતની બાત. શબ્દ ક્યા અપનેસે હોતા હૈ? શબ્દ સુનનેવાલેકો શબ્દસે જ્ઞાન હોતા હૈ? ગજબ વાત માર્ગ વીતરાગકા!

તો કહતે હૈં, 'कृतेयं समयस्य शब्दैः' (ઈસકા) અર્થ તો કિયા હી નહીં. પાઠમાં એમ લીધુંને, अमृतचंद्र मुनिराजकृत, पूरन भयौ गिरंथ, समयसार नाटक प्रगट, पंचम गतिको પંથ. એમણે હા પાડી અર્થ કરીને. 'स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति' આચાર્ય મહારાજ કહતે હૈં, મૈં તો જ્ઞાનસ્વરૂપમેં રહનેવાલા હૂં. મૈં કોઈ શબ્દમેં આયા હૂં, રાગમેં આયા હૂં—યે તો હૈ નહીં. સમજમેં આયા? આહા! ભારે વાત ભાઈ! ભગવાન ચૈતન્યસ્વરૂપ ચૈતન્યપ્રકાશ યે તો અપનેમેં અસ્તિમેં રહા હૈ. મૈં તો અપને જ્ઞાનસ્વરૂપમેં રહા હૂં. વિકલ્પ ઔર વાણીમેં તો મૈં આયા હી નહીં, તો કહાંસે મૈં રચૂં? સમજમેં આયા? 'स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति' મેરા કુછ કર્તવ્ય નહીં. આહાહા! 'न कर्तव्यमेवामृतचन्द्रसूरेः' 'किञ्चिदस्ति न कर्तव्यमेवामृतचन्द्रसूरेः' મેરા કુછ કર્તવ્ય નહીં. ભગવાન! વાણીકી શક્તિમેં સ્વ-પર કહનેકી તાકાત હૈ. પરમાણુ—વાણીમેં સ્વ-પર કહનેકી તાકાત હૈ ઉસસે બના હૈ. મૈં તો સ્વપરકા જાનનેવાલા હૂં, મૈં કોઈ પરકા કર્તા નહીં. આહાહા!

અહીંયા તો જ્યાં હોય ત્યાં મૈંને કિયા, મૈંને કિયા. 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' જ્યાં ત્યાં હું કરું છું. શરીર હું કરું, વાણી હું કરું. વાણી હું કરું, શરીર હું કરું, આ કરું.. આ કરું.. આ કરું. શબ્દકા અર્થ તો ઐસા હૈ. ઉસકી દૃષ્ટિ દૂસરી હૈ. (લૌકિક માન્યતા છે કે) ઈશ્વર કર્તા, હું કર્તા નથી. કોઈ કર્તા હૈ નહીં. પરમાણુકી પર્યાયકા કર્તા પરમાણુ હૈ. ઈશ્વર ક્યા કરે? આહાહા! તત્ત્વકી ખબર નહીં. જીવતત્ત્વ ક્યા કરે? કિ જીવતત્ત્વ જ્ઞાતા-દૃષ્ટાકી પર્યાય રચે, વહ ભી વ્યવહારસે. સમજમેં આયા? આહાહા! શરીરકી ક્રિયા, વાણી-ભાષાકી ક્રિયા તીન કાલ તીન લોકમેં તીર્થંકરદેવ ભી કરતે નહીં. સમજમેં આયા? નવ તત્ત્વમેં અજીવતત્ત્વકી શ્રદ્ધા કબ હોતી હૈ? કિ જીવ અપનેમેં હૈ, અજીવમેં આતા નહીં ઔર અજીવ અપનેસે પરિણમતા હૈ. તબ તો અજીવકી શ્રદ્ધા યથાર્થ કહનેમેં આતી હૈ. યહ તો અજીવકી શ્રદ્ધા—ભાષા મૈંને કી, ઐસા કિયા. દેખો (શ્રોતા : .....) કોણ લાવે ભાષા? હમણાં તો કફને લઈને જુઓને ભાષા જાડી થઈ ગઈ છે. એને નીકળવું હોય એમ નીકળે. સમજમેં આયા?

'स्वरूपगुप्तस्य न किञ्चिदस्ति कर्तव्यमेवामृतचन्द्रसूरेः' આહાહા! કોઈ પ્રાણી રાગકી ક્રિયાકા કર્તા માને વહ ભી મિથ્યાદૃષ્ટિ મૂઢ હૈ. તબ પરમાણુકી પર્યાયકા કર્તા માને વહ તો મહામિથ્યાદૃષ્ટિ મૂઢ હૈ. આહાહા! કહો, સમજાય છે કાંઈ? દુકાન ઉપર થડે કોઈ હુશિયાર માણસ હોય. થડા કહેવાયને ક્યા કહતે હૈં? થડા. બરાબર જાળવે દુકાનની ધંધાની પર્યાય. બડથોલ જેવો બેસે તો કામ કરી શકે? નહીં? ક્યા કરે? ધૂલ કરે? વહ તો બાહ્યકી ક્રિયા જડકી હોનેવાલી હોતી હૈ. આત્મા કર્તા-ફર્તા ઉસકા હૈ નહીં. જૈન પરમેશ્વરકો માનનેવાલા ઐસે કહે કિ મૈં જડકા કર્તા હૂં. વહ જૈન પરમેશ્વરકો માનતા નહીં. સમજમેં આયા? આચાર્ય કહતે હૈં કિ મૈં ઈસ વાણીકા, ટીકાકા, શાસ્ત્રકા કર્તા નહીં હૂં. બીજે જૂઠું બોલવું? બોલવાની વાત છે, કરી શકતો તો છે નહીં. આહાહા! ઐસે મૈં તો જ્ઞાતા-દૃષ્ટા આત્મા હૂં. વાણી, વાણીકે કારણસે નિકલ ગયી હૈ. ઉસસે મૈં ઉદાસ હૂં. ઐસે તાત્પર્ય નિકાલકે પરકા કર્તાપના (સમઝકર) છોડ દે. ઔર તેરી જ્ઞાનશક્તિકા કર્તા, શક્તિકા પરિણમન ઉસકા તુમ કર્તા હૈ. દૂસરેકા કર્તા હૈ નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૭૮ આસો સુદ ૧૪ રવિવાર તા. ૩-૧૦-૧૯૭૧
## સાધ્ય સાધક દ્વારના સાર પર પ્રવચન

### બારમા અધિકારનો સાર

જે સાધે તે સાધક, જેને સાધવામાં આવે તે સાધ્ય છે. મોક્ષમાર્ગમાં ''મૈં સાધ્ય સાધક મૈં અબાધક''ની નીતિથી આત્મા જ સાધ્ય છે અને આત્મા જ સાધક છે, ભેદ એટલો છે કે ઊંચી અવસ્થા સાધ્ય અને નીચલી અવસ્થા સાધક છે, તેથી કેવળજ્ઞાની અર્હંત સિદ્ધ પર્યાય સાધ્ય અને સમ્યગ્દૃષ્ટિ શ્રાવક સાધુ (વગેરે) અવસ્થાઓ સાધક છે.

અનંતાનુબંધીની ચોકડી અને દર્શનમોહનીયત્રયનો અનુદય થવાથી સમ્યગ્દર્શન થાય છે અને સમ્યગ્દર્શન પ્રગટ થતાં જ જીવ ઉપદેશનો વાસ્તવિક પાત્ર થાય છે, તેથી મુખ્ય ઉપદેશ તન, ધન, જન આદિ તરફથી રાગ દૂર કરવાનો અને વ્યસન તથા વિષય-વાસનાઓથી વિરક્ત થવાનો છે. જ્યારે લૌકિક-સંપત્તિ અને વિષય-વાસનાઓથી ચિત્ત વિરક્ત થઈ જાય છે ત્યારે ઇન્દ્ર, અહમિન્દ્રની સંપદા પણ વિરસ અને નિસ્સાર જણાવા લાગે છે તેથી જ્ઞાનીઓ સ્વર્ગાદિની અભિલાષા કરતા નથી કારણ કે જ્યાંસુધી (ઉપર) ચડીને 'દેવ ઇક ઇન્દ્રી ભયા'ની ઉક્તિ અનુસાર ફરી નીચે પડે છે તેને ઉન્નતિ જ કહેતા નથી અને જે સુખમાં દુઃખનો સમાવેશ છે તે સુખ જ નથી દુઃખ જ છે, તેથી વિવેકી જીવ સ્વર્ગ અને નરક બન્નેને એક સરખા જ ગણે છે.

આ સર્વથા અનિત્ય સંસારમાં કોઈ પણ વસ્તુ એવી નથી જેના પ્રત્યે અનુરાગ કરવામાં આવે; કારણ કે ભોગોમાં રોગ, સંયોગમાં વિયોગ, વિદ્યામાં વિવાદ, શુચિમાં ગ્લાનિ, જયમાં હાર પ્રાપ્ત થાય છે. ભાવ એ છે કે સંસારની જેટલી સુખ સામગ્રી છે તે દુઃખમય જ છે, તેથી સુખની સહેલી એકલી ઉદાસીનતા જાણીને તેની જ ઉપાસના કરવી જોઈએ.

### बारहवें अधिकारका सार

जो साधै सो साधक, जिसको साधा जावे सो साध्य है। मोक्षमार्गमें, ''मैं साध्य, साधक मैं अबाधक''की नीतिसे आत्मा ही साध्य है और आत्मा ही साधक है, भेद इतना है कि ऊँचेकी अवस्था साध्य और नीचेकी अवस्था साधक है इसलिये केवलज्ञानी अर्हंत सिद्ध पर्याय साध्य और सम्यग्दृष्टि श्रावक साधु अवस्थाएँ साधक है।

अनंतानुबंधीकी चौकडी और दर्शनमोहनीय त्रयका अनुदय होनेसे सम्यग्दर्शन होता है, और सम्यग्दर्शन प्रगट होने पर ही जीव उपदेशका वास्तविक पात्र होता है, सो मुख्य उपदेश तन, धन, जन आदिसे राग हटाने और व्यसन तथा विषय-वासनाओंसे विरक्त होनेका है। जब लौकिक सम्पत्ति और विषय-वासनाओंसे चित्त विरक्त हो जाता है तब इन्द्र अहमिन्द्रकी सम्पदा भी निरस और निस्सार भासने लगती है, इसलिये ज्ञानी लोग स्वर्गादिकी अभिलाषा नहीं करते, क्योंकि

जहाँ तक चढ़कर 'देव इक इन्द्री भया'की उक्तिके अनुसार फिर नीचे पड़ता है उसे उन्नति ही नहीं कहते हैं, और जिस सुखमें दुःखका समावेश है वह सुख नहीं दुःख ही है, इसमें विवेकवान स्वर्ग और नर्क दोनोंको एक ही सा गिनते हैं।

इस सर्वथा अनित्य संसारमें कोई भी वस्तु ऐसी नहीं है जिससे अनुराग किया जावे; क्योंकि भोगोंमें रोग, संयोगमें वियोग, विद्यामें विवाद, शुचिमें ग्लानि, जयमें हार पायी जाती है। भाव यह है कि संसारकी जितनी सुख-सामग्रियाँ हैं वे दुःखमय ही हैं, इससे सुखकी सहेली अकेली उदासीनता जानकर उसकी ही उपासना करनी चाहिए।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

સમયસાર નાટક. બારમો અધિકાર એનો સાર.. સાર. जो साधै सो साधक, जिसको साधा जावे सो साध्य है. શું કહ્યું? કે આ આત્મા છે વસ્તુ, એ શુદ્ધ ચૈતન્યઘન વીતરાગમૂર્તિ આત્મા છે. શરીર, વાણી, મન તો જડ છે, આ તો અજીવ છે. એ કંઈ આત્મા નથી, એ આત્મામાં નથી. તેમ કર્મ જે છે એ કંઈ આત્મા નથી. એ તો અજીવ છે, જડ છે. એ આત્મામાં નથી. તેમ પુણ્ય ને પાપના ભાવ થાય શુભ-અશુભભાવ એ કંઈ આત્માના નથી, આત્મામાં નથી. હવે રહ્યો આત્મા. એમાં તો અનંત આનંદ, અનંત શાંતિ, અનંત જ્ઞાન, અનંત પુરુષાર્થનો પિંડ એ આત્મા છે. સમજાણું કાંઈ? એ આત્મા.. સાધે સો સાધક. પોતાનું સ્વરૂપ પૂર્ણ પરમાત્મદશા એ સિદ્ધ કે અરિહંતદશા, અરિહંત કે સિદ્ધદશા એ એનું સાધ્ય. સાધક નામ જેના દ્વારા સાધા જાવે.

जिसको साधा जावे, એમ. જેના દ્વારા (સધાય) એ તો સાધક. જિસકો સાધા જાવે. કેવલજ્ઞાન પ્રગટ કરવું, સિદ્ધપદ પ્રગટ થવું એ સાધ્ય છે આત્માનું. સમજાય છે કાંઈ? અને સાધક એ આત્મા પોતે શુદ્ધ ચૈતન્ય પુણ્ય-પાપના વિકલ્પ અને રાગરહિત એ આત્મા સન્મુખની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ વીતરાગી પર્યાય એ આત્મા સાધક. આત્મા સાધક (અર્થાત્) આત્માની પર્યાય એ સાધક. મોક્ષનો માર્ગ એ. સમજાય છે કાંઈ?

मोक्षमार्गमें, 'मैं साध्य, साधक मैं अबाधक' 'છ ઢાળા'ની વાત છે. 'છ ઢાળા'મેં આતા હૈ. मैं સાધ્ય-સાધક. ધર્મી એમ સમજે છે કે, આહાહા! હું એક આત્મા શાંતરસનો પિંડ પ્રભુ, સર્વજ્ઞ પરમેશ્વરને જે દશા—પૂર્ણ કેવળજ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ પુરુષાર્થ પ્રગટ થયો, એ બધા પુરુષાર્થનો પિંડ અને જ્ઞાનનો પિંડ હું છું. સમજાણું કાંઈ? એવો આત્મા કહે છે કે मैं સાધ્ય. હું જ મારી પૂર્ણદશા પ્રાપ્ત કરવાને લાયક એ હું. અને मैं સાધક. પૂર્ણ કેવલજ્ઞાન અને અરિહંતપદને પ્રાપ્ત કરવાનું કારણરૂપ હું. પુણ્ય ને પાપ અને

નિમિત્ત, શરીર આદિ કોઈ કારણ સાધક નહીં, એમ કહતે હૈં. આહાહા! સમજાણું કાંઈ? સર્વજ્ઞ વીતરાગનો માર્ગ બહુ સૂક્ષ્મ ઝીણો છે. દુનિયા બહારના કડાકૂટામાં મર્યા. ક્રિયા કરો ને આ કરો ને તે કરો ને. આહાહા!

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવની વાણીમાં એમ આવ્યું કે ધર્મી આત્મા પોતે પોતાને સાધક માને છે અને પોતે પોતાનું સાધ્ય પોતે પ્રગટ કરે છે. આહા! જયંતિભાઈ! ભારે! મૈં સાધ્ય. હું એક આત્મા. આ (શરીર) તો માટી, જડ, ધૂળ, કર્મ જડ, ધૂળ. પણ ખબર ન મળે, બોલે એમ ખરા. અર્થની ખબર ન મળે. લોગસ્સમાં આવે છે 'વિહુય રયમળા.' આવે છે ને.

હે પરમાત્મા ! હે સિદ્ધ ભગવાન ! અરિહંત ! આપે વિહુય નામ ટાળ્યા છે, રજ નામ જડ કર્મ અને મલ નામ પુણ્ય-પાપનો મેલ ભાવ. એ એની ચીજ નથી એટલે ટળી ગઈ છે, એમ કહે છે. પણ અર્થની કાંઈ ખબર (નહિ.) જય નારાયણ. 'લોગસ્સ ઉજ્જોઅગરે ધમ્મતિત્થયરે જિણે.' જય નારાયણ. અર્થની કાંઈ ખબર ન મળે. પણ ધર્મ ક્યારે થાય, ખબર છે? એ ધર્મ કરનારો આત્મા કેવા સ્વભાવે, કઈ સ્થિતિએ, કઈ રીતિએ છે? એ આત્મા છે એ પોતે સાધક થાય છે. પુણ્ય-પાપના વિકલ્પ અને રાગ એ સાધક થતું નથી. આહાહા!

જુઓને, 'मैं साध्य, साधक मैं अबाधक'.. ત્રણ શબ્દ લીધા છે 'છ ઢાળા'ના. હું એક આત્મા જ્ઞાન અને આનંદ અતીન્દ્રિય આનંદની મૂર્તિ. 'સમાહિવરમુત્તમંદિંતુ' નથી આવતું? એના અર્થની ખબર ન મળે. જય નારાયણ. વાણિયા બોલી જાય એમને એમ, બસ. ધીરુભાઈ ? સમાહિ એનો અર્થ એટલે શું હશે ? ઓલા બાવા ચડાવે સમાધિ એવી હશે? સમાધિ. 'સમાહિવરમુત્તમંદિંતુ.' હે પરમાત્મા! મને તો આત્મા આનંદની સમાધિ જોઈએ. મારે પુણ્ય-પાપના વિકલ્પ અને રાગ જોઈતાં નથી. એમ ધર્મી ભાવના કરે છે. ધીરુભાઈ! આવે છે તમારે? લોગસ્સમાં આવે છે. કર્યો હતો? હા. પણ મોઢે કર્યો હતોને તમે. આહાહા!

'સમાહિવરમુત્તમંદિંતુ.' આવે છે ને. 'સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ.' હે સિદ્ધ ભગવાન! મને સિદ્ધિ આપજો. સિદ્ધ ભગવાન દેતે હૈં સિદ્ધપદ? સિદ્ધ ભગવાન તો પરચીજ છે. આ તો અંદર પોતે પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનનો ભંડાર ભગવાન છે એમાંથી કેવલજ્ઞાન આવે છે. એવી જે ચીજ પોતે, એ સિદ્ધ પ્રભુ તું. 'સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ.' મારી પૂર્ણદશાને પ્રાપ્ત થાઓ. એ સાધ્ય. આહાહા! મૈં સાધ્ય અને સાધક, એમ કહ્યું છે. એમાં ક્યાંય પુણ્ય ને પાપ સાધક, વ્યવહાર સાધક અને નિશ્ચય સાધ્ય એમ નથી

કહ્યું. પણ આ મૈં સાધક એટલે હું આત્મા. તે (શુભરાગ) આત્મા થઈ ગયો? સમજાણું કાંઈ? એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે ત્યાં. છે નહીં. એમ કહતે હૈં ન. ત્રણ શબ્દો વાપર્યા છે એમાં.

હું આત્મા ચૈતન્યજ્યોત અતીન્દ્રિય આનંદનો પિંડ હું જ પૂર્ણ પ્રાપ્તિ કરવાનું સાધ્ય હું છું. મારૂં સાધ્ય કોઈ બીજા સિદ્ધ ભગવાન કે અરિહંત છે નહીં, એમ કહે છે. મારી પૂર્ણ કેવલજ્ઞાનની દશા એ મારે સાધ્ય છે. મારે સાધવાનું હોય તો એ છે. અને સાધકને સાધન કોણ? કે મૈં સાધન. 'મૈં' કહ્યું છે ને. 'મૈં' એટલે આત્મા. આત્મા એટલે એ તો પુણ્ય-પાપના વિકલ્પના રાગ વિનાનો અને અવિકારી શાંતરસનો ભરેલો. આહાહા! ઓલી ગાથા જોઈ હતી. શ્લોક આવે છે ને मज्जन्तु. સવારના કહ્યું હતું ને. 'मज्जन्तु निर्भरममी सममेव लोका' આચાર્ય કહે છે. જીવ અધિકાર પૂરો થાય છેને, આત્માનો અધિકાર.

હું પૂર્ણ આનંદ અને પૂર્ણ શાંતસ્વરૂપ વિકાર વિનાનો, શરીર વિનાનો એ તને બતાવીશ કે આ આત્મા. એ આત્મામાં આખો લોક સર્વ સમસ્ત सममेव એક સાથે પડો અહીંયા. આત્માના શાંતરસમાં આવી જાઓ, ભાઈ! તમને ક્યાંય બીજે સુખ છે નહીં. આખી દુનિયાને એમણે આમંત્રણ આપ્યું છે. પ્રસન્ન થયેલો આત્મા આખી દુનિયાને કહે છે. આહાહા! આવો ભગવાન, એ દયા-દાન-વ્રત-ભક્તિના વિકલ્પ ઉઠે એ રાગ વિનાની ચીજ છે. એ ચીજ આત્માની હોય તો સિદ્ધમાં પણ રહેવું જોઈએ. પણ ખબર ન મળે કાંઈ. ખબર એકેય ની ખબર નહીં. એ ધીરુભાઈ! મંદિર બનાવો. બનાવી દો એકાદ–બે. અપાસરો બનાવી દો. કાં પોષા કર્યા હોય એને બે રૂપિયા આપો, જાઓ. બબ્બે-ત્રણ-ત્રણ. ધર્મ થઈ ગયો, લો. ધૂળમાંય ધર્મ નથી.

આંહીં કહે છે, હું સાધ્ય. જેને હુંપણું–ચૈતન્યપણું, આનંદપણું, આત્મપણું છે એ ધર્મની પૂર્ણદશાની પ્રાપ્તિનું સાધન હું છું. વ્યવહાર, દયા-દાન ને વ્રત વિકલ્પ એ સાધન છે નહીં. આહાહા! વચ્ચે આવે પણ એ તો બાધક છે. ત્યારે હું અબાધક છું એમ કહે છે, જુઓ. સમજાણું કાંઈ? મારી ચૈતન્ય ચીજ ભગવાન આત્મા જેમાં અતીન્દ્રિય સુખનો સાગર પ્રભુ છે. સમજાય છે કાંઈ? અરે! એ કેમ બેસે? જગતની ચીજની કિંમત કરે. હીરા માણેકની પરીક્ષાઓ કરે. 'પરખ્યા હીરા-માણેક-મોતી પરખ્યા હેમ કપુર, પણ એક આત્મા ન પકડ્યો ત્યાં રહ્યો દિગ્મૂઢ.' આહાહા! તું કોણ? કહે, એ આપણને કાંઈ ખબર ન પડે. આહાહા!

આમ પરીક્ષા કરવા બેસે, મોટો દેવનો દીકરો ઉતર્યો જાણે ઉપરથી. આમ દાણો આવો હોય ને જુવાર આવા મોતીના દાણા જેવી હોય અને બાજરો મગના દાણા જેવો

ને ઢીંકણું. બધી વાત એના પ્રમાણે કરે ને બધી. હીરા આવા ને માણેકના... અત્યારે નથી કોઈ ઝવેરી. હીરા ને માણેક. તમારી ઘડિયાળ. ઘડિયાળની તપાસ કરતો હશે ત્યાં કેટલું ..... થાતું હશે સ્વીટ્ઝર્લેન્ડ. આવી ઘડિયાળ હોય ને એનો કાંટો આવો હોય ને. છોકરી તમારી એમ કરતી હોં આ પરણાવી એ. શું કહેવાય એમાં ઘડિયાળના? (શ્રોતા : પાર્ટ્સ) પાર્ટ્સ. એ એમ કરતી. શોખ હતોને. એના બાપની એક જ દીકરી. પણ એ શોખ હતો એને. લગન (કરાવ્યા)ને એના છોકરાએ. આઠ લાખ ખરચ્યા એક(લગ્ન)માં. બે કરોડમાં આઠ લાખની શું ગણતરી પણ? એ દુનિયાના કોલસાના ધંધા છે બધા. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એ રાગ અને રજકણ વિનાની ચીજ એટલે કે અરાગી ને અરૂપી ચૈતન્યઘન જીવ—આત્મા. અજીવ વિનાની એટલે એકલો જીવ ચૈતન્યમૂર્તિ આનંદ. રાગ વિનાની એટલે એકલો વીતરાગમૂર્તિ આત્મા. સમજાણું કાંઈ? પણ હવે એ સાંભળ્યું ય ન હોય ત્યાં. ભગવાન વીતરાગદેવ ત્રિલોકનાથ પરમેશ્વર અરિહંત એમ ફરમાવે છે કે મૈં સાધ્ય, સાધક અને અબાધક. તું પોતે એકવાર નક્કી કર. પંડિતજી ! મારા સ્વરૂપમાં.. સ્વ—રૂપ મારું, એ જ્ઞાનના તેજવાળું અને આનંદના સ્વભાવના સુખવાળું એવી મારી ચીજ અને એ હું. એમાં મારો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય, એ પૂર્ણની પ્રાપ્તિ કરવાને મારો શુદ્ધ ચૈતન્ય પર્યાય અપૂર્ણ સાધકપર્યાયને સ્વભાવની સાધક કહીએ, એને માર્ગ કહીએ, એને મોક્ષનો ઉપાય કહીએ. પૂર્ણ આનંદની દશા પ્રગટ થાય તેને મોક્ષને સાધ્ય કહીએ.

પણ એ બધો હુંનો હું છું, એમ કીધું. એમાં કોઈ પુણ્ય-પાપ ને વ્યવહાર ને નિમિત્તની જરૂર છે, એવું છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? શાંતિભાઈ! ક્યારના કહે છે, સોનગઢવાળો આમ કરીને કહે. અરે! પણ સાંભળ તો ખરો પહેલો. તેં સાંભળ્યું ય નથી. સોનગઢવાળા વ્યવહારનો નાશ કરે છે, ઢીંકણું કરે. બહાર વાતો બહુ કરે બધા. પણ સાંભળ, એકવાર સાંભળ બે-પાંચ દસ દિ' કે આ શું છે. શું છે અને શું કહે છે. એ માર્ગ સાંભળ્યો નથી એણે કોઈ દિ'. વીતરાગ ત્રિલોકનાથ કહે છે એ પંથની રીતની એને ખબર નથી. આહાહા!

આંહીં તો કહે છે કે મૈં સાધ્ય. મારી પૂર્ણ દશા—સિદ્ધદશા કે અરિહંતદશા એ મારે સાધવાયોગ્ય ચીજ છે. અને હું સાધક. મારો સ્વભાવ ચૈતન્યઘન એની અંતર્મુખની અપૂર્ણ નિર્મળદશા એ હું સાધક છું. સિદ્ધપદ મારું તેનો સાધક હું છું. વચમાં દયા-દાન-વ્રત આવે, એ બંધના કારણ છે. એ મારા સાધકને મદદ કરતાં નથી, એમ કહે છે. આહાહા! ધીરૂભાઈ! અરેરે ! આ જિંદગી ચાલી જાય છે. મનુષ્યનો અવતાર માંડ અનંતે કાળે મળ્યો. એમાં સત્‌ની સમજણ(નો) સાચો દોરો જો ન પરોવ્યો સોયમાં, તે સોય ખોવાશે, હાથ નહીં આવે. સમજાણું કાંઈ? દોરા વિનાની સોય હાથ નહીં આવે. ક્યાંય ખોવાઈ

જાય. એમ સમ્યક્‌જ્ઞાનરૂપી દોરો જો ન પરોવ્યો તો હાથ નહીં આવે ક્યાંય. બરાબર હશે? આહાહા!

કહે છે. એક શબ્દમાં ઠીક નાખ્યું છે તમારે 'છ ઢાળા'માં. મૈં સાધ્ય. મૈં એટલે આત્મા. આત્મા એટલે પવિત્રનો પિંડ. વીતરાગની મૂર્તિ એ આત્મા. કેમકે વીતરાગ પર્યાયમાં થાય એ ક્યાંથી થાય? અંદરમાં છે એમાંથી આવે છે. મૈં એટલે વીતરાગમૂર્તિ અરૂપી ચૈતન્યઘન. મૈં સાધ્ય. હું જ પોતે પૂર્ણ સાધ્યને પ્રગટ કરનારો હું અને સાધક પણ હું આત્મા. રાગ ને નિમિત્ત અને પુણ્ય ને પાપ સાધન-ફાધન મારે છે નહીં. આહાહા! છે ને. છ ઢાળામાં છે. આ છ ઢાળામાંથી લીધું. છ ઢાળા છે ને ? 'દોલતરામજી' કૃત. પૂછી લીધું વળી ક્યાંથી હશે આ ?

मैं साध्य, साधक मैं अबाधक'.. આહાહા! ધર્મી સમ્યગ્દ્રષ્ટિ આત્માના ભાનવાળો એમ કહે છે કે હું અબાધક—મને વિઘ્ન કરવા જગતમાં કોઈ સમર્થ છે નહીં. મને કોઈ વિઘ્ન અને બાધા કરે એવી કોઈ જગતમાં ચીજ નથી. અબાધક. સમજાણું કાંઈ? ત્રણ અર્થ થયા. मैं साध्य, साधक मैं अबाधक'.. હું આત્મા અનંત પુરુષાર્થનો પિંડ પ્રભુ અને અતીન્દ્રિય જ્ઞાન અને અનંત આનંદનો ઢગલો આત્મા. અરૂપીઘન.

સુવર્ણની ગાંઠ જેમ હોય, અધમણની કે મણની, જ્યાં જુએ ત્યાં સુવર્ણનો રસ જ હોય. એમ ભગવાન આત્મા, આ પરમાણુ અને રાગની પાછળ એકલો અતીન્દ્રિય આનંદ અને શાંતરસની ગાંઠ છે. આહાહા! શાંતરસ એટલે વીતરાગભાવ. ભગવાન અરિહંતને વીતરાગભાવ પ્રગટ થયો, એ ક્યાંથી આવ્યો? બહારથી આવે છે? અંદરમાં છે એ આવ્યો. તો છું એવો જ હું. આહાહા! આ તો સાદી ભાષાએ સમજાય એવું છે. પણ માળે કોઈ દિ' દરકાર કરી નથી. એમ ને એમ બે ઘડી જાય સાંભળવા. મારે ઓલા ગપ્પા માથેથી. સાંભળીને જય.. જય કરી ને જાઓ પૂરૂં. પથરણું ખંખેરીને ગયા. આ વેપાર ધંધો, ૨૩ કલાક ધંધો અને એક કલાક સાંભળવું. એમ હશે જયંતિભાઈ ? આહાહા!

...की नीतिसे आत्मा ही साध्य है, દેખો. મૈં સાધ્ય સાધક, મૈં અબાધક. આહા! બહુ નાખ્યું ટૂંકું. (ઇસ) રીતિસે... ઇસ નીતિસે અને રીતિસે—પધ્ધતિસે આત્મા હી સાધ્ય હૈ. મારું પૂર્ણ સ્વરૂપ કેવલજ્ઞાન—સિદ્ધદશા—અરિહંતપદ મારી દશા એ મારું સાધ્ય છે. મારું લક્ષ્ય—ધ્યેય ત્યાં છે. સમજાણું કાંઈ?

और आत्मा ही साधक है. ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વભાવ(ની) અંતર્મુખ થઈને નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગીદશા એ હું સાધક છું.

આહાહા! વ્યવહાર એ હું નહીં, નિમિત્ત એ હું નહીં, આ સંહનન મજબૂતાઈ અને શરીર એ હું નહીં. એ સાધક નહીં મારે. આહાહા! કહો ભીખાભાઈ! હું અને આ જીવ સાધક– બે, એમ કહે છે આમાં. પોતે ગુરુ અને પોતે દેવ. અનંત આનંદનો નાથ અંદર બિરાજે છે, તને ખબર નથી તારી તને. સમજાણું કાંઈ? તારા સંપદામાં તો અનંતી આનંદ અને જ્ઞાનની લક્ષ્મી પડી છે. એવો આત્મા એ હું.

આત્મા હી સાધક. ભેદ ઈતના.. ફેર કેટલો સાધ્ય અને સાધકમાં? કાર્ય અને કારણમાં? કે ऊँचेकी अवस्था साध्य.. અરિહંત પૂર્ણ કેવળજ્ઞાનની (દશા) અને અરિહંતને થયું કેવળજ્ઞાન, કેવળદર્શન અનંતું એ ઊંચી દશા એ સાધ્ય. ઊંચેકી અવસ્થા. અવસ્થા હોં દશા. नीचेकी अवस्था साधक है. નીચલી દશા. આત્મા પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન–એની શ્રદ્ધા, એનું જ્ઞાન, એની એકાગ્રતા એ સાધક. આત્માની ને આત્માની પૂર્ણ અવસ્થા સાધ્ય અને નીચલી અવસ્થા સાધક. એને કોઈ દયા-દાન ને વ્રતના વિકલ્પ સાધક અને એનું સાધ્ય પૂર્ણ કેવળજ્ઞાન, એમ છે નહીં. હૈ ન ઉસમેં ?

इसलिये केवलज्ञानी अर्हंत सिद्ध पर्याय साध्य, દેખો. કેવળજ્ઞાની પરમાત્મા થવું, અરિહંતપણું થવું, સિદ્ધ પર્યાય થવી, પર્યાય છે સિદ્ધ(દશા), એ પર્યાય સાધ્ય–પ્રગટ કરવાને લાયક. और सम्यग्दृष्टि श्रावक साधु अवस्थाएँ साधक है, દેખો. આહાહા! સમ્યગ્દ્રષ્ટિ પૂર્ણ આત્મા આનંદકંદ શુદ્ધ ચૈતન્ય એવી દૃષ્ટિ એવો સમકિતી ચોથે ગુણસ્થાને હો, ગૃહસ્થાશ્રમમાં હો, છ ખંડના રાજમાં દેખાય. 'ઋષભદેવ' ભગવાનના પુત્ર 'ભરત'. છ ખંડનું રાજ. સમજાય છે? ૯૬ હજાર સ્ત્રી ઘરે. નવ નિધાન. સોળ હજાર દેવ સેવા કરે. પણ એ હું નહીં. એ હું નહીં. હું તો આનંદ ને જ્ઞાનનો ધામ તે હું છું. એ રાગ અને આ શરીર અને આ સ્ત્રીઓ એ મારામાં નહીં, એ મારી નહીં. આહાહા!

મારામાં તો પૂર્ણ આનંદ અને જ્ઞાન ભરેલો એને હું આત્મા માનું છું. એવો સમ્યગ્દ્રષ્ટિ જીવ એ સિદ્ધનો સાધક છે. સમજાય છે કાંઈ? આહાહા! ભારે વાત આવી કાંઈ મોંઘી! બાપુ! કેવળજ્ઞાની અરિહંત.. ભાષા એમ. એવા અરિહંત, અરિહંત તો ઘણા કહેવડાવે છે, કહે છે. કેવળજ્ઞાન.. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં કેવળજ્ઞાનમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય અરિહંતને. એવું જે કેવળજ્ઞાન એટલે કે કેવળજ્ઞાની એવા અરિહંત અને કેવળજ્ઞાની એવા સિદ્ધ ભગવાન 'ણમો સિદ્ધાણં.' 'ણમો અરિહંતાણં. ણમો સિદ્ધાણં' એ પદ મારું સાધ્ય છે મને. મારે કરવાલાયક એ છે. આહાહા! સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છે આ. ઓલા જુના લાકડા ઘણા ગરી ગયા હોયને. એ તો જ્યારથી સમજાય ત્યારથી સવાર. વાત તો એવી છે, ભાઈ.

આ તો અગમગમ્યની વાત છે. અગમને ગમ્ય કરવું. આહાહા! અને ખોટું જાણ્યું એને છોડી દેવું. આહાહા! અરે! એણે આત્માની દયા કરી નહીં કોઈ દિવસ હોં. આહા! પરની દયા કરવા નીકળી ગયો. ધૂળેય કરી શકતો નથી પરની દયા. આહાહા! પરની દયા તો એને આયુષ્ય હોય તો બચે. ન હોય તો મરી જાય એને કારણે. તારાથી બચે છે એ? સમજાણું કાંઈ? ભારે વાતું ઊંધી, ભાઈ. જગતની ઊંધાઈ એનાથી આ ઊંધી. જગતની ઊંધાઈ એનાથી આ ભગવાનનો માર્ગ ઊંધો. ઊંધાથી ઊંધો એટલે સવળો.

કેવળજ્ઞાની—અરિહંત, સિદ્ધ. અરિહંત ભગવાનને ચાર કર્મ બાકી છે અને સિદ્ધ ભગવાનને આઠેય કર્મનો અભાવ થઈ ગયો છે. 'સીમંધર' ભગવાન વર્તમાનમાં બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્મા એ અરિહંતપદે છે. 'મહાવીર' ભગવાન આદિ એ સિદ્ધપદમાં અત્યારે બિરાજે છે. એમને હવે શરીર કે કાંઈ છે નહીં. એ અરિહંત અને સિદ્ધનું... કેવળજ્ઞાની અરિહંત અને સિદ્ધ, એમ. સમજાણું કાંઈ? એ સાધ્ય છે એટલે મારે પ્રગટ કરવા લાયક તો એ પૂર્ણ દશા છે એમ કહે છે. પણ સાધક સમ્યગ્દ્રષ્ટિ સાધક. ચોથા ગુણસ્થાનમાં અવિરતિ સમ્યગ્દ્રષ્ટિ. ભલે આસક્તિ છૂટી ન હોય, પણ સ્વરૂપ પૂર્ણાનંદ અને અખંડાનંદ છું એવો અનુભવ સમ્યગ્દર્શનમાં થયો, એ સમ્યગ્દ્રષ્ટિ મોક્ષનો સાધક-મોક્ષનો ઉપાય કરનાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

શ્રાવક. બીજે નંબરે શ્રાવક હોય. શ્રાવક એટલે આ વાડાના નહીં. શ્રાવક કહેવડાવે અને ભાન ન મળે કાંઈ. કોથળીમાં કરિયાતું અને માથે લખે સાકર. કોથળીમાં કરિયાતા (ને ઉપર) સાકર લખે એટલે મીઠાશ ગરી જતી હશે ? સમજાણું કાંઈ? કરિયાતા સમજતે હૈં ન? ચિરાયતા. તુમ્હારી હિન્દી ભાષામેં ચિરાયતા. અમારે અહી કરિયાતું કહે ચિરાયતાકો. થેલીમેં ચિરાયતા—કરિયાતું, ઉપર લખે સાકર. એમ અંદરમાં રાગ અને પુણ્યની ક્રિયા મારી અને એનાથી મને ધર્મ થાય. મિથ્યાત્વનું કરિયાતું કડવું ભર્યું છે અંદર. ઉપર કહે કે અમે શ્રાવક છીએ. કહો, જયંતિભાઈ! એ શ્રાવક નહીં. સાચા શ્રાવક પાંચમા ગુણસ્થાનવાળા આત્માનું ભાન થયેલા અને પછી સ્વરૂપમાં અંશે સ્થિરતા થયેલી, એ સાધક છે. એ નિર્મળદશા જે છે એ સાધક છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ?

અરે! ચાર ગતિમાં ફાંફા માર્યા માળે. સાધુ થઈને પણ એ ક્રિયાકાંડ મારા ને એમાં ગૂંચાઈ ગયો. સંસાર રહ્યો એમ ને એમ ઊભો. પણ એ રાગના વિકલ્પથી પણ પાર મારી ચીજ (એવું) એણે પાતાળકૂવામાંથી પાણી ન કાઢ્યું. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા શુદ્ધ સિદ્ધસ્વરૂપી અંદર, એનું ભાન થઈ અને અંશે શાંતિ ને સ્થિરતા થાય એને અહીંયા શ્રાવક કહેવામાં આવે છે. એ શ્રાવક સિદ્ધનો સાધક છે. ભીખાભાઈ! આમાં

ડોકિયું હલાવે કંઈ પલાખા તૈયાર થાય એવું નથી. આહાહા! આવી વાત. આહાહા!

સાધુ થયા. સાધુદશા. સમજાય છે કાંઈ? સાધુ તો જેને અંતરમાં અતીન્દ્રિય આનંદ ઉછળી ગયો છે. ભરતી જેમ દરિયામાં ભરતી આવે ને આમ કાંઠે ઉછળી જાય પાણી, બબ્બે માથોડાં, ત્રણ-ત્રણ માથોડાં આમ. આવે છે ને આમ પોરબંદર અમારે જોયું હોયને વખારે. દરિયાને કાંઠે ત્રણ ત્રણ માથોડાં પૂનમને દિ' આમ. પૂનમ ચંદ્રમાને અને દરિયાને સંબંધ છે. પૂનમને દિ' ભરતી ઘણી આવે. એમ જેને મુનિપણું અંદર સાધુપણું, ઓહોહો ! ભરતી આવી ગઈ એને. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં ગરકાવ થઈ ગયો એ તો. આહાહા! અને એ વનવાસમાં રહેનારા નગ્ન મુનિ હોય એને વસ્ત્રનો ધાગો પણ ન હોય. આહાહા! મુનિદશા એ. ભાઈ! હજી મુનિપણું પણ સાંભળ્યું નથી.

'માણસ હોના મુશ્કેલ હૈ તો સાધ કહાંસે હો.' હજી તો સમકિત કોને કહેવું એનું ભાન ન મળે, સાધુ કહાંસે આવ્યો? 'સાધુ હુઆ તો સિદ્ધ હુઆ કહેની ન રહી કોઈ.' આહાહા! સાધુ એટલે મુનિ. એકલા જ્ઞાનનો અવતાર. એકલી જ્ઞાનદશા જેને આનંદની પ્રગટ થઈ છે. પંચમહાવ્રતના જે વિકલ્પ હોય પણ એ આત્મામાં બાધક છે. એ સાધકપણે છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? એય શાંતિભાઈ! ભડકી ઉઠે તમારે ત્યાંના માણસો હોય તો. નવા આવ્યા હોય તો ભડકે. હવે આપણે સાંભળતાં તમારું .... આવ્યું તો એવું ને એવું. ધર્મનું આંહીં ના પાડે છે. મહાવ્રતને ધર્મ કહેતા નથી. પણ મહાવ્રત પાળે એ કેવો, સાંભળ તો ખરો પહેલાં. પરની દયા પાળવાનું, જૂઠું નહીં બોલવાનું એ તો બધો વિકલ્પ-રાગ છે. મહાવ્રત કેવો એ? સાચો મહાવ્રત હતો કે દિ' એ?

સાચા મહાવ્રતનું સ્વરૂપ (કે) અંદર આનંદમાં લપેટાઈ જાય. આહાહા! અતીન્દ્રિય આનંદની ભરતી પર્યાયમાં-અવસ્થામાં આવે એ સાધુ. એ મુક્તિના સાધક એને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? (શ્રોતા : સાધુ પાછળથી થયા, શ્રાવક પહેલા થયા?) આંહીં તો ચોથેથી લેવું છે ને. ચોથેથી સાધક છે ને. સમ્યગ્દ્રષ્ટિ ચોથેથી સાધક, પાંચમે શ્રાવક અને છઠ્ઠે સાધુ. સાધક આંહીંથી શરૂ થાય છે, ચોથેથી શરૂ થાય છે. આહાહા! આયા નહીં ? 'છઢાળા'મેં આતા હૈ. 'તીનોં શિવમગચારી,' આવે છે. સમ્યગ્દ્રષ્ટિ, શ્રાવક ને મુનિ ત્રણે શિવમાર્ગી છે.

સમ્યગ્દ્રષ્ટિ શ્રેણીકરાજા. હજારો રાણી હતી અને મોટું રાજ હતું, પણ સમ્યગ્દ્રષ્ટિ હતા. અને આત્માનું ભાન. અરે, અમે આનંદસ્વરૂપ છીએ. પૂર્વે સાધુની અશાતના કરેલી એટલે નરકનું આયુષ્ય બંધાઈ ગયું એટલે પહેલી નરકમાં છે ચોર્યાશી હજાર વરસની સ્થિતિએ. પણ શ્રેણીક રાજાએ ભગવાન પાસે તીર્થંકરગોત્ર બાંધેલું. મુનિ પાસે આત્મજ્ઞાન

પામેલા. આત્મા રાગ અને દ્વેષ–ક્રિયા વિનાની ચીજ છે. એવી ચીજના અનુભવના વેદનમાં ત્યાં પણ આનંદમાં છે અંદર. એને પૂર્વે નરકનું આયુષ્ય બંધાઈ ગયેલું એટલે નરકમાં ગયા. ન્યાંથી નીકળીને આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર થશે. ૮૪ હજાર વર્ષ સુધીનું નરકનું આયુષ્ય. અઢી હજાર (વર્ષ) ગયા. સાડી એક્યાસી હજાર વર્ષ બાકી છે. ન્યાંથી નીકળીને ત્રણ લોકનો નાથ (થશે). સમકિતી હતા. હજી રાગનો ત્યાગ કર્યો નહોતો. અનંત રાગી હું નહીં, એમ ત્યાગ કર્યો હતો. પણ પરિમિત રાગનો ત્યાગ નહોતો અંદર. સમજાણું કાંઈ?

એથી નરકમાં પણ તીર્થંકરગોત્ર બંધાઈને જાય છે. આંહીંથી એ બાંધીને ગયા છે. ચોર્યાશી હજાર વરસ(ની સ્થિતિએ) પહેલી નરકમાં છે. ન્યાંથી નીકળી તીર્થંકર થશે. સમ્યગ્દ્રષ્ટિ સાધક છે, એમ કહે છે. એ નરકમાં રહ્યો એ સાધક છે. આહાહા! નરકમાં હતો કે દિ' ? આહાહા! દૃષ્ટિમાં તો પૂર્ણ સ્વરૂપ છે એનું ભાન છે, એની દશામાં છે એ. સમજાણું કાંઈ? આહાહા! રાગને સ્પર્શતો નથી. સ્ત્રી, કુટુંબને અડતો નથી. આહાહા! આ તે કંઈ વાત છે! સમજાય છે કાંઈ? સંસારના સંયોગમાં દેખાય, છતાં ધર્મી સંયોગને સ્પર્શતો નથી. એ સમકિતી રાગ આવે એને પણ અડતો નથી. આનાથી ભિન્ન ભગવાન આત્માના ભાનને કારણે એ સાધક થઈને મુક્તિને સાધશે. એ સાધે છે અત્યારે ત્યાં. વર્ષ જેટલા જાય છે એટલા કેવળને સન્મુખ જાય છે. આહાહા! સમજાણું કાંઈ?

આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર થશે. ત્યાં આગળ ત્રણ જ્ઞાન લઈને આવશે અહીં માતાના ઉદરમાં. સમકિતી હતા. ત્યાં સાધુપદ ને શ્રાવકના પદની શાંતિ નહોતી. શાંતિની વૃદ્ધિ એને ઓછી છે. ..... અનંત પરમાણુ એને ઉચિત અનંતાનુબંધીનો અભાવ થઈને એટલી શાંતિ ત્યાં છે. એવો સાધક જીવ.., આંહીં કહેશે હમણાં એ. એ સાધક, સમ્યગ્દ્રષ્ટિ એ સાધક. શ્રાવક સાધક, સાધુ અવસ્થા એ સાધક હૈ. એ અવસ્થા–દશા છે. વસ્તુ તો ત્રિકાળ છે. પણ એની દશા નિર્મળ–સમ્યગ્દર્શનની નિર્મળ દશા એ મોક્ષની સાધક છે. શ્રાવકની વીતરાગી નિર્મળ અંતર્દશા એ મોક્ષની સાધક છે. સાધુની વીતરાગદશાનો અનુભવ એ મોક્ષનો સાધક છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

अनंतानुबंधीकी चौकडी और दर्शनमोहनीय त्रयका अनुदय होनेसे सम्यग्दर्शन होता है. એટલે કે આત્માનો અનુભવ થઈને આત્મા આનંદ અને જ્ઞાનમૂર્તિનું વેદન થાય એથી એને દર્શનમોહનીય અને અનંતાનુબંધીની ચોકડી ટળી જાય છે. મિથ્યાત્વભાવ અને દર્શનમોહનીય, અનંતાનુબંધીના ચાર (કષાય) એ ટળી જાય છે ચોથે ગુણસ્થાને. એને સમ્યગ્દ્રષ્ટિ કહીએ. આહાહા! સમજાણું કાંઈ? और सम्यग्दर्शन प्रगट होने पर ही..

આહાહા! जीव उपदेशका वास्तविक पात्र होता है. ત્યારે એને ઉપદેશ સાચો મળે તે સમજે. એ વિના બરાબર કોઈ સમજે નહીં. લ્યો, આંહીં વાત કરી. સમજાણું કાંઈ? આહાહા!

સિંહણના દૂધ એ સોનાના પાત્રે ટકે. લોઢાના પાત્રે ફાડી નાખે. એમ જેને આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પૂર્ણાનંદ એવો જ્યાં અનુભવ થઈને પ્રતીતનું ભાન છે, એ કહે છે કે સિદ્ધ આદિના ઉપદેશને પાત્ર છે. સમજાણું કાંઈ? જુઓ, 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં એમ લીધું કે સાત વ્યસનને સેવનારા હોય એ પાત્ર નથી. સમજાણું કાંઈ? પણ આંહીં તો ઉત્કૃષ્ટ પાત્ર, સમ્યગ્દર્શન એ જ પાત્ર છે ગુણને માટે, એમ કહે છે. સમજાણું કાંઈ? ગુણનું ટકવું ત્યાં થાય છે, એમ. આહાહા!

ભગવાન પૂર્ણસ્વરૂપ પરમાત્મા પોતે જ પરમાત્માનું સ્વરૂપ જ પોતે છે. સિદ્ધ અને અરિહંતનું સ્વરૂપ જ પોતાનું અંતરમાં છે. એનું જ્યાં ભાન થયું, કહે છે, એવા જીવ જ સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથના સિદ્ધપદના ઉપદેશને એ પાત્ર અને લાયક છે. આહાહા! सम्यग्दर्शन प्रगट होने पर ही.. એમ લખ્યું છે ને. પાત્રતા વર્ણવી છે. जीव उपदेशका वास्तविक पात्र होता है. ત્યારે એને ખ્યાલમાં અનુભવમાં આવે કે ઓહો ! આ આત્માની એક સમયની પર્યાય કેવળજ્ઞાન અનંત-અનંત ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવો ઉપદેશ મળતાં એને પાત્રની વાત બેસે છે. સમજાણું કાંઈ? અને એ સ્વરૂપની શુદ્ધતા એ સાધક છે એમ પ્રગટ્યું, એને આ સાધકપણાનો જે ઉપદેશ મળે એ એને બેસી જાય બરાબર. રાગ આદિ સાધક નથી, એ બાધક છે. સમજાણું કાંઈ? આહાહા!

આ પાત્ર લીધા. બ્રહ્મચર્યને લીધું છે ને. નવ વાર વિશુદ્ધથી .... 'પાત્ર થવા સેવો સદા બ્રહ્મચર્ય (મતિમાન).' એ બધી સાધારણ વાત છે. પણ એ પાત્ર આ થયું, એમ. એ આપી છે વાત. આ જ પાત્ર થયો. સમજાણું કાંઈ? એનો અર્થ એ છે કે બ્રહ્મચર્યમાં પરમાં સુખબુદ્ધિ ટાળે એમ કહેવું છે મૂળ. પાળે, એ પાળ્યું કહેવાય. વિષયમાં, સંસારમાં, રાગ-પુણ્યમાં સુખ નથી. એમાં સુખબુદ્ધિ એ જ મૈથુન અને અબ્રહ્મ છે. સમજાણું કાંઈ? બહારનું શરીરથી બ્રહ્મચર્ય તો અનંતવાર પાળ્યું. બ્રહ્માનંદ ભગવાન આત્મા પરથી સ્વતંત્ર છે. ભગવાન સિવાય, જ્ઞાની સિવાય કોઈ આત્માની વાતું કરે અજ્ઞાનીઓ, એને આત્માની ખબર છે નહીં. સમજાય છે કાંઈ? એ જીવ ઉપદેશનો વાસ્તવિક પાત્ર છે, લ્યો.

सो मुख्य उपदेश तन, धन, जन आदिसे राग हटाने.., લ્યો. તન નામ શરીર, ધન નામ ધૂળ—પૈસો. ધન નામ ધૂળ. એને તો આમ ગળે વળગ્યો હોય એમ જાણે, આહાહા! બે-પાંચ-દસ લાખ થાય એટલે જાણે હું પહોળો અને શેરી સાંકડી.

ધીરુભાઈ! એમાં ૫૦ લાખ, સો લાખ.. સો લાખ એટલે કરોડ. આહાહા! એ તો ધૂળેય નથી. એ તો કાંકરા જગતના છે. તારામાં છે નહીં અને તારી એ ચીજ નથી. આહાહા! હવે અજીવ તારી ચીજ થઈ જાય? એ તો અજીવ છે. લક્ષ્મી તો ધૂળ, અજીવ છે. એને તો ભગવાને અજીવતત્ત્વ કહ્યું. એ અજીવ જીવતત્ત્વનો થઈ જાય?

(શ્રોતા : જીવ અજીવ ન થાય, પણ અજીવ પૈસા તો જીવના કહેવાય?) એ તો કહીએ છીએ કે અજીવ જીવ થઈ જાય? કહો, અજીવ તો અજીવપણે રહે. આત્માની પર્યાયમાં અજીવ આવી જાય લક્ષ્મી? એ તો એનામાં રહે ધૂળ. આવો ઉપદેશ, કહે છે કે ધન તે ધૂળ છે, એ આત્માને કોઈ મદદ કરનાર સુખરૂપ નથી. છે ને ? તન, ધન, જન. જન નામ બાયડી-છોકરાં ને કુટુંબ બધું. આદિસે રાગ હટા. એ મારા એ દૃષ્ટિ છોડી દે. એમ તો છૂટેલી છે. એને કહે છે કે હવે આસક્તિ છોડી દે. આહાહા!

સમ્યગ્દ્રષ્ટિ જીવ ધર્મી એને સ્ત્રી, કુટુંબ મારા એ માન્યતા ટળી જ ગઈ છે. મારા એ નથી. મારા હોય એ મારાથી જુદા ન રહે. જુદા રહે એ મારી ચીજ નહિ. આહાહા! એને મિથ્યાત્વભાવ જે હતો એ છોડ્યો. અને સ્વરૂપનો ... એ રાગ એનાથી છોડ. એમ આસક્તિ છોડવાની વાત કરે છે. સમજાણું કાંઈ? આરે, આવો ઉપદેશ કેવો આ તે? આમાં કલાકમાં એમ ન આવ્યું કે ભઈ, આ કંદમૂળ ન ખાવા, ચૌવિહાર (છોડવો), સામાયિક કરવી. અરે ભગવાન ! તને ખબર નથી. બાપુ ! પરની ક્રિયા કરે કોણ? છોડે કોણ અને મૂકે કોણ? તારા સ્વરૂપમાં એ છે જ નહીં. આહાહા!

तन, धन, जन.. જન એટલે કુટુંબી માણસો પુત્ર આદિ બધું. પ્રજા—દીકરા-દીકરીઓ. आदिसे राग हटाने... ભાઈ! આસક્તિ છોડ દે. એ મારા છે એવું તો છોડી દીધું છે ધર્મીએ. એ મારા છે અને હું એનો છું—એ દૃષ્ટિ તો છૂટી ગઈ છે. એ દૃષ્ટિ ન છૂટે તો મિથ્યાદૃષ્ટિ રહે. આહાહા! છતાં દીકરે દીકરા નથી એમ કહેવું... આ ન્યાલભાઈ ને આ પૂનમચંદ ને હિંમતલાલ ને જયંતિલાલ. લ્યો, બે કરોડપતિ ને બે લાખપતિ. પતિ ને? (શ્રોતા : ધૂળ કીધા). ધૂળ ? આહાહા! ધૂળનો ધૂળ છે એ તો. મારી મમતાનું નિમિત્ત છે એ તો. આહાહા!

ધર્મીને આ ઉપદેશ દેવામાં આવે છે કે तन, धन, जन आदिसे राग हटाने और व्यसन तथा विषय-वासनाओंसे विरक्त होनेका है, લ્યો. સમજે? વ્યસન. સાત વ્યસન છોડી દીધા હોય છે. પ્રતિજ્ઞા લે છે. विषय-वासनाओंसे विरक्त.. વિષયવાસના સમ્યગ્દ્રષ્ટિને હોય, ચારિત્રદોષ હોય. એને છોડાવવાની વાત ઉપદેશમાં આવે. છોડ આ. સુખ તો માનતો નથી સમ્યગ્દ્રષ્ટિ. ૯૬ હજાર સ્ત્રી પદ્મણી જેવી. ગંધ નીકળી ગઇ છે,

એમાં સુખ છે એ ગંધ નીકળી ગઈ છે. એના તરફનો વિકલ્પ તે દુઃખનું કારણ છે. આસક્તિ તે દુઃખ છે એમ એને ભાસ્યું છે. એ આસક્તિ છોડવાનો ઉપદેશ છે. આગળ વધવાનો સાધકપણે. સમજાણું કાંઈ ?

जब लौकिक सम्पत्ति और विषय-वासनाओंसे चित्त विरक्त હો જાતા હૈ, લ્યો. विषय-वासनाओंसे विरक्त होनेका है. ઉપદેશ એવો કરે, ભાઈ! આત્માને વિષય બનાવીને જે સમ્યક્ થયું એનો વિષય વિશેષ પ્રગટ કર. ધ્યેયમાં ઉગ્રપણે લે અને આ વિષયની વાસના છોડ. વાસના જ છોડવાની વાત છે હોં. બાહ્ય પદાર્થ છોડીને બેઠા એટલે વિષયનો ત્યાગી છે, એમ નહીં. બાહ્ય વસ્ત્ર છોડી દીધા ને નગ્ન થઈ ગયા અને કુટુંબ છોડ્યું, માટે આ છોડ્યું એમ નહીં. જેને અંદરમાં રાગ અને પુણ્યની મીઠાશનો પ્રેમ છે એને આખો સંસાર એની દૃષ્ટિમાં પડ્યો છે. એણે કાંઈ છોડ્યું નથી. સમજાણું કાંઈ ?

દૃષ્ટિમાં એકલો ભગવાન આત્મા જ આદરણીય જ્યાં વર્તે છે. જ્યાં રાગના કણથી માંડીને બધી ચીજનો દૃષ્ટિમાં તો ત્યાગ જ છે. ત્યારે તો તેને સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત થાય છે. આહાહા ! ભારે મોંઘો ધર્મ કહે છે આવો. મોંઘો કહે કે સોંઘો કહે, વાત તો આ છે. સમજાણું કાંઈ? માપ કરતાં ન આવડે અને એને એમ લાગે કે આવું આપણે તો અત્યાર સુધી સાંભળ્યું નથી. આપણે તો આવો ધર્મ, આમ કરે ને સામાયિક કરે ને પોષા કરે ને પડિક્કમણા કરે ને ધર્મ થઈ ગયો, એમ (સાંભળ્યું હતું.) સામાયિક ક્યાંથી આવી પણ ? આત્મા શું ચીજ છે? એ વીતરાગમૂર્તિ પ્રભુ છે. એનું વેદન અનુભવ વિના એટલે કે આત્માની પ્રાપ્તિ વિના સામાયિક આવી ક્યાંથી તારે ઘેરે ? કહો, સમજાણું કાંઈ ? જાદવજીભાઈ! ભારે કામ ! આ બધું શેઠાઈ તો ન્યાં બધે બીજી કરી હશે ન્યાં કલકત્તામાં. આહાહા !

जब लौकिक सम्पत्ति और विषय-वासनाओंसे चित्त विरक्त हो जाता है, લો. આહાહા ! जब लौकिक सम्पत्ति.. આ લક્ષ્મી આદિ, આબરૂ, ચક્રવર્તીના રાજ મોટા. और विषय-वासनाओंसे चित्त विरक्त हो जाता है तब इन्द्र अहमिन्द्रकी सम्पदा भी निरस और निस्सार भासने लगती है. સમ્યગ્દર્શનમાં જ એ છે. આત્માનું ભાન થયું એમાં જ, ઈન્દ્રના ઈન્દ્રાસનો અને કરોડો અપ્સરાઓ એના સુખ ઝેર જેવા લાગે. કાળો નાગ દેખીને જેમ ડરે એમ ધર્મી વિષયના સુખથી ડરે છે. એ દુઃખ છે, દુઃખ છે. આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! સ્ત્રી, પૈસો, આબરૂ, કીર્તિ એમાં કંઈ પણ સુખબુદ્ધિ રહે ..... અને ધર્મી એ ઈન્દ્રના ઈન્દ્રાસનમાં સડેલા મીંદડા જેવા સુખ દેખે. આહાહા ! માંસ ને હાડકા, ચામડાં છે આ. એને ચૂંથવામાં સુખ માને એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. એ જૈન નથી એમ કહે છે આંહીં તો. સમજાણું કાંઈ ? આહાહા !

ભાઈ! તારી ચીજમાં આનંદ છે. એવી ચીજનું જ્યાં ભાન સમ્યગ્દર્શન થાય, આખી દુનિયામાંથી સુખબુદ્ધિ ઉડી જાય. દેવના સુખ છે એમ અજ્ઞાની માને છે. જ્ઞાનીને દેવના દુઃખ લાગે છે. અનુકૂળતા ઘણી છે. પણ ઘણી (અનુકૂળતા) છે એના પર લક્ષ જાય છે ત્યારે રાગ અને આકુળતા છે. સમજાણું કાંઈ? ઓલા તો કહેને, 'પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ ઘેર ચાર દીકરા.' હવે કો'કને આઠ હોય, લ્યોને. 'ત્રીજું સુખ સુકુળની નાર, ચોથું સુખ કોઠીએ જાર.' આ એના સુખ મૂઢના. મિથ્યાદૃષ્ટિએ આવું માન્યું છે, એમ કહે છે. ધર્મી એમ માનતો નથી. આહાહા! ધર્મીનો દૃષ્ટિનો પલટો થઈ જાય છે. સમજાણું કાંઈ? ઈન્દ્ર અને અહમિંદ્રની સંપદા વિરસ.. વિ-રસ—ઉલ્ટા રસવાળું દુઃખ લાગે છે. નિઃસાર. આહાહા!

જેણે આત્મામાં આનંદ છે, સુખ છે એવું ભાન કર્યું એને ઈન્દ્રના ઈન્દ્રાસન નિઃસાર, નિઃસાર, વિપરીત ભાવવાળો લાગે. વિપરીત ભાવ લાગે. આહાહા! સમજાણું કાંઈ? 'સકળ જગત તે એંઠવત અથવા સ્વપ્ન સમાન; તે કહીએ જ્ઞાની દશા બાકી વાચા જ્ઞાન.' અંતરમાં જેને પુણ્યના દયા-દાન-વ્રતના પરિણામ, શુભનો પ્રેમ છે એને આખી દુનિયાના સુખનો પ્રેમ છે. આહાહા! ભલે ત્યાગી થઈને સાધુ નામ ધરાવતો હોય, પણ અંદરમાં દયા-દાન-વ્રત-પૂજા શુભભાવ એ બધું મારું કર્તવ્ય છે અને મને હિતકર (માને) છે, (તો) મિથ્યાદૃષ્ટિ આખી દુનિયાનો રસિક છે. સમજાણું કાંઈ?

અને છ ખંડના રાજમાં પડ્યો ભરત ચક્રવર્તી. મારું સુખ મારામાં છે. સ્ત્રીઓ ને લક્ષ્મી ને આબરૂ ને સોળ હજાર દેવ સેવા કરે. બે હજાર તો શરીરના તહેનાતમાં ઊભા હોય આમ ખમ્મા અન્નદાતા. ચૌદ રતનના ચૌદ હજાર દેવ (રક્ષક) અને બે હજાર શરીરના રક્ષક—અંગરક્ષક. ધૂળેય (સુખ નથી), દુઃખ માને છે. એ તો ધૂળ દુઃખ માનતા હૈ. આહાહા! અરે! પર તરફ વિકલ્પ ઊઠે છે એ દુઃખ છે. આનંદસ્વરૂપ તો ભગવાન આત્મા છે. આ વાતની વાત નથી હોં. વસ્તુનું સ્વરૂપ આવું છે. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં પલટો ખાતા આત્મામાં આનંદ જ્યાં ભાસ્યો ધર્મીને, એને (બીજે) ક્યાંય આનંદ ભાસતો નથી. અહમિંદ્ર હો કે ઈન્દ્ર હો. ભારે વાત ભાઈ!

इसलिये ज्ञानी लोग स्वर्गादिकी अभिलाषा नहीं करते. ધર્મી તો સાધ્ય સિદ્ધપદ એને સાધવા મથે છે. એને ચક્રવર્તી અને ફલાણું પદ મળે એવી અભિલાષા (નથી). સ્વર્ગનું પદ મળે, ચક્રવર્તીનું પદ મળે, રાજા-મહારાજા થાઈએ એવી અભિલાષા સમકિતીને જ્ઞાનીને હોતી નથી. અને જેને અભિલાષા છે તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. એને ધર્મની ખબર નથી. સમજાણું કાંઈ?

इसलिये ज्ञानी लोग स्वर्गादिकी अभिलाषा नहीं करते, क्योंकि जहाँ तक चढ़कर 'देव इक इन्द्री भया' ઓહો! સ્વર્ગમાં જાય બીજે, ત્રીજે, આઠમે દેવલોક. બીજે દેવલોક(થી) મરીને એકેન્દ્રિયમાં જાય. પુણ્ય કર્યાં હોય કોઈ દયા-દાન-વ્રત આદિના પુણ્ય, તો સ્વર્ગમાં જાય. પણ દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે એ સ્વર્ગમાંથી મરીને એકેન્દ્રિયમાં જાય. એ હીરાના ખાણમાં ઉપજે કાં વનસ્પતિના પાંદડે જઈને ગુલાબના ફૂલમાં ઉપજે કાં ઊના ઊંચા પાણી હોય એમાં દેવ મરીને ઉપજે. કારણ કે ધર્મની ખબર નહોતી અને પુણ્ય કરેલા દયા-દાન-વ્રત પાળેલા. એમાં પુણ્ય(ની) સ્થિતિ પૂરી થઈ ગઈ એટલે એની મમતામાં રોકાઈ જઈ, મરીને એકેન્દ્રિય થાય. એ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિમાં (ઉપજે.) અગ્નિ, વાયુ ન થાય.

એ પાંચ એકેન્દ્રિય છે ને. એકેદિંયા, બેઇંદિયા નથી આવતું ઈચ્છામિ પડિક્કમાણિમાં? પૃથ્વીકાય, અપકાય, જલકાય, વાયુકાય, વનસ્પતિ, ત્રસકાય. એમાં વનસ્પતિમાં ઉપજે દેવ મરીને. ભાન નહોતું. વ્રત ને તપ ને ભક્તિ કરેલી પુણ્ય. મિથ્યાદૃષ્ટિ હતો એનો પ્રેમ હતો એને. એને આસક્તિ હતી, એથી સ્વર્ગમાંથી મરીને એકેન્દ્રિય થાય. આહાહા! એ ગુલાબના ફૂલમાં ઉગે એ બીજા દેવલોકમાંથી. આહાહા! આઠમાં દેવલોકનો દેવ ઢોરમાં જાય. ઢેઢગરોળીને કૂંખે અવતરે. ઢેઢગરોળી સમજતે હૈં? ઈતની પતલી નહીં હોતી હૈ? નામ દૂસરા હૈ તુમ્હારેમેં? (શ્રોતા : છિપકલી) છિપકલી. છિપકલી હોતી હૈ ન. જીવડા મારતી હૈ ન.

જેણે આત્માના સમ્યક્ દર્શન વિના એવા દયા-દાન-વ્રતના પરિણામ કર્યા એથી આઠમાં દેવલોકે જાય, પણ ત્યાંથી મરીને ઢોરમાં જાય. આહાહા! સમજાય છે કાંઈ? 'देव इक इन्द्री भया'की उक्तिके अनुसार फिर नीचे पड़ता है. ઉપર (જાય) અને હેઠે (પડે) એ ઊંચી ચીજ જ નહીં, એમ કહે છે. પહેલું આવ્યું હતુંને. ઉસે ઉન્નતિ નહીં કહતે હૈં. और जिस सुखमें दुःखका समावेश है वह सुख नहीं दुःख ही है. એ આવી ગયું. इसमें विवेकवान स्वर्ग और नर्क दोनोंको एक ही सा गिनते हैं. સમકિતીને સ્વર્ગ અને નરક, શેઠાઈ ને રાંકાઈ બેય સરખી છે. ઐસી માન્યતા અંદરમેં આત્માકા ભાન હોતા હૈ ઉસે ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહતે હૈં. યે મોક્ષકા સાધક હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ.)

## પ્રવચન નં. ૧૭૯, આસો વદ ૧ ,મંગળવાર, તા. ૫-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાન અધિકાર પદ ૧, ૨, ૩ પર પ્રવચન

આ સમયસાર નાટક. એનો સાર આવે છે ને. છેલ્લો થોડો બાકી છે. इस सर्वथा अनित्य संसारमें... ૩૬૪ પાનું. નીચેના ભાગે છે. सर्वथा अनित्य संसारमें... કઈ અપેક્ષા છે? આત્મા એ વસ્તુ તો નિત્ય છે, પણ એની પર્યાય આદિ સામગ્રી, એની પર્યાય બધી અનિત્ય છે. इस सर्वथा अनित्य संसारमें कोई भी वस्तु ऐसी नहीं है जिससे अनुराग किया जावे.. કોની સાથે પ્રેમ કરવો, કહે છે. ધ્રુવ તો પોતાની ચીજ છે. નિત્યાનંદ સહજાનંદની મૂર્તિ આત્મા એ ધ્રુવ.

'પ્રવચનસાર'માં આવે છે ને. ધ્રુવ આ છે, બાકી બધું અધ્રુવ છે. એ થઈ ગયું. હા, એ. આહાહા! આત્મા નિત્યાનંદ સહજાનંદની મૂર્તિ નિત્ય વસ્તુ, એ સિવાય કોઈ જગતમાં નિત્ય વસ્તુ હૈ નહીં. આહાહા! જિસસે અનુરાગ કિયા જાવે. કોના પ્રત્યે પ્રેમ કરવો? જે બધી નાશવાન ચીજ—શરીર, પૈસા, સામગ્રી, વાણી આ બધું નાશવાન છે. આહા! जिससे अनुराग किया जावे; क्योंकि भोगोंमें रोग... વિષયનો ભોગ એમાં રોગની પીડા છે. કારણકે ભોગ એ રોગનું કારણ છે. આહાહા!

भोगे रोगमयं.. આવે છે ને. આત્મા અતીન્દ્રિય આનંદ એમાં પ્રેમ કરે આત્માને શાંતિ મળે ને સુખ થાય. બાકી જગતની બધી ચીજોમાં ભોગમાં રોગ છે. સમજાણું કાંઈ? વિષયમાં રોગ, શરીર જીર્ણ થઈ જાય, વીર્ય ક્ષીણ થઈ જાય, નબળું શરીર પડી જાય, અનેક રોગો ભોગને કારણે શરીરમાં ઉત્પન્ન થાય, એ નાશવાન ભોગ છે. संयोगमें वियोग.. આ લક્ષ્મી મિલે—મળે અને ક્ષણમાં ચાલી જાય. છાંયા ને તડકા જેવું છે. ધૂપ ને છાંયા. ચડતી—ફિરતી છાયા. લક્ષ્મી આવે બે-પાંચ કરોડ. ચાલ્યા જાય ગરીબ થઈ જાય. એ બહારની ચીજ તો બધો સંયોગમાં વિયોગનું દુઃખ છે.

विद्यामें विवाद.. ભણે તો વિવાદનો અંદર ભય—દુઃખ છે. સાચું-ખોટું, આ છાપવું, આ કરવું. વિદ્યા. शुचिमें ग्लानि.. બહુ શરીર સ્નાન કરે ને સાફ રાખે. ગ્લાનિ થઈ જાય શરીરમાં. એવા રોગ ક્ષય (આદિ) થઈ જાય કે સાફ કરે રહે નહીં. હા, એ તમારે, નહીં? દિલ્હીવાળા કેવા? (શ્રોતા : વીરાવાળા) ના, ના, વીરાવાળા નહીં. ઓલો બ્રાહ્મણ તમારો મોટો. નથુરામ શર્મા. બહુ નહાતાને. છેલ્લે એક મહિના સુધી નહાવા જ ન મળ્યું. નથુરામ શર્મા. ત્યાં ભાઈ કર્તા ન્યાં છેને મોઢા આગળ આમ. સાંભળ્યું હતું. બહુ નહાતા નથુરામ શર્મા. સાફ-સુથરા. એક મહિને છેલ્લે એ નહાવાનું બંધ થઈ ગયું. એવો રોગ

થયો કે નહાવાનું બંધ થઈ ગયું. પાણી અડાડાય નહીં. આહાહા! અરરર! એમાં શુચિમાં અશુચિનો ડર છે, ન્યાં ક્યાં પવિત્રતા હતી? પવિત્રતા તો આત્મામાં છે. આહાહા!

અનંત આનંદનો કંદ પ્રભુ એમાં એકાકાર થાય તો આનંદ આવે. બાકી ક્યાંય સુખ-બુખ, સુખ-દુઃખ છે નહીં. આહા! (શ્રોતા : માનવું થાયને). માને કલ્પનાથી. પૈસા ને આબરૂ, બે-પાંચ-દસ હજારનો પગાર, મોટી આબરૂ. ધૂળમાંય નથી, હવે સાંભળને. બધું નાશવાન છે. અવિનાશી ચિદાનંદ ભગવાન છે. એવો આત્મા અવિનાશી અંદર ત્રિકાળ છે, એમાં દૃષ્ટિ દીધે, એનો આદર કરે સુખ થાય એવું છે. બાકી ક્યાંય શાંતિ ને સુખ છે નહીં. जयमें हार.. જય થઈ થોડીવાર ક્યાંક, તો વળી હાર. હાર પાડવી છે, શું છે? આમાં હાર થઈ જશે. पायी जाती है.

भाव यह है कि संसारकी जितनी सुख-सामग्रीयाँ हैं वे दुःखमय ही हैं. બરાબર હશે રતનલાલજી? ક્યા દુઃખમય? તમારે તો બધા કરોડો રૂપિયા... (શ્રોતા : એને સાચવવાની ચિંતા થાય છે ને?) હમણાં નીકળ્યા છે ફરવા જુઓને ક્યાંક .... ને ફલાણા. પૈસા આવું નગદ દેખાય અંદર, લ્યો. (શ્રોતા : બધાને નગદ દેખાયને પણ એમાં શું થયું?) દુનિયા એમ માને કે આ સુખી છે, લ્યો. ધૂળમાંય સુખ નથી. મૂઢ પરપદાર્થમાં અનુકૂળતા માને છે એ જ મિથ્યાત્વભાવ છે, જૂઠભાવ છે. આહા!

આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ – સત્ નામ શાશ્વત, આનંદનો ધરનારો એમાં આનંદ છે. એવી દૃષ્ટિ સમ્યક્ કર્યા વિના ક્યાંય સુખ છે નહીં. આહાહા! संसारकी जितनी सुख-सामग्रियाँ हैं वे दुःखमय ही हैं. દુઃખનું નિમિત્ત. જિતની સામગ્રી–સ્ત્રી, પુત્ર, કુટુંબ, પરિવાર આદિ બધા આજીવિકા (માટે) ધૂતારાની ટોળી છે. 'નિયમસાર'માં આવ્યું છે. દીકરા-દીકરી, બાયડી, છોકરાં, સાસુ-સસરા બધા ધૂતારાની ટોળી છે. અનુકૂળ હોય ત્યાં સુધી. આહાહા.. ને પ્રતિકૂળ.. સમજાણું કાંઈ? वे दुःखमय ही हैं, इससे सुखकी सहेली अकेली उदासीनता.. શાતા, પણ સુખ આનંદ ભેગું. શાતા એકલું નહીં. આત્મા ઉદાસીન, પરસે ઉદાસીન થઈને આત્મા આનંદમય, એની શાંતિ પ્રગટ કરે એના સિવાય ક્યાંય સુખ છે નહીં. આહા! जानकर उसकी ही उपासना करनी चाहिए, લ્યો.

ઓલામાં એક ચોથો બોલ હતો. ઉત્સાહ, ભાવના, પ્રશંસા અને સેવા. આ જ બસ. જોયું હતું, આ જોયું હતું. કાલે રાતે યાદ આવ્યું હતુંને ઓલું કુધર્મનું. કુધર્મ પ્રત્યે ઉત્સાહ–ખોટા ધર્મ પ્રત્યે ઉત્સાહ, પ્રશંસા, ભાવના અને સેવા–એ મિથ્યાત્વનાં લક્ષણ છે. આહાહા! સેવા. એ ચોથો બોલ તો... આ ત્રણ તો ભાઈ બોલ્યા હતા. સમજાણું કાંઈ? 'અષ્ટપાહુડ'માં. ઉત્સાહ, ભાવના, પ્રશંસા અને સેવા. સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે

ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે આત્મા કહ્યો અને એનો જે ધર્મ છે વીતરાગ પરિણતિ એના પ્રત્યે ઉત્સાહ, ભાવના, પ્રશંસા, સેવા એ સમકિતનું લક્ષણ છે. અને એ સિવાય અજ્ઞાનીએ કહેલાં ધર્મો પોતાની કલ્પનાએ માનીને બેઠા, એના પ્રત્યે ઉત્સાહ, પ્રશંસા, ભાવના—એ ઠીક છે અને સેવા એ મિથ્યાદૃષ્ટિના લક્ષણ છે. આવી વાત છે. 'કુંદકુંદાચાર્યે' તો સ્પષ્ટ કરીને મૂકી છે.

(શ્રોતા : .....) અનુકંપા અહીંયા ક્યાં આવી? એ તો અનુકંપા, એ તો દુઃખી હોય એને અનુકંપા. એ તો શુભભાવ છે. સેવા એટલે ધર્મી છે માટે સેવા, એમ. અનુકંપા તો બધા પ્રાણીઓ પ્રત્યે... એ તો પોતાનો શુભરાગ છે. સમજાણું કાંઈ? પણ આ મિથ્યાદૃષ્ટિ છે અને છતાં સેવા કરવાલાયક છે, એમ. એ માન્યતા અજ્ઞાન છે. આહાહા! ભાઈ ક્યાંથી આવ્યા? ..... કહાંસે? (શ્રોતા : બગસરા) બગસરા. મુંબઈસે. હા, ઠીક. (શ્રોતા : .....) હા, હા, બરાબર. જરી ઝીણી વાત છે ભગવાન. આ આત્મા અંદર નિત્ય અવિનાશી વસ્તુ. જો કે એની અવસ્થા-પર્યાય-હાલત બદલે છે, પણ એ બદલવું એ પણ આશ્રય કરવાલાયક નથી. આહાહા!

ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન પ્રગટ-વ્યક્ત-પ્રગટ પરિણમ્યું હતું. એવા ભગવાનની વાણી ઈચ્છા વિના ધ્વનિ આવી, એને આગમ કહીએ. એ આગમમાં તો આમ કહ્યું છે. ભાઈ! એક તું ત્રિકાળ... આપણે જયપુરમાં એ જ પહેલું કહ્યું હતું ત્યાં. દસ હજાર માણસ ત્યાં હતા. સ્વાગતનો પહેલો દિ' હતોને સ્વાગતનો. (શ્રોતા : રામલીલામાં). રામલીલામાં. આ તો પછી આવ્યા અર્પણલાલજી ને. આ તો પહેલે દિ'.

જબ હમ ગયે થે ન જયપુરમેં ગયે, બહોત માણસ થે દસ હજાર. સ્વાગત થા. રામલીલા મૈદાનમેં. હૈ ન વહાં? તો પહલે યે કહા થા. શુરૂઆતમેં મંગલિક. કિ દૂસરી ચીજ તો ભિન્ન રહો પર અપની પર્યાય—પોતાની પર્યાયમેં... ત્યાં તો હિન્દી બોલ્યા હતાને એ વળી હિન્દી આવી ગયું. પોતાની પર્યાયમાં જે પુણ્ય-પાપનાં ભાવ થાય, અરે! સંવર, નિર્જરા ને મોક્ષ થાય એ પર્યાય છે, એ વિલય થવાલાયક છે, નાશ થવાલાયક એક સમયની દશા છે. સમજાણું કાંઈ?

અવિનાશી ભગવાન આત્મા નિત્યાનંદ ધ્રુવ એ એક જ ઉપાદેય અને આદરણીય છે. જેને હિત કરવું હોય એને. બરાબર હૈ? આ કહે કે તુમ થે. વહ બાત કહી થી ન. સાત તત્ત્વ જો હૈ જીવકી એક સમયકી પર્યાય – આસ્રવ—પુણ્ય-પાપકા ભાવ ઔર રાગમાં અટકવું એ ભાવબંધ અને સંવર-નિર્જરા ધર્મની પર્યાય પ્રગટ હોય અને ધર્મની શુદ્ધિ-વૃદ્ધિ

હોય અને પૂર્ણ પરમાત્મદશા હોય એ સિદ્ધદશા પણ એક સમયની પર્યાય છે, અવસ્થા છે, એ વિલય થવાલાયક છે. આહાહા! ત્રિકાળી ભગવાન નિત્યાનંદ ધ્રુવ એ જ એક ઉપાદેય અને કાયમ રહેનારી ચીજ છે. આહાહા! સમજાણું કાંઈ? ભારે આકરું કામ છે. હજી તો બહારની ચીજની અનિત્યતા, એ પોતે નિત્ય છે એટલે એને નિત્ય કરવા મથે છે. કાયમ રહે—શરીર રહે, પૈસા રહે, આબરૂ રહે, કુટુંબ રહે. એ વસ્તુ પર અને પોતે નિત્ય છે. હવે આ નિત્યની દૃષ્ટિ નથી એવી પરવસ્તુને નિત્ય કરવા મથે છે. સમજાણું કાંઈ? આહાહા! એ નિત્ય થાય નહીં ને એનું દુઃખ કદી મટે નહીં.

ભગવાન આત્મા એક સમયમાં નિત્યાનંદ સર્વજ્ઞ પરમેશ્વર એ પર્યાય પ્રગટ થઈ છે એની પાછળ. આરે! ધ્રુવ, એક સમયનો ભગવાન નિત્યાનંદ એ જ ધ્રુવ છે અને એ જ આશ્રય કરવાલાયક છે, એ જ દૃષ્ટિમાં લેવાલાયક છે. આહાહા! સમજાય છે કાંઈ? આંહીં તો ઉસકી ઉપાસના કર.... પરથી ઉદાસ થઈ, ખરેખર પોતાની અવસ્થાથી પણ ઉદાસ થઈ.. આહાહા! નિત્ય વસ્તુ ભગવાન આત્મા અવિનાશી એની સેવા કરવાલાયક છે. આ વસ્તુ ભગવાનના માર્ગમાં છે. આહા!

હવે આવી ચતુર્દસ ગુણસ્થાન અધિકાર. કવિવર 'બનારસીદાસ' વિરચિત રચના છે. મંગલાચરણ. બનારસીદાસનું આ કથન છે. આ ચાલું હતું એ આચાર્યોનું હતું. એનું એમણે સ્પષ્ટીકરણ કર્યું છે. હવે પોતે નવું નાંખે છે. ગુણસ્થાન અધિકાર. જેમ મેડીએ ચડવાનાં દાદરા હોય ને દાદરાં ને પગથિયાં ચૌદ, એમ મુક્તિ જવા મુક્તદશા એ ચૌદ ગુણસ્થાનની પછીની દશા છે. તો એની નિસરણી તરીકે એમ ચૌદ એની હદ છે ગુણસ્થાનની. મર્યાદા દશા એની. વસ્તુ ત્રિકાળ છે પણ એની દશા-હાલત-પર્યાય-અવસ્થા એનાં પ્રકાર ચૌદ છે. સમજાણું કાંઈ? એનું વર્ણન વિશેષ કરીને કહે છે. મંગળાચરણ

**जिन-प्रतिमा जिन-सारखी, नमै बनारसी ताहि।**
**जाकी भक्ति प्रभावसौं कीनौ ग्रन्थ निवाहि॥१॥**

**શબ્દાર્થ** :—સારખી=જેવી. નિવાહિ=નિર્વાહ

**અર્થ** :—જેની ભક્તિના પ્રસાદથી આ ગ્રન્થ નિર્વિઘ્ન સમાપ્ત થયો એવી જિનરાજ-સમાન જિન-પ્રતિમાને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે. ૧.

**अर्थ** :—जिसकी भक्तिके प्रसादसे यह ग्रन्थ निर्विघ्न समाप्त हुआ ऐसी जिनराज सदृश जिन-प्रतिमाको पं. बनारसीदासजी नमस्कार करते हैं॥१॥

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

'બનારસીદાસ' ધર્માત્મા. પહેલા વ્યભિચારી હતા. શૃંગારી હતા. પછી એને સત્ સમાગમ મળ્યો. આતમભાન થયું. બોધિબીજ રોપ્યું. આવે છે ને એમાં 'બોધિ બીજ પાયો રે.' સમજાય છે કાંઈ? એ સમ્યક્ આત્માનું ભાન થયું પછી શૃંગારનાં એમણે ઘણાં ગ્રંથો લખેલા. શરીર સુંદર અને ..... તે લખેલાં. એમાં પછી એને આ ભાન થયું. એ બધાં ગોમતીમાં નાંખી દીધા. ગોમતી નદીમાં. પછી સંતોના કહેલા શાસ્ત્રો, એની ટીકા કરવા માંડી. આ ટીકા કરીને પછી આ કહે છે. અહો!

जिन–प्रतिमा जिन–सारखी. વીતરાગ મુદ્રા. એ વીતરાગ મુદ્રા જિન પ્રતિમા જિન સારખી છે. જિન પ્રતિમા અનાદિની છે ઈ. નવી ચીજ નથી. સમજાય છે કાંઈ? આ સંપ્રદાયમાં ફેરફાર થઈ ગયા. એકે ઉથાપી ત્યાં બીજે રાખી પણ આ તે દાગીના ને ચડાવી દીધાં માથે મોટાં. શું કહેવાય સમજાણું? આંગી. આંગી કરે ને પછી આ રૂપાનાં ને સોનાના, ત્રણ લાખનો મુગટ. એ પ્રતિમા ન હોય.

ભગવાનની પ્રતિમા તો જેવા ભગવાન હતા એવું એનું પ્રતિબિંબ હોય. રાજ્યાભિષેક અને ...... તો આમ કાઉસ્સગ્ગમાં કેમ બેઠા છે? કાઉસ્સગ્ગમાં, રાજ્યાભિષેકમાં કાઉસ્સગ્ગમાં બેઠા હશે? એ દલીલ સાંભળી છે. .......... આવ્યો'તો ને એક. કેવો કાંતિસાગર? ઈ વાત થઈ'તી. જુવાન સાધુ છે એક શ્વેતાંબર દેરાવાસી. ૨૮ વર્ષની ઉંમર. જુવાન ફાટેલી શરીર. સાત વર્ષે દીક્ષા લીધેલી. મારી પાસે આવતો અંદર ખાનગી. આંહીં રહ્યો'તો ઘણો. ઘણાં વર્ષ થઈ ગ્યાં હોં. આમ તો કહે, હું તો કાંઈ... પણ તમે કહો એ કાંઈ ઠીક લાગે. બાકી બધી માન્યતા મારી નથી. ઈ એમ કહેતો'તો, લ્યો.

કે ત્યારે જો ભગવાનની મૂર્તિ એને (શૃંગાર)વાળી ન હોય તો આવી મૂર્તિ રાખીને રથમાં કેમ બેસાડો તમે? લ્યો ભાઈ, તર્ક કર્યો'તો એણે. આમ તો રથમાં કેમ બેસાડો છો તમે? રથ(માં) બેસતા'તા ભગવાન? ભાઈ! એ તો વ્યવહાર એવો જ હોય. એને જયારે બહાર પ્રભાવના માટે બહાર ભાવ આવ્યો તો એ જ રીતે, બીજું શું થાય? બહુમાન એનું એ જાતનો શુભભાવ છે. ધર્મ નહીં, ઈ ધર્મ નહીં. ઈ પુણ્યભાવ છે. સમજાય છે કાંઈ? એવો ભાવ ધર્મીને પણ આત્મજ્ઞાન ને અનુભવ થયા પછી પણ અંતર ઠરી શકે નહીં ત્યાં સુધી એને અશુભથી બચવા અથવા સ્હેજે તે કાળે તેનો ભાવ આવે. શૈલી બધી એવી છે જરીક ઝીણી. સમજાણું કાંઈ?

એથી આંહીં બનારસીદાસ કહે છે, जिन–प्रतिमा जिन–सारखी. મારે તો આ ગ્રંથ જે રહસ્ય મહા ઘણો ગૂઢ રહસ્ય શાસ્ત્ર હતું એનો પણ નિર્વાહ થઈ ગયો. એ જિનપ્રતિમાનો મને ભક્તિનો પ્રભાવ છે કહે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? नमै

बनारसी ताहि. ઈન્દ્રો પણ જેને વંદન કરે છે. વાત ઈ છે કે એ છે શુભભાવ—પુણ્યભાવ. નવ તત્ત્વોમાં એ પુણ્યતત્ત્વ છે. ધર્મતત્ત્વ નહીં. સંવર-નિર્જરા એ તત્ત્વ નહીં. સંવર-નિર્જરા તત્ત્વ તો ત્રિકાળી જ્ઞાયક ચિદાનંદ પ્રભુ આનંદમૂર્તિ એનું અવલંબન લઈને જે નિર્મળ દશા પ્રગટ થાય જેને શુદ્ધભાવ કહે, એને ધર્મ કહીએ. પણ એ ધર્મની દશામાં સ્થિરતા વિશેષ ન હોય, પૂર્ણ વીતરાગતા પ્રગટી ન હોય, ત્યાં લગી આવો ભાવ આવ્યા વિના (રહે નહિ). એને કરે એમ પણ કહેવામાં આવે છે, લ્યો. મૂળચંદભાઈ! આ વાંધા પડ્યા મોટા તકરારના. એક જણો કહે, પ્રતિમા પૂજવાલાયક છે. બીજો કહે, પ્રતિમા નથી. ત્યાં ત્રીજો કહે, પ્રતિમા પૂજવાલાયકમાં પાછી માથે ઘરેણાં અને દાગીનાં ચડાવવા. અરે ભગવાન! આ તકરાર છે. આહા!

વિદ્યાનંદજીએ લખ્યું છે આજ, ભાષણ આપ્યું'તું. શ્વેતાંબરને આપણે મિથ્યાદૃષ્ટિ કહીએ છીએ તે આપણો પ્રમાદ છે. આમ છે ક્યાંક એ. એમ છે. છે ક્યાંક આંહીં. 'હમ શ્વેતાંબરોકો મિથ્યાદૃષ્ટિ બતાતે હૈં. વે નમોકાર મંત્ર બોલતે હૈં, છાનકર પાની પીતે હૈં, રાત્રિ ભોજન નહીં કરતે હૈં. જબ પ્રાણીમાત્રકા તિરસ્કાર કરનેકા હમેં કોઈ અધિકાર પ્રાપ્ત નહીં તો હમ ફિર ઐસા ક્યું કરતે હૈં? કેવળ અપને પ્રમાદકે કારણ.' એય, મૂલચંદભાઈ! (શ્રોતા : આમાં પ્રમાદ ક્યાં આવ્યો?) એ તો સત્ય વાત છે એમ કહે છે. કે ભાઈ, આ માર્ગ આવો છે.

કુંદકુંદઆચાર્ય કહે છે. नग्गे मोखो भणियो, सेसा उमग्गा પાઠમાં છે. આત્માનું ધ્યાન અને આત્માની આનંદ દશા જયાં ઉગ્ર પ્રગટ થાય, સાધુને લાયક જે આનંદ પ્રગટ થાય ત્યારે દશા નગ્ન જ થઈ જાય. नग्गे मोखो भणियो. એનો મોક્ષ થાય. ઓલી દશાથી હોં, એકલા નગ્નથી નહીં. અંદર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને પરમાનંદની દશા એમાં નિમિત્તપણું નગ્નપણું જ શરીરનું હોય. એને વસ્ત્ર-પાત્ર હોય નહીં. नग्गे मोखो भणियो, सेसा उमग्गा એમ પાઠ છે. પ્રમાદથી હજી.....

(શ્રોતા : આપણે જાણવું પડે બોલવું નહીં) અરે, બોલે કોણ? ઈ તો વાણી આવે. સમજવાનું ન આવે સમજાવવા માટે. એને તો માને નહીં બધા ઈ. પણ આ તો કુંદકુંદઆચાર્યનો દાખલો આપ્યો. હવે પછી ક્યાં ટોડરમલજી? આહા! ભાઈ! માર્ગ તો એવો છે ભઈ. હા, કોઈ પ્રત્યે વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન હોવો જોઈએ. એ પણ ભગવાન છે, પૂર્ણાનંદ સ્વરૂપ છે. દ્રવ્યદૃષ્ટિએ તો, દ્રવ્યથી જોઈએ તો એ આત્મા સાધર્મી છે. પણ પર્યાયદૃષ્ટિમાં ફેર છે એનું જ્ઞાન તો બરાબર કરવું જોઈએ. સમજાણું કાંઈ? આહાહા! કહો, ભીખાભાઈ! આવું છે. ઝઘડા ભારે.

કહે છે કે એને મિથ્યાદૃષ્ટિ કહીએ એ પ્રમાદ આપણો છે. કારણ કે પાણી આમ નથી પીતાં. ફલાણાં ... ભઈ, એ ક્રિયા શું? નવમી ગ્રૈવેયકે ગ્યો અનંતવાર દિગંબર જૈન સાધુ થઈને. પણ જેણે એ દયા, દાન, વ્રતનાં પરિણામ રાગ છે એને ધર્મ માન્યો. ધર્મ આત્માનો અંતર સ્વભાવ વીતરાગ પરિણતી થાય તે ધર્મ છે. એની ખબર વિના નગ્નપણે આવો રહ્યો તોય મિથ્યાદૃષ્ટિ છે. આહા! એય! અને ત્યાં તો ત્યાં સુધી લખ્યું 'અષ્ટપાહુડ'માં કે એવા દ્રવ્યલિંગીપણા લઈને ચોર્યાશીમાં કોઈ અવતાર ખાલી નથી કે જયાં નથી અવતર્યો અનંતવાર. એવો શબ્દ ભગવાન 'કુંદકુંદાચાર્ય'નું કથન છે. આહા!

(શ્રોતા : વસ્ત્ર સહિતકી, યે તો બાત હી નહીં.) બાત હી કહાઁ? આહા! એટલે પ્રભુ! કોઈ પ્રત્યે વિરોધ નહીં. એક વાત પણ ભૂલ હોય તો પણ એને ભૂલ તરીકે જાણવી, માનવી. તિરસ્કાર નહીં. સમજાય છે કાંઈ? તિરસ્કાર જુદી ચીજ છે અને સત્યને સત્ય માનવું એ જુદી ચીજ છે. સમજાણું? દ્વેષ નહીં કોઈ પ્રત્યે જોઈએ. બધા ભગવાન છે. દ્વેષ કોઈ પ્રત્યે ન હો. સમજાય છે કાંઈ? પણ રાગ તો જયાં હોય ત્યાં હોય. સમજાણું કાંઈ?

આંહીં તો કહે છે जाकी भक्ति प्रभावसौं. જિન પ્રતિમા. વર્તમાન તો અમારે વીતરાગ નથી. તો અમારે જિન પ્રતિમા જિન સારખી છે કહે છે. સદૃશ છે. ભગવાનની જેમ માનવું એ શુભભાવ છે. ભગવાનની ભક્તિ કરવી એ પણ એક શુભભાવ છે. એમ જિન પ્રતિમાની ભક્તિ એ પણ શુભભાવ છે. આહાહા! શુદ્ધ ધર્મ નહીં પણ એ આવ્યા વિના રહે નહીં. બહુમાન, વિનય, ભક્તિ થયા વિના રહે નહીં. આહાહા! સમજાય છે કાંઈ? 'શ્રીમદે' તો ઈ કહ્યું નહીં પહેલું જ. 'જે સ્વરૂપ સમજયા વિના પામ્યો દુઃખ અનંત. સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત.' ઉપકારીનો ઉપકાર આવ્યા વિના રહે નહીં. પણ એ છે વિકલ્પ. આહાહા! ભારે વાતું ભાઈ આ છે. ભગવાન કહે છે. ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન દિવ્યધ્વનિ દ્વારા સમવસરણમાં ઈન્દ્રો અને ગણધરોની સમક્ષ ત્રિલોકનાથ તીર્થંકરે ફરમાવ્યું છે એ વાત આ છે. સમજાણું કાંઈ?

जाकी भक्ति प्रभावसौं. એય! બહુમાન અમને પ્રતિમાનું હતું. જિન સરીખા અમે તો પ્રભુને માનીએ. જિન પ્રતિમાને જિન સરીખા માનીએ. વીતરાગ સ્થાપના નિક્ષેપ છે પણ જેવા જિન હોય એવી પ્રતિમા હોય. અરીસામાં આ શરીરનું પ્રતિબિંબ કેવું પડે? જેવું હોય એવું પડે કે નહીં? કાંઈ શરીરમાં લૂગડા ન હોય અને એમાં લૂગડા સહિત પડે એમ પડતું હશે? એમ વીતરાગ મુદ્રા તીર્થંકર સર્વજ્ઞ થયા એવી એની મુદ્રા પ્રતિમા હોય. એને માથે વસ્ત્ર, દાગીના, ફૂલ.... આ શું કહેવાય તમારે? આંગી. આ કેસર લગાવવા ઈ કાંઈ ન હોય. બનારસીદાસ. તમારે બધું ઈ છે. વીસપંથી છે ને તમારે ત્યાં? તમારે વીસપંથી છે. ત્યારે ભાઈ કહે છે ને. થોડો ફેર છે. આહાહા!

વીતરાગ મુદ્રા એમ બતાવે છે કે અક્રિય આત્મા છે. અને વીતરાગ મુદ્રા, એ આવશે એનાં વખાણ. વીતરાગ મુદ્રા દેખવાથી અશુભ પરિણામ ટળીને શુભ થાય છે. અને એટલી શુદ્ધતાનો અંશ, સમકિત સહિત છે માટે શુદ્ધતાનો અંશ વધે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ઓલા શુભને લઈને નહીં. ન્યાં ય શુદ્ધનો આશ્રય છે ને. અને અશુભ વખતે આશ્રય થોડો છે. શુભ વખતે આશ્રય વધારે છે. એટલે એટલી શુદ્ધતાનો અંશ (હોય). પરને લઈને નહીં. આહાહા! ભારે કીધું ભાઈ! એવો માર્ગ છે ભાઈ! આહા! दंसण -દર્શન થયું સમ્યક્, એ તો મુક્તિ થયો અને શ્રદ્ધાથી ભ્રષ્ટ 'दंसण भट्ठा भट्ठा' જ્ઞાન ભટ્ઠા ચરિત્ત ભટ્ઠા. ભ્રષ્ટમાં ભ્રષ્ટ એમ ભગવાન 'કુંદકુંદઆચાર્ય' દર્શનપાહુડમાં કહે છે. સમજાણું કાંઈ? માર્ગ તો આવો છે, ભગવાન!

માર્ગને માર્ગ રીતે જાણવો, કુમાર્ગને કુમાર્ગ રીતે જાણવો. એ તો એનું વિવેકી જ્ઞાન છે. આહાહા! માતાને માતા તરીકે જાણવી, દીકરીને દીકરી તરીકે જાણવી. છે તો બેય બાઈયું—સ્ત્રીઓ. પણ જેને જેમ છે એમ જાણવું જોઈએ ને? તો જ્ઞાન સાચું કહેવાયને? એમ ભગવાનના માર્ગમાં જિનપ્રતિમા પૂજનીક અનાદિસે વ્યવહારથી ચાલી આવે છે. ઈન્દ્રોને પણ ત્યાં જિનપ્રતિમાઓ શાશ્વત છે. એને દેવો પણ પૂજે છે. પણ એને મર્યાદા એટલી, શુભભાવ—પુણ્યભાવ. કહો. કોઈ એમ કહે કે એ ભગવાનની પ્રતિમાનો વિનય બહુ એ સંવર છે અને ધર્મ છે એમ નથી. વાત તો આવી છે. તેમ ઈ આવ્યા વિના રહે જ નહીં. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી રાગ આવે. રાગના અસંખ્ય પ્રકાર, એનો એવો રાગ આવ્યા વિના રહે નહીં. વાત એવી છે. આહાહા! જેની જેટલી મર્યાદા હોય તેટલું તેને માનવું જોઈએ. અધિક ને ઓછું ને વિપરીત માને તો માન્યતા એની જૂઠી છે.

जाकी भक्ति प्रभावसौं, દેખો. कीनौ ग्रन्थ. આ રહસ્યપૂર્ણ ગ્રંથ સમયસાર એટલે! આહાહા! કેવળીઓના કાળજા, તીર્થંકરોના હૃદય એવો ગ્રંથ સમયસાર! અદ્વિતીય! ભરતક્ષેત્રે એના જેવો કોઈ ગ્રંથ નથી અત્યારે. આહાહા! અજોડ ગ્રંથ! ભાઈ! જેને અભ્યાસ નથી એને શું ખબર પડે? અભ્યાસ હોય તો ખબર પડે કે આ તે સમયસાર શું ચીજ છે! એ સમયસારનો નિર્વાહ—રહસ્યનો થયો એ મને તો ભગવાનની પ્રભાવનાની ભક્તિના પ્રભાવથી થયો, એમ કહે છે. સમજાણું કે નહીં? આ રીતે હોં, પણ જેટલા પ્રમાણમાં કહેવાય એ રીતે. એ શાંતિભાઈ! એ તો આવે ત્યારે થાય. આ બધા સ્થાનકવાસીના શેઠિયા છે આ. કલકત્તાના શેઠિયા છે આ, લ્યો. માર્ગ આ છે.

कीनौ ग्रन्थ निवाहि. આહાહા! આત્મા પરમાનંદની મૂર્તિ સર્વજ્ઞે કહ્યો પરમેશ્વરે, એનું મેં કથન કર્યું સમયસારનું, એ ભગવાનની પ્રતિમાના ભક્તિના ભાવથી નિર્વાહ આ થઈ ગ્યો, કહે. એમ છે. બહુમાન હવે. जिन-प्रतिबिंबका माहात्म्य. ત્રિલોકનાથ તીર્થંકરનું

પ્રતિબિંબ. પ્રતિબિંબ છે ને? પ્રતિબિંબ એટલે? જેવા ભગવાન હતા એવું જ સામે પ્રતિબિંબ હોય એમ. સમજાણું કાંઈ? ચાંદમલજી, ક્યાં હતા તમારે? વીસપંથી હતા કે તેરાપંથી? વીસ. આંહીં તો વીસપંથી તેરાપંથી કોઈ નહિ, આંહીં તો આત્મપંથીની વાત છે આંહીં. આહાહા!

અરે, આત્મા અંદર ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે જે જોયો, જાણ્યો. 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન.' શું કહે! જગતની એક ઘીની મીઠાશને પણ, જેને ગળથૂથીથી મળી છે. ગળથૂથી સમજતે હૈં? નહીં સમજતે. જન્મઘૂંટી. તમારી ભાષા જનમઘૂંટી હૈ હિન્દી. હમારે યહાઁ ગળથૂથી હૈ. જનમઘૂંટી એટલે ગળથૂથી થી ઘી મળ્યું. કેવો સ્વાદ? રતનલાલજી! બહોત ઘી ખાતે હો તુમ. કૈસા સ્વાદ હૈ લો બતાઓ. ક્યા પદાર્થની સાથે? ખ્યાલ હો પણ કોઈ દૂસરા પદાર્થની સાથે મીંઢવણીથી કહી શકાય (નહીં). જો જડની મીઠાશને પણ કહી શકાય નહીં બીજા પદાર્થની સાથે મેળવીને, તો ભગવાન આત્મા 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન,' એનું પૂર્ણ, પૂર્ણ સ્વરૂપ એને વાણીમાં આવે નહીં. એ આવ્યું નહીં, એમ એક ઠેકાણે આવે છે એમ કહે છે ઓલા આપણા પાઠમાં—ગાથામાં. 'તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું જ્ઞાન.' સમજાણું કાંઈ?

એક માથાના દુઃખાવો થયો. હવે દુઃખાવાના ઘણા પ્રકાર. માથાનો દુઃખાવાના. લાવો બતાવો, કેવો દુઃખાવો થયો? બતાવો. રતનલાલજી! અરે, હું જાણું છું કે આંહીં કંઈ દુઃખે છે. કેવો પણ? લાવને બતાવી દે ને. હવે જેને દુઃખનો અનુભવ અનાદિથી એ પણ દુઃખની વ્યાખ્યા સમજી કે કહી શકે નહીં. તો ભગવાન આત્મા, આહાહા! પુણ્ય ને પાપનાં રાગથી રહિત એવું ચૈતન્યતત્ત્વ એને જાણ્યું ને અનુભવ્યું, એની શું વાત કરવી, કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

જિન-પ્રતિબિંબનું માહાત્મ્ય (સવૈયા એકત્રીસા)

जाके मुख दरससौं भगतके नैननिकौं,
थिरताकी बानि बढ़ै चंचलता विनसी।
मुद्रा देखि केवलीकी मुद्रा याद आवै जहां,
जाके आगै इंद्रकी विभूति दीसै तिनसी।।
जाकौ जस जपत प्रकास जगै हिरदेमैं,
सोइ सुद्धमति होइ [१]हुती जु मलिनसी।

कहत बनारसी सुमहिमा प्रगट जाकी,
सोहै जिनकी छबि सुविद्यमान जिनसी।।२।।

**શબ્દાર્થ :—**બાનિ=આદત. વિનસી=નષ્ટ થઈ. વિભૂતિ=સમ્પત્તિ. તિનસી(તૃણસી)= તણખલા સમાન. મલિનસી(મલીનસી)=મેલા જેવી. જિનસી=જિનદેવ જેવી.

**અર્થ :—**જેમના મુખનું દર્શન કરવાથી ભક્તજનોના નેત્રોની ચંચળતા નષ્ટ થાય છે અને સ્થિર થવાની આદત વધે છે અર્થાત્ એકદમ ટકટકી લગાવીને જોવા લાગે છે; જે મુદ્રા જોવાથી કેવળી ભગવાનનું સ્મરણ થઈ જાય છે, જેની સામે સુરેન્દ્રની સંપત્તિ પણ તણખલા સમાન તુચ્છ ભાસવા લાગે છે, જેના ગુણોનું ગાન કરવાથી હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થાય છે અને જે બુદ્ધિ મલિન હતી તે પવિત્ર થઈ જાય છે. પં. બનારસીદાસજી કહે છે કે જિનરાજના પ્રતિબિંબનો પ્રત્યક્ષ મહિમા છે, જિનેન્દ્રની મૂર્તિ સાક્ષાત્ જિનેન્દ્ર સમાન સુશોભિત થાય છે. ૨.

**अर्थ :—**जिसके मुखका दर्शन करनेसे भक्तजनोंके नेत्रोंकी चंचलता नष्ट होती है और स्थिर होनेकी आदत बढ़ती है अर्थात् एकदम टकटकी लगाकर देखने लगते हैं, जिस मुद्राके देखनेसे केवली भगवानका स्मरण हो पड़ता है, जिसके सामने सुरेन्द्रकी सम्पदा भी तिनकेके समान तुच्छ भासने लगती है, जिसके गुणोंका गान करनेसे हृदयमें ज्ञानका प्रकाश होता है और जो बुद्धि मलिन थी वह पवित्र हो जाती है। पं. बनारसीदासजी कहते हैं कि जिनराजके प्रतिबिम्बकी प्रत्यक्ष महिमा है, जिनेन्द्रकी मूर्ति साक्षात् जिनेन्द्रके समान सुशोभित होती है।।२।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

લ્યો. વ્યવહાર આવે ત્યારે સમજાવે તો ખરોને વ્યવહાર બરાબર? શું કહે છે? ભગવાન સાક્ષાત્ ત્રિલોકનાથ બિરાજતા હોય સમવસરણમાં, એ પણ વાણી દ્વારા વાત કરે. ખરું કે નહીં? એક અહીંયા વાણી નથી મૂર્ત પ્રતિમામાં. બાકી બધી શાંત અક્રિયબિંબ! બધું એ રીતે સમજે એને નિમિત્ત તરીકે ઈ થાય. ન સમજે એને (નિમિત્ત નથી.) કાંઈ એનાથી થાય નહીં. એનાથી થાય તો એના પર ચકલાં ઈયળું ખાઈને બેસે ભગવાન ઉપર. સમજાણું કાંઈ? ચકલાં હોય ને ચકલાં, ઈયળુ ઈયળું ખાય, બેસે ભગવાનના માથા પર. એનાથી કાંઈ, એ તો પરવસ્તુ છે. સમજાણું કાંઈ? પણ જેને એનું બહુમાન છે. જેને તીર્થંકરદેવ આવા હોય, કેવળી પ્રભુ આવા હોય એવું જેને જ્ઞાન છે એને ઈ નિમિત્તમાં શુભભાવ એને થાય છે.

जाके मुख दरससौं. જુઓ, मुख दरससौं. મુખ દેખે છે એમ કહે છે. ઓલા ચકલા-બકલા તો માથે ઈયળું ખાઈને બેસે છે એને કંઈ મુખનું ખબર છે કે આ મુખ વીતરાગનું નિમિત્ત છે કે આ શું છે? આમ ભગવાનની પ્રતિમા जाके मुख दरससौं

भगतके नैननिकौं. છે ને? जिसके मुखका दर्शन करनेसे भक्तजनोंके नेत्रोंकी चंचलता नष्ट होती है. આંખ્યું ચંચલ, આઘી પાછી હોય ત્યાં ઠરી જાય આમ દેખે તો, ઓહો! સમજાય છે કાંઈ? વીતરાગ મુદ્રા જોવામાં (શ્રોતા : અહીં તો પર્યાયની ય ના પાડે, આ તો પરદ્રવ્યની પર્યાય.....) છે ને? વસ્તુ છે ને. હૈ. છે ને. વ્યવહાર નથી? વ્યવહારને આશ્રયે ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? કહો, આંહીં તો શુભભાવમાં આંખની ચંચળતા એ મટી જાય છે અને શુભભાવ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? એય!

स्थिर होनेकी आदत बढ़ती है, લો. અંદરમાં શુભભાવમાં આવીને આગળ વધવું એવું અંદર નિમિત્તપણુંનું જ્ઞાન થાય છે. આહા! ભગવાન આવા! બોલે નહીં ને ચાલે નહીં. સ્થિરબિંબ! રાગની ક્રિયા વિનાની ચીજ એવો પરમાત્મા એનું બિંબ દેખીને પોતાને સ્થિર થવાની દશા વધે. વધે છે પોતાથી, પણ એમાં નિમિત્ત કરીને લક્ષ કરે છે. એવી વાત છે. एकदम टकटकी लगाकर देखने लगते हैं. આહા! જુઓને, શાસ્ત્રમાં આવે છે ને. ભગવાનનો જન્મ થાય, ઈન્દ્રો એક હજાર નેત્રથી ભગવાનને દેખે છે. હવે ઈ તો પર છે અને શરીર પર છે. ઈંદ્ર એક હજાર નેત્રથી આમ જુએ એને. એવો ભક્તિનો ભાવ આવ્યા વિના રહે નહીં. સમજાણું કાંઈ? એ ભીખાભાઈ! આરે, આરે, ભારે! વસ્તુ ઐસી હૈ. વસ્તુ હાથ આવે બસ ઈતના. (ધર્મ ન થાય.) પાપથી બચવા માટે એમ કહેવામાં આવે. સમજાય છે કાંઈ? આહાહા!

ઈન્દ્રો એકાવતારી શક્રેન્દ્ર, સૌધર્મ દેવલોક, ઈશાન દેવલોક, બાર દેવલોક. સૌધર્મ દેવલોકમાં ૩૨ લાખ વિમાન. એક-એક વિમાનમાં અસંખ્ય દેવ એનો એ સ્વામી. નિમિત્તથી કહેવાય હોં, સમકિતી કોઈનો સ્વામી છે નહીં. કથન સંયોગે શું છે એ જણાવવા. એની સ્ત્રી પણ છે. શક્રેન્દ્રની સ્ત્રી છે એ એકાવતારી છે. બેય એક ભવ કરીને મુક્તિ જનારા છે. પતિ-પત્ની બેય. સૌધર્મ દેવલોક. કહો, સમજાણું કાંઈ? પત્નીઓ ઘણી થાય, એ બધી એકાવતારી હોય. થોડો પણ છતાંય એકાવતારી હોય એના જેવી એ એકાવતારી જ હોય ઈ. સમજાણું કાંઈ? એવી સ્થિતિ જ એની છે. આહા! આ તો છે ઈ તો ઘણો કાળ રહેશેને. અસંખ્ય અબજ વર્ષ સુધી એક એક સ્ત્રી. ભગવાનની વાણીમાં આવ્યું છે, પતિ અને પત્ની બેય એકાવતારી છે. સમજાણું કાંઈ?

એ પણ ભગવાનનાં જનમ વખતે હાથમાં લઈને આમ દર્શન કરે. વ્યવહારના કાળમાં વ્યવહાર આવે છે ખરો ને. આહાહા! વ્યવહારનો કાળ છે રાગનો. એય! એ જ સ્વકાળ છે, એને રાગનો વિકારને આવવાનો કાળ છે એને. છતાં દૃષ્ટિમાં એને હેય વર્તે છે. સમજાણું કાંઈ? આહાહા! આવો માર્ગ ભારે! એ સ્યાદવાદ અનેકાંત ભારે માર્ગ.

આહાહા! કરે, આવે, ઉત્સાહ કરે અને કહે છે કે હેય કરે. લે. ઈ સહજ દશા એવી છે. વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? थिरताकी बानी बढ़ै ઠીક. स्थिर होनेकी आदत बढ़ती है. બાનીનો અર્થ ઈ થયો. एकदम टकटकी लगाकर देखने लगते हैं. આહા!

मुद्रा देखि केवलीकी मुद्रा याद आवै जहाँ. આહા! કીધું'તું ને. પહેલાં જયારે આ ૧૩ની સાલમાં ગ્યાને જાત્રા ત્યારે મુંબઈ ગ્યા'તાને ત્યારે મુંબઈ. તેર, તેર. ૧૪ વર્ષ થયાં. ત્યારે આપણાં બરવાળાનાં હતાં ને એક જગદીશભાઈ. જગદીશભાઈ હતા ઈ બરવાળાના. પહેલા સંત બાજુ માનતા ને પછી એ છૂટી ગયેલું. પછી સ્થાનકવાસી પાળતા. પણ અમારા પર તો બીજી રીતે પ્રેમ હતો ને સંપ્રદાયનો. પછી એમણે પૂછ્યું કે મહારાજ! આ જાત્રામાં શું છે? કીધું, ભાઈ! જાત્રામાં એમ છે કે જયાં આગળ મુનિ મોક્ષ પધાર્યા છે જે ક્ષેત્રમાં, જે સ્થાનમાં. એ સ્થાનથી મુનિનો મોક્ષ (થયો હતો), ત્યાં ભગવાન બિરાજે છે. ઈ ક્ષેત્રમાં દેહ છૂટેલો એ ક્ષેત્રે ત્યાં બિરાજે છે. એ યાદ આવવાનું નિમિત્ત છે.

આંહીં કીધું જુઓને. मुद्रा देखि केवलीकी मुद्रा याद आवै जहाँ. ઓહો! કેવળી આવા હતા શાંત. રાગ નહીં, દેહ જ નહીં, વાણી એની નહીં. એ તો અંતર આનંદમૂર્તિનો અનુભવ. તીર્થંકર પરમાત્મા અરિહંતદેવ. એ તો અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદમાં બિરાજતા હતા. એવી મુદ્રા દેખીને આવા સ્વરૂપની જેણે ધારણા પહેલી કરી છે, સમકિતીની વાત છે ને અહીંયા, એને યાદ આવે. અજ્ઞાનીને ક્યાં યાદ આવતું'તું? આવા કેવળી પરમાત્મા. આહાહા! તીર્થંકરદેવ. ણમો અરિહંતાણં. ણમો સિદ્ધાણં. એ કોણ હતા અરિહંત. આહાહા! એવા અરિહંતની, કેવળીની મુદ્રા દેખી મુદ્રા યાદ આવે જહાં, લ્યો.

जाके आगै इंद्रकी विभूति दीसै तिनसी. આહા! ભગવાનનાં દર્શનમાં ધર્મી જીવને શુભભાવ આવતાં, ઈન્દ્રનાં—ઈન્દ્રાણીના સુખો સડેલા તરણા જેવા દેખાય. આહાહા! ભગવાનને પરમાનંદ સુખ અતીન્દ્રિય આનંદમાં બિરાજમાન છે એવું યાદ આવતાં... સમજાણું કાંઈ? ભારે! जिसके सामने सुरेन्द्रकी सम्पदा भी तिनके समान.. તિનકા સમજાય? તિનકા. છિલકા. તરણાં.. તરણાં. ફોતરા. એવું લાગે. આહાહા!

ક્યાં ભગવાનનો આનંદ અને ક્યાં ભગવાનની મુદ્રા નિષ્ક્રિય—અક્રિય! એ સામે સુરેન્દ્રની સંપદા પણ જેને તરણાં જેવી લાગે. ધર્મી જીવની વાત છે. અજ્ઞાનીની આંહીં વાત નથી. ધર્મી જીવને આવો શુભભાવ આવતાં ભક્તિ આવે એની વાત છે. સમજાણું કાંઈ? આહાહા! જેને આત્મજ્ઞાન થયું છે, જેને સમ્યગ્દર્શન થયું છે, જેને આત્મા પુણ્ય-

પાપ, શરીર, વાણીથી ભિન્ન એવું અંતરમાં અનુભવ અને આત્મજ્ઞાન થયું એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? આહાહા!

ઓલા પુણ્યવિજય થયા ને એણે એક ફેરે લખ્યું'તું. ઓલા ભાઈ, દિગંબરની પ્રતિમા બહુ જોઈ હોયને. બહાર ગ્યા'તા ને જયારે. ક્યાં? જેસલમેર. જેસલમેર ને? જેસલમેર છે ને ત્યાં. પુસ્તકો હતા ને ત્યાં ગ્યા'તા. ભંડાર. વીસ હજાર આપ્યા'તાને અમારે હેમચંદજીએ. મુંબઈથી. ભૂપેન્દ્ર ડાઈંગ પ્રિન્ટીંગ વર્ક્સ. છે ને મુંબઈ? ભૂપેન્દ્ર. એનો બાપ હતો ને હેમચંદ. એણે વીસ હજાર આપ્યા'તા જવા. ઈ પુણ્યવિજય ગુજરી ગયા હમણાં મુંબઈમાં દેરાવાસી. એને રસ્તામાં ઘણી દિગંબર પ્રતિમાઓ જોઈ જંગલમાં. તો એને એમ થયું કે આ આપણે દિગંબર નવા નવા કહીએ છીએ પણ આ તો જૂનું લાગે છે આ. છાપામાં આવ્યું'તું. માટે કોઈએ વિરોધ એ સંબંધીનો કરવો નહીં. એમ થોડું લખ્યું છે. સંપ્રદાયમાં રહીને કેટલું કહેવાય? એમ લખ્યું છે. જેસલમેરમાં બહુ પુસ્તક હતા ને. એને શોખ હતો પુસ્તકોને જોવાનો. ગુજરી ગયા હમણાં ઈ મુંબઈ.

આંહીં કહે છે, जेने आगै इंद्रकी विभूति दीसै तिनसी. એ સમ્યગ્દૃષ્ટિ જેને આત્માનો આનંદનો સ્વાદ આવ્યો છે એવા ધર્મી ભગવાનને દેખીને, આહા! સડેલા તરણા જેવા ઈન્દ્રનાં ઈન્દ્રાસનો દેખાય. એને ધર્મી કહીએ. આ બધા આ પૈસા ને બાયડી છોકરા સારા ને એમાં મીઠાશ છે ને, એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આંહીંથી અમે સ્વર્ગમાં જાશું. આવી ક્રિયા કરશું, વ્રત ને તપ, પછી સ્વર્ગમાં જાશું. સ્વર્ગનાં સુખ ભોગવીને પછી મોક્ષ જાશું. કહેતો'તો નહીં ભાઈ બોટાદ? કેશવલાલનો નાનો દીકરો. કે પછી પોતે કેશવલાલ? તલોદ. વીસાશ્રીમાળી. નાગલપર બોટાદ પાસે. વીસાશ્રીમાળી. આવ્યા'તા વ્યાખ્યાનમાં આવ્યા. મહારાજ! પણ આ એ ક્રિયા પુણ્ય કરવા દ્યો ને પછી એમાંથી સ્વર્ગમાં જાશે. ન્યાં સુખ ભોગવશે સ્વર્ગના ને પછી મોક્ષ જાશે. હવે ધૂળે ય નહીં જાય, સાંભળને! જેને પુણ્યનાં પરિણામને ધર્મ માન્યો અને એનાથી કલ્યાણ માન્યું, એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. સમજાણું કાંઈ? એ બિચારા હતા. એ ય ગુજરી ગયા બિચારા. એનો બાપ હતો. એ.....ને બહુ માનતા. તલોદ. ..... ઘણા વખત ગયેલા.

આંહીં કહે છે, जाकौ जस जपत प्रकास जगै हिरदेमैं. આહાહા! ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા એની મૂર્તિ દેખીને એનો જશ ગાય છે પરમાત્માનો. ન્યાં ઈ તો એમાં ક્યાં છે, મૂર્તિમાં ક્યાં ભગવાન હતા? એ તો નિમિત્ત છે. સ્થાપના નિક્ષેપ છે. પણ સ્થાપના દેખી—દેખીને એનાં જે આત્મા છે એના जाकौ जस जपत प्रकास जगै हिरदेमैं. આંહીં તો મૂર્તિને દેખીને કહે છે હોં. हिरदेमैं પ્રકાશ લાગે. આહાહા! આવી આ

ભગવાનની પ્રતિમા. જ્ઞાનનો પ્રકાશ એમાં એને ઉજ્જ્વળતા આવે, એમ કહે છે.

सोइ सुद्धमति होइ हुती जु मलिनसी. પહેલાં જે મલિન પરિણામ હતા. और जो बुद्धि मलिन थी वह पवित्र हो जाती है. શુભભાવ. સમજાય છે કાંઈ? આહા! પુણ્યને પવિત્રતા કહેવાય છે ને વ્યવહારે, અશુભ ટળીને. સંસારના ધંધા–ફંધાના પાપ ભાવ–મલિનભાવ, એનાં કરતાં આ શુભભાવને પવિત્ર વ્યવહારે કહેવામાં આવે છે.

कहत बनारसी सुमहिमा प्रगट जाकी. કહે છે બનારસીદાસ, सुमहिमा सोहै जिनकी छबि. એ વીતરાગની મૂર્તિ सुविद्यमान जिनसी—જેવા ત્રિલોકનાથ તીર્થંકર હતા એવી જ એ પ્રતિમા લાગે. સમજાણું કાંઈ? આરે, ભારે વાત! આ ઝઘડા મૂર્તિના. એક કહે કે મૂર્તિને માનવાથી ધર્મ થાય. બીજો કહે કે ભઈ, મૂર્તિ છે એની પૂજા આદિનો ભાવ તે પુણ્ય છે. સમજાણું કાંઈ? સત્ય વસ્તુ વચમાં આવી .... આવ્યા વિના રહેતી નથી. આહા! ભારે!

जिनराजके प्रतिबिम्बकी प्रत्यक्ष महिमा है, जिनेन्द्रकी मूर्ति साक्षात् जिनेन्द्रके समान सुशोभित होती है, લ્યો. ઉપમા છે ને. કાંઈ જિનેન્દ્ર ત્યાં નથી. જિનેન્દ્રનાં જે ગુણો કહ્યાં એમાં નથી. એ તો એકેન્દ્રિય જીવ છે. પણ એને દેખીને આવા ગુણો હોય એવો એને ભાસ થાય. જિનેન્દ્રકે સમાન સુશોભિત હોતી હૈ, લો. એક બોલતા નથી એટલું. બાકી બધું, કહે છે, શાંત નિષ્ક્રિયપણું. બધું શુભભાવમાં જણાય. જ્ઞાનમાં જણાય છે ને. આ બનારસીદાસે પહેલું આ ગુણસ્થાનનું વર્ણન કરતા આ મંગલાચરણ કહ્યું. સમજાણું કાંઈ?

जिन मूर्ति-पूजकोंकी प्रशंसा ત્રીજો શ્લોક

જિનમૂર્તિ પૂજકોની પ્રશંસા (સવૈયા એકત્રીસા)

जाके उर अंतर सुद्रिष्टिकी लहर लसी,
विनसी मिथ्यात मोहनिद्राकी ममारखी।
सैली जिनशासनकी फैली जाकै घट भयौ,
गरबकौ त्यागी षट-दरबकौ पारखी।।
आगमकै अच्छर परे हैं जाके श्रवनमैं,
हिरदै-भंडारमैं समानी वानी आरखी।
कहत बनारसी अलप भवथिति जाकी,
सोई जिन प्रतिमा प्रवांनै जिन सारखी।।३।।

**શબ્દાર્થ :—**સુદ્રિષ્ટિ=સમ્યગ્દર્શન. મમારખી=મૂર્છા—અચેતનપણું, સૈલી(શૈલી)=પદ્ધતિ. ગરવ(ગર્વ)=અભિમાન. પારથી=પરીક્ષક. શ્રવન=કાન. સમાની=પ્રવેશ કરી ગઈ. આરખી(આર્ષિત)= ઋષિ પ્રણીત. અલપ (અલ્પ)=થોડી.

**અર્થ :—**પં. બનારસીદાસજી કહે છે કે જેના અંતરંગમાં સમ્યગ્દર્શનની લહેરો ઉત્પન્ન થઈને મિથ્યાત્વમોહનીયજનિત નિદ્રાની અસાવધાની નષ્ટ થઈ ગઈ છે, જેમના હૃદયમાં જૈનમતની પદ્ધતિ પ્રગટ થઈ છે, જેમણે મિથ્યાભિમાનનો ત્યાગ કર્યો છે, જેમને છ દ્રવ્યોના સ્વરૂપની ઓળખાણ થઈ છે, જેમને અરહંત કથિત આગમનો ઉપદેશ શ્રવણગોચર થયો છે, જેમના હૃદયરૂપ ભંડારમાં જૈન ઋષિઓના વચનો પ્રવેશ કરી ગયા છે, જેમનો સંસાર નિકટ આવ્યો છે, તેઓ જ જિન-પ્રતિમાને જિનરાજ સમાન માને છે. ૩.

**अर्थ :—**पण्डित बनारसीदासजी कहते हैं कि जिसके अंतरंगमें सम्यग्दर्शनकी तरंग उठकर मिथ्यात्व मोहनीयजनित निद्राकी असावधानी नष्ट हो गई है, जिनके हृदयमें जैनमतकी पद्धति प्रगट हुई है, जिन्होंने मिथ्यात्वका त्याग किया है, जिन्हें छह द्रव्योंके स्वरूपकी पहिचान हुई है, जिन्हें अरहंत कथित आगमका उपदेश श्रवणगोचर हुआ है, जिनके हृदयरूप भंडारमें जैन ऋषियोंके वचन प्रवेश कर गये हैं, जिनका संसार निकट आया है वे ही जिन-प्रतिमाको जिनराज सदृश मानते हैं।।३।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

आरखी નો અર્થ ઈ થયો. ઋષિ પ્રણીત. आरखी—આર્ષ વચન. આર્ષ વચન.

સમ્યગ્દષ્ટિ તેને પ્રતિમા તરીકે માને, બીજો માની શકે નહીં. સમજાણું કાંઈ? અજ્ઞાનીને જ્ઞાન નથી એટલે જ્ઞાન વિના એનો નિક્ષેપ જે જ્ઞેય છે એ ક્યાંથી આવે એને? સમજાણું કાંઈ? જ્ઞાનીને જ્ઞાન આત્મજ્ઞાન છે એથી તેના જ્ઞાનમાં નય પડે છે. અને તે સામે નિક્ષેપનાં ભેદ પણ તેને જ્ઞેય તરીકે જણાય છે. જ્ઞાનીને જ નિક્ષેપ હોય, અજ્ઞાનીને હોય નહીં. આહા! હજી આણે નામ નાંખ્યું વિદ્યાનંદજીએ. ભાઈ. નામ જિન, સ્થાપના જિન, દ્રવ્ય જિન, ભાવજિન – ચારે ય જિન જૈન છે. એવું નાંખ્યું આમાં. કહો. હવે શું કરવા માગે છે? બધાને સરખાં રાખો. નામ જિનમાં શું આવ્યું? નામ જિન તો બધાને આપે. પાર્શ્વવીર નામ હતું, લ્યો. વાંકાનેર પાર્શ્વવીર. વીસાશ્રીમાળી હતા. બે ભગવાનનાં નામ. નામ આપે એટલે ભગવાન થઈ ગયા? આહા! એણે એમ નાંખ્યું છે. નામ જિન, દ્રવ્ય જિન અને ભાવ જિન. જન, જિન અને જૈન, એ એક 'ઈ' નો ફેર છે, બાકી બધાં બરાબર છે. જનધર્મ – જનધર્મ.. જન એટલે માણસ. જનધર્મ તે જિનધર્મ, જિનધર્મ તે જૈનધર્મ. એટલા ફેર.

આંહીં તો કહે છે કે જૈનધર્મ એટલે, આહાહા! આત્મા તદ્દન અવિકારી અકષાય સ્વભાવનો પિંડ પ્રભુ એની દૃષ્ટિ ને જ્ઞાનમાં લીનતા, એકાગ્રતા એનું નામ જૈનધર્મ છે. જૈનધર્મ કોઈ બહારમાં રહેતો નથી. સમજાણું કાંઈ? જન–જિન–જૈન. એમ કે અ–ઈ–ઐ એટલો ફેર. એમ નાંખ્યું. લડાવે માણસને. આહાહા! અરે, જૈનધર્મ તો બાપુ! મહામણિક રતન છે. આહા! ભગવાન થવાનું કાર્ય કે ભગવાન થવાનો માર્ગ.

ભાઈ કહે છે ને આપણા. જુગલકિશોર. જુગલકિશોર શું, જુગરાજજી. ઓલા કારખાનાવાળા જુગરાજજી છે ને એક મુંબઈમાં. મુંબઈમાં છે શું કહેવાય એને? મહાવીર માર્કેટ. ૬૦-૭૦ લાખ રૂપિયા છે. સ્થાનકવાસી છે. બગડીના સ્થાનકવાસી. પણ એને પ્રેમ આંહીં બહુ ઘણો. આ તો બધું, ઈ કહે છે કે આંહીં મુક્ત પરમાત્મા થવું હોય તો કારખાનું આંહીં છે. હા, હા, ઈ કહે છે. આપણે નહીં ઓલી છપાવી એક ચોપડી? ચોપડી દિયા થા કે નહીં ભૈયા? 'ઈતની વાત.' દિયા થા ત્યાં? જયપુર. દિયા થા. ઈતની વાત મિલી હૈ ભૈયા? નહીં મિલા. અચ્છા. ઉસસે લે લેના. પીછે વ્યાખ્યાનકે બાદ. ઈતની વાત. આણે પાંચ હજાર છપાવી છે.

કહતે હૈં, सैली जिनशासनकी फैली जाकै घट भयौ, गरबकौ त्यागी षट–दरबकौ पारखी. આહાહા! जाके उर अंतर सुद्रिष्टिकी लहर लसी. जिसके अंतरंगमें सम्यग्दर्शनकी तरंग उठकर मिथ्यात्व मोहनीयजनित निद्राकी असावधानी नष्ट हो गई है. આહાહા! જેને આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ પવિત્રતાનો પિંડ પ્રભુ એવું જેને અનુભવમાં સમ્યગ્દર્શન થયું, સમકિત થયું. એ જીવ અંતરંગમેં સમ્યગ્દર્શનના તરંગ ઉઠકર નિર્મળ દશા ઉત્પન્ન થઈ, ઉસને મિથ્યાત્વ મોહનીયજનિત નિદ્રાનો નાશ કરી નાખ્યો.

विनसी मिथ्यात मोहनिद्राकी ममारखी. मूर्छा–અચેતના રાગ, રાગ. એ ચાહે તો શુભરાગ હો કે અશુભ હો, છે અચેતન. એની મૂર્છા સમકિતીને ગઈ છે. મિથ્યાદૃષ્ટિ ત્યાં એમાં સલવાઈ ગયો મૂર્છામાં–રાગમાં. સમજાણું કાંઈ? અસાવધાની નષ્ટ હુઈ, મોહનિદ્રા ગઈ. મિથ્યાત્વરૂપી મોહનિદ્રા નાશ થઈ ગઈ છે. આહા! મૂર્છા અચેતન છે ઈ તો, કહે આહાહા! રાગ ને પુણ્ય-પાપનાં ભાવ એમાં જેની સાવધાની છે એ ચેતનની એને અસાવધાની છે. સમજાણું કાંઈ? આહાહા! એ પુણ્ય-પાપના ભાવમાં અસાવધાની એ જ જ્ઞાનીનું લક્ષણ છે. સાવધાની એ મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. આહાહા! એ વિશેષ વાત કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૮૦, આસો વદ ૨, બુધવાર, તા. ૬-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાન અધિકાર પદ ૩ થી ૭ પર પ્રવચન (હિંદી)

સમયસાર નાટક. ચતુર્દશ ગુણસ્થાન અધિકાર. ચૌદ ગુણસ્થાન હૈં ન. ચતુર્દશ ગુણસ્થાન. ઉસકા અધિકાર બનારસીદાસ વર્ણન કરતે હૈં. સમયસાર પૂરા હુઆ ઉસકે ઉપરાંત વર્ણન કરતે હૈં. કહતે હૈં કે મૈંને સમયસારકી ટીકા કી. હિન્દી, હિન્દી. કલશટીકામેંસે, તો ભગવાનકી પ્રતિમાકી ભક્તિકે પ્રભાવસે પૂરા હુઆ, ઐસે કહા. જિનમૂર્તિ પરમાત્માકી વીતરાગ મૂર્તિ જો ઈન્દ્ર ભી પૂજતે હૈં. ઐસી પ્રતિમા વીતરાગકી મુદ્રા ઉસકે પૂજકોંકી પ્રશંસા કરતે હૈં. યે મૂર્તિપૂજા અનાદિસે હૈ. નયી નહીં હૈ. દેવલોકમેં ભી શાશ્વત જિનપ્રતિમા અસંખ્ય હૈં. અસંખ્ય પ્રતિમા શાશ્વત હૈં અકૃત્રિમ. તો આ કૃત્રિમ પ્રતિમાકી યહાઁ બાત વર્તમાન ચલતી હૈ. जिन-मूर्ति-पूजकोंकी प्रशंसा.

જિનમૂર્તિ પૂજકોની પ્રશંસા (સવૈયા એકત્રીસા)

जाके उर अंतर सुद्रिष्टिकी लहर लसी,
विनसी मिथ्यात मोहनिद्राकी ममारखी।
सैली जिनशासनकी फैली जाकै घट भयौ,
गरबकौ त्यागी षट-दरबकौ पारखी॥
आगमकै अच्छर परे हैं जाके श्रवनमैं,
हिरदै-भंडारमैं समानी वानी आरखी।
कहत बनारसी अलप भवथिति जाकी,
सोई जिन प्रतिमा प्रवांनै जिन सारखी॥३॥

**શબ્દાર્થ :—**સુદ્રિષ્ટિ=સમ્યગ્દર્શન. મમારખી=મૂર્છા—અચેતનપણું, સૈલી(શૈલી)=પદ્ધતિ. ગરવ(ગર્વ)=અભિમાન. પારથી=પરીક્ષક. શ્રવન=કાન. સમાની=પ્રવેશ કરી ગઈ. આરખી(આર્ષિત)= ઋષિ પ્રણીત. અલપ (અલ્પ)=થોડી.

**અર્થ :—**પં. બનારસીદાસજી કહે છે કે જેના અંતરંગમાં સમ્યગ્દર્શનની લહેરો ઉત્પન્ન થઈને મિથ્યાત્વમોહનીયજનિત નિદ્રાની અસાવધાની નષ્ટ થઈ ગઈ છે, જેમના હૃદયમાં જૈનમતની પદ્ધતિ પ્રગટ થઈ છે, જેમણે મિથ્યાભિમાનનો ત્યાગ કર્યો છે, જેમને છ દ્રવ્યોના સ્વરૂપની ઓળખાણ થઈ છે, જેમને અરહંત કથિત આગમનો ઉપદેશ શ્રવણગોચર થયો છે, જેમના હૃદયરૂપ ભંડારમાં જૈન ઋષિઓના વચનો પ્રવેશ કરી ગયા છે, જેમનો સંસાર નિકટ આવ્યો છે, તેઓ જ જિન–પ્રતિમાને જિનરાજ સમાન માને છે. ૩.

**अर्थ :**—पण्डित बनारसीदासजी कहते हैं कि जिसके अंतरंगमें सम्यग्दर्शनकी तरंग उठकर मिथ्यात्व मोहनीयजनित निद्राकी असावधानी नष्ट हो गई है, जिनके हृदयमें जैनमतकी पद्धति प्रगट हुई है, जिन्होंने मिथ्यात्वका त्याग किया है, जिन्हें छह द्रव्योंके स्वरूपकी पहिचान हुई है, जिन्हें अरहंत कथित आगमका उपदेश श्रवणगोचर हुआ है, जिनके हृदयरूप भंडारमें जैन ऋषियोंके वचन प्रवेश कर गये हैं, जिनका संसार निकट आया है वे ही जिन-प्रतिमाको जिनराज सदृश मानते हैं॥३॥

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जाके उर अंतर सुद्रिष्टिकी लहर लसी. ક્યા કહતે હૈં? જિસકે હૃદયમેં આત્માકા ભાન હુઆ, સમ્યક્ દૃષ્ટિકી લહર લસી. હૈ ન? સમ્યગ્દર્શન કા તરંગ ઉઠા. મૈં તો આનંદ શુદ્ધ ચૈતન્યઘન હૂં. પુણ્ય-પાપકા વિકલ્પ ભી મેરેમેં નહીં. ઐસા અંતરમેં ચૈતન્ય સ્વભાવકા આશ્રય લેકર સમ્યગ્દર્શન જો ઉત્પન્ન હુઆ, તો કહતે હૈં કિ જિસકે અંતરમેં સુદૃષ્ટિકી લહર લસી—લહર આયી. विनसी मिथ्यात मोहनिद्राकी ममारखी. ભ્રમણા મિથ્યાત્વ—દેહક્રિયા મેરી હૈ, રાગ પુણ્યસે ધર્મ હોતા હૈ – ઐસી જો મિથ્યાદશા થી, विनसी मिथ्यात मोहनिद्राकी ममारखी. मिथ्यात्व मोहनीयजनित निद्राकी असावधानी नष्ट हो गई है. સમજમેં આયા?

ધર્મી જીવકી, અપને ચૈતન્ય સ્વભાવકે ભાનમેં સમ્યગ્દર્શનકી દૃષ્ટિ ઉત્પન્ન હુઈ. મૈં ત્રિકાળી ચિદાનંદ આનંદ હૂઁ, મૈં ધ્રુવ અખંડાનંદ હૂઁ ઐસી અનુભવમેં દૃષ્ટિ હોના ઉસકા નામ સમ્યગ્દર્શન કહનેમેં આતા હૈ. સમજમેં આયા? સમ્યગ્દૃષ્ટિ હી મૂર્તિપૂજા યથાર્થ માનતે હૈં, યે કહતે હૈં. સમજમેં આયા? હૈ મૂર્તિપૂજાકા ભાવ શુભ. સમજમેં આયા? પર વહ શુભભાવ ધર્મીકો આયે બિના રહે નહીં. સમજમેં આયા? તો કહતે હૈં, जिन विनसी मिथ्यात मोहनिद्राकी ममारखी. પુસ્તક હૈ કિ નહીં ભૈયા? મોહજનિત નિદ્રાકી અસાવધાની નષ્ટ હો ગઈ. અસાવધાની કા અર્થ કિ અપને જ્ઞાયક સ્વભાવમેં સાવધાની કરના. જો અપને સ્વભાવકી અસાવધાની થી ઉસકા નાશ હુઆ ઔર અપને સ્વભાવમેં સાવધાની કી ઉત્પત્તિ હુઈ, યે સમ્યગ્દર્શન ઉત્પન્ન હુઆ. ભારે ભાઈ! સમજમેં આયા?

सैली जिनशासनकी फैली जाकै घट भयौ. જૈનશાસનકી શૈલી—પદ્ધતિ, જિસકે હૃદયમેં—ધર્મી સમકિતીકો જૈનશાસનકી પદ્ધતિ શૈલી પ્રવેશ હુઈ. આહાહા! जाके घट भयौ, गरबकौ त्यागी षट—दरबकौ पारखी. પર પદાર્થ મેરે હૈં ઐસા ગર્વકા ત્યાગ હૈ ઉસે. સમજમેં આયા? આહાહા! પુણ્ય-પાપકા ભાવ રાગ ઔર શરીરસે લેકર સારા જગત વહ મેરા હૈ ઐસા જો ગર્વ થા, ઉસ ગર્વકા નાશ હુઆ. યહ ધર્મકી વ્યાખ્યા હૈ. ધર્મી જીવકો અપના ચિદાનંદ અખંડ આનંદકી હી પ્રતીત ઔર અધિકતા ભાસતી હૈ.

ઉસકે સિવા દૂસરી ચીજકા અભિમાન ધર્મીકો હોતા નહીં ક્યોંકિ વહ ચીજ અપનેમેં હૈ નહીં. મૂલચંદભાઈ! આવી વાત છે આ.

गरबको त्यागी षट–दरबकौ पारखी. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ ઉન્હોંને જો છ દ્રવ્ય જગતમેં દેખે. છ વસ્તુ હૈં જાતિ અપેક્ષાસે, સંખ્યા અનંત. અનંત આત્મા હૈં યે જીવદ્રવ્ય, અનંત પરમાણુ હૈં રજકણ વહ અજીવદ્રવ્ય, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ ઔર અસંખ્ય કાળાણુ. ઐસી જાતિમેં છ દ્રવ્ય ભગવાનને દેખે હૈં. છ દ્રવ્યકો ધર્મીને પાઠ પરીક્ષા કરકે નક્કી કિયે હૈં, યે કહતે હૈં. સમજમેં આયા? આને તો કંઈ ભાને ય ન મળે અને અમે જૈન. રતનલાલજી! પૈસા પરખકર લેતે હૈં. સચ્ચા હૈ કિ નહીં, લાઓ.

યહાઁ કહતે હૈં કિ જૈનશાસનમેં જો સમ્યગ્દૃષ્ટિ હોતા હૈ, (ઉસે) ભગવાનને કહા ઐસા આત્માકા અનુભવ અને પ્રતીત હોતી હૈ, વહ ષટ્દ્રવ્યકા પારખી હોતા હૈ. જગતમેં છ દ્રવ્ય હૈં. એક હી આત્મા હૈ ઐસા નહીં ઔર એક હી પુદ્ગલ હી હૈ ઐસા નહીં. ઈસકે સિવા ભી ચાર દ્રવ્ય હૈં અરૂપી—ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ ઔર કાલ. છ દ્રવ્યકી પરીક્ષા કરકે, પર્યાય કી બાત ચલતી હૈ, છ દ્રવ્યકી પરીક્ષા કરકે છ દ્રવ્યકા જાનનેવાલા હુઆ હૈ, પારખી હૈ વહ. સમજમેં આયા?

आगमके अच्छर परे हैं जाके श्रवनमैं. આહા! સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ જિનેન્દ્રદેવ કી વાણી જિસકે કાનમેં પડી હૈ. યે તેરા સ્વરૂપ હૈ, યે પુણ્ય હૈ, યે ધર્મ હૈ. સમજમેં આયા? આહાહા! આગમ—પરમાગમ સર્વજ્ઞકી વાણી. आगमके अच्छर परे हैं जाके श्रवनमैं. કહતે હૈં કિ અજ્ઞાનીકા આગમ વહ સુનતા નહીં. સમજમેં આયા? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ ને જો આગમ કહા, વહ આગમ સુનતે હૈં ઔર અક્ષર કાનમેં પડે હૈં. हिरदै भंडारमैं समानी वानी आरखी, લ્યો. जिनके हृदयरूप भंडारमें जैन ऋषियोंके वचन प्रवेश कर गये हैं. છે ને? वानी आरखी, आरखी, આરખી એટલે ઋષિ. ઋષિયોં, સંત 'કુંદકુંદઆચાર્ય' આદિ મહા મુનિયોં, દિગંબર સંત. ધર્મકે સ્થંભ. ઉનકી વાણી ઉસકે હૃદયમેં પડી હૈ ઔર ઋષિયોંકે વચન પ્રવેશ કર ગયે હૈં. આહાહા! સમજમેં આયા? ધર્મી ઈસે કહતે હૈં. યે તો સુના ભી ન હો, ક્યા ષટ્ દ્રવ્ય હૈ ઔર ક્યા માર્ગ હૈ. હો ગયા જૈન. કહો, ભીખાભાઈ! છ દ્રવ્ય હૈં, ખબર હતી? (શ્રોતા : ના, પહેલે નહોતી.) પહેલે નહોતી. સમજમેં આયા?

ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞ અરિહંત જિનેશ્વર કેવળજ્ઞાનમેં છ દ્રવ્ય દેખે, ઉસકા વહ પારખી ઔર समानी आरखी वानी. જૈનઋષિયોંકી વાણી પ્રવેશ કર ગઈ હૈ. સર્વજ્ઞ ત્રિલોકનાથકે સંત આત્મજ્ઞાની ધ્યાની મુનિયોંકી વાણીને જિસકે હૃદયમેં પ્રવેશ કિયા હૈ.

અજ્ઞાનીકી વાણીકા નિષેધ હૈ વહાં, યે કહતે હૈં. આહાહા! પક્ષ નહીં હોતા હૈ કિ સત્ય હૈ? કિ પક્ષસે તો સત્ય બાત આયી હૈ. ધર્મીકે હૃદયમેં સર્વજ્ઞકી વાણ ઔર ઋષિયોંકી વાણી પ્રવેશ કર ગઈ હૈ. તો ઉસકા અર્થ, ઉસકા ભાવ ઉસકે જ્ઞાનમેં આ ગયા હૈ. સમજમેં આયા? આહા! બનારસીદાસને તો... कहत बनारसी अलप भवथिति जाकी, લ્યો. જિસે આત્મજ્ઞાન હુઆ ઉસકે અલ્પ ભવ હી હૈં અબ. सोई जिन प्रतिमा प्रवांनै जिन सारखी. આહાહા! સમજમેં આયા? વીતરાગ પ્રતિમા! જૈસે ભગવાન થે ઐસી મુદ્રા. ઉસ મુદ્રામેં દૂસરી ખટપટ નહીં. મુગટ ચઢાના, ચાંદીકે જેવર લગાના. અરે, કેસર યા ફૂલ ચઢાના મૂર્તિ પર, યે ભી નહીં. ક્યોંકિ જૈસે પરમાત્મા થે ઐસા પ્રતિબિંબ હોના ચાહિયે. સમજમેં આયા? વીતરાગ! વીતરાગી મુદ્રા!

કહતે હૈં, कहत बनारसी कहत अलप भवथिति, જિસકે અલ્પભવ રહે હૈં, सोई जिन प्रतिमा प्रवांनै जिन सारखी. જિન પ્રતિમાકો વીતરાગ પ્રતિમા જૈસી માનતે હૈં. આહા! સમજમેં આયા? હૈ યે શુભભાવ, પર જ્ઞાનીકો ઐસા ભાવ આયે બિના રહતા નહીં. આહા! સમજમેં આયા? જિનપ્રતિમા જિન સારખી. અરે, સાક્ષાત્ જિન હોં તો ભી ઉન્હેં માનના વહ શુભભાવ હૈ. ક્યોંકિ પરદ્રવ્ય હૈ ન? પરદ્રવ્ય આશ્રયકી માન્યતા રાગભાવ હૈ. તો યહ જિનપ્રતિમા ભી પરદ્રવ્ય હૈ પર જિન સારખી માનકર ઉસકા શુભભાવ–પૂજયભાવ આયે બિના રહતા નહીં. સમજતે હૈં જ્ઞાની કિ વહ હેય હૈ. શુભભાવ હેય હૈ પણ આયે બિના રહતા નહીં. જબ લગ વીતરાગ પૂર્ણ દશા ન હો તબ લગ ઐસી ભક્તિ, જાત્રા, પૂજા – ઐસે ભાવ આતે હૈં. સમજમેં આયા? ફિર ભી વહ ધર્મ નહીં. પર જબ લગ ધર્મકી દશા પૂર્ણ ન હો તબ લગ ઐસે ભાવ ધર્મીકો જરૂર આતે હૈં. સમજમેં આયા? ભારે વાત ભાઈ!

जिन-प्रतिमाको जिनराज सदृश मानते हैं. આહા! સાક્ષાત્ ભગવાન! એક વાણી નિકલતી હૈ (સાક્ષાત્) પરમાત્માકો, યહાં વાણી નહીં. યે જિન પ્રતિમા સારખી. અક્રિયબિંબ! જિસે દેખનેસે સિદ્ધ સમાન અપની દશા યાદ આતી હૈ. સમજમેં આયા? પ્રતિમાકો નહીં માનનેવાલા હૈ કિ નહીં? પ્રતિમા તો પર હૈ. ઉસમેં કહાઁ ભગવાન આયા? ભાઈ, ભગવાન આયે નહીં. સુન તો સહી! યે ભગવાનકા પ્રતિબિંબ હૈ. સમજમેં આયા? પ્રિય ચીજકી ફોટો બનાકર માનતે હૈં કિ નહીં? પ્રિય ચીજકી. સ્ત્રી મર ગઈ હો છોટી ઉમ્રમેં ઔર બહોત પ્રેમ હો તો ફોટો રખે બડા. રાખે છે કે નહીં? મોટો. કહ્યું'તું. પોરબંદર ચોમાસું ગ્યા ત્યારે. જોડે છે એક મકાન કો'કનું. અપાસરની જોડે છે. ગૃહસ્થ માણસ. ઘણા લાખોપતિ. એ પહેલા ન્યાં ઉતરવાનું કાંઈક રાખ્યું'તું. ત્યાં આમ જોવા ગ્યા તો સ્ત્રીનો મોટો ફોટો. આ કોણ છે આ? કહે, મારી સ્ત્રી. ઘણાં વર્ષ પહેલાં મરી ગઈ છે એનો ફોટો. એલા, આ ફોટો રાખો ને

ભગવાનની મૂર્તિ નહીં? (શ્રોતા : એ તો સંસારનું કામ છે, આ ધર્મનું કામ છે). આ ધર્મના કામમાં શુભભાવ છે. એ સંસારના કામમાં પાપભાવ છે. સમજમેં આયા? ઐસા ભાવ પરમ પરમાત્માકી પ્રીતિકા ભાવ આયે બિના રહતા નહીં. આહાહા!

નિશ્ચયમેં જિસે અપના વીતરાગ ભાવકા પ્રેમ-રુચિ-દૃષ્ટિ હૈ ઉસે વીતરાગ પરમાત્મા ઔર વીતરાગ પ્રતિમા પ્રતિ ભક્તિ ઔર પ્રેમકા ઉલ્લાસ ભાવ આયે બિના રહે નહીં. વિનય આતા હૈ ઉસકા. અમરચંદભાઈ! એકલો નિશ્ચય કરવા જાય ત્યાં વ્યવહાર ઉડાડી દે કે વ્યવહાર હૈ નહીં. વ્યવહારકી નાસ્તિ નહીં, હૈ. હૈ પર વહ ધર્મ નહીં. આયે બિના રહે નહીં. વીતરાગ ન હો તબ લગ આયે બિના રહતા નહી. સાધર્મી પ્રતિ પ્રેમ, તીર્થંકર પ્રતિ પ્રેમ, તીર્થંકર પ્રતિમા પ્રતિ પૂજા, ભક્તિ, જાત્રા —ઐસા ભાવ આયે બિના રહે નહીં. પૂર્ણ વીતરાગ ન હો ઔર યહાઁ પ્રેમ ન હો તો મિથ્યાદૃષ્ટિ હૈ વહ. સમજમેં આયા? ઓહો! ભારે!

ચૌદ ગુણસ્થાનકે વર્ણનકે પહલે પરમાત્માકી પ્રતિમાકી ભક્તિ પહલી કરતે હૈં. ઉસ ભક્તિકે કારણસે હમારા યહ રહસ્યપૂર્ણ શાસ્ત્ર પૂરા હોગા. ઐસા શુભભાવ હૈ ન? અબ કહતે હૈં, પ્રતિજ્ઞા.

પ્રતિજ્ઞા (ચોપાઈ)

जिन-प्रतिमा जन दोष निकंदै।
सीस नमाइ बनारसि बंदै।।
फिरि मनमांहि विचारै ऐसा।
नाटक गरंथ परम पद जैसा।।४।।

परम तत्त परचै इस मांही।
गुनथानककी रचना नांही।।
यामैं गुनथानक रस आवै।
तो गरंथ अति सोभा पावै।।५।।

**શબ્દાર્થ** :—નિકંદૈ=નષ્ટ કરે. ગુનથાનક (ગુણસ્થાન)=મોહ અને યોગના નિમિત્તથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ આત્માના ગુણોની તારતમ્યતારૂપ અવસ્થા-વિશેષને ગુણસ્થાન કહે છે. યામૈ=આમાં.

**અર્થ** :—જિનરાજની પ્રતિમા ભક્તોનું મિથ્યાત્વ દૂર કરે છે. તે જિનપ્રતિમાને પં. બનારસીદાસજીએ નમસ્કાર કરીને મનમાં એવો વિચાર કર્યો છે કે આ નાટક સમયસાર ગ્રન્થ પરમપદરૂપ છે અને આમાં આત્મતત્ત્વનું વ્યાખ્યાન તો છે, પરંતુ ગુણસ્થાનોનું વર્ણન નથી. જો આમાં ગુણસ્થાનોની ચર્ચા ઉમેરાય તો ગ્રન્થ બહુ જ ઉપયોગી થઈ શકે છે. ૪. ૫.

**अर्थ :**–जिनराजकी प्रतिमा भक्तोंके मिथ्यात्वको दूर करती है। उस जिनप्रतिमाको पं. बनारसीदासजी नमस्कार करके मनमें ऐसा विचार किया कि यह नाटक समयसार ग्रंथ परम पदरूप है और इसमें आत्मतत्त्वका व्याख्यान तो है, परंतु गुणस्थानोंका वर्णन नहीं है। यदि इसमें गुणस्थानोंकी चर्चा सम्मिलित हो तो ग्रंथ बहुत ही उपयोगी हो सकता है॥४॥५॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ક્યોંકિ ગુણસ્થાન ભેદ હૈ, વ્યવહાર હૈ. વ્યવહારકા ઈસમેં વિસ્તાર નહીં.

લો. સમયસારમેં ચૌદ ગુણસ્થાનકા ભેદસે વર્ણન નહીં. નિષેધમેં વર્ણન આયા કિ ચૌદ ગુણસ્થાન યે આત્મા નહીં. ક્યોંકિ આત્મા અભેદ અખંડ આનંદકંદમેં ભેદ કહાઁ? સમજમેં આયા? તો અભેદકી દૃષ્ટિ કરાનેમેં ભેદકા નિષેધ કરનેમેં ગુણસ્થાન આયા. પર ગુણસ્થાન ક્યા હૈ ઐસી સ્પષ્ટ બાત વિશેષ સ્પષ્ટ આયી નહીં. તો વિશેષ સ્પષ્ટ કરતે હૈં, યે કહતે હૈં.

जिन–प्रतिमा जन दोष निकंदै—જિનરાજકી પ્રતિમા ભક્તોંકે મિથ્યાત્વ દૂર કરતી હૈ. અપને સ્વભાવ સન્મુખ હૈ તો ગૃહીત મિથ્યાત્વકા નિષેધ હોતા હૈ, યે કહતે હૈં. કુદેવ, કુગુરુ કુશાસ્ત્રકો માનતે હૈં વહ મિથ્યાત્વ ગૃહીત મિથ્યાત્વ હૈ. સમજમેં આયા? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ઔર સંત દિગંબર મુનિ અંતર આનંદકે ઝૂલેમેં ઝૂલનેવાલે ઐસે મુનિ ઔર ભગવાનને એક કહે વહ શાસ્ત્ર — ઈન તિનકે બિના દૂસરેકો માનના મિથ્યાત્વભાવ હૈ. યે મિથ્યાત્વકા નાશ કરનેમેં જિન પ્રતિમા નિમિત્ત હૈ, યે કહતે હૈં. સમજમેં આયા? એય! સચ્ચે દેવ, સચ્ચે ગુરુ, સચ્ચે શાસ્ત્ર ઔર સચ્ચા ધર્મ ક્યા હૈ વહ જિસે અનુભવમેં આયા ઉસે પ્રતિમાકા દર્શન કરનેસે ગૃહીત મિથ્યાત્વકા તો નાશ હોતા હૈ.

जिन प्रतिमा जन दोष निकंदै सीस नमाइ बनारसि बंदै. जिनप्रतिमाको पं. बनारसीदासजी नमस्कार करके मनमें ऐसा विचार किया. આહા! ભગવાનકી તો ગૈરહાજરી હૈ. સર્વજ્ઞ પરમાત્મા યહાઁ નહીં તો ઉસકે સ્થાનમેં જિન પ્રતિમાકો વંદન કરકે મૈં ભક્તિ કરતા હૂઁ, યે કહતે હૈં. સમજમેં આયા? फिरि मनमांहि विचारै ऐसा. ટીકા તો કી. કલશમેંસે સમયસાર નાટક બનાયા. ભગવાન 'કુંદકુંદઆચાર્ય'ને 'સમયસાર' બનાયા. ઉસકી ટીકા 'અમૃતચંદ્રઆચાર્ય' નિર્ગ્રંથ દિગંબર સંત વનવાસી ૧૦૦૦ વર્ષ પહલે ઉન્હોંને ટીકા બનાયી. ઉસમેં કલશ બનાયે કલશ. કલશકી ટીકા. રાજમલ્લ હુએ. 'રાજમલ્લ' ગૃહસ્થાશ્રમમેં એક પંડિત હુએ. ઉન્હોંને કલશકી ટીકા બનાયી હિન્દીમેં. સમજમેં આયા? યહાઁ હૈ, કલશટીકા હૈ ન. ઉસમેંસે યહ 'સમયસાર નાટક' બનાયા 'બનારસીદાસ'ને.

तो કહતે હૈં, फिरि मनमांहि विचारै ऐसा। नाटक गरंथ परम पद जैसा. આહાહા! यह नाटर समयसार ग्रंथ परम पदरूप है. સમયસાર કે શબ્દ હી પરમપદ હૈ. ઉસકી વાણી ઉસમેં કહા વાચ્ય—અખંડ આનંદસ્વરૂપ જ્ઞાતા પ્રભુ ઐસા સમયસારકા સ્વરૂપ હૈ યે પરમપદ હૈ. પરમપદકી વ્યાખ્યા કી હૈ ઔર પરમપદ હી ઉસમેં હૈ, યે કહતે હૈં. આહાહા! પરમ પદ વસ્તુ. જૈસે સિદ્ધ ભગવાન હૈં ઐસા યહાઁ આત્મા હૈ. ઐસે આત્માકી વ્યાખ્યા વહ પૂર્ણ સમયસાર ઔર ઉસકા વાચ્ય નામ આત્મા. સમજમેં આયા? આહા ભારે! એક જણો કહે, આઠ દિનમેં પૂરા સમયસાર પઢ લિયા. અચ્છી બાત હૈ. સમયસારકી એક ગાથા સમજના મહા મુશ્કિલ હૈ. સમજમેં આયા? યે તો સંતકી—ભગવંતકી વાણી હૈ. સંત ભગવંતકી વાણી હૈ. સાક્ષાત્ ત્રિલોકનાથ તીર્થંકરસે સુનકર આયે ઉનકી વાણી હૈ. એક-એક ગાથા સમજનેમેં બહોત પાત્રતા ઔર બહોત લાયકાત (ચાહિયે). સમજમેં આયા?

परम तत्त परचै इस मांही. આહાહા! ભગવાન 'કુંદકુંદઆચાર્ય'ને ઔર 'અમૃતચંદ્રઆચાર્ય' ટીકામેં परम तत्त परचै. ઉસમેં તો જ્ઞાયક ચિદાનંદભાવકી સ્પર્શના કરનેકી બાત કી હૈ. આહાહા! સમજમેં આયા? તો આત્મતત્ત્વકા વ્યાખ્યાન તો હૈ, યે કહતે હૈં. परचै इस मांही. પૂરે સમયસારમેં એક જ્ઞાયક ચિદાનંદ પ્રભુ અભેદ ચીજ કી દૃષ્ટિ કરાયી હૈ. સમજમેં આયા? વ્યવહારકા નિષેધ કરકે, ભેદ નહીં ઉસમેં, રાગ નહીં ઉસમેં, કર્મ—શરીર નહીં ઉસમેં, એક સમયકી પર્યાય ભી નહીં ઉસમેં—ઐસી ચીજકા વ્યાખ્યાન સમયસારમેં કહા હૈ. આહાહા! સમજમેં આયા?

परम तत्त परचै इस मांही गुनथानककी रचना नांही. પ્રત્યેક ગુણસ્થાનકા વિસ્તાર જો હોના ચાહિયે યે ઉસમેં હૈ નહીં. यामैं गुनथानक रस आवै—એમાં જો ગુણસ્થાનની ચર્ચા હોય गरंथ अति सोभा पावै. એ માટે ચૌદ ગુણસ્થાનની રચના કરું છું. કહો, ચેતનજી! યે ગુણસ્થાન તો વ્યવહાર હૈ. ઉસસે ભિન્ન આત્મા હૈ. પર વ્યવહાર હૈ યે બતાના તો પડે કિ નહીં? જાને બિના ક્યા હૈ? પર્યાય જાનના તો પડે ન કિ પર્યાય ક્યા હૈ. સમજમેં આયા? કહો, ગુણસ્થાન જાનનેકી અબ બાત કરતે હૈં. સ્વદ્રવ્યકી પરીક્ષા કરકે પરીક્ષા કરનેકી બાત કરતે હૈં. હૈ વ્યવહાર. (શ્રોતા : પોતાની પર્યાય ન જણાય ત્યાં.....) યે તો પર્યાય એક સમયકા વ્યવહાર હૈ. સમજમેં આયા? યે મોક્ષકી પર્યાય ભી વ્યવહાર હૈ. જો નિશ્ચય એકાંત અકેલા અંતઃતત્ત્વ ત્રિકાળ.. ત્રિકાળ.. ત્રિકાળ ભગવાન વહી નિશ્ચય હૈ. વહી સમ્યગ્દર્શનકા વિષય હૈ, ધ્યેય હૈ.

રતનલાલજી! આ તો થોડો અભ્યાસ કરે, સમજાય એવું છે હોં. પૈસામાં ઘૂસી ગયા. ઘણા પૈસા થઈ ગયા ને. આવો વખતે ય મળે નહીં સાંભળવાને. જ્યાં મજા પડે

આમ પૈસા. ઓહોહો! બે-ત્રણ કરોડ ને બે-પાંચ-દસ લાખ, દસ લાખ-વીસ લાખ પેદા થાય. ઓહોહો! ધૂળમાંય નથી કંઈ. આત્મા અખંડ આનંદકી ઉપજ જો હૈ ઉસમેં, ઐસી ઉપજ દૂસરી કોઈ ચીજમેં હૈ નહીં. આહા! પેદાશ કહતે હૈં ન? ક્યા કહતે હૈં? (શ્રોતા : કમાઈ) કમાઈ, કમાઈ. કમાઈ કહતે હૈં ન. કમાઈ તો યે હૈ. વહ કમાઈ નહીં વહ તો નુકસાનકા ધંધા હૈ સબ. (શ્રોતા : ગમાઈ) ગમાઈ. આહાહા! બનારસીદાસ કહતે હૈં કિ જો યે ગુણસ્થાન અધિકાર ઈસમેં હો તો અતિ શોભા પાવે. બરાબર ઉસે ગુણસ્થાનકી મર્યાદા, ગુણસ્થાનમેં કૈસી દશા હો, કૈસા વિકલ્પ હો ઉસકા ઉસે યથાર્થ જ્ઞાન હોવે.

(દોહરા)

इह विचारि संछेपसौं, गुनथानक रस चोज।
वरनन करै बनारसी, कारन सिव-पथ खोज॥६॥

नियत एक विवहारसौं, जीव चतुर्दस भेद।
रंग जोग बहु विधि भयौ, ज्यौं पट सहज सुफेद॥७॥

**શબ્દાર્થ** :—સંછેપસૌ=થોડામાં. જોગ(યોગ)=સંયોગ. પટ=વસ્ત્ર.

**અર્થ** :—આમ વિચારીને પંડિત બનારસીદાસજી મોક્ષમાર્ગને શોધવામાં કારણભૂત ગુણસ્થાનોનું સંક્ષેપમાં વર્ણન કરે છે. ૬. જીવપદાર્થ નિશ્ચયનયથી એકરૂપ છે અને વ્યવહારનયથી ગુણસ્થાનોના ભેદથી ચૌદ પ્રકારનો છે. જેવી રીતે શ્વેત વસ્ત્ર રંગોના સંયોગથી અનેક રંગનું થઈ જાય છે, તેવી જ રીતે મોહ અને યોગના સંયોગથી સંસારી જીવોમાં ચૌદ અવસ્થાઓ પ્રાપ્ત થાય છે. ૭.

**अर्थ** :—यह सोचकर पंडित बनारसीदासजी शिव-मार्ग खोजनेमें कारणभूत गुणस्थानोंका संक्षिप्त वर्णन करते हैं॥६॥ जीवपदार्थ निश्चयनयसे एकरूप है और व्यवहारनयसे गुणस्थानोंके भेदसे चौदह प्रकारका है। जिस प्रकार श्वेत वस्त्र रंगोंके संयोगसे अनेक रंगका हो जाता है, उसी प्रकार मोह और योगके संयोगसे संसारी जीवोंमें चौदह अवस्थाएँ पायी जाती हैं॥७॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આહાહા! દેખો. દૃષ્ટાંત દે છે. इह विचारि संछेपसौं. गुनथानक रस चोज. ગુણસ્થાનકી રચના શિવ માર્ગ ખોજનેકે કારણભૂત.. દેખો, यह सोचकर पंडित बनारसीदासजी शिव-मार्ग खोजनेमें कारणभूत गुणस्थानोंका संक्षिप्त वर्णन करते हैं, લ્યો. શિવ મૂળમાર્ગમાં ગુણસ્થાન કારણભૂત... કૌનસે ગુણસ્થાનકી (ક્યા) મર્યાદા હૈ ઉસે જાનના તો પડે કિ નહીં? સમજમેં આયા? ઉન્હેં ઐસા હો ગયા થા ન પહલે

બનારસીદાસકો. તત્ત્વકી દૃષ્ટિ હુઈ નહિ ઔર નિશ્ચયાભાસ હો ગયા થા. પછી એકવાર કોટડીમાં ચાર જણા નગ્ન થઈ ગયા. ઉસમેં આતા હૈ. નગ્ન હોકર હમ સાધુ હૈં (ઐસે માનને લગે). તો નગ્નતાસે સાધુ હો ગયે? સમજમેં આયા? અંદર ગુણસ્થાનકી ક્યા દશા હે? છઠવેંકી ક્યા દશા હે? ચૌથેકી ક્યા દશા હે? ભાન બિના કપડે છોડ દિયે ઔર નગ્ન હો ગયે ચાર (લોગ). કોટડીમેં ફિરતે થે કિ હમ સાધુ હો ગયે. બાદમેં ઉન્હેં રૂપચંદજી પાંડે મિલે. બતાયા ગુણસ્થાનમેં પર્યાય નિર્મળ ઐસી હૈ ઔર ઉસમેં વિકલ્પ ભી ઐસા આતા હૈ. ઐસે નગ્ન હો ગયે કપડે છોડકર ઈસલિયે મુનિ હો ગયે, ઐસા નહીં. આતા હે? સુના હૈ કિ નહીં?

હમારે ઐસા હુઆ થા યહાઁ. મકનભાઈ હતા ને હોંકારા દેનારા. અભી યહાઁ નહીં હૈ. હોંકારા દેતા હતા ને. તો ૯૫ કી સાલમેં હમારા વાંચન કિયા, સુના. તો એક રાત્રિકો નગ્ન હોકર આયે હમારે પાસ. યહાઁ બેઠતે થે મકનભાઈ ગોસલિયા. પહલે હામી નહીં દેતે થે? ડોકી જરીક આમ—આમ.. નગ્ન હોકર આયે. ૯૫ કા ચાતુર્માસ થા ન. ૯૫ સમજે? સંવત ૧૯૯૫. ૫ + ૨૭=૩૨ વર્ષ પહલેકી બાત હૈ. (શ્રોતા : કહાઁ પર મહારાજ યહાઁ?) રાજકોટ. રાજકોટમેં હમ (ઠહરે) થે મોહનભાઈકે મકાનમેં. તો એક કમરેમેં હમ થે. એક કમરેમેં વે સોતે થે. તો સુબહમેં... અભી રાત્રિકા અંધેરા થા. (સૂર્યોદયના) કલાક—બે કલાક પહેલા. નગ્ન હોકર આયે. મેં આમ દેખ્યું કે આ કોણ? અરે, મકનભાઈ શું થયું છે? આ નગ્ન થઈ જાય માટે સાધુપણું, એવું નથી ભગવાને કહ્યું.

હવે તો દૃષ્ટિ બહુ સારી આમ છે. અત્યારે આંહીં નથી. ઓલા ગઢડા, ગઢડા. તબિયતને કારણે અવસ્થા થઈ ગઈ ને. ૮૯ વર્ષ હુએ. તમારાથી ય મોટા છે કે નહીં થોડા? ત્રણ-ચાર મહિના મોટા છે. ૮૯ વર્ષે હોંકારો એવો આપતા હતા. કીધું, મકનભાઈ, ઐસે કપડે છોડે, નગ્ન હુએ ઈસલિયે સાધુ હો ગયે ઐસી ચીજ નહીં. વહ તો અંતરમેં આત્માકા ભાન હોકર, અનુભવ હોકર, આત્મા અખંડ આનંદ ચીજકે ધ્યાનમેં આનંદ હોકર બાદમેં સ્વરૂપમેં સ્થિરતા કરકે તીન કષાયકા અભાવ હો, તબ સહજ નગ્નદશા શરીરકી હો જાતી હૈ ઉસે નગ્ન કહતે હૈં. એકલા નાગા તો બાવા ય ફરે છે. ઢોર ભી નગ્ન ફિરતે હૈં. (છોટા) લડકા ભી નગ્ન હી ફિરતા હે? દૃષ્ટાંત દિયા હૈ 'કુંદકુંદઆચાર્ય'ને. લિંગપાહુડમેં. નગ્નસે ક્યા હે? અકેલા નગ્ન હુઆ. અંદરમેં નગ્ન હુએ બિના બાહરકા નગ્નપનેકા ક્યા કામ હૈ. યે તો ઢોર ભી નગ્ન હૈ. સમજમેં આયા? ઢોર સમજતે હૈં? પશુ.

આત્મા અખંડ આનંદ પ્રભુ સહજાનંદ કી મૂર્તિકા સ્વાદ સમ્યગ્દર્શનમેં આયે બિના સમ્યગ્દર્શન હોતા નહીં. સમજમેં આયા? ક્યોંકિ અતીન્દ્રિય આનંદકંદ પ્રભુ હૈ. આત્મા

અતીન્દ્રિય આનંદકા રસકંદ હૈ. ઉસકે અનુભવમેં અતીન્દ્રિય આનંદકા સ્વાદ આતા હૈ. ઉસકી પ્રતિતીકા નામ સમ્યગ્દર્શન હૈ. ઐસે હી દેવ-ગુરુ-શાસ્ત્ર સચ્ચે યે સમ્યગ્દર્શન હૈ, નવ તત્ત્વકી શ્રદ્ધા સમ્યગ્દર્શન, ઐસા હૈ નહીં. સમજમેં આયા? આહાહા! ક્યા કરે! સમજમેં આતા નહીં ઔર યહાં—વહાં બૈઠકર કહે કિ હમ સમકિતી ધર્મ હૈ. અભી સમ્યગ્દર્શનકા ઠિકાના નહીં, તૂ કપડે છોડકર નગ્ન હુઆ, સાધુ કહાઁસે હુઆ? સમજમેં આયા? 'માણસ હોના મુશ્કેલ હૈ તો સાધ કહાઁસે હો? સાધુ હુઆ તો સિદ્ધ હુઆ, કહની રહી નહીં કોઈ.' આહા! સાધુ, ઉસે જાનના ચાહિયે કિ છઠવેં, સાતવેં ગુણસ્થાનમેં મુનિકી ક્યા દશા હૈ. જિસે તીન કષાયકા અભાવ હુઆ હૈ, જો વનવાસમેં રહતે હૈં ઔર જિસે પૌન સેકન્ડમેં અંદરકી નિદ્રા હોતી હૈ. સમજમેં આયા? યહાં તો ૩-૩, ૪-૪, ૬-૬ ઘંટે નિદ્રા લે ઔર હમ સાધુ હૈં. સાધુ કૈસા આયા?

ભગવાન ઐસે કહતે હૈં. 'છ ઢાળા' મેં આતા હૈં, 'પીછલી રયની.' 'છ ઢાળા' મેં આતા હૈ. પીછલી રૈનમેં કછુ એકાસનમેં નિદ્રા આ જાતી હૈ. પૌન સેકન્ડકે અંદર. છઠવેં ગુણસ્થાનમેં આતે હૈં. રાત્રિકે આખિરકે પ્રહરમેં ચૌથા પ્રહર, ચૌથે પ્રહરમેં થોડી એક કરવટ (નિદ્રા આતી હૈ.) ક્ષણમેં સપ્તમ આ જાતા હૈ આનંદકા અનુભવ. ક્ષણમેં છઠવાં, ક્ષણમેં સપ્તમ. ઐસી દશાકા વર્ણન સ્પષ્ટ કરનેકો યહાઁ ગુણસ્થાનકા વર્ણન કહનેમેં આયા હૈ. યે જરૂરી હૈ. ઐસે હી માન લે, લો. ચોથા ગુણસ્થાન ઐસા માન લે, લો. હમારે નવ તત્ત્વકી શ્રદ્ધા હૈ યે ચૌથા (ગુણસ્થાન) હૈ. યે નહીં. નવ તત્ત્વકી ભેદકી શ્રદ્ધા તો મિથ્યાત્વ હૈ. ગજબ બાત હૈ.

અખંડાનંદ પ્રભુ પૂર્ણાનંદ એક ચિદાનંદ ધ્રુવ સ્વભાવકા અનુભવમેં પ્રતીત હોના ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. આહાહા! ગુણસ્થાનકી સ્પષ્ટતા ઉસમેં સમયસારમેં નહીં. ક્યોંકિ વહાં તો અકેલે પરમપદકી મુખ્યતાસે હી કથન હૈ. અંશ હૈ થોડા. પર યહાઁ તો સ્પષ્ટ કરનેકા (કહા હૈ). ચોથા ગુણસ્થાન કિસે કહે? પાંચવાં કિસે કહે? છઠવાં કિસે કહે? પાંચમા શ્રાવક. ભાન ન મળે કાંઈ અને અમે શ્રાવક થઈ ગયા. શ્રાવક કિસે કહે? સાવજ છે આ તો. દયા, દાન, વ્રત, વિકલ્પ, રાગ ઉસે ધર્મ માનતે હૈં, સાવજ હૈ. શ્રાવક કૈસા? એય, શાંતિભાઈ! યહાં તો ઐસી બાત હૈ. નગદ બાત હૈ યહાઁ. સમજમેં આયા?

દૃષ્ટાંત દિયા થા ન પહલે. થૈલીમેં કિરાતા ઔર ઉપર લિખે શક્કર. તો કિરાતા મીઠા હો જાય? સમજમેં આયા? ઐસે ઉપરસે હમ શ્રાવક જૈન નામ લિખે, નામ માને. અંદરમેં તો રાગસે ધર્મ હોતા હૈ, પુણ્યસે ધર્મ હોતા હૈ, પુણ્યકી ક્રિયા મેરી હૈ, શરીરકી ક્રિયા મૈં કરતા હૂઁ—ઐસા જહર તો પડા હૈ મિથ્યાત્વકા. સમજમેં આયા? ઐસી બાત હૈ ભાઈ. ભગવાનકા સમકિતી હોના અને ભગવાનકા શ્રાવક હોના યે કોઈ અલૌકિક ચીજ

હૈ. આહા! ભગવાનકી સમીપતા જિસને પાઈ હૈ યહાઁ અંદર, ઉસે ભગવાન સમીપમેં કેવલજ્ઞાન વર્તતા હૈ, યે કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

वरनन करै बनारसी, कारन सिव–पथ खोज. મોક્ષપંથના ખોજવા માટે આ કહે છે, દેખો. મોક્ષમાર્ગની ખોજ. મોક્ષમાર્ગ ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે (ગુણસ્થાને) મોક્ષમાર્ગ છે. તો ઉસકી ખોજ કરતે હૈં કિ યે ગુણસ્થાનકી દશા કૈસી હૈ? સમજમેં આયા? सिव–पथ खोज, છે ને? મોક્ષકે પંથકી ખોજ કરતે હૈં કિ મોક્ષકે માર્ગકી દશા સમકિતમેં કૈસી હૈ, પંચમમેં કૈસી હૈ, છઠવેં ગુણસ્થાનમેં કૈસી હૈ, સાતવેંમેં કૈસી હૈ ઔર તેરહવેંમેં કૈસી હૈ?

ચૌદહ ગુણસ્થાન હૈં. મેડી હૈ ન મેડી, ક્યા કહતે હૈં? (શ્રોતા : દાદર) મેડી, મેડી. દાદરો નહીં. કહો, મેડી એટલે માથે મંજિલ.. મંજિલ. ઉસ પર ચઢનેકો દાદરા હોતા હૈ ન દાદરા. સીઢી.. સીઢી. યે સીઢીકે ૧૪ (પાયદાન) હોતે હૈં. ઐસૈ મુક્તિકો જાનેવાલી સિદ્ધ દશાકે પહલે ૧૪ ગુણસ્થાન કી દશા હોતી હૈ. ચૌથે ગુણસ્થાનસે ધર્મ શુરુ હોતા હૈ. સમજમેં આયા? वरनन करै बनारसी, कारन सिव-पथ खोज. ભાષા તો દેખો. મોક્ષકે માર્ગકી ખોજ કરનેકો, દેખો. સિવ માર્ગ ખોજનેમેં કારણભૂત હૈ. મોક્ષકા માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-સ્વરૂપ આચરણ હુઆ કિ વિશેષ સ્થિરતા હુઈ કિ ચારિત્ર હુઆ કિ શ્રેણીમેં વીતરાગ ધારા હુઈ. યે બતાનેકો યહ ગુણસ્થાન કહનેમેં આતે હૈં. સમજમેં આયા?

नियत एक विवहारसौं, जीव चतुर्दस भेद. નિશ્ચયમેં તો જીવ એક સ્વરૂપ હી હૈ. આહાહા! સત્યકી દૃષ્ટિ ઔર નિશ્ચય દૃષ્ટિમેં એકરૂપ નિશ્ચય ભગવાન પૂર્ણાનંદ જ્ઞાયકસ્વભાવ અનંત શક્તિકા એકરૂપ જિસકા, વહ નિયત વહ નિશ્ચયમેં તો એકરૂપ હી જીવ હૈ. નિશ્ચયમેં દો રૂપ જીવ, પર્યાયકા ભેદ, બંધ-મોક્ષ, મોક્ષકા માર્ગ, મોક્ષ—યે નિશ્ચયમેં હૈં નહીં. આહા! મોક્ષકા માર્ગ નિશ્ચય હૈ, વહીં વ્યવહાર હૈ ક્યોંકિ પર્યાય હૈ. આહાહા! ક્યા પર્યાય, ક્યા દ્રવ્ય, ભગવાન જાને! ભગવાન તો જાનતે હૈં. યે તો ભગવાન કહતે હૈં દુનિયાકો. દ્રવ્ય નામ ચીજ વસ્તુ અપની એકરૂપ અનંતગુણકા એકરૂપ ચિદાનંદ પ્રભુ વહ નિશ્ચયમેં તો એક હી રૂપ જીવકા હૈ. ઉસે બંધ ઔર મોક્ષ – દો કહના વહી વ્યવહાર હૈ. આહાહા! ઔર મોક્ષમાર્ગકી નિશ્ચય સચ્ચી દશા પર્યાય વહ ભી વ્યવહાર હૈ. આહા! નિશ્ચય તો એકરૂપ હૈ. પર્યાય ભેદ હો ગયા, વ્યવહાર હો ગયા. આરે, આરે, આ ભારે! સમજમેં આયા? ઉસમેં દયા, દાન, વ્રતકે વિકલ્પ ઉઠતે હૈં યે તો અસદ્ભૂત વ્યવહાર હૈ. પર મોક્ષમાર્ગકી પર્યાય નિર્મલ જિતની હુઈ, યે ત્રિકાલી અપેક્ષાસે તો વ્યવહાર હૈ. નિશ્ચયમેં તો એક હી સ્વરૂપ હૈ. આહા! સમજમેં આયા?

नियत एक, છે ને? जीवपदार्थ निश्चयनयसे एकरूप है और व्यवहारनयसे गुणस्थानोंके भेदसे चौदह प्रकारका है. ચૌદ પ્રકાર હૈ. અસ્તિ હૈ. હૈ ઉસકા નિષેધ કિયા હૈ ન. ગુણસ્થાન આત્મામેં નહીં ત્રિકાલમેં. પર હૈ કિ નહીં ભેદરૂપ? હૈ ઉસકા નિષેધ કિ નહીં ઉસકા નિષેધ? ખરગોશકે શીંગ, ગધેકે શીંગ. ઝીણા.. ઝીણા. બહોત સૂક્ષ્મ કાટના. પર હૈ નહીં ક્યા કાટે? સમજમેં આયા? ચૌદ ગુણસ્થાન પર્યાયમેં હૈં તો ઉસમેં ચૌથેકી દશા ક્યા, મિથ્યાત્વકી દશા ક્યા, પંચમકી ક્યા, છઠવેંકી ક્યા, સાતમે આઠ-નવ-દસ-અગિયાર-બાર-તેર-ચૌદ. યે દશા યથાર્થ સમજાનેમેં મોક્ષપંથ ખોજ(મેં કારણ) હૈ યે. સમજમેં આયા? આહા! જ્ઞાન કરાતે હૈં ન. દૃષ્ટિમેં તો આદર નહીં. સમજમેં આયા? ભારે વાત ભાઈ! જૈનદર્શન સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવને કહા જો સમ્યગ્દર્શન, ઉસમેં તો અભેદ અકેલા આત્મા અભેદ હી હૈ. સમ્યગ્દર્શન વળી મોક્ષની પર્યાય ને બંધ ને એવા બે ભેદ સમ્યગ્દર્શનનો વિષય નથી. નહીં હૈ. આહા!

નિયત નિશ્ચયસે તો જીવ એકરૂપ હૈ ઔર વ્યવહાર નય ગુણસ્થાનોંકે ભેદસે ચૌદ પ્રકાર હૈં. તો જાનના પડેગા કિ નહીં ઉસે? અપને મોક્ષમાર્ગકી દશામેં કિસ દશામેં મૈં હૂઁ. સમજમેં આયા? સમ્યગ્દર્શન હુઆ અખંડ આનંદ એકરૂપ દૃષ્ટિસે, તો ક્યા મોક્ષમાર્ગ પૂરા હો ગયા? જબ દર્શન-જ્ઞાન-ચારિત્ર હોગા, ઉસસે આગે બઢકર આત્માકી પૂર્ણ દશા હો, વહ તો ચૌદવેં કે આખિરી સમયમેં પૂરા હોતા હૈ. સમજમેં આયા? મોક્ષમાર્ગ તો ચૌદ ગુણસ્થાનકે આખિર સમયમેં પૂરા હોતા હૈ. આહાહા!

સમજણ (નહીં), દ્રવ્ય ક્યા, ગુણ ક્યા, પર્યાય ક્યા. લ્યો, જૈનદર્શનકા આરંભ હૈ (ઉસકી) ખબર નહીં. જાઓ હમ તો ભગવાનકો માનતે હૈં તીર્થંકરદેવ ઔર ઉનકે ગુરુ-મુનિકો માનતે હૈં, સાધુકો માનતે હૈં, લો હો ગયા સમકિત. ઐસા તો અનંતબાર માના વહ તો મિથ્યાત્વભાવ હૈ. પરદ્રવ્યકો માનનેસે વિકલ્પ હોતા હૈ ઉસમેં ધર્મ હૈ વહ તો મિથ્યાત્વભાવ હૈ. યહાઁ તો (ઇતને) તક લિયા, નવતત્ત્વકા અનુભવ મિથ્યાત્વ હૈ. હા. એકરૂપ ચૈતન્ય અખંડાનંદ અભેદકી દૃષ્ટિ હુએ બિના નવ તત્ત્વકે ભેદકી શ્રદ્ધા વહ નવ તત્ત્વ મિથ્યાત્વ હૈ. કલશટીકામેં લિયા હૈ. ઉસમેંસે બનાયા હૈ ન યે. કલશટીકા હૈ ન કલશટીકા. યે રહી કલશટીકા. કેટલામો છે? છ, છ કલશ.(જીવ અધિકાર). લ્યો, એ જ નીકળ્યું.

'इमाम् नवतत्त्वसन्ततिम् मुक्त्वा' આચાર્ય મહારાજ 'અમૃતચંદ્રઆચાર્ય'. 'કુંદકુંદઆચાર્ય'ને પંચમઆરામેં તીર્થંકર જૈસા કામ કિયા હૈ. ઔર 'અમૃતચંદ્રઆચાર્ય'ને તીર્થંકરકે ગણધર જૈસા કામ કિયા હૈ. ઐસી ટીકા, આહાહા! ભરતક્ષેત્રમેં કહીં હૈ નહીં. સમજમેં આયા? તો કહતે હૈં. કલશટીકામેં હૈ. છઠવેં કલશમેં. 'જીવ-અજીવ-આસ્રવ-બંધ-

સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપના અનાદિ સંબંધને છોડીને.' છોડ દે. 'સંસાર અવસ્થામાં જીવ દ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે તે તો વિભાવ પરિણતિ છે તેથી નવતત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.' રાડ નાખી દે. જીવ ઉસકે સાથ આસ્રવ-બંધ ઐસે નવ ભેદ બાહ્ય તત્ત્વ હૈં. આહા!

આત્મા અખંડ અંતઃતત્ત્વ એકરૂપ સ્વરૂપ ઉસકી પ્રતીત કરના અનુભવ કરકે ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ. નવ પર્યાય વહ તો ભેદ હૈ. પર્યાય તો અંશ તત્ત્વ હુઆ. અંશ તત્ત્વકી શ્રદ્ધામેં તો અંશી રહ જાતા હૈ પૂરા. આરે, આરે! આ વ્યાખ્યા આવી કરી! આવો ધર્મ કેવો હશે? અમે તો ભાઈ અત્યાર સુધી (સાંભળતા) ધર્મ એવો કે કંદમૂળ નહીં ખાવું, હરિતકાય પ્રત્યેક હોય એ લેવી, રાતકો નહીં ખાના, સામાયિક કરના, જાત્રા કરના, વ્રત લેના ઔર અપવાસ કરના. ઐસા સુના હૈ અભી તક તો. ભાઈ! યે તો સબ વિકલ્પકી ક્રિયાકી બાત હૈ. સમજમેં આયા? વહ ધર્મ નહીં. આહાહા! નવતત્ત્વનો અનુભવ મિથ્યાત્વ છે. અપના સ્વભાવ ભગવાન નિયતમેં તો નિશ્ચય એકરૂપ હી જીવ હૈ. પર્યાયકા ભેદ કહના, મોક્ષકી પર્યાય જીવકી કહના વહી વ્યવહાર હુઆ. આહાહા! ભગવાન આત્મા ધ્રુવ જો નિશ્ચય હૈ વહ તો ઉત્પાદ વ્યયકી પર્યાયસે વિરુદ્ધ ધ્રુવ તત્ત્વ હૈ. સમજમેં આયા?

આ લે, આવું નિત્ય! અપના ત્રિકાલી ભગવાન આત્મા વહ ધ્રુવ હૈ ઉસકી શ્રદ્ધા કરના વહ સમ્યક્દર્શન હૈ. પર વહ શ્રદ્ધા હૈ વહ ઉત્પાદ-વ્યયવાલી હૈ. આહાહા! ઉત્પાદ-વ્યય ધ્રુવસે વિરુદ્ધ હૈ. ઉત્પાદ-વ્યય ધ્રુવસે વિરુદ્ધ હૈ. ધ્રુવસે ઉત્પાદ-વ્યય વિરુદ્ધ હૈ ઔર ઉત્પાદ-વ્યયસે ધ્રુવ (વિરુદ્ધ હૈ). આહા! ત્રિકાલી ભગવાન આત્મા એકરૂપ અખંડ ઉસમેં તો ઉત્પાદ-વ્યય ભી હૈ (નહીં). આહાહા! 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્.' તીન મિલકર સત્ કહતે હૈં ન. 'તત્ત્વાર્થસૂત્ર'. 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્.' 'સત્ દ્રવ્યલક્ષણં.' વહ તો પ્રમાણકા વિષય બતાતે હૈં. સમજમેં આયા?

એકરૂપ. યહાં તો નિયત એક કહા ન. તો ઉત્પાદ-વ્યય તો દો હુએ. ઉત્પાદ—વ્યયકી પર્યાય—ઉત્પાદ મુક્તિ હુઈ, વ્યય હુઆ સંસારકા. સમજમેં આયા? વહ ભી ધ્રુવસે તો વિરુદ્ધ હુઆ. એય, ભીખાભાઈ! ભારે માર્ગ આવો! આવો માર્ગ વીતરાગનો હશે? વીતરાગ ઐસે કહતે હોંગે? ક્યા કહતે હૈં યહાઁ? 'બનારસીદાસ' સમ્યગ્દષ્ટિ થે. ટીકા કરકે બાદમેં ગુણસ્થાનકા વર્ણન કરનેમેં યે કહતે હૈં. શિવપંથ—મોક્ષમાર્ગમેં ક્યા ક્યા દશા હૈ? ઐસા જ્ઞાન કરાનેકો ચૌદ ગુણસ્થાનકા વર્ણન કરતે હૈં. સમજમેં આયા?

विवहारसौं जीव चतुर्दस भेद, रंग जोग बहु विधि भयौ, ज्यौं पट सहज

સુફેદ. દાખલો આપે છે. સફેદ વસ્ત્ર એકરૂપ હૈ. ઉસમેં રંગભેદસે ભિન્ન ભિન્ન રંગ ભેદ હો ગયા. ઐસે ભગવાન આત્મા નિશ્ચયસે એકરૂપ હૈ. જોગ ઔર મોહકે નિમિત્તસે ચૌદ ભંગ ગુણસ્થાનકે હો ગયે. આરે! ગુણસ્થાન ને માર્ગણા વ્યવહાર, નથી આવતું? ઓલામાં 'યોગસાર'માં આવે છે. આ તો શ્લોક જ આવો આવે છે. 'ગુણસ્થાન ને માર્ગણા વ્યવહાર.' આંહીં તો આવે છે ને ૧૪ ગુણસ્થાન વિષે. ૬૮ ગાથામાં. 'સમયસાર.' સબ નહીં. અકેલા જ્ઞાયકભાવમેં પર્યાયમાત્ર નહીં, લો. સમજમેં આયા? ઐસા નિશ્ચયમેં એકરૂપ હૈ, ફિર ભી ગુણસ્થાન ભેદસે વ્યવહારસે ઉસમેં જો દશા હૈ યે દશામેં કિસ દશામેં સમકિત હૈ, કિસ દશામેં પંચમ હૈ, કિસ દશામેં મુનિપના હૈ, યે બતાનેકો મોક્ષમાર્ગકી ખોજ કરનેકો યે માર્ગ કહતે હૈં. આરે! હવે દ્રવ્યની વાત સાંભળે ત્યાં પર્યાયની... એ, ચેતનજી! (શ્રોતા : પર્યાયનો નિષેધ આવે છે.....) હૈ, ઐસા સિદ્ધ કરતે હૈં. આહાહા!

रंग जोग बहु विधि भयौ, ज्यौं पट सहज सुफेद. વસ્ત્ર હૈ ન વસ્ત્ર. મોહ—યોગકે સંયોગ.... ઉસમેં લિખા હૈ ઐસા હી. जिस प्रकार श्वेत वस्त्र रंगोंके संयोगसे अनेक रंगका हो जाता है, उसी प्रकार मोह और योगके संयोगसे, લો. 'ગોમ્મટસાર'. ગોમ્મટસારસે લિયા હૈ, લો. मोह और योगके संयोगसे संसारी जीवोंमें चौदह अवस्थाएँ पायी जाती हैं. આહા! હવે એનાં નામ. चौदह गुणस्थानोंके नाम. હજી તો નામ.

ચૌદ ગુણસ્થાનોના નામ (સવૈયા એકત્રીસા)

प्रथम मिथ्यात दूजौ सासादन तीजौ मिश्र,
चतुर्थ अव्रत पंचमौ विरत रंच है।
छट्ठो परमत्त नाम सातमो अपरमत्त,
आठमो अपूरवकरन सुखसंच है।।
नौमौ अनिवृत्तिभाव दशमो सूच्छम लोभ,
एकादशमो सु उपशांत मोहबंच है।
द्वादशमो खीनमोह तेरहो सजोगी जिन,
चौदहो अजोगी जाकी थिति अंक पंच है।।८।।

**શબ્દાર્થ :**—રંચ=જરા પણ. સુખસંચ=આનંદનો સંગ્રહ. વંચ(વંચકતા)=ઠગાઈ—દગો. થિતિ=સ્થિતિ. અંક પંચ=પાંચ અક્ષર.

**અર્થ :**—પહેલું મિથ્યાત્વ, બીજું સાસાદન, ત્રીજું મિશ્ર, ચોથું અવ્રતસમ્યગ્દષ્ટિ, પાંચમું દેશવ્રત, છઠ્ઠું પ્રમત્તમુનિ, સાતમું અપ્રમત્તમુનિ, આઠમું અપૂર્વકરણ, નવમું અનિવૃત્તિકરણ, દશમું

સૂક્ષ્મલોભ, અગિયારમું ઉપશાંતમોહ, બારમું ક્ષીણમોહ, તેરમું સયોગી જિન અને ચૌદમું અયોગી જિન જેની સ્થિતિ અ, ઈ, ઉ, ઋ, લૃ–આ પાંચ અક્ષરોના ઉચ્ચારણના સમય જેટલી છે. ૮.

**अर्थ :**—पहला मिथ्यात्व, दूसरा सासादन, तीसरा मिश्र, चौथा अव्रत सम्यग्दृष्टि, पाँचवाँ देशव्रत, छठवाँ प्रमत्त मुनि, सातवाँ अप्रमत्त मुनि, आठवाँ अपूर्वकरण, नववाँ अनिवृत्तिकरण, दसवाँ सूक्ष्मलोभ, ग्यारहवाँ उपशांतमोह, बारहवाँ क्षीणमोह, तेरहवाँ सयोगी-जिन और चौदहवाँ अयोगी-जिन जिसकी स्थिति अ इ उ ऋ लृ इन पाँच उच्चारण-कालके बराबर है।।८।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ચૌદ ગુણસ્થાનનું વર્ણન કરે છે. પહેલા મિથ્યાત્વ હૈ. આહાહા! પર્યાયબુદ્ધિવાલા મિથ્યાદૃષ્ટિ હૈ. એક અંશકો હી અપના માનતે હૈં ઔર વિકારકો, વિભાવકો અપના માનતે હૈં ઔર પર ચીજ અપનેમેં નહીં ઉસે અપની માનતે હૈં. યે મિથ્યાત્વ ગુણસ્થાન અજ્ઞાનદશા હૈ. યે અધર્મ ગુણસ્થાન હૈ. ....... મિથ્યાત્વ. દૂસરા સાસાદન હૈ. એ જરી ઝીણી વાત છે. પહલે સમકિત પાકર નીચે ગિરતે હૈં બીચમેં થોડા કાળ રહતે હૈં. ઉસકો સાસાદન કહતે હૈં. યે તો બહોત થોડા કાલ હૈ. તીસરા મિશ્ર હૈ. સમકિત પાકર આત્મ અનુભવ પાકર કોઈ ગિર જાય ઉસકી મિશ્રદશા હો જાતી હૈ અંતર્મુહૂર્ત, વહ તીસરા (ગુણસ્થાન) હૈ.

ચૌથા અવ્રત સમ્યગ્દૃષ્ટિ. અભી આસક્તિ વ્રતકી છૂટી નહીં અવ્રતી. અંદર વ્રત હુઆ નહીં પર સમ્યગ્દૃષ્ટિ હૈ. અવિરત સમ્યગ્દૃષ્ટિ. શ્રેણિક રાજા ભગવાનકે કાલમેં સમ્યગ્દૃષ્ટિ હુએ. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ થે. ભવકા અભાવ કરકે શુભભાવ આયા, તીર્થંકરગોત્ર બંધા. ચૌથે ગુણસ્થાન તીર્થંકરગોત્ર બંધ ગયા. ઔર પૂર્વકી નરકકી આયુષ્યકી સ્થિતિ બંધ ગઈ થી. નરકમેં ચલે ગયે ૮૪ હજાર વર્ષ. પર વહાંસે નિકલકર આગામી ચોવીસીમેં પહેલા તીર્થંકર હોંગે. સમજમેં આયા? વે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ થે. પર સમ્યગ્દૃષ્ટિ થે. વે તો ક્ષાયિક સમકિતી થે. આહાહા! પહલે નરકકા આયુષ્ય, સચ્ચે સંતકા અનાદર કરકે સર્પ ડાલ દિયા થા ન. ગલેમેં સર્પ ડાલ દિયા થા ગલેમેં. ઔર લાખો ચીંટીયાં.

ઉસકી સ્ત્રી થી ચેલણા, વહ સમકિતી થી, જૈન થી. આ બુદ્ધ હતો. તો એકબાર ચેલણાકો કહા, 'અરે, તેરે ગુરુકો મૈંને સર્પ ડાલ દિયા હૈ ગલેમેં. નિકાલ દિયા હોગા.' 'અરે મહારાજ! ઐસે મેરે ગુરુ નહીં હોતે. ઐસે ઉપસર્ગકો ટાલતે નહીં. ઐસે ધ્યાનમેં હોંગે આનંદમેં. ચલો.' ચેલણાકો સાથ લેકર ગયે. સ્ત્રી સમકિતી થી, વહ બૌદ્ધ મિથ્યાદૃષ્ટિ

થા. બૌદ્ધ. બૌદ્ધકી માન્યતા થી ઉસકી. આહાહા! ચલો. લાખો ચીંટીયાં. ઐસે કે ઐસે ધ્યાનમેં આનંદ.. આનંદ.. આનંદ. 'અરે, અન્નદાતા! દેખો, હમારે સંત દેખો! આત્મ આનંદમેં ઝૂલતે હૈં વે તો.'

સર્પકો ઉઠાકર ઉસે નિકાલ દિયા. (શ્રેણિક)ને નિકાલા. આશાતના કી, વહાં નરકકા આયુષ્ય બંધ ગયા થા. ૩૩ સાગરકી સ્થિતિ બંધ ગઈ થી. સાતવીં નરકકી આયુષ્ય બંધ ગઈ થી. પર બાદમેં મુનિને ઉપદેશ દિયા, સમ્યક્ પાયા. ૩૩ સાગરકી સ્થિતિ ઘટ ગઈ. ભગવાનકે પાસ ગયે ઔર વહાં તીર્થંકરગોત્ર બાંધા. આહા! સમવશરણમેં. આહાહા! અભી શ્રાવક મુનિ નહીં થે. અંદર શાંતિકી સ્થિરતા બઢી નહીં થી. પર આંશિક શાંતિ ઔર આંશિક અશાંતિ ઐસી દોનોં હી ચીજ સાથમેં થી. આહાહા! પર વહ શાંતિકે હી સ્વામી થે, રાગકે નહીં. ઐસી અંતર્દષ્ટિ—કોઈ ચીજ મેરી નહીં. લડાઈમેં કદાચિત હો સમકિતી, તો ભી રાગ-દ્વેષકા અંશ વહ મેરા નહીં. મૈં તો ઉસકો જાનને દેખનેવાલી દશાવાલા મૈં તો હૂઁ. આહાહા! ઐસા સમ્યગ્દષ્ટિ અવિરતિ ઉસે ચૌથે ગુણસ્થાનમેં કહતે હૈં. સમજમેં આયા?

પાંચવાં દેશવ્રત, સમ્યક્ અનુભવ સહિત, સ્વરૂપમેં આંશિક સ્થિરતા બઢી ઔર ૧૨ વ્રતકા વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ. ઉસે પંચમ ગુણસ્થાન દેશવ્રત કહનેમેં આતા હૈ. આહાહા! યે શ્રાવક.. શ્રાવક. યે સબ શ્રાવક હૈં ઐસા શ્રાવક નહીં, યે કહતે હૈં. અંતરમેં અતીન્દ્રિય આનંદકે સ્વાદ કે આગે દૂસરેમેં રસ પડે હી નહીં કભી સમકિતીકો. ૯૬ હજાર સ્ત્રી ભરતકો થી. ભરત ચક્રવર્તી. ૯૬ હજાર. પર આત્મજ્ઞાનકે રસમેં કહીં રસ લગતા નહીં. ફિક્કા.. ફિક્કા. જહર જૈસા લગે. ઐસા અવિરતિ સમ્યગ્દષ્ટિ ઉસકે ઉપરાંત સ્વરૂપમેં સ્થિરતા હોકર દૂસરા કષાય ગયા હૈ, શાંતિ બઢ ગઈ હૈ. કૈસી? સર્વાર્થસિદ્ધિકે દેવમેં એકાવતારી સમકિતી ક્ષાયિક સમકિતી હૈં કિતનેં, ઉસસે ભી પંચમગુણસ્થાનમેં શાંતિ (જ્યાદા) હૈ. આહા! સમજમેં આયા? ઉસે શ્રાવક કહતે હૈં. ઉસે શ્રાવક પંચમ ગુણસ્થાનવાલા કહતે હૈં. આહાહા! વિશેષ કહેંગે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૮૧, આસો વદ ૮, રવિવાર, તા. ૧૧-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાન અધિકાર પદ ૮ થી ૧૩ ઉપર પ્રવચન

નાટક બનારસીદાસનું કરેલું છે. ચૌદ ગુણસ્થાનનું વર્ણન છે. ચૌદ ગુણસ્થાનના નામ.

ચૌદ ગુણસ્થાનોના નામ (સવૈયા એકત્રીસા)

प्रथम मिथ्यात दूजौ सासादन तीजौ मिश्र,
चतुर्थ अव्रत पंचमौ विरत रंच है।
छट्ठो परमत्त नाम सातमो अपरमत्त,
आठमो अपूरवकरन सुखसंच है॥
नौमौ अनिवृत्तिभाव दशमो सूच्छम लोभ,
एकादशमो सु उपशांत मोहबंच है।
द्वादशमो खीनमोह तेरहो सजोगी जिन,
चौदहो अजोगी जाकी थिति अंक पंच है॥८॥

**શબ્દાર્થ :**—રંચ=જરા પણ. સુખ સંચ=આનંદનો સંગ્રહ. વંચ(વંચકતા)=ઠગાઈ—દગો. થિતિ=સ્થિતિ. અંક પંચ=પાંચ અક્ષર.

**અર્થ :**—પહેલું મિથ્યાત્વ, બીજું સાસાદન, ત્રીજું મિશ્ર, ચોથું અવ્રતસમ્યગ્દષ્ટિ, પાંચમું દેશવ્રત, છઠ્ઠું પ્રમત્તમુનિ, સાતમું અપ્રમત્તમુનિ, આઠમું અપૂર્વકરણ, નવમું અનિવૃત્તિકરણ, દશમું સૂક્ષ્મલોભ, અગિયારમું ઉપશાંતમોહ, બારમું ક્ષીણમોહ, તેરમું સયોગી જિન અને ચૌદમું અયોગી જિન જેની સ્થિતિ અ, ઈ, ઉ, ઋ, લૃ—આ પાંચ અક્ષરોના ઉચ્ચારણના સમય જેટલી છે. ૮.

**अर्थ :**—पहला मिथ्यात्व, दूसरा सासादन, तीसरा मिश्र, चौथा अव्रत सम्यग्दृष्टि, पाँचवाँ देशव्रत, छठवाँ प्रमत्त मुनि, सातवाँ अप्रमत्त मुनि, आठवाँ अपूर्वकरण, नववाँ अनिवृत्तिकरण, दसवाँ सूक्ष्मलोभ, ग्यारहवाँ उपशांतमोह, बारहवाँ क्षीणमोह, तेरहवाँ सयोगी-जिन और चौदहवाँ अयोगी-जिन जिसकी स्थिति अ इ उ ऋ लृ इन पाँच उच्चारण-कालके बराबर है॥८॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ભગવાન તીર્થંકરદેવે ચૌદ ગુણસ્થાન (કહ્યાં). જીવ નિશ્ચયનયથી તો એકરૂપ છે. વસ્તુમાં ભેદ કરીને કહેવું એ બધો વ્યવહારનો વિષય છે. પણ એ વિષય છે ને? આશ્રય

કરવાલાયક છે કે એ અહીં પ્રશ્ન નથી અત્યારે. ચૌદ ગુણસ્થાન પર્યાયમાં ભેદરૂપે હોય છે એ આશ્રય કરવાલાયક નથી, પણ એ જાણવાલાયક તો છે ને? સમજાણું કાંઈ? (શ્રોતા : જાણવાલાયક શા માટે?) કેમ, આ પર્યાય શું છે એ જાણે નહીં તો દ્રવ્યનો આશ્રય કરે શી રીતે? રાગ અને પર્યાયની દશા વર્તમાનમાં કેવી છે એને જાણ્યા વિના એના ઉપરથી હઠીને અંદરમાં જઈ શી રીતે શકે? સમજાય છે કાંઈ? જાણવું જોઈએ ને. ચેતનજી! આહાહા! પહેલું મિથ્યાત્વ. એના પાંચ ભેદ લેશે. મિથ્યાત્વ નામ એકાંત અને વિપરીત શ્રદ્ધાની દૃષ્ટિ એ મિથ્યાત્વ છે. એ અનાદિનું મિથ્યાત્વ છે એને જાણવું તો જોઈએ ને?

(શ્રોતા : પણ પર્યાયને?) પર્યાયને જાણે પણ જાણવાનું કાર્ય તો પર્યાયમાં છે. કહો, જાણવાનું કાર્ય તો પર્યાયમાં છે. મોક્ષમાર્ગ પર્યાય છે, સિદ્ધ પણ પર્યાય છે. (શ્રોતા : જાણવાનું કામ પર્યાયમાં પણ જાણનારો ત્રિકાળ પડ્યો છે એને જાણેને? બીજાને શું કામ જાણે છે?) એય, ચેતનજી! ત્રિકાળ પડ્યો છે, પણ ત્રિકાળ કોની અપેક્ષાએ? એક સમયની અપેક્ષાએ ત્રિકાળ છે. અપેક્ષાએ. વસ્તુ ત્રિકાળ ત્રિકાળથી છે. પણ આ ત્રિકાળ છે અને આ એક સમયની અવસ્થા છે. એ એક સમયની અવસ્થાની અપેક્ષા વિના ત્રિકાળ આ છે એ કોણ છે? સમજાય છે કાંઈ? એવો માર્ગ છે વીતરાગનો. વ્યવહાર વચમાં હોય છે પણ એ શરણ નથી. ઝીણી વાત છે. આશ્રય કરવાલાયક નથી પણ જાણવાલાયક તો છે. સમજાય છે કાંઈ?

પહેલો મિથ્યાત્વભાવ. એના પાંચ ભેદ લેશે. બીજો સાસાદન. બીજા ગુણસ્થાનની દશા સાસાદન છે. આત્માનું ભાન થઈ અને નીચે પડતાં, મિથ્યાત્વમાં આવતાં એ દશા થાય છે. એનું નામ સાસાદન. બીજા ગુણસ્થાનની દશા છે. ત્રીજો મિશ્ર. એ ત્રીજા ગુણસ્થાનની કોઈ મિશ્ર દશા છે અંતર્મુહૂર્ત. આ ય સાચું ને આ ય સાચું, એમ નહીં. પણ અંદર કોઈ એવા પરિણામ મિશ્ર થાય છે કે જે સમકિતથી પડતાં, કાં પડ્યા પછી મિથ્યાત્વથી ચડતાં. સમજાય છે કાંઈ? ચોથું તો અવ્રત. ચોથું ગુણસ્થાન અવ્રત છે. વસ્તુ અખંડ અભેદ ચિદાનંદ આત્મા પૂર્ણાનંદ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે કહ્યો એવો આત્મા, એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય. અનુભવમાં આત્મા વેદનમાં આવે. આમ વેદન તો અનાદિથી રાગ ને પર્યાયમાં જ વેદન છે. અને એ વેદન આગળ અપ્રગટ વસ્તુ શું છે, એની એને દૃષ્ટિની ખબર નથી. વેદનમાં આવનારી દશા તે હું છું એમ માનીને ત્રિકાળ જ્ઞાયકભાવને છોડી દીધો દૃષ્ટિમાંથી. સમજાણું કાંઈ? એ અવ્રતભાવ. જેણે ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ 'હું'. પર્યાય એક સમયની અવસ્થા અને રાગ જેટલો હું નથી. પૂર્ણ પરમાત્મા, પૂર્ણસ્વરૂપ એ મારું છે, એવું અનુભવમાં આવવું એનું નામ

અવિરતિ સમ્યક્‌દર્શન કહેવામાં આવે છે. આહાહા! સમજાય છે કાંઈ?

पंचमौ विरत रंच है. પંચમ ગુણસ્થાનમાં વિરતિનો રંચમાત્ર પણ પ્રગટ થાય છે. વીતરાગી શાંતિ. પંચમ ગુણસ્થાનમાં આવે વિશેષ, એને શ્રાવક ને પંચમ ગુણસ્થાન કહીએ. સમજાણું કાંઈ? છટ્ઠો પ્રમત્ત. સાચા મુનિ હોય સંત સાચા, એમને છઠ્ઠું ગુણસ્થાન હોય. એમાં સર્વવિરતિના પરિણામ અવિકારીદશાના હોય. જેને દેહની ક્રિયા ને રાગનું કર્તાપણું છોડી દઈને એકલી જ્ઞાતા-દૃષ્ટાની સ્થિરતા જેને વધી ગઈ હોય, એવી ભૂમિકાને છટ્ઠા ગુણસ્થાનની પ્રમત્ત દશા સાચા મુનિની કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? સાતમું અપ્રમત્ત. સાતમું ગુણસ્થાન અપ્રમત્ત. ઈ વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ આનંદમાં હોય, એવી દશાને સાતમું કહે છે. સાતમી ભૂમિકા—ગુણસ્થાન. સાચા મુનિ હોય એને ક્ષણે ક્ષણે છઠ્ઠું અને સાતમું હજારો વાર અંતર્મુહુર્તમાં આવે. ઝીણી વાત છે ભાઈ!

વીતરાગ સર્વજ્ઞનો કહેલો માર્ગ જેને અંતરમાં પરિણમ્યો છે એ અને ઉપરાંત ચારિત્રની વીતરાગ દશા જેને અંતર થઈ છે, એવા સંતને ક્ષણમાં છઠ્ઠું, ક્ષણમાં સાતમું ગુણસ્થાન હોય છે. એને નિદ્રા પણ એક પોણી સેકન્ડની અંદર હોય છે. એને નિદ્રા એક સેકન્ડની - મિનિટની નિદ્રા ન હોય. એટલી નિદ્રા હોય તો (છઠ્ઠું) ગુણસ્થાન મુનિપણું રહેતું નથી. સમજાય છે કાંઈ? આહાહાહા! દુનિયાએ મુનિ તો જોયા નથી, પણ મુનિ કેવા હોય એવા સાંભળ્યા ય નથી. સમજાય છે કાંઈ? જેને એક અંતર્મુહુર્તમાં છઠ્ઠું-સાતમું હજારો વાર આવે. અંતર આનંદનું વેદન સાતમે ઉગ્ર આવે. છઠ્ઠે વિકલ્પ સહિત પણ આનંદનું વેદન હોય. સમજાય છે કાંઈ? એવી દશાને અપ્રમત્ત દશા કહે છે.

आठमो अपूरवकरन सुखसंच. આઠમે ભૂમિકામાં સુખનો સંગ્રહ, આનંદનો વિશેષ સંગ્રહ થાય. અતીન્દ્રિય આનંદની લહેર વિશેષ ઊઠે એને આઠમું ગુણસ્થાન કહે છે. નવમું અનિવૃત્તિભાવ. અનિવૃત્તિકરણ પરિણામ છે. ઊંચામાં ઊંચા થયા જ કરે, શ્રેણીના અંદરમાં. દસમું સૂક્ષ્મલોભ. દસમે ગુણસ્થાનની ભૂમિકા થોડો લોભ હોય છે. એને કાંઈ ગુણસ્થાન કહેતા નથી. લોભ ગુણસ્થાન તો નિવૃત્તિ પરિણતિને કહે છે. પણ એમાં લોભનો ભાગ છે એવું જ્ઞાન કરાવે છે.

एकादशमो सु उपशांत मोहबंच. ઠગાઈ, ધોખા દે છે. મોહ ઠરે છે પણ પ્રગટ થશે માટે અગિયાર ગુણસ્થાને વંચ—ઠગ જેવું કહેવામાં આવ્યું છે. द्वादशमो खीनमोह. બારમો ક્ષીણમોહ. જેનો મોહ નાશ થઈ ગયો, વીતરાગતા પ્રગટી છે. तेरहो सजोगी जिन. આવી ગુણસ્થાનની દશા વીતરાગ સર્વજ્ઞ સિવાય, પરમેશ્વર તીર્થંકર જિનેન્દ્રદેવ

સિવાય એ ભાવ બીજે ક્યાંય હોતા નથી એમ જાણવા. પણ આ એને જાણવું જોઈએ. સમજાણું કાંઈ? તેરમો સજોગી જિન. જોગ કંપન હોય છે પણ કેવળજ્ઞાની—ત્રિકાળ જાણનારા—એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જેને જ્ઞાન હોય. ચૌદમા અજોગી, જોગ વિનાનું, કંપન વિનાની દશા. પાંચ અક્ષર(જેટલા કાળ)વાળા. પાંચ અક્ષર પ્રમાણ. એ ચૌદ ગુણસ્થાનની ભૂમિકા છે. જેમ મેડીએ શું કહેવાય એ? ચડતાં પગથિયા હોય છે ને? સીડીના પગથિયાં એમ ચૌદમા ગુણસ્થાને ઉપર જઈને સિદ્ધ થાય છે. એ સિદ્ધ દશા પહેલાનાં ચૌદ ગુણસ્થાનોનું વર્ણન છે.

મિથ્યાત્વ ગુણસ્થાનનું વર્ણન.

મિથ્યાત્વ ગુણસ્થાનનું વર્ણન (દોહરા)

बरनै सब गुनथानके नाम चतुर्दस सार।
अब बरनौं मिथ्यातके, भेद पंच परकार।।९।।

**અર્થ :—**ગુણસ્થાનોના ચૌદ મુખ્ય નામ બતાવ્યા, હવે પાંચ પ્રકારના મિથ્યાત્વનું વર્ણન કરે છે. ૯.

**अर्थ :—**गुणस्थानोंके चौदह मुख्य नाम बतलाये, अब पाँच प्रकारके मिथ्यात्वका वर्णन करते हैं।।९।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

મિથ્યાત્વના પાંચ પ્રકાર વર્ણવે છે. ગુણસ્થાનના નામ લીધાં મિથ્યાત્વ. પાંચ પ્રકારકે મિથ્યાત્વ.

મિથ્યાત્વ ગુણસ્થાનમાં પાંચ પ્રકારના મિથ્યાત્વનો ઉદય રહે છે. (સવૈયા એકત્રીસા)

प्रथम एकांत नाम मिथ्यात अभिग्रहीत,
दूजौ विपरीत अभिनिवेसिक गोत है।
तीजौ विनै मिथ्यात अनाभिग्रह नाम जाकौ,
चौथौ संसै जहां चित्त भौंरकौसौ पोत है।।
पांचमौ अग्यान अनाभोगिक गहलरूप,
जाकै उदै चेतन अचेतसौ होत है।
एई पांचौं मिथ्यात जीवकौं जगमैं भ्रमावैं,
इनकौ विनास समकितकौ उदोत है।।१०।।

**શબ્દાર્થ** :—ગોત=નામ. ભૌંર=વમળ. પોત=વહાણ. ગહલ=અચેતનપણું. ઉદોત=પ્રગટ થવું.

**અર્થ** :—પહેલું અભિગ્રહીત અર્થાત્ એકાન્ત મિથ્યાત્વ છે, બીજું અભિનિવેશિક અર્થાત્ વિપરીત મિથ્યાત્વ છે, ત્રીજું અનાભિગ્રહ અર્થાત્ વિનય મિથ્યાત્વ છે, ચોથું ચિત્તને વમળમાં પડેલા વહાણની જેમ ડામાડોળ કરનાર સંશય મિથ્યાત્વ છે. પાંચમું અનાભોગિક અર્થાત્ અજ્ઞાન મિથ્યાત્વ સર્વથા અસાવધાનીની મૂર્તિ છે. આ પાંચેય મિથ્યાત્વ જીવને સંસારમાં ભ્રમણ કરાવે છે અને એનો નાશ થવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. ૧૦.

**अर्थ** :—पहला अभिग्रहीत अर्थात् एकान्त मिथ्यात्व है, दूसरा अभिनिवेशिक अर्थात् विपरीत मिथ्यात्व है, तीसरा अनाभिग्रह अर्थात् विनय मिथ्यात्व है, चौथा चित्तको भँवरमें पड़े हुए जहाजके समान डाँवाडोल करनेवाला संशय मिथ्यात्व है, पाँचवाँ अनाभोगिक अर्थात् अज्ञान मिथ्यात्व सर्वथा असावधानीकी मूर्ति है। ये पाँचों मिथ्यात्व जीवको संसारमें भ्रमण कराते हैं और इनके नष्ट होनेसे सम्यग्दर्शन प्रगट होता है॥१०॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

प्रथम एकांत नाम मिथ्यात अभिग्रहीत. એકાંત પક્ષ જે માને. દ્રવ્ય જ માને, પર્યાય ન માને અને પર્યાય જ માને, દ્રવ્ય ન માને. સમજાય છે કાંઈ? ત્રિકાળ શુદ્ધને માને ને વર્તમાન પર્યાયમાં અશુદ્ધતા છે એને ન જાણે, એવો એકાંત પક્ષ જે છે અનાદિનો પર્યાયબુદ્ધિવાળો. એક સમયની દશાને જ આત્મા માને, એ એકાંત મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? दूजौ विपरीत अभिनिवेसिक गोत है. ગોત એટલે નામ. બીજું મિથ્યાત્વ વિપરીત મિથ્યાત્વ. સર્વજ્ઞે કહેલાં તત્ત્વોથી વિપરીત માન્યતા એને વિપરીત મિથ્યાત્વ કહે છે. અનાભિગ્રહીત મિથ્યાત્વ. વિનય મિથ્યાત્વ મહાપાપ. બધા ધર્મ સરખા છે એમ માનનારા વિનય મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. નવું ગ્રહણ કર્યું, અંદર અનાદિનું પણ છે. કહો, સમજાણું કાંઈ?

અનાદિનું એટલે અંદરમાં આત્માનું ભાન નથી, એનું અનાદિનું કહેવાય છે. એક અહીંયા હોય છે ને એકેન્દ્રિયમાં જાય તો એના પર્યાપ્તનો થોડો ભાગ રહી જાય છે. વિનય મિથ્યાત્વ. સબ ધર્મ સરખા. બધે ધર્મમાં કાંઈક કાંઈક છે ઐસી માન્યતાકો વિનય મિથ્યાત્વ કહે છે. એ માન્યતાવાળા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની. જૈન નહિ. સમજાય છે કાંઈ? એ અત્યારે બહુ ચાલ્યું છે અત્યારે. લોકોને તે બધા ધર્મ સરખા છે. ભાઈ! કોઈ ધર્મને ખોટો ન કહેવો એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. અજ્ઞાનીની છે. એને સમકિત નથી તો સાધુપણું તો હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ?

બધા ધર્માત્માએ ધર્મને કહ્યો છે એમ જે માનનારા, એને પરમાત્મા કહે છે કે મૂઢ

જીવ અસાવધાનીવાળો છે. એ આગળ અસાવધાનીવાળો કહેશે અજ્ઞાનમાં. આત્માનું જેને ભાન નથી એવા જીવો, બધા દેવ, બધા ગુરુ, બધા શાસ્ત્ર સાચાં છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. ચાહે તો નગ્ન સાધુ ફરે અને આ માને, એમ પ્રરૂપણા કરે એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે, સમકિતી નથી ને મુનિ તો નથી, નથી ને નથી. આહાહા! સારું બહુ લાગે આમાં, બધા ધર્મ સમન્વય કરો. ઝેર ને અમૃતનો સમન્વય કરો. યે ભી સચ્ચા, યે ભી સચ્ચા. એને અહીંયા જૈનધર્મથી વિરુદ્ધ માન્યતાવાળા કહ્યા છે. સમજાણું કાંઈ? દેવનો વિનય, ગુરુનો વિનય, શાસ્ત્રનો વિનય, મા-બાપનો વિનય, રાજાનો વિનય. વિનય કરે જ આત્માને લાભ થાય. સમજાણું કાંઈ? એક રીતે બધા સાચા એમ માનવું એ પણ વિનય મિથ્યાત્વ અને એક બીજી રીતે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો પણ વિનય કર્યે જીવને ધર્મ થાય એ પણ વિનય મિથ્યાદૃષ્ટિ છે. શું છે દેવશીભાઈ? ભાવ છે. હા, હા. શુભભાવ છે ને. શુભભાવ છે એ ધર્મ છે, લાભ થાય. એને વિનય મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. આહાહા!

આકરું કામ છે ભાઈ! વળી આંહીં તો એક સમયની પર્યાયમાં ઊભો રહીને એમાં ને એમાં ઘૂંટ્યા કરે. અનાદિથી અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો પણ એમાં એની દૃષ્ટિ પર્યાય ઉપર. સમજાય છે? એનો એકલો આદર કરે ને આત્માને ભૂલી જાય, એ પણ વિનય મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! ભારે આકરું! પહેલી દૃષ્ટિની હજી ખબર ન મળે ને એને આચરણ-ફાચરણ હોય ક્યાંથી? ચારિત્ર કેવાં ને વ્રત કેવાં એને? આહાહા! આકરું જગતને. બધું સારા લાગેને બધાને. બહુ લાગે સારું. માણસને એમ કે આપણો ધર્મ વિશાળ છે. આપણો ધર્મ બધાને સારું લાગે એવો છે. એવો ધર્મ વીતરાગનો છે નહીં. સમજાણું કાંઈ? विनै मिथ्यात अनाभिग्रह. એમ અનાભિગ્રહીની કંઈ પકડ જ નહિ. આ સાચું, આ સાચું, આ સાચું, આ સાચું બધું. સમજાય છે કાંઈ? અન્ય મતમાં ય મોક્ષ ગયા છે, અન્ય મતથી પણ મોક્ષ થાય છે, અન્ય મતથી પણ ધર્મ થાય છે — એવી માન્યતા મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાનીની છે. એ અનંત સંસારમાં રખડવાનો છે. સમજાય છે કાંઈ? ભારે વાત!

चौथा चित्तको भँवरमें पड़े हुए जहाजके समान. પાણીમાં ભંવર હોય ને ભંવર, એમાં જહાજ હોય એ એમાં ને એમાં રહ્યા કરે. डाँवाडोल करनेवाला संशय मिथ्यात्व है. આ સાચું હશે? આ સાચું હશે? આ સાચું હશે? સમજાણું કાંઈ? શ્વેતાંબર ધર્મ સાચો હશે? દિગંબર ધર્મ સાચો હશે? એ બધું સંશય મિથ્યાત્વી અજ્ઞાની છે. સમજાણું કાંઈ? ભારે આકરું કામ બાપા બહુ! આમાં બધાને સારું લગાડે એવી આ ચીજ નથી. આહાહા! સમજાણું કાંઈ? અન્યમત, જૈન સિવાય અન્યમતની વાત તો શું કરવી, એ તો

મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. પણ જૈનમાં શ્વેતાંબર પંથ જે નીકળ્યો, એમાંથી આ સ્થાનકવાસી નીકળ્યો, બેય સંશય મિથ્યાદૃષ્ટિ છે. એમ 'ગોમ્મટસાર'માં સ્પષ્ટ ગાથા છે. ઝીણી વાત છે. ભાઈ! અને એ શ્વેતાંબર ધર્મ ને દિગંબર ધર્મ બેય ધર્મ છે, બેયમાં મુનિઓ થઈ શકે છે, એ દૃષ્ટિ તદ્દન મિથ્યાત્વ અને અજ્ઞાન છે. એ જૈનધર્મના લોપનારા નાસ્તિ છે. સમજાણું કાંઈ? એ ભીખાભાઈ! ભારે આકરું આવું!

મોટા મોટા મુનિઓ થયા, આચાર્યો થયા, પંડિતો થયા, એ બધા ખોટા હશે? આંહીં તો કહે છે, લાખ વાર ને અનંતવાર ખોટા. એક વીતરાગ પરમેશ્વર 'કુંદકુંદઆચાર્ય' અને સર્વજ્ઞે કહ્યો જે આત્માનો માર્ગ, એ માર્ગ સિવાય બીજા બધા કહનારા ખોટા. અનંતવાર ખોટા. સમજાણું કાંઈ? ન્યાલચંદભાઈ! ભારે આવું કામ! આકરું પડે હોં માણસને. એ કરતાં બધા ધર્મ સરખા. કેટલો સંપ થાય, લ્યો. બીજાને સારું લાગે, સંપ થાય. ભાઈ! (શ્રોતા : અનંતકાળથી આવો માર્ગ...) ભાઈ! આ માર્ગ તો પ્રભુ! નિર્વિકલ્પ સ્વરૂપ આત્માનો! એવા સ્વરૂપમાં જ્યાં વિકલ્પ નથી, અરે! ત્રિકાળી સ્વરૂપમાં જ્યાં એક સમયનો પર્યાય નિર્ણય કરનારો, નિર્ણય કરનારો કે હું ત્રિકાળી દ્રવ્ય છું એવો નિર્ણય કરનારો એક સમયનો પર્યાય પણ જેમાં નથી, એવું જે વીતરાગનું શાસન એ સિવાય બીજા બધા.... જેઠાભાઈ! આકરું લાગે માણસને.

કરો ચર્ચા, કહે છે. શું કરવું? કોની સાથે કરે? ભાઈ! લેખિત કરો. હમણાં એક એમ આવ્યું. ભલામણ કરે. આનંદઘનજીએ કહ્યું છે, 'તત્ત્વ વિવાદે વાદ પરંપરા પાર ન પહોંચે.' માટે તમે ઠીક કર્યું. વાદ ન કર્યો લીમડીમાં. હવે તમે લખત કરો. આંહીં નજીક છે ને જામનગર. કોની સાથે કરે? જ્યાં જૈન જ નથી. સમજાય છે કાંઈ? એની સાથે ચર્ચા, કોની સાથે કરવી? અને ચર્ચાથી આ પાર પડે આ વાત? ગજબ વાત છે. (શ્રોતા : ઈ સાચા પડે તો તમારે ફરી જાવું પડે.) હા, એ પણ લખ્યું છે ને. તો તમારે ફરવું પડે. કોણ ફરે? બાપા! આ તે કાંઈ ચીજ છે? આહાહા!

એ કંઈ વાતની વાત છે? સનાતન જૈનદર્શન દિગંબરદર્શન અનાદિ સનાતનમાર્ગ, એ માર્ગ સિવાય જેટલા માર્ગ છે એ બધા મિથ્યાદૃષ્ટિના માર્ગ છે. એને દુઃખ લાગે કે ઠીક લાગે, એની સાથે કાંઈ સંબંધ નથી. માર્ગ તો આ છે, ભાઈ! ને અંતરમાં એ માર્ગ છે. એ બહારના કપડાં પહેર્યા ને નગ્ન થઈ ગયા માટે મુનિ થઈ ગયા, એમ નથી. અને પંચમહાવ્રતની ક્રિયાના પરિણામ કદાચિત્ હોય, એ કંઈ જૈનધર્મ નથી. આહાહા! ગજબ વાત છે. અંતરસ્વરૂપ. વજુભાઈ! શું કરવું આમાં હવે? તકરારું થયા કરે. બાપા! તકરાર તો .... માર્ગ તો આ છે. સમજાય છે કાંઈ?

શ્વેતાંબર અને સ્થાનકવાસી—બેયને ભગવાને તો આચાર્યવર 'કુંદકુંદઆચાર્યે' તો મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં તો અન્યમતિમાં નાંખ્યા છે. 'ટોડરમલ.' જે હજારો શાસ્ત્રોનો નિચોડ. એવા 'ટોડરમલજી'એ જૈનના બે ફિરકાને અન્યમતમાં નાખ્યા છે. તો પછી અન્યના વાતની વાત શું કરવી? આહાહા! ભાઈ! આમાં શાંતિ વળે નહીં હોં. સંપ ન થાય આમાં. ભાઈ! તારી ચીજ એમાં, વર્તમાન દશા પણ જયાં પૂર્ણસ્વરૂપ નથી, એને અંતરમાં વાળવી અને પૂર્ણને પકડવો, આ સિવાય કોઈ સમ્યગ્દર્શનનો માર્ગ છે જ નહિ. અને એવી વાત વીતરાગ 'કુંદકુંદઆચાર્ય' મુનિ દિગંબર સંત એમના સિવાય આ વાત બીજે છે નહિ. એની પરંપરામાં આ માર્ગ સાચો વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ? આજ માને, કાલ માને, ગમે ત્યારે આ માન્યે એને છૂટકો છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે, ત્યાં શું થાય? સમજાણું કાંઈ?

ઓલા કહે, વસ્ત્ર-પાત્ર રાખીને સાધુ થાય. આ દિગંબર કહે કે વસ્ત્ર-પાત્ર રાખીને સાધુ ન હોય. પણ બેયને સરખા માનવા શી રીતે? (શ્રોતા : અનેકાંત) અનેકાંત એટલે? ઝેર પણ અમૃત છે ને અમૃત પણ અમૃત છે, એમ અનેકાંત છે? અમૃત તે અમૃત છે, અમૃત તે ઝેર નથી, એનું નામ અનેકાંત છે. આહાહા! ભારે કામ બાપા! જગતથી જુદું પડી જવું, અરે, વિકલ્પથી જુદું પડવું. અરે, એક સમયની, પર્યાયથી જુદુ પડવું. આહાહા! મહા ખાણ નિધાન ભગવાન દ્રવ્યદૃષ્ટિ. સમજાય છે? એ પ્રભુ પોતે મહાપ્રભુ છે અંદર! એને દૃષ્ટિમાં લઈ અને એમાં ઠરવું, એ એક જ માર્ગ વીતરાગનો છે. કહો, સમજાય છે કાંઈ? કોમલચંદજી! આ તો બધો વિરોધ થઈ જાય તો ઝઘડા ઊઠે ગામમાં. તમારા માંગીલાલ ને ફાંગીલાલ ને બધાય. ભગવાન! આ વસ્તુ ઝઘડાની નથી. પ્રભુ! આ તો ઝઘડા ટાળવાની વાત છે. આહાહા! શું કરે?

વિનય મિથ્યાત્વ. ઓલો સંશય મિથ્યાત્વ. શાસ્ત્રમાં શ્વેતાંબરને સંશય મિથ્યાત્વ કહ્યા છે. 'ગોમ્મટસાર.' બાકી બધા અન્યોને એકાંત અને બીજા અનેક પ્રકારના મિથ્યાત્વ કહ્યા છે. આહાહા! જૈન સંતોએ દિગંબર મુનિઓ જે આત્માની ધારા, કેવળજ્ઞાનીએ કહી એવી જે આત્માની ધારા મુનિઓએ પ્રગટ કરી છે. એ સંતોની વાણીમાં તો આ છે. કહે છે કે પાળી શકાય નહીં માટે આ ધર્મ—મુનિપણું એમ ન માનવું. શક્ય હોય એમ કર, શક્તિ હોય એટલું કર. ન શક્તિ હોય તો શ્રદ્ધામાં તો લાવ કે માર્ગ તો આ છે. બીજો માર્ગ નથી. એવું સમ્યગ્દર્શનને વસ્તુના સ્વરૂપને જો પ્રતીતમાં લઈશ તો એનો ઉદ્ધાર છે. દર્શન ભટ્ઠા ભટ્ઠા. પણ સમકિતથી જે ભ્રષ્ટ એ તો ભ્રષ્ટમાં ભ્રષ્ટ છે ત્રણેમાં. જ્ઞાનમાં ભ્રષ્ટ, ચારિત્રમાં ભ્રષ્ટ, તપમાં ભ્રષ્ટ. ચારિત્રનો ભ્રષ્ટ છે, એ સમકિતી છે, એ સીઝશે. કેમકે એને ખ્યાલમાં છે કે મારી પાસે ચારિત્ર નથી. ચારિત્ર આવું હોય ઈ આવું થાશે,

ત્યારે મારી મુક્તિ થશે. એમ સમકિતીને ખ્યાલમાં છે. દંસણ ભ્રષ્ટ થાય એનું તો જ્ઞાન ને ચારિત્ર બધું ત્રણે ભ્રષ્ટ છે. ચારિત્ર ન હોય એ ચારિત્રથી ભ્રષ્ટ હોય, એ સમકિતી સીઝશે. એમ 'કુંદકુંદઆચાર્ય' કહે છે. સમજાણું કાંઈ?

पाँचवाँ अनाभोगिक अर्थात् अज्ञान मिथ्यात्व सर्वथा असावधानीकी मूर्ति है. અમને તો કાંઈ ભાન નથી. ભાઈ! એ હોય કે એ હોય, અમને તો કાંઈ ખબર નથી. એવા અજ્ઞાનની મૂર્તિ એ પણ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. કહો, સુજાનમલજી! શું બરોબર? આ બધો વાંધા ઊઠે બધા. (શ્રોતા : વાંધા જ ઊઠે. મારી નાંખ્યા.) આહાહા! બાપુ! અનાદિનું સનાતન સત્ય તો આ છે. જગતને રુચે, ન રુચે, એની સાથે સતને કાંઈ સંબંધ નથી. પરમ વીતરાગમૂર્તિ આત્મા, એને વ્યવહારના શુભક્રિયાથી પણ લાભ થાય એવો માર્ગ આત્મામાં નથી. સમજાણું કાંઈ? આહાહા!

ઘણા લખાણ આવ્યા જૈન સંસ્કૃતિમાં. આંહીં જૈન સંસ્કૃતિ છાપું પડ્યું છે. ભાઈ! આવ્યું? આંહીંના નામનું બધું. (શ્રોતા : પુનર્જન્મ જ માનતા નથી.) માનતા નથી. પુનર્જન્મ સોનગઢવાળા માનતા નથી. કારણકે પુનર્જન્મમાં તો કર્મના નિમિત્તે વિકાર થાય, વિકારથી રખડે. એ તો માનતા નથી. અરે ભગવાન! શું કહે છે? કર્મ તો જડ છે. જડથી વિકાર થાય જીવમાં? જીવ પોતે વિકાર કરે ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે. વાતની ખબર ન મળે. આહાહા! એક આવે રાજ કરે. એક આવે ભોગવે. ૧૦૨ ગાથામાં આવે છે 'સમયસાર'માં. કર્મનું ભોગવવું તો આત્માને છે નહિ. એ નાખ્યું એણે માળે. એય! ભગવાન! તું પણ બહુ મોટો છે ને? હોય એમાં મોટો છે ને ઈ. આહાહા! કર્મ જડ છે, એ વાત બરાબર છે. પણ જીવમાં વિકાર થાય માટે, કર્મ છે માટે વિકાર થાય છે એમ નથી. પોતે પોતાને ભૂલે ને અસ્થિરતા કરે તો વિકાર થાય. એ તત્ત્વના વાંધા ઊઠે છે. અને એ વિકાર છે એની દશામાં એ વ્યવહાર છે. ત્રિકાળમાં એ વિકાર નથી.

જેને સમ્યક્‌દર્શન કરવું છે, જેને ધર્મની પહેલી દશા પ્રગટ કરવી છે. એ તો ત્રિકાળી જ્ઞાયકમાં પવિત્રતા જ પડી છે એવી દૃષ્ટિ કરશે તો એને સમકિત થશે. સમકિત છે પર્યાય, પણ એ પર્યાયનો વિષય આખો ત્રિકાળ છે. આહાહા! આકરું કામ ભારે ભાઈ! સંસાર આખો વ્યવહાર છે. ચારગતિ ય વ્યવહાર છે. આત્માના જ્ઞાયકભાવમાં ગતિ ક્યાં છે? અને સિદ્ધ ગતિની પર્યાય એ ય વ્યવહાર છે. આહાહા! છે એ બરાબર છે જાણવાલાયક. આદરવાલાયક એ ચાર ગતિ નથી પર્યાય કોઈ પણ. ઉપાદેય તો એક ત્રિકાળી ભગવાન શુદ્ધ આનંદઘન પરમાત્મા. 'અપ્પા સો પરમ અપ્પા'. આત્મા પોતે જ પરમાત્માનું સ્વરૂપ છે. આહાહા! એવી અંતરમાં દૃષ્ટિ કર્યા વિના સમકિત ત્રણકાળમાં થાય નહિ. આ ભારે કામ આકરું જગતને. સત્ય વાત પણ સત્યને પચાવવું બહુ કઠણ.

હવે એકાંત મિથ્યાત્વનું સ્વરૂપ.

એકાન્ત મિથ્યાત્વનું સ્વરૂપ (દોહરા)

जो इकंत नय पच्छ गहि, छकै कहावै दच्छ।
सो इकंतवादी पुरुष, मृषावंत परतच्छ॥११॥

**શબ્દાર્થ** :—મૃષાવંત=જૂઠો. પરતચ્છ(પ્રત્યક્ષ)=સાક્ષાત્.

**અર્થ** :—જે કોઈ એક નયની હઠ પકડીને, તેમાં જ લીન થઈને પોતાને તત્ત્વજ્ઞાની કહે છે તે પુરુષ એકાન્તવાદી સાક્ષાત્ મિથ્યાત્વી છે. ૧૧.

**अर्थ** :—जो किसी एक नयका हठ ग्रहण करके उसीमें लीन होकर अपनेको तत्त्ववेत्ता कहता है वह पुरुष एकान्तवादी साक्षात् मिथ्यात्वी है॥११॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આહાહા! जो किसी एक नयका हठ ग्रहण करके उसीमें लीन होकर, એકાંતમેં લીન હોકર. ભગવાન આત્માના સ્વરૂપમાં તો દ્રવ્ય છે ત્રિકાળી, એમાં ગુણભેદ પણ નથી. ગુણભેદ છે એમાં દ્રવ્ય નથી, અભેદ નથી. એક સમયકી પર્યાયમાં દ્રવ્ય નથી. એક સમયના દ્રવ્યમાં પર્યાય નથી. આહાહા! એવો અનેકાંત સ્વરૂપ છે એમ ન માનતાં એકાંત માને છે. રાગ ને પુણ્યના પરિણામથી જીવને સમકિત થાય, એકાંત મિથ્યાદૃષ્ટિ છે. આકરું કામ ભાઈ! અશુભ છોડીને શુભમાં આવવાથી આત્મહિત થાય એ મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. સમજાણું કાંઈ? શુભની રુચિને છોડી. જેને હજી વિકલ્પાત્મક જ્ઞાન છે શાસ્ત્રનું આદિ એને પણ ધર્મનું કારણ થાય અને એ આત્માને સમકિતનું કામ થાય, એ પણ નથી. સમજાણું કાંઈ?

जो किसी एक नयका हठ ग्रहण करके उसीमें लीन होकर अपनेको तत्त्ववेत्ता कहता है. દક્ષ—દક્ષ, તત્ત્વવેત્તા કહતા હૈ. અમારે તો માર્ગ અનેકાંત આમ છે. આહાહા! પર્યાય પર્યાયપણે છે પણ ત્રિકાળીની અપેક્ષાએ એ પર્યાય પણ અભૂતાર્થ છે. આહાહા! ત્યારે કહે, પર્યાય માનતા જ નથી. અરે, પર્યાય ન માને તો આ મોક્ષનો માર્ગ પર્યાય છે, સિદ્ધ પોતે પર્યાય છે. સિદ્ધ ક્યાં દ્રવ્ય ને ગુણ છે? દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે. આકરું કામ! બહારની પ્રવૃત્તિમાં ચડાવી દીધા લોકોને. શાસ્ત્ર વાંચો, શાસ્ત્ર સમજો, ભક્તિ કરો, પૂજા-બૂજા કરો. એમાંથી તમારું કલ્યાણ હળવે હળવે થઈ જશે. એમ માનનારા એકાંત હઠાગ્રહી મિથ્યાત્વમેં લીન હોકર અપનેકો તત્ત્વવેત્તા કહતે હૈં.

પંડિતજી! છે ને પાઠમાં? छकै कहावै दच्छ. छकै—છકી ગયો એકાંતમાં—હઠમાં.

ભારે! તમે પણ એમ કહો છો કે પુણ્યથી લાભ ન થાય. તો પુણ્યથી લાભ થાય ને પુણ્યથી લાભ ન થાય, એમ બેય કહો તો અનેકાંત થાય. ભાઈ! એમ ન હોય. પુણ્યથી શુભરાગથી લાભ આત્માને વીતરાગ ધર્મનો થાય? રાગથી વીતરાગતા આવે? રાગથી ન આવે પણ આત્માને આશ્રયે વીતરાગતા આવે ને ધર્મ થાય અને રાગથી ન થાય, એનું નામ અનેકાંત છે. આહાહા!.

ઓલામાં તો બહુ લખ્યું છે. ભાઈ! શાસ્ત્રનું પરિવર્તન કરી નાખ્યું બધું. મહાવીરના માર્ગનું પરિવર્તન કરી નાખ્યું છે. અરે પ્રભુ! અરે, આવો કાળ આવ્યો પ્રભુ! તને. એમાં આ રીતે... અહીંયા આત્માના શરણમાં પ્રભુ પોતે છે, એને પર્યાયનું શરણ નથી, તો શુભરાગનું શરણ ક્યાંથી? નિમિત્તનું શરણ (કેમ હોય?) હોય, વસ્તુ છે. શરણ નથી. સમજાણું કાંઈ? પર્યાય નથી તો એકાંત વેદાંત થઈ જાય છે. સમજાણું કાંઈ? રાગ સંસારદશામાં નથી તો શુદ્ધતા આવી જાય છે અંદર. છે, એ વાત જુદી છે. પણ છે એ રાગ. કર્મને લઈને છે, પરના દ્રવ્યના અસ્તિને લઈને આ વિકારનું અસ્તિત્વ છે, એમ હોઈ શકે નહિ ત્રણકાળમાં. સમજાણું કાંઈ? કેમકે કર્મનો ઉદય તો જડની દશા છે ને વિકાર ચૈતન્યની ઊલટી વિકારી દશા છે. એ જડની અવસ્થાનું તો વિકારી દશામાં નાસ્તિ છે. એને ઠેકાણે વિકાર, કર્મને લઈને જ વિકાર થાય એવો જે હઠ—એકાંત મિથ્યાદૃષ્ટિનું લક્ષણ છે. સમજાણું કાંઈ? આહાહા!

અરે! જેને સ્વતંત્ર એક સમયની પર્યાય માનવામાં વિરોધ છે, સ્વતંત્ર ન હોય, એક સમયની સ્વતંત્રતા હોય તો કર્મને લઈને વિકાર થાય એનો નાશ થઈ જાય છે. નિમિત્ત અકિંચિત્કર નથી. વળી એવું લખ્યું છે. .....એ તો મોટો છે .... થોડું વાંચ્યું. ..... ઈ તો કહે છે. કીધા કરે લાંબું લાંબું. આહાહા! અરે, ભગવાન! આ વાદનો વિષય નથી આ. આ તો અનુભવગમ્ય વિષય છે. સમજાણું કાંઈ? આંહીં તો બહારથી ખસી જેને વિકલ્પના ભાવ પણ દુઃખરૂપ લાગે. આહાહા! એ શુભભાવ પણ દુઃખરૂપ લાગે. કેમ કે રાગ છે. 'રાગ આગ દહે' આતા હૈ ન. 'રાગ આગ દહે.' 'છ ઢાળા'માં આતા હૈ. રાગનો અગ્નિ બાળે છે જીવને. અરે, આ જગતને વીતરાગમાર્ગની ખબર નથી. શુભથી પુણ્યથી થાય, એ એકાંત મિથ્યાત્વ છે ને હઠ છે. સમજાણું કાંઈ?

वह पुरुष एकान्तवादी साक्षात् मिथ्यात्वी है, લ્યો. કીધુંને એમાં. मृषावंत परतच्छ. પ્રત્યક્ષનો અર્થ કર્યો. જીવની વર્તમાન અવસ્થા સ્વકાળે થાય. એમાં પૂર્વના પર્યાયની પણ મદદની જરૂર નથી અને પછીની પર્યાય થવાની માટે આ થાય છે એમ નથી. અને એક સમયની પર્યાય કર્મને લઈને વિકાર થાય કે કર્મ ખસે માટે સમકિત થાય,

એમ નથી. આહાહા! ભારે ઝીણું! સાંભળ્યું નથી, જૈનદર્શન શું કહેવાય. એ જૈનદર્શન એટલે દિગંબર દર્શન હોં. દિગંબર દર્શન એટલે જૈનદર્શન. જૈનદર્શન એટલે વિશ્વદર્શન. આ વિશ્વદર્શન. બધા ધર્મો સરખા એ વિશ્વદર્શન, એ નહિ. સમજાણું કાંઈ? આવો અનાદિ સનાતન વીતરાગ માર્ગ. 'મંગલમ્ ભગવાન વીરો'—આતા હૈ? આવે છે કે નહીં? 'મંગલમ્ ભગવાન વીરો, મંગલમ્ ગૌતમો ગણી, મંગલમ્ કુંદકુંદાર્યો.' ત્રીજે નંબરે 'કુંદકુંદઆચાર્ય' આવ્યા છે. અને ચોથે નંબર 'જૈન ધર્મોસ્તુ મંગલમ્.'

એ 'કુંદકુંદઆચાર્ય' મહાન સંત મુનિ જેમણે જૈનધર્મને ટકાવી રાખ્યો. સર્વજ્ઞ પાસે ભગવાન પાસે ગયા હતા. સાક્ષાત્ ત્રિલોકનાથ 'સીમંધર' ભગવાન વર્તમાનમાં બિરાજે છે. પોતાના ભગવાન પાસે તો ગયા હતા. પણ ભગવાન પરમાત્મા બિરાજે છે અત્યારે. 'સીમંધર' ભગવાન સમવસરણમાં બિરાજે છે. મનુષ્ય ક્ષેત્રમાં, મહાવિદેહમાં પાંચસો ધનુષનો દેહ છે. બે હજાર હાથ ઊંચા. કરોડ પૂર્વનું આયુષ્ય છે. કરોડ પૂર્વ. ભગવાન બિરાજે છે અત્યારે હજી મનુષ્યપણે. ભગવાન 'કુંદકુંદઆચાર્ય' ગયા ભગવાન પાસે. ૨૦૦૦ વર્ષ થઈ ગયા. સંવત ૪૯, એમનું આયુષ્ય તો મોટું છે. હજી તો અબજો વર્ષ રહેવાના છે. આહાહા! સમજાય છે કાંઈ? ત્યાં તો એકલો મુનિમાર્ગ. દિગંબર સંત આત્માના આનંદમાં ધ્યાનમાં રહનારા છે. બીજો ત્યાં પંથ છે જ નહિ. સમજાણું કાંઈ? જે કોઈ આત્માનો આવો સ્વભાવ અને વિભાવ એક સમયની પર્યાય પોતાથી છે એમ ન માનતાં, પરથી છે (એમ) એકાંત માનનારા, કાં વ્યવહાર રાગ છે, એનાથી ધર્મ થાય એમ એકાંત માનનારા મિથ્યાત્વ પ્રત્યક્ષ છે, કહે છે, દૃષ્ટિમાં મિથ્યાત્વ પ્રત્યક્ષ છે. ઝેર ભર્યું છે એની દૃષ્ટિમાં. આહાહા! ભારે લાગે ભાઈ આ! એય! ખબર નથી. શું કરે?

વિપરીત મિથ્યાત્વકા સ્વરૂપ. હવે બીજું. પહેલું કહ્યું.

વિપરીત મિથ્યાત્વનું સ્વરૂપ (દોહરા)

**ग्रंथ उकत पथ उथपि जो, थापै कुमत स्वकीउ।**
**सुजस हेतु गुरुता गहै, सो विपरीती जीउ।।१२।।**

**શબ્દાર્થ** :—ઉકત=કહેલું. ઉથપિ=ખંડન કરીને. ગુરુતા=બડાઈ.

**અર્થ** :—જે આગમકથિત માર્ગનું ખંડન કરીને સ્નાન, સ્પર્શ્ય, અસ્પર્શ્ય આદિમાં ધર્મ બતાવીને પોતાનું કપોલકલ્પિત પાખંડ પુષ્ટ કરે છે અને પોતાની પ્રસિદ્ધિ માટે મોટો બનીને ફરે છે તે જીવ વિપરીત મિથ્યાત્વી છે. ૧૨.

**अर्थ** :—जो आगमकथित मार्गका खंडन करके स्नान, छूताछूत आदिमें धर्म बतलाकर

**अपना कपोलकल्पित पाखंड पुष्ट करता है व अपनी नामवरीके लिए बड़ा बना फिरता है वह जीव विपरीत मिथ्यात्वी है।।१२।।**

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

जो आगमकथित मार्गका खंडन करके, ભગવાન સર્વજ્ઞકી વાણીમેં જો આયા, આવ્યું. એવું જે આગમ ભગવાને બનાવ્યું, ગણધરોએ સૂત્ર રચ્યા. ભગવાનના મુખમાંથી અર્થ આવ્યો, એવા ગણધરે જે શાસ્ત્રો રચ્યા, એની પરંપરાએ 'કુંદકુંદઆચાર્ય' દેવે રચ્યાં. 'મંગલમ્ ભગવાન કુંદકુંદાર્યો'. એવા શાસ્ત્રના અર્થોને ग्रंथ उकत पथ उथपि. એનો અધ્યાત્મમાર્ગ જે છે એને ઉથાપી, थापै कुमत स्वकीउ. પોતાનો મત સ્થાપે. આહાહા! ગજબ વાત છે. સમજાણું કાંઈ? માર્ગ આ છે ભાઈ! जो आगमकथित मार्गका खंडन करके स्नान, छूताछूत आदिमें धर्म बतलाकर. બહારમેં ધર્મ હે ઐસા. સમજમેં આયા? આવ્યું? अपना कपोलकल्पित पाखंड पुष्ट करता है. આનાવાળા આને કહે, આનાવાળા આને કહે. ભગવાન! શું કરે? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથના આગમો, ભગવાનની વાણીમાંથી દિવ્યધ્વનિ નીકળી, દિવ્યધ્વનિમાંથી આગમ રચ્યા સંતોએ. પરમાગમ — 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર', 'પંચાસ્તિકાય', 'અષ્ટપાહુડ', 'ગોમ્મટસાર' વગેરે શાસ્ત્રો આગમ આગમ છે. એ આગમમાં જે કથન છે એને ઊલટાં કરી વ્યવહારના કથનને નિશ્ચયમાં સ્થાપે ને નિશ્ચયનું કથન છોડી દે.

थापे कुमति स्वकीउ. અપના કપોલકલ્પિત પાખંડ પુષ્ટ કરતા હે. આહાહા! सुजस हेतु—अपनी नामवरीके लिए. પોતાની આબરૂ રહે. ભાઈ! આ માર્ગ તો ભારે આકરો. બધાને સરખા માને છે હોં એવી નામાવલી માટે. નામાવલી સમજે? નામાવલી ક્યા હે? सुजस—આબરૂ માટે. નામ નીકળે નામાવલી. નામ નીકળે. આત્મા નીકળે નહિ, નામ નીકળે. આહાહા! એનું નામ બહાર નીકળે માટે ઊંધા અર્થ કરે સિદ્ધાંતના ને નાખે, સાચાને ખોટા ઠરાવે અને ખોટાને સાચા ઠરાવે. हेतु गुरुता गहै, લ્યો. बड़ा बना फिरता है. હું મોટો છું, બધાનો હું જાણનાર છું. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરની ઊંધી શ્રદ્ધા છે અને મોટો થઈને ફરે. सो विपरीती जीउ. એ વિપરીત મિથ્યાદૃષ્ટિ જીવ છે. એ અનંત સંસાર નરક ને નિગોદમાં જવાવાળો જીવ છે. આહાહા! સમજાણું કાંઈ? ભાષા કેવી કરી, જુઓ!

सुजस हेतु गुरुता गहै, सो विपरीती जीउ. પોતાની બડાઈ માટે વિપરીતતા ઊંધા અર્થ કરે અને દુનિયાને રાજી રાખે. સો વિપરીત જીવ છે. વિપરીત મિથ્યાત્વ છે. એમાં એ નાખ્યું'તું. પ્રશ્ન શું કહેવાય? જૈન સિદ્ધાંત પ્રવેશિકા. સંશયમાં શ્વેતાંબર નાખ્યા

છે. આ વિપરીતમાં? નિર્ગ્રંથને સગ્રંથ માને, સગ્રંથને નિર્ગ્રંથ માને, એમ છે એમાં નહિ? જુઓ, વસ્ત્ર સહિત હોય અને મુનિ માને એને, કેવળીને આહાર માને. ત્રણલોકના નાથ ભગવાનને આહાર હતો. તીર્થંકર સ્ત્રી હતા મલ્લિનાથ. એ બધા વિપરીત મિથ્યાત્વી. આકરું ભારે આમાં! હવે આ બેનો મેળ શી રીતે કરવો? બે છે મત જગતમાં એમ મેળ થયો. પણ બેય સાચા છે, એમ નહિ. આહાહા! વિપરીતમાં ઘણા દાખલા આપ્યા છે. ગોપાલદાસ બરૈયા. કેવળીકો આહાર માને, સ્ત્રીકો મુક્તિ માને, વસ્ત્રસહિત સાધુપણું માને. સાધુ વસ્ત્રસહિત હોતા નહીં હૈ અને વસ્ત્ર છૂટ ગયા માટે સાધુ ઐસા ભી નહીં. અંતરમેં નિર્વિકલ્પ દશા આનંદકી પ્રગટ હો. સ્વરૂપની રમણતા ચારિત્રની ક્ષણે ને પળે જિસે છટ્ઠા સાતવા ગુણસ્થાન આતા હૈ, એને ભગવાનના શાસનમાં મુનિ કહ્યા છે. સમજાણું કાંઈ? આ હિંદીવાળા પાછળ આવ્યા એટલે ગુજરાતી થઈ ગયું. પહેલા આવ્યા હોત તો હિંદી થાત. અહીં તો સાથે સાથે આવે તો થાય. સમજાણું કાંઈ? દરકાર હોય એને પહેલા સાંભળવા મળી ગયું.

વિનય મિથ્યાત્વનું સ્વરૂપ. લ્યો.

વિનય મિથ્યાત્વનું સ્વરૂપ (દોહરા)

देव कुदेव सुगुरु कुगुरु, ठानै समान जु कोइ।
नमैं भगतिसौं सबनिकौं, विनै मिथ्याती सोइ॥१३॥

**અર્થ :—**જે સુદેવ-કુદેવ, સુગુરુ-કુગુરુ, સત્‌શાસ્ત્ર-કુશાસ્ત્ર, બધાને એકસરખા ગણે છે અને વિવેક વિના બધા ભક્તિ, વંદન કરે છે તે જીવ વિનય મિથ્યાત્વી છે.

**अर्थ :–**जो सुदेव-कुदेव, सुगुरु-कुगुरु, सत्‌शास्त्र-कुशास्त्र, सबको एकसा गिनता है और विवेकरहित सबकी भक्ति वन्दना करता है वह जीव विनय मिथ्यात्वी है॥१३॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

સુદેવ. અરિહંત પરમાત્મા સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ એ સુદેવ છે. એ સિવાય કુદેવ. એ બધા સિવાય જેટલા એ કુદેવ બધાય છે. સમજાણું કાંઈ? બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ બધા કુદેવ છે. સબકો વંદન કરો ભક્તિસે. બધાને નમે, નમે એ ગમે. એમ કહે છે ને. નમે એ પ્રભુને ગમે. સબકો નમના. એ માર્ગ વીતરાગનો નથી. સુદેવ—કુદેવ એને સરખા માને. विवेकरहित सबकी भक्ति वन्दना करता है. જય ભગવાન. એ મિથ્યાદૃષ્ટિ છે. सुगुरु-कुगुरु. સુગુરુ સંત મુનિ મહાત્મા—ધર્માત્મા આનંદકંદમેં ઝુલનેવાલે એ સુગુરુ. ઝુલનેવાલે ધર્મી. અને કુગુરુ. મુનિ હૈ નહિ, મુનિપણું માને. સમજાય છે કાંઈ? ઊંધી પ્રરૂપણા કરે,

વીતરાગમાર્ગ સિવાય અન્ય માર્ગ પણ સાચો છે એમ કહે, માને, એ કુગુરુ છે.

સુગુરુ ને કુગુરુ. ઠાનૈ સમાન जु कोइ, લ્યો, છે ને. અને સત શાસ્ત્ર લઈ લેવું. સત શાસ્ત્ર અને કુશાસ્ત્ર. આહાહા! પરમાગમ ભગવાનની વાણી–'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર', 'સ્વામી કાર્તિકેય ટીકા' યે સબ પરમાગમ हैं. પરમાગમ છે ઈ. અને કુશાસ્ત્ર–ભગવાનના જ્ઞાન વિના કલ્પેલા જગતે બનાવેલા. એ બેયને સરખા માને અને બેયને ભક્તિથી વંદન કરે એ વિનય મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? सबको एकसा गिनता है. બધાને એકસરખા માને, લ્યો.

આંહીં તો ભગવાને ૩૬૩ પાખંડ કહ્યા છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહ્યા સિવાય જગતમાં ૩૬૩ પાખંડ છે. એની વ્યાખ્યા ભિન્ન ભિન્ન અંદરમાં છે. ક્રિયાવાદી ને અક્રિયાવાદી ને વિનયવાદી ને. 'ગોમ્મટસાર'માં છે. 'નેમીચંદ સિધ્ધાંત ચક્રવર્તી' ગોમ્મટસારકે કર્તા. એમાં આ વાત બધી છે. લોકોને શાસ્ત્રના સ્વાધ્યાય ન મળે અને પક્ષમાં પડ્યા પોતાના અર્થની દૃષ્ટિ પોતાની દૃષ્ટિએ અર્થ કરે. એ એમ કહે કે, તમારી દૃષ્ટિએ તમે અર્થ કરો છો. એનો અર્થ બીજો છે. વળી એમે ય કહે. ..... કહે બિચારા શું કરે? ભાઈ! એમાં વાસ્તવિકતા છે એની ખબર ન મળે. અવાસ્તવિકતાને પણ વાસ્તવિકતામાં ખતવી નાખે. એવાં બધાં શાસ્ત્રો–કુશાસ્ત્ર સબકો એકસા ગિનના. 'ઠાનૈ समान जु कोइ. આહાહા! नमैं भगतिसौं सबनिकौं. ભક્તિથી વંદન કરે. विनै मिथ्याती सोइ. એ વિનય મિથ્યાદષ્ટિ છે. અજ્ઞાની છે, મૂઢ છે, જૈન નથી. આહાહા! ભારે કામ! મારી નાંખે હોં સાચું કહનારને! કોઈ કહે, આવું આવું હોય? આવા માર્ગ હોય? માર્ગ તો આવો છે, ભાઈ! સમજાય છે કાંઈ? પંદર ભેદે સિદ્ધ થાય. એમ કહ્યું. અન્ય લિંગમાં ય મુક્તિ થાય, સ્ત્રી લિંગમાં ય મુક્તિ થાય. ન માને એ મિથ્યાત્વી, એ કહે છે લ્યો. આહાહા!

આંહીં કહે કે સ્ત્રીલિંગે મુક્તિ માને એ મિથ્યાદષ્ટિ છે. જેનો સ્ત્રીનો દેહ છે, એને સાધુ સાધ્વીપણું માને, છઠ્ઠું ગુણસ્થાન માને એ મિથ્યાદષ્ટિ છે. સ્ત્રીના શરીરવાળાને પંચમ ગુણસ્થાન દશા આવે, આત્માનો આશ્રય કરે તો. પણ એને મુનિપણાની દશા હોઈ શકે નહિ. ભારે કામ! કેટલા બોલને ફેરવવા એને. સમજાણું કાંઈ? પંદર ભેદે સિદ્ધ કીધાં છે, ઓલ્યા લખ્યું છે ભાઈએ. ત્રંબકે. ત્રંબક શું એ હંપીનો. પંદર ભેદે સિદ્ધ ન માને એ આમ છે મિથ્યાદષ્ટિ. હવે એણે આમાં લખ્યું. (શ્રોતા : શ્વેતાંબર માને છે.) ઈ તો માને જ છે ને. ઇ શ્વેતાંબરની શ્રદ્ધા છે. હંપી. શ્રીમદ્‌વાળાએ કર્યું છે ને હંપી. હંપી છે ને મહારાષ્ટ્રમાં. શ્રીમદનું કાઢ્યું છે ને આશ્રમ. એ તો ગુજરી ગયા બિચારા હમણાં. એ એવું લખ્યું છે પુસ્તક ભઇ. કેવળજ્ઞાન તો સેવા કરતાં કરતાં થાય. એની ગોરાણીની સેવા

કરતી હતી ને એને કેવળજ્ઞાન થઈ ગયું, લ્યો. ચેતનજી! આવ્યું છે કે નહિ? સાંભળ્યું છે? ગુરુણીને પછી કેવળજ્ઞાન થયું. ન થઈ જાય. એવું નથી. થવામાં વાંધો નથી. પણ સ્ત્રીને થાય જ નહિ. જેને સ્ત્રીનો દેહ હોય એને મુનિપણું ન હોય તો કેવળજ્ઞાન તો ક્યાંથી આવ્યું? તદ્દન જૂઠ વાત હે. આહાહા! ભારે વાત ભાઈ! આહાહા!

આ તો અનંત તીર્થંકરો, કેવળીઓ, ગણધરો, ઈન્દ્રો, જેને સ્વીકારે છે એ માર્ગ છે આ તો. ભાઈ! આ કાંઈ કોઈના ઘરનો નથી. એવું આવે છે. ગોરાણી સૂતા'તા એટલે એની શિષ્યણી પગ દાબતી'તી. ઉસમેં પગ દાબતાં દાબતાં કેવળજ્ઞાન થઈ ગયું. પગ દાબતાં કેવળજ્ઞાન થયું. એટલે હાથ આમ અટકતાં ત્યાં સર્પ નીકળ્યો સર્પ. કેવળજ્ઞાનમાં ખ્યાલ આવ્યો કે આ સર્પ છે એટલે હાથ આમ લઈ લીધો. ગોરાણીનો હાથ લઈ લીધો. સર્પ.. સર્પ નીકળ્યો ને હાથ આમ લઇ લીધો. ગોરાણીકો ખબર પડી કે આ અંધારામાં સર્પ કેમ ખબર પડી? કહે. જ્ઞાનથી. પ્રત્યક્ષ જ્ઞાન છે? કેવળજ્ઞાન? તો કહે, હા. અરે, મેં આપની અવહેલના કરી. પછી ઈ બાઈ પણ નિંદા કરતાં કરતાં કેવળજ્ઞાન પામ્યા. આખું કેવળજ્ઞાન તે.... શ્રધ્ધા સાચી નથી મિથ્યાત્વ ને સાધુપણું નથી, ત્યાં વળી કેવળજ્ઞાન ક્યાંથી આવ્યું? આવી વાતું કરીને ભરમાવ્યા જગતને. સમજાણું કાંઈ? આહાહા! દુનિયાને સારું લાગે. સ્ત્રીઓને સર્વ સ્વાધીન આપ્યો ભગવાને. પુરુષનો હક્ક છે ને સ્ત્રીનો નથી એમ નહીં. બધો સર્વ હક્ક આપ્યો. ભગવાને તો જેવું જાણ્યું એવું કહ્યું. આપે કોને ને દે કોને? સ્ત્રીને પણ સમાન રાખી પુરુષની જેમ. એને પણ કેવળ ને મોક્ષ કીધો. ખોટી વાત છે તદ્દન. સમજાણું કાંઈ?

સ્ત્રીને સાધુપણું ન હોય તો મુક્તિ કેવળ તો હોય નહિ. ઓલો નટ નટ કેવો? એલચીકુમાર. આમ દોરડે નાચતો'તો. નાચતાં નાચતાં કેવળજ્ઞાન. અરે! હજી સાધુપણા વિના કેવળ... આવા ને આવા ગપ્પ મારે. સમજાણું કાંઈ? એ બધો વિનય મિથ્યાત્વના લક્ષણ છે. ઉસકો ભી માનો, એને પણ માનો. કહે છે, સબકો એકસા માના વિવેક રહિત. 'શ્રીમદે' તો કહ્યું છે, ભઈ, બધાને સરખા માનવા, એ તો વિવેકરહિત મૂઢતા છે. સમભાવની વ્યાખ્યા તો એવી છે કે સાચાને સાચા માને ને ખોટાને ખોટા ઉથાપે. આ ખોટું છે. એનું નામ સમભાવ કહેવાય. ખોટા ને સાચા–બેય સરખા માને, એને તો મૂઢતા કહેવાય. વહ જીવ વિનય મિથ્યાત્વી કહેવાય છે. પછી સંશય મિથ્યાત્વીનું લક્ષણ કહ્યું.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૮૨, આસો વદ ૯, મંગળવાર, તા. ૧૨-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાન અધિકાર પદ ૧૪ થી ૨૪ પર પ્રવચન

સમયસાર નાટક. મિથ્યાત્વથી માંડીને અજોગી ગુણસ્થાન સુધી ચૌદ ભેદ છે. એને જાણવા. પર્યાય છે ને? એ આશ્રય કરવાલાયક નથી કેમકે ત્રિકાળી વસ્તુમાં એ ભેદ છે નહિ. ભેદ છે એ તો જાણવું જોઈએ કે નહિ? જાણવું યથાર્થ જોઈએ ને? કઈ ભૂમિકામાં? કેવી દશા? કેવો એનો વિકલ્પ? યોગ્યતા, વ્યવહાર—એની અહીં વાત છે. સમ્યક્ દૃષ્ટિ પછીની જ વાત છે અહીં. જાણવું જાણે પણ એ પહેલે જાણે તો ખરો કે નહીં વ્યવહાર? યથાર્થ જાણવુ તો સમ્યક્ થયા પછી થાય. આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાયકસ્વરૂપ એવી દૃષ્ટિ થયા પછી વાસ્તવિક પર્યાયનું જ્ઞાન એને થાય, પણ એ પહેલાં પણ એણે જાણવું તો જોઈએ ને? શું ચીજ છે ઈ? (શ્રોતા : જાણવું લાભદાયક નથી.) લાભદાયક તો નથી, પણ આવ્યા વિના રહેતું નથી. આહાહા! એવી વાત છે. કહો, જેઠાભાઈ!

સાંભળવાથી નુકશાન છે એમ વળી કહેવું, વળી સંભળાવવું અને સાંભળવું એવો વ્યવહાર વચમાં આવ્યા વિના રહેતો નથી. એવો માર્ગ છે. સ્વરૂપ જ એવું છે એનું. શાસ્ત્રના જ્ઞાન આદિ અનંતવાર કર્યા હશે, પણ મૂળ ભૂલી ગયો છે ને. એટલે એને વાસ્તવિક તત્ત્વ નય નિક્ષેપ પ્રમાણથી જાણવામાં આવે છે કે નહિ? જો કે છે એ અભૂતાર્થ. આહાહા! ભારે અટપટો માર્ગ લાગે છે દુનિયાને. જન્મ-જરા-મરણ ચોર્યાશીના અવતારમાં દુઃખી છે, દુઃખી. એને ખબર નથી. આત્માના આનંદનો ખ્યાલ નથી, કોની સાથે મેળવે ઈ? કે આ બધા ભાવો થાય છે શુભ-અશુભ ભાવ, આહાહા! એ દુઃખ છે. એ સુખ નથી. દુઃખી છે. શુભભાવો ને અશુભભાવ બે ય આકુળતા છે. એવો ખ્યાલ એને પહેલો વિકલ્પથી એણે નિર્ણય તો કરવો પડે કે નહીં? સમજાય છે કાંઈ? વિકલ્પથી નિર્ણય કર્યા વિના જાણ્યું છે, એવી ધારણા થયા વિના નિર્વિકલ્પતામાં એ આવી નહીં શકે. વિકલ્પથી ધાર્યું માટે નિર્વિકલ્પતામાં આવે, એમ નથી. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે, સંશય મિથ્યાત્વ.

સંશય મિથ્યાત્વનું સ્વરૂપ (દોહરા)

**जो नाना विकलप गहै, रहै हियै हैरान।**
**थिर ह्वै तत्त्व न सद्दहै, सो जिय संसयवान॥१४॥**

**અર્થ :**—જે જીવ અનેક પ્રકારનું અવલંબન કરીને ચંચળ ચિત્તવાળો રહે છે અને સ્થિરચિત્ત થઈને પદાર્થનું યથાર્થ શ્રદ્ધાન કરતો નથી તે સંશય મિથ્યાત્વી છે. ૧૪.

**अर्थ :**—जो जीव अनेक कोटिका अवलम्बन करके चंचल चित्त रहता है और स्थिर चित्त होकर पदार्थका यथार्थ श्रद्धान नहीं करता वह संशय मिथ्यात्वी है।।१४।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जो जीव अनेक कोटिका अवलम्बन करके चंचल चित्त रहता है, ડામાડોળ. દાખલો પહેલાં આવી ગયો છે. જેમ ભંવરમાં વહાણ. પાણીમાં દરિયામાં ભંવરમાં વહાણ પડ્યું હોય ઈ ... ચકડોળે ચડે. સ્થિર ન રહે. એમ અજ્ઞાનીને આ ધર્મ સાચો હશે? આ ધર્મ સાચો હશે?(એમ સંશય રહે.) સમજાય છે? શાસ્ત્રમાં તો સંશય મિથ્યાદષ્ટિને શ્વેતાંબરમાં નાખ્યા છે. ભગવાન! ભારે આકરું દુઃખ લાગે હોં લોકોને. દષ્ટાંત તરીકે સિદ્ધ કરવા લખ્યું છે. દષ્ટાંત તરીકે સિદ્ધ. સંશયમાં મુખ્ય આ છે એમ બતાવવું છે. ...... હશે કે નહીં? એમ સંશયમાં છે ઈ. સમજાણું કાંઈ?

કેવળીને આહાર છે કે નહિ? એમ સંશય ન કરવો. એ તો ઈર્ષ્યા બુદ્ધિ કહે છે. છે એમ નક્કી કરવું. ભગવાનને આહાર હોય? પ્રભુ! મહા આનંદસ્વરૂપ એને આહાર કેવો? આનંદનું ધામ ભગવાન આત્મા, એવું ભાન થાય એને રાગનો આહાર નથી તો પરનો ય આહાર નથી. એ તો જ્ઞાતા દૃષ્ટા તરીકે જ્ઞેય તરીકે જાણે છે પરને. આહાહા! પણ એને આહારનો વિકલ્પ છે, તોય છતાં આહાર ને પાણીનો એ તો જ્ઞાતા છે. એમ આવે છે કે નહિ? નિર્જરા, સાધકમાં. સર્વજ્ઞ પરમેશ્વર પૂર્ણદશા પ્રાપ્ત આનંદની, એને વિકલ્પ ક્યાં છે? એને આહાર ક્યાં હોય? સમજાણું કાંઈ? શાંતિથી સમજવાની રીત છે ભઈ આ. વાદવિવાદે કંઈ પાર પડે નહિ. સમજાણું કાંઈ?

ત્યારે ભગવાનને કેમ અગિયાર પરીષહ કહ્યા? વળી એવું કહ્યું. એ તો સૂક્ષ્મ ઉદય છે. પણ એવું નથી કે એને ક્ષુધા લાગે ને આહાર લેવો પડે. એવો એને અશાતાનો ઉદય હોય જ નહિ. ઝીણી વાત છે થોડી. એવું એ પરલક્ષી જ્ઞાનને પણ જયાં યથાર્થતા નથી એને સ્વલક્ષી જ્ઞાન થવાનું અવકાશ નથી. સમજાણું કાંઈ? जो नाना विकलप गहै. અનેક પ્રકારના વિકલ્પ ગ્રહે—આ ય હશે, આ ય હશે, આ હશે, આ હશે. એમ નિર્ણય યથાર્થ વસ્તુનું છે એ ન કરે. સમજાય છે કાંઈ? रहै हियै हैरान. હૈયામાં હેરાન, હેરાન રહે. ક્યાંય નિર્ણય કરે (નહિ). थिर ह्वै तत्त्व न सद्दहै. સ્થિર થઈને વાસ્તવિક તત્ત્વ—ભગવાન આત્મા આનંદની મૂર્તિ છે, એ ભગવાન આત્મા સુખનો સાગર છે, એવું ભાન થતાં જયાં આ આહાર ને આહારના વિકલ્પનો નાશ થઈ જાય છે. એને સર્વજ્ઞ થાય

એટલે તો વિકલ્પ ને આહારનો સંયોગ નિમિત્તરૂપે પણ હોઈ શકે નહિ. ભારે આકરું કામ. આહાહા!

थिर ह्वै तत्त्व न सद्दहै. સ્થિર થઈને વાસ્તવિક (સમજ નથી કરતા.) સર્વજ્ઞ પરમેશ્વરને આહાર ન હોય, સ્ત્રીનો દેહ હોય એને મુક્તિ ન હોય, સમજાણું? વસ્ત્ર સહિત મુનિ હોય કે વસ્ત્ર સહિત તે સાધુ ન હોય, એને કેવળ ન થાય; એવો સંશયવાદી નિર્ણય કરતા (નથી). જો કે એ તો પાછા..... પણ આ .... ન હોય, અંદર ઊંડે, ઊંડે આમ સંશય છે ને ઊંડે. કારણમાં જુઓને. ભાઈએ નાખ્યું છે હેમચંદ્રઆચાર્યે. એનો અર્થ શું થયો? ..... સંશય, સંશય છે. આહાહા! સ્વકાળ આત્માનો બદલે છે ઈ નિશ્ચય છે, ત્યારે તેને પરકાળ હોય એવો વ્યવહાર અંદર જ્ઞાનમાં બરાબર આવે છે. એમ કહે છે. પણ જે કાળ છે (એમ) માનતા જ નથી, એને સ્વકાળ પડ્યો જ નથી. ઈ ક્યારે માનશે? સમજાણું કાંઈ? सो जिय संसयवान. એ સંશયવાન મિથ્યાદૃષ્ટિ છે.

કેવળીને આહાર હોય કે નહિ? મુક્તિ હોય કે નહિ? સ્ત્રીને મુક્તિ હોય કે નહિ? સમજાણું? વસ્ત્ર સહિત સાધુ હોય કે નહિ? એવા જેને સંશય છે, એ બધા મિથ્યાદૃષ્ટિ સંશય(રહિત) છે જ નહિ. આકરું ભારે. વસ્તુની સ્થિતિ એવી છે એવું તો એણે નિર્ણય કરવો જોઈએને. વસ્તુની મર્યાદા જ આવી છે. એ પર્યાયની મર્યાદા એટલી જ નિર્મળ છે કે એને આનંદના અનુભવની પૂર્ણતા હોય છે. એવું સમ્યક્દર્શન. સમજાણું કાંઈ? ક્ષુધા, ભગવાનને લાગે. આહાર લેવા જાય કેવળી? સ્ત્રી એ તો વળી ક્યાં? એવી છે બધી વાત શું થાય? અરેરે! એવો સંશય છે એ મિથ્યાદૃષ્ટિ છે. અજ્ઞાની છે. એમ દૃઢ હોતો (નથી). આહાહા! આખો સંપ્રદાય મિથ્યાદૃષ્ટિ સંશયવાન છે. સાધુ સાધ્વી નામ ધરાવે, બધા મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે આંહીં તો. સમજાણું કાંઈ! જયંતિભાઈ!

(શ્રોતા : પંડિતજી ..... સિદ્ધાંત બીજા.) ચાલશે ઈ સિદ્ધાંત બીજા. સ્થાનકવાસીના લીધા. આ દિગંબર ... (શ્રોતા : આમ જ ચાલે) સ્થાનકવાસી શ્વેતાંબર કે દેરાવાસી શ્વેતાંબર—બેય આખો પક્ષ જ મિથ્યાદૃષ્ટિ છે સંશય. માર્ગ આવો ભગવાન! કઠણ પડે તો પણ માર્ગ તો આ છે. ભાઈ! સમજાણું કાંઈ? ભગવાને એમ કહ્યું છે. ભગવાન હતા ત્યારે તો આ પંથ નહોતો. પછી થયો, પણ ભગવાને જે માર્ગ કહ્યો છે એનાથી વિરૂધ્ધ હતો, એવું તો પહેલું ભગવાને કહ્યું છે કે નહિ? આહાહા! એને આ જ ને એવી બધી વિકલ્પ દશા, સંયોગદશા માનવી એને વાસ્તવિક કેવળજ્ઞાનના સ્વરૂપની જ ખબર નથી. દેવનું સ્વરૂપ કેવું હોય એની ય એને ખબર નથી. એમ છે.

દિવ્યશક્તિની પ્રગટ પર્યાયની જેને ખબર નથી, એને દિવ્ય શક્તિવાન પ્રભુ

પૂર્ણાનંદ પ્રભુ એમાં પરમાનંદની અવસ્થાનો અનુભવ છે, ઈ પણ જેમાં નથી દ્રવ્યમાં. આહાહા! એની દૃષ્ટિનો વિષય તો દ્રવ્ય છે ને. ભલેને દૃષ્ટિ–વિષય કરે છે પર્યાય, પણ એની પર્યાયનો વિષય પર્યાય નથી. સમજાણું કાંઈ? આવી વાત ..... લાગે માણસને. ભાઈ! માર્ગ તો આવો છે ભાઈ! આહાહા! તારા ચોર્યાશી લાખના અવતાર આવા મિથ્યાત્વને લઈને થયા. એના દુઃખો એટલાં વેઠ્યાં. ઈ મિથ્યાત્વના ફળ તરીકે નરક ને નિગોદ હોં. આહાહા!

ભવછેદક વાણી તો સમ્યક્દર્શન ને સમ્યક્જ્ઞાન એ ભવછેદક છે. આ તો ભવને વધારનારું મિથ્યાત્વ છે. આહાહા! ...ગુંજનમાં આમાં આવ્યું'તું. કૈલાશચંદજી. આ બધા છે ને ક્ષેત્રોની આપણને ક્યાં ખબર છે આ? ભારત ને રૂસી ને રશિયા ને શું કહેવાય? અમેરિકા ને. ભારતને ગુટબંધીથી દૂર રાખેલો. ..... નેહરુએ. પણ એમાં કાંઈ ..... થયો. પછી બહુ દાખલા આપ્યા છે. હું ગુટબંધીથી દૂર છું. ખાણિયામાં ચર્ચા થઈ પણ હું કોઈમાં ભળ્યો નથી. મોટા માન આપ્યા. આપણને ખબરેય નથી. (શ્રોતા : ગુટબંધી) ગુટબંધી. આ તો છે તો ખરું પેપરમાં આપ્યું છે. આપણને ખબરે ય ન મળે. આને આમ છે, રૂસીને આમ છે, ચીનને આમ છે, ઢીકણું આમ છે, ઢીકણું આમ છે ને. ગપ્પા માર્યા'તા જૈનસંદેશમાં. પેપરવાળા આવ્યા. કહે કે, અત્યારે 'કાનજીસ્વામી'નો પક્ષ છે એક મુમુક્ષુનો અને એક વિરોધી પક્ષ છે. બેય અત્યારે બહુ ઊભા થયાં છે. ખાણિયા ચર્ચામાં હું ગયો જ નથી. આટલા કારણે. કેમ? જેના જૂથબંધીમાં આવું તો તેનું અનુચિત હોય તે પણ અમારે માનવું પડે અને સામાનું ઉચિત હોય તો પણ એને અમારે અનુચિત કરવું પડે.

આવી વાત. અરે, ભગવાન! ભારે ગજબ કરે છે ને આ! (શ્રોતા : એવું હોય?) એવું હોય? અહીં તો અનુચિત હોય એમ કે શુભ એ ધર્મ માનતા નથી. શું આ છે. એમ કહે છે ને. એ અનુચિત છે, એમ કહે આંહીંનું. અરે ભગવાન! શું કરે છે? ભાઈ! શુભ હો પણ એ કાંઈ જનમ-મરણ મટાડવાનું કારણ નથી. તો પછી એને એની કિંમત શું? આંહીં તો પ્રભુ તને ખબર નથી. બાપુ! ત્રણકાળનો નાથ ત્રિકાળી! એ ત્રિકાળીની અપેક્ષાએ, એની એક સમયની પર્યાયની પણ કિંમત શું છે? ત્યાં પરની તો વાત શુ કરવી? સમજાણું કાંઈ?

એ ત્રણ કાળનું દળ આ તે શું કહેવાય! એ વાત એ શી રીતે બેસે? જે ત્રિકાળી ધ્રુવ, અંતર, અંતર, અનંત.. અનંત.. અનંત.. અનંત ગુણ ને અનંતી પર્યાયનો એકરસ ગુણ, એની આગળ એક સમયની પર્યાયની પણ શું કિંમત છે? આહા! ત્રણકાળમાં,

ભાઈ! આ સત્.. સત્.. સત્ એવી જે ચીજ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એની પાસે ત્રણકાળની અનંતમા ભાગની એક સમયનો ભાવ. આહાહા! સમજાણું કાંઈ?

જેની ભૂતની પર્યાય કરતાં ભવિષ્યની અનંતગુણી. હવે એ અનંતગુણી ભૂતકાળ કરતાં અનંતગુણી. એમાં ય તે એક પર્યાય. આહાહા! જયાં ભવિષ્યની પર્યાયની અપેક્ષાએ તો ભૂતની પર્યાય તો અનંતમા ભાગે. હવે એનામાં એક સમયની પર્યાય એનાથી અનંતમા ભાગે. સમજાણું કાંઈ? સમજાણું નહિ સુજાનમલજી? આત્મા વસ્તુ એવી છે ને વસ્તુ આવી રીતે ન હોય તો હોય શી રીતે પણ? ભગવાને કહ્યું છે, પણ એને ખ્યાલમાં આવવું જોઈએ ને એ વાત. આહાહા! ત્રણેકાળમાં રહેવાનું તત્ત્વ એવું પ્રભુ આત્મા! ત્રણકાળ કોને કહે? આહાહા! એ ભવિષ્યકાળ કોઈ દિ' ખૂટે નહિ. આહાહા! કોઈ દિ' અંત નહિ. એવું જે આ તત્ત્વ ત્રિકાળી. ઈ ત્રિકાળી આગળ એક સમયની પર્યાયની પણ કિંમત નથી. તો પછી પુણ્યના પરિણામની કિંમત કાઢવી, એ તો ભગવાન આત્માનો અનાદર કરવા જેવું છે. આહાહા! ન્યાયથી અને લોજિકથી એને ન્યાયથી સમજવું પડશે કે નહિ? સમજાણું કાંઈ?

આંહીં કહે છે જે સંશયવાન પ્રાણી, એ તો એક સમયના મિથ્યાત્વભાવમાં અનંતા ભવને વધારે છે. સમજાણું કાંઈ? (શ્રોતા : એ લોકો તો એમ માને છે કે, અમે માનીએ છીએ તે ખરું, તમારી માન્યતા છે જ નહિ.) છે, એ સંશય છે ઊંડે અંદર પહેલાનું. હાલે ન હોય ભલે. એ બતાડે છે ને કે સાચા ખોટાની નથી ખબર. કાળે હશે એટલે? હવે એનો અર્થ શું થયો? એક કોર એક કાળ કહે છે, તો એનો અર્થ ક્યાંથી? એ સંશય રહ્યો ને. એમ નથી. એનો અર્થ શું? છે જ ને પણ એ તો ચોખ્ખી વાત. (શ્રોતા : ..) .... છે જ એમ કહે છે. આ તો કાળ એક એવો તત્ત્વાર્થસૂત્રમાં શબ્દ છે. (શ્રોતા : કાળેન ... સૂત્ર) એ આપણે ખબર છે. શ્વેતાંબરમાં 'કાળ છે' એક એવો શબ્દ છે. કોઈ કોઈ કાળને પણ દ્રવ્ય કહે છે. તો નિર્ણય તો એને રહ્યો નહિ. મધ્યસ્થી જોઈએ ને. કોઈ વ્યક્તિ માટેનો એના પ્રત્યેનો દ્વેષ ન હોય કોઈ પ્રત્યે. એ આત્મા છે, ભગવાન છે. ભાઈ! પણ એની પર્યાયનું જે સ્વરૂપ છે, એવું તો એણે બરાબર લક્ષમાં જાણવું જોઈએ કે નહિ? જ્ઞાન તો જેમ છે એમ જાણે કે એનાથી વિપરીત જાણે? સમજાણું કાંઈ?

તો એક કોઈ કાળ કહે છે. એમાં શાસ્ત્રમાં નિર્ણય તો એનો આવ્યો નહિ એને? (શ્રોતા : ભગવાનના કથનમાં કોઈકની સાથે ક્યાં મેળ પડે?) એમ હોઈ શકે જ નહિ ત્રણકાળમાં. આ જ છે ને આમ જ છે, એમ જ હોય ને. તત્ત્વાર્થસૂત્ર ચોખ્ખું બોલે છે એનું શ્વેતાંબરનું. આમાં છે. (શ્રોતા : પ્રમાણ માને છે?) નહીં, નહીં માનતે. કોઈ કાળ

કહે છે, એમ કહીને કાળ નથી માનતા. કાળ દ્રવ્ય છે ને અસંખ્ય. કોઈ કાળ કહતે હૈં, એમ કરીને માનતે નહીં. સમજમેં નહીં આયા બરાબર. કોઈ કાળ દ્રવ્ય છે, એમ કહે છે. એવો પાઠ છે ત્યાં. એનો અર્થ શું થયો? કોઈ 'નથી' ને કોઈ 'છે'—એમ કહે. સંશયમાં રહ્યા. અરે ભગવાન! આહાહા!

અને કાળ અસંખ્ય છે ને એક એક કાળની અનાદિ અનંત અનંત પર્યાય છે. હવે જ્યારે એક એક દ્રવ્યની અનંતી પર્યાય ને અનંતા ગુણો—એવું દ્રવ્ય. એવા અસંખ્ય દ્રવ્ય. હવે એને જ આંહીં 'નથી' એમ કહેવું, 'છે' એમ કહેવું નહિ, 'નથી' એમ કહેવું. એમ સંશય છે એને. તો જ્ઞાનની પર્યાયમાં આટલું બધાનું જાણવું થાય, એવડી તો એ જ્ઞાનની પર્યાય છે. હવે આ 'નથી' એમ કહે તો એની અનંત અનંત ગુણોની અનંતી પર્યાય, એને આંહીં જાણવાની પર્યાય એવડી એની નથી, તો કેવળજ્ઞાનની પર્યાયમાં ફેર પડ્યો. સમજાણું કાંઈ? આવી વાત છે. પણ આ કંઈ વાત કરે તો થાય ને. કોઈ પ્રત્યે વિરોધ ન હોય. કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ ન હોય. સમજાણું કાંઈ?

માર્ગ તો છે એમ છે. એમાં ક્યાંય કોઈ પક્ષ કરે, આમ થાય, આમ થાય, એમ ન હોય. આહાહા! નવા આગંતુકતા માટે હું એના પક્ષમાં હતો, કોઈ એમ કહે છે. કૈલાશચંદજી. નવા દિગંબર થયાને. (શ્રોતા : અને એમાં જિનપણાથી વિરુદ્ધ....એનાથી સ્વીકારવું પડે.) એનાથી સ્વીકારવું પડે. એનામાં છે ને ઓલામાં ઉચિત પણ છે.અરે પ્રભુ! શું કરે છે? માર્ગ તો આવો ભાઈ! આહાહા! એ મિથ્યાત્વના ફળો અનંતા નરક ને નિગોદ છે. ભગવાન! એમ કે, આખું પ્રભુનું સ્વરૂપ જે છે એનાથી તદ્દન ઊલટું માન્યતામાં આવે, એ માન્યતા તો અનંતા જનમ-મરણને ઉત્પન્ન કરે. સમજાણું કાંઈ?

પક્ષ બાંધીને એવા ઝઘડા ઊભા થયા. અત્યારે ૨૫૦૦ વર્ષની ઉજવણી કરીએ છીએ. બધાય એક થાઓ. એમાં ઈ આત્માનું ક્યાં ભલું થવાનું છે? એ કંઈ પરિણામમાં ફેર છે ઈ એકતા કેમ થાય? સંપ કરો ને ..... મહોત્સવ છે ઉજવીએ. ઈ જુદી વાત છે. સંપનો અર્થ, બે ભેગા થઈને કામ કરવું એટલું. સમજાણું? એવું આવ્યું છે. એમાં એવું કહ્યું. કો'કે એમ કહ્યું. સંપ થઈને બધા નક્કી કરે. એવું છે. અને ઈંદિરા પાસે જવાના છે. ઈંદિરા પાસે જવાના છે અને એ પણ પડવાની છે એ સમર્થનમાં. આપણને મોકો મળશે ભગવાનને ૨૫૦૦ વર્ષ થયા. (શ્રોતા : સરકાર તરફથી). સરકારી પછી. આંહીં તો એમ કહ્યું, એક વાર ઈંદિરા પણ મદદ આપશે આ કામ માટે. ..... લખ્યું છે. એમાં કંઈ વાંધો નથી. ઈ માટે ગમે તે સંપ્રદાય જૈનનો હો પણ વસ્તુ માટે અભિપ્રાયમાં ફેર છે, ઈ એકતા કેમ થાય? કહો, શાંતિભાઈ! શું કરવું આમાં આ? આંહીં તો ચોખ્ખી

વાત. 'કુંદકુંદઆચાર્ય' કહે છે ઈ આ વાત છે.

પણ ઈ આમાં તકરાર ચાલી છે. અત્યારના સાધુ મરી જાય ને આર્જિકા મરી જાય ત્યારે બધા સાધુ સાથે જાય છે. એના માતમને .... રહે એના અભિષેક કરાવે છે. મડદાને અભિષેક કરાવે છે. આ તે કંઈ રીત છે આ જૈનધર્મની? ઈ સાધુ બધા એમાં ભળે છે ને. વિદ્વાનો પણ એમાં એમ કહેતા હશે. મોટો લેખ છે. સાધુ ભેગા જાય કોઈ મરી જાય તો. તારે શું જરૂર છે? પછી એમાં શરીરને અભિષેક કરાવે. વળી એના હાડકાં બળી જાય એના એ હાડકાંને અભિષેક કરાવે. કઈ ક્રિયા? કહે, અમારી પરંપરાની ક્રિયા. પણ એલા તારી પરંપરાની ક્રિયા, પરંપરા તો ત્રીસ ચાલીસ વરસથી છે હમણાં શાંતિસાગરથી. 'કુંદકુંદઆચાર્ય'ની પરંપરા ક્યાં છે આ? આમાં ય ગોટો છે. ઘણા બોલ લખ્યા છે. છ બોલ છે. બીજાએ એક લખ્યા છે, આટલો આટલો ફેર છે અત્યારે સાધુના આચરણમાં. ભેગા મળીને. પરંપરા, શાંતિસાગરથી જ માને છે. પરંપરા એમ ન હોય. પરંપરા ભગવાન કુંદકુંદઆચાર્યની હોય, તે હોય છે. કેમ બરાબર હૈ ન? પરંપરા ઐસે કૈસે આયે? આહાહા! માણસે જે કાંઈ પક્ષમાં ગયો હોય, એમાંથી છૂટવું બહુ મુશ્કેલ, બહુ મુશ્કેલ. આહાહા!

આંહીં સંશય મિથ્યાત્વી. रहै हियै हैरान. કહે છે. સમજાણું? કોક કહેતું'તું હમણાં કો'ક કે સાધુ કો'ક છે દેરાવાસી. એને પૂછ્યું, તમે સાધુ. આવું હોય પદ? આવો અંદરમાં. દિગંબરમાં કોક સાથે..... ના, ના, અમે વાંચ્યું છે. અમે સાધુ નથી. અંદરથી સાધુપણું આવું હોય? ધર્મ આવો હોય વીતરાગનો? અમે સમયસારમાં વાંચ્યું છે ઈ પ્રમાણે આ માર્ગ નથી. એમ કોઈ એવા હોય બચારા સાધુ, પણ શું કરે? પક્ષમાં બેઠા હોય એમાંથી છૂટવું ઘણું કઠણ. ૫૦-૫૦ વર્ષ માન આપ્યું હોય જગતે. તમે મહારાજ છો, તમે સાધુ છો, તમે આમ છો, આહાહા! દુનિયાનું માન છોડવું કઠણ કામ છે. કારણકે હવે તો આ સમયસારની બહાર આવી છે ને વાત બધી. આંહીં ક્યાં ગુપ્ત રહી છે? એમાં આમ કહે છે. ચોખ્ખી વાત ધડાકાબંધ વાંચી છે. માર્ગ આમ કહે છે. જે કંઈ આ દયા, દાન, વ્રત, પૂજા ને ભક્તિના ભાવ હોય, પણ એ ધર્મ નથી. એ ધર્મનું કારણ નથી. એ વાત તો દાંડી પીટીને બહાર આવી છે. એ ક્યાં ખાનગી ગુપ્ત રહી છે હવે આ? આમાં જે શ્રદ્ધા રાખે કે આ ય ઠીક ને આ ય ઠીક, એ સંશય મિથ્યાદૃષ્ટિ છે, લ્યો.

અજ્ઞાન મિથ્યાત્વનું સ્વરૂપ (દોહરા)

जाकौ तन दुख दहलसौं, सुरत होत नहि रंच।
गहल रूप वरतै सदा, सो अग्यान तिरजंच॥१५॥

**શબ્દાર્થ** :—સુરત=ભાન. રંચ=જરાપણ. ગહલ=અચેતનપણું.

**અર્થ** :—જેને શારીરિક કષ્ટના ઉદ્વેગથી જરાપણ ભાન (રહ્યું) નથી અને સદૈવ તત્ત્વજ્ઞાનથી અજાણ રહે છે, તે જીવ અજ્ઞાની છે, પશુ સમાન છે. ૧૫.

**अर्थ** :—जिसको शारीरिक कष्टके उद्वेगसे किंचित् मात्र भी सुध नहीं है और सदैव तत्त्वज्ञानसे अनभिज्ञ रहता है, वह जीव अज्ञानी है, पशुके समान है।।१५।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जिसको शारीरिक कष्टके उद्वेगसे, શરીરની ક્રિયા એ બધું કરે અને માને કે આમાંથી ધર્મ થશે. અજ્ઞાન છે કહે છે. ભાન નથી કાંઈ. અજ્ઞાની છે. जिसको शारीरिक कष्टके उद्वेगसे किंचित् मात्र भी सुध नहीं है. જ્યાં શારીરિક ક્રિયા એ જડની ક્રિયા છે. રાગ આદિ એ પણ વિકારની ક્રિયા છે, એનું એને કંઈ ભાન નથી. અજ્ઞાની એને માને છે. એવા અજ્ઞાની હેરાન મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? શરીરને કષ્ટ આપો, શારીરિક ક્રિયાથી ધર્મ થાય. પંડિતોમાં ય પ્રન ઉઠ્યો છે ને ઈ ખાણિયા ચર્ચામાં. શારીરિક ક્રિયાથી ધર્મ થાય નહિ. જીવતાં શારીરિક ક્રિયા, જીવિત શરીર, ઐસા પાઠ હૈ. આ શરીરથી ધર્મ થાય છે આ. પણ નિમિત્ત છે ને, કહે છે ઈ. પણ નિમિત્ત એટલે શું? એને વ્રત ને તપના વિકલ્પ છે, એનાથી ધર્મ નથી. ભાઈ! ત્યાં શાંતિ નથી. જેમાં શાંતિ ન હોય ઈ ધર્મ કેવો? સમજાણું કાંઈ? જેમાં અકષાય રસ એવો પ્રભુ, એનો અંશ અકષાય પરિણામ ન આવે તો ધર્મ કેવો? આહાહા! પણ વસ્તુનો સ્વભાવ એ ધર્મ.

કહો, વસ્તુનો સ્વભાવ તો શાંતરસ, ઉપશમરસ, અકષાયરસ છે. એટલે પર્યાય ઉપશમ એટલે ઠરેલો શાંત આમ. એનામાંથી અમુક આવે અંશે તો શાંત આવે, અવિકારી પરિણામ આવે. એમાં પુણ્ય-પાપનાં પરિણામ એમાં હોય નહિ એવાં પરિણામને ધર્મ કહીએ. અરે, બાપ રે બાપ! માણસને એટલા બધા ગડબડમાં ચડી ગયા બિચારા! અરેરે! આ મનુષ્યપણાં ચાલ્યા જાય છે, અવસર ચાલ્યા જાય છે. નિગોદમાંથી નીકળીને માંડ માંડ ક્યાંક આવ્યું. અને જેના ભવના આરા નથી, એને આ સમજવું ભારે મુશ્કેલ. સમજાણું કાંઈ? સંસાર નિકટ છે જેને, એને આ વાત બેસે. અજ્ઞાની શારીરિક કષ્ટથી બહુ અપવાસ કરે ને બહુ શરીરમાં ક્ષીણતા કરે તો (કહે), દેખો, આનું નામ ધર્મ, આનું નામ નિર્જરા. ધૂળે ય નથી નિર્જરા. આહાહા!

ઉપવાસ બધા કરે મહિના મહિનાના, બે મહિના. લાંઘણું છે. લાંઘણ—લાંઘણ. સમજાણું કાંઈ? ઈ શું કહેવાય? ઓલું કહે છે ને ત્રાગું. ત્રાગાં પહેલાં કરતાં. ત્રાગાં

સમજે? બાવા આવે ને બાવા, પૈસો લેવા. પૈસો ન આપે તો (શ્રોતા : લોહી કાઢે.) છરી મૂકે જરીક. પૈસો આપે, ઉડાડીને નાખી દે મકાન ઉપર. એ ત્રાગાં કહેવાય. (શ્રોતા : ..... બોલતે હૈં.) બાવા ઘણી જાતના આવે ને. અમારી દુકાન પર ઘણી જાતના આવતા. ઘણી જાતનો અનુભવ છે. એક તો એવો ફકીર આવતો. આપ્યો પૈસો પણ હું નહોતો ને અમથું અમારા કુંવરજીભાઈ હતા ભાગીદાર. પૈસા આપ્યા ઓલો ખીજાઈ ગયો. ખીજાણો ને લૂગડું બાળી મૂકેલું એનું. એટલે પૈસો ન લે ને આઠ આના દેવા પડ્યા. તે'દિ હોં, આ તો ૬૫ વરસ પહેલાંની વાત છે. હું નહોતો. એને .... ભાષા એની જેવી તેવી હતી. .... આહાહા! ..... ગાયેલું એની પાસે હોં ફકીર. અંતે આઠ આના દેવા પડ્યા. એનું નામ ત્રાગાં કહેવાય. હઠ કરીને, લોહી કાઢીને, બાળીને પણ લાવ.

આપણે આમાં ય ક્યાંક થાય છે. મહાજન ને હોય ને. ક્યાંક ઓલું ફેરફાર હોય તો મહાજનની દુકાને જાય અથવા મહાજનની પેઢી હોય ને ત્યાં જાય. ભૂખ્યો બેસે. અડધી પોણી કલાક પહેલાં ખુલાસો મારો કરો. ત્રાગું કહેવાય. વાંધો હોય ને નાતમાંથી ..... માણસ આવે પછી તપાસે. આવે પછી લાંઘણ બેસે. જયાં સુધી મારો ખુલાસો નહીં થાય ત્યાં સુધી ખાઉં નહીં, પાણી પીઉં નહીં. કાંતિભાઈ! એમ થાય છે કે નહિ? હા, છે.

અમારે એક જણ બરવાળે ..... લાંઘણ લઈને બેસે. મહાજનને શરમ થાય કે નહિ? માળો વાણિયો ખાતો નથી. (શ્રોતા : વાણિયો ભૂખ્યો રહે) ભૂખ્યો રહે ચોવીસ કલાક. એ કંઈ હઠ કરીને બેસે. એમ અજ્ઞાની હઠ કરીને બેઠો, શરીરની ક્રિયાથી ધર્મ થાય. સમજાણું કાંઈ? અરે! પુણ્ય પરિણામથી ધર્મ થાય, એ અજ્ઞાની અજ્ઞાનથી માને છે. આહાહા! આકરી વાતું ભાઈ! जाकौ तन दुख दहलसौं, सुरत होत नहि रंच. सुरत– પોતાના જ્ઞાનનો કિંચિત્‌માત્ર પણ સુધ નહિ. સુધ જ નહિ. ભાન વિનાનો. આહાહા! પશુ હોમ કરવા ને આ કરવા ને તે કરવા ને. સમજાણું કાંઈ?

આપણે આવ્યું છે હમણાં રામજીભાઈ ઉપર. એય! કાગળ. કો'ક કાગળ લખ્યો છે. .... શું છે આ બધું? જૈનમાં આ ક્યાંથી ગરી ગયું આ? ..... પૂજા શું કહેવાય આ? અંકુર ઉત્પન્ન. માટીનું આ ફળવું. ઉપર લઈને જાય વળી માથે માટી લઈને આવે, માટી ખોદે, વાળે. અંકુરા આવડા મોટા મોટા આવડા થાય અને પછી હોમ છેલ્લે કરે. તલ નાખે. યા હોમ સ્વાહા. આ બધું એવું છે. વ્યવહાર..... એમાં ભેદ નહિ. એમાં કંઈ હાથ કંઈ ન આવે. ધૂળેય નથી. લખ્યું છે એક જણાએ કોઈ બ્રહ્મચારી.....

આંહીં કહે છે, અજ્ઞાનીને કંઈ કિંચિત્‌માત્ર પણ સુધ નથી. સાધ નથી કે હું તો આત્મા જ્ઞાન છું. એને આ દેહની ક્રિયા ને રાગની ક્રિયાથી કેમ લાભ થાય? એવી સુધનો

અંશ પણ જેને (નથી.) આહાહા! અજ્ઞાનમાં મૂઢ થઈ ગયો છે, કહે છે. गहल रूप वरतै सदा, લ્યો. અનભિજ્ઞ રહે. પાગલની જેમ. ... અપાસરા. પર્યુષણમાં બે બે ઉપવાસ ને આઠ આઠ ઉપવાસ કરે ને માને કે, આમાં કંઈક ધર્મ છે. એ અજ્ઞાની અજ્ઞાનમાં ગાંડા–પાગલ થઈ ગયા છે, કહે છે.

सदैव तत्त्वज्ञानसे अनभिज्ञ रहता है. તત્ત્વજ્ઞાનનું એને ભાન નથી. આહાહા! ભારે આકરું ભાઈ! (શ્રોતા : તદ્દન આકરું પડે ક્રિયાકાંડીને) આહાહા! वह जीव अज्ञानी है, पशुके समान है, લ્યો. सो अग्यान तिरजंच. પશુ સમાન વિકલ્પ ભાન નહિ કાંઈ કે આત્મા આનંદસ્વરૂપ, એની આત્માની–આનંદની ક્રિયાથી ધર્મ થાય. આ દુઃખનાં પરિણામ અને શરીરની ક્રિયાથી ધર્મ થાય કે નિર્જરા થાય, એમ કિંચિત બને (નહિ.) બહુ ચોખવટ કરવા જાય તો પછી આવું થાય. આ જ એક તમારો ધર્મ સાચો? નક્કી કરને, બાપુ! ભાઈ! આ તો ટાણા થયા છે. નિજની વાત છે.

(હવેનો પેરેગ્રાફ ટેપમાં રિપીટ થાય છે.)

લખ્યું છે એક જણાએ કોઈ બ્રહ્મચારી..... આંહીં કહે છે, અજ્ઞાનીને કંઈ કિંચિત્‌માત્ર પણ સુધ નથી. સાધ નથી કે હું તો આત્મા જ્ઞાન છું. એને આ દેહની ક્રિયા ને રાગની ક્રિયાથી કેમ લાભ થાય? એવી સુધનો અંશ પણ જેને (નથી.) આહાહા! અજ્ઞાનમાં મૂઢ થઈ ગયો છે, કહે છે. गहल रूप वरतै सदा, લ્યો. અનભિજ્ઞ રહે. પાગલની જેમ. ... અપાસરા. પર્યુષણમાં બે બે ઉપવાસ ને આઠ આઠ ઉપવાસ કરે ને માને કે, આમાં કંઈક ધર્મ છે. એ અજ્ઞાની અજ્ઞાનમાં ગાંડા–પાગલ થઈ ગયા છે, કહે છે. सदैव तत्त्वज्ञानसे अनभिज्ञ रहता है. તત્ત્વજ્ઞાનનું એને ભાન નથી. આહાહા! ભારે આકરું ભાઈ! (શ્રોતા : તદ્દન આકરું પડે ક્રિયાકાંડીને) આહાહા! वह जीव अज्ञानी है, पशुके समान है, લ્યો. सो अग्यान तिरजंच. પશુ સમાન વિકલ્પ ભાન નહિ કાંઈ કે આત્મા આનંદસ્વરૂપ, એની આત્માની–જ્ઞાનની ક્રિયાથી ધર્મ થાય. આ દુઃખનાં પરિણામ અને શરીરની ક્રિયાથી ધર્મ થાય કે નિર્જરા થાય, એમ કિંચિત બને (નહિ.) બહુ ચોખવટ કરવા જાય તો પછી આવું થઈ જાય. આ જ એક તમારો ધર્મ સાચો? નક્કી કરને, બાપુ! ભાઈ! આ તો ટાણા થયા છે. નિજની વાત છે.

આ તો હિત કેમ થાય, એની વાત છે. (શ્રોતા : ક્રિયાને જ પહેલો ધર્મ માને છે.) માને છે ને અનાદિથી. એમને એમ ઈ તો ક્રિયા તો ઠીક, પણ એક સમયની પર્યાય ઉપર અનાદિની દૃષ્ટિ છે, એને પર્યાય બુદ્ધિ કહે છે. પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ એને બેસતું નથી, ઈ આવ્યું છે આમાં. કે દ્રવ્યદૃષ્ટિ તે સમકિત ને પર્યાયદૃષ્ટિ મિથ્યાત્વ. ક્યાંથી આવ્યું ઈ?

પર્યાય તો છે. કઈ અપેક્ષા, સાંભળને. પર્યાય એકલા અંશને જ સ્વીકારે છે, એમ કહે છે. એનું નામ પર્યાયબુદ્ધિ—પર્યાયદૃષ્ટિ. અરે ભગવાન! શું કરે? ભાઈ! તત્ત્વના જ ઊંધા અર્થ કરે ત્યાં શું થાય? એમાં તારા હિત સમાયેલા છે. એવા અર્થો થાય એ તને બેસે નહિ ને ઊંધા અર્થ કરે એ તને બેસે. આહાહા!

આજે કાગળ આવ્યો છે ભાઈનો. આવ્યો છે? શું કીધું? ઈ બીજે દિ' એમ કહે, પેટમાં વાઢ આવતી'તી. બહુ રાડું પાડતી'તી. પછી ચંદુબેન ગ્યા ત્યાં તમારે. ભાઈ! લખ્યું છે, એમાં લખ્યું છે. એણે પોણા સાત લખ્યું છે. બેન કહેતા'તા પોણા આઠ. ચંદુબેન આવ્યા ને એમ કહે, વાત થઈ. માંગલિક સંભળાવો. પણ આમેય શરીરમાં શક્તિ નહોતી એટલી, એટલે મૂળ ગભરામણ લાગે. પીડા તો અંદર ઘણી. ઠરી ગયા. તરત આંખ મીંચી ગયા. પોણા આઠે. બસ દેહ છૂટી ગયો. ઓહોહો! આવા અવતાર! ભાઈ! બધા હેરાન થવાના રસ્તા. એમાં સવળું સમજવાની દરકાર ન મળે. આ પક્ષની ક્યાં વાત છે? આ તો વસ્તુની સ્થિતિની વાત છે.

मिथ्यात्वके दो भेद. ૧૬મો બોલ

पंच भेद मिथ्यातके, कहे जिनागम जोइ।
सादि अनादि सरूप अब, कहूं अवस्था दोइ॥१६॥

**અર્થ :—**જૈનશાસ્ત્રોમાં જે પાંચ પ્રકારના મિથ્યાત્વનું વર્ણન કર્યું છે તેના સાદિ અને અનાદિ બન્નેનું સ્વરૂપ કહું છું. ૧૬.

**अर्थ :—**जैन शास्त्रोंमें जो पांच प्रकारका मिथ्यात्व वर्णन किया है उसके सादि और अनादि दोनोंका स्वरूप कहता हूँ॥१६॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

पंच भेद मिथ्यातके, कहे जिनागम जोइ. कहे जिनागम जोइ—જિનાગમ પ્રમાણે મિથ્યાત્વના પાંચ પ્રકાર વર્ણવ્યા છે. सादि अनादि सरूप अब, कहूं अवस्था दोइ. હવે સાદિ મિથ્યાત્વ અને અનાદિ મિથ્યાત્વ બેયની વાત કહું છું, કહે છે. સાદિ—નવું. સમ્યક્‌દર્શન થયા પછી પડી જાય અને મિથ્યાત્વ થાય એ સાદિ મિથ્યાત્વ, એમ. આવે છે જુઓ. સાદિ મિથ્યાત્વનું સ્વરૂપ

जो मिथ्या दल उपसमै, ग्रंथि भेदि बुध होइ।
फिर आवै मिथ्यातमैं, सादि मिथ्याती सोइ॥१७॥

**અર્થ** :—જે જીવ દર્શનમોહનીયના દળને અર્થાત્ મિથ્યાત્વ, સમ્યક્મિથ્યાત્વ અને સમ્યક્-પ્રકૃતિને ઉપશમ કરીને મિથ્યાત્વ ગુણસ્થાનથી ચઢીને સમ્યક્ત્વનો સ્વાદ લે છે અને પછી મિથ્યાત્વમાં પડે છે તે સાદિ મિથ્યાત્વી છે. ૧૭.

**अर्थ** :—जो जीव दर्शनमोहनीयका दल अर्थात् मिथ्यात्व, सम्यक्मिथ्यात्व और सम्यक्प्रकृतिको उपशम करके मिथ्यात्व गुणस्थानसे चढ़कर सम्यक्त्वका स्वाद लेता है और फिर मिथ्यात्वमें गिरता है वह सादि मिथ्यात्वी है।।१७।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जो जीव दर्शनमोहनीयका दल अर्थात् मिथ्यात्व, सम्यक्मिथ्यात्व और सम्यक्प्रकृतिको उपशम करके. दल उपसमै. એ તો ઉપશમ સમકિત થાય. ચૈતન્યના આનંદ સ્વભાવને સ્પર્શીને ઉપશમ સમકિત થાય. પણ સત્તામાં બધાં કર્મો દર્શનમોહ આદિ પડ્યાં છે, मिथ्यात्व गुणस्थानसे चढ़कर सम्यक्त्वका स्वाद लेता है, લ્યો. ઉપશમમાં પણ સમકિત ઉપશમ હો પણ એને આનંદનો સ્વાદ હોય છે ભેગો. કારણકે દુઃખ છે એ તો અનાદિનું છે પુણ્ય-પાપના વિકલ્પનું—રાગનું. એ જ્યારે રાગની એકતા તોડીને સ્વભાવમાં આવ્યો. કહે છે, ભલે ઉપશમ સમકિત હો, અંતઃર્મુહૂર્ત રહે તો પણ એને આત્માનો સ્વાદ આવે છે. અને એમાં પડી જાય વળી મિથ્યાદષ્ટિ. એ સાદિ મિથ્યાત્વ કહેવાય. અનાદિનું મિથ્યાત્વ તો તોડી નાખ્યું'તું. ફેર મિથ્યાત્વી થયો. આહાહા! सम्यक्त्वका स्वाद लेता है और फिर मिथ्यात्वमें गिरता है. વળી વિપરીત માન્યતામાં આવી જાય. એ સાદિ મિથ્યાત્વી છે. મિથ્યાત્વની આદિ થયું. ઓલું નાશ કરીને ઉત્પન્ન કર્યું ને એ અપેક્ષાએ.

अनादि मिथ्यात्वका स्वरूप

> जिनि ग्रंथी भेदी नहीं, ममता मगन सदीव।
> सो अनादि मिथ्यामती, विकल बहिर्मुख जीव।।१८।।

**શબ્દાર્થ** :—વિકલ=મૂર્ખ. બહિર્મુખ=પર્યાયબુદ્ધિ.

**અર્થ** :—જેણે મિથ્યાત્વનો કદી અનુદય નથી કર્યો, જે સદા શરીરાદિમાં અહંબુદ્ધિ રાખતો આવ્યો છે તે મૂર્ખ આત્મજ્ઞાનથી શૂન્ય અનાદિમિથ્યાત્વી છે. ૧૮.

**अर्थ** :—जिसने मिथ्यात्वका कभी अनुदय नहीं किया, सदा शरीरादिसे अहंबुद्धि रखता आया है वह मूर्ख आत्मज्ञानसे शून्य अनादि मिथ्यात्वी है।।१८।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આહાહા! जिसने मिथ्यात्वका कभी अनुदय नहीं किया. કોઈ દિ' એક સમયમાત્ર પણ આનંદનો સ્વાદ લીધો નથી. રાગ ને પુણ્યને પોતાનું માની એમાં પડ્યો છે. ग्रंथी भेदी नहीं. એમ કહે છે. રાગનો વિકલ્પ છે, એનાથી ભિન્ન પડ્યો નથી. સમજાણું કાંઈ? રાગ જે વિકલ્પ છે – દયા, દાન, વ્રત, ભક્તિ, ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ કે શુભ ક્રિયાનો વિકલ્પ કે ભક્તિનો વિકલ્પ, એનાથી સ્વભાવ ભેદ કર્યો નથી. કોઈ દિ એનાથી જુદો પડ્યો નથી. આહાહા! जिनि ग्रंथी भेदी नहीं. ઉલ્ટો પુરુષાર્થથી भेदी नहीं, એમ કહે છે.

ममता मगन सदीव. એ પુણ્યના પરિણામ ને રાગની મમતા સદૈવ રહી અથવા એક સમયની પર્યાયમાં બુદ્ધિ ટકી રહી અનાદિથી. અનાદિ છે ને. सो अनादि मिथ्यामती. એ અનાદિનો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? विकल बहिर्मुख जीव. એ તો મૂરખ છે, બહિર્મુખ જીવ છે એ તો. રાગને ને બહિર્‌ને માનનારો છે. ખરેખર તો એક સમયની પર્યાય પણ બહિર્ છે તેને જ માનનારો છે. આહાહા!

(શ્રોતા : પર્યાયબુદ્ધિ શબ્દ આવ્યો'તો.) પર્યાયબુદ્ધિ આવે છે ને. છે ને? શરીર આદિ. सदा शरीरादिसे अहंबुद्धि रखता आया है वह मूर्ख आत्मज्ञानसे शून्य अनादि मिथ्यात्वी है, લ્યો. આહાહા! બહિર્મુખ જીવ હૈ. એટલે કે આત્મા અંતર્મુખ ત્રિકાળી આનંદ પ્રભ, એની દૃષ્ટિ કરી નથી કોઈ દિ' અનંતકાળમાં અને અનંતકાળમાં એ નિમિત્ત ને પુણ્ય-પાપ ને પર્યાય, એક સમયનો અંશ એમાં બહિર્‌બુદ્ધિ એની છે. શું સમજાણું કાંઈ?

બહિર્મુખ છે જીવ ઈ. અંતર્મુખ નહિ પણ બહિર્મુખ છે. જે એનામાં ત્રિકાળમાં નથી, એને પોતાનું માને છે. ઈ અનાદિ મૂરખ બહિર્મુખ જીવ છે, લ્યો. અનાદિનું નિગોદથી માંડી નવમી ગ્રૈવેયક જૈન દિગંબર મિથ્યાદૃષ્ટિ ગયો, એ અનાદિ મિથ્યાત્વી છે. સમજાણું કાંઈ? એ પહેલા ગુણસ્થાનની વ્યાખ્યા થઈ. પાંચ ભેદ પહેલાં લીધાં ઈ તો પાંચ ભેદનું સ્વરૂપ લીધું. હવે એને સાદિ અનાદિ કરીને બે ભાગ પાડ્યા.

હવે સાસાદન ગુણસ્થાનનું વર્ણન. બીજા ગુણસ્થાનની વ્યાખ્યા. સાસાદન છે ને બીજું ગુણસ્થાન.

સાસાદન ગુણસ્થાનનું વર્ણન કરવાની પ્રતિજ્ઞા (દોહરા)

**कह्यौ प्रथम गुनथान यह, मिथ्यामत अभिधान।**
**करूं अलप वरनन अबै, सासादन गुनथान॥१९॥**

**અર્થ :—**આ પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનનું સ્વરૂપ કહ્યું, હવે સંક્ષેપમાં સાસાદન ગુણસ્થાનનું કથન કરું છું. ૧૯.

**अर्थ :—**यह पहले मिथ्यात्व गुणस्थानका स्वरूप कहा, अब संक्षेपसे सासादन गुणस्थानका कथन करते हैं।।१९।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

कह्यौ प्रथम गुनथान यह, मिथ्यामत अभिधान. મિથ્યાદૃષ્ટિ જેનું નામ છે, એમ. करूं अलप वरनन अबै, सासादन गुनथान. બીજા ગુણસ્થાનની સ્થિતિ બહુ અલ્પ છે. પણ એના સ્વરૂપનું વર્ણન કરે છે.

સાસાદન ગુણસ્થાનનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

जैसें कोऊ छुधित पुरुष खाइ खीर खांड,
वौन करै पीछेकौ लगार स्वाद पावै है।
तैसें चढ़ि चौथै पांचए कै छट्टे गुनथान,
काहू उपसमीकौ कषाय उदै आवै है।।
ताही समै तहांसौं गिरै प्रधान दसा त्यागी,
मिथ्यात अवस्थाकौ अधोमुख ह्वै धावै है।
बीचि एक समै वा छ आवली प्रवांन रहै,
सोई सासादन गुनथानक कहावै है।।२०।।

**શબ્દાર્થ :—**ખાંડ=સાકર. વૌન=વમન. પ્રધાન=ઊંચી, અધોમુખ=નીચે. આવલી=અસંખ્ય સમયની એક આવલી થાય છે.

**અર્થ :—**જેવી રીતે કોઈ ભૂખ્યો માણસ સાકરમિશ્રિત ખીર ખાય અને વમન થયા પછી તેનો કિંચિત્માત્ર સ્વાદ લેતો રહે, તેવી જ રીતે ચોથા, પાંચમા, છઠ્ઠા ગુણસ્થાન સુધી ચઢેલા કોઈ ઉપશમ-સમ્યક્ત્વીને કષાયનો ઉદય થાય છે તો તે જ સમયે ત્યાંથી મિથ્યાત્વમાં પડે છે, તે પડતી દશામાં એક સમય અને અધિકમાં અધિક છ આવલી સુધી જે સમ્યક્ત્વનો કિંચિત્ સ્વાદ મળે છે તે સાસાદન ગુણસ્થાન છે.

વિશેષ :—અહીં અનંતાનુબંધીની ચોકડીમાંથી કોઈ એકનો ઉદય રહે છે. ૨૦.

**अर्थ :—**जिस प्रकार कोई भूखा मनुष्य शक्कर मिली हुई खीर खावे और वमन होनेके बाद किंचित् मात्र स्वाद लेता रहे, उसी प्रकार चौथे पाँचवें छठवें गुणस्थान तक चढ़े हुए किसी उपशमी सम्यक्त्वीको कषायका उदय होता है तो उसी समय वहाँसे मिथ्यात्वमें गिरता है, उस

गिरती हुई दशामें एक समय और अधिकसे अधिक छह आवली तक जो सम्यक्त्वका किंचित् स्वाद मिलता है वह सासादन गुणस्थान है।

विशेष :–यहाँ अनंतानुबंधी चौकड़ीमेंसे किसी एकका उदय रहता है॥२०॥

---

પૂજય ગુરુદેવશ્રીનું પ્રવચન :

જેમ કોઈ ભૂખા મનુષ્ય, छुधित पुरुष खाइ खीर खांड, ખીર ને ખાંડ ખાઈને. ખાધું પછી વમન કર્યું. वौन करै पीछेकौ लगार स्वाद पावै है. સ્વાદ જરી રહી જાય વળી. એનું નામ સમ્યક્દર્શન પામે. સ્વાદ આત્માનો આવે એમ કહે છે. એ સ્વાદ છોડીને વચમાં જરી મિથ્યાત્વમાં ગયા પહેલાં, વચમાં જરી સ્વાદ થોડો એને સાસાદન કહે છે. સમજાણું કાંઈ? પણ એ તો છોડી દેવાનો જ છે ઈ. છોડીને મિથ્યાત્વમાં જવાનો છે. આ તો પહેલેથી શીખવાડ્યું છે આપણે. આવે છે, શ્વેતાંબરમાં ય આવે છે. ૬૮ ની સાલથી આ તો આવે છે. જ્ઞાનસાગરનો દાખલો આપતા. જ્ઞાન કેવું? જ્ઞાન સાગરમય. જામનગર. પુનાચંદ. ૬૮ માં. આ તો બધું પહેલેથી શીખવેલું બધું. આનું ખીર ખાંડ ખાય. એને વમન થાય એનો ભાગ રહે, એને સાસાદન કહીએ. સમજાણું કાંઈ? ઈ તો એક જાણવાની વાતો જણાવી.

तैसैं चढ़ि चौथै पांचए कै छट्ठे गुनथान. ચોથે સમકિત પામે, પાંચમે શ્રાવકપણું ને છઠ્ઠે મુનિપણું. એવી સાચી દશા પામતાં છતાં, काहू उपसमीकौ कषाय उदै आवै है, લ્યો. उपशमी सम्यक्त्वीको कषायका उदय होता है तो उसी समय वहाँसे मिथ्यात्वमें गिरता है. ભારે! એમ કષાયના ઉદયથી મિથ્યાત્વ... પણ વાત એમ છે કે મૂળ મિથ્યાત્વનો જ ઉદયમાં જોડાઈ ગયો છે. સમજાણું? મિથ્યાત્વ એ કષાય છે ને. એમાં એ જોડાઈ ગયો છે. પડી ગયો.

ताही समै तहांसौं गिरै प्रधान दसा त्यागी. એ ચોથા ગુણસ્થાનની, પાંચમાની, છઠ્ઠાની દશા છોડી અને મિથ્યાત્વની સન્મુખ થયેલો વચમાં થોડો કાળ રહે એને સાસાદન કહે છે. मिथ्यात अवस्थाकौ अधोमुख ह्वै धावै है, લ્યો. वहाँसे मिथ्यात्वमें गिरता है, उस गिरती हुई दशामें एक समय और अधिकसे अधिक छह आवली. છ આવલી ને એક સમય એની સ્થિતિ છે. સાસાદન ગુણસ્થાન. ચૌદ ગુણસ્થાનમાં આવે છે. શ્વેતાંબરમાં ય આવે છે. સ્થાનકવાસીમાં ય આવે છે. બધામાં ય આવે છે. સમજાણું કાંઈ?

एक समै वा छ आवली प्रवांन रहै, सोई सासादन गुनथानक कहावै है, લ્યો. એને સાસાદન ગુણસ્થાન કહીએ. અર્થમાં લખ્યું છે. આમાં કષાય લખ્યો છે ખરોને. અનંતાનુબંધી

ચોકડી, એમ. બીજે ગુણસ્થાન છે ખરોને. મિથ્યાત્વ પામવાની તૈયારી છે. અનંતાનુબંધી ચોકડી એમ કહેવું છે. કારણ કે મિથ્યાત્વ સન્મુખ જ છે એ, પણ થયો નથી. એના પહેલાં અનંતાનુબંધી કષાયનું ઉદય આવ્યો એટલે બીજું ગુણસ્થાન કહેવામાં આવે છે.

तीसरा गुणस्थान कहनेकी प्रतिज्ञा. ત્રીજું ગુણસ્થાનક.

सासादन गुनथान भयौ समापत बीय।
मिश्रनाम गुनथान अब, वरनन करूं तृतीय॥२१॥

**શબ્દાર્થ** :—બીય(બીજો)=બીજા.

**અર્થ** :—આ બીજા સાસાદન ગુણસ્થાનનું સ્વરૂપ સમાપ્ત થયું, હવે ત્રીજા મિશ્ર ગુણસ્થાનનું વર્ણન કરે છે. ૨૧.

**अर्थ** :—यह दूसरे सासादन गुणस्थानका स्वरूप समाप्त हुआ, अब तीसरे मिश्र गुणस्थानका वर्णन करते हैं॥२१॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ત્રીજા ગુણસ્થાનની દશા. કાં સમકિત પામીને પડતાં મિશ્ર દશા આવે કોઈને, કાં મિશ્ર દશા સમકિત પામ્યા પછી મિશ્ર દશા થઈને સમકિત થાય. પહેલેથી ચઢીને ત્રીજે પણ આવે. શું કહ્યું ઈ? મિશ્ર દશા અનાદિની પહેલી ન આવે. અનાદિનું પહેલું સમ્યક્દર્શન થાય. એ પડીને કાં ત્રીજે આવે અને કાં પડીને મિથ્યાત્વી થાય. એ મિથ્યાત્વી પણ પાછો ચડતાં પછી ત્રીજામાં આવે. સમજાણું કાંઈ?

ત્રીજા ગુણસ્થાનનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

उपसमी समकिती कै तौ सादि मिथ्यामती,
　　दुहुंनिकौं मिश्रित मिथ्यात आइ गहै है।
अनंतानुबंधी चौकरीकौ उदै नाहि जामैं,
　　मिथ्यात समै प्रकृति मिथ्यात न रहै है॥
जहां सद्दहन सत्यासत्यरूप समकाल,
　　ग्यानभाव मिथ्याभाव मिश्र धारा बहै है।
याकी थिति अंतर मुहूरत उभयरूप,
　　ऐसौ मिश्र गुनथान अचारज कहै है॥२२॥

**અર્થ** :—આચાર્ય કહે છે કે ઉપશમ–સમ્યગ્દૃષ્ટિ અથવા સાદિ મિથ્યાદૃષ્ટિ જીવને જો મિશ્ર–

મિથ્યાત્વ નામની કર્મપ્રકૃતિનો ઉદય આવી પડે અને અનંતાનુબંધીની ચોકડી તથા મિથ્યાત્વ-મોહનીય અને સમ્યક્ત્વ-મોહનીય આ છ પ્રકૃતિઓનો ઉદય ન હોય, ત્યાં એકસાથે સત્યાસત્ય શ્રદ્ધાનરૂપ જ્ઞાન અને મિથ્યાત્વમિશ્રિત ભાવ કહે છે તે મિશ્ર ગુણસ્થાન છે, એનો કાળ અંતર્મુહૂર્ત છે.

**ભાવાર્થ** :—અહીં ગોળ-મિશ્રિત દહીં સમાન સત્યાસત્ય-મિશ્રિત ભાવ રહે છે. ૨૨.

**अर्थ** :-आचार्य कहते हैं कि उपशम सम्यग्दृष्टि अथवा सादि मिथ्यादृष्टि जीवको यदि मिश्र मिथ्यात्व नामक कर्मप्रकृतिका उदय हो पड़े और अनन्तानुबंधीकी चौकड़ी तथा मिथ्यात्व मोहनीय और सम्यक्त्व मोहनीय इन छह प्रकृतियोंका उदय न हो, वहाँ एकसाथ सत्यासत्य श्रद्धानरूप ज्ञान और मिथ्यात्वमिश्रित भाव रहते हैं वह मिश्र गुणस्थान है, इसका काल अंतर्मुहूर्त है।

भावार्थ :-यहाँ गुड़ मिश्रित दहींके समान सत्यासत्य मिश्रित भाव रहते हैं।।२२।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ઓલામાં અનંતાનુબંધીનો ઉદય છે બીજે. આમાં નથી. એમ કહે છે.

उपशम सम्यग्दृष्टि अथवा सादि मिथ्यादृष्टि जीवको यदि मिश्र मिथ्यात्व नामक कर्मप्रकृतिका उदय हो पड़े और अनन्तानुबंधीकी चौकड़ी तथा मिथ्यात्व मोहनीय और सम्यक्त्व मोहनीय इन छह प्रकृतियोंका उदय न हो, એમ. ત્રીજામાં અનંતાનુબંધી ન હોય એમ કહે છે. અને સમકિતીને એનો ન ઉદય હોય. છ પ્રકૃતિયોંકા ઉદય ન હો. સમકિત મોહનીયનો, અનંતાનુબંધીનો અને મિથ્યાત્વનો. ત્રીજા ગુણસ્થાનમાં મિથ્યાત્વનો ઉદય ન હોય, અનંતાનુબંધીનો ન હોય અને સમકિત મોહનીયનો ન હોય. આ જાણવાની વાત છે આ તો. સમજાણું કાંઈ?

एकसाथ सत्यासत्य श्रद्धानरूप ज्ञान और मिथ्यात्वमिश्रित भाव रहते हैं, લ્યો, મિશ્રિત જ્ઞાન કીધું છે ને ત્યાં. જ્ઞાન-અજ્ઞાન મિશ્રિત છે બેય. એકલું અજ્ઞાને ય નહિ ને એકલું જ્ઞાને ય નહિ. એવું હોં. મિશ્ર ગુણસ્થાનકા કાળ અંતર્મુહૂર્ત હૈ. આ તો છોકરાઓને જેમ પાઠશાળામાં ભણાવે એમ પહેલાની વાત ચાલતી હતી. શરૂઆતમાં તો આ ભણાવે છે. એવું સમજાવે છે. અભ્યાસ ન હોય એને તો, આ શું કહે છે આ? એવું લાગે. यहाँ गुड़ मिश्रित दहींके समान सत्यासत्य मिश्रित भाव रहते हैं. અંતર્મુહૂર્ત રહે.

હવે ચોથું ગુણસ્થાનનું વર્ણન. સમકિતનું વર્ણન. ચોથા ગુણસ્થાનનું સમકિત, શ્રાવક થવા પહેલાં, શ્રાવકની દશા થવા પહેલાં, સમકિતની દશા ચોથે થાય. એ ધર્મી જીવ કેવો હોય, એની વ્યાખ્યા.

मिश्र दसा पूरन भई, कही यथामति भाखि।
अब चतुर्थ गुनथान विधि, कहौं जिनागम साखि।।२३।।

**અર્થ :—**પોતાના ક્ષયોપશમ અનુસાર મિશ્ર ગુણસ્થાનનું કથન સમાપ્ત થયું, હવે જિનાગમની સાક્ષીપૂર્વક ચોથા ગુણસ્થાનનું વર્ણન કરું છું. ૨૩.

**अर्थ :—**अपने क्षयोपशमके अनुसार मिश्र गुणस्थानका कथन समाप्त हुआ, अब जिनागमकी साक्षीपूर्वक चौथे गुणस्थानका वर्णन करता हूँ।।२३।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

વીતરાગના સાક્ષીએ ભગવાને કહ્યું હતું એમ કહે છે.

ચોથા ગુણસ્થાનનું વર્ણન (સવૈયા એકત્રીસા)

केई जीव समकित पाई अर्ध पुदगल-
परावर्त काल तांई चोखे होइ चितके।
केई एक अंतरमुहूरतमैं गंठि भेदि,
मारग उलंघि सुख वेदै मोख वितके।।
तातैं अंतरमुहूरतसौं अर्धपुद्गल लौं,
जेते समै होहिं तेते भेद समकितके।
जाही समै जाकौं जब समकित होइ सोई,
तबहीसौं गुन गहै दोस दहै इतके।।२४।।

**શબ્દાર્થ :—**ચોખે=સારા. વેદૈ=ભોગવે. દહૈ=બાળે. ઈતકે=સંસારના.

**અર્થ :—**જે કોઈ જીવને સંસાર–ભ્રમણનો કાળ વધારેમાં વધારે અર્ધ–પુદ્‌ગલપરાવર્તન અને ઓછામાં ઓછો અંતર્મુહૂર્ત બાકી રહે છે તે નિશ્ચયસમ્યગ્દર્શન ગ્રહણ કરીને ચાર ગતિરૂપ સંસારને પાર કરનાર મોક્ષસુખની વાનગી લે છે. અંતર્મુહૂર્તથી માંડીને અર્દ્ધ–પુદ્‌ગલપરાવર્તન કાળના જેટલા સમય છે તેટલા જ સમ્યક્ત્વના ભેદ છે. જે વખતે જીવને સમ્યક્ત્વ પ્રગટ થાય છે ત્યારથી જ આત્મગુણ પ્રગટ થવા માંડે છે અને સાંસારિક દોષ નષ્ટ થઈ જાય છે. ૨૪.

**अर्थ :—**जिस किसी जीवके संसार संसरणका काल अधिकसे अधिक अर्द्धपुद्गल परावर्तन और कमसे कम अंतर्मुहूर्त शेष रहता है वह निश्चय सम्यग्दर्शन ग्रहण करके चतुर्गतिरूप संसारको पार करनेवाले मोक्षसुखकी वानगी लेता है। अंतर्मुहूर्तसे लगाकर अर्द्धपुद्गल परावर्तन कालके जितने

**समय हैं उतने ही सम्यक्त्वके भेद हैं। जिस समय जीवको सम्यक्त्व प्रगट होता है तभीसे आत्मगुण प्रगट होने लगते हैं और सांसारिक दोष नष्ट हो जाते हैं।।२४।।**

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

**केई जीव समकित पाई अर्ध पुदगल—**
**परावर्तन काल तांई चोखे होइ चितके**

આ તો આમાંય આવ્યું, લ્યો. ઓલો કહે કે સમકિત પાય, અર્ધપુદ્‌ગલ પરાવર્તન કાળ તાંઈ ચોખે હોઈ ચિતકે. કિસીકે સંસારસમુદ્રકા કાળ અધિકસે અધિક અર્ધપુદ્‌ગલ પરાવર્તન, કમસે કમ અંતર્મુહૂર્ત રહતા હૈ. તબ નિશ્ચય સમ્યક્‌દર્શન ગ્રહણ કરકે ચતુર્ગતિ સંસારકો પાર કરનેવાલા મોક્ષસુખકી વાનગી લેતા હૈ. આહાહા! સમ્યક્‌દર્શન એને કહીએ, ધર્મની પહેલી દશા. અર્ધપુદ્‌ગલ પરાવર્તન સંસાર રહ્યો, એને સમકિત થાય અને કાં અંતર્મુહૂર્ત સંસાર રહે (એને થાય). (શ્રોતા : મોટામાં મોટો કાળ છે આ) ઝાઝો કાળ નહિ. અંતર્મુહૂર્તમાં થાય છે ને. .....કાળ એટલે અંતર્મુહૂર્ત જ રહે. મોક્ષ જવાની તૈયારી પહેલાં અંતર્મુહૂર્તે સમકિત થાય. ચોથું. આહાહા! परावर्त काल तांई चोखे होइ चितके, લ્યો. ચોખે ચિત્તકે એટલે નિશ્ચય સમ્યક્‌દર્શન ગ્રહણ કરકે, એમ.

**केई एक अंतरमुहूरतमैं गंठि भेदि, मारग उलंघि सुख वेंदै मोख वितके**

કેટલો ખુલાસો છે! કે સંસારકો પાર કરનેવાલા મોક્ષ સુખકી વાનગી લેતા હૈ. સમકિતી જીવને મોક્ષ સુખની વાનગી મળી. વાનગી સમજાય છે? નમૂનો. આહાહા! એને સમકિતી કહીએ. આમ દેવ-ગુરુને શ્રદ્ધે, નવ તત્ત્વને શ્રદ્ધે માટે સમકિતી, એમ નહીં. સમજાણું કાંઈ? હજી સમ્યક્‌દર્શન. શ્રાવક તો પછી ભૂમિકા પાંચમી, મુનિની તો છઠ્ઠી. એને તો આનંદ ઘણો હોય. સાચાની વાત છે હોં. આ તો ચોથા ગુણસ્થાનમાં...

**तातैं अंतरमुहूरतसौं अर्धपुदगल लौं, जेते समै होहिं तेते भेद समकितके**

પણ मारग उलंघि सुख वेदै मोख वितके, લ્યો. આહાહા! રાગની એકતા તૂટી અને સ્વભાવની એકતા થતાં સમ્યક્‌દર્શનમાં આત્માના આનંદનો અતીન્દ્રિય સ્વાદ આવે, એને સમકિત કહીએ. એને ચોથું ગુણસ્થાન કહીએ. આહાહા! સમજાણું કાંઈ? એમ નથી કહ્યું કે ઓલા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરે તે સમકિત, નવતત્ત્વની શ્રદ્ધા કરે તો સમકિત. આંહીં તો કહ્યું કે मारग उलंघि सुख वेदै मोख वितके. આહાહા..! મોક્ષરૂપી લક્ષ્મી. એનું સુખ વેદે, એમ. એ અનાદિથી પુણ્ય-પાપના રાગનું દુઃખ વેદતો હતો અનાદિથી, ઈ દુઃખી હતો. એ શેઠિયા થયા, રાજા થયા, બધા દુઃખીના દાળિયા છે. કેમ

એમ હશે ? જયંતિભાઈ ! પણ બે જણા હોય ને પાંચ પચાસ હજારની મૂડી હોય તો સુખી ન કહેવાય ? કાંઈ ચિંતા ન હોય, આજીવિકાનું સાધન ઘણું હોય, લ્યો.

પણ આંહીં તો કહે છે કે આત્માના આનંદ સ્વભાવના પડખેથી અનાદિથી છૂટી ગયો છે અને રાગને પડખે ગયો છે, ઈ દુઃખી છે. આહાહા ! ચાહે તો દેવ હો કે ચાહે તો નારકી હો, પણ રાગના વિકલ્પને પડખે ચડેલો પ્રાણી અનાદિથી દુઃખી છે. દુઃખમાં જલે છે. દાવાનળ સળગ્યો છે એની દશામાં. આહાહા ! નગ્ન સાધુ હોય, પંચ મહાવ્રતના પરિણામ પાળતો હોય, એ બધું દુઃખરૂપ છે. સમજાણું કાંઈ ? એવા માર્ગને ઓળંગી, લ્યો.

सुख वेदै मोख वितके. મોક્ષરૂપી લક્ષ્મી. આ એનું થોડું સુખ એને વાનગીમાં આવી જાય. આહા ! આઠ વરસની બાલિકા હોય કે દેડકો હોય દેડકો–મંડૂક, પણ સમ્યક્દર્શન પામે એટલે એના આત્માના આનંદનો સ્વાદ આવે, એમ કહે છે. હરિભાઈ ! આવું સ્વરૂપ છે ? ભગવાન સાચા ને સમકિતી, એમ નથી, આંહીં કહે છે. આત્મા સાચો આ. આનંદમૂર્તિ સાચું એવું જ્યાં ભાન થયું, એને સાચો માર્ગ સુખ આનંદ છે એની વાનગી આવી જાય કે મોક્ષના સુખ આ જાતના છે. સમજાણું કાંઈ ? એના ભેદ, કહે છે કે અંતર્મુહૂર્તથી અર્ધપુદ્ગલ, લ્યો.

जेते समै होहिं तेते भेद समकितके. અંતર્મુહૂર્તથી માંડીને અર્ધપુદ્ગલ એટલાં ભેદ પડે.

जाही समै जाकौं जब समकित होइ सोई,
तबहीसौं गुन गहै दोस दहै इतके

જ્યારથી આત્માનું જ્ઞાન થાય ત્યારથી ગુણમાં એકાગ્રતા હોય. રાગને બાળતું ને વિકારને નાશ કરતો હોય. કહો, સમજાણું ? સાંસારિક દોષ નષ્ટ હો જાતા હૈ અને આત્મગુણ પ્રગટ હોતા હૈ, એને સમ્યક્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળો ધર્માત્મા કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૮૩, આસો વદ ૧૩, શનિવાર, તા. ૧૬-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાનાધિકાર પદ ૨૫ થી ૩૦ પર પ્રવચન

સમયસાર નાટક. ચૌદ ગુણસ્થાન (અધિકાર). એમાં સમ્યગ્દર્શન કેમ થાય અને એનું શું સ્વરૂપ. ૨૫મો બોલ છે.

अध अपूव्व अनिवृत्ति त्रिक, करन करै जो कोइ।
मिथ्या गंठि विदारि गुन, प्रगटै समकित सोइ॥२५॥

**અર્થ :—**જે અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ પૂર્વક મિથ્યાત્વનો અનુદય કરે છે તેને આત્માનુભવ ગુણ પ્રગટ થાય છે અને તે જ સમ્યક્ત્વ છે. ૨૫.

**अर्थ :—**जो अधःकरण, अपूर्वकरण, अनिवृत्तिकरण पूर्वक मिथ्यात्वका अनुदय करता है उसे आत्मानुभव गुण प्रगट होता है और वही सम्यक्त्व है॥२५॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

પ્રથમ જે ધર્મની પહેલી દશા સમ્યગ્દર્શન એ કેમ પ્રગટે? કે એને અધઃ, અપૂર્વ અને અનિવૃત્તિ ત્રણ પ્રકારના પરિણામ હોય છે. અહીં આગમદૃષ્ટિથી વાત છે ને. અધ્યાત્મદૃષ્ટિથી જોઈએ તો તદ્દન શુદ્ધ આત્મા અંતરરુચિથી ત્રિકાળી દ્રવ્યની રુચિ કરવી એમાં આ પરિણામ પહેલાં હોય છે. ધર્મની શરૂઆત આંહીં છે. અહો! અનંત.. અનંત.. અનંત—અંત નહીં એટલા કાળે રખડતો ચોર્યાશીમાં એક-એકમાં અનંત અવતારમાં રહ્યો એ દુઃખી થઈને પરાધીન દશા ભોગવતો, એને જ્યારે આત્મદર્શન થાય છે ત્યારે એને આ એક અધઃકરણ નામનાં પરિણામ હોય છે. એક અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ. એમ કરે. કરે જો કે એ તો થાય છે એને 'કરે' નામ કહેવામાં આવે છે.

મિથ્યાત્વકા અનુદય કરતા હૈ. मिथ्या गंठि विदारि. પાઠ તો એમ છે. મિથ્યાત્વના ભાવની ગાંઠ તેને ટાળે છે, નાશ કરે છે પણ એનો અર્થ એ છે કે તે કાળે એને મિથ્યાત્વનો ઉદય હોતો નથી. સમજાણું કાંઈ? मिथ्या गंठि विदारि એટલે રાગ અને ત્રિકાળસ્વભાવ એની એકતા એ મિથ્યાગાંઠ છે એને ટાળીને. विदारिને કહ્યું છે ને. गुन प्रगटै — उसे आत्मानुभव गुण प्रगट होता है.

આત્મા અતીન્દ્રિય આનંદ એનો ત્યાં સમ્યગ્દર્શનમાં આનંદનો અનુભવ થાય. અતીન્દ્રિય આત્માનુભવ ગુણ પ્રગટ હોતા હૈ. પોતાનું સુખ પોતામાં છે એમ અનુભવમાં

આનંદમાં અનુભવ આનંદનો પ્રગટ થાય. प्रगटै गुन એટલે અનુભવ, समकित सोइ — એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? રાગની ગાંઠ (એટલે) ત્રિકાળી ભગવાન સ્વભાવ સ્વરૂપ એમાં પર્યાયમાં એક સમયની દશામાં રાગની એકતાબુદ્ધિ અથવા એક સમયની પર્યાયમાં એકતાબુદ્ધિ. સમજાણું કાંઈ?

ત્રિકાળી ધ્રુવ ચૈતન્યદળ આદિ-અંત વિનાનું જેનું સત્‌નું સત્ત્વ જે છે (એ) વસ્તુ ભગવાન પરમેશ્વર પોતે છે. એવા પરમેશ્વરને અનુભવવાનો ગુણ પ્રગટે. રાગ ને દ્વેષ, પુણ્ય-પાપનો અનુભવ તો અનાદિનો છે. ચાર ગતિમાં એનો અનુભવ તો અનંતકાળથી છે. શરીર, વાણી, સ્ત્રી એનો અનુભવ અજ્ઞાનમાં પણ નથી કારણ કે એ તો પરવસ્તુ છે. પરવસ્તુનો અનુભવ અને ભોગવવું હોઈ શકે નહીં. એને અનાદિથી રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપ—મલિન મેલભાવ એનો અનુભવ છે. એ વિકારનો અનુભવ એ જ મિથ્યાત્વ છે. આહાહા! નરકમાં હો કે સ્વર્ગમાં હો, સાધુનાં બહાર ભેખમાં હો કે સંસારના ભેખમાં હો, પણ એણે રાગને વેદ્યો છે. એ રાગનો અનુભવ વિકારનો એ જ મિથ્યાત્વભાવ છે.

આત્માના આનંદસ્વરૂપ ત્રિકાળી ભગવાન આત્માની દૃષ્ટિ કરી અને આત્માનાં શાંત આનંદભાવને અનુભવવો આનું નામ ધર્મ છે. આહાહા! પરદેશમાં તો આ વાત સાંભળવા મળે નહીં. હો-હા, હો-હા. (શ્રોતા : જરા ય ન મળે...) જરા ય ન મળે. દેશમાં ય મુશ્કેલી. આ તો પરદેશમાં ભમી આવ્યા ને હમણાં રખડવા. પોણા ત્રણ વરસ. આહાહા! કહે છે, વ્યવહાર આગમદૃષ્ટિથી વાત છે ને એટલે પરિણામથી આંહીં લીધું છે. બાકી ખરેખર તો અંતરનાં આનંદની તીવ્ર ધગશ અને રુચિ એનાથી આત્માનુભવ પ્રગટ થાય એને અહીંયા સમકિત કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેની શ્રદ્ધા કે નવ તત્ત્વનાં ભેદવાળી શ્રદ્ધા એ કંઈ સમકિત નથી. સમજાણું કાંઈ? પૂર્ણાનંદ સ્વરૂપ પોતાનું એવા આનંદની ઝાંખી થઈને અનુભવ થાય એને સમકિત કહે છે. સમજાણું કાંઈ? આહાહા! એ સમકિત કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ પ્રાપ્ત થતું નથી અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનાં ભાવથી પણ એ પ્રાપ્ત થતું નથી. આહાહા! રાગ છે એ તો.

સાચા અરિહંતદેવ ત્રિલોકનાથ, ગુરુ નિર્ગ્રંથમુનિ સંત ચારિત્રવંત, શાસ્ત્ર સર્વજ્ઞની વાણીમાં અનેકાંતના જે ભાવ આવ્યા એ પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યની અનુભવની દૃષ્ટિમાં એ પરદ્રવ્યની મદદ જરીય નથી. આવી વાત છે. જુઓ, એમાં કાંઈ લીધું છે? પોતાનાં પરિણામ કરે. मिथ्या गंठि विदारि, એનો અર્થ કે અનિવૃત્તિ પરિણામ કાળમાં આવ્યો એટલે તરત મિથ્યાત્વનો ઉદય રહે નહીં, એમ કહે છે. પણ શૈલી તો સમજાવવી હોય ત્યારે શું સમજાવે? સમજાણું કાંઈ? શાસ્ત્રભાષાએ આમ કહેવાય આગમ(ભાષાએ). તત્ત્વની દૃષ્ટિને

આશ્રયે તો એકલો પરમાત્મા પૂર્ણાનંદનો નાથ એને જે અનાદિથી દયા-દાન-ભક્તિ એવા વિકલ્પ રાગ એનાથી એકતાબુદ્ધિ છે. અને એનાથી આમ આગળ આવીએ તો પણ એના એક સમયની દશા-એક અંશની દશામાં ત્રિકાળી દ્રવ્યને (છોડીને) એક સમયની દશામાં એકતાબુદ્ધિ છે એ મિથ્યાત્વ છે. આવો માર્ગ છે. બલ્લુભાઈ! આહાહા!

ઓલા પૈસા તમારા ઝટ થઈ જાય, લ્યો. પૂર્વના પુણ્યને લઈને ઢગલા દેખાય. ૩૦ લાખ ને ૪૦ લાખ ને ૫૦ લાખ ને ૬૦ લાખ. (શ્રોતા : આ પૈસા છે એના રાગનો અનુભવ છે). રાગનો. પૈસાનો કે દિ' હતો? પૈસા તો જડ છે. સ્ત્રીનું શરીર જડ છે. મોસંબી ને લાડવા અજીવ જડ છે. એને કોઈ ભોગવે છે જીવ? અનાદિનો એ પુણ્ય ને પાપનાં વિકલ્પનાં રાગને વેદે (અને) આખો અવિકારી તત્ત્વ પડ્યો રહે. આહાહા! અને એ પર્યાયમાં વેદન પ્રત્યક્ષ એટલે એને એ જ વસ્તુ લાગે. સમજાણું કાંઈ? આહાહા! ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, પર્યાયનાં વેદનમાં એનો અનાદર થઈ ગયો છે. સમજાણું કાંઈ? આહાહા!

દેવ-ગુરુ-શાસ્ત્ર એ તો પર છે. એનાથી એકત્વ કે એનાથી લાભ થાય (એવી) એકત્વબુદ્ધિ એ તો મિથ્યાત્વ છે પણ એના પ્રત્યેનો પ્રેમની શ્રદ્ધા-રાગ આ એનાથી મને લાભ થાય એ રાગની એકતા એ મિથ્યાત્વ છે. એ કરતાં આગળ જતાં એ જ્ઞાનની પર્યાય રાગને જાણે અવ્યક્તપણે.. સમજાણું કાંઈ? બીજી ગાથામાં આવે છે. પરને જાણે. બીજી ગાથામાં આવે છે. પરસમય—પરને જાણતો પરસમય કહે છે. આહાહા! પરિણમન છે એનું. અહીંયા તો દેવ-ગુરુ-શાસ્ત્રનાં નિમિત્તે જે જ્ઞાન થયું એ જ્ઞાન પણ નિમિત્તથી નથી થયું. એ પોતાના ઉપાદાનની પર્યાયથી થયું છે. એ જ્ઞાનની સાથે એકતાબુદ્ધિ એ મિથ્યાત્વ છે. ભારે કામ આકરું. અત્યારે તો લોકોને સત્ય વાત શું છે, મળતી જ નથી. એ તો ગોટા.. ગોટા.. ગોટા. મિથ્યાત્વનાં પોષક અને માને કે અમે ધર્મને સન્મુખ જાઈએ છીએ.

જુઓ આંહીં તો કહ્યું, ત્રણ પરિણામ કરે. એટલે એનો અર્થ કે દ્રવ્યનું લક્ષ કરે શુદ્ધ ચૈતન્યનું, ત્યારે એના પહેલાં આવા પરિણામ એના થાય. જ્યારે એને મિથ્યાત્વભાવનો ઉદય ન હોય, ત્યારે એ સમકિત પામે એમ કહે છે. આહાહા! શાસ્ત્રભાષાથી તો આગમમાં એમ કથન આવેને. અધ્યાત્મભાષાથી જુઓ તો ભગવાન ત્રિકાળ ધ્રુવ ચૈતન્યમૂર્તિ નિત્યાનંદ જે વસ્તુ છે એને તો ભવનો અને ભવનાં ભાવનો પરિચય જ નથી. એવો જે ભગવાન પૂર્ણાનંદ નિત્યાનંદ ધ્રુવને ધ્યેય બનાવી તેને વર્તમાન જ્ઞાનની ને શ્રદ્ધાની પર્યાયમાં એવા દ્રવ્યનો આશ્રય લઈ જે પરિણામ પ્રગટ થાય, તે પરિણામે મિથ્યાત્વનાં પરિણામનો નાશ કર્યો એમ વ્યવહારે કહેવાય. આહાહા! મિથ્યા

गंठि विदारि. ભાઈ, એમ કહ્યું છે ને. આહાહા! મૂળ તો અર્થમાં ઠીક કર્યું છે. મિથ્યાત્વનો અનુદય કહ્યો. વસ્તુ તો એમ છે સમજાણું કાંઈ?

ચૈતન્ય ભગવાન! બાર અંગનો સાર. સર્વ શાસ્ત્ર જૈનશાસ્ત્રનો સાર. એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ એનો આશ્રય કરે, એમાં બેસે, એમાં ઠરે ત્યારે એને રાગની એકતાનો અને પર્યાયનાં એક અંશની એકતાનો મિથ્યાત્વભાવ વ્યય થાય અને દ્રવ્યની સ્વભાવની એકતાનો એવો સમ્યગ્દર્શનનો પર્યાય પ્રગટ થાય. સમજાણું કાંઈ? આહાહા! ભારે માલ છે! આવું સ્વરૂપ છે એ જ રીત છે. ત્રણ કાળ ત્રણ લોકમાં આ રીતે છે. સમજાણું કાંઈ?

प्रगटै गुन. ત્યારે જે રાગનો અનુભવ હતો એનો વ્યય થયો અને અરાગી ભગવાન ચૈતન્યનો આશ્રય લઈને નિર્મળદશા આનંદની પ્રગટ થઈ તે આનંદનો અનુભવ એ ગુણ પ્રગટ્યો. એ દશાની શ્રદ્ધા એને સમકિત કહે છે. આહાહા! અથવા એ દશાવાનની શ્રદ્ધા. સમજાણું કાંઈ? સર્વજ્ઞ સ્વરૂપમાં અનાદિથી આ રીતે માર્ગ આવ્યો છે. આથી કોઈ ફેરફાર કરીને કહે, એ વીતરાગમાર્ગથી વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? वही समकित है. હવે, સમકિતના આઠ બોલ (વિવરણ)

સમ્યક્ત્વના આઠ વિવરણ (દોહરા)

**समकित उतपति चिहन गुन, भूषन दोष विनास।**
**अतीचार जुत अष्ट विधि, वरनौं विवरन तास॥२६॥**

**અર્થ :–** સમ્યક્ત્વનું સ્વરૂપ, ઉત્પત્તિ, ચિહ્ન, ગુણ, ભૂષણ, દોષ, નાશ અને અતિચાર;— આ સમ્યક્ત્વના આઠ વિવરણ છે. ૨૬.

**अर्थ :–** सम्यक्त्वका स्वरूप, उत्पत्ति, चिह्न, गुण, भूषण, दोष, नाश और अतिचार ये सम्यक्त्वके आठ विवरण हैं॥२६॥

---

સમકિતનું સ્વરૂપ–એની ઉત્પત્તિનું સ્વરૂપ, સમકિતનાં ચિહ્નો, એના ગુણ, એની શોભા–ભૂષણ, એમાં દોષ, નાશ અને અતિચાર – એ સમકિતનાં આઠ વિવરણ છે. સમકિતને સમજવાનાં આઠ પ્રકાર છે. છે આ મુદ્દાની રકમ.

(૧) સમ્યક્ત્વનું સ્વરૂપ (ચોપાઈ)

**सत्यप्रतीति अवस्था जाकी।**
**दिन दिन रीति गहै समताकी॥**
**छिन छिन करै सत्यकौ साकौ।**
**समकित नाम कहावै ताकौ॥२७॥**

**અર્થ** :—આત્મસ્વરૂપની સત્ય પ્રતીતિ થવી, દિન–પ્રતિદિન સમતાભાવમાં ઉન્નતિ થવી અને ક્ષણે–ક્ષણે પરિણામોની વિશુદ્ધિ થવી એનું જ નામ સમ્યગ્દર્શન છે. ૨૭.

**अर्थ** :–आत्मस्वरूपकी सत्यप्रतीति होना, दिन-प्रतिदिन समताभावमें उन्नति होना, और क्षण क्षण पर परिणामोंकी विशुद्धि होना इसीका नाम सम्यग्दर्शन है।।२७।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આહાહા! आत्मस्वरूपकी सत्यप्रतीति होना. લ્યો, આ સમકિતનું સ્વરૂપ. દેવ-ગુરુકી પ્રતીતિ હોના, એ નહીં. આહાહા! તેમ એક સમયની પર્યાયની પ્રતીતિ થવી, એમ પણ નહીં. આહાહા! અરે, નજર નાખ્યે ક્યાંય આરો નથી સંસારનો. એવો દુઃખમય સંસાર, આહાહા! જૈનનો સાધુ થયો પણ દૃષ્ટિ પર્યાય અને રાગ ઉપર રહી. એ ચોર્યાશીનાં અવતાર, આહાહા! એનો પ્રવાહ અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંતને અનંતવાર ગુણે એવો અનંતકાળ ભૂતકાળ. અરે, એનો અંત લાવવો, ભાઈ ! એના અંતનો ઉપાય—આત્મસ્વરૂપકી પ્રતીતિ હોના એ સમકિતનું સ્વરૂપ છે. એણે પુણ્યની અને દેવ-ગુરુની પ્રતીતિ તો અનંતવાર કરી છે. સમજાણું કાંઈ? એ તો પરદ્રવ્ય છે આહાહા! અરે, એણે એક સમયનો અંશ, દેવ-ગુરુ તો પર રહ્યા પણ પોતાનાં એક સમયનો અંશનો ખંડભાવ એની પણ પ્રતીતિ એણે અનંતવાર કરી છે. એ તો મિથ્યાત્વ પ્રતીતિ છે.

सत्यप्रतीति अवस्था जाकी. ત્રિકાળી ભગવાન આત્મા એવું જે સત્યસ્વરૂપની પ્રતીતિ એવી જે અવસ્થા એને સમકિત કહેવામાં આવે છે. આહાહા! પહેલી તો એની રીત સમજવી ય કઠણ પડે એમ છે. આહાહા! ભારે આકરું કામ! સમજાણું કાંઈ? दिन दिन रीति गहै समताकी—दिन-प्रतिदिन समताभावमें उन्नति होना. કેમ કે જ્યારે આત્મા શુદ્ધ ને વીતરાગમૂર્તિ છે એને પોતાના અનુભવ માટે સમકિત માટે કોઈની અપેક્ષા નથી. એવો જે નિરપેક્ષ ભગવાન આત્મા અને એની પ્રતીતિ પણ નિરપેક્ષ—પરની અપેક્ષા વિનાની એને દિન-પ્રતિદિન વીતરાગતાનાં અંશો—સમતાભાવ, નિર્લોભતાભાવ વધતો જાય છે. સમજાણું કાંઈ? આહાહા!

दिन दिन रीति गहै समताकी. સમતાભાવની ઉન્નતિ. કેમકે આત્મા સમતાનો પિંડ પ્રભુ છે. અકષાય સ્વભાવનો રસકંદ આત્માની જયાં પ્રતીતિ સ્વસન્મુખ થઈને થઈ તો એ જાતની પર્યાયમાં શુદ્ધિ વધતી જાય છે, એમ કહે છે. આ સમકિતનું સ્વરૂપ. સમજાણું કાંઈ? આ ઓલા કહે કે અમને માનો તમારે સમકિત થાશે. અરિહંતદેવ પણ એમ કહેતા નથી. આહાહા! ત્રણલોકના નાથ કેવળજ્ઞાની પ્રભુ એમ કહે છે કે અમારી

શ્રદ્ધા, એ પણ તને રાગ છે. આહાહા! ગજબ વાત! એ સમકિતનું સ્વરૂપ નથી.

छिन छिन करै सत्यकौ साकौ. क्षण क्षण पर परिणामोंकी विशुद्धि. ત્રિકાળી સમતાપિંડ પ્રભુ સત્યના પક્ષમાં છે એટલે ક્ષણે ક્ષણે સત્યનો જ ત્યાં વધારો (થાય છે). અસત્યનો ઘટાડો છે ને સત્યની પર્યાયનો વધારો થાય છે, એમ કહે છે. समकित नाम कहावै ताकौ. આ એને સમકિત (કહીએ.) ત્રણલોકનાં નાથ તીર્થંકરદેવ સમવસરણમાં ગણધરો અને ઈન્દ્રોની સમક્ષમાં આમ ફરમાવતા હતા. સમજાણું કાંઈ? समकित नाम कहावै. પાઠ એમ છે ને. એનું નામ સમ્યગ્દર્શન છે એમ કહે છે. પહેલી સમજણમાં જ જ્યાં વિરોધ અને ફેર છે એને તો પરલક્ષી જ્ઞાન જ ખોટું છે. સમજાણું કાંઈ? આહાહા! જે પરમાત્મા પોતે એમાં ઢળવું છે એ પરની અપેક્ષા રાખતું નથી. સવારમાં એ આવ્યું'તું. ૧૩૬ ગાથા બહુ સારી હતી. મુંબઈમાં પરમ દિ' એ ચાલી હતી. ત્રણથી ચાર. ઘણું માણસ ત્યાં. માર્ગ આ છે, ભાઈ.

નિજ પરમાત્મા પોતાનો પરમાત્મા એની પ્રતીતિ અથવા એવા નિજ પરમાત્માના આનંદના આનંદઅમૃતને પીવાનો અભિલાષી. આહાહા! જેને અભિપ્રાયમાં રાગ અને પર્યાયની દૃષ્ટિ છૂટી ગઈ છે એથી ત્રિકાળી અમૃતનો અનુભવ કરવાનો કામી. આહાહા! એ જીવ આ સમ્યગ્દર્શનને આ રીતે પામે છે અને ત્યારે એ આત્માનાં અનુભવનો આનંદનો સ્વાદ લે. આહાહા! સમજાણું કાંઈ? વ્યવહાર પક્ષવાળાને બહુ લાગે આકરું હોં. પંડિતજી! આહાહા! બાપુ! તું તો સ્વયંસિદ્ધ વસ્તુ છો તો તેની શક્તિઓ પણ સ્વયંસિદ્ધ છે તો એની પર્યાય પણ સ્વયંસિદ્ધ છે. પરની અપેક્ષા રાખતું નથી. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એનું ધ્રુવપણું સ્વયંસિદ્ધ છે. કોઈને લઈને છે? તો એનાં ગુણો પણ સ્વયંસિદ્ધ છે. તો એની પર્યાય પણ સ્વયંસિદ્ધ છે એમ કહે છે. સમજાણું કાંઈ? छिन छिन करै सत्यकौ साकौ. સત્‌સ્વરૂપનો જ જ્યાં આશ્રય છે એકલો અને એનો જે આ વધારો (છે). કહો, સમજાણું કાંઈ?

આહાહા! સત્યને વધારે, એમ. દુનિયા નથી કહેતી? ભઈ, ધન રળે તો ઢગલા થાય ને પંડ રળે તો પેટ ભરાય. એમ વાતું કરે છે ને. શરીરથી ક્રિયા કાંઈ કરે ઓલા.. ક્રિયા શું આ રળે તો કેટલું ભેગું (થાય)? પેટ ભરાય. પણ પૈસાના ઢગલા તો ધન રળે તો ઢગલા થાય. ક્રોડ, બે ક્રોડ થયા પછી વધતા જ જાય. એમ આ ધન રળે તો ઢગલા (થાય.) આત્મા જે લક્ષ્મી એનો જ્યાં અંતરમાં સ્વસન્મુખ થઈને સ્વીકાર કર્યો. આ જ આત્મા, હું પરમાત્મા છું. તો એને એ ધનની જ વૃદ્ધિ એટલે લક્ષ્મીની વૃદ્ધિ થાય. આહાહા! ભારે વાત ભાઈ! આ તો હજી બેસવી (કઠણ.) આ તો કહે, આ તો વ્યવહારનો નાશ થઈ જાય છે. એમ માણસ કહે. અરે, ભગવાન! આંહીં તો એક

સમયની પર્યાયની પ્રતીતિ કરે છે એનો નાશ કરે તો દ્રવ્યની પ્રતીતિ થાય. આહાહા! ગજબ વાત છે. વસ્તુ જ એવી છે ત્યાં.

એક સમયની અવસ્થા એટલે શું? ત્રિકાળ ભગવાન આત્મામાં તો એ પરિણામનો ય અભાવ છે. સમજાણું કાંઈ? જેમાં જે પરિણામનો અભાવ એની પ્રતીતિ કર્યે દ્રવ્યની પ્રતીતિ થાય? સમજાણું કાંઈ? જુઓ, આ ધનતેરસ છે આ. ધનનું પૂજવું આ. આત્મા આનંદમૂર્તિ પૂર્ણાનંદ એનો અંતર સ્વીકાર એ ધનનું પૂજવું, આત્માનું પૂજવું છે. સમજાણું કાંઈ? આ તો પૈસા માટે પૂજો, પૈસા વધે. હેરાન વધે, હેરાનતા વધે. આહાહા! આ તો સત્યસ્વરૂપ જ વધી જાય, એમ કહે છે. ઢગલા ધનનાં થાય છે. આહાહા! એ સમકિતનું સ્વરૂપ છે. સમકિતનું આ સ્વરૂપ છે. બીજી રીતે કોઈ સ્વરૂપ કહે તો એ તદ્દન તત્ત્વથી વિરુદ્ધ છે. આહાહા!

(૨) સમકિતની ઉત્પત્તિ. પહેલું સ્વરૂપ કહ્યું. હવે ઉત્પન્ન કેમ થાય?

(૨) સમ્યક્ત્વની ઉત્પત્તિ (દોહરા)

कै तौ सहज सुभाउ कै, उपदेसै गुरु कोइ।
चहुंगति सैनी जीउकौ, सम्यकदरसन होइ॥२८॥

**અર્થ :**—ચારેય ગતિમાં સંજ્ઞી જીવને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તે પોતાની મેળે અર્થાત્ નિસર્ગજ અને ગુરુના ઉપદેશથી અર્થાત્ અધિગમજ થાય છે. ૨૮.

**अर्थ :**—चतुर्गतिमें सैनी जीवको सम्यग्दर्शन प्रगट होता है, सो अपने आप अर्थात् निसर्गज और गुरुके उपदेशसे अर्थात् अधिगमज होता है॥२८॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

चतुर्गतिमें सैनी जीव—ચારગતિમાં મનવાળા જીવને સમકિત થાય. મન વિનાનાં પ્રાણીને સમકિત થાય નહીં. એક વાત. सम्यग्दर्शन प्रगट होता है, अपने आप अर्थात् निसर्गज—સહજ સ્વભાવથી ઉત્પન્ન અંદરથી થાય. અંતરની દૃષ્ટિ મૂકતાં જેમાં ગુરુનું નિમિત્ત પણ (ન હોય). પહેલું નિમિત્ત હો, પણ પામતાં વખતે ગુરુનું નિમિત્ત નથી એને અહીં નિસર્ગજ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? सो अपने आप—નિસર્ગજ. પૂર્વે દેશનાલબ્ધિ મળી હોય પણ એ અપેક્ષાથી આ ન થાય, કહે છે. એને એ વખતે પામતાં વખતે એ અપેક્ષા ન હોય. એ સીધું સહજાનંદ પ્રભુ આત્મા એવો અનુભવ થાય, એને નિસર્ગજ સ્વાભાવિક અંદર થયું સમકિત કહેવામાં આવે છે. બીજું ય છે તો એવું પણ उपदेसै गुरु कोइ. ગુરુનો ઉપદેશ ત્યાં તાત્કાલિક હતો કે અખંડ આનંદકંદ તું છો. એવો

ઉપદેશ હતો. એનું એણે લક્ષ કર્યું અને એ લક્ષ છોડીને આત્માની દષ્ટિ કરી ત્યારે ઓલું નિમિત્ત હતું (એમ) એને કહેવામાં આવે. આરે, આરે ભારે! સમજાણું કાંઈ?

गुरुके उपदेशसे अर्थात् अधिगमज होता है, એમ. તાત્કાલિક ઉપદેશ મળ્યો અને એકાદ ભવ કે બે ભવમાં એ ઉપદેશના નિમિત્તમાં એનું લક્ષ છોડી દઈને તત્કાલ સ્વભાવનો આશ્રય કરી સ્વભાવિક અંદર પ્રગટ્યું પણ એના ઓલા નિમિત્તને ગણવામાં આવ્યું, એને ગુરુનાં ઉપદેશથી (થયું) એમ કહેવામાં આવે છે. એ નિમિત્તનું કથન છે. એ બેયમાં સ્વભાવિક થાય છે. (શ્રોતા : ...) કીધું ને શું? ભાષા કીધી સાંભળી નહીં? અખંડ શુદ્ધ ચૈતન્ય છે એમ કીધું એમણે. પણ એ લક્ષ છે એ ય સાધન નથી, એમ કહે છે. પણ નિમિત્ત હતું એનું લક્ષ છોડીને આ આત્માની દષ્ટિ કરી તેથી તેને આ નિમિત્તથી થયું એમ કહેવામાં આવે છે. એમ વાત તો અંદર આવી જાય છે કે એક... કહો, જેઠાભાઈ! શ્વેતાંબરની જેમ નહીં. અરિહંત મહાદેવો .... સદહિ સમકિત. એમ નથી વસ્તુના સ્વરૂપમાં.

(પાંચમા) અધ્યાયમાં મૂક્યું છે. પાંચમા અધ્યાયમાં. 'મોક્ષમાર્ગપ્રકાશક'માં પાંચમો અધ્યાય છે એમાં મૂક્યું છે આ. શ્વેતાંબર લોકો આમ માને સમકિત, એમ છે નહીં. એ તદ્દન વિરુદ્ધ છે, તત્ત્વદષ્ટિમાં એનો વિરોધ છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે આકરી વાત! આકરી એટલે દુર્લભ વાત. દુર્લભ એટલે અશક્ય નહીં પણ દુર્લભ તો ખરી એ (શ્રોતા : ઉગ્ર પુરુષાર્થ સાધ્ય) ઉગ્ર પુરુષાર્થ સાધ્ય હં... સમજાણું કાંઈ?

એને અધિગમજ કહે છે. બે વાત. એક નિસર્ગજ—એ પોતાથી સીધું થયું. ગુરુ ઉપદેશ તો હતો પણ એને આંતરો પડી ગયો અને પછી સીધું થયું. અને સીધો ઉપદેશ હતો ને ત્યાં ને ત્યાં પોતે લક્ષ છોડીને પોતાને કર્યું ત્યારે એને અધિગમજ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! બહુ અધિકાર તો સારો છે આ. હવે, (૩) સમકિતનાં ચિહ્‌ન. લ્યો, સમકિતનું સ્વરૂપ કહ્યું. સમકિતની ઉત્પત્તિ કીધી. સમકિતનું ચિહ્‌ન—એંધાણ. સમકિતનાં એંધાણ—લક્ષણ શું? એના ચિહ્‌ન શું?

(૩) સમ્યક્‌ત્વના ચિહ્ન (દોહરા)

**आपा परिचै निज विषै, उपजै नहिं संदेह।**
**सहज प्रपंच रहित दसा, समकित लच्छन एह॥२९॥**

**અર્થ :—**પોતામાં જ આત્મસ્વરૂપનો પરિચય થાય છે, કદી સંદેહ ઊપજતો નથી અને છળ-કપટરહિત વૈરાગ્યભાવ રહે છે, એ જ સમ્યગ્દર્શનનું ચિહ્ન છે. ૨૯.

**अर्थ :**—अपनेमें ही आत्मस्वरूपका परिचय पाता है, कभी सन्देह नहीं उपजता और छल-कपटरहित वैराग्यभाव रहता है, यही सम्यग्दर्शनका चिह्न है।।२९।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ચિહ્‌ન કહો કે લક્ષણ કહો. માથે ચિહ્‌ન કીધું. હેઠે લક્ષણ કહ્યું. આહાહા! એ મુદ્દાની રકમની આ વાત છે. બાકી બધી વાતું ઘણી હોય. આહાહા! જાણવાનાં પ્રકાર તો ઘણા હોય. પણ આ મૂળ ચીજ આ છે. आपा परिचै निज विषै, પોતામાં જ આત્મ સ્વરૂપનો પરિચય પામે. એ એનું લક્ષણ. પોતામાં આત્મસ્વરૂપનો પરિચય પામે. શ્રુત—પરિચિત, આવે છે ને. પોતાનું સ્વરૂપ અનાકુળ શાંતિ, અનાકુળ આનંદ, અનાકુળ પ્રભુતા એનો જેને અંદરમાં પરિચય થાય, લ્યો, એ એનું લક્ષણ છે. અપનેમેં હી—પોતામાં આત્મસ્વરૂપનો પરિચય પામે. એમાં કભી સંદેહ નહીં. સંદેહ એમાં ઉપજે નહીં. આ તે સમકિત આવું હશે? અને આ રીતે ઉગ્યું હશે એ સાચું હશે? એ સંદેહ એને હોય નહીં ત્રણ કાળ ત્રણ લોકમાં. ભગવાન આત્મા ધ્રુવ ચૈતન્ય એનો અનુભવ કરીને જે પ્રતીત થઈ એમાં બીજો સંદેહ હોય નહીં. (શ્રોતા : આગળ નિયતિવાદ હતો...) એ વાત થઈ ગઈ પહેલી બેય.

उपजै नहिं संदेह. કહો, સમજાણું કાંઈ? સંદેહ ઉપજે નહીં. નિઃસંદેહ, નિઃશંક ભગવાન આનંદસ્વરૂપ છે એવો અનુભવ થતા નિઃશંકતા અનુભવને લઈને નિઃશંકતા વધે છે. નિઃશંકતા રહે છે, એમ. સમજાણું કાંઈ? सहज प्रपंच रहित दसा. એ વિરાગતાની વાત કરી છે. ઓલી અસ્તિની વાત કરી. સ્વભાવિક પ્રપંચ રહિત દશા. સ્વભાવિક છળકપટ રહિત એટલે વૈરાગ્યભાવ. એ નાસ્તિથી વાત કરી. સમ્યગ્દર્શનમાં સહજપણે પુણ્ય-પાપનાં રાગથી રહિત વૈરાગ્યભાવ હોય છે. સમજાણું કાંઈ? સ્વભાવિક પ્રપંચ રહિત—માયા ને કપટથી એ નહીં. સહજ ચૈતન્યનાં પૂર્ણભાવને અસ્તિપણે એનાં અનુભવની નિઃસંદેહ પ્રતીત થઈ ત્યાં પરથી તેને ઉદાસીનતા—વૈરાગ્યનું પરિણમન (હોય છે.) પર શબ્દે પુણ્ય ને પાપ, એનાથી રહિત દશા समकित लच्छन एह, લ્યો. આ સમકિતનું આ લક્ષણ. આહાહા! સમજાણું કાંઈ?

'શ્રીમદ્'માં આવે છે ને સમકિતનું, નહીં? દેવ-ગુરુ. 'સ્વચ્છંદ મત આગ્રહ ત્યજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ. સમકિત તેહને ભાખ્યું કારણ ગણી (પ્રત્યક્ષ).' પણ એ વ્યવહાર છે. નિશ્ચયની વાત નથી. સમજાણું કાંઈ? નિશ્ચય સમ્યગ્દર્શનને પામવાની એ રીત નથી. એ તો કારણ ગણીને નિમિત્તથી વ્યવહાર સમકિતની વાત (કહી). પામે સ્વને લક્ષે તો એને વ્યવહાર કહેવામાં આવે. સમજાણું કાંઈ? પોતાનો આત્મા ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એનો

આશ્રય લઈને સમ્યગ્દર્શન કરે, એને આવા ગુરુ આદિની શ્રદ્ધાનું નિમિત્ત કહેવામા આવે. અને કારણ ગણી પ્રત્યક્ષ, છે ને? પ્રત્યક્ષ પરમાત્મા જ પ્રત્યક્ષ ગુરુ છે. તેથી એને નિમિત્ત તરીકે, સ્વનો આશ્રય લઈને થાય એને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? માળે ભારે! વાતે વાતે ફેર. 'આનંદ કહે પરમાનંદા, માણસે માણસે ફેર. એક તો લાખે ન મળે ને એક તાંબાના તેર.' એમ ભગવાન કહે છે કે મારે અને તારા સ્વચ્છંદની દૃષ્ટિને વાતે વાતે ફેર છે. આહાહા! સ્વતંત્રતાની દૃષ્ટિવાળાને સ્વચ્છંદની દૃષ્ટિનો વિરોધ હોય છે. સ્વચ્છંદ દૃષ્ટિવાળા(ને) સ્વતંત્રદૃષ્ટિ(નો) વિરોધ હોય છે કે આ નહીં. સમજાણું કાંઈ? આહાહા!

સવારમાં આવ્યું'તું ને સવારે, નહીં? ભેદકલ્પના નિરપેક્ષ નિરુપચાર નિરઉપરાગ મોક્ષમાર્ગમાં આત્માને સ્થાપે. આહાહા! જેનો અંતર માર્ગ(માં) જેને બહારની વ્યવહાર સમકિતની પણ અપેક્ષા નથી. કહો, ભીખાભાઈ! ભારે કામ હોં પણ આ. આહાહા! પોતાનો નિજ પરમાત્માના પરિચયમાં આવવું. એ કહે છે ને, સત્સંગના પરિચયે આત્માને સમકિત થાય. આહાહા! ત્યારે એ સત્સંગ છે તો તું સત્ નથી? સમજાણું કાંઈ? તું સત્ નથી? પર સત્ છે એ તો વ્યવહાર સત્ થયો તારે માટે તો. નિશ્ચય સત્ તો તું છો. સત્ છો કે અસત્? તો એના પરિચયથી-સંગથી થાય. એવી વાત છે. અરેરે! સાચી વાત સાંભળવા મળે નહી અને ઊંધે રસ્તે અનાદિથી દોરાઈ ગયો છે. (શ્રોતા : ગુરુને નામે) એના ભાન વિના. કહો, સમજાણું કાંઈ?

आपा परिचै निज विषै, उपजै नहिं संदेह।
सहज प्रपंच रहित दसा, समकित लच्छन एह॥२९॥

ભારે વાત આવી છે. મુદ્દાની રકમની વાત છે આ. ચોથું ગુણસ્થાન કોને કહેવું એની વાત છે. અને કેમ ઉપજે એની વાત છે. એના લક્ષણ શું એની વાત છે. આહાહા! આથી તે બીજી કઈ વાત હવે એને (મળે?) ચારિત્ર પ્રગટ કરવું એ અનંત પુરુષાર્થ છે. ચારિત્ર પ્રગટ કરવું એ સમકિત કરતાં અનંત પુરુષાર્થ છે, પણ એ ચારિત્રે ય પર્યાય છે. એને પર્યાય ઉપર દૃષ્ટિ રાખીને ચારિત્ર પ્રગટ થાય એમ નથી. આહાહા! એ તો દ્રવ્યનાં પૂર્ણ આશ્રયે ઘણો આશ્રય લેવો એને ચારિત્ર થાય. સમજાણું કાંઈ? શ્રદ્ધા પૂરતો આશ્રય લેવો એનું નામ સમકિત અને ચારિત્રને માટે અનંત ઉગ્ર પુરુષાર્થ દ્રવ્યનો આશ્રય લેવો ત્યારે એને ચારિત્ર થાય. એ ચારિત્ર કોઈ બહારની ક્રિયા કે મહાવ્રતનાં પરિણામ એ કોઈ ચારિત્ર નથી. આહાહા! સમજાણું કાંઈ? એ તો વૈરાગ્યદશા પુણ્ય ને પાપથી સહજપણે વર્તે એને આ રાગ હું નહીં, એમ કંઈ કરવું ન પડે, એમ કહે છે. सहज प्रपंच रहित

दसा, એમ. સ્વભાવિક પુણ્ય ને પાપથી વિરક્તિરૂપી વૈરાગ્યતા સહજપણે હોય છે. એને ક્ષણે ક્ષણે ભેદ ન કરવો પડે કે આ રાગ હું નહીં ને વ્યવહાર હું નહીં ને. એ તો એ દશા જ એવી સહજ થઈ જાય છે, એમ કહે છે. આહાહા!

(૪) સમ્યગ્દર્શનના આઠ ગુણ. પર્યાયમાં નિર્મળતાના પ્રકાર. ગુણ એટલે પર્યાય છે. પર્યાયમાં નિર્મળતાનાં પ્રકાર.

(૪) સમ્યગ્દર્શનના આઠ ગુણ (દોહરા)

करुना वच्छल सुजनता, आतम निंदा पाठ।
समता भगति विरागता, धरमराग गुन आठ॥३०॥

**અર્થ** :—કરુણા, મૈત્રી, સજ્જનતા, સ્વ-લઘુતા, સમતા, શ્રદ્ધા, ઉદાસીનતા અને ધર્માનુરાગ—આ સમ્યક્ત્વના આઠ ગુણ છે. ૩૦.

**अर्थ** :—करुणा, मैत्री, सज्ञनता, स्वलघुता, समता, श्रद्धा, उदासीनता और धर्मानुराग ये सम्यक्त्वके आठ गुण हैं॥३०॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કરુણા હોય છે એને. પર પ્રત્યેનો અનુકંપા ભાવ એટલે રાગરહિત જેની દશા હોય છે. સમજાણું કાંઈ? કોઈ પ્રત્યે મારવાનો ભાવ હોતો નથી પણ કોઈને જીવાડવાનો ભાવ પણ એને હોતો નથી. એવી અંદરમાં કરુણા બધા ઉપર વર્તે એ સમકિતનું લક્ષણ. એ સમકિતની પર્યાય છે. આહાહા! કેમકે ત્યાં અનંતાનુબંધી અને મિથ્યાત્વનો નાશ છે. એટલી કરુણા તો એને પ્રગટ થઈ છે. સિદ્ધને, કેવળીને અનંતી કરુણા કીધી છે. એ કઈ કરુણા? પર જીવની દયા પાળવાની ઈ? 'જિનસેનસ્વામી'એ તો કીધું'તું, ભગવાનને અનંતી કરુણા છે કેવળીને. કરુણાનો અર્થ—બધા જીવો પ્રત્યે જ્ઞેયભાવમાં પરજ્ઞેય તરીકે જાણે છે. (શ્રોતા : એનું નામ કરુણા?) એનું નામ કરુણા. (શ્રોતા : અલૌકિક કરુણા) અલૌકિક!

'કરુણા હમ પાવત હૈ તુમકી વહ બાત રહી સુગુરુગમકી.' 'શ્રીમદ્'માં આવે છે ને. એ કરુણા, ભગવાનની કરુણા આંહીં થાતી હશે? પણ અમારી પરિણતિની પર્યાયનું તમને જ્ઞાન વર્તે છે તમારે, એ જ અમારી ઉપર કરુણા પ્રભુ આપની છે. આહાહા! ગજબ વાત છે. સમજાણું કાંઈ? કેવળીને કરુણા હોય વિકલ્પની? પરદયાની? (શ્રોતા : જી ના. વીતરાગી હોય.) આહાહા! વીતરાગી કરુણાનો અર્થ ઈ કે અમારી પર્યાય જે પ્રગટી તેનું જ્ઞાન તો તે સમયે તમને વર્તે છે. તે સમયનું જ્ઞાન વર્તે છે કે આને આ પર્યાય છે. એ આપની કરુણા છે. જયંતીભાઈ! આવો અર્થ છે. અર્થમાં મોટા ફેર છે. અજ્ઞાનીના અર્થો અને જ્ઞાનીના અર્થમાં મોટો ફેર છે. ઉગમણો આથમણો ફેર છે. લાગે

એટલું સારું હોં. બહારનું આ થાય તો આ થાય. આહાહા! 'શ્રીમદ્' લખે છે ને એક. જ્ઞાની પુરુષોની કૃપાદૃષ્ટિ તે સમકિત છે. જુઓ, એવું આવે. એનો અર્થ શું? સમજાણું કાંઈ? જેને આત્માનું દર્શન સમકિત થયું એ જ્ઞાનીના જ્ઞાનમાં જણાય છે કે આ પ્રમાણે છે. એ એની કૃપા. સમજાણું કાંઈ?

અરે, કેવળીને કૃપા હોય? કરુણા–વિકલ્પ. આંહીં તો કહે છે કે કરુણા હોય છે. કેવળીને સમકિતમાં ય કરુણા હોય છે, એમ આવ્યું કે નહીં? કેવળીને સમકિત છે કે નહીં? (શ્રોતા : છે.) તો એને આ કરુણા છે કે નહીં? વીતરાગી કરુણા. ભાઈ! આહાહા! આ જીવની કરુણા કરું, કૃપા કરું એ તો બધો વિકલ્પ છે. એ કરુણા સમકિતમાં હોય નહીં. જ્ઞાન, એને જ્ઞાન વર્તે છે. સ્વ-પરનો વિવેક થઈને સ્વનું જ્ઞાન સ્વમાં વર્તે છે. પરની પ્રતીતિ એ નહીં. સ્વની પ્રતીતિમાં પરની પ્રતીતિ ભેગી આવી જાય છે. સમજાણું કાંઈ? આહાહા! વાત તો એવી છે. કેમકે જ્ઞાનનો સ્વભાવ સ્વ-પર પ્રકાશક પોતાનો પોતાથી છે. એમાં પરની પ્રતીતિ ન આવી. પરસંબંધીનું જે પોતાનું જ્ઞાન અને સ્વનું જ્ઞાન એની પ્રતીતિ છે. સમજાણું કાંઈ? આહાહા! એને અહીંયા કરુણા કહે છે, જુઓ.

એકકોર ભગવાન એમ કહે કે પરજીવની કરુણાનો વિકલ્પને ધર્મ માને, મૂઢ અજ્ઞાની છે. સમજાણું કાંઈ? કેમ કે પરની કરુણા કરી શકતો નથી. એ તો એની પર્યાયકાળે પર્યાય રહે, એની પર્યાય છૂટવાને કાળે છૂટે. બીજો એની દયા પાળી શકે એવું છે નહીં. એ છે એવાં જે તત્ત્વો એને એ રીતે પોતાના સ્વની શ્રદ્ધામાં (પરની) શ્રદ્ધા આવી ગઈ, એને આંહીં કરુણા કહેવામાં આવે છે. નથી એમ નહીં, એમ. આહાહા! તે તત્ત્વો તે તે પર્યાયે પરિણમેલા એમ છે, એમ સ્વનાં અનુભવની પ્રતીતમાં એ પોતાની પ્રતીત એમાં છે ઈ. પરને લઈને પરમાં નહીં. સમજાણું કાંઈ? આહા! હવે એમાં ય આત્મા આવ્યો મોઢા આગળ. સમજાણું કાંઈ? એ નથી એમ માનવું તો મિથ્યા નાસ્તિ છે. અકરુણા છે, એ તો અકરુણા છે. પણ છે આત્મા. અહો!

અનંતગુણના ધણી. પર્યાયમાં ભૂલવાળા હજી છે અને ભૂલ ટળીને રહેલા–એ બધું છે. એનું છે તરીકેનું પોતાના સ્વભાવનું જ્ઞાન થતાં તે જ્ઞાનમાં પરની પ્રતીતિ નહીં, પરસંબંધી પોતાના જ્ઞાનમાં પ્રતીતિ એને અહીંયા કરુણા કહેવામાં આવે છે. ભારે વ્યાખ્યા! સમજાણું કાંઈ? આ તો સમકિતની વ્યાખ્યા છે બધી. આહાહા! (શ્રોતા : બડી જબરી વાત). બડી જબરી વાત, લ્યો! (શ્રોતા : જ્ઞાતા–જ્ઞાન ને જ્ઞેય, સ્વયં જ્ઞાન, સ્વયં જ્ઞાતા ને સ્વયં પોતે જ્ઞેય) પોતે જ છે. આહાહા! લ્યો. કાપડવાળા કહે છે ને કાપડી, ગજબ છે. સૂરતવાળા મૂલચંદ. એવી વાત કરે તો 'ગજબ છે', એમ કહે. ગજબ. આ

ગજબ છે બાપા અંદર. આહાહા! પર આત્માઓ તે તે પર્યાયે પરિણમેલા છે એવું જે સ્વની પ્રતીતનાં જ્ઞાનમાં એ જાતનાં જ્ઞાનની પોતાની પરિણતિની પ્રતીત વર્તે એને અહીંયા પરની કરુણા કહેવામાં આવે છે. એનો સ્વીકાર છે. સમજાણું કાંઈ? કહો, બલ્લુભાઈ! આવું છે આ. આરે, આરે ભારે!

वच्छल—મૈત્રી, પ્રેમ. પોતાનાં અનંત ગુણ પ્રત્યે જેને પ્રેમ વર્તે છે તે સમકિતની પર્યાય છે. પોતાનાં ગુણનો પ્રેમ વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ? सज्जनता—सत् -જનતા. સત્ પોતાનો સ્વભાવ તેની પરિણતિ. સત્‌ની પરિણતિ તે સજ્જનતા. સમજાણું કાંઈ? આહાહા! आतमनिंदा એટલે અર્થ — સ્વલઘુતા કર્યો. નીચલી દશાની વાત કરે છે ને ચોથાની અહીં. સ્વલઘુતા. પર્યાયમાં પૂર્ણતા નથી એવો એને વિવેક વર્તે છે એ એની સ્વલઘુતા છે. પ્રભુતા હોવા છતાં દૃષ્ટિનાં વિષયમાં પૂર્ણ પ્રભુતા કૃતકૃત્ય પ્રભુતા એવી હોવા છતાં પર્યાયમાં લઘુતા છે એવું એને ભાન છે. સમજાણું કાંઈ? એવો એને સમકિતનો પર્યાય ગુણપર્યાય હોય છે. આહાહા!

समता. સમતા હોય છે. વિષમતાનો ભાવ એને હોતો નથી. સમતાનો ભાવ છે એને. સમતામાં વ્યાખ્યા એવી નથી કે સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર અને ખોટા દેવ, ખોટા ગુરુ, શાસ્ત્ર — બધાને સરખા માનીએ તો એ સમતા. એ સમતાની વ્યાખ્યા નથી. સમજાણું કાંઈ? સમતામાં, એવું સ્વરૂપ કુગુરુનું- કુદેવનું- કુશાસ્ત્રનું જેમ છે તેમ જાણે, પ્રરૂપે, ખોટાનો નિષેધ કરે તો એનું નામ સમતા છે. એય! આવે છે ને 'શ્રીમદ્'માં આવતું નથી? 'આતમજ્ઞાન સમદર્શિતા.' સમદર્શીની વ્યાખ્યા કરી છે 'શ્રીમદે' પોતે. સમદર્શીની વ્યાખ્યા એમ નથી કે સાચા ને ખોટાનાં આગમ બધાને સરખા માનવા. એ તો વિકલતા-મૂરખતા છે. મોટા પુસ્તકમાં છે. (શ્રોતા : આપે બતાવ્યું'તું) બતાવ્યું'તું ને. કાઢ્યું'તું ને. એ ઘણાં વર્ષો થઈ ગયા. સમદર્શિતા ને સમતા—જેવું છે તેવું જાણે, જેવું છે તેવું કહે, ઊંધું (હોય) એને ઉથાપે અને સાચું (હોય) એને સ્થાપે તો એને સમતા કે સમદર્શિતા કહેવામાં આવે. આહાહા! સમજાણું કાંઈ?

भगति નો અર્થ — श्रद्धा કર્યો, ભાઈ. भगति છે ને અંદર? એ આત્માની ભક્તિ. સવારમાં ચાલે છે ઈ. આત્માની જેને ભક્તિ વર્તે છે તે એનું લક્ષ પર્યાય છે. સવારમાં આવ્યું'તું ને આજ, નહીં? નિજ પરમાત્માની ભક્તિ તે સમકિત છે. તે મોક્ષનો માર્ગ છે. સમજાણું? ભક્તિનો અધિકાર ચાલે છે ને ઓલામાં. નિજ પરમાત્માનું ભજન—ભજવું. ત્રિકાળ આનંદસ્વરૂપ ધ્રુવ છે એનું ભજન કરવું એટલે એકાગ્રતા થવી એ સાચી ભક્તિ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ એ ઔપચારિક વ્યવહાર એ પુણ્યબંધનું કારણ છે. એ મોક્ષના માર્ગમાં એ છે નહીં. એ બંધના માર્ગ વચ્ચે આવે. પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં

સુધી એ હોય. સવારમાં આવ્યો'તો ખુલાસો. નિશ્ચય મોક્ષમાર્ગ એ સ્વની ભક્તિ છે. પરની ભક્તિ મોક્ષમાર્ગ છે જ નહીં, આહાહા! ગજબ વાત છે ને. વીતરાગમાર્ગ! સવારે આવ્યું'તું. પોતાની પરમાત્માની ભક્તિ એટલે અંદર સ્વરૂપની સન્મુખની એકાગ્રતા. એની શ્રદ્ધા—વિશ્વાસ—પ્રતીત—પૂર્ણાનંદના સ્વીકાર એવી અંદર શ્રદ્ધા જોરદાર શ્રદ્ધા એ સમકિતની પર્યાય છે, લ્યો. સમજાણું કાંઈ? અહીં સ્વલઘુતા કીધું. પછી સમતા કીધી. ભક્તિ પછી શ્રદ્ધા.

विरागता—ઉદાસીનતા. વિકલ્પથી માંડી પુણ્યથી માંડીને બધા પ્રત્યેનો ઉદાસભાવ. એ મારી ચીજ નહીં, મારામાં નહીં એવો જે વૈરાગ્યભાવ, શુભ-અશુભ રાગ પ્રત્યે પણ જ્યાં વૈરાગ્યતા છે. શુભપરિણામ ભક્તિ આદિનાં ઠીક અને અશુભ અઠીક, એ વૈરાગ્ય નહીં. પૂર્ણ સ્વભાવ પોતાનો પૂર્ણાનંદનો સ્વભાવ એનું ભાન અને પ્રતીત, તેમાં આવા પુણ્ય-પાપનાં વિકલ્પથી ઉદાસીનતા છે એને અહીંયા વૈરાગ્ય કહેવામાં આવે છે. બાયડી-છોકરા છોડીને બાવા થયા માટે વૈરાગ્ય થ્યો, એમ નહીં. રાગભાવને અભાવ કરવાનો જે ભાવ એને વૈરાગ્ય કહીએ. આહાહા! સમજાણું કાંઈ? બાકી બધા વેરાગી. આહાહા! એ આઠ પર્યાય કીધી. સમકિતના આઠ ગુણ.

(૫) સમકિતના પાંચ ભૂષણ

શોભા.. શોભા. એ चित प्रभावना. એય! એ તો હવે પોતાનાં જ્ઞાનસ્વભાવની અંદર વૃદ્ધિ - શુદ્ધિ કરવી એ પ્રભાવના, એ જૈનધર્મ. જૈનધર્મ એટલે વીતરાગી પરિણતિ પોતાની એ જૈનધર્મ. એની પ્રભાવના વધારવી એનું નામ પ્રભાવના કહેવામાં આવે છે. પાઠ એવો લીધો જુઓ. એમ અર્થમાં ય જૈનધર્મની પ્રભાવના (કહી). તો જૈનધર્મ એટલે વીતરાગભાવ. સમજાણું કાંઈ? બધે ય ફેર છે બહુ. એ પ્રભાવના. આ તો બહારના વરઘોડા કાઢે ને અપવાસ કરે ને મોટી પ્રભાવના થઈ ગઈ. એય! હમણાં આ વાચ્યું ઘણું. આ મુંબઈમાં અપવાસના ઢગલા ચારે કોર. અપવાસનાં હોં, ઉપવાસના નહીં. માઠાવાસના ઢગલા. ઉપવાસ તો આત્મા આનંદમૂર્તિ પ્રભુ પૂર્ણાનંદની સમીપમાં એકાગ્ર થવું અને શુદ્ધિની વૃદ્ધિ થાય એનું નામ પ્રભાવના અને ધરમ કહેવામાં આવે છે. વિશેષ કહેશે પછી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૮૪, આસો વદ ૧૪, રવિવાર, તા. ૧૭-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાનાધિકાર પદ ૩૧ થી ૩૫ પર પ્રવચન

આ સમયસાર નાટક. ચૌદ ગુણસ્થાનનું વર્ણન. ચોથા ગુણસ્થાનની વ્યાખ્યા ચાલે છે. સમકિતના પાંચ ભૂષણ. એ આવ્યું છે ને. સમ્યગ્દર્શન એના પાંચ ભૂષણ છે એના. શોભા છે એની. સમ્યગ્દર્શન તો આત્મા પરિપૂર્ણ ધ્રુવ નિત્ય આનંદ એવો અંતરમાં સન્મુખ થઈને ભાન થવું, પ્રતીત થવી. જ્ઞાનમાં પૂર્ણસ્વરૂપ ધ્રુવને જ્ઞાનમાં લઈને નિર્વિકલ્પ પ્રતીતિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. જે મુક્તિનું કારણ, દુઃખથી મુક્ત થવાનો એ ઉપાય છે. એના પાંચ ભૂષણ.

(૫) સમ્યક્ત્વના પાંચ ભૂષણ (દોહરા)

चित प्रभावना भावजुत, हेय उपादै वानि।
धीरज हरख प्रवीनता, भूषन पंच बखानि॥३१॥

**અર્થ** :—જૈનધર્મની પ્રભાવના કરવાનો અભિપ્રાય, હેય-ઉપાદેયનો વિવેક, ધીરજ, સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો હર્ષ અને તત્ત્વ-વિચારમાં ચતુરાઈ—આ પાંચ સમ્યગ્દર્શનના ભૂષણ છે. ૩૧.

**अर्थ** :—जैनधर्मकी प्रभावना करनेका अभिप्राय, हेय-उपादेयका विवेक, धीरज, सम्यग्दर्शनकी प्राप्तिका हर्ष और तत्त्व-विचारमें चतुराई ये पाँच सम्यग्दर्शनके भूषण हैं॥३१॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

चित प्रभावना—જ્ઞાનની પ્રભાવના. એનો અર્થ જૈનધર્મની પ્રભાવના. એટલે જ્ઞાન એવો આત્મા એનો જે સ્વભાવ શુદ્ધ જૈનધર્મ વીતરાગભાવ એની પ્રભાવના વિષે વૃદ્ધિ કરવી. ચિત્ત.. ચિત્ત શબ્દ છે ને. જ્ઞાનસ્વરૂપી ભગવાન એની પર્યાયમાં જ્ઞાનની શુદ્ધિ—વૃદ્ધિ કરવી એ જૈનધર્મની પ્રભાવના કહેવામાં આવે. બહારની પ્રભાવના તો શુભ વિકલ્પ હોય એને વ્યવહારે કહેવાય પણ આ ખરી પ્રભાવના આ છે. સમજાણું કાંઈ? પોતાના નિજસ્વરૂપ પૂર્ણાનંદ ને શાંતિથી ભરેલો પદાર્થ પૂર્ણ છે એની અંતર સન્મુખ થઈને, પ્રતીત અનુભવ સમ્યક્‌નો થઈને, અનુભવ થઈને પ્રતીત થાય એમાં ચિત્તની પ્રભાવના એ વિશેષ શોભાનું કારણ છે એમ કહે છે. પોતાના સ્વભાવની પ્રભાવના કે જે સ્વભાવ પવિત્રસ્વભાવ એની પ્રભાવના. चित प्रभावना भावजुत. એવો અભિપ્રાય જેનો હોય. બહારની પ્રભાવના એ તો વ્યવહારનયની વાત છે. એ તો વિકલ્પ છે. એટલે વિકલ્પ એ કંઈ જૈનધર્મની પ્રભાવના નથી. આત્મા આનંદ અને જ્ઞાનનું ભરેલું તત્ત્વ એની દૃષ્ટિમાં

વિશેષ શુદ્ધિ થવી, સ્વના લક્ષની વિશેષ શુદ્ધિ થવી એનું નામ જૈન પ્રભાવના, જૈનધર્મની પ્રભાવના કહેવામાં આવે છે. સમજાણું?

हेय उपादै वानि. હેય ઉપાદેયનો વિવેક હોય, એ સમ્યગ્દર્શનની શોભા છે. રાગાદિ ભાવ એ હેય છે. ખરેખર તો એક સમયની પર્યાય પણ પરદ્રવ્ય તરીકે ગણીને હેય કરી. આહા! સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ અવિનાશી ધ્રુવ અનાદિ અનંત એવું જે તત્ત્વ જે શુદ્ધ છે એ ઉપાદેય છે. બાકી તો પર્યાય રાગાદિ હેય છે. એવો સમ્યક્દષ્ટિને વિવેક હોય છે. સમજાણું કાંઈ? માર્ગ તો અંતરની વાતું છે આ બધી. બહારથી કાંઈ પત્તો ખાય એવું નથી. અરે, વસ્તુ જુઓને કેટલા! શરીરની નબળાઈ થાય, જીર્ણતા થાય, ક્યાંય ઝાંવા નાખે તો ક્યાંય... દવા સારી કરે તો મટે. ધૂળે ય મટે નહીં કોઈ. એને શરણભૂત તો ભગવાન અંદર આત્મા છે. શુદ્ધ પ્રભુ જ્યાં નજર નાખે શાંતિ વળે એ ખુદ ભગવાન પોતે છે. એને નજરમાં લીધે નજરના પરિણામ જ્યાંથી ઊઠે છે એ પરિણામીની ઉપર નજર નાખે શાંતિ વળે એવું છે. આહાહા! એવો એને હેય-ઉપાદેયનો વિવેક હોય છે. 'નિયમસાર'માં ત્યાં સુધી કહ્યું ૫૦મી ગાથામાં. ક્ષાયિક સમકિત એ પરદ્રવ્ય, પરભાવ, હેય. સમજાણું કાંઈ?

એક ભગવાન આત્મા સ્વદ્રવ્ય ખરેખર ત્રિકાળી પ્રભુ એ જ એક ઉપાદેય. આહા! એ નવતત્ત્વની વાત આવે ત્યારે એવું કહેવાય (કે) સંવર ઉપાદેય છે, નિર્જરા હિતકર છે, આસ્રવ અહિતકર છે. પર્યાયની ઉત્પત્તિની અપેક્ષાએ વ્યવહારનયથી વાત છે. પણ વાત તો આ છે. આહા! અરે, એને કંઈક કોને લીધે સુખ મટે, કોના શરણે? આશ્રય, એ શરણ, એનું પકડ, એનું ગ્રહણ. એ આત્મા છે એની પકડ, એનું ગ્રહણ, એનો આશ્રય, એને પડખે ચડતાં, ધ્રુવ ભગવાન આત્મા એને પડખે ચડતાં જે શાંતિ સમ્યક્ થાય. એ પર્યાય પણ ખરેખર હેય થાય. ગજબ વાત છે ને! અને ભગવાન પરમાત્મા પોતે, ઓહોહો! જે પરિણામથી પ્રાપ્ત થયો આત્મા એ પરિણામ પણ હેય છે, કહે છે. આહાહા!

આ એની હેય-ઉપાદેયની પરાકાષ્ઠા છે. સમજાણું કાંઈ? ભગવાન આત્માની શુદ્ધ ભક્તિના પરિણામ પણ હેય છે, કહે છે. આહા! શુદ્ધ ભક્તિ હોં. પર્યાય છે ને. શુદ્ધ ભક્તિ. ત્રિકાળીની અપેક્ષાએ શુદ્ધ ભક્તિ (હેય), શુદ્ધ ભક્તિની અપેક્ષાએ વ્યવહારના વિકલ્પની ભક્તિ હેય. આહાહા! અને વ્યવહારના વિકલ્પની ભક્તિની અપેક્ષાએ બધાં પરદ્રવ્ય હેય. માર્ગ એનો એવો છે. પણ એણે કોઈ દિ' નજરું કરી નહીં, સાંભળ્યું નહીં. સાંભળીને ધીરજથી... જે વસ્તુ ધીરજ ..... સમજાણું કાંઈ? એમાં જ કહેશે, જુઓ.

ઈ જ આવ્યું, જુઓ. ધીરજ છે ને? આહા! બરાબર છે. ધીરજ જોઈએ ત્યાં. આહાહા! એક મોટો સ્વયંભૂરમણ સમુદ્ર એને ઉલેચવાને સળી, સળી.. સળી (શ્રોતા : તણખલું) તણખલું પાણીમાં બોળીને બહાર કાઢે, પાણીમાંથી આમ..... એ ખાલી થવામાં કેટલી ધીરજ જોઈએ? ઉતાવળો થાય તો એ કાંઈ ખાલી ન થાય કાંઈ. આહાહા! સમજાણું કાંઈ? એટલી ધીરજ.. ધીરજ.. ધીરજ. એ એની શોભા છે કહે છે. એનું ભૂષણ છે, એ સમકિતનો દાગીનો છે, એ સમકિતનો શણગાર છે. આહા! ધૂળને શણગારેને હીરાના અલંકારથી. આહા! એને એમ લાગ્યું, ઓહો મરી જાઈએ અને હીરા ..... આ ઉપર તો મારી નજર નહોતી ગઈ. એ ચંદુભાઈ કહે કે એમાં છે. શું કહેવાય એ? (શ્રોતા : બંગડી) બંગડી એમાં હીરા હતા. મારી નજર ન્યાં ન્હોતી ગઈ. ..... એ (ચૈતન્ય) હીરો અંદર છે એની ખબરું ન મળે. આ હીરાની શોભા. આહા! કહે છે કે ધીરજ જોઈએ. આહા!

સમ્યગ્દૃષ્ટિને ધીરજ હોય છે. ઉતાવળે આંબા પાકે નહીં. એટલી ધીરજ એને જોઈએ. આંબો વાવીને જો છ મહિને—બાર મહિને (કેરી) ખાવા માગે, મળે? એનો કાળ જોઈએ. એટલી ધીરજ.. શાંતિ.. શાંતિ. એ એની શોભા. આત્માને માન્યો, જાણ્યો એ એની શોભા છે કેટલી! એમ કહે છે. સમજાણું કાંઈ? આરે, ભારે આવી વાતું! આ કંઈ બહારની પ્રભાવના ને વરઘોડા રથ કરવા, લ્યો. અપવાસ થયા ને સન્માન આપો. દીક્ષા લેવાના ભાવ. દીક્ષા નહીં ભિક્ષા છે. મિથ્યાત્વના પોષકની દીક્ષા છે. આહાહા! એની દયાની વાત છે હોં જીવની. (શ્રોતા : અનાદિકાળથી આવું ...) ભાઈ! તને એમાં શાંતિ નહીં વળે. શાંતિના ધામને નહીં પકડ ત્યાં સુધી શાંતિ નહીં વળે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો હરખ હોય, પ્રમોદ હોય છે. ધર્મીને પોતાના સમ્યગ્દર્શનનો પ્રમોદ-હરખ હોય. કેમ કે આત્મા પૂર્ણાનંદ પ્રભુ એનું ભાન થઈને જે આનંદ આવ્યો સમ્યગ્દર્શનમાં, એનો હરખ હોય છે. સમજાણું કાંઈ? (શ્રોતા : હરખ એટલે રાગ?) ના, ના. હરખ એ ખુશી-આનંદપણું. ખુશીપૂર્વક જે આનંદપણું હોય છે. (શ્રોતા : અતીન્દ્રિય આનંદ?) હા, એને અતીન્દ્રિય આનંદની પ્રસન્નતા હોય છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહા! આમ શરીરે રોમરોમમાં સાતમી નરકની વેદના વેદતો હોય. રોમરોમમાં જેમ લોઢાના ઉના ધગધગતી સોની ફૂટે, એની પીડા કરતાં પણ અનંતગણી પીડા છે. પણ એ પીડા આકુળતા અનંત આનંદનો અનાદર કરીને ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? કહે છે કે સમ્યગ્દર્શન પામ્યાનો હરખ હોય છે.

प्रवीनता, છે ને. तत्त्व-विचारमें चतुराई. ધર્મીને તત્ત્વનો વિચાર કરતાં ચતુરાઈ હોય

છે. ત્રિકાળી વસ્તુ, એક સમયની પર્યાય, રાગ આદિ એનું એને ડહાપણ હોય છે. ધર્મીને આત્માનું ભાન થતાં, જેમ આ મકાન ને પૈસા ભિન્ન ભાસે છે, એવી જ્ઞાનની ચતુરાઈમાં રાગ ભિન્ન ભાસે. સમજાણું કાંઈ? આહા! પોતાના આનંદની સાથે જેનો મેળ નથી એ ભિન્ન ભાસે અંદર. આહાહા! આવો સમકિત અને આ એનો સ્વાદ! આ તો જૈનમાં જન્મ્યા (એટલે) બધા સમકિતી છીએ, જાઓ. અરે, પ્રભુ! છેતરવાના રસ્તા (છે.) ભાઈ! તને તારાં છેતરવાના રસ્તા ન હજો. આહાહા! भूषन पंच बखानि. એ પાંચ પ્રકારના ભૂષણ, કહો. સમ્યગ્દર્શનના ભૂષણ છે, લ્યો. હવે, સમ્યગ્દર્શનમાં પચ્ચીસ દોષ વર્જિત હોય છે. સમ્યગ્દર્શનમાં પચ્ચીસ દોષ વર્જિત સમ્યગ્દર્શન હોય છે.

(૬) સમ્યગ્દર્શન પચ્ચીસ દોષ વર્જિત હોય છે (દોહરા)

**अष्ट महामद अष्ट मल, षट आयतन विशेष।**
**तीन मूढ़ता संजुगत, दोष पचीसौं एष॥३२॥**

**અર્થ :**—આઠ મદ, આઠ મળ, છ અનાયતન અને ત્રણ મૂઢતા—આ બધા મળીને પચ્ચીસ દોષ છે. ૩૨.

**अर्थ :**—आठ मद, आठ मल, छह अनायतन और तीन मूढ़ता ये सब मिलाकर पच्चीस दोष हैं॥३२॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

अष्ट महामद अष्ट मल, षट आयतन એટલે છ સ્થાન સામાયિકના. विशेष એટલે અનાયતન. तीन मूढ़ता ये सब मिलाकर पच्चीस दोष हैं. આઠ મદ. એનો દરેકનો ખુલાસો કરશે. આઠ મળ આગળ આવશે. છ અનાયતન—કુદેવ, કુગુરુ આદિ. तीन मूढ़ता—લોક મૂઢતા, દેવમૂઢતા આદિ. ये सब मिलाकर पच्चीस दोष हैं. સમકિતના દોષ છે ઈ. સમકિતીને આ ૨૫ દોષ હોય નહીં. આહાહા!

આઠ મહામદના નામ (દોહરા)

**जाति लाभ कुल रूप तप, बल विद्या अधिकार।**
**इनकौ गरब जु कीजिये, यह मद अष्ट प्रकार॥३३॥**

**અર્થ :**—જાતિ, ધન, કુળ, રૂપ, તપ, બળ, વિદ્યા અને અધિકાર;—એનો ગર્વ કરવો એ આઠ પ્રકારના મહામદ છે. ૩૩.

**अर्थ :**—जाति, धन, कुल, रूप, तप, बल, विद्या और अधिकार इनका गर्व करना यह आठ प्रकारका महामद है॥३३॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

એ જાતિનો મદ. રાજની માતા, રાણી હોય. રાજમાતા. સમજાય છે કે રાજની બહેન હોય. એનો ગર્વ એ તો દોષ છે. આહા! મા કેવી, એનો પુત્ર કેવો? એનું અભિમાન સમકિતમાં દોષ છે. સમકિતીને હોય (નહીં). હું જ્યાં જ્ઞાયક ચિદાનંદ અધિક પર્યાયથી અધિક નામ જુદો, રાગથી અધિક નામ જુદો. એમ માતાના પક્ષમાં શરીર આદિ એના શેના ગર્વ કરવા? અમારી માતા આવા ઉત્તમકુળની, એનો મદ જ્ઞાનીને હોય નહીં. ધનમદ. લક્ષ્મીનો મદ. બે પાંચ કરોડ પૈસા ભેગા થયા, ફૂલ્યો ફાલે નહીં. ચાલે આમ જાણે આમ હાથ પહોળા લઈને ચાલે આમ. એ મદ અજ્ઞાનીના અજ્ઞાનને સૂચવે છે. પરની લક્ષ્મી જડ છે. ચક્રવર્તીનું રાજ હોય તો પણ એ પર છે. ધર્મી એને ઈ પોતાનો માનતો નથી. પોતે રાજવી. આહાહા! એને ધનનો લાભ ન હોય, ધનનો મદ ન હોય. લાભ છે ને 'લાભ' શબ્દ (પદમાં). લાભનો અર્થ ધન કર્યો. લક્ષ્મી મળે જ્યાં બે-પાંચ કરોડ, ૫૦ હજાર-લાખની પેદાશ મહિને. આહાહા! થેલીયું ની થેલીયું આવતી હોય આમ. ..... અમને અહીં લાભ છે. ક્યાંથી લાભ..? એ તો જડમાં છે. સમજાણું કાંઈ? એને લાભથી જે સામગ્રી મળે એ સામગ્રીનો ગર્વ, એ તો ચિહ્ન બધા મિથ્યાત્વના છે.

કુળ. પિતાનું કુળ. અમે ઉત્તમકુળના. દસ-દસ પેઢીમાં ક્યાંય કલંક લાગ્યું નથી. એના અમે પુત્ર છીએ. અરે, પુત્ર કેવા? આત્મા કોનો પુત્ર? આહા! આત્માની નિર્મળ પર્યાય એ આત્માની પ્રજા, એનો એ બાપ. એ પણ હજી વ્યવહારે કહેવાય. આહાહા! ગજબ વાત છે ને! એક સમયની પર્યાયનો એ સ્વામી અને દ્રવ્યનો સ્વામી નહીં. સમજાણું કાંઈ? એમાં વળી કુળના મદ શા? અમારા પિતા આવા હતા, આવા હતા. આહા! કથામાં વાત આવે છે. બધા ભેગા થ્યા અભિમાનીઓ. એક કહે, મારા બાપે તો પાપડ મૂઠ્ઠી મારીને ભૂક્કો કર્યો છે. બીજો કહે કે મારા બાપે તો માખીને હાથમાં પકડીને ચોળી નાખી છે. સમજાણું કાંઈ? આહાહા! આ બધા અભિમાનીઓની કથા. બધા અભિમાની ભેગા થયા તે એક પછી એક આવી વાતું કરવા માંડ્યા. સમજાણું? મારા બાપે તો પાણીના કળશાના કળશાના ભરીને જગતને પાયા હતા. પરબું બંધાવી. આહાહા! અરેરે ભાઈ! એમાં શું કરે છે તું આ? સમજાય છે કાંઈ? કહે છે કે એ કુળના મદ, એ સમકિતીને દૂષણ છે.

રૂપ મદ. શરીરની સુંદરતા. નમણાઈ એ તો જડની છે. આહા! એ પરમાણુએ પરમાણુમાં એનું પરિણમન જડનું છે. એના રૂપનો મદ કરવો. આહા! અમે રૂપાળા છીએ. અમારા બધા અવયવો નમણાઈ શોભિતા છે. અરે, હવે અમારા એટલે શું? રૂપ

ક્યાં તારા હતા? એ તો જગતના રજકણો એના પરિણમન કાળે પરિણમીને ઊભાં છે. એ તારે કારણે અને તારામાં એ નથી આવ્યાં. મારી આંખ્યું આવી. અને સાઠ સાઠ વરસ સુધી સૂંઠ ચોપડી નથી. રોગ કોઈ દિ' આવ્યો નથી. કહે છે ને ઘણાં? આહા! સૂંઠ ચોપડી નથી સાઠ વરસમાં. એને પણ કોને? જડને. એમાં તને શું છે? સમજાણું કાંઈ? આહા! એના મદ—અભિમાન જ્ઞાનીને હોય નહીં.

તપ, તપ. અમે એટલા તપ કરીએ છીએ. છ-છ મહિનાના અપવાસ. મહિનાના અપવાસ, લ્યો. હરિભદ્રે કીધું ને એના વખતમાં બાઈ હતી મોટી તપસી. હરિભદ્રને? ઈ જ ને? અકબરના વખતમાં કોણ હતા? વીરવિજય. વીરવિજય. વીરવિજયના વખતમાં એક બાઈએ છ મહિનાના અપવાસ કરેલા. જુવાન બાઈ. દિલ્હીમાં ત્યાં એનો વરઘોડો નીકળ્યો'તો. ઓહોહો! આ બાઈ છ મહિના સુધી આહાર નહીં. એ લોકો રોજા કરેને, એક રોજામાં મુશ્કેલ પડી જાય. સવારે ન ખાય ત્યાં રાતે ખાય. છ મહિના સુધી? તારા ગુરુ કેવા. બોલાવો, સામૈયું કરીને બોલાવ્યા ત્યાં. આવે છે ને વીરવિજય. હવે એમાં શું થ્યું? ભાઈ! આહાહા! એ અમે તપ કર્યા ને અમને અમારા ગુરુએ આવા તપ કરાવ્યા. એની શોભામાં ..... કાલ હતો દાખલો એક ઓલાનો. એ વસ્તુ એક એના અભિમાન શા? સમજાય છે? તપના અભિમાન. જાવ્વજીવ અમે રસ નથી ખાતા. શેરડીનો રસ નહીં, કેરીના રસનો અમારે ત્યાગ છે, દહીં દૂધનો ત્યાગ છે. એવા તપનું અભિમાન એ સમકિતનું દૂષણ છે. ખરેખર તો એનું અભિમાન મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા! ભગવાન આત્મા આનંદમાં ઝૂલતા ઉગ્ર શોભા જે આત્માની પર્યાયમાં વીતરાગીદશા થાય, એને તપ કહીએ. એ તપનું અભિમાન જ્ઞાનીને હોતું નથી. આહાહા!

બળ મદ. શરીરનું બળ હોય. ..... બળ તો દેહનું બળ પરમાણુનું છે. એનો મદ છે. એ ધર્મીને શરીરના બળનો, વાણીના બળનો (મદ હોય નહીં.) અમે એક અવાજે બબ્બે કલાક સુધી ભાષણ કરીએ પણ અમે થાકીએ નહીં. એના અભિમાન. અરે, ભગવાન! ભાઈ! વાણી જડ છે ને. કંઠ છે એ ક્યાં તારો ને વાણી ય ક્યાં તારી? આહાહા! સમજાણું કાંઈ? પાંચ-પાંચ લાખ માણસને આમ ભીંજવીએ એવું અમારામાં બળ છે. ભગવાન! એ બળ એ તારું નહીં હોં. બળ તો એને કહીએ બળવંત ભગવાન, એના બળને પરીક્ષા કરીને જે આત્મામાં શાંતિ પ્રગટ થાય, એને બળ કહીએ. બળવંતનો બળિયો થઈ ત્રિકાળ લોક પ્રભુ આત્મા, એવા બળવંતની સાથે એકાગ્ર થઈને જે બળ પ્રગટ થાય, એ બળ છે ધર્મીનું તો. સમજાણું કાંઈ? જે બળ વડે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લે, એ બળ. જડના બળ ક્યા? વાણીના બળ તો માટી-જડ છે. બહુ વાત સૂક્ષ્મ છે આ. સમજાણું કાંઈ?

આમ ધર્મી એમ કે સામાયિક કરીને ધર્મી થઈ જાય, પોષો કરીને ધર્મી થઈ જાય. કાંઈક સમજણ પડી શાસ્ત્રની એટલે ધર્મી થઈ જાય. બાપુ! ધર્મીના લક્ષણ ઝીણાં છે ભાઈ. સમજાણું કાંઈ? જે ધર્મના કારણે જનમ-મરણનો અંત આવે, એવા ધર્મની દશાનો પણ જ્યાં ગર્વ નથી તો એને બળનો ગર્વ શેનો છે ઈ? સમજાણું કાંઈ? આહા! પોતાની ધર્મની પરિણતિ થોડી દેખીને પૂર્ણ પરિણતિની આગળ જેને પામરતા લાગે. સમજાણું કાંઈ? શું કીધું ઈ? આવે છે ને 'સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા'માં. ધર્મી તો પોતાને પર્યાયમાં તુચ્છ માને હોં. આમ તો પ્રભુ છે. પરિણતિ અલ્પ હીણી થોડી દેખીને પૂર્ણ કેવલજ્ઞાનની પરિણતિ આગળ પોતાને પામર માને છે. આહાહા! ક્યાં કેવળજ્ઞાન, ક્યાં અનંતઆનંદ! એને અનંતમેં ભાગે આ દશા પ્રગટી એના ગર્વ શા? સમજાણું કાંઈ? સર્વજ્ઞની સાથે જ્યાં પોતાની પરિણતિને મેળવે, આહા! સમજાણું કાંઈ? એને કાયબળનો મદ ન હોય.

વિદ્યા મદ ન હોય, લ્યો. કાંઈક ભણ્યો શાસ્ત્રનું. ૧૧ અંગ ભણ્યો નવ પૂર્વ. આહાહા! એક-એક શાસ્ત્રના હજાર-હજાર પદ. એક એક પદમાં એકાવન ક્રોડ ઝાઝેરા શ્લોક. એ બધા કંઠસ્થ કર્યા, યાદ કર્યા, ધાર્યા. એ બધું અજ્ઞાન છે એ તો. સમજાણું? ચૈતન્યના સ્વના ઉપયોગ વિનાનો ઉપયોગ એ તો અચેતન છે. આહા! સમજાણું કાંઈ? એને આવી વિદ્યાનું અભિમાન હોય નહીં. આહાહા! વિદ્યમાન ટકતું તત્ત્વ ત્રિકાળ એને આશ્રયે થયેલું જે જ્ઞાન, એ જ્ઞાન પણ પૂર્ણ કેવળની અપેક્ષાએ પામર, તો પરના ભણતરના અભિમાન શા? આહા! સમજાણું કાંઈ? .... એ તો પરઉપયોગ છે. શું કીધું? પરઉપયોગ હૈ. પરઉપયોગ છે. એ અચેતન ઉપયોગ છે. આહાહા! શાસ્ત્રના ભણતરનો ઉપયોગ પરદ્રવ્યના લક્ષે અચેતન છે. જેમાં જ્ઞાનની સાથે શાંતિ ન આવે, અતીન્દ્રિય સુખ ન આવે, એ જ્ઞાન જ નહીં. આહાહા! સમજાણું કાંઈ? પંડિતજી! આહાહા!

વિદ્યા અને જ્ઞાન તો એને કહીએ કે જેમાં અતીન્દ્રિય આનંદ આવે. આ એકલી વિદ્યાનું અભિમાન સમકિતનું દૂષણ—મિથ્યાત્વનું લક્ષણ. સમજાણું કાંઈ? સમકિતનું દૂષણ અને મિથ્યાત્વનું લક્ષણ. આહાહા! જેને શાસ્ત્રજ્ઞાન વિશેષ ન હોય અને આત્મજ્ઞાની ધર્માત્મા હોય, એ પોતાના વિશેષ જ્ઞાનના બળથી એની (શાસ્ત્રજ્ઞાનની) ગણતરી ન ગણે. કારણ કે એનું અભિમાન છે (અજ્ઞાનીને.) સમજાણું કાંઈ? આહાહા! જ્યાં ભગવાન આત્મા પોતાની પર્યાયમાં દ્રવ્યને સ્પર્શીને જે જ્ઞાન થયું એ જ્ઞાન અમૂલ્ય વાત છે. એની કિંમત શું? જેના મૂલ્ય આંકવા એ પણ એનો મૂલ્ય થઈ જાય છે, કોણ આંકે? આહાહા! એની કિંમત આગળ આ બહારની વિદ્યાની કિંમત આંકવા જાય, અજ્ઞાન છે. આહાહા! સમજાણું કાંઈ? વકીલના ભણતર, દાકતરના ભણતર.. (શ્રોતા : શાસ્ત્રના ભણતર) એ શાસ્ત્રની તો પહેલી વાત કરી. હવે આ તો પાછળ રહ્યા. આહાહા! આવો માર્ગ છે.

હિંમતભાઈ! આહાહા! કાં અમે કાંઈ જાણ્યું એ લોકો માને, જાણે, દેખાવ થાય તો કાંઈક ઠીક કહેવાય. એ બધા અભિમાની થઈ ગયા. સમજાણું કાંઈ?

ભાઈએ દાખલો આપ્યો છે ને. 'નિહાલભાઈ'એ દાખલો આપ્યો છે. જંગલનું ફૂલ કે બાગનું ફૂલ, કોઈ સૂંઘે તો જ એની કિંમત છે? અને ન સૂંઘે તો એની કિંમત વઈ જાય છે? દાખલો આપ્યો છે ને એમાં. આપ્યો છે. આ બાજુ છે ક્યાંક. એમ ધર્મીને કોઈ જાણે તો ધર્મીની કિંમત છે? અને ન જાણે તો એની ધર્મીની કિંમત વઈ જાય છે? કોઈ ઓળખતા નથી એવું (શલ્ય) રહી જાય છે અંદર? (શ્રોતા : નવ) નવ? અનંત સિદ્ધ થઈ ગયા કોને (નામ) આવડે છે? ઓળખો છો તમે? અસંખ્ય સમકિતી પડ્યા છે બહાર પશુમાં, ઓળખો છો કોઈને? બહાર આવ્યા છે, કોઇ બહાર પડ્યા છે? આહાહા! સમજાણું કાંઈ?

જેને અંતર્લક્ષ્મી ભગવાન આત્મા એની જ્યાં પ્રાપ્તિ પર્યાયમાં થઈ, આત્મા પ્રાપ્ત થયો એને આવી વિદ્યાના અભિમાન શા હોય? કહે છે. આહાહા! અમને બોલતાં આવડ્યું, ભાષણ કરતાં અમને આવડે અને એથી અમારું જ્ઞાન અધિક કહેવાય. અમને યાદગીરી એટલી કે પાનું ફેરવીને ફટ કહીએ કે આ પાનામાં આમ છે, આ પાનામાં આ લીટીએ આમ છે, આ પાને આ લીટીએ આ છે. જોવાની વાત છે. ભાઈ! શાંતિભાઈ! એટલું અમારું જ્ઞાન. એ જ્ઞાન ન કહેવાય, બાપુ! એવા વિદ્યાના અભિમાન ધર્મીને ન હોય. સમજાણું કાંઈ? જ્યાં એક સમયની પર્યાયથી પણ અધિકપણે ત્રિકાળી ભગવાન ભાસ્યો, હવે એને આવા વિદ્યાના અભિમાન શેના હોય એને? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! વિદ્યાનું અભિમાન.

અધિકારનું અભિમાન. ઈશ્વરતાનું હોય. શેઠાઈની, પ્રમુખતાની આ બીજી તો મોટી ઉપાધિઓ હોય ને. આચાર્યપદની, જુઓને. આ તો ધર્મના નામે ગણિવર્ય, પ્રજ્ઞાશરણ, ફલાણાં, ઢીંકણાં. એ બધી ઉપાધિના અધિકારનું અભિમાન. અમે આચાર્ય છીએ. અમને કોણ કહે? બાપુ! વાદવિવાદ ન હોય, ભાઈ! એને અનંતકાળ એકપણામાં સિદ્ધપદમાં રહેવું છે. અનંતકાળ રહેવું છે જેને, એવા ધર્મીને અંતરના એકત્વમાંથી બહાર વિકલ્પ ને બહારના જ્ઞાનના અભિમાન શાના હોય? એ બધા છૂટી જવાના (છે). સમજાણું કાંઈ? અંતરમાં ઉતર્યો છે અને અંતરમાં પરિણતિ કરીને અનંતકાળ રહેવાની છે એનો સાધક એને આવા વિદ્યાના અભિમાન હોઈ શકે નહીં. આહાહા! સમજાણું કાંઈ? હવે આંહીં તો બધું આવ્યું આમાં. લક્ષ્મી, વિદ્યા, બળ, જાતિ, કુળ, રૂપ. (શ્રોતા : હજી પરથી.....) પરથી આવ્યું ... આહા! ભગવાન ત્રણલોકનો નાથ સચેતન પ્રભુ. સચેતન એની જાત. એની અધિકાઈ આગળ આવી જો અધિકાઈ બીજે થઈ જાય, દૂષણ

છે. ભૂષણને ઠેકાણે દૂષણ છે. इनका गर्व करना यह आठ प्रकारका महामद है. સમજે? મહા શબ્દ પોતે આત્મા છે અંદર. એ મદ અષ્ટ પ્રકાર. આઠ પ્રકારના મદ છે.

ઓહોહો! જેણે અંતર્મુહૂર્તમાં ચાર જ્ઞાન અને બાર અંગ જેણે પ્રગટ કર્યાં એવા ગણધર એ પણ વિનય.. વિનય.. વિનય.. વિનય. પોતાની પર્યાયને પામર જાણે. વસ્તુને પ્રભુ જાણે. પર્યાયને પામર જાણે પણ પ્રભુતાની અપેક્ષાએ. એને કોના મદ? સમજાણું કાંઈ? પરવસ્તુનું અભિમાન એ મિથ્યાત્વનું લક્ષણ છે. આહાહા! એણે પોતા કરતાંય એમાં કાંઈક અધિકપણું માન્યું, અધિકપણું માન્યું. પોતે અધિક છે પરથી એમ ન માન્યું. સમજાણું કાંઈ? ધર્માત્મા હોય અને બોલતા સમજાવતાં ન આવડે. અને પોતે અજ્ઞાની છે અને સમજાવતાં બોલતાં આવડે એટલે એને એમ લાગે કે હું કાંઈક છું. સમજાણું કાંઈ? પંડિતજી! ભારે આકરું. આહાહા! ભાઈ! તું કોણ છો? ક્યાં છો? એની તને ખબર વિના આવું જ એક વિદ્યાનું જ્ઞાન કે આ પ્રકારનું અભિમાન એ તો દૂષણ છે. ભૂષણને દૂષણ કરી નાખ્યું તેં. સમજાણું કાંઈ?

આઠ મળના નામ. હવે આઠ મળ કહે છે.

આઠ મળના નામ (ચોપાઈ)

आसंका अस्थिरता वांछा।
ममता द्रिष्टि दसा दुरगंछा॥
वच्छल रहित दोष पर भाखै।
चित प्रभावना मांहि न राखै॥३४॥

**અર્થ** :—જિન-વચનમાં સંદેહ, આત્મસ્વરૂપમાંથી ડગવું, વિષયોની અભિલાષા, શરીરાદિમાં મમત્વ, અશુચિમાં ગ્લાનિ, સહધર્મીઓ પ્રત્યે દ્વેષ, બીજાઓની નિંદા, જ્ઞાનની વૃદ્ધિ આદિ ધર્મ-પ્રભાવનાઓમાં પ્રમાદ;—આ આઠ મળ સમ્યગ્દર્શનને દૂષિત કરે છે. ૩૪.

**अर्थ** :—जिन-वचनमें सन्देह, आत्मस्वरूपमें चिगना, विषयोंकी अभिलाषा, शरीरादिसे ममत्व, अशुचिमें ग्लानि, सहधर्मियोंसे द्वेष, दूसरोंकी निंदा, ज्ञानकी वृद्धि आदि धर्म-प्रभावनाओंमें प्रमाद ये आठ मल सम्यग्दर्शनको दूषित करते हैं॥३४॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

પહેલો જિનવચનમાં સંદેહ. વીતરાગભાવમાં સંદેહ. આવો વીતરાગભાવ હોય? સમજાણું કાંઈ? (કથામાં) આવે છે ને. આચાર્યે કહેલું કે ભાઈ, આ મંત્રીઓ આવે છે હમણાં, બોલશો નહીં કાંઈ. ...... મુનિઓ આવ્યા ને. અને ધ્યાનમાં બેઠા બધા. એટલે આચાર્યે હુકમ કર્યો કે કાંઈ ..... છે ગામમાં ભઈ. માટે કોઈ એમનો મંત્રી આવે તો

બોલવું નહીં. અને .... ન બોલ્યાં. મંત્રીને એમ થયું, જોયાં આ બધા બળદ જેવા છે. કાંઈ જાણતા નથી ને મૌન રાખીને પોતાનું મોટપ બતાવે છે. ઠીક. રાજાને ભરમાવ્યો. રાજા અન્યધર્મી હતો ને. બોલતાં સમજાવતાં આવડતું નથી, આમ મૌન કરીને બેઠા છે. રાજાને કહે, એ બધા બળદ જેવા છે. આહાહા! ત્યાં ..... મૌન છે અને શા કારણે ધ્યાનમાં છે એની ખબર હતી. સમજાણું? અને વળી રસ્તામાં ઓલા મુનિ મળ્યા. રાજાને કહ્યું, રાજા! જુઓ આ ..... બળદ જેવું પેટ ભરીને ચાલ્યા આવે છે. આહા! ઓલાને વળી એમ થયું ..... શું છે, ભાઈ! એ બધા મૂંગા બેઠા હતા. ....... એ કાઉસ્સગ. ત્યાં મુનિને આમ થયું, બાપુ! ભાઈ! અમે કંઈ ..... શાસ્ત્રાર્થ કરીએ આપણે. શાસ્ત્રાર્થ કરવા ગ્યા ત્યાં ઓલો પાછો પડી ગયો. અરે, એ મહામુનિ હતા, ધર્માત્મા. એને બહારની ક્યાં પડી હતી. આવો પ્રસંગ ઊભો થ્યો એ વિકલ્પ આવ્યો.

બાપુ! ભાઈ! શાસ્ત્રાર્થ કરો. અમને આવડે છે કે નથી આવડતું, અમને અજ્ઞાની છીએ, મૂઢ છીએ. જુઓ, ભાઈ! હારી ગ્યા. મારી નાખવાનો અભિપ્રાય કરેલો ઓલાએ. આહા! ગજબ કરે છે ને. જીવ શું શું કરે છે? બોલતાં નથી આવડતું એથી મૌન કરીને બેઠા છે, એમ. બાપુ! શા કારણે છે એની તને ખબર નથી, ભાઈ! શેના તને અભિમાન? આહાહા! અંતે વળી ઠેકાણે પડ્યા ઈ. મુનિના, ..... શું કહેવાય આ? વિષ્ણુકુમાર. ..... આહાહા! જીવે શું કર્યું છે અને કેવા સ્વચ્છંદ સેવ્યા છે, એની એને ખબરે ય નથી. કોને સ્વચ્છંદતા કહેવાય અને કોને દોષ કહેવાય. એને અમે ગુણમાં ખતવીએ છીએ. સમજાણું કાંઈ? આહાહા! આ શંકા. વીતરાગભાવમાં સંદેહ એ મળ છે, કહે છે. મેલ છે. પવિત્રતામાં એ મેલ છે. વીતરાગભાવ એટલે એમાં રાગનો કણે ય નહીં એવી દશા થતી હશે? એવી એ શંકા એને અહીંયા સંદેહ કહેવામાં આવે છે.

आत्मस्वरूपमें चिगना. અસ્થિરતા. સ્વરૂપથી ડગવું. આહાહા! દોષ છે, મળ છે. અરે, વિકલ્પમાં આવવું એ સ્વરૂપથી એટલો ચગ્યો છે. એ દોષ છે એટલો. સમજાણું કાંઈ? સ્વરૂપ ભગવાન આત્મા એ જ્ઞાનને ખીલવ્યો પ્રભુ. વિકલ્પમાં આવ્યો એટલો ઈ સ્વરૂપથી પર્યાયમાં ખસી ગયો છે. એ દોષ છે. મળ-મેલ છે. આહાહા! ગજબ વાત છે ને! એ ધર્મ પ્રભાવનાના નામે જે વિકલ્પ ઉઠ્યો એ મેલ છે. સમજાણું કાંઈ?

वांछा. મેલ છે. અરે, સ્વવિષયને છોડી અને રાગ ને પરને વિષય બનાવે, વિષયોની કાંક્ષા કરે, ભોગની, સ્વર્ગની, શરીરના માંસ ને..... એવી વિષયની કાંક્ષા, આબરૂની, મોટા જણાવાની – એવી જે વાંછા (એ) દોષ છે મોટો. સમજાણું કાંઈ? છે ને વિષયોની અભિલાષા. અરે, જેને આનંદની ભાવના છે એને વિષયની ભાવના કેમ હોય? સમજાણું કાંઈ? આહાહા! શુભભાવમાં આવવું એ પણ એક નપુંસકતા છે. તો

એની અભિલાષા કરવી, એ મારે કરવા જેવું છે, એ તો મળ-મેલ આકરો છે. આહા! સમજાણું કાંઈ? એ વીતરાગના માર્ગ! એ રાગ વિનાનો પ્રભુ અને રાગ વિનાનો માર્ગ એ જેને બેઠો છે એને આવાં મેલ એને હોય નહીં, એમ કહે છે.

મમતા, લ્યો. શરીર આદિસે મમત્વ. એટલા આ મારાં, એવો ભાવ એને હોય નહીં. હોય તો એ મેલ છે. શરીર, બાયડી, છોકરાં, પૈસા, મારાં. મારાં ક્યાંથી આવ્યા? જીવને આ અજીવતત્ત્વ ને બીજા જીવ તત્ત્વ તારે ક્યાંથી આવ્યા? ભારે કામ ભાઈ! સમજાણું કાંઈ? આ અમારી દુકાન, આ અમારી પદવી, આ અમારે ઘરે બૈરા સારા કુળના, દીકરાઓ મોટા લોઢા જેવા આઠ, પાંચ-પાંચ હજારની પેદાશ લાવનારા — એવી આ મારાં એવી મમતા મિથ્યાત્વનું લક્ષણ છે. ભારે કામ ભાઈ આકરું. સમજાણું કાંઈ? કેટલું વર્ણન કર્યું સ્પષ્ટ.

મમતા. અશુચિમેં ગ્લાનિ, દુર્ગંછા. શરીરની અશુચિ હોય તે જડની પર્યાય છે. વિષ્ટા હોય, સડેલા મીંદડાના કલેવર હોય, સડેલા કૂતરા ને બકરાના બચ્ચા ગંધાતા હોય. એ તો જડની પર્યાય છે. એ પર્યાયનું સ્વકાળ છે અને ઈ જ પર્યાય એનું સ્વરૂપ છે. એના ઠેકાણે અશુચિ કરવી, આ કેમ? આ કેમ—તારા જ્ઞાનમાં એ જણાય છે કે આ છે. તારા જ્ઞાનનો પર્યાય જ એવો છે કે એ વખતે આ જાણે. આ કેમ — એનો અર્થ કે તારા જ્ઞાનની પર્યાયનો તું નિષેધ કરે છે. આવું કેમ જણાય? તારો પર્યાય એવો જ છે. સમજાણું કાંઈ? એ અશુચિ દોષ છે જ્ઞાનીને. આહાહા!

આવે છે ને દાખલો? ક્ષુલ્લક હતા. ઉલ્ટી થાતી. આમ આવે છે. આપણે ત્યાં પડ્યું છે કે નહિ? માથે પડ્યું છે, નહિ? ઓલાની સાથે. ગ્લાનિ ન હોય. સંતોના શરીર સડેલા કોઢ હોય. એથી કરીને ગ્લાનિ. અમે પણ આવા નિરોગી શરીરે રહીએ છીએ અને આ મુનિ. કહે છે કે આવા મુનિ છે, મોટા ધર્માત્મા છે. આંગળીએ કોઢ. રસી, રૂધિર ને પરુ જાય છે. બાપુ! એ શરીરનો સ્વભાવ છે. પરની પર્યાયે એને પ્રગટી છે માટે એને નિરોગતા જ હોય શરીરમાં, એવું કોણે કહ્યું? સમજાણું કાંઈ? આહાહા!

લ્યો, નવનીતભાઈને નબળાઈ એટલી છે અંદર. એ બોલતા હતા હોં આ બધી વાત. આ દવાઓ ઉલ્ટી પડી. અહીંયા હવાફેર .... કર્તા હોવાનો અહીં ભાવ હોયને બિચારાને. નીકળ્યા પછી કહે છે કે ઝાડા થયા. બહેન આવી'તી ને નાની. ...ભાઈની દીકરી. ચાર ઝાડા ને પાંચ-પાંચ ઝાડા. હવે શરીર એવું .... માંડ માંડ ઊભા થ્યા. આહા! જુઓ, આ પણ .... છે. શરીરનો સ્વભાવ છે એમ બને. એમાં છે શું? એમાં દુર્ગંછા કરવા જેવું (નથી). ગંધાય ઝાડા હોં. એવા ગંધાય.. ગંધાય. (શ્રોતા : દરદીઓની સેવા

કરે..) હોય છે પણ..... મનસુખભાઈ .. રાજકોટ. ..... એમના ભાઈ હતા. એ ગ્યા'તા એકવાર દર્શન કરવા. સેંકડો ઝાડા. બેસે ને ઉઠે, બેસે ને ઉઠે. ગંધ મારે, ગંધ મારે. બાપુ! એ તો પર્યાયનો ગુણ છે, ભાઈ! એની દીકરી સાથે એની. સમજાણું કાંઈ? એની દુર્ગંછા ન હોય ને અનુકૂળતાનો એને રાગ (ન) હોય. આહા! ધર્મી જીવને આવા ભાવમાં દુર્ગંછા હોય નહીં. એ તો જાણે છે (કે) એ વસ્તુનો સ્વભાવ છે. અરેરે, ધર્માત્માને આવું? એમ કરીને ધિક્કાર કરે. પ્રેમ કરે એ જુદી વસ્તુ છે. લ્યો, આ ધર્માત્મા. ધર્માત્માને તો લબ્ધિ પ્રગટવી જોઈએ. એ લબ્ધિ પ્રગટી હોય તો ય ધર્મી એનો ઉપયોગ ન કરે, સાંભળને. આહા! જે જાતના ઉદય છે એ આવીને ખરી જાય છે. આહાહા! દુર્ગંછા શેની? આવો માર્ગ છે આ. સમજ્યા? દુર્ગંછા.

સ્વધર્મીઓ પ્રત્યે દ્વેષ. વત્સલરહિત શબ્દ છે ને. પ્રેમરહિત. સાધર્મી પ્રત્યે પ્રેમ નહીં એ દોષ છે. આહા! બાયડી, છોકરા ઉપર પ્રેમ. જરીક એને થાય ઉહુંહું... ઊંઘ ન આવે એના બાપને. અરેરે, દીકરા, તને આ ન હોય. હવે ધૂળમાં માળા ... ઓલા જ્યાં ખોટા એને માટે તને તાલાવેલી, શું કહેવાય? તલપાપડ. એવું કહે છે ને કાંઈ? તલપાપડ થાય. ભાઈ! મને સુખ આવતું નથી. તને સુખ આવે તો આપણે સરખું જાઓ. હવે ન્યાં એનો પ્રેમ અને ધર્માત્મા – શ્રાવક-શ્રાવિકા, આર્જિકા, સાધુ એના પ્રત્યે પ્રેમ નહીં. પણ એનો અર્થ જ આંહીં કર્યો છે કે દ્વેષ. આહાહા! સાધર્મીની અધિકતા દેખીને એને દ્વેષ થાય. આ વળી મારાથી આગળ વધ્યો. એ દ્વેષ છે. મળ છે. કહો, સમજાણું કાંઈ? એ દોષ છે. આહાહા!

दोष पर भाखै—નિંદા. પરની નિંદા કરવાના ભાવે નિંદા કરે. વસ્તુ બતાવે એ જુદી ચીજ છે. પણ એનો તિરસ્કાર કરવા નિંદા કરે એ મળ છે. જરી વિખવાદ હોય તકરાર દોષવાળા ...... સમજાણું કાંઈ? આહાહા! એવો માર્ગ વીતરાગનો. જ્યાં કોલાહલ નથી, શાંતપણું છે. વિકલ્પનો પણ કોલાહલ છે, કહે છે. પોતે જ કષાય અને આકુળતા છે. એને બીજાના દેખીને નિંદા કરવી. શેની નિંદા? એ એનો પર્યાયનો કાળ જ એવો એને છે એમ પરિણમે છે. સમજાણું કાંઈ? આહાહા!

ज्ञानकी वृद्धि आदि धर्म-प्रभावनाओंमें प्रमाद. चित प्रभावना मांहि न राखै. આવ્યું છે ને ઈ છેલ્લો. ઓલામાં ચિત્ત (શબ્દ) આવ્યો'તો. ચિત્ત પ્રભાવના. પાંચ ભૂષણમાં પહેલો (શબ્દ) આવ્યો. આહાહા! અહીંયા એ ચિત્ત. ચિત્ત એટલે જ્ઞાન. ભગવાનસ્વરૂપ આત્મા જ્ઞાનસ્વરૂપ એની વૃદ્ધિ, એવો ઉપકાર, પ્રસન્નતા, એમાં પ્રમાદ કરે. આવું ન કરતાં પ્રમાદ આળસુના ઘર. સંસારના કામમાં આમ પ્રમાદ (ન કરે). આમ કરું, આમ કરું, આમ કરું, આમ કરું, આમ કરું. અને આવા જે પોતાના ધર્મના કામમાં

વૃદ્ધિભાવમાં ધર્મ પ્રભાવના, પોતાનો ધર્મ પ્રભાવના હોં. આહાહા! પરને કોણ કરે ને ક્યાં કરે? ભાઈ! વાણી ક્યાં એની છે? વિકલ્પ ક્યાં એનો છે કે એના વડે પ્રભાવના થાય? આહા! આંહીં તો પોતાનો જ્ઞાન આદિ ધર્મ જે છે એમાં પ્રમોદ કરે, એમ. એ આઠ મળ સમ્યગ્દર્શનના દૂષણ છે.

છ અનાયતન (દોહરા)

कुगुरु कुदेव कुधर्म धर, कुगुरु कुदेव कुधर्म।
इनकी करै सराहना, यह षडायतन कर्म।।३५।।

**અર્થ :—**કુગુરુ, કુદેવ, કુધર્મના ઉપાસકો અને કુગુરુ, કુદેવ, કુધર્મની પ્રશંસા કરવી એ છ અનાયતન છે. ૩૫.

**अर्थ :—**कुगुरु, कुदेव, कुधर्मके उपासकों और कुगुरु, कुदेव, कुधर्मकी प्रशंसा करना ये छह अनायतन हैं।।३५।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

कुगुरु कुदेव कुधर्म धर—એના ધરનારા, માનનારા. એને લીધા પહેલા. કુદેવ-કુગુરુ- કુધર્મને માનનારા અને કુગુરુ-કુદેવ-કુધર્મ પોતે – એમ છ. સમજાણું કાંઈ? કુગુરુ-કુદેવ-કુધર્મ. પુણ્ય-પાપને ધર્મ માનનારા. ધરનારા છે એને ધારણ કરનારા. કુદેવ-કુગુરુ-કુધર્મને ધારણ કરનારા અને કુદેવ-કુગુરુ- કુધર્મ પોતે – એ છ થયા. इनकी करै सराहना—એના વખાણ કરે. કુદેવ-કુગુરુ-કુધર્મને માનનારાના વખાણ કરવા એ અનાયતન છે. ધર્મના સ્થાન નથી. એના વખાણ કરવા એ અનાયતન છે. આહાહા! એ તો કુધર્મના સ્થાન છે. સમજાણું કાંઈ? આહા! ભારે! કુદેવ-કુગુરુ-કુધર્મને કરનારા એટલે માનનારા, એની સરાહના કરે, પ્રશંસા કરે, અનુમોદે એ અનાયતનને આયતન માને છે. છે અનાયતન. દોષ છે. એને છોડવા જોઈએ એને ઠેકાણે ઈ માને છે. દોષ છે. અને કુદેવ-કુગુરુ- કુધર્મ પોતે વસ્તુ. કુગુરુ વસ્તુ, કુદેવ વસ્તુ, કુધર્મ (વસ્તુ). એને માનનારા અને ત્રણ આ. इनकी करै सराहना, લ્યો. यह षडायतन कर्म. એ છ અનાયતન રૂપી કાર્ય એ બધાં મિથ્યાત્વના લક્ષણ છે. એ અનાયતનના દોષને છોડી સમકિતની નિર્મળતા પ્રગટ કરવી, એનું નામ અનાયતનનો ત્યાગ ને દોષનો ત્યાગ કહેવામાં આવે છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૮૫, આસો વદ ૧૪, સોમવાર, તા. ૧૮-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાનાધિકાર પદ ૩૬ થી ૪૧ પર પ્રવચન

સમયસાર નાટક છે. ચૌદ ગુણસ્થાન અધિકાર. સમકિતીને કેવા ગુણ હોય અને કેવા દોષનો ત્યાગ હોય એની વાત છે. ચોથું ગુણસ્થાન સમ્યગ્દર્શન. નિશ્ચય સમ્યગ્દર્શન તો સાચું તત્ત્વ, એના વ્યવહારમાં આવા દોષો ન હોય એમ અહીંયા સાબિત કરે છે, સિદ્ધ કરે છે. નિશ્ચય તો આત્મા પરિપૂર્ણ ધ્રુવ નિત્ય આનંદની સન્મુખ થઈને, રાગ મિશ્રિત દશા છોડીને સ્વભાવની અંતર એકતા થવી એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન, વસ્તુ જે વસ્તુ છે એને અવલંબીને આશ્રયે પ્રગટ થાય છે. દેવ-ગુરુ અને ધર્મ-શાસ્ત્ર આદિ એના અવલંબે પણ સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ?

એ દેવ, ગુરુ ને શાસ્ત્ર એ તો પરચીજ છે. એને માનવાથી... વાતો અજબની છે, ભઈ! શુભભાવ થાય એ આત્માને નુકશાનકારક છે. વાત આવી છે વસ્તુની. સમજાણું કાંઈ? જેટલો આત્મામાં શુભ-અશુભભાવ એ પરઆશ્રિત થાય છે એ બધો નુકશાનકારક છે. એવી પરની દૃષ્ટિ છોડી, નિમિત્ત છે એની દૃષ્ટિ છોડી, એના (દેવ-ગુરુના) લક્ષે થતા શુભભાવ એનું પણ લક્ષ છોડી. એને જાણવાની એક સમયની જ્ઞાનની પર્યાય છે. જે દેવ-ગુરુએ કહ્યું તેનું જ્ઞાન પોતાથી થયું એ પણ પરલક્ષી છે. એ પણ વસ્તુને નુકશાનકારક છે. આરે! આહાહા!

આ તો સમ્યગ્દર્શન એટલે મુક્તિ થઈ ગઈ એની. કેમકે વસ્તુ જે છે ધ્રુવ દ્રવ્ય વસ્તુ પરમાત્મા પોતે મુક્તસ્વરૂપ છે ઈ. સમજાય છે કાંઈ? અબદ્ધસ્પૃષ્ટ કહો કે મુક્તસ્વરૂપ કહો. એવા ભગવાન આત્મા! એને નવ તત્ત્વની શ્રદ્ધા એવી હોય એની, પણ એ કંઈ મૂળ ચીજ નથી. આહા! સમજાણું કાંઈ? હોય તો ય વિકલ્પ છે. પણ એને આશ્રયે સમ્યગ્દર્શન થાય એમ નથી. શાંતિભાઈ! એક સમયની પર્યાય છે. એક અંશ છે એને આશ્રયે સમ્યગ્દર્શન ન થાય. સમજાણું કાંઈ? એ તો પરમાત્મા પોતે શુદ્ધ આનંદઘન એનો આશ્રય લેતાં બીજાની તરફથી એની મુક્તિ થઈ જાય છે. ત્યારે એને સ્વભાવ તરફની દૃષ્ટિ થાય છે, ત્યારે તેને જ્ઞાન અને શ્રદ્ધામાં આનંદ આવે છે એને સમકિત કહીએ. સમજાણું કાંઈ?

એને આ છ અનાયતન ન હોય, એમ કહે છે. સમ્યગ્દૃષ્ટિ આ કુદેવ, કુગુરુ અને કુધર્મ, એના ધરનારાની પ્રશંસા ન કરે ઈ. આહા! સમજાણું કાંઈ? કુગુરુ, કુદેવ અને

કુધર્મ અને એના ધરનારા એનું એને પ્રશંસાપણુ ન હોય. સમકિતી એને અનુમોદે નહીં. એ પણ એને યોગ્ય ઠીક કરે છે એમ ન હોય, એમ કહે છે. આકરું કામ ભારે! ગામથી જુદાં જવું પડે, જુદું પડવું પડે. નહિ? આખા ગામમાં બધામાં હા.. હા કરીને બધામાં ગયા હોય. હવે એમાંથી જુદું પડવું હોય, લ્યો. બધા ધર્મમાં જાતા હોય, બધાને પગે લાગતા હોય, બધામાં મોઢા આગળ (રહેતા હોય) હવે એમાંથી ખસવું. એને ખસવું તો ઠીક પણ એને એ છે એ ઠીક છે, એમે ય (હોય) નહીં.

આ તો એક આત્મા પરમાનંદની મૂર્તિ નિત્યાનંદ પ્રભુ ધીરજનો ઢગલો. આ ભગવાન ધીરજનો ઢગલો છે, શાંતિનો સાગર છે, અનાકુળ આનંદનો એ દરિયો છે. આહા! એની દૃષ્ટિમાં એને આવા કુસ્થાન—(કુ)ધર્મના સ્થાન નથી. એને પ્રશંસે નહીં, એની સરાહના ન કરે ઈ. આહાહા! સમજાણું કાંઈ? કુગુરુ, કુદેવ ને કુધર્મના ધરનારા અને એ પોતે કુદેવ, કુગુરુ ને કુધર્મ – છની સરાહના ન કરે ધર્મી. સમજાણું કાંઈ? જૈનમાં પણ વસ્ત્ર રાખીને મુનિપણું માનનારા, એના શાસ્ત્રમાં પણ વસ્ત્ર સહિત મુનિપણું કહ્યું, એ બધા કુશાસ્ત્રો અને કુધર્મ અને કુગુરુ છે. આકરું કામ ભારે! સમજાણું કાંઈ? માર્ગ તો આ છે ભાઈ.

તીન મૂઢતાકા નામ. છની વાત થઈ. ત્રણ બાકી રહ્યા. પચ્ચીસ (દોષ)નો કર્યો સરવાળો.

ત્રણ મૂઢતાના નામ અને પચ્ચીસ દોષોનો સરવાળો (દોહરા)

देवमूढ़ गुरुमूढ़ता धर्ममूढ़ता पोष।
आठ आठ षट तीन मिलि, ए पचीस सब दोष॥३६॥

**અર્થ :**—દેવમૂઢતા અર્થાત્ સાચા દેવનું સ્વરૂપ ન જાણવું તે, ગુરુમૂઢતા અર્થાત્ નિર્ગ્રન્થ મુનિનું સ્વરૂપ ન સમજવું અને ધર્મમૂઢતા અર્થાત્ જિનભાષિત ધર્મનું સ્વરૂપ ન સમજવું; આ ત્રણ મૂઢતા છે. આઠ મદ, આઠ મળ, છ અનાયતન અને ત્રણ મૂઢતા—એ બધા મળીને પચ્ચીસ દોષ થયા. ૩૬.

**अर्थ :**—देवमूढ़ता अर्थात् सच्चे देवका स्वरूप नहीं जानना, गुरुमूढ़ता अर्थात् निर्ग्रन्थ मुनिका स्वरूप नहीं समझना और धर्ममूढ़ता अर्थात् जिनभाषित धर्मका स्वरूप नहीं समझना ये तीन मूढ़ता हैं। आठ मद, आठ मल, छह अनायतन तथा तीन मूढ़ता सब मिलाकर पच्चीस दोष हुए॥३६॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

પહેલા આઠ કહ્યા'તા ને મદ. આઠ મદ, આઠ મળ=૧૬ + ૭ અનાયતન=૨૨. અને આ દેવ, ગુરુ, ધર્મની મૂઢતા એ ત્રણ (મળી) પચ્ચીસ. આહાહા! देवमूढ़ता अर्थात् सच्चे देवका स्वरूप नहीं जानना. ભગવાન સર્વજ્ઞ જેમને એક સમયમાં ત્રણકાળનું જ્ઞાન અને અનંત જેને આનંદ એવા દેવના સ્વરૂપને મૂઢ થઈને ન જાણવું એવી મૂઢતા સમકિતીને હોય નહીં, એમ કહે છે. આવા દેવ! ઓહો! જેને આહાર નહિ, પાણી નહિ, વસ્ત્ર નહિ, પાત્ર નહિ, બોલવાની ઈચ્છા નહિ. સમજાણું કાંઈ? એવા જે દેવ અરિહંત સર્વજ્ઞ પરમાત્માના સ્વરૂપને ન જાણે, મૂઢતા રાખે એ દોષ છે. ધર્મીને એ હોઈ શકે નહીં.

गुरुमूढ़ता अर्थात् निर्ग्रन्थ मुनिका स्वरूप नहीं समझना. વાહ! જેના રાગ અને દ્વેષ ગળી ગયાં છે, જેને અંતરમાં નિર્ગ્રંથદશા વીતરાગી ઝૂલે ઝૂલે છે એવા સંતોની દશા અને બાહ્યમાં એની નગ્ન આદિની દશા – એની જેને મૂંઝવણ-મૂઢતા એ સમકિતીને હોય નહિ. આહાહા! સમજાણું કાંઈ? ગુરુમૂઢતા—જેને તેને (ગુરૂ) માનવા એવી ગુરુમૂઢતા ધર્મીને ન હોય. જ્યાં આત્મદેવ પ્રગટ્યો છે જ્ઞાનમાં, આત્મગુરુ જેને શ્રદ્ધા જ્ઞાનમાં આવ્યો છે અને આત્મા જ પોતે સિદ્ધાંતોનું રહસ્ય છે પોતે. આહાહા! સમજાણું કાંઈ? ગ્રંથ, ગુરુ ને દેવ – ત્રણે પોતે આત્મા છે એવું જેને અંતરમાં ભાન થયું, એને આવા ગુરુ આદિની મૂઢતા ન હોય એને. સમજાણું કાંઈ?

હવે આ ય સાચા, આ ય સાચા, સમન્વય કરો. અત્યારે એ ચાલે છે ને બહુ? તો લોકોને સારું લાગે. બાપુ! કોઈ પ્રત્યે વિરોધ ન હોય, કોઈ પ્રત્યે દ્વેષ ન હોય. પણ સ્વરૂપ તો જેવું હોય એવું હોયને. બીજી શી રીતે હોય? સારા—નરસાં બધાને ખતવે ભેગાં, એ તો મૂઢતા છે. ક્યોં પંડિતજી? આહાહા! વ્યક્તિ (માત્ર) તો પરમાત્મા છે બધા જ્ઞાનસ્વરૂપી ભગવાન. એની પર્યાયમાં દોષ છે એટલે એને કંઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ અને દ્વેષ હોતો નથી. સમજાણું કાંઈ? એવા સમકિતી જેને આત્માનો આશ્રય મળ્યો છે, જેની પર્યાયમાં આવશ્યકતા દ્રવ્યની છે એવો જે અવલંબન અને આધાર મળ્યો, એને આવી ગુરુની મૂઢતાનો અભાવ હોય છે. આહાહા!

ધર્મમૂઢતા—જ્યાં ત્યાં ધર્મ માની લઈએ. .....ધર્મ છે. કો'કનો પરોપકાર કરવો એમાં ધર્મ છે ને પુણ્યના ભાવમાં ધર્મ છે. કારણ કે શાસ્ત્રમાં પુણ્યને ય ધર્મ કહ્યો છે, લ્યો. (શ્રોતા : ભોગરૂપ ધર્મ) ભોગનું કારણરૂપ ધર્મ કીધો. આહાહા! ધર્મ તો વીતરાગી પરિણતિ આત્માની એવો એનો ધર્મ નામ આત્માનો સ્વભાવ વીતરાગસ્વરૂપ છે, એવી જેની વીતરાગી પરિણતિ પ્રગટ થવી એનું નામ ધર્મ છે. વિકલ્પોની લાગણી ઊભી કરવી અને એને ધર્મ માનવો એ ધર્મમૂઢતા છે. આહા! આ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ થતાં ધર્મ

થાય એ પણ ધર્મમૂઢતા છે. એય, બલુભાઈ! વાત તો આવી છે. સત્ સ્વરૂપ આવું છે. આહાહા! એ કહે છે અહીંયા. धर्ममूढता पोष. અજાણે એનું પોષણ એને ન હોય. जिनभाषित धर्मका स्वरूप नहीं समझना ये तीन मूढ़ता हैं, લો.

વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માએ વીતરાગ પરિણતિને ધર્મ કહ્યો. તો એ આત્મા જ વીતરાગસ્વરૂપ છે આખો ત્રિકાળી એવા ધર્મમાં મૂઢતા રાખવી, એ ધર્મીને મૂઢતા ન હોય. જિનભાષિતનો અર્થ, વીતરાગે જે આ કહ્યું અને આત્મામાં પરિણતિ ઊભી થઈ (તો) જિન પોતે છે. એની શ્રદ્ધા-જ્ઞાનની પરિણતિ ઊભી થઈ એ જિનભાષિત ધર્મ છે વીતરાગી. આહાહા! ભારે કહ્યું. સમજાણું કાંઈ? આ મંદિર બનાવીને ધર્મ માનવો એ મૂઢતા છે, એમ કહે છે. એ શુભભાવ હો, પણ એ નુકશાનકારક છે એમ ન માને તો એની મૂઢતા છે. આહાહા! જેનાથી નુકશાન છે એનાથી લાભ માને તો વિપરીત દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? ખરેખર તો નિમિત્તથી લાભ નથી એમ માને છતાં એને નિમિત્તથી કંઈક લાભ થશે એવો ઊંડો અભિપ્રાય રહે, એ માન્યો નથી એને. સમજાણું કાંઈ?

કાલ કહ્યું'તું ને. એક જણાને પૂછ્યું કે જ્યારે તમે (માનો છો કે) નિમિત્તથી લાભ ન થાય તો સોનગઢ શું કરવા જાઓ છો? ત્યારે એણે કહ્યું. એનો જવાબ આપ્યો કે નિમિત્તથી નથી થતું એવી વાતને દ્રઢ કરવા અમે જઈએ છીએ. સમજાણું કાંઈ? આહાહા! માર્ગ તે માર્ગ છે. સમજાણું કાંઈ? અભિપ્રાયમાં ઊંડે ઊંડે ક્યાંક રહી જાય કે શ્રવણથી, બાહ્ય સત્‌સમાગમથી કાંઈક લાભ થાય, એ તો વિપરીત માન્યતા છે. ભારે વાત આવી! અરે, જગતની પાસે આવી વાત આવતાં કેટલાક તો ચમકે ને ભડકે. માર્ગ તો આવો છે, ભાઈ! બિલ્કુલ પરની અપેક્ષા નહિ અને પૂર્ણ પ્રભુની અપેક્ષા પોતાની. સમજાણું કાંઈ? પોતે જ સત્‌સ્વરૂપ ભગવાન છે એના સમાગમથી લાભ થાય. આવી વાત છે. આહાહા! સમજાણું કાંઈ?

એ સમ્યગ્દૃષ્ટિને આનાથી આમ થાશે ને આમ થાશે, એવી મૂઢતા હોય નહીં. કાંઈક તો થાય, કાંઈક તો ફેર પડે હોં, કહે. ભાઈ! માર્ગ તો નિરાવલંબી છે ને, પ્રભુ! આહાહા! અરે, આત્માનું જ્ઞાન ને દર્શન ને આનંદ એવો ધર્મ એને વ્યવહારના વિકલ્પની અપેક્ષા નથી. એવો એનો સ્વભાવ છે. અને એનાથી વિરુદ્ધભાવથી લાભ માને એ આત્માને જાણતો નથી. આત્માનો સ્વભાવ શું છે અને આત્મા કોણ છે, એની એને ખબર નથી. આહાહા! એ પચ્ચીસ દોષ થયા ભેગા થયા ભેગા થઈને. થયા ને? આઠ મદ, આઠ મળ, છ અનાયતન અને ત્રણ આ (મૂઢતા).

(૭) पाँच कारणोंसे सम्यक्त्वका विनाश होता है. સારો અધિકાર આવ્યો છે, લ્યો.

ग्यान गरब मति मंदता, निठुर वचन उदगार।
रुद्रभाव आलस दसा, नास पंच परकार।।३७।।

**અર્થ :**—જ્ઞાનનું અભિમાન, બુદ્ધિની હીનતા, નિર્દય વચનો બોલવા, ક્રોધી પરિણામ અને પ્રમાદ—આ પાંચ સમ્યક્ત્વના ઘાતક છે. ૩૭.

**अर्थ :**—ज्ञानका अभिमान, बुद्धिकी हीनता, निर्दय वचनोंका भाषण, क्रोधी परिणाम और प्रमाद ये पाँच सम्यक्त्वके घातक हैं।।३७।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

અરે, જ્ઞાનનું અભિમાન. શાસ્ત્રના જ્ઞાન થયા ઘણાં, કહ્યાં ઘણાં. એનું એને અભિમાન – હું કાંઈક જાણું છું હોં. એ જ્ઞાનનો ગર્વ એને આત્માની શ્રદ્ધામાં દોષ છે. એને આત્મા ત્રિકાળી પરમાત્મા, એક સમયની કેવળજ્ઞાનની દશા આગળ પણ ત્રિકાળી ચીજ અધિક છે. જ્યાં કેવળજ્ઞાનની પર્યાયની પણ મહત્તા નથી. સમજાણું કાંઈ? એવા આત્મામાં કાંઈક અગિયાર અંગનું જ્ઞાન થાય એનો અંદરમાં ઉંડે, કાંઈક છે મને, કાંઈક હું આવ્યો છું લાભમાં – એમ ગર્વ થાય; એને એનાથી અધિક ભગવાન આત્મા એની પ્રતીતિ રહેતી નથી. આહાહા! સમજાણું કાંઈ?

ग्यान गरब मति मंदता—મતિની વિપરીતતા. મંદતા એટલે ભાન મળે કાંઈ. મૂંઝવણ થાય એવો ભાવ સમકિતીને હોય નહિ. બુદ્ધિની હીનતા. કાંઈ ખ્યાલ જ કરી શકે નહિ. આ શું કહે છે? સત્-અસત્‌નો વિવેક (ન હોવો) એ મતિની મૂઢતા-મંદતા પોતાના સ્વ જાણવામાં મતિની મંદતા. સમજાણું કાંઈ? અરે, જેને જનમ-મરણના કારણો (એવા) ભવના ભાવ જ્યાં પડ્યા છે એ મિથ્યાત્વમાં તો અનંતા ભવ કરવાની તાકાત છે. અને આત્મામાં અનંતા ભવના કારણની પર્યાયનો વ્યય કરવાની ય તાકાત નથી. આહાહા! એમાં તો અનંતી શાંતિ ઉત્પન્ન થાય એવી એની એમાં તાકાત છે, ત્યાં ઓલું વ્યય થઈ જાય છે. સમજાણું કાંઈ?

પરમાર્થે આત્મા સંસારના ભાવના નાશનો ય કર્તા નથી. ઉત્પન્નકર્તા તો નથી. રાગનો (અ)કર્તા માને એ આખા આત્માને નિર્વિકારી માને છે. શુભભાવનો કર્તા થાય એ ત્રિકાળી ભગવાનને એકલો વિકારમય માને છે. આહાહા! બહુ વાત ઝીણી. સમજાણું કાંઈ? કેમકે એ શુભભાવનો વિકલ્પ જે છે એનાથી તો પ્રભુ પૃથક્ છે. શુભરાગને તો કદી એણે છૂયો ય નથી, અડ્યો નથી. આહાહા! એવા તત્ત્વમાં મતિની મંદતા રહે એ સમકિતના નાશનું (કારણ), આ કારણે સમકિતનો વિનાશ થાય છે. આહાહા! પકડાય

નહીં પછી આ ડામાડોળ થઈ જાય. આનો માર્ગ તે આ હશે? આ હશે? આ હશે? આવો માર્ગ? આહા! સમજાણું?

निठुर वचन-—निर्दय वचनोंका भाषण. આત્માની સ્વભાવ દશા છોડી નિર્દય આકરાં વચનો કઠણ એવો ભાવ હોં, એ સમકિતના નાશનો ઉપાય છે, નાશ કરવાનું કારણ છે. વિનાશનું કારણ. આહાહા! કેટલાક એમ કહે ને, જાઓ, જાઓ આમ કરો, એનું પાપ લાગે તો મારે માથે જાવ. આહા! ભાઈ! એવી વાણી ન હોય. એવો ભાવ ધર્મીને ન હોય. એમ ઘણા કેટલાક હોય છે એવા. જાઓ, આવું પાપ થાય તો મારે માથે. તમે તમારે કરો. આહા! એ ભવના રખડવાનો ભાવ એની એને દરકાર (નથી.) સમકિતી(ને) તો ભવનો ભય છે. ચાર ગતિમાં જન્મવું એનો એને ભય છે. અરે, ચાર ગતિમાં અવતાર એટલે દુઃખમાં જન્મવું, દુઃખની દશા ઉત્પન્ન કરવી. ભગવાન તો આનંદસ્વરૂપ છે એમાં દુઃખની દશા ઉત્પન્ન કરવી એનો તો એને ભય હોય છે. સમજાણું કાંઈ?

रुद्रभाव-क्रोधी परिणाम. આકરો ક્રોધ.. ક્રોધ.. ક્રૂરતા એ સમકિતના નાશનું કારણ છે. ધીરજના સાગરમાં આવો ક્રોધ? અનંતાનુબંધીનો ક્રોધ. સમજાણું કાંઈ? સ્વરૂપની અરુચિ ને રાગની રુચિ એવો જે સ્વભાવ પ્રત્યેનો દ્વેષ – એવા પરિણામ એ સમકિતના નાશનું કારણ છે. પ્રમાદ. સમકિતી તો સ્વભાવનો પુરુષાર્થવાદી છે. પોતાના સ્વભાવ તરફનો પુરુષાર્થ છે. કેમકે ભગવાન પૂર્ણ પુરુષાર્થી છે. એનું સ્વરૂપ જ પૂર્ણ પુરુષાર્થ છે. અને એ પૂર્ણ પુરુષાર્થમાં એને અનંતમે ભાગે પુરુષાર્થ જે પર્યાયમાં છે એ સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ છે. આહાહા! સમજાણું કાંઈ? એને આળસ ન હોય. આળસની ભૂમિકા મિથ્યાત્વમાં .... એમ આવે છે આગળ. સમજાય છે? પહેલું આવી ગયું છે. એ પાંચ સમકિતના ઘાતક છે. સમ્યગ્દર્શન —આત્માના અનુભવની પ્રતીતિ. છે સમકિત (એ) પર્યાય. સમજાય છે? ધર્મી જીવને એ પર્યાયનું જોર નથી. જોર તો દ્રવ્ય ઉપરનું છે. એમાં આવા દોષો એની પર્યાયમાં હોઈ શકે નહિ, એમ કહે છે.

(૮) सम्यग्दर्शनके पाँच अतिचार

लोक हास भय भोग रुचि, अग्र सोच थिति मेव।
मिथ्या आगमकी भगति, मृषा दर्सनी सेव॥३८॥

**અર્થ :—**લોક-હાસ્યનો ભય, અર્થાત્ સમ્યક્ત્વરૂપ પ્રવૃતિ કરવામાં લોકોની મશ્કરીનો ભય, ઇન્દ્રિયના વિષય ભોગવવામાં અનુરાગ, આગામીકાળની ચિંતા, કુશાસ્ત્રોની ભક્તિ અને કુદેવોની સેવા; આ સમ્યગ્દર્શનના પાંચ અતિચાર છે. ૩૮.

**अर्थ :—**लोक-हास्यका भय अर्थात् सम्यक्त्वरूप प्रवृत्ति करनेमें लोगोंकी हँसीका भय,

इन्द्रियोंके विषय भोगनेमें अनुराग, आगामी कालकी चिन्ता, कुशास्त्रोंकी भक्ति और कुदेवोंकी सेवा ये सम्यग्दर्शनके पाँच अतिचार हैं॥३८॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આ ફેરે વળી આ અધિકાર બરાબર આવ્યો. કહો, આ દિવાળીના દા'ડામાં આ છે. આહાહા! लोक-हास्यका भय अर्थात् सम्यक्त्वरूप प्रवृत्ति करनेमें लोगोंकी हँसीका भय. લોકો મશ્કરી કરશે, આવું કહેશે. લ્યો, ભારે ધર્મ ભાઈ! આ દેવ-ગુરુ ને શાસ્ત્રને આશ્રયે ધર્મ નહીં. ભારે! મશ્કરી લોકો કરે. કહો, શાંતિભાઈ! આવો માર્ગ. શાસ્ત્રથી જ્ઞાન નહીં, દેવ-ગુરુથી જ્ઞાન નહીં. વાહ, ભારે ચડી ગયા આઘા! સમકિતી પરથી લાભ થાય એ માનતો નથી એની કરે મશ્કરી. લોકો મશ્કરી કરે. સમજાણું કાંઈ? એની પ્રવૃત્તિ કરવામાં લોકોની મશ્કરીનો ભય એ અતિચાર છે, દોષ છે. દુનિયાની શું દરકાર? દુનિયા જે કહો. નાસ્તિક કહો. નાસ્તિક એટલે? દેવ-ગુરુ-શાસ્ત્રને માનવું એ રાગ અને એ અધર્મ. આ નાસ્તિક છે આ. સુજાનમલજી!

આખો દિ' કરે અને વળી કહે કે અમે કરતા નથી. આ ભારે ભાઈ તમે ચડી ગયા! ભક્તિ કરે, મંદિરો બનાવે, વળી આ ચોવીસ કલાક વ્યવહારમાં રહે અને કહે કે વ્યવહારના વિકલ્પનો કર્તા આત્મા નથી. આહા! વાત એવી છે હોં. એમ લોકો મશ્કરી કરે. એનો ભય જ્ઞાનીને હોતો નથી. કરો બાપુ! ભાઈ! માર્ગ તો આ છે. એ માર્ગમાં કોઈ શંકા કરે કે દ્વેષ કરે, નિંદા કરે, એથી વસ્તુની ભક્તિ છોડીશ નહીં, પ્રભુ! એમ કહે. દુનિયાની સંખ્યા બહોળી. બીજી માન્યતાના વેગે ચડી ગઈ. એ આ માન્યતાને ન કબૂલે અને મશ્કરી કરે, અભક્તિ ન કરીશ તું. અરે, આ શું થ્યું છે? ઈ ચીજ જ એવી મહાપ્રભુ છે કે જેની ભક્તિથી સમ્યક્ થતાં, ભક્તિ એટલે એકાગ્રતા, એ સમ્યગ્દર્શમાં લોકનો ભય હોય નહીં. હાસ્ય મશ્કરી કરી, વાહ.. માળા! સાંભળવા જાય ને વળી કહે કે સાંભળવાથી જ્ઞાન ન થાય. આ તમારું ઠેકાણું ક્યાં છે? એમ કહે. એય, જેઠાભાઈ! શાસ્ત્ર વાંચવાથી જ્ઞાન ન થાય અને શાસ્ત્ર તો એને પડ્યું જ હોય વાંચવામાં. આરે, ભારે વાત ભાઈ! લોકો મશ્કરી કરે. આવો માર્ગ. છે ઈ છે. લોકની મશ્કરીનો ભય જ્ઞાનીને હોતો નથી.

એકે કહ્યું'તું. 'લોક મૂકે પોક.' એ આવ્યું'તું એક ફેરી. ઓલા રતનચંદજી હતા ને એક. સિદ્ધપરમાં હતા. શ્રીમદ્‌નો છે ને ત્યાં આશ્રમ. એ આંહીં કહેવરાવ્યું હતું હોં. જ્યારે આ પરિવર્તન કર્યું ને ત્યારે એણે કહેવરાવ્યું હતું. લોક મૂકે પોક. લોકની દરકાર કરવી નહિ. એ રતનચંદજી હતા. એનું પણ ઠેકાણું નહોતું. એણે રૂપિયા ક્યાંક મૂકેલા, એના

માટે પાછું અનશન કર્યું'તું. પ્રેમચંદભાઈ, ખબર છે? નથી. રતનચંદ કે રતનલાલ? (શ્રોતા : રતનદાસ) રતનદાસ. સિદ્ધપરમાં હતા. પૈસા ક્યાંક પડ્યા હશે એના પચ્ચીસ હજાર કે અમુક. ઓલાએ (આપવાની) ના પાડી ત્યારે અનશન કર્યું, લાંઘણું કર્યું. પણ તું ક્યાંથી ભગવામાં રહ્યો? (શ્રોતા : .....) એ થાય. એનું કાંઈ નહીં. આ તો આંહીં લોકોની હાસ્યથી સમકિતીને કંઈ શંકા પડતી નથી. આટલા બધા લોકો આમ બોલે, એ લોકો બધા ટોળાં છે અને એ પણ શાસ્ત્રના જાણનારા છે, વાંચનારા છે. સમજાય છે? બાપુ! ગમે તે હો. લોકના ભયથી. આહાહા!

સીતાજીએ કહ્યું ને. સીતાજીને જ્યારે હુકમ થયો ઓલા ....વાળા. જા એને જાત્રા કરાવીને જંગલમાં મૂકી દે. આહા! સારથિ જ્યાં ઉતારે છે હેઠે, રોવે છે સારથિ. અરેરે, આ નોકરી? મહાસતી ધર્માત્મા આનંદની પરિણતિમાં રહેલી માતા જેના પેટમાં બે રાજકુમારો. આહાહા! એ ચરમશરીરી જીવો! અરે! મને આ હુકમ શું થ્યો? ભાઈ! તું શું કરવા રોવો છો? માતા! મને આ આજ્ઞા મળી છે રામચંદ્રજી (તરફથી.) ભાઈ! તું રો નહીં. છોડી દે. એ આજ્ઞા પ્રમાણે કર તું. આહાહા! પણ રામચંદ્રને કહેજો હોં એક. આહાહા! આ લોકના ભયથી મને છોડી, પણ લોકના ભયથી ધર્મ છોડશો નહીં. એવા કટોકટીના કાળમાં જ્યાં સિંહ અને વાઘ (વસે). જ્યાં માણસ તો નહીં, સિંહ-વાઘ વિનાનું ય નહીં. સિંહ સાથે વાઘ રાડું પાડતાં હોય. ત્યાં ત્રણ જીવ હતા. પોતે જીવ ને બે બાળક. છોડી તો એમ કહ્યું, ભાઈ. સમકિતી છે, જ્ઞાની છે. સમજાણું કાંઈ?

આ વળી શું? જ્ઞાની હોય ને વળી આ ગર્ભ .....ને આ. ભાઈ! ખબર નથી. એ તો ચારિત્રમોહનો રાગ હોય એને હેય જાણે, સુખ માને નહીં. છતાં એ રાગ હોય છે એનું એને સ્વામીપણું હોતું નથી. આહાહા! આવી વાતું છે ભાઈ! રામને કહેજે. મને તો સંસારલોકના ભયથી છોડી, ધર્મ ન છોડશો તમે. એ કાળે પણ આ દશા, લ્યો. આમ તો આંખમાંથી આંસુ ય વહી આવ્યા હશે. વાત એવી છે ને. જરીક વાર (આઘાત) આવ્યો. મૂર્છા થઈ ગઈ થોડી. ધ્યાન ભાન સહિત હોં. આહા! ગજબ વાતું છે ને. જ્યાં કાને પડ્યું ત્યાં આમ.. આહા! આ જંગલમાં.... પાણી માંગીએ ત્યાં એકવીસ જણા, એકના એકવીસ ઊભા થાય. રસોઈ તો તૈયાર થયેલી હોય એમાં ખાવા બેસીએ. અરે, અહીંયા હવે આ વખત ગાળશે. વાઘ અને વરુ. ક્યાં ફસાયા? એને લોકનો ભય (હોતો નથી.) સમજાણું કાંઈ? આહાહા! એવો માર્ગ છે.

भोग रुचि. આહાહા! ઈન્દ્રિયોના વિષયના ભોગમાં પ્રેમ, રુચિ એ સમકિતનો અતિચાર છે. આહા! અરેરે, આત્માના આનંદનો જ્યાં રસ છે, જ્યાં નિજ રસના પ્યાલા

પીવે છે એને ભોગના રસનો પ્રેમ કેવો હોય? જુઓ આ. સમજાણું કાંઈ? ભલે ભોગનો ભાવ હોય પણ પ્રેમ નથી એમાં. આહાહા! કાળા નાગ જેવો એને સમકિતી દેખે. આ હોંશ ને હરખ કરે છે ભોગમાં એ તો મિથ્યાદષ્ટિ છે, કહે છે. સમજાણું કાંઈ? એ ડોલી ગ્યા આત્મામાંથી ખસી ગયા છે. આહાહા! જેને ભોગનો અનુરાગ અને પ્રેમ છે એ આત્માના અનુભવથી ખસી ગ્યા છે. સમજાણું કાંઈ?

ધર્મીને તો આત્માના આનંદના ભોગનો અનુભવ હોય છે. એને આ ભોગનો અનુરાગ હોતો નથી. અનુરાગ, કહે છે. એમ છે ને અર્થમાં? રાગની પાછળ રાગની રુચિ, એમ. રાગનો રાગ ન હોય. અરે, અમે ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદના સિંહથી ગર્જનાવાળા, પૂર્ણાનંદથી ગરજીએ એવા અમે તો છીએ. સમજાણું કાંઈ? અમારી ધા પડે તો અંદરથી રાડ પડે કે આનંદ આવે અંદર એકાગ્રતાનો, કહે છે. આહાહા! એવા આત્માના ભોગની રુચિ કેમ હોય? ૯૬ હજાર સ્ત્રી પરણ્યાં હોય સમકિતી. સમજાય છે? છતાં એને અંદરમાં રસ છે નહીં. આહાહા! ભારે વાત ભાઈ! ભોગરુચિ નહિ.

अग्र सोच थिति—આગામીકાળની ચિંતા. અરે! ભવિષ્યમાં શું થશે? એવો ભાવ તે અતિચાર દોષ છે. આગળ શું થશે? ક્યાં જશે? આગળ અમે સ્વર્ગમાં જશું, એ ય નહીં. અમે તો અમારી દશામાં જ આગળ જાશું. ક્ષેત્રાંતર ગતિનું થવા છતાં અમારું ક્ષેત્રાંતર થયું નથી. અમે તો અમારા ભાનમાં આનંદમાં છીએ. ત્યાં ને ત્યાં જ અમે ભવિષ્યમાં રહેવાના છીએ. સમજાણું કાંઈ? આહા! કેવી ગતિ મળશે? ભાઈ! ગતિ ક્યાં હતી? એને ગતિ છે જ ક્યાં છે? આહાહા! ગતિ અને ગતિનો ભાવ બે ય જ્યાં સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? આહાહા! આવો વીતરાગમાર્ગ ઉજળો. એ ક્યાંય મળે એવો નથી, બાપુ! આહાહા! અરે, વાદવિવાદ કરીને પ્રભુ તું શું કરવા માંગે છે? ભાઈ! આવો સ્વભાવ જેને અંતરમાં અનુભવમાં આવ્યો, અરે, એ આત્માના આનંદ ભલે ૯૬ હજાર સ્ત્રીના ભોગમાં દેખાય, એ ભોગમાં નથી. એના જ્ઞાન અને દર્શનનો આનંદ છે એમાં ઈ છે. સમજાણું કાંઈ? अग्र सोच थिति, એમ.

मिथ्या आगमकी भगति—કુશાસ્ત્રોની ભક્તિ. આહાહા! ભગવાન આત્મામાંથી નિમિત્તથી નીકળેલા શાસ્ત્રો જે ભાવો એ સિવાય અજ્ઞાનીએ કહેલાં કુશાસ્ત્ર, ભલે કોઈ કુયુક્તિ અને ન્યાયથી એમ કહે કે અમારાં શાસ્ત્રો મહાન્યાયવાળાં છે. આ બૌદ્ધમાં બહુ યુક્તિઓ ને. ધૂળે ય નથી, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વરે જે અનેકાંત – સ્વમાં સ્વપણું, સ્વમાં પરપણું નહીં – એવું જે સિદ્ધાંતનું સ્વરૂપ અને શાસ્ત્રનું અને વસ્તુનું એવું ક્યાંય બીજે છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? એવા કુશાસ્ત્રો જેણે રાગના પરિણામથી ધર્મ મનાવ્યો

છે અને માન્યો છે અને જેણે એક સમયની પર્યાયને જ આત્મા પૂર્ણ માન્યો, એ પર્યાયબુદ્ધિવાળા બૌદ્ધમતિ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

અને એવા બૌદ્ધમતિના શાસ્ત્ર હોય કે આમ બધાને કરુણા, બધાનું આમ કરવું, બધાનું આમ કરવું, ફલાણું કરવું, મદદ કરવી, સાધર્મીઓની સેવા કરવી. આવું આવું મધ્યમ માર્ગ છે ને એનો. ઉત્કૃષ્ટ માર્ગ કાઢી નાખ્યો છે, અપવાદ આદિ કહ્યો છે. એમ લોકોને બહુ દયા... એના કથનોને ઓલા સુખલાલજી જેવા ઓળખાણ કરે કે ઓહો! બૌદ્ધમાં તો કેવું છે! સાંખ્યમાં તો કેવું છે! એમ કહે. આહાહા! સમજાણું કાંઈ? આત્માના સ્વભાવને અડીને-સ્પર્શીને.. વાણી કાંઈ સ્પર્શી નથી એને. પણ તે કાળે તેના વાણીના યોગે વાણી જે આવી. એ વાણીના શાસ્ત્રો આગળ દુનિયાના કુશાસ્ત્રો... સમજાણું કાંઈ? એ કુશાસ્ત્રની ભક્તિ ન હોય. એને પૂજે નહીં, એને માને નહીં. આહાહા! ત્રિલોકનાથની વાણી, આચાર્યોની વાણી!

ભાઈએ તો એકવાર એમ કહ્યું છે ને, નહીં? 'સોગાની'એ. એકબાજુ એમ કહ્યું કે ભગવાનની વાણી સાંભળવામાં નુકશાન છે. એકબાજુ કહ્યું કે આચાર્યોના વચનો શબ્દમાં આનંદના બિંદુ ઝરે છે. (શ્રોતા : પુદ્ગલમાં આનંદના બિંદુ ઝરે?) ઈ એનું અહીં લક્ષ આંહીં છે એટલે આનંદના બિંદુ ઝરે છે. એવી વાત છે. ઈ જે કહેવું છે, ઈ મારું લક્ષ જે હું છું, એનું એને કહેવું છે. સમજાણું કાંઈ? મારું જ્યાં ધ્યેય—લક્ષ પડ્યું છે એવો આત્મા એની દશા અને એના દ્રવ્ય-ગુણની વાત એ કરે છે. એવા પોતાના ધ્યેયને લક્ષે જે વાંચે છે એને આનંદના બિંદુ ઝરે છે, કહે છે. આહાહા! ભારે વાતું છે.

એકબાજુ કહેવું છે કે નિમિત્તથી લાભ માનનારા ઊંડે ઊંડે મિથ્યાત્વને સેવે છે. એને શુભ ઉપયોગ છે અને શુભ ઉપયોગથી ધર્મ માને છે એ નપુંસકતા છે. એ નપુંસક છે, એ આત્મા નહીં. સમજાણું કાંઈ? બીજી બાજુ કહેવું કે આચાર્યો સંતો 'કુંદકુંદઆચાર્ય' આદિ આચાર્યો એમના વચનો એટલે શબ્દો હોં. જે વચનોમાં રમનારા શબ્દ છે, એમ છે. આચાર્યોના શબ્દોમાં. અરે, ... આનંદના બિંદુ ઝરે છે, કહે છે. મુનિથી વાત છે ને. પોતાનો આનંદસ્વભાવ ભગવાન અને એ વાત એમાં કહી છે. એ કહેતાં જ એનું લક્ષ ધ્રુવ ઉપર જોર જાય છે એટલે ત્યાં અતીન્દ્રિય આનંદના બિંદુઓ ઝરે છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે માર્ગ ભાઈ! રાગવાળું જે કથન એને ન સમજે અને એકાંત તાણી જાય તો વસ્તુ ન સમજી શકે ઈ. સમજાણું કાંઈ? ઓહો! સંતોની વાણી. 'અમૃતચંદ્ર આચાર્ય', 'કુંદકુંદ આચાર્ય', 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી', 'પૂજ્યપાદ સ્વામી', 'સમંતભદ્ર આચાર્ય' વગેરે.

કહે છે, એના વિનાના અજ્ઞાનીઓએ પોતાની કલ્પનાથી શાસ્ત્રો કર્યા. અને કુદેવોની સેવા ભેગું નાખી દીધું. પાઠમાં કુશાસ્ત્ર છે એકલા. પણ એ કુશાસ્ત્ર અને કુદેવ, એની સેવા. એમાં પણ કાંઈક, કાંઈક તો ખરું ને, બધા ધર્મો છે ને, બધા ધર્મે આત્માના ઉદ્ધારની વાત કરી છે ને. સમજાણું કાંઈ? એ સમકિતનો અતિચાર છે. એ અતિચાર સમકિતીને હોય નહીં.

(ચોપાઈ)

अतीचार ए पंच परकारा।
समल करहिं समकितकी धारा।।
दूषन भूषन गति अनुसरनी।
दसा आठ समकितकी वरनी।।३९।।

**અર્થ :—**આ પાંચ પ્રકારના અતિચાર સમ્યગ્દર્શનની ઉજ્જ્વળ પરિણતિને મલિન કરે છે. અહીં સુધી સમ્યગ્દર્શનને સદોષ અને નિર્દોષ દશા પ્રાપ્ત કરાવનાર આઠ વિવેચનોનું વર્ણન કર્યું. ૩૯.

**अर्थ :—**ये पाँच प्रकारके अतीचार सम्यग्दर्शनकी उज्ज्वल परिणतिको मलिन करते हैं। यहाँ तक सम्यग्दर्शनको सदोष व निर्दोष दशा प्राप्त करनेवाले आठ विवरण वर्णन किये।।३९।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

દૂષણનું વર્ણવ્યું. ભૂષણનું વર્ણવ્યું. બધું વર્ણવ્યું અત્યાર સુધી, એમ કહે છે. સમજાણું કાંઈ? જુઓને, આ 'બનારસીદાસ' જ્ઞાની હતા, સમકિતી હતા. એમણે આ વર્ણન કર્યું. એ પાંચ પ્રકારના અતિચાર સમ્યક્‌ના ઉજ્જ્વલ પરિણતિને મલિન કરે છે. છે ને? समल करहिं समकितकी धारा. દૂષણ ને ભૂષણ. यहाँ तक सम्यग्दर्शनको सदोष व निर्दोष दशा प्राप्त करनेवाले आठ विवरण वर्णन किये. પહેલેથી કહ્યું'તું આઠનું. સમજાણું કાંઈ? આવ્યું'તું ને ૨૬મું? ૨૬, ૨૬. સમકિતના આઠ વિવરણ. ૨૬મો બોલ. પાનું ૩૭૫. સમકિતકે આઠ વિવરણ, હૈ ન? એનું આ વર્ણન થઈ ગયું અત્યાર સુધી. દોષનું, ગુણનું. ગુણ એટલે ભૂષણનું. દૂષણ અને ભૂષણ.

मोहनीयकर्मकी सात प्रकृतियोंके अनुदयसे सम्यग्दर्शन प्रगट होता है. એ વાત કરે છે. નિમિત્તનું કથન છે. પોતાના આત્માના આનંદસ્વરૂપ ધ્રુવને પકડતાં જે સમ્યગ્દર્શન થાય ત્યાં એને સાત પ્રકૃતિઓનો ઉદય હોય નહીં. સમજાણું કાંઈ?

મોહનીય કર્મની સાત પ્રકૃતિઓના અનુદયથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે (દોહરા)

प्रकृति सात अब मोहकी, कहूं जिनागम जोइ।
जिनकौ उदै निवारिकै, सम्यग्दरसन होइ।।४०।।

**અર્થ :**—મોહનીય કર્મની જે સાત પ્રકૃતિઓના અનુદયથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તેમનું જિનશાસન અનુસાર કથન કરું છું. ૪૦.

**अर्थ :**—मोहनीयकर्मकी जिन सात प्रकृतियोंके अनुदयसे सम्यग्दर्शन प्रगट होता है, उन्हें जिनशासनके अनुसार कहता हूँ।।४०।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

આ તો નિમિત્તથી છે. આત્માના સ્વરૂપના પૂર્ણ આનંદની જ્યાં એકતા થઈ એવી દૃષ્ટિમાં એ સાત પ્રકૃતિનો ઉદય ત્યાં હોય નહીં. હોય નહીં. એ તો અહીંથી વાત કરી છે. જ્ઞાન કરાવવું છે ને. સમજાણું કાંઈ? 'જયસેનઆચાર્ય'ની ટીકામાં ય આવે છે. એ અભવિને સાત પ્રકૃતિના કારણે સમકિત નથી. ટાળતો નથી માટે. એટલે એને સમ્યગ્દર્શન થાય (ત્યારે) એનો એને ઉદય હોતો નથી. એ ટળે તો સમકિત થાય એ બધી વાત વ્યવહારની છે. સમજાણું કાંઈ? કર્મનો આખો સિદ્ધાંત કે કર્મની પ્રકૃતિ છે એ ટળે તો થાય, એ બધા વ્યવહારના કથન છે. આત્મા ભગવાન પૂર્ણાનંદનો નાથ એના ઘરમાં ગયો એટલે પરના અજ્ઞાન ભાવે બાંધેલી પ્રકૃતિ હતી એ ત્યાં રહેતી નથી. આહા! સમજાણું કાંઈ?

प्रकृति सात अब मोहकी कहूं जिनागम जोइ. વીતરાગમાર્ગમાં હોય છે. બીજે આ વાત હોતી નથી. કેમ બતાવે છે? કે આત્માનો ત્રિકાળી સ્વભાવ જેવો સર્વજ્ઞે કહ્યો, એવો જેણે જાણ્યો અને માન્યો, એને એક બીજી પ્રકૃતિ નિમિત્તરૂપે હતી એનો એમાં અભાવ થાય છે. સમજાય છે કાંઈ? જેમ દોષનો અભાવ થાય છે એમ એ પ્રકૃતિનો પણ (અભાવ થાય છે). જે દોષમાં મિથ્યાત્વનો અભાવ થાય છે એમ મિથ્યાત્વને નિમિત્તરૂપ જે પ્રકૃતિ હતી એનો પણ અભાવ (થાય છે.) આહાહા! આવું એનું સ્વરૂપ છે એમ વર્ણવે છે. જ્યાં અજવાળા થયા આત્માના, ત્યાં અંધારા રહે નહિ. આહા! અને અંધારામાં નિમિત્ત જે હોય એ પણ રહેતું (નથી), એમ કહે છે. સમજાણું કાંઈ?

હવે આવો ધર્મ ભારે ઝીણો અંદર! ઈ કરતાં તો વ્રત પાળો, અપવાસ કરો બસ. 'તપસા નિર્જરા' સહેલું સટ. જેટલા અપવાસ કરો એટલા લાભ. અઠ્ઠમ કરો ને એમાં એક પોરસી કરાવો તો પચ્ચીસ અપવાસનો લાભ. એય, ચીમનભાઈ! જુઓ તો આ બિચારા શું કરે? અરેરે! જાતને જાણી નહીં અને જાતને કેમ જણાય એની ખબરું નહીં એટલે શું થાય! એ પરમાત્મા છે હોં. એ ભગવાન છે ને. આહાહા! ભગવાન ભૂલી ગયો માળો. ભગવાન ભૂલાવી ખડકીએ ચડી ગયો. ઓલા આત્મારામ છે ને. એના દાદાભગવાન ઓલા થઈ ગયા છે. એની ખડકીમાં રહે છે ઈ. છે આત્મારામ. આહાહા!

આતમરામ અવિનાશી આવ્યો એકલો. આહા!

મોહનીયકર્મની જે સાત પ્રકૃતિઓનો અનુદય. ભલે ત્યાં ક્ષયોપશમ સમકિતમાં ઓલાનો ઉદય હોય પણ છતાં એનું જોર એમ કહીને સાતેનો અનુદય કહ્યો. जिनकौ उदै निवारिकै. સમજ્યા? ભાષા એમ છે. પછી કોઈએ તકરાર લીધી આમાં. કે ભઈ, ક્ષયોપશમ સમકિતમાં સમકિતમાં એને ઉદય હોય છે. એય! સાતેય નો અનુદય કેમ કહ્યો? ઉદય પર્યાયમાં નથી, સાંભળને. એ મળ જરી થાય છે પણ એ મળથી સમકિતી ભિન્ન છે. સમજાણું કાંઈ? અને એનું નિમિત્ત જે પ્રકૃતિ એનાથી પણ ભિન્ન છે. સમકિતીને ઉદય છે નહીં. આહાહા! ભારે વાત ભાઈ! (શ્રોતા : હોય તો ખરા....) નહિ, એને પોતાની પર્યાયમાં નથી એમ કહેવું છે અહીં તો. માટે અનુદય,એમ. પાઠ છે ને, જુઓને. प्रकृति सात मोहकी कहूं जिनकौ उदै निवारिकै, એમ છે ને. સાતેય નો. શબ્દ તો એમ છે. સાતેય નો उदै निवारिकै सम्यग्दर्शन होइ.

સાત પ્રકૃતિ છે ને. ચાર અનંતાનુબંધી અને ત્રણ—મિથ્યાત્વ, મિશ્ર અને સમકિતમોહનીય. સાતેય નું અસ્તિત્વ આત્માના અનુભવના સમકિતમાં છે નહીં. સમજાણું કાંઈ? એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે કે જેણે ભગવાન આત્માને પકડ્યો, અનુભવ્યો, એ આનંદનું ધામ જેણે અનુભવમાં લીધું; એને સાત પ્રકૃતિનો ઉદય છે(નહીં). ઉદય છે જ નહીં. એ સમકિત મોહનીયનો ઉદય એણે આંહીં પણ ખરેખર ગણ્યો નથી. ઉદય એટલે સમકિતીને (રાગના) ઉદયમાં ઉદયથી ભિન્ન છે એ તો. સમજાણું કાંઈ? આહા! ભારે! મોહનીયકર્મની સાત પ્રકૃતિના નામ હવે. એના નામ આપ્યા.

આ તો વસ્તુસ્થિતિ. આમ ધર્મ, ધર્મ તો ઘણા ય કહે. સમજાણું? અને આત્મા, આત્મા તો ઘણા કહે. પણ ભગવાને જોયેલો કહેલો આત્મા અને એમાં ભરેલા ધર્મો અને એનો આશ્રય થઈને પ્રગટેલી દશા એમાં મલિનતાનો પહેલો ભાવ હતો એનો અભાવ. મલિનતાની પ્રકૃતિનું એમાં નિમિત્ત હતું એ અસ્તિ હતી એનો અભાવ. આહાહા! સમજાણું કાંઈ? આમ પ્રગટ્યો ધર્મ.. પ્રગટ્યો ધર્મ.. પ્રગટ્યો. પણ પ્રગટ્યો નહોતો ત્યારે શું હતું? સમજાણું કાંઈ? ત્યારે મેલ હતો. પણ મેલ હતો તો એનું નિમિત્ત કોણ હતું મેલનું? એમ મેલ જીવનો સ્વભાવ નથી. એ નિમિત્તને બતાવ્યું કે નિમિત્તને આધીન આ મેલ હતો. નિમિત્તે કરાવ્યું એમ નહીં. એટલે નિમિત્તને આધીન થયેલો મેલ અને નિમિત્ત, એ આત્માનું ભાન થતાં એ બધાનો અનુદય થઈ જાય છે. એને ત્યાં રહેતો નથી. આહા! એય! ભારે ભઈ આવું પદ તે!

(શ્રોતા : બહોત ઉંડાણની વાત છે.) ઉંડાણ છે? કરણાનુયોગમાં વિકાર ને અવિકાર એવું આવે છે ત્યાં. આવે છે. કરણાનુયોગમાં વિકાર અને વિકારનું ફળ છે. દ્રવ્યાનુયોગમાં અવિકાર સ્વભાવ ને સ્વભાવની પર્યાય હોય લખાણમાં. કરણાનુયોગમાં તો શુદ્ધતાનું પણ છે અને અશુદ્ધતાનું છે, એનું ફળેય છે અને એમાં નિમિત્ત – એ બધું એમાં (વર્ણન) છે કરણાનુયોગમાં. શાંતિભાઈ! વાંચ્યું છે ને એ પુસ્તક? લીધું છે ને ઈ? એમાં ઈ આવે છે.

ચાર અનુયોગની વ્યાખ્યા આવે છે ને. ત્યાં કરણાનુયોગની વ્યાખ્યામાં એવું છે. એમાં વિકાર અને વિકારનું ફળ એ છે. અને દ્રવ્યાનુયોગમાં સ્વભાવ અને સ્વભાવનું ફળ. ચરણાનુયોગમાં ચારિત્રની સ્થિતિ એમ લીધું. ચરણાનુયોગમાં ચારિત્ર જે છે એની એ સિવાય વ્યવહાર ચારિત્રના વિકલ્પનું પણ કથન છે. ઓલી તો ઠીક વાત કથાનુયોગની. એ કરેલા એ વાત. કરેલા ભાવના કરનારાઓ હતા એની કથા. કહો, સમજાણું કાંઈ? આંહીં તો માર્ગ એવો છે ને ભાઈ, કાંઈક પોણી સોળ આની ચાલે નહીં એમાં. સોળે સોળ આના જોઈએ ચોખ્ખું. સમજાણું કાંઈ? વસ્તુસ્થિતિ છે એમાં ક્યાં કોઈના ઘરની છે ઈ?

આંહીં તો जिनकौ उदै निवारिकै सम्यग्दरसन होइ. વળી કોઈ તકરાર કરવા માગે. એનો અર્થ પછી કર્યો. એ સાતેય પ્રકૃતિનો અભાવ (હોય) એને સમકિત હોય. તો ક્ષયોપશમ સમકિતમાં એ નથી. પ્રકૃતિ આંહીં ગણત્રીમાં લીધી નથી. આહાહા! સમજાણું કાંઈ? હવે એના સાત પ્રકૃતિઓના નામ.

મોહનીય કર્મની સાત પ્રકૃતિઓના નામ (સવૈયા એકત્રીસા)

चारित मोहकी च्यारि मिथ्यातकी तीन तामैं,
प्रथम प्रकृति अनंतानुबंधी कोहनी।
बीजी महा मानरसभीजी मायामयी तीजी,
चौथी महालोभ दसा परिग्रह पोहनी।।
पांचईं मिथ्यातमति छट्ठी मिश्रपरनति,
सातईं समै प्रकृति समकित मोहनी।
एईं षट विगवनितासी एक कुतियासी,
सातौं मोहप्रकृति कहावैं सत्ता रोहनी।।४१।।

**શબ્દાર્થ :**—ચારિત્રમોહ=જે આત્માના ચારિત્ર ગુણોનો ઘાત કરે. અનંતાનુબંધી=જે આત્માના

સ્વરૂપાચરણ ચારિત્રને ઘાતે—અનંત સંસારના કારણભૂત મિથ્યાત્વની સાથે જેમનો બંધ થાય છે. કોહની=ક્રોધ. પોહની=પુષ્ટ કરનારી. વિગવનિતા=વાઘણ. કુતિયા=કૂતરી અથવા કર્કશી સ્ત્રી. રોહની=ઢાંકનારી.

**અર્થ :—**સમ્યક્ત્વની ઘાતક ચારિત્રમોહનીયની ચાર, અને દર્શનમોહનીયની ત્રણ એવી સાત પ્રકૃતિઓ છે. તેમાંથી પહેલી અનંતાનુબંધી ક્રોધ, બીજી અભિમાનના રંગમાં રંગાયેલી અનંતાનુબંધી માન, ત્રીજી અનંતાનુબંધી માયા, ચોથી પરિગ્રહને પુષ્ટ કરનારી અનંતાનુબંધી લોભ, પાંચમી મિથ્યાત્વ, છઠ્ઠી મિશ્ર મિથ્યાત્વ અને સાતમી સમ્યક્ત્વમોહનીય છે. આમાંથી છ પ્રકૃતિઓ વાઘણ સમાન સમ્યક્ત્વની પાછળ પડીને ભક્ષણ કરનારી છે અને સાતમી કૂતરી અથવા કર્કશા સ્ત્રી સમાન સમ્યક્ત્વને સકંપ અથવા મલિન કરનાર છે. આ રીતે આ સાતેય પ્રકૃતિઓ સમ્યક્ત્વને રોકે છે. ૪૧.

**अर्थ :—सम्यक्त्वकी घातक चारित्रमोहनीयकी चार और दर्शनमोहनीयकी तीन ऐसी सात प्रकृतियाँ हैं। उनमेंसे पहली अनंतानुबंधी क्रोध, दूसरी अभिमानके रंगसे रंगी हुई अनंतानुबंधी मान, तीसरी अनंतानुबंधी माया, चौथी परिग्रहको पुष्ट करनेवाली अनंतानुबंधी लोभ, पाँचवीं मिथ्यात्व, छट्ठी मिश्र मिथ्यात्व और सातवीं सम्यक्त्वमोहनीय है। इनमेंसे छह प्रकृतियाँ व्याघ्रनीके समान सम्यक्त्वके पीछे पड़कर भक्षण करनेवाली हैं, और सातवीं कुतिया अर्थात् कुत्ती वा कर्कशा स्त्रीके समान सम्यक्त्वको सकंप वा मलिन करनेवाली है। इस प्रकार वे सातों प्रकृतियाँ सम्यक्त्वके सद्भावको रोकती हैं।।४१।।**

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

અર્થ : विगवनिता—વ્યાઘ્રની અથવા સ્ત્રી વ્યભિચારી સ્ત્રી કીધી. कुतियासी — સમકિત મોહનીય કૂતરી જેવી છે, કહે છે. ઓલી વ્યાઘ્ર (વાઘણ) જેવી છે. એ આત્માની સત્તામાં રોકનારી નિમિત્તરૂપે પ્રકૃતિ સાત હોય (છે). વિશેષ આગળ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પદ ૪૨ થી પદ ૪૯ પર પ્રવચન ઉપલબ્ધ ન હોવાથી ફક્ત મૂળ પદ મુકેલ છે.**

સમ્યક્ત્વના નામ (છપ્પા)

सात प्रकृति उपसमहि, जासु सो उपसम मंडित।
सात प्रकृति छय करनहार छायिकी अखंडित।।
सातमांहि कछु खपैं, कछुक उपसम करि रक्खै।
सो छय उपसमवंत, मिश्र समकित रस चक्खै।।
षट प्रकृति उपसमै वा खपैं, अथवा छय उपसम करै।
सातईं प्रकृति जाके उदय, सो वेदक समकित धरै।।४२।।

**શબ્દાર્થ :—**અખંડિત=અવિનાશી. ચકખૈ=સ્વાદ લે. ખપૈં=ક્ષય કરે.

**અર્થ :—**જે ઉપર કહેલી સાતેય પ્રકૃતિઓને ઉપશમાવે છે તે ઔપશમિક સમ્યગ્દષ્ટિ છે. સાતેય પ્રકૃતિઓનો ક્ષય કરનાર ક્ષાયિક સમ્યગ્દષ્ટિ છે, આ સમ્યક્ત્વ કદી નષ્ટ થતું નથી. સાત પ્રકૃતિઓમાંથી કેટલીકનો ક્ષય થાય અને કેટલીકનો ઉપશમ થાય તો તે ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિ છે, તેને સમ્યક્ત્વનો મિશ્રરૂપ સ્વાદ મળે છે. છ પ્રકૃતિઓનો ઉપશમ હોય અથવા ક્ષય હોય અથવા કોઈનો ક્ષય અને કોઈનો ઉપશમ હોય, કેવળ સાતમી પ્રકૃતિ સમ્યક્ત્વમોહનીયનો ઉદય હોય તો તે વેદક સમ્યક્ત્વધારી હોય છે. ૪૨.

**अर्थ :—**जो ऊपर कही हुई सातों प्रकृतियोंको उपशमाता है वह औपशमिक-सम्यग्दृष्टि है। सातों प्रकृतियोंका क्षय करनेवाला क्षायिकसम्यग्दृष्टि है, यह सम्यक्त्व कभी नष्ट नहीं होता। सात प्रकृतियोंमेंसे कुछ क्षय हों और कुछ उपशम हों तो वह क्षयोपशमसम्यक्त्वी है, उसे सम्यक्त्वका मिश्ररूप स्वाद मिलता है। छह प्रकृतियाँ उपशम हों वा क्षय हों अथवा कोई क्षय और उपशम हो केवल सातवीं प्रकृति सम्यक्त्व मोहनीयका उदय हो तो वह वेदक सम्यक्त्वधारी होता है।।४२।।

---

સમ્યક્ત્વના નવ ભેદોનું વર્ણન (દોહરા)

छय-उपसम वरतै त्रिविधि, वेदक च्यारि प्रकार।
छायक उपसम जुगल जुत, नौधा समकित धार।।४३।।

**શબ્દાર્થ :—**ત્રિવિધિ=ત્રણ પ્રકારનું. જુગલ=બે. જુત=સહિત.

**અર્થ :—**ક્ષયોપશમ સમ્યક્ત્વ ત્રણ પ્રકારનું છે, વેદક સમ્યક્ત્વ ચાર પ્રકારનું છે અને ઉપશમ તથા ક્ષાયિક બે ભેદ બીજા મેળવવાથી સમ્યક્ત્વના નવ ભેદ થાય છે. ૪૩.

**अर्थ :–**क्षयोपशमसम्यक्त्व तीन प्रकारका होता है, वेदकसम्यक्त्व चार प्रकारका है, और उपशम तथा क्षायिकमें दो भेद और मिलानेसे सम्यक्त्वके नव भेद होते हैं।।४३।।

---

ક્ષયોપશમ સમ્યક્ત્વના ત્રણ ભેદોનું વર્ણન (દોહરા)

**च्यारि खिपै त्रय उपसमै, पन छै उपसम दोइ।**
**छै षट् उपसम एक यौं, छयउपशम त्रिक होइ।।४४।।**

**અર્થ :—**(૧)ચારનો[૧] અને ત્રણનો[૨] ઉપશમ, (૨) પાંચનો[3] ક્ષય બેનો[૪] ઉપશમ (૩) છનો[૫] ક્ષય એકનો ઉપશમ,—આ રીતે ક્ષયોપશમ સમ્યક્ત્વના ત્રણ ભેદ છે. ૪૪.

**अर्थ :–**(१) चारका[१] अर तीनका[२] उपशम, (२) पांचका[३] क्षय दोका[४] उपशम, (३) छहका[५] क्षय एकका उपशम, इस प्रकार क्षयोपशमसम्यक्त्वके तीन भेद हैं।।४४।।

---

વેદક સમ્યક્ત્વના ચાર ભેદ (દોહરા)

**जहां च्यारि परकिति खिपहिं द्वै उपशम इक वेद।**
**छय-उपसम वेदक दसा, तासु प्रथम यह भेद।।४५।।**

**पंच खिपैं इक उपसमै, इक वेदै जिहि ठौर।**
**सो छय-उपशम वेदकी, दसा दुतिय यह और।।४६।।**

**छै षट वेदै एक जो, छायक वेदक सोइ।**
**षट उपसम इक प्रकृति विद, उपसम वेदक होइ।।४७।।**

**અર્થ :—**(૧) જ્યાં [૧]ચાર પ્રકૃતિઓનો ક્ષય [૨]બેનો ઉપશમ અને [3]એકનો ઉદય છે તે પ્રથમ ક્ષયોપશમવેદક સમ્યક્ત્વ છે, (૨) જ્યાં [૪]પાંચ પ્રકૃતિઓનો ક્ષય [૫]એકનો ઉપશમ અને એકનો ઉદય છે તે બીજું ક્ષયોપશમવેદક સમ્યક્ત્વ છે, (૩) જ્યાં [૬]છ પ્રકૃતિઓનો ક્ષય અને એકનો ઉદય છે તે ક્ષાયિકવેદક સમ્યક્ત્વ છે, (૪) જ્યાં [૭]છ પ્રકૃતિઓનો ઉપશમ અને એકનો ઉદય છે તે ઉપશમવેદક સમ્યક્ત્વ છે. ૪૫. ૪૬. ૪૭.

**अर्थ :–**(१) जहाँ [१]चार प्रकृतियोंका क्षय [२]दोका उपशम और [३]एकका उदय है वह प्रथम क्षयोपशमवेदकसम्यक्त्व है, (२) जहाँ [४]पाँच प्रकृतियोंका क्षय [५]एकका उपशम और एकका उदय है वह द्वितीय क्षयोपशमवेदकसम्यक्त्व है, (३) जहाँ [६]छह प्रकृतियोंका क्षय और एकका उदय है वह क्षायिकवेदकसम्यक्त्व है, (४) जहाँ [७]छह प्रकृतियोंका उपशम और एकका उदय है वह उपशमवेदकसम्यक्त्व है।।४५।।४६।।४७।।

---

અહીં ક્ષાયિક અને ઉપશમ સમ્યક્ત્વનું સ્વરૂપ ન કહેવાનું કારણ (દોહરા)

**उपसम छायककी दसा, पूरव षट पदमांहि।**
**कही प्रगट अब पुनरुकति, कारन वरनी नांहि।।४८।।**

**શબ્દાર્થ** :–પુનરુકતિ(પુનરુક્તિ)=વારંવાર કહેવું.

**અર્થ** :–ક્ષાયિક અને ઉપશમ સમ્યક્ત્વનું સ્વરૂપ પહેલાં ૪૨મા છપ્પા છંદમાં કહેલું છે, તેથી પુનરુક્તિ દોષના કારણે અહીં લખ્યું નથી. ૪૮.

**अर्थ** :–क्षायिक और उपशमसम्यक्त्वका स्वरूप पहले ४२वें छप्पय छन्दमें कह आये हैं, इसलिये पुनरुक्तिदोषके कारण यहाँ नहीं लिखा।।४८।।

---

નવ પ્રકારના સમ્યક્ત્વોનું વિવરણ (દોહરા)

**छय-उपसम वेदक खिपक, उपसम समकित च्यारि।**
**तीन च्यारि इक इक मिलत, सब नव भेद विचारि।।४९।।**

**અર્થ** :–ક્ષયોપશમસમ્યક્ત્વ ત્રણ પ્રકારનું, વેદક સમ્યક્ત્વ ચાર પ્રકારનું અને ઉપશમ સમ્યક્ત્વ એક તથા ક્ષાયિકસમ્યક્ત્વ એક,—આ રીતે સમ્યક્ત્વના મૂળ ભેદ ચાર અને ઉત્તર ભેદ નવ છે. ૪૯.

**अर्थ** :–क्षयोपशमसम्यक्त्व तीन प्रकारका, वेदकसम्यक्त्व चार प्रकारका और उपशमसम्यक्त्व एक तथा क्षायिकसम्यक्त्व एक, इस प्रकार सम्यक्त्वके मूल भेद चार और उत्तरभेद नव हैं।।४९।।

---

## પ્રવચન નં. ૧૮૬, આસો વદ ०)), મંગળવાર, તા. ૧૯-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાનાધિકાર પદ ૫૦ થી ૫૩ પર પ્રવચન

ચોથા ગુણસ્થાનનું વર્ણન છે. સમ્યગ્દર્શન—અનંતકાળમાં અપૂર્વ દર્શન, અપૂર્વ પ્રતીતિ એનો અધિકાર છે. આમ તો દિવાળી છે ને આજ. ભગવાન આજ મોક્ષ પધાર્યા. અનાદિસાંત સંસાર થઈ ગયો. સાદિઅનંત સિદ્ધ થઈ ગયા. શાંતિનો, અતીન્દ્રિય આનંદનો પૂર્ણ સ્વકાળ જ્યાં પ્રગટ થઈ ગયો, એનું નામ મુક્તિ. મુક્તિ એક સમયમાં થાય છે. સંસારની પર્યાય ૧૪મા ગુણસ્થાન સુધી હોય છે. એનો વ્યય થઈ, નાશ થઈ આત્માની પૂર્ણ આનંદદશા પ્રગટ થવી એનું નામ સિદ્ધદશા કહેવામાં આવે છે. એવા સમય તો કોઈવાર જીવને હોય છે. મુક્તિને પામનારા જીવો. પણ આ સમ્યગ્દર્શનને પામવા માટે પણ કોઈ સમય હોય છે. સમજાણું કાંઈ? એણે અનંતકાળમાં જે કાંઈ કરવાનું હતું. 'णियमेण य जं कज्जं' 'નિયમસાર'માં છે. જે નિશ્ચયથી જીવને કરવાલાયક એ તો સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્રની પર્યાય છે. લ્યો, એકકોર કહે કે દ્રવ્ય પર્યાયને કરે નહીં. 'णियमेण य जं कज्जं' ભગવાન આત્મામાં પર્યાય એટલે અવસ્થામાં નિશ્ચયથી કર્તવ્યથી પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશાનું પરિણમન થવું, એનું નામ આત્માનો નિશ્ચય આવશ્યક ક્રિયા છે. એ ક્રિયા એણે અનંતકાળમાં (કરી નથી.) રખડતામાં ક્યાંય શરણ લીધું નથી એણે. એનું અહીંયા વર્ણન કહે છે. સમકિતના ચાર પ્રકાર, છે ને? પ્રતિજ્ઞા

પ્રતિજ્ઞા (સોરઠા)

अब निहचै विवहार, अरु सामान्यविशेष विधि।
कहौं च्यारि परकार, रचना समकित भूमिकी।।५०।।

**અર્થ :**—સમ્યક્ત્વસત્તાની નિશ્ચય, વ્યવહાર, સામાન્ય અને વિશેષ,—એવી ચાર વિધિ કહે છે. ૫૦.

**अर्थ :**—सम्यक्त्व सत्ताकी निश्चय, व्यवहार, सामान्य और विशेष ऐसी चार विधि कहते हैं।।५०।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

સમકિત એટલે આત્માનો અનુભવ થઈને એમાં પ્રતીતિ થવી, એ પહેલામાં પહેલો અપૂર્વ ધર્મની દશા છે. સમજાણું કાંઈ? એના ચાર પ્રકાર. નિશ્ચય સમકિત : અભેદની

પ્રતીતિ અનુભવમાં. વ્યવહાર : ભેદની પ્રતીતિ વ્યવહાર સમકિત. સામાન્ય ને વિશેષ : બહુ ચૈતન્યનું ભાન થઈને એકલું વિશેષ જ્ઞાન ન હો છતાં અનુભવ થાય. વિશેષ જ્ઞાન ન હો, તિર્યંચને વિશેષ જ્ઞાન હોતું નથી. છતાં એ આત્મા આનંદસ્વરૂપ છે એવી અંદરમાં સ્વ સન્મુખ થઈને જન્મ-મરણની ગાંઠ ગાળીને સામાન્ય સમકિત થાય અને વિશેષ હેય-ઉપાદેયનું જ્ઞાન કરીને, હેય ઉપાદેયનું જ્ઞાન કરીને થાય એને વિશેષ કહે છે. એ रचना समकित भूमिकी—સમકિતની ભૂમિકા છે એક. આત્માના ગુણસ્થાનમાં ગુણ એટલે પર્યાયનું સ્થાન છે, એ ભૂમિ છે. આહા! હવે, સમકિતના ચાર પ્રકાર કહે છે.

સમ્યક્ત્વના ચાર પ્રકાર (સવૈયા એકત્રીસા)

मिथ्यामति-गंठि-भेदि जगी निरमल जोति,
जोगसौं अतीत सो तो निहचै प्रमानियै।
वहै दुंद दसासौं कहावै जोग मुद्रा धरै,
मति श्रुतग्यान भेद विवहार मानियै।।
चेतना चिहन पहिचानि आपा पर वेदै,
पौरुष अलख तातैं सामान्य बखानियै।
करै भेदाभेदकौ विचार विसतार रूप,
हेय गेय उपादेयसौं विशेष जानियै।।५१।।

**શબ્દાર્થ** :—ગંઠિ(ગ્રંથિ)=ગાંઠ. ભેદિ=નષ્ટ કરીને. અતીત=રહિત. દુંદદસા=સવિકલ્પપણું.

**અર્થ** :—મિથ્યાત્વ નષ્ટ થવાથી મન, વચન, કાયથી અગોચર જે આત્માની નિર્વિકાર શ્રદ્ધાનની જ્યોતિ પ્રકાશિત થાય છે, તેને નિશ્ચય સમ્યક્ત્વ જાણવું જોઈએ. જેમાં યોગ, મુદ્રા, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિના વિકલ્પ છે, તેને વ્યવહાર સમ્યક્ત્વ જાણવું. જ્ઞાનની અલ્પ શક્તિને કારણે માત્ર ચેતના–ચિહ્નના ધારક આત્માને ઓળખીને નિજ અને પરનું સ્વરૂપ જાણવું તે સામાન્ય સમ્યક્ત્વ છે અને હેય જ્ઞેય ઉપાદેયના ભેદાભેદ સવિસ્તારપણે સમજવા તે વિશેષ સમ્યક્ત્વ છે. ૫૧.

**अर्थ** :—मिथ्यात्वके नष्ट होनेसे मन, वचन, कायके अगोचर जो आत्माकी निर्विकार श्रद्धानकी ज्योति प्रकाशित होती है, उसे निश्चय सम्यक्त्व जानना चाहिये। जिसमें योग, मुद्रा, मतिज्ञान, श्रुतज्ञान आदिके विकल्प हैं, वह व्यवहार सम्यक्त्व जानना। ज्ञानकी अल्प शक्तिके कारण मात्र चेतना चिह्नके धारक आत्माको पहिचानकर निज और परके स्वरूपका जानना सो सामान्य सम्यक्त्व है, और हेय ज्ञेय उपादेयके भेदाभेदको सविस्ताररूपसे समझना सो विशेष सम्यक्त्व है।।५१।।

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કહે છે કે નિશ્ચય સમકિત—સાચું સમકિત એટલે સાચો થાય જેવો એનો સ્વભાવ છે. સત્ય પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ એની અંતરમાં ભાન થઈને પ્રતીતિ થવી. એ मिथ्यामति—गंठि—भेदि—એ રાગની એકતાની ગાંઠને છેદીને. અનાદિની વિભાવદશા એની સાથે જે એકતા એ મિથ્યાગ્રંથિ છે. એ મિથ્યામતિ છે અને મિથ્યામતિની ગાંઠ છે. આહાહા! સમજાણું કાંઈ? એને ભેદી, સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુની અભેદદષ્ટિ થવી ત્યારે રાગની એકતાની બુદ્ધિનો નાશ થાય છે. એને સાચું સમકિત, ધર્મની પહેલી દશા, ધર્મની પહેલી સીઢી (કહે છે). વસ્તુ આવી છે. સમજાણું કાંઈ?

આંહીં તો નાસ્તિથી વાત થાય છે. मिथ्यामति गंठि भेदि. પણ એનો અર્થ ઈ છે કે ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એની સન્મુખ થઈને જ્યાં એકતા સ્વભાવની દ્રવ્ય સાથે થઈ ત્યારે મતિની રાગ સાથે મિથ્યામતિ હતી એકાંત, એ છૂટી ગઈ છે. સમજાણું કાંઈ? એમાં આ કરે તો સમકિત થાય ને આ કરે તો સમકિત એવું ન આવ્યું એમાં કાંઈ. આ આવ્યું. (શ્રોતા : સન્મુખ થાય તો..) એ આવ્યું. પણ એમ કે વેદનાને લઈને સમકિત થાય, આવે ને શાસ્ત્રમાં? દેવર્ષિ ઋદ્ધિ દેખે ને સમકિત થાય. એ બધાં નિમિત્તના કથનો છે એ તો. આ થાય ત્યારે એ વખતે લક્ષ ત્યાંથી છૂટ્યું'તું એને સમજાવવાની વાત છે. આહાહા! બહુ આકરી વાત જગતને. પહેલામાં પહેલો જનમ-મરણને અંત લાવવાનો ઉપાય એક. વારંવાર એ આવતો નથી સમય એનો. સમજાણું કાંઈ?

કહે છે કે मिथ्यामति गंठि भेदि. મિથ્યાત્વકે નષ્ટ હોનેસે. 'भेदि' છે આંહીં તો. નષ્ટ હોનેસે. તો વળી કો'ક કહે, ઈ તો મિથ્યાત્વનો નાશ થાય ત્યારે આંહીં થાય. (શ્રોતા : એ તો થાય છે.) પણ લખાણમાં તો એમ જ આવે ને. અને આંહીં તો मिथ्यामति गंठि भेदि. રાગ વિકલ્પ સૂક્ષ્મમાં સૂક્ષ્મ. શુભ વિકલ્પના ત્રણ પ્રકાર. (૧) ભક્તિનો વિકલ્પ—ભગવાન, ગુરુ આદિનો. (૨) એક ક્રિયાનો વિકલ્પ—દયા દાનનો અને (૩) એક ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ. ત્રણે વિકલ્પ છે, રાગ છે. એ રાગની સાથે એકત્વબુદ્ધિ; ત્રિકાળી સ્વભાવ અને વિકાર સાથે એકત્વબુદ્ધિ એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? હવે એમાં આ બાયડી, છોકરાં ને મકાન ને પૈસા મારા.. મારા.. મારા.. આહાહા! ભઈ, આવું તો જ્યારે બાવો થાય તો સમજાય. બાવો જ છે, સાંભળને! ક્યાં તું પરદ્રવ્યમાં ગ્યો છો? પરદ્રવ્યના અસ્તિત્વમાં તારું હોવાપણું કોઈ દિ' ગ્યું નથી અને તારા હોવાપણામાં પરદ્રવ્યનું હોવાપણું કદી આવ્યું નથી. આહાહા! ભારે!

દૃષ્ટિ ઉઠાવ, કહે છે. રાગની એકતાની દૃષ્ટિનો નાશ થતાં जगी निरमल जोति.

જ્ઞાનસ્વરૂપ ભગવાન નિર્મળાનંદ જાગ્યો. जोगसौं अतीत—એવી ચૈતન્યની નિર્મળદશા જાગે ત્યારે ગ્રંથિનો ભેદ થઈ જાય. जोग सौं अतीत. એ મન-વચન ને કાયાનો વિકલ્પ ને કંપન એનાથી ભિન્ન છે. સમકિત જોગથી પણ ભિન્ન છે. जोगसौं अतीत. मन, वचन, कायके अगोचर. મનને ગમ્ય નથી, વાણી ગમ્ય નથી અને કાયાને ગમ્ય નથી, વિકલ્પને ગમ્ય નથી. આહાહા! શુભરાગને પણ સમકિત ગમ્ય નથી. સમજાણું કાંઈ? આહાહા! जगी निरमल जोती. જ્ઞાનાનંદસ્વરૂપ હું, એમ જ્ઞાયકભાવનું અંતરમાં ભ્રમણાનો નાશ થઈ, નિર્ભ્રાંત-અભ્રાંત એવી સમ્યગ્દર્શન નિર્વિકલ્પદશા આનંદને લેતી દશા પ્રગટ થાય એને સાચું સમકિત કહે છે. કહો, સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ નિશ્ચય સમકિત (કહેવું), એ સમકિત સાચું નહિ. એ બધું વ્યવહારમાં જાય. પણ આ નિશ્ચય થયું હોય તો ઓલાને વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા! ભારે આકરું.

जोगसौं अतीत सो तो निहचै प्रमानियै—એને સાચું સત્ય નિશ્ચય સમકિત પ્રમાણીએ, જાણીએ. આહાહા! સમજાણું કાંઈ? અને આ સમ્યગ્દર્શન વિના બધું એકડા વિનાના મીંડા છે. વ્રત કરે ને તપ કરે ને, એ બધાય અજ્ઞાન બાળતપ અને બાળવ્રત છે. મૂર્ખાઈ ભરેલાં વ્રત અને મૂર્ખાઈ ભરેલાં તપ. આહાહા! સમાજનો મોટો ભાગ બીજે ચડ્યો હોય એને આ એવું લાગે. જેઠાભાઈ! આવા હુશિયાર માણસેય ચડી ગયેલા ઓલામાં – ઊના પાણી પીવાં ને આ કરવાં ને તે કરવાં ને. કોણ પાણી પીવે અને કોણ પાણી છોડે? આહાહા! પરદ્રવ્યનો ગ્રહણ-ત્યાગ આત્મામાં ક્યાં છે? સમજાણું કાંઈ? એ તો ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવ જ્ઞાયકસ્વભાવથી ભરેલો એવો પદાર્થ અને સુખ ને આનંદ, એ સુખરૂપી આનંદ અતીન્દ્રિય ધામ ભગવાન છે. એના ઉપર થાપ પડતાં, એના ઉપર દૃષ્ટિ જતાં જે સમ્યગ્દર્શન થાય એને સાચું સમકિત કહે છે. કહો, બલુભાઈ! આરે, ભારે વાત!

પૈસા ભેગા કરવામાં એવી મહેનત નહિ પડી. ન્યાં તો ઓલા પુણ્યના પરમાણુ હોય છે. (શ્રોતા : એ તો કરી જ ક્યાં છે? કોણ કરી શકે છે?) આ ભઈ પહેલા હતા સાધારણ, અત્યારે પૈસા કેટલા ભેગા કર્યાં. દસ લાખ સરકારના ને દસ લાખ પોતાના ને મોટું શું કહેવાય એ? દવાખાનું.. કારખાનું. કહો, શેના કારખાના? કોણ કરે? આહાહા! ભાઈ! તું તો પરથી નિવૃત્તસ્વરૂપ છો ને. પરથી તો અભાવસ્વરૂપ છો. એ પરથી અભાવસ્વરૂપ પરને શું કરે? અરે, ઈ તો રાગથી અભાવસ્વરૂપ છે. રાગથી સદ્ભાવસ્વરૂપ છું એ તો મિથ્યાગાંઠ છે. સમજાણું કાંઈ? એને ભેદી અને जोगसौं अतीत—જોગાતીત થઈ ગયો. સમકિત થયું ત્યાં જોગાતીત થઈ ગયો, કહે છે. શુભ-અશુભ વિકલ્પ અને કંપન બેયથી રહિત છે. આહાહા! કહો, ભીખાભાઈ! આવો માર્ગ છે ભાઈ!

કાંઈક કૃપા થઈ જતી હશે કે નહિ? આહાહા! કોની કૃપા ને કોની સત્તા? કૃપાની પર્યાય તો એનામાં રહી. અહીં સમકિતની સત્તા તો ત્રિકાળી સત્તાને આશ્રયે થાય. એમાં કૃપા કામ શું કરે? આહા! (શ્રોતા : નિમિત્ત થાય). નિમિત્તનો અર્થ શું? કાંઈ નહીં. નિમિત્તનો અર્થ જ–કાંઈ નહીં. નૈમિતિક પોતાની દશા, આહાહા! પૂર્ણ આનંદ ને જ્ઞાન ને શાંતિથી ભરેલો પ્રભુ એની સન્મુખ થઈને એકતા જે સ્વભાવમાં થાય એને નિશ્ચય સમકિત પ્રમાણ ગણવામાં આવે છે. આંહીંથી ધર્મની શરૂઆત થાય છે. સમજાણું કાંઈ?

એ જનમ-મરણના આરા આવ્યા ત્યાં હવે અને મુક્તિને કાંઠે આવી ગયો ઈ. વસ્તુ રીતે તો મુક્તિ થઈ ગઈ છે. મુક્તસ્વરૂપનું અનુભવમાં ભાન એ મુક્ત જ છે. આહાહા! રાગ અને બંધ આદિ એનો તો જ્ઞાતા અને પરજ્ઞેય તરીકે જાણનાર છે. સમજાણું કાંઈ? અરે, એને આવા ટાણાં મળ્યા, મનુષ્યપણાના નિગોદમાંથી નીકળીને અને ક્યાંના ક્યાં કરવાનું રહી ગયું અને બીજું કરે. ભાઈ! તારા અવતાર અલેખે જાય છે. (અ)લેખે એટલે ગણતરીમાં આવે એવો અવતાર નથી. ગણત્રીમાં આવે એવો આ અવતાર છે. આહાહા! પોતાના સ્વભાવની પરિપૂર્ણતા પ્રત્યે સન્મુખતા પર્યાય, રાગ ને નિમિત્તથી વિમુખતા આ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

જુઓને, એક શરીરમાં રોગ આવે, પૈસા એટલા એટલા હોય તો ય શું કરે? નવનીતભાઈ બિચારાને કેવા પરિણામ! આપણે તે દિ' ભાઈ મોટાણીને ત્યાં ગયા. ચાર-પાંચ ઝાડા. શું કીધું ઓલું? લો (શ્રોતા : લો બ્લડપ્રેશર) લો બ્લડપ્રેશર એટલે (દબાણ) હળવું, એમ ને? હેઠે ઉતરતું. મૂંઝાય. બાપા! ક્યાં ક્યાં તું છો? બ્લડપ્રેશર શું બીજું? (શ્રોતા : હાઈ) હાઈ–ઊંચું. ઈ તો રજકણની દશા છે ને, ભગવાન! એ રજકણની દશાના પરિણમનમાં તારો અધિકાર બિલ્કુલ નથી. આહાહા! ભલે કરોડો રૂપિયા હો. અબજો હો, લ્યો ને. (શ્રોતા : ભલે આખી દુનિયાની લક્ષ્મી..) આખી દુનિયાની લક્ષ્મી એટલે શું પણ? ઈ તો એનું અસ્તિત્વ એનામાં છે. આંહીં તો જોગથી અતીત, આહાહા! શુભ ને અશુભ વિકલ્પ એનાથી વેગળો ભગવાન છે. એવા ભગવાનની અંદરમાં અનુભવમાં આનંદ લેતું જ્ઞાન અને શ્રદ્ધા થાય એને સમ્યગ્દર્શન કહે છે.

હવે વ્યવહાર. આ નિશ્ચયની વાત કરી. એવું જ્યાં નિશ્ચય હોય ત્યાં વીતરાગ સર્વજ્ઞ જ્યાં સુધી ન થાય ત્યારે એને આવો એક વ્યવહાર હોય છે. કેવો? वहै दुंद दसा–દ્વૈતદશા. ઓલી અદ્વૈત હતી. આહા! ગુણ-ગુણીનો ભેદ ને મતિ-શ્રુતજ્ઞાનની પર્યાયની શ્રદ્ધા અને ભેદની શ્રદ્ધા. આહાહા! પંડિતજી! મતિ-શ્રુતજ્ઞાન આદિ એની શ્રદ્ધા સમ્યક્ હોં. જેવો પર્યાય છે તેની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત છે. સમજાણું કાંઈ? માળે આવો માર્ગ ભારે ભાઈ! લોકો તો એમ જ કહે હોં. ભાઈ, આ તો બીજો માર્ગ કાઢ્યો.

પોતાનો પંથ ચઢાવ્યો, કહે છે. અરે, પ્રભુ! તારો પંથ છે ને, નાથ! આહાહા! તારામાં છે આ, ભાઈ! આત્માનો પંથ બાપુ આ જ છે. ક્યાંય બીજું શરણ છે નહીં. વસ્તુ અભેદ અખંડાનંદ પ્રભુ એનું સમ્યગ્દર્શન તે નિશ્ચય સાચું છે અને પર્યાયના ભેદની શ્રદ્ધા. આહાહા! वहै दुंद दसा—ભેદ દશા. સમજાણું કાંઈ? ચોથું, પાંચમું, છઠ્ઠુ, તેરમું, ચૌદમું ને, એવા ગુણસ્થાનની શ્રદ્ધા. ભાઈ! એ ગુણસ્થાનની શ્રદ્ધા વ્યવહાર.. વ્યવહાર વિકલ્પ છે. સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શનની પર્યાય, આ પર્યાય છે એની શ્રદ્ધા એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહાહા! માર્ગ!

वहै दुंद दसासौं कहावै जोग मुद्रा धरै. જોગ એટલે વિકલ્પ આદિ હોય ભેગો. મુદ્રા—આમ પર્યાયમાં એકાગ્ર થઈને વિકલ્પથી એ બધાંની શ્રદ્ધા—ભેદની, પર્યાયની એને વ્યવહાર સમકિત કહે છે. એ વિકલ્પ છે. સમજાણું કાંઈ? એટલે કે ખરું છે નહિ, એમ. ઉપચારથી આને સમકિત કહેવાય છે. બાકી છે તો ગુણસ્થાનની શ્રદ્ધા આદિ વિકલ્પ રાગ. આહાહા! સમજાણું કાંઈ? ચાર તીર્થની શ્રદ્ધા અને પોતાના ગુણસ્થાનના ભેદની શ્રદ્ધા એ બધો વિકલ્પ છે. એ અભેદ સમકિત છે એને આવા વિકલ્પ અને વ્યવહાર સમકિતનો આરોપ અપાય છે. સમજાણું કાંઈ? वहै दुंद दसासौं कहावै जोग मुद्रा धरै. વિકલ્પથી આમ એકાકાર થવા માંગે. સમજાણું કાંઈ? એની શ્રદ્ધા એ તો બધીય વિકલ્પાત્મક, રાગાત્મક વ્યવહાર સમકિત. એને છે નહીં એને કહેવું, એનું નામ વ્યવહાર છે આહાહા! સમજાણું કાંઈ? તે પણ નિશ્ચય સમકિત હોય એને. અજ્ઞાનીને વ્યવહાર સમકિત છે, એમ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન! આવો માર્ગ છે ભાઈ. દુનિયાને બેસે, ન બેસે એમાં કોઈની સિફારિશ ત્યાં કામ કરતી નથી એમાં. આહા! દુઃખી થઈને એકલો રહે છે કે નહીં? દેખો. કહળ્યું કુટુંબ ભેગું થ્યું હોય, આમ ૫૦-૧૦૦ માણસો. આઠ-આઠ દીકરા મોટા જોદ્ધા જેવા ને બાપ મરવા પડે, એ રૂપિયા ને એ બાયડી ને છોકરા એનામાં રહે. એકલો બિચારો વિકારને વેદે. અને બહુ તો એમ બોલે હોં, 'અરે, એણે પાપ કર્યાં હશે ને કાં આપણે બકરીનું કાન ઝાલ્યું હશે ને કાં એણે બકરીને મારી હશે. એટલે આપણે આ જોવા (પડે) પાપ. આહાહા! એ એમ કહે છે ને? આહા!

એકલો આમ ટળવળ-ટળવળ કરીને આમ.... રાગ ને દ્વેષના વિકલ્પમાં ખોડાયેલો દુઃખને પંથે પડેલો છે ઈ. આહાહા! દાક્તરે ય કહે, હવે ઈન્જેકશનની બહુ જરૂર નથી. હવે જુઓ શું થાય છે. કલાક-બે કલાકે હવે... એમ બોલે નહીં સીધું. પણ એનો અર્થ કે જુઓ હવે. આહા! છે કોઈ (શરણ)? ત્યારે સમ્યગ્દર્શનમાં કોઈ આત્મા સિવાય બીજો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? એના દુઃખના વેદનમાં પણ બીજો કોઈ નથી તો

આત્માના સમ્યગ્દર્શનના વેદનમાં આત્મા સિવાય કોઈ બીજી ચીજ છે નહીં. આહાહા! અરે, આવી ચીજ છે એવું સાંભળવા ન મળે, એ કે દિ' વિચારે ને કે દિ' અંતરમાં પરિણમે ને ઉતારે? આહાહા! બાપુ! માર્ગ તો આ છે. ચોર્યાશીના અવતારના ધોકામાંથી નીકળવું હોય તો કહે છે કે આવો નિશ્ચય હોય ત્યાં दुंद दसा–ભેદ દસા એને શ્રદ્ધવી.

मति श्रुतग्यान भेद विवहार मानियै. ભાષા, જુઓને, કેવી કરી! સમ્યગ્દર્શનમાં જે મતિ-શ્રુતજ્ઞાનની (પર્યાય) થાય એ પર્યાયને શ્રદ્ધવી એ વ્યવહાર છે. આહાહા! દ્રવ્યને અનુભવવો શ્રદ્ધા એ નિશ્ચય છે. સમજાણું કાંઈ? આહા! ભારે ભાઈ! આ સંસારના ..... આમ રમતુંમાં વેપારે ચડી ગયા હોય. હોંશ ને હડકે.. આણે આ કર્યુ. બાપા! એ હોંશું બહારમાં કરે છે એ તો એકલી પાપની છે. આહાહા! જ્યાં ઉત્સાહ કરવો જોઈએ ત્યાં ઉત્સાહ કરતો નથી. જ્યાં ઉદ્યમ કરવો જોઈએ ત્યાં કરતો નથી. ઊંધા ઉદ્યમ કરીને માને, અમે સમકિતી છીએ. અમે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરનારા અને જૈનધર્મને માનનારા છીએ. અરે, ભાઈ! જૈનધર્મ તો પર્યાય છે. આહાહા! વીતરાગીપર્યાય છે. એને માનનારા ઈ પણ પર્યાયને માનનારા વ્યવહાર છે, એમ કહે છે. ભાઈ! આહાહા! સમજાણું કાંઈ? જુઓને, 'બનારસીદાસે' પોતે જાતે એનું સ્પષ્ટીકરણ કર્યુ છે. આહાહા!

ભગવાન! તારામાં બે પ્રકાર. એક દ્રવ્ય ને બીજો પર્યાય. આહાહા! શાંતિભાઈ! કહો, આવું કાંઈ સાંભળ્યું'તું ત્યાં? થઈ જાઓ, ત્યાગ કરો. બહુ આવે લખાણમાં આવે. ત્યાગ કરો.. ત્યાગ કરો.. ત્યાગ કરો. આ ત્યાગની જ વાત છે, ભગવાન! મિથ્યાત્વનો ત્યાગ ત્યાં સમકિતની ઉત્પતિ એની વાત છે આ તો. પહેલો મિથ્યાત્વના ત્યાગ વિના બીજો ત્યાગ આવે ક્યાંથી? આહાહા! मति श्रुतग्यान भेद विवहार मानियै . આહાહા! ગજબ વાત છે ને!

કહે છે, આત્માનો અનુભવ થઈને પૂર્ણ પ્રભુની પ્રતીત થઈ, ભાન થઈને હોં. જ્ઞાન થઈને ને આત્માનો આનંદ લેતો એ નિશ્ચય છે. એ સાચું છે, એ વાસ્તવિક છે ને યથાર્થ છે. જો એ પર્યાયની શ્રદ્ધા કરવી એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આવો વીતરાગમાર્ગ છે, ભાઈ! વીતરાગોએ સંતોએ સમવસરણમાં આ કહ્યું હતું. मति श्रुतग्यान भेद विवहार मानियै. વાહ! ભારે! 'બનારસીદાસે' પણ. મતિજ્ઞાન સાચું હોં. પણ પર્યાય છે ને. આહાહા! ગજબ વાત છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તો વિકલ્પ વ્યવહાર એ તો એકકોર રાખો પણ પોતાની પર્યાયની શ્રદ્ધા. આહાહા! એવો વ્યવહાર હોય છે પણ એ ઉપચારે તેને સમકિત કહેવામાં (આવે છે). વાસ્તવિક એ વસ્તુ નથી. પ્રેમચંદભાઈ! આવો માર્ગ છે. આહા! ભાઈ! તારા ઘરમાં આ છે હોં. આહા!

अब हम कबहु न निज घर आये. એ આવે છે ને? પંડિતજી! अब हम कबहु न निज घर आये, पर घर भमत फिरत नाम अनेक धरायै. એકની શ્રદ્ધા પછી અનેકની શ્રદ્ધાને વ્યવહાર કહેવામાં આવે છે, એમ કહે છે લો. એકલી અનેકની શ્રદ્ધા એ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા! લ્યો, આ ભગવાનનો દિવાળી દિ' છે આ. ભગવાન મોક્ષ પધાર્યા. પાવાપુરી. કો'ક વળી બીજું કહે છે..... નામેય નથી નાખ્યું. આત્મા ગોળો આનંદનો સમશ્રેણીએ સ્થિર થઈ ગયો ત્યાં લોકાંતે. એને ૨૫૦૦ વર્ષ થાશે. આ ૨૪૯૭ પુરું થયું. ૯૮ (શરૂ) થયું આજ જ. કાલ તો (સંવત) ૯૮ની સાલ શરૂ થશે. પણ ખરેખર તો આજ શરૂ થઈ ગયું ને આંહીં. અંત આવ્યો ને આ શરૂ થઈ ગયું.

કહે છે, અરે, એ दुंद दसा—ભેદ દશા એવી વ્યવહાર દશા એને શ્રદ્ધવું એ વિકલ્પદશા છે ઈ. આહાહા! સમજાણું કાંઈ? એ સાચી શ્રદ્ધા નથી. સમકિતીને પણ એ શ્રદ્ધા સાચી નથી, ઉપચારી છે. આહાહા! સમજાણું કાંઈ? અજ્ઞાનીને તો ઉપચારેય નથી. હજી જાગ્યો નથી ત્યાં ઉપચાર કોને કરવો?કહે છે, मति श्रुतग्यान भेद विवहार मानियै. આ મતિજ્ઞાન અને આ શ્રુતજ્ઞાન ને આ અવધિજ્ઞાન ને મનઃપર્યય ને કેવળજ્ઞાન. ઠીક. એય! પોતાને કેવળજ્ઞાન તો છે નહીં પણ કેવળજ્ઞાન આવું હોય અને આવું એમ માનવું એ હજી વ્યવહાર છે, કહે છે. કહો, ભીખાભાઈ! આહાહા! એ બે થયા. નિશ્ચય સમકિત અને વ્યવહાર સમકિત. હવે સામાન્ય સમકિત અને વિશેષ સમકિત.

चेतना चिहन पहिचानि आपा पर वेदै, पौरुष अलख तातैं सामान्य बखानियै. જ્ઞાનની અલ્પશક્તિને કારણે.... જ્ઞાન(નો) ઉઘાડ વિશેષ ન હો, શાસ્ત્રના જાણપણાં પણ વિશેષ ન હો, (પણ) પશુ દેડકાં જેવાને સમકિત થાય છે. એ ચૈતન્ય ચિહ્ન ભગવાન આ છે. એ આનંદનો નાથ છે, બસ. એ આનંદને જાણીને જે સમકિત થાય, વિશેષ જાણતું ન હો એની સાથે કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? આહાહા! 'સોગાની' પણ લખે છે ને કે અમારે ક્ષયોપશમ વધારવો નથી. જ્યાં કેવળજ્ઞાનેય હેય છે ત્યાં ક્ષયોપશમ તો હેય. વસ્તુસ્થિતિ એમ છે. આહાહા! સમજાણું કાંઈ? એને પહેલા સમજણમાં પરલક્ષી સમજણ તો પહેલી સાચી કરે કે આવું સ્વરૂપ છે. એ વિના અંતરમાં ઉતરી શકશે નહીં. સમજાણું કાંઈ? વિકલ્પ દ્વારા પણ વાસ્તવિક તત્ત્વ આવું હોય અને વ્યવહાર આવો હોય — એવો જેને વિકલ્પ દ્વારા પણ નિર્ણયના ઠેકાણા નથી, એને નિર્વિકલ સમકિત થવાનો અવકાશ નથી. સમજાણું કાંઈ?

આ પેટમાં ઓલા શું કહેવાય? કેન્સર. કેન્સર પેટનું થાય છે ને. આહા! રાડ

પાડતી હતી બેન કંચનબેન. હવે પૈસા ઘણાં હતા. બંગલા ત્રણ છે છ-સાત લાખના. પૈસા બે-અઢી લાખ. હીરા હતા. ત્યાં કાનમાંય હીરા હતા, લ્યો. અરે, કીધું, આ હીરા રહેશે ને મડદું બળી જશે. હા, હીરા હતા. બંગડીમાં હશે પણ મારી નજર નહોતી. ચંદુભાઈ કહેતા'તા. બંગડીમાં હીરા એટલા હતા. પણ એને બહુ દુઃખતું ને એટલે સુધી, આહા! ઓ.. મા! એમ કરતી કરતી. બીજે દિ' હોં. ઓ.. મા! એમ કરતી. હાથ આમ કરે. સહન થાતું નથી. લોઢાના ખીલા ઊના કરીને ધગધગતા અંદર લાખો અંદર માર્યા હોય ને એવી પીડા હોય. અરે એ પીડામાં શરણ કોણ? પીડા વિનાનો ભગવાન એ શરણ છે. બહારમાં બાવા નાખે ઝાંવા. નેમિદાસભાઈ જોડે 'શુદ્ધ બુદ્ધ ચૈતન્ય' ગીત ઈ જ ગાતાં. ઓ.. મા, ઓ.. મા કરે છે, હમણાં પતી જશે એમ કહે. બહુ પીડા હતી ને. ...... હતાશ થઈ જાય, એમ. એટલે જોડે બેસે હેઠે. સંભળાવે 'શુદ્ધ બુદ્ધ ચૈતન્ય'. ત્યાં તો રાડ પાડે, રોવે પોતે. ઈ ન રોવે હોં બાઈ, રાડ પાડે. પોતે રોવે ને ભાગે બહાર જાય. જોઈ શકાય નહીં. અરે, આવા પરિણામ! મારા કરીને માન્યાં, એ જ્યારે આમ પીડાય. હાય, હાય! આ બાપા તારા હતાં કે દિ'? આહા! શેની પીડા? કોની પીડા? ભાઈ! એ આકુળતાની પીડા એ પણ ચીજમાં નથી. શરીરની પીડા તો આત્મામાં છે જ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

ધર્મી જીવ તો ક્ષણે ને પળે તૈયાર છે કે વેદના, લાખો સોય વાગે છતાં તેમાં પણ જ્ઞાતા-દૃષ્ટા રહેવાને ધર્મી તૈયાર છે. સમજાણું કાંઈ? એવા વેદનાના કાળમાં પણ સમકિતી શાંતિ રાખી શકે. છેલ્લી સ્થિતિ થઈ ત્યારે 'શ્રીમદે' કહ્યું ને, 'મનસુખ, બાને દિલગીર થવા દઈશ નહીં.' એટલું કીધું. 'હું સ્વરૂપમાં સમાઉં છું.' બસ એટલું કહ્યું. આહાહા! સાચી વાત હોં. 'હું સ્વરૂપમાં સમાઉં છું.' આહાહા! એ અંતર અનુભવ સમ્યક્ હોય એને ઈ બને. સમજાણું કાંઈ? આહાહા! ઈ ટાણાં સાચવવા એ તો આત્મા સાચો છે એ પ્રગટ્યો હોય તો સાચવે. આહાહા! આ તો કહે છે કે ભલે જ્ઞાન અલ્પ હો. चेतना चिहन पहिचानि. આ જાણનાર.. જાણનાર.. જાણનાર લક્ષ એ આત્મા. चेतना चिहन पहिचानि. આ જાણનાર.. જાણનાર એ જ આત્મા, એમ. એટલું જ્ઞાન કરીને आपा पर वेदै. પણ સ્વ ને આનંદને વેદે અને રાગને પર રીતે જાણે, એને સામાન્ય સમકિત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

चेतना चिनह पहिचानि आपा पर वेदै. પશુ—મોટા મગરમચ્છ હજાર યોજનના અને દેડકો નાનો આવડો, એ સમ્યક્ પામે એ આ ચેતના આનંદસ્વરૂપ છે તે જ આત્મા — એમ વેદનમાં આનંદ આવ્યો ત્યાં રાગ આદિ પર, આનંદની જાત નથી એમ પર તરીકે એને જાણે. બસ, વિશેષ જ્ઞાન ન હોય, કહે છે. વિશેષ જ્ઞાન સમજાવતાંય આવડતું ન હોય. એથી કરીને શું? આહા! સમજાણું? દુનિયાને પોતાની વાત છે શું, એય કહી શકે

નહીં. આહાહા! તો પણ એનું સમકિત છે એ સામાન્ય સાચું છે. સમજાણું કાંઈ? ઈ પ્રકૃતિના બોલ હતા એ નીચે લીધા થોડા. આ છ હોય ને આ પાંચ હોય ને ચાર હોય. આ મુદ્દાનો માલ આ છે. (શ્રોતા : આ દિવાળી છે ને) આ દિવાળી છે એટલે. આહા! સમજાણું કાંઈ?

આ ઘૂઘરા ને ફાફડા થાય છે આ. આ કરે ને કે દિવાળી કરાવો, દિવાળી કરાવો. કો'ક આંહીંયા ખાવા બેસે ને ત્યારે, આ ફાફડા બનાવ્યા, દિવાળી કરાવો, અમને દિવાળી કરાવો. ભાઈ! હવે તેલના ફાફડામાં શું? દિવાળી કરાવો અમારે, દુનિયા કહે. એમ કોઈ કરીને લાવ્યા હતા ને ફાફડા. દિવાળી કરાવો, કહે અમને. કહો, હવે ફાફડા ખાયેથી દિવાળી થાતી હશે? શું હશે ભીખાભાઈ? ઘૂઘરા ને ફાફડા ને બીજું શું કહેવાય એને? (શ્રોતા : દળ.. દળ) દળનો ટાઈમ હતો. (શ્રોતા : સૂંવાળી) સૂંવાળી. ફાફડા ને સૂંવાળી બીજી જાતની થાય. આહાહા! બધા સૂંવાળા નથી, કર્કશ છે. એના તરફનો વિકલ્પેય દુઃખદાયક છે. સમજાણું કાંઈ? અરે, સ્વસન્મુખનો વિકલ્પ પણ દુઃખદાયક છે. સ્વસન્મુખનો વિકલ્પ હોય, આ આવો છે ને તેવો પણ પર તરફ (છે), બેય દુઃખદાયક છે. ભાઈ! સમજાણું કાંઈ? એવું આનંદ સ્વરૂપ આત્માનું જાણ્યું. વિશેષ જ્ઞાન ન હો પણ એ આ જાણ્યો એક, એણે બધું જાણ્યું. સુજાનમલજી! જાણનારને જાણ્યો એણે બધાંને જાણ્યો. જણાય એવી બહારની ચીજ વધારે ભલે ન જણાય. સમજાણું કાંઈ? 'એક જાને સબ હોત હૈં, સબસે એક ન હોય.'

એક ભગવાન આત્મા જાણ્યો, સબ જાણ્યું એણે. 'एगं जाणि सव्वं जाणदि.' બધું જાણ્યું. અને એને કેવળજ્ઞાન શક્તિમાં પડ્યું છે અને તાબે તો કર્યું છે. આહાહા! કેવળજ્ઞાન શક્તિમાં આ પર્યાય આ કાળે નીકળશે એવું કેવળજ્ઞાને જોયું છે અને પડી છે એ પ્રગટશે. એ કાંઈ બહારથી આવવાની છે? સમજાણું કાંઈ? એ વાતની વાત જ મોટી પણ હોં માળે. સમજાણું કાંઈ? आपा पर वेदै, લ્યો. એટલું તો હોય, કહે છે. એકલો આત્મા, હવે એમ નહીં. आपा पर वेदै, એમ. આનંદને આનંદરૂપે વેદે અને રાગને રાગરૂપે દુઃખરૂપે જાણે, એમ. સમજાણું કાંઈ? पौरुष अलख तातैं. એવો આત્મા અલખ — વિકલ્પથી લખ્યો ન જાય એવો પુરુષાર્થથી અંદરમાં આ જાણ્યો. એ सामान्य बखानियै—એને સામાન્ય સમકિત કહીએ. સામાન્ય એટલે છે તો સાચું પણ જ્ઞાન વિશેષ નથી માટે સમકિતને સામાન્ય કહ્યું છે. સમકિતની શ્રદ્ધા તો સામાન્ય જ છે. અહીં જ્ઞાનની વિશેષતા નથી. પણ મહા ભગવાનને પ્રતીતમાં લીધો. સમજાણું કાંઈ? આહાહા!

करै भेदाभेदकौ विचार विसतार रूप. હવે વિશેષ સમકિત કહે છે. વિશેષ સમકિતમાં સમકિત તો સામાન્ય જ છે નિર્વિકલ્પ, પણ જ્ઞાનની વિશેષતામાં પ્રતીતિ થવી

એને વિશેષ સમકિત કહે છે. સમજાણું કાંઈ? भेदाभेदकौ विचार. હેય, જ્ઞેય ને ઉપાદેય. ખરેખર તો ઉપાદેય ને હેય – બસ બે માં આવી ગયું. ખલાસ થઈ ગયું. ઈ તો જ્ઞેય તો ઈ છે જ. પૂર્ણાનંદ પ્રભુ ઉપાદેય છે, આદરણીય છે. સત્તાની શ્રદ્ધામાં તેને કબ્જે કરવા જેવું છે અને પર્યાય ને રાગની શ્રદ્ધા છોડવા જેવી છે, એવું વિશેષ हेय ज्ञेय उपादेयके भेदाभेदको सविस्ताररूपसे समझना. છે તો એ જ્ઞાનની પર્યાય. સમજાણું કાંઈ? सो विशेष सम्यक्त्व है. સમકિત વિશેષ નથી. સમકિત તો સામાન્ય જ છે. પણ ઓલા થોડા જ્ઞાનવાળાનું સમકિત તે સમાન્ય અને વિશેષ જ્ઞાનવાળાનું વિશેષ, એટલો ફેર પાડવા કહ્યું છે. શબ્દે પકડે તો કામ પાર ન આવે એને. (શ્રોતા : જ્ઞાનથી વિશેષતા કરી છે.) બસ એટલી વાત છે.

શ્રુતકેવળીનું સમકિત અવગાઢ, કેવળીનું પરમ અવગાઢ. સમકિત તો સમકિત જ છે. કાંઈ જ્ઞાનની વિશેષતાએ સમકિતમાં કાંઈ ફેર પડતો નથી. પણ એને ઉપચારે આ પ્રમાણે ઓળખવું, એમ કહ્યું છે. સમજાણું કાંઈ? हेय गेय उपादेयसौं विशेष जानियै. બહુ સરસ વાત આવી, લ્યો. चतुर्थ गुणस्थानके वर्णनका उपसंहार. ચતુર્થ ગુણસ્થાનકે વર્ણનકા ઉપસંહાર. આ સમકિતી જીવ એનું ચોથું ગુણસ્થાન એની સ્થિતિનું વર્ણન હવે પૂરું થાય છે આંહીં, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

ચોથા ગુણસ્થાનના વર્ણનનો ઉપસંહાર (સોરઠા)

थिति सागर तेतीस, अंतर्मुहूरत एक वा।
अविरतसमकित रीति, यह चतुर्थ गुनथान इति॥५२॥

**અર્થ** :—અવ્રત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગર અને જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની છે. આ ચોથા ગુણસ્થાનનું કથન સમાપ્ત થયું. ૫૨.

**अर्थ** :—अव्रतसम्यग्दृष्टि गुणस्थानकी उत्कृष्ट स्थिति तेतीस सागर और जघन्य स्थिति अन्तर्मुहूर्तकी है। यह चौथे गुणस्थानका कथन समाप्त हुआ॥५२॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

અંદર વ્રતના પરિણામ ચારિત્રના ન હોય. હોય અવ્રતી. આસક્તિના પરિણામ હો પણ છતાં એની દૃષ્ટિમાં અને પર્યાયમાં આસક્તિના પરિણામનો અભાવ છે. અવિરતપણું એવો જે દોષભાવ એ એની દૃષ્ટિમાંય નથી અને એની પર્યાયમાંય નથી. કારણ સમ્યગ્દષ્ટિ તો વ્યવહારથી મુક્ત છે. સમજાણું કાંઈ? આરે, આવો ધર્મ ભાઈ! તે કરતાં તો અપવાસ કરવા ને? કેટલા અપવાસ કર્યા? દસ કર્યા, આઠ કર્યા, સોળ કર્યા. ગણત્રીમાંય આવે. અને એના વરઘોડા નીકળે. આનો વરઘોડો પોતે કાઢે તો થાય.

બલુભાઈ! લ્યો, બલુભાઈને હતું ને. લ્યો બાપા. એણે કર્યું'તું વરસીતપ કર્યું'તું. બલુભાઈ, નહિ? રાજકોટ ગ્યા'તા ત્યારે ત્યાં આહાર કર્યો હતો ને. એને પારણું હતું. ચંદુભાઈ હતા ત્યાં. એના પિતાજી. આહા! ઈ તપ નહિ, ઈ અપવાસ છે, ઉપવાસ નહીં. આહાહા!

પોતાનો ભગવાન આત્મા એના સમીપમાં જઈને ત્યાં ઠરવું, વસવું, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, આ એને ઉપવાસ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? ભારે લાગે આકરું હોં. કરોડપતિની વહુઓ, એની દીકરીઓ દસ-દસ અપવાસ કરે અને એને કહેવું કે આ બધી તારી લાંઘણ છે. બચારા કહેતા ૯૦ની સાલમાં પુરુષોતમજી હતા ને ગામમાં. અરે, લાખોપતિની વહુઓ વરસીતપ કરે ને અને આ કહે, ઈ તો ના, ના. આંહીં સદર.... સદર ને ભાઈ? સદર. આપણે ૯૦ની સાલ. આમ ઊભા ઊભા બિચારા આવા અપવાસ કરે અને એ કહે કે ના, ઈ તો બધી લાંઘણ છે. ભાઈ! લાંઘણ, લાંઘણનો બાપ છે. ત્રાગાં છે આત્મા પાસે હોં. આહાહા! એ રાગની કદાચિત મંદતા હો તો પુણ્ય છે ઈ. એને નિર્જરા(નું) કારણ માને એ તો મહામિથ્યાત્વનું પોષણ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

મીંદડું કાઢતાં ઊંટડું પેઠું. એવું છે ઈ તો. આ કર્યું એમાં માન્યું કે આ તો મારે નિર્જરા થઈ. એમ માને કે રાગ નિવૃત્ત થાય એટલું પુણ્ય થાય, ધર્મ નહીં. ત્યાં સુધી તો એની જરી શુભભાવ પણ વ્યવહારે પુણ્યનું કારણ કહેવાય. સમજાણું કાંઈ? પણ એને ધર્મ અને તપ ને નિર્જરા માને એ તો તત્ત્વથી વિપરીત દૃષ્ટિ છે અને ઉલ્ટી દૃષ્ટિનું જે પાપ એના જેવું કોઈ પાપ નથી. આહા! એ પાપની તો કંઈ કિંમત નહિ, એ પાપનું કોઈ માપ નહિ. આ હિંસા કરે ને ફલાણું કરે ને પૈસા રાખે ને ઢીંકણું કરે ને તો એ પાપ. આહા! આ અમાપ પાપ છે. સમજાણું કાંઈ? રાગની ક્રિયાને ધર્મ માને અને અમને નિર્જરા થઈ માને. અમાપ શ્રદ્ધાનું પાપ છે ઈ. આહાહા! દુનિયા સાથે મેળ ખાય એવું નથી, આવું બિચારા કહે એવું ઈ. આહા!

કહે છે કે એની સ્થિતિ કેટલી? કે ૩૩ સાગર. સમકિત એમ ને એમ રહે તો ૩૩ સાગર. સર્વાર્થસિદ્ધિમાં રહે છે ને. સર્વાર્થસિદ્ધિ દેવ. ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગર છે. આમ ૬૬ સાગર ગણી છે. હા, ગણી પણ આંહીં ૩૩ (સાગર) ઉત્કૃષ્ટ દેવની સ્થિતિની અપેક્ષાએ ગણી. આમ ૬૬ (સાગર). સમજાણું કાંઈ? પણ ઓલો સર્વાર્થસિદ્ધિમાં જાય છે ને એ અપેક્ષાએ. એક ધારાવાહી રહે છે એટલે આમ ગણી શકે છે, બાકી ૬૬ સાગર છે. थिति सागर तेतीस, अंतर्मुहूरत एक. અને કાં અંતર્મુહૂર્ત સ્થિતિ. સમકિત થયું અને

અંતર્મુહૂર્ત (કાળમાં) કેવળ પામીને મુક્તિ પામે. સમજાણું કાંઈ? છેલ્લે અંતર્મુહૂર્તે. અંતર્મુહૂર્ત એટલે બે ઘડીની અંદર. સંસાર બે ઘડી રહ્યો અને આત્માનો અનુભવ થયો. બે ઘડી(માં) ન્યાં ને ન્યાં કેવળ ને મુક્તિ. સમજાણું કાંઈ? નિગોદમાંથી નીકળીને આવ્યો હોય. એકાદ ભવ હો. અંદરમાં જ્યાં ઊતર્યો. અંતર્મુહૂર્ત. એવો પ્રભુ બિરાજે છે ને અપરંપાર જેનો પુરુષાર્થ છે એવા ભગવાનને જેણે પકડ્યો, આખો આત્મા કબ્જે લીધો, એને અંતર્મુહૂર્તે કેવળ થઈને મુક્તિ પણ પામે. અંતર્મુહૂર્તમાં સમકિત થઈને કેવળ થાય, મુક્તિ પામે અને કોઈને ૩૩ સાગર સ્વર્ગની સ્થિતિ હોય. સમજાણું કાંઈ?

अविरतसमकित रीति, यह चतुर्थ गुनथान इति, લ્યો. એને ચોથું ગુણસ્થાન અવિરતિ સમકિતી. અવિરતિ સમકિતી આને કહેવામાં આવે છે. આ લોકો હવે અત્યારે અવળે રસ્તે ચડી ગયા છે. કહે, જ્ઞાની હોય એને ત્યાગ જોઈએ. ત્યાગ ન હોય તો જ્ઞાન (નથી.) ત્યાગ કોનો? આખા સંસારનો ત્યાગ છેને દૃષ્ટિમાં. બધો ત્યાગ છે. આખો સંસાર ઉદયભાવનો ત્યાગ છે. ઉદયભાવ હું જ નથી ને મારામાં નથી. આહાહા! આ ત્યાગની ખબર ન મળે. સમજાણું કાંઈ? બહારથી એમ કહે કે ચારિત્રની કિંમત છે. એવું આવે આમાં લખાણમાંય. ચારિત્ર હોય એની કિંમતુ ગણાય. સમકિતીને નહિ એમ તો ન કહે, પણ આ ચારિત્ર, વ્રત ને તપ ને... (શ્રોતા : ગર્ભિત...) હા, ગર્ભિત પણ લખે નહીં, લખી શકે નહીં. ત્યાગ જોઈએ, તપસ્યા જોઈએ, નગ્નપણું, વ્રત ને તપ; તો એનું જ્ઞાન સફળ કહેવાય. ચારિત્ર વિના શું જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન કરે છે? અરે, ભગવાન! એ બાહ્યનો ત્યાગ છે. એને (સમકિતીને) અંતઃ આખો ત્યાગ છે. ભાઈ! વિકલ્પમાત્રનો. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવનો ય દૃષ્ટિમાં ત્યાગ. અરે, પરિણતિમાં ત્યાગ. આહાહા! સમજાણું કાંઈ? પણ આ વસ્તુની કિંમત ન હોય અને બહારની કિંમત ગણાવા જાય.

લ્યો, આ ચોથા ગુણસ્થાનનું (વર્ણન.) જઘન્ય (કાળ) અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ (કાળ) ૩૩ સાગર. એક ધારા રહે, સર્વાર્થસિદ્ધિની અપેક્ષા ગણીને. બાકી તો ૨૨ સાગર સ્થિતિએ ત્રણ વાર જાય. ૨૨ છે ને? ૨૨X૩= ૬૬. ત્રણ વાર જાય. સર્વાર્થસિદ્ધિમાં એક વાર જાય. ૨૨ સાગરોપમ સ્થિતિ. એ ને એ જ દશા રહે અને એક જ ભવ પૂરતી ગણત્રી ગણીને ૩૩ સાગર કહેવામાં આવે છે. લ્યો, ૩૩ સાગર સમકિત રહે ને વ્રત નિયમ ન હોય. સમજાણું કાંઈ? 'ઋષભ' ભગવાન, 'ભરત' ચક્રવર્તી. છ લાખ પૂર્વ સુધી ચક્રવર્તીપદ, સમકિતી જ્ઞાની. ચારિત્ર વ્રત છે નહીં. સમ્યગ્દર્શન હોય એને ચારિત્ર વ્રત લેવાં જ પડે અને હોય (એમ છે નહિ.) લેવાં પડે એ વાત સાચી. એની શ્રદ્ધામાં ચારિત્ર આવું હોય એવું એણે ગ્રહણ કર્યું છે, આવું ચારિત્ર હોય એવું માન્યું છે. વર્તમાન પ્રગટ

નથી. સમજાણું કાંઈ? લ્યો, એ ચોથા ગુણસ્થાનની સ્થિતિનું વર્ણન થયું.

અણુવ્રત ગુણસ્થાન. હવે શ્રાવકનું પાંચમું ગુણસ્થાન. આ સમકિત સહિત, આવા ભાન સહિત જેને સાચું શ્રાવકપણું પંચમ ગુણસ્થાનની ભૂમિકા એનું વર્ણન અહીંયા 'બનારસીદાસ' કરે છે.

અણુવ્રત ગુણસ્થાનનું વર્ણન પ્રતિજ્ઞા (દોહરા)

अब वरनौं इकईस गुन, अरु बावीस अभक्ष।
जिनके संग्रह त्यागसौं, सोभै श्रावक पक्ष।।५३।।

**અર્થ :**—જે ગુણોના ગ્રહણ કરવાથી અને અભક્ષ્યોના ત્યાગથી શ્રાવકને પાંચમું ગુણસ્થાન સુશોભિત થાય છે, એવા એકવીસ ગુણો અને બાવીસ અભક્ષ્યોનું વર્ણન કરું છું. ૫૩.

**अर्थ :**—जिन गुणोंके ग्रहण करने और अभक्ष्योंके त्यागनेसे श्रावकका पाँचवाँ गुणस्थान सुशोभित होता है, ऐसे इक्कीस गुणों और बाईस अभक्ष्योंका वर्णन करता हूँ।।५३।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

જે ગુણોને ગ્રહણ કરે અને અભક્ષ્યોને છોડે. વ્યવહારથી વાત કરી છે. છોડવું—ગ્રહણ એમાં છે નહીં. પણ છૂટી જાય છે એને છોડે છે એમ કહેવામાં આવે છે. આહા! जिन गुणोंके ग्रहण करने और अभक्ष्योंके त्यागनेसे, લ્યો. એકવીસ ગુણ છે ને. પાંચમું ગુણસ્થાન છે ને. ચોથા ઉપરાંત શાંતિ વધી છે. 'સમાધિશતક'માં આવે છે ને કે અવ્રતમાં તડકે ઊભા રહેવા કરતાં વ્રતમાં છાંયે ઊભા રહેવું. પણ એને વ્રતના પરિણામ હોય, શાંતિ અંદર વધી હોય એને વ્રતના પરિણામ હોય. એકલાં વિકલ્પ અને વ્રત હોય એને વ્રત કહેવાય છે? જેને અંતરમાં અનુભવ ઉપરાંત સ્થિરતાની શાંતિનો અંશ પણ સર્વાર્થસિદ્ધિ કરતાં વધી ગયો છે એને વ્રત હોય અને ઈ છાંયો કહેવામાં આવે છે. પણ સમકિત (વગર)ના એકલા વ્રતના પરિણામ જ છાયા છે, એમ છે (નહિ). 'સમાધિશતક'નો દાખલો આપે. जिनके संग्रह त्यागसौं. ગુણને ગ્રહે, રાગને છોડે વિગેરે. અભક્ષ્ય. એ સુશોભિત એવા એકવીસ ગુણ અને બાવીસ અભક્ષ્યોનું વર્ણન કરું છું. એકવીસ ગુણ શ્રાવકના કેવા હોય અને બાવીસ અભક્ષ્યનો ત્યાગ એ અભક્ષ્ય કેવા હોય એનું વર્ણન કરશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૮૭, કારતક સુદ ૧, બુધવાર, તા. ૨૦-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાનાધિકાર પદ ૫૪ પર પ્રવચન

સમયસાર નાટક. ચૌદ ગુણસ્થાનનું વર્ણન. ચોથા ગુણસ્થાનનું વર્ણન આવી ગયું. પાંચમા ગુણસ્થાનનું વર્ણન. પંચમ ગુણસ્થાન એટલે શ્રાવક. શ્રાવક સાચા કોને કહીએ? જેને પહેલો આત્મા અખંડ આનંદ એનો અનુભવ હોવો જોઈએ. એ તો સમ્યગ્દર્શનની ભૂમિકામાં એની દૃષ્ટિનું જોર વસ્તુના સ્વભાવ ઉપર હોય છે, ત્યારે તેને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. પોતાનો આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ અને અખંડ સર્વજ્ઞસ્વભાવી ચીજ ઉપર દૃષ્ટિ પડતાં દૃષ્ટિમાં નિર્વિકલ્પતા થઈ અને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એ દશાને સમકિત કહે છે. કહો, સમજાય છે કાંઈ? એનું નામ સમ્યક્દૃષ્ટિ. એ ધર્મ અને સુખને પંથે પડ્યો. આગળ જતાં હવે પંચમ ગુણસ્થાનની વાત. જેને સ્વદ્રવ્યનો આશ્રય હતો એ વિશેષ આશ્રય વધ્યો. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય ને આનંદનો પિંડ પ્રભુ, એની રુચિનો અનુભવ તો હતો અને રુચિએ દ્રવ્યનો આશ્રય લીધો હતો. પણ હવે સ્થિરતાના અંશે દ્રવ્યનો વિશેષ આશ્રય લીધો. ઝીણી વાત છે. એ કંઈ શ્રાવકના વ્રત ધારણ બહારમાં કરે માટે શ્રાવક થઈ જાય, એમ નથી. સમજાણું કાંઈ? અંતર ભગવાન આત્મા પૂર્ણાનંદને સ્પર્શીને જે દૃષ્ટિમાં, વેદનમાં, શાંતિમાં અનંતાનુબંધીનો અભાવ થઈ, જે શાંતિના રસનું વેદન હોય એ ઉપરાંત સ્વનો આશ્રય લઈને જેને વિશેષ શાંતિ વધે શ્રાવક એને કહીએ. આહાહા! સમજાણું કાંઈ? બે કષાયનો અભાવ છે ને પાંચમે. નિરંતર એને આત્માના શાંતિના રસની વેદન દશા નિરંતર હોય એને અહીંયા શ્રાવક અને પંચમ ગુણસ્થાનવાળા ધર્મી કહેવામાં આવે છે. કહો, સમજાણું?

આમ નામ શ્રાવક આપે એથી કરી કાંઈ શ્રાવક થઈ (જતા નથી). નામ નિક્ષેપે, સ્થાપના નિક્ષેપે અને દ્રવ્ય નિક્ષેપે. કેટલાક અત્યારે એમ કહે છે, નામેય હોય, સ્થાપના હોય, દ્રવ્ય (હોય) ને બધાં જૈન છે. આહાહા! (શ્રોતા : ભાવે હોય તો બસ થઈ ગયું). આનંદઘનજીય કહે છે. નામ અધ્યાત્મ, સ્થાપના અધ્યાત્મ, દ્રવ્ય અધ્યાત્મ સુન લો. આનંદઘનજી કહે. આ તો ભાવ અધ્યાત્મ. શુભ-અશુભ વિકલ્પના રાગ રહિત અંતરના અનુભવના આનંદમાં જે મશગુલ છે એને ભાવ આધ્યાત્મિક કહેવામાં આવે છે. હવે આ એમ કહે છે. ...... આનંદઘનજી એમ કહે છે કે ભાવ અધ્યાત્મ હોય તો. હવે અત્યાર સુધી એમ કહે, નામ હો, સ્થાપના હો, દ્રવ્ય હો તો જાઓ, બધા જૈન છે. બધાંનો

સમન્વય કરો. શું કરે? થઈ શકે એવું ક્યાં છે? ખલાસ. એવું કહે છે અત્યારે લો. નામ પણ છે ને. હવે નામમાં શું દાળીયા થ્યા? સમજાણું કાંઈ? ઓલા.....માં ય આવે છે ભાઈ, નહિ? હા, એ. લક્ષ્મીવંત નામ અને લાકડાં વેચે. (શ્રોતા : .....) લક્ષ્મીબાઈ હશે. (શ્રોતા : .....) અમર નામ ને મરી ગ્યો. લક્ષ્મીબાઈ અને લાકડાં વેચે. બીજું શું કહ્યું? ધનવંતો? એમ ભીખ માંગે ને ધનવંત નામ. આવે છે ને ઈ? નિશાળમાં આવતું, નહિ? આવતું'તું. પહેલેથી યાદ સાંભળેલું છે ને. બલુભાઈ! ભિખારી અને ધનવંત નામ ધનવંતભાઈ. એમાં શું દાળીયા થ્યા? (શ્રોતા : .....) ઓલા કાળિયા કૂતરા જેવું છે ઈ તો. કાળિયા કૂતરાનો દાખલો સાંભળ્યો'તો ને.

ઓલા બે કૂતરા હતા. તે એક અમુક શેરીએ ચડી ગયો ને એક અમુક શેરીએ. એમાં કાળો કૂતરો હતો ને અમુક શેરીએ ચડ્યો'તો એ દૂબળો પડી ગયો છ મહિને. રોટલા-બોટલાં મળે નહિ. કૂતરાને જ્યાં જાય ત્યાં મારે લાકડીઓ. અને એક ધોળો કૂતરો હતો. એને રોટલાં મળે ને બધું મળે. છ મહિને ભેગાં થયા પાછા. ન્યાં ઓલાએ કાળા કૂતરાનું શરીર ઝીર્ણ દેખ્યું. ભાઈ આમ કેમ? ભાઈ, જે શેરીએ જાઉં છું, રહું છું ત્યાં આભડછેટ બહુ માને. મને તો ગરવા ન દે, મારે. ત્યારે કહે, મારી શેરીમાં આવી જા તું. ધોળા કૂતરાએ કહ્યું, મારી શેરીમાં આવી જા. હું છ મહિના તારે ત્યાં જાઉં. એ વાત છે ઠીક. પણ હવે એક વાત છે એમાં. શું છે, કહે. જે શેરીએ રહું છું ત્યાં એક રાંડેરાંડ દેરાણી ને જેઠાણી બે બાઈયું છે. એને દરરોજ તકરાર થાય. તકરાર થાય એટલે આ કાળિયા કૂતરાની વહુ એમ કહે. ત્યાં મને સંતોષ થાય ગમે એનાથી. અચ્છા. એટલા નામે મારે શેરી છોડવી ગમતી નથી. આહાહા! આવું બોલે માળા. દરરોજ બે વઢે દેરાણી-જેઠાણી અને વઢતાં વઢતાં એમ કહે, માળા કાળિયા કૂતરાની વહુ એમ બોલે. એટલે ભલે મારે પણ ઈ બહુ સારું લાગે છે. આહાહા!

એમ આમ ભાન ન મળે કાંઈ અને એના વખાણ કરે, એ કાળિયા કૂતરાની વહુનું સાંભળવા જેવું છે. સમજાણું કાંઈ? આહાહા! અરે, દુનિયા પ્રશંસે, એથી એમાં આત્મામાં ક્યાં આનંદ આવે? આહા! અને દુનિયા નિંદા કરે તો પણ અહીંયા ક્યાં ઘટ-વધ થઈ જાય? આહાહા! શ્રાવકની દશા અંતર અનુભવના આશ્રયે વિશેષ દ્રવ્યનો આશ્રય લે છે. સમજાણું કાંઈ? વિશેષ આત્માનો આશ્રય અનુભવમાં તો લીધો છે એ સિવાય વિશેષ એકાગ્રતા અંદર થાય છે ત્યારે એને શાંતિની વૃદ્ધિ થાય છે. ત્યારે તો એને બીજા કષાયનો અભાવ થાય છે. આહાહા! એણે સમજવું તો પડશે કે નહીં કે શ્રાવક કોને કહેવા? એની આ વ્યાખ્યા છે જુઓ. अब वरनौं इकईस गुन, अरु बावीस अभक्ष जिनके संग्रह त्यागसौं, ૨૧ ગુણનો સંગ્રહ કરો એમ કહે. सोभै श्रावक पक्ष. ૨૨

અભક્ષ્યનો ત્યાગ કરો. તો શ્રાવકનો પક્ષ એ શોભે. શ્રાવકના એકવીસ ગુણ

શ્રાવકના એકવીસ ગુણ (સવૈયા એકત્રીસા)

लज्ञावंत दयावंत प्रसंत प्रतीतवंत,
परदोषकौ ढकैया पर-उपगारी है।
सौमदृष्टि गुनग्राही गरिष्ट सबकौं इष्ट,
शिष्टपक्षी मिष्टवादी दीरघ विचारी है।।
विशेषग्य रसग्य कृतग्य तग्य धरमग्य,
न दीन न अभिमानी मध्य विवहारी है।
सहज विनीत पापक्रियासौं अतीत ऐसौ,
श्रावक पुनीत इकवीस गुनधारी है।।५४।।

**શબ્દાર્થ** :–પ્રસંત=મંદકષાયી. પ્રતીતવંત=શ્રદ્ધાળુ. ગરિષ્ટ=સહનશીલ. ઈષ્ટ=પ્રિય. શિષ્ટ પક્ષી=સત્યપક્ષમાં સહમત. દીરઘ વિચારી=આગળથી વિચારનાર. વિશેષગ્ય=અનુભવી. રસગ્ય=મર્મ જાણનાર. કૃતગ્જ્ઞ=બીજાના ઉપકારને નહીં ભૂલનાર. મધ્ય વ્યવહારી=દીનતા અને અભિમાન રહિત.

**અર્થ** :–લજ્જા, દયા, મંદ કષાય, શ્રદ્ધા, બીજાના દોષ ઢાંકવા, પરોપકાર, સૌમ્યદષ્ટિ, ગુણગ્રાહકપણું, સહનશીલતા, સર્વપ્રિયતા, સત્યપક્ષ, મિષ્ટ વચન, દીર્ઘદષ્ટિ, વિશેષજ્ઞાન, શાસ્રજ્ઞાનનું મર્મજ્ઞપણું, કૃતજ્ઞતા, તત્ત્વજ્ઞાનીપણું, ધર્માત્માપણું, ન દીન કે ન અભિમાની મધ્યવ્યવહારી, સ્વાભાવિક વિનયવાન, પાપાચરણથી રહિતપણું—આવા એકવીસ પવિત્ર ગુણોનું શ્રાવકોએ ગ્રહણ કરવું જોઈએ. ૫૪.

**अर्थ** :–लज्ञा, दया, मंदकषाय, श्रद्धा, दूसरोंके दोष ढाँकना, परोपकार, सौम्यदृष्टि, गुणग्राहकता, सहनशीलता, सर्वप्रियता, सत्य पक्ष, मिष्ट वचन, अग्रसोची, विशेषज्ञान, शास्त्रज्ञानकी मर्मज्ञता, कृतज्ञता, तत्त्वज्ञानी, धर्मात्मा, न दीन न अभिमानी मध्य व्यवहारी, स्वाभाविक विनयवान, पापाचरणसे रहित।–ऐसे इक्कीस पवित्र गुण श्रावकोंको ग्रहण करना चाहिये।।५४।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

જુઓ, આ શ્રાવકની વ્યાખ્યા. આ વરસ બેસતા દિ' એ આવ્યું, જુઓ. પહેલીવહેલી છે આ. આહાહા! સમજાણું કાંઈ? શ્રાવક કે શ્રાવિકા આવા હોય. જેને આત્માના આનંદનો અનુભવ હોય એ ઉપરાંત આવા ગુણ હોય. લજ્ઞાવંત, લ્યો. લજ્જાવાળો હોય. કંઈ પણ દોષ આદિથી એ લજ્જા પામે. સમજાણું કાંઈ? નિધ્વંસ ન થાય ઈ. પાપ થયા. થયા તો શું છે? એમ. અરેરે! અમે આત્મા, અમે પરમાનંદના ભોક્તા એમાં એને ન શોભે એવા પાપથી એને લજ્જા આવે છે. સમજાણું કાંઈ? લગ્ન

કરે, પ્રસંગ હોય. સમકિતી છે, શ્રાવક છે પણ એને હોંશ ન હોય એમાં. સમજાણું કાંઈ? લજ્જા પામે.

શું આ તમારે કાંઈક છે ને લગ્ન કરે ત્યારે? કંઈ ભાષા કો'ક કહેતું'તું. લગ્નપ્રસંગ કરે ને પછી કંઈક બોલે છે. આ પંથે ચડ્યો એવું કાંઈક. (શ્રોતા : પ્રભુના પગલાં) હા. એ.. એ. એમ ત્યારે બોલેને. આપણે તો સાંભળેલું હોય કો'ક પાસે. (શ્રોતા : પ્રભુના પગલા માટે) પ્રભુના પગલાં. છે? (શ્રોતા : પ્રભુતામાં પગલા) હા, પ્રભુતા. પરણ્યો એટલે મોટપ થઈ ગઈ એને. માળા આ રાંકા છે ને ભિખારી. સમજાણું કાંઈ? આવે છે એવું જાદવજીભાઈ? આ છાપામાં આવે છે. આમ પરણે ત્યારે નહીં બધાને પગે લાગે? બાપને ને કાકાને ને. સારું કર્યું મને નાખ્યો આમાં જેલમાં. આહાહા! સમકિતીને એવું હોય તો એને લજ્જા થાય. જુઓ, એમ કહે છે. હોય ખરો એવો ભાવ. લગ્નનો, સ્ત્રીઓનો પણ લજ્જા (આવે.) અરે! અમારે આ ન હોય. સમજાણું કાંઈ? એનાથી શોભા માને અને પ્રભુતાના પગલે પડ્યો, એમ ન માને ઈ. સમજાણું કાંઈ? લજ્જાવંત.

दयावंत. એને પરપ્રાણી અને પોતાની દયા હોય. એના હૃદયમાં અનુકંપા ઘણી હોય છે. સમજાણું કાંઈ? 'શ્રીમદ્' પણ એકવાર કહેતા'તા કે કોઈ લીલોતરીને મોરતું હોય તો અમારાથી ન જોવાય. આવે. આહા! કોઈ લીલોતરી એકેન્દ્રિય જીવ અનંત જીવને આમ મોરતો હોય શાક કરતાં કે આમ... સમજાણું કાંઈ? અરેરે! એ આત્મા આવો છે. એને આ માથે છરી પડે છે. ઈ ખુશી ન થાય. પોતે પણ કદાચ ઈ લીલોતરીનું (શાક) કરતો હોય. સમજાય છે કાંઈ? આમ દયા છે એને. અરે, આત્મા આવો! મારો વિકલ્પ આ જાતનો અત્યારે આ ક્રિયા થાય છે એમાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? એવી ધર્મી જીવને દયા હોય છે.

प्रसंत—મંદકષાય હોય છે. તીવ્ર ક્રોધી, તીવ્ર માન, માયા એવા હોય નહીં. સુંવાળી પ્રકૃતિ હોય છે. મંદ કષાય—પ્રશંત. 'પ્રશાંતિ અનંત સુધામય જે' આવે છે ને. છેલ્લો શબ્દ આવે છે. 'પ્રશાંતિ અનંત..' ઈ પર શાંતિ નહિ, પ્રશાંતિ છે ખરેખર તો. પ્રશાંતિ. જ્યાં બે કષાય ઘટી ગ્યા છે એટલે શાંતિ સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પણ વધી ગઈ છે. આહાહા! સર્વાર્થસિદ્ધિના દેવ જેને એક ભવે મુક્તિ, એના કરતાં પંચમ ગુણસ્થાનની દશા ભાઈ, અંતર શાંતિમાં વધી છે. એકલો શાંતરસનો કંદ ભગવાન એટલો એણે આશ્રય ઉગ્રપણે લીધો. સમજાણું કાંઈ? આહાહા! આને શ્રાવક કહેવાય. નામ ધારે શ્રાવક ને માલ ન હોય કાંઈ. કોથળીમાં કરિયાતા ને માથે લખે સાકર, એથી કંઈ કડવા લાકડા મીઠા થઈ જાય? સમજાણું કાંઈ? મીઠો ભગવાન આનંદસ્વરૂપ, મીઠો મહેરામણ આનંદથી ભરેલો આત્મા એને જેણે સ્પર્શ કર્યો છે એવા પ્રાણી તો પ્રશાંત હોય છે, કહે છે. આહાહા!

સમજાણું કાંઈ? આમ બોલાવ્યા બોલે નહીં. ધમધમાટ.. સમજાય છે ને? કષાયમાં. આ તો પ્રશાંત.. પ્રશાંત.. આહાહા! ભલે ગૃહસ્થાશ્રમમાં હો, ત્યાં બે કષાયનો અભાવ. આ તો વાસ્તવિક ધર્મની વાત છે. વાડાએ માન્યો એ ધર્મ નથી. આહાહા! ભારે આકરું લાગે માણસને. આ વરસ બેસતાંની સાથે આવી છે આ વાત. ..... સમજાણું કાંઈ? ૨૧ ગુણનું વર્ણન તો વરસ બેસતા માથે આવ્યું. (સંવત) ૨૮ની સાલ.

પ્રતીતવંત—એ તો વાસ્તવિક તત્ત્વના પ્રતીતવાળો હોય છે. આત્માનો તો પ્રતીતવાળો હોય, પણ જેટલા ભગવાને છ દ્રવ્ય આદિ કહ્યાં એ બધાની એને પ્રતીત હોય છે, આસ્થા હોય છે. આહાહા! એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે એવી શક્તિવાળા આત્માઓ અનંત છે. આહા! નિગોદના જીવો પણ પરમાત્મસ્વરૂપે છે એવી એને પ્રતીત હોય છે. નિગોદથી માંડીને સિદ્ધની પર્યાય; દ્રવ્ય તો છે ઈ છે. એ નિગોદની પર્યાય વખતે વસ્તુમાં ઘટાડો થયો નથી. સિદ્ધની પર્યાય વખતે વસ્તુમાં વૃદ્ધિ પામી નથી. આહાહા! એવી એને પ્રતીત હોય છે. સમજાણું કાંઈ? અને આટલા બધા આત્માઓ અનંત. બાપુ! તું તો એથી અનંતગુણા જ્ઞેયને જ્ઞાન કરે એ તારી તાકાત છે. એ અનંતની દયા પાળવાનો પ્રશ્ન આંહીં નથી. સમજાણું કાંઈ? પણ પરજ્ઞેય એટલા અનંત છે આત્માઓ, એથી અનંતગુણા રજકણો, એનાથી અનંતગુણા ત્રણકાળના પર્યાયો, એનાથી અનંતગુણા આકાશના પ્રદેશો, એનાથી અનંતગુણા એક જીવના ગુણો. આહાહા! એવું સમકિતી શ્રાવકને પ્રતીતમાં હોય છે. એને ક્યાંય શંકા પડતી નથી. આહાહા! આ તો અંતરની વાતું છે. આવડી મોટી આત્માની સંખ્યા. સમજાણું કાંઈ?

ઓલા વેદાંત આદિ કહે, એક આત્મા સર્વવ્યાપક. આ બીજું બધું ભ્રમ. એ ભ્રમણામાં પડ્યા છે. એને તત્ત્વની ખબર નથી. આટલા આત્માઓ અને એક એક આત્મામાં પૂર્ણ સિદ્ધ થવાની તાકાત. એથી અનંતગુણા રજકણો. આહાહા! શું સંખ્યા એ! એક સાગરોપમની સ્થિતિ જેને દેવની કહી, એ ૩૩ સાગરની સ્થિતિ છે સર્વાર્થસિદ્ધિના દેવની. પણ ઈ ૩૩ સાગર(માંથી) એક સાગર અને એક સાગરમાં અનંત ક્રોડાક્રોડી પલ્યોપમ, અને એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય. તો પણ એ ૩૩ સાગરના સમય તો અસંખ્ય છે અને આત્માના ગુણો અનંતગુણા છે. આ તો ૩૩ સાગર છે. ઓલા ત્રણકાળ તો વધારે કહ્યું પણ આ ૩૩ સાગર. લોકોને એમ થાય. આવા ઈ મોટા હશે? મનુષ્યના અસંખ્ય અબજ વર્ષના આયુષ્ય. (એક) પલ્યોપમ, બે પલ્યોપમ, ત્રણ પલ્યોપમ. એક એક પલ્યના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ, એવા જુગલિયા છે. બધું ય છે, ભાઈ! એના જ્ઞાનની વૃદ્ધિમાં બધું શ્રદ્ધામાં આવે છે. એને શંકા પડતી નથી. આહાહા! કહો, જેઠાભાઈ! આહાહા!

પ્રતીતવંત છે. ભરોસો છે. બધુંય છે ઈ છે. હું તો એક સમયના જ્ઞાનની પર્યાયમાં છ દ્રવ્યો એટલે અનંત સિદ્ધો એને પણ જાણવાની તાકાતવાળો હું એક સમયની પર્યાય જાણવાની તાકાતવાળો તો એટલા બધા જ્ઞેયો છે. સમજાણું કાંઈ? આહાહા! માથું ફરી જાય બીજાને કે આ બધું શું છે આ? આ થોરના થોર પડ્યાં છે ને આ રસ્તામાં. એક થોરનો.... હેઠે પડે ત્યાં એમાં અનંત અનંત ઢગલા જીવ છે. એક રાઈની કટકી જેટલા થોરમાં અસંખ્ય તો ઔદારિક શરીર, તેથી અનંતગુણા જીવ. આહા! બરાબર છે. સમકિતીને એની સાચી પ્રતીત હોય છે. આહા! એવડો જ આત્મા છે કે જે અનંતને એક સમયમાં જાણે. સમજાણું કાંઈ? એવી અનંતી અનંતી જ્ઞાનની પર્યાયનો પિંડ તે આત્મા. એટલા આત્માનો જેને સમ્યગ્દર્શન અનુભવ થયો, એ આ બધું એને પ્રતીતમાં વર્તે છે. સમજાણું કાંઈ?

परदोषको ढकैया—પરદોષને ઢાંકે. એમ કે પરદોષ ઉઘાડવા જતાં સામાને દુઃખ થાય એવું ન કરે. વસ્તુનું સ્વરૂપ બતાવે પણ વ્યક્તિગત એનો દોષ કાઢીને આને ઓલું કરે, એવું હોય નહીં. એ પણ ભગવાન છે. સમજાણું કાંઈ? એના દોષ કાઢીને દુનિયામાં હલકા પાડવાં એ કંઈ શ્રાવકને શોભે? એમ કહે છે. આઠ વર્ષની બાલિકા પણ જો સમ્યગ્દર્શન થઈને શ્રાવક થઈ હોય તો એને આવા ગુણ હોય છે. આહા! પછી ભલે પરણે, લગ્ન કરે, પણ કરે ઈ કહેવાય છે. આરે, આરે, ભારે વાત! ઈ લગ્ન કરતી નથી. થાય તેને એ જાણે છે. સમજાણું કાંઈ? આહાહા!

ગજબ લીલા એની છે. હવે ચાર ફેરા ફરે. ચોથે ફેરે કહે કે હવે ચોથો થાય છે એમ કહે. લોકોની વાતો આપણે સાંભળેલી છે. ત્રણ ફેરા પછી હવે ચોથે પાકું થાય ને કે હવે ચોથો છે. છેલ્લો છે, એમ. એટલે એમ કે આ ચોથે નક્કી થાશે, એમ. હજી ત્રણ સુધી ફરવું હોય તો ફરો, બાકી હવે નહીં ફરાય. આહાહા! ધર્મી જીવ જગતના એવા દોષો જોઈને એને ઢાંકે. કોને ઉઘાડવા? અનંત નાથ અનંતગુણનો નાથ પ્રભુ છે એની પાછળ આ દોષ તો એક અલ્પ.. અલ્પ.. અલ્પ (છે.) મિથ્યાત્વનો દોષ પણ ત્રિકાળી ભગવાનની પાસે અલ્પ દોષ છે. મહાભાગ્યવાન ચૈતન્યપ્રભુ એવો જેણે અનુભવમાં ને દૃષ્ટિમાં લીધો એને બીજાના દોષો તો એક અનંતમા.. અનંતમા.. અનંતમા.. અનંતમા ભાગમાં જણાય એને કેમ તિરસ્કારે? સમજાણું કાંઈ? આહા! જાણે.

पर—उपगारी है. એ પરના ઉપકાર કરવાનો એને સદ્‌ભાવ હોય છે. વિકલ્પમાં બીજા ધર્મ પામે, સમજે એવો એનો ભાવ(હોય છે.) ઉપકાર કરી શકે છે કે નહિ? ઈ પ્રશ્ન આંહીં નથી. પણ એનામાં બીજો કષાય ચડ્યો છે ને. બીજા પ્રાણીનું હિત કેમ થાય?

કલ્યાણ કેમ થાય? વાત સવારે તો કહ્યું'તું. આવી ગાથા છે પહેલા જીવ અધિકારમાં. 'मज्जंतो.' અરે, જીવો જગતના બધા આવીને (પડો). સાગમટે નોતરું છે આંહીં તો, કહે. લીધું છે ને ભાઈ કળશમાં? આહાહા! બધા રખડો એમ નથી એને. આહા! આખી દુનિયાના જીવો, અરે! આ જ્ઞાન સમુદ્રભગવાન ઉછળે છે ને નાથ! એમાં આવો સ્નાન કરો. સાગમટે નોતરું. કંદોરાબંધ ને ફલાણાબંધ, એમ નહીં. આહાહા!

હોય છે ને વાણિયામા આપણે? કંદોરાબંધ. કંદોરા હોય એટલે સાત દિ', સાત દિ' નું જમણ હોય, એમ. એને કંદોરાબંધ કહે. એમ કહે છે, સાંભળ્યું છે. આપણે અનુભવ ક્યાં છે? અને આ શું કહેવાય બાઈયું, છોડીઓનું કાંઈ છે? ગોરણી, ગોરણી. આહા! બધા શબ્દો સ્વતંત્ર હોય છે. ગોરણીનું જમણ છે એટલે બધી કન્યાઓ જ આવે. કંદોરાબંધનું જમણ છે એટલે આદમી જ આવે. સાગમટે જમણ છે, ઈ માંદા ન આવે બાકી બધા આવે. આ વરસ બેસતા દિ' એ આ સાગમટે નોતરું છે, કહે છે. સમજાણું કાંઈ? પર ઉપકારી, એમ કહે છે. બધા ભગવાન આત્માઓ તમારા ઘરમાં આવી જાઓ, ભાઈ! તમારાં ઘર મોટા છે. તમે મોટાના.. મોટાના તમે મોટા છો. તમે નાનાના દીકરા નથી. આહા! પર ઉપકાર છે.

सौमदृष्टी–શાંતદૃષ્ટિ હોય છે. દૃષ્ટિમાં તીખાશ અને ઝેર હોતાં નથી. દુશ્મન હોય તો પણ એના પ્રત્યે એની સૌમ્ય દૃષ્ટિ. દુશ્મન કેવો પણ? આહાહા! દુશ્મન અને સજ્જન તો ઈ જ્ઞેયના પાડેલાં બે ભાગ છે. એ તો જ્ઞેય તરીકે છે. જ્ઞેયના ભાગ પાડવા કે આ સજ્જન ને દુશ્મન, એ તો મિથ્યાદૃષ્ટિની ભૂલ છે. આહાહા! સમજાણું કાંઈ? सौमदृष्टि. गुनग्राही–એ ગુણને જોવે. ઈ હોય તો હોં. ન હોય ત્યાં ગુણ જોવે (એમ નહિ.) ગુણનો ગ્રહનારો હોય. આહા! કથામાં આવે છે ને. ઈ કથામાં એક. આવે છે ઓલો કૂતરો હતો આમ. કૃષ્ણ નીકળ્યા હતા. મરી ગયેલો કૂતરો હતો. માળે દાંત ભારે સરખા છે. એવી વાત આવે વ્યવહારની. ઓલા કૂતરાના દાંત સરખા છે. એ બોલે જાણે કે વાત. મરી ગયો એનું કાંઈ નહીં પણ દાંત સરખા છે. એમ ગુણગ્રાહી. જેવો ગુણ હોય તેને જ ગ્રહે.

गरिष्ट–સહનશીલ. સહનશીલ હોય છે ઈ. એ અકળાઈ જાય પ્રતિકૂળતામાં, એમ હોતું નથી. આહાહા! નિંદાની છડી પડે, પ્રતિકૂળતાના ગંજ આવે. પ્રતિકૂળતા કેવી? પ્રતિકૂળતાનો ભાવ એ મારો રાગ. અનુકૂળતાનો ભાવ મારો સ્વભાવ. આહાહા! સમજાણું કાંઈ? આ દશાનું નામ શ્રાવક કહીએ. આંહીં તો ભાન ન મળે કાંઈ, હજી વસ્તુની ખબર ન મળે અને બીજા કષાયનો ત્યાગ શું છે એની ખબર ન મળે. રમણીકભાઈ! આવું ભારે! આહાહા! ગરિષ્ટ. सबकौ इष्ट–બધાને પ્રિય. તો એનો અર્થ, દુશ્મન તો એને ન

હોય? બીજા હોય, આંહીં શું કામ છે? એની પોતાની સર્વપ્રિયતા અંદર હોય. કોઈ સાથે એને વિરોધ હોતો નથી. આહા! દુનિયાના નિંદા કરનારા તો મુનિઓનીય નિંદા કરે. (શ્રોતા : ભગવાનનીય કરે) ભગવાનનીય કરે છે. લ્યો, આ એ ભગવાન. પહેલા એકલા હતા ત્યારે તો બહુ તપસ્યા કરતા, જંગલમાં રહેતા. સમજાણું કાંઈ? અને આ વળી પાછા કહે છે, અમે મોટા થયા કેવળ અને હવે સમવસરણમાં હજારો-લાખો માણસ ભેગા થાય, ઈન્દ્રો આવે. આ તે શું વધી તમારી? (શ્રોતા : પળોજણ વધારી) એવાય કહેનારા હોય. બધામાં એમ સહનશીલતા હોય છે. સમજાણું કાંઈ? અથવા સર્વને પ્રિય હોય. એને કોઈની અપ્રિયતા (નથી કેમકે) પોતાને નથી ને. આહા!

પાંચમા ગુણસ્થાનમાં તો ભગવાને એમ ભાળ્યું છે કે એને અનાદેય, દુર્ભગ અને અજશ પ્રકૃતિનો ઉદય નથી એને. આહાહા! સમજાણું કાંઈ? પંચમ ગુણસ્થાન આત્માના આનંદની વૃદ્ધિ એવા આત્માને, કહે છે, અજશનો ઉદય નથી. લ્યો. સર્વપ્રિયમાંથી ઉઠાવ્યું. આહાહા! સમજાણું કાંઈ? સબને ઈષ્ટ. અપજશ એને હોય જ નહિ પાંચમા ગુણસ્થાને. એમ ઉદય જ નથી. કહે છે. આહાહા! જેના જશ સર્વાર્થસિદ્ધિના દેવ ગાય એવો પંચમ ગુણસ્થાન એને અપજશની પ્રકૃતિ જ નથી, કહે છે. મૂળમાં નથી એને, એમ કહે છે. આહાહા! અનાદેયય નથી. અશોભનિક કે એનો કોઈ આદર ન કરે કે એવું છે નહીં, એમ કહે છે. આહાહા! આરે, ભારે ભાઈ! અને દુર્ભગ. સમજાણું? એવો એને ઉદય નથી દુર્ભગનો. ભાગ્યવાન છે ઈ તો. સાતમી નરકનો નારકી સમકિતી ભાગ્યવાન છે. એને ઠેકાણે આ તો પંચમ ગુણસ્થાનવાળો. બાલિકા હોય, ગરીબ હોય, આહા! લાકડા વેચીને આજીવિકા થતી હોય, એ, બલુભાઈ! બહુ ફેરફાર બહુ તમારી પાસે. તોય કહે છે કે દુર્ભાગ્ય એને નથી. એને કોઈ એમ કહે કે આ દુર્ભાગ્ય તું છો. અરે, ભગવાન! અમે તો ભાગ્યવાન છીએ. સમજાણું કાંઈ?

'લહી ભવ્યતા મોટું માન, કોણ અભવ્ય ત્રિભોવન અપમાન.' આનંદઘનજી કહે છે. જેને ભગવાન ત્રિલોકના નાથ અને મુનિઓ એમ કહે કે અહો! આ સમ્યગ્દૃષ્ટિ શ્રાવક છે, આ ધર્માત્મા છે. એમ જેને પરમાત્મા કહે. એને 'લહી ભવ્યતા મોટું માન.' ત્રણલોકના નાથનું જ્યાં માન મળ્યું. 'કોણ અભવ્ય ત્રિભુવન અપમાન.' ભગવાનના જ્ઞાનમાં એમ આવે કે આ નાલાયક છે, અલાયક છે. કેવું તારે અપમાન જોવે છે? દુનિયા ભલે આદર કરતી હોય બહારમાં ઓહો, ખમ્મા.. ખમ્મા. પણ ભગવાનના જ્ઞાનમાં અંદરમાં અનાદર કરતા હોય, તું ધર્મી નથી અજ્ઞાની છો. આહા! સમજાણું કાંઈ? 'લહી ભવ્યતા... 'આનંદઘનજી કહે છે હોં. આનંદઘનજીના ઓલામાં આવે છે. 'લહી ભવ્યતા મોટું માન, કોણ અભવ્ય ત્રિભોવન અપમાન.' પરમાત્મા સર્વજ્ઞદેવ એમ કહે. ભલે

વાણીમાં ન આવે પણ એના જ્ઞાનમાં આવ્યું ને કે આ શ્રાવક છે, ધર્માત્મા છે. એ અલ્પકાળમાં મુક્તિ મારી જેવી દશા પામશે. આહાહા! સમજાણું કાંઈ? સંસારમાં હોય, વહાણવટીના ધંધા હોય. આહાહા! છતાં ભગવાનના જ્ઞાનમાં ને મુનિઓના જ્ઞાનમાં એની પ્રશંસા છે. ઓલા બે કષાયનો અભાવ છે ને એની. દુનિયાથી બીજી જાત છે આ તો બધી. આહાહા! સમજાણું કાંઈ? એના નીતિના જીવન ઘણાં હોય. અનૈતિક જીવન એનું હોય નહીં આહાહા! સર્વને પ્રિય.

**शिष्टपक्षी**—સત્યના પક્ષવાળો હોય, લ્યો. છે ને શિષ્ટપક્ષી. સત્યપક્ષ. સત્યનો પક્ષી હોય ઈ. કોઈ ચર્ચા-વાર્તા નીકળે તો એ સત્યનો પક્ષી હોય. ભઈ, આ તો સત્યનો પક્ષ છે એવો કે સત્યના પક્ષમાં જઈએ તો અનુચિતને ઉચિત કરવું પડે. અરે, ભગવાન! ..... ભાઈ. સત્યનો સ્વભાવ જેણે ગ્રહણ કર્યો છે એની જે વાત છે એના પક્ષમાં આવવું એ તો શ્રાવકનો ગુણ છે, કહે છે. પંડિતજી! આહાહા! ભગવાને કહેલો માર્ગ એને જેણે જાણ્યો એ જાણનારના પક્ષમાં આવવું, એ તો સત્યપક્ષીનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? (શ્રોતા : એમ હજી નક્કી નથી કર્યું.) નક્કી નથી કર્યું વળી. આહાહા! ... જીવ તો કહે છે, ભાઈ! બાપુ! માર્ગ તો આ છે ને. આ તો સાધારણ રીતે પણ બેસી શકે એવું છે. ત્રણલોકનો નાથ આત્મા એના શરણ વિના કોઈ રીતે ક્યાંય ધર્મ થાતો નથી. હવે એવી વાત જ્યાં આવે એના પક્ષમાં આવવું, એવો તો ધર્મીનો સ્વભાવ જ હોય છે એમ કહે છે. સમજાણું કાંઈ? ધર્માત્મા મુનિ હોય તોય જે સત્યની વાત શ્રાવક કરતો હોય, વાત એની બરાબર છે. સમજાય છે? એ ધર્માત્મા છે. એ ન્યાયથી વાત કરે છે. સત્યને શરણે ગયો છે ઈ. એથી બધી વાત સત્યની જ આવે. આહા!

ભાઈએ નથી કહ્યું 'સોગાની'એ કે આત્મામાંથી વાત આવે એને શાસ્ત્ર સાથે મેળવવી કારણ કે આત્મામાંથી વાત આવે એ સાચી જ હોય. સમજાણું કાંઈ? આહા! બધું ન્યાય(યુક્ત) છે. એ શિષ્ટપક્ષી. શિષ્ટપક્ષી. શિષ્ટ આચાર સમ્યગ્દર્શન, શિષ્ટ સમ્યગ્જ્ઞાન, સમ્યક્ આચરણ – એનો એ પક્ષી હોય છે. સમજાણું કાંઈ? અશિષ્ટપક્ષી એ હોતો નથી. આહાહા! મુનિ ભગવંતની તો વાત શું કરવી પણ શ્રાવક આવા હોય છે, એમ કહે છે. એ મહાત્મા મોક્ષને પંથે છે. એ પણ મહાત્મા છે, એ યોગી છે. આહાહા! વસ્તુના સ્વભાવ ચૈતન્યબ્રહ્મ પ્રભુનો જ્યાં આશ્રય લીધો અને એકાંત છે એ નિરંતર યોગી જ છે. આહાહા! સમજાણું કાંઈ? એના પક્ષમાં જ્ઞાની હોય છે. સમજાણું કાંઈ?

**मिष्टवादी**—મિષ્ટ વચન. મીઠાં વચન હોય છે. શાંત વચન હોય છે. વાણી તો વાણીને કારણે પણ એનો ભાવ આવો હોય એમ બતાવે છે. સમજાણું કાંઈ? મીઠી મધુરી વાણી હોય છે. મોરલી વાગે ને જેમ સર્પ ડોલે, એમ કહે છે કે જ્ઞાનીના પંચમ ગુણસ્થાનના

વચનો એવા મીઠાં હોય. આહાહા! સમજાણું કાંઈ? જુઓ, આ એક સમ્યગ્દૃષ્ટિ ઉપરાંત શ્રાવકની દશા. આહાહા! જેણે અવતાર સફળ કર્યો. સમજાણું કાંઈ? પણ આ રીતે હોં. એકલાં શ્રાવકના વ્રત બાર વ્રત લે ને એ તો વિકલ્પ છે બધો. એની આંહીં ગણતરી નથી. નિર્વિકલ્પ સચ્ચિદાનંદ પ્રભુને શરણે અંતર ગ્યો છે, એ ઉપરાંત શરણ વિશેષ લીધું છે, એ તો આવા મિષ્ટવાદી હોય. દીરઘ વિચારી, લ્યો. અગ્ર સોચી. એટલે બરાબર વિચારીને કામ લે. વગર વિચાર્યું કામ (ન કરે). અગ્ર સોચ લે, એમ. અગ્ર સોચીનો અર્થ આંહીં કર્યો છે, અગ્ર સોચી એટલું જ. કોઈપણ કામમાં એનું વિચારેલું હોય છે. એમ ને એમ અંધે કામ કરે અંધે, એમ કાંઈ હોતું નથી. સમજાણું કાંઈ?

विशेषग्य, લ્યો. વિશેષજ્ઞ એટલે અનુભવી. એ અર્થમાં કર્યો છે. એ શ્રાવક આત્માનો અનુભવી હોય. સમજાણું કાંઈ? ત્યાં સંસારના ડહાપણ કે વ્યવહાર હોય ન હોય એની સાથે સંબંધ નથી. કે સંસારની બહુ વિચક્ષણતા હોય ને કામ ભારે સારું કરી શકે ને કરવાની વ્યવસ્થા એને આવડે ને. એની આંહીં વાત નથી. બાલચંદભાઈ! સંસારના ડાહ્યા બહુ હોય. જુઓ, તમારે હરીભાઈ કેવા ડાહ્યા છે નહિ? આહા! આ તો આત્માનો અનુભવી એ ડાહ્યો છે. આખી દુનિયાના ચિતરામણ મોટા કરી-કરીને ડહાપણ માને એ ડહાપણ તો રખડવાના છે. દુનિયાના ડહાપણ દુનિયામાં ઊંડા ઊતરવાના છે. આહાહા! સમજાણું કાંઈ? અનુભવી હોય છે. આહા! શ્રાવક નામ ધરાવે અને વ્રત આદિ પાળે એટલું નહિ, એ અનુભવી હોય છે. આત્માનો અનુભવી, આનંદનો અનુભવી. આહાહા! અને આત્મા શું ચીજ છે એનું વેદન આવ્યું છે. એટલે એને અનુભવ છે કે આ આત્મા આવો છે. એ આત્મામાં પુણ્ય ને પાપ આદિ છે જ નહીં. ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. આહાહા! એવો એને અનુભવ હોય છે એને શ્રાવક કહીએ. આહાહા! આરે, ભારે! આ કોઈ સંપ્રદાયની રીત નથી. આ તો વસ્તુનો સ્વભાવ આવો છે. જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી. એ કોઈ વાડો નથી. આત્માની જે ચીજ છે જેવી એનું અંતરમાં ભાન થઈને વિશેષપણે આશ્રય લઈને ઠરવું એનું નામ શ્રાવક કહેવામાં (આવે છે). એ તો વસ્તુનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? વિશેષજ્ઞ.

रसग्य—રસજ્ઞ. શાસ્ત્રનો જાણનાર. રસનો જાણનાર. શાસ્ત્રજ્ઞાનની મર્મજ્ઞતા એટલે શાસ્ત્રને શું કહેવું છે એનો રસનો મર્મનો જાણનાર છે. ક્યા નયે કેમ કહ્યું છે એનો મર્મજ્ઞ છે ઈ. એમ ને એમ હાંક્યે રાખે કે આમ કહ્યું ને શાસ્ત્રમાં, જ્ઞાનાવરણીય કર્મે આત્માને રોક્યો. શાસ્ત્રમાં એમ આવે, લ્યો. જ્ઞાનાવરણીયે.... પાઠ શું છે? જ્ઞાનાવરણીય કર્મે જ્ઞાનને રોક્યું. શાસ્ત્રનો જાણનાર યથાર્થ હોય છે (એ એમ જાણે છે) કે એમ નથી. પોતાની જ્ઞાનની દશા એને (કારણે) અટકી છે ઓછી એમાં એ કર્મ નિમિત્ત થાય છે,

એમ એનો મર્મ છે. ઘાતિકર્મ, જુઓ, શબ્દમાં આવે. ઘાતિકર્મ આત્માના ગુણને ઘાતે, સીધો અર્થ તો એવો છે. (શ્રોતા : દેવને અમર કહે.) દેવને અમર કહે પણ અમરનો અર્થ, આ મનુષ્ય કરતાં લાંબી સ્થિતિ માટે અમર કહે. હતું શું ન્યાં ધૂળ? અમર કે દિ'? એય! આહાહા! દેવોના વૈભવો. એમાં રહેતા જ્યાં મરે. અજ્ઞાની હોય, ભાન ન હોય. આંહીં કોઈ પુણ્ય કર્યું હોય, આત્માના ભાન વિના દયા ને વ્રત આદિ. એ મરીને જાય સ્વર્ગમાં. પૂરી સ્થિતિ થાય એટલે, આહા! મરતાં હાય રે! ક્યાં જશું? શું થશે? એવા અજ્ઞાનીઓને ત્યાં દુઃખ થાય છે અને મરીને ઢેઢગરોળીને અવતારે જાય પેટમાં. ઢેઢગરોળી નથી થાતી? સારી હોય કોઈ ઊંચી ઘણી. આહા!

કહે છે કે શાસ્ત્રના ભાવનો એ જાણનાર હોય છે. સમજાણું કાંઈ? એક સમ્યગ્દૃષ્ટિ કર્મ કરીને નર્કમાં જાય, પહેલું આયુષ્ય બંધાયું હોય તો. અને એક (મિથ્યાદૃષ્ટિ) પુણ્ય પણ કરીને સ્વર્ગમાં જાય પણ બેમાં સારો ઓલો છે. આહાહા! સમજાણું કાંઈ? કારણકે એ કર્મ આવ્યું'તું એ ખપવામાં એ ગ્યા ત્યાં. ખપી જવાનું એ તો ખલાસ થઈને. અને અજ્ઞાની આ પુણ્યને લઈને સ્વર્ગમાં ગયા, ક્ષણે પળે મૃત્યુ રોકે. એ પુણ્ય પૂરા થયા, પડશે હેઠે. પશુમાં જાશે, ભૂંડમાં જાશે. આહાહા! અરે, પડદા પડે ફેરફાર થઈ જશે. શાસ્ત્રના એવા મર્મને જાણે, એના વખાણ કરે નહીં. આહાહા! પાંચમા ગુણસ્થાનવાળો બારમે દેવલોકે જાય અને છઠ્ઠા ગુણસ્થાનવાળો પહેલે દેવલોકે જાય. માટે છઠ્ઠું સારું નહીં અને પાંચમું સારું, એમ છે? આહાહા!

એક જણો કહેતો'તો અહીં ૯૦ની સાલમાં. આ પરસોતમજી હતોને ત્યાં જયપુરવાળો. કોઠારી. .....ગ્યો'તો ત્યાંથી વાતું લાવે. એય, શ્રાવકજી! તમે અમારા કરતાં સારા. શું છે કે તમારે તો દેવનું આયુષ્ય થોડું. દેવમાં જાય. છે તો બેય સરખા સમજવા જેવા, એમ કહે. તમે તો પહેલા મોક્ષે જાશો. કેમ? તમારે આયુષ્ય થોડું સ્વર્ગમાં થાય અને અમે સાધુનું આયુષ્ય મોટું હોય. કહો. આરે, આરે! આહાહા! જેઠાભાઈ! શાસ્ત્રના મર્મને સમજે નહીં. હવે વહેલું મોડું કાળ થયું હોય, એમાં ફેર શું? એ તો આનંદને વેદે છે. સમકિતી શ્રાવક તો આનંદને વેદે જ છે. મુક્તિ ક્યારે થાય એની સાથે સંબંધ નથી. પર્યાય સામે જોવે એવી એની દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ? માટે હેઠે ગુણસ્થાને રહેવું જેથી આયુષ્ય થોડું મળે ન્યાં દેવલોકમાં. અરે, આ જુઓ. આ કીધું આ ગપ મારે. પરસોત્તમજી હતા. ગોંડલ સંપ્રદાયના, નહિ? હા, ઈ. અને ઓલા જેતપુરવાળા એના કામદાર શું નામ? દોલતભાઈ કોઠારી. આ નરભેરામનો ભાઈ. નરભેરામ કોઠારી છે ને. રાજકોટ. એનો ભાઈ. આવું વાત કરે. શું કહે છે આ તે? ૯૦ની સાલની વાત છે. કાંઈ તત્ત્વને સમજે નહીં ને દીધે રાખે. ધર્મી તો રસજ્ઞ. એ રસમાં શું કહેવું છે જ્ઞાનમાં, એ વાતને બરાબર જાણે. આહા!

कृतग्य, લ્યો. કરેલા ઉપકાર ભૂલે નહીં. એવી જ એની સ્થિતિ હોય છે એમ કહે છે. સમજાણું? કૃતજ્ઞતા, છે ને? दूसरोंके उपकारोंको नहीं भूलनेवाला. વળી કોઈનો ઉપકાર છે નહીં. આરે, આરે! એવી જાતનો વિકલ્પ એને હોય છે, એમ કહે છે. બહારથી માનવો ઉપકાર અને અંદરથી ઉપકાર માનવો નહીં. માયાવી છે, એક જણો એમ કહેતો'તો. એક જણો એમ કહેતો'તો મોટો શાસ્ત્રનો ભણનાર. અરે, ભગવાન! બાપુ! એ વિનયમાં એમ ભાષા આવે. 'શ્રીમદ્'માં તો એમ જ ત્યાં સુધી કહ્યું નથી? 'તે તો પ્રભુએ આપીયો'. આપીયો નામ અર્થ – જાણ્યો મેં કે આવો આત્મા તો તમે આપ્યો એટલે જણાવ્યું, એમ. સમજાણું કાંઈ? એ ઉપકારીનો ઉપકાર ઓળવે નહીં. ઉપકારને જાણે. ઓહો! સમજાણું કાંઈ?

तग्य–तज्ञ. આહા! તત્ત્વજ્ઞાની. વાસ્તવિક નવ તત્ત્વનું જેવું સ્વરૂપ છે એવું બરાબર જાણે. પુણ્યને પુણ્ય તરીકે, પાપને પાપ તરીકે, આસ્રવને આસ્રવ તરીકે, બંધને બંધ તરીકે, મોક્ષને મોક્ષ તરીકે, દ્રવ્યને દ્રવ્ય તરીકે. એને વાસ્તવિક જ્ઞાન હોય છે. (શ્રોતા : .....) હા. જૈનતત્ત્વ .... ગણધરોએ કહેલા, ત્રિલોકના તીર્થંકરદેવના કહેલાં ગણધરોએ ગૂંથીને કહ્યાં. એને માનનારા જૈનો. સમજાણું કાંઈ? એક જણો વળી કહે કે માણસો બધા 'જન' છે અને એને 'જિ' લગાડો તો 'જિન' થાય. અને ઓલી માથે દીર્ઘ ઈ કહેવાય ને શું? બસ રસ્વ 'ઈ' અને દીર્ઘ 'ઈ' લગાડો તો 'જૈન' થાય. બધા આત્મા છે. (શ્રોતા : શ્રદ્ધા ખોટી) હા. શ્રદ્ધા કરી છે ને ખોટી. 'જન-જિન-જૈન'. પણ જન એટલે શું? એ તો માણસ અર્થ સાધારણ જીવ થાય છે. જનનો અર્થ જીવ થાય છે મોટો. હવે એનો જિન-ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્માએ કહેલી વાત એ જિનની કહેલી એને જિન કહીએ અને એને અનુભવનારા માનનારાને જૈની કહીએ. એ કોઈ પક્ષ નથી. આહાહા! સમજાણું કાંઈ? तज्ञ.

धरमग्य–ધર્મનો બરાબર પ્રવીણ. આહાહા! લ્યો, છે ને? ધર્માત્મા છે. ધર્મજ્ઞ–ધર્મ આત્મા. સંવર-નિર્જરા એનું બરાબર સ્વરૂપ જાણનાર, એને શુદ્ધિ પ્રગટી એમાં રહેનાર એને અહીંયા ધર્માત્મા કહે છે. ધર્માત્મા–ધર્મ આત્મા. જેની દશામાં વીતરાગી પર્યાય પ્રગટી છે અને ભલે બે કષાયના અભાવ હોય પણ છે ઈ ધર્માત્મા. આહાહા! न दीन न अभिमानी. ગૃહસ્થ છે ને. અભિમાની નથી તેમ દીન પણ નથી. મધ્યસ્થ ભાવવાળો છે. સમજાણું કાંઈ? मध्य विवहारी–લ્યો. મધ્યમ વ્યવહારી છે. ઓલા દીન–અભિમાની વચ્ચેથી.

सहज विनीत–સ્વાભાવિક વિનયવાળો હોય છે એ તો. સમજાણું કાંઈ?

સ્વાભાવિક ધર્મનો વિનય કરનારો, તીર્થંકર ગુરુઓ જ્ઞાની એનો સ્વાભાવિક એનો ભાવ એવો હોય છે. સ્વાભાવિક એનો વિનય હોય છે એને. સમજાણું કાંઈ? पापक्रियासौं अतीत–પાપની ક્રિયા મિથ્યાત્વ આદિથી રહિત છે. કોઈ અશુભભાવ હોય પણ મિથ્યાત્વ આદિના પાપથી વિરતિ છે એને. અને એની સાથે અભક્ષ્ય, અન્યાય એવા પાપની હજી એને નિવૃત્તિ છે. સમજાણું કાંઈ? અભક્ષ્યના નામ આપશે. ऐसौ श्रावक पुनीत इकवीस गुनधारी है, લ્યો. આ ગુણવાળો હોય એને ધર્મી ગૃહસ્થાશ્રમી શ્રાવક કહેવામાં આવે છે. કહો, ભીખાભાઈ! (શ્રોતા : આવા શ્રાવક ક્યાં હોય?) વાત એવી છે. આહાહા! (શ્રોતા : શાસ્ત્રમાં આવે છે ને?) હા, ઈ તો આવે છે ને. આવા.... મૂળપાઠમાં એવું કાંઈક કાઢ્યું છે. કાઢે ને, ન્યાયથી કાઢે ને. 'પરમાર્થ વચનિકા'માં નથી કાઢ્યું? ઈ કાઢેલું છે.

હવે બાવીસ અભક્ષ્ય. એ શ્રાવકને ૨૨ અભક્ષ્ય ન હોય. એ ओरा–ઓળા. ઓળા ન ખાય. આ ઓળા નથી ખાતા શિંગોડાના. (શ્રોતા : ગોલા-બરફ) ઈ બરફ પછી કહેશે. (શ્રોતા : ઘઉંના, બાજરાના, જુવારના...) હા, એનું નામ ઓળા. બરફ પછી કહેશે. બરફ એ ૨૧માં આવશે. છે ને અંદર? ઓળા લખ્યું છે ને. આ તો 'ઓરા' નામ આપ્યું છે. એ 'દ્વિદળ'–घोरबरा... ઘોરબરા હોં. છે ને બીજું? દ્વિદળ ન ખાય. એ જેમાં દહીં ને છાશની સાથે અડદની અને મગની બે દાળો પડે એવા સાથે છાશ–દહીં ન ખાય. સમજાય છે કાંઈ? દહીં, દૂધ અને છાશ ત્રણમાં જ્યાં કઠોળ જે છે–મગ, મઠ, અડદ એની દાળનો લોટ એની સાથે દહીં અને છાશ હલાવે તો એમાં સમૂર્છન્ન જીવો ઉત્પન્ન થઈ જાય છે. સમજાણું કાંઈ? દ્વિદળ. આહાહા! એ અભક્ષ્ય છે સમજાણું કાંઈ?

રાત્રિભોજન અભક્ષ્ય છે. એ રાત્રિભોજન ન કરે. આહાહા! સૂક્ષ્મજીવો ત્રસના રાત્રે મરે. (શ્રોતા : એમાં કોઈ શાસ્ત્ર કાઢે તો એને ઉપાય શું?) ઉપાય કોણ કરે છે? એ ધીરુભાઈ! ક્યાં ગયા ધીરુભાઈ? મલાડ. આ તો તમારી દલાલી કરે છે. હવે સોનાના વેપારી ત્યાં મુંબઈમાં ઘરે જમવા આવે તો રાતે જ આવે દરરોજ. (શ્રોતા : ઉપાય શું પણ?) એવો ધંધો જ ન હોય એને. એય, વજુભાઈ! દરરોજ રાતે ખીચડી ઊની એમાં જીવાત ઝીણી પડે. ખોરાક–કઢીમાં પડે. પાપડ શેકેલો હોય ચીકણો એમાં જીવાત અડે. માંસ જેવો ખોરાક થઈ જાય. આવી વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? આ જીવના.... (શ્રોતા : આ તો શ્રાવક માટે છે ને?) શ્રાવક થાવું છે કે નહીં એને? સમજાણું કાંઈ? રાત્રિભોજન ન હોય એને. જીવાત પડે.

અમારે તો પાલેજમાં એક ફેરી કહ્યું ને. અમારે મોટીબેન હતા પાલેજમાં. એ અથાણું લેવા ગયા અથાણું. ત્યાં મોટી બરણી હોય ને આવડી મોટી જબરી. એના પર કોઈ લૂગડું મેલા ઘાણ જેવું લૂગડું અને માથે ઢાંકણું. આથણું લેવા ગયા તો એક ફેરી મેં

જોયું ન્યાં. આ ક્યાંથી આથણું લાવ્યા આ? આ બરણીમાંથી. બરણી ઉપર જુઓ તો મેલું લૂગડું, ધૂએ કોણ એ લૂગડાંને કોણ ધૂએ? અને મેલામાં કંથવા. ઈ લેવા આથણું જાય તો કંથવા પડે અંદર. એ આથણાંને રોટલીમાં પીરસે. હવે આ તે આથણાં ખાઈને શું કરવું છે તમારે? અમારે મોટીબેન હતાં. ક્યાં ગયો હસમુખ? તારી ભાભુ. .. કાંઈ ભાન વિનાના બિચારાં! આથણું ઓલા સાડલા હોય ને એને હેઠે મૂકે. શું કહેવાય ઈ? (શ્રોતા : દામોચીયું) દામોચીયું. હેઠે ચીજ હોય ને તે આવી મોટી બરણી. અને ઘરમાં માણસો ૨૫-૩૦ એક રસોડે જમનારા. એટલે આથણાં મોટા ભર્યા હોય, ડબ્બા મોટા આખાઆખા. અલ્યા, શું કરો છો કીધું આ તમે? ક્યાંથી આથણું લાવ્યા? આંહીંથી લાવ્યા. અરરર... આવું આથણું? (શ્રોતા : અથાણા) અથાણા.. અથાણા. આચાર. એવું ન ખાય એ આવશે આમાં. સમજાણું? જીવાત એ સૂક્ષ્મ છે. છે?

અથાણાં આવે છે, જુઓ. છઠ્ઠો બોલ. અથાણું—મુરબ્બા. એ કેરીના મુરબ્બા ને શું કહેવાય તમારી? શેરડી. શેરડીના મુરબ્બા આવે ને શેરડીના કટકા ને મુરબ્બા. (શ્રોતા : સફરજનના મુરબ્બા હોય) સફરજનના તો પહેલા જોયેલા મારે. મોટાભાઈએ પાણી માંગ્યું'તું. ૫૭ સાલની વાત છે. મુરબ્બા બનાવ્યા હતા. એ બરણી આદિ આવે છે ને મુરબ્બા ખવડાવવા. મુરબ્બો એકલો સડો. ત્રસની જાત ઉત્પતિ બહુ. (શ્રોતા : હવે તો પેકબંધ ચાલે છે..) પેક બંધ છે ને. અંદર સડામાં જ ઉપજેલા હોય. ઉપરથી પડેલાની વાત નથી આ. આહાહા! એક ખોરાક માટે આવા ત્રસ જીવને મારવા. એવો રાત્રિભોજન હોઈ શકે નહીં. એ અથાણું ન હોય. અથાણાં સમજે ને અથાણાં? (શ્રોતા : આચાર) ઉસમેં અથાણા નામ હૈ હિન્દી. (શ્રોતા : ઉસમેં ....કા મુરબ્બા તો ઈસી કોટિમેં) સબ કોટિમેં હૈ. આહાહા! એવા ત્રસના હિંસા એ સાચા શ્રાવકને હોય નહીં. ખોટા કરે તો ઈ કાંઈ વસ્તુ છે? આહા! बहुबीजा. આ રીંગણા આદિ. અથવા ઘણા બીજ હોયને જેમાં એ ખાય નહીં. ઘણાં ઝીણી બીજ ચીજ આવે છે ને ઈ. ઝીણાં ઝીણાં. હા, બહુ ઝીણાં બીજ. એવા ફળ શ્રાવક ખાય નહીં. બેંગન.. બેંગન. રીંગણા. બહુ એમાં જીવ. એના ટોપી હોય ને ઉપર. રીંગણા ઉપર ટોપી એમાં બહુ જીવાત અંદર હોય. ટોપીની અંદર કંથવા, જીવાત. એ ખોરાક માંસ જેવો ખોરાક લાગે. ત્રસ. આહાહા! સમજાણું કાંઈ? એવું હોય નહીં. વિશેષ કહેશે, લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૮૮, કારતક સુદ ૨, ગુરુવાર, તા. ૨૧-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાનાધિકાર પદ ૫૫, ૫૬, ૫૭ પર પ્રવચન

આ સમયસાર નાટક ચાલે છે. એમાં ચૌદ ગુણસ્થાનનું વર્ણન. પંચમ ગુણસ્થાનનું વર્ણન છે. પ્રથમ તો આત્માનો સ્વભાવ જે ચૈતન્ય ધ્રુવ નિત્ય ત્રિકાળી સ્વભાવ એમાં પ્રસર્યા વિના એની શ્રદ્ધા ને તેમાં એકત્વ કર્યા વિના શરૂઆત સમ્યક્દર્શનની અને ધર્મની થાય નહીં. પહેલી તો આ ચીજ છે. પછી આ બધી વાત છે. આમાં તો ત્યાગની વાત આવે છે પણ જેવો ત્યાગ બહારથી લોકો કરે છે એટલે માની લે કે અમે પણ ત્યાગી છીએ, એમ નહીં. આ તો આત્માના ને આનંદના ધામમાં દૃષ્ટિ પડી છે અને આનંદનું પરિણમન છે એવી દશાવંતને પ્રથમ સમ્યગ્દૃષ્ટિ, દુઃખના દાવાનળને ઓલવવાના ઉપાયે આવ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! ચોર્યાશી લાખના અવતાર જનમ-મરણ એ સંયોગની વાત નથી. પણ એમાં આકુળતા, આનંદસ્વભાવમાંથી ખસી અને વિપરીત શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર એવી આકુળતા એનાથી અનાદિથી શેકાઈ રહ્યો છે ઈ ખબર નથી સમજાણું કાંઈ?

કહ્યો’તો ને દાખલો આપ્યો નહોતો ઓલા ચૂડાનો? ચૂડામાં ..... કુંવરજીભાઈ. કંદોઈ કુંવરજીભાઈ. જૈન સ્થાનકવાસી. આંહીંનો પ્રેમ હતો. આવતા અહીં. તે કાંઈક ગાંઠિયા તળતા હશે. આમ તેલ હતું ધગધગતું કડાયામાં. ઉપર એક સર્પ જાતો હતો મોટો. એનો ધુમાડો લાગ્યો. એ સર્પ પડ્યો અંદર ઉપરથી. અડધો પડ્યો તેલમાં અને અડધો રહ્યો બહારમાં. શેકાઈ ગયો તે કાંઈ ભાન ન રહ્યું. આહાહા! જાણે ક્યાંયથી બચવું એમ કરીને જ્યાં તવેથો આમ કાઢે છે આમ. અડધો પડ્યો કડાયામાં, અર્ધો ધુમાડામાં ગયો. આ લોકો તો જૈન તરીકે નામ—સંપ્રદાય, આહાહા! ત્રાસ થઈ ગયા. એટલામાં આમ કાઢ્યું બહાર. કાઢયો ભેગો ભઠ્ઠીમાં. કારણકે ખબર ન રહી ક્યાં જાઉં છું? શું થાય છે? આહાહા! એટલી બળતરા. એ સુંવાળું શરીર સર્પનું. એમાં તેલ ધગધગતું જેમાં ગાંઠિયા તળાય એવું. એ અડધો શેકાણો થોડો અને અડધો સરખો એક બહાર કાઢ્યો ત્યાં એ હળહળ ભઠ્ઠી હતી એ અગ્નિમાં અંદર પેસી ગયો. ખબર નથી કે આ તે બચવાનું સ્થાન છે કે આ બળવાનું સ્થાન છે. ખબર નથી. શેકાઈ ગયો. ખલાસ થઈ ગયો રાખ. ત્યારે જૈન લોકોની બંધી. બંધ કરી દીધું ગાંઠિયા-બાંઠિયા બધું. એ વખતે તો રાડ નાખે ને. આર્ય માણસને તો... આહાહા!

એમ અનાદિથી સ્વરૂપની શાંતિને ભૂલી અને પુણ્ય ને પાપ ને મિથ્યાત્વભાવ એ

ભઠ્ઠી છે અગ્નિ. એમાં શેકાણો છે. એને બચાવવાના ઉપાય તરીકે કોઈ કહે કે ભઈ, આ રાગની મંદતા કરો તો બચશો. ઉલ્ટો ઊંડો ઊતરી જાય છે આખો. મિથ્યાત્વ તો છે. અગ્નિથી બળે છે. એમાં તીવ્ર ઉલ્લાસ શુભભાવમાં પેસીને આખો બળી જાય છે. સમજાણું કાંઈ? ભાન નથી કે આ શું કરું છું, શું થાય છે, ક્યાં જાઉં છું, ક્યાંથી ખસું છું. ક્યાં જાવું જોઈએ. ખબર નથી. આંહીં કહે છે કે પ્રથમમાં પ્રથમ એને શાંતિનું ધામ ભગવાન; વસ્તુનો સ્વભાવ શાંત અને આનંદધામ, એને આ કષાયની—અગ્નિની રૂચિ છોડી, અકષાય સ્વભાવનું ભાન પ્રભુ એની અંદર સ્પર્શના કરે, શ્રદ્ધા અને જ્ઞાનની વર્તમાનદશાને તેમાં અફળાવે ત્યારે એને સમ્યગ્દર્શનની શાંતિ થાય. અપૂર્વ શાંતિ થાય. ભલે અંશે થાય પણ અનંતકાળમાં નથી એવી જાતની ચીજની શાંતિ થાય. આહાહા! આ પહેલું કરવાનું છે. (શ્રોતા : પ્રથમમાં પ્રથમ માર્ગ) આ માર્ગ છે. સમજાણું કાંઈ?

એ ઉપરાંત હવે અહીંયા તો વાત ચાલે છે. આવી દશા છે એની દશા હવે વધે છે. એ પણ અંતરનો આશ્રય ઉગ્ર લે એટલે આ વધે છે. એ કાંઈ આ બહારનો ત્યાગ કરે માટે વધે છે એમ નથી. આહાહા! જેઠાભાઈ! આવી વાત છે. ભારે ભાઈ! આહાહા! ચોર્યાશીના રણસંગ્રામમાં એ દુઃખી.. દુઃખી.. દુઃખી, એને ખબર નથી. આત્માના જ્ઞાનના ભાન વિના મહાવ્રત આદિને પાળે તોય એ અગ્નિમાં શેકાય છે. આહાહા! સમજાય છે કાંઈ? એ અગ્નિમાંથી નીકળીને 'રાગ આગ દાહ.' 'છ ઢાળા'માં આવે છે. રાગરૂપી આગ અગ્નિનો દાહ છે (એ) બાળે છે. બાળે છે... આ જુઓને સર્પ અંદર ગરી ગયો ચૂલામાં. એમ રાગની તીવ્રતા અને મંદતામાં પેસી અને બચવાના ઉપાય માંગે છે. આહાહા!

કહે છે કે આ પંચમ ગુણસ્થાનની દશા એ આત્માના અવલંબનને આશ્રયે જે પ્રગટેલું સમકિત ને અનુભવ એ ઉપરાંત વિશેષ આશ્રય લઈ દ્રવ્યને ઉગ્રપણે અવલંબી અને જે સ્થિરતા શાંતિ ચોથે હતી તેથી પાંચમે શાંતિની દશા વેદનમાં વધે છે. સમજાણું કાંઈ? આહાહા! એને આંહીં પંચમગુણસ્થાન કહેવામાં આવે છે. એને આવા બાવીસ અભક્ષ્યનો ખાવાનો વિકલ્પ હોતો નથી, એમ કહે છે. એટલો રાગ તો એને ગયો છે, એમ કહે છે. ખાવા-ન ખાવાની ક્રિયા સંબંધીની આંહીં વાત નથી. સમજાણું કાંઈ?

ओरा घोरबरा निसिभोजन,
बहुबीजा बैंगन संधान।
पीपर बर ऊमर कठूंबर,
पाकर जो फल होइ अजान।।

कंदमूल माटी विष आमिष,
　　मधु माखन अरु मदिरापान।
फल अति तुच्छ तुसार चलित रस,
　　जिनमत ए बाईस अखान॥५५॥

**શબ્દાર્થ :—**ઘોરબરા=દ્વિદળ. નિસિભોજન=રાત્રે આહાર કરવો. સંધાન=અથાણું, મુરબ્બો. આમિષ=માંસ, મધુ=મધ. મદિરા=દારૂ, અતિ તુચ્છ=બહુ ઝીણા. તુષાર=બરફ. ચલિત રસ=જેનો સ્વાદ બગડી ગયો હોય. અખાન=અભક્ષ્ય.

**અર્થ :—**(૧) કરા (૨) દ્વિદળ[1] (૩) રાત્રિભોજન (૪) ઘણા બીજવાળી વસ્તુ[2] (૫) રીંગણા (૬) અથાણું મુરબ્બા (૭) પેપા (૮) વડના ટેટા (૯) ઊમરડાના ફળ (૧૦) કઠૂમર (૧૧) પાકરના ફળ (૧૨) [3]અજાણ્યા ફળ (૧૩) કંદમૂળ (૧૪) માટી (૧૫) વિષ (૧૬) માંસ (૧૭) મધ (૧૮) માખણ (૧૯) દારૂ (૨૦) અતિસૂક્ષ્મ ફળ (૨૧) બરફ (૨૨) ઉતરી ગયેલા–બેસ્વાદ રસવાળી વસ્તુ,—આ બાવીસ અભક્ષ્ય જૈનમતમાં કહ્યા છે. ૫૫.

---

૧. જે અનાજની બે દાળ થાય છે તેમાં ઠંડુ દૂધ, દહીં, છાશ વગેરે મેળવીને ખાવાથી અભક્ષ્ય થાય છે.

૨. 'જિન બહુબીજનકે ઘર નાહિં', તે સબ બહુબીજા ફલલાહિં—ક્રિયાકોશ. ૩. જેને ઓળખતા ન હોઈએ તે ફળ.

**अर्थ :—**(१) ओला (२) द्विदल (३) रात्रिभोजन (४) बहुबीजा[2] (५) बैंगन (६) अथाना, मुरब्बा (७) पीपर फल (८) बड़फल (९) ऊमर फल (१०) कठूमर (११) पाकर फल (१२) [3]अजान फल (१३) कंदमूल (१४) माटी (१५) विष (१६) मांस (१७) शहद (१८) मक्खन (१९) शराब (२०) अतिसूक्ष्म फल (२१) बर्फ (२२) चलित रस ये बाईस अभक्ष्य जैनमतमें कहे हैं॥५५॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ઓલા. પહેલું આવ્યું'તું ને કાલે? ઓલાનો અર્થ આ શું કીધું? કરા.. કરા ઉપરથી પડે છે ને. કાચા કરા એ અભક્ષ્ય છે. એવી ખાવાની વૃત્તિ પંચમ ગુણસ્થાનની શાંતિની દશામાં એવો એને વિકલ્પનો અભાવ હોય છે, એમ કહે છે. સમજાણું? અને તેથી તેટલા રાગનો અભાવ તેથી તેને આવા નિમિત્તની ક્રિયાનો પણ અભાવ હોય છે. આમ છે વસ્તુ તો. બહારથી જ ન ખાય અને એથી કરીને અંદરમાં ધર્મની દશા થઈ છે, એમ નહીં. સમજાણું કાંઈ? છ-છ ડીગ્રી તાવ હોય આઠ-આઠ ડીગ્રી, માથા ફરી જાય. હવે એ તો સાધારણ ડીગ્રી છે. નરકમાં તો અનંતી ડીગ્રીનો તાવ છે પહેલી નરકે. દસ હજાર વર્ષની સ્થિતિએ. ડીગ્રીનું માપ જ ત્યાં નથી એવો અમાપ એને અગ્નિ છે. ત્યાં પણ અનંતવાર

વેદી આવ્યો છે, જઈ આવ્યો છે. પણ જ્યાં જાવું છે ત્યાં વેદ્યું નથી, ત્યાં ગયો નથી. સમજાણું કાંઈ? એ શાંતિનો ધામ ભગવાન એને જેણે પકડ્યો, એને જેણે અનુભવ્યો, એ અનુભવની ઉગ્રતા વધતાં એને આવો રાગ હોય નહિ. એથી એને આ અભક્ષ્ય ગણીને ખાય નહિ એમ કહેવામાં આવે છે. એમ છે.

દ્વિદળ ન હોય એને. મગની દાળ, અડદની, મગ-અડદ દાળ બે ફાડ પડે છે ને. એ બધાંને દહીં, દૂધ ને છાશ એની સાથે અને બિના ગરમ કિયા હુઆ કચ્ચા દૂધ. એક જણો તો એમેય લાવ્યો તો કે ગરમ કર્યું હોય કે ન કર્યું હોય, બધા સાથે દ્વિદળમાં જીવ જ ઉત્પન્ન થાય છે. એવી વાત આવી હતી. ઈંદોર. પ્રકાશચંદ છે ને પ્રકાશચંદજી. ઈંદોરમાં નથી? પ્રકાશચંદજી પાંડ્યા. એ ચર્ચા આવી'તી. દહીં, દૂધ ઊનું હોય કે ટાઢું હોય, પણ એની સાથે મગ, અડદ અને મઠ એનો લોટ ભેગો હોય ને ખાય. વડા હોય અડદના ને મગના, એની સાથે દહીં અને દૂધ. દહીંવડા નથી કહેતાં? દહીંવડા, વડા હોય ને એમાં દહીં નાખે. મારવાડમાં બહુ થાય દહીંવડા. એ દહીંવડા સીધું.. કાચા દૂધનો અર્થ એટલો કર્યો છે. बिना गरम किया हुआ कच्चा दूध, दहीं, मठा आदि मिलाकर खाना अभक्ष्य है. એવો ભાવ શ્રાવકને શાંતિની વૃદ્ધિ થઈ તેને આવો ભાવ વિકલ્પ હોતો નથી. આમ છે. સમજાણું કાંઈ? આત્માના ભાન વિના દ્વિદળ ન ખાવું એ ધર્મ છે, એમ નથી. સમજાણું કાંઈ?

શબ્દ તો એમ આવ્યો'તો. वरनौं इकईस गुन, अरु बावीस अभक्ष, जिनके संग्रह त्यागसौं. ભાષા તો એમ કથન શું થાય? ગુણને ગ્રહવા અને અભક્ષ્યને છોડવા. એકબાજુ કહેવું કે આત્મામાં ગ્રહણ-ત્યાગ છે જ નહીં. ઈ વસ્તુની અપેક્ષાએ અને દૃષ્ટિની અપેક્ષાએ. સ્થિરતાની અપેક્ષાએ અસ્થિરતા છોડવી અને સ્થિરતા ગ્રહવી એમ કહેવામાં આવે છે. પણ અસ્થિરતા છોડવી એ ઉપદેશની કથનશૈલી છે. અંદર ભગવાન આત્મામાં ઊંડે ઊંડે ઊતરી જવું વિશેષ અને જામી જવું આનંદમાં, એનું નામ ગુણને ગ્રહણ કર્યો કહેવાય અને એને અશુદ્ધતાને છોડી આમ કહેવાય. આહાહા! કથનશૈલી તો જે પ્રમાણે હોય એમ આવેને. વાણી છે તો વાણીનું કેટલું કામ હોય? આહાહા! કહે છે, એ દ્વિદળ ખાવાનો ભાવ, સમ્યગ્દર્શનની આનંદની દશામાં અને શાંતિનું ઉગ્ર વેદન ચોથાથી વિશેષ થયું છે માટે એને આવો ભાવ હોય નહીં. સમજાણું કાંઈ?

રાત્રિભોજન ત્યાગ. શ્રાવકની દશા શાંતિની જયાં પ્રગટી એને રાત્રિભોજનનો ખાવાનો ભાવ હોય નહીં. જીવાત કેટલી પડે, જીવ મરે આમ. ત્યારે કહે, આત્મા મારી શકતો નથી, બચાવી શકતો નથી એમ કહેતા'તા તમે? વળી મરી જાય અને વળી આ શું કહે છે? એય! ભાવની વાત છે. એને જે ભાવ છે ને રાત્રે ખાવાનો, એ ભાવ પાપ

છે. સમજાણું કાંઈ? જેમાં માંસ, જીવાત પડે, કંથવા પડે એવો ખોરાક શ્રાવકની શાંતિ જ્યાં સમકિતથી વધી છે એને ન હોય આ. સમજાણું કાંઈ?

बहुबीजा. બહુબીજવાળા જીવ વનસ્પતિ આદિ એ ન હોય. હેઠે શ્લોક લખ્યો છે. 'जिन बहुबीजनके घर नाहिं ते सब बहुबीजा कहलाहिं. એમ કંઈ ફેર છે બીજું કંઈ. શબ્દ .....(શ્રોતા : નાહિંમાં ફેર છે) નાહિંમાં ફેર છે. એ શબ્દ જોઈએ. બેઠતા નહીં. એ નકાર જોઈએ. જિન બહુબીજકે ઘર નાહિં, બહુબીજ કે ઘર હૈ હી, તે સબ બહુબીજા કહલાહિં. એમ થઈ જાય. અસ્તિ સિદ્ધ કરવું છે ને. આ ઘણા ત્રસ જીવ એમાં હોય છે. ઘણાં બીજ હોય ને એમાં સૂક્ષ્મ ત્રસ પણ અંદર થાય. આહા! અહિંસા. જેને રાગ વિનાની દશા અહિંસા પ્રગટી છે. અહિંસાની વ્યાખ્યા રાગની અણઉત્પત્તિ એનું નામ અહિંસા અને રાગની ઉત્પત્તિ એનું નામ હિંસા. આ પંચમ ગુણસ્થાને તો બે રાગની ઉત્પત્તિ જ નાશ થઈ ગઈ છે. અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાની, એટલી અહિંસા પ્રગટ થઈ છે. એને આવો બીજ ઘણાં હોય એ ખાવાનો ભાવ હોય નહીં. એને એ ત્યાગ કહેવામાં આવે છે. આહાહા! રીંગણાં–બેંગન. એમાં બીજ બહુ હોય.

अथाना, मुरब्बा. મુરબ્બાની વાત કરી હતી ને અથાણાંની કાલ, નહીં? અથાણાં.. અથાણાં.. આચાર. છ-છ મહિનાના મુરબ્બા, બાર-બાર મહિનાના મુરબ્બા હોય છે ને. શેરડીના હોય છે, સફરજનના હોય છે, કેરીના હોય છે. મોટાં મોટાં બોર હોય કાશીના એના મુરબ્બા હોય છે. મોટા કાશીના બોર હોયને આવડા. (શ્રોતા : આંવલા) આંબળા. છ-છ મહિનાના, ચાર-ચાર મહિનાના હોં. આહા! સ્થાનકવાસીને તો એ ખબર જ નથી કે આમાં (દોષ છે.) સાધુ લે. ચચ્ચાર મહિનાના મોરબ્બા લે. લેતે હૈં. આ વાત નથી ને એમાં. નિશ્ચયની વાત સાચી નથી અને વ્યવહારની પણ કેવી એ પણ વાત નથી. સમજાણું કાંઈ? સાધુ થઈને ઓલાં લે છે ને, લસણ ને ડુંગળી. ડુંગળી.. ડુંગળી સમજે? પ્યાજ.. પ્યાજ. પ્યાજ ઘીમાં તળેલા લે. ઘીમેં સમજે? તેરાપંથી લોકો તો બહુ ખાય.

આચાર્ય તુલસી. ડુંગળી ને.. ભાઈ કહેતા'તા, અભક્ષ્ય થાય. સાથે હતાને લીલાધરજી. ડુંગળી લાવે બે-ત્રણ ગોળા શેકેલા. ઓલા ઘીમાં (શેકેલા) હોં. અચેત. (શ્રોતા : જમીકંદ કો ...) નહીં. (જમીકંદ) પણ અચેત થઈ ગયો ને. હમારે ક્યા હૈ? સાધુ માટે બનાયા હૈ? સાધુ માટે બનાવ્યું નથી માટે (ખપે.) આહા! ઈ કહેતા'તા કે અમને સાધુ આપે. ઈ પોતે અર્ધો ભાગ વધારે ઈ લેતા'તા આચાર્ય. બધા સાધુને આખેઆખી કણી આપે પણ એવી મીઠી લાગે, કહે. પછી રોટલીમાં જરી જરી ખાતા જઈએ. બટકી જરી જરી લઈએ. ખુશી ખુશી થઈ જઈએ. આ સાધુ! આ ગજબ કરે છે ને આ! બાપુ! આવું હોય નહીં. એને ડુંગળી, ... લસણ એના અચેત થયેલા પણ શાક

ન હોય. સમજાણું કાંઈ? ત્યારે કહે, હળદર છે એ કંદમૂળ છે. લ્યો. સમજાણું? એને કેમ...? શું કહેવાય? આદુ. આદુમાંથી હળદર થાય છે ને? આદુમાંથી ઓલું સૂંઠ.. સૂંઠ. અને હળદરેય પહેલી કંદમૂળ હોય છે. હા, પછી થાય આ. બાપુ! એ જુદી ચીજ છે. આ જુદી ચીજ છે. સમજાણું? અહીંયા તો આત્માનો જેને અનુભવ છે, બધા પ્રાણી જ્ઞાનસમ છે. 'સર્વ જીવ છે જ્ઞાનસમ.' જ્ઞાનથી ભરેલા ભગવાન છે. એને જ્ઞાતાદૃષ્ટાની ઉપરાંત શાંતિની વૃદ્ધિ થઈ છે એને આવા ભાવ હોય નહીં.

પીપરના ફળ. આ પીપરના ફળ નથી? ટેટા. પેપડીઓ. અમારી કાઠિયાવાડી ભાષામાં પેપડી (કહે). આ પીપર હોતી હૈ ન પીપર. શાક કરે એના શાક. ક્યાંક વાંકાનેરમાં ગ્યા'તા એક ઠેકાણે. પેપડીનું શાક છે મહારાજ, લ્યો. અરરર..! કીધું, આ? કો'ક એક શેરીમાં હતો. ..... પેપડીનું શાક. (શ્રોતા : .....) ખાન છે. બહુ મોંઘા. બાલભંડારી. તમારે ક્યાં છે અહીંયા અંદર કાંઈ? આ તો વાત કરે ને. બાપ-દાદાનું તો બીજું હતું. ..... આ ચીજનો વિવેક વ્યવહારનોય નથી, એમ કહે છે. નિશ્ચયનો તો છે જ નહીં. રાગથી, વિકલ્પથી પૃથક્ ભગવાન ત્રિલોકનાથ એને અંદરમાં સ્વભાવની સ્થિતિ કરીને સ્વીકારવો એ વિના સમ્યગ્દર્શનની શરૂઆત પણ છે નહીં. આહાહા! એ મૂળ ભૂમિકા ઉપરાંતની આ તો વાત છે. આ છે નહીં અને બહાર ત્યાગ કરીને બેસે કે અમે આ ખાતા નથી પીપરના ફળ ને ફલાણું, ઢીંકણું માટે અમે ત્યાગી શ્રાવક છીએ, એમ નથી. સમજાણું કાંઈ?

ભાઈ! આ તો જગતથી સંસારથી ઉગરીને સ્વભાવમાં જવાની વાત છે. સંસાર એટલે ઉદયભાવ ચાહે તો પુણ્યભાવ કે પાપભાવ એ હળહળતી ભટ્ટી છે. 'સોગાનીજી'ની જ્યાં ભાષા બહાર આવી થોડી ચોખ્ખી, ભડકી ઉઠ્યા લોકો. કે શુભભાવ ભટ્ટી છે. આહા! શેઠિયા જેવાને પણ અંદરથી ખળભળાટ થઈ ગયો. લ્યો. ભાઈ બીજાએ એવું લખ્યું એના માણસ શોભાગચંદ. રામજીભાઈ ઉપર આવ્યો'તો ને પ્રશ્ન, આવ્યા'તા તાર. એવી ચીજ છે કે આ વાત અંદરમાં (બેસવી મુશ્કેલ.) એ વિકલ્પ છે શુભરાગનો ભાઈ, એ અગ્નિ છે. પણ કોની સાથે મેળવે? મરચાંનો કીડો મરચાંને લપેટીને અંદર રહે. આ મરચામાં ઝીણા થાય છે ને જીવાત. ઝીણા. લોટ હોય ને મરચાના આટા (ભુકો) એમાં. ચારેકોર એનું મરચાનું ઝીણું લાલ કરી ને અંદર રહે. એમ અનાદિથી અજ્ઞાની શુભ-અશુભભાવ અને મિથ્યા શ્રદ્ધા એ અગ્નિના પેટામાં પડીને ગરી ગયો છે. આહાહા! સમજાણુ કાંઈ? અરે, અહીં પાંચ-છ આઠ ડીગ્રી તાવ આવે, મરી જઈએ છીએ, મરી જઈએ છીએ. હાય રે હાય! આહાહા! ભાઈ! એ સંયોગ કાંઈ દુઃખ નથી આપતું. સંયોગને આત્મા અડતો ય નથી. એમાં એને આકુળતા છે. આહા! આહા! એ

આકુળતાનું એને વેદન છે. તાવની દશા તો જડની છે. જડની દશાને ચૈતન્ય વિકારથી પણ અડે નહીં, સ્પર્શે નહીં. આહાહા!

પોતાનો ભગવાન આનંદનો ધામ એમાં રહી શક્યો નહિ અને એમાંથી નીકળ્યો બહાર એટલે આવા વિકલ્પમાં રોકાઈ ગયો. એ દાવાનળને વેદે છે ઈ. એને ઉગરવાના માર્ગ આ છે. સ્વરૂપની શાંતિની દૃષ્ટિ કરી પીછે વિશેષ આશ્રય કરીને શાંતિ પ્રગટી. એને આવા પીપરની શું કીધું ઈ? પેપડીઓ, વડના ફળ. આ વડમાં આવે છે ને મોટા ટેટા. ટેટા લાલ ઝીણા એમાં જીવ બહુ જીવ. પેપડીનું શાક કરે છે. કોઈ એક ઠેકાણે સાંભળ્યું તે દિ'. ઘણાં વર્ષની વાત છે. વાંકાનેરમાં કાંઈક નાની શેરી, અંદર ઊંડે ઊંડે બહાર નીકળવાનું હતું અંદર. બહાર નીકળવાનું. પેપડીનું શાક છે, કીધું. ઓય માળે! પેપડી સમજાણું? અરેરે! એ તો માંસનો ખોરાક કહેવાય. જીવાત ત્રસની ઝીણી. ભાઈ! વળી એક જણો એમ કહેતો. આ મોક્ષમાર્ગ સાંભળી. સાધુ સ્થાનકવાસી હતો પહેલો, થઈ ગયો દેરાવાસી. પછી અહીં ચોમાસું હતું અને મળ્યા'તા અહીં રસ્તામાં. .....રેંકડીમાં જાતા'તા પાલીતાણા. અને ઉપાડનાર ચાર ને ઓલું કરે ને એક રેંકડી હોય ને રેંકડી આ. બેઠા'તા એમાં અને એક માણસ હાંકતો'તો ઉપરથી.

તે દિ' બોલ્યા હતા આંહીં. નિશ્ચય જેને ભાન થયું એને પછી આ વ્યવહાર કેવો એનું કામ શું છે? ઠીક. ઈ પછી માંસ ખાય કે દારૂ પીએ એની સાથે સંબંધ શું છે? અરે, ભાઈ! ઊંધે ઊંધું. ઈ નીતિવિજયના ચેલા. નીતિવિજય હતાને વાંકાનેરના સાધુ, એના શિષ્ય હતા. સ્થાનકવાસીમાં સાધુ હતા. એ દેરાવાસી સાધુ થયા. છે. આંહીં ચોમાસું હતું ત્યારે હમણાં મળ્યા રસ્તામાં. નહિ, ઓલા રેંકડીમાં બેઠા'તા? એક સાધુ આવ્યા અમારી પાસે. એને છૂટું પડવું હતું. એક છૂટો પડી ગયો, કહે છે. તે દિ' આવ્યો'તો. એને છૂટવું હતું. દેખીને કહે, આ ઠીક લાગે છે આ અમને. મોટરમાં ફરવું ને ધર્મી કહેવડાવવું. આપણે ઠીક ફરો આમાં. અરે, બાપુ! એ વસ્તુ મોટર શું અને વળી ધાતુ ચીજ જુદી છે. સમજાણું કાંઈ? આહાહા! આત્માના અંદરના આનંદના સ્વાદ આગળ જેને રાગ, આકુળતા અને દુઃખ લાગે છે એ રાગની દશા સ્વને આશ્રયે છૂટી જાય છે. ત્યારે તે પ્રકારના નિમિત્તનો ત્યાગ છે એમ કહેવામાં આવે છે. આમ છે. સમજાણું કાંઈ?

ऊमर फल. આવે છે ને ઊમરના ફળ. તે દિ' આપણે આ નહોતું? આ ઊમરના ફળ ત્યાં જોયા'તા ને આમ દિશાએ ગયો'તો. પડ્યા હતાં બધા લાલ. આપણે ત્યાં શું? તલાસરી. તલાસરી. માગસર વદ ૮ હતી ને. 'કુંદકુંદઆચાર્ય' મહારાજની તિથી હતી. આ જ્યારે ગયા ને મુંબઈ તે દિ'. તેરની સાલ. બહાર દિશાએ ગયા, બેઠો ત્યાં આમ ફળ પડ્યું મોટું. આવા મોટા ફળ. એ તો ઊંબરના ફળ છે. એકલી જીવાત, એકલી

જીવાત. રાજકોટમાં આપણે ઊતરતા ને ત્યાં ભાઈ શું? (શ્રોતા : રાઠોડ) ત્યાં મોટા એ ઊંબરના ફળ હતા. બહુ જીવાત, બહુ જીવાત. ઝીણી ઝીણી. એવા ત્રસના ખોરાકનું સ્થાન, ઉપરથી એવા ભાવ પંચમગુણસ્થાન(વાળા) ધર્મીને હોતા નથી. આહાહા! कठूमर. એવી કોઈ જીવાતવાળી ચીજ હશે કોઈ. पाकर फल—બહુ પાકી ગયેલું અને બહુ જીવાત એમાં હોય ઝીણી એવી. अजान फल. કાંઈ ખબર ન હોય કેવું ફળ છે જંગલમાં અનેક જાતના ફળ હોય. એ અજાનફળ પણ ખાય નહીં. એને ઈ ભાવ હોય નહીં. હઠ નથી ત્યાં કે આપણે અરેરે, આ ન ખવાય માટે આપણે છોડવું (પડશે), એમ નથી. એને એ આત્મભાવ જ સહજ આનંદના ધામમાં વસ્તારી એવી વિકૃતિ એને હોતી નથી. આહાહા!

કંદમૂળ ન ખાય, લ્યો ઠીક. આંહીં તો કંદમૂળ બધા ખાય. આ શક્કરકંદ ને બટાટા ને મૂળી, ગાજર. એક ફેરે વહોરવા ગયા હતા, શેઠ આવ્યા’તા. કંદમૂળ શાક હતું બટાટાનું. ભાઈ સાથે હતા પંડિત દેવકીનંદન. આવો લ્યો, શાક. અરે, આ શું બટાટા—શક્કરકંદ? બટાટાનું શાક. અમારે તો બધા ખાય છે. સર હુકમીચંદ પોતે. (શ્રોતા : અને એ તો જાત્રામાં જાય ત્યારે...) હા, જાત્રામાં જાય... અરર..! આવું હોય? વ્યવહારના પણ જેને ઠેકાણાં નથી. આ તો નિશ્ચય સહિત આત્માના ભાન સહિત આવો ભાવ એને કંદમૂળ ખાવાનો હોતો નથી. અનંતકાય એમાં. આહાહા! અનંત આત્મા.. એક આલુની કટકી રાઈ જેટલી, બાપુ! એની પ્રતીત પણ કઠણ છે, ભાઈ! એમાં અસંખ્ય તો ઔદારિક શરીર. એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એથી અનંતગુણા જીવ. આહાહા! એમાં અનંતા અનંતા ભવ કર્યા એના મા-બાપ, દીકરી દીકરાઓના જીવ પણ અંદર પેઠા હશે.

સહજ સ્વભાવના આનંદની લહેરની દશામાં આગળ શાંતિ ચારિત્રનો અંશ વધ્યો છે ને. એથી એને કંદમૂળ ખાવાનો ભાવ હોતો નથી. કહો, સમજાણું કાંઈ? આ બટાટા-આલુ. પતરી કરે છે ને ઝીણી. ઝીણી-ઝીણી પાતળી પતરી કરી ઘીમાં તળે, તેલમાં તળે ને પછી કકડાટ.. કકડાટ.. મીઠી લાગે. એના ઉપર ધાણાજીરું ઓલી પતરી ઉપર. ઘીમાં તળીને એ ખાતો જાય. આહાહા! ભાઈ! આત્માના સ્વાદ આગળ ક્યાં ગ્યો તું બહાર! સમજાણું કાંઈ? જેને આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે અને સ્વાદમાં પણ થોડો આગળ વધ્યો છે એને આવા કંદમૂળનું ખાવાનો ભાવ હોય નહીં. આ તો ભક્ષ્યાભક્ષ્ય ગમે તે હોય. આય ખપે ને આય ખપે. આ તો સ્થિરતાના વિકલ્પનો ત્યાગ એની વાત છે. આ મેં છોડ્યું કે મૂક્યું એમ પ્રશ્ન નથી. સમજાણું કાંઈ? કહે છે, કંદમૂળનો એને ત્યાગ હોય છે. માથે આવ્યું’તું ને ગુણગ્રહે? ગુણ સંગ્રહે અને ત્યાગ એમ આવ્યું’તું ને. શરૂઆત કરતાં. ઈ ભાષામાં વ્યવહાર જેવું કોઈ છે એને એ જાતના ભાવનો વ્યય હોય છે, એમ. સમજાણું કાંઈ?

મુનિને તો એકેન્દ્રિયનો જીવ એક મરે ઈ પણ આહાર ન લે—લીલોતરી કે કંદમૂળ. આ તો ચોકાના ચોકા કરે છે એ ચાલે. પ્રભુ! વસ્તુનું સ્વરૂપ આવું છે હોં. વ્યક્તિગત તો જેમ હોય એમ ભલે હો. માર્ગ આવો છે. એને આત્મધ્યાન, આત્મજ્ઞાન અને એની ઉગ્રતા જેને અંતરમાં, ઓહો! એની રાગના અભાવની અહિંસાની શું વાત કરવી? એને એકેન્દ્રિય એક જીવ મરે અને આહાર લે એ પણ એની વૃત્તિ હોતી નથી. આ તો પંચમગુણસ્થાન છે. ગૃહસ્થાશ્રમ છે. ભારે વાત ભાઈ! ગૃહસ્થાશ્રમ કહેવું એક કોર. એકકોર કહેવું કે સમકિતી ગૃહસ્થાશ્રમમાં વિકલ્પથી પણ વિરક્ત છે. સમજાણું કાંઈ? કેમ કે હજી વિકલ્પ ઉઠ્યો છે અચારિત્રનો, એનાથી પણ સમ્યગ્દષ્ટિ તો દ્રવ્ય-ગુણ-પર્યાયે એનાથી તો વિરક્ત છે. પણ અસ્થિરતાની અપેક્ષાએ જ્યારે સ્વરૂપનો આશ્રય લઈને વિશેષ જ્યારે શાંતિ વેદે છે ત્યારે આવો માર્ગ ઉત્પન્ન થતો નથી. તેને ત્યાગે છે વસ્તુને એમ આંહીંના રાગનો વ્યય ભેદ થઈ જાય છે, ત્યાં પરને ત્યાગે છે એવું અસદ્ભૂત વ્યવહારનયે કથન આવે. સમજાણું કાંઈ?

ક્યા નયે શું કહ્યું છે એ સમજ્યા વિના... આવ્યું'તું કે નહીં ત્યાં ગાથામાં હમણાં? વ્યવહાર ભાન હોય છે નયમાં, નહીં? કથનનું, શાસ્ત્રના રહસ્યનું... (શ્રોતા : નિશ્ચય-વ્યવહાર બેય જાણવા. આજ આવ્યું'તું સવારે જૈનતત્ત્વમાં) એમાં તો આવ્યું'તું. આ તો પહેલાં પણ આવ્યું'તું. એમ કે આવું રહસ્ય જાણે. શાસ્ત્રના રહસ્યને જાણે. ઈ આમાંય આવ્યું'તું ઈ તો. મર્મજ્ઞ, બસ ઈ. આની પહેલા તરત જ, જુઓને. विशेषग्य रसग्य कृतग्य तग्य धरमग्य. એમાં આવ્યું'તું. આહા! શાસ્ત્રજ્ઞાનની મર્મજ્ઞતા. ક્યે ઠેકાણે કઈ અપેક્ષાએ કથન છે એ બધાંનો મર્મ જાણી ધર્મી. આંધળે કૂટે નહિ. સમજાણુ કાંઈ? આ લખ્યું. લખ્યું છે તે કઈ અપેક્ષા છે? ભાઈ! ..... ઘાતિકર્મનો. જ્ઞાનાવરણીયે જ્ઞાનને રોક્યું, દર્શનમોહનો ઉદય હોય તો મિથ્યાત્વ થાય જ, એમ આવે. બાપુ! કઈ અપેક્ષા છે એને જાણવું જોઈએ. જેને મિથ્યા અભિપ્રાય કરવાની લાયકાત છે, એને મિથ્યાત્વના ઉદયને નિમિત્ત કહેવામાં આવે છે. કોઈ દ્રવ્યની પર્યાય કોઈ દ્રવ્યને અડે નહીં, કરે શું? કર્મના ઉદયની પર્યાય પણ જીવની પર્યાયને છૂતી નથી. એકબીજામાં અભાવરૂપે પરિણમન થઈ રહ્યું છે. આહા! સમજાણું કાંઈ?

માટીનો આહાર ન હોય, લ્યો. આ માટી ખાય છે ને. બાઈયું નથી ઓલા શું કહેવાય? ભૂતડા. ભૂતડો.. ભૂતડો. ભૂતડો એટલે જેમાંથી પાણી ને આમ ઓલું નીકળી ગયું હોય તો નીચે એટલો ઝીણો લોટ જેવો આમ ભૂતડો હોય. ગર્ભ એવો આવ્યો હોય એને ભાવ એવા જ હોય પાછા. કાંકરા ખાય. આપણે હીરાભાઈ હતા, કોરા કાંકરા ખાતા. પોતે શું કડિયા હતાને. આ હીરાભાઈ, નહિ? હવે નથી. એ જેમાં મકાન

બનતા'તા પહેલા .... ઈ કહેતા'તા કે કાંકરા .....ખાઉં. ઈ અંદર પડ્યા રહે છે. જરી આમ ઓડકાર આવ્યા કરે એમ કે જરી જરી અંદર. કાંઈ ખબર નહીં. કાંકરા... આરે આરે! આ ભૂતડો. એ અભક્ષ્ય છે. અરે, જડના ખોરાક માટીના? સમજ્યાને, એ બહુ સુંવાળી લાગે છે. મીઠી લાગે છે. આહા! એ અભક્ષ્ય છે. સમકિતી પંચમ ગુણસ્થાનવાળી બાઈ બે જીવ હોતી હો, આ ખોરાક ન હોય. આહા!

સીતાજી જેવા જુઓને ધર્માત્મા. બે જીવ શરીરમાં લવ ને કુશ બે. એ બેય ચરમશરીરી. જગતની ગતિની ક્રિયાનો કાળ હોય એ બને છે, એ તો થાય. અંતરમાં તો એ ધર્માત્મા રાગ ને શરીરની ક્રિયાથી વિરક્ત છે. અમે એમાં આવ્યા નથી અને અમે એને કરતા નથી. આહાહા! આ તે અજબ-ગજબની વાતું! અજ્ઞાની વિષય ત્યાગે તોય મિથ્યાદૃષ્ટિ. અમે આ છોડ્યું, અમે બ્રહ્મચર્ય શરીરથી પાળીએ છીએ—એવા શરીરની ક્રિયાના અભિમાન મિથ્યાદૃષ્ટિ છે. આવા સ્વભાવમાંથી નથી ખસ્યા. જરી નબળાઈ આવી એનો પણ અંદર વિરક્તભાવ છે. આહા! અરે, આનો મેળ ક્યાં કરવો? આવી વાત છે. એ ધર્મી જીવ એને વિકલ્પ આવ્યો એ કાળા નાગ જેવો દેખે છે એને. આ વિષયમાં મજા છે ને રસ છે, એ રસ ઉડી ગયો સમકિતીને. ધર્મીને આત્માના રસ આગળ, એ બધા રાગનો રસ અંદર ફિક્કો પડી ગયો છે. આહા! હવે એ કોણ જાણે? બહારના આચરણ દેખનારાને એની ખબર પડે નહીં. આહા! દૃષ્ટિ અને જ્ઞાનનો વિષય અને એનું ફળ એ દૃષ્ટિ વિનાના માણસો એનું માપ ન કરી શકે. સમજાણું કાંઈ? આ મારગડા વીતરાગના માર્ગ કોઈ આખા જગતથી જુદા છે.

કહે છે, માટીનો ખોરાક ન હોય, એને વિષ-અફીણ આદિ ન હોય. એ અફીણના બંધાણ સમકિતીને ન હોય, એમ કહે છે. લ્યો, ઝેર, અફીણ, માંસ ન હોય. એ વૃત્તિ જ એની ન હોય એને. મધ.. મધ. શહદ એટલે મધ. એ મધનો ખોરાક જ્ઞાનીને ન હોય. એ દવામાં પણ મધનો ભાગ હોય તો ન લે. સમજાણું કાંઈ? આંહીં તો મધ શેઠિયાઓ તો મધમાં દવા ખાય. પંડિત સલાહ આપે કે ઈ વાંધો નથી. ચારિત્ર દોષ છે. (શ્રોતા : શાસ્ત્ર બતાવે છે કે વાંધો ન આવે) હવે શું શાસ્ત્ર બતાવે. ઈન્દ્રિયના વિષયથી નિવૃત્યા નથી, એમ આવે છે ને. 'ગોમ્મટસાર'. પણ બાપુ એક સમ્યગ્દર્શનની અપેક્ષા અંદર થઈ છે તેને આસક્તિ વૃત્તિ ગઈ નથી એટલી વાત છે. આવા ખોરાક. એક મધના ટીપામાં સાત ગામને આમ મારવા જેટલું પાપ છે. સમજાણું કાંઈ? સડો એકલો સડો. જીવાત ત્રસ. આહા! આ અત્તર. અત્તર નથી આવતા અત્તર? લૂગડા પર અત્તર.. અત્તર ક્યા કહતે હૈં? (શ્રોતા : ઈત્ર.. સેન્ટ.) બહુ જીવાત. સડો એકલો. અરે, ધર્મીને એ તરફનો ..... નથી. આ સવારના નાહીને લૂગડાં ઉપર છાંટે છે ને. અહીં ઘણી જાતના લૂગડાં

ગંધાય. ખબર પડે કે અહીં ગંધાણ મારી છે આ લૂગડે. આંહીં તો નાક તાજું ચોખ્ખું ને (એટલે) તરત ગંધાય. આ ક્યાંક બીજી જાતની ગંધ છે. આહાહા!

ઓલા એક હતા ને નહીં ભાઈ શું કહે? વેણીભાઈ બક્ષી. એ સામા દરરોજ મળે તો એના કપડામાં એવું હોય કે ગંધ જ મારે. ..... છ-છ મહિને. સામા મળે.. (શ્રોતા : કબજીયાત બહુ હતી) કબજિયાત બહુ હતી. ઓલી કોર જાતા. હવે દિશાએ ક્યાં જવું? ..... જ્યાં નીકળે ત્યાં ગંધ મારે. એ મધનો ખોરાક એને હોય નહીં. દવામાં પણ ન હોય. એક બિંદુમાં સાત ગામને મારવાનું પાપ. ભાઈ! એવો વિકલ્પ જ ન હોય એને. હઠથી નથી. એની ભૂમિકા જ કોમળ એટલી બધી થઈ ગઈ છે કે આવા એના ભાવ હોય નહીં. આહા! સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પણ જેને શાંતિ વધી. સર્વાર્થસિદ્ધિના દેવ સમકિતી અને આ પંચમ ગુણસ્થાનવાળો. એની કઈ દશા! માખણ જેવી દશા થઈ ગઈ છે અંદરથી નરમ.. નરમ.. આમ. માખણ ન ખાય. ઠીક. એ માખણ.. માખણ. મખ્ખન. એક અંતર્મુહૂર્ત પછી તો બહુ જીવાત, જીવાત. ગૃદ્ધિ માખણની.

शराब. દારૂ ઘણી જાતના અત્યારે દારૂ થાય છે. કેટલાક તો પોણોસો-પોણોસો, સો રૂપિયાની એક નાની શીશી લે. .... સો રૂપિયાનું પાણી ... મોટા રાજા મહારાજા પીએ ને ઈ. (શ્રોતા : શુદ્ધ મદિરા...) શુદ્ધ મદિરા તો ઠીક. પોતે જ અશુદ્ધ છે એમાં શુદ્ધ ક્યાંથી આવ્યું? આહાહા! આ રાજા-મહારાજા, શેઠિયાઓ છે ને. એની એક એક થાળીના બસે-બસે પાંચસે-પાંચસે રૂપિયા હોય એક થાળીના. આ હોટલમાં જાય ને મોટી હોટલમાં. આ બાટલીઓ પડી હોય અંદર ઊંચી. ...નરકના કીડા છે. ભવિષ્યત નારકી. ભવિષ્યમાં નારકી થવાના એને વર્તમાન નારકી કહો. આહાહા! કહે છે, એવો દારૂનો ખોરાક એને ન હોય. સમજાણું?

अतिसूक्ष्म फल. બહુ ઝીણા. એમાં એને ખબર ન પડે કે આમાં જીવાત કેટલી છે. એ ન ખાય. એ બરફ ન લે બરફ. સમજાય છે? અભક્ષ્ય છે બરફ. चलित रस, લ્યો. ૨૨મું. આ દાળ, શાક ચલિત રસ થઈ ગયા હોય ને બગડીને. રાતવાસી રહે કે એ થોડો (કાળ) દિવસમાં બહુ બગડી જાય. ચલિત રસમાં જીવાત હોય છે. જીવાત એનો ખોરાક. જેને ભગવાનના ભેટા થયા એવા આત્માને મળ્યો એને આવા ખોરાક હોય નહીં. સમજાણું કાંઈ? આત્માના ભાન વિના આનો ત્યાગ કરે એનું ફળ રાગની મંદતા ને પુણ્ય અને મિથ્યાત્વ સાથે. મિથ્યાત્વનું ફળ સાથે હું છોડું છું અને મેં મૂક્યું છે ને, એ રાગનો કર્તા થાય છે. મિથ્યાત્વ એ મહાપાપ છે. એની ભેગું એક પુણ્ય અઘાતિનું બંધાય જરી. ઘાતિનું પાપ તો મિથ્યાત્વ મોટું છે. આહાહા! મિથ્યાત્વ મહાપાપ એની તો કિંમતની

ખબર ન મળે. સમકિત મહાધર્મનો ઠેઠ ઠેકો જેણે લીધો. ઈજારો લીધો કે હું હવે આત્મા પૂર્ણાનંદ છું એવો ઈજારો સમકિતીએ લીધો. હવે એમાંથી માલ કાઢે એટલો નીકળે.

આ ઠેકો તમારે કહેતા'તા. (શ્રોતા : ઠેકેદાર) એમ કહેતા'તા કંઈક કે ઓલા આફ્રિકામાં ભાઈ લીધેલો. આ કુંવરજીભાઈનો છોકરો. ઠેકો લીધો'તો પન્નાનો. હવે પન્નાના ઠેકામાંથી કરોડો-કરોડો નીકળી ગયા. કરોડોના પન્ના. એક અબજ રૂપિયા. રાજી રાજી થઈ જાય કે આહાહા! અરે, ધૂળમાંય નથી, સાંભળને હવે. પૂર્વના પુણ્યના પરમાણુ જરી હતા એ બળી ગયા. દેખાય, પણ દેખાય છે ને? તું તો દેખનારો છો. તારામાં ક્યાં આવ્યા અને તારા થઈને ક્યાં રહ્યા છે? એમ તારા આત્માના થઈને રહ્યા છે ન્યાં અબજ રૂપિયા? એ તો અજીવ થઈને રહ્યાં છે. છતાં ઉઠાવગીર કહે કે મને મળ્યા ને ઈ મારા. ચોર છો. કો'કની ચીજ મારી (માને) તો એ ચોર છે. આહા! આંહીં કહે છે, એવા જેમાં ત્રસની બહુ ઉત્પત્તિ હોય અધિક.. ये बाईस अभक्ष्य जैनमतमें कहे हैं, દેખો. પાઠ છે ને. जिनमत ए बाईस अखान. આહા! એમ अखान એટલે કહ્યું આખ્યાત, એમ.

પ્રતિજ્ઞા (દોહરા)

अब पंचम गुनथानकी, रचना बरनौं अल्प।
जामैं एकादस दसा, प्रतिमा नाम विकल्प।।५६।।

**અર્થ :**—હવે પાંચમા ગુણસ્થાનનું થોડુંક વર્ણન કરીએ છીએ, જેમાં અગિયાર પ્રતિમાઓના ભેદ છે. ૫૬.

**अर्थ :**—अब पाँचवें गुणस्थानका थोड़ासा वर्णन करते हैं, जिसमें ग्यारह प्रतिमाओंका विकल्प है।।५६।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

હવે અગિયાર પડિમા હોય છે. પંચમગુણસ્થાનમાં-આત્મજ્ઞાનમાં અનુભવ સહિત અને શાંતિની અંશે પ્રગટ વિશેષ થઈ પછી પણ એને શાંતિના અંશનો વધારો થતો જાય તેવા તેવા એને પડિમાના નિયમોના વિકલ્પ પણ એવા હોય. એકલા વિકલ્પ ૧૧ પડિમાના, એને આંહીં પડિમા કહેતા નથી. આ પડિમા લઈને બેસે ને પછી અમે પડિમાધારી છીએ. હજી મિથ્યાત્વનો તો ત્યાગ નથી. દર્શન પડિમાના ઠેકાણા નથી ને બીજી પડિમા આવી ક્યાંથી? સમજાણું કાંઈ?

रचना वरनौ अल्प. થોડું વર્ણવું (છું), કહે છે. जामैं एकादस दसा. અગિયાર શાંતિના અંશની વૃદ્ધિ.. વૃદ્ધિ.. વૃદ્ધિના અગિયાર પ્રકાર છે. સમજાય છે કાંઈ? બે કષાય

તો ટળેલા હોય છે. ત્રીજા કષાયનો અંશે અંશે રસ ઘટતો જાય છે ને આંહીં શુદ્ધિનો અંશ વધતો જાય છે. એવા પંચમ ગુણસ્થાનમાં, છઠ્ઠા ગુણસ્થાન પહેલા આવી એક દશા પંચમ ગુણસ્થાનમાં હોય છે, એને અહીંયા પ્રતિમા કહેવાય છે. ખુલાસો કરશે. प्रतिमा नाम विकल्प. પ્રતિમાની વ્યાખ્યા કરશે પોતે. संजम अंस जग्यौ जहां, भोग अरुचि परिनाम. પછી આવશે ૫૮(૫૬)માં. ૫૭(૫૬)માં નામ આવશે અને ૫૮(૫૬)માં એનું સ્વરૂપ કહેશે.

संजम अंश जग्यौ जहां. જુઓ, પંચમ ગુણસ્થાન. અરે, ભગવાનના પેટામાં આગળ વધી ગયો. એવું પંચમ ગુણસ્થાન संजम अंश जग्यौ. છે ને ૫૮માં? સંયમનો અંશ જગ્યો છે. भोग अरुचि परिनाम—આસક્તિ તો ચોથે જ હોય છે. પણ આંહીં તો આસક્તિ ઘટી ગઈ છે. સમકિતીને ભોગની રુચિ હોતી જ નથી. કેમ કે ભોગની રુચિ તો ઝેર છે. ભોગમાં સુખ માનવું એ તો મહા મિથ્યાત્વનું ઝેર છે. એ ઝેરને વમ્યાં છે જેણે એવા સમ્યગ્દૃષ્ટિને ભોગની આસક્તિ ઘટી ગઈ છે. સમજાણું કાંઈ? એને આ પડિમા હોય છે, એમ કહે છે. દિગંબરમાં વધારે પડિમાનો આગ્રહ હોય અને આ શ્વેતાંબરમાં લેતા નથી. પડિમા ન લે, પાધરા સાધુ થઈ જાઓ. બસ, બાર વ્રત લે ને પછી સાધુ થઈ જાઓ એકદમ. (શ્રોતા : સમ્યગ્દર્શન ન હોય). એની વાતેય ક્યાં? પણ આ તો બાર વ્રતના ઠેકાણાં, અણુવ્રતના પડિમાના ઠેકાણાં નહિ. અત્યારે પડિમા ન પળે, સાધુ(પણું) પળે.

उदै प्रतिग्याकौ भयौ, લ્યો. પ્રતિજ્ઞાનો ઉદય આવ્યો. વસ્તુનો આ રાગ ન થાય આવો—એવી પ્રતિજ્ઞાનું પ્રગટપણું ત્યાં આવ્યું, એમ કહે છે. ચોથે ગુણસ્થાને પ્રતિજ્ઞા હોતી નથી. સમજાણું કાંઈ? प्रतिमा ताकौ नाम—આનું નામ પ્રતિમા કહીએ. એ પહેલી દર્શન પ્રતિમાની જ વ્યાખ્યાથી આ શરૂ થાય છે. હવે એના નામ કહે છે, જુઓ.

અગિયાર પ્રતિમાઓના નામ (સવૈયા એકત્રીસા)

दर्सनविसुद्धकारी　बारह　विरतधारी,
　　सामाइकचारी पर्व प्रोषध विधि वहै।
सचितकौ परहारी दिवा अपरस नारी,
　　आठौं जाम ब्रह्मचारी निरारंभी ह्वै रहै।।
पाप परिग्रह छंडै पापकी न शिक्षा मंडै,
　　कोऊ याके निमित्त करै सो वस्तु न गहै।
ऐते देसव्रतके धरैया समकिती जीव,
　　ग्यारह प्रतिमा तिन्हैं भगवंतजी कहै।।५७।।

**અર્થ :**—(૧) સમ્યગ્દર્શનમાં વિશુદ્ધિ ઉત્પન્ન કરનાર દર્શન પ્રતિમા છે. (૨) બાર વ્રતોનું આચરણ વ્રત પ્રતિમા છે, (૩) સામાયિકની પ્રવૃત્તિ સામાયિક પ્રતિમા છે, (૪) પર્વમાં ઉપવાસ–વિધિ કરવી તે પ્રોષધ પ્રતિમા છે, (૫) સચિત્તનો ત્યાગ સચિત્તવિરત પ્રતિમા છે, (૬) દિવસે સ્રીસ્પર્શનો ત્યાગ એ દિવામૈથુનવ્રત પ્રતિમા છે, (૭) આઠે પહોર સ્રીમાત્રનો ત્યાગ બ્રહ્મચર્ય પ્રતિમા છે, (૮) સર્વ આરંભનો ત્યાગ નિરારંભ પ્રતિમા છે, (૯) પાપના કારણભૂત પરિગ્રહનો ત્યાગ તે પરિગ્રહત્યાગ પ્રતિમા છે, (૧૦) પોતાને માટે બનાવેલા ભોજનાદિનો ત્યાગ તે ઉદ્દેશવિરતિ પ્રતિમા છે.—આ અગિયાર પ્રતિમા દેશવ્રતધારી સમ્યગ્દષ્ટિ જીવોની જિનરાજે કહી છે. ૫૭.

**अर्थ :–(१) सम्यग्दर्शनमें विशुद्ध उत्पन्न करनेवाली दर्शन प्रतिमा है, (२) बारह व्रतोंका आचरण व्रत प्रतिमा है, (३) सामायिककी प्रवृत्ति सामायिक प्रतिमा है, (४) पर्वमें उपवास–विधि करना प्रौषध प्रतिमा है, (५) सचित्तका त्याग सचित्तविरत प्रतिमा है, (६) दिनमें स्त्री स्पर्शका त्याग दिवामैथुनविरत प्रतिमा है, (७) आठों पहर स्त्रीमात्रका त्याग ब्रह्मचर्य प्रतिमा है, (८) सर्व आरंभका त्याग निरारंभ प्रतिमा है, (९) पापके कारणभूत परिग्रहका त्याग सो परिग्रहत्याग प्रतिमा है, (१०) पापकी शिक्षाका त्याग अनुमतित्याग प्रतिमा है, (११) अपने वास्ते बनाये हुए भोजनादिकका त्याग उद्देशविरति प्रतिमा है। ये ग्यारह प्रतिमा देशव्रतधारी सम्यग्दृष्टि जीवोंकी जिनराजने कही हैं।।५७।।**

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

दर्सनविसुद्धकारी बारह विरतधारी सामाइकचारी पर्वप्रोषध विधि वहै. પહેલી પડિમાનું નામ દર્શનવિશુદ્ધિ. સમ્યગ્દર્શન નિર્મળ કરે. અતિચાર લાગવા દે નહીં એનું નામ દર્શન પ્રતિમા. છે પંચમગુણસ્થાન. વ્રત હોય પણ છતાં નિરઅતિચાર ન હોય. સમકિત એનું નિર્મળ નિરઅતિચાર. ક્ષયોપશમ હોય તોય નિરઅતિચાર. એવા આત્માના આનંદની પરિણતિમાં અતિચાર ન હોય, એવી પંચમ ગુણસ્થાનની દશા. આમ તો પંચમ ગુણસ્થાન છે. પંચમગુણસ્થાન. એકલું સમકિત નહિ, એની સાથે બાર વ્રત પણ ભેગા હોય પણ નિરઅતિચાર નહીં. એ નિરઅતિચાર સમકિત રાખે અને સાથે વ્રતના વિકલ્પ હોય છે અને અંદર શાંતિની અંશે વૃદ્ધિ હોય છે, દ્રવ્યનો આશ્રય વિશેષ લીધો છે એને દર્શન વિશુદ્ધકારી સમકિત—દર્શનપડિમા કહેવામાં આવે છે.

बारह विरतधारी. એ બીજી પડિમા છે. એ નિરતિચાર હોં. सामाइकचारी—ત્રીજી સામાયિક (પ્રતિમા). આનંદનો પ્રયોગ કરવો. બબ્બે ઘડી દરરોજ આનંદનો પ્રયોગ. જેવા સિદ્ધ ભગવાન છે એવો હું કેટલો કાળ નિજઅંતરમાં રહી શકું છું એનો પ્રયોગ એનું નામ સામાયિક. पर्वप्रोषध—પંદર દિ' એ આખો દિ' હું કઈ રીતે આતમમાં રહી શકું છું એનો પ્રયોગ એને પ્રોષધ કહીએ. પ્રોષધ-બૌષધ કર્યા તો હશે? ઘણા કર્યા છે.

सचितकौ परहारी. પાંચમી પડિમા. સચિત્તનો ત્યાગ. પોતે સચેતને ખાય નહીં. दिवा अपरस नारी—દિવસે સ્ત્રીનો સ્પર્શ નહીં. आठौं जाम ब्रह्मचारी निरारंभी, લ્યો. આઠે પ્રહર સ્ત્રીમાત્રનો ત્યાગ, એ આઠમી પડિમા કે સાતમી કહી? સર્વ આરંભનો ત્યાગ. निरारंभी, લ્યો છે ને. એ આઠમી. સર્વ આરંભનો ત્યાગ નિરારંભી—આરંભ ન કરે. એ સચેતનો અચેત પોતે ન કરે. પાપના કારણભૂત પરિગ્રહનો ત્યાગ—લક્ષ્મી ન રાખે. અને पापकी न शिक्षा मंडै—પાપની શિક્ષા ન દે. અનુમતિ ન દે. ઠીક, તમે આ વિવાહ કર્યા. ઠીક, તમે આ આહાર કર્યો. એવી અનુમતિ ન દે. એના (માટે) કરેલું લે નહીં. અગિયાર પડિમા. कोऊ याके निमित्त करै सो वस्तु न गहै. અગિયાર પડિમાવાળો ન લે. આવી તો ભાષા છે ચોખ્ખી. હવે એની આ મોટી તકરાર અત્યારે ચાલી છે. એ મોટાં લખાણ. સાધુ પોતે કહે કે કરો, તો એ ઉદ્દેશિક કહેવાય. એને માટે કરેલું હોય ને એ લે, એ ઉદ્દેશિક નહીં, લ્યો. અરેરે!

મનોહરલાલજી આવ્યા'તા ને ત્યાં જયપુર. એને બિચારાને.... આવ્યા'તા બહુ છેટેથી. પણ માણસ નરમ. તો બધા પ્રશ્ન થતા, આ પ્રશ્ન કર્યો ઉદ્દેશિકનો. ઉદ્દેશિક આહારનો જો આપ તરફથી સમાધાન થાય તો સંપ બહુ થાય, કહે. પણ બાપુ! શું કહે? જેમ હોય એમ થાય કે... ઉદ્દેશિક આહારનો ખુલાસો .... લોકોએ કરેલું છે એમાં સાધુને, શ્રાવકને શું? એમ ખુલાસો થાય તો. એમ ખુલાસો ન હોય. દુનિયા માટે, ભગવાનનો વિરહ છે માટે બીજો માર્ગ કહેવો એમ હોઈ શકે નહીં. ખરેખર તો, કીધું, અત્યારે કોઈ ઉદ્દિષ્ટ ભોજી, ત્યાગી ઉદ્દિષ્ટનો પડિમાધારી શ્રાવક તો નથી, કીધું. ખુલાસો કર્યો. ના, સાંભળતા બિચારા સાંભળતા. એને અંદર ખટક તો છે કે એક માળું આ બધું... માર્ગ બાપુ આમ છે. જેમ હશે તેમ રહેશે. ક્યાંક ખુલાસો કરો આપ તરફથી તો એમ કે સંપ થઈ જાય બહુ. કારણ કે તમારા વચનનું વજન બહુ પડે છે બહારમાં. ઠીક. એથી કરીને માર્ગ બીજો થાય? માર્ગ બીજો નથી, બાપુ! આ માર્ગ છે. ક્ષુલ્લક પણ અત્યારે ઉદ્દિષ્ટ આહાર લે છે. એ દ્રવ્યલિંગી ક્ષુલ્લક નથી, કીધું. સાંભળતા આમ બિચારા હોં. ऐसे देसव्रतके धरैया समकिती जीव हों પણ પાછો એમ કે. ग्यारह प्रतिमा तिन्हैं भगवंतजी कहै. ભગવાન એને અગિયાર પડિમા કહે છે. એનો કહેશે ખુલાસો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૮૯, કારતક સુદ ૩, શુક્રવાર, તા. ૨૨-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાનાધિકાર પદ ૫૮ થી ૬૪ ઉપર પ્રવચન

સમયસાર નાટક. ચૌદ ગુણસ્થાનમાં પાંચમા ગુણસ્થાન શ્રાવકમાં પ્રતિમાના સ્વરૂપનું કથન છે. પ્રતિમાનું સ્વરૂપ. ૫૮મો બોલ છે.

પ્રતિમાનું સ્વરૂપ (દોહરા)

**संजम अंस जग्यौ जहां, भोग अरुचि परिनाम।**
**उदे प्रतिग्याकौ भयौ, प्रतिमा ताकौ नाम॥५८॥**

**અર્થ :—**ચારિત્ર ગુણનું પ્રગટ થવું, પરિણામોનું ભોગોથી વિરક્ત થવું અને પ્રતિજ્ઞાનો ઉદય થવો એને પ્રતિમા કહે છે. ૫૮.

**अर्थ :—**चारित्र गुणका प्रगट होना, परिणामोंका भोगोंसे विरक्त होना और प्रतिज्ञाका उदय होना इसको प्रतिमा कहते हैं॥५८॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કહે છે કે સંયમનો અંશ જાગ્યો. એટલે પ્રથમ આત્માના અનુભવમાં શુદ્ધતાના અનુભવ વેદનમાં પ્રતીત થવી એવું સમ્યગ્દર્શન તો એને હોય છે. સમ્યગ્દર્શન વિના સંયમનો અંશ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? આ સંયમ સમ્યક્ ઉપરાંતની વાત છે ને. જેમાં આત્માના નિર્વિકલ્પ સ્વભાવનો અનુભવ પ્રથમ થતાં એમાં એની શ્રદ્ધા થઈ કે આ વસ્તુ પૂર્ણ આનંદસ્વરૂપ છે. એમાં રાગેય નથી, સંસાર નથી, શરીર, કર્મ કોઈ ચીજ જ એમાં નથી. એવું આત્માનું અંતર્મુખ થઈને સમ્યક્જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ આત્મા જણાય અને એમાં વેદન થાય શુદ્ધનું, એની પ્રતીતિ થાય તો એને સમકિત કહે છે. ભારે! છે આકરું. સમજાણું કાંઈ? એ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને નહીં. બધા દેવ સરખા, બધા ધર્મ સરખા એવું એને હોય નહીં. તેમ વ્યવહારે દયા, દાનના વિકલ્પ-રાગ એનાથી ધર્મ થાય એ પણ માને નહીં.

એવા 'કુંદકુંદઆચાર્યે' જે દિગંબર ધર્મ વાસ્તવિક તત્ત્વ એમણે જે કહ્યું એવું અંદર સ્વરૂપના ભાનમાં આવે ત્યારે તેને સમકિત કહેવામાં આવે છે. એ માર્ગ વીતરાગ દિગંબર દર્શન સિવાય બીજે ક્યાંય છે નહીં. એવો માર્ગ જિનવરે કહ્યો કે આત્મા ધ્રુવ ચૈતન્ય પૂર્ણ પ્રભુ એના તરફના વલણવાળી દશા એને જઘન્ય નામ પહેલો દ્રવ્યનો આશ્રય જઘન્યપણે

જેણે લીધો છે. એને અહીંયા સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એથી થોડો ઉગ્ર વધારે આશ્રય લીધો ત્યારે શાંતિ બીજા કષાયના અભાવની શાંતિ પ્રગટે અંશે વિશેષ એને અહીં સંયમ અંશ કહ્યો છે. સમજાણું કાંઈ?

संजम अंस जग्यौ जहां, भोग अरुचि परिनाम. ભોગની અરુચિ—રુચિ તો નહીં. એ તો સમકિતદર્શનમાં જ હોય છે. આ તો આસક્તિનો અંશ ઘટ્યો છે એ અપેક્ષાએ વાત છે. આહા! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન આત્માનું ભાન થતાં કોઈ ભોગની વિષયની રુચિ એને હોતી જ નથી કેમકે આત્મામાં જેણે આનંદ જોયો એ આનંદ ક્યાંય એને ભાસતો નથી. દુઃખ ભાસે છે બધે. વિષયની વાસના, આબરૂ, કીર્તિનું લક્ષ જવું એ બધું દુઃખ ભાસે છે. અરુચિ એટલે દ્વેષ એમ નહીં. પણ ભોગમાં સુખ છે એ બુદ્ધિ જ જેની ટળી ગઈ છે. અને આનંદ—આત્મામાં આનંદ છે એવી જેને અનુભવદૃષ્ટિ થઈ છે એને ભોગની તો અરુચિ જ હોય. ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં, ૯૬-૯૬ હજાર સ્ત્રીના સંગમાં દેખાય, પણ એને એના ભોગની રુચિ હોય નહીં. આહા!

જ્યાં અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન સ્વભાવના ભાને જ્યાં જાગ્યો એને ક્યાંય રુચિ ભોગની વિષયની શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ તેના તરફનો પ્રેમ, રુચિ એને હોય જ નહીં. આહાહા! સમજાણું કાંઈ? પણ પ્રતિમામાં તો એથી આગળ વધીને ભોગની આસક્તિ ઘટે છે. સમજાય છે કાંઈ? આસક્તિ ઘટે છે એને આંહીં અરુચિના અર્થમાં કહ્યું છે. उदै प्रतिग्याकौ भयौ. પ્રતિજ્ઞા થઈ ત્યાં. આહા! અંદર દશામાં શુદ્ધતાનો અંશ જાગતાં પ્રતિજ્ઞા થઈ ગઈ કે હવે આનાથી આગળ જવું નહીં. રાગ મારો એ તો નહીં પણ રાગની તીવ્રતાની આસક્તિ પણ એને હોય નહીં. प्रतिमा ताकौ नाम. એને પ્રતિમા કહીએ. પ્રતિમા એટલે આ ભગવાનની મૂર્તિ ઇ?(શ્રોતા : નહીં, એને પોતાને પરિણમાવ્યા.) કીધું'તું ને, जहाँ भोग अरुचि परिनाम. પરિણામની વાત છે. શ્રાવકની ૧૧ પડિમા છે. ગુણની શુદ્ધિના અંશોના પ્રકાર એને પ્રતિમા કહેવામાં આવે છે. હવે દર્શન પ્રતિમાનું સ્વરૂપ પોતે કહે છે. દર્શન પ્રતિમાનું સ્વરૂપ

દર્શન પ્રતિજ્ઞાનું સ્વરૂપ (દોહરા)

**आठ मूलगुण संग्रहै, कुविसन क्रिया न कोइ।**
**दरसन गुन निरमल करै, दरसन प्रतिमा सोइ॥५९॥**

**અર્થ** :—દર્શન ગુણની નિર્મળતા, આઠ મૂળગુણોનું ગ્રહણ અને સાત કુવ્યસનોનો ત્યાગ એને દર્શન પ્રતિમા કહે છે. ૫૯.

**अर्थ** :—दर्शन गुणकी निर्मलता, अष्ट मूलगुणोंका ग्रहण और सात कुव्यसनोंका त्याग इसे दर्शन प्रतिमा कहते हैं॥५९॥

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

પહેલી પ્રતિમા પંચમ ગુણસ્થાનની દશા, કોઈ બાહ્યથી વ્રત લઈ ને વિકલ્પ લે ને બેસે કે અમે પ્રતિમાધારી છીએ, એ નહીં. જેને આત્માના આનંદનો આશ્રય લઈને શાંતિ ઉગ્રપણે સમકિત કરતાં પણ વધારે પ્રગટ થઈ છે એને आठ मूलगुण संग्रहै. આઠ મૂળગુણની વ્યાખ્યા ચાર પ્રકારે છે. (૧) એક તો पंचपरमेष्ठिमें भक्ति એવો એને વિકલ્પ હોય છે. (૨) पानी छानकर काममें लाना. દયા. પાની છાનીને શું કહેવાય? ગળીને લે એવો એનો ભાવ સમ્યગ્દર્શન પ્રતિમાધારી એને એ સ્હેજે હોય છે. હઠ નહીં. અરે, અમારે આમ કરવું પડે ને અમારે આમ કરવું પડે. આહા! હઠ વિનાની એવી પરિણતિ એની હોય છે જીવદયા. પાની છાનકર કામમેં લાના.

(૩) मद्य त्याग—દારૂનો ત્યાગ, मांस त्याग, मधु त्याग, रात्रिभोजन त्याग. પ્રતિજ્ઞા સહિતની વાત છે હોં આ. और उदंबर फलोंका त्याग એ આઠ મૂળગુણ છે. એ આઠ મૂળગુણ હોય એને, એમ કહે છે. બીજા कहीं कहीं मद्य, मांस, मधु और पाँच पापके त्यागको अष्ट मूलगुण कहा हैं. અણુવ્રત પાંચ. कहीं कहीं पाँच उदंबर फल और मद्य, मांस, और मधुके त्यागको मूलगुण बतलाये हैं. ત્રણ. અને ચોથું આમાં આવી ગયું છે પહેલું ૩૦મે બોલે. સમ્યગ્દર્શનકે આઠ ગુણ. ૩૦, ૩૦. (૫૬) રૂપચંદજીએ ઈ નાંખ્યા છે. આમાં છે ખરા ને આ.

करुना वच्छल सुजनता, आतम निंदा पाठ।
समता भगति विरागता, धरमराग गुन आठ॥३०॥

દર્શન પ્રતિમા. એમાં કરુણા હોય છે એને. કોઈ નિર્દય પરિણામ હોતા નથી એને મૈત્રી—વાત્સલ્ય વાત્સલ્ય. ધર્મી પ્રત્યે વાત્સલ્ય. ગાયને જેમ વાછરડા પ્રત્યે પ્રેમ, એમ ધર્મીને ધર્મી પ્રત્યે પ્રેમ હોય છે. આહા! સમજાણું કાંઈ? સજ્જનતા હોય છે સજ્જનતા. દુર્જનતા એને ન હોય. સ્વલઘુતા. પોતાની લઘુતા બતાવે. હું આવો મોટો છું અને આવો છું એમ નહીં. સમતા. શ્રદ્ધા. શ્રદ્ધા હોય. એ આપણે આવી ગયું છે પહેલું. ઉદાસીનતા અને ધર્માનુરાગ. આખા સંસારથી સમકિતી ઉદાસીન છે. સમજાણું કાંઈ? કેમ કે પોતાની ચીજમાં જે છે એમાં એનો એને રુચિ ને પ્રેમ છે. રાગનો વિકલ્પ વ્યવહાર દયા, દાન આદિ એના વિકલ્પ પ્રત્યે પણ જેને અંતર ઉદાસ છે. આહાહા! આને દર્શનપડિમાના ગુણ કહેવામાં આવે છે.

એક જણાને પૂછ્યું કે દર્શનપડિમા એટલે શું? કહે, આ ભગવાનના દર્શન કરવા એ દર્શનપડિમા. લ્યો ઠીક. આવું કરી નાખ્યું લોકોએ બહારમાં, મૂળ માર્ગ મૂકી, મૂળ દશા

મૂકીને બીજી વાત બહારમાં. એમાંય પાછું આ ભગવાનના દર્શન કરવા એ દર્શનપડિમા. કહો, ઠીક. આહા! ધર્માનુરાગ. ધર્મ પ્રત્યે ઘણો જ પ્રેમ, ગાઢ પ્રેમ. અસંખ્ય પ્રદેશે જેને ધર્મનો અનુરાગ, હાડ-હાડની મિંજાએ જેને ધર્મનો પ્રેમ હોય છે. એટલે? હાડકાં તો પર છે. એના અસંખ્ય પ્રદેશમાં એને ધર્મનો પ્રેમ હોય છે. આહા! સમજાણું કાંઈ? એને રાગ અને એનો પ્રેમ હોતો નથી. એ સમકિતના આઠ ગુણ, લ્યો. ચાર પ્રકાર વર્ણવ્યાને. ત્રણ હેઠે વર્ણવ્યા છે. આ આઠ ચોથા વર્ણવ્યા. (શ્રોતા : ચોથે ફરે તો સમ્યગ્દર્શન થઈ જાય) એમાં છે. પણ ઈ પડિમામાં આવી જાય. આંહીં તો સમુચ્ચય છે ને. आठ मूलगुण संग्रहै, कुविसन क्रिया न होइ. સાત વ્યસન ન હોય એને. સમજાણું કાંઈ?

કુવ્યસન—સાત કુવ્યસનનો ત્યાગ હોય એને. આત્મદર્શન સહિત, અનુભવ સહિત સહજ તેને સાત વ્યસનનો ત્યાગ હોય. પરસ્ત્રીનો ત્યાગ, શિકારનો ત્યાગ, મદ્ય—માંસનો ત્યાગ, વેશ્યાનો ત્યાગ વિગેરે સહજ જ હોય. એવો જે શ્રાવકની પંચમ ગુણસ્થાનની વાસ્તવિક દશામાં આ સ્થિતિ હોય છે. હઠથી હોતું નથી. અમારે આમ કરવું પડશે, શું કરીએ અમે શ્રાવક થયા, એ નહીં. એ તો હઠવાળા છે. અજ્ઞાની છે એ તો. પણ એની અંતરદશા જ એવી હોય છે કે એને કુવ્યસનની ક્રિયા ન જ હોય.

दरसन गुन निरमल करै. હવે આ પ્રતિમાની વાત છે આ. પાંચમા ગુણસ્થાનની. સમકિતને નિરતિચાર રાખે. આહા! વ્રત હોય ખરાં એને, પણ નિરતિચાર નહીં માટે તેને વ્રત પડિમા કહેવામાં આવતું નથી. निरमल—સમકિત નિર્મળ. ઈન્દ્રના ઈન્દ્રાસનો ચળે અને ઈન્દ્ર આદિ ચળાવે દેવો, તો પણ એના સમ્યગ્દર્શનમાં ચલિત થાય નહીં. દુનિયાની વાતું ઘણી સાંભળે. પુણ્યવંતમાં..... આવા પુણ્યવંત છે, મોટા બાવા ફલાણા સાધુ, મઠના .... આદિ. એને લાખો કરોડો રૂપિયાની ઉપજ છે. રાજાઓ-મહારાજાઓ માને છે માટે કાંઈક એમાં હશે, એમ હોય નહીં. કહો, સમજાણુ કાંઈ? દર્શન પ્રતિમા—એનું નામ સમ્યગ્દર્શન સહિતની પ્રતિમા. તીર્થંકરગોત્ર બાંધવાના જે સોળ બોલ છે એમાંય પહેલું દર્શન હોય તો તીર્થંકરગોત્રના પરિણામ હોય. સમજાણું કાંઈ? એ તો ચોથે ગુણસ્થાને હોય. અને દર્શનપ્રતિમામાં પણ તીર્થંકરગોત્ર બાંધવાના પરિણામ હોય. સમજાણું કાંઈ? એવો વિકલ્પ હોય. છઠ્ઠે પણ હોય, સાતમે હોય, પણ એ બધો શુભરાગ સમ્યગ્દષ્ટિને જ હોય. મિથ્યાદષ્ટિને તીર્થંકરગોત્રના પરિણામ હોઈ શકે નહીં. કહો, સમજાણું કાંઈ? કેમકે જેને ધર્મનું ભાન થયું છે આત્મા આનંદસ્વરૂપ, એવો જ આનંદ બીજાને કેમ મળે, પ્રાપ્ત થાય એવો વિકલ્પ તો એને હોય. સમજાણું કાંઈ? આહાહા!

તમારે ઓલા શ્વેતાંબરમાં બહુ આવે, સંઘ કરે ને સંઘ. ઘણાં વર્ષની વાત થઈ. ગારિયાધાર સંઘ કરેલો એક જણાએ. લીલાધર શેઠ હતા. આમ નીકળ્યા શિવલાલભાઈ.

જ્યારે જમાડે ત્યારે એમ બોલે. અરે, કોઈ આમાં તીર્થંકરનો જીવ હોય તો આમાં આપણને લાભ થાય છે માટે આપણે જમાડીએ. (શ્રોતા : .....) ખબર છે ને. ત્યાં તો મેં જોયેલું ને. ૬૯ સાલની વાત છે. આ ગારિયાધાર, નહિ? ૫૯ વર્ષ થયા. લીલાધર શેઠ હતા. તમારામાં છેલ્લા ભણ્યા હેમચંદ, નહિ? ભૂપેન્દ્ર છે આંહીં. હેમચંદ એના મામાના દીકરા. બહુ વૃદ્ધ હતા પણ આવું કહેતા. એ વખતે ખ્યાલમાં હતું કે આ લોકો આવું માને છે કે આમાં સંઘમાં કોઈ જમતામાં કોઈ તીર્થંકરનો જીવ હોય તો આપણે લાભ થઈ જાય. (શ્રોતા : એ અનુમોદના..) અરે, પણ કોણ છે એના ભાન વિના અનુમોદનાય કોની? સમજાણું કાંઈ? બધું ઓઘે ઓઘે કૂટાય ત્યાં. એ બધું તે દિ' સાંભળેલું બરાબર. ૬૯ની સાલ. જમણ કર્યું પછી બધાએ. કોઈ પણ બાકી ન હોય આપણા જૈનમાંથી અને એમાંથી કો'ક જીવ એવો હોય વળી કોઈ તીર્થંકરનો જીવ. આહા!

આંહીં તો કહે છે, એને દર્શનપ્રતિમામાં જે સમકિત હોય એવા જીવને જ વિકલ્પ તીર્થંકરગોત્રનો હોય. છે બંધનું કારણ, છે અપરાધ. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ તો રાગ. 'અમૃતચંદ્રઆચાર્યે' તો ખુલ્લું મુક્યું છે. 'અમૃતચંદ્રઆચાર્યે' 'પુરુષાર્થસિદ્ધિઉપાય'માં પ્રશ્ન કર્યો શિષ્યે કે મહારાજ! આ સમકિત થયા પછી જ તીર્થંકરગોત્ર બંધાય અને આહારક શરીર આદિ જે મુનિને હોય લબ્ધિ એ પણ પછી આહારક શરીર બંધાય તો ઈ કંઈ શું ચીજ છે? કહે, ઈ ચીજ છે અપરાધ. એવો પાઠ છે. (શ્રોતા : શુભોપયોગ અપરાધ) અપરાધ. હવે આટલી સ્પષ્ટતા છે. પણ એવો ભાવ સમકિતીને હોય, અજ્ઞાનીને ન હોય. (શ્રોતા : શુભોપયોગમાં કણી...) ધૂળે ય નથી કણી શુદ્ધતામાં તો. ઈ તો સ્વભાવને આશ્રયે પ્રગટેલી શુદ્ધતા તે શુદ્ધતા છે. એથી એનો અશુભ ટળે છે એટલો અંશમાં શુદ્ધતા (છે.) શુભકાળે આત્માને આશ્રય (વધારે) અશુભ વખતને કાળે આત્માનો આશ્રય ઓછો છે. શુભને (કાળે) આશ્રય વધારે છે. શુદ્ધ વખતે ઉગ્ર છે. શુદ્ધ ઉપયોગકાળે. આહા! ભારે વાતું પણ! વીતરાગમાર્ગને સમજવો (કઠણ).

અનંતકાળ એને થયો પણ સમ્યગ્દર્શન અને એનો વિષય અને એની નિર્મળતાનું શું સ્વરૂપ કોઈ દિ' જાણ્યું ને સાંભળ્યું નહીં. ઓઘે ઓઘે ભગવાન સાચા, દેવ-ગુરુ સાચા. એમ ન ચાલે વીતરાગમાર્ગમાં. અંદર ભાનમાં આવવું જોઈએ, ભાઈ! ચોર્યાશીના ઘોર ભયંકર અવતાર એમાંથી છૂટવું છે. બાપુ! એના રસ્તા તો કોઈ આકરા હોય ને. આકરા એટલે દુર્લભ અનંતકાળે નહીં પ્રાપ્ત થઈ એવી એ ચીજ છે. આહા! સાત કુવ્યસનોનો ત્યાગ એ દર્શન પ્રતિમા છે. છે આ પાંચમા ગુણસ્થાનની વાત પણ એનું નામ દર્શન પ્રતિમા. સમજાણું કાંઈ? કેમકે બાર વ્રત એને હોય ખરા પણ નિરતિચાર નથી માટે એને વ્રત પ્રતિમા કહેવામાં આવતી નથી. હવે બીજી વ્રત પ્રતિમા. આ ૧૧ પડિમાવાળા તો બહુ અત્યારે

દેખાય છે આંહીં તો. સાત પડિમા ને આઠ પડિમા ને અગિયાર પડિમા. સમજ્યા વિનાની પડિમા કેવી? હજી તો પડિમા કોને હોય? પહેલું સમ્યક્ અનુભવ દર્શન નિર્વિકલ્પ અનુભવ થાય, એને વિશેષ દ્રવ્યનો આશ્રય લઈને શાંતિ વધે, એને આવા વિકલ્પના પ્રકાર હોય એ વ્યવહાર છે અને શાંતિનો અંશ વધે એ નિશ્ચય છે. સમજાણું કાંઈ?

વ્રત પ્રતિમાનું સ્વરૂપ (દોહરા)

पंच अनुव्रत आदरै, तीनौं गुनव्रत पाल।
सिच्छाव्रत चारौं धरै, यह व्रत प्रतिमा चाल।।६०।।

**અર્થ** :—પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત ધારણ કરવાને વ્રત પ્રતિમા કહે છે.

વિશેષ :—અહીં પાંચ અણુવ્રતનું નિરતિચાર પાલન હોય છે, પણ ગુણવ્રત અને શિક્ષાવ્રતોના અતિચાર સર્વથા ટળતા નથી. ૬૦.

**अर्थ** :—पाँच अणुव्रत, तीन गुणव्रत और चार शिक्षाव्रतके धारण करनेको व्रत प्रतिमा कहते हैं।

विशेष :—यहाँ पंच अणुव्रतका निरतिचार पालन होता है, पर गुणव्रत और शिक्षाव्रतोंके अतिचार सर्वथा नहीं टलते।।६०।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

જુઓ, આ પાંચ અણુવ્રત આદરે. બેય આવ્યું. ભાઈ! વસ્તુની સ્થિતિમાં पंच अनुव्रत आदरै. એટલે કે એને શાંતિનો અંશ વધી ગયો છે, ખરેખર તો એ જ પ્રતિમા છે. (શ્રોતા : નિશ્ચય પ્રતિમા) હા, નિશ્ચય પણ એને પાંચ અણુવ્રતના વિકલ્પ પણ હોય વ્યવહારે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ. સહજ એવા વિકલ્પ હોય છે. સહજ એવું દ્રવ્ય, સહજ એવો ગુણ અને સહજ એવી નિર્વિકલ્પ પરિણતિ હોય છે એને સહજ એવો આવો વિકલ્પ હોય છે. સમજાણું કાંઈ? હઠથી વિકલ્પ કરે અને આ કરે, એને સમકિત જ ન હોય ત્યાં વ્રત કેવાં એને? આહાહા!

पंच अनुव्रत आदरै. છે અણુવ્રત વ્યવહાર તો વિકલ્પ, છતાં આદરે એમ કહે. આદરે એટલે ત્યાં હોય એમ વ્યવહારનયથી આદરે એમ કહેવામાં આવે છે. આહાહા! ત્રણ ગુણવ્રત—છઠ્ઠું, સાતમું અને આઠમું. આગળ હજી આવશે એ વિષે. એને પાળે, લ્યો. ત્રણ ગુણવ્રતને પાળે, છે તો વિકલ્પ વ્યવહારનો. પણ ત્યાં હોય છે એવું જણાવવા, પાળે છે એવું વ્યવહારનયનું કથન આવે. सिच्छाव्रत चारौं धरै, લ્યો. દરેકના શબ્દ જુદા પાડ્યા. ચાર શિક્ષાવ્રત, એમાં ક્યાંક ચોથામાં સંલેખના પણ નાખે છે. એને ધરે એટલે

એ દશામાં એ વાત—ભાવ હોય છે. ભારે વાતું. यह प्रतिमा. એ વ્રત પ્રતિમા નિરતિચાર પાળે. પાંચ ને ત્રણ – આઠ ને ચાર – બાર. બારે વ્રતનો ભૂમિકામાં વિકલ્પ હોય પણ એને નિરતિચાર પાળે માટે એને વ્રત પ્રતિમા કહેવામાં આવે છે.

દુનિયામાં એમ કહેવાય કે લઈ લો પ્રતિમા કાંઈક. પણ પ્રતિમા તે કંઈ બહારથી આવતી હશે? ભાઈ! એ તો આત્માના ધ્રુવ સ્વભાવનું અવલંબન ઉગ્રપણે થાય ત્યારે તેની દશા પલટી જાય. ચોથા કરતાં પાંચમી થઈ જાય. આહાહા! એને આવા બારવ્રતના વિકલ્પ હોય. વાતે વાતે ફેર બહુ. મૂળ શ્રદ્ધા ને દર્શનમાં જ ફેર છે એટલે એક એક વાતનો મેળ કંઈ ખાય નહીં. આહા! यहाँ पंच अणुव्रतका निरतिचार पालन होता है, જુઓ લખ્યું છે. પહેલાં પંચઅણુવ્રત તો હતા દર્શનપડિમામાં, પણ આ નિરતિચાર હોય છે. पर गुणव्रत और शिक्षाव्रतोंके अतिचार सर्वथा नहीं टलते. એ બીજી પ્રતિમા. (શ્રોતા : .....અતિચાર બતાયા) હા. થોડો આવે.

સામાયિક પ્રતિમા ત્રીજી, ત્રીજી. સામાયિકમાં બેસી જવું. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં. એ સામાયિક નહીં. કહો, બાલચંદજી! સામાયિક તો કેટલી કરી હશે આ બધી? (શ્રોતા : એક સાથે નવ) ઘણી. એક સાથે નવ? નવમા વ્રતની નવ સામાયિક. અરે, આંહીં તો સમકિત સામાયિક એક સમયની, જેના જનમ-મરણના અંતના ભણકાર વાગે એ સમકિત સામાયિક વિના વ્રતની સામાયિક આવે ક્યાંથી? આહાહા! કહો, શાંતિભાઈ! આહા! શાંતિભાઈ તો એકદમ સાધુ થવા માંગતા હતા દિગંબર મુનિ. (શ્રોતા : મરવાના હતા) મરવાના હતા. બૈરાને કીધું, કેમ રજા કેમ આપી દીધી? કહે, બહુ એનો ભાવ થયો તે શું કરું? કહે. સાધુ થઈ જવાના હતા દિગંબર નગ્ન. નરમ માણસ. વૈરાગી માણસ. એણે આ વાત સાંભળી, ઓય મા.. માર્ગ બીજો લાગે છે.

સાધુપણું કોને કહેવું, બાપુ! એ તો કોઈ અલૌકિક ચીજ છે. હજી તો સમ્યગ્દર્શન ને શ્રાવકની પડિમાનું સ્વરૂપ શું છે એની ખબરું ન મળે. આહા! પાધરા મુનિ થઈ જાય. બાપા! મુનિ તો ધન્ય અવતાર છે. આહાહા! હવે કહેશે કે એને નિરંતર સામાયિક હોય છે. આને પણ સમાયિકની દશાનો જે અંશ જેટલો પ્રગટ્યો છે શ્રાવકને એ નિરંતર હોય છે. પણ અમુક વખતે સામાયિક કરવા બેસે ત્યારે વિશેષ પ્રયોગ કરે. અતીન્દ્રિય આનંદની ઝલક અતીન્દ્રિય આનંદના વેદનમાં કેટલો ભાવ આવે છે, થાય છે એનો પ્રયોગ કરે એનું નામ સામાયિક છે. એમાં સમતાભાવ પ્રગટ થાય, વીતરાગભાવ પ્રગટ થાય એ દશાને સામાયિક કહેવામાં આવે છે. આહા!

સામાયિકનું ઘડિયાળું બે ઘડી લઈને બેઠો હોય, ઘડિયાળની સામું જુએ, પૂરું થઈ

જાય એટલે સામાયિક પૂરી. આ ઘડિયાળું હોય ને એ શું? રેતી.. રેતી. રેતી હેઠે પૂરી પડે, થઈ રહ્યું જાઓ. એમાં જો ક્યાંક અટક્યું તો વાર કેમ લાગી માળી આ? કંઈક ઓલી કણી જાડી આવી જાય કો'ક. અટકી જાય. પછી આમ હલાવે. ખબર છે ને, જોયું છે ને. અમારે ત્યાં બહુ સામાયિક કરતા. માણસો હતા બધા જુના વૃદ્ધ. લઈને બેસે બચારા. ગૃહસ્થ માણસ હતા. દીકરો ને દીકરી કાંઈ નહોતા. મકાન-બકાન બધા ..... મહાજનને ગયા. લઈને બેસતા બિચારા હોં. આ મોટાં મકાન..... આ કણબી અત્યારે લીધા છે ત્યાં, નહિ? ઉમરાળે. સામે અમારા જનમસ્થાનને સામે. બધાય અમારે મામા ને બધા મોટા. બધા ગૃહસ્થ હતાં. સાત મામા અને સાત મામીઓ. એક દીકરી ય ન મળે. બધું ગ્યું. વાંઝિયાનું કોણ લે? એમ લઈને કોઈએ લીધું નહિ એની પાસેથી.

આમાં એવું કાંઈક સાંભળીએ છીએ આ નેમીદાસમાં. કોઈક કહેતું હતું. કાંઈક.. કાંઈક. એના છોકરા પોતે ભત્રીજા કોઈ લેવા માગતા નહોતા. મેં કીધું, આટલા પાસે રૂપિયા. એ કોઈ કહેતું'તું હોં કાને વાત આવી હતી. હમણાં ગ્યા ને ન્યાં. ભાઈ તો મરી ગ્યા. સાત-આઠ લાખ રૂપિયા છે. પોતે એક જ છે. અને ઓલી બાઈ મરી ગઈ. આંહીં તો આપ્યા ૧૪ હજાર જરી તે દિ' વળી. આમ તો ઘણું છે. મેં કીધું, આ પણ કંઈક.... કો'ક એક કહેતું'તું. ખાનગી. છોકરાઓ કંઈ લેવા માંગતા નથી. એવું કાંઈક ભાષા આવી છે. એવા છે છોકરાઓ. એટલે આ વહેમ પડ્યો હોય. ઓલા વાંઝિયા ખરાને. એનું લઈને વળી આપણું વાંઝિયું થઈ જશે. દીકરા વિનાની એ શું ...? એ તો બધો વહેમ છે હોં દુનિયાને. ભ્રમણા હે. આહા! આંહીં કહે છે, આહાહા! ધન્ય ધન્ય સામાયિક! વ્રત પંચમ ગુણસ્થાન સમકિત સહિત.

સામાયિક પ્રતિમાનું સ્વરૂપ (દોહરા)

दर्व भाव विधि संजुगत, हियै प्रतिग्या टेक।
तजि ममता समता ग्रहै, अंतरमुहूरत एक।।६१।।

(ચોપાઈ)

जो अरि मित्र समान विचारै।
आरत रौद्र कुध्यान निवारै।।
संयम सहित भावना भावै।
सो सामायिकवंत कहावै।।६२।।

**શબ્દાર્થ** :—દર્વવિધિ=બાહ્ય ક્રિયા—આસન, મુદ્રા, પાઠ, શરીર અને વચનની સ્થિરતા આદિની સાવધાની. ભાવ વિધિ=મનની સ્થિરતા અને પરિણામોમાં સમતાભાવ રાખવા. પ્રતિજ્ઞા=આખડી.

અરિ=શત્રુ. કુધ્યાન=ખોટા વિચાર. નિવારૈ=દૂર કરે.

**અર્થ :—**મનમાં સમયની પ્રતિજ્ઞાપૂર્વક દ્રવ્ય અને ભાવવિધિ સહિત, એક મુહૂર્ત અર્થાત્ બે ઘડી સુધી મમત્વભાવ રહિત સામ્યભાવનું ગ્રહણ કરવું, શત્રુ અને મિત્ર પર એક સરખો ભાવ રાખવો, આર્ત્ત અને રૌદ્ર બંને કુધ્યાનોનું નિવારણ કરવું અને સંયમમાં સાવધાન રહેવું તે સામાયિક પ્રતિમા કહેવાય છે. ૬૧-૬૨.

**अर्थ :—मनमें समयकी प्रतिज्ञापूर्वक द्रव्य और भावविधि सहित, एक मुहूर्त अर्थात् दो घडी तक ममत्वभावरहित साम्यभाव ग्रहण करना, शत्रु और मित्र पर एकसा भाव रखना, आर्त और रौद्र दोनों कुध्यानोंका निवारण करना और संयममें सावधान रहना सामायिक प्रतिमा कहलाती है॥६१॥६२॥**

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

मनमें समयकी प्रतिज्ञापूर्वक... છે ને અર્થમાં? બાહ્યક્રિયા દ્રવ્યવિધિ, છે ને. આસનમુદ્રા પાઠ. .... આ મુદ્રા આવ્યું હમણાં હોં જુઓ. અંદરમાં આવ્યું'તું ને મુદ્રા— યોગમુદ્રા. કલ આયા થા. યોગમુદ્રા. બેસે અંદર. આસન લગાકર મુદ્રા ધ્યાન. કાયોત્સર્ગ કે લિયે. પાઠ, શરીર-વચન-સ્થિરતા આદિની સાવધાની એ દ્રવ્ય. એ દ્રવ્ય, દ્રવ્ય. મનની સ્થિરતા અને પરિણામોમેં સમતાભાવ એ ભાવ. અંદરમાં વીતરાગતા. અંતર્મુહૂર્ત— મુહૂર્તની અંદર. બે ઘડીના કાળને—૪૮ મિનિટને મુહૂર્ત કહીએ. ૨૪ મિનિટની ઘડી કહીએ. ૪૮ મિનિટને મુહૂર્ત કહીએ. એમાં જરીક કમ-થોડું. આત્માની સામાયિક સમ્યગ્દૃષ્ટિને હોય છે. જેને સમ્યગ્દર્શન જ નથી એને સામાયિક હોતી નથી. પાટ લઈને બેસે અને અહીં સામે જોતાં હોય. શીતલપ્રસાદ આંહીં રહ્યા'તા ને એક ફેરી પંદર દિ' ત્યારે બેસતા. ણમો અરિહંતાણં ણમો કરીને પૂરું કરી દે. એ સામાયિક. અરે, ભાઈ! સામાયિકની એક પહોર પણ આનંદદાયક અને વીતરાગતાની પ્રગટ દશા કરે એવી હોય. સમજાણું કાંઈ? કહે છે ને, एक अंतरमुहूरत एक, तजि ममता समता ग्रहै. અસ્તિ-નાસ્તિ કરી છે. પ્રતિજ્ઞા લઈ પરિણામમેં સમતા .... ધ્યાનમાં. ચૈતન્યપિંડ જ્યાં અંદર ઘોળાતો હોય, આનંદમાં જેની લીનતા વધી ગઈ હોય. સમજાણું કાંઈ? એને શ્રાવકની સામાયિક પ્રતિજ્ઞા કહેવામાં આવે છે. આહાહા!

दर्व भाव विधि—संजुगत. દ્રવ્ય આ બહારની ક્રિયા આદિમાં, વચન આદિ ધ્યાન. અને વિધિ—ભાવવિધિ સહિત. हियै प्रतिग्या टेक. પ્રતિજ્ઞા બરાબર અંતર્મુહૂર્ત સુધી ધ્યાનમાં રહેવું એવી એને પ્રતિજ્ઞા હોય છે. ન રહી શકે તો પછી વિકલ્પ હોય વ્યવહારના. तजि ममता. મમતાનો અર્થ રાગ આદિ પરિણામથી તો સમકિતી મુક્ત જ છે. સમજાણું કાંઈ? જેટલી વ્યવહારની ક્રિયા છે રાગની, એનાથી સમ્યગ્દૃષ્ટિ તો ઉદયભાવથી મુક્ત છે

પણ એ દૃષ્ટિની અપેક્ષાએ. આંહીં અસ્થિરતાનો ત્યાગ તેને અહીંયા ત્યાગ કહે છે. મમતાનો ત્યાગ કહેવામાં આવે છે. એ મમતાનો ત્યાગ ક્યારે થાય? કે સમતા ગ્રહે ત્યારે. એટલે કે .... આહા!

ભાઈ એ લખે છે, નહિ? એક ઠેકાણે નહીં? 'નિહાલભાઈ'. ગભારો.. ગભારો ખોલાવો. આ નથી શું કહેવાય? (શ્રોતા : વીતરાગી ભગવાનને ચડાવે.....) હા, એ. પણ આંહીં ગભારા કરે છે ને. નીચે ચડાવે ત્યારે..... મૂકીને ચડાવે ને બધા કરે. આ આત્મા..... ગભારો તો આવે છે શબ્દ, નહિ? આ દિવાળીને દિ' એ નથી ચડાવતાં મોટી? હેઠે રાખે એ.... બધા નામ ભૂલી ગયાં બધા કરતાં હતાં. ....અને એક વળી ઉપર ચડાવે. એમ આત્મા આખો શક્તિનો ભંડાર ને ગભારો છે. એની એકાગ્રતાથી એ ખૂલે છે એ પર્યાયમાં. સમજાણું કાંઈ? આવે છે? 'સોગાની'માં આવે છે. યાદ ન હોય ભીખાભાઈને. (શ્રોતા : .....) એકદમ ઊંચા. જાય ઊંચે પછી આમ .... આ ફૂટે નહીં આખું. ગભારો શબ્દ છે. આમ જ્ઞાયકભાવને જોયો છે ને જાણ્યો છે ને સમકિતીએ, એટલે શ્રાવક એમાં એકાગ્ર થઈને ફુલાવે, પર્યાયમાં વિકાસ કરે છે. આહાહા! ચંદુભાઈ! ભારે સામાયિક, ભાઈ! એ સુજાનમલજી! સાદડીમેં હૈ સામાયિક ઐસી? (શ્રોતા : સાદડીમેં તો ઘણી સામાયિક હોય છે.) બહોત. આહાહા!

અરે, ભાઈ! પ્રભુને કહે છે. સમતાનો પિંડ તો પ્રભુ છે. એવો પરમાત્મા પોતે એને એકાગ્ર થઈને એને ફુલાવવો. ફુલાવવો એટલે પર્યાયમાં વિકાસ કરવો, એમ. ફુલાવવો શબ્દ છે હોં. આ મોટા આવા નથી થાતા છોકરાને? (શ્રોતા : ફુગ્ગા.. ફુગ્ગા) આમ કરે ફૂલીને આ મોટા દડા થાય. આવડું નાનું હોય ને પોલું. ફૂંકે એને. ફુગ્ગા.. ફુગ્ગા. ફુગ્ગા કરતા હોય ને કોઈ ફુગ્ગા. આવડો મોટો ફુગ્ગો. એમ આત્મા ફુગ્ગો છે અંદર. અનંત આનંદ, અનંત શક્તિનો ફુગ્ગો ભરેલો છે. બાલચંદભાઈ! આ તો આંહીંની વાત છે. ઓલા છોકરાં રમતું કરે છે. આ તો રામની રમતું. આહાહા! આત્માના સ્વભાવ સાથે રમતું જેણે માંડી છે આ સામાયિક એનું નામ છે, બાપા. સમજાણું કાંઈ? આહાહા! એ ફુગ્ગાને ફુલાવે છે. કેવળજ્ઞાનરૂપી પૂર્ણ દશા થઈ ગઈ, પૂર્ણ ફુગ્ગો ફૂલી ગયો જાઓ. આહાહા! (શ્રોતા : પર્યાય ફૂલી હૈ) પૂર્ણ થઈ ગઈ. પર્યાય જ ફૂલે છે ને. દ્રવ્ય તો છે ઈ છે. વાત તો એવી છે, ભાઈ! આવું દ્રવ્ય પણ એવું, એની પર્યાય પણ અલૌકિક. આહાહા! એના કથનો પણ બધાં અલૌકિક છે, ભાઈ! આ તો શાંતિના પંથે જાવું હોય એની વાત છે.

કહે છે, તજિ મમતા. શું થાય પણ ઉપદેશની શૈલી શું કરે? જુઓ, આ મમતા છોડું છું. એમ છે? અને સમતા ગ્રહું છું, એમ બે વિકલ્પ છે ભેદ. સમજાવવું શી રીતે?

પણ ભગવાન શાંતરસનો કંદ પ્રભુ જ્યાં નજરે શ્રદ્ધાએ કબૂલ્યો આખા આત્માને, આ એમાં એકાગ્ર થવું એનું નામ અંશે એકાગ્ર થાય એનું નામ ગૃહસ્થાશ્રમની સામાયિક પ્રતિજ્ઞા કહેવામાં આવે છે. આ ઉપદેશની વાત તો શું કરે? આહાહા! સમજાણું કાંઈ? અરે, ભગવાન! તારી મોટપની તને સંભાળ કરવાની વાણી નહીં મળે, તારા મોટપની સંભાળ કરવાની વાણી પણ ન મળે, એ શી રીતે સમજે? બહારના બહાર ભટક્યા ભટક. બહારમાં આત્મા નથી અને જયાં આત્મા છે ત્યાં બાહ્યપણું નથી. આહા! સમજાણું કાંઈ? ઈ અંતર્મુહૂર્ત સુધીનો પ્રયોગ એટલો, એમ કહે છે આંહીં. કોઈને .... શુદ્ધતા પણ થઈ જાય. સમજાય છે? 'પ્રવચનસાર'માં આવે છે ને, ભાઈ. ભાવના. એના અર્થ ઊંધા કરે છે ને. અરે, ભગવાન! શું કરે છે ભાઈ? એમ કે ચિંતવે છે. સામાયિકમાં ચિંતવન છે કે શુદ્ધ ઉપયોગ પ્રાપ્ત થાઓ. એમ નથી ભાઈ. જેને આત્મદર્શન અને આત્મજ્ઞાન થયું છે એ જે સામાયિકમાં પડે છે જ્યારે, ત્યારે એને શુદ્ધ ઉપયોગ થઈ જાય છે. એનું નામ ત્યાં ભાવના 'પ્રવચનસાર'ની ટીકામાં કહ્યું છે. સમજાણું કાંઈ? માળે પણ જીવપદ એવો મારો. સવળો પડે તો કેવળ લે અને અવળો પડે તો નિગોદ લે. એની ને એની રમતમાં રમે છે ને. પરની સાથે કાંઈ સંબંધ છે? આહાહા!

કહે છે, તજી.. આપણે સામાયિકમાં બહુ આવી ગયું. સમાધિ, પરમ સમાધિ અધિકાર. 'નિયમસાર' બહુ આવી ગયું. तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे. આવી ગયું આપણે. તેહને સામાયિક હોય એમ કેવળી પરમાત્મા કહે છે. આહા! અરે, એની વિધિ, એની રીત શું છે સામાયિકની એની ખબરું ન મળે અને સામાયિક થઈ જાય. આહા! આંહીં તો આઠ-આઠ વર્ષની બાલિકાઓ પંચરંગી ને નવરંગી. શેઠિયાઓ પૈસા આપો એને એટલે એને અનુમોદન મળે, જાતે ન કરે તો ઓલા બિચારા કરે એને પૈસા આપો. ધૂળેય સામાયિક નથી, સાંભળને. શુભભાવનાય ઠેકાણાં, જ્યાં સમકિત સહિતના (શુભભાવ) છે એવાય શુભભાવના ઠેકાણાં નથી. આહાહા! हियै प्रतिग्या सहित. એમ છે ને? અમથી સામાયિક કરે છે પણ આ તો પ્રતિજ્ઞા.. છે ને પડિમા છે ને? એ સ્થિતિએ પડિમા છે ને ત્યાં વ્રત..... એ તે બાર વ્રતમાં એ સામાયિક તો આવી ગઈ હતી, ભાઈ! બીજી પડિમામાં સામાયિક તો આવી ગઈ છે. પણ આંહીં નિરતિચાર બતાવવું છે. સમજાણું કાંઈ? શું કીધું ઈ? કે સામાયિક તો બારવ્રતમાં આવી ગઈ છે. અરે, બારવ્રત શું પહેલા દર્શનપડિમામાં બારવ્રત આવી ગ્યા છે. એમાંય સામાયિક તો આવી છે. અહીંયા તો અતિચાર નહીં. નિર્દોષ સ્વભાવ. જ્યાં વિકલ્પનો પણ અવકાશ નથી. એવા અંશે શાંતિની દશા પ્રગટ કરવી. જેની શાંતિ આગળ સ્વર્ગના સુખો સડેલાં તરણા, ગંધાયેલા મીંદડા મરી ગયેલાં જેવા લાગે. સમજાણું કાંઈ?

એવી અંતર્દશાને સામાયિક કહેવામાં આવે છે. એ મનસુખ! પહેલાની સામાયિક નહીં કરી હોય તમે, પાછળથી આવ્યા છો ને એટલે. આહા! ત્યાં અમે કરતા હોં દુકાને સામાયિક. આ આઠ દિ' હોં આગળ પાછળ નહિ. આઠ દિ' આવે. સાંજે પડિક્કમણાં કરીએ. સામાયિક કરીને પડિક્કમણાં કરીએ. એક પડિક્કમણું થઈ એટલે ગાયન બોલે એક બે. થઈ ગઈ સામાયિક ને થઈ ગયાં પડિક્કમણાં, લ્યો. જય ભગવાન. ૩૬૩ દિ'ના પાપ ધોવાઈ ગયા. હવે નવા કરો. જાદવજીભાઈ! આહાહા! ભાઈ! અરે, પાપ તો કોને કહે એની ખબર નથી. આંહીં તો મિથ્યાત્વ પાપ અને અવ્રતીની આસક્તિનું પાપ—એ બેનો જેમાં ત્યાગ છે તેને આંહીં સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અંતર્મુહૂર્ત એક. સામ્યભાવ ગ્રહણ કરના બે ઘડી. ચૌબીસ મિનિટકી એક ઘડી હોતી હૈ. લો લખ્યું છે હોં. ચોપાઈ છે ને.

जो अरि मित्र समान विचारै। आरत रौद्र कुध्यान निवारै॥ આહા! જેને વાંસડે છેદનારો દેખાય કે સજ્જન એને માખણ ચોપડનારો દેખાય એ બધા ઉપર સમભાવ જેને છે. સમ્યગ્દર્શનમાં જ આ મારો અને તારો એવો કોઈ છે નહીં. આંહીં તો આસક્તિના અભાવની વાતની વાત છે. આહાહા! સમજાણું કાંઈ? આત્માનું ભાન થતાં જ આત્મા એટલે જ્ઞાનાનંદના સહજાનંદની મૂર્તિ. એમ ભાન થતાં સમકિતી તો બધી ચીજ—એક રાગથી માંડીને પુત્ર અને પત્ની એ બધાં ય મારા નથી. માળે! મારા નથી છતાંય ન્યાં ભેગો રહે. ભેગો નથી રહેતો, તને ખબર નથી. જેઠાભાઈ! જુદો જ છે. માન્યું'તું એ માન્યતાને ચીરી નાખી. અરે, હું તો આત્મા. મારે રાગ કેવો? સ્ત્રી, પત્ની, પુત્ર બધાં દ્રવ્ય એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્ય મારાં અને હું એનો એ તો મિથ્યાત્વભાવ છે. આહા! સમજાણું કાંઈ? એ તો જેને મિથ્યાત્વભાવ તો ટળી ગયો છે. એ ઉપરાંત अरि मित्र समान विचारै. આસક્તિનો જ્યાં ઘટાડો થઈ ગયો છે. વીતરાગતા જ્યાં વધી છે. સમ્યગ્દર્શન પણ વીતરાગી દૃષ્ટિ છે. સરાગ સમકિત એ સમકિત નથી.

अरि मित्र समान विचारै. વિચાર એમ આવે કે વિચાર કરવો એ પણ બંધનું કારણ છે. એ અપેક્ષા આવી. વિકલ્પ છે ને એને ચિંતવવો. પણ જ્ઞાનમાં સમાનભાવ રહે ત્યાં અરિ અને સજ્જન બેય જ્ઞેય તરીકે સહજ જ્ઞાનમાં જાણે. સહજ જાણે. એને આમ જાણવા ન જાય ત્યાં કે આ છે ને આ છે ને આ છે. એવી દશામાં શાંતિના શેરડા ઊડે એને અહીંયા સામાયિક કહેવામાં આવે છે. આહાહા! અરે, એને એની શાંતિનો માર્ગ અને શાંતિનો જીવ ભગવાન પોતે એને એની ખબર ન મળે. બહારથી ગોતવા જાય. આંહીંથી મળશે, આંહીંથી મળશે, આંહીંથી. જેમાં નથી ત્યાંથી મળશે અને જેમાં છે ત્યાંથી ગોતતો નથી. આહાહા! आरत रौद्र कुध्यान निवारै—આર્ત અને રૌદ્ર ધ્યાનને છોડે.

संयम सहित भावना भावै, લ્યો. ઈન્દ્રિયનો સંયમ, મનનો સંયમ, સ્વભાવમાં એકાગ્રતાની સ્થિરતા એ ભાવના. જુઓ, આંહીં ભાવના લીધી. એ એકાગ્રતા છે. सो सामायिकवंत कहावै. લ્યો, એને સામાયિકવંત કહેવામાં આવે છે.

ચોથી પ્રતિમાનું સ્વરૂપ (દોહરા)

सामायिककीसी दसा, च्यारि पहरलौं होइ।
अथवा आठ पहर रहै, प्रौसह प्रतिमा सोइ॥६३॥

**अर्थ :**—બાર કલાક અથવા ચોવીસ કલાક સુધી સામાયિક જેવી સ્થિતિ અર્થાત્ સમતાભાવ રાખવાને પ્રોષધ પ્રતિમા કહે છે. ૬૩.

**अर्थ :**—बारह घंटे अथवा चौबीस घंटे तक सामायिक जैसी स्थिति अर्थात् समताभाव रखनेको प्रोषध प्रतिमा कहते हैं॥६३॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

सामायिककीसी दसा. પ્રોષધ પ્રતિમા. પણ સામાયિક બે ઘડીની હોય, આનંદના પ્રયોગની. આ ચોવીસ કલાકનો હોય એને પ્રોષધ કહીએ. ચોવીસ કલાકની સામાયિક. सामायिककीसी दसा. સામાયિક જેવી દશા. ચોથી પ્રતિમા પ્રોષધ. ૧૧મું વ્રત કહે છે ને. પોષો કરીને બેસે, ન ખાય—પીએ. થઈ ગયો પોષો. ચણો જેમ પાણીમાં પલળે ને પોઢો થાય, એમ ભગવાન પ્રોષધમાં શાંતિના પોષાણથી પુષ્ટ થાય એને પ્રોષધ કહીએ. આહાહા! દરેકની વ્યાખ્યા ફેર. સમજાણું કાંઈ? કરી શકે નહીં એ જુદી વાત. પણ એનું સ્વરૂપ શું છે એની માન્યતાની ખબર ન મળે. કહો, પંડિતજી! થઈ ગયા સામાયિક અને ૧૧ પડિમા થઈ ગયા. એમ નથી, ભાઈ! રામજીભાઈ કહે છે ભઈ અગિયાર શું પંદર હોય તો લે. ત્યાં મફતમાં છે ને. કાંઈ પર્યાય શું છે તેની તો કાંઈ ખબર..... કારણ કે આ શું છે ૧૧ અને ૧૨ એની તો કાંઈ ખબર નથી. અને આ તો ૨૧ લે તો કોણ ના પાડે છે? આહા!

અને ઓલાય ભાગ્યા. ગુણભદ્ર હતા ને એ વયા ગયા. ગુણભદ્ર? ..... એને આપ્યા કે આ સાત પડિમા લો. મારી પાસે તો કાંઈ આવી નથી અંદર. તમે આપી ખરી પણ આંહીં આવી નથી લાગતી. આહાહા! અરેરે! ભાઈ! પડિમા કોને કહેવી? એ પ્રતિજ્ઞાની આગળ દશા વધેલો સમકિતી, સંયમના ભાવમાં રમતમાં આવેલો એ પ્રોષધકાળમાં. આહાહા! सामायिककीसी दसा. એવી દશા એને આ વળી બે ઘડી હોય, આ ૨૪ કલાક. આહાહા! દરરોજ બે-બે ઘડી સિદ્ધ સમાનનો પ્રયોગ કરવો એનું નામ સામાયિક. પંદર દિ'એ કે આઠ દિ'એ ૨૪ કલાક સુધી સિદ્ધનો પ્રયોગ કરવો એનું નામ પ્રોષધ. એ, ભીખાભાઈ! ભારે વાતુ ભાઈ! હું સિદ્ધ સ્વરૂપી છું એવું જે ભાન હતું, સમ્યગ્દર્શનમાં જ્ઞાન હતું એને હવે

પ્રયોગ કરે છે અંદર. સિદ્ધ સમાન હું કેટલો રહી શકું છું. ૨૪ કલાકમાં એ સિદ્ધ સમાનનું પોષણ હોય એને પ્રોષધવ્રત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

च्यारि पहरलौं होइ, લ્યો. ચાર પહોર. બારહ ઘંટા. આહા! अथवा आठ पहर रहै. બેય લીધા. અથવા રાત ને દિ'. સમજાણું કાંઈ ? प्रोसह प्रतिमा सोइ. આહા! એનો આનંદભાવ એ પ્રતીતમાં અનુભવમાં આવ્યો હતો કે આ તો અતીન્દ્રિય આનંદનો કંદ જ હું છું. એ અતીન્દ્રિયની શક્તિને વિશેષ વ્યક્ત કરવા– પ્રગટ કરવા એમાં એકાગ્ર ઉગ્રપણે થવું એનું નામ અહીયા પ્રૌષધ કહેવામાં આવે છે. આરે, આરે, ભારે વ્યાખ્યા! (શ્રોતા : સાંભળવા ના મળે) આહા! એ તારા આંગણા ઉજળા ઘણાં, ભાઈ! તારાં ઘર તો ઉજળા પણ આ પ્રોષધ ને સામાયિકમાં આંગણું ઉજળું થાય. આહાહા! સમજાણું કાંઈ ? જેને પર સાથે કાંઈ સંબંધ નથી, એવો દૃષ્ટિનો ભાવ તો પ્રગટ્યો પછી અસ્થિરતાના ભાવને છોડવા સ્વરૂપ તરફના પોષણની પરિણતિ ઉગ્ર, ચોથા કરતાં વિશેષ થવી. અરે, ત્રીજી વ્રતમાં– ત્રીજી પડિમામાં કરતાં... (શ્રોતા : એના કરતાંય વધારે) હા. ધન્ય રે ઘડી! જ્યાં ૨૪-૨૪ કલાક, આઠ પહોર જેણે રામ આતમરામ સાથે રમતું માંડી હોય, એને પ્રોષધ કહેવામાં આવે છે. કહો, બાલચંદજી! આવું હતું ત્યાં સંપ્રદાયમાં ? તમારા બાપે તો બહુ કર્યું હશે સામાયિક. જૂના માણસો કરે ને જૂના માણસો. (શ્રોતા : જેમ ચાલતું હોય તેમ કરે) એમ જ હોય ને. શું થાય એમાં ? અનાદિના... આહા!

અનેક જુગ જિત્યા એ એને પંથે ચાલતા, ન આયો ન આયો પંથડા કેરો પાર. આહાહા! લોકડીયાની લાજે રે અમે બાઈયું કાઢ્યા ઘૂમટા. ધણીની લાજ કાઢે છે. મા બાપને દેખે ત્યાં ધણીની લાજ કાઢે. કેમ ? નહીંતર બે જણાં વાતું કરતા હોય ને જ્યાં મા બહાર નીકળે તો લાજ કાઢે. કોની કાઢે લાજ ? ઓલા મા-બાપ છે ને. આ એક સભ્યતાની રીત છે. મા-બાપની લાજ હોય તો મા-બાપ એકલા હોય ત્યારે લાજ કાઢીને બેસવું જોઈએ. કેટલાક એવા હોય છે મારવાડમાં. સાસુ હોય ને તોય લાજ કાઢીને બેસે. એવું મારવાડ બાજુ. આવા ને આવા બધા. શું વાત છે ને કઈ રીત છે એની ખબર ન મળે. કહે છે, બારહ ઘંટા અથવા સમજ્યાને ૨૪ ઘંટા સામાયિક જૈસી સ્થિતિ. આહાહાહા! समताभाव रखनेको प्रोषध प्रतिमा कहते हैं. પહેલું વસ્તુનું સ્વરૂપ શું છે એ જાણે તો ખરો કે આ વસ્તુની સ્થિતિ અને મર્યાદા છે.

जो सचित्त भोजन तजै, पीवै प्राशुक नीर।
सो सचित्त त्यागी पुरुष, पंच प्रतिग्यागीर॥६४॥

**અર્થ** :—સચિત્ત ભોજનનો ત્યાગ કરવો અને પ્રાસુક જળ પીવું તેને સચિત્તવિરતિ પ્રતિમા કહે છે. ૬૪.

વિશેષ—અહીં સચિત્ત વનસ્પતિનું મુખથી વિદારણ કરતા નથી. ૬૪.

**अर्थ** :—सचित्त भोजनका त्याग करना और प्रासुक जल पान करना उसे सचित्तविरति प्रतिमा कहते हैं।

**विशेष** :—यहाँ सचित्त वनस्पतिको मुखसे विदारण नहीं करते।।६४।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

સચિત્ત ભોજનનો ત્યાગ કરે. પાંચમી પ્રતિમામાં સચેત ન ખાય. સચેતનો અચેત કરવાનો એને વિકલ્પ હોય. સમજાણું કાંઈ? એટલો એટલો અંદર રાગ ઘટે છે એની મર્યાદાની વાતું છે આ. આહાહા! અંશે અંશે સમતા, ભલે બે કષાયનો અભાવ થઈ ગયેલો છે પણ ત્રીજા કષાયનો રસ મંદ પાડવાની આ પરિણતિ છે અંદર. સમજાણું કાંઈ? ત્રીજાનો અભાવ તદ્દન કરે એ તો મુનિપણું દશા થઈ જાય એની. આહાહા! આનંદની છોળ ઉઠતી હોય જ્યાં. અતીન્દ્રિય પ્રચુર સ્વસંવેદન એવી દશા અતીન્દ્રિય ને આનંદના સ્વાદની એ તો મુનિદશા એને કહીએ. આ મુનિ થવા પહેલાં આ દશા હોય પડિમાધારીને. સચેત ભોજન નહીં. એ પાણી સચેત ન પીવે. ટાઢું ન પીવે. કાચી કાકડી કે .. એ પ્રત્યેક વનસ્પતિ ન ખાય. જમરુખ. સચેત છેને જમરુખ, નહિ? ક્યા કહતે હૈં? (શ્રોતા : જામફળ) વહ દાના હોતા હૈ ન. ખાય નહીં. પાંચમી પડિમાવાળા ન ખાય. અચેતન કરીને ખાય. એટલી એને વીતરાગ પરિણતિ થોડી અંશે વધી ગઈ છે. સમજાણું કાંઈ?

सचित त्यागी, पंच प्रतिग्यागीर, લ્યો. ગીર. એને ગીર એટલે કરવું. આને પાંચમી પ્રતિમા કહેવામાં આવે છે. જુઓ. यहाँ सचित्त वनस्पतिको मुखसे विदारण नहीं करते. મોઢાથી આમ વિદારણ નહિ કરે. ન કરે. એમ ને એમ ખાય છે ને કેટલાક. આ જીંડવા. જીંડવા સમજે છે? નહીં. આ કપાસ હોતા હૈ ન કપાસ. રૂ, રૂ હોતા ન જિસમેં કપાસ. (શ્રોતા : ઉસકી જોડી) જોડી. બહુ કૂણી હોય પોચી. કેટલાક ખાય ....માં ખાય. ન ખાય. આહાહા! જુઓ તો ખરા વીતરાગના અંશો વધ્યા હોય ત્યાં આ સ્થિતિ એની હોતી નથી. સાત પડિમા કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૯૦, કારતક સુદ ૬, સોમવાર, તા. ૨૫-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાનાધિકાર પદ ૬૫ થી ૭૨ પર પ્રવચન

આ સમયસાર નાટક. ચૌદ ગુણસ્થાનનો અધિકાર. એમાં પડિમાનો અધિકાર છે. શ્રાવક હોય છે સાચા એને પંચમ ગુણસ્થાન હોય છે. એટલે આંહીં એની પડિમાની વાત છે ને અત્યારે. એને આત્મા અંદર વસ્તુ છે શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એનો એને પુણ્ય-પાપના ભાવથી રહિત આત્માનો અનુભવ અને સમ્યગ્દર્શન હોય છે. ત્યારે તો એને હજી સમકિતી જીવ કહેવાય, ત્યાં સુધી શ્રાવક (નથી). સમજાણું કાંઈ? આ આત્મા ભગવાન તીર્થંકરદેવે સર્વજ્ઞ પરમેશ્વરે જે જોયો અને કેવળજ્ઞાન દ્વારા જાણ્યો અને કહ્યો વાણી દ્વારા, એ આત્મા જેને ધર્મ કરવો છે એવો જે આત્મા એનું એને પહેલું જ્ઞાન હોવું જોઈએ. સમજાણું કાંઈ?

એને અંતરમાં અંતર્મુખ થઈ, પુણ્ય ને પાપના રાગના વિકલ્પથી પણ ભિન્ન પડી અંતરના આત્માના આનંદનો અનુભવ, અતીન્દ્રિય આનંદનું વેદન, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો અને એમાં પ્રતીત થવી એને સમકિત કહે છે. આહા! આવી વ્યાખ્યા છે ઝીણી. શાંતિભાઈ! દુનિયા તો બહારનું માંડીને બેઠા છે. જે વાત મૂળ છે એ રહી ગઈ છે. એવા શ્રાવકને સમ્યગ્દર્શન ઉપરાંત, આવું સમ્યગ્દર્શન તો હોય, પછી હવે એને શ્રાવક થાય ત્યારે એને આત્માની શાંતિ અંતરમાં વધી જાય. સર્વાર્થસિદ્ધિના દેવને જે શાંતિ છે એના કરતાં શ્રાવક જેને સાચા કહીએ, ભગવાને કહ્યા એવા એને અંતરમાં શાંતિ! સર્વાર્થસિદ્ધિના દેવ સમકિતી એકાવતારી એક ભવે મોક્ષે જનારા, એના કરતાં આને શાંતિ અંદર વધારે હોય. કેમકે જેને બીજો કષાય નાશ થઈ ગયો છે. આહા!

અરે! મૂળ નિજ ચીજની ખબર વિના, વર વિના જાન જોડી દીધી. આત્મા શું ચીજ છે એનું ભાન થઈ અને પછી પ્રતિમા એટલે વ્રત ધારણ કરે ત્યારે એને અંદર શાંતિ વધેલી હોય છે. એમાં એના બાર વ્રત હોય પણ નિરતિચાર ન હોય. સમ્યગ્દર્શન નિરતિચાર અનુભવ હોય, એને પહેલી દર્શનપડિમા કહે છે. પોપટભાઈ! આ સાંભળ્યુંય ન હોય (શ્રોતા : વઢવાણમાં આવું સાંભળ્યું નહોતું.) નહોતું સાંભળ્યું? પડિક્કમણા તો કરતા'તા બહુ સાંજ-સવાર. (શ્રોતા : હાંકે રાખ્યા) હાંકે રાખ્યા ગડિયા જગતના. આહાહા! એને શ્રાવક પ્રતિમાધારી પંચમ ગુણસ્થાનવાળાને બાર વ્રત હોય પણ નિરતિચાર ન હોય. સમ્યગ્દર્શન.. આખા સ્વર્ગના દેવો ઉછળી જાય ઊંધા ઊલ્ટા થઈને,

પણ એની અંતર અનુભવની પ્રતીતમાં ફેર પડે નહીં. સમજાણું કાંઈ?

એ દેવ ગુરુ શાસ્ત્ર સાચા છે એ કાંઈ સમકિત નથી, એ તો રાગ છે. પરદ્રવ્યની શ્રદ્ધા એ તો રાગ છે. પોતાનો આત્મા જેને સર્વજ્ઞ તીર્થંકરદેવે જોયો કહ્યો, એવા આત્માના અંતર સન્મુખ થઈને પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન ધર્મની પહેલી દશા પ્રગટ કરે. કાંતિભાઈ! કાંતિભાઈ કહેતા, આવું તમારું સાંભળ્યું નથી. કહે છે નહીં ને ક્યાંય. બધી વાડાની વાતું. બધા છે બધા, અમે જોયું છે ને આખું હિન્દુસ્તાન. ઢસરડા. ધર્મ શું ચીજ છે એ આખી (વાત) પડી રહી. ઉપરના વ્રત પાળો ને પૂજા કરો ને ભક્તિ કરો ને જાત્રા કરો ને આ કરો. એ તો બધો રાગ અને વિકલ્પની ક્રિયા છે. એ કંઈ ધાર્મિક ક્રિયા નથી. હસમુખભાઈ!

ધાર્મિક ક્રિયા તો અંતર આત્મા વસ્તુ પોતે એનો જે ત્રિકાળી ધર્મ નામ સ્વભાવ એના સ્વભાવને સ્પર્શીને જે દશા પ્રગટ થાય એને ધર્મની દશા પ્રથમ શરૂઆતની કહે છે. કે જેને જનમ-મરણના અંત આવ્યા હવે. સમજાણું કાંઈ? એ દર્શનપડિમા. બીજી વ્રતપડિમા. ઈ છે તો પંચમગુણસ્થાન ઈ પણ તે. પણ પંચમગુણસ્થાનમાં પણ કાંઈક શાંતિના અંશની વૃદ્ધિ થાય અને બારવ્રત નિરતિચાર પાળે એને પંચમગુણસ્થાનવાળો પડિમા વ્રતધારી કહેવામાં આવે છે. પાઠ ચાલી ગ્યો છે આપણે.

ત્રીજી સામાયિક પડિમા. આ લોકો કહે છે એ સામાયિક આ બહારની સામાયિક, એ સામાયિક છે જ નહીં. એ તો એક શુભરાગ. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં કરીને બેસે બે ઘડી. બાપુ! સામાયિક તો એને કહીએ કે જેમાં અંતરના અતીન્દ્રિય આનંદની વીતરાગતા વધી ગઈ હોય. સમ્ નામ સમતાનો, આય નામ લાભ. જેને બીજી પડિમા કરતાં પણ ત્રીજીમાં શાંતિનો અંશ વધારે અને મોહ ત્રીજી ચોકડીના રસનું થોડું મંદપણું, એને સામાયિક હોય છે નિરતિચાર. સામાયિક તો પડિમાધારીમાંય હોય પહેલે. પહેલીમાંય હોય, બીજીમાંય હોય. કારણ કે પહેલી પડિમા(માં)ય બારવ્રત તો હોય. એમાં સામાયિક તો આવે છે. બીજી પડિમામાં બારવ્રત ચોખ્ખાં હોય છે ત્યાં સામાયિક આવે છે. તો આ સામાયિક અંતરનું ધ્યાન કરી અતીન્દ્રિય આનંદને શોધી-ખોળી અને અંતરમાં રમતો હોય છે. એને ત્રીજી સામાયિક પ્રતિમા કહેવામાં આવે છે. પંડિતજી! કહો, પોપટભાઈ!

ચોથી પ્રોષધ પ્રતિમા. પંદર દિ' એ કે આઠ દિ' એ ૨૪ કલાક (પ્રોષધની સ્થિતિ હોય.) સામાયિકમાં બે ઘડી આત્માના અંતર આનંદને શોધી અને અંતરમાં રમે બે ઘડી એનું નામ સામાયિક. ચોથી પડિમા. ૬૩મો છે ને બોલ. પ્રોષધ પડિમા. ૨૪ કલાક

આત્માના આનંદનો પ્રયોગ કરે. આહાહા! હવે આત્મા શું છે એનું તો ભાન ન મળે. ૬૩મો બોલ છે. પ્રોષધ પ્રતિમા. आठ पहर रहै प्रोसह प्रतिमा. આઠ પહોર કે આ ચાર પહોર. આત્માનો સત્ શુદ્ધ પવિત્ર સ્વભાવ, એને અંતરમાં અજમાયશ કરે કે હું સિદ્ધ સમાન છું તો અહીંયા આમ પ્રોષધ (સ્થિતિમાં) ૨૪ કલાકમાં કેટલો રહી શકું છું. ૨૪ કલાકના આનંદનો પ્રયોગ એને પ્રોષધ કહે છે. બે ઘડીનો આનંદનો પ્રયોગ તેને સામાયિક કહે છે. આહાહા! ભારે વ્યાખ્યા ભાઈ! આ તો બધી દુનિયાથી જુદી.

પાંચમી પડિમા. ૬૪ બોલ છે ૬૪. એ આવી ગયું છે ત્યાં સુધી. હસમુખભાઈ! આ તો બધું જોયું ન હોય. આ રૂપિયા માળા બહાર એવા લાગે મીઠા. ધૂળ જેવી ચીજ માટી. (શ્રોતા : મીઠા લાગે ને) તમે કહેતા'તા એક ફેરી ઓલા કો'ક ને. .... કોણ હતું? (શ્રોતા : .....) .....લ્યો. રૂપિયા મીઠા બહુ લાગે. આહાહા! (શ્રોતા : .....) એમ કે દારૂ ન લે આ. દારૂમાં બાદશાહી વિચાર આવે. મૂર્ખાઈના આવે. આહાહા!

પાંચમી પડિમા. ૬૪મો બોલ લ્યો ફરીને.

जो सचित्त भोजन तजै, पीवै प्राशुक नीर।
सो सचित्त त्यागी पुरुष, पंच प्रतिग्यागीर॥६४॥

**અર્થ** :—સચિત્ત ભોજનનો ત્યાગ કરવો અને પ્રાસુક જળ પીવું તેને સચિત્તવિરતિ પ્રતિમા કહે છે. ૬૪.

વિશેષ—અહીં સચિત્ત વનસ્પતિનું મુખથી વિદારણ કરતા નથી. ૬૪.

**अर्थ** :—सचित्त भोजनका त्याग करना और प्रासुक जल पान करना उसे सचित्तविरति प्रतिमा कहते हैं।

**विशेष** :—यहाँ सचित्त वनस्पतिको मुखसे विदारण नहीं करते॥६४॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

પ્રોષધ ઉપરાંત સચિત્તનો ત્યાગ કરે. સચિત્ત પોતે મુખથી સચિત્ત ન ખાય. ટાઢું પાણી કે લીલોતરી મોઢાથી વિદારે એ ન કરે. એટલો તો અંદર રાગ સહજ મંદ પડી ગયો હોય છે. હઠની વાત નથી આ. આત્માના અંતર અતીન્દ્રિય આનંદના સ્વાદમાં એવી મીઠાશ વધી ગઈ છે કે જેને એકલો રાગ કે સચેતને સીધું ખાવું એવો રાગ એને ઘટી ગયો છે. એકલા સચેત ન ખાય એની આંહીં વાત નથી, પણ સચેત આત્માના ભાનવાળો આમ સચેત ન ખાય એવો રાગ ઘટ્યો હોય એને સચેત પ્રતિમા કહેવામાં આવે છે. આરે, આરે! કહો, ભીખાભાઈ! આહા! આવી વાતું ભારે ભાઈ! અરે, અનંતકાળ રખડ્યો

ચોર્યાશીના અવતારમાં પણ એને સાચી ચીજ વસ્તુ શું, વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવ કોને સમકિત કહે છે, કોને ધર્મ કહે છે, એ વાત એને બિચારાને સાંભળવા મળતી નથી. બહારના ઢસરડા. આહા! એવા તો ઢસરડા અનંતવાર કર્યા. નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો પણ આ આત્માનો આનંદસ્વભાવ એ પાતાળકૂવે ન પહોંચ્યો ઈ. સમજાણું કાંઈ?

સચિત્તનો ભોજનનો ત્યાગી. पीवै प्राशुक नीर. પાણી અચેત પીવે. એવો એને સહજ રાગ મંદ પડી ગયો છે. આવા ભાન સહિતવાળાની વાત છે. આહા! सो सचित्त त्यागी पुरुष, पंच प्रतिग्यागीर, લ્યો. ત્યાં સુધી આવી ગયું'તું આપણે. હવે આ છઠ્ઠી પ્રતિમા છે. ૬૫

जो दिन ब्रह्मचर्य व्रत पालै।
तिथि आये निसि दिवस संभालै।।
गहि नौ वाड़ि करै व्रत रख्या।
सो षट् प्रतिमा श्रावक अख्या।।६५।।

**અર્થ** :—નવ વાડ સહિત દિવસે બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું અને પર્વની તિથિએ દિવસે અને રાત્રે બ્રહ્મચર્ય પાળવું એ દિવામૈથુનવ્રત પ્રતિમા છે. ૬૫.

**अर्थ** :—नव वाड़ सहित दिनमें ब्रह्मचर्य व्रत पालन करना और पर्व-तिथिओंमें दिन-रात ब्रह्मचर्य सम्हालना दिवामैथुनव्रत प्रतिमा है।।६५।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

જેટલી પ્રતિમા પહેલી કહી એ સહિત વૃદ્ધિમાં જાય એને પડિમા કહે છે. પહેલી મૂકી દે અને બીજાની આદરે એમ નહીં. जो दिन ब्रह्मचर्य व्रत पालै. આત્માના બ્રહ્માનંદ સ્વરૂપ એના આનંદની જેને વૃદ્ધિ થઈ છે તે દિવસે બ્રહ્મચર્ય પાળે. રાત્રિનો ત્યાગ ન હોય આ છઠ્ઠી પડિમામાં. तिथि आये. ચૌદસ, આઠમ તિથિ આવે, રાત ને દિન બ્રહ્મચર્ય પાળે. બ્રહ્મ નામ આત્મા, આનંદ ભગવાન પ્રભુ આત્મા એમાં ચરવું, રમવું. અતીન્દ્રિય આનંદના સ્વાદમાં આ રહેવું એને અહીંયા બ્રહ્મચર્ય પ્રતિમા કહે છે. આહા! એકલા શરીરથી બ્રહ્મચર્ય પાળે એ તો કંઈ મૂળ બ્રહ્મચર્ય નથી. એ તો અભવિ પણ પાળે અનંતવાર. સમજાણું કાંઈ? એ તો એક પુણ્યભાવ શુભરાગ છે. અહીંયા તો ભગવાન આત્મા જેવા સિદ્ધ ભગવાન થયા એ અંતરના સ્વભાવ હતો એમાંથી થયા. કાંઈ બહારથી થયા નથી. એમ જેને અંતરમાં બ્રહ્મ નામ આનંદ છે એનું ચરવું એમાં રમવું વિશેષ વધી ગયું છે. તેથી છઠ્ઠી પ્રતિમામાં દિવસે બ્રહ્મચર્ય પાળે, તિથી આવે તો રાત અને દિ' સંભાળે.

નવ વાડે બ્રહ્મચર્ય પાળે. આહા! જુઓ, નવ વાડ તો આંહીં આવી. આ છઠ્ઠી પડિમામાં. નવના નામ આપશે નીચે. આત્માના ભાન સમ્યગ્દર્શન સહિત અને પાંચ પડિમા જે છે એ ભાવસહિત છઠ્ઠી પડિમામાં રાગનો અંશ ઘટી જાય છે. એટલો આત્માને આશ્રયે આત્માનો દૃઢ આશ્રય ધ્રુવનો લીધો છે. એને આ છઠ્ઠી પ્રતિમા હોય છે. ગ્રીક લેટિન જેવું લાગે છે આમાં. એય, હસમુખભાઈ! જુવાન માણસ આ રળવામાં ઊભા થયા. પૈસા ભેગા થયા ત્યાં ને ત્યાં પછી ગુંચાઈ જાય જાણે કે આપણે આમ... આહાહા! એમાં વળી ૪૦-૫૦-૬૦ લાખ રૂપિયા હોય અને જુવાની હોય. બસ, હવે આ થયું. કરવું ખરું ભઈ, આપણે બાપા કરે છે થોડું આપણે કરો, થોડું કરો. આહા!

ભાઈ! ધર્મના મોઢાં મોટાં છે. અપૂર્વ જે અનંતકાળમાં એક સેકન્ડમાત્ર પણ કર્યો નથી. આમ તો અનંતવાર જૈનનો સાધુ થયો. પંચ મહાવ્રત પાળ્યાં. એ બધી રાગની ક્રિયા હતી. અંતર ભગવાન આત્માની સ્વાભાવિક ધાર્મિક ક્રિયા એનો એને વિરહ હતો. એ વિરહનું જેણે સમીપપણું કર્યું. આહાહા! જેને બ્રહ્મચર્યનો રસ લાગ્યો છે અંદર, આત્માના બ્રહ્મનો હોં. કાયા વડે મન-વચનથી બ્રહ્મચર્ય પાળે એ કાંઈ વસ્તુ નથી. એ તો પુણ્યનો ભાવ છે. એથી આ સ્વર્ગ આદિ કે આ ધૂળ પૈસા આદિ ધૂળ મળે. આંહીં તો ધૂળ છે અહીંયા. પોપટભાઈ! (શ્રોતા : ધૂળના બંગલા થાય?) બંગલા તો એની મેળે થાય. કોના કર્યા હતા? એ ધૂળથી પૈસા દેખાય છે? આહાહા!

તારો નાથ અંદર ચૈતન્ય છે. જાગતી જ્યોત અતીન્દ્રિય આનંદનો સાગર ઉછળે છે અંદર. છોળું મારે છે આત્મા આનંદથી, કહે છે આહાહા! ભાઈ! તેં એને કોઈ દિ' જોયો નથી તેં. એને તે કોઈ દિ' ઢંઢોળ્યો નથી, શોધ્યો નથી અને શોધીને તેનો અનુભવ કર્યો નથી. અને એ શોધીને અનુભવ કર્યા વિના જેટલી ક્રિયાકાંડ બધી કરવામાં આવે એ બધી રણમાં પોક મૂકવા જેવી છે. ચાર ગતિમાં રખડવાનું છે એમાં ભવબંધનનો નાશ નથી. આહાહા!

કહે છે, गहि नौ वाड़ि करै व्रत रख्या. કહો, છઠ્ઠી પડિમાવાળો નવ વાડે બ્રહ્મચર્ય પાળે. એવો એને રાગ ઘટી જ ગ્યો હોય છે સ્હેજે. અરેરે! અમારે આ પાળવું પડે હોં, એમ નહીં. એ તો ગુલામમાર્ગી છે, રાજમાર્ગી નથી. (શ્રોતા : એ ક્યાંથી કાઢ્યું તમે?) પેલા એ વાડીલાલ મોતીલાલ હતા. સ્થાનકવાસીમાં વાડીલાલ મોતીલાલ હતા. એ પહેલા એ કહેતા. ગુલામમાર્ગી અને રાજમાર્ગીનો એક લેખ લખ્યો'તો મોટો. પણ એ તો ઘણાં વરસની વાત હોં. ૬૪-૬૫-૬૬. સંવત ૬૪-૬૫-૬૬. ગુલામમાર્ગી અને રાજમાર્ગી. સાધુ! તારી પાસે પાણી હોય કમંડળમાં. મુનિ તો જંગલમાં રહેતા ને અને

નગ્ન જ મુનિ હોય. કમંડળમાં પાણી અને કોઈ આવે તરસ્યો અને તારે પાણી દેવાનું મન થાય, સુખેથી આપજે. તું રાજમાર્ગી નથી. અરે, ભગવાનની આજ્ઞા નથી હોં.

કાંઈક એમાં પાઠ છે. લેખ લખ્યો'તો. જૈન સમાચાર. ત્યાં દુકાન ઉપર હું તો મંગાવતો ને ત્યાં જૈન સમાચાર અને પત્ર. અરે, ભગવાનની આજ્ઞા નથી હોં. પાણી માટે તરસે બિચારો છે. મારી પાસે પાણી છે. ભગવાનની આજ્ઞા.. અરે ગુલામમાર્ગી, ભગવાનને ગાળ ન દે. ભગવાને ના પાડી એમ નથી. ભગવાને તો જણાવ્યું છે કે તારી દશામાં આવું હોય એટલું. એવી વિકલ્પની દશા તને ઉત્પન્ન હોય જ નહીં. એને કહ્યું છે રાજમાર્ગીને કહ્યું છે. આહા! ગુલામમાર્ગીને પેઠે ભગવાનની આજ્ઞા નથી નહિતર હું આને આપત. હાલ.. તું માર્ગમાં નથી હવે. વાડીલાલ મોતીલાલ અમદાવાદ. આહાહા! સાતમી પ્રતિમાનું સ્વરૂપ

સાતમી પ્રતિમાનું સ્વરૂપ (ચોપાઈ)

जो नौ वाड़ि सहित विधि साधै।
निसि दिन ब्रह्मचर्य आराधै॥
सो सप्तम प्रतिमा धर ग्याता।
सील-सिरोमनि जग विख्याता॥६६॥

**અર્થ :**—જે નવ વાડ સહિત સદાકાળ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરે છે, તે બ્રહ્મચર્ય નામની સાતમી પ્રતિમાનો ધારક જ્ઞાની જગત્‌વિખ્યાત શીલશિરોમણિ છે. ૬૬.

**अर्थ :**—जो नव वाड़ सहित सदाकाल ब्रह्मचर्य व्रत पालन करता है, वह ब्रह्मचर्य नामक सातवीं प्रतिमाका धारी ज्ञानी जगत् विख्यात शील—शिरोमणि है॥६६॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ઓલામાં એકલું દિવસનું હતું. આ રાત ને દિવસ બેય પાળે. सो सप्तम प्रतिमा धर ग्याता. જો આંહીં આવ્યું ગ્યાતા—જાણનાર હોય એ. જ્ઞાતા દૃષ્ટા હોય. એને બીજું હોય નહીં. આહાહા! सो सप्तम प्रतिमा धर ग्याता, सील—सिरोमनि जग विख्याता. બ્રહ્મચર્યમાં શીલ શિરોમણી છે ઈ. આહા! આ સાતમી પડિમા. અત્યારે તો સાતમી પડિમા તો ઘણાને છે. (શ્રોતા : .....) આ તો ઘણાંય. મધ્યમમાં ગણાય ને મધ્યમમાં. છઠ્ઠા સુધી જઘન્ય. મધ્યમમાં આવો તો સાત લેવી પડે અહીં. આહાહા! માર્ગને પરાધીન બનાવી દીધો. માર્ગમાં છીએ એમ ખતવવું છે. આહા! આંહીં તો સાતમી પડિમાધારી જ્ઞાની જગત વિખ્યાતા, શીલ શિરોમણી આહાહા! જેને સ્વ સ્ત્રીનો પણ ત્યાગ છે એવો એને રાગ ઘટી ગયો છે. અરે! મારે ત્યાગ કરવો પડે છે. મારે હઠથી સહન કરવું પડે

છે એમ નથી. સહજ દશાની આ રમતું છે. આહાહા! એની સ્વરૂપની શું સ્થિતિ છે એની જેને ખબર નથી એને ક્યાં આ (પ્રતિમા?)

હવે નવ વાડના નામ. જુઓ, નવ વાડ બેયમાંથી આવી છે. છઠ્ઠી અને સાતમી બેયમાં. આ સાધુના ઠેકાણાં ન મળે. બાયડીયુંના ટોળામાં બેસે અને વાતું ને ખીખાં ને નાત પરિચય કરે ને. આહાહા! આ તો છઠ્ઠી-સાતમી પડિમાવાળો નવ વાડે બ્રહ્મચર્ય પાળે. પંડિતજી! ગૃહસ્થાશ્રમવાળો. એ નવ વાડના નામ.

નવ વાડના નામ (કવિત્ત)

तियथल वास प्रेम रुचि निरखन,
　　दे परीछ भाखै मधु वैन।
पूरव भोग केलि रस चिंतन,
　　गुरु आहार लेत चित चैन।
करि सुचि तन सिंगार बनावत,
　　तिय परजंक मध्य सुख सैन।
मनमथ-कथा उदर भरि भोजन,
　　ये नौवाड़ि कहै जिन बैन॥६७॥

**શબ્દાર્થ :—**તિયથલ વાસ=સ્ત્રીઓના સમુદાયમાં રહેવું. નિરખન=દેખવું. પરીછ (પરોક્ષ)= અપ્રત્યક્ષ. ગુરુ આહાર=ગરિષ્ટ ભોજન. સુચિ=પવિત્ર. પરજંક=પલંગ. મનમથ=કામ. ઉદર=પેટ.

**અર્થ :—**સ્ત્રીઓના સમાગમમાં રહેવું, સ્ત્રીઓને રાગ ભરેલી દષ્ટિએ જોવી, સ્ત્રીઓ સાથે પરોક્ષપણે રાગ સહિત વાતચિત કરવી, પૂર્વકાળમાં ભોગવેલા ભોગ-વિલાસોનું સ્મરણ કરવું, આનંદદાયક ગરિષ્ટ ભોજન કરવું, સ્નાન, મંજન આદિ દ્વારા શરીરને જરૂર કરતાં વધારે શણગારવું, સ્ત્રીઓના પલંગ, આસન ઉપર સૂવું કે બેસવું, કામકથા અથવા કામોત્પાદક કથા, ગીતો સાંભળવાં, ભૂખ કરતાં વધારે અથવા ખૂબ પેટ ભરીને ભોજન કરવું,—એના ત્યાગને જૈનમતમાં બ્રહ્મચર્યની નવ વાડ કહી છે. ૬૭.

**अर्थ :—**स्त्रियोंके समागममें रहना, स्त्रियोंको रागभरी दृष्टिसे देखना, स्त्रियोंसे परोक्षमें सराग सम्भाषण करना, पूर्वकालमें भोगे हुए भोग-विलासोंका स्मरण करना, आनंददायक गरिष्ट भोजन करना, स्नान मंजन आदिके द्वारा शरीरको आवश्यकतासे अधिक सजाना, स्त्रियोंके पलंग आसन आदि पर सोना बैठना, कामकथा या कामोत्पादक कथा गीतोंका सुनना, भूखसे अधिक अथवा खूब पेट भरकर भोजन करना। इनके त्यागको जैनमतमें ब्रह्मचर्यकी नव वाड़ कहा है॥६७॥

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

વીતરાગની વાણીમાં નવ વાડ વર્ણવી છે. પહેલી સમજણ તો કરે શું ચીજ છે. આહાહા! કહે છે કે છઠ્ઠી પડિમાથી એને એટલો રાગ ઘટી જાય છે કે એને સ્ત્રીના પરિચયનો ભાવ હોતો નથી. ભાવ હોતો નથી એનું નામ નવ વાડે હોં. અરે! મારે પાળવું પડે એમ નહિ. રસ નહિ. શું કરીએ? ભગવાને ના પાડી છે. ઝાઝી સ્ત્રીઓમાં બેસવું નહીં એથી અમારે શું થાય? મૂરખ, તને ક્યાં કીધું છે ઈ? એ તો જેની દશામાં એ રાગ ઘટી ગ્યો છે એની વાત વર્ણવી છે આ તો. સમજાણું કાંઈ? ભારે માર્ગ ભાઈ આ! દુનિયાથી તો ઉલ્ટો માર્ગ છે.

स्त्रियोंके समागममें रहना. પહેલું છે ને. तियथल वास—સ્ત્રીઓના સ્થળમાં સ્થાન વચ્ચે રહેવું, એ છોડી દે. એને હોય નહીં. प्रेम रुचि निरखन. स्त्रियोंको रागभरी दृष्टिसे देखना. દેખવાનો તો સહજ સ્વભાવ છે એનો, પણ પ્રેમભરી દૃષ્ટિથી દેખવું એ ભાવ એને હોય નહિ. સમજાણું કાંઈ? આહા! આગળ જઈને મુનિ થાવું છે એને. આહાહા! અને મુનિ થઈને ભગવાન થાવું છે પાછું. આહાહા! અને એક એ સિવાય એને ક્યાંય સુખની પ્રાપ્તિ નથી. કહે છે, સ્ત્રીના પ્રત્યે પ્રેમથી જોવું ન હોય એને.

परीछ भाखै मधु वैन. स्त्रियोंसे परोक्षमें सराग सम्भाषण करना, લ્યો. પડદો આડો રાખે પણ ભાષા એક બીજા કરે મીઠાશથી રાગથી હોં એની વાત છે આ. સ્ત્રીઓસે પરોક્ષમેં... હેઠે લખ્યું છે થોડું. दृष्टि दोष बचानेके लिये परदा आदिकी ओटमें संभाषण करना अथवा पत्रव्यवहार करना. પ્રેમથીની વાત છે હોં આ. સમજાણું કાંઈ? એ છોડી દે. આહા! મુનિને તો કંઈક પગનો સંચાર હોય ત્યાં રહેવું ગોઠે નહીં. જંગલમાં વસે. આહાહા! પગનો આવરજાવર ન હોય એવા ધ્યાનમાં (હોય) તો એનો તો આ ઉપાસક છે હવે. આગળ જવાનો અભિલાષી છે. આત્માના આનંદના આગળ પહેલી વાત તો એ છે કે ધર્મીની પહેલી દૃષ્ટિમાં આત્માના આનંદ સિવાય ક્યાંય એને પૈસામાં, સ્ત્રીમાં, કુટુંબમાં, આબરૂમાં, શરીરમાં સુખ ભાસે નહીં. પાપના ભાવમાં, પુણ્યના ભાવમાં સુખ ભાસે નહીં. આત્મામાં આનંદ ભાસે ત્યારે તો એને સમ્યક્ દૃષ્ટિ થાય. હવે કેટલાક એવું કહે છે કે શાસ્ત્રમાં ઉત્કૃષ્ટ વાત આવે છે પણ એવું ન પળે પણ એથી કરીને કંઈ વસ્તુ એમ ..... (શ્રોતા : ન પળે તો પડિમાધારી ન કહે.) આહા!

पूर्वकालमें भोगे हुए भोग, લ્યો છે ને? पूरव भोग केलि रस चिंतन. ઓહો! પૂર્વે આમ હતી સ્ત્રી અને એ આમ બનાવતી. ફલાણું શીરો બનાવી દેતી ને ફલાણુ કરતી ને આ ને. અરેરે, પ્રભુ! શું યાદ કરે છે પણ. ઝેરને યાદ કરે છો, ઝેર પીધાં'તા એ.

આહાહા! સમજાણું કાંઈ? અમારે નારાયણભાઈને બા હતી. ફર્યું મગજ ત્યારે એમ બોલવા માંડ્યા'તા. અરે, ઘરના બૈરા એવી કઢી ને એવો શીરો કરતા કે એ શું કરે છે પણ તું આ? ફર્યું'તું. (શ્રોતા : સાધુ થયા પછી) હા. અમારે નારાયણભાઈ હતા ને એ. ફરીને આ બધું. બૈરા બહુ સારું કરે. શીરો એવો કરી દેતા કે ... અલ્યા શું છે પણ આ? આંહીં કહે છે કે પૂર્વના ભોગનું સ્મરણ ઝેરના સ્મરણ છે. એ આ વાડવાળાને હોતું નથી. આહાહા! આ તો સાત પડિમાની વાત છે હોં આ. છ ને સાત પડિમાવાળાને ન હોય એમ કહે છે. મુનિને ને આગળ તો ભવિષ્યમાં એવો રાગ સ્હેજ જ ઘટી ગયો હોય છે. સહજ જ્ઞાતા-દૃષ્ટામાં વધારો થઈને અરાગી પરિણામની દશા સહજ આવી વર્તતી હોય છે એને પડિમા કહેવામાં આવે છે. આહા! पूरव भोग केलि रस चिंतन. विलासोंका स्मरण करना. ઠીક.

गुरु आहार. ભારે આહાર. ગરિષ્ટ ભોજન. મૈસુબ, સાલમપાક ને મૂસળીપાક ને આવો હતો આહાહા! એવા આહાર ભારે એનો રાગ ન હોય મુનિને. પડિમાધારીને ન હોય એમ કહે છે. સમજાણું કાંઈ? આ કંઈ દેખાવ કરવો છે? આહા! ભાવમાં આ જાતની દશા હોય છે. દેખાવ કરવો નથી આ દુનિયાને કે આ જુઓ ભાઈ. આહા! ગરિષ્ટ ભોજન ન હોય. लेत चित चैन, લ્યો. સ્નાન.....સ્નાન. करि सुचि. એ સ્નાન ન હોય. स्नान मंजन आदिके द्वारा शरीरको आवश्यकतासे अधिक सजाना. વધારે શણગાર ટાપટીપ કરે એવું શ્રાવકને છઠ્ઠી-સાતમી પડિમામાં ન હોય. કહો, સમજાણું કાંઈ? આ તો રાગ ઘટાડવાના માર્ગની વાત છે. આહાહા! આ કોઈને કાંઈ દેખાડવા કે કોઈ પસંદ કરે કે, આહા! ભારે તમારી વાત હોં. એથી કાંઈ સત્ય થઈ જાય. એમાં સતમાં ભારે થાય તો સત્ય થાય. આહાહા!

करि सुचि तन सिंगार, बनावत, तिय परजंक. स्त्रियोंके पलंग आसन आदि पर सोना बैठना. સૂવા બેસે યાદ આવી જાય. આંહીં સ્ત્રી સૂતી હતી ને આમ હતું ને તેમ હતું. આહાહા! मध्य सुख सैन—સુખે બેસવું. કામકથા–કામ. मनमथ कथा—જેના મનમાં મંથન થઈ જાય રાગને લઈને એવી સ્ત્રીની કથા આદિ કરે નહીં. સમજાણું કાંઈ? मनमथ कथा उदर भरि भोजन. પેટને દાબી દાબીને આહાર કરે. સમજાણું કાંઈ? भूखसे अधिक अथवा खूब पेट भरकर भोजन करना. એક ટંક ખાવું છે પછી ૨૪ કલાકે મળશે. એટલે ભરો પેટ અત્યારે. આહા! એ માર્ગ એવો છે, બાપા! વીતરાગમાર્ગ એની અંદર છે. શ્રાવકની દશામાં છઠ્ઠી-સાતમી પડિમાવાળાને આવું હોય નહિ. આહાહા! જેના ફળ મુક્ત છે એ માર્ગ કોઈ જુદી જાતના હોય ને. જગતની સાથે મેળ ન ખાય એવા માર્ગ છે. આહાહા!

ये नौवाड़ि कहै जिन बैन, લ્યો. એ એનો ત્યાગ કરવો. એવા જૈનમતમાં બ્રહ્મચર્યની નવ વાડ કહી છે. આહાહા! એ સાત પડિમા થઈ. શ્વેતાંબરમાં તો એ પડિમાની વાતું જ નથી. એકદમ સાધુ થઈ જાય. (શ્રોતા : એક પડિમા એક મહિના માટે, બે પડિમા બે.....) અહીંયા બે આવે છે ને. આવે છે. અગિયાર (પડિમા) અગિયાર મહિના માટે. (શ્રોતા : સાધુ થવું સહેલું પડે છે માટે સાધુ પહેલા થઈ જાય. પડિમા પહેલા હોય બહુ અઘરી) અઘરી. કહો, ઈ અઘરું અને સાધુ થવું સહેલું. અહીંયા બધા રસ્તા ઊંધા છે. આહાહા!

(શ્રોતા : પહેલા પડિમા ધારણ કરવી બહુ અઘરી છે.) માટે મુનિપણું લઈ લેવું. નેમિદાસભાઈ આવ્યા'તા ને દીક્ષા લેવા માટે ત્યાં. આ નેમીદાસ દિલ્હીવાળા. ૯૦માં દીક્ષા લેવા આવ્યા'તા. દીક્ષા નથી આપતા અમે કોઈને. નેમીદાસભાઈ. ત્યારે પાંચ-પચ્ચીસ હજાર હશે. બહુ પૈસા નહોતા ત્યારે. ૪૮ વરસની ઉંમર. મેં કીધું, બ્રહ્મચર્ય લો પહેલા. કહે, ના બ્રહ્મચર્ય નહીં પળે. એટલે એમ કે હું અહીં આવી જાઉં તો તો બધું પાળવું પડે. એકલો મારે...... પછી આ પરણ્યા. કંચન પરણ્યા ને કંચન પૈસા થયા. આઠ-દસ લાખ. આહાહા! આવવાના છે તમારે આ. મહાસુખભાઈ આવ્યા'તા ને આજ......

जिन वैन. આહાહા! વીતરાગી વાણીમાં એણે આત્માને સરાણે ચડાવ્યો છે. ભેદજ્ઞાનને સરાણે ચડાવ્યો છે નાથ. એની દશા શુદ્ધતાનો વધારો થાય છે. એમાં આ સ્હેજે આનો ત્યાગ હોય છે, એમ કહે છે. એવો માર્ગ વીતરાગનો—શ્રાવક માટે પણ આવો કહ્યો. મુનિની તો વાત જ શી કરવી! આઠમી પડિમા

આઠમી પ્રતિમાનું સ્વરૂપ (દોહરા)

जो विवेक विधि आदरै करै न पापारंभ।
सो अष्टम प्रतिमा धनी, कुगति विजै रनथंभ।।६८।।

**અર્થ** :—જે વિવેકપૂર્વક ધર્મમાં સાવધાન રહે છે અને સેવા, કૃષિ વેપાર આદિના પાપારંભ કરતો નથી, તે કુગતિના રણથંભને જીતનાર આઠમી પ્રતિમાનો સ્વામી છે. ૬૮.

**अर्थ** :—जो विवेकपूर्वक धर्ममें सावधान रहता है और सेवा कृषि वाणिज्य आदिका पापारंभ नहीं करता, वह कुगतिके रणथंभको जीतनेवाली आठवीं प्रतिमाका स्वामी है।।६८।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जो विवेक विधि आदरै. जो विवेकपूर्वक धर्ममें सावधान रहता है. करै न पापारंभ—सेवा, કૃષિ, ખેતી એવા વાણિજ્ય આદિનો વેપાર ન કરે. આઠમી પડિમાવાળો

એ ન કરે. वह कुगतिके रणथंभको जीतनेवाली आठवीं प्रतिमाका स्वामी है. રણથંભ રોક્યો. હવે મુક્તિને માર્ગે અમે જાઈએ છીએ. કુગતિ અમારે હોય નહીં, એમ. આહાહા !

નવમી પ્રતિમાનું સ્વરૂપ (ચોપાઈ)

जो दसधा परिग्रहकौ त्यागी।
सुख संतोष सहित वैरागी॥
समरस संचित किंचित ग्राही।
सो श्रावक नौ प्रतिमा वाही॥६९॥

**અર્થ** :—જે વૈરાગ્ય અને સંતોષનો આનંદ પ્રાપ્ત કરે છે તથા દસ પ્રકારના પરિગ્રહોમાંથી થોડાક વસ્ત્ર અને પાત્ર માત્ર રાખે છે, તે સામ્યભાવનો ધારક નવમી પ્રતિમાનો સ્વામી છે. ૬૯.

**अर्थ** :—जो वैराग्य और संतोषका आनंद प्राप्त करता है तथा दस प्रकारके परिग्रहोंमेंसे वस्त्र व पात्र मात्र रखता है, वह साम्यभावका धारक नववीं प्रतिमाका स्वामी है॥६९॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

જે દસધા પરિગ્રહ—ધન, ધાન્ય, સોનું, રૂપું એ બધાંનો એનો એને ત્યાગ હોય છે. પરિગ્રહનો ત્યાગ હોય આંહીં. પૈસા-બૈસા ન રાખે નવમી પડિમાવાળો, એમ કહે છે. ટીકીટના પૈસા કે આ રેલમાં બેસવાના કે (શ્રોતા : ઈ ન હોય તો રેલવાળા બેસવા શેમાં દે ?) પણ જાય શું કરવા ન્યાં ? બેસવાનું કામ શું એને ? ખરેખર તો બીજી પડિમામાં ટાઈમસર સામાયિક એને આમ જોઈએ ધ્યાનમાં. એ ચાલતી રેલમાં સામાયિક ક્યાંથી થાતો ? એ બધા ગરબડ થઈ ગઈ, ગરબડ બધી. એક જણો તો કહેતો'તો બિચારો. વાત સાચી, બીજી પડિમા હોય પણ કાંઈ રેલમાં ન પળે રેલમાં જનારને. કારણ કે શાંત વાતાવરણમાં એકાંતમાં રહીને બાદશાહ ભગવાન આત્માના જ્યાં ભેટા કરવા છે એને એવી અશાંતિમાં કેમ થાય ઈ ?

દસ પ્રકાર પરિગ્રહ કીધો, જોયું ? દસ પ્રકાર પરિગ્રહ આવે છે ને. ધન, ધાન્ય, સોનું, રૂપું આદિ બધાનો ત્યાગ હોય છે એને. નવમી પડિમાવાળો પૈસા આપે ને દે ને લે ને, આ પુસ્તક માટે પૈસા માંગે ને. સમજાણું કાંઈ ? એવું ન હોય. આ પુસ્તક વેચવા છે. આનું આમ કરો, તેમ કરો. પૈસા મૂકો આંહીં. લઈ જશે હમણાં આવશે બીજો ઈ. આ બધા માયાપિંડ છેતરવાના રસ્તા છે. આહાહા ! નવમી પડિમાવાળો પરિગ્રહનો ત્યાગી

હોય. જેઠાભાઈ! હવે સાધુને ૨-૨ લાખ, ૫-૫ લાખ રૂપિયા જુદા.

(શ્રોતા : શ્રાવક પાસે ન હોય.) પાસે તે ગુંજામાં ક્યાં એ રાખતો'તો? આહા! ..... હતા ને આ દરબાર. જેસંગ દરબાર. ...... એક આવ્યા સંઘના સાધુ ઉપદેશ દેવા. કે આવો રાજા છે. રબારી હતા મૂળ તો. પણ આ તો પછી દત્તક લીધેલા. ઉપદેશ દેવા માંડ્યા ત્યારે આને કહે, મહારાજ, પૈસા-બૈસા રાખો છો? ના. ત્યારે તમને પગે મૂકે એ શું કરે? એ કહો. કહે, મારે સાથે જોડે ઓલો માણસ લઈ લે. પછી જોઈતું હોય તો શું કરો? કહે, આ ટીકીટ–બીકીટ લઈ દે. ..... કામદાર હતા કોણ ભાઈ, નહિ? (શ્રોતા : ભગવાનજી) ભગવાનજી! લો આ. ભગવાનજી! લો આ. કામદાર. તે દિ' ૩૦ રૂપિયાનો પગાર મહિનાનો. તે દિ' વધારે ન મળતાં. .....ના પૈસા એ બધું ખાનગી કરતા.

ભગવાનજી! આ મહારાજને મારા જેટલો ત્યાગ છે હોં. કારણ કે હુંય પૈસા રાખતો નથી. ગુંજામાં કોણ રાખે આંહીં મફતમાં. ભગવાનજીને કહ્યું લઈ લે. જોઈતું હોય તો એને કહું. આ એવો ત્યાગ છે આને. એ પ્રેમચંદભાઈ! પ્રેમચંદભાઈને ખબર છે ઈ. (શ્રોતા : દરબાર.....) હા, હતા ને આ. દરબાર સાથે એને વધારે સંબંધ લ્યો. આ પૂછ્યું પછી આવું. પરિગ્રહ આવો હોય તો આવો હોય તો કેમ? ત્યારે ક્યાંક પગલાં તમને કરાવે અને પૈસા મૂકે ઈ શું કરો? જોડેનો માણસ હોય ઈ લઈ લે. ટીકીટ જોઈતી હોય તો? એ આપે. ભગવાનજી! આ રાજના પૈસા તું રાખે છે હોં. હું રાખું છું ગુંજામાં? અને મારે જોઈતું હોય તો હું તને કહું છું. તું રાખે છો. ઓલાને તો.... મારા જેટલો ત્યાગ લાગે છે એને. આહા!

દસધા પરિગ્રહનો ત્યાગી નવ વાડવાળો. આહા! ગજબ વાત છે ને. શ્રાવક છે ઈ. આ તો સાધુ નામે પૈસા ગણે. થેપલીઓ કરે પૈસાની. આગળ એક ફેરે ત્યાં ગ્યા'તા. ત્યારે પૈસા ગણતા'તા સાધુ સ્થાનકવાસી હોં. પચાસ મૂકે પાંચસે હજાર રૂપિયામાં. અરે ભગવાન! બાપુ! આ માર્ગ કાંઈ બહારમાં કાંઈ દેખાવ નો કરવો છે? ભાઈ! એ ન પળતો હોય, ન પળી શકતું હોય તો હું નથી શ્રાવક. આહા! જઘન્ય દરજ્જાનું રાખવું. કહે છે, દસ પ્રકારના પરિગ્રહનો ત્યાગી. सुख संतोष सहित वैरागी. આહાહા! સુખ ને સંતોષ સહિત जो वैराग्य और संतोषका आनंद प्राप्त करता है, દેખો. સંતોષ એટલે આનંદ. સુખ ને આનંદની પ્રાપ્તિ સહિત વૈરાગી છે. સંતોષકા આનંદ પ્રાપ્ત કરતા હૈ. વૈરાગી હોય છે.

समरस संचित किंचित ग्राही. સામ્યભાવનો ધારક હોય છે. વીતરાગતા જેને વધી ગઈ છે. શ્રાવકને યોગ્ય જે કાંઈ ભાવ છે એમાં શુદ્ધિ વધી ગઈ છે. संचित किंचित

ग्राही. એ જોઈતું થોડું વસ્ત્ર આદિ હોય, પાત્ર આદિ એટલું રાખે. વસ્ત્ર, પાત્ર. એ સામ્યભાવનો ધારક નવમી પડિમાવાળો કહેવાય, લ્યો. આ સ્વરૂપ પહેલું જાણવું તો (પડશે) એણે, જાણીને નક્કી તો કરવું પડશે ને. સમજાણું કાંઈ?

દસમી પ્રતિમાનું સ્વરૂપ (દોહરા)

**परकौं पापारंभकौ, जो न देइ उपदेस।**
**सो दसमी प्रतिमा सहित, श्रावक विगत कलेस॥७०॥**

**અર્થ :—**જે કુટુંબી અને અન્યજનોને વિવાહ, વેપાર આદિ પાપારંભ કરવાનો ઉપદેશ આપતા નથી, તે પાપરહિત દસમી પ્રતિમાનો ધારક છે. ૭૦.

**अर्थ :—**जो कुटुम्बी व अन्यजनोंको विवाह, वाणिज्य आदि पापारंभ करनेके उपदेश नहीं देता, वह पापरहित दसवीं प्रतिमाका धारक है॥७०॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કુટુંબી અને અન્યજનોના વિવાહ, વાણિજ્ય, વેપાર આદિ પાપારંભ ઉપદેશ ન દે. આવો વેપાર કરજો, ફલાણું કરજો એમ ન કહે ઈ. આહાહા! પાપારંભ ન લે, લ્યો. प्रतिमा सहित, श्रावक विगत कलेस. પાપરહિત દસમી પ્રતિમા છે. અહીંયા તો વાત એ છે કે જેનો સ્વભાવ ધ્રુવ એનો પહેલો આશ્રય લે છે ત્યારે તો જઘન્ય આશ્રયમાંથી એને સમકિત થાય. એનાથી કાંઈક અંશે વધારે આશ્રય લે ત્યારે પાંચમું થાય અને એમાં પણ આશ્રયનો ભાગ વધે થોડો અંશે ત્યારે એના ૧૧ પડિમાના અંશો શુદ્ધતા વધે. એમ વાત છે. સમજાણું કાંઈ?

અગિયારમી પ્રતિમાનું સ્વરૂપ (ચોપાઈ)

**जो सुछंद वरतै तजि डेरा।**
**मठ मंडपमैं करै बसेरा॥**
**उचित आहार उदंड विहारी।**
**सो एकादश प्रतिमा धारी॥७१॥**

**અર્થ :—**જે ઘર છોડીને મઠ, મંડપમાં નિવાસ કરે છે, અને સ્ત્રી, પુત્ર, કુટુંબ આદિથી વિરક્ત થઈને સ્વતંત્રપણે રહે છે, તથા કૃત, કારિત, અનુમોદન રહિત યોગ્ય આહાર લે છે, તે અગિયારમી પ્રતિમા ધારક છે. ૭૧.

**अर्थ :—**जो घर छोड़कर मठ मंडपमें निवास करता है, और स्त्री पुत्र कुटुम्ब आदिसे विरक्त होकर स्वतंत्र वर्तता है, तथा कृत कारित अनुमोदना रहित योग्य आहार ग्रहण करता है, वह ग्यारहवीं प्रतिमाका धारक है॥७१॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આ ખટકે છે અત્યારે લોકોને, લ્યો. जो सुछंद वरतै—સ્વચ્છંદ વર્તે. ઘર છોડીને મઠ–મંડપમાં નિવાસ કરે, ઘરે ન રહે. આહાહા! આ તો દ્રવ્ય ભગવાન ધ્રુવના આશ્રયે પરિણતિ શુદ્ધ વધે ત્યાં આ દશા હોય એમ જણાવે છે. આહાહા! વ્યવહારના વિકલ્પની મર્યાદા તો હોય તે આવે. પણ મૂળ તો આ ચીજ છે. આહાહા! અંતર્મુખ ચૈતન્ય ભગવાન આનંદકંદ પ્રભુ એનો જેટલા જોરથી આશ્રય કરે એટલા જોરની પરિણતિ શુદ્ધિ વધે. मठ मंडपमैं करै बसेरा उचित आहार, લ્યો. અર્થ સારો કર્યો છે. कृत कारित अनुमोदना रहित योग्य आहार ग्रहण करता है, લ્યો. આંહીં તો આ ખુલાસો કર્યો છે. કરેલો નહીં, કરાવેલો નહીં, કર્યા હોય એને અનુમોદે નહીં. ઉચિત એને યોગ્ય હોય. હવે આને બદલે વાંધા ઉઠે, લ્યો. ૧૧મી પડિમાનો ખુલાસો કરો, કહે. ગૃહસ્થોએ આહાર કર્યો હોય તે આ લઈ આવે, પોતે ન કહે તો એમાં એને આ ઉદ્દિષ્ટ ક્યાં લાગ્યું? પણ એણે કર્યો છે એને માટે ને. એણે માટે કર્યો એ અનુમોદન જ છે લે છે ઈ. સમજાણું કાંઈ?

આ પ્રશ્ન કીધું ને ૬૯માં ઉઠ્યો'તો. સંવત ૬૯. ૫૯ વર્ષ થયા. કીધું, ભાઈ, આ સાધુ માટે કર્યું હોય, કરાવ્યું હોય, અનુમોદ્યું એ આહાર, પાણી, વસ્ત્ર, મકાન ન ખપે. તો એને માટે મકાન બનાવ્યું હોય અને વાપરે તો નવકોટિમાં કઈ કોટિ તૂટે? એવો પ્રશ્ન હતો ૬૯માં. સમજમેં આયા? નવકોટિ સમજે? મન, વચન, કાયા. કર્યું–કરાવ્યું–અનુમોદન. મુનિ માટે ઉપાશ્રય બનાવ્યો હોય અને વાપરે તો એમાં નવ કોટિમાં કઈ કોટિ તૂટે? (શ્રોતા : નવે નવ) નવ નહીં. એમાં અનુમોદન છે. અમારા ગુરુ બિચારા ભદ્રિક હતા બહુ. ...આને ચોખ્ખું કહીશ.... એને ખોટું કહીશ એવું પણ નહોતું. એવું નહોતું. એને એમ કે દાખલો. બસ એવો દાખલો. રાણપરમાં પૂછ્યું'તું. રાણપર. સંવત ૬૯. દીક્ષા લીધા પહેલા બાર મહિનાની વાત છે.

આ પ્રશ્ન પૂછયો'તો ત્યાં મારવાડમાં જોધપુર. શિવલાલજીને. આ શિવલાલજી છે ને મોટા. મોટા ઈ લોકોમાં બહુ. શિવલાલજીના શિષ્ય શ્યામલાલજી ને શ્યામલાલજી ના શિષ્ય ગણેશલાલજી અને ગણેશલાલજીના શિષ્ય અત્યારે આ નાનાલાલજી છે. ૬૯ ની સાલમાં આ ત્યાં પૂછ્યું'તું મારવાડ–જોધપુર. કહે, દોષ લાગશે. હવે એમાં પાઠ શાસ્ત્રમાં છે કે એને માટે કરેલો લે તો એ અનુમોદય જ છે. અનુમોદનની કોટિ તૂટી જાય છે એની. નવકોટિ રહેતી નથી. પોપટભાઈ! આહાહા! એ બિચારા હતા બિચારા સરળ. પણ એ જાતના વાપરતા ખરાં ને. સંપ્રદાયના ગુરુ હીરાજી મહારાજ પણ બહુ સરળ

બાહ્ય વૈરાગી. તત્ત્વની કાંઈ ખબર ન મળે. માર્ગની કાંઈ ખબર ન મળે. બાહ્યના આચરણ, કષાય મંદ (શ્રોતા : મંદ કષાય.....) હા, ધીરુભાઈએ જોયેલા છે, નહિ? નથી જોયા. આહાહા! કરેલું વાપરે એને માટે તો અનુમોદન કોટિ તૂટે છે. એવો પાઠ 'દસવૈકાલ'માં પાઠ છે. તે દિવસે તો આ મોઢે કરેલું.

ઉચિત આહાર. ૧૧મી પડિમા શ્રાવકને પણ એને માટે કરેલો આહાર નહીં લઈ શકે. સમજાણું કાંઈ? કહ્યું ને હમણાં એ. ત્યાં જયપુરમાં પ્રશ્ન કર્યો'તો ને ભાઈએ. મનોહરલાલજી. આવ્યા'તા ને. ખાનગી પૂછ્યું ખાનગી. ભાઈના મકાનમાં. આ ઉદ્દિષ્ટ આહારનો ખુલાસો થાય તો બહુ પ્રેમ થઈ જાય લોકોને. એવું કાંઈ થાય નહીં. અત્યારે તો કોઈ દ્રવ્યલિંગી ક્ષુલ્લક કોઈ નથી, કીધું. આંહીં કોઈ બીજું થાય એવું નથી. જે છે એ છે. પણ બિચારા નરમ માણસ. નરમ માણસ. સાંભળતા'તા. આમ ખિજાઈ જાય કે એમ નહીં. મનોહરલાલજી છે ને. વર્ણીજીના શિષ્ય. પણ ઉતાવળથી લઈ લીધું છે ને હવે એમાં કોઈના હાથની વાત છે નહિ. હવે કોઈકે બચાવ કરવો એ કંઈ માર્ગ છે? બાપા! કહે છે, ભાઈ! માર્ગ નથી, ભાઈ!

અરે, ભગવાનના વિરહ પડ્યા માટે આ આવા અર્થ કરવા કે ગૃહસ્થે કરેલો આહાર લે ને એને કરેલું અનુમોદ્ય નથી માટે એને વાંધો નથી. એવા અર્થ ન થાય. ભાઈ! ભગવાનના વિરહ પડ્યા છે, પ્રભુ! વિરહમાં આવા અર્થ ન થાય, કીધું. માર્ગ તો જે છે એ રહેશે, ભાઈ! વસ્તુ તો જેવી છે એવી રાખજે. ફેરફાર કરીશ નહીં કાંઈ. પોતાથી ન પળે માટે એનો બચાવ કરી નાખવો એ કંઈ માર્ગ છે? આહા! અરેરે! ક્યાં જાવું છે દેહ છોડીને. કોઈ શરણ નથી. ક્યાં જાવું ક્યાં? અરે, શરણભૂત ભગવાન આત્મા એના શરણે જઈને જે નિર્મળતા થાય એમાં કાંઈપણ ગરબડ કરવી (એમ) ન હોય. ભાઈ! આહા! અરે, અનંતકાળે હિતના રસ્તા આવ્યા. અહિતે તો મુઠ્ઠીઓ વાળીને દોડ્યો'તો ને. આહા!

કહે છે કે उचित आहार उदंड विहारी. પ્રતિબંધ વિનાનો વિહાર કરે. ક્યાંય રોકાય. અનુકૂળ વિશેષ છે, આ અનુકૂળ છે, આ શ્રાવકને ફલાણું ઢીકણું. सो एकादश प्रतिमा धारी, લ્યો. ૧૧ પડિમા આને કહીએ. એવું વર્ણન દિગંબરમાં સ્પષ્ટ આવું કથન છે. એવું સ્પષ્ટ કથન બીજે નથી. આ તો સનાતન માર્ગ છે, ભાઈ! દિગંબર કોઈ સંપ્રદાય નથી. વસ્તુની ધર્મની શુદ્ધિના વૃદ્ધિના પડખાં કેવા હોય એને બતાવનાર એ ધર્મ છે દિગંબર. સમજાણું કાંઈ? કહો, નવલચંદભાઈ! આવો માર્ગ છે બાપા!

એ હમણાં એક આવ્યા'તા. આગમની ઓલી વાત થઈ ત્યારે કહે કે આગમ તો

માનતા નથી દિગંબર. આંહીં બેઠા'તાને નહીં આંહીં, ઉઠી ગયા, નહિ? ત્યાં બેઠા'તાને ત્યાં. ઉઠી ગયા. નવલચંદભાઈની પાસે બેઠા નહોતા એક. ગ્યા. એ અંદર આવ્યા. (શ્રોતા : એને ઠીક લાગ્યું નહીં એટલે કહે....) એ એમ કહેતા'તા. આગમ તો આ કહેવાય. ઈ તો માનતા નથી દિગંબર. ભઈ! આગમ કોને કહેવા! એટલે અહીં પરમાગમની .... ઓલી થાય છે. એટલે કે તો આગમ માનતા નથી દિગંબરો. બાપુ! આત્માના અધ્યાત્મના કહેનારા શાસ્ત્રો એ પરમાગમ જ છે. ભગવાનની વાણી છે, સંતોના કથન છે. સંતોના એ સોનેરી જાળુ જ નાખી છે એમાં. એમાં સુખશય્યા કરી સત્યનો માર્ગ સુખનો ... ભર્યો એ માર્ગ છે આ તો. એમાં ઈ કહ્યું'તું એ પરમાગમમાં. માણસને આકરું પડે. આહાહા! યોગ્ય આહાર ઉચિત આહારની આ વ્યાખ્યા. એને યોગ્ય આહાર હોવો જોઈએ. સમજાણું કાંઈ? એવા ૧૧ પડિમાધારી શ્રાવક, લ્યો.

પ્રતિમાઓ સંબંધી મુખ્ય ઉલ્લેખ (દોહરા)

**एकादश प्रतिमा दसा, कही देसव्रत मांहि।**
**वही अनुक्रम मूलसौं, गहौ सु छूटै नांहि।।७२।।**

**અર્થ :—**દેશવ્રત ગુણસ્થાનમાં અગિયાર પ્રતિમા ગ્રહણ કરવાનો ઉપદેશ છે, તે શરૂઆતથી ઉત્તરોત્તર અંગીકાર કરવી જોઈએ અને નીચેની પ્રતિમાઓની ક્રિયાઓ છોડવી ન જોઈએ. ૭૨.

**अर्थ :—**देशव्रत गुणस्थानमें ग्यारह प्रतिमाएँ ग्रहण करनेका उपदेश है। सो शुरूसे उत्तरोत्तर अंगीकार करना चाहिये और नीचेकी प्रतिमाओंकी क्रिया छोडना नहीं चाहिये।।७२।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

एकादश प्रतिमा दसा, कहीं देसव्रत मांहि. પાંચમા ગુણસ્થાનની આ દશા છે. એટલે મુનિ થયા પહેલાં. કોઈ મુનિ સીધાય થાય. એવું કાંઈ નહીં. वही अनुक्रम मूलसौं, દેખો. શ્વેતાંબરમાં તો એમ છે. લે ને મૂકે. આઠ પડિમા લે ને મૂકી દે. ૧૧ પડિમા લે ને છોડી દે એવું છે. હવે એ છે ૧૧ ગુણ્યા ૧૧. આંહીં તો वही अनुक्रम मूलसौं, गहौ सु छूटै नांहि. જે પડિમા લીધી છૂટે નહીં. ઠેઠ સુધી તેને(પાળે). આગળ જઈને મુનિ થાય. એવી પડિમાનો સ્વભાવ દશા. એ પંચમ ગુણસ્થાનના દેશવ્રતની આ વ્યાખ્યા થઈ, લ્યો. હવે એના જઘન્યની વાત.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૯૧, કારતક સુદ ૭, મંગળવાર તા. ૨૬-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાનાધિકાર પદ ૭૩ થી ૮૧ ઉપર પ્રવચન

૭૩મો બોલ છે. શ્રાવકની અગિયાર પડિમા. અધિકાર આવી ગયો. प्रतिमाओंकी अपेक्षा श्रावकोंके भेद.

પ્રતિમાઓની અપેક્ષાએ શ્રાવકોના ભેદ (દોહરા)

षट प्रतिमा तांई जघन, मध्यम नौ परजंत।
उत्तम दसमी ग्यारमी, इति प्रतिमा विरतंत।।७३।।

**અર્થ :**—છઠ્ઠી પ્રતિમા સુધી જઘન્ય શ્રાવક, નવમી પ્રતિમા સુધી મધ્યમ શ્રાવક અને દસમી–અગિયારમી પ્રતિમા ધારણ કરનારાઓને ઉત્કૃષ્ટ શ્રાવક કહે છે. આ પ્રતિમાઓનું વર્ણન પૂરું થયું. ૭૩.

**अर्थ :**—छठवीं प्रतिमा तक जघन्य श्रावक, नववीं प्रतिमा तक मध्यम श्रावक और दसवीं ग्यारहवीं प्रतिमा धारण करनेवालोंको उत्कृष्ट श्रावक कहते हैं। यह प्रतिमाओंका वर्णन पूरा हुआ।।७३।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

પ્રતિમા એટલે આ મૂર્તિ નહીં હોં. પડિમા એટલે ગુણસ્થાનની મર્યાદાના અંશ વિશેષ. પંચમ ગુણસ્થાનમાં આત્માના અનુભવ સહિત.. સવારે આવ્યું'તું ને. પરદ્રવ્યની સાથે શું તારે સંબંધ છે? (શ્રોતા : પહેલા ... છે). પહેલા. કીધું ને તતજ્ કીધું છે ને તતજ્ 'તે'. ક્યાંય જુદા તારાથી રહ્યા. એની સાથે શું સંબંધ તને છે? એનાથી તને શું ફળની પ્રાપ્તિ છે? એમ છે. લાભ શું છે એનાથી? આહા! જેને શુભભાવથી લાભ નથી. જેને પરદ્રવ્ય—તીર્થંકર, દેવ, ગુરુ, શાસ્ત્ર કે સ્વજન, દુશ્મન, કુટુંબ આદિ એનાથી તને શું ફળ? કેમ કે એના તરફનો આશ્રય રહેશે તો તને રાગ થશે, બંધન થશે. આહા! આવી સત્ય વાત વીતરાગમાર્ગમાં હોય. વીતરાગ એમ કહે. ત્રણલોકના નાથ તીર્થંકર હો, ઈન્દ્રના પૂજનીક. કહે છે કે મને પૂજવાના કારણે તને શું લાભ છે? આહાહા! ગજબ વાત છે ને.

(શ્રોતા : પ્રતિમાને નહીં માનનારા એમ જ કહે છે ને). અરેરે! એને ક્યાં શું ખબર? કે પહેલા પ્રતિમા માનતા નહોતા. હવે આંહીં આવ્યા ત્યારે હજી ઈ ની ઈ ગંધ રહી ગઈ, એમ કહે છે. અરે, પ્રતિમા તો એક શુભભાવ હોય, ત્યારે એમાં નિમિત્ત તરીકે

કહેવામાં આવે છે. પણ એનાથી આત્માને ધર્મનું ફળ આવે, એ નથી. આવો માર્ગ છે. આ ગજબ વાત છે. સમજાણું કાંઈ? અને એની મર્યાદામાં એવો ભાવ ન જ હોય એ જૂઠ છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગદશા થઈ નથી ત્યાં સુધી એને એવો ભાવ હોય, પણ એનાથી આત્માના શાંતિનું ફળ, ધર્મનું ફળ એમાં નથી. આહાહા! આવો માર્ગ એવો છે પણ શું થાય? અનંતકાળમાં નિરાધાર અશરણ થઈને અનાથ થઈને રખડે છે. આહા!

પ્રતિમા મૂળ તો સમ્યગ્દર્શન જેને અંતર આત્મા પૂર્ણ અનંતગુણનો પિંડ પ્રભુ એવું જેને સ્વને આશ્રયે સ્વસન્મુખ થઈને જેને રાગથી પૃથક્ થઈને સ્વભાવની અનુભવ દશા થઈને જે પ્રતીત થાય ત્યારે તેને સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને કહેવાય. આહાહા! ધર્મની શરૂઆતની એ ભૂમિકા કહેવાય. એ ઉપરાંત અહીંયા તો વાત છે. આહાહા! બીજો ચોકડી કષાય (નો નાશ છે.) જેણે સ્વનો આશ્રય ઉગ્રપણે લઈને, ચોથામાં જે સ્વનો આશ્રય હતો એના કરતાં પંચમ ગુણસ્થાન શ્રાવકની સાચી દશામાં એણે ભગવાન અંતર્મુખનો વિશેષ આશ્રય લીધો છે અને એનાથી પ્રગટેલી નિર્મળ શાંતદશા જેને ચોથા કરતાં વધી ગઈ છે. આહા! એવા પંચમ ગુણસ્થાનમાં આવી અગિયાર દશા હોય છે એનું વર્ણન છે ને. કીધું ને.

कही देसव्रत मांहि. એકલા વ્રત વિકલ્પ એમ નહીં. ચૈતન્ય ભગવાન પૂર્ણ શાંત.. શાંત પૂર્ણ અતીન્દ્રિય આનંદનો નાથ એના અંતર શરણે જતાં જે શાંતિ નિર્વિકારી નિર્વિકલ્પ દશા ચોથા કરતાં પાંચમામાં વિશેષ વધે એને શ્રાવક કહેવામાં આવે છે. કહો, પોપટભાઈ! કે આ વાડામાં થઈ ગયા શ્રાવક, માટે શ્રાવક થયા એમ છે નહીં. એને અગિયાર પડિમા, ચોથાથી પાંચમામાં આવતાં ગુણની દશા મોક્ષને સન્મુખના અંશો વધ્યા છે. એને પડિમાના ભેદ અગિયાર હોય છે.

षट प्रतिमा जघन—છ પ્રતિમા સુધી પડિમાના અંશો છે એને જઘન્ય દશા કહેવામાં આવે છે. પડિમાની જઘન્ય દશા ધર્મની બીજા નંબરની દશા. પણ જ્યાં સુધી પડિમાનો—છ પડિમાનો ભાવ હોય, શુદ્ધતાના અંશો નિર્વિકલ્પ દશાની પરિણતિ, એને જઘન્ય એટલે જઘન્ય દરજ્જાની પ્રતિમા કહેવામાં આવે છે.

मध्यम नौ—સાતથી નવ. સાત, આઠ ને નવ—ત્રણ જે છે એ વિશેષ વિશેષ અંશો શુદ્ધિ વધી છે એથી એને મધ્યમ ગણવામાં આવે છે. અને ઉત્તમ દસ અને અગિયારમી. ૧૦ અને ૧૧મી પ્રતિમાને ઉત્તમ કહેવામાં આવે છે. સ્ત્રીના આત્માને હોય આ. સમજાણું કાંઈ? આત્મા છે ને. એને છઠ્ઠું ગુણસ્થાન ન હોય. જેનું શરીર સ્ત્રીનું છે એને છઠ્ઠું ગુણસ્થાન મુનિપણાનું ત્રણકાળમાં કોઈ દિ' આવે નહીં એવી એની મર્યાદા છે. પણ આ

દશા આવી શકે. હા, ૧૧ પડિમા સુધી પણ આવે. ગુણસ્થાનની મર્યાદા પાંચમાની છે.

पाँचवें गुणस्थानका काल. કાળ કેટલો એનો કાળ?

પાંચમા ગુણસ્થાનનો કાળ (ચોપાઈ)

एक कोडि पूरव गिनि लीजै।
　　तामैं आठ बरस घटि कीजै।।
यह उत्कृष्ट काल थिति जाकी।
　　अंतरमुहूरत जघन दशाकी।।७४।।

**અર્થ :—**પાંચમા ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ એક કરોડ પૂર્વમાં આઠ વર્ષ ઓછા, અને જઘન્ય કાળ અંતર્મુહૂર્ત છે. ૭૪.

**अर्थ :—**पाँचवें गुणस्थानका उत्कृष्ट काल आठ वर्ष कम एक कोटि पूर्व और जघन्य काल अंतर्मुहूर्त है।।७४।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

પાંચમા ગુણસ્થાનની મુદત પડિમાધારીની અને પાંચમા ગુણસ્થાનની મુદત. ઉત્કૃષ્ટ કાળ—આઠ વર્ષ કમ એક કરોડ પૂર્વ. કરોડ પૂર્વમાં આઠ વર્ષ કમ. આઠ વર્ષથી કોઈ પાંચમા ગુણસ્થાનમાં પડિમા ધારણ કરે. પંચમ ગુણસ્થાન. આઠ વર્ષ ઘટ—કમ. કારણ કે આઠ વર્ષ પહેલાં એને પંચમગુણસ્થાન આવે નહીં. આઠ વર્ષ પછી સમ્યગ્દર્શન થઈને આવી નિર્મળ દશા એની થાય. ઉત્કૃષ્ટ કાળ. अंतरमुहूरत जघन—છેલ્લો અંતર્મુહૂરત રહે ને એકદમ સમ્યગ્દર્શન થાય અને પડિમા પણ થાય. અંતર્મુહૂર્ત પણ હોઈ શકે. હવે એનો એક ક્રોડ પૂર્વનું માપ કહે છે.

એક પૂર્વનું માપ (દોહરા)

सत्तर लाख किरोर मित, छप्पन सहस किरोड़।
ऐते बरस मिलाइके, पूरव संख्या जोड़।।७५।।

**અર્થ :—**સત્તર લાખ અને છપ્પન હજારને એક કરોડ વડે ગુણવાથી જે સંખ્યા પ્રાપ્ત થાય છે, એટલા વર્ષનો એક પૂર્વ થાય છે. ૭૫.

**अर्थ :—**सत्तर लाख छप्पन हजारको एक करोड़का गुणा करनेसे जो संख्या प्राप्त होती है, उतने वर्षका एक पूर्व होता है।।७५।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ક્રોડ પૂર્વનું આયુષ્ય હોય એમાં આઠ વર્ષ કમ, ૧૧ પડિમા હોય એને. એ ક્રોડ પૂર્વ કોને કહીએ? કે એક ક્રોડ એમાં પૂર્વ જે છે એ સીત્તેર લાખ કરોડ અને છપ્પન હજાર કરોડ, એટલા વર્ષનું એક પૂર્વ થાય. સીત્તેર લાખ ક્રોડ, છપ્પન હજાર ક્રોડ એટલા વર્ષનું એક પૂર્વ. એવા એવા ક્રોડ પૂર્વ. સંખ્યાતુ છે. એમાં કંઈ અસંખ્ય નથી. અનંતું તો છે જ નહીં. અંતર્મુહૂર્તનું માપ હવે. ઓલું ક્રોડ પૂર્વનું માપ કહ્યું.

અંતર્મુહૂર્તનું માપ (દોહરા)

अंतर्मुहूरत द्वै धरी, कछुक घाटि उतकिष्ट।
एक समय एकावली, अंतरमुहूर्त कनिष्ट॥७६॥

**અર્થ :—**બે ઘડીમાં એક સમય ઓછો હોય તે અંતર્મુહૂર્તનો ઉત્કૃષ્ટ કાળ છે અને એક આવળી કરતાં એક સમય વધારે હોય તે અંતર્મુહૂર્તનો જઘન્ય કાળ છે તથા વચ્ચેના અસંખ્ય ભેદો છે. ૭૬.

**अर्थ :—**दो घड़ीमेंसे एक समय कम अंतर्मुहूर्तका उत्कृष्ट काल है और एक समय अधिक एक आवली अंतर्मुहूर्तका जघन्य काल है तथा बीचके असंख्यात भेद हैं॥७६॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

अंतर्मुहूरत द्वै धरी—બે ઘડી. कछुक घाटि उतकिष्ट—ઓછું કંઈક. एक समय एकावली. જઘન્ય. ઓલું ઉત્કૃષ્ટ કીધું. અંતર્મુહૂર્તમાંય ઉત્કૃષ્ટ અને જઘન્ય બે. અંતર્મુહૂર્તમાં कछुक घाटि ઉત્કૃષ્ટ એને કહીએ અંતર્મુહૂર્ત. एक समय एकावली अंतर्मुहूरत कनिष्ट. જઘન્ય અંતર્મુહૂર્ત કહીએ. આ તો ગણતરીનો વિષય છે. આ તો બધું સાધારણ છોકરાઓને આવડે. હવે, छट्ठे गुणस्थानका वर्णन. હવે મુનિ કેવા હોય એનું વર્ણન. આહાહા!

છટ્ઠા ગુણસ્થાનના વર્ણનની પ્રતિજ્ઞા (દોહરા)

यह पंचम गुनथानकी, रचना कही विचित्र।
अब छट्ठे गुनथानकी, दसा कहूं सुन मित्र॥७७॥

**અર્થ :—**પાંચમા ગુણસ્થાનનું આ વિચિત્ર વર્ણન કર્યું, હવે હે મિત્ર, છટ્ઠા ગુણસ્થાનનું સ્વરૂપ સાંભળો. ૭૭.

**अर्थ :—**पाँचवें गुणस्थानका यह विचित्र वर्णन किया, अब हे मित्र, छट्ठे गुणस्थानका स्वरूप सुनो॥७७॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

મુનિ કેવા હોય છટ્ઠે ગુણસ્થાને એની દશા હવે કહું છું. હે મિત્ર! એમ કરીને કહ્યું.

છઠ્ઠા ગુણસ્થાનનું સ્વરૂપ (દોહરા)

पंच प्रमाद दशा धरै, अट्ठाइस गुनवान।
थविरकल्पि जिनकल्पि जुत, है प्रमत्तगुनथान।।७८।।

**અર્થ :**—જે મુનિ અઠ્ઠાવીસ મૂળગુણોનું પાલન કરે છે, પરંતુ પાંચ પ્રકારના પ્રમાદોમાં કિંચિત્ વર્તે છે, તે મુનિ પ્રમત્ત ગુણસ્થાની છે. આ ગુણસ્થાનમાં સ્થવિરકલ્પી અને જિનકલ્પી બન્ને પ્રકારના સાધુ રહે છે. ૭૮.

**अर्थ :**—जो मुनि अट्ठाईस मूलगुणोंका पालन करते हैं, परन्तु पाँच प्रकारके प्रमादोंमें किंचित वर्तते हैं, वे मुनि प्रमत्त गुणस्थानी हैं। इस गुणस्थानमें स्थविरकल्पी और जिनकल्पी दोनों प्रकारके साधु रहते हैं।।७८।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

છઠ્ઠા ગુણસ્થાનમાં એને ત્રણ કષાયનો નાશ થઈ ગયેલો હોય છે. આત્માની શાંતિ પંચમ ગુણસ્થાનના શ્રાવક કરતાં એની શાંતિ.. શાંતિ.. પ્રશાંત રસ વધી ગયો છે. આહા! સમજાણું કાંઈ? આ તે મુનિ આલીદુઆલી થઈ ગયા સાધુ. આહાહા! હજી તો સમકિત કોને કહેવું એની ખબર ન મળે અને સાધુ થઈ જાઓ. ભાઈ! સાધુ હુઆ તો સિદ્ધ હુઆ. આહા! જેને પંચપ્રમાદ હોય જરી, કહે છે. છઠ્ઠે ગુણસ્થાન છે ને. આનંદ ઘણો હોય છે. પ્રચુર સ્વસંવેદન હોય છે. ઓહો! આનંદની દશામાં એ ઝૂલતા હોય છે. જેમ હીંચે હિંચોળે હિંચકે એમ જેને ક્ષણે ને પળે, ક્ષણે ને પળે, સાતમી ભૂમિકા આનંદની આવે, એની પહેલાં આવે છઠ્ઠી પ્રમત્ત દશાની. પણ અંદર હોય અતીન્દ્રિય આનંદનો સ્વાદિયો. આહાહા! સમજાય છે કાંઈ? ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે એનો એને પાંચમા ગુણસ્થાન કરતાં પણ આનંદની શાંતિની અવસ્થા એને વધી ગઈ છે. આહાહા! કહો, શાંતિભાઈ! આવું છઠ્ઠું ગુણસ્થાન.

अट्ठाइस गुनवान. વિકલ્પ હોય તેને ૨૮ મૂળગુણના હોય, છઠ્ઠા ગુણસ્થાનમાં. નામ આપશે નીચે. ૨૮ ગુણના નામ આપશે. थविरकल्पि जिनकल्पि जुत. સ્થવિરકલ્પિ ઘણાં સાધુની સંખ્યામાં ભેગો રહે, ઉપદેશ કરે પણ હોય એ વનવાસી અને નગ્ન. સમજાણું કાંઈ? આહા! ભારે! આગળ કહેશે. दोऊ वनवासी दोऊ नगन रहतु हैं. ૮૪ (૫૬)માં કહેશે. મુનિને અંતરમાં ઘણો આનંદ આવે. એ આનંદ આગળ એને કયાંય માણસના નગરમાં, ગામમાં રહેવાની એની લાભવૃત્તિ ઠરે નહીં. આહાહા! કહો, સમજાણું કાંઈ?

એ સ્થવિરકલ્પિ ઘણાં સાધુમાં ભેગા રહે એટલું. જિનકલ્પિ એકલા રહે. વનમાં તો બેય રહે. નગ્ન બેય હોય. આહા! પણ એકલા નગ્ન નહિ, અંદરમાં રાગની લાગણીઓ

ઘણી કાપી નાખી છે. જરી પ્રમાદનો વિકલ્પ આદિ છે એ કહેશે. ઈ પ્રમત્ત ગુણસ્થાન એને કહેવામાં આવે છે. આહા! જે પરમેશ્વર દશામાં ભળેલ છે. સમજાણું કાંઈ? એને પ્રમાદના નામ આપે છે. પંચ પ્રમાદ કહ્યા'તા ને. ૨૮ મૂળગુણ કહ્યા હતા માથે. બેયનો વિસ્તાર.

પાંચ પ્રકારના પ્રમાદોના નામ (દોહરા)

धर्मराग विकथा वचन निद्रा विषय कषाय।
पंच प्रमाद दसा सहित, परमादी मुनिराय।।७९।।

**અર્થ** :—ધર્મમાં અનુરાગ, વિકથાવચન, નિદ્રા, વિષય, કષાય—એવા પ્રમાદ સહિત સાધુ છઠ્ઠા ગુણસ્થાનવર્તી પ્રમત્ત મુનિ હોય છે. ૭૯.

**अर्थ** :—धर्ममें अनुराग, विकथावचन, निद्रा, विषय, कषाय ऐसे पाँच प्रमाद सहित साधु छट्ठे गुणस्थानवर्ती प्रमत्तमुनि होते हैं।।७९।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

धर्ममें अनुराग. ધર્મીને ધર્મ પ્રત્યે તેને જરી રાગ-શુભરાગ આવે. છે બંધનું કારણ, છે પ્રમાદ. એ ગુણસ્થાનનું વર્ણન છે ને. આહાહા! ધર્મનો રાગ એ પણ પ્રમાદ છે. આહા! ભગવાન આત્મા અતીન્દ્રિય ધામમાં વસેલું તત્ત્વ છે. એમાંથી જરી પણ બહાર નીકળવું એ પ્રમાદ છે. આહા! હવે આ ધર્મનો અનુરાગ એ પ્રમાદ છે એમ કહે છે. આહા! એથી એને પ્રમત્ત ગુણસ્થાન કહેવામાં આવે છે ને. આહા!

विकथावचन. કાંઈક રાગનું વચન નીકળે. રાગ છે ને જરી એવું વચન હોય. તેથી પ્રમાદ ગણવો છે ને. નિદ્રા હોય. છઠ્ઠે ગુણસ્થાને નિદ્રા હોય. સાતમે ન હોય. એક પોણી સેકન્ડની અંદર નિદ્રા આવે. આંહીં આઠ-નવ વાગ્યે સૂએ તે સવારે છ વાગ્યે ઊઠે એમ નહીં. આહા! અરે, પરમેશ્વરને પડખે ચડ્યો ને પરમેશ્વરનું પદ લેવા મથે છે એને નિદ્રા કેવી? આહાહા! પૂર્ણ પરમેશ્વર થવા માગે છે ને. પણ હજી પ્રમત્તદશા છે. જરી નિદ્રા. રાત્રિના પાછલા ભાગમાં પીછલી રયની. (શ્રોતા : .....) હા. એ જરી. એક પડખે સહેજ નિદ્રા. આહાહા! એને અહીંયા પ્રમત્ત ગુણસ્થાન કહેવામાં આવે છે.

સાધુપદ અને ગુણસ્થાન છઠ્ઠું કેવું હોય એની જેને હજી શ્રદ્ધાના જ્ઞાનની ખબર નથી અને એમ માને કે અમે દેવ-ગુરુ-શાસ્ત્રને માનીએ છીએ. સમજાણું કાંઈ? ચારિત્રવંત મુનિ. આહાહા! સ્ત્રીના દેહ હોય જેને, એને તો ચારિત્ર અને મુનિપણું તો ત્રણકાળ ન હોઈ શકે. એ જે મુનિ છીએ એમ માને એ તો મિથ્યાદૃષ્ટિ ગૃહિત મિથ્યાદૃષ્ટિ છે. કહો,

મેળ ખાવો કઠણ, જગત સાથે હોં. સમજાણું કાંઈ? નિદ્રા જરી આવે, કહે છે. ઈ છઠ્ઠા ગુણસ્થાન સુધી નિદ્રાનો અલ્પકાળ હોય છે એટલું બતાવવું છે. પછી હોતું નથી. ધ્યાન આનંદદશા. અપ્રમત્તદશા સાતમું ગુણસ્થાન ત્યાં નિદ્રા હોતી નથી. આ ધર્મરાગ નહિ, વિકથા નહિ.

જરી વિષયનો રાગ જરી સૂક્ષ્મ આવી જાય, પર તરફનો રાગ, કષાયનો ભાગ એ આવી જાય એને અહીં પ્રમાદ કહેવામાં આવે છે. પણ એની સાથે અંદર નિર્વિકલ્પ સ્વસંવેદન વીતરાગી પરિણતિ ઊભી થઈ છે એને ખરું ગુણસ્થાન કહેવામાં આવે છે. એની હદમાં આવું હોય છે એટલું બતાવે છે. આહાહા! કહો, જાદવજીભાઈ! આ તો જય નારાયણ હતું બધે. (શ્રોતા : .....) વિકથા એક રાગભાવ. વચન નિકલા એ જ વિકથા. (શ્રોતા : ઉપદેશ ભી રાગવાલા હી હૈ.) રાગવાળા જ છે. ખરેખર તો એ રાગ, ઉપદેશ એ વિકથા છે ખરેખર તો. આહાહા! ગજબ વાત છે ભાઈ આ તો! આ તો વીતરાગમાર્ગની વાતું છે. સમજાણું કાંઈ? રાગ. એ વાણી નીકળે છે ને. વાણી તો વાણીને કારણે, પણ એમાં રાગ છે થોડો. છદ્મસ્થ છે ને. એટલે એકલી કથા એમ નહીં. કથા તો વીતરાગને પણ હોય પણ રાગવાળી જે છે, એમ. આહાહા!

पंच प्रमाद दसा सहित, परमादी मुनिराय, લ્યો. એને આટલો થોડો પ્રમાદ થોડો હોય છે પણ અંતર નિર્મળતા ત્રણ કષાયના અભાવની. ઓહોહો! જેને શાંતિના શેરડા ઊઠે છે અંદરથી. શાંતિ.. શાંતિ.. શાંતિ. ઉપશમ રસ જામી ગયો છે. બરફ જેમ જામે એમ મુનિને અંતરમાં ઉપશમ રસ તો જામી ગયો છે. આહાહા! ધન્ય અવતાર છે ને ઈ! ભલે પ્રમાદનો વિકલ્પ છે પણ દશા આવી ગુણની છે, કહે છે. સમજાણું કાંઈ? હવે હજી છઠ્ઠા ગુણસ્થાનવાળા કેવા હોય, ગુરુ ચારિત્રવંત કેવા હોય એની ખબર ન મળે અને એને ધર્મ થઈ જાય, લ્યો. બહારની ક્રિયા કરતા હોય, થઈ ગયા નગ્ન, આ સાધુ. ભાઈ! એવા તો અનંતવાર નગ્નપણાં ધારણ કર્યાં. આત્માના ભાન વિના ૧૧ પડિમાઓ પણ અનંતવાર કરી એ બધી સંસાર ખાતે રખડવા ખાતે છે. આહાહા!

હવે ૨૮ ગુણની વાત. ૨૮ મૂળગુણ કહ્યા'તા ને.

સાધુના અઠ્ઠાવીસ મૂળગુણ (સવૈયા એકત્રીસા)

**पंच महाव्रत पालै पंच समिति संभालै,**
**पंच इंद्री जीति भयौ भोगी चित चैनकौ।**
**षट आवश्यक क्रिया दर्वित भावित साधै,**
**प्रासुक धरामैं एक आसन है सैनकौ॥**

मंजन न करै केश लुंचै तन वस्त्र मुंचै,
त्यागै दंतवन पै सुगंध स्वास वैनकौ।
ठाड़ौ करसे आहार लघुभुंजी एक बार,
अट्ठाइस मूलगुनधारी जती जैनकौ॥८०॥

**શબ્દાર્થ** :—પંચ મહાવ્રત=પાંચ પાપોનો સર્વથા ત્યાગ. પ્રાસુક=જીવ રહિત. સૈન (શયન)= સુવું. મંજન=સ્નાન. કેશ=વાળ. લુંચૈ=ઉખાડે. મુંચૈ=છોડે. કરસે=હાથથી. લઘુ=થોડું. જતી=સાધુ.

**અર્થ** :—પાંચ મહાવ્રત પાળે છે, પાંચે સમિતિપૂર્વક વર્તે છે, પાંચે ઇન્દ્રિયોના વિષયોથી વિરક્ત થઈને પ્રસન્ન થાય છે, દ્રવ્ય અને ભાવ છ આવશ્યક સાધે છે, ત્રસ જીવ રહિત ભૂમિ પર પડખું બદલ્યા વિના શયન કરે છે, જીવનભર સ્નાન કરતા નથી, હાથથી કેશલોચ કરે છે, નગ્ન રહે છે, દાતણ કરતા નથી તોપણ વચન અને શ્વાસમાં સુગંધ જ નીકળે છે, ઊભા રહીને ભોજન લે છે, થોડું ભોજન લે છે, ભોજન દિવસમાં એક જ વાર લે છે, આવા અઠ્ઠાવીસ મૂળગુણોના ધારક જૈન સાધુ હોય છે. ૮૦.

**अर्थ** :—पंच महाव्रत पालते हैं, पाँचों समितिपूर्वक वर्तते हैं, पाँचों इन्द्रियोंके विषयोंसे विरक्त होकर प्रसन्न होते हैं, द्रव्य और भाव छह आवश्यक साधते हैं, त्रस जीव रहित भूमिपर करवट रहित शयन करते हैं, यावज्जीवन स्नान नहीं करते, हाथोंसे केशलोंच करते हैं, नग्न रहते हैं, दंतवन नहीं करते, तो भी वचन और श्वासमें सुगंध ही निकलती है, खड़े भोजन लेते हैं, थोड़ा भोजन दिनमें एक बार लेते हैं। ऐसे अट्ठाईस मूलगुणोंके धारक जैन साधु होते हैं॥८०॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

એ જૈનના જતિ આવા હોય. ઓલા જતિ છે એ જતડા નહીં હોં. ઓલાય જતિ કહેવાય છે ને. જતિ એટલે આત્માના આનંદની જતના—રક્ષા કરે એને જતિ કહીએ. આહાહા! આત્માનો રક્ષક. આત્માનો રક્ષક છે. પૂર્ણાનંદનો નાથ આત્મા. સિદ્ધધામ જ પોતાનું સ્વરૂપ છે. એની પોતે રક્ષા કરે છે સ્થિર થઈને, જતના કરે છે, જયણા કરે છે એનું નામ જતિ. પરની જયણા કરે દયાની માટે જતિ, એ પણ નહીં. સમજાણું કાંઈ? આહાહા!

पंच महाव्रत पालै. ભાષા તો વ્યવહારનયના કથનમાં એમ આવે ને. લ્યો, પંચમહાવ્રત છે તો વિકલ્પ, રાગ શુભરાગ છે ઈ. સમજાણું? पंच महाव्रत पालै. પાઠ એવો છે ને. એનો અર્થ છે કે આત્માના આનંદના સ્વાદની ઉગ્ર દશાના કાળમાં પણ છઠ્ઠી ભૂમિકામાં એને પંચમહાવ્રતના વિકલ્પ હોય છે, બસ. એને વ્યવહારનયે પાળે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આરે, આરે! વાતે વાતે ફેર. આંહીં કહે પાળે, ત્યારે

આંહીં કહે હોય. હોય છે ખરું. એટલો ભાવ ત્યાં હોય છે. એને વ્યવહારનયે પાળે એમ કહેવામાં આવે છે. રાગને પાળે આસ્રવને? પંચ મહાવ્રતના પરિણામ તો આસ્રવ છે. આહાહા! એ મુનિપણું નથી કંઈ. મુનિપણું તો અંદરમાં આનંદની દશા આમ ઉગ્ર વેદન છે તે છે. પણ એ ભૂમિકામાં આવા ભાવ હોય છે, એને પાળે એમ કહેવામાં આવે છે, લ્યો. નીચે ખુલાસો કર્યો છે.

यहाँ अनंतानुबंधी, अप्रत्याख्यान, प्रत्याख्यान इन तीन चौकड़ीकी बारह कषायोंका अनुदय ....હોય છે. ઉદય ન હોય और संज्वलन कषायका तीव्र उदय रहता है. એમ જરી પ્રમાદ છે ને. इससे वे साधु किंचित् प्रमादके वशमें होते हैं. और शुभाचारमें विशेषतया वर्तते हैं. દેખો, શુભ આચાર પંચ મહાવ્રત આદિ.

यहाँ विषयसेवन वा स्थूलरूपसे कषायमें वर्तनेका प्रयोजन नहीं है. हाँ शिष्योंको ताड़ना आदि विकल्प तो भी हैं. હજી ઠપકો આપે કોઈ ભૂલ હોય તો. એટલો પણ રાગ છે ને. છે એટલો રાગ (એ), દોષ (છે). હોય છે. पंच महाव्रत पालै— અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એવા પાંચ પ્રકારના એને શુભરાગનો આચરણભાવ હોય છે. સમજાણું કાંઈ? 'નિયમસાર'માં નિશ્ચયની વાતમાં તો વ્યવહારને સંભાર્યું નહોતું. પણ આંહીં તો ગુણસ્થાનની મર્યાદા બતાવવી છે ને. આહાહા! રાગનો અંશ ઉદય હોય તો આ જાતનો હોય. આહાહા!

पंच महाव्रत पालै पंच समिति संभालै. જોઈને ચાલવું વિગેરે. વિચારીને બોલવું. એષણા–નિર્દોષ આહાર-પાણી એને માટે નહીં કરેલા એવું એષણાથી લેવું. લેવું એ તો એક શબ્દની કથની છે પણ એ પ્રકારે એષણાનો ભાવ નિર્દોષ આહાર પાણી લેવાનો વિકલ્પ હોય. વસ્તુને જોઈને મૂકવી-લેવી-મૂકવી અને પઠની વિચારીને, ઈ પાંચ સમિતિ હોય છે. સંભાલે કીધું, લ્યો. છે તો વિકલ્પ-રાગ. નિશ્ચયમાં એવા વિકલ્પ હોય તેની જ્ઞાની ધર્માત્મા જાણે છે. જાણે છે. ખરેખર તો સ્થિરતાની અપેક્ષાએ એથી અસ્થિરતાથી તો મુક્ત છે. દૃષ્ટિની અપેક્ષાએ તો મુક્ત છે. હા. ચારિત્રની અપેક્ષાએ એ વિકલ્પથી મુક્ત છે અહીંયા. જેટલી સ્થિરતા છે એને ચારિત્ર કહીએ. આ છે અચારિત્ર. આરે! સમજાણું કાંઈ? આ બધાય આવા જૈનના સાધુ હોય છે. પણ કો'ક આવા ને કો'ક કેવા એમ નહીં. સમજાણું કાંઈ?

હવે એક જણો ઓલો છે ને સુશીલ સ્થાનકવાસી સાધુ. ઈ કહે, ણમો લોએ સવ્વસાહૂણં. એમાં ક્યાં કીધા છે કે જૈનના સાધુ આવા હોય? તો બધા લોકમાં જેટલા સાધુ છે જયનારાયણ. ણમો લોએ સવ્વ સાહૂણં આવે છે એમાં છે ણમો લોએ જૈન

સાધુ? પણ સાધુ જૈનના આવા જ હોય. સાંભળને, આવા ને આવા માળા! એવા ભેખધારી પાક્યા છે ને. વીતરાગમાર્ગની પેઢીને... (શ્રોતા : દેવાળામાં લઈ જાય છે). ણમો લોએ સવ્વ સાહૂણં. જયભગવાન.

એમ આ તારાચંદભાઈ હતા એય કહેતા થોડું. સંખ્યા મોટી નહોતી માટે. આ વીરજીભાઈના બાપ. વીરજી વકીલ હતા ને એના બાપ. બહુ જાણતા. વાંચેલું બહુ આ સ્થાનકવાસીમાં. સાધુ-સાધ્વીની વાત. ઈ એવો અર્થ કરતા કે આટલા બધા સાધુ શાસ્ત્રમાં કહ્યા છે તે આપણા સાધુ ન મલે તો અન્યના પણ લેવા એમાં ભેગા. કાંતિભાઈ! જોયા'તા તમે તારાચંદભાઈને? વીરજીભાઈના પિતા. આહા! માણસ ઘણા ઠેઠ .... ૭૪માં. લાઠી ચોમાસું હતું. પોષા કરવા આવ્યા. પોતે ડોસા લાઠીના. આમ માણસ બહુ નરમ. અભિમાન નહીં પણ આ વસ્તુની ખબર નહીં ને એટલે બિચારા ભણેલા ઘણું. પણ આમ બોલે કે આંહીં સાધુ પણ ભઈ બધાને ગણવા પડશે. ગણ્યા, કીધું, સાધુ હતા કે દિ'? આહાહા! જેને હજી ગુણની કેટલી દશાવાળાને સાધુ કહીએ, એની ખબર ન મળે. એને આત્માની ખબર હોય શેની? આહાહા! સમજાણું કાંઈ?

पंच इंद्री जीति. અણીન્દ્રિય ભગવાન આત્મા એના રમતમાં રમે છે એને પાંચ ઈન્દ્રિયના વિષયનું જીતવું હોય છે. સ્થિરતામાં હોં. સમજાણું કાંઈ? આમ તો સમકિતી જ પાંચ ઈન્દ્રિયોનો જીતનાર છે. કઈ અપેક્ષાએ? કે જેટલી ઈન્દ્રિયો આ જડ, ભાવ ઈન્દ્રિય ખંડ ખંડ જ્ઞાન કરાવે તે અને વિષયો બધાથી અધિક ભિન્ન આત્માનું ભાન હોય છે. એણે ઈન્દ્રિયને જીતી એમ સમકિતીને કહેવાય છે, પણ આ એના ઉપરાંત અસ્થિરતાને જીતે, એને માટે આમ કીધી વાત. પાંચ ઈન્દ્રિયોનો જે અસ્થિરતાનો જે વિકલ્પ હોય એને જીતે છે.

भयो भोगी चित चैनकौ, લ્યો. पाँचों इन्द्रियोंके विषयोंसे विरक्त होते हैं. આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. અતીન્દ્રિય આનંદ. એ અતીન્દ્રિય આનંદને ચૂસતા હોય છે મુનિ. આહાહા! આ છોકરાઓ લાકડાને ચૂસતા નથી. શું કહેવાય ચૂસણીયું. નાના બાળકને ન આપે? અંગૂઠો. મોટા થાય પછી આ આઈસ્ક્રીમ, કૂલ્ફી. આ ધર્મમાં મોટા થાય એ આત્માને ચૂસે, એમ કહે છે. આહાહા! એ આત્માનું ચૂસણીયું એવું છે કે ચક્રવર્તીના છ ખંડના રાજને છોડાવીને ચૂસણીયામાં જાય. ૯૬ હજાર પદ્મણી જેવી સ્ત્રીઓ એના પ્રત્યેની આસક્તિનો રાગ, એને છોડીને ભગવાનના આનંદના ચૂસણીયામાં અંદર જાય છે. આહાહા! સમજાણું કાંઈ? એવી પાંચ ઈન્દ્રિય જીતીને भयो भोगी चित चैनकौ—આત્માના આનંદમાં ભોગી થયો. અતીન્દ્રિય આનંદનો ભોગી છે.

षट आवश्यक क्रिया दर्वित भावित साधै. એ સામાયિક, ચઉવિસંતો, વંદના– છ આવે છે ને. એ દ્રવ્યે પણ વિકલ્પ હોય એવો અને ભાવે પણ એની નિર્મળતા હોય. એને છ આવશ્યક જરૂર હોય આહા! આવશ્યક આદર્શ હોય એને.

प्रासुक धरामैं एक आसन है सैनकौ. આ પ્રાસુક ધરામેં. ધરા.. ધરામેં. પ્રાસુક એટલે અચેત. ધરા એટલે જમીન. આહા! एक आसन है सैनकौ. એકાસન થોડી. એકાસન. त्रस जीव रहित भूमिपर करवट रहित शयन करते हैं. પડખું ન ફેરવે, એમ કહે છે. આહાહા! આમથી આમ ફેરવે છે ને ઊંઘમાં આ રાતના. ઊંઘ ન આવે ત્યારે. જમણેથી ડાબે ને ડાબેથી જમણે આમથી આમ. એને ન હોય, કહે છે, મુનિની દશામાં. આહાહા! ગજબ કરે છે એ દશાની તો! એટલો રાગ ઘટી ગયો છે ને એટલી શાંતિ વધી ગઈ છે કે એક કરવટ, આ એકબાજુ એક કરવટ લીધી હજી, તો બસ થઈ ગયું. પોણી સેકન્ડની અંદર નિદ્રા. આહા!

આવું મુનિપણું હોય એવું તો સાંભળ્યું ય ન હોય વાડામાં. શાંતિભાઈ! અમારા શાંતિભાઈ બચી ગયા. રહી ગયા નહીંતર એ... આહા! બૈરાએ રજા આપી દીધી. ...... પછી કહે જાઓ પછી. અમારે .... ઉદાસ.. ઉદાસ થઈ જાય છે. નગ્ન મુનિ થવું છે. ભાઈ! બાપા! નગ્ન મુનિ તો કોની જેને દશા અંદર હોય એ નગ્ન થાય. આહાહા! અરે, એની ગુણની મર્યાદાની અધિકતા કેટલી હોય એને, એની ખબરું નહીં ત્યાં પ્રગટ તો ક્યાં હોય એને? આહા! આ આકરું લાગે હોં બધાને સાંભળીને. ઈ કહે છે આ બધાનું માર્ગનું કલ્યાણ ઉડી જાય છે. આવું કરે તો એને કલ્યાણ થાય.

ત્યાં આવ્યા'તા ને જામનગર આ. રામજીભાઈએ મોકલ્યા'તા ને ૧૦-૧૫ જણાને. એ માણસ કોણ ભઈ, નહિ? ઓલો વૈષ્ણવ હતો ને સ્થાનકવાસી થયો. (શ્રોતા : રતીલાલ માસ્તર). રતીલાલ માસ્તર. હા, ઈ આવ્યા'તા. સ્થાનકવાસી હતા. પહેલા વૈષ્ણવ હતા. હા, ઈ. અહીં આવ્યા'તા. એને લઈને આવ્યા ફોજ ન્યાં. અમારા મહારાજ કહે છે કે બધું તમારું કલ્યાણનો માર્ગ રોકાઈ જાય છે આ. આવો માર્ગ છે. .....હતા લાલુભાઈ એ વખતે? પણ આ માણસ પાક્યો ધીરુભાઈના કાકાનો દીકરો. હિંમત. સજ્જન બહુ હોં માણસ સજ્જન જરી. હિંમતભાઈ. મહારાજને સાથે જે વાત કરવી હોય તે કરો. આડી અવળી રહેવા દો. માણસ સજ્જન. નહીંતર આ પ્રમુખ છે.

હવે હું તમારી સાથે વાત કરવા માગતો નથી ને તમારે શું છે, કીધું. મહારાજ આમ કહે છે ને વળી ઉપરથી... આ એક જ માર્ગ અમે કહીએ છીએ એ સાચો છે. બાકી તમારા બધા માર્ગ ખોટા–જૂઠા છે. ગપ્પા છે. આ એક જ માર્ગ વીતરાગનો જે અમે

કહીએ છીએ તે જ માર્ગ છે. બાકી બધાય માર્ગ જૂઠે-જૂઠા માર્ગ છે. પ્રમુખ કહે. આ તો ઓલા જાણે ચોર કોટવાળને દંડે એવી વાત છે. માર્ગ આ છે, કીધું. ત્રણલોકના નાથ તીર્થંકર સર્વજ્ઞનો કહેલો એક માર્ગ આ અમે કહીએ તે જ છે. એ સિવાય બધા તમારા માર્ગ જૂઠે-જૂઠા છે. હવે કોની સાથે તમારે ચર્ચા કરવી છે? એય! આહાહા! અરે, સાંભળ્યું નથી. ગૃહિત મિથ્યાદૃષ્ટિઓ અનંત નિગોદ અને નરકમાં જવાના છે અને માને છે કે અમે ધર્મી છીએ. આહા! બાપા! એના ફળ આકરાં છે, ભાઈ!

આંહીં તો કહે છે, एक वार आसन सैनकौ. આહાહા! ગજબ છે ને! આંહીં તો આઠ-આઠ કલાક સુધી સૂવે. સવારે ઊઠે, પછી ચા લઈ આવો, દાતણ કરો, ઢીકણાં. શેઠિયાની જેવી રીતિયું અને માને સાધુ. આહા! मंजन न करै—સ્નાન ન કરે. केश लुंचै तन वस्त्र मुंचै. વસ્ત્ર ન રાખે. મુનિને વસ્ત્ર હોય નહીં. ત્રણ કાળમાં એક કટકોય (ન રાખે.) એક વસ્ત્રનો કટકો પણ રાખીને મુનિપણું માને, મનાવે, નિગોદમાં જવાના છે. સમજાણું કાંઈ? માર્ગ આ છે. વીતરાગના મુખથી નીકળ્યો પંથ આ છે. બાકી બધા વાડા બાંધીને બેઠા ઈ ઊંધે રસ્તે છે. ચંદુભાઈ! ભારે માર્ગ ભાઈ આવો! આહાહા! तन वस्त्र मुंचै. એટલે વસ્ત્ર ન રાખે ન્યાં. આહા!

त्यागै दंतवन—દાંતણ કરે નહીં. મોઢા સવારમાં કોળિયા શું કહેવાય કોળિયા શું કહેવાય? કોગળા. કોગળા કરવા ને ઘસીને આમ કરવું. મુનિને તો, કહે છે, એવી દશા હોય અંદર કે જેને सुगंध स्वास वैनकौ—દાંત ને શ્વાસમાં સુગંધ આવે. એવી ગુણદશા પ્રગટી છે તે પુણ્ય એવા થઈ જાય, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? દાંત ધોવે નહીં, કોગળા કરે નહીં તો પણ એના શ્વાસમાં અને દાંતમાં સુગંધ આવે. આહાહા! એવું શરીરનું મોઢું એવું થઈ જાય, કહે છે. ગજબ જુઓને! જુઓ, એણે નાખ્યું જોયું. दंतवन नहीं करते, तो भी એની સાથે નાખ્યું છે, वचन और श्वासमें सुगंध ही निकलती है. આહાહા! એવી દશાને છટ્ઠા ગુણસ્થાનની મુનિદશા કહેવાય, પછી સ્થવિરકલ્પિ હોય કે જિનકલ્પિ. આવું છે બાપુ! એનાથી વિપરીત માને તો એને મિથ્યા દૃષ્ટિનું પાપ લાગશે. આહા!

ठाड़ौ करसे आहार—એ ઊભા–ઊભા આહાર લે. આહાહા! શરીરમાં રોગ આદિ થાય તો લોકો ઝાલીને ઊભા રાખે. (શ્રોતા : એમ ચાલે?) ચાલે છે ને અત્યારે. માર્ગમાં ચાલતું નથી. આહા! आहार लघुभोजी—થોડો આહાર, એકવાર આહાર. સમજાણું કાંઈ? સવારમાં ચા ના પાત્રા ફરે ને બપોરે આહાર ને બે વાગે વળી નાસ્તા, બદામ-પિસ્તા, સાંજે ખીચડી ને પાપડ. આહા! ભોગીયો છે, જોગી નહીં. ભોગી છે.

આહાહા! ધર્મની ખબર ન મળે અને ધર્મી મોટા બિરૂદ નામ ધરાવે. આહા! એકવાર આહાર પાછો હોં, આહાર પણ એકવાર થોડો.

ऐसे अठ्ठाईस मूलगुणोंके धारक जैन साधु होते हैं. વીતરાગમાર્ગના સાધુ ત્રણેકાળમાં આવા હોય છે. આમાં ફેરફાર કોઈ માને એ જૈનના જતિ નહીં. એ જૈનને માનનારા નહીં. આહાહા! સમજાણું કાંઈ? હવે જરી એ ૨૮ને વર્ણવે છે. એ સમુચ્ચય નામ આપ્યા'તા ને. નામ આપ્યા'તા.

પંચ અણુવ્રત ને પંચ મહાવ્રતનું સ્વરૂપ. આ કંઈ સંપ્રદાયની રીતની વાત નથી. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. 'કુંદકુંદઆચાર્ય' દેવ તો આહા! પોકાર.. પોકાર.. કોઈપણ સાધુ એક વસ્ત્રનો કટકો રાખી, અમે સાધુ છીએ એમ માને, મનાવે એ નિગોદને ઘરે જશે. એને ભગવાનના ઘર નહીં મળે. આહાહા! સમજાણું કાંઈ? પોપટભાઈ! ક્યા અપાસરે જતા તમે? દરિયાપરે? (શ્રોતા : દરિયાપરે. નજીક હતા ને). નજીક હતા એટલે. પણ સુંદરવળાના હતા? (શ્રોતા : આમ સુંદરવળાના) હં ઠીક. ઠીક. નજીક હોય ત્યાં જાઈએ.

પંચ અણુવ્રત અને પંચ મહાવ્રતનું સ્વરૂપ (દોહરા)

हिंसा मृषा अदत्त धन, मैथुन परिगह साज।
किंचित त्यागी अनुव्रती, सब त्यागी मुनिराज॥८१॥

**શબ્દાર્થ** :—મૃષા=જૂઠ. અદત્ત=આપ્યા વિનાનું.

**અર્થ** :—હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ—આ પાંચ પાપોના કિંચિત્ ત્યાગી અણુવ્રતી શ્રાવક અને સર્વથા ત્યાગી મહાવ્રતી સાધુ હોય છે. ૮૧.

**अर्थ** :—हिंसा, झूठ, चोरी, मैथुन और परिग्रह इन पाँचों पापोंके किंचित् त्यागी अणुव्रती श्रावक और सर्वथा त्यागी महाव्रती साधु होते हैं॥८१॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આત્માના અનુભવ સમ્યગ્દર્શન સહિત નિર્વિકલ્પ આનંદની ભૂમિકા પ્રગટ થઈ છે તેને (આ વ્રત હોય છે.) એકલો આ અણુવ્રત ને વ્રત ધારે એ બધા મિથ્યાદષ્ટિઓ છે. સમજાણું કાંઈ? જેને આત્મા, હથેલીમાં જેમ આમળું દેખાય એમ દેખાય શ્રદ્ધામાં-જ્ઞાનમાં. આહાહા! સમજાણું કાંઈ? એવો આત્મા જેને અંતર.... આત્મા એટલે જાણે કાંઈ નહીં હવે બધું આ.. આ.. આ બધું. આરે, આરે! ગજબ છે ને. વર મૂકીને જાન જોડી દીધી. પાંચસે માણસો ને દાગીના ને લૂગડા ને. ઓહોહો! વાજાં ને ગાજા ને. સાથે

વર છે કે નહિ? કહે, ભૂલી ગયા. આહાહા!

એમ બધા આ વ્રત ને આ તપ ને આ ને આ, મોટા વરઘોડા કાઢવા ને. એલા, પણ આત્મા છે કે નહીં ન્યાં ક્યાંય? કહે, આત્માની કાંઈ ખબર નહીં. હવે આત્માનું શું કામ છે આપણે? (શ્રોતા : વાજા વગાવીએ તો જાગે). વાજા વગાવે. વરઘોડા મોટા કાઢે. એય! બેસે ફલાણી બગીઓ વરઘોડામાં બસો. બગીયું કહેવાય, શું કહેવાય? ઘોડાગાડી. મોટરું સો. અને આ મોટો વરઘોડો એક માઈલ સુધીનો હતો. દોઢ માઈલ સુધીનો. શું પણ હવે? ન્યાં ક્યાં આત્મા હતો? આહા! ફજેતાના વરઘોડા છે એ તો બધા.

ભગવાન પૂર્ણાનંદનો નાથ એના ઉપર જે આરૂઢ થાય એ સમકિતને વરઘોડે ચડ્યો કહેવાય. એ વિના બધું થોથે થોથાં છે. જે શુભક્રિયા કરે ને વ્રત પાળે ને અપવાસ-બપવાસ કરે. હા, મિથ્યાત્વ સહિત રાગની મંદતા હોય તો પુણ્ય બાંધે, પણ મિથ્યાત્વ સહિત હોં. આ મોટું પાપ મિથ્યાત્વનું. એ શુભના પરિણામથી ધર્મ થશે ને ધર્મ કરીએ છીએ ને. આ શુભ પરિણામ કરતાં કરતાં નિશ્ચય ધર્મ થશે. એવું મિથ્યાત્વભાવનું પૂતળું તો મોટું વળગ્યું છે સાથે. એમાં રાગની મંદતા હોય તો પુણ્ય બાંધે. સમજાણું? આંહીં તો પાંચ વ્રતને એકદેશે ત્યાગીને પાળે એ શ્રાવક અને પાંચો પાપના સર્વથા ત્યાગે તે મહાવ્રતી સાધુ.

પાંચ સમિતિનું સ્વરૂપ. ૨૮ ની વ્યાખ્યા છે ને.

પાંચ સમિતિનું સ્વરૂપ (દોહરા)

चलै निरखि भाखै उचित, भखै अदोष अहार।
लेइ निरखि डारै निरखि, समिति पंच परकार॥८२॥

**અર્થ :—**જીવજંતુની રક્ષા માટે જોઈને ચાલવું તે ઈર્યાસમિતિ છે, હિત, મિત અને પ્રિય વચન બોલવા તે ભાષાસમિતિ છે, અંતરાય રહિત નિર્દોષ આહાર લેવો તે એષણાસમિતિ છે, શરીર, પુસ્તક, પીંછી, કમંડળ આદિ જોઈ–તપાસીને લેવા–મૂકવા તે આદાનનિક્ષેપણસમિતિ છે, ત્રસ જીવ રહિત પ્રાસુક ભૂમિ ઉપર મળ–મૂત્રાદિનો ત્યાગ કરવો તે પ્રતિષ્ઠાપનસમિતિ છે;—આવી આ પાંચ સમિતિ છે. ૮૨

**अर्थ :—**जीवजन्तुकी रक्षाके लिये देखकर चलना ईर्यासमिति है, हित मित प्रिय वचन बोलना भाषासमिति है, अन्तराय रहित निर्दोष आहार लेना एषणासमिति है, शरीर, पुस्तक, पींछी, कमंडलु आदिको देख शोधकर उठाना—रखना आदाननिक्षेपण समिति है, त्रस जीव रहित प्रासुक भूमिपर मल-मूत्रादिक छोड़ना प्रतिष्ठापनसमिति है;—ऐसी ये पाँच समिति हैं॥८२॥

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

જીવજંતુને નિરખે. નિરખીને ચાલે એમ કહે છે. કોઈ જીવને દુઃખ ન થાય. રક્ષાની વ્યાખ્યા તો—કોઈ જીવને દુઃખ ન થાય. એવો પ્રમાદનો ભાવ એને ન હોય, એમ કહે છે. भाखै उचित—હિત, મિત, પ્રિય વચન બોલે. એ ભાષાસમિતિ. भखै अदोष अहार—અંતરાયરહિત નિર્દોષ આહાર લે. એષણા સમિતિ. અંતરાય પડે એમ આહાર ન લે. અંતરાય વિનાનો ૪૨, ૪૬, ૪૭ સંગમદોષ રહિત એવો એષણા સમિતિથી હાથમાં આહાર લે. એને પાત્ર મુનિને હોતું નથી. પાત્ર રાખે તે મુનિ નહીં ને મુનિ હોય તે પાત્ર રાખે નહીં. આવા ત્રણકાળના જતિ-મુનિની રીત છે. આરે, ભારે!

लेइ निरखि डारै. આવે છે ને. શરીર, પુસ્તક, પીંછી, કમંડળ બસ એટલું હોય. देख शोधकर उठाना रखना आदाननिक्षेपण समिति. ચોથી. त्रस जीव रहित प्रासुक भूमिपर मल-मूत्रादिक छोड़ना. જીવ વિનાની ભૂમિ ઉપર, એકલો એવો જેનો ભાવ એવો સ્હેજ હોય છે. હઠથી નહીં. સમજાણું કાંઈ? અરેરે! શું કરીએ અમારે પાંચ સમિતિ પાળવી પડે, ભાઈ! એમ નહીં. આહાહા! ત્યાં સહજના ધંધા છે. અરે! મુનિપણું તો નથી પણ મુનિપણું કોને કહેવું એનીય ખબરું ન મળે. મુનિ મોટા આચાર્ય, ગણિવર્ય ને નામ ધરાવે. શું થાય? ભાઈ! તને નુકશાન છે. તને અનાદર કરીને કહેવાય છે એમ નથી. વસ્તુની સ્થિતિની મર્યાદાથી ઓળંગાઈ ગઈ છે. એમ વાત છે, બાપુ! તું ભગવાન છો. ભાઈ! તારી પરિપૂર્ણતા તો પડી જ છે તારામાં. આહાહા! પણ પર્યાયમાં તને ખબર નથી દશાની. અને જ્યાં ત્યાં માનીને કુગુરુને ગુરુ માને, કુશાસ્ત્રને શાસ્ત્ર માને, કુસાધુને સાધુ માને. મોટું મિથ્યાત્વ પાપ છે.

ઓલામાં કહ્યું છે ને કે અરેરે! કાળા નાગને છોડે તો લોકો રાજી થાય કે ઠીક છોડ્યું પણ કુગુરુને છોડે તો લોકો ડર પામે. અરે! આને મૂકી દીધા તમે? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં છે ને. અરેરે! દુનિયાની રીત તો જુઓ, કહે. કાળો નાગ છોડે તો તો ઠીક કહે, પણ આ કાળા નાગ કરતાં કુગુરુ તો મહા પાપ નાખે નિમિત્ત એને છોડે, એને અમે માનતા નથી. અરે! આહા! મહારાજ ને સાધુને ન માનવા? અનંત ભવના વધારવામાં નિમિત્ત છે એ તો. એને સાધુ માને તો અનંતભવ વધે. એને છોડે તો લોકો કહે કે એ નહીં.. નહીં.. નહીં. દુનિયાની રીતથી તો ભગવાનનો માર્ગ કંઈ જુદી જાતનો છે. હસમુખભાઈ! ભારે એ વાત એવી છે એક એક વાત. વાતે વાતે બહુ ફેર! તકરારું કરે આમાં તો. આહા! સમિતિ પાંચ પ્રકાર જોઈ.

છ આવશ્યક (દોહરા)

**समता वंदन थुति करन, पड़कौना सज्झाव।**
**काउसग्ग मुद्रा धरन, षडावसिक ये भाव॥८३॥**

**શબ્દાર્થ** :–સમતા=સામાયિક કરવી. વંદન=ચોવીસ તીર્થંકરો અથવા ગુરુ આદિને વંદન કરવા. પડિકૌના (પ્રતિક્રમણ)=લાગેલા દોષોનું પ્રાયશ્ચિત્ત કરવું.

**અર્થ** :– સામાયિક, વંદન, સ્તવન, પ્રતિક્રમણ, સ્વાધ્યાય અને કાયોત્સર્ગ આ સાધુના છ આવશ્યક કર્મ છે. ૮૩.

---

**अर्थ** :–सामायिक, वंदना, स्तवन, प्रतिक्रमण, स्वाध्याय और कायोत्सर्ग ये साधुके छह आवश्यक कर्म हैं॥८३॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

છ આવશ્યક, મુનિના છ આવશ્યક હોય. समता. વિકલ્પવાળી છે હોં. ૨૮ મૂળગુણમાં ઈ જ છે ને આ. અંતર સમતા તો પ્રગટેલી હોય છે. શાંત.. શાંત.. શાંત. ત્રણ કષાયના અભાવની સમતા તો હોય છે પણ જરી સાંજ-સવાર વિકલ્પ સામાયિકનો કરવાનો ભાવ ઉઠે છે એ પ્રયોગ છે જરી અંદર. વંદન. છે ને? ગુરુને વંદન કરવું. थुति करन– ભગવાનની સ્તુતિ કરવી. पड़कौना એટલે પડિક્કમણું. પડિક્કમણું. सज्झाव–સજ્જાય કરવી. काउसग्ग मुद्रा धरन. જુઓ, અહીંયા આવી. છે ને? ધ્યાન કરના. આ મુદ્રાનો અર્થ એવો કર્યો. षडावसिक ये भाव–છ આવશ્યકનો એવો ભાવ, ૨૮ મૂળગુણના નિર્વિકલ્પ દશાની ભૂમિકામાં આવા વિકલ્પની મર્યાદા હોય છે. બીજા એને રાગની તીવ્રતા એને હોતી નથી. આહા! આવો માર્ગ ભાઈ! બહુ ફેર પણ આ. સાધારણને તો એવું લાગે આ. બાપુ! માર્ગ આવો છે, ભાઈ! તને ખબર નથી. સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરો અનંત થઈ ગયા. અત્યારે લાખો કેવળીઓ અને તીર્થંકરો વિચરે છે. અનંત થશે. ઈ માર્ગ આ જ કહેતા આવ્યા છે. વચમાં બધું આ ગરબડ ઉઠી. ઊંધે રસ્તે ચાલ્યા અને મનાવ્યું કે સાચો. સમજાણું કાંઈ? આહા! ષટ્ આવશ્યક ભાવ લ્યો.

સ્થવિરકલ્પી અને જિનકલ્પી સાધુઓનું સ્વરૂપ.

સ્થવિરકલ્પી અને જિનકલ્પી સાધુઓનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

**थविरकलपि जिनकलपि दुविधि मुनि,**
**दोऊ वनवासी दोऊ नगन रहतु हैं।**

दोऊ अठाईस मूलगुनके धरैया दोऊ,
सरव त्यागी ह्वै विरागता गहतु हैं॥
थविरकलपि ते जिनकै शिष्य साखा होइ,
बैठिकै सभामैं धर्मदेसना कहतु हैं।
एकाकी सहज जिनकलपि तपस्वी घोर,
उदैकी मरोरसौं परीसह सहतु हैं॥८४॥

**અર્થ :**—સ્થવિરકલ્પી અને જિનકલ્પી એવા બે પ્રકારના જૈન સાધુ હોય છે. બન્ને વનવાસી છે, બન્ને નગ્ન રહે છે, બન્ને અઠ્ઠાવીસ મૂળગુણના ધારક હોય છે, બન્ને સર્વ પરિગ્રહના ત્યાગી-વૈરાગી હોય છે. પરંતુ સ્થવિર-કલ્પી સાધુ શિષ્ય-સમુદાયની સાથે રહે છે તથા સભામાં બેસીને ધર્મોપદેશ આપે છે અને સાંભળે છે, પણ જિનકલ્પી સાધુ શિષ્ય છોડીને નિર્ભય એકલા વિચરે છે અને મહાતપશ્ચરણ કરે છે તથા કર્મના ઉદયથી આવેલા બાવીસ પરીષહો સહે છે. ૮૪.

**अर्थ :**—स्थविरकल्पी और जिनकल्पी ऐसे दो प्रकारके जैन साधु होते हैं। दोनों वनवासी हैं, दोनों नग्न रहते हैं, दोनों अट्ठाईस मूलगुणके धारक होते हैं, दोनों सर्व परिग्रहके त्यागी वैरागी होते हैं। परन्तु स्थविरकल्पी साधु शिष्य-समुदायके साथमें रहते हैं, तथा सभामें बैठकर धर्मोपदेश देते और सुनते हैं, पर जिनकल्पी साधु शिष्य छोड़कर निर्भय अकेले विचरते हैं और महा तपश्चरण करते हैं, तथा कर्मके उदयसे आई हुई बाईस परीषह सहते हैं॥८४॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

थविरकलपि जिनकलपि दुविधि मुनि, दोऊ वनवासी दोऊ नगन रहतु हैं, લ્યો. એક ફેરી ત્યાં હતા ને આંહીં ૮૭. (સંવત) ૮૬, ૮૬. ભાવનગર. ત્યાં સાધુ આવ્યા હતા ઓલા એક દિગંબર. કેવા મુનિ કહેવાય? મુનિન્દ્રસાગર. તે અમે ત્યાં હતા. સભા અમારે ત્યાં મોટી ભરાય. પછી કીધું, ભઈ, એ સાધુ એના આવ્યા છે. ચાલો આપણે બંધ રાખો વ્યાખ્યાન. જઈએ. ગ્યા'તા. તે હવે એણે માખણ ચોપડ્યું કે આ સ્થવિરકલ્પી સાધુ કહેવાય ને અમે જિનકલ્પી કહેવાય. કીધું, આને કાંઈ ખબર નથી. મુનિન્દ્રસાગર હતા. આહા!

શું કહેવાય નહીં ભાવનગરમાં ઓલો આ દશાશ્રીમાળીની નાત? વાડી. આપણે વ્યાખ્યાન રાખ્યું'તું ત્યાં. ઈ ત્યાં ઊતર્યા હતા વ્યાખ્યાન ત્યાં. બે પ્રકારના સાધુ હોય છે. સ્થવિરકલ્પી અને જિનકલ્પી. સ્થવિરકલ્પિ આ કહેવાય, એમ. હવે, કીધું, આ ગપ મારે છે. સ્થવિરકલ્પી નગ્ન સાધુ હોય. આનંદમાં રહેનારા હોય. ઝાઝા સાધુની વચમાં રહે એનું નામ સ્થવિરકલ્પી. જિનકલ્પી એકલા રહે. તે પણ બેય (વનવાસી). છે? दोऊ वनवासी. આ તો

ગામમાં પડ્યા રહે વરસોના વરસ ને અમે સાધુ છીએ. ભાઈ! મારગડા જુદા પ્રભુના. આ તો દયાના માર્ગ છે, ભાઈ! આહાહા!

दोऊ वनवासी दोऊ नगन रहतु हैं—સ્થવિરકલ્પીને વસ્ત્ર હોય ને પાત્ર હોય અને જિનકલ્પીને વસ્ત્ર—પાત્ર ન હોય, એમ નહીં. વીતરાગના માર્ગના મુનિઓ સ્થવિરકલ્પી અને જિનકલ્પી બધા નગ્ન ને વનવાસમાં રહેનારા હોય છે. આહાહા! આંહીં તો વનવાસી જ ઠરાવ્યા છે. એય! (શ્રોતા : ઉપાશ્રયમાં ન રહે?) અપાસરા કેવા? ગામમાં ન રહે ને. આંહીં તો મકાનો તમારે ચાર—ચાર લાખના મકાનો ને સાધુ, આચાર્ય. અરે, ભાઈ! દુઃખ થશે પ્રભુ! તને. ભાઈ! એના સરવાળા આવશે પરિણામ. ઈ કોઈને નહીં રોકે કોઈથી એમ કાંઈ. આહાહા!

દેહ છૂટે, શ્વાસ ચાલે, એ રોગની ક્રિયા, જગત આંહીં ખળભળાટ કરે. ત્યાં ઊંધી શ્રદ્ધાવાળાને ક્યાં શરણ ન્યાં? ન્યાં જઈને ધાર્યું હતું કે આ સાધુપણું નામનું છે. અંતરમાં જવાનો અવસર તો એને છે નહીં. આહા! અરે! અત્યારે કોણ શરણ? એ અમથું ત્રણે કાળમાં કોણ શરણ? નિરોગ વખતે પણ શરણ તો ભગવાન આત્મા છે અંદર. આહાહા! એના શરણ લીધા નથી અને બહારથી મનાવ્યા. ધર્મ ને સમકિત ને શ્રાવક ને વ્રત ને. બાપુ! આ કંઈ પોપાબાઈનું રાજ નથી કે તને ન્યાં પોલંપોલ ચાલે. આહાહા!

તમને થયું'તું ને રોગનું રોગ? હસમુખભાઈને. અમે ત્યાં હતા ને. નહોતા કહેતા કે આ મારે છે ને આમ થાય છે? ભાઈને રોગ થ્યો'તો. પછી ગ્યા'તા પ્રમોદમાં પછી. એ તો શરીરની એવી સ્થિતિ છે, લ્યો. આહાહા! આ તો અનંતા પરમાણુના દુશ્મનોની વચમાં રહેવું એને. હવે કેમ એને પરિણમવું એ એને પોતાને આધીન છે. દુશ્મનનો અર્થ વિપરીત તત્ત્વ, એમ. અહીં ઘર પતા એનું નથી કોઈ એવું કાંઈ નથી. આહા! અરે, ચૈતન્ય ભગવાન! કહે છે, મુનિ સ્થવિરકલ્પી હો કે જિનકલ્પી હો, પોતાના આત્માના શરણમાં પડ્યા છે. આહા! ભિક્ષા માટે આવે ગામમાં, ચાલ્યા જાય. કોઈ વળી માણસ-બાણસ ભેગા થાય ને ઉપદેશ દેવાનો પ્રસંગ હોય તો... આપણે કંઈ લેવા દેવા નથી. પરદ્રવ્યની સાથે મારે શું છે સંબંધ? એને પરિણમને એ પરિણમે, મારે પરિણમીને શું કરવું છે? આહા! એવી છઠ્ઠા ગુણસ્થાનની મુનિની દશા હોય છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૯૨, કારતક સુદ ૯, ગુરુવાર, તા. ૨૮-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાન અધિકાર પદ ૮૪ થી ૮૯ પર પ્રવચન

યહ સમયસાર નાટક ચલતા હૈ. ૮૪વાં બોલ ચલતા હૈ. ૧૪ ગુણસ્થાનકા અધિકાર હૈ. ૧૪ ગુણસ્થાન વહ ગુણકી શ્રેણી હોતી હૈ. ઉસમેં છઠવાં ગુણસ્થાન મુનિકા હોતા હૈ. વહ કૈસા હોતા હૈ ઉસકી બાત હૈ. સમ્યગ્દર્શનકી તો બાત આ ગયી. પહલે ધર્મીકો અપના આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદકા અંતર અનુભવ હોકર અંતરમેં યે આત્મા આનંદસ્વરૂપ હૈ ઐસી પ્રતીતિ હોના, વહ ધર્મકી પહલી સીઢી હૈ. યહાઁસે ધર્મ શુરુ હોતા હૈ. ક્રિયાકાંડ, વ્રત, નિયમ અકેલા રાગ હૈ ઉસસે ધર્મ શુરુ નહીં હોતા.

ધર્મ તો અપના ધર્મી ઐસા આત્મા અખંડ આનંદ ચૈતન્યદલકા અંતર્મુખ સ્પર્શ કરકે ભાન હોકર પ્રતીતિ હોના કિ યે આત્મા હૈ, ઉસકા નામ પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ કહનેમેં આતા હૈ. ઉસસે આગે બઢકર શ્રાવક હોતે હૈં, સચ્ચે હોં. વાડાકી બાત યહાઁ હૈ નહીં. ઉસકી શાંતિ બઢતી હૈ અંદરમેં. સ્વભાવકે આશ્રયસે શાંતિ નામ અકષાય ભાવ હોતા હૈ ઉસે પંચમ ગુણસ્થાન શ્રાવકકી દશા કહનેમેં આતા હૈ. અબ છઠવેં ગુણસ્થાનકી બાત ચલતી હૈ. છઠવાં ગુણસ્થાન મુનિ તો અલૌકિક હોતે હૈં. ધર્મીકો મુનિપના કૈસા હૈ ઐસા સમજના તો પડેગા કિ નહીં? વિપરીતકો માનના વહ તો અપના દોષ આતા હૈ ઉસમેં. તો યથાર્થ મુનિપના કૈસા હૈ ઉસે ઉસને જાનના ચાહિયે. તો કહતે હૈં. ૮૪ વાં બોલ હૈ.

સ્થવિરકલ્પી અને જિનકલ્પી સાધુઓનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

थविरकलपि जिनकलपि दुविधि मुनि,
दोऊ वनवासी दोऊ नगन रहतु हैं।
दोऊ अठाईस मूलगुनके धरैया दोऊ,
सरव त्यागी ह्वै विरागता गहतु हैं।।
थविरकलपि ते जिनकै शिष्य साखा होइ,
बैठिकै सभामें धर्मदेसना कहतु हैं।
एकाकी सहज जिनकलपि तपस्वी घोर,
उदैकी मरोरसौं परीसह सहतु हैं।।८४।।

**અર્થ :**—સ્થવિરકલ્પી અને જિનકલ્પી એવા બે પ્રકારના જૈન સાધુ હોય છે. બન્ને વનવાસી છે, બન્ને નગ્ન રહે છે, બન્ને અઠ્ઠાવીસ મૂળગુણના ધારક હોય છે, બન્ને સર્વ પરિગ્રહના ત્યાગી–

વૈરાગી હોય છે. પરંતુ સ્થવિર-કલ્પી સાધુ શિષ્ય-સમુદાયની સાથે રહે છે તથા સભામાં બેસીને ધર્મોપદેશ આપે છે અને સાંભળે છે, પણ જિનકલ્પી સાધુ શિષ્ય છોડીને નિર્ભય એકલા વિચરે છે અને મહાતપશ્ચરણ કરે છે તથા કર્મના ઉદયથી આવ આવેલા બાવીસ પરીષહો સહે છે. ૮૪.

**अर्थ :**—स्थविरकल्पी और जिनकल्पी ऐसे दो प्रकारके जैन साधु होते हैं। दोनों वनवासी हैं, दोनों नग्न रहते हैं, दोनों अट्ठाईस मूलगुणके धारक होते हैं, दोनों सर्व परिग्रहके त्यागी वैरागी होते हैं। परन्तु स्थविरकल्पी साधु शिष्य-समुदायके साथमें रहते हैं, तथा सभामें बैठकर धर्मोपदेश देते और सुनते हैं, पर जिनकल्पी साधु शिष्य छोड़कर निर्भय अकेले विचरते हैं और महा तपश्चरण करते हैं, तथा कर्मके उदयसे आई हुई बाईस परीषह सहते हैं।।८४।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

સ્થવિરકલ્પી. મુનિ હોતે હૈં વે નગ્ન હી હોતે હૈં ઔર વે તો વનવાસમેં હી રહતે થે. સમજમેં આયા? મુનિ ગાંવમેં નહીં રહતે. ગાંવકે સમીપ ભી નહીં રહતે. આહા! જિનકી વીતરાગતા ઈતની અંદરમેં બઢ ગઈ હો કિ વનવાસમેં હી રહનેકી ઉનકી ભાવના હોતી હૈ. તો સ્થવિરકલ્પી વે ભી વનવાસી. ફર્ક કિતના વો કહેંગે. જિનકલ્પી વે ભી વનવાસી. આહા!

दोऊ नगन रहतु हैं. અકેલે નગ્ન નહીં, અંતરમેં જિસે આત્માકે આનંદ વીતરાગભાવકી વૃદ્ધિ હુઈ હો ઉસે વસ્ત્ર-પાત્ર લેનેકા વિકલ્પ ભી હોતા નહીં. ઐસી દશા હો જાતી હૈ. ઐસી દશાકો મુનિપના કહતે હૈં. તો કહતે હૈં કે दोऊ वनवासी दोऊ नगन रहतु हैं. લો, પંડિતજી! મુનિ તો વનવાસી હૈં. આહાહા! (શ્રોતા : શહરવાસી નહીં) શહરવાસી, ગાંવવાસી નહીં. માર્ગ તો ઐસા હૈ. સમજમેં આયા? આહા!

दोऊ अठाईस मूलगुनके धरैया. સ્થવિરકલ્પી સંત હો કિ જિનકલ્પી હો. વનવાસી હો, નગ્ન હો, પર ૨૮ મૂલગુણ—અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ ઔર ઉનકે લિયે ભોજન બનાયા હો તો લે નહીં કભી, પ્રાણ જાયે તો. સમજમેં આયા? યે ચૌકા બનાકર લેતે હૈં ન. યે માર્ગ હી નહીં મુનિપનાકા. આહાહા! ઉસે મુનિ માનતે હૈં વહ દૃષ્ટિમેં મિથ્યાત્વ હૈ. આહાહા! સમજમેં આયા? अठाईस मूलगुनके धरैया. વ્યવહારકી બાત હૈ ન? વિકલ્પ હૈ ઐસા. ૭ આવશ્યકકા વ્યવહાર. ૭ આવશ્યક—સામાયિક, ચઉવિસંથો, વંદન આદિ, પંચ મહાવ્રત આદિ, અદંતધોવન, ખડા આહાર, એક બાર આહાર આદિ શુભ વિકલ્પ ધારે. એમ વ્યવહારનયમાં તો કથન એમ જ આવે ને? છે તો આસ્રવ. સમજમેં આયા?

(શ્રોતા : સવાર કરતા અત્યારે જુદા મુનિ આવ્યા.) સવારે કેવા આવ્યા'તા વળી?

સવારે તો એકલા નિશ્ચયની સ્થિરતાવાળા લીધા હતા. અહીંયા નિશ્ચય સહિત વ્યવહાર કેવો હોય, ઐસા લેતે હૈં. સુબહ તો (આયા કિ) નિશ્ચય સત્ય, પરમજિન યોગીશ્વર–જિસમેં આત્માકા અંતર તત્ત્વમેં બહોત ગહરે–ગહરે ઘુસકર શાંતિ ઔર આનંદકી જિનકી પર્યાયમેં વૃદ્ધિ હુઈ હૈ, ઐસે પરમ જિન યોગીશ્વરકો મુનિ કહનેમેં આતા હૈ. પર ઉનકો વ્યવહાર કૈસા હોતા હૈ વહ બતાતે હૈં યહાઁ તો. સમજમેં આયા? વહ તો નિશ્ચય આવશ્યકકા અધિકાર થા.

અપના ભગવાન વીતરાગ સ્વરૂપી ચૈતન્યદલકા અંતરમેં આશ્રય લેકર વીતરાગી દશા પ્રગટ હો ઉસકા નામ સચ્ચા મુનિપના ઔર સચ્ચા સમકિતી ઈસે કહતે હૈં. આહા! સમજમેં આયા? બાહ્ય ક્રિયાકાંડકા જો રાગ હૈ વહ તો બંધકા કારણ હૈ. આહાહા! અપના સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ જૈસા અંતરઆત્મા ચૈતન્ય સ્ફટિક રતન નિર્મળાનંદ દેખા હૈ, ઐસા અંતર્મુખ હોકર નિર્વિકલ્પ નામ રાગકી મિશ્રિત દશા છોડકર વીતરાગી નિર્વિકલ્પ દશા પ્રગટ કરના વહ તો પહલી સમ્યગ્દર્શન હૈ. આહા! યે તો ચૌથે ગુણસ્થાનમેં ઐસે અવિરત સમ્યગ્દૃષ્ટિ ઐસે હોતે હૈં. યે તો મુનિપનેકી બાત હૈ. ઉસસે ભી આગે બઢકર વીતરાગી પર્યાયસે ભીગા હુઆ આત્મા હૈ. આહાહા! ઉસે અંતરકે આનંદકી વેદન દશામેં વ્યવહાર કૈસા હૈ ઉસકી બાત ચલતી હૈ. આહા! अठाईस मूलगुनके धरैया.

सर्व त्यागी. બિલ્કુલ એને કોઈ વસ્ત્રનો ટુકડો નહીં. બહારનું કોઈ પુસ્તક એનું નહીં. રાગકે ભી ત્યાગી. આહાહા! સમજમેં આયા? सरव त्यागी ह्वै विरागता गहतु हैं. ઉદાસ.. ઉદાસ.. સારે જગતસે ઉદાસ. વિકલ્પ જો વ્યવહાર રત્નત્રય હૈ ઉસસે ભી ઉદાસ. આહા! थविरकलपि ते जिनकै शिष्य साखा होइ. ફર્ક કિતના હૈ? સ્થવિરકલ્પીને શિષ્ય હોય, बैठिके सभामैं धर्मदेसना कहतु हैं. ઈતના ફર્ક. જિનકલ્પી જંગલમેં રહતે હૈં. શિષ્યમેં ધર્મદેશના શિષ્યકા સમુદાય અને બૈઠકે (ઉપદેશ), ઐસા નહીં. મહા વૈરાગી.. વૈરાગી. હૈ તો છઠવાં ગુણસ્થાન દોનોં હી કા. પર જિનકલ્પી વૈરાગ.. વૈરાગ.. વૈરાગ. બિલકુલ પરકી ઉપેક્ષા. ઐસે જિનકલ્પી વૈરાગી આત્માકે આનંદમેં વેદન કરનેવાલે સચ્ચે મુનિ જિનકલ્પી, ઐસે હોતે હૈં. સ્થવિરકલ્પી આનંદ તો હૈ ઉનકો. પર થોડા રાગકી મંદતાકા ભાવ ઉન્હેં હૈ કિ જિસસે शिष्य साखा होइ ઔર બૈઠકે સભામેં ધર્મદેસના. યે રાગકી મંદતા હૈ.

एकाकी सहज जिनकलपि. જિનકલ્પી અકેલે રહતે હૈ જંગલમેં. જિન જૈસી દશા જિનકી. एकाकी सहज जिनकलपि तपस्वी घोर. આનંદમેં રહનેવાલે. આહાહા! અપની

પર્યાય નામ વર્તમાનદશામેં ઉગ્ર આનંદકી બાઢ આતી હૈ ઉન્હેં. આહાહા! મુનિપના કિસે કહતે હૈં, ધર્મ કિસે (કહતે હૈં) લોગોંકો ખબર નહીં. બાહરસે મુંડા દિયા ઔર નગ્ન હો ગયા, હો ગયા મુનિ. અરે, ભાઈ! મુનિકે તો દર્શન મિલના વહ મહા કઠિન હૈ. સમજમેં આયા? મુનિપના તો કઠિન હૈ પર મુનિપના મિલના વહ કઠિન હૈ. સમજમેં આયા?

एकाकी सहज जिनकलपि तपस्वी घोर. નિર્ભય અકેલે વિચરતે હૈં. મહા અંતરમેં... જૈસે સુવર્ણ ગેરુસે ઓપતા હૈ, શોભતા હૈ; ઐસે આનંદકા પ્રભુ આનંદકી ડલ્લી–ગાંગડી આત્મા હૈ યે શુદ્ધતાસે ઐસા શોભતા હૈ કિ સોના જૈસે ગેરુસે શોભે. ઐસી અંદર તપસ્યા આનંદકી ઐસા તપસ્વી ઘોર, उदैकी मरोरसौं परीसह सहतु हैं. કોઈ પૂર્વકા ઉદય ઐસે આયે તો ઉસમેં આનંદ.. આનંદસે સહન કરતે હૈં. આહા! જિસે ગણધરકા નમસ્કાર પહુઁચે ઉસે સાધુ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? સમ્યગ્દર્શન યે અલૌકિક ચીજ હૈ તો મુનિપના તો ઐસે હી અલૌકિક ચીજ હૈ.

કહતે હૈં કિ કર્મકે ઉદયસે આયે હુએ ૨૨ પરીષહ સહતે હૈં, લો. પછી ૨૨ પરીષહ કહેવા છે ને. પરીષહ સહન એટલે શાંતિ.. શાંતિ.. શાંતિ. અપના નિજસ્વરૂપ હી સાધતે હૈં અકેલે. સમજમેં આયા? ઉસે મુનિ કહતે હૈં. સમજમેં આયા? શ્વેતાંબર કહતે હૈં ન કિ વસ્ત્રસહિત ભી મુનિ હોતે હૈં ઔર જિનકલ્પી નગ્ન હોતે હૈં. ઐસી બાત હૈ નહીં. જૈનદર્શન વીતરાગમાર્ગમેં ઐસા નહીં. અનાદિ તીર્થંકર પરમાત્મા જૈનદર્શનમેં તો આતમજ્ઞાની મુનિ ઔર વીતરાગદશાવાલે નગ્ન વનવાસીકો મુનિ કહનેમેં આતા હૈ. વસ્ત્રકા ટુકડા ભી રખે ઔર મુનિપના માને વહ તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની હૈ. સમજમેં આયા? શાંતિભાઈ! આહાહા!

અકેલા નગ્નપના કરે ઔર ૨૮ મૂલગુણ રાગ આદિકો પાલે, વહ ભી મુનિ નહીં. વહ તો વિકલ્પસે રહિત અખંડ આનંદપ્રભુ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માકા અનુભવ વેદન આનંદકી વીતરાગી દશા હો, ઉસે યહાઁ આચાર્યદેવ તીર્થંકર મુનિપના કહતે હૈં. કહો, સમજાય છે કાંઈ? આહાહા! ઐસે મુનિપને બિના ઉસકી મુક્તિ નહીં હોગી. ઐસી દશા બિના હોં. અકેલે સમ્યગ્દર્શનસે ભી મુક્તિ નહીં હોગી. સમ્યગ્દર્શન હૈ કારણ, પર બાદમેં ધર્મ–વીતરાગી દશા અંતર પ્રગટ હો, વહ ચારિત્ર મુક્તિકા કારણ હૈ. આહા!

वेदनीय कर्मजनित ग्यारह परीषह. ૨૨ પરીષહની વાત કરશે. આ 'બનારસીદાસ'. 'સમયસાર નાટક'. હૈં ગૃહસ્થાશ્રમમેં 'બનારસીદાસ'. પર આતમજ્ઞાની થે. પહલે શૃંગારી થે, વ્યભિચારી થે. બાદમેં સત્ સમાગમમેં અપને સ્વભાવકા આશ્રય લેકર આત્મજ્ઞાન પ્રાપ્ત કિયા. બાદમેં યે ગ્રંથ બનાયા. 'સમયસાર નાટક' બાદમેં બનાયા.

સમજમેં આયા? કોઈ કહે કિ હમારે ઈસ સાધુપનેકા ક્યા કામ હૈ? ભૈયા! સાધુ અર્થાત્ ચારિત્રવંત. ચારિત્રવંત અર્થાત્ સંવર-નિર્જરાવંત. તો સંવર અને નિર્જરાકા ક્યા સ્વરૂપ હૈ ઉસે જાને બિના સાધુકો પહિચાન કૈસે સકતે હૈં? સમજમેં આયા? સંવર-નિર્જરા નવ તત્ત્વમેં તત્ત્વ હૈં કિ નહીં? તો ઉસકી સંવર-નિર્જરાકી દશા મુનિકી કૈસી હોતી હૈ ઐસી શ્રદ્ધા બિના ઉસે સમ્યગ્દર્શન કૈસે હોગા? સમજમેં આયા? આહાહા!

વેદનીય કર્મજનિત અગિયાર પરીષહ. ૨૨ પરીષહ હૈં ન.

વેદનીય કર્મજનિત અગિયાર પરીષહ (સવૈયા એકત્રીસા)

ग्रीषममैं धूपथित सीतमैं अकंपचित,
भूखै धरैं धीर प्यासै नीर न चहतु हैं।
डंस मसकादिसौं न डरैं भूमि सैन करै,
बध बंध विथामैं अडौल ह्वै रहतु हैं।।
चर्या दुख भरै तिन फाससौं न थरहरै,
मल दुरगंधकी गिलानी न गहतु हैं।
रोगनिकौ न करैं इलाज ऐसे मुनिराज,
वेदनीके उदै ये परीसह सहतु हैं।।૮૫।।

**અર્થ** :—ગરમીના દિવસોમાં તડકામાં ઊભા રહે છે એ ઉષ્ણપરીષહજય છે, શિયાળામાં ઠંડીથી ડરતા નથી એ શીતપરીષહજય છે, ભૂખ લાગે ત્યારે ધીરજ રાખે છે, એ ભૂખપરીષહજય છે, તરસ લાગે ત્યારે પાણીની ઇચ્છા કરતા નથી એ તૃષાપરીષહજય છે, ડાંસ મચ્છરનો ભય રાખતા નથી એ દંશમશકપરીષહજય છે, ભૂમિ ઉપર સૂવે છે એ શય્યાપરીષહજય છે, મારવા, બાંધવાના કષ્ટમાં અચળ રહે છે એ વધપરીષહજય છે, ચાલવાનું કષ્ટ સહન કરે છે એ ચર્યાપરીષહજય છે, તૃણ, કાંટો વગેરે લાગે તો ગભરાતા નથી એ તૃણસ્પર્શપરીષહજય છે, મળ અને દુર્ગંધમય પદાર્થો પ્રત્યે ગ્લાનિ કરતા નથી એ મળપરીષહજય છે, રોગજનિત કષ્ટ સહન કરે છે પણ તેના નિવારણનો ઉપાય કરતા નથી, એ રોગપરીષહજય છે. આ રીતે વેદનીયકર્મના ઉદયજનિત અગિયાર પરીષહ મુનિરાજ સહન કરે છે. ૮૫.

**अर्थ** :—गर्मीके दिनोंमें धूपमें खड़े रहते हैं यह उष्णपरीषहजय है, शीत ऋतुमें जाड़ेसे नहीं डरते यह शीतपरीषहजय है, भूख लगे तब धीरज रखते हैं, यह भूखपरीषहजय है, प्यासमें पानी नहीं चाहते यह तृषापरीषहजय है, डांस मच्छरका भय नहीं करते, यह दंसमशकपरीषहका जीतना है, धरती पर सोते हैं यह शय्यापरीषहजय है, मारने बांधनेके कष्टमें अचल रहते हैं यह बंधपरीषहजय है, चलनेका कष्ट सहते हैं वह चर्यापरीषहजय है, तिनका काँटा लग जावे तो

घबराते नहीं यह तृणस्पर्शपरीषहका जीतना है, मल और दुर्गंधित पदार्थोंसे ग्लानि नहीं करते यह मलपरीषहजय है, रोगजनित कष्ट सहते हैं, पर उसके निवारणका उपाय नहीं करते, यह रोगपरीषहजय है। इस प्रकार वेदनीयकर्मके उदयजनित ग्यारह परीषह मुनिराज सहते हैं॥८५॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કવિ છે ને. એક એક શબ્દ આમ. भूखै धरैं धीर प्यासै नीर. धीर–नीर. ઓલામાં. थित અને अकंपचित. આહા! ભાષા તો... અધ્યાત્મકવિ હૈં ન. કવિએ બધા શબ્દે શબ્દ ગોઠવ્યા છે ને.

આહાહા! ग्रीषममैं धूपथित. ગરમીકે દિનોમેં ધૂપમેં ખડે રહતે હૈં. આહાહા! રાજકુમાર હો, મુનિ હુએ હો આતમધ્યાનમેં મસ્ત અપને આનંદકા સ્વાદ લેનેમેં, અપને અતીન્દ્રિય આનંદકા સ્વાદ લેનેમેં મશગૂલ હૈં ઉસે જૈનકે મુનિ કહતે હૈં. અન્યમેં તો હૈં નહીં. સમજમેં આયા? અપને અતીન્દ્રિય આનંદકા સ્વાદિષ્ટ સ્વાદ લેનેમેં સ્વાદકા રસીલા હૈ. ધર્મી રાગકા રસીલા નહીં. પુણ્યકા પરિણામકા ભી રસિક નહીં. આહાહા!

ઐસે સાધુ ग्रीषममैं धूपथित. गर्मीके दिनोंमें धूपमें खड़े रहते हैं. ઔર અંતરકે આનંદકા ઉજાલા પ્રગટ કરતે હૈં. આહાહા! ચારિત્ર ચોખ્ખું. સમજમેં આયા? આવા ચારિત્ર હજી કોને કહેવા એ સાંભળવા મુશ્કેલ પડે લોકોને. આહા! એકલા લૂગડા ફેરવ્યા ને સાધુ થયા એ નગ્ન. ભાઈ! સમ્યક્દર્શન કી બાત ભી મહાદુર્લભ હૈ તો સાધુપનેકી તો બાત ક્યા કહના? વહ તો અલૌકિક પરમેશ્વર પદ હૈ. ઉસકા ઉસે પિછાન ઔર જ્ઞાન તો બરાબર હોના ચાહિયે. શાંતિભાઈ!

सीतमैं अकंपचित. શીત ઋતુમેં જાડેકે દિનમેં, લ્યો. જાડે સે નહીં ડરતે. ચાહે જિતના પવન ઔર ઠંડી જાડેકે દિનમેં હો, અપને આનંદમેં રહતે હૈં. આહા! શીતકા સ્પર્શ ભી જિસે નહીં. અતીન્દ્રિય આનંદકે સ્પર્શમેં શીતકા સ્પર્શ નહીં. સમજમેં આયા? ક્યા બડા અપ્રતિકૂલ શીત હૈ આદિ. બાદમેં દૂસરે સમય ઉસે સહન કરે. (શ્રોતા : .....) એને સહન કરવું. પહેલે સમય પ્રતિકૂળતા આવે, પહેલે સમય જરીક દુઃખ લાગે. દૂસરે સમય જાનકર છોડના, ઉસકા નામ પરીષહ. (શ્રોતા : ....નવી પર્યાય). એ પરીષહની વ્યાખ્યા જ નથી એમ. એના પર ચર્ચા થઈ છે. હવે પરીષહ કોને કહેવા? કિ પ્રતિકૂળતા આને પર પહલે ઘૃણા હો જાય યે પરીષહ. ઔર ઉસે જિતના વહ પરીષહજય. હવે કોને જીતે? વસ્તુકી ખબર નહીં. (શ્રોતા : આકુળતા ભારે થઈ ગઈ.) વહાઁ આકુલતા તો હો ગઈ. પરીષહજય કહાં રહા?

યહાઁ તો પ્રતિકૂલતાકે સંયોગકે કાલમેં અપને સ્વભાવકે આશ્રયસે આનંદમેં રહના ઉસકા નામ પરીષહજય કહનેમેં આતા હૈ. સમજમેં આયા? પહલે ખટક આ ગઈ અંદર, બાદમેં દૂસરે સમય ઉસે જીતના, ઐસે નહીં. ઐસે હૈ હી નહીં. પહલે સમય આ ગયા તો પરીષહ હો ગયા અંદર. સહન તો હુઆ નહીં. સમજમેં આયા? આહા! જિસ કાલમેં પ્રતિકૂલતાકા સંયોગ નિમિત્તરૂપ હો, ઉસી કાલમેં આનંદકી દશા પ્રગટ હોના ઉસે પરીષહ જીતા કહનેમેં આતા હૈ.

પહલે રાગ હુઆ. અરેરે, યે રાગ નહીં. ફિર દૂસરે સમયમેં રાગકો જીતના. પહલે સમય રાગ આયા તો દૂસરે સમય ચલા જાયેગા. ન જીતે તો ભી ચલા જાયેગા. પરીષહજય કી વ્યાખ્યા.....(શ્રોતા : બીજે સમય પર્યાયનો નાશ જ થાય છે.) એ તો થાય. પહેલી પર્યાય તો ગઈ. અબ કિસે જીતના? આહા! સૂક્ષ્મ બાત હૈ. થોડી ચર્ચા હુઈ થી હોં. કોઈ સાથે થઈ'તી, નહીં? ફૂલચંદની સાથે. ફૂલચંદજી એમ કહેતા પહેલા. કે પહેલો પરીષહ આવે પછી આમ થાય. બિલકુલ નહીં. પરીષહનો અર્થ.

(પરીષહજય)નો અર્થ, પ્રતિકૂળતાનો જે સમય છે તે જ સમય શાંતિના—આનંદના ઝલકના અનુભવમાં રહેવું, એનું નામ પરીષહજય કહેવામાં આવે છે. વ્યાખ્યા જ આખી ફેર છે. (શ્રોતા : .....) થાય જ નહીં. વિકલ્પ ન ઊઠે. એટલો અંદર નિર્વિકલ્પ આનંદ અને પ્રતિકૂળતાના સંયોગ વખતે તો વીર્યની સ્ફુરણા સ્વભાવ સન્મુખ ઉગ્ર હોય છે. આહા! એનું નામ પરીષહજય. અથવા સમ્યગ્દર્શન તો હૈ હી. અનુભવ તો હૈ કિ મૈં આત્મા આનંદ ઔર જ્ઞાયક હૂં. વહ પરીષહકી નિમિત્તતા ભી મેરે મેં નહીં ઔર જો વિકલ્પ ઉઠતે હૈં. વહ ભી મેરેમેં નહીં. મૈં તો અખંડાનંદ સચ્ચિદાનંદ પ્રભુ, મેરી ચીજમેં તો પરમાત્મપદ હી પડા હૈ. આહાહા! ઐસી દૃષ્ટિ ઉપરાંત સ્વરૂપમેં રમણતાકી જમવટ જમી હૈ. આહાહા! ઉસ સમય પ્રતિકૂલતાકા લક્ષ ભી નહીં. અપને આશ્રયસે આનંદકી દશાકા વેદન કરના ઉસકા નામ પરીષહજય કહનેમેં આતા હૈ. આરે, આરે! વ્યાખ્યામાં ફેર. સમજમેં આયા?

ભૂખ લગે તો ધીરજ રખતે હૈં. શરીરમેં ક્ષુધા હો વહ તો જ્ઞેય—જડકી દશા હૈ. આહાહા! ક્ષુધા મેરેમેં નહીં ઔર ક્ષુધામેં મૈં નહીં. મૈં તો અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ હૂઁ. ઐસે અતીન્દ્રિય આનંદમેં ધીરજ રખતે હૈં ધીરજ. યહ ભૂખ પરીષહજય હૈ. પ્યાસમેં પાની નહીં ચાહતે હૈં, લો. प्याससै नीर न चहतु हैं. જેઠ મહિનાના તડકા હોય, તૃષા લાગી હોય. આત્માકે પિપાસુ, તૃષા કે પરીષહમેં હાર નહીં જાતે. આત્માકે આનંદકી પિપાસાવાલે ઉસમેં ઘુસ જાતે હૈં. સમજમેં આયા? આત્માકે નિર્વિકલ્પ આનંદ પીતે હૈં. આહા!

એક અમારે ત્યાં હતો. પોષો કરે ને પોષો. પછી તૃષા બહુ લાગે. તડકે બેસે. તડકે, તડકે. ધૂપમાં. બોટાદમાં હતા ઈ. પ્રોષધ સમજે ન પ્રોષધ? (શ્રોતા : ઉપવાસ) ઉપવાસ. પ્રોષધ ઉપવાસ કરે. હતા અજ્ઞાની બધા. ન્યાં પ્રોષધ કે દિ' હતા? ભાન ન મળે. પણ જયારે તૃષા લાગે, ધૂપમેં બેસે. શું કરો છો? પાણી પાઉં છું પોષાને. આવા ને આવા. ભાન ન મળે અંદર. આહાહા! છેવટે સંથારો કર્યો હતો સંથારો. સગપણ કર્યું'તું સગપણ—સગાઈ. પછી કન્યા બેન તરીકે... અને કર્યો ચૌવિહારો. રોટલી ને કેરીનો રસ ખાઈ જાવજીવનો ચૌવિહાર. જયાં આઠ ને નવ ને દસ ઉપવાસ થ્યા, ત્યાં અગ્નિ.. અગ્નિ. ભાન વિના હઠથી કરે. દર્શન કરવા આવે અપાસરે. નાંખીને શું? રેંકડીમાં નાખીને. એટલી પીડા.. પીડા.. પીડા.

આહાર પાણી કરી, રસ—રોટલી ખાઈને ચૌવિહારો સંથારો જાવજીવનો. આવા હઠગ્રાહી જેને ભાન ન મળે કે આત્મા શું ચીજ છે. એ તો હઠીલા ક્રિયાકાંડી મિથ્યાદૃષ્ટિના પોષક છે. આ તો સહજ પ્રતિકૂળતા તૃષા કાળે પણ સહજ આનંદની પિપાસાવાળો આનંદને પીવે છે. આહા! સમજમેં આયા? ધર્મ ચીજ, બાપુ! લોકોએ કલ્પી છે એવી નથી. વીતરાગ ધર્મ હોં. બાકી બીજે તો છે ક્યાં? સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એની આજ્ઞામાં તે ધર્મ આવ્યો જે આવો આવ્યો. અલૌકિક બાત હૈ.

प्यासै नीर न चहतु हैं. આહાહા! અપને પાસ આનંદકા ખજાના પડા હૈ. સમકિતી ધર્મીકે તો અપના ખજાના આનંદકા પડા હૈ. આનંદકે ખજાનેકો ખોલતે હૈં. ઉનકે પરીષહ, પરીષહ હોતા નહીં. ઐસે કહતે હૈં, ભાઈ! અરેરે! અમારે આ સહન કરવું પડે, અમારે લોચ કરવા પડે, અમારે આ કરવું પડે. અરેરે! બાપુ! તું સાધુ નહીં. તને શાંતિ અને આનંદની દશાવાળું કોને ચારિત્ર કહીએ એની તને ખબર નથી. સમજમેં આયા?

डंस मसकादिसौं न डरैं, લો. ડાંસ અને મચ્છર આદિ ભય નહીં કરે. વીંછી અને સર્પ ભેગું આવ્યું એમાં. જંગલમાં હોય, કાળો નાગ આમ નીકળતો હોય અને આવીને બટકા ભરે ફટ. આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ.. આનંદ. મુજે યે સર્પ છૂતા હી નહીં. મૈં હૂં વહાં સર્પકા છૂના હોતા હી નહીં. સમજમેં આયા? ઐસે ધર્મી આત્માકે અતીન્દ્રિય આનંદકે રસિયા ઐસે સંત અપને આનંદકો વેદતે હૈં. ભય નહીં કરતે હૈં. દંશમશકપરીષહકા જીતના હૈ, લો.

ધરતી પર સોતે હૈં. છે ને? भूमि सैन करै. આહાહા! એને કંઈ પથારી—બથારી ન હોય કપડાંની. ભૂમિશયન કરે. मारने बांधनेके कष्टमें अचल रहते हैं. કોઈ મારે શરીરકો, કોઈ કાટે આનંદ.. આનંદ.. આનંદ. ઉનકો તો અતીન્દ્રિય આનંદ હી હૈ, ઉનકો

પ્રતિકૂલતા હૈ હી નહીં. પ્રતિકૂલતા કહની કિસે? વહ તો જગતકી ચીજ જ્ઞેય હૈ. જ્ઞેયમેં યે પ્રતિકૂલ, યે અનુકૂલ ઐસે ભાગસે રાગ-દ્વેષ હી કરતે હૈં. વસ્તુમેં ઐસા ભાગ હૈ નહીં. આહા!

ચલનેકા કષ્ટ, લો. અચલ રહતે હૈં. વધપરીષહજય છે. આહાહા! શરીરમેં છરી દ્વારા કાટે. અતીન્દ્રિય આનંદમેં જહાં મશગૂલ હૈં. મુનિ તો અતીન્દ્રિય આનંદમેં આરૂઢ હૈં. આહાહા! ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ! ઐસે આત્મામેં આરૂઢ હોકર સ્થિર હૈ. ઉનકી વીતરાગદશાકો યહાઁ ચારિત્ર કહતે હૈં. ઉનકો શાંતિ.. શાંતિ.. શાંતિ. વધ વખતે ભી શાંતિ હૈ, યે કહતે હૈં. ચલનેકા કષ્ટ. રાજકુમાર હૈ. નવદીક્ષિત હો. નીચે કાંકરા.. કાંકરા. ચાલે, કષ્ટ ન ગણે. આહાહા! શાંતિ.. શાંતિ. ઉપશમરસમેં ઝૂલતે જિન્હેં ગણધર ભી નમસ્કાર કરે. ઐસી ચીજમેં જો રમતે હૈં ઉન્હેં પરીષહજય સહજ હો જાતા હૈ. ચર્યાપરીષહજય. તિનકા, કાંટા. તિનકા ઈતના ઈતના. તૃણ.. તૃણ. તરણાં. તિનકા એટલે તરણા. તરણા. તૃણ.. તૃણ. ઝીણા તિનકા હોતા હૈ, તૃણ. तिनका काँटा लग जावे तो ઘબરાતે નહીં. ગભરાયે ક્યા? આહાહા!

મલ, દુર્ગંધિત પદાર્થસેં ગ્લાનિ નહીં કરતે હૈં. मल दुरगंधकी गिलानि न गहतु हैं. શરીરમેં મૈલ હો, દુર્ગંધ હો, પસીના હો. સ્નાન તો હોતા નહીં. આહાહા! અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ ઐસે ગુણમેં રહતે હૈં. ઉન્હેં દુર્ગંધકી ગ્લાનિ નહીં હોતી. रोगनिकौ न करैं. શું ન કરે? ઈલાજ. શરીરમેં રોગ આયે ઉસકા ઈલાજ ન કરે. આહાહા! સનતકુમાર મુનિ, લો. ચક્રવર્તી. આત્માકે આનંદમેં ઝૂલતે મુનિપના હુઆ અંતર આનંદસે. શરીરમેં રોગ આયા. ક્યા? ગળતકોઢ. કુષ્ઠ—કોઢ આયા. શાંતિ.. શાંતિ.. શાંતિ. અકષાયભાવ. અનાકુલ આનંદ કી દશામેં ઉસે ગિનતે નહીં, રોગકા ઈલાજ કરતે નહીં.

દેવ આયે. રોગ મિટા દૂં. ક્યા હૈ? ભૈયા! ઉદય હૈ કૌન મિટા સકે? ઉનકો લબ્ધિ થી. થૂંક ચોપડ્યું ત્યાં મટી ગયું. ઐસા હૈ. પર જો ઉદય હૈ ઉસે ક્યા મિટાના? વહ તો હો, હમ હમારે આનંદમેં હૈં. આહાહા! ગજબ વાત છે ને! શ્વાસરોગ હો, દમરોગ હો, કફના રોગ હો, શૂળના રોગ હો, આહાહા! વીંછીના કરડ હો. પટ્ટી નહીં લગાતે હૈં વે. અંતરકે આનંદકી લહરમેં બાહરકે વિકલ્પ ભી ઉન્હેં ઉઠતે નહીં. ઐસી દશા મુક્તિકા કારણ હૈ. સમજમેં આયા? चारित्तं खलु धम्मो. યે ચારિત્રધર્મ હૈ. ઐસે મુનિરાજ. रोगनिकौ न करैं इलाज ऐसे मुनिराज, એમ. ઈલાજની સાથે રાજ નાંખ્યો.

वेदनीके उदै ये परीसह सहतु हैं. અસાતાકે ઉદયમેં ઐસા સંયોગ હો.

આહાહા! આનંદકા ખુરાક ઉગ્રપણે લેતે હૈં, યે કહતે હૈં સમજમેં આયા? સમકિતી જીવ વહ ભી આનંદકા હી ભોજન કરતે હૈં. આહાહા! અતીન્દ્રિય આનંદકા ભોજન કરતે હૈં સમકિતી. તો મુનિકો તો ઉગ્ર અતીન્દ્રિય આનંદકા વેદન હૈ. આહાહા! અરે, આવી વાત! કહે, આ તો પણ બહુ ઊંચી વાત કરે છે. સ્વરૂપ હી ઐસા ઉસકા હૈ. ઊંચા કહો યા નીચા કહો. સમજમેં આયા? વીતરાગ માર્ગમેં ચારિત્રકી દશા સંતોકી ઐસી હોતી હૈ. ઉસમેં ફેરફાર કરે તો યે હો સકે નહીં. આહા!

चारित्रमोहजनित सात परीषह.

ચારિત્રમોહજનિત સાત પરીષહ (કુંડલિયા)

ऐते संकट मुनि सहै, चारितमोह उदोत।
लज्रा संकुच दुख धरै, नगन दिगंबर होत॥
नगन दिगम्बर होत, श्रोत रति स्वाद न सेवै।
तिय सनमुख दृग रोकि, मान अपमान न बेवै॥
थिर ह्वै निरभै रहै, सहै कुवचन जग जेते।
भिच्छुकपद संग्रहै, लहै मुनि संकट ऐते॥८६॥

**શબ્દાર્થ** :—સંકટ=દુઃખ. ઉદોત=ઉદયથી. શ્રોત=કાન. દગ=નેત્ર. બેવૈ(વેદે)=ભોગવે. કુવચન=ગાળ. ભિચ્છુક=યાચના.

**અર્થ** :—ચારિત્રમોહના ઉદયથી મુનિરાજ નિમ્ન-લિખિત સાત પરીષહ સહન કરે છે અર્થાત્ જીતે છે. (૧) નગ્ન દિગંબર રહેવાથી લજ્જા અને સંકોચજનિત દુઃખ સહન કરે છે, એ નગ્નપરીષહજય છે. (૨) કર્ણ આદિ ઇન્દ્રિયોના વિષયોનો અનુરાગ ન કરવો તે અરતિપરીષહજય છે. (૩) સ્રીઓના હાવભાવમાં મોહિત ન થવું, તે સ્રીપરીષહજય છે. (૪) માન-અપમાનની પરવા કરતા નથી એ સત્કાર પુરસ્કાર પરીષહજય છે. (૫) ભયનું નિમિત્ત મળવા છતાં પણ આસન ધ્યાનથી દૂર થતા નથી તે નિષધાપરીષહજય છે. (૬) મૂર્ખાઓના કટુ વચન સહન કરવા તે આક્રોશપરીષહજય છે. (૭) પ્રાણ જાય તોપણ આહારાદિને માટે દીનતારૂપ પ્રવૃત્તિ ન કરવી, એ યાચનાપરીષહજય છે. આ સાત પરીષહ ચારિત્રમોહના ઉદયથી થાય છે. ૮૬.

**अर्थ** :—चारित्रमोहके उदयसे मुनिराज निम्न-लिखित सात परीषह सहते हैं अर्थात् जीतते हैं।

(१) नग्न दिगम्बर रहनेसे लज्रा और संकोचजनित दुःख सहते हैं, यह नग्नपरीषहजय है, (२) कर्ण आदि इन्द्रियोंके विषयोंका अनुराग नहीं करना सो अरतिपरीषहजय है। (३) स्त्रियोंके हावभावमें मोहित नहीं होना, स्त्रीपरीषहजय है। (४) मान-अपमानकी परवाह नहीं करते यह

सत्कारपुरस्कार परीषहजय है। (५) भयका निमित्त मिलने पर भी आसन ध्यानसे नहीं हटना, सो निषद्यापरीषहजय है। (६) मूर्खोंके कटु वचन सह लेना, आक्रोशपरीषहका जीतना है। (७) प्राण जावे तो भी आहारादिकके लिये दीनतारूप प्रवृत्ति नहीं करना, यह याचनापरीषहजय है। ये सात परीषह चारित्रमोहके उदयसे होते हैं॥८६॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

नग्न दिगम्बर रहनेसे लज्जा और संकोचजनित दुःख सहते हैं, यह नग्नपरीषहजय है. આહાહા! નગ્ન દિગંબર આત્માકે આનંદમેં રહનેવાલે શરીરમેં દિગંબર દશા સહજ હો જાતી હૈ. લજ્જા ઔર સંકોચ દુઃખ સહતે હૈં. લજ્જા આવે. અરેરે! મૈં ઐસા રાજકુમાર ઔર ઐસી નગ્નદશા. ઉનકો દુઃખ નહીં હોતા. આહાહા! સમજમેં આયા? સંકોચ. લજ્જા અને સંકોચજનિત દુઃખ. અરે, આમાં કેમ રહેવું? ઈતની સભામેં આદમી વૃંદમેં ચલના નગ્નપને, સંકોચ ઐસા દુઃખ નહીં હોતા. આહાહા!

कर्ण आदि इन्द्रियोंके विषयोंका अनुराग नहीं करना सो अरतिपरीषहजय है. આ ચારિત્રમોહનાં નિમિત્તથી થાય છે. પાંચે ઈન્દ્રિયોનાં વિષયોનો અનુરાગ નહીં કરવો. પ્રશંસા કોઈ કરે, કોઈ નિંદા કરે, એમાં રાગ કે દ્વેષ નહીં કરવો. પ્રશંસા કરનેસે કોઈ મેરે ગુણ બઢ નહીં જાતે હૈં. ઔર નિંદા કરનેસે મેરી હાનિ હોતી નહીં. મેરી દશા મેરે પાસ હૈ. આહાહા!

स्त्रियोंके हावभावमें मोहित नहीं होना, स्त्रीपरीषहजय है. સ્ત્રીની હાવભાવની ચેષ્ટાઓ દેખીને મોહિત ન થવું. તે તરફનો રાગ સાવધાનપણે ન કરવો. સ્વરૂપકી સાવધાની છોડના નહીં. આહા! જો કે સમકિતી જીવ પોતે બાહ્યની કોઈપણ અનુકૂળ ચીજમાં ઉત્સાહિત વીર્ય થાય એવું એને હોઈ શકે નહીં. ધર્મીજીવ ચૌથે ગુણસ્થાનમેં અપને સ્વરૂપમેં આનંદ હૈ ઐસા જો અનુભવ હુઆ, તો પરમેં કુછ ભી આનંદ હૈ ઐસા ઉલ્લસિત વીર્ય હોતા નહીં. પરમેં કુછ ભી સુખ માને તો મિથ્યાદષ્ટિ હો જાતા હૈ. આહાહા!

ચક્રવર્તી છ ખંડકા રાજ. ભરતકો ૯૬ હજાર સ્ત્રી. સુખબુદ્ધિ ઉઠ ગઈ હૈ સબમેં સે. સમજમેં આયા? આહા! ૧૬-૧૬ હજાર દેવ સેવા કરે. મોટા બંગલા અબજો રૂપિયાનાં હોય. અરે, મૈં કહીં નહીં. મેરા સુખ કહીં નહીં. સમ્યગ્દષ્ટિ ચોથે ગુણસ્થાને. આહાહા! મેરા સુખકા સ્થાન તો મૈં આત્મા હૂઁ. મેરા સુખ નહીં વિકલ્પમેં, નહીં શરીરમેં, નહીં સ્ત્રીમેં, નહીં આબરૂમેં, નહીં કીર્તિમેં. આહા! ઐસી દષ્ટિ જિસકી પલટ ગઈ હૈ ઉસે યહાઁ સમ્યગ્દષ્ટિ ધર્મી પહલી શરૂઆતવાલા કહનેમેં આતા હૈ. આહાહા! ભારે ભાઈ આ

તો! સમજમેં આયા? ઈન્દ્રાણી આમ અનુકૂળ હાવ–ભાવ ચેષ્ટા કરે, શરીરની અનુકૂળતા દેખીને, એની અધિકતા શરીરની નમળાઈ અને કોમળ આદિ દેખીને હાવભાવ કરે. અરેરે! એ શરીર મારી ચીજ જ ક્યાં છે? અને હાવભાવ કરે કોણ? એ ચીજ મને ક્યાં છે? આહાહા! અપના નિજાનંદ ભગવાન પર આરૂઢ હોકર આનંદકો વેદતે હૈં. સ્ત્રીકે હાવભાવમેં મોહ કરતે નહીં. આહાહા!

मान-अपमानकी परवाह नहीं करते. કોઈ માન આપો, કોઈ દરકાર નહીં. અપમાન કરો તો ભી દરકાર નહીં. અપમાન મેરા હોતા નહીં. મુઝે તો વહ જાનતે નહીં. તો કિસકા અપમાન કરે? મૈં ક્યા હૂँ અને કહાં હૂँ ઉસે જાનતે નહીં તો કહાँ મેરા માન કરે? સમજમેં આયા? મેરી ચીજમેં ક્યા હૈ ઔર મૈં ક્યા હૂँ એસી જિસે ખબર નહીં, વહ માન-અપમાન કરે, ઉસકા દુઃખ ઉસે (જ્ઞાનીકો) હોતા નહીં. આહાહા! માનમેં અધિકપના નહીં માનતે હૈં અને અપમાનમેં તિરસ્કાર ગ્લાનિ નહીં હોતી હૈ. આહાહા! બહારથી ચારિત્ર લેવા... સત્કાર પુરસ્કાર, લો.

भयका निमित्त मिलने पर भी आसन ध्यानसे नहीं हटना. વાઘ સિંહકા સંયોગ હોને પર ભી અપને આનંદકી શય્યામેં પડા હૈ, ઉસસે હઠતા નહીં. આહાહા! સુખશય્યા. ભારે માર્ગ આકરો ભાઈ! વીતરાગ માર્ગ બાપુ! યે તો સર્વજ્ઞને કહા હુઆ પંથ. ઉસકી પ્રતીતિ હોના વહ ભી અલૌકિક બાત હૈ. તો ચારિત્ર તો કહાँ બાત રહી? આહાહા! સમજમેં આયા? અરે, ઐસા જન્મ મિલને પર ભી જો ઐસી ચીજ હૈ ઐસા જો અનુભવ ને દૃષ્ટિ ન હુઈ, કુછ નહીં કિયા, ધૂલ કિયા. આહાહા!

વ્રત-નિયમ પૂજા-ભક્તિ લાખ કરોડ કરે તો ભી યે સબ શુભભાવ રાગ હૈ, ધર્મ નહીં. સમજમેં આયા? આહા! આકરું કામ જગતને. વીતરાગમાર્ગ તીર્થંકર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથને કહા, યે માર્ગ પિછાન હોકર અંદર જચના, અપૂર્વ બાત હૈ. અનંતકાલમેં કભી સુના નહીં, કિયા નહીં, કરતે નહીં, ખબર નહીં. આહાહા! યહાં તો કહતે હૈં, ઐસે મુનિ ભયકા નિમિત્ત મિલને પર ભી આસન ધ્યાનસે નહીં ચલતે યે નિષદ્યાપરીષહજય હૈ.

मूर्खोंके कटु वचन सह लेना. આક્રોશ વચન. ચાલી નીકળ્યા આવા ને આવા નાગા, એમ કોઈ કહે. અમારી બેન–દીકરીયું અહીં બેઠી છે અને આ ચાલી નીકળ્યો છે આવો. આક્રોશ વચન. મૂર્ખાનાં વચનો(ને) લક્ષ ન દેતાં શાંતિ રાખે. સમજાય છે કાંઈ?

प्राण जावे तो भी आहारादिकके लिये दीनतारूप प्रवृत्ति नहीं करना. એટલી ક્ષુધા લાગી હોય, પ્રાણ જવાનો કાળ હો. અરે, કોઈ આહાર દો આહાર. મરી જાય છે આ શરીર. દીનતા ન હોય એને. એ તો બાદશાહ છે. મુનિ આત્મધર્મી સિંહ છે. સિંહ..

સિંહ. વનકા સિંહ જ્યોં નીડર વનમાં ફિરે ઐસે આત્મધ્યાની ધર્માત્મા આનંદમેં રહનેવાલે નીડરપનેસે આનંદમેં રહતે હૈં. સમજમેં આયા? યે મુનિપના ઐસા હૈ, ઉસકી પહેચાન કરાતે હૈં. જૈસે-તૈસે માન લેના કિ યે મુનિ હૈ, અમુનિકો મુનિ માનના, મુનિકો અમુનિ માનના વહ તો મિથ્યાત્વભાવ હૈ. જૈનદૃષ્ટિસે વિરોધ હૈ. આહા! યાચનાપરીષહ ઉસે કહતે હૈં. યાચવું નહીં. માગવાની વૃત્તિ. માગણ.. માગણ. લાવો થોડો આહાર. થોડુ પાણી. સગવડતા કરો. અમારે માટે ચોકા બનાવો. તમારે લાભ થશે. અરેરે! આ તે કંઈ (મુનિ)? મુનિમાર્ગથી તદ્દન વિરુદ્ધ છે. એ સાત પરીષહ ચારિત્રમોહથી હોય, લ્યો. ચારિત્રમોહના ઉદયથી.

ज्ञानावरणीयजनित दो परीषह.

જ્ઞાનાવરણીય જનિત બે પરીષહ (દોહરા)

अलप ग्यान लघुता लखै, मति उतकरष विलोइ।
ज्ञानावरन उदोत मुनि, सहै परीसह दोइ॥८७॥

**અર્થ :—**જ્ઞાનાવરણીયજનિત બે પરીષહ છે. અલ્પજ્ઞાન હોવાથી લોકો નાના ગણે છે, એનાથી જે દુઃખ થાય છે તેને સાધુ સહન કરે છે, એ અજ્ઞાનપરીષહજય છે. જ્ઞાનની વિશાળતા હોવા છતાં પણ ગર્વ કરતા નથી, એ પ્રજ્ઞાપરીષહજય છે. આવા આ બે પરીષહ જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી જૈન સાધુ સહન કરે છે. ૮૭.

**अर्थ :—**ज्ञानावरणीयजनित दो परीषह हैं। अल्पज्ञान होनेसे लोग छोटा गिनते हैं, इससे जो दुख होता है उसे साधु सहते हैं, यह अज्ञानपरीषहजय है। ज्ञानकी विशालता होने पर गर्व नहीं करते, यह प्रज्ञापरीषहजय है। ऐसी ये दो परीषह ज्ञानावरणीय कर्मके उदयसे जैन साधु सहते हैं॥८७॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

મુનિ હો, આત્મધ્યાની હો ઔર જ્ઞાનકા વિકાસ અલ્પ હો, સમજમેં આયા? લોક છોટા ગિને. અરે રે, આને કંઈ ભાનેય નથી. છોટા ગણે. આમ કરે. ચાહે ક્ષયોપશમ કમ હો ઉસકે સાથ સંબંધ નહીં. અપની દૃષ્ટિકા અનુભવ અને સ્થિરતાકે સાથ સંબંધ હૈ. સમજમેં આયા? જ્ઞાનકા ક્ષયોપશમ અલ્પ હો, સમઝાનેકી ભી શક્તિ ન હો. ઔર સભામેં ઐસે લગે યે તો કોઈ મૂઢ જૈસા હૈ. કહો, દુનિયા બોલે, ઉસમેં ક્યા. અને ઓલાને સભામાં આમ ૫૦-૫૦ હજાર માણસો આમ રંજન કરવાની શક્તિ. હવે એ તો બહારની વાત. ઉસમેં આત્મા ક્યાં આયા? સમજમેં આયા? પંડિતજી! (શ્રોતા : યે કલા

ન્યારી હૈ મહારાજ.) કલા ન્યારી હૈ. યે તો આત્માકે આનંદકી કલાકી બાત હૈ. સમજાનેમેં ન આયે? જ્ઞાનકા ક્ષયોપશમ કમ હો—અલ્પ હો. અપના આત્મા પૂર્ણાનંદકા ભાન-અનુભવ હૈ ઔર સ્વરૂપમેં લીનતા હૈ. લઘુતા નહીં કરતે. લઘુ નહીં હૈ. સમજમેં આયા? આહાહા!

अल्पज्ञान होनेसे लोग छोटा गिनते हैं, इससे जो दुख होता है उसे साधु सहते हैं. જ્ઞાનનો ક્ષયોપશમ ઓછું—અલ્પ હોય એટલે કંઈ એ કોઈ દોષ નથી. એ કંઈ દોષ નથી. આહાહા! બારહવેં ગુણસ્થાનમેં ભી અલ્પજ્ઞાન હોતા હૈ, લો. આહાહા! મિથ્યાદૃષ્ટિ અભવિકો વિભંગ અજ્ઞાન હોતા હૈ ઉસસે ક્યા? સાત દ્વીપ, સમુદ્ર દેખતે હૈં ઉસસે ક્યા? અરે, પંચમ ગુણસ્થાન, ચોથે ગુણસ્થાનમેં અવધિજ્ઞાન હો, બહોત દેખતે હૈં અવધિજ્ઞાનમેં. ઈસસે અવધિજ્ઞાન હૈ તો ગુણદશા બઢી હૈ, ઐસા નહીં હૈ. છઠવીં ભૂમિકામેં મુનિકો અવધિજ્ઞાન ન હો. ઈસસે કોઈ હીન દશા હૈ ઐસા હૈ નહીં. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ. ચારિત્રકી રમણતામેં ભલે જ્ઞાન અલ્પ હો, યે કોઈ લઘુ નહીં, બડા હૈ. પરમેશ્વર પદમેં હૈ. ભારે આકરું! અરે, ઈતની ઈતની સાધના કી. ઈતની સાધના કી પર જ્ઞાન ખિલતા નહીં, બઢતા નહીં. ઈસકા ખેદ મુનિકો નહીં હોતા. આહાહા!

હમેં ક્ષયોપશમ બઢાનેકી કોઈ જરૂરત નહીં. લિખા હૈ? ભાઈ 'સોગાની.' આવે છે ને આપણે 'પ્રવચનસાર'માં નથી આવતું? ૩૪ ગાથા. જ્ઞાનકા વિશેષ ક્ષયોપશમ હો, ન હો ઉસકે સાથ કોઈ સંબંધ નહીં. આત્મા પૂર્ણાનંદકા નાથ, ઉસકા અનુભવ ઔર ઉસકી સ્થિરતા, બસ હો ગયા સાધુ. (શ્રોતા : ક્ષયોપશમ નહીં ચાહિયે, આનંદ ચાહિયે) આનંદકા ભોગના ચાહિયે. હમેં તો સુખકા સ્વાદ આના ચાહિયે. આહાહા! માર્ગ ભારે!

સોગાની.. સોગાની કેવા? 'નિહાલચંદભાઈ.' પેલા અજમેરનાં હતા ને અજમેર. 'નિહાલચંદ સોગાની'. અભી દુકાન ત્યાં કલકત્તા. વે લિખતે હૈં, 'હમેં ક્ષયોપશમકી જરૂરત નહીં.' આહા! 'હમેં તો આત્માકે આનંદકે અનુભવકી જરૂરત હૈ.' છે? વિશેષ ધારીને કંઈ કહેવું છે બીજાને. સુનાના હૈ ઐસી ક્યા ચીજ, ઉસમેં ક્યા હૈ? સમજમેં આયા? અહીંયા ધારણાય ઉડાવી દીધી છે. ધારણાનો બોજો કોણ કરે? યે તો પર્યાયમેં યોગ્યતા હૈ ઐસી હો જાતી હૈ. ઐસી ધારણા કરૂં તો દૂસરેકો જવાબ દે સકૂં, યે તો બડા (મિથ્યાત્વ). અરેરે! એ તો વિકલ્પમાં.... આહાહા!

મુનિરાજ છઠવેં ગુણસ્થાનમેં બિરાજતે હૈં. ગણધર જૈસી જિનકી દશા હૈ. ઉનકા જ્ઞાન અલ્પ હો. ગણધર બાર અંગ ચૌદ પૂર્વકી રચના અંતર્મુહૂર્તમેં કરે. ઈન્હેં અંતર્મુહૂર્તમેં

અલ્પ પાંચ સમિતિ યા તીન ગુપ્તિકા અંતરકા ભાવકા જ્ઞાન હો, ભાવકા જ્ઞાન હોં, લઘુતા નહીં માનતે. હમ ભી અલ્પકાલમેં કેવલજ્ઞાન લેંગે. સમજમેં આયા? અવધિજ્ઞાની હો, ચોથે ગુણસ્થાનમેં પર ઉસે ચારિત્ર બિના કેવલજ્ઞાન નહીં હોગા. આહાહા! આનંદમેં રમે બિના કોઈ કેવલજ્ઞાન હોતા નહીં. બહારકા ક્ષયોપશમ બહોત હો તો કેવલજ્ઞાન જલ્દી હો, ઐસા નહીં. ભારે માર્ગ ભાઈ! આવો માર્ગ ભારે.

આંહીં તો દૃષ્ટિ અને ચારિત્ર બેયનું કામ છે, કહે છે. જ્ઞાન તો સ્વને અનુભવનું થયે છૂટકો છે. આહાહા! ઐસે અલ્પજ્ઞાનીકો લોગ છોટા ગિનતે હૈં. દુઃખ હોતા હૈ ઐસા નહીં. શાંતિ રખે. યે અજ્ઞાનપરીષહ. જ્ઞાનકી વિશાલતાકા ગર્વ નહીં. આહાહા! ૧૪ પૂર્વકા જ્ઞાન હો જાય. હો, ઉસકા ગર્વ નહીં. સમજમેં આયા? ઐસે વિશેષ ક્ષયોપશમમેં અભિમાન નહીં, અલ્પ ક્ષયોપશમમેં દીનતા નહીં. હમને પુસ્તક બનાયે ઈતને. ઢાઈ લાખ પુસ્તક બનાયે, પાંચ લાખ બનાયે. ધૂલ ભી નહીં, સુન તો સહી. આહાહા! જગતની સાથે મીંઢવણી કરવી.. મીંઢવણી ક્યા કહતે હૈં? મિલાન કરના. નહીં હોતા, ભાઈ! આત્માકા માર્ગ તો દૂસરા હૈ. આહા! પ્રજ્ઞાપરીષહજય. ઐસે દો પરીષહ જ્ઞાનાવરણીય કર્મકે ઉદયસે હોતે હૈં. હવે દર્શનમોહનીયજનિત એક અને અંતરાયજનિત એક પરીષહ.

દર્શનમોહનીયજનિત એક અને અંતરાયજનિત એક પરીષહ (દોહરા)

सहै अदरसन दुरदसा, दरसन मोह उदोत।<br>
रोकै उमग अलाभकी अंतरायके होत॥८८॥

**અર્થ** :—દર્શનમોહનીયના ઉદયથી સમ્યગ્દર્શનમાં કદાચ દોષ ઉત્પન્ન થાય તો તેઓ સાવધાન રહે છે—ચલાયમાન થતા નથી, એ દર્શનપરીષહજય છે. અંતરાયકર્મના ઉદયથી વાંછિત પદાર્થની પ્રાપ્તિ ન થાય, તો જૈનમુનિ ખેદખિન્ન થતા નથી, એ અલાભપરીષહજય છે. ૮૮.

**अर्थ** :—दर्शनमोहनीयके उदयसे सम्यग्दर्शनमें कदाचित् दोष उपजे तो वे सावधान रहते हैं—चलायमान नहीं होते, यह दर्शनपरीषहजय है। अंतरायकर्मके उदयसे वाञ्छित पदार्थकी प्राप्ति न हो, तो जैनमुनि खेदखिन्न नहीं होते, यह अलाभपरीषहजय है॥८८॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

दर्शनमोहनीयके उदयसे सम्यग्दर्शनमें कदाचित् दोष उपजे तो वे सावधान रहते हैं—चलायमान नहीं होते. ઈન્દ્રોનાં ઈન્દ્રાસન ચળે પણ આ ચળે નહીં. આહાહા! મારી ચીજ આનંદસ્વરૂપ છે એવું રહે. ઐસા અંદરમેં ભાન હૈ. યે પ્રતિકૂલતા પરીષહ આયે દર્શનકા, ચલતે નહીં. ક્યા હુઆ તુઝે? હમેં સમકિત હૈ ઔર તુમ્હેં ચારિત્ર હૈ.

ચારિત્ર હૈ તો ક્ષયોપશમ ક્યું બઢતા નહીં તેરા? સમજમેં આયા? તુમ તો કહતે હો કિ હમેં તો ગુણવૃદ્ધિ હુઈ હૈ. તો ક્ષયોપશમ ક્યોં નહીં બઢતા? ઐસા યે દર્શનસે ચલે નહીં. સમજમેં આયા? દર્શન પરીષહ છે.

अंतरायकर्मके उदयसे वाञ्छित पदार्थकी प्राप्ति न हो. ઇચ્છા અનુસાર બાહ્ય પદાર્થ ન હો. પહલે યથાર્થમેં તો સમકિતીકો ઇચ્છાય નહીં હોતી. પર અસ્થિરતાકી ઇચ્છા હોતી હૈ ઉસકે અનુસાર સંયોગ ન હો, સમતા રખે. સમજમેં આયા? वाञ्छित पदार्थकी प्राप्ति न हो, तो जैनमुनि खेदखिन्न नहीं होते, यह अलाभपरीषहजय है. શિષ્યકા લાભ, પુસ્તકકા લાભ, ક્ષયોપશમકા લાભ વિગેરે વિગેરે.

એવા ૨૨ ભાવ. અતીન્દ્રિય આનંદમેં મશગૂલ પ્રભુ આત્મા ઉસે ચારિત્રવંત કહતે હૈં. ઐસે ચારિત્રવંત મુનિ છઠવેં ગુણસ્થાનમેં ઐસે પરીષહકો સમભાવસે સહતે હૈં, સહન કરતે હૈં. પછી એનો ખુલાસો

બાવીસ પરીષહોનું વર્ણન (સવૈયા એકત્રીસા)

**एकादस वेदनीकी, चारितमोहकी सात,**
**ग्यानावरनीकी दोइ, एक अंतरायकी।**
**दर्सनमोहकी एक, द्वाविंसति बाधा सबै,**
**केई मनसाकी, केई वाकी, केई कायकी।।**
**काहूकौ अलप काहूकौ बहुत उनीस तांई,**
**एक ही समैमैं उदै आवै असहायकी।**
**चर्या थित सज्रामांहि एक सीत उस्न मांहि,**
**एक दोइ होहिं तीन नांहि समुदायकी।।८९।।**

**શબ્દાર્થ** :—મનસાકી=મનની. વાકી(વાક્યકી)=વચનની. કાય=શરીર. સજ્જા=શય્યા. સમુદાય=એકસાથે.

**અર્થ** :—વેદનીયના અગિયાર, ચારિત્રમોહનીયના સાત, જ્ઞાનાવરણના બે, અંતરાયનો એક અને દર્શનમોહનીયનો એક—એવી રીતે બધા મળીને બાવીસ પરીષહો છે. તેમનામાંથી કોઈ મનજનિત, કોઈ વચનજનિત અને કોઈ કાયજનિત છે. આ બાવીસ પરીષહોમાંથી એક સમયે એક સાધુને વધારમાં વધારે ઓગણીસ સુધી પરીષહો ઉદયમાં આવે છે, કારણ કે ચર્યા, આસન અને શય્યા આ ત્રણમાંથી કોઈ એક અને શીત ઉષ્ણમાંથી કોઈ એક, આ રીતે પાંચમા બેનો ઉદય હોય છે, બાકીના ત્રણનો ઉદય હોતો નથી. ૮૯.

**अर्थ** :—वेदनीयकी ग्यारह, चारित्रमोहनीयकी सात, ज्ञानावरणीयकी दो, अंतरायकी एक

और दर्शनमोहनीयकी एक—ऐसी सब बाईस परीषह हैं। उनमेंसे कोई मनजनित, कोई वचनजनित और कोई कायजनित हैं। इन बाईस परीषहोंमेंसे एक समयमें एक साधुको अधिकसे अधिक उन्नीस तक परीषह उदय आती हैं। क्योंकि चर्या, आसन और शय्या इन तीनमेंसे कोई एक और शीत उष्णमेंसे कोई एक, इस तरह पाँचमें दोका उदय होता है, शेष तीनका उदय नहीं होता॥८९॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

एकादस वेदनीकी चारित्रमोहकी सात, ग्यानावरनीकी दोइ एक अंतरायकी. એનો ખુલાસો કર્યો. दर्सनमोहकी एक, द्वाविंसति बाधा सबै, केई मनसाकी. કોઈ મનની પરીષહ, કોઈ વાણીનો, કોઈ કાયાનો, એમ. काहूकौ अलप काहूकौ बहुत. કોઈને એકાદ પરીષહ અને કોઈને ૧૯ (પરીષહ). ૨૨ માંથી ૧૯ સુધી એક સાથે હોય. एक ही समैं मैं उदै आवै असहायकी. કોઈ સહાય નહીં ઉસમેં. આહાહા! चर्या थित सज्ञामांहि एक सीत उस्न मांहि. ચર્યા, આસન, શય્યામાંથી એક અને શીત-ઉષ્ણમાંથી એક એટલે ઓગણીસ, એમ.

एक दोइ होहिं तीन नांहि समुदायकी, લ્યો. એક હોય શીત-ઉષ્ણમેં કોઈ એક. इस तरह पाँचमें दोका उदय होता है, शेष तीनका उदय नहीं होता. આહાહા! ‘એકાકી વિચરતો વળી સ્મશાનમાં, વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ, અડોલ આસનને મનમાં નહીં ક્ષોભતા, પરમ મિત્રનો જાણે પામ્યો યોગ.’ એવી દશા ધન્ય અવતાર! ચારિત્રવંત એનો મોક્ષનો માર્ગ નિર્મળ થઈ ગયો, નિર્મળ હુઆ. મોક્ષ તો જેની હથેળીમાં છે. લિયા કિ અભી લિયા કેવલજ્ઞાન, ઐસી દશા ચારિત્રવંતકી હોતી હૈ. ઐસે ચારિત્રકો ઐસા પરીષહ હો તો સમભાવસે સહન હોતા હૈ. વિશેષ કહેંગે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૯૩, કારતક સુદ ૧૦, શુક્રવાર તા. ૨૯-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાનાધિકાર પદ ૯૦ થી ૯૪ પર પ્રવચન

ચૌદ ગુણસ્થાનનું વર્ણન ચાલે છે. છેલ્લો અધિકાર છે ને આખરનો. અધિકાર તો અત્યારે સ્થવિરકલ્પી અને જિનકલ્પી સાધુની તુલના કરે છે. જૈનમાર્ગમાં તીર્થંકર પરમાત્માએ કહ્યો જે સાધુપંથ, એ કેવો હોય અને કોને સાધુપદ હોય, કોને સાધુ કહેવા એનું વર્ણન છે. સાધુ થવા પહેલાં તો સમ્યગ્દર્શન હોવું જોઈએ. સમ્યગ્દર્શનમાં આત્મા આનંદસ્વરૂપ એનું એને ભાન થયેલો, પ્રતીતમાં આવેલો આત્મા, એને સમકિત થાય છે. હજી તો ધર્મની પહેલી (દશા), પછી સાધુ તો ક્યાંય રહ્યા. એ તો કંઈ બીજી દશા. વર્તમાન લોકો માને છે એવું એ પદ છે નહીં. સમકિત પદ એવું છે કે જે અનંત કાળમાં એક સેકન્ડમાત્ર પણ એણે કર્યું નથી. એવો આ આત્મા કેવળી તીર્થંકર પરમાત્માએ જોયો, એવો આ આત્મા છે અંદર શુદ્ધ સચ્ચિદાનંદ મૂર્તિ સિદ્ધ સ્વરૂપી એનું સ્વરૂપ છે. એને રાગ આદિ દેખાય છે પણ એ એની ચીજમાં નથી. સમજાય છે કાંઈ?

શરીર, વાણી, મન આ તો જડ છે, આ તો માટી છે. આ કંઈ આત્મા નથી. તેમ અંદર કર્મ જે છે આઠ રજકણો ઝીણી ધૂળ એ કંઈ આત્મા નથી. એ તો માટી અજીવતત્ત્વ, જગતના જડ તત્ત્વો છે. એમાં જે કંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ-ક્રોધના ભાવ થાય એ તો આસ્રવતત્ત્વ, વિકારી તત્ત્વ છે, મેલ તત્ત્વ છે. આહાહા! એનાથી ભગવાન આત્મા નિર્મળાનદ પ્રભુ તદન શુદ્ધ આનંદનો ધામ... છોકરા કાલ ગાતા'તા. આનંદનું ધામ. ઓલા છોકરા નહોતા આવ્યા સાથે એક ઓલાને. આંહીં ગાયું હતું. ચંપક શેઠની સાથે. એની સાથે ત્રણ છોકરા હતા. એને બધું કાલ જાવું'તું. તો એવું ગાતા'તા. ન્યાં ગાતા હશે કાંઈ. એક તો આજ મારું ગાયું'તું. બેનનું ગાયું'તું. મંગલિક આમાં પધારજો, એવું ગાયન. ન્યાં ઠીક કરતા હશે. ચંપક શેઠ હતા. આહાહા!

ભગવાન આત્મા જેમાં અનંત.. અનંત બેહદ અપરિમિત જ્ઞાન સ્વભાવ ભર્યો છે. જેમાં અનંત અતીન્દ્રિય આનંદનો ખજાનો છે. એવો આત્મા એણે અનંતકાળમાં એનું ભાન કર્યું નથી. એ વ્રત ને નિયમ ને અપવાસ ને પૂજા ને ભક્તિયું કરી, એ બધો શુભરાગ છે. આરે! આ તો ભારે પડે છે જગતને. પંડિતજી! સત્ય તો સત્ય જ છે આ. પણ લોકોએ એવું વીંખી નાખ્યું છે સત્‌નું સ્વરૂપ કે સાચાને ખોટું ઠરાવ્યું અને ખોટાને સાચું ઠરાવ્યું છે. હોય છે, રાગ હોય છે. શુભરાગ અને અશુભરાગ, પણ એ કંઈ ચીજ વસ્તુ નથી,

આત્મા નથી. આહાહા! પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે એને આત્મા કહ્યો.

'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા' સ્તુતિમાં આવે છે ને. પ્રભુ તુમ જાણગ રીતિ. હે સર્વજ્ઞ પરમાત્મા! 'સીમંધર' ભગવાન તો બિરાજે છે મહાવિદેહમાં તીર્થંકરપદ. 'મહાવીર' આદિ તો મુક્તિને પધાર્યા. સિદ્ધપદ પામ્યા. તો ભગવાનની સ્તુતિ કરતાં ભક્તો એમ કહે, હે પ્રભુ! તમારી જાણવાની રીત, 'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગત દેખતા.' પ્રભુ! આ ત્રણ કાળ ત્રણ લોક આપ દેખો છો. 'એમાં નિજસત્તાએ શુદ્ધ.' આ આત્માનું હોવાપણું નિજસત્તાએ હોવાપણું. એને તો આત્માને તો આપે શુદ્ધ જોયો છે. આહાહા! એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ થાય એ પણ રાગ છે. એ આત્મા નહીં. એ તો આસ્રવતત્ત્વ છે. આહા! આકરું કામ ભારે માણસને. અત્યારે તો એમાં જ બધું મનાવી દીધું અને એનાથી આ સાચું કહે એને ખોટા ઠરાવ્યા. આહાહા!

બાપુ! તું કહે એમ રહેશે? જેમ હશે તેમ રહેશે. તું સાચાને ખોટા ઠરાવે ખોટા થાય એવું નથી અને ખોટા સાચા ઠરાવવા માંગે તો એ સાચા થાય એવા નથી. આહાહા! ભગવાન અંદર આત્મા નિજસત્તા પોતાના હોવાપણે ચૈતન્યનો દરિયો છે, આનંદનો સાગર છે, વીર્યની મૂર્તિ છે, પુરુષાર્થની તો એ મૂર્તિ આત્મા છે તું. અનંત સ્વચ્છતા અને પ્રભુતાનો પ્રભુ એ પોતે પિંડ છે. એવા આત્મા પ્રત્યે પ્રથમ અનુભવમાં એને આવવું જોઈએ. ભાઈ! બીજી ક્રિયા અને વ્રત, આ મુનિપણું ને એ પછી, પણ આ પહેલું ન હોય એને કંઈ મુનિપણું આદિ હોઈ શકે નહીં. આહાહા!

કહે છે કે પ્રભુ પોતે પૂર્ણાનંદ સિદ્ધસ્વરૂપી આત્મા એનું અંતરમાં જ્ઞાન થઈને પ્રતીત થવી અને આત્મામાં આનંદનું વેદન આવવું, એનું નામ તો પ્રથમ હજી સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? ધર્મની હજી પહેલી નાનામાં નાની જઘન્ય જીવકાળ છે. આ પછી મુનિ કેવા હોય એનું આંહીં વર્ણન છે. આહાહા! આકરું માણસને ભારે લાગે હોં. જૂનું સાંભળ્યું હોય ને એની સાથે અથડાય આ.

સાંભળતાં ન્યાં દુકાનમાં. આ એક દિગંબર ધર્મ છે. એના સાધુ નાગા હોય ને. એવું સાંભળતા પહેલાં. ન્યાં તો નથી કાંઈ ધર્મ દિગંબર છે નહીં એમાં. શ્વેતાંબર. પાલેજમાં. એ તો એક જૂનું હિન્દુસ્તાની તે ભાન વિનાના. અમારા માણસો ત્રીસેક-પચાસેક ભેગા થાય. બેસે. એમાં સાંભળતા કે દિગંબર ધર્મ છે અને એના સાધુ નગ્ન હોય ને. હશે કો'ક કીધું આપણે તો વળી શું. આહાહા! ભાઈ! માર્ગ પરમાત્માનો તો આ છે હોં.

એ આત્માના ભાન, જ્ઞાન, અનુભવ થયા પછી સ્વરૂપમાં જેટલી લીનતા થાય કે

જેને આસક્તિની અસ્થિરતા ટળી જાય. સમ્યગ્દર્શનમાં આસક્તિ હજી હોય છે એને રાગની આસક્તિ હોય છે. પણ જ્યારે એ આસક્તિ ટળી અને આત્મામાં અતીન્દ્રિય આનંદની છોળું મારે અંદર, અતીન્દ્રિય આનંદની ભરતી એની દશામાં આવે ત્યારે એને સાધુ કહેવામાં આવે છે. આહાહા! ભારે વાત. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગમાં આમ છે. બીજે તો ક્યાંય છે જ નહીં. આવો માર્ગ વીતરાગનો છે ભાઈ! એ અહીં વર્ણવે છે જુઓ.

ત્યારે કહે, એ સાધુપણામાં બે પ્રકાર છે ને. એક સ્થવિરકલ્પી અને એક જિનકલ્પી. એનું શું સ્વરૂપ? અને બેમાં તુલના શું ને ફેર શું? સ્થવિરકલ્પી અને જિનકલ્પી સાધુની સરખામણી. नाना विधि संकट—दसा, ભાષા શું સમજાવે. સંકટ દશા, લ્યો. શું કરે? મુનિને સંકટ હોતાં જ નથી. મુનિ તો અતીન્દ્રિય આનંદ જે આખી દુનિયાથી બેપરવા છે. મહા વીતરાગી સ્વભાવમાં કેલિ કરતા હોય છે. સમજાણું કાંઈ? આહાહા!

સ્થવિરકલ્પી અને જિનકલ્પી સાધુની સરખામણી (દોહરા)

नाना विधि संकट-दसा, सहि साधै सिवपंथ।
थविरकल्पि जिनकल्पि धर, दोऊ सम निगरंथ॥९०॥

**અર્થ :—**સ્થવિરકલ્પી અને જિનકલ્પી બન્ને પ્રકારના સાધુ એક સરખા નિર્ગ્રંથ હોય છે અને અનેક પ્રકારના પરીષહો જીતીને મોક્ષમાર્ગ સાધે છે. જે સાધુ સંઘમાં રહે છે તે સ્થવિરકલ્પી છે અને જે એકલવિહારી છે તે જિનકલ્પી છે. ૯૦.

**अर्थ :—**स्थविरकल्पी और जिनकल्पी दोनों प्रकारके साधु एकसे निर्ग्रंथ होते हैं और अनेक प्रकारकी परीषह जीतकर मोक्षमार्ग साधते हैं॥९०॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કહે છે, ઓહો! જે સાધુ આત્માના અતીન્દ્રિય આનંદના સ્વાદિયા. આહાહા! અજ્ઞાની દુઃખના સ્વાદિયા છે. સમજાણું કાંઈ? આહા! અનાદિના અજ્ઞાની પુણ્ય-પાપના ભાવ કરે, એને વેદે એ તો દુઃખના રસીલા દુઃખના સ્વાદિયા છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ આનંદના રસીલા છે. ધર્મી થતાં, પહેલા દરજ્જાના ધર્મી થતાં એને અંતર આનંદનો રસીલો એ જીવ હોય છે. અતીન્દ્રિય આનંદનો રસીલો હોય છે. અને મુનિ થતાં તો અતીન્દ્રિય આનંદના જેને ઉભરા હોય છે. આહાહા! બાપુ! મુનિપણું તો અલૌકિક ચીજ છે. આ આલીદુઆલી બધા માની બેઠા છે કે અમે સાધુ છીએ. ભાઈ! એમ નથી

બાપુ! ભગવાન! તારા માર્ગની રીત કોઈ જુદી છે. આહાહા!

કહે છે, અનેક પ્રકારની પ્રતિકૂળતા હો, એને ધર્મી જ્ઞેય તરીકે જાણીને આનંદની લહેરમાં જ્ઞાતા-દૃષ્ટા ધર્મી રહે છે. सहि साधै सिवपंथ. અહીં પરીષહની વાત છે ને ભાઈ. પરીષહ સહન કરવું એ પાંચમે ને છઠ્ઠેથી શરૂ થાય છે. ચોથામાં પરીષહ સહન કરવાનું નથી. ત્યાં અવિરતી છે ને. આહાહા! સમજાણું કાંઈ? (શ્રોતા : ચારિત્રની સાથે સંબંધ રાખ્યો) ચારિત્ર સાથે સંબંધ પરીષહનો છે. એટલે ચોથે ગુણસ્થાને સમ્યગ્દષ્ટિને પરીષહ ન હોય. એ દર્શનપરીષહનો કીધો એ તો જીતે છે એટલે. ખરેખર એને પરીષહ છે નહીં.

પણ પંચમ ગુણસ્થાન શ્રાવકનું સાચું ગુણસ્થાન, શ્રાવકનું એટલે આ વાડામાં એને શ્રાવક કહેતા નથી કાંઈ. આ તો ભગવાન ત્રણલોકના નાથ તીર્થંકરદેવ પરમેશ્વરે જેને શ્રાવક કહ્યા એ તો પંચમ ગુણસ્થાનના આનંદદશામાં હોય છે. આહાહા! ભારે ભાઈ આ! એવો ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં એમ કહેવાય ગૃહસ્થાશ્રમમાં, ખરેખર તો સમકિતી પોતાના ભાવમાં છે. એ રાગમાંય નથી અને બાયડી, છોકરાં, કુટુંબ ને રાગમાંય નથી. આહા! આવી વાત બાપુ ભારે! સમજાણું કાંઈ?

શ્રાવક જેને કહીએ પંચમ ગુણસ્થાનવાળા એને તો; સર્વાર્થસિદ્ધિના દેવ એકાવતારી ચરમશરીરી છે, સમકિતી છે, બહારના જાણનાર છે, એને જે શાંતિ છે એના કરતાં પણ શ્રાવકને સાચાં જેને કહીએ એને આત્માને આશ્રયે શાંતિ ઘણી વધી ગઈ હોય છે. આહાહા! જેને બે અનંતાનુબંધી ને અપ્રત્યાખ્યાનીય કષાયનો જેમાં નાશ થયો છે. આહાહા! જેને શાંતરસના સ્વાદિયા. એને શાંતરસ ઘણો પ્રગટ્યો છે દેવ કરતાં પણ. અને મુનિ એને તો અલૌકિક વાત, બાપા! એ તો સાધુ થયા તો સિદ્ધ હુઆ. જેને અંતરમાં... सहि શબ્દ પડ્યો છે ને. પરીષહ સહન કરે ભાઈ. (શ્રોતા : એવું જે જ્ઞાન કરે) એટલે એનો અર્થ ઈ. એને હોય છે પ્રતિકૂળતા. પણ એમાં જ્ઞાતા-દૃષ્ટા આનંદમાં રહીને એને સહે છે. દુઃખ કરીને સહે છે કે અરેરે! મારે આ સહન કરવું પડે છે એમ નહીં. એ તો રાગ છે. આહા!

બાપુ! વીતરાગમાર્ગ કોઈ જુદી જાત છે, ભાઈ! દુનિયા પાસે વીતરાગમાર્ગને બીજી રીતે મૂકાણો છે. જે રીતે જોઈએ તે રીતે એને મૂકાણો નથી. શું થાય! આવી દુનિયાનો મોટો ભાગ અજ્ઞાનને હિલોળે ચડ્યો છે. એમાં આ માર્ગને સમજવો. રાગ હો, ગૃહસ્થાશ્રમમાં સમકિતી હોય એને રાગેય હોય, અશુભ રાગેય હોય. શુભરાગેય હોય. પણ એનો એને આદર નથી. એનો એ સ્વામી નથી. સમજાણું કાંઈ? અને છઠ્ઠે ગુણસ્થાને તો રાગ જ અલ્પ થઈ ગયો છે. આહાહા! 'નિયમસાર'માં તો કહે છે ને. એક શ્લોકમાં

આવે છે ને. હવે જ આવશે આમાં તો. ભગવાન અને મુનિપણામાં કાંઈ ફેર માને એ જડ જેવા છે. આવશ્યકમાં આવશે ને આ. આવશ્યકમાં છે મારા ખ્યાલથી. કળશ છે એ તો. આહાહા!

સાધુ એટલે શું, ભાઈ! એ તો સંસારને કિનારે આવી ગયો. હવે મોક્ષમાં એ પગ મૂકવો એટલી વાર છે. આહાહા! એવા સાધુપણા કેવા એણે સાંભળ્યા નથી. આહાહા! કહે છે, सहि साधै सिवपंथ. પ્રતિકૂળતા કોઈ આવે, એને મોક્ષનો પંથ એટલે નિર્મળને સાધતાં સહન નામ જ્ઞાતા-દૃષ્ટા રહે છે એ તો. આહાહા! थविरकल्पि जिनकल्पि धर, दोऊ सम निगरंथ. બેય સાધુ બહારમાં તો તદ્દન નગ્ન દિગંબર હોય છે. વીતરાગમાર્ગની તો આ રીત છે. સમજાણું કાંઈ?

निगरंथ કીધું ને. આહાહા! सम निगरंथ. જેવો માતાએ જન્મ્યો એવો જેના શરીરની નગ્ન દશા, તેની વીતરાગ મુદ્રા અતીન્દ્રિય આનંદની છાપ જેના ઉપર આમ શરીરમાં દેખાય. આહાહા! સમજાય છે કાંઈ? એ બેય, કહે છે, સરખા નિગ્રંથ હોય છે. સ્થવિરકલ્પી એટલે વસ્ત્ર-પાત્ર રાખે અને જિનકલ્પી એટલે જંગલમાં રહે, એમ નથી. આહાહા! (શ્રોતા : નિષેદ્ય ....) નિષેધ્ય કહે છે ને, બધી ખબર છે ને. અરે, ભગવાન! બાપુ! ભાઈ! એ વીતરાગનો માર્ગ તો જે અનાદિનો છે ઈ છે. સમજાય છે કાંઈ?

जो मुनि संगतिमैं रहै, थविरकल्पि सो जान।
एकाकी जाकी दसा, सो जिनकल्पि बखान॥९१॥

**અર્થ :—**જે સાધુ સંઘમાં રહે છે તે સ્થવિરકલ્પી છે અને જે એકલવિહારી છે તે જિનકલ્પી છે. ૯૧.

**अर्थ :—**जो साधु संघमें रहते हैं वे स्थविरकल्पधारी हैं और जो एकलविहारी हैं वे जिनकल्पधारी हैं॥९१॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जो मुनि संगतिमैं रहै, थविरकल्पि सो जान. એટલો ફેર. સ્થવિરમુનિ નગ્ન દિગંબર પણ સાધુના નગ્નમુનિઓના સાધર્મીમાં સાથે રહે એટલો ફેર. સભામાં ઉપદેશ નીકળે. ઈચ્છા વિના વાણી. આહાહા! આવું સાધુપદ જેને પરમેશ્વરપદ કહીએ. 'ણમો લોએ સવ્વસાહૂણં' અરે, પદની એને ખબરેય ન મળે. અને એ પદની ચીજ શું છે એનું ભાન નહીં અને એને પદ પ્રગટ થઈ જાય (એમ નથી.) સમજાણું કાંઈ? અનાદિથી ભ્રમણામાં એમ ને એમ એણે ભાવ ગુમાવ્યો છે. जो मुनि संगतिमैं रहै, थविरकल्पि

सो जान. એટલો ફેર.

एकाकी जाकी दसा. જંગલમાં એકલો મુનિ આત્મધ્યાનમાં મસ્ત રહે. सो जिनकल्पि बखान, લો. શાંતિભાઈ! આહાહા! એકલવિહારી જંગલમાં અતીન્દ્રિય આનંદમાં મસ્ત, એવી અંતરની વીતરાગી મોજું માણતો એકલો રહે એને નગ્ન દિગંબર એને જિનકલ્પી કહીએ. બાકી નગ્ન દિગંબર પણ ઘણા સાધુ સંપ્રદાયમાં ભેગો રહે એને સ્થવિરકલ્પી કહીએ. બાકી કોઈ બેમાં ફેર છે નહીં. સમજાણું કાંઈ? આહાહા!

આમ કહે ઓલામાં કે સાધુ ને કુસાધુ માને તો મિથ્યાત્વ, કુસાધુને સાધુ માને તો (મિથ્યાત્વ). પણ કુસાધુ અને સાધુ કોને કહેવા એની ખબર નથી. આહાહા! પોતાની સંપ્રદાયની બહારના હોય એ બધા કુસાધુ. પોતાના સંપ્રદાયના સાધુ. અરે, ભગવાન! ભાઈ! જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે. વીતરાગમૂર્તિ આત્મા છે. એની વીતરાગતા શક્તિમાંથી પ્રગટ કરીને લીનતાના આનંદમાં રહેવું એનું નામ જૈનધર્મ ને સાધુપંથ છે. આહાહા! एकाकी जाकी दसा, सो जिनकल्पि बखान

(ચોપાઈ)

थविरकलपि धर कछुक सरागी।
जिनकलपी महान वैरागी।।
इति प्रमत्तगुनथानक धरनी।
पूरन भई जथारथ वरनी।।९२।।

**અર્થ :**—સ્થવિરકલ્પી સાધુ કિંચિત્ સરાગી હોય છે અને જિનકલ્પી સાધુ અત્યંત વૈરાગી હોય છે. આ છઠ્ઠા ગુણસ્થાનનું યથાર્થ સ્વરૂપ વર્ણવ્યું. ૯૨.

**अर्थ :**—स्थविरकल्पी साधु किंचित् सरागी होते हैं, और जिनकल्पी साधु अत्यन्त वैरागी होते हैं। यह छट्ठे गुणस्थानका यथार्थ स्वरूप वर्णन किया।।९२।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

સ્થવિરકલ્પી મુનિ, સ્હેજ રાગ હોય છે ઉપદેશ કરવાનો. એ પણ રાગ છે ને. સાધુ-સંતની વચમાં રહેવું એ પણ એક રાગ-વિકલ્પ રાગ છે. આહાહા! એટલો રાગ હોય. બાકી તો દિગંબર મુનિ, નગ્નદશા આનંદકંદમાં ઝૂલતા. जिनकलपी महान वैरागी. છે તો બેય છઠ્ઠે. નિર્ગ્રંથ, નગ્ન. પણ જરી રાગનો ભાગ અંશે સ્થવિરકલ્પીને હોય છે. જિનકલ્પી મહા વૈરાગી. સમજાણું કાંઈ? પરની બધી ઉપેક્ષા. સમજાણું કાંઈ? આહાહા! (શ્રોતા : કૈસા રાગ?) આ ઉપદેશ, જ્યેષ્ઠ પાસે રહેવું એ પણ રાગનો અંશ છે ને.

પ્રમત્ત. ઉપદેશ દેના વહ ભી રાગકા અંશ હૈ ન. રાગકા અંશ હૈ. આહાહા! વીતરાગમાર્ગ કાંઈ બાપા! એક રાગનો કણ હોય તો પણ તેને દોષ છે એમ બતાવે. આહા! ઉપદેશ દેવામાં પણ વિકલ્પની વૃત્તિ રાગ છે. વાણી તો વાણીને કારણે પણ વૃત્તિ ઊઠે છે કે આ સમજાવું, એ પણ રાગ છે. આહાહા! સમજાણું કાંઈ? એ જિનકલ્પીને એ ન હોય. મહાન વૈરાગી. આહાહા! બીજું આવ્યું'તું મનમાં પણ ઈ કહેવાય એવું નથી. એવી વાત છે આ. આહાહા!

इति प्रमत्तगुनथानक धरनी। पूरन भई जथारथ वरनी॥

આહાહા! કહે છે કે મુનિપણું જૈનદર્શનનું એટલે વીતરાગમાર્ગનું આવું હોય છે. એવું સ્વરૂપ બીજે વીતરાગ પરમેશ્વર સિવાય ક્યાંય હોતું નથી. અને આવો જ માર્ગ હોય એને સાધુ સંત કહે છે. આહાહા! આનંદને ઝૂલે ઝૂલતો હોય છે. અતીન્દ્રિય આનંદનો રસીલો છે. પંચ મહાવ્રતનો વિકલ્પ ઊઠે છે એને એ દોષ તરીકે જાણે છે. આહાહા! ભીખાભાઈ!

આંહીં તો હજી મહાવ્રત પાળે એ ધર્મ થઈ ગયો એને અજ્ઞાનીને. પર ઉપર લક્ષ કરીને અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યના ભાવ એ બધા રાગ વિકલ્પ છે. શુભરાગ છે. એ ચારિત્ર નહીં, એ ધર્મ નહીં. આહાહા! અરે, વાત ફેરવવી કઠણ પડે ને. હવે આ તો એકાંત છે, એકાંત છે એમ કહે હોં ઉલ્ટા. કહે. બાપા! ભાઈ! તારા પડખાની વાત શું છે એની તને ખબર નથી. પર પડખે ચડીને વાતું કરનારા રાગની વાતું ને રાગમાં લાભ મનાવનારા એ વીતરાગના શ્રદ્ધાવાળો નથી. સમજાણું કાંઈ? આહાહા!

જેને છઠ્ઠું ગુણસ્થાન સાચું હોય એને ક્ષણમાં સાતમું આવ્યા વિના રહે નહીં. શાંતિભાઈ! આહા! અમારે શાંતિભાઈ દિગંબર સાધુ થવાના હતા ને. વૈરાગી માણસ છે. વૈરાગી માણસ છે ને. એને ખ્યાલમાં આવી ગ્યો, ભાઈ માર્ગ કાંઈ બીજો છે. દિગંબર મુનિ થવાના હતા. મા-બાપ છે, બૈરા છે, છોકરા છે, પૈસાવાળા છે. દિલ્હી. દિલ્હી ને? દિલ્હીના છે. દીક્ષાની રજા આપી દીધી છે બૈરાએ. નગ્ન દિગંબર મુનિ થવા. એમાંથી મળી ગ્યા. જ્ઞાનચંદજી કે કોઈક મળ્યું. કોણ મળ્યું? પુસ્તક. આંહીંથી સમાગમ થયા.

અરે, બાપા! મુનિપણા બાપુ! એ મુનિ.. 'માણસ હોના મુશ્કિલ હૈ, સાધુ કહાઁસે હોય.' હજી સમ્યગ્દર્શન હોના એ મહામુશ્કેલ છે તો સાધ કહાઁસે હોય? 'સાધુ હુઆ તો સિદ્ધ હુઆ.' એ તો પરમાત્મા થઈ ગયો હવે. આહાહા! છે ને આમાં કંઈ નહીં ઓલા 'નિયમસાર'માં, નહિ? આવશ્યકમાં છે ને? પેલો થોડો ફેર કર્યો, પછી એમાં ફેર કાઢી નાખ્યોને. આવશ્યકમાં છે ને આવશ્યકમાં. કેટલામો? કેટલામો આવે છે? આહા! આવે જુઓ શ્લોક આવે છે. એ ૨૫૩. ભાઈ. આ 'નિયમસાર'માં આપણે ૨૫૩ કળશ છે હોં.

આપણે ચાલે છે હિન્દીમાં. ૧૪૬ (ગાથા પછી) છે.

'સર્વજ્ઞ વીતરાગમાં અને આ સ્વવશ યોગીમાં ક્યારેય કાંઈ પણ ભેદ નથી; છતાં અરેરે! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ.' અંતરમાં નિર્વિકલ્પ આનંદની દશાઓ જ્યાં વીતરાગપણું પ્રગટ્યું છે, આહાહા! કહે છે સર્વજ્ઞ વીતરાગમાં... એય, જેઠાભાઈ! છે ને?

**सर्वज्ञवीतरागस्य स्ववशस्यास्य योगिनः।**
**न कामपि भिदां क्वापि तां विद्मो हा जडा वयम्।।२५३।।**

પંડિતજી! આ મુનિરાજ કહે છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાનમાં ઝૂલનારા સંત જગતને કહે છે. અરે, ભાઈ! તને ચારિત્રવંત ગુરુની દશા કેવી હોય એ તને ખબર નથી. આહાહા! કહે છે કે સર્વજ્ઞ વીતરાગમાં.. પહેલો થોડો ફેર છે એ આવ્યું ક્યાંક. આવી ગયું ઈ? થોડોક ફેર છે એ આવ્યું છે ક્યાંક. જરીક ફેર છે અને આંહીં ફેર કાઢી નાખ્યો છે. એવું છે કાંઈક. આપણે આવી ગયું ઈ. એના પછી ૨૮૮. પાનું ૨૮૮ આમાં લખ્યું છે. આમાં લખ્યું છે ખરું હવે પણ. આવી ગયું છે લો. આ આપણે હજી આવશે ૨૪૩ (કળશ)ના ઓલામાં. જુઓ, ૨૪૩માં છે હોં.

'જે જીવ અન્યવશ છે.' રાગ ને પુણ્યને તાબે થયેલ છે 'એ મુનિ વેશધારી હો તો પણ સંસારી છે.' આહાહા! 'નિત્ય દુઃખનો ભોગવનાર છે.' આનંદપ્રભુ આત્મા એના અંતરમાં કે નિજનિધાનમાં તો ગયો નથી. નિજનિધાન ભગવાન આત્માનું એમાં તો ગયો નથી અને ક્રિયા, દયા, દાન, વ્રતના પરિણામમાં રોકાય છે એ તો દુઃખનો ભોગવનાર છે. આહાહા! ભારે કામ આકરું લાગે હોં. માણસને તો એવું લાગે ને. નવા માણસને તો ગ્રીક-લેટિન જેવું લાગે અને વળી આ તે કંઈક શું હશે આવું તે. આવો તે કોઈ નવો માર્ગ હશે આ? બાપુ માર્ગ તો વીતરાગનો આ જ છે ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે, 'જે જીવ સ્વવશ છે.' પોતાના આનંદને તાબે થયેલો છે. રાગના વિકલ્પને તાબે છૂટી ગયો છે 'એ જીવન્મુક્ત છે.' એ આમાં જ છે બધું. પરમાવશ્યક (નિશ્ચય પરમાવશ્યક અધિકાર-નિયમસાર). ૧૪૩. (ગાથા ૧૪૩. શ્લોક ૨૪૩). 'જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે'. સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવ કેવળી અરિહંત એનાથી મુનિ જ થોડો એક જરીક ઓછો છે. એમ પહેલું કહ્યું. આંહીં કાઢી નાખ્યું.

સર્વજ્ઞ વીતરાગમાં અને આ સ્વવશયોગીમાં આનંદસ્વરૂપ પ્રભુ એને તાબે થયેલું અંતરસ્વરૂપ એવો જે ધર્માત્મા સંત ક્યાંય ક્યારેય પણ બેમાં ભેદ નથી. છતાં અરેરે! આપણે જડ છીએ કે તેમનામાં ભેદ ગણીએ છીએ. સમજાણું કાંઈ? ચારિત્રની જ્યાં

રમણતા અંતર આનંદમાં જામી એને ને વીતરાગમાં શું ફેર રહે છે? આહાહા! એક પગલું આમ જ્યાં મૂક્યું સ્થિર થવાનું સાતિશય ગુણસ્થાન થઈને, અંતર્મુહૂર્તે કેવળી. આહાહા! સમજાણું કાંઈ? એ નિજનિધાન ખૂલી ગયાં ત્યાં. આનંદનો ધામ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, આહાહા! કહે છે, તેમનામાં ભેદ ગણીએ છીએ તે જડ છીએ, લ્યો. એમ કીધું પોતે. પોતે મુનિ છે. પણ જરી એટલી વિનયતા બતાવે છે. આહાહા!

ધન્ય જેના અવતાર! એણે ચારિત્રની રમતું અંદરથી પ્રગટ કરી, આનંદને ઝૂલે ઝૂલનાર છઠ્ઠે ગુણસ્થાનમાં અને ક્ષણમાં એને સાતમું આવે. એક ક્ષણમાં અપ્રમત્ત આનંદના ધામમાં નિર્વિકલ્પ થઈ જાય. આહાહા! બીજે ક્ષણે વળી વિકલ્પવૃત્તિ ઊઠે, કાંઈક સમજાવું કે કહું કે વાંચું એ પણ રાગ. એ છઠ્ઠી ભૂમિકામાં હોય. ત્યાંથી ખસીને બીજે ક્ષણે સાતમું અપ્રમત્ત દશા આવે. આહાહા! એટલે અપ્રમત્ત દશા થઈ એટલે થઈ રહ્યું. હવે એમાં ફેર શું કરવા માને છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ઓલાને છઠ્ઠામાં રાખીને જરી ન્યૂનપણું બતાવ્યું. અહીં સાતમામાં રાખીને ફેર કાઢી નાખ્યો. આહા! અરે, એ ચીજ શું છે એને પહેલી સમજણમાં તો લેવી પડશે કે નહિ? સમજાણું કાંઈ?

સાતમા ગુણસ્થાનનું વર્ણન (ચોપાઈ)

अब वरनौं सप्तम विसरामा।
अपरमत्त गुनथानक नामा।।
जहां प्रमाद क्रिया विधि नासै।
धरम ध्यान थिरता परगासै।।९३।।

**અર્થ** :—હવે સ્થિરતાના સ્થાન અપ્રમત્તગુણસ્થાનનું વર્ણન કરે છે, જ્યાં ધર્મધ્યાનમાં ચંચળતા લાવનાર પાંચ પ્રકારની પ્રમાદક્રિયા નથી અને મન ધર્મધ્યાનમાં સ્થિર થાય છે. ૯૩.

**अर्थ** :—अब स्थिरताके स्थान अप्रमत्तगुणस्थानका वर्णन करते हैं, जहाँ धर्मध्यानमें चंचलता लानेवाली पंच प्रकारकी प्रमाद-क्रिया नहीं है और मन धर्मध्यानमें स्थिर होता है।।९३।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આંહીં કહે છે, अब वरनौं सप्तम विसरामा. જેને આત્મજ્ઞાનનું આત્મભાન અનુભવ સહિત જેને ચારિત્રદશા સ્વરૂપમાં ચરવું, જમવું, આનંદના ખોરાક લેવા. આહાહા! મુનિ તો નિત્યાનંદ ભોજી, નિત્ય અતીન્દ્રિય આનંદનો ભોજી છે. સમજાણું કાંઈ? આહાહા! જરીક વિકલ્પ આદિ આવે, એ ખરી જાય છે એને. અરે, એની દશા આત્માને પંથે ચડનાર, શિવપંથે ચડનાર, એનો પંથ આવો છે કહે છે. સમજાણું કાંઈ?

अब वरनौं सप्तम विसरामा. जहाँ धर्मध्यानमें चंचलता लानेवाली पंच प्रकारकी प्रमाद-क्रिया नहीं है. વિશ્રામ એટલે સ્થિરતાકે સ્થાન, લ્યો. મુનિ જેને અપ્રત્યાખ્યાની, અનંતાનુબંધી અને પ્રત્યાખ્યાની ત્રણ કષાય તો નાશ થઈ ગયા હોય. એક સંજ્વલનનો ચોથો કષાયનો જરી ઉદય હોય વ્યક્તપણે, એને છઠ્ઠું ગુણસ્થાન કહીએ. એ પણ વ્યક્તપણું ખસીને બીજે ક્ષણે આનંદમાં આવી જાય, આ એને સાતમું ગુણસ્થાન કહીએ. સાચા મુનિને છઠ્ઠું ને સાતમું અંતર્મુહૂર્તમાં હજારો વાર આવે. આહાહા! સમજાણું કાંઈ?

એકલું છઠ્ઠું ગુણસ્થાન રહે એમ નહીં. મુનિને છઠ્ઠે ગુણસ્થાને એક નિદ્રા પણ એક પોણી સેકન્ડની અંદરની નિદ્રા હોય, એટલી તો જેને અપ્રમત્ત દશા અંદર વીતરાગી દશા પ્રગટી છે. નિદ્રા એને સેકન્ડની ન હોય. આંહીં તો ચાર-ચાર-છ-છ કલાક ઘોરે અને અમે સાધુ છીએ. આહાહા! બાપા! એ માર્ગની રીતું બીજી છે ભાઈ! આહા! ઘણા વિકલ્પોવાળાને નિદ્રા ઘણી હોય. ભાઈએ નાખ્યું છે એક ઠેકાણે 'સોગાની'એ. નિદ્રા, બહુ વિકલ્પ કરે એને નિદ્રા ઘણી હોય. જેને અલ્પ જ વિકલ્પ આવે એને નિદ્રા બહુ જ ઓછી હોય, એમ કહ્યું, સિદ્ધાંત તરીકે. સમજાણું કાંઈ? એમાં આવે છે. આવે છે. .... માટે. સમજાણું કાંઈ? આહા!

કહે છે, अपरमत्त गुनथानक नामा. જેને સાતમી ભૂમિકા સાતમું ગુણસ્થાન કહીએ. એ મુનિને છઠ્ઠી ભૂમિકા છૂટીને તરત સાતમું આવે. એક દિવસમાં હજારો વાર અપ્રમત્તદશા આવે અને હજારો વાર છઠ્ઠું પ્રમત્ત હોય, એને સાચા સંત વીતરાગમાર્ગમાં કહેવામાં આવે છે. બાકી બધા દ્રવ્યલિંગીય નહીં. આહાહા! એય, પંડિતજી! આહાહા! આકરો લાગે માર્ગ. પોતે માન્યું હોયને આચાર્ય ને ઉપાધ્યાય ને આચાર્ય ભગવંતો... હે ભગવાન! બાપા! આચાર્ય ભગવાન કોને કહીએ? બાપા!

ભાઈ! જેની અંતરમાં ત્રણ કષાય ટળીને વીતરાગતા પ્રગટી હોય છે એને અતીન્દ્રિય આનંદનો સ્વાદ તો (અપ્રમત્ત) કાળે હોય છે. પણ જ્યારે વિકલ્પ હોય ત્યારે એ પ્રમત્ત ભૂમિકા કહેવાય છે. ટળે છે ત્યારે આત્મામાં સાવધાન થઈને ઠરે છે. તો ધ્યાતા-ધ્યાન ને ધ્યેય ત્રણ ભેદ પણ જયાં રહેતા નથી, એવી દશાને મુનિપણાની સપ્તમદશા કહેવામાં આવે છે. આ તો ગુણસ્થાનનું વર્ણન છે ને. ચૌદ ગુણસ્થાનનું વર્ણન છે ને. એક એક ગુણસ્થાનની દશા કેવી હોય એમ એને જાણવી જોઈએને. વસ્તુ તરીકે દૃષ્ટિમાં તો ગુણસ્થાન ભેદ છે જ નહીં. આહાહા!

અરે, આવા અનંતકાળ ગ્યા કાંઈક તારે માથે. બાપા! નવમી ગ્રૈવેયકે જૈનનો દિગંબર સાધુ આત્માના આત્મજ્ઞાન અને અનુભવ વિના એવો અનંતવાર દિગંબર સાધુ

થયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' પણ આતમજ્ઞાન સચ્ચિદાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદના સ્વાદના ભાવ વિના એને એક પણ ભવ ઘટ્યો નહીં. આહાહા! અરે, ભાઈ! આમાં વાદવિવાદને પ્રશ્ન ક્યાં છે? સહજ આત્મસ્વરૂપ એવું સહજાત્મસ્વરૂપ અનાદિનું અનંત પડ્યું છે એનો અનુભવ કરીને ઠરવું અને અંતર ચારિત્ર એટલે સ્વરૂપના આનંદમાં ચરવું રમવું જમવું એવી દશામાં વિકલ્પ હોય તો એને છઠ્ઠા ગુણસ્થાનની પ્રમત્ત દશા કહીએ. બીજે ક્ષણે વિકલ્પ ટળીને વિશ્રામ... કીધું છે ને, વિસરામા. એ વિશ્રામ છે. ધૂળમાં બહારમાં વિશ્રામ નથી. એ વિકલ્પનો રાગ છૂટી અને સ્વરૂપમાં વિશ્રામ આપ્યો. મુનિને તો આહાર-પાણી (લેતાં), હાલતાં ને ચાલતાં આવી અપ્રમત્તદશા અનેકવાર આવી જાય, સાચાં હોય એને. સમજાણું કાંઈ? આહાહા!

जहां प्रमाद क्रिया विधि नासै. કહે છે કે એ વિકલ્પ જે છે ઉપદેશ દેવાનો કે સાંભળવાનો કે વાંચવાનો એ બધો વિકલ્પ છે, રાગ છે. એ ક્રિયા સાતમા ગુણસ્થાનમાં રહેતી નથી. ત્યાં તો ધ્યાનમાં મસ્ત, ભલે થોડો કાળ. સમજાણું કાંઈ? जहाँ धर्मध्यानमें चंचलता लानेवाली पंच प्रकारकी प्रमाद-क्रिया नहीं है. પણ કહ્યું'તુંને ત્યાં પહેલામાં આવ્યું'તું. પંચ પ્રમાદ ને નહોતા? ધર્માનુરાગ. ધર્માનુરાગ, વિકથાવચન, નિદ્રા, વિષય, કષાય — પંચ પ્રમાદ. ૭૯ નંબર. આહાહા! પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર આવું સ્વરૂપ સભામાં અને ઈન્દ્રોના મધ્યમાં કહેતા હતા, એ આ મુનિરાજ કહે છે. સમજાણું કાંઈ?

जहां प्रमाद क्रिया विधि नासै. ક્રિયા અને વિધિ. આમ પાળવું ને આમ કરવું એવો વિકલ્પ પ્રમાદ છે, કહે છે. આહાહા! ઉપદેશ દેવાનો વિકલ્પ એ પ્રમાદ છે. ગજબ છે ને વાત! આ કહે, ઉપદેશ દેતાં અમને ધર્મ થાય. બીજા ધર્મ પામે એનો અમને લાભ મળે. ધૂળે ય મળે નહીં, સાંભળને. આહાહા! ૯૩ છે ને.

जहां प्रमाद क्रिया विधि नासै. એ પંચ પ્રકારની પ્રમાદ ક્રિયા ત્યાં હોય નહીં એટલે ત્યાં નિદ્રા પણ ન હોય, એમ કહે છે. સમજાય છે? કહ્યું'તું ને પાંચ વિધિ. ધર્મ રાગ ન હોય, કથા ન હોય, વચન, નિદ્રા, વિષયકષાયનો અંશ જે હતો એ પણ ત્યાં પરને જોવા જાણવામાં વિકલ્પ ઊઠે છે. આહાહા! આવું એને પ્રગટ કર્યા વિના કોઈ દિ' મુક્તિ નહીં થાય. સમજાણું કાંઈ? આહા! હજી તો સમ્યગ્દર્શન જ અપૂર્વચીજ છે એને પ્રગટ્યા વિના એનો સંસારનો અભાવ ન થાય અને આ પ્રગટ્યા વિના એને મુક્તિ નજીકમાં ન આવે. ચારિત્ર વિના મુક્તિ નહીં. પણ ચારિત્ર કેવું? આ. સમજાણું કાંઈ? આહા!

अब स्थिरताके स्थान अप्रमत्तगुणस्थानका वर्णन करते हैं. जहाँ धर्मध्यानमें

चंचलता लानेवाली... સ્વરૂપમાં સ્થિરતામાં ચંચળતા લાવવાવાળી પ્રમાદ-क्रिया नहीं है. मन धर्मध्याममें स्थिर होता है. આનંદસ્વરૂપમાં અભેદ થઈને સ્થિર થાય છે. જેમાં આ આત્મા દ્રવ્ય છે ને આનંદગુણ છે ને પર્યાયમાં સ્વાદ છે ને – એવા ભેદ પણ જ્યાં વિકલ્પ રહેતો નથી. આહાહા! બહુ વાતો ઊંચી ભઈ આવી!

ઓલું તો એમ કહે, ભઈ ભક્તિ કરવી, પૂજા કરવી. જાઓ. પાંચ લાખ ખર્ચો, મંદિર બનાવો ને ધર્મ થાશે. આંહીં કહે, ધૂળેય નહીં થાય. સાંભળને. તારા પાંચ લાખ તારા ક્યાં? ઈ તો જડ છે. મંદિર બનાવે તો કલ્યાણ થઈ જાય. આંહીં કહે, ત્રણકાળમાં ન થાય. મંદિર તો પરવસ્તુ છે. અને એનો ભાવ હોય કદાચિત્ તો એ શુભરાગ છે અને શુભરાગ છે એ તો પુણ્ય છે, બંધનનું કારણ છે. આહાહા! ભારે કામ ભાઈ! વાડામાં તો રહેવા ન દે. જો આવું કહેવા જાય તો કાઢો બહાર, કહે. આહાહા! ભાઈ! બાપા! તારા હિતની વાત છે, ભાઈ! સત્‌ની રીત ને સત્‌નો પંથ તો આવો છે હોં. એમાં વાદવિવાદને સ્થાન ન હોય. 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા, વાદ-વિવાદ કરે સો અંધા.' આહાહા! સહજાત્મ ભગવાન આત્માનું જ્યાં ભાન અને એમાં સ્થિરતા એ સહજદશામાં વાદવિવાદ ક્યાં? હવે ૯૪.

(દોહરા)

प्रथम करन चारित्रकौ, जासु अंत पद होइ।
जहां अहार विहार नहिं, अपरमत्त है सोइ।।९४।।

**અર્થ** :–જે ગુણસ્થાનના અંત સુધી ચારિત્રમોહના ઉપશમ અને ક્ષયનું કારણ અધઃપ્રવૃત્તિકરણ ચારિત્ર રહે છે અને આહાર વિહાર રહેતા નથી તે અપ્રમત્તગુણસ્થાન છે.

વિશેષ :–સાતમા ગુણસ્થાનના બે ભેદ છે–પહેલું સ્વસ્થાન અને બીજું સાતિશય. જ્યાં સુધી છઠ્ઠાથી સાતમા અને સાતમાંથી છઠ્ઠામાં અનેકવાર ચઢ–ઉતર રહે છે, ત્યાંસુધી સ્વસ્થાન ગુણસ્થાન રહે છે અને સાતિશય ગુણસ્થાનમાં અધઃકરણના પરિણામ રહે છે, ત્યાં આહારવિહાર નથી. ૯૪.

**अर्थ** :–जिस गुणस्थानके अंत तक चारित्रमोहके उपशम व क्षयका कारण अधःप्रवृत्तिकरण चारित्र रहता है और आहार विहार नहीं रहता वह अप्रमत्तगुणस्थान है।

विशेष :—सातवें गुणस्थानके दो भेद हैं—पहला स्वस्थान और दूसरा सातिशय, सो जबतक छट्ठेसे सातवें और सातवेंसे छट्ठेमें अनेक बार चढ़ना–पड़ना रहता है, तब तक स्वस्थान गुणस्थान रहता है, और सातिशय गुणस्थानमें अधःकरणके परिणाम रहते हैं, वहाँ आहार विहार नहीं है।।९४।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

જે ગુણસ્થાનમાં અંતર ચારિત્રમોહનો ઉપશમ અને ક્ષયનું કારણ અધઃપ્રવૃત્તિકરણ ચારિત્ર. ત્રણ બોલ છે ને અધઃપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ. અધઃપ્રવૃત્તિકરણ અહીં શરૂ થાય છે. સાતિશય અપ્રમત્ત દશામાં. અધઃપ્રવર્તન. ચારિત્રનો પ્રકાર. ઓલા સમકિતપણાના ત્રણ બોલ છે એ જુદા. આ ચારિત્રના છે. ચારિત્રમોહના ઉપશમ–ક્ષયનું કારણ ચારિત્ર. આહાર વિહાર નહીં રહતા. આહા! આહાર-વિહારનો તો વિકલ્પ છે. એ અપ્રમત્ત દશા થવામાં એ વિકલ્પ રહેતો નથી. આહાહા! એ તો મુનિ તો આમ જંગલમાં ચાલતા હોય, છતાં ત્યાં અપ્રમત્ત દશા એમને ચાલતાં ચાલતાં અંદરમાં થઈ જાય. આનંદની લહેર. એને આહાર ને વિહારનો વિકલ્પ હોતો નથી. ત્યાં આહાર-વિહાર થંભી જાય છે, એમ કહે છે. આહાહા!

મુનિ તો આહાર હાથમાં લે. સાચા મુનિનું સ્વરૂપ તો એ છે. પાત્ર-બાત્ર રાખે એ કંઈ મુનિ નથી. સમજાણું કાંઈ? આહાહા! ભારે આકરું પડે હોં. વસ્ત્ર ને પાત્ર રાખે અને મુનિ મનાવે તો વીતરાગ તો કહે છે કે એ નિગોદને પંથે છે. આહાહા! સત્‌નું આ છે સ્વરૂપ. ભગવાન્! આહા! ભાઈ! તારા સત્‌ના પંથ તો આવા છે, નાથ! તને ખબર નહીં અને તું એને અનાદર કરી બેસે. આવું તે હોય? આવું તે હોય?

કહે છે, એ સાતમા ગુણસ્થાન મુનિને દશા જ્યાં અનુભવ સહિતની ચારિત્રદશા થઈ અને વિકલ્પ છે એ છૂટી ગયો ક્ષણમાં. આહાર-વિહાર નહિ. આહાહા! સપ્તમ ગુણસ્થાનમાં આહારનો વિકલ્પ નહીં. આહાર લઉં. નિર્દોષ આહાર એને માટે કરેલો નહિ. એને માટે વેચાતો લઈને કરીને લેવું એ તો મુનિપણાનો વ્યવહારેય નથી. એ તો ભ્રષ્ટ. વ્યવહારથી ભ્રષ્ટ અને નિશ્ચયથી ભ્રષ્ટ છે. સમજાણું કાંઈ? આહા! આવું ભારે!

કહે છે, અહીંયા તો આત્માના આનંદની લહેરમાં અંદર જતાં, ક્ષણમાં અંદર જતાં એને આહાર ને વિહાર હોય નહીં. ત્યારે આને આહાર તો આમ હો, લેતો હોય આમ. પણ એ વિકલ્પ છૂટીને અંદર ધ્યાનમાં હોય છે ત્યારે (આહાર-વિહાર હોતા નથી.) આહાહા! વિહારે ય હોય નહીં. ચાલવું એવું ન હોય ત્યાં. ભારે માર્ગ ભાઈ આવો! તો જ્યાં આહાર ને વિહાર સાતમે ન હોય, એ કેવળીને આહાર હોય એ વાત તદ્દન વિરુદ્ધ છે. સમજાણું કાંઈ? અને કેવળી બીજાને ઉપદેશ દેવા માટે વિહાર કરે, હોય નહિ. ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ?

अहार विहार नहीं. મુનિ કેવળજ્ઞાન દશા એને આહાર કહેવાય. એને ક્ષુધા કહી. અતીન્દ્રિય આનંદના પૂર્ણ દશાના ભાવ જ્યાં પ્રગટ થયા, કેવળજ્ઞાની પરમાત્મા એટલે અરિહંત એને આહાર શું, પાણી શું. ક્ષુધા શું, તૃષા શું. ભાઈ! એમ ન હોય. એ બધું

વિકૃત સ્વરૂપ કરી નાખ્યું છે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગની રીતનો એ પંથ નહીં. આહાહા! જમુભાઈ! આવું છે બધું. ભારે આકરું લાગે ભાઈ! શું નામ? બાબુભાઈ! આવો માર્ગ છે બાપા. આનું પોષામાં બધા માની ગયા હોય ને એટલે જરીક આકરું લાગે. ક્યાં ગયા દામોદરભાઈ નથી? દામોદરભાઈના ભાણેજ થાય છે ને? (શ્રોતા : જયાબેનના ભત્રીજા) હા, એ તો ખબર છે ને. પહેલા આવ્યા'તા. એને કહ્યું'તું મેં. આવો છે બાપા માર્ગ તો. ત્રણકાળમાં સત્ય આ છે. બાકી આથી કાંઈક ફેરફાર—વિરોધ એ સત્ય માર્ગ નહીં. આજે માનો, કાલે માનો, પછી માનો. આ માને એના છૂટકારા છે. જેઠાભાઈ!

अहार विहार नहीं. આહાહા! તોય કેવળી વંદન કરે બીજાને, એવું હોય? (શ્રોતા : વંદ્ય-વંદક ભાવ ના હોય) ન હોય. વંદ્ય-વંદક ભાવ એ છઠ્ઠા ગુણસ્થાન સુધી હોય, વિકલ્પ છે ત્યારે. આ અપ્રમત્તમાં આહાર-વિહાર નહીં અને એને અપ્રમત્તમાં – બીજાને વંદન કરું અને વંદન કરવા લાયક છે અને હું વંદન કરનારો છું એવું અપ્રમત્તદશામાં હોતું નથી. એક ક્ષણ અંદર અપ્રમત્તદશા છઠ્ઠેથી સાતમે તરત આવે, એને સંત કહીએ, એને વીતરાગી માર્ગના સાધુ કહીએ. સમજાણું કાંઈ? અપ્રમત્તમેં આહાર-વિહાર, વંદ્ય-વંદક નહીં.

ઈ છોકરાએ પ્રશ્ન કર્યો'તો. કીધું'તું ને. પરેશ. પરેશ છે ને છોકરો. જામનગર. જયસુખભાઈ છે ને વકીલ જામનગરમાં એક. વરળિયાના ક્યાં ગામડાના? વેરથિયા. વેરથિયાના છે ને જયસુખભાઈ વકીલ. આવે છે. હમણાં રહી ગયા પાંચ-છ દિવસ. એના ભાઈ ત્ર્યંબકભાઈ. એના ભાઈનો દીકરો છે ને પરેશ. પરેશ છે છોકરો. નામ છે. અત્યારે તો આ પંદર વરસ થયાં. આઠ વરસ પહેલાં પ્રશ્ન કર્યો'તો જામનગરમાં. મહારાજ! તમે આત્મા જુઓ, આત્મા જુઓ કહો છો તો ક્યાં જોવું અમારે? આમ જોઈએ તો આ દેખાય, આંખ્યું મીંચે તો અંધારું દેખાય. (શ્રોતા : કેટલી હિંમત બતાવી એણે.) સાત વરસની ઉંમર હોં તે દિ'. હવે તો આ પંદર થયા. આઠ વરસ પહેલાંની વાત.

આત્મા અંદર ભગવાન સ્વરૂપ ચિદાનંદ પ્રભુ છે. એને ઓળખો, દેખો, જુઓ. ક્યાં જોવું અમારે? આમ બહારથી તો આ બધું દેખાય. આંખ્યું મીંચીએ તો અંધારું દેખાય. શાંતિભાઈ! એવો પ્રશ્ન કર્યો'તો. ભાઈ! અંધારું કોણ દેખે છે? કીધું. આ અંધારું છે એ જાણે છે કોણ? એ જાણનારો એ આત્મા છે. એ જાણનારો એ અંધારારૂપે છે નહીં. બાળકને તો શું બિચારાને.

એ આ પ્રશ્ન હમણાં કર્યો. ૧૯ ગાથા. ૧૯ ને? કે આ છદ્મસ્થને કેવળી વિનય

કરે, ઈ કેમ હશે? મહારાજ! 'આત્મસિદ્ધિ'માં છે ને. 'ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન. એવો માર્ગ વિનય તણો ભાખ્યો શ્રી વીતરાગ.' એવું હોય નહીં. સમજાય છે કાંઈ? ત્યાં અપ્રમત્તદશા.. મુનિને છદ્મસ્થ દશામાં પણ જ્યાં વંદ્ય-વંદક ભાવ હોતો નથી. ત્યાં આહાર ને વિહાર પણ હોતાં નથી આહાહા! (શ્રોતા : અરિહંત ભગવાનને વિહાર તો હોય ને?) એ વિહાર કરવાનો વિકલ્પ ક્યાં છે. એ તો દેહની ક્રિયા છે. એ તો ઉદયને લઈને છે. એના પ્રયત્નથી નથી. આ તો વિહાર કરવું ને એવો વિકલ્પ, એમ. આહાર લઉં ને એવો વિકલ્પ-રાગ અપ્રમત્તમાં હોતો નથી. એ અપ્રમત્ત ગુણસ્થાન.

सातवें गुणस्थानके दो भेद हैं. અપ્રમત્ત દશા. पहला स्वस्थान और दूसरा सातिशय. બધી ઝીણી વાતું છે. सो जबतक छट्ठेसे सातवें और सातवेंसे छट्ठेमें अनेक बार चढ़ना-पड़ना रहता है, तब तक स्वस्थान गुणस्थान रहता है. શું કહે છે? અંતર આનંદની લહેરમાં ચડતાં વળી પાછો વિકલ્પ આવે ને હેઠે ઉતરે છઠ્ઠે, વળી ચડે ને સાતમું આવે, વળી સાતમેથી છઠ્ઠેથી આવે, એ ચડતા-ઊતરતાની દશાવાળાને સ્વસ્થાન ગુણસ્થાન કહે છે. એ હજી પોતાનું સ્થાન છોડીને આઠમે જાતો નથી. આરે! સમજાણુ કાંઈ?

છઠ્ઠા ગુણસ્થાનમાં પ્રમત્ત દશામાં હોય ત્યારે સાતમે પાછો અપ્રમત્ત થાય. વળી અપ્રમત્તમાંથી પ્રમત્ત આવે એવું મુનિને હજારો વાર અંતર્મુહૂર્તમાં પણ આવે. મોક્ષ જવાને અંતર્મુહૂર્ત હોય કેવળ પામીને તરત, એના પહેલાંય પણ છદ્મસ્થનું અંતર્મુહૂર્ત હોય તો એને છઠ્ઠું-સાતમું ગુણસ્થાન હજારો વાર આવે એવો પાઠ છે 'ધવલ'માં. એ સ્વસ્થાન. છઠ્ઠે-સાતમે, છઠ્ઠે-સાતમે અંતર્મુહૂર્તમાં.

सातिशय गुणस्थानमें अधःकरणके परिणाम रहते हैं. એટલે સાતમું ગુણસ્થાન સાતિશય એટલે એકદમ આત્મામાં જાય. પાછો આવે નહીં. એવી ભૂમિકાને સાતિશય અપ્રમત્ત દશા કહે છે. અપ્રમત્ત પણ અતિશયવાળી એટલે આઠમામાં જાય એવી, એમ. આહા! અંદર ધ્યાનમાં ઊતરી જાય ઊંડો. ક્ષપકશ્રેણી. वहाँ आहार विहार नहीं है, લ્યો. सातिशय गुणस्थानमें अधःकरणके परिणाम रहते हैं. ત્રણ ચારિત્રના પરિણામ છે ને — અધઃકરણ, અપૂર્વકરણ ને અનિવૃત્તિકરણ. એ સાતમી ભૂમિકાની દશાનું વર્ણન ભગવાને જેવું જોયું છે એવું કહ્યું. સમજાણું કાંઈ? આઠમા ગુણસ્થાનનું વર્ણન કહેશે, લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૯૪, કારતક સુદ ૧૧, શનિવાર, તા. ૩૦-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાનાધિકાર પદ ૯૫ થી ૧૦૭ ઉપર પ્રવચન

આ સમયસાર નાટક ચાલે છે. ચૌદ ગુણસ્થાનનો અધિકાર. જેમ મેડીએ ચડવામાં ચૌદ પગથિયા હોય છે દાદરાના, એમ આત્માને મોક્ષની દશા પ્રાપ્ત થવા પહેલાં એને ચૌદ પ્રકાર હોય છે ગુણસ્થાન. ધર્મની દશા ચોથેથી શરૂ થાય. ચૌદ પગથિયામાં આ ચોથું ગુણસ્થાન કહેવાય. પછી પાંચ, છ, સાત અને આઠ, નવથી ચૌદ. સાત ગુણસ્થાનની વ્યાખ્યા આવી ગઈ. પહેલું તો સમ્યગ્દર્શન, એ સર્વજ્ઞે જે આત્માનો સર્વજ્ઞ સ્વભાવરૂપ આત્મા, સર્વજ્ઞ સ્વભાવ સ્વરૂપ રૂપ આત્મા, એનો અંતરમાં સ્વભાવની સન્મુખ થઈને, રાગની એકતા તૂટીને સ્વભાવની એકતા અંતરમાં થવી એનું નામ ધર્મની પ્રથમ શરૂઆત સમ્યગ્દર્શન કહેવાય છે. આહા! સમજાણું કાંઈ? એવા સમ્યગ્દર્શન વિના એ જે કંઈ વ્રત, તપ ને પૂજા, ભક્તિ આદિ કરે એ બધાં રાગમાં જાય છે અને એનું સ્વરૂપ બંધનરૂપ છે. સમજાણું કાંઈ? ચોથી ભૂમિકા એને કહીએ, જ્યાં આત્મા પૂર્ણ ધ્રુવ અંતરમાં પ્રતીતમાં અનુભવમાં જ્ઞાનમાં જ્ઞેય તરીકે થઈને આવે ત્યારે એને ધર્મની પહેલી દશા સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. ભારે!

પછી પાંચમું, એથી વધારે સ્વ સ્વરૂપ પૂર્ણાનંદનો આશ્રય કંઈક અધિક લઈને શાંતિ કંઈક વિશેષ અકષાયભાવની પ્રગટ થાય એને શ્રાવકનું પંચમ ગુણસ્થાન કહે છે. આ સાચાની વાત છે હોં. વાડાની વાત નથી. (શ્રોતા : એ તો એમ સમજે છે, શ્રાવક બધા સુખી જ હોય). સુખી છે. શ્રાવક તો સુખી જ છે. શ્રાવક જો હોય તો. સુખી પોતાના આત્માના આનંદથી સુખી છે. હરિભાઈ! પૈસેથી સુખે નથી. કોઈ ધૂળેય નથી. એ તો બધા દુઃખીના દાળિયા છે માળા. આહાહા! આત્માનો આત્મા અતીન્દ્રિય આનંદ સ્વભાવ, જે અનાદિથી રાગની એકતામાં મિથ્યાત્વભાવમાં દુઃખનું વેદન હતું એ જ્યાં રાગની એકતા તૂટીને સ્વભાવની એકતા થાય ત્યારે દુઃખના વેદનને સ્થાને આનંદનું વેદન આવે. એ ત્યાંથી સમકિતી સુખી છે. સમજાણું કાંઈ? બાકી એ આત્માના નિજ સ્વરૂપના ભાન ને આશ્રય વિના એકલી પંચમહાવ્રતની દયા, દાન, ભક્તિ આદિના પરિણામ કરે એ દુઃખી છે. (શ્રોતા : હવે વર્તમાનમાં પરિણામનું ફળ શું?) ફળ છે દુઃખનું ઝેર. આહાહા! ફળ સ્વર્ગાદિમાં શેકાશે છે ત્યાં. શુભભાવના ફળ તરીકે અંગારામાં શેકાવાના છે. આહાહા! સમજાણું કાંઈ?

અહીંયા તો કહે છે કે એ સમ્યક્ આત્માના પૂર્ણ અખંડ એકરૂપ અભેદ સ્વભાવની દૃષ્ટિ અને અનુભવ થતાં એ સુખી થાય છે, એ ધર્મી થાય છે. ધર્મી થાય કહો કે સુખી થાય કહો. સમજાણું કાંઈ? બહારમાં સાધન હોય તો સુખી છે એમ કાંઈ છે નહીં. એ તો દુઃખી છે બિચારા. આ રાજા મહારાજા, કરોડોપતિઓ એ બધા દુઃખી છે બિચારા. સમજાણું કાંઈ? કેમકે એના આત્માના આનંદમાંથી ખસી ગયા છે અને પરમાં ઠીક છે એવી માન્યતામાં ઊભા છે એ દુઃખી છે. આહાહા! આંહીં તો કહે છે કે પંચમ ગુણસ્થાનની દશા તો શાંતિની વિશેષ હોય છે અને મુનિ થાય છઠ્ઠે એને તો સુખની દશા વધી ગઈ હોય છે. આત્માના આનંદની સુખની દશા હોં. આહાહા! એને મુનિ અને એને ગુણસ્થાન છઠ્ઠું સાધુનું કહેવાય. ભારે કામ આકરું! પછી સાતમું ગુણસ્થાન, એમાં તો એકલી નિર્વિકલ્પ દશાનો આનંદ જ હોય. બુદ્ધિપૂર્વક જેને રાગ ખસી જઈને આત્માના અવલંબનમાં નિર્વિકલ્પપણામાં પડ્યો હોય છે. એ શાંતિની ધારામાં આગળ વધ્યો છે. એને સાતમું ગુણસ્થાન કહીએ. આરે, આ ભારે!

વળી એક બાજુ કહેવું કે તેરમું ગુણસ્થાન તારું નહીં. એય! જીવમાં ચૌદ ગુણસ્થાનેય નથી. લે. એ તો પર્યાય-એની દશાના ભેદ છે. દશા કેવી હોય ધર્મીની, સમકિતીની, શ્રાવકની, મુનિની કેવી હોય એને વર્ણવે છે, જણાવે છે. બાકી એ દશા એ કંઈ ત્રિકાળ વસ્તુમાં નથી. આહા! મહાપ્રભુ અંતર્મુખ તત્ત્વ એમાં એ કંઈ ભેદ નથી. એ ભેદ ઊભા થાય પર્યાયમાં, એ જાણવાલાયક છે. તે તે ભૂમિકા કેવી હોય, ક્યા પ્રકારે હોય એમ જાણવાલાયક છે. સાતમા ગુણસ્થાનની વાત થઈ ગઈ. હવે આઠમી છે આજ. અષ્ટમ ગુણસ્થાનનું વર્ણન. સાતમા પછી અંદર આનંદની ધારામાં આગળ વધે છે. આરે! આહા! સમજાણું કાંઈ? સાતમા ગુણસ્થાન પછી આઠમી ભૂમિકા અંદર ધર્મની દશા, એ અંતરના આનંદની ધારા અને શાંતિની ધારા અંશે વધે છે ત્યારે તેને આઠમું ગુણસ્થાન કહેવામાં આવે છે. આરે, આરે, ભારે કરી. સમજાણું કાંઈ?

આઠમા ગુણસ્થાનનું વર્ણન (ચોપાઈ)

अब वरनौं अष्टम गुनथाना।
नाम अपूरवकरन बखाना।।
कछुक मोह उपशम करि राखै।
अथवा किंचित छय करि नाखै।।९५।।

**અર્થ :—**હવે અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનનું વર્ણન કરું છું, જ્યાં મોહનો કિંચિત્ ઉપશમ અથવા કિંચિત્ ક્ષય થાય છે. ૯૫

**अर्थ :**—अब अपूर्वकरण नामक आठवें गुणस्थानका वर्णन करता हूँ, जहाँ मोहका किंचित् उपशम अथवा किंचित् क्षय होता है॥९५॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આહાહા! પોતાનો આનંદ સ્વભાવમાં ઝૂલતો ધર્મી અંતર્મુખમાં વિશેષ આશ્રય લેતો જે આઠમી ભૂમિકામાં કાંઈક મોહ ઉપશમ કરે અને કાં મોહને ક્ષય કરે. બે ધારા છે ને – ઉપશમ અને ક્ષપક. અપૂર્વકરણ નામક ગુણસ્થાનનું વર્ણન જ્યાં મોહનો કિંચિત્ ઉપશમ અથવા કિંચિત્ ક્ષય. એ ધારા હોય છે ત્યાં. રાગ આદિને દબાવતો જાય અને કાં રાગને ખપાવતો જાય. સમજાણું કાંઈ? એને આઠમું ગુણસ્થાન કહે છે. આહા!

जे परिनाम भए नहीं कबही।
　　तिनकौ उदै देखिये जबही॥
तब अष्टम गुनथानक होई।
　　चारित करन दूसरौ सोई॥९६॥

**અર્થ :**—આ ગુણસ્થાનમાં એવા વિશુદ્ધ પરિણામ હોય છે જેવા પૂર્વે કદી થયા નહોતા, તેથી આ આઠમા ગુણસ્થાનનું નામ અપૂર્વકરણ છે. અહીં ચારિત્રના ત્રણ કરણોમાંથી અપૂર્વકરણ નામનું બીજું કરણ થાય છે. ૯૬.

**अर्थ :**—इस गुणस्थानमें ऐसे विशुद्ध परिणाम होते हैं, जैसे पूर्वमें कभी नहीं हुए थे, इसीलिये इस आठवें गुणस्थानका नाम अपूर्वकरण है। यहाँ चारित्रके तीन करणोंमेंसे अपूर्वकरण नामक दूसरा करण होता है॥९६॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

અધઃકરણ, અપૂર્વકરણ આ બીજું. કાંઈ જ્ઞાન ન હોય એને તો આ શું કહે છે કાંઈ સમજાય નહીં. જાણપણા ન મળે. જૈનદર્શન શું કહે છે, વીતરાગ પરમાત્મા શું કહે છે, કયુ તત્ત્વ કયે સ્થાનમાં કેમ હોય એની ખબર ન મળે જ્યાં, હવે એને આ વાત કહેશે શું આ તે વાત? અને માર્ગ તો એકલો જ્ઞાનનો જ માર્ગ છે આત્મા. તો રાગ આદિ ક્રિયા કરવી એ કાંઈ માર્ગ નથી. સમજાણું કાંઈ? કારણ કે એ તો જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. ચૈતન્યનો પુંજ પિંડ છે. એમાં જ્ઞાન સ્વભાવીમાં જ્ઞાનની ક્રિયાની સ્થિરતા આગળ વધે એને ધર્મની દશા આગળ વધેલી કહેવામાં આવે છે.

जे परिनाम भए नहिं कबही. આઠમી ભૂમિકામાં એવા ભાવ થાય શુદ્ધ કે અનંતકાળમાં કોઈ દિ’ થયા ન હોય. આહાહા! तिनकौ उदै देखिये. એવા ભાવને પ્રગટ

દેખાય ત્યાં કે થાય, એમ કહે છે. આહાહા! ઝીણી વાત છે ને ભગવાન! અરે, જનમ-મરણના ફેરા ફરતો રખડતો દુઃખી પ્રાણી છે. સમજાણું કાંઈ? એને મોક્ષને માર્ગે આવવું એ અપૂર્વ પુરુષાર્થ છે. એ કોઈ બહારની ક્રિયાનો પુરુષાર્થ નથી. આહા! આખી દિશા પલટી જાય જ્યાં. 'હું એક આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય પ્રભુ છું. મારી પ્રભુતાને ઓછપ અને વિપરીતતા પ્રભુતામાં છે નહીં. આહાહા! એવો હું સાક્ષાત અંદર પરમેશ્વર જ છું.' એવી અંતરમાં દૃષ્ટિ થતાં એને ધર્મની પહેલી સીઢી સમકિત થાય. આહાહા! આ તો કહે, આ કરો, વ્રત પાળો ને ઉપવાસ કરો ને પૂજા કરો ને ભક્તિ કરો ને તમારે ધર્મ થાશે. ભગવાન કહે છે કે એનાથી ધર્મ થાશે નહીં. આહાહા!

જે ગુણસ્થાનના પરિણામમાં भए नहिं कबही तीनकौ उदै देखिये. પ્રગટ દેખાય છે ત્યાં. જ્ઞાનની નિર્મળ દશા ધારાવાહી, જેમ દૂધની ધારા વહે એમ અંદર આનંદની ધારા વહે. સમજાણું કાંઈ? 'શ્રીમદ્'માં આવે છે ને. 'એહ પરમપદ પ્રાપ્તિનું કર્યુ ધ્યાન મેં. એહ પરમપદ પ્રાપ્તિનું કર્યુ ધ્યાન મેં, ગજા વગરને આતમ હાલ મનોરથરૂપ જો. તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો. પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.' આ સ્વરૂપને માંડશું એમ કહે છે. સમજાણું કાંઈ? આહા! વર્તમાનમાં આ ગજું અમારામાં નથી. આ ગુણસ્થાનની શરીરની ધારામાં. સમજાણું? આઠમા અને નવમાનું. પણ અમે જેને પકડ્યો છે ધ્યાનમાં, એવા ભગવાનને અમે ધ્યાનમાં લઈને ધ્યાન કરીએ છીએ, પણ પૂર્ણની આવી ધારાનું તો મનોરથ છે. સમજાય છે કાંઈ? ક્યારે આ ધારા વહે અને ક્યારે અમે કેવળજ્ઞાન લઈએ. આહાહા!

રાજકુમાર આઠ-આઠ વરસના, જે હજી કુંવારા. કાંઈ ખબરેય નથી કે સ્ત્રી શું અને ફલાણું શું. એવા આઠ-ચૌદ-સોળ વરસના. મણિરતનની પૂતળીયું હોય શરીર. એને અંતરમાં આત્માનું જ્ઞાન થતાં એ આનંદના સ્વાદમાં આવ્યો. એ વિશેષ આનંદની ધારાને પ્રગટ કરવા, આહાહા! ધન્ય અવતાર ને! આઠ-આઠ વર્ષના બાળક રાજકુમાર. આહા! માતા! અમારો આનંદ અમને ભાસ્યો છે. અમારી અનુભૂતિ એ અમને પ્રગટી છે. આહા! માતા! હવે વિશેષ અનુભવ કરવા એકલડા વનમાં ચાલ્યા જશું. આહાહા! ધન્ય અવતાર છે ને! આહા! એ અંદર શ્રેણી માંડવા વનમાં એકાંતમાં આનંદમાં રહેવા. અરે, બાળકનું શરીર કોણ સંભાળે? એને તાજા ઊના તડકા સવારના, અરે, ટાણે ટાણે આહાર જોતાં પાણી મળતાં કોને મળશે? ભાઈ! એને તો જોઈએ છે આનંદનો ખોરાક. આહાહા! સમજાણું કાંઈ? એને તો અંતર નિર્વિકલ્પ પીણાં પીવા છે. આહાર અને પાણીની પણ દરકાર નથી. આહા! સમજાણું કાંઈ? આહાહા! દેખાવ કેવો હશે ઈ! નાની પીંછી મોરપીંછી, એક કમંડળ અને મણિરતનના પૂતળી જેવી પૂતળી હોય. એ અંતરના આનંદની

ધારામાં વહેતા, કહે છે કે આ ધારા જ્યારે ક્ષપકશ્રેણી આવે ત્યારે કાંઈક મોહને ક્ષય કરે અને કાં મોહને ઉપશમ કરે થોડો ઈ. આહાહા! સમજાણું કાંઈ? ભલે કહે છે કે ઈ ધારા અત્યારે અમને નથી. સમજાણું? પણ એ ધારા કેવી હોય એનું અમને જ્ઞાન તો છે અને એ ધારાને અમે પકડવાના છીએ. સમજાણું કાંઈ? એકાદ—બે ભવને આંતરે પણ અમે તો આ થવાના છીએ હવે. બીજી ધારા હવે વચ્ચે હોય નહીં. આહાહા!

ધર્મના ધોરી, ધર્મના થાંભલા, ધર્મના ધરનારા. આહાહા! બાપુ! ધર્મ તે કાંઈ આ ક્રિયા કરવી, વ્રત પાળવા ને અપવાસ કરવા ને, એ કંઈ ધર્મ નથી. ભાઈ! તને ધર્મની ખબર નથી. જેને કહે છે કે એવાં પરિણામ થાય કે જે એને કદી થયાં નથી. અષ્ટમ ગુણસ્થાન. ચારિત્રકરણનું બીજું. ઓલું આત્માનું પહેલું કરણ હતું ને અધઃકરણ. આ અપૂર્વકરણ—અપૂર્વ પરિણામ. કરણ એટલે પરિણામ. આહાહા! સમ્યગ્દર્શન થવા પહેલાં એક અધઃકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ હોય છે એ બીજી વાત. આ તો ચારિત્રની ધારામાં આગળ વધતાં આવા એ પરિણામ હોય છે. સમજાણું કાંઈ? આહાહા! એક મોસમ પાકે છે ત્યાં, કહે છે. ધર્મી પોતાના સ્વભાવના ધંધે ચડ્યો, એની હવે મોસમ પાકી છે આ ક્ષપકશ્રેણીમાં. સમજાય છે કાંઈ? હવે તો અંતર્મુહૂર્તમાં ફળ આવવાની તૈયારી છે. એવી દશાને આઠમા ગુણસ્થાનની ધારા કહેવામાં આવે છે. આહાહા! चारित करन दूसरौ सोई. અપૂર્વકરણ. હવે, નવમું ગુણસ્થાન. નવમી ભૂમિકા.

अब अनिवृत्तिकरन सुनु भाई।
जहां भाव थिरता अधिकाई।।
पूरव भाव चलाचल जेते।
सहज अडोल भए सब तेते।।९७।।

**અર્થ :**—હો ભાઈ, હવે અનિવૃત્તિકરણ નામના નવમા ગુણસ્થાનનું સ્વરૂપ સાંભળો. જ્યાં પરિણામોની અધિક સ્થિરતા છે, આના પહેલાં આઠમા ગુણસ્થાનમાં જે પરિણામ કિંચિત્ ચપળ હતા, તે અહીં અચળ થઈ જાય છે. ૯૭.

**अर्थ :**—हे भाई, अब अनिवृत्तिकरण नामक नववें गुणस्थानका स्वरूप सुनो। जहाँ परिणामोंकी अधिक स्थिरता है, इससे पहले आठवें गुणस्थानमें जो परिणाम किंचित् चपल थे, वे यहाँ अचल हो जाते हैं।।९७।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કહે છે કે અનિવૃત્તિકરણ, ભાઈ! સાંભળ નવમું ગુણસ્થાન. જેમાં थिरता अधिकाई—સ્થિર વધી ગયો. આઠમા કરતાં પણ નવમાં અંદર સ્થિરતાની વૃદ્ધિના અંશોના

આ ગુણસ્થાન ભેદ છે. રતનનો દીવો જેમ ચમકે, એને પવન હલાવી શકે નહીં. લાખ– કરોડ રૂપિયાનો એક હીરો હોય હીરો, તો ચમક-ચમક થાય પણ એ કંઈ ક્ષેત્ર ફેરવે છે? એની ચમકાઈને પવનનો ઝપટ ઓલવી શકે છે? એમ ચૈતન્ય હીરો અંતરની ધારાએ વહ્યો, કહે છે કે એવાં પરિણામ હોય છે ત્યાં સ્થિરતા વધી ગઈ છે. હવે એ સ્થિરતામાં અસ્થિરતા આવે નહીં. આહાહા! સમજાણું કાંઈ? પૂરવ ભાવ ચલાચલ. જે પૂર્વમાં જરીક ચલાચલ-અસ્થિર ભાવ હતો એ સહજ અડોલ થઈ ગયો. આવી નવમી ગુણસ્થાનની દશા ધર્મીને કેવળજ્ઞાન થવા પહેલાં આવી હોય છે, એમ. સહજ અડોલ भए सब तेते.

जहां न भाव उलटि अध आवै।
सो नवमो गुनथान कहावै॥
चारितमोह जहां बहु छीजा।
सो है चरन करन पद तीजा॥९८॥

**શબ્દાર્થ** :—ઉલટિ=પાછા ફરીને. અધ=નીચે. છીજા=નાશ પામ્યો.

**અર્થ** :—જ્યાં ચડેલા પરિણામ પાછા પડી જતા નથી, તે નવમું ગુણસ્થાન કહેવાય છે. આ નવમા ગુણસ્થાનમાં ચારિત્રમોહનીયનો ઘણો અંશ નાશ પામી જાય છે, એ ચારિત્રનું ત્રીજું કરણ છે. ૯૮.

**अर्थ** :—जहाँ चढ़े हुए परिणाम फिर नहीं गिरते, वह नववाँ गुणस्थान कहलाता है। इस नववें गुणस्थानमें चारित्रमोहनीयका बहु अंश नष्ट हो जाता है, यह चारित्रका तीसरा करण है॥९८॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जहां न भाव उलटि अध आवै. કહે છે કે જે પરિણામ થયાં નિર્મળ ધારા, એ હવે ઉલટીને પાછા હેઠે આવે નહીં. આહાહા! લાભનો જ ધંધો વધે, એમ કહે છે. ખોટ તો જાય નહીં, વ્યાજ ભરવું પડે નહીં ને લાભ વધે અંદર. એ સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, એવો આત્મા એને આશ્રયમાં ઉગ્રપણે જાય એને આવાં પરિણામ થાય. સમજાણું કાંઈ? चारित्रमोह जहां बहु छीजा. ચારિત્રમોહ ઘણો જ ક્ષય થઈ જાય ત્યાં નવમે. सो है चरन करन पद तीजा. ત્રીજું અનિવૃત્તિકરણ. અધઃકરણ સાતમે, અપૂર્વકરણ આઠમે, અનિવૃત્તિકરણ નવમે. નામે ય સાંભળ્યા ન હોય ધંધા આડે. ક્યાં આ માંડ્યા? એકલા પાપના ધંધા આખો દિ', એમાં ધર્મનું શું રૂપ અને સ્વરૂપ સાંભળવાને મળે નહીં. જાદવજીભાઈ!

અરે, પણ ન્યાં ધીકતી પેઢી હાલતી હોય, લ્યો. રોકડા જ દેખાય. એ નટુ! પાલેજની દુકાનમાં ઈ છે કર્તા-હર્તા. કહો, સમજાણું આમાં? બબ્બે લાખ અઢી-અઢી લાખ પેદા થાય, માથાં ફરી જાય ને આવા. ખોટ જાય છે, કહે છે ન્યાં તો. બાપુ! ઘા પડે છે

હોં એ. એ ભાવ છે ને રળવાના ને, એ તો આત્માની શાંતિ ઉપર ઘા મારનારાં છે. સમજાણું કાંઈ? આહા! અરે, તેં આત્માના સ્વભાવને સાધ્યા વિના ઘણું બગાડ્યું છે. ભાઈ! આહા! સમજાણું કાંઈ? તો કહે છે કે જ્યાં આત્માના સ્વભાવનો સાધક જીવ આગળ સંત થઈને આગળ ધારાએ જાય છે ત્યારે તેના પરિણામ અનિવૃત્તિ નામના ત્રીજા પરિણામ કે જે પરિણામ પાછાં ફરે નહીં. હવે, દસમું ગુણસ્થાન.

દસમા ગુણસ્થાનનું વર્ણન (ચોપાઈ)

कहौं दसम गुनथान दुसाखा।
जहँ सूछम सिवकी अभिलाखा।।
सूछमलोभ दसा जहँ लहिये।
सूछमसांपराय सो कहिये।।९९।।

**અર્થ :**—હવે દસમા ગુણસ્થાનનું વર્ણન કરું છું, જેમાં આઠમા અને નવમા ગુણસ્થાન પેઠે ઉપશમ અને ક્ષાયિક શ્રેણીના ભેદ છે. જ્યાં મોક્ષની અત્યંત સૂક્ષ્મ અભિલાષા-માત્ર છે, અહીં સૂક્ષ્મ લોભનો ઉદય છે તેથી એને સૂક્ષ્મસામ્પરાય કહે છે. ૯૯.

**अर्थ :**—अब दसवें गुणस्थानका वर्णन करता हूँ, जिसमें आठवें और नववें गुणस्थानके समान उपशम और क्षायिकश्रेणीके भेद हैं। जहाँ मोक्षकी अत्यन्त सूक्ष्म अभिलाषा मात्र है, यहाँ सूक्ष्म लोभका उदय है इससे इसे सूक्ष्मसाम्पराय कहते हैं।।९९।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

દસમ ગુણસ્થાનનું સ્વરૂપ, આઠમે અને નવમે ગુણસ્થાનને સમાન ઉપશમ અને ક્ષાયિક શ્રેણીના ભેદ હોય. दुसाखा. ઉપશમ શ્રેણી પણ માંડે અને ક્ષપક પણ માંડે. જ્યાં મોક્ષની અત્યંત સૂક્ષ્મ અભિલાષા હોય, અંદર એટલો લોભ બાકી હોય. આહાહા! એ મોક્ષની અભિલાષા એ પણ રાગ. એટલો પણ આગળ જતાં વિઘ્ન કરે છે. સમજાણું કાંઈ? सूछम सिवकी अभिलाषा, લ્યો. મોક્ષની અત્યંત સૂક્ષ્મ અભિલાષા. સિવ એટલે નિરુપદ્રવ આત્મ-મુક્તિ. એની અવ્યક્તપણે વિકલ્પની દશા, એને એમ નથી કે હું મોક્ષ લઉં અને એવો પ્રગટ નથી પણ એ આ રાગ એટલો છે એટલે એ સ્વરૂપ તરફ ઢળવામાં મોક્ષની અભિલાષા આટલી છે, એમ કહેવામાં આવે છે. આહાહા!

એ सूछमलोभ दसा जहँ लहिये, सूछमसांपराय सो कहिये, લો. એ સૂક્ષ્મ સાંપરાય, એટલો રાગ છે ને? એટલો સંસાર છે હજી, કહે છે. રાગનો અંશ છે એ સાંપરાય છે. ભગવાન નિર્મળાનંદ પ્રભુ પૂર્ણ સ્વચ્છ નિર્મળ શુદ્ધ, એમાં એટલો એક વિકલ્પ અબુદ્ધિપૂર્વક પણ લોભ છે, કહે છે. સમજાણું કાંઈ? એને ટાળશે ત્યારે આગળ

વધશે. તે વિના વધશે નહીં. આવો માર્ગ ભારે ભાઈ! અગિયારમા ગુણસ્થાનનું વર્ણન

अब उपशांतमोह गुनथाना।
कहौं तासु प्रभुता परवांना॥
जहां मोह उपशमै न भासै।
यथाख्यातचारित परगासै॥१००॥

**અર્થ :**—હવે અગિયારમા ગુણસ્થાન ઉપશાંતમોહનું સામર્થ્ય કહું છું, અહીં મોહનો સર્વથા ઉપશમ છે—બિલકુલ ઉદય દેખાતો નથી અને જીવને યથાખ્યાતચારિત્ર પ્રગટ થાય છે. ૧૦૦.

**अर्थ :**—अब ग्यारहवें गुणस्थान उपशांतमोहकी सामर्थ्य कहता हूँ, यहाँ मोहका सर्वथा उपशम है—बिलकुल उदय नहीं दिखता और जीवका यथाख्यातचारित्र प्रगट होता है॥१००॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

અગિયારમી ભૂમિકાની ધર્મની દશા એ કહે છે. જ્યાં મોહનો સર્વથા ઉપશમ—બિલ્કુલ ઉદય નહીં. રાગનો અંશ જે હતો દસમે, એ અગિયારમે ન હોય. જીવકા યથાખ્યાતચારિત્ર પ્રગટ હોતા હૈ. જેવું એનું અકષાય સ્વરૂપ છે એવું અગિયારમે ગુણસ્થાનમાં પ્રસિદ્ધપણે પામે છે. સમજાણું કાંઈ?

जाहि फरसकै जीव गिर, परै करै गुन रद्द।
सो एकादसमी दसा, उपशमकी सरहद्द॥१०१॥

**અર્થ :**—જે ગુણસ્થાનને પ્રાપ્ત થઈને જીવ અવશ્ય પડે જ છે અને પ્રાપ્ત થયેલા ગુણનો નાશ કરે છે, તે ઉપશમચારિત્રની ચરમસીમાને પ્રાપ્ત અગિયારમું ગુણસ્થાન છે. ૧૦૧.

**अर्थ :**—जिस गुणस्थानको प्राप्त होकर जीव अवश्य ही गिरता है, और प्राप्त हुए गुणोंको नियमसे नष्ट करता है, वह उपशम चारित्रकी चरम सीमा प्राप्त करनेवाला ग्यारहवाँ गुणस्थान है॥१०१॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આહા! અગિયારમે ગુણસ્થાને જાય એ તો નીચે પડે જ, એમ કહે છે. સમજાણું કાંઈ? રાગને દબાવતો આગળ ગયો છે. ઉપશમ કરતો પાછો ફરવાનો જ ઈ. અગિયારમે ગુણસ્થાનને રદ કરી નાખે. એવી પુરુષાર્થની કમરોજોરીને લઈને. સમજાણું? એની હદ હોય છે ને ઈ? આ રેલમાં નથી આવતું આ? આમ ઊભા આમ રાખે. ડબ્બા કરે ને સ્ટેશન હોય ને એનું. (શ્રોતા : સિગ્નલ) સિગ્નલ નહીં. ઓલું.. પાટા. છેલ્લું (સ્ટેશન હોય) આમ ઊંચું ઊભું હોય. ત્યાં સુધી ડબ્બા જાય. છેલ્લું હોય છે. આ છે ને અમારે.

અમારે પાલેજમાં બધું નજીક હતું ને. ત્યાં તો બધું માલ-બાલ આવતા, લેવા જાતા. બધા ઓળખીતાઓ હોય ને ત્યાં તો. બધાય જાઈએ. આખી સ્ટેશન બધું જોયું બધું.

સાઠ વરસ પહેલાની વાત છે. ૬૮માં વૈશાખે જોયું છે. પાલેજ. ૬૦ થયા ને ૬૦. એ બધા ડબ્બા ન્યાં અટકે છે ને. શન્ટીંગ કરે ને. એમ કહે છે ને? પંડિતજી! એ નાખે ન્યાં સુધી જાય. બસ પછી આગળ હાલવાનું હોય નહીં. (શ્રોતા : પછી પાછા ફરે) પાછા જ વળે. એમ આ ભૂમિકા એવી છે કે ન્યાં સુધી જઈને પાછો જ વળે. સમજાણું કાંઈ? આવી એક દશા જીવમાં થાય છે એમ જણાવે છે. ચરમસીમા પ્રાપ્ત કરનેવાલા, લ્યો. ઉપશમ ચારિત્ર શાંત.. શાંત.. મેલ નીચે હોય પણ ઉપરથી પાણી નિતરી ગયું હોય ને, એમ જરી રાગનો ભાગ અંદર હો, પણ ઉપર શાંતિ ને અકષાય ભાવ એકલો તરતો હોય છે એને અહીંયા અગિયારમી ભૂમિકા, અગિયારમું ગુણસ્થાન કહે છે. બારમા ગુણસ્થાનનું વર્ણન

બારમા ગુણસ્થાનનું વર્ણન (ચોપાઈ)

केवलग्यान निकट जहँ आवै।
तहां जीव सब मोह खिपावै॥
प्रगटै यखाख्यात परधाना।
सो द्वादसम खीन गुनठाना॥१०२॥

**અર્થ :**—જ્યાં જીવ મોહનો સર્વથા ક્ષય કરે છે અથવા કેવળજ્ઞાન બિલકુલ પાસે આવી જાય છે અને યથાખ્યાત ચારિત્ર પ્રગટ થાય છે તે ક્ષીણમોહ નામનું બારમું ગુણસ્થાન છે. ૧૦૨.

**अर्थ :**—जहाँ जीव मोहको सर्वथा क्षय करता है, वा केवलज्ञान बिलकुल समीप रह जाता है और यथाख्यातचारित्र प्रगट होता है, वह क्षीणमोह नामक बारहवाँ गुणस्थान है॥१०२॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

केवलग्यान निकट जहँ आवै. એક અંતર્મુહૂર્તમાં તો હવે કેવળજ્ઞાન પ્રગટવાનું અરિહંતપદ. સર્વજ્ઞપદ પરમેશ્વર ણમો લોએ સવ્વ અરિહંતાણં. અરિહંત પદ એ તેરમે ગુણસ્થાને હોય. સમજાણું કાંઈ? 'સીમંધર' ભગવાન વર્તમાનમાં મહાવિદેહમાં બિરાજે છે. એ તેરમે ગુણસ્થાને છે. 'મહાવીર' ભગવાન આદિ આંહીંથી મોક્ષ પધાર્યા. એ તો સિદ્ધમાં છે. એમને હવે ગુણસ્થાન છે નહીં. આહા! પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં. એ તેરમે ગુણસ્થાને ભગવાન વર્તમાનમાં છે. કરોડો વર્ષથી છે ને કરોડો અબજો વર્ષ રહેશે હજી. મોટું આયુષ્ય છે.

કહે છે કે केवलग्यान निकट जहँ आवै, तहां जीव सब मोह खिपावै. મોહનો

કણ પણ અંશ હોય એને નાશ કરે. प्रगटै यथाख्यात परधाना. ક્ષાયિક યથાખ્યાત. ઓલું ઉપશમ હતું અગિયારમે. प्रगटै यथाख्यात. અકષાય પરિણામ, અકષાય પરિણામ—યથાખ્યાત ચારિત્ર. જેવું સ્વરૂપ છે એવી પ્રસિદ્ધિ થઈ ગઈ પર્યાયમાં ચારિત્રની. सो द्वादसम खीन गुनठाना, લ્યો. એ બારમું ગુણસ્થાન કહીએ. કેવળજ્ઞાન થવા પહેલાં અંતર્મુહૂર્ત પહેલી દશા હોય એને અહીં બારમું ગુણસ્થાન કહે છે.

આ તો બનારસીદાસે વિશેષ જાણવા માટે 'સમયસાર'માં ગુણસ્થાનની વર્ણન દશા ભિન્ન ભિન્ન નથી તેથી વધારે સ્પષ્ટ માટે આ વર્ણવ્યું છે. ભાવ જાણવા જોઈએ એને ક્યે ભૂમિકાએ કેટલી પવિત્રતા (આવે). સમજાણું કાંઈ? આવી દશા અને આવું સ્વરૂપ સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહીં. તીર્થંકરદેવ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ એમણે જે સર્વજ્ઞ જ્ઞાનમાં જોયું—જાણ્યું એવું બીજાએ જોયું ને જાણ્યું નથી. એ બધા ભગવાન સિવાય, લોકોએ કલ્પિત વાતો કરી છે બધી. આહાહા! ત્યારે કોઈક કહે કે પણ એ બધા ખોટા છે એમ તમે શી રીતે કહો બીજાને? તમારી પાસે શું માપ છે? વળી એમ કહે છે કેટલાક. અરે, ભગવાન! એય! એ તો સ્પષ્ટ છે કે વાસ્તવિક તત્ત્વ જે ભગવાને કહ્યું, એનાથી વિરુદ્ધ પ્રરૂપે, વિરુદ્ધ માને તે મિથ્યાદૃષ્ટિ છે. એમાં માપ કાઢવાની બીજી જરૂર શું છે ત્યાં? આહાહા!

'સમયસાર'માં તો કહ્યું નથી સર્વવિશુદ્ધ અધિકારમાં? કે જો કોઈ ઈશ્વર કર્તા માને જગતનો; જગત સ્વતંત્ર પદાર્થ છે છ દ્રવ્ય અનાદિ, એનો કોઈ કર્તા-બર્તા નથી. પણ કર્તા માને એ જે મિથ્યાદૃષ્ટિ છે, એમ અમારા જૈનમાં સાધુ નામ ધરાવે, શ્રાવક નામ ધરાવે અને પરની છ કાયની ક્રિયા કરી શકું, દયા પાળી શકું, એને રાખી શકું એ માન્યતા ઓલાના મિથ્યાદૃષ્ટિ જેવી એની માન્યતા છે. કહો, સમજાણું કાંઈ? આવ્યા છે? નથી આવ્યા? કેવા તમારા કહેવાય આ? છાપખાના. મગનલાલ. મગનલાલજી આવ્યા ? આવ્યા'તા હમણાં બપોરે. એ બધી એણે વાત કરી ઇંદોરની ઘણી. એ ગ્યા હશે હમણાં. બધી લૌકિક વાતું, કહે, કાંઈ આ વાત ધર્મની, વીતરાગ શું અને કાંઈ ન મળે. લોકોમાં ય ખળભળાટ થાય છે કે આમાં શું પણ આ તો બેયની વાતું કર્યા કરે આમ છે ને, આ તે આમ છે ને અમારે. પણ લોકોને ઘણાંને વળી પસંદ પડે, માણસ બહુ ભેગું થાય ને. આહાહા!

આ માર્ગ વીતરાગનો ક્યાંય બીજા સાથે મેળ ખાય એવો નથી. બેય ન હોય તો પણ પછી આ સાચું ને આ ખોટું, બે ન હોય તો એમાં બે—અસ્તિ નાસ્તિ શી રીતે થાશે? ૩૬૩ પાખંડ કહ્યા છે ભગવાને તો, લ્યો. એકાંત માનનારા એના ભેદો છે બધા. એ માર્ગ

વીતરાગનો સર્વજ્ઞનો એક જ અનેકાંત માર્ગ છે. સમજાણું કાંઈ? બધાંનો સમન્વય કરીને સરખા મનાવવા—માનવા, એવું આ વસ્તુમાં નથી કાંઈ. (શ્રોતા : બની શકે?) આહા! શી રીતે બને? એક પુણ્યમાં ધર્મ મનાવે, બીજો પુણ્યમાં ધર્મ ન મનાવે, હવે આ બેનો મેળ શી રીતે કરવો આમાં? સમજાણું કાંઈ? બારમા ગુણસ્થાને. હવે એની જરી મુદત આપે છે.

षट सातैं आठैं नवैं, दस एकादस थान।
अंतरमुहूरत एक वा, एक समै थिति जान॥१०३॥

**અર્થ :—**ઉપશમશ્રેણીની અપેક્ષાએ છઠ્ઠા, સાતમા, આઠમા, નવમા, દસમા અને અગિયારમા ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત અથવા જઘન્યકાળ એક સમય છે. ૧૦૩.

**अर्थ :—**उपशम श्रेणीकी अपेक्षा छट्ठे, सातवें, आठवें, नववें, दसवें और ग्यारहवें गुणस्थानका उत्कृष्ट काल अंतर्मुहूर्त वा जघन्य काल एक समय है॥१०३॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

છઠ્ઠાથી તે અગિયારમા ગુણસ્થાન સુધી અંતર્મુહૂર્તની સ્થિતિ છે. જઘન્ય એક સમયની સ્થિતિ છે. એ જરી જાણવા જેવી વાત છે. ક્ષપકશ્રેણીનો કાળ.

ક્ષપકશ્રેણીમાં ગુણસ્થાનોનો કાળ (દોહરા)

छपकश्रेनि आठैं नवैं, दस अर वलि बार।
थिति उत्कृष्ट जघन्य भी, अंतरमुहूरत काल॥१०४॥

**અર્થ :—**ક્ષપકશ્રેણીમાં આઠમા, નવમા, દસમા અને બારમા ગુણસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત તથા જઘન્ય પણ અંતર્મુહૂર્ત છે. ૧૦૪.

**अर्थ :—**क्षपकश्रेणीमें आठवें, नववें, दसवें और बारहवें गुणस्थानकी उत्कृष्ट स्थिति अन्तर्मुहूर्त तथा जघन्य भी अन्तर्मुहूर्त है॥१०४॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ભી અંતર્મુહૂર્ત.

તેરમા ગુણસ્થાનનું વર્ણન (દોહરા)

छीनमोह पूरन भयौ, करि चूरन चित-चाल।
अब सजोगगुनथानकी, वरनौं दसा रसाल॥१०५॥

**અર્થ :—**ચિત્તની વૃત્તિને ચૂર્ણ કરનાર ક્ષીણમોહ ગુણસ્થાનનું કથન સમાપ્ત થયું, હવે

પરમાનંદમય સયોગગુણસ્થાનની અવસ્થાનું વર્ણન કરું છું. ૧૦૫.

**अर्थ :–**चित्तकी वृत्तिको चूर्ण करनेवाले क्षीणमोह गुणस्थानका कथन समाप्त हुआ अब परमानन्दमय सयोगगुणस्थानकी अवस्थाका वर्णन करता हूँ।।१०५।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

छीनमोह पूरन भयौ, करि चूरन चित-चाल. આહાહા! ચિત્તની ચાલ. જ્ઞાન જે રાગમાં રોકાતું હતું એને ચૂરણ કરી નાખ્યું. अब सजोगगुनथानकी, वरनौं दसा रसाल. હવે કેવળી ભગવાન સર્વજ્ઞદેવ અરિહંતનો તેરમો ગુણસ્થાન હોય એનું વર્ણન કરું છું. સજોગી ગુણસ્થાન છે ને. સજોગ. જેને હજી મન-વચન ને કાયાનું કંપન હોય, પણ કેવળી હોય. ત્રણ કાળ ત્રણ લોકને જાણે અરિહંત. ણમો અરિહંતાણં એટલે આવું પદ એ તેરમા ગુણસ્થાનનું પદ છે. ણમો સિદ્ધાણં એ તો ગુણસ્થાન અતીત થઈ ગયા પરમાત્મા અશરીરી સિદ્ધ ભગવાન. આ તેરમા ગુણસ્થાનનું વર્ણન કરીએ છીએ, કહે છે.

સંસ્કૃતમાં એક ફેરી પ્રશ્ન કર્યો'તો. ૮૦ ની વાત છે. એક પંડિત આવ્યા'તા પંડિત. ભઈ, અમે તો સંસ્કૃત-બંસ્કૃત કોઈ કાંઈ જાણતા નથી પણ તમે પંડિત છો ને મોટા, કીધું, આ શબ્દનો અર્થ કહો. ૮૦ ની વાત છે. संजोगी भवस्थ केवली. એવો શબ્દ મૂક્યો પંડિત પાસે. संजोगी भवस्थ केवली. એ કહે, સંજોગવાળા ભવમાં રહેલા કેવળી. એને કીધું, એ સંજોગી ભવસ્થ કેવળી હોઈ શકે જ નહીં. સજોગી ભવસ્થ કેવળી એવો એનો શબ્દ છે. સજોગી—એને કંપન હોય છે જોગનું, પણ છે કેવળજ્ઞાની પરમાત્મા, એને સજોગી કેવળી કહેવામાં આવે છે. (શ્રોતા : જૈન થા?) હા, પંડિત થા. જૈન થા. કાશીમાં ભણેલો હતો. કીધું કે આ એક संजोगी भवस्थ केवलीનો અર્થ કરો તમે. બધા ભણેલા મોટા પંડિત છોને. (શ્રોતા : અશુદ્ધ બતાયા?) અશુદ્ધ. પણ એણે સમજવું જોઈએ કે નહીં કે संजोगी भवस्थ केवली હોય જ નહીં. જોગવાળા કેવળી હોય પણ કાંઈ સંયોગવાળા કેવળી હોય એવું ક્યાંથી આવ્યું? ઈ બહુ વ્યાકરણનો ભણેલા એટલે બિચારો... કીધું, વ્યાકરણ-બ્યાકરણ અમે જાણતા નથી. તમારે કેવળી તેરમા ગુણસ્થાનમાં સયોગી કેવા હોય એની ખબર નથી, તમે પાધરા અર્થ કરવા માંડો. સંયોગી ભવમાં રહેલા કેવળી એટલે શું એની વ્યાખ્યા કીધો અર્થ? એ શબ્દ જ જૂઠો છે.

આંહીં છે ને આમાં. સયોગગુણસ્થાન. આવ્યું ને सजोगगुनथानकी. આહા! અરિહંત ભગવાન 'સીમંધર' પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. તેરમે ગુણસ્થાને છે પણ હજી કંપન જોગનું છે. સમજાણું કાંઈ? તેથી એને સજોગી કેવળી કહેવામાં આવે છે અને આગળ જાય ને ચૌદમું આવે ત્યારે અજોગી કેવળી. એને જોગ પછી હોતા નથી.

સમજાણું કાંઈ? કોને પણ નવરાશ છે આ સમજવા? જઈને જરી બે ઘડી સાંભળી આવીએ, દે માથે કેરી જય નારાયણ. પાથરણું ખંખેરીને હાલ્યા ગ્યા પાછા, લ્યો. (શ્રોતા : જુવાનિયાઓ પ્રશ્ન પૂછે છે) હવે થોડું થોડું હાલ્યું છે હવે થોડું. બાકી તો એમ ને એમ ઘેટા પડ્યા'તા તે પડ્યા'તા. બાપુ! આ તો વીતરાગનો માર્ગ છે એને ઓળખવો પડશે. એમ આંધળી દોડે કાંઈ માર્ગ હાથ આવે એવો નથી. આહાહા! तेरहवें गुणस्थानका स्वरूप. લ્યો.

તેરમા ગુણસ્થાનનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

जाकी दुखदाता-घाती चौकरी विनसि गई,
　　चौकरी अघाती जरी जेवरी समान है।
प्रगट भयौ अनंतदंसन अनंतग्यान,
　　बीरजअनंत सुख सत्ता समाधान है।।
जामैं आउ नाम गोत वेदनी प्रकृति अस्सी,
　　इक्यासी चौरासी वा पचासी परवांन है।
सो है जिन केवली जगतवासी भगवान,
　　ताकी जो अवस्था सो सजोगीगुनथान है।।१०६।।

**શબ્દાર્થ :**—ચૌકરી=ચાર. વિનસિ ગઈ=નષ્ટ થઈ ગઈ. અનંતદંસન=અનંત દર્શન. સમાધાન=સમ્યક્ત્વ. જગતવાસી=સંસારી, શરીર સહિત.

**અર્થ :**—જે મુનિને દુઃખદાયક ઘાતિયા ચતુષ્ક અર્થાત જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય નષ્ટ થઈ ગયા છે અને અઘાતિ ચતુષ્ક બળી ગયેલી સીંદરીની જેમ શક્તિહીન થયા છે, જેને અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય, અનંતસુખ સત્તા અને પરમાવગાઢ સમ્યક્ત્વ પ્રગટ થયા છે, જેમને આયુ, નામ, ગોત્ર અને વેદનીયકર્મોની માત્ર ઍંસી, એક્યાસી, ચોર્યાસી, અથવા પંચાસી પ્રકૃતિઓની સત્તા રહી છે, તે કેવળજ્ઞાની પ્રભુ સંસારમાં સુશોભિત થાય છે અને તેની જ અવસ્થાને સયોગીકેવળી ગુણસ્થાન કહે છે.

વિશેષ–તેરમા ગુણસ્થાનમાં જે પંચાસી પ્રકૃતિઓની સત્તા કહેવામાં આવી છે, તે તો સામાન્ય કથન છે. કોઈ કોઈને તો તીર્થંકર પ્રકૃતિ, આહારક શરીર, આહારક અંગોપાંગ, આહારક બંધન, આહારક સંઘાત સહિત પંચાસી પ્રકૃતિઓની સત્તા રહે છે. પણ કોઈને તીર્થંકર પ્રકૃતિની સત્તા નથી હોતી, તો ચોરાસી પ્રકૃતિઓની સત્તા રહે છે અને કોઈને આહારક ચતુષ્કની સત્તા નથી રહેતી અને તીર્થંકર પ્રકૃતિની સત્તા રહે છે તો એકાસી પ્રકૃતિઓની સત્તા રહે છે તથા કોઈને તીર્થંકર પ્રકૃતિ અને આહારક ચતુષ્ક પાંચેની સત્તા નથી રહેતી, માત્ર ઍંસી પ્રકૃતિઓની સત્તા રહે છે. ૧૦૬.

**अर्थ :**—जिस मुनिके दुःखदायक घातिया चतुष्क अर्थात् ज्ञानावरणीय, दर्शनावरणीय,

मोहनीय, अंतराय नष्ट हो गये हैं और अघातिया चतुष्क जरी जेवरीके समान शक्तिहीन हुए हैं, जिसको अनंतदर्शन, अनंतज्ञान, अनंतवीर्य, अनंतसुख सत्ता और परमावगाढ़सम्यक्त्व प्रगट हुए हैं। जिसकी आयु नाम गोत्र और वेदनीय कर्मोंकी मात्र अस्सी, इक्यासी, चौरासी वा पचासी प्रकृतियोंकी सत्ता रह गई है, वह केवलज्ञानी प्रभु संसारमें सुशोभित होता है, और उसीकी अवस्थाको सयोगकेवली गुणस्थान कहते हैं।

विशेष :—तेरहवें गुणस्थानमें जो पचासी प्रकृतियोंकी सत्ता कही गई है, सो यह सामान्य कथन है। किसी किसीको तो तीर्थंकर प्रकृति, आहारक शरीर, आहारक आंगोपांग, आहारक बंधन, आहारक संघात सहित पचासी प्रकृतियोंकी सत्ता रहती है, पर किसीको तीर्थंकर प्रकृतिका सत्त्व नहीं होता, तो चौरासी प्रकृतियोंकी सत्ता रहती है, और किसीको आहारक चतुष्कका सत्त्व नहीं रहता और तीर्थंकर प्रकृतिका सत्त्व रहता है तो इक्यासी प्रकृतियोंकी सत्ता रहती है तथा किसीको तीर्थंकर प्रकृति और आहारक चतुष्क पाँचोंका सत्त्व नहीं रहता, मात्र अस्सी प्रकृतियोंकी सत्ता रहती है॥१०६॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

હજી સંસાર છે ને એટલે. જુઓ જગતવાસી કીધા એને.

હજી કેવળી સંસારી શરીર સહિત છે ને. શરીર રહિત તો સિદ્ધ ભગવાન હોય. ણમો લોએ સવ્વ સિદ્ધાણં. એમને શરીર ન હોય. એકલો આત્મા નિર્મળાનંદ પ્રભુ સિદ્ધ. તીર્થંકર શરીર સહિત કેવળી હોય એમને શરીર હોય છે. કહે છે, जाकी दुखदाता—घाती चौकरी विनसि गई. એ ઘાતિ કર્મ—જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય, એ ઘાતિ કર્મ-દુ:ખદાતા. નિમિત્તથી વાત છે દુ:ખદાતા. કારણ કે એના કર્મનું ફળ દુ:ખ છે. કર્મ પોતે, એનું ફળ. આઠ કર્મ દુ:ખ, આવે છે ને. દુ:ખનું બીજ. આઠે કર્મ દુ:ખનું બીજ છે. ત્રણ વાત. એ કર્મ જ છે ને. ભાવ એ કર્મ છે અને વિકાર એટલે ઓલું દુ:ખ છે ઈ. કર્મનું ફળ છે.

जाकी दुखदाता—घाती चौकरी विनसि गई. ચાર કર્મનો નાશ થયો અરિહંતને. પેલા ખામણામાં આવે છે. એણે ચાર કર્મનો નાશ કર્યો ઘનઘાતી, ચાર કર્મ જેને બાકી રહ્યાં. લખ્યું છે એમાં. આહા! जाकी चौकरी अघाती. ચાર કર્મ બાકી પણ કેવા? जरी जेवरी समान है. અઘાતિ બળી દોરડી સમાન રહ્યાં હવે. કાથી સળગી હોય કાથી.. કાથી. એ કંઈ બાંધવામાં કામ ન આવે. એમ ભગવાનને ચાર કર્મ અરિહંતને બાકી છે એ બળી દોરડી સમાન છે. આહાહા! સમજાણું કાંઈ? 'શ્રીમદ્'માં આવે છે ને. 'બળી સીંદરી વત્.' આકૃતિ માત્ર. એ દિગંબરનું વચન છે. શ્વેતાંબરમાં એ નથી એવું. (શ્રોતા :

શ્વેતાંબરમાં વાંધો કાઢ્યો છે ને) વાંધો કાઢ્યો છે યશોવિજયે કાઢ્યો છે. આહા! અરે, બળી દોરડી સમાન છે, સાંભળને. વળ નાખેલી દોરડી સળગી હોય, એ કંઈ બાંધવામાં કામ આવે. દેખાય ખરી, દેખાય આમ. એમ ચાર અઘાતિ કર્મ ભગવાન અરિહંતને બાકી—બળી દોરડી જેવાં બાકી રહી ગયાં છે, કહે છે. આહાહા!

प्रगट भयौ अनंतदंसन—જેને અનંતદર્શન પ્રગટ થયાં છે. जरी जेवरीके समान शक्तिहीन हुए हैं. એમ અહીંયા લખ્યું ને. શક્તિહીન થઈ ગયા, જુઓ. કેવળી પરમાત્મા અરિહંતને અનંતદર્શન પ્રગટ થયું. દર્શનાવરણીયનો નાશ થઈને અનંતદર્શન થયું, જ્ઞાનાવરણીયનો નાશ થઈને અનંત કેવળજ્ઞાન થયું. આનું નામ દેવ અને એનું નામ અરિહંત કહેવાય છે. સમજાણું કાંઈ? बीरज अनंत—ભગવાન અરિહંત પરમાત્માને અનંતબળ પ્રગટ્યું છે. એ અનંતબળ કો'કનું કરવા માટે નહીં. પોતાના પૂર્ણ આનંદ આદિ ગુણની રચનામાં અનંતવીર્ય જેને પ્રગટ્યું છે. सुख सत्ता समाधान है—અનંત સુખ છે ભગવાનને, લ્યો. સુખની અનંતસુખ સત્તા. આહાહા! કેવળજ્ઞાની અરિહંત પરમાત્માને પૂર્ણ સુખ છે. હવે એને આહાર ને પાણી ને રોગ ને ન હોય. એ અરિહંતને રોગ ન હોય એમ કહે છે. પૂર્ણ સુખ હોય એમ કહે છે.

કહે છે ને, ભગવાનને રોગ થયો છ મહિના ને એટલે આહાર લેવા ગ્યા સાધુ ને ગોશાળે ઓલું કર્યું. આવે છે ને વાતું. બધી કલ્પિત વાત છે. કેવળીને આહાર હોય નહીં, પાણી ન હોય. કાંઈ ન હોય. રોગેય ન હોય. અઢાર આવશે, ૧૮ દોષ આવશે. આહા! ભગવાનની અનંતી સુખ સત્તા આદિ અનંતુ બધું પ્રગટ થઈ ગયું છે. અનંત આનંદ, અનંત જ્ઞાન-દર્શન, અનંત સમાધિ. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં,' આવે છે ને 'શ્રીમદ્'માં. 'અનંત દર્શન—જ્ઞાન અનંત સહિત જો.' એવી દશા અંતરના વીતરાગ ભાવની પરિણતિના કારણથી આવી કાર્યદશા પ્રગટ થાય છે. આહાહા! સમજાણું કાંઈ?

जामैं आउ नाम गोत वेदनी प्रकृति अस्सी. એ પ્રકૃતિ જાણવાની વાત છે જરી. કોઈને એંસી હોય, કોઈને એક્યાશી, કોઈને ચોર્યાશી ને કોઈને પંચ્યાસી. सो है जिन केवली जगतवासी ભગવાન. હજી શરીરમાં રહ્યા છે એટલું દેખાય એટલે જગતવાસી એને ભગવાન કહેવામાં આવે છે. ताकी जो अवस्था सो सजोगीगुनथान, લ્યો. એને સજોગી ગુણસ્થાન કહેવામાં આવે છે. નીચે લખ્યું છે. यहाँ मन-वचन-कायके सात योग होते हैं. કેવળીને પણ હજી મન વચન ને કાયા. છે ને? મનના બે, વચનના બે અને કાયાના ત્રણ, એવા સાત યોગ હોય છે. પંદર યોગ છે એમાંથી સાત હોય છે. इससे इस गुणस्थानका नाम सयोगी केवली है. સજોગ—જોગ કંપન સહિત કેવળી. આવું કેવળીનું સ્વરૂપ છે. એને ક્ષુધા ન હોય, તૃષા ન હોય, રોગ ન હોય. સમજાય છે કાંઈ? એને વસ્ત્ર

ન હોય, પાત્ર ન હોય, વહોરવા ન જાય.

(શ્રોતા : પોતે ન જાય, શિષ્યને મોકલે) શિષ્યને... આવે છે. .....અણગારને મોકલ્યા. રોગ થ્યો ને ભગવાનને. ઓલો ગોશાળો આવ્યો. તેજોલેશ્યા મારી. રોગ થયો તો ગોશાળાને .....અણગારને મોકલ્યા. જાઓ આહાર લઈ આવો ત્યાંથી રેવતીને ઘરેથી. મારે માટે કર્યો લાવશો નહીં પણ એના ઘોડા માટે કર્યો એ લાવજો. વચન આવે છે ને. અરે, ભારે વાતો કરી છે હોં. અરે, અરિહંતને રોગ હોય નહીં, ભાઈ! આહાહા! એને અનંત આનંદનો અનુભવ જ્યાં પરમાત્માને હોય છે. એના શરીર સ્ફટિક રતન જેવા હોય છે. સમજાણું કાંઈ? એવું આવે છે ભગવતીસૂત્રમાં. આહાર લેવા મોકલ્યા ને પછી આહાર લાવ્યા, આહાર ખાધો. શરીર થઈ ગયું પુષ્ટ. દેવ-દેવીઓ ખુશી થયા. ભટ્ઠા. (શ્રોતા : આહારસે બીમારી ઠીક હો ગઈ?) આહાર સે બીમારી... ભગવાનકી બીમારી હો ગઈ (ઠીક). બધી કલ્પિત વાતું છે. હવે આ શી રીતે મેળ કરવો આનો? (શ્રોતા : સર્વજ્ઞને શિષ્ય જ ન હોય ને.) હોય જ નહીં.

અરે! જ્યાં આત્માની કેવલદશા પરમાત્મ દશા. આહાહા! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક હસ્તામલની પેઠે જણાય. એની સાથે અનંત આનંદનું વેદન એકલી આનંદની અનુભૂતિ એવા પરમાત્મા અરિહંત હોય છે. ભલે શરીર હોય પણ આ બીજું આહાર કે રોગ આદિ હોય નહીં. કહો, તલકચંદભાઈ! ત્યાં ભગવાન પછી ઘોડીએ બેસે. માનસી, માનસી ઘોડી આવે છે ને. અરે, બાપુ! ભગવાન કેવા હોય તને ખબર નથી ભાઈ! આત્મા ભગવાનસ્વરૂપ જ છે આનંદ. એની દશામાં અંદરમાં એકાગ્ર થઈને થાય એટલે એ તો ખલાસ થઈ ગયાં. પૂર્ણ અમૃતના સાગર જ્યાં ઉછળ્યા, આહાહા! ભલે શરીર હો પણ અંતરના અનંત આનંદનો વેદન ઉછળીને અનુભૂતિ પૂર્ણ આનંદની થઈ ગઈ. આહાહા! મુનિને અનુભૂતિ હોય પણ પૂર્ણ આનંદની ન હોય. સમજાણું કાંઈ? વસ્તુ જ આવી છે એમાં બીજું થાય શું? આડો અવળે નાખે ત્યાં ચાલે અંદર? ભાઈ! એને સયોગી ગુણસ્થાન કહેવામાં આવે છે, લ્યો. વિશેષ ખુલાસો કર્યો છે. કોઈને તીર્થંકર પ્રકૃતિ આદિ હોય છે અને કોઈને હોતી નથી. આહારક શરીર કો'કને હોય અને કોઈને હોતું નથી. એ વિશેષ જાણવા જેવી છે. केवलज्ञानीकी मुद्रा और स्थिति.

કેવળજ્ઞાનીની મુદ્રા અને સ્થિતિ (સવૈયા એકત્રીસા)

जो अडोल परजंक मुद्राधारी सरवथा,
अथवा सु काउसग्ग मुद्रा थिरपाल है।
खेत सपरस कर्म प्रकृतिकै उदै आयै,

बिना डग भरै अंतरीच्छ जाकी चाल है।।
जाकी थिति पूरव करोड़ आठ वर्ष घाटि,
अंतरमुहूरत जघन्य जग-जाल है।
सो है देव अठारह दूषन रहित ताकौं,
बानारसि कहै मेरी वंदना त्रिकाल है।।१०७।।

**શબ્દાર્થ** :—અડોલ=અચળ. પરજંક મુદ્રા=પદ્માસન. કાઉસગ્ગ(કાયોત્સર્ગ)=ઊભા આસને. અંતરીચ્છ=ઉપર. ત્રિકાલ=સદૈવ.

**અર્થ** :—જે કેવળજ્ઞાની ભગવાને પદ્માસન અથવા કાયોત્સર્ગ મુદ્રા ધારણ કરેલી છે, જે ક્ષેત્ર-સ્પર્શ નામકર્મની પ્રકૃતિના ઉદયથી પગ ઉપાડ્યા વિના ઉંચે ગમન કરે છે, જેમની સંસારની સ્થિતિ ઉત્કૃષ્ટ એક કરોડ પૂર્વમાં આઠ વર્ષ ઓછાની અને જઘન્ય અંતર્મુહૂર્તની છે, તે સર્વજ્ઞદેવ અઢાર દોષરહિત છે. પં. બનારસીદાસજી કહે છે કે તેમને મારા ત્રિકાળ વંદન છે. ૧૦૭.

**अर्थ** :—जो केवलज्ञानी भगवान पद्मासन अथवा कायोत्सर्ग मुद्रा धारण किये हुए हैं, जो क्षेत्र-स्पर्श नामकर्मकी प्रकृतिके उदयसे बिना कदम रक्खे अधर गमन करते हैं, जिनकी संसार स्थिति उत्कृष्ट आठ वर्ष कम एक करोड़ पूर्वकी और जघन्य अंतर्मुहूर्तकी है, वे सर्वज्ञदेव अठारह दोष रहित हैं। पं. बनारसीदासजी कहते हैं कि उन्हें मेरी त्रिकाल वन्दना है।।१०७।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

અરિહંત કેવા હોય એને ઓળખીને વંદન કરે છે. આંહીં તો ણમો અરિહંતાણં. હે ભગવાન! આપની કૃપા થજો. પરમેશ્વરની કૃપા. ભગવાન આપજો. ભગવાન પાસે માંગે. ભગવાન આપજો મને કાંઈ. ભગવાન (કહે), પણ મારી પાસે ક્યાં છે કે હું તને આપું? સમજાણું? આમાં એક જણાએ લખ્યો'તો, એક શબ્દ આવ્યો નહોતો? નવનીતભાઈનું લખ્યું'તું એમાં. બલુભાઈનું આવ્યું'તું. એક અક્ષર આવ્યો'તો. પરમાત્મા સારું રાખજો, એવી કંઈક ભાષા. જુના માણસને. આ બલુભાઈ દાક્તર. કાગળ આવ્યો'તો ને એક હમણાં? એમાં હતો એક શબ્દ. એમાં એ શબ્દ હતો. ઈશ્વર સારું રાખે ને અમને સારા રાખજો, એવી કંઈક ભાષા હતી. માણસને જૈનમાં જન્મ્યા પણ ઈશ્વર કોઈ કર્તા છે ઈ ગંધ ખસતી નથી અંદરથી. ઈશ્વર જાણે કાંઈક કરે, ઈશ્વરની મહેરબાની થાય. ઈશ્વર સૌના સારાં વાના રાખે. ઈશ્વર ક્યો સારા વાના રાખે? ભગવાન પરમાત્મા એ તો અરિહંત કેવળી તીર્થંકર છે. એ જગતના સારા વાના રાખે? આહા!

આંહીં તો કહે છે કે अडोल परजंक मुद्राधारी सरवथा, કેવળજ્ઞાનીને બે આસન હોય છે. એક પદ્માસન અને એક કાયોત્સર્ગ. બે આસન હોય છે. સર્વજ્ઞ પરમેશ્વર

અરિહંત તેરમે ગુણસ્થાને હોય, એ કાં પદ્માસનમાં હોય અને કાં ખડગાસન હોય કાયોત્સર્ગે. સમજાણું કાંઈ? એને આહાર નહીં, પાણી નહીં, રોગ નહીં, શોક નહીં, ચિંતા નહીં, કલ્પના નહીં. શરીરમાં પરમ ઔદારિક દશા જેની, પરમાણુ સ્ફટિક જેવા થઈ જાય જેના. જેમાં નજર નાખે કે સાત ભવ ભાળે બીજો જીવ, એટલું તો એનું સ્ફટિક શરીર થઈ જાય. અરે, કેવળી અરિહંત પરમાત્મા કોને કહે! સમજાણું કાંઈ?

खेत सपरस कर्म प्रकृतिकै उदै आयै, કહે છે કે ભગવાન ચાલે છે ને? કહે, પ્રકૃતિના કારણે શરીર ગતિ કરે. એને ગતિ-બતિનું કાંઈ છે નહીં. એ તો કેવળજ્ઞાની પરમાત્મા છે. આહાહા! એ સ્થાનકવાસી બહુ માને છે ક્ષેત્ર સ્પર્શના. ક્ષેત્ર સ્પર્શના આવે છે ને. એવું આવે છે. પરદેશી રાજાનો અધિકાર આવે છે. એમાંથી કાઢ્યું છે એ લોકોએ. ક્ષેત્ર સ્પર્શના એટલે વિનંતી કરે મુનિને, ત્યારે (મુનિ) એમ કહે કે ક્ષેત્ર સ્પર્શના હશે તો આવશું. આવે છે કે નહિ? (શ્રોતા : .....) હા, એ. ક્ષેત્ર સ્પર્શના. બોલવામાં હું કરૂં તો ચાલે, કરૂં તો વિહાર થાય .....કરે. .....માન્યતા એવી હોય. આંહીં તો કહે છે, વીતરાગના કેવળજ્ઞાનની દશા પરમાત્માને થઈ એને પૂર્વની કોઈ પ્રકૃતિને કારણે बिना डग भरै—આમ ડગ ન ભરે. अंतरीच्छ जाकी चाल—આમ અદ્ધર ચાલે. પાંચ હજાર ધનુષ ઊંચા. હા, પાંચસો ધનુષ ઊંચા. પણ ઊંચા ચાલે, નીચે નહીં. અદ્ધર ચાલે, લ્યો ને. बिना डग भरै अंतरीच्छ जाकी चाल है, લ્યો.

जाकी थिति पूरव करोड़ आठ वर्ष घाटि. એક કરોડ પૂર્વમાં આઠ વર્ષ ઓછી સ્થિતિ હોય અરિહંતની. આઠ વર્ષે કેવળ થાય. કરોડ (પૂર્વ) સુધી રહે. એક પૂર્વમાં સીત્તેરલાખ ક્રોડ છપ્પન હજાર ક્રોડ વર્ષ જાય. એક પૂર્વમાં સીત્તેરલાખ ક્રોડ છપ્પન હજાર ક્રોડ વર્ષ જાય. એવા એવા કરોડ પૂર્વ. અરિહંતનું આયુષ્ય એટલું હોય. તીર્થંકરની વાત નથી. આ તો સમુચ્ચય આદિની વાત છે ને. पूरव करोड़ आठ वर्ष घाटि. એક કરોડ પૂર્વમાં આઠ વર્ષ ઓછું. જઘન્ય અંતર્મુહૂર્ત. જઘન્ય અંતર્મુહૂર્ત ભાઈ. આઠ વર્ષે કેવળ પામે. અંતર્મુહૂર્તે મોક્ષ જાય. આહાહા! સમજાણું? सो है देव अठारह दूषन रहित—એ અઢાર દોષ ન હોય એવા અરિહંતને. बानारसि कहै मेरी वंदना त्रिकाल है. એવા અરિહંતને ત્રણે કાળ હું વંદન કરું છું. અઢાર દોષનું વર્ણન આવશે. અઢાર દોષનું વર્ણન.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૯૫, કારતક સુદ ૧૨, રવિવાર, તા. ૩૧-૧૦-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાનાધિકાર પદ ૧૦૮ થી ૧૧૪ પર પ્રવચન

આ સમયસાર નાટક છે. એમાં બનારસીદાસે ચૌદ ગુણસ્થાનનું સ્વરૂપ સમયસારમાં નથી એથી વિસ્તારથી સમજાવ્યું છે. વાસ્તવિક ગુણસ્થાન ચૌદ ગુણને કહેવાય. છે એ વ્યવહાર. અંતરના સ્વરૂપમાં તો એ ચૌદ ભેદ છે નહીં. એવો જે ભગવાન આત્મા પૂર્ણ અભેદ એકરૂપ ચૈતન્ય પદાર્થ, એમાં તો એ ચૌદ ગુણસ્થાન વ્યવહાર તરીકે છે પણ અંતર છે નહીં. પણ વ્યવહાર તરીકે છે એને બરાબર જાણવા જોઈએ ને. એમાં પણ વિરોધ છે દેવ ગુરુ શાસ્ત્રની લાઈનમાં એથી આ એનું સ્પષ્ટીકરણ કર્યું છે.

केवली भगवानको अठारह दोष नहीं होते. પાનું ૪૦૪. જે આ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંત દેવ અનંતા થયા, છે અને થશે. એ બધા આત્માના અંતર સ્વભાવમાં અનંત આનંદ, અનંત જ્ઞાન દર્શન ને વીર્ય એવું એનું સ્વરૂપ ચતુષ્ટય સ્વભાવમાં ત્રિકાળી પડ્યું છે. એનો આશ્રય લઈને પ્રથમ જેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લઈને અને તેનો આશ્રય લઈને અંતરમાં ઉગ્રપણે ચારિત્ર પ્રગટ કર્યું એ અંતરની ક્રિયા. અને આગળ જતાં પૂર્ણ આશ્રય કર્યો એટલે કેવળજ્ઞાન થયું. કેવળજ્ઞાનની અંદર એને અઢાર દોષ ન હોય.

કેવળી ભગવાનને અઢાર દોષ હોતા નથી. (કુંડળિયા)

दूषन अट्ठारह रहित, सो केवलि संजोग।
जनम मरन जाकै नहीं, नहिं निद्रा भय रोग।।
नहिं निद्रा भय रोग, सोग विस्मय न मोह मति।
जरा खेद परस्वेद, नांहि मद बैर विषै रति।।
चिंता नांहि सनेह, नांहि जहँ प्यास न भूखन।
थिर समाधि सुख सहित, रहित अट्ठारह दूषन।।१०८।।

**શબ્દાર્થ :—**સોગ=શોક. વિસ્મય=આશ્ચર્ય. જરા=વૃદ્ધાવસ્થા. પરસ્વેદ(પ્રશ્વેદ)=પરસેવો. સનેહ=રાગ.

**અર્થ :—**જન્મ, મૃત્યુ, નિદ્રા, ભય, રોગ, શોક, આશ્ચર્ય, મોહ, વૃદ્ધાવસ્થા, ખેદ, પરસેવો, ગર્વ, દ્વેષ, રતિ, ચિંતા, રાગ, તરસ, ભૂખ–આ અઢાર દોષ સયોગકેવળી જિનરાજને હોતા નથી

અને નિર્વિકલ્પ આનંદમાં સદા લીન રહે છે. ૧૦૮.

**अर्थ :**—जन्म, मृत्यु, निद्रा, भय, रोग, शोक, आश्चर्य, मोह, बुढ़ापा, खेद, पसीना, गर्व, द्वेष, रति, चिंता, राग, प्यास, भूख ये अठारह दोष सयोगी केवली जिनराजको नहीं होते, और निर्विकल्प आनंदमें सदा लीन रहते हैं।।१०८।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કહે છે કે ભગવાનને અઢાર દોષ ન હોય. જનમ ન હોય એને પછી. આહા! પૂર્ણ દશા જ્યાં કેવળજ્ઞાન દશા પ્રગટ થઈ એને જનમ ત્યાં શેનો? જનમ ન હોય. કોઈ કહે કે ભઈ, ભગવાન જન્મે. મોક્ષ થાય, અરિહંત થાય કેવળી, પણ દુનિયાના દુઃખોનો ઉદ્ધાર કરવા ભગવાન પણ જન્મે. કહે છે ને કેટલાક? રાક્ષસનો નાશ કરવા ને ભક્તોનો ઉદ્ધાર કરવા. એ વાત ખોટી છે, કહે. એ વાત કલ્પિત છે. પૂર્ણ દશા જ્યાં પ્રાપ્ત થઈ એને ક્યાં હવે રાગ અને ભવનું કારણ કોઈ રહ્યું છે કે જેથી જન્મે? સમજાણું કાંઈ?

એને મૃત્યુ ન હોય. મૃત્યુ તો એને કહીએ કે પછી જેને અવતાર ધારણ કરે. આમ કાંઇ છે નહિ? કેવળજ્ઞાન થઈ સમાધિ આનંદમાં દેહ છૂટે છે ત્યારે મુક્તિ થાય છે. મરણ નથી એને. આહા! નિદ્રા નથી. મુનિને જ્ઞાનીને આત્મધ્યાનીને સંતને નિદ્રા જરી હતી. સાચા સંત નગ્ન દિગંબર મુનિ વનવાસી રહેનારા એને જૈનદર્શનમાં સાધુ કહેતા. એને સાધુ કહેવામાં આવે છે. એને પણ એક પોણી સેકન્ડની અંદર નિદ્રા હોય. તો આ તો રાગરહિત એકલી દશા પૂર્ણ સ્વરૂપ અનંત આનંદ અનંત જ્ઞાન દર્શન પ્રગટ થઈ ગયાં, એને નિદ્રા હોય નહીં. એને ભય ન હોય. છે ને?

नहिं निद्रा भय रोग. ભય ન હોય. ભય કોનો હોય એને? પૂર્ણ નિર્ભય દશા અરિહંતની કેવળજ્ઞાનની પ્રગટ થઈ, એને ભય હોય નહીં. સમજાણું કાંઈ? એને રોગ ન હોય. આ વાંધા. કેવળજ્ઞાન પરમાત્મદશા જ્યાં આત્માને થાય એના શરીરમાં રોગ ન હોય. સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં કહે છે ને, ભગવાનને રોગ થયો. છ મહિના લોહીખંડ ઝાડા થયા. ગોશાળાએ નાખી લેશ્યા. બધી કલ્પિત વાત છે. એવું છે જ નહિ. આમાં એ નાખ્યું છે એનું કારણ છે કે આ જે છે ને ખતરગચ્છનાએ આ બનાવ્યું છે એટલે. કેમકે આ વાત દિગંબર સંપ્રદાયની ધારામાં લીધું છે. એમાં નાખ્યું પણ આ શું કરવા પણ આ? એમ છે. પછી પ્રશ્ન થયો. ખતરગચ્છીય કોઈક છે રૂપચંદજી હોં. ઈ રૂપચંદજી બીજો છે. એણે નાખ્યું થોડું. પૂર્ણ જ્યાં રાગરહિત અનંત આનંદની દશા જ્યાં પ્રગટ થાય એવું જે અરિહંતપદ, એના શરીરને પણ રોગ હોય નહીં. આહા! એ તો કહે રોગ થ્યો અને દવા-ઓષડ લેવાનું કહ્યું. એવું આવે છે ભગવતીસૂત્રમાં. શ્વેતાંબરમાં આવે છે. ...અણગારને

કહ્યું, જાઓ, આ આહાર લઈ આવો. ભાઈ! એ વસ્તુનું સ્વરૂપ એવું નથી. સમજાણું કાંઈ?

રોગને માટે ઔષધ ને ઔષધ લાવે ને રોગ મટે ને, એ બધી દશા તો અલ્પજ્ઞ છદ્મસ્થની હોય. કેવળીને હોય નહીં. મોટો ફેરફાર છે ને. પંડિતજી! એ માટે અઢાર દોષ; એમાં લખ્યું છે કે આ અઢાર દોષ દિગંબર સંપ્રદાયમાં (છે) એમ લખ્યું છે. અન્યમાં બીજા છે એમ કહ્યું. આમાં લખ્યું. બહારથી હવે આ વાંચ્યું. પણ આ તો વસ્તુસ્થિતિ એવી છે. દિગંબર સંપ્રદાય કોઈ વાડો છે? આહા!

આ તો ભગવાન હોય એ ખાય ને ભગવાન હોય એ પાણી પીવે ને ભગવાનને રોગ થાય ને. ગુલાબચંદભાઈ! ભગવાન ઘોડીએ ચડેને, નહિ? અરે, ભગવાન કોને કહે? બાપા! તને મિથ્યાત્વ લાગશે. એય! ગ્યા જયંતિભાઈ ગ્યા? બોટાદ. સમજાણું કાંઈ? આહા! રોગ શરીરમાં એના રજકણો તો, જ્યાં કેવલ દશા જ્યાં આત્મામાં થાય અને એ જ ભવે દેહ છૂટીને સિદ્ધ થવાના છે. એના શરીરને રોગના રજકણો થાય એમ બને નહીં આહાહા! નિરોગી જ્યાં આત્મદશા થઈ પૂર્ણ એને શરીરમાં પણ રોગ હોઈ શકે નહીં.

શોક ન હોય એને. શોક કેવો? વીતરાગદશા જ્યાં પ્રગટી. આશ્ચર્ય ન હોય. કેવળજ્ઞાન જ્યાં પૂર્ણદશા એને આશ્ચર્ય શું? આહાહા! એવું તો એને હોય નહીં. ત્રણ કાળ ત્રણ લોક જાણે છે. સમજાણું કાંઈ? આશ્ચર્ય ન હોય. મોહ ન હોય. મોહનો તો નાશ થઈને કેવળજ્ઞાન થયું છે. એને મોહ ન હોય સર્વજ્ઞ પરમાત્માને. અરિહંતદેવ જેને પરમાત્મા કહીએ, દેવ કહીએ, એને મોહ ન હોય. બુઢાપા ન હોય. વૃદ્ધાવસ્થા ન હોય એના શરીરની. શરીર એવું ને એવું લાગે. આઠ વરસે કેવળ થાય અને આઠ વર્ષ કમ ક્રોડ પૂર્વ સુધી રહે. શરીર એવું ને એવું હોય. બુઢાપો એને લાગુ ન પડે. આહાહા!

ખેદ ન હોય. ખેદ શેનો? પૂર્ણ દશા જ્યાં પ્રગટી હોય. પસીનો ન હોય શરીરમાં. બહુ મહેનત કરે ત્યારે પસીનો ચડે છે ને. ભગવાનને પસીનો ન હોય. એ તો તદ્દન નિરોગતા આત્મઆનંદની દશા પૂર્ણ અનુભૂતિ સહજાનંદની દશામાં રમતા એને પસીનો હોય નહીં. ગર્વ ન હોય. અભિમાન કેવું ત્યાં? દ્વેષ ન હોય. રતિ ન હોય, લ્યો. मद वैर विषै रति. ચિંતા ન હોય. એને રાગ ન હોય. એને પ્યાસ ને ભૂખ ન હોય. તૃષા લાગે ને પાણી પીવે, ભૂખ લાગે ને આહાર લે. બહુ ફેરફાર. હવે આ બધાને સરખા કહેવાય શી રીતે? સમજાણું કાંઈ?

કહ્યું'તું એક ફેરી કીધું, નહિ? ૮૩ માં પ્રશ્ન થયો તો ૮૩. ચોમાસામાં

દામનગરમાં ૮૩ માં. કેટલા વરસ થયાં? ૪૫. એક હતા વાંકાનેરના વનેચંદ શેઠ. એણે પ્રશ્ન કર્યો કે મહારાજ! એક કહે છે કે મારો બાપ બાયડી હતી અને એક કહે કે મારો બાપ આદમી હતો એનું શું કરવું? કહે. એવો પ્રશ્ન કર્યો. સમજાણું? એક કહે મારો બાપ હતી સ્ત્રી. બીજો કહે કે મારો બાપ હતો આદમી. હવે આનું શું કરવું? એવો પ્રશ્ન કર્યો'તો. કેમકે શ્વેતાંબર કહે છે કે મલ્લિનાથ સ્ત્રી હતા. તીર્થંકર સ્ત્રી હતા. ત્રણકાળમાં હોય નહીં. સમજાણું કાંઈ? એ ૮૩ માં પ્રશ્ન કર્યો'તો. મેં કહ્યું, હમણાં રાખો. હમણાં વાડામાં રહીને ચોખવટ કરવા જાય તો આ બધી તકરાર થશે. સ્ત્રીનું શરીર તીર્થંકરનું. મલ્લિનાથ સ્ત્રી હતા અને કેવળ પામ્યા. બધી વાત જૂઠી અસત્ય. સમજાણું કાંઈ? જયંતિભાઈ! આવે છે ને મલ્લિનાથ? આવે છે. બધે આવે છે.

એને કહે છે કે શું કીધું? પ્યાસ અને ભૂખ ન હોય. અનાહાર આનંદનો આહાર હોય. મુનિદશા પ્રગટ થાય આત્માની શાંતિની, એને પણ આહાર અલ્પ રહી જાય છે. તો જ્યાં આત્મા કેવળજ્ઞાન પરમાત્મા એને આહાર? સાધુને મોકલે કે આહાર લઈ આવ અને પાણી લઈ આવે ને પોતે પીવે ને ખાય. બધું સ્વરૂપ સાચા દેવથી વિકૃત કર્યું છે. સમજાણું કાંઈ? ત્યારે કહે કે બેયને હવે સરખા માનો, લ્યો. એવું એક અત્યારે હવે સમન્વય નીકળ્યો છે. કોને સરખા માને? ભાઈ! વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં. દેવના સ્વરૂપની વિપરીતતા એ શ્રદ્ધા મિથ્યાત્વ છે. આહાહા! ભૂખ ન પ્યાસ. પાણી કેવા? નિર્વિકલ્પ આનંદના પીણાં પીવે છે જ્યાં પૂરા. અતીન્દ્રિય આનંદની શક્તિ હતી એટલી વ્યક્ત પૂર્ણ થઈ ગઈ. એવા પરમાત્મા શરીર સહિત હોય છતાં તૃષા અને ભૂખ ન હોય એને. આહાહા! દેવના સ્વરૂપને પણ વિકૃત કરી નાખ્યુ છે. સમજાણું કાંઈ? વસ્તુ તો જેમ હોય એમ થાય. એથી જ્યાં ખોટી હોય એને સાચી સ્થાપવી એ કંઈ સમન્વય છે? એ સત્ય છે?

थिर समाधि सुख सहित. પૂર્ણ આનંદમાં સ્થિર હોય. સમજાણું કાંઈ? थिर समाधि सुख सहित. શ્વેતાંબરમાં આવે છે. ઓલા ત્રિશલા નહિ, પહેલે દેવાનંદાની કૂખે હતા ને? એમ કહે છે ને. દેવાનંદાની કૂખે હતા પછી ત્રિશલાની કૂખે. પછી ભગવાનને કેવળજ્ઞાન થયું, ત્યારે એની મા આવ્યા દર્શન કરવા દેવાનંદા. એવા પુત્રનો પ્રેમ એટલે એકદમ સ્તનમાંથી દૂધ ઝર્યું. એટલે પ્રશ્ન થયો કે આ શું? તો ભગવાન કહે છે કે એ મારી અમ્મા. એ મારી માતા છે. અરે, એવું હોય! સમજાણું કાંઈ? જયંતિભાઈ! સાંભળ્યું છે કે નહીં પણ ઈ? એ મારી અમ્મા. એ તો મારી માતા છે. અરે, એને એવો વિકલ્પ કેવો અને વાણી એવી કેવી? સમજાણું કાંઈ?

દેવાનંદાની કૂખે ૭૨, કેટલા? ૮૨ રાત રહ્યા. આવે છે કલ્પસૂત્રમાં બહુ આવે. ૮૨ રાત. પછી ત્રિશલાની કૂખે. બધી વાત કલ્પિત છે હોં. દેવના સ્વરૂપને બગાડી નાખ્યું. જેના દેવના સ્વરૂપના ઠેકાણા નથી, એના આત્માની શ્રદ્ધાના ઠેકાણાં હોય નહીં. આહાહા! (શ્રોતા : આવું બધું બનાવટ કરવાનો હેતુ શો?) એ બધો સંપ્રદાય જુદો પાડવા. આ છે કે નહિ? છે અને એ તદ્દન ન્યાયથી વિરુદ્ધ છે. ફક્ત પોતાનો સંપ્રદાય ચલાવવા આ શાસ્ત્રો બનાવ્યા છે કલ્પિત. આ ૩૨ સૂત્ર, ૪૫ સૂત્ર બધા કલ્પિત. વીતરાગના કહેલા એ નહીં. ભીખાભાઈ!

વીતરાગના કહેલા તો આ 'સમયસાર', 'પ્રવચનસાર', 'નિયમસાર.' સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માના શ્રીમુખે આવેલાં. સમજાણું કાંઈ? જે આ પરમાગમ થાય છે ત્રણ લાખનું. લાગે છે વાર. કીડી વેગે થાય છે હળવે હળવે. હવે ક્યારે થશે? આ બધા રહ્યા બે જ. એય, પરસોત્તમભાઈ! આ બે જણા તમે હતા એમાં .... આ તો પરમ આગમ. આહાહા! વીતરાગની વાણી. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્મા એના મુખે નીકળેલી વાણી, એ સંતોએ ઝીલી અને સંતોએ કહી પાછી. એવી વાત છે બાપા. સમજાણું કાંઈ?

આંહીં કહે છે, ભગવાન તો આનંદની લહેર સુખની શાંતિમાં બિરાજતા હોય છે. વાણી વાણીને કારણે નીકળે. શરીર શરીરને કારણે ગતિ કરે. વિહાર હોય. આહાહા! કેવળી કોને કહે! જેને ચાર કર્મ બાકી છે એનું એને જ્ઞાન તો થઈ ગ્યું છે કે આટલું હશે ને આ આ સમયે ટળશે. એ બધું જ્ઞાન થઈ ગયું છે. એને કંઈ બાકી છે નહીં. એવા દેવાધિદેવ અરિહંતના અઢાર દોષ રહિતપણે છે એને કોઈ દોષ આવો ઠરાવે તો એ અરિહંતને ઓળખતા નથી. તો અરિહંતનું સ્વરૂપ પણ હજી જેનું સાચું નથી એને આત્માનું સ્વરૂપ સાચું પ્રગટે નહીં. આહાહા!

(શ્રોતા : મૂળ તો આત્માનું સ્વરૂપ જ નથી મળતું એને.) વાત તો કરી હોય કોઈ પણ હવે આવી આ જાત ક્યાં? બાપા! શું કહીએ! કોઈ પક્ષને દુઃખ લાગે એવી વાત નથી. આ તો સત્ય આવું છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ બિરાજે છે મહાવિદેહમાં, એનું આવું સ્વરૂપ છે. અરિહંતપદે જ્યાં સુધી હોય ત્યાં સુધી શરીર હોય, વાણી હોય. પણ ક્ષુધા, તૃષા ને રોગ હોય એ ત્રણકાળમાં બને નહીં. કલંક છે. એ દેવને એમ કહેવું એ કલંક છે. અરેરે! એને એમ કહેવું કે મહાવીરને બે મા ને બે બાપ, કલંક છે. ભાઈ! સમજાણું કાંઈ? અમથા દુનિયામાં નથી કહેતા કે માળા બે બાપનો છો? એમ કહે છે ને? આ ત્રણલોકના નાથ જેને સો સો ઈન્દ્રો જેને તળિયા ચાટે, જેની રજું માથે

ચડાવે. એવા ભગવાનને એમ કહેવું કે એને બે મા અને બે પિતા હતા. વસ્તુ તદ્દન કલ્પિત છે. સમજાણું કાંઈ? આ આકરું લાગે છે માણસને.

ઓલા બધા સરખા માનો, એમ કહે. આપણને શું હક્ક છે કે શ્વેતાંબર મિથ્યાદૃષ્ટિ છે (એમ કહેવું)? એમ વળી કહે છે. લ્યો. બાપુ! વસ્તુની સ્થિતિ તો આવી છે, ભાઈ! કોઈના તિરસ્કાર માટે નથી. વસ્તુની સ્થિતિ આવી છે એમ ધર્મીએ અરિહંતપદને આ રીતે પિછાનવો જોઈએ. જેના આ દેવ-ગુરુ-શાસ્ત્રમાં ફેર એના આત્મામાં ફેર હોય, હોય ને હોય. ભારે કામ આકરું હોં. વીરચંદભાઈ! (શ્રોતા : આપણી.....) ન શકે. આહાહા! निर्विकल्प आनंदमें सदा लीन रहते हैं. અરેરે! એવા પુણ્ય એના ઓછાં હોય કે બે બાપ થાય એને? એવા પુણ્ય ઓછાં હોય કે એ સ્ત્રી થાય? ભાઈ! ત્રણલોકના નાથને એ કલંક લગાડે છે. સમજાણું કાંઈ? પરમેશ્વરના સ્વરૂપને દાગ દે છે. એ માટે આ વર્ણન કર્યું છે.

હવે, केवलज्ञानी प्रभुके परमौदारिक शरीरका अतिशय. એનું શરીર જ પરમ ઔદારિક હોય છે. તીર્થંકરને તો જન્મથી જ પરમ ઔદારિક હોય. તીર્થંકરદેવનો આત્મા જ્યાં જન્મે એટલે શરીરના સંહનનમાં એ પહેલેથી પરમ ઔદારિક શરીર હોય. એને મળ-મૂત્ર પહેલેથી ન હોય, એવું જેને શરીર હોય. સમજાણું કાંઈ? આરે! ઊંચા રતન તો ઊંચે દાબલે રહે ને? કાંઈ કોથળે રહેતા હશે? એમ ઉત્તમ પરમાત્મા તીર્થંકરદેવ એનો આત્મા ત્રણ જ્ઞાન લઈને આવે. એનું શરીર જ, કહે છે કે પરમ ઔદારિક પહેલેથી હોય છે. અને બીજા કેવળી થાય એને કેવળ થાય ત્યારે પરમ ઔદારિક શરીર થઈ જાય. સમજાણું કાંઈ? એ કેવળજ્ઞાની પ્રભુના પરમ ઔદારિક શરીરનું અતિશય.

કેવળજ્ઞાની પ્રભુના પરમૌદારિક શરીરના અતિશય (કુંડળિયા)

वानी जहां निरच्छरी, सप्त धातु मल नांहि।
केस रोम नख नहिं बढैं, परम उदारिक मांहि।।
परम उदारिक मांहि, जांहि इंद्रिय विकार नसि।
यथाख्यातचारित प्रधान थिर सुकल ध्यान ससि।।
लोकालोक प्रकास-करन केवल रजधानी।
सो तेरम गुनथान, जहां अतिशयमय वानी।।१०९।।

**શબ્દાર્થ** :—નિરચ્છરી=અક્ષર રહિત. કેસ(કેશ)=વાળ. ઉદારિક(ઔદારિક)=સ્થૂળ. સસિ(શશિ)=ચન્દ્રમા.

**અર્થ** :—તેરમા ગુણસ્થાનમાં ભગવાનની અતિશયવાળી નિરક્ષરી દિવ્યધ્વનિ ખરે છે. તેમનું પરમૌદારિક શરીર સાત ધાતુ અને મળ-મૂત્ર રહિત હોય છે. કેશ, રોમ અને નખ વધતા નથી,

ઇન્દ્રિયોના વિષયો નષ્ટ થઈ જાય છે, પવિત્ર યથાખ્યાતચારિત્ર પ્રગટ થાય છે, સ્થિર શુક્લધ્યાનરૂપ ચંદ્રમાનો ઉદય થાય છે, લોકાલોકના પ્રકાશક કેવળજ્ઞાન ઉપર તેમનું સામ્રાજ્ય રહે છે. ૧૦૯.

**अर्थ :**—तेरहवें गुणस्थानमें भगवानकी अतिशयमय निरक्षरी दिव्यध्वनि खिरती है। उनका परमौदारिक शरीर सप्त धातु और मल-मूत्र रहित होता है। केश, रोम और नाखून नहीं बढ़ते, इन्द्रियोंके विषय नष्ट हो जाते हैं, पवित्र यथाख्यातचारित्र प्रगट होता है, स्थिर शुक्लध्यानरूप चन्द्रमाका उदय होता है, लोकालोकके प्रकाशक केवलज्ञानपर उनका साम्राज्य रहता है॥१०९॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

રામજીભાઈ! આ અરિહંતના સ્વરૂપનુંય ઠેકાણું ન મળે. કાંઈકનું કાંઈક કલ્પે. આહાહા! वानी जहां निरच्छरी. ઓમ ધ્વનિ ઊઠે એને. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ. આહા! સમજાણું કાંઈ? આમ વાણી ન હોય આપણે આ બોલીએ છીએ ભેદવાળી ભાષા એવી ન હોય એને. પૂર્ણ સર્વજ્ઞ ને વીતરાગને તો ઓમ આખા શરીરમાંથી ધ્વનિ ઊઠે. સમજાણું કાંઈ? वानी जहां निरच्छरी. પછી એ અતિશયમાં લઈને લોકોને બધું જણાય એમાં. સાતસો ભાષાનું જ્ઞાન એમાં થાય. વાણી તો ઓમ ધારા નીકળે. 'ઓમ ધ્વનિ સૂણી અર્થ ગણધર વિચારે.' 'બનારસીદાસ'માં આવે છે. આપણે ચોપાનિયા છાપ્યાં હતાં પહેલા. ૯૫, ૯૫. આંહીંથી જ્યારે વિહાર કર્યો'તો ને. ફાગણ સુદ એકમના કર્યો'તો ને આ ઓમ. ઓમ. આ ઈટાલીનો પથરો છે ઓમ (જેના પર લખાણો.)

આ ઈટાલીનો આવવાનો છે સંચો. તે દિ' સાંભળ્યું'તું કાંઈ. ઈટાલીનો પથરો છે આ આરસપહાણ. ઊંચો હોય છે. આ સંચો આવવાનો છે એ ઈટાલીનો. છત્રીસ હજારનો. અક્ષરો લખવાનો. ચઢી ગયો છે વહાણમાં—આગબોટમાં. આપણે અક્ષર લખવાનો સંચો આવે અને અક્ષરો સરખા હોય તો કોઈ ભાગ્ય જગતના હોં. આવા સરખા અક્ષર લખાય ને સંચો.. ઈ કુદરતે હિન્દુસ્તાનમાં પહેલવહેલું છે. મહેનત બહુ કરી હોં ભાઈએ. આપણા પોપટભાઈ. એનો દીકરો હસમુખ. ત્યાં ઠેઠ ઈટાલી હતો. વીસ દિ' રહીને સંચો, બધી સામગ્રી-બામગ્રી ચડાવીને મહેનત બહુ કરી છોકરાએ. એને બહુ પ્રેમ હતો. આપણા પોપટભાઈ નહીં લાદીવાળા? મુંબઈ. એને છ દીકરા. મોટા દીકરાને બહુ. વીસ દિ' ઈટાલી ગયો એકલો. સંચો ને મોટો.. પરમાગમ ને... કાંઈક પુણ્ય ઓછા એટલે આ જરીક વાર લાગે છે. એના વિકલ્પો આવે છે બહુ. રાતે ઊંઘ ઊડી જાય ત્યારે એ વિકલ્પો આવે પાછા. (શ્રોતા : વિકલ્પ આવે એવું સ્વરૂપ નથી). એવું નથી. આવું ન થાતું હોત તો કાંઈ નહોતું. કોણે કીધું કે કરો? કીધું કરો. પણ થયું છે ને હવે એને.

હાલ્યા જાય કેટલા બિચારા, જુઓને. જુવાને ય. કેટલાય આવીને કહે છે,

મહારાજ! ક્યારે થાશે? હવે ભઈ મારા હાથમાં છે? રાતે કેટલી વાર તો ઊંઘ ઊડી જાય છે હજી હોં. પછી હવે ભાઈ બધું થાય. એ પરપદાર્થનો સમૂહ એમાં કાંઈ ન થાય એની સાથે આત્માને શું છે? આહાહા! એય! આ બેનને થઈ જાય કે આહાહા! કેવા બિચારા જુઓને આપણા મોહનભાઈ વયા ગયા, તુરખિયા. નાનાભાઈ ગ્યા રાણપર. આ બેન ગયા કંચનબેન. એને બિચારાને પ્રેમ બહુ હતો. પણ બિચારીને થોડી વ્યાધિ થઈ. આ કેન્સર ને વયા ગ્યા બિચારા. એવા તો ઘણા ય હજી. પણ (વખત) લાંબો થાતો જાય છે એમાં ..... અમને ..... કાંઈક ફેર છે થોડો આમાં. આંહીં તો નિરક્ષરી વાણી ભગવાનની હતી તે આંહીં પરમાગમમાં કોતરાવાની છે. એમાંથી શાસ્ત્ર આવ્યા અને એમાંથી આ કોતરવાનું છે. હા, એવી વાત છે. બાપા! આહાહા!

सप्त धातु मल नांहि. ભગવાનના શરીરમાં સાત ધાતુ ન હોય. ચરબી, માંસ એ ન હોય. આહાહા! केश रोम नख नहिं बढैं. ભગવાનને કેશ વધે નહીં. એવું ને એવું રહે. આંહીં તો આઠ દિ' એ હજામત ન કરીએ તો દાઢી વધે. રવિવારે ગોતે વાળંદને. વાળંદ ક્યાં છે. આ દાઢી કરે. આ તો કહે, કરોડો વર્ષ સુધી ભગવાન રહે પણ એનો કેશ અને નખ વધે નહીં. પુણ્ય એટલાં છે. પવિત્રતાની તો વાત શું કરવી? પણ એના પુણ્ય એટલાં બધાં છે. केश रोम नख. રોમ વધે નહીં આ બધા હોં. કેટલાકના વધે છે ને આવા અહીં મોટા કો'ક છાતીએ હોય, આંહીં હોય. હા. મોટા મોટા હોય કેટલાકને છાતીમાં અંદર. એવા રોમ એને વધે નહીં. કેશ વધે નહીં માથા આદિના, રોમ વધે નહીં શરીર આદિના, નખ વધે નહીં આંગળાના. એટલા ને એટલા રહે. આહા! આ તે કંઈ! એવું સ્વરૂપ પરમાત્મા તીર્થંકરનું આવું સ્વરૂપ હોય છે. કેવળીનું એવું હોય છે.

परम उदारिक मांहि. પરમ ઔદારિક શરીર. રજકણે રજકણ સ્ફટિક જેવા. જેમાં બીજો માણસ નજર કરે તો સાત ભવ ભાળે એવું તો શરીર નિર્મળ થઈ જાય. આહાહા! જુઓ, એના પુણ્ય તો જુઓ એક. પવિત્રતા ને પુણ્ય એમ બે સાથે વધી ગયાં છે. આને ભગવાન કહીએ. આ તો આલીદુઆલી નામ ધરાવે અને અમે ભગવાન છીએ, લો. અમે પરમેશ્વર છીએ. સમજાણું કાંઈ?

સ્વામિનારાયણ ને ગજાનંદ હતા ને એક ફેરી લીમડીમાં આવ્યા હતા. લીમડીના અપાસરે રહેવા. સ્થાનકવાસીના અપાસરે. એની હયાતિમાં સહજાનંદની હયાતિમાં. સ્થાનકવાસીના સાધુ પાસે રહેલા. લીમડીમાં જરી સ્થાનકવાસીનું બહુ છે. પછી સાધુએ કહ્યું એને, તમે પ્રભુ નામ ભગવાન નામ ધરાવો છો? એને પૂછ્યું સાધુએ. હા, એ પ્રભુનું પેટ મોટું, બધું એમાં સમાય, કહે. એવો જવાબ આપ્યો. હવે આવું સમાય? પ્રભુનું પેટ

મોટું છે, કહે. એમાં બધું સમાય, કહે. લીમડીના ઉપાશ્રયની વાત. બાપા! એ ભગવાન ન હોય. ભાઈ! આહાહા! જેને શરીર એકલું નગ્ન રહી ગયેલું હોય. જેને ક્ષુધા-તૃષાનો નાશ થઈ ગયો હોય અને જેને પરમ ઔદારિકના રજકણો સ્ફટિક જેવા થઈ જાય. આત્મા તો સ્ફટિક જેવો ચૈતન્ય કેવળજ્ઞાની થયો, શરીર પણ થઈ જાય. સમજાણું કાંઈ?

परम औदारिक मांहि, जांहि इंद्रिय विकार नासि. ઈન્દ્રિયનો વિકાર ન હોય. વિકાર કેવા? અણીન્દ્રિય શાંત ઈન્દ્રિયો બધી એને ઠરી ગઈ છે જડપણાની પર્યાયમાં. यथाख्यातचारित. જેવું સ્વરૂપ છે એવું સ્થિર થઈ ગયું. प्रधान थिर सुकल ध्यान ससि. એને શુકલધ્યાન.... જુઓ, શુકલધ્યાનરૂપી ચંદ્ર ખીલી ગયો છે. આહાહા! કોનું ધ્યાન કરે? આવે છે ને 'પ્રવચનસાર'માં. કેવળી કોનું ધ્યાન કરે? કહે, કરે આનંદનું. 'પ્રવચનસાર'માં. અતીન્દ્રિય આનંદનો અનુભવ. આહાહા! 'એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં, ગજા વગર ને હાલ મનોરથરૂપ જો, તો પણ નિશ્ચય રાજચંદ્ર મન ને રહ્યો, પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો.' એ સર્વજ્ઞ અમે થશું એવા કોલકરાર આત્માની અનુભવ નામ દૃષ્ટિમાંથી આવે. સમજાણું કાંઈ? આહાહા!

थिर सुकल ध्यान ससि लोकालोक प्रकास—करन केवल रजधानी. એને તો કેવળજ્ઞાન રૂપી રાજધાની છે. કેવળજ્ઞાન સામ્રાજ્ય છે. કહો, સમજાણું કાંઈ? ત્રણકાળના રાજાઓ અને ચક્રવર્તીનું પણ જ્ઞાન એના જ્ઞાનમાં આવી જાય છે. આહાહા! પરમેશ્વર કોને કહે? અરિહંત કોને કહે? આહાહા! અને જેણે આવું..... जो जाणदि अरहंतं, આવે છે ને? જે કોઈ અરિહંતના પદને જાણે કે આવું અરિહંતપદ સર્વજ્ઞનું દેહમાં રહ્યા છતાં હોય, એના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણે, તે આત્માને જાણે અને એનો મોહ નાશ પામે. એમ કહ્યું છે. આહાહા! સમજાણું કાંઈ? વળી ત્યાં વળી એમેય પ્રશ્ન ઉઠે કે પરદ્રવ્યને જાણવાથી મોહનો નાશ થાય? પણ એ પરદ્રવ્ય આવું છે સર્વજ્ઞ પરમાત્મા એવું વિકલ્પમાં જે જ્ઞાન થયું, એને તોડીને અંતર્મુખમાં જાય ત્યારે આત્માનું જ્ઞાન થાય, ત્યારે અરિહંતને જાણવાથી થયું એમ કહેવામાં આવે. અંતરમાં સર્વજ્ઞપદે ડોલતો ભગવાન બિરાજે છે અંદર, એમાં જઈને એને સમ્યગ્દર્શન થાય ત્યારે અરિહંતને જાણવાથી થયું એમ કહેવામાં આવે. અરે!

केवल रजधानी सो तेरम गुनथान, जहां अतिशयमय बानी. આહા! જેની ઓમ ધ્વનિ અતિશય વાણી. અમૃતધારા છૂટે. ઈન્દ્રો પણ જ્યાં ગલૂડિયાની જેમ આમ બેઠા હોય આમ. આહાહા! અર્ધલોકના સ્વામી. બત્રીસ-બત્રીસ લાખ વિમાનનો સાહેબ. અર્ધલોકના રાજ શક્રેન્દ્ર ને ઈશાન ઈન્દ્ર. એ પણ જ્યાં ભગવાનની વાણી આમ..... એવી જેની અતિશય વાણી હોય એને અરિહંત ને પરમેશ્વર ને તેરમું ગુણસ્થાન કહેવાય. બાકી બધી

વાતું કરે ને આખી વાતનો ફેર છે. વિપરીત માન્યતા છે. આહાહા! જેઠાભાઈ કહે, પણ આવું કર્યું શું કરવા? ત્યારે એમ કહે છે, લ્યો. આ પોતાનો સંપ્રદાય ચલાવવા અનેક પ્રકારે જગત ચાલે છે, આહાહા! ચૌદમા ગુણસ્થાનનું વર્ણન.

ચૌદમા ગુણસ્થાનના વર્ણનની પ્રતિજ્ઞા (દોહરા)

यह सयोग गुनथानकी, रचना कही अनूप।
अब अयोगकेवल दसा कहूं जथारथ रूप॥११०॥

**અર્થ** :—આ સયોગી ગુણસ્થાનનું વર્ણન કર્યું, હવે અયોગકેવળી ગુણસ્થાનનું વાસ્તવિક વર્ણન કરું છું. ૧૧૦.

**अर्थ** :—यह सयोगी गुणस्थानका वर्णन किया, अब अयोगकेवली गुणस्थानका वास्तविक वर्णन करता हूँ॥११०॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

તેરમા ગુણસ્થાન પછી પાંચ અક્ષર (બોલાય એટલા કાળ)માં આ ચૌદમું ગુણસ્થાન આવે. પૂરું થયું એટલે સિદ્ધ થઈ જાય. સમજાણું કાંઈ? કહૂં જથારથ રૂપ. એનું સ્વરૂપ.

ચૌદમા ગુણસ્થાનનું સ્વરૂપ (સવૈયા એકત્રીસા)

जहां काहू जीवकौं असाता उदै साता नाहिं,
काहूकौ असाता नाहिं, साता उदै पाइयै।
मन वच कायसौं अतीत भयौ जहां जीव,
जाकौ जसगीत जगजीतरूप गाइयै॥
जामैं कर्म-प्रकृतिकी सत्ता जोगी जिनकीनी,
अंतकाल द्वै समैमैं सकल खिपाइयै।
जाकी थिति पंच लघु अच्छर प्रमान सोई,
चौदहौं अजोगीगुनठाना ठहराइयै॥१११॥

**શબ્દાર્થ** :—અતીત=રહિત. ખિપાઈયૈ=ક્ષય કરે છે. લઘુ=હ્રસ્વ.

**અર્થ** :—જ્યાં કોઈ જીવને અશાતાનો ઉદય રહે છે શાતાનો નથી રહેતો અને કોઈ જીવને શાતાનો ઉદય રહે છે અશાતાનો નથી રહેતો, જ્યાં જીવને મન, વચન, કાયાના યોગોની પ્રવૃત્તિ સર્વથા શૂન્ય થઈ જાય છે, જેમના જગતજયી હોવાના ગીત ગાવામાં આવે છે, જેમને સયોગીજિન

સમાન અઘાતિયા કર્મ-પ્રકૃતિઓની સત્તા રહે છે તેમને અંતના બે સમયમાં સર્વથા ક્ષય કરે છે, જે ગુણસ્થાનનો કાળ હ્રસ્વ પાંચ અક્ષર જેટલો છે, તે અયોગીજિન ચૌદમું ગુણસ્થાન છે. ૧૧૧.

**अर्थ :**—जहाँपर किसी जीवको असाताका उदय रहता है साताका नहीं रहता, और किसी जीवको साताका उदय रहता है असाताका नहीं रहता, जहाँ जीवके मन, वचन, कायके योगोंकी प्रवृत्ति सर्वथा शून्य हो जाती है, जिसके जगज्ञयी होनेके गीत गाये जाते हैं, जिसको सयोगी जिनके समान अघातिया कर्म-प्रकृतियोंकी सत्ता रहती है, सो उन्हें अन्तके दो समयोंमें सर्वथा क्षय करते हैं, जिस गुणस्थानका काल ह्रस्व पंच अक्षर प्रमाण है, वह अयोगी जिन चौदहवाँ गुणस्थान है।।१११।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

સર્વજ્ઞ પરમેશ્વર તેરમે ગુણસ્થાને હોય છે. પછી ચૌદમું એક પાંચ અક્ષર વાર. સમજાણું કાંઈ? રહે છે. એવી ગુણસ્થાનની દશા. असाता उदै साता नाहिं. કો'ક કેવળીને અશાતાના ઉદય અંદર હોય અનંતમા ભાગે રસ, પણ એ અશાતાનો શાતા થઈ જાય છે. અશાતાનો ઉદય, માટે એને રોગ હોય એમ નહીં. અંદર નીચે લખ્યું છે જુઓ. केवलज्ञानी भगवानको असाताका उदय वाँचकर विस्मित नहीं होना चाहिये. वह असाता कर्म उदयमें सातारूप परिणमता है. એ તો અનંતમા ભાગમાં કોઈ અંદર અશાતાનો ઉદય આવે, રજકણમાં ફેર હોય એ શાતારૂપ થઈ જાય, લો. અશાતાનો ઉદય હોય અને શાતાની સત્તા પડી હોય. અને કોઈને શાતાનો ઉદય હોય અને અશાતાની (સત્તા) હોય.

બે પ્રકાર. એને અશાતા સત્તામાં પડી હોય અને શાતાનો ઉદય હોય કેવળીને. જુઓ, ઉદય ઉદયમાં કેવળીને પણ એમાં ફેર હોય છે. સમજાણું કાંઈ? અશાતા સાંભળીને કાંઈ રોગ થાય કે ક્ષુધા લાગે કે તૃષા લાગે – એવી અશાતા એને હોય નહીં. આહાહા! (શ્રોતા : અશાતાકા શાતારૂપ.....) શાતારૂપ સંક્રમણ હો જાતા હૈ. વસ્તુ છે ને એવી. (શ્રોતા : દો બાત કૈસે....) શાતાનો ઉદય હોય, અશાતા સત્તામાં પડી હોય, એવું પણ હોય. કોઈને શાતાનો ઉદય હોય અને અશાતા સત્તામાં પડી હોય. પ્રકૃતિ બે છે ખરી ને. હજી એ કંઈ ગઈ નથી. સમજાણું કાંઈ? જાણવાની વાત બહુ છંછેડતા નથી આંહીં તો.

मन वच कायसौं अतीत भयौ जहां जीव. આનંદસ્વરૂપમાં ઠરતાં જ્યાં કંપન મન-વચન ને કાયાના નિમિત્તથી હતું એ કંપન છૂટી ગયું. અકંપ મેરૂની પેઠે સ્થિર બિંબ થઈ ગયો આમ. जाकौ जसगीत जगजीतरूप गाइयै. जहाँ जीवके मन, वचन, कायके योगोंकी प्रवृत्ति सर्वथा शून्य हो जाती है, जिसके जगज्ञयी होनेके गीत गाये जाते हैं. એણે સંસારને જીત્યો. સંસારનો નાશ થઈ ગયો એને. સમજાણું કાંઈ? जामैं कर्म

प्रकृतिकी सत्ता जोगी जिनकीनी. તેરમે ગુણસ્થાને જે સત્તા હતી ને, એટલી ને એટલી ત્યાં હોય છે, એમ કહે છે.

अंतकाल द्वै समैमैं सकल खिपाइयै. છેલ્લે બે સમયમાં બધી પ્રકૃતિ નાશ થઈ જાય છે. जाकी थिति पंच लघु अच्छर. અ, ઈ, ઉ, ૠ, લૃ એટલા પાંચ અક્ષર (જેટલો કાળ) રહે. મેરુ પર્વતની પેઠે અકંપપણે દેહ છૂટી જાય. સિદ્ધ થઈ જાય. चौदहों अजोगी गुनठाना ठहराइयै, લો. એ ચૌદ વ્યાખ્યા થઈ ગઈ. बंधका मूल आस्रव और मोक्षका मूल संवर है. વિશેષ સ્પષ્ટ કરે છે હવે.

બંધનું મૂળ આસ્રવ અને મોક્ષનું મૂળ સંવર છે (દોહરા)

चौदह गुनथानक दसा, जगवासी जिय भूल।
आस्रव संवर भाव द्वै, बंध मोखके मूल॥११२॥

**અર્થ** :—ગુણસ્થાનોની આ ચૌદ અવસ્થાઓ સંસારી અશુદ્ધ જીવોની છે, આસ્રવ અને સંવરભાવ બંધ અને મોક્ષનાં મૂળ છે અર્થાત્ આસ્રવ બંધનું મૂળ છે અને સંવર મોક્ષનું મૂળ છે. ૧૧૨.

**अर्थ** :—गुणस्थानोंकी ये चौदह अवस्थाएँ संसारी अशुद्ध जीवोंकी हैं। आस्रव और संवर भाव बंध और मोक्षकी जड़ हैं; अर्थात् आस्रव बंधकी जड़ है और संवर मोक्षकी जड़ है॥११२॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

એ હજી જગવાસી કહેવાય ચૌદ ગુણસ્થાન સુધી. છે ને એટલો ઉદય ને. આહાહા !

હવે કહે છે, જેટલો અંદર પુણ્ય ને પાપનો ભાવ એ આસ્રવ, એ સંસારના બંધનું કારણ. આસ્રવ બંધનું કારણ. પુણ્ય ને પાપની વૃત્તિઓ વિકલ્પો જેટલા છે એ આસ્રવ છે. નવા આવરણોનું કારણ છે. બંધ, આસ્રવ—બંધ. અને संवर मोखके मूल. પુણ્ય-પાપના પરિણામ રહિત સ્વરૂપની આનંદ દશાની સ્થિરતા અને શ્રદ્ધા-જ્ઞાનની સ્થિરતા એવો જે સંવરભાવ એટલે રાગનું અટકી જવું અને સંવર એટલે નિર્મળ અરાગી દશાનું પ્રગટ થાવું એ મોક્ષનું મૂળ છે. સંવર એ મોક્ષનો મૂળ અને આસ્રવ એ સંસારનું મૂળ. આરે ! ટૂંકી વાત કરી બહુ. આસ્રવ—સંવરભાવ બંધ અને મોક્ષની જડ છે. મૂળ કહ્યું ને. આસ્રવ બંધકી જડ હૈ, લ્યો. આહા !

પંચમહાવ્રતના પરિણામ એ આસ્રવ છે. સાધુના ૨૮ ગુણો વિકલ્પ એ બધો આસ્રવ છે. સમજાણું કાંઈ ? એ આસ્રવ છે એ બંધનું મૂળ છે. ઉદયભાવ છે ને ઈ. અને

સંવર મોક્ષની જડ છે. એ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત આત્માની અંતરમાં આશ્રય કરીને જે અરાગી પરિણતિ શુદ્ધ પ્રગટ થાય તેને સંવર કહીએ. એ સંવર મોક્ષનું મૂળ છે. લ્યો, બંધનું મૂળ આસ્રવ અને મોક્ષનું મૂળ સંવર બે ટૂંકામાં નાખ્યું. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ આસ્રવ છે અને એ બંધનું કારણ છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

સોળ કારણભાવના આવે છે ને. શ્વેતાંબરમાં વીસ બોલ આવે. વીસ બોલે તીર્થંકરગોત્ર બંધાય. દિગંબરમાં સોળ આવે અને સોળ તત્ત્વાર્થસૂત્રમાં પાછા સોળ રાખ્યા છે. પણ છે ઈ. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ બંધનું કારણ એ આસ્રવ છે તીર્થંકરપણાના કારણે. એ અપરાધ છે. શુભ ઉપયોગનો એ અપરાધ છે. એનાથી તીર્થંકર પ્રકૃતિ બંધાય છે. આહાહા! અને સંવર એ મોક્ષનો મૂળ છે.

ભગવાન આત્મા પોતાનો નિજ સ્વભાવ, એનો આશ્રય લઈને જેટલી રાગરહિત અરાગી દશા થાય એ અરાગી દશા એ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર હોય છે. એ સંવર અને એ મોક્ષનું કારણ છે. કહો, હવે આ પ્રત્યક્ષ પ્રગટ છે એમાંય ગોટા વાળે કે મહાવ્રતથી ધર્મ થાય, મહાવ્રતથી સંવર છે ને. સમજાણું કાંઈ? મહાવ્રત તો નિર્જરાનું કારણ છે એવું તો આ શ્વેતાંબરમાં પાઠ છે ઠાણાંગમાં. નિર્જરાનું કારણ. લોકોને બિચારાને મૂંઝવ્યા. આગળ હાલવું એને. આ તો વૃત્તિ ઉઠે છે આ પાળવું. દયા પાળવું, જૂઠું નથી બોલવું, ચોરી નહીં કરવી. વિષય સેવવું એ બધો વિકલ્પ છે, એ તો રાગ છે. એ તો આસ્રવ છે અને આસ્રવ તો બંધનું કારણ છે. એને ધર્મનું કારણ માને ને એને મોક્ષનું કારણ માનવું દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહાહા! સમજાણું કાંઈ?

આવા ઝઘડામાં એક જણો કહેતો'તો કે આવા ઝઘડા! ઝઘડા નથી, ભાઈ! નિવેડો છે એનો. સત્યનું સ્વરૂપ આવું હોય અને આ સત્યધર્મનો નિચોડ છે. એને એ નિર્ણય કરવો જોઈએ. માલ લેવા જાય છે તો પરીક્ષા કરીને લે છે કે નહિ? એમ ને એમ લઈ લેતા હશે? આમાં દેવ કેવા હોય, ગુરુ કેવા હોય, સિદ્ધાંતશાસ્ત્ર કેવા હોય એની પરીક્ષા કરીને માનવું જોઈએ. પરીક્ષા વિના માને એ વાત સાચી નથી. संवरको ऩमस्कार.

સંવરને નમસ્કાર (ચોપાઈ)

आस्रव संवर परनति जौलौं।
जगतनिवासी चेतन तौलौं॥
आस्रव संवर विधि विवहारा।
दोऊ भव-पथ सिव-पथ धारा॥११३॥

आस्रवरूप बंध उतपाता।
संवर ग्यान मोख-पद-दाता॥
जा संवरसौं आस्रव छीजै।
ताकौं नमस्कार अब कीजै॥११४॥

**અર્થ :**—જ્યાં સુધી આસ્રવ અને સંવરના પરિણામ છે, ત્યાં સુધી જીવનો સંસારમાં નિવાસ છે. તે બન્નેમાં આસ્રવ-વિધિનો વ્યવહાર સંસાર-માર્ગની પરિણતિ છે અને સંવર-વિધિનો વ્યવહાર મોક્ષમાર્ગની પરિણતિ છે. ૧૧૩. આસ્રવ બંધનો ઉત્પાદક છે અને સંવર જ્ઞાનનું રૂપ છે, મોક્ષપદ-ને આપનાર છે. જે સંવરથી આસ્રવનો અભાવ થાય છે તેને નમસ્કાર કરું છું. ૧૧૪.

**अर्थ :**—जब तक आस्रव और संवरके परिणाम हैं, तब तक जीवका संसारमें निवास है। उन दोनोंमें आस्रव-विधिका व्यवहार संसार-मार्गकी परिणति है, और संवर-विधिका व्यवहार मोक्षमार्गकी परिणति है॥११३॥ आस्रव बंधका उत्पादक है और संवर ज्ञानका रूप है, मोक्षपदका देनेवाला है। जिस संवरसे आस्रवका अभाव होता है, उसे नमस्कार करता हूँ॥११४॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

બનારસીદાસ સ્પષ્ટ કરે છે. आस्रव संवर परनति जौलौं. જ્યાં સુધી પુણ્ય-પાપની પરિણતિ અવસ્થા છે. અને જ્યાં સુધી એની સાથે સંવરની દશા છે. जगतनिवासी चेतन तौलौं. ત્યાં સુધી જગતનો સંસારી પ્રાણી છે. ભલે સંવરની ધારા હોય, પણ પૂર્ણદશા નથી એટલે ત્યાં સુધી એ સંસારી જીવ કહેવાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

आस्रव संवर विधि विवहारा. નિશ્ચય તો ત્રિકાળી જ્ઞાયકભાવ આનંદમૂર્તિ તે નિશ્ચય. એના પુણ્ય ને પાપનો રાગ થાય તે વ્યવહાર આ બંધનું કારણ અને આત્માને આશ્રયે પર્યાય સંવર વીતરાગી દશા પ્રગટ થાય મોક્ષ ધર્મ, એ પણ વ્યવહાર છે. ત્રિકાળની અપેક્ષાએ એ પર્યાય છે માટે વ્યવહાર છે. ત્રિકાળની અપેક્ષાએ એ પર્યાય છે માટે વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહાહા! હવે આ ક્યાં નવરા થાય? આવો મેળ ક્યાં થાશે? એક તો રળવા માટે રોકાય એમાં ફુરસદ ન મળે. એમાંથી નવરો થાય તો આવું સાંભળવા મળે નહીં. ઊંધું સાંભળવાનું મળે એમાં નિર્ણય કરવો કે દિ' એને? આહાહા!

आस्रव संवर विधि विवहारा. એ સંવર વિધિ વ્યવહાર છે. પર્યાય છે ને. ધર્મની દશા એ વ્યવહાર છે. પર્યાય છે ને. આસ્રવ અધર્મદશા છે એય વ્યવહાર છે. આહાહા! અંતર તત્ત્વ ત્રિકાળી ભગવાન, એની અપેક્ષાએ સંવર પણ બહિર્તત્ત્વ છે. સમજાણું કાંઈ? આસ્રવ પુણ્ય-પાપનો ભાવ મિથ્યાત્વ અજ્ઞાન અવ્રત આદિ એ તો બહિર્તત્ત્વ છે જ, મલિન બહિર્તત્ત્વ છે પણ અંતરતત્ત્વ ત્રિકાળી ભગવાનની અપેક્ષાએ એ સંવર-નિર્જરા નામ

મોક્ષના માર્ગની પરિણતિ એ પણ એક બહિર્તત્ત્વ છે. આહાહા! માટે તેને વ્યવહાર કહ્યો છે.

दोऊ भव-पथ सिव-पथ धारा. જેટલો પુણ્ય-પાપનો રાગ એ ભવ પંથ છે અને સંવર એ શિવપંથ ધારા. બે ધારા ધર્મીને વહે. સમ્યગ્દષ્ટિને પૂર્ણ દશા ન થાય ત્યાં સુધી બે ધારા હોય. એક આત્માને આશ્રયે થતી ધર્મધારા અને અપૂર્ણતાને લઈને થતી એક વિકારની કર્મધારા. બે ધારા. એમાં શિવપંથ ધારા મોક્ષનો માર્ગ અને રાગ આદિનો ભાવ એ બંધની ધારા કર્મધારા. સમજાણું કાંઈ? આ એક એક પર્યાયની સંભાળ લીધી છે. એવું સ્વરૂપ બીજે હોઈ શકે નહીં. આહાહા! કહે છે, दोऊ भव-पथ सिव-पथ धारा. આત્માના આનંદને અવલંબે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ સંવરધારા એ મોક્ષસ્વરૂપ શિવપંથની ધારા. એમાં બાકી રાગની ધારા થાય તો દયા, દાન, વ્રત, વિકલ્પ ઊઠે એ ભવપંથની ધારા. સંસારના બંધની ધારા. આહા! સમજાણું કાંઈ?

आस्रवरूप बंध उतपाता. આહા! જેટલો પુણ્ય-પાપનો ભાવ એ તો બંધનો ઉત્પાત છે. સમજાણું કાંઈ? એટલે બંધનો ઉત્પાદક છે. આ બધા વાંધા બહુ ચડ્યા. નહિ, પુણ્ય આસ્રવ છે ઈ સંવરનું કારણ થાય છે. એમાં અંશે શુદ્ધતા એ સંવર છે, એમ કહે છે. અરે, પણ શું કરે છે તું? ભાઈ! માંડ રસ્તા હાથ આવ્યા. મનુષ્યદેહ મળ્યો એમાંથી નીકળવાના પ્રસંગ એમાં આવી અવળાઈ કરશે તો ક્યાંય આરા છે નહીં. જેટલો આત્મા વસ્તુને આશ્રયે પરિણતિ નિર્મળ ધારા થાય તેટલો એને મોક્ષનો માર્ગ ગણાય. જેટલો નિમિત્તને આશ્રયે પુણ્ય ને પાપનો વિકલ્પ ઊઠે, ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ અને ચાહે તો આહારક શરીરના બંધનનો ભાવ ને ચાહે તો સર્વાર્થસિદ્ધિના આયુષ્યનો ભાવ, એ બધો બંધરૂપ ઉત્પાત છે. બંધની ઉત્પત્તિ કરનાર છે. આહાહા!

संवर ग्यान मोख–पद–दाता. કહે છે, संवर ज्ञानका रूप है. એટલે? આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે એમાં એકાગ્ર થવાથી જે રાગરહિત જ્ઞાન અને શાંતિ પ્રગટ થાય એ જ્ઞાનનું રૂપ છે. એ આસ્રવનું રૂપ નથી. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયમાં બે ભાગ; એક ભાગ સંવરધારા અને એક ભાગ આસ્રવધારા. આવી વાત તે કાંઈ! આહા! સમય એક. પર્યાય એક. પર્યાય બે નથી. એ એકના બે ભાગ. જેટલો આત્મા ભગવાનને આશ્રયે જે પર્યાય નિર્મળ થાય એટલો મોક્ષનો પંથ છૂટવાનો માર્ગ અને જેટલો અંદર પર્યાયમાં રાગની ઉત્પત્તિ સૂક્ષ્મ હો એ પણ બંધનો ઉત્પાદક છે.

संवर ग्यान मोख–पद–दाता. મોક્ષના પદની દાતા સંવરધારા છે, કહે છે. અને એ સંવર જ્ઞાનરૂપ છે એમ કહે છે. પોતે ચિદ્‌ઘન છે ને જ્ઞાનસ્વરૂપ એટલે એની પરિણતિ

પણ જ્ઞાનસ્વરૂપ જે થાય રાગ વિનાની એ મોક્ષની દાતા છે. ज्ञान संवरसौ. સંવર જ્ઞાનનો અર્થ ઈ કે જે આત્મા ધ્રુવ નિત્યાનંદનો આશ્રય કરી અને જે નિર્મળધારા શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા જ્ઞાન ને શાંતિ થાય ઈ ત્રણે જ્ઞાનધારા કહેવામાં આવે. કારણ કે જ્ઞાન એટલે આત્માનો એ અંશ છે, એ રાગનો અંશ નથી. સમ્યગ્દર્શન પણ જ્ઞાનધારા કહેવાય. કારણ કે સમ્યગ્દર્શન એ જ્ઞાનની પ્રતીતિ અને જ્ઞાનનો અંશ છે ઈ. સમજાણું કાંઈ? ચારિત્ર એ પણ જ્ઞાનનો એટલે આત્માનો અંશ છે ઈ. આત્મા જ્ઞાનસ્વરૂપી એમાં ઠર્યો તે જ્ઞાનની સ્થિરતા એ જ્ઞાનરૂપ છે. સમજાણું કાંઈ?

દ્રવ્ય અને ગુણ તો ત્રિકાળ છે. પણ ભગવાન ત્રિકાળી પરમાત્મા પોતાનો આશ્રય લે પર્યાયમાં એનો, એટલી પર્યાય તે શિવપંથની છે અંશ. અને એ અંશમાં જેટલો રાગનો ભાગ પરલક્ષી છે એ બંધનું કારણ છે. એક પર્યાયના બે ભાગ, બે પર્યાય નહીં. સમજાણું કાંઈ? હવે આવું ઝીણું માણસને કઠીન પડે. હવે એક સમયની પર્યાય. આંખ મીંચીને ઉઘાડે એમાં અસંખ્ય સમય જાય. હવે એક સમયની પર્યાય એના બે ભાગ પાછા. હવે એક સમયનો પર્યાય એના બે ભાગ. સમજાણું કાંઈ? જેટલો પરમાત્મા પોતે પોતાનો આશ્રય લઈને જે દશા પ્રગટ થાય એ અંશ શિવધારા મોક્ષધારા જ્ઞાનરૂપધારા કહીએ. એમાં બાકી રહેલો વિકલ્પ ઉઠે એને બંધ ધારા આસ્રવધારા કહે. संवर ग्यान मोख–पद दाता, લ્યો. જ્ઞાન તે મોક્ષપદનો દાતા છે એમ કહે છે. એકલું જ્ઞાન? પણ ઈ જ્ઞાનનો અર્થ જ જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ ત્રણેને જ્ઞાન કહેવામાં આવે છે. જ્ઞાન એટલે આત્માના અંશો છે. રાગનો ભાગ નથી. સમજાણું કાંઈ?

जा संवरसौं आस्त्रव छीजै. ભગવાન આત્મા જેટલો આત્માનો આશ્રય લઈને શુદ્ધતા પ્રગટ કરે એનાથી આસ્રવનો નાશ થાય. આ સંવર ને આસ્રવ, હાથ જોડીને કહે મને પાંચ આસ્રવના પચ્ચકખાણ કરાવો, એ નહીં. સમજાણું કાંઈ? અંતરમાં એકાગ્ર થાય. જ્ઞાન સ્વભાવી ભગવાન એમાં એકાગ્ર થાય એ સંવરધારા, એનાથી આસ્રવનો નાશ થાય. કહો, સમજાણું કાંઈ? બનારસીદાસ કહે છે કે ताकौं नमस्कार अब कीजै. ઓહો! ધન્ય સંવરધારા. સંવર એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિની ધારા. એવા સંવરને अब नमस्कार નમીએ છીએ. સમજાણું કાંઈ? એમ સંવરને નમસ્કાર કરીને સંવરનું માહાત્મ્ય જણાવ્યું. કેમકે સંવર મોક્ષનો કારણ છે. બીજું કોઈ કારણ છે નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૯૬, કારતક સુદ ૧૪, સોમવાર, તા. ૧-૧૧-૧૯૭૧
## ચતુર્દશ ગુણસ્થાનાધિકાર પદ ૧૧૫ તથા સાર ઉપર પ્રવચન

આ સમયસાર નાટક છે. સમયસાર એટલે આત્મા. એનું પરિભ્રમણ કેમ થયું ને પરિભ્રમણ કેમ મટે એનું નામ સમયસાર નાટક કહેવાય છે. એમાં એ તો આપણે પુરું થયું છે.

ग्रंथके अंतमें संवरस्वरूप ज्ञानको ऩमस्कार. છે ને ૧૧૫. સાર લીધો છે હવે એને.

ગ્રન્થના અંતમાં સંવરસ્વરૂપ જ્ઞાનને નમસ્કાર (સવૈયા એકત્રીસા)

जगतके प्रानी जीति ह्वै रह्यौ गुमानी ऐसौ,
आस्रव असुर दुखदानी महाभीम है।
ताकौ परताप खंडिवैकौं प्रगट भयौ,
धर्मकौ धरैया कर्म-रोगकौ हकीम है।।
जाकै परभाव आगै भागें परभाव सब,
नागर नवल सुखसागरकी सीम है।
संवरकौ रूप धरै साधै सिवराह ऐसौ,
ग्यान पातसाह ताकौं मेरी तसलीम है।।११५।।

**શબ્દાર્થ :**—ગુમાની=અભિમાની. અસુર=રાક્ષસ. મહાભીમ=અત્યંત ભયાનક. પરતાપ (પ્રતાપ)=તેજ. ખંડિવૈકોં=નષ્ટ કરવા માટે. હકીમ=વૈદ્ય. પરભાવ(પ્રભાવ)=પરાક્રમ. પરભાવ= પુદ્‌ગલજનિત વિકાર. નાગર=ચતુર. નવલ=નવીન. સીમ=મર્યાદા. પાતશાહ=બાદશાહ. તસલીમ=વંદન.

**અર્થ :**—આસ્રવરૂપ રાક્ષસ જગતના જીવોને પોતાને વશ કરીને અભિમાની થઈ રહ્યો છે, જે અત્યંત દુઃખદાયક અને મહા ભયંકર છે, તેનો વૈભવ નષ્ટ કરવાને જે ઉત્પન્ન થયો છે, જે ધર્મનો ધારક છે, કર્મરૂપ રોગ માટે જે વૈદ સમાન છે, જેના પ્રભાવ આગળ પરદ્રવ્યજનિત રાગ–દ્વેષ આદિ વિભાવ દૂર ભાગે છે, જે અત્યંત પ્રવીણ અને અનાદિકાળથી પ્રાપ્ત કર્યું નહોતું તેથી નવીન છે, જે સુખના સમુદ્રની સીમાને પ્રાપ્ત થયું છે, જેણે સંવરનું રૂપ ધારણ કર્યું છે, જે મોક્ષમાર્ગનો સાધક છે, એવા જ્ઞાનરૂપ બાદશાહને મારા પ્રણામ છે. ૧૧૫.

**अर्थ :**—आस्रवरूप राक्षस जगतके जीवोंको अपने वशमें करके अभिमानी हो रहा है, जो अत्यन्त दुःखदायक और महा भयानक है, उसका वैभव नष्ट करनेके लिये जो उत्पन्न हुआ है,

**जो धर्मका धारक है, कर्मरूप रोगके लिये वैद्यके समान है, जिसके प्रभावके आगे परद्रव्यजनित राग द्वेष आदि विभाव दूर भागते हैं, जो अत्यन्त प्रवीन और अनादिकालसे नहीं पाया था इसलिये नवीन है, जो सुखके समुद्रकी सीमाको प्राप्त हुआ है, जिसने संवरका रूप धारण किया है, जो मोक्षमार्गका साधक है ऐसे ज्ञानरूप बादशाहको मेरा प्रणाम है।।११५।।**

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

કહે છે, जगतके प्रानी जीति ह्वै रह्यौ गुमानी ऐसौ आस्त्रव. એટલે? આત્મા સચ્ચિદાનંદ સત્ સ્વરૂપ છે. આત્મા આનંદ અને જ્ઞાનનો સાગરથી ભરેલો સ્વભાવ છે એમાં. આત્મા; એ આ દેહથી ભિન્ન છે, વાણીથી ભિન્ન જુદું છે, પુણ્ય-પાપના પરિણામ જે આસ્રવ એનાથી જુદું તત્ત્વ છે. એમાં તો અનંત જ્ઞાન અને અનંત આનંદ ભરેલો છે આત્મામાં. આહા! એવા આત્માની જેને ખબર નથી એને આત્માના સ્વભાવથી વિરુદ્ધ હું પુણ્ય છું, પાપ છું, શરીર છું, હું એક સમયની અવસ્થા જેટલો છું – એવી જે માન્યતા તે મિથ્યાત્વ માન્યતા છે અને એ આસ્રવ છે. સમજાય છે કાંઈ? એ મિથ્યાત્વ એ આસ્રવ છે. આરે, આરે! આત્મા પરિપૂર્ણ ચૈતન્ય વસ્તુ છે ને વસ્તુ આત્મતત્ત્વ, તો એમાં પરિપૂર્ણ જ્ઞાન ને આનંદ ભરેલો છે. એનું જેને ભાન નથી અનાદિથી, એ રાગ, દયા-દાન-વ્રત-કામ-ક્રોધના ભાવ એ હું એમ જે માન્યું છે એ મહાભ્રમણા અજ્ઞાન ને મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ તે આસ્રવ છે. આસ્રવ એટલે નવા આવરણનું કારણ. અનાદિથી આસ્રવની જીત છે.

जगतके प्रानी जीति व्है रह्यौ गुमानी. અભિમાની થઈ. મોટા માંધાતાને પણ મેં ફસાવ્યા છે. સાધુ થાય, ત્યાગી થાય તો પણ ઓલો શુભરાગ છે ને દયા, દાન, વ્રતનો એ મારાં પરિણામ છે અને એ હું છું એમ મિથ્યાદૃષ્ટિએ મિથ્યાત્વરૂપી આસ્રવે એવા માંધાતાને પણ હેઠે પાડ્યા છે, કહે છે. સમજાણું કાંઈ? પંડિતજી! जगतके प्रानी जीति व्है रह्यौ गुमानी. અભિમાની થયો છે. મારા તાબે કોઈપણ પ્રાણી ન હોય, એમ નહીં. મોટા સંત મહંત નામ ધરાવે પણ આત્મા આનંદસ્વરૂપ છે એનું એને ભાન નથી. તેથી એ કહ્યું, વિકલ્પ જે ઊઠે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના એ મારી ચીજ છે, એ હું છું – એવી જે માન્યતા તે મિથ્યાત્વરૂપી આસ્રવ છે. વાહ રે! સમજાણું કાંઈ?

जगतके प्रानी जीति व्है रह्यौ गुमानी. આસ્રવ એ વિપરીત માન્યતા જે સ્વરૂપથી વિપરીત એ માન્યતાને જ અહીંયા આસ્રવ કહે છે. શરીર, વાણી, મન તો આ જડ છે. માટી છે. આ તો અજીવ-જડ જુદી ચીજ છે. કર્મ એ જુદી ચીજ છે. પણ એનામાં રાગથી જુદો એવું ભાન નથી એથી રાગવાળો છું. આહાહા! એવો જે મિથ્યાત્વભાવ એ ગુમાની છે. અભિમાની છે કહે છે. મેં તો મોટા માંધાતાને પાડ્યા છે હેઠે. સમજાણું કાંઈ? ધર્મનું

જેને ભાન નથી એવા સાધુ થયા, ત્યાગી થયા, પણ અંતર આત્મા સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદનો શાંતિનો રસનો કંદ છે એવી જેને દૃષ્ટિ અનાદિથી નથી. આહાહા! હું તો આ પુણ્યના પરિણામ કરું અને એ મારો ધર્મ અને એ મારું સાધુપણું એમ અજ્ઞાની મિથ્યાત્વમાં આ રીતે ગરકાવ થઈ ગયા છે, કહે છે. આસ્રવને અભિમાન થયું છે કે આવાને પણ મેં પાડ્યા હેઠે. સમજાણું કાંઈ?

અસુર છે એ તો, કહે છે. આહાહા! અત્યંત દુઃખદાયક છે. आस्रव असुर એમ લીધું છે ને. અભિમાની હો રહા હૈ, લ્યો. રાક્ષસને સમાન છે ઈ. આહાહા! ભગવાન આત્મા એની હયાતિ હોવાવાળું કાયમનું તત્ત્વ એ તો આનંદ અને જ્ઞાન અને શાંતિથી સ્વભાવથી ભરેલો અવિનાશી ત્રિકાળ છે. એને ન માનતાં, આ રાગ તે હું એવો મિથ્યાત્વરૂપી રાક્ષસ આસ્રવ એ આત્માને ગળી ગયો. આત્માને માન્યો નહીં. આહાહા! અસુર છે. દુઃખદાની છે ઈ. સમજાણું કાંઈ? આહાહા! આ દુનિયા જુઓને ધર્મને નામે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ કરે અને એ માને ધર્મ; હોય એ રાગ. છે વિકલ્પ તો રાગ છે. સમજાણું કાંઈ? એ દુઃખદાની છે. એ રાગનો વિકલ્પ એ મારો એવો જે મિથ્યાત્વભાવ એ દુઃખદાતા છે, દુઃખરૂપ છે, દુઃખનું એ કારણ છે. સમજાણું કાંઈ?

આ પ્રતિકૂળ સંયોગ હોય એ દુઃખ નથી અહીંયા. આ તો આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદ એનો અનાદર કરી અને રાગના કણને પણ પોતાનો માને એ દુઃખસ્વરૂપ દશા છે. સમજાણું કાંઈ? આહાહા! એ પ્રાણી દુઃખી છે. ભારે કામ ભાઈ! બધા પૈસાવાળા દેખાય, ત્યાગી દેખાય, મોટા મહંત સંત. કહે છે, બધા મિથ્યાદૃષ્ટિ રાગને ધર્મ માનનારા, એ પુણ્યની ક્રિયા એ ધર્મને માનનારા બધા મિથ્યાદૃષ્ટિ દુઃખદાતા આસ્રવને સેવે છે. ભારે કામ. સમજાણું કાંઈ? આહાહા! મહાભીમ (એટલે) ભયાનક છે.

પોતાનો આનંદસ્વભાવ, જ્ઞાનસ્વભાવ જાણક.. જાણક ચૈતન્યસ્વભાવ એનાથી વિરુદ્ધ જે આ મિથ્યાત્વભાવ મહાભયનો દેનારો છે. નરક ને નિગોદનો આપનારો છે એ ભાવ. આહાહા! સમજાણું કાંઈ? મોટા સાધુ આચાર્ય નામ ધરાવનારા પણ માને કે એ રાગની ક્રિયા એ મારો ધર્મ છે. એ મિથ્યાત્વભાવ મહાભયાનક છે, કહે છે. આહાહા! એને નરક અને નિગોદમાં લઈ જશે મિથ્યાત્વભાવ. સમજાણું કાંઈ?

ताकौ परताप खंडिवैकौं प्रगट भयौ. હવે જ્ઞાન બાદશાહ જાગે છે. રાગ અને વિકલ્પ એ મારો એવો મિથ્યાત્વભાવ ને અજ્ઞાનભાવ, એ આસ્રવભાવ, એ દુઃખદાયક ભાવ, ભયાનક ભાવ. આહાહા! દાવાનળ અગ્નિનો સળગે છે એના જ્ઞાનમાં. ताकौ परताप खंडिवैकौं प्रगट भयौ. પણ એ રાગની એકતા એ હું નહીં, એ મારું સ્વરૂપ નહીં.

હું તો આનંદ અને જ્ઞાનનો (બાદશાહ છું.) અહીં તો જ્ઞાનની પ્રધાનતાથી વાત લીધી છે. જાણવું.. જાણવું.. એવો આત્માનો સ્વભાવ, એ સ્વભાવની એકતા કરીને, રાગની એકતાનો જે મિથ્યાત્વભાવ એનો પ્રતાપ જેણે ખંડ કરી નાખ્યો. આહાહા! જુઓ વિધિ પણ બતાવી કે ધર્મ કેમ થાય. સમજાણું કાંઈ?

લ્યો, આંહીં તો પહેલેથી આ લીધું. હમણાં પ્રશ્ન ચાલ્યો ત્યાં શિવનીમાં ગ્યા'તાને આ મખનલાલજી. મખનલાલજી જઈ આવ્યા. ત્યાં આપણે છે ને ઓલો ઉત્તમચંદભાઈ, નહીં? જુવાન નહોતા? માસ્તર છે. હુશિયાર છે માળા બહુ હુશિયાર. વાંચતા'તા. (શ્રોતા : દેવચંદ?) ઉત્તમચંદ. દશરથ શું બીજા માસ્તર? આ ઉત્તમચંદ હુશિયાર જુવાન. છે ૨૫-૩૦ વરસનો ભાઈ. વાંચતો હશે આપણા મુમુક્ષુમંડળમાં. ત્યાં પ્રવચન દેવા આવેલા મખનલાલજી. આ દસ દિ' (દશલક્ષણપર્વના). એમાં આ બાહુબલિના દર્શન કરવા ગ્યા ત્યાં આ વાંચતા હશે ન્યાં કાને પડી ગઈ વાત. ઓલે કીધું એમાં. એટલે પાધરો પ્રશ્ન કર્યો મખનલાલે ઉત્તમચંદને કે નિશ્ચય પહેલો કે વ્યવહાર? આ નિશ્ચય. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એવો અનુભવ અને નિર્ણય થાય ત્યારે એને રાગાદિનો ભાવ હોય એને વ્યવહાર કહેવામાં આવે. એવો જવાબ દીધો એણે. નિશ્ચયનો વ્યવહાર હોય. નિશ્ચય ન હોય એને વ્યવહાર કેવો? શાદી કરવી હોય એની જાન જોડાય. શાદી નથી કરવી એની જાન ક્યાં જોડીને મૂકવી છે તારે? એય!

૨૫-૩૦ વરસનો જુવાન. ઓલા ૬૦-૭૦ વર્ષના ભણેલા. હવે એવા પાક્યા છે વાણિયાઓ. (શ્રોતા : નયા ...) નયા વાનકા. કે શાદી કરવી નથી એની જાન જોડવી. કોને પણ? ક્યાં મૂકવી છે જાનને? એમ જેને આ નિશ્ચય નથી આત્મા આનંદમૂર્તિ છે. આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે. એવો જ્યાં નિશ્ચય નથી ત્યાં આગળ વિકલ્પનો વ્યવહાર કહેવો કોને? એમ કીધું. ભાઈએ એવો જવાબ આપ્યો. જવાબ એવો આપ્યો. બીજો જવાબ કહ્યો કે માટીનો ઘડો માટીરૂપે વસ્તુ ન હોય તો એને ઘીનો ઘડો વ્યવહાર કહેવો કોને? હુશિયાર છે બહુ હુશિયાર છે. માસ્તર છે. માટીનો ઘડો.. માટી ભલે વસ્તુ હોય તો પછી એને ઘીનો ઘડો વ્યવહાર લાગુ પડે.

એમ આત્મા અખંડાનંદ પ્રભુ નિશ્ચય નિર્ણય અનુભવ હોય તો પછી એને દયા, દાનના પરિણામને વ્યવહાર કહેવામાં આવે. સો માથાં તોડી .... ઓલા ૬૦-૬૦ વરસના ભણેલા મોટા પૂંછડા લાંબા. બે બોલે તોડી નાખ્યો. કાંઈ એણે એટલું કહ્યું કે હા, નિશ્ચયનું લક્ષ તો, જ્ઞાન તો હોવું જોઈએ પહેલું. ભલે એટલું તો સ્વીકાર્યું. માટીનો ઘડો માટીરૂપે વસ્તુ નથી એને ઘીનો ઘડાનો વ્યવહાર કહેવો કોને? એમ આત્મા જ્ઞાનસ્વરૂપે ભગવાન આનંદમૂર્તિ છે એવું ચોથે ગુણસ્થાને એનો અનુભવ થાય એવા નિશ્ચયવાળાને પછી જે

રાગનો વિકલ્પ ઊઠે એને વ્યવહાર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! શાંતિભાઈ! સૌ લોકો મુંઝાણા છે મોટા ભણ્યા—ગણ્યા કાશીના ગોથા ખાય છે માળા.

આંહીં કહે છે કે ताकौ परताप खंडिवैकौं प्रगट भयौ. જ્ઞાન બાદશાહ જાગ્યો પહેલો. જે રાગ અને પુણ્યના પરિણામ મારા અને એ ધર્મ એમ માનતો એ મિથ્યાત્વભાવને તોડવા, હું તો જ્ઞાનસ્વરૂપી ચિદાનંદ પ્રભુ છું. આત્મા આનંદનો સાગર અને જ્ઞાનસ્વભાવી વસ્તુ એવું જ્યાં ભાન થયું, એણે મિથ્યાત્વના આસ્રવના અભિમાનને ગાળી નાખ્યું. સમજાણું કાંઈ? પછી તો પ્રશ્ન બહુ કરે આ બધાય કે આ કેવળજ્ઞાન એ ગુણ છે કે પર્યાય? એમ પ્રશ્ન કર્યો. કહે, પર્યાય નહીં ગુણ. તારી અંદર રહે છે. આવા ને આવા! એલા પણ કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે. એક સમય ઉત્પન્ન થઈ, એ બીજે સમયે રહેતી નથી. ગુણની વ્યાખ્યા તો દ્રવ્યના સર્વ ભાગમાં અને સર્વ હાલતોમાં રહે એવો જવાબ આપ્યો. છોકરાઓને સમજાવ્યા. નથી ખબર. કાંઈ તત્ત્વની ખબર ન મળે. એકલા પ્રવૃત્તિના ક્રિયાકાંડે અજ્ઞાની ચડી ગ્યા, મિથ્યાત્વના ભાવમાં ગૂંચી ગ્યા છે. સમજાણું કાંઈ?

પંડિતજી! આ તમારા ઓલા મોટા ઓલા.... (શ્રોતા : અભી બાતચીત હુઈ થી) હુઈ થી. બહુ સારા જવાબ આપ્યા. (શ્રોતા : સોનગઢવાલે પુણ્યકો .....બતાતે હૈં) ... બતાતે હૈં. ઝેર બતાતે હૈં. સોનગઢવાલે નહીં, ભગવાન કહતે હૈં. વિષ્ટા નહીં પણ આ તો ઝેર. શુભભાવ એ ઝેર છે. આત્માના અમૃતથી વિરુદ્ધ ભાવ છે. ભગવાન આનંદનો સાગર ચૈતન્ય પ્રભુ છે. એનાથી વિરુદ્ધ પુણ્યનો ભાવ એ તો ઝેર છે. એ અમૃતના સાગરનું ભાન થતાં પછી જે નિશ્ચય સહિતનો જે રાગ આવે એને વ્યવહાર કહેવામાં આવે. નિશ્ચય વિનાનો વ્યવહાર કોનો? વસ્તુ વિનાનો ભેદ કોનો? વસ્તુ વિના રાગ કોનો? આહાહા! ભારે જગત એવું મુંઝાણું છે ને. ધર્મગુરુ પણ એવા મળ્યા એને, ગૂંચાઈ ગયા.

અહીં તો કહે છે કે એવો મિથ્યાત્વનો ભાવ એને ताकौ परताप खंडिवैकौं प्रगट भयौ. કોણ? જ્ઞાન બાદશાહ. છેલ્લે છે ને. ग्यान पातसाह. હું જ્ઞાનસ્વરૂપી ક્રિયા છું. મારી ક્રિયા જ્ઞાનની છે. એ રાગ અને પુણ્યની ક્રિયા એ મારી નથી આહાહા! કહો, કાંતિભાઈ! કોને પડી છે? ક્યાં જનમ-મરણના ગોથાં ખાતો એમ ને એમ અનાદિથી દુઃખી થઈ રહ્યો છે. આંહીં તો કહે છે, જ્ઞાન બાદશાહ જાગ્યો. હું એક જાણનાર દેખનાર ચૈતન્યસ્વરૂપી ભગવાન આત્મા છું એવું જ્યાં જેને ભાન અંતર સન્મુખ થઈને થયું એને પરસન્મુખની એકતાના મિથ્યાત્વભાવનો એણે ખંડ કરી નાખ્યો, નાશ કરી નાખ્યો. આ વિના મિથ્યાત્વનો નાશ થાતો નથી. સમજાણું કાંઈ? આહાહા! આવા વ્રત પાળો ને અપવાસ કરો ને આ

વરસીતપ કરો ને ઓળી કરો ને હોળી કરો, બધા રાગ છે. આહાહા!

ભગવાન આત્મા! કહે છે કે એ રાગને જ પોતાનું સ્વરૂપ ક્રિયાકાંડમાં માનતો હતો એવો જે મિથ્યાત્વભાવ પ્રસિદ્ધ થયો આસ્રવ એને, આત્મા જ્ઞાનાનંદ હું છું. ત્રિકાળી મારું સ્વરૂપ તો સચ્ચિદાનંદ પ્રભુ છે. હું તો જ્ઞાનસ્વરૂપી આત્મા છું એવી જ્ઞાનની એકતારૂપી શ્રદ્ધા ને અનુભવ થયો, એણે મિથ્યાત્વના ખંડ ખંડ કરીને નાશ કરી દીધો. લ્યો, આ ક્રિયા એની. આરે, આરે, ભારે આકરી! સમજાણું કાંઈ?

धर्मकौ धरैया. હું જ્ઞાનસ્વભાવી આત્મા. વિકલ્પનો જે રાગ તે મારા સ્વરૂપમાં નથી. વસ્તુ આ છે. સમજાણું કાંઈ? એ માટીનો ઘડો વસ્તુ હોય તો પછી ઘીનો ઘડો ને ગ્યાસતેલનો ઘડો કે ફલાણું એમ કહેવાય. એમ વસ્તુ જ્યારે નિર્ણય કરે (કે) હું તો જ્ઞાન ને આનંદસ્વરૂપ છું. એવા નિશ્ચયમાં પછી અસ્થિરતા બાકી રહી ગઈ રાગ આદિની એને નિશ્ચયનો વ્યવહાર કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? બહુ કામ ઝીણું કામ એવું. પોતાનો સ્વભાવ ચૈતન્યસ્વરૂપ આત્મા વસ્તુ અને વસ્તુનો સ્વભાવ આનંદ ને જ્ઞાન એના સન્મુખ થઈને ભાન કર્યા વિના એકલી દયા, દાન, વ્રત, ભક્તિની ક્રિયાના પરિણામ (કરવા) અને એ મારાં એ તો મિથ્યાત્વભાવ છે. ગિરધરભાઈ! ભારે કામ આકરું! આહાહા! પંડિતો ગોથા ખાય ઓલા કાશીના ભણેલા બધા. કોથળામાં થોથાં ગોત્યા કરે ને આંહીં આમ છે ને આંહીં... હવે મૂકને થોથાં. આત્માને સમજયા વિના બધું થોથા તારું છે. સમજાણું કાંઈ?

धर्मकौ धरैया. એ રાગના વિકલ્પથી મારી ચીજ તો ભિન્ન છે. ચૈતન્ય સ્વભાવી પૂર્ણાનંદનો નાથ એ હું, એવું ભાન થયું એણે ધર્મને ધાર્યો, એને સંવર અને નિર્જરારૂપી દશા થઈ. આસ્રવ સામે સંવર અને નિર્જરા થઈ. સમજાણું કાંઈ? આરે, ભારે! હજી તો કહે મુશ્કેલ પેસવું કઠણ. અભ્યાસ નહીં કોઈ દિ'. આ જગતના અજ્ઞાનનો અનાદિનો અભ્યાસ. એમ આ જે જરીક વળી ધર્મને નામે આવ્યો તો એ રાગનો અભ્યાસ. કહે છે,

धर्मकौ धरैया. ભગવાન આત્મા હું તો જ્ઞાનસ્વરૂપ, જ્ઞાતા-દૃષ્ટા એ મારી ચીજ. એમ રાગના વિકલ્પથી ભિન્ન પડીને સ્વભાવની એકતાનું ભાન થયું એણે ધર્મને ધાર્યો. એણે સંવર અને નિર્જરારૂપી દશા એણે ધારી. કહો, સમજાણું કાંઈ? આહાહા! धर्मकौ धरैया कर्म-रोगकौ हकीम है. એ રાગ અને કર્મને તો નાશ કરવાને એ વૈદ છે ઈ. જ્ઞાન બાદશાહ. હું તો જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય છું. મારી ક્રિયા જ્ઞાનની એકાગ્ર થવી એ મારી ક્રિયા છે. શુભાશુભ વિકલ્પ એ મારી ક્રિયા નથી. આહાહા! સમજાણું કાંઈ?

कर्म-रोगकौ. એ કર્મરોગ છે. આહાહા! આ તો 'શ્રીમદ્'માં તો એમ કહ્યું છે ને.

'આત્મભ્રાંતિ સમ રોગ નહીં.' આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ છે એને રાગવાળો અને અપૂર્ણ ને એક સમયની દશાવાળો માનવો એ ભ્રાંતિ અને એના જેવો કોઈ રોગ જગતમાં નથી. જેઠાભાઈ! ભારે વાત ભાઈ આ! આવો ધર્મનો સંવરમાં. આહાહા! અરે, આઠ-આઠ વર્ષના બાળકો પણ આ સમજીને અનુભવ કરતા. ભાઈ! સમજાણું કાંઈ?

અરે, દેડકા! આત્મા છે ને. આ જડ તો જુદું છે આ દેહ શરીર તો આ. અંદર આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જેમાં ભગવાનનું સ્મરણ કરવું, ભક્તિ આદિનો રાગ(નો) જેમાં અભાવ છે અને જેમાં પૂર્ણ જ્ઞાન ને આનંદની સદ્‌ભાવ દશા છે, સદ્‌ભાવપણું છે. એવું જે જ્ઞાન સ્વભાવના સન્મુખ થઈને સમ્યગ્દર્શન અનુભવ કર્યો એણે ધર્મને ધાર્યો. આહાહા! ભારે વ્યાખ્યા ભાઈ ધર્મની! સમજાણું કાંઈ? એ કર્મરોગનો વૈદ છે. જ્ઞાનાનંદ સ્વભાવ હું એવું ભાન, એવી એકાગ્રતા એ કર્મના રોગને ટાળવાને વૈદ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા!

जाकै परभाव आगै भागैं परभाव सब. ચૈતન્યસૂર્ય પ્રભુ આત્મા અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છે. એવું જ્યાં અંદર ભાન થયું એના પ્રભાવ આગળ, એના પ્રભાવ આગળ, भागैं परभाव—પુણ્ય ને પાપના વિકલ્પ રાગ એ તો ભાગે. આના પ્રભાવ આગળ પરભાવ ભાગે. કવિ છે ને. સમજાણું કાંઈ? આહાહા! जाकै परभाव आगै. પાછું आगै ત્યારે भागै. जाकै परभाव आगै भागैं परभाव सब. હું તો જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવથી ભરેલો એવું જે ભાન, એવો જે એનો પ્રભાવ, એ પ્રભાવને લઈને પુણ્ય ને પાપના પરભાવ નાશ થઈ જાય છે. ભાગે.. ભાગે. ભાષા લીધી છે ને ભાગે—દોડે. નાશ થવાને દોડે એમ કહે. આહાહા!

नागर नवल सुखसागरकी सीम है. એ જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ એની એકાગ્રતા થવી, એ તો કહે છે કે ચતુર પુરુષનું કામ છે ઈ તો. આહાહા! જેણે પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન ચૈતન્ય પ્રભુ પકડ્યો એવો જે જ્ઞાન બાદશાહ ચતુર છે, નવલ છે. અનંતકાળમાં એ દશા કોઈ દિ' થઈ નથી આહાહા! પુણ્ય ને પાપના શુભ-અશુભ રાગ, એની ક્રિયાથી મારી ચીજ જુદી એવું જે ભાન તે નવીનદશા છે, એમ કહે છે. એ કંઈ અનાદિકાળમાં એ હતું નહીં. કાળ તો ઘણો થોડો છે. પણ ભાવનું ભાન થવું એ ભારે પુરુષાર્થ જોઈએ. સમજાણું કાંઈ?

કહે છે કે नागर नवल सुखसागरकी सीम है. એ આત્મા રાગથી ભિન્ન પડીને આત્માનું ભાન કર્યું. સમ્યગ્જ્ઞાન-દર્શન થયું એ તો સુખસાગરની મર્યાદાની ચીજ છે. એમાં તો આનંદ હોય છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? શુભ-અશુભ રાગ એ તો

દુઃખરૂપ છે. એનાથી ભિન્ન પડીને ચૈતન્યનું અંતર સમ્યગ્જ્ઞાન થયું એ તો સુખસાગરની મર્યાદા છે. સુખસાગર જ્યાં સુખનો સાગર ડોલે છે કહે છે. આહા! સમજાણું કાંઈ? આહાહા! સમકિતી ધર્મી જીવને પહેલા ચોથે ગુણસ્થાને ભલે ગૃહસ્થાશ્રમમાં હો જ્યાં અનેક વિષયો રાગ આદિ, પણ ભાન થયું ત્યાં કહે છે કે એને અમૃતના ઓડકાર આવ્યા આનંદના એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? सुखसागरकी सीम है. એની મર્યાદા ત્યાં છે. સમજાણું? जो अत्यन्त प्रवीन और अनादिकालसे नहीं पाया था इसलिये नवीन है.

સંવરદશા એ ચૈતન્યના અનુભવની પ્રતીત દશા. રાગ અને પુણ્યની પ્રતીત દશા એ તો મિથ્યાત્વભાવ હતો, દુઃખભાવ હતો. એણે જ્યાં આત્માના સ્વભાવની સંભાળ લઈને આનંદમાં એકત્વ થયો, તો કહે છે કે સુખસાગરની મર્યાદા પ્રગટ થઈ અંદર. છે મર્યાદિત હજી, પૂર્ણ થાય ત્યારે કેવળ થાય, એમ. સમજાણું કાંઈ? આહાહા! આને ધર્મ કહીએ. જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે તો ધર્મ કહીએ. એમ ને એમ આ વ્રત ને ઢસરડા કરે મરીને અપવાસ ને વરસીતપ ને. અમારે થઈ ગઈ તપસ્યા. એની કરે ઉજવણી દુઃખની. સમજાણું કાંઈ?

એની ઉજવણી કરે. પાંચ-પચ્ચીસ હજાર ખરચે. બધા પાપ છે એકલા. એ ગિરધરભાઈ! ભારે આકરું કામ! લાખોપતિની દીકરીયું આમ અપવાસ કરે, બાર મહિનો એક ટંક ખાવું, એક દિ' ખાવું ને બીજે દિ' અપવાસ. એવા એવા બાર મહિના–છ મહિના અપવાસ ને છ મહિના ખાવું, લ્યો. લાંઘણ છે, કહે છે, તારી બધી. એ તો અંદર પરલક્ષી રાગની મંદતા કરી હોય તો પુણ્ય છે અને પુણ્ય છે તે દુઃખરૂપ છે. આહાહા! ભારે વાત ભાઈ! આવી વાત કાને પડવી કઠણ પડે ને ઝીલવી કઠણ પાછી. આહાહા!

અનંતકાળનો દુઃખી પ્રાણી બિચારો. એક જરીક પ્રતિકૂળતા આવે તો આમ શરીરમાં સહન થતું નથી, એમ કહે. આ તો અનંતી પ્રતિકૂળતા વિપરીત માન્યતાની. આહાહા! એને છેદવાને ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ સન્મુખ થઈને, જ્ઞાન ને આનંદ એવો ચૈતન્ય સ્વભાવ એમાં જેણે એકતા કરી એ સુખસાગરની મર્યાદાએ ઉછળ્યો, કહે છે. એનો સુખસાગર ડોલ્યો અંદરથી. એના નિધાન ખજાના ખૂલી ગયા. અજ્ઞાની જે રાગ અને પુણ્યને પોતાનો માનનારો એણે આનંદના ખજાનાને નિધિને તાળા માર્યા હતાં એણે. સમજાણું કાંઈ?

પણ જેણે પુણ્ય અને પાપના રાગથી ભિન્ન ભગવાન આત્માની એકતા કરી એને સુખસાગરના ખજાના ખૂલી ગયા એના. આહાહા! ભારે વાત ભાઈ! (શ્રોતા : .....) હા, ખુલી ગયું. આહાહા! હું અલ્પજ્ઞ છું, રાગ છું એ તો મિથ્યાત્વનું તાળું માર્યું છે એણે.

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા એમ ફરમાવે છે કે ભગવાન! એક વાર તું જાગને, ભાઈ! એ રાગ અને પુણ્યના વિકલ્પથી ભિન્ન તારા તત્ત્વને સંભાળ. તારો ખજાનો તને ખ્યાલમાં આવશે. આહાહા! હું તો જ્ઞાન ને આનંદથી ભરેલો છું. મારામાં તો કોઈ પુણ્ય-પાપ, સંસાર-ફંસારની ગંધેય નથી. આહાહા! સમજાણું કાંઈ?

संवरकौ रूप धरै. આનંદસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ પ્રભુ એ જ્ઞાનમાં એકાગ્ર થયો તો સંવરનું રૂપ ધારણ થાય એને સંવર કહીએ. એને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ અટકી ગયાં. આહા! આ હાથ જોડીને કહે સંવર પાંચ આસ્રવના સેવ્યા પચ્ચકખાણ. જામનગરમાં બહુ સંવર થાય. (શ્રોતા : દેરાવાસીમાં?) દેરાવાસીમાં. અહીં સ્થાનકવાસીમાં ઓછા. પણ ત્યાં વધારે જામનગરમાં કાયમ હોં. આઠમ અને પાંખીના બહુ પોષા થાય, સંવર થાય, બહુ થાય. બારે માસ. એવો ત્યાં રિવાજ છે. બધા લાંઘણું. આહાહા!

આંહીં તો કહે છે, संवरकौ रूप धरै. એ જ્ઞાનાનંદ સ્વરૂપ છું એવું ભાન થતાં દશામાં સંવર એટલે મિથ્યાત્વ અને અવ્રત અટકી જાય છે. આહાહા! અને આત્મામાં આસ્રવરહિત દશા પ્રગટ થાય છે એમ કહે છે. ભારે વાત ભાઈ! આ તો હજી જૂના માણસ જ્યાં બીજું સાંભળ્યું હોય એમાં આ વાત સાંભળે કાને, તે આ તે કંઈ આપણો જૈનધર્મ હશે આવો! હવે જૈનધર્મ તો આપણે એવો સાંભળ્યો હોય – ચૌવિહાર કરવો, કંદમૂળ ન ખાવા, છપરબી પાળવી. એય, જેઠાભાઈ! બીજ, પાંચમ, આઠમ, અગિયાર, ચૌદસ, અમાસ. આવો ધર્મ સાંભળ્યો'તો. પણ આ વળી કઈ જાતનો ધર્મ? ભઈ, ડુંગળી ન ખાવી, લસણ ન ખાવું. હવે એવી ક્રિયા તો સાંભળને અનંતવાર કરી. એ તો રાગનું પરિણામ છે. આહાહા!

संवरकौ रूप धरै. શુભ-અશુભ ભાવ આસ્રવ, એની એકતાબુદ્ધિ મિથ્યાત્વ, એને જ્ઞાનમાં એકતા થતાં જે ટાળ્યું એને સંવરદશા પ્રગટ થઈ. આનું નામ સંવર કહેવાય. કહો, સમજાણું કાંઈ? साधै सिवराह ऐसौ, संवरकौ रूप धरै. साधै सिवराह. એ મોક્ષનો પંથ સાધે છે. અંદર આનંદમાં જ્ઞાનમાં એકાગ્ર થવું એ મોક્ષનો પંથ સાધે છે. રાગમાં એકાગ્ર થવું એ સંસારને સાધે છે. ભારે આમ આકરું! માળા આ જવાબ એવા આવ્યા. નિશ્ચય ને વ્યવહાર. નિશ્ચયનો વ્યવહાર હોય તે. વસ્તુ હોય એનો વ્યવહાર હોય. માટીનો ઘડો હોય તો એને ઘીનો ઘડો કહેવાય. આ જવાબ એવા આપ્યાને. હુશિયાર છોકરો છે. નાની ઉંમરનો છે હોં હજી તો. ૨૫-૩૦ વરસની હશે ઉંમર નાની. માસ્તર છે ને ક્યાંક ગામડાનો. બીજે ગામડામાં છે. આવ્યું છે છાપામાં, આમાં છે. એક પાનું રહી ગયું છે હોં. એવાય જાગ્યા છે હવે માળા. જુવાનિયાય જાગ્યા છે, લ્યો. (શ્રોતા :

બધું આપનું .....છે ને). લોકો એટલી લાયકાતવાળા, એને ન્યાયથી બેસવું જોઈએ ને પહેલી વાત કે માર્ગ તો આ છે. અંતરના અનુભવના નિશ્ચય વિના તારા વ્યવહાર કોને? સમજાણું?

એમાંય બાબુભાઈએ વળી બીજો જવાબ કાઢ્યો. ભઈ, વર હોય તો અણવર હોય. વર વિના અણવર કોનો? અણવર સમજતે હૈં? (શ્રોતા : .....) વિનાયક, હા. વહ દુલ્હે કે પાસ રહતા હૈ વહ. વર હોય તો અણવર કહેવાય. વર એકલો નથી ને અણવર. આ અણવર. પણ હોય વરની સાથે અણવર તોય કાંઈ અણવરને કન્યા આપે? કન્યા તો ઓલાને આવે. એમ નિશ્ચય આત્માનું ભાન સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર એ વર છે. અને વચમાં રાગ દયા આદિનો વિકલ્પ આવે એ અણવર છે. એનાથી કાંઈ મોક્ષ મળે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

संवरकौ रूप धरै साधै सिवराह ऐसौ, ग्यान पातसाह. જ્ઞાનરૂપી બાદશાહ. એવું ચૈતન્ય સ્વરૂપનું ભાન સમ્યક્જ્ઞાન એ બાદશાહ છે, કહે છે. આહાહા! ताकौं मेरी तसलीम है. બનારસીદાસ કહે છે કે એવા જ્ઞાનસ્વભાવી દશા એને મારો નમસ્કાર છે. આહાહા! સમજાણું કાંઈ? ग्यान पातसाह ताकौं मेरी तसलीम है. સમજ્યાને? તસલીમ એટલે વંદના. લખ્યું છે ને ત્યાં. આદર કરે. આહા! લ્યો, એ અધિકાર પૂરો થયો. હવે એનો સાર કહે છે.

## તેરમા અધિકારનો સાર

જેવી રીતે સફેદ વસ્ત્ર ઉપર જુદા જુદા રંગોનું નિમિત્ત મળવાથી તે અનેકાકાર થાય છે, તેવી જ રીતે શુદ્ધ બુદ્ધ આત્મા સાથે અનાદિકાળથી મોહ અને યોગનો સંબંધ હોવાથી તેની સંસારી દશામાં અનેક અવસ્થાઓ થાય છે, તેમનું જ નામ ગુણસ્થાન છે. જોકે તે અનેક છે પણ શિષ્યોને સંબોધવા માટે શ્રીગુરુએ ૧૪ બતાવ્યા છે. આ ગુણસ્થાન જીવના સ્વભાવ નથી, પણ અજીવમાં હોતા નથી, જીવમાં જ હોય છે તેથી જીવના વિભાવ છે અથવા એમ કહેવું જોઈએ કે વ્યવહારનયથી ગુણસ્થાનોની અપેક્ષાએ સંસારી જીવોના ચૌદ ભેદ છે.

પહેલા ગુણસ્થાનમાં મિથ્યાત્વ, બીજામાં અનંતાનુબંધી, ત્રીજામાં મિશ્રમોહનીયનો ઉદય મુખ્યપણે રહે છે અને ચોથા ગુણસ્થાનમાં મિથ્યાત્વ, અનંતાનુબંધી અને મિશ્રમોહનીયનો, પાંચમામાં અપ્રત્યાખ્યાનાવરણીયનો, છઠ્ઠામાં પ્રત્યાખ્યાનાવરણીયનો અનુદય રહે છે. સાતમા, આઠમા અને નવમામાં સંજ્વલનનો ક્રમપૂર્વક મંદ, મંદતર અને મંદતમ ઉદય રહે છે, દસમામાં સંજ્વલન સૂક્ષ્મલોભ માત્રનો ઉદય અને અન્ય સર્વમોહનો ક્ષય છે. અગિયારમામાં સર્વમોહનો ઉપશમ અને બારમામાં સર્વમોહનો ક્ષય થાય છે. અહીં સુધી છદ્મસ્થ અવસ્થા છે. કેવળજ્ઞાનનો વિકાસ નથી. તેરમામાં પૂર્ણજ્ઞાન છે પરંતુ યોગો દ્વારા આત્મપ્રદેશ સકંપ હોય છે, અને ચૌદમા ગુણસ્થાનમાં કેવળજ્ઞાની પ્રભુના આત્મપ્રદેશ પણ સ્થિર થઈ જાય છે. બધા ગુણસ્થાનોમાં જીવ સદેહ રહે છે, સિદ્ધ ભગવાન

ગુણસ્થાનોની કલ્પના રહિત છે, તેથી ગુણસ્થાન જીવનું નિજ-સ્વરૂપ નથી, પર છે, પરજનિત છે,— એમ જાણીને ગુણસ્થાનોના વિકલ્પોથી રહિત શુદ્ધ બુદ્ધ આત્માનો અનુભવ કરવો જોઈએ.

## तेरहवें अधिकारका सार

जिस प्रकार सफेद वस्त्र पर रंगोंका निमित्त लगनेसे अनेकाकार होता है, उसी प्रकार शुद्ध बुद्ध आत्मा पर अनादिकालसे मोह और योगोंका सम्बन्ध होनेसे उसकी संसारी दशामें अनेक अवस्थाएँ होती हैं, उनहींका नाम गुणस्थान है। यद्यपि वे अनेक हैं पर शिष्योंके सम्बोधनार्थ श्रीगुरुने १४ बतलाये हैं। ये गुणस्थान जीवके स्वभाव नहीं हैं, पर अजीवमें नहीं पाये जाते, जीवमें ही होते हैं, इसलिये जीवके विभाव हैं, अथवा यों कहना चाहिये कि, व्यवहारनयसे गुणस्थानोंकी अपेक्षा संसारी जीवोंके चौदह भेद हैं।

पहले गुणस्थानमें मिथ्यात्व, दूसरेमें अनंतानुबंधी, तीसरेमें मिश्रमोहनीयका उदय मुख्यतया रहता है, और चौथे गुणस्थानमें मिथ्यात्व, अनंतानुबंधी और मिश्रमोहनीयका, पाँचवेंमें अप्रत्याख्यानावरणीयका, छट्ठेमें प्रत्याख्यानावरणीयका अनुदय रहता है। सातवें आठवें और नववेमें संज्वलनका क्रमशः मंद, मंदतर, मंदतम उदय रहता है, दसवेंमें संज्वलन सूक्ष्मलोभ मात्रका उदय और सर्वमोहका क्षय है। ग्यारहवेंमें सर्वमोहका उपशम और बारहवेंमें सर्वमोहका क्षय है। यहाँ तक छद्मस्थ अवस्था रहती है, केवलज्ञानका विकास नहीं है। तेरहवेंमें पूर्णज्ञान है परन्तु योगोंके द्वारा आत्मप्रदेश सकंप होते हैं, और चौदहवें गुणस्थानमें केवलज्ञानी प्रभुके आत्मप्रदेश भी स्थिर हो जाते हैं। सभी गुणस्थानोंमें जीव सदेह रहता है, सिद्ध भगवान गुणस्थानोंकी कल्पनासे रहित हैं, इसलिये गुणस्थान जीवके निज-स्वरूप नहीं हैं, पर हैं, परजनित हैं, ऐसा जानकर गुणस्थानोंके विकल्पोंसे रहित शुद्ध बुद्ध आत्माका अनुभव करना चाहिये।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जिस प्रकार सफेद वस्त्र पर रंगोंका निमित्त लगनेसे अनेकाकार होता है. દૃષ્ટાંત. જેમ સફેદ વસ્ત્ર-ધોળું એને અનેક પ્રકારના રંગના નિમિત્તે એ વસ્ત્ર રંગથી અનેકાકારરૂપ થાય. વાસ્તવિક રંગનું અનેકાકારપણું એનો સ્વભાવ નથી. એ વસ્ત્ર તો સફેદ છે. ધોળું-સફેદ એને રંગના નિમિત્તે અનેક પ્રકારના રંગના અનેક આ ઝાંય દેખાય. उसी प्रकार शुद्ध बुद्ध आत्मा पर. ભગવાન તો શુદ્ધબુદ્ધ પવિત્ર આનંદ શુદ્ધ છે. આહાહા! વસ્ત્ર જેમ શુદ્ધ છે. સફેદ છે, એમ આ ભગવાન આત્મા અનાદિનો શુદ્ધ ચૈતન્ય ધ્રુવ નિર્મળ નિર્મળાનંદ છે. વસ્તુ. એને અનાદિકાળથી મોહ અને યોગોનો સંબંધ છે. મોહ અને યોગ સંબંધે છે ને ચૌદ ગુણસ્થાન. મોહ અને યોગ. યોગ—કંપન અને મોહ-પરમાં સાવધાની.

अनादिकालसे मोह और योगोंका सम्बन्ध होनेसे उसकी संसारी दशामें अनेक अवस्थाएँ होती हैं. આહાહા! સફેદ વસ્ત્રને રંગના નિમિત્તે અનેક રંગની ઝાંય થાય છે, એમ ભગવાન આત્મા શુદ્ધ આનંદઘન જ્ઞાનની મૂર્તિ સફેદ શુદ્ધ છે. પણ મોહ અને જોગના સંબંધથી એને, જેમ ઓલાને રંગના સંબંધથી, એમ આને મોહ ને રાગના જોગના સંબંધથી અનેક પ્રકારની સંસારી દશા થાય છે. આહાહા! એકેન્દ્રિય અને બે ઇન્દ્રિય અને ત્રણેન્દ્રિય અને ચૌરેન્દ્રિય ને પંચેન્દ્રિયને મૂરખ ને પંડિત ને – આવી દશાઓ એ બધી આત્માના સ્વભાવથી વિરુદ્ધ છે. એ આત્માના સ્વભાવમાં એ છે નહીં. આહાહા!

उनहींका नाम गुणस्थान है, લ્યો. એનું નામ ગુણસ્થાન. ઓલા રંગના નિમિત્તે વસ્ત્રની અનેકતા રંગવાળી દેખાય, એમ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે એને કંપન અને રાગના સંબંધે સંસારી દશા અનેક પ્રકારની થાય. આહાહા! એને ગુણસ્થાન કહે છે. વ્યવહાર છે ને ઈ ૧૪. ખરેખર ઈ ગુણસ્થાનનું સ્વરૂપ આત્મામાં નથી, ત્રિકાળમાં નથી. સિદ્ધ થાય તે કાંઈ ગુણસ્થાન કોઈ રહેતું નથી.

यद्यपि वे अनेक हैं. ગુણસ્થાનો અનેક છે. ચૌદ અથવા અનંત એના ભેદ છે. पर शिष्योंके सम्बोधनार्थ श्रीगुरुने १४ बतलाये हैं. ભગવાનના મુખમાં ચૌદ ગુણસ્થાનની વ્યાખ્યા આવી. છે તો એની જેટલા પર્યાયમાં વિકારી દશા અને અવિકારીના ભેદો એટલા અનંત પડે છે. પણ અનંતને એટલી બધી સમજાવા કરતાં સંક્ષેપમાં સામાન્ય રીતે ચૌદ ગુણસ્થાન તરીકે તેની દશાને વર્ણવી. સમજાય છે કાંઈ? (શ્રોતા : .....) એના ય ભેદ પડે. સમકિતનાય ઘણાં. નહોતું સાંભળ્યું નહોતું? આવી ગયું છે ઈ. અંતર્મુહૂર્તથી માંડીને અર્ધ પુદ્‌ગલ પરાવર્તનના જેટલા ભેદ છે એટલા એવા સમકિતના એટલા ભેદ છે. નિર્મળતાના. આહાહા!

સમુચ્ચય ચોથા ગુણસ્થાનની આત્માની દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન, પણ સમ્યગ્દર્શનની પર્યાયની નિર્મળતાના અનંત અંશો છે. ઘણા ભાગ છે. એને એટલા બધા ન બતાવતાં સમુચ્ચય સામાન્ય તરીકે (બતાવ્યા.) ये गुणस्थान जीवके स्वभाव नहीं हैं. ત્રિકાળમાં એ ભેદ નથી. આહાહા! पर अजीवमें नहीं पाये जाते. ગુણસ્થાન અજીવમાં નથી કાંઈ. जीवमें ही होते हैं. ચૌદ ભેદ. આહાહા! इसलिये जीवके विभाव हैं. એ ચૌદમું ગુણસ્થાન પણ વિભાવ છે હજી. अथवा यों कहना चाहिये कि, व्यवहारनयसे गुणस्थानोंकी अपेक्षा संसारी जीवोंके चौदह भेद हैं. વ્યવહારનયથી ગુણસ્થાનની અપેક્ષાએ સંસારી જીવોના ચૌદ ભેદ છે. નિશ્ચયમાં તો વસ્તુ છે તે એકરૂપ છે. એવા નિશ્ચયનું ભાન થાય એને આવા ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમાનો વ્યવહાર જાણવામાં આવે. સમજાણું કાંઈ?

અરે, મારગડા વીતરાગના જુદા! દુનિયાએ કઈ રીતે કલ્પીને બેઠા, એને આ માર્ગ સાંભળતા એને એમ થઈ જાય, અરર! આ આવો? પ્રેક્ટીકલ એમ કહેતો'તો ભાઈ અમારે પ્રેમચંદભાઈનો દીકરો. લાઠીવાળા. કહે, આ પ્રેક્ટીકલ કરવું ભારે કઠણ હોં. કહે. આ બહારનું બધું કરે છે ને. થઈ શકે છે (એમ) માન્યું છે ને? એ તો આ જ સ્વભાવ છે અને ઈ જ થઈ શકવાનો એનું સ્વરૂપ છે. આહાહા! અંતર્મુખ થવું એ જ એની પ્રેક્ટીકલ દશા છે. આહાહા! શરીર, વાણી, મન ને એક સમયનો રાગ ને એક સમયની પર્યાય એનાથી પણ લક્ષ છોડીને અંતર્મુખ થવું એ એની ક્રિયા છે. એ એની ધાર્મિક ક્રિયા છે. પણ ભારે! વ્યવહારનયથી ગુણસ્થાન એ સંસારીના ચૌદ ભેદ કહેવાય છે.

पहले गुणस्थानमें मिथ्यात्व. પહેલે મિથ્યાત્વ ગુણસ્થાન છે કે જે રાગને અને અલ્પજ્ઞપણાને આત્મસ્વરૂપ માને છે એ મિથ્યાત્વ છે. એ ગુણસ્થાનના સ્વરૂપની પહેલી દશા એવી છે. दूसरेमें अनंतानुबंधी. બીજું ગુણસ્થાન અનંતાનુબંધી કષાય. એવો ઉદય છે ત્યાં વિકારનો. तीसरेमें મિશ્રમોહનીયનો ઉદય. જરીક જાણપણું વિશેષ હોય એને મુખ્યત્વે આવે છે.

चौथे गुणस्थानमें मिथ्यात्व, अनंतानुबंधी और मिश्रमोहनीय નો પાક જાય છે. સમ્યગ્દર્શન થતાં ધર્મની પહેલી દશા થતાં આત્મા અખંડઆનંદ અને અભેદસ્વરૂપ છે એવી અનુભવદશા થતાં એને મિથ્યાત્વ જાય છે. અનંતાનુબંધી અને મિશ્રમોહનીય ન હોય. કહો, સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ ધર્મી, ચોથે ગુણસ્થાને એને રાગની એકતાબુદ્ધિ એની તૂટી ગઈ છે. અને અસ્થિરતા પણ અંશે ગઈ ને સ્થિરતા થઈ છે. અનંતાનુબંધી ગ્યો એટલી સ્થિરતા થઈ. મિશ્રમોહનીય પણ એને છે નહીં પ્રકૃતિથી.

પાંચમે ગુણસ્થાનમાં શ્રાવકને, સાચા શ્રાવકને અપ્રત્યાખ્યાનાવરણીયનો ઉદય નથી. બીજા કષાયનો એને ઉદય હોય નહિ. શાંતિ.. શાંતિ.. શાંતિ. પંચમ ગુણસ્થાનની દશા શ્રાવકની સાચી સાચી. આ બધા વાડાવાળા શ્રાવક એ શ્રાવક-બાવક છે નહીં કાંઈ. ગિરધરભાઈ! એ તો બધા તો એમ કહે છે કે ભાઈ અમે શ્રાવક છીએ. આ તમારે શ્રાવિકાશાળા, આ ફલાણું છે, એ બધા નામ નિક્ષેપે. નામ, નામ. સાચું નહીં. આહાહા! (શ્રોતા : શ્રાવિકાશાળા નામ ન રાખે?) શ્રાવિકાશાળા નામ તો રાખે ને. નામમાં શું છે? ધનવંતનું શું કીધું? લક્ષ્મીવંત. વેચંતી લાકડા. આવે છે ને? નામ હતું લક્ષ્મી અને વેચતી લાકડા. નામ હતું ધનપાલ અને ભીખ માગતો'તો. આવે છે ને ઈ આવે છે. ........ એવું આવે છે. યાદ નથી. આહાહા! નામ આપ્યાં એમાં શું થ્યું? એ તો હમણાં ઓલોય ન્યાં કહે છે. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એ જે હોય એ બરાબર છે. ચારેય બરાબર છે. ઠીક.

આહાહા! ગજબ કરે છે. જગતને પોતાને છેતરે છે ને કઈ રીતે જગતને રાજી રાખે છે. આહા!

આંહીં તો કહે છે, જેને સમ્યગ્દર્શન આત્માનું ભાન ચોથે સમ્યક્ થાય. શ્રેણિક રાજાને સમકિત ચોથે ગુણસ્થાન હતું. રાગનો ત્યાગ નહોતો. આસક્તિ હતી. ત્રણ કષાયનો ભાવ હતો. છતાંય ચોથે ગુણસ્થાને તીર્થંકરગોત્ર બાંધ્યું'તું. શ્રેણીક રાજા. આત્માનું ભાન છે અંદર. જ્ઞાતા-દૃષ્ટા છું, હું આનંદ છું એને એવો શુભભાવ બાંધ્યો. પણ નરકનું આયુ બંધાઈ ગયેલું એટલે નરકમાં છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો ધર્મી પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય શુદ્ધમાં જ છે. આહાહા! સમજાણું કાંઈ? અશુદ્ધતાથી ધર્મી જીવ સમ્યગ્દર્શનના જોરને લઈને ભિન્ન છે. પાંચમે એનાથી વધારે શાંતિ વધી. અંતરના આનંદનો આશ્રય ત્રિકાળીનો વિશેષ લીધો ત્યારે શાંતિ વધારે વધી. એવા પંચમ ગુણસ્થાન સાચા શ્રાવકને અપ્રત્યાખ્યાનાવરણીયનો ઉદય ન હોય. એને બીજા કષાયનો પણ ઉદય હોય નહીં.

છટ્ઠે પ્રત્યાખ્યાનનો ઉદય ન હોય. એ સાચા મુનિ સંત દિગંબર જેને વીતરાગ સ્વીકારે એવા સંત, જેને આત્માનો અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો છે અત્યંત. સમજાણું કાંઈ? એવા બાહ્યમાં નગ્ન હોય છે. અભ્યંતરમાં ત્રીજા કષાયનો પણ એને અભાવ હોય છે. એટલી શાંતિ પ્રગટી. આહાહા! એને મુનિ જૈનશાસનમાં કહેવાય. વીતરાગમાર્ગમાં એને મુનિ કહેવાય. સમજાણું કાંઈ? એવા મુનિનો નમૂનો પણ જોવો કઠણ પડે એવું છે, કહે છે. એક, એક હોં. આહાહા! (શ્રોતા : .....) વચન છે ઈ છે. ઈ હોય ત્યારે હોય. આ દેખાય છે એમાં કોઈ નથી. કહો સમજાણું કાંઈ? ઉઘાડું પડી ગયું આ તો, કહે. આહાહા! હજી સમકિતના ઠેકાણા નથી ને મુનિપણાં તો ક્યાંથી આવા લાવે? આહાહા! હજી તો આવી તો પ્રરૂપણા કરે કે આ પાળો, વ્રત પાળો, દિગંબર નગ્ન થઈ જાઓ, એ મુક્તિનું કારણ છે. હવે ધૂળેય નથી મુક્તિનું કારણ. આહાહા! સમજાણું કાંઈ?

આનંદસ્વરૂપ ભગવાન અંદરથી જાગે, નિર્મળદશાનો ધારણ કરનારો આત્મા એ મુક્તિનું કારણ છે. આહાહા! મહાવ્રતના પરિણામ વચ્ચે આવે એ પણ બંધનું કારણ છે. અને એને મહાવ્રતને તો એ ધર્મ મનાવે છે. માને, મનાવે, માનતાને રૂડું જાણે, ત્રણેય મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહાહા! કઠણ કામ ભાઈ! જૈનશાસન, એ વીતરાગભાવ એ જૈનશાસન છે. રાગભાવ એ જૈનશાસન છે? આ તો વસ્તુનું સ્વરૂપ એવું છે.

'पस्सदि जिणसासणं सव्वं' નથી આવતું ૧૪-૧૫ ગાથામાં? જેણે આત્માને અબદ્ધસ્પૃષ્ટ—રાગથી અને કર્મથી બંધાયેલો નથી એવો જેણે આત્માને અંદરમાં જાણ્યો,

અનુભવ્યો, એનો જે ઉપયોગ એ જૈનશાસન છે. વ્યવહાર રત્નત્રયના વિકલ્પ એ કંઈ જૈનશાસન નથી. આહાહા! સમજાણું કાંઈ? હવે એને તો બધું માની બેઠા છે અત્યારે. હવે કેટલાક શ્રાવક એમ કહે કે આપણા કરતાં તો સારા છે. એટલે ઓલો તો ખરાબમાં ખરાબ છે શ્રાવક એનો, એમ. એય, ગિરધરભાઈ! તું મિથ્યાદષ્ટિ હોય તો તારાથી સારા એય મિથ્યાદષ્ટિ. સમજાણું કાંઈ?

છટ્ઠે ગુણસ્થાને પ્રત્યાખ્યાનાવરણીયનો અનુદય રહે છે. એને ત્રીજા કષાયનો ઉદય હોય નહીં. શાંતિ.. શાંતિ.. શાંતિ. તરત એક ક્ષણમાં સાતમે જાય અને એક ક્ષણમાં છટ્ઠે આવે. એવી ભૂમિકાવંતને સાચા સંત જૈનદર્શનમાં કહેવામાં આવે છે. અને વળી કેટલાય એમ કહે કે ઈ તો કાંઈ આપણને ખબર ન પડે. તે ઈ ખબર ન પડે એ જ અજ્ઞાન તારું ઝૂંટવે છે, સાંભળને. સમજાણું કાંઈ? સાતમે, આઠમે, નવમે સંજ્વલનનો ચોથો કષાય છે. એમાં क्रमशः मंद, मंदतर, मंदतम उदय रहता है, લ્યો. અપ્રમત્ત દશા મુનિને ક્ષણમાં આવે ત્યાં ચોથા કષાયનો મંદભાવ ઉદય હોય. આઠમે મંદતર એટલે ઘણો ઓછો. એનાથી મંદતમ એટલે ઘણો ઓછો. ઈ સાત-આઠ નવની વ્યાખ્યા કરી, લ્યો ટૂંકામાં. ચૌદ ગુણસ્થાનનું વર્ણન.

दसवेंमें संज्वलन सूक्ष्मलोभ मात्रका उदय. દસમે ગુણસ્થાનમાં એક સંજ્વલનનો સૂક્ષ્મ લોભ. સર્વમોહનો ક્ષય. બાકી બધાનો ક્ષય. ग्यारहवेंमें सर्वमोहका उपशम और बारहवेंमें सर्वमोहका क्षय है यहाँ तक छद्मस्थ अवस्था रहती है, લ્યો.

હવે કેવળી ભગવાન અરિહંત સર્વજ્ઞ પરમાત્મા. केवलज्ञानका विकास नहीं है છદ્મસ્થ હોય ત્યાં સુધી. तेरहवेंमें पूर्णज्ञान है. પરમાત્મા અરિહંત થાય એને પૂર્ણ જ્ઞાન કેવળજ્ઞાન. ત્રણ કાળ ત્રણ લોક જાણે. આહાહા! परन्तु योगोंके द्वारा आत्मप्रदेश सकंप होते हैं. પ્રદેશો કંપે છે ને એટલો હજી ત્યાં કંપપણું છે. એથી તેને સયોગીકેવળી કહેવામાં આવે છે. એ ક્યાંક સંયોગ શબ્દ આવ્યો'તો હોં આપણે. સંજોગ આવ્યો'તો જુઓ. એ ૧૦૮. दूषन अठारह रहित सो केवलि संजोग. ત્યાં લીધું કેવળી. છે ને? ભાષા એમ છે, નહીં તો સયોગ છે, આમ. પણ એટલો...

दूषन अठारह रहित, सो केवलि संजोग
जनम मरन जाकै नहीं, नहिं निद्रा भय रोग

આ તો સંયોગકેવળી પ્રશ્ન હતો ને. ૮૦ માં પ્રશ્ન થયો પંડિત સાથે. અરે! ભગવાન કેવળી એને તેરમું ગુણસ્થાન હોય છે. જ્યારે 'મહાવીર' ભગવાન અહીંયા હતા ત્યારે તેરમું હતું. અત્યારે તો સિદ્ધ છે. એને ગુણસ્થાન હોતું નથી. 'સીમંધર' ભગવાન

બિરાજે છે એમને તેરમું ગુણસ્થાન છે. મહાવિદેહમાં બિરાજે છે. તીર્થંકરદેવ કેવળી ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન. परन्तु योगोंके द्वारा आत्मप्रदेश सकंप होते हैं, और चौदहवें गुणस्थानमें केवलज्ञानी प्रभुके आत्मप्रदेश भी स्थिर हो जाते हैं. એ અયોગી. सभी गुणस्थानोंमें जीव सदेह रहता है. ચૌદ ગુણસ્થાનમાં દેહ નિમિત્તપણે હોય છે. ચૌદમે પણ દેહ છે ને હજી. વિગ્રહગતિમેં કાર્મણ, તેજસ શરીરકા સંબંધ રહતા હૈ. એમ કે વળી સભી ગુણસ્થાનમેં એટલે વળી રસ્તામાં? કે રસ્તામાંય છે ને.

सिद्ध भगवान गुणस्थानोंकी कल्पनासे रहित हैं. ભગવાન પરમાત્મા ણમો સિદ્ધાણં. એમને હવે ગુણસ્થાન હોતું નથી. આહાહા! હજી તો ણમો અરિહંતાણં કોને કહેવું, ણમો સિદ્ધાણં કોને (કહેવું), ભાન ન મળે. ણમો ગડિયો હાંકે જાય. સમજાણું કાંઈ? અને બોલે લોગસ્સમાં 'સિદ્ધાસિદ્ધિ મમ દિસંતુ.' હે સિદ્ધ ભગવાન! સિદ્ધપદ દેખાડજો મને. પણ કેવા સિદ્ધ છે એવી ત્યારે ખબરેય એને ન હોય. ગુણસ્થાન શું અને ગુણસ્થાનથી પાર શું ને. આહા! એવું ઉંધું હાલ્યું છે ને અત્યારે.

इसलिये गुणस्थान जीवके निज-स्वरूप नहीं हैं. ભેદ છે ને. વ્યવહાર છે ને ઈ. પોતાનું સ્વરૂપ નથી. સ્વરૂપ હોય તો સિદ્ધમાં પણ રહેવું જોઈએ. पर हैं. परजनित हैं. ભેદ છે ને. મોહ અને રાગને કારણે ભેદ છે. જોગને કારણે. તેરમે મોહ નથી પણ જોગને કારણે તેર અને ચૌદ બે (ભેદ) છે. પહેલાથી દસ સુધી મોહનું કારણ છે. બાર સુધી. ભલે મોહનો અભાવ છે પણ એટલું નિમિત્ત. અને તેર ને ચૌદ જોગનું કારણ છે. परजनित हैं, ऐसा जानकर गुणस्थानोंके विकल्पोंसे रहित આહાહા!

शुद्ध बुद्ध आत्माका अनुभव करना चाहिये, લ્યો. હું શુદ્ધ પવિત્ર અને બુદ્ધ એકલો જ્ઞાનનો પિંડ છું. એવો આત્માનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? એને હજી ધર્મની પહેલી ભૂમિકા કહેવાય છે. એનો સાર કહ્યો. આ બધું સમજીને કરવાનું શું પણ પાછું? એ તો ભેદ છે ગુણસ્થાન. અભેદ ચિદાનંદ સ્વરૂપ શુદ્ધ બુદ્ધ આનંદઘન એનો અનુભવ, એના સન્મુખની દશા કરવી એ આ કહેવાનો બધો સાર છે. એથી વિભાવનો નાશ થાય છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૯૭, કારતક વદ ૧, બુધવાર, તા. 3-૧૧-૧૯૭૧
## ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિ પદ ૧ થી ૧૧ પર પ્રવચન

સમયસાર નાટક. ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિ. ગ્રંથ પૂરો થાય છે અને છેલ્લું કથન કરે છે થોડું.

(ચોપાઈ)

भयौ ग्रंथ संपूरन भाखा।
वरनी गुनथानककी साखा॥
वरनन और कहांलौं कहियै।
जथा सकति कहि चुप ह्वै रहियै॥१॥

**અર્થ :—**ભાષાનો સમયસાર ગ્રંથ સમાપ્ત થયો અને ગુણસ્થાન અધિકારનું વર્ણન કર્યું. એનું વિશેષ કેટલું વર્ણન કરીએ ? શક્તિ અનુસાર કહીને ચુપ થઈ જવું ઉચિત છે. ૧.

**अर्थ :—**भाषाका समयसार ग्रन्थ समाप्त हुआ और गुणस्थान अधिकारका वर्णन किया। इसका और कहाँ तक वर्णन करें, शक्ति अनुसार कहकर चुप हो रहना उचित है॥१॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

અહીંયા આત્માની વાત ભગવાન આત્મા તો અનંતગુણ અને અનંતી એની પર્યાય, એવી અનંતી અનંતી શક્તિનો એ મોટો ભંડાર આત્મા છે. એનું આ નાટક છે ને વર્ણન. આહાહા ! દેહમાં દેહથી જુદું તત્ત્વ એમાં અનંતું સામર્થ્ય છે. એક એક ગુણમાં અનંત સામર્થ્ય અને એક એક ગુણની અનંતી પર્યાય અને એક એક પર્યાયની અનંતી સામર્થ્યતા. એવો આત્મા એને, કહે છે કે ક્યાં સુધી વર્ણન કરીએ ? संपूरन भयौ ग्रंथ संपूरन भाखा, वरनी गुनथानक. ચૌદ ગુણસ્થાનનું વર્ણન કર્યું. ભેદરૂપી પર્યાય હોય છે ને. છે એ એનું વાસ્તવિક સ્વરૂપ નહીં પણ ભેદમાં પર્યાયમાં એ હોય છે.

वरनन और कहांलौं कहियै. કહે છે કે કેટલું વર્ણન કરીએ ! પરમાત્મા પોતાનો નિજ સ્વભાવ અપાર અગમ્ય એવી ચીજનું વર્ણન કેટલું કરું ? जथा सकति कहि. શક્તિ પ્રમાણે કહીને ચુપ રહીએ, એમ કહે છે. પોતાની શક્તિ પ્રમાણે કહેવાય અગમ્ય વસ્તુ. કેવળીનાં જ્ઞાનથી પણ જાણવામાં આવી છતાં કહેવામાં એની પૂર્ણ વાત આવી શકે નહીં. એવો આત્મા એને જાણવો, એને અનુભવવો એનું નામ ધર્મ છે. કહે છે કે ઘણી વાત

આમાં કરી. યથાશક્તિએ કહી. અમારી શક્તિ પ્રમાણે કહ્યું બાકી ચુપ.

(ચોપાઈ)

लहिये ओर न ग्रंथ उदधिका।
ज्यौं ज्यौं कहियै त्यौं त्यौं अधिका।।
तातैं नाटक अगम अपारा।
अलप कवीसुरकी मतिधारा।।२।।

**અર્થ :–**ગ્રંથરૂપ સમુદ્રનો પાર પામી શકાતો નથી, જેમ જેમ કથન કરતા જઈએ તેમ તેમ વધતો જ જાય છે, કારણ કે નાટક અપરંપાર છે અને કવિની બુદ્ધિ તુચ્છ છે. ૨.

વિશેષ :—અહીં ગ્રંથને સમુદ્રની ઉપમા આપી છે અને કવિની બુદ્ધિને નાની નદીની ઉપમા છે.

**अर्थ :–**ग्रन्थरूप समुद्रका पार नहीं पा सकते, ज्यों ज्यों कथन किया जावे त्यों त्यों बढ़ता ही जाता है, क्योंकि नाटक अपरम्पार है और कविकी बुद्धि तुच्छ है।।२।।

**अर्थ :–**यहाँ ग्रन्थको समुद्रकी उपमा दी है और कविकी बुद्धिको छोटी नदीकी उपमा है।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

બનારસીદાસ મહાકવિ કહે છે કે આ ગ્રંથ તો ઉદધિ છે દરિયો. ભગવાન આત્માનું વર્ણન કરવું એવું જે આગમ એ તો દરિયા સમાન છે. ज्यौं ज्यौं कहियै त्यौं त्यौं अधिका. જેમ જેમ કહીએ તેમ તેમ આગળ વાત અધિક બાકી રહી જાય છે, એટલી ચીજ છે ઈ આત્મા! तातैं नाटक अगम अपारा–ભગવાન આત્માની ચીજને બતાવનારું શાસ્ત્ર આ આગમ નાટક અગમ્ય અપારા–પાર ન આવે એવી ચીજ છે. अलप कवीसुरकी मति. બનારસીદાસ પોતે કહે છે કે મારી મતિ તો અલ્પ છે. સમજાણું કાંઈ?

(દોહરા)

समयसार नाटक अकथ, कविकी मति लघु होइ।
तातैं कहत बनारसी, पूरन कथै न कोइ।।३।।

**અર્થ :–**સમયસાર નાટકનું વર્ણન મહાન છે અને કવિની બુદ્ધિ થોડી છે, તેથી પંડિત બનારસીદાસજી કહે છે કે તેને કોઈ પૂરેપુરું કહી શકતા નથી. ૩.

**अर्थ :–**समयसार नाटकका वर्णन महान है, और कविकी बुद्धि थोड़ी है, इससे पंडित बनारसीदासजी कहते हैं, कि उसे कोई पूरा नहीं कह सकता।।३।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

समयसार नाटक अकथ. ઉદધિનો દાખલો આપ્યોને. ગ્રંથ ઉદધિ છે. કવિની બુદ્ધિ છોટી નદી જેવી છે એમ કહે છે. समयसार नाटक अकथ. વચનાતીત, રાગાતીત એવી ચીજ આત્મા, એનું વર્ણન કેટલું કરે, કહે છે. અકથ્ય છે. ભગવાન આત્માની શક્તિઓ અને એના ગુણો અને એની દશા એ બધી પૂર્ણ તો અકથ્ય છે, કહે છે. એવો ભગવાન આત્મા એની વાત શક્તિ પ્રમાણે કહી. કેમકે મારી મતિ લઘુ છે. લ્યો, બનારસીદાસ જેવા કવિ (કહે), મતિ લઘુ. तातैं कहत बनारसी, पूरन कथै न कोई. એનો પાર કોઈ કહી શકે નહીં. આહાહા! 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં તે પણ..' અનંત આનંદનો ધામ ભગવાન અનંતી શક્તિના સામર્થ્યવાળું ભગવાન તત્ત્વ અને તે રાગ અને શરીર અને કર્મથી નિરાળું અને પૂર્ણ સ્વભાવથી સહિત એની કથનીમાં શું આવે, કહે છે. સર્વજ્ઞે દીઠું પણ કહી શક્યા નહીં. એ વાણીને અલ્પજ્ઞ પ્રાણી શું કહે! पूरन कथै न कोई, એમ.

ગ્રંથ–મહિમા. સમયસાર એટલે ચૌદ બ્રહ્માંડનો અને બાર અંગનો સાર. સમય એટલે આત્મા. સાર–રાગ ને પુણ્ય પાપની ક્રિયાના વિકલ્પથી રહિત એવી મહાપ્રભુ ચૈતન્ય ચીજ એને કહે છે કે કેટલો શું કહીએ અમે!

ગ્રંથ મહિમા (સવૈયા એકત્રીસા)

जैसें कोऊ एकाकी सुभट पराक्रम करि,
जीतै किहि भांति चक्री कटकसौं लरनौ।
जैसें कोऊ परवीन तारू भुजभारू नर,
तैरै कैसै स्वयंभूरमन सिंधु तरनौ।।
जैसें कोऊ उद्दमी उछाह मनमांहि धरै,
करै कैसै कारज विधाता कैसौ करनौ।
तैसें तुच्छ मति मोरी तामें कविकला थोरी,
नाटक अपार मैं कहांलौं याहि वरनो।।४।।

**અર્થ :**—જો કોઈ એકલો યોદ્ધો પોતાના બાહુબળથી ચક્રવર્તીની સેના સાથે લડે તો તે કેવી રીતે જીતી શકે? અથવા કોઈ જળતારિણી વિદ્યામાં કુશળ મનુષ્ય સ્વયંભૂરમણ સમુદ્ર તરવા ઇચ્છે, તો કેવી રીતે પાર પામી શકે? અથવા કોઈ ઉદ્યમી મનુષ્ય મનમાં ઉત્સાહિત થઈને વિધાતા જેવું કામ કરવા ઇચ્છે, તો કેવી રીતે કરી શકે? તેવી જ રીતે મારી બુદ્ધિ અલ્પ છે અથવા કાવ્ય–કૌશલ્ય ઓછું છે અને નાટક મહાન છે, એનું હું ક્યાં સુધી વર્ણન કરું? ૪.

**अर्थ :**—यदि कोई अकेला योद्धा अपने बाहुबलके द्वारा चक्रवर्तीके दलसे लड़े, तो वह कैसे जीत सकता है? अथवा कोई जलतारिणी विद्यामें कुशल मनुष्य स्वयंभूरमण समुद्रको तैरना

चाहे, तो कैसे पार पा सकता है? अथवा कोई उद्योगी मनुष्य मनमें उत्साहित होकर विधाता जैसा काम करना चाहे, तो कैसे कर सकता है? उसी प्रकार मेरी बुद्धि अल्प है वा काव्य-कौशल कम है और नाटक महान् है, इसका मैं कहाँ तक वर्णन करूँ।।४।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આહાહા! કોઈ એકાકી સુભટ પોતાનાં બળ વડે ચક્રવર્તીની સેનાની સાથે લડે. ચક્રવર્તીની સેનાની સાથે. ૯૬ કરોડ પાયદળ એની સાથે એકાકી સુભટ લડે, કહે છે. जैसैं कोऊ परवीन तारु भुजभारू नर, જળનો કુશળ, જળતરણમાં—જળના તરવામાં કુશળ એવો તારુ, तरै कैसे स्वयंभूरमन सिंधु तरनौ. સ્વયંભૂરમણ દરિયો તરવો, આહાહા! જેમ એ ઘણું જ અશક્ય છે. जैसैं कोऊ उद्दमी उछाह मनमांहि धरै—કોઈ પુરુષાર્થથી મનમાં ઉત્સાહ ધરીને, करै कैसै कारज विधाता कैसौ करनौ. દૃષ્ટાંત લીધા છે. કોણ કરે? વિધાતા કોણ? ઈ આત્માની વાત કેટલી શું કરે! કહે છે. સમજાણું કાંઈ?

तैसैं तुच्छ मति मोरी तामैं कविकला थोरी. મારી મતિ થોડી છે. મેં સમયસાર નાટકનું વર્ણન કર્યું. મારી કવિકળા પણ થોડી છે. नाटक अपार—ભગવાન આત્માનો સ્વભાવ અગમ્ય અપાર, मैं कहांलौं याहि वरनौ—કેટલું એનું વર્ણન કરું કહે છે. હવે એની વાત જરી ઝીણી આવી હવે. જીવ નટનો મહિમા. ભગવાન આત્મા એક એક આત્મા, શરીરનાં રજકણો અને પુણ્ય પાપનાં વિકલ્પોથી પાર—જુદો, આહાહા! એવો જે આત્મા પોતે સ્વરૂપ... કેવું છે એ જીવ નટનું સ્વરૂપ?

જીવ-નટનો મહિમા (સવૈયા એકત્રીસા)

जैसै वट वृच्छ एक, तामैं फल हैं अनेक,
फल फल बहु बीज, बीज बीज वट है।
वटमांहि फल, फल मांहि बीज तामैं वट,
कीजे जो विचार, तौ अनंतता अघट है।।
तैसै एक सत्तामैं, अनंत गुन परजाय,
पर्जैमैं अनंत नृत्य तामैंऽनंत ठट है।
ठटमैं अनंत कला, कलामैं अनंत रूप,
रूपमैं अनंत सत्ता, ऐसौ जीव नट है।।५।।

**अर्थ :**—જેવી રીતે એક વડના ઝાડ પર અનેક ફળ હોય છે, પ્રત્યેક ફળમાં ઘણા બીજ અને પ્રત્યેક બીજમાં પાછું વડના ઝાડનું અસ્તિત્વ રહે છે અને બુદ્ધિથી વિચારવામાં આવે તો પાછું

તે વડવૃક્ષમાં ઘણા ફળ અને પ્રત્યેક ફળમાં અનેક બીજ અને પ્રત્યેક બીજમાં વડવૃક્ષની સત્તા પ્રતીત થાય છે. આ રીતે વડવૃક્ષની અનંતપણાનો છેડો-પત્તો મળતો નથી. તેવી જ રીતે જીવરૂપી નટની એક સત્તામાં અનંતગુણ છે, પ્રત્યેક ગુણમાં અનંત પર્યાયો છે, પ્રત્યેક પર્યાયમાં અનંત નૃત્ય છે, પ્રત્યેક નૃત્યમાં અનંત ખેલ છે પ્રત્યેક ખેલમાં અનંત કળા છે અને પ્રત્યેક કળાની અનંત આકૃતિઓ છે,—આ રીતે જીવ ઘણું જ વિલક્ષણ નાટક કરનાર છે. ૫.

**अर्थ :–**जिस प्रकार एक वटके वृक्षमें अनेक फल होते हैं, प्रत्येक फलमें बहुतसे बीज तथा प्रत्येक बीजमें फिर वट वृक्षका अस्तित्व रहता है, और बुद्धिसे काम लिया जावे तो फिर उस वट वृक्षमें बहुतसे फल और प्रत्येक फलमें बहुतसे बीज और प्रत्येक बीजमें वट वृक्षकी सत्ता प्रतीत होती है, इस प्रकार वट वृक्षके अनंतपनेको थाह नहीं मिलती। उसी प्रकार जीवरूपी नटकी एक सत्तामें अनंत गुण हैं, प्रत्येक गुणमें अनंत पर्यायें हैं, प्रत्येक पर्यायमें अनन्त नृत्य हैं, प्रत्येक नृत्यमें अनन्त खेल हैं, प्रत्येक खेलमें अनन्त कलाएँ हैं, और प्रत्येक कलाकी अनन्त आकृतियाँ हैं, इस प्रकार जीव बहुत ही विलक्षण नाटक करनेवाला है॥५॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जैसै वट वृच्छ एक–જેમ વડનું ઝાડ એક, तामैं फल है अनेक. ઝાડ એક અને ફળ અનેક. फल फल बहु बीज–ફળ ફળમાં ઘણાં બીજ વડના. बीज बीज वट है. બીજ.. બીજ. એક આખો વડ. આહાહા! वटमांहि फल. પાછા એ વડમાં પાછા ફળ, એ ફળમાંય વળી બીજ. तामैं पाछा वट–વડ. कीजै जो विचार, तौ अनंतता अघट है. અઘટ ક્યાંય એનો અંત આવે નહીં. એટલાં એક વડ, એના બીજ, એના એક એક બીજે વડ અને એક એક વડમાં પાછી બીજ અને એક એક બીજે પાછા વડ આહાહા! એટલી શક્તિ, એક એક વડમાં અને એક એક એના બીજમાં.

तैसै एक सत्ता–ભગવાન આત્મા. હવે આંહીં ઊતારે છે. આત્માનું હોવાપણું ભગવાન ચૈતન્યધ્રુવ એક સત્તા અને અનંતગુણ. આત્મા છે એક સત્તા, એકરૂપે, એક હોવાપણે પદાર્થ. પણ એની ગુણની–શક્તિની સંખ્યા અનંત છે અને એના એક-એક ગુણની અનંતી પર્યાય છે. આહાહા! પર્યાય એટલે અવસ્થા. पर्जैमैं अनंत नृत्य. લાંબી વાત છે ઘણી. એક-એક પર્યાયમાં અનંત નૃત્ય. જ્ઞાનની એક પર્યાય ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી એક સમયની પર્યાયમાં અનંતા નાચ છે. સમજાણું કાંઈ? पर्जैमैं अनंत नृत्य तामैंऽनंत ठट. એ જ્ઞાનની એક પર્યાયમાં અનંત નાચ અને નાચમાં એક-એકમાં અનંત થાટ ભર્યા છે.

સ્વભાવનો સાગર ભગવાન ચૈતન્ય સ્વયંભૂરમણ સમુદ્ર એ તો ક્ષેત્રથી અસંખ્ય યોજનમાં છે. આ તો અનંત ભાવથી ભરપૂર એવો ભગવાન આત્મા છે. હવે એવા

આત્માની એને માહાત્મ્યની ખબર નથી એને. રાગ જેવો ગણી નાખ્યો એને. સમજાણું કાંઈ? ભિખારી જેવો. પૈસા લાવો, આબરૂ લાવો, દેખાવથી અમને મોટા કહો. અરેરે! એવો તું નથી ભગવાન! મહાપ્રભુ છો! તારી તને ખબર નથી. આહાહા! આત્મસત્તા એક, જેમ વડ એક એમ સત્તા એક. એમાં બીજ અનેક એમ ગુણ અનેક અને એક એક ગુણની પાછી અનંતી અવસ્થાઓ—દશા અનાદિ અનંત. અને એક-એક અવસ્થામાં અનંત અનંત જાણવાનો નૃત્ય છે. આહાહા! એક પર્યાયમાં દ્રવ્ય જણાય, ગુણ જણાય, પર્યાય જણાય, ત્રણકાળ જણાય એ બધું એક પર્યાયમાં એવો નાચ થઈ રહ્યો છે. અને એ નૃત્યમાં થટ છે. એ પર્યાયમાં અનંતી સંપદાનો ઠાઠ ભર્યો છે. ઓલામાં લખ્યો છે વિસ્તાર કર્યો છે ભાઈએ દીપચંદજીએ. 'અધ્યાત્મ તરંગિણી'માં કર્યો છે એને. લાંબી ઘણી વાત છે એમાં.

ठटमैं अनंतकला. આહાહા! એક-એક પર્યાયમાં અનંતાગુણો અને અનંતી પર્યાય જણાય અને એક-એક પર્યાયમાં અનંતો ઠાઠ ભર્યો છે અને એક-એક ઠાઠમાં અનંતી કળા છે એની. આહાહા! દ્રવ્યની કળા, ગુણની કળા, પર્યાયની કળા, એના અવિભાગ પ્રતિચ્છેદની કળા ભરેલી છે. कलामैं अनंतरूप. એક-એક કળામાં અનંત એનું સ્વરૂપ છે. અને સ્વરૂપમાં અનંતી સત્તા. એક-એક સ્વરૂપમાં અનંતુ હોવાપણું છે. આહાહા! ऐसौ जीव नट है. આવો ભગવાન નટ! પોતાની જાતને જાણ્યા વિના અજ્ઞાનથી ચોર્યાશીનાં અવતારમાં રખડી રહ્યો છે. બૂડીને મરી ગ્યો બિચારો અનાદિથી, કહે છે. આવો બાદશાહ અને આવું સ્વરૂપ એનું હોવા છતાં, એ ચીજને જાણ્યા વિના, એની કિંમત કર્યા વિના અને આ પરની કિંમત થઈ એને વધારે. મારા કરતાં શરીર સારું. આ પૈસા સારા. આબરૂ સારી, પુણ્ય ને પાપના ભાવ ઠીક-અધિક, એવી પરની કિંમત કરતાં પોતાની કિંમત હારી ગ્યો છે ઈ. સમજાણું કાંઈ? આહા! ઐસો જીવ નટ બહુત વિલક્ષણ નાટક કરનેવાલા હૈ, એમ કહે છે. આહાહા!

ચોર્યાશીનાં અવતારમાં ક્યાં ક્યાં અવતાર ભેખ, રાગ અને દ્વેષ ને વિકલ્પની ધારા. કેટલી ભેખ કર્યા નરકમાં, નિગોદમાં. આહાહા! એવું નાટક, સ્વરૂપનાં અંતરના ભાન વિના, હું કોણ છું એની કિંમત કર્યા વિના, પોતાની ચીજની મહત્તા ને માહાત્મ્ય અને મોટપ જાણ્યા વિના. આહાહા! એણે પોતામાં સ્વભાવ નથી એવો વિભાવ નવો ઉત્પન્ન કરી અને નાટકમાં રમે છે ચોર્યાશીનાં અવતારમાં. આહાહા! ચોર્યાશી લાખનો નાગરિક—નટ, ચોર્યાશી લાખનો નાગરિક ન્યાં રખડનારો. આહાહા! પણ છે આવો છતાં એનું એને ભાન નથી.

ब्रह्मग्यान आकासमैं, उड़ै सुमति खग होइ।
यथा सकति उद्दिम करै, पार न पावै कोइ॥६॥

**અર્થ** :—બ્રહ્મજ્ઞાનરૂપી આકાશમાં જો શ્રુતજ્ઞાનરૂપી પક્ષી શક્તિ અનુસાર ઉડવાનો પ્રયત્ન કરે, તો કદી અંત પામી શકતો નથી. ૬.

**अर्थ** :—ब्रह्मज्ञानरूपी आकाशमें यदि श्रुतज्ञानरूपी पक्षी शक्ति अनुसार उड़नेका प्रयत्न करे, तो कभी अन्त नहीं पा सकता॥६॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

આહાહા! ભગવાન આત્મા જે પુણ્યના—દયા, દાન, વ્રતનાં વિકલ્પથી પણ જણાય એવો નહીં. આહાહા! જે ઈન્દ્રિયથી જણાય એવો નહીં, કાયા અને વાણીથી પણ જણાય એવો નહીં. આહાહા! અગમ વાત છે, ભાઈ! ब्रह्मग्यान आकासमैं—એ આત્માના જ્ઞાનરૂપી આકાશમાં, उड़ै सुमति खग होई—સુમતિરૂપી પંખી કોઈ ઊડે એમાં, પણ એ આકાશનો જેમ પાર ન આવે. આવે પાર? પંખી આમ ઉડીને જાય, આકાશ તો અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત છે. આકાશ અરૂપી એમાં પાર વિનાની અનંત ચીજ આકાશ લોક અને અલોકમાં વ્યાપક છે. પંખીણી ઊડીને ગમે ત્યાં સુધી જાય પણ એ આકાશનો અંત એ પામી શકે નહીં. આહાહા!

એમ સુમતિરૂપી ખગ—સાક્ષાત્ સમ્યગ્જ્ઞાનરૂપી પંખીણી એ આત્માની વાત કરવા માગે, ब्रह्मग्यान आकासमैं, यथा सकति उद्दिम करै. પોતાની શક્તિ પ્રમાણેનાં પુરુષાર્થ કરે પણ પાર ન પામે કોઈ. આહાહા! સમજાણું કાંઈ? કેવળજ્ઞાની પાર પામે. આહાહા! એવું ભગવાન આત્માનું સ્વરૂપ ઊંડું ઊંડું અનંત સામર્થ્યવાળું અને અનંત ધ્રુવતાથી ભરેલું અનંત ધ્રુવ ગુણ.... એવું જે તત્ત્વ એને કહે છે એ કહેવા માટે સુમતિરૂપી પંખીણી ઊડે તોય પાર આવે નહીં. આહા! કુમતિની તો વાત શું કરવી? આહાહા!

આવો આત્મા એણે કોઈ દિ' સાંભળ્યો નથી. અને આ ક્રિયા કરો ને આ કરો ને આ વ્રત કરો ને તપ કરો ને જાત્રા કરો ને પૂજા કરો, અપવાસ કરો. ધૂળમાંય નથી ત્યાં આત્મા. એ તો બધો કરે કરીને મરે છે. રાગ કરે અને મરે છે ચાર ગતિમાં રખડે છે. આહાહા! ભીખાભાઈ! આ બિચારા ઘણાંય કરે છે ને. આહાહા! રસને મૂકી દઈને મોટા કરોડપતિની વહુઓ, લ્યો, વરસીતપ કરે બિચારા. લાંઘણું છે. આ આત્મા કોણ છે એનું ભાન વિનાની એ બધી ક્રિયાઓ એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? આહાહા! જેને યથાશક્તિ ઉદ્યમ કરીને કહેવાય, પણ પાર શું વિકલ્પાતીત ચીજ છે ત્યાં. એ વિકલ્પ દ્વારા કેટલું લક્ષમાં લાવે—આવે અને વાણી દ્વારા કેટલું કહેવાય, કહે છે. એવો ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ તીર્થંકરદેવે જોયો—જાણ્યો, એવો આ દેહમાં ભગવાન એનો પાર ન આવે કહે છે વાણી દ્વારા. આહાહા!

ब्रह्मग्यान—नभ अंत न पावै. બ્રહ્મજ્ઞાન—આત્માનો જ્ઞાનરૂપી આકાશ, એનો અંત ન પાવે, કહે છે. सुमति परोछ कहांलौं धावै. આહાહા! કહે છે કે મતિજ્ઞાન છે પણ પરોક્ષ છે. સમજાણું કાંઈ? એવો બ્રહ્મ ભગવાન આત્મા, તીર્થંકરો, કેવળીઓએ પણ જેને જાણી જોયો ને અનુભવ્યો એ પણ વાણી દ્વારા પૂરું કહી શકે નહીં. આહાહા! એવા આત્માનું જ્ઞાન अंत न पावै. એ કહેવામાં એનો અંત આવે નહીં. सुमति परोछ कहांलौं धावै. પૂર્ણ સ્વરૂપ પ્રત્યક્ષ થયું નથી ત્યાં સુધી સુમતિની અપેક્ષાએ અહીંયા પૂર્ણસ્વરૂપ પ્રત્યક્ષ નથી એ અપેક્ષાએ એને પરોક્ષ કહેવામાં આવે છે.

ब्रह्मज्ञान-नभ अंत न पावै।
सुमति परोछ कहांलौं धावै।।
जिहि विधि समयसार जिनि कीनौं।
तिनके नाम कहौं अब तीनौं।।७।।

**અર્થ :—**બ્રહ્મજ્ઞાનરૂપ આકાશ અનંત છે અને શ્રુતજ્ઞાન પરોક્ષ છે, ક્યાં સુધી દોડ લગાવે? હવે જેમણે સમયસારની જેવી રચના કરી છે તે ત્રણેના નામ કહું છું. ૭.

**अर्थ :—**ब्रह्मज्ञानरूप आकाश अनन्त है और श्रुतज्ञान परोक्ष है, कहाँ तक दौड़ लगावेगा? जब जिन्होंने समयसारकी जैसी रचना की है उन तीनोंके नाम कहता हूँ।।७।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કહે છે કે આત્મા વસ્તુ પૂર્ણ આનંદ અને શાંતિનું ધામ એવું જ્ઞાનમાં ભાન આવ્યું. સમ્યગ્જ્ઞાન થયું તો પણ પરોક્ષ જ્ઞાન છે એ પૂર્ણને પહોંચી શક્યું નથી. એવી सुमति परोछ कहांलौं धावै, जिहि विधि समयसार जिनि कीनौं. એવા સમયસારને જેણે કહ્યો કર્યો અને કહ્યો, तिनके नाम कहौं अब तीनौं. આહાહા! છે આવું છતાંય એને આચાર્યોએ કહ્યું, કહે છે.

(સવૈયા એકત્રીસા)

कुंदकुंदाचारिज प्रथम गाथाबद्ध करि,
समैसार नाटक विचारि नाम दयौ है।
ताहीकी परंपरा अमृतचंद्र भये तिन,
संसकृत कलस सम्हारि सुख लयौ है।।
प्रगट्यौ बनारसी गृहस्थ सिरीमाल अब,
किये हैं कवित्त हियै बोधिबीज बयौ है।

सबद अनादि तामैं अरथ अनादि जीव,
नाटक अनादि यौं अनादि ही कौ भयौ है॥८॥

**અર્થ :—**આને પહેલાં સ્વામી કુંદકુંદાચાર્યે પ્રાકૃત ગાથા છન્દમાં રચ્યું, અને સમયસાર નામ રાખ્યું. તેમની જ રચના પર તેમની જ આમ્નાયના સ્વામી અમૃતચંદ્રસૂરિ સંસ્કૃતભાષાના કળશ રચીને પ્રસન્ન થયા. પછી શ્રીમાળ જાતિમાં પંડિત બનારસીદાસજી શ્રાવકધર્મના પ્રતિપાલક થયા, તેમણે કવિત્તોની રચના કરીને હૃદયમાં જ્ઞાનનું બીજ વાવ્યું. આમ તો શબ્દ અનાદિ છે જીવ અનાદિ છે, નાટક અનાદિ છે, તેથી નાટક સમયસાર અનાદિકાળથી જ છે. ૮.

**अर्थ :—**इसे पहले स्वामी कुन्दकुन्दाचार्यने प्राकृत गाथा छन्दमें रचा और समयसार नाम रक्खा। उन्हींकी कृति पर उन्हींके आम्नायी स्वामी अमृतचन्द्रसूरि संस्कृत भाषाके कलश रचकर प्रसन्न हुए। पश्चात् श्रीमाल जातिमें पण्डित बनारसीदासजी श्रावकधर्म प्रतिपालक हुए, उन्होंने कवित्त रचना करके हृदयमें ज्ञानका बीज बोया। यों तो शब्द अनादि है उसका पदार्थ अनादि है, जीव अनादि है, नाटक अनादि है, इसलिये नाटक समयसार अनादि कालसे ही है॥८॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ભગવાન 'કુંદકુંદાચાર્ય' મુનિ દિગંબર સંત સંવત ૪૯માં લગભગ, ભરતક્ષેત્રમાં નગ્ન દિગંબર મુનિરાજ હતા. આચાર્ય હતા. એ ભગવાન 'સીમંધર' પરમાત્મા પાસે ગયા હતા. પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં અત્યારે. ત્રણકાળ અને ત્રણલોકનું જ્ઞાન ને સો ઈન્દ્રોથી પૂજનિક. પુણ્ય એટલાં ને જ્ઞાનેય પૂરાં, એમ. એવા પરમાત્મા અત્યારે શરીર સહિત કેવળજ્ઞાની પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં ૫૦૦ ધનુષનો દેહ છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. એમની પાસે 'કુંદકુંદઆચાર્ય' મુનિ ગયા હતા. આઠ દિન રહ્યા'તા. આહાહા! એમણે ગાથાબદ્ધ આ 'સમયસાર' બનાવ્યું. કહો, સમજાણું કાંઈ? અને તેમનું નામ વિચારી समैसार नाटक विचारी नाम दयौ. સમયસાર—સમય-સમ્યક્ પ્રકારે પરિણમવું અને જાણવું એવું જે આત્માનું સ્વરૂપ એને સમય કહીએ અને સાર નામ પુણ્ય ને પાપનાં રાગરહિત એવા સમયસાર વિચારીને નામ એનું આપ્યું છે.

આ પ્રશ્ન કર્યો'તો વિદ્યાનંદજીએ ત્યાં દિલ્હીમાં. કે આ સમયસાર કેમ નામ આપ્યું કહ્યું ખબર છે? એ હું શોધું છું. વિદ્યાનંદજી છે ને ઈંદોર. ત્યાં એને પ્રશ્ન ચાલ્યો'તો અંદર ખાનગી બેઠા દિલ્હીમાં ચાર માણસ. કે આ સમયસાર કેમ નામ આપ્યું? સમય તો વસ્તુ સમ્યક્ જ્ઞાન અને પરિણમન એવું એનું સ્વરૂપ છે. જે જ્ઞાનરૂપે રહી અને જ્ઞાનરૂપે પરિણમે. સમ્યક્ પ્રકારે આત્મા આનંદમૂર્તિ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યનો પુંજ એ આત્મા; એ જ્ઞાનનું પરિણમવું અને જ્ઞાનરૂપે રહેવું એવું એનું સ્વરૂપ સમયસાર નામ આપ્યું.

ગાથામાં છે ને, એકત્વ નિશ્ચયગત. આહાહા! અર્થ જ એવો છે ને. સમ્યક્ પ્રકારે એકસાથે એક સમયમાં પરિણમવું થાય અને એક સમયમાં જાણવું થાય એવો જો હોય તે આત્મા પદાર્થ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સેકન્ડનાં અસંખ્ય ભાગમાં જાણે પણ છે અને પરિણમે પણ છે. જડ આ રજકણમાં જાણવું નથી, પરિણમવું છે. સમજાણું કાંઈ? અવસ્થા થાય છે આમાં જડની. જુઓને, આ શરીરની અનેક પ્રકારની અવસ્થા થાય. એ તો માટીને લઈને જડની અવસ્થા છે. આ કંઈ આત્માની નથી. આહા!

મોળો પડી ગયો છું તે જરીક... આ ભાઈ મળ્યા'તા હરગોવિંદભાઈ દાક્તર. કે મોળો પડી ગયો છું તે જરીક શિયાળામાં આવું. મેં કીધું, મોળો પડી ગયો પણ કોણ આમાં! (શ્રોતા : શરીરથી એકતા છે ને). એમ કે મોળો પડી ગયો છું, તે થોડું આ શિયાળાની હવા ખાઈ લઉં. સારું છે. અરે, મોળો પડી કોણ ગ્યો આમાં? શરીર મોળું પડ્યું, આત્મા મોળો પડ્યો કે કોણ મોળો પડ્યો? આહાહા! શરીરની અવસ્થા એ પ્રકારે જ ત્યાં છે એને મોળી કેમ કહેવી? એ તો છે જ એ પ્રકારે થવાની છે. પક્ષઘાત થાય, હાથ અટકી જાય. એ તો જડની અવસ્થા છે એ પ્રમાણે જ થાય. એમાં તારી રાખી રહે નહીં અને તારી ટાળી ટળે નહીં. એ જ પ્રમાણે થાય એ તને ખબર નથી. આહાહા! એમ કે આપણે મોળું પડ્યો છું માટે... કીધું, ભાઈ મોળો કોણ પડ્યો? કીધું. શરીર એ જ પોતાનું માન્યું છે. શરીર એ જ હું. એ મોળો પડ્યો એટલે હું મોળો પડી ગયો. આ માટી—જગતનાં તત્ત્વો જડની-પુદ્‌ગલની એમાં શક્તિ કાંઈ ઘટી એટલે કે હું મોળો પડી ગયો. આરે! હવે મારી નાંખ્યા છે ને. શરીરની દૃષ્ટિએ હું, એની હયાતિએ મારી હયાતિ. એની અનુકૂળતાએ મને અનુકૂળતા અને પ્રતિકૂળતાએ મને પ્રતિકૂળતા. ગજબ કર્યું છે ને!

(શ્રોતા : આ જ સ્થિતિ) આ સ્થિતિ છે. ભાઈને કંઈક ત્યાં ગ્યા'તા નવનીતભાઈને. મહારાજ! હમણાં તો પર્યાયબુદ્ધિ છે, એમ બોલ્યા પહેલા. પર્યાયબુદ્ધિ આ શરીરમાં કેમ થાય એ આ લક્ષ ન્યાં જાય. આહા! શું થાય? બાપા! આ તો જડ પરમાણુ એક એક રજકણ આનો પોઈન્ટ. આ (શરીર) તો ઘણાં રજકણોનો દળ છે. એક નથી. ઘણાં રજકણોનો પિંડ છે. એક-એક રજકણની અવસ્થા પરિણમન તેને કાળે તે સમયની તેને કારણે થાય છે. એ આત્મામાં નહીં ને આત્માથી નહીં. આત્મામાં નહી અને આત્માથી નહીં. કેમ બેસે. એકમેક કરી રાખ્યું છે ને આમ જાણે. આહાહા! એને રોગ, તો કહે મને રોગ. એને નિરોગતા શરીરમાં તો હું નિરોગ થયો. આરે,! અરે ભગવાન! તું તો અંદર ચીજ જ જુદી તારી છે ને. આ રજકણે રજકણ માટીના ધૂળથી તારું તત્ત્વ જુદું છે.

કહે છે, એવા સ્વરૂપને 'કુંદકુંદઆચાર્યે' 'સમયસાર' બનાવીને સમયસાર નાટકનું

નામ આપ્યું. વાચક શબ્દો છે ને એ બધાય. વાચ્ય તો ભગવાન આત્મા છે. આવો આત્મા. समैसार नाटक विचारी नाम दयौ એમ લખ્યું છે બનારસીદાસે. કારણ કે સમય—સમ્યક્ પ્રકારે અય. અય એટલે ગમન અને અય એટલે જ્ઞાન. ગમન અને જ્ઞાન. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ જાણે અને પરિણમે એવું એ તત્ત્વ છે. તે રાગરૂપે પરિણમે કે શરીરનું કાંઈ કરે એવું એ તત્ત્વ છે જ નહીં. સમજાય છે કાંઈ? એ વસ્તુ ભગવાન આત્મા એ જાણવારૂપે થાય. અને થાય અને તેનું પરિણમન પણ તે જ કાળે, એવી ચીજ હોય તે આત્મા છે. આહાહા! એવા આત્માને શાસ્ત્ર શબ્દ દ્વારા બનાવ્યો, લખ્યો અને એનું નામ આપ્યું સમયસાર નાટક, લ્યો. આંહીં તો એમ સમયસાર નાટક પોતે આપ્યું એમ કહે છે. (શ્રોતા : કુંદકુંદ આચાર્યે વિચારીને) વિચારીને.

ताहीकी परंपरा अमृतचंद्र भयै तिन. એની પરંપરામાં 'અમૃતચંદ્રઆચાર્ય' મુનિ થયા દિગંબર સંત, વનવાસી. આહાહા! આવું સ્વરૂપ કહ્યું એની પરંપરામાં. કહે છે, 'અમૃતચંદ્રઆચાર્ય' થયા. આ શાસ્ત્રનાં કર્તાની વ્યાખ્યા. ઓલા (અન્યમત) કહે છે ને, દ્વૈત છે એ ઈશ્વરની વાણી છે. એટલે કોઈ ઈશ્વર એમ... છે એટલું. અપુરુષ કર્તા. કોઈ પુરુષ નથી એમ કરીને. એમ નથી. આ શાસ્ત્રનાં કર્તા નિમિત્તપણે હોય છે. ભગવાન 'કુંદકુંદઆચાર્ય' મુનિ, તીર્થંકરનાં કેડાયત, સર્વજ્ઞ પરમેશ્વરનાં કેડે ચાલનારા આચાર્ય. એમણે આ સમયસાર નાટક બનાવ્યું. અલૌકિક વાત! આ ભરતક્ષેત્રનું અદ્વૈતચક્ષુ! અજોડ શાસ્ત્ર! જેની તુલનામાં અત્યારે કોઈ બીજું શાસ્ત્ર નથી એવું શાસ્ત્ર છે ઈ.

અરે, એને સંભળાવાય એને મોખ ન મળે. તું કોણ છો? ક્યાં છો કેવડો એણે જણાવ્યો. એને જાણવાનો મોખ, સાંભળવાનો મોખ ન મળે. આહાહા! અને સાંભળીને પછી ઈ આ રીતે છે. જ્ઞાન અને જ્ઞાનનું પરિણમન થનારો એ આત્મા, રાગરૂપે થવું કે રાગરૂપે પરિણમવું એ આત્મા નહીં. સમજાણું કાંઈ? એ તો જાણવારૂપે થાય અને પરિણમે, એ એનું કાર્ય, એ જ આત્મા. આહાહા! આવો આત્મા જ્યાં સુધી દૃષ્ટિમાં, અનુભવમાં ન આવે ત્યાં સુધી એને ધર્મ કિંચિત્ થાય નહીં. વ્રત પાળે, તપ કરે, મરી જાય સૂકાઈને, દાન કરે કરોડોનાં, મંદિરો બનાવે લાખો ને કરોડોના. એમાં એને કાંઈ ધર્મ જેવી ગંધ નથી. એ તો પરવસ્તુ છે. એમાં કદાચિત વિકલ્પ હોય રાગની મંદતાનો તો એ પુણ્ય છે, એ કંઈ આત્મા નહીં. આહાહા! સમજાણું કાંઈ?

એવા ભગવાન કુંદકુંદ આચાર્ય એમણે વિચારીને આ ગ્રંથનું નામ સમયસાર આપ્યું. એની પરંપરામાં સંત પાક્યા 'અમૃતચંદ્રઆચાર્ય.' તેમણે संसकृत कलस सम्हारि. સંસ્કૃત કળશ બનાવ્યા. આ એનું છે ને એટલે. ટીકા બનાવીને વ્યાખ્યા કરી. આ તો કળશ

બનાવ્યા. જેમ દેરાસર ઉપર કળશ હોય છે, એમ ટીકા ઉપર કળશ બનાવ્યા. कलस सम्हारि सुख लयौ है. એ કળશ બનાવ્યા અને આનંદને પામ્યા છે. એમણે કહ્યું છે કે આ ટીકા કરતા મને પૂર્ણ શુદ્ધિની પ્રાપ્તિ હો. વિકલ્પ હો ભલે, પણ અંતર આત્મા તરફનું ઘોલન છે એટલે એને કહે છે કે કળશો બનાવ્યા એમાં સુખને પામ્યા. અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ એનો અનુભવ તો હતો. મુનિ હતા, સંત હતા, દિગંબર હતા, વનવાસી હતા. પણ જયારે આ કળશ બનાવ્યું એટલે વધારે અંદર ઘોલનમાં શાંતિ ને આનંદને પામ્યા.

प्रगट्यौ बनारसी गृहस्थ. એમાં કહે છે કે હું એક બનારસી નામનો ગૃહસ્થ કાશીમાં પાક્યો. ખુલાસો કરવો પડ્યો. ગૃહસ્થ. ઓલા બે મુનિ હતા, એમ. આહાહા! સમજાણુ કાંઈ? प्रगट्यौ बनारसी गृहस्थ सिरीमाल अब. શ્રીમાળ જાતિમેં... શ્રીમાળ જાતિ હતી. पण्डित बनारसीदासजी श्रावकधर्म प्रतिपालक हुए, લો. किये हैं कवित्त हियै बोधिबीज बयौ है. એમણે આ કવિતા બનાવી. किये हैं कवित्त हियै बोधिबीज बयौ है. અંદર સમ્યગ્જ્ઞાનરૂપી બોધબીજ પ્રગટ્યું છે. આહાહા! અમે આનંદ છીએ, શુદ્ધ ચૈતન્યમૂર્તિ છીએ. એવું રાગથી ભિન્ન પડીને સ્વ સંવેદનનું જ્ઞાન બોધબીજ પ્રગટ્યું છે. સમજાણું કાંઈ? ઓલા બે મુનિ હતા ખરા ને. એટલે અમે ગૃહસ્થ અને બોધિબીજવાળા છીએ એટલું સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ? આહાહા!

किये हैं कवित्त. ભાષા તો એમ બોલાય ને. કવિત કિયા. સમજાવવું શી રીતે? નિમિત્તપણે કર્તા બતાવવું છે ને. કથનમાં શું આવે? ત્યાં બધા વળગે કે જુઓ એમણે કર્યું. તો 'સમયસાર' નાટક 'કુંદકુંદઆચાર્યે' કર્યું છે. એ કહ્યું છે તો શું અર્થ? કળશ એકલા 'અમૃતચંદ્રઆચાર્યે' કર્યા, એ તો નિમિત્તનું કથન છે. એમાં કથનની પદ્ધતિ વખતે નિમિત્ત કોણ હતું, એનું જ્ઞાન કરાવ્યું છે. નિમિત્તથી થયું નથી આહાહા! વાણીની રચના, આગળ કહેશે ઈ, વાણીને કારણે થઈ છે. આ વાણી તો અનાદિની.... વાત કહેશે. શબ્દે શબ્દ અનાદિ વાણી જગમાંહિ પડી છે. એ વાણીથી પરિણમન થાય. આત્મા એનો કર્તા વાણીનો નથી. આહાહા! ભારે વાણી ભાઈ! અવાજ ઊઠે છે. આ તો જડ છે. ભગવાન તો અરૂપી ચૈતન્યઘન છે આત્મા. જ્ઞાનનો સાગર આનંદનો ભરપૂર ભરેલો ભગવાન છે. આહાહા! એવો આત્મા એમણે આ કવિત્તપણે રચ્યા, એમ એ નિમિત્તનું કથન છે. સમજાણું કાંઈ?

गृहस्थ सिरीमाल अब, किये हैं कवित्त हियै. જ્ઞાનમાં અંતરમાં બોધબીજ ઉગ્યું છે, કહે છે. આહાહા! બોધિબીજ. જ્ઞાનનું બીજ બોયા હૈ. વાવ્યું છે એ ફાટીને કેવળજ્ઞાન

થવાનું છે, એમ કહે છે. અમે ચૈતન્ય છીએ, આનંદ છીએ. અને દયા, દાન, વ્રતનાં વિકલ્પના પણ અમે કર્તા નહીં, એ અમારી ચીજ નહીં. એવું આત્મામાં સમ્યગ્જ્ઞાનરૂપી બીજ વાવ્યું છે, કહે છે. કહો, સમજાણું કાંઈ? सबद अनादि तामैं अरथ अनादि. કહે છે, શબ્દો તો અનાદિનાં છે. ભાઈ!

'सिद्धो वर्णसमाम्नायः.' આવે છે ને ઈ એમાં 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. (શ્રોતા : .....) તે એ પહેલાં ક્ષયોપમશમમાં આવતું'તું. પહેલા જયારે ભણવા ગયા ને પહેલા અમે નાના બાળક હતા. ત્યારે માસ્તર હતા નથુ માસ્તર કરીને. આ તો પોણોસો વરસ પહેલાંની વાત છે. છ વરસની ઉંમર એ ૬-૭ ની. ત્યારે પોણોસો પહેલે. તે આ પહેલું સૂત્ર આપ્યું એ ધૂળી નિશાળ હોય ધૂળી. ધૂળી નિશાળ એટલે સમજયાને? ધૂળમાં લખાણ લખાવે. પહેલું આ આપ્યું સૂત્ર. (શ્રોતા : પાટી પર ગેરુ...) ગેરુ નહીં ... અમથો બોલાવતા હતા આ. તો ધૂળમાં લખે. 'सिद्धो वर्णसमाम्नायः' આ શબ્દ આપ્યો'તો પહેલો, લ્યો. પોણોસો વર્ષ પહેલાંની વાત છે. તમારે વખતે એ બધું નહોતું. હવે ફરી ગ્યું બધું એ તો. ઈ શબ્દ 'મોક્ષમાર્ગપ્રકાશક'માં છે. (શ્રોતા : .....) હા. એ અમારે પહેલો પહેલો મને મળ્યો'તો ને ખબર છે. બરાબર મોઢે કરાવ્યો'તો. સિદ્ધો વર્ણ.. છે ને આમાં મોક્ષમાર્ગમાં, નથી? છે ને આમાં.

(શ્રોતા : .....) હા, ઈ. પરંપરા વર્ણવી છે ને. જુઓ. 'सिद्धो वर्णसमाम्नायः.' શબ્દ છે ૧૧મે પાને. મોક્ષમાર્ગમાં. વર્ણ ઉચ્ચારનો સંપ્રદાય સ્વયંસિદ્ધ છે. અક્ષરોની ઉત્પત્તિ અને બનાવવું એ સ્વયંસિદ્ધ છે. એનો કોઈ આત્મા-બાત્મા કર્તા છે નહીં. આહાહા! એ પહેલું શીખવતા. જેઠાભાઈ! આ તમારે તો આ શહેરમાં બીજું હશે. અમારે તો ધૂળી નિશાળ પહેલે ગયેલા ને. છ વરસની ઉંમર હશે એમ લાગે છે. ૭૬ વર્ષ પહેલાંની વાત છે. પહેલો આ શબ્દ આપેલો. નથુ માસ્તર હતા. બીજો એક મણિ હતો મણિલાલ ભોળો ભોટિયો. તે આ બિચારાને આ આપે. આ ભણવા જાય ને એ બધા લોટ આપે. એમાં આજીવિકા કરે. તે દિ' તો આજીવિકા બીજી વસ્તાર હતી નહીં ને. सिद्धो वर्णसमाम्नायः વર્ણની સંપદા અક્ષરની અનાદિની છે. સ્વયંસિદ્ધ છે.

આંહીં કહે છે, શબ્દ અનાદિ, આ વાણી અનાદિની છે. ક્ષણે ક્ષણે એનું પરિણમન થાય છે, એ પરમાણુનો પરિણમનનું એનો કાળ છે તે શબ્દ ઉઠે છે. सबद अनादि तामैं अरथ अनादि. એમાં કહેવાનો જે ભાવ છે એ પણ એમાં અનાદિ પડ્યો જ છે એમાં. આહાહા! કહો, સમજાણું? જીવ અનાદિ. ભગવાન આત્મા પણ અનાદિનો છે. છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે. અનાદિનો છે ઈ તો. नाटक अनादि, લ્યો. નાટક આનું

પરિણમવું, બદલવું, રખડવું એ પણ અનાદિનું છે અને મોક્ષનું થવું એ પણ અનાદિનું છે એમ કહે છે જીવનું. મોક્ષ જનારાય અનાદિના છે કે નહીં? સાધક જીવેય અનાદિના. બાધકે ય રખડનારા અનાદિના. બધા અનાદિના છે એમ કહે છે. સમજાણું કાંઈ? नाटक अनादि यौं अनादि ही कौ भयौ है, લો. इसलिये नाटक समयसार अनादि कालसे ही है. આ કર્તા નિમિત્તપણે ત્રણ કહ્યા પણ છે આ અનાદિનો એમ પાછું સિદ્ધ કર્યું. એ તો વચમાં નિમિત્તની વાત કરી. આહાહા! सुकवि लक्षण હવે.

સુકવિનું લક્ષણ (ચોપાઈ)

अब कछु कहौं जथारथ वानी।
सुकवि कुकविकी कथा कहानी।।
प्रथमहिं सुकवि कहावै सोई।
परमारथ रस वरनै जोई।।९।।
कलपित बात हियै नहिं आनै।
गुरुपरंपरा रीति बखानै।।
सत्यारथ सैली नहिं छंडै।
मृषावादसौं प्रीति न मंडै।।१०।।

**અર્થ :**—હવે સુકવિ અને કુકવિની થોડીક વાસ્તવિક ચર્ચા કરું છું. તેમાં સુકવિની પ્રથમ શ્રેણી છે. તેઓ પારમાર્થિક રસનું વર્ણન કરે છે, મનમાં કપોળકલ્પના કરતા નથી અને ઋષિ–પરંપરા અનુસાર કથન કરે છે. સત્યાર્થ–માર્ગને છોડતા નથી અને અસત્ય કથનમાં પ્રેમ જોડતાં નથી. ૯–૧૦.

**अर्थ :**—अब सुकवि कुकविकी थोड़ीसी वास्तविक चर्चा करता हूँ। उनमें सुकविकी प्रथम श्रेणी है। वे पारमार्थिक रसका वर्णन करते हैं, मनमें कपोल-कल्पना नहीं करते और ऋषि-परम्पराके अनुसार कथन करते हैं। सत्यार्थ-मार्गको नहीं छोड़ते और असत्य कथनसे प्रीति नहीं जोड़ते।।९-१०।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

જુઓ, આ સુકવિ આવા હોય. સમકિતી સુકવિ આવા હોય એનું વર્ણન છે.

अब कहौं कछु जथारथ वानी. સુકવિ યથાર્થ વાણીમાં નિમિત્ત હોય છે, એમ કહે છે. કુકવિની કથા અને કુકવિ કેવા હોય છે એનું કહું છું. प्रथमहिं सुकवि कहावै सोई परमारथ रस वरनै जोई. જયાં પરમાર્થ ભગવાન આત્માના રસનું વર્ણન કરે, આહાહા! એને પરમાર્થે સુકવિ કહેવામાં આવે છે. આહા! સમજાણું કાંઈ? બધા વ્યંગ અને લિંગ

બનાવે છે ને કવિઓ. આ તો પોતાનો આત્મા અતીન્દ્રિય આનંદનો રસ અને જ્ઞાનના સ્વભાવથી ભરપૂર એવા પરમાર્થ રસને વર્ણવે એ સુકવિ કહેવાય. આહાહા! સમજાણું કાંઈ? છે ને? પરમાર્થ રસનાં જ વર્ણન કરે. પરમાર્થરસ. આત્માનાં જ્ઞાનમાં એકાકાર થવું એ પરમાર્થરસ છે. આહાહા! ઈ ધર્મ છે. એનું વર્ણન સુકવિ કરે. परमारथ रस वरनै जोई.

સુકવિ તો એને કહીએ કે જે કવિતામાં ભગવાન આત્માના આનંદનું એકત્વ થાય, શુદ્ધતામાં એકતા થાય એવા રસનું વર્ણન સુકવિ કરે. સમજાણું કાંઈ? રસની વ્યાખ્યા– એક જ્ઞેયમાં લીન થવું ને બીજા જ્ઞેયનો વિકલ્પ ન થવો એનું નામ રસ. સ્વજ્ઞેય ભગવાન આત્મા, વર્તમાન જ્ઞાનની પર્યાયનો જ્ઞેય એટલે ધ્રુવ તત્ત્વ એના રસનું વર્ણન કરે ઈ સુકવિ કહેવાય. આહાહા! જેના આત્માનો રસ ઉત્પન્ન, આનંદ રસ ઉત્પન્ન થાય એટલે વીતરાગભાવ ઉત્પન્ન થાય. આહાહા! સમ્યગ્દર્શન એ પણ વીતરાગભાવ છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એ વીતરાગીદશા છે. એ આત્મામાં એકાકારની દશા છે. સ્વભાવના રસની દશા છે. આહાહા! આ રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપનાં વિકલ્પો એ તો વિકારી ઝેર રસ છે. આહાહા! સમજાણું કાંઈ? ધર્મી સુકવિ એવા હોય કે જે આત્માનો આનંદ અને જ્ઞાનસ્વરૂપ ભગવાન એમાં એકાકાર થાય અને એક જ્ઞેયને પકડીને લીન થાય એવા રસની વાત સુકવિ કહે. આહાહા!

ધર્મીનો ઉપદેશ આવો હોય એમ કહે છે. આ તો કવિની વાત કરે છે, પણ કવિ પણ ઉપદેશ કરે છે ને ઈ જાતનો કવિ. એમ ઉપદેશકનો ધર્મ ઉપદેશકનો ઉપદેશ આવો હોય કે જે ભગવાન આત્મામાં એકાકાર કરાવે. એમ બોલે કે આ આત્મામાં એકાકાર થાવું અને રાગ ને પુણ્યની વિકલ્પની વૃત્તિને છોડવી. આહાહા! એનો રસ જે તને અનાદિનો ઝેરનો ચડ્યો છે એ ઝેરના રસને ઉતારી અને આનંદના રસે ચડાવે એનું નામ ઉપદેશક અને કવિ કહેવામાં આવે છે. આહા! કહો, ગીરધરભાઈ! તમારે બધી વાતું કેવી આવે, જુઓ. (શ્રોતા : સાવ ખોટી) ખોટી? કાર્યવાહક બધા હુશિયાર કહેવાઓ છો ને તમે તો? ગીરધરભાઈ તો કાર્યવાહક કહેવાય ઢીકડામાં, ગામડામાં ને ફલાણામાં. ઈ તો બધા ગપ્પ મારનારા છે એમ કહે છે આંહીં. આહાહા!

જિનેન્દ્ર વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના ઉપદેશકો કે કવિત્તના રચનારા કેવા હોય એ સાથે વર્ણન કર્યું ભેગું. આહાહા! परमारथ रस वरनै એ તો. ભગવાન આત્મા આનંદનો સાગર છે પ્રભુ એમાં એકાકાર થા. એનો રસ લે. એનું નામ ધર્મ. એનું નામ વીતરાગતા. એવી વાત કવિ અને ઉપદેશકો, પરમેશ્વરના ઉપદેશકો, જૈનના સાચા ઉપદેશકો આવી

વાત કરે, કહે છે. કહો, સમજાણું કાંઈ? આ તો આ કરો ને આ રાગ કરો, પુણ્ય કરો, કરતાં કરતાં થાશે. એ જૈનનાં ઉપદેશક જ નહીં, એમ કહે છે. આહાહા! ..... વાત પાછી કહે છે, પુણ્ય કરો, પુણ્ય કરો, પુણ્ય કરો. પુણ્ય એટલે રાગ. રાગ એટલે ઝેર. આહાહા! ખૂન કરો, ખૂન કરો આત્માનું, એમ. ચંદુભાઈ! રાગ એટલે... વીતરાગમાર્ગ એવો છે. ભાઈ! લોકોને સાંભળવા મળ્યો નથી. ઉપરથી ઉપરથી પકડી ચાલો. આ ધર્મ થઈ ગયો અમારે. આ વ્રત પાળ્યાં ને અપવાસ કર્યા ને ભક્તિ કરી ને પૂજા કરી ને જાત્રા કરી. થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી, સાંભળને ભાઈ! ધર્મ તો એને કહીએ કે રાગના એકત્વથી છૂટી અને આનંદની એકત્વદશા કરે એને ધર્મ કહેવામાં આવે. કહો, સમજાણું કાંઈ? प्रथमहिं सुकवि कहावैं सोई. એને સુકવિ કહીએ કે परमारथ रस वरनै जोई. આહાહા! જેના ઢલણ અને વલણ આત્મા તરફ હોય એવી વાત કરે, કહે છે. સમજાણું કાંઈ?

कलपित वात हियै नहिं आनै. આહાહા! અજ્ઞાનીઓએ કલ્પેલા માર્ગને એ લક્ષમાં લે જ નહીં, કહે છે. સાચા કવિ ને સાચા ઉપદેશક જગત કેમ રાજી થાય, એ વાતને કલ્પિત વાતને હૃદયમાં લે જ નહીં. સમજાણું કાંઈ? દુનિયા રાજી થાય. આમ થાય કે આવું કરો, આમ કરો, આમ કરો. સંગઠન કરો, એકઠા થઈને આમ કરો. એય! દયાની મંડળી સ્થાપો. અરે ભગવાન! કોણ સ્થાપે? ભાઈ! દ્રવ્યે જુદે જુદા એમાં એક દિ' થાય? આહાહા! આંહીં તો પર્યાયની એકતા કરાવે દ્રવ્ય હારે. એ સિવાયની કલ્પિત વાત હૈયે નહીં આણે, એમ કહે છે. આહા સમજાણું કાંઈ?

गुरुपरंपरा रीति बखानै. આહાહા! ભાષા જુઓને. સમજાણું કાંઈ? અનાદિથી સંતો, વીતરાગી મુનિઓ, કેવળીઓ જે અનંતકાળથી ચાલ્યા આવ્યા છે, એમણે જે માર્ગ કહ્યો એ ગુરુની પરંપરાની રીતિ વખાણે. એના વખાણ કરે. ઘરની કલ્પિત વાત એમાં જરીય મૂકે નહીં. આહાહા! જગતને ભારે કઠણ. આ બહારથી સંકેલીને અંદરમાં આવવું એ વાત કરે, કહે છે. જેઠાભાઈ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરનાં માર્ગમાં ઉપદેશકો અને કવિઓ આવા હોય, એમ પણ નાખી દીધું ભેગું. આહાહા! गुरुपरंपरा रीति बखानै. અનાદિની સનાતન સર્વજ્ઞ પરમેશ્વર અને સંતો આત્માના આરાધકો, આત્માના આરાધકો સેવનારા સંતોએ જે વાત કરી તે પરંપરા વખાણે. આહાહા!

सत्यारथ सैली नहिं छंडै. સ્વભાવને આશ્રયે ધર્મ થાય એવો જે સત્યાર્થ પંથ, એવી જે શૈલી એને ન છંડે. આહાહા! સમજાય છે કાંઈ? આ આવી વાત તો માણસને હજી આમ પકડવી, શું કહે છે આ તે? આવો ધર્મ કેવો હશે? કહે છે. બાપુ! ધર્મ તો આ તો અપૂર્વ

છે આ તે. અનંતકાળમાં એણે આ ધર્મ શું છે અને ક્યાંથી થાય એ એણે સાંભળ્યું નથી. ધર્મની વીતરાગીદશાનું ધામ—સ્થાન તો પ્રભુ પોતે છે. સમજાણું કાંઈ? એવો સત્યાર્થ શૈલી એને ન છંડે. આહા! તમારે આમ વ્યવહાર કરતાં કરતાં થાશે. પહેલું ડગલું વ્યવહારનું હોય ને બીજું ડગલું નિશ્ચયનું હોય. એવી કલ્પનાની વાત સાચા કવિ અને ઉપદેશક કરે નહીં, એમ કહે છે. આહાહા! પંડિતજી! જુઓ, આ ગૃહસ્થ કવિ એમ કહે છે.

सत्यारथ सैली नहिं छंडै. સત્યાર્થ સાચી શૈલી જે ભગવાન પરમાનંદની મૂર્તિ એને આશ્રયે ધર્મ થાય, એ શૈલી સાચી. સમજાણું કાંઈ? એ શૈલી ન છંડે—છોડે નહીં. मृषावादसौं प्रीति न मंडै. જૂઠાની પ્રીતિ રહે નહીં. આ કલ્પનાથી જૂઠું કરીને લોકોને રાજી રાખવા. દુનિયા કહે, આહાહા! આ મારો ધર્મ. આ ઠીક કહે છે હોં. લોકને સુધારો, ગામને સુધારો, સંઘને સુધારો. એય, ગીરધરભાઈ! આ તો ધર્મે નામે આને સુધારો, સુધારો. કોને સુધારે? સાંભળને! શાક સુધારે છે ને, શાક સુધારે છે ને. શું કહે શાક સુધારે એને? (શ્રોતા : શાક સુધારના.) સુધાર કહતે હૈં? આખું હોય ને એને સુધારો એટલે જે રંધાય એવા કટકા કરો, એમ. આખું આખું ન રંધાય એટલે શાકને સુધારો. આ શું કહેવાય? દુધી કે કારેલાં એને સુધારો એટલે આખું ને આખું ન રંધાય, એના કટકા કરીને જેમ રંધાય એવું કરો. એમ આત્માને સુધારો. આંહીં તો એ વાત છે. આહાહા! સમજાણું કાંઈ?

सत्यारथ सैली नहिं छंडै. આહા! વીતરાગભાવે ધર્મ થાય. એ શૈલી કોઈ દિ' ઉપદેશક અને સુકવિ છોડતા નથી. આહા! ભારે કામ આકરું! જૈન પરમેશ્વર વીતરાગ દેવ એણે જે સાચો ધર્મ વીતરાગભાવ પરની ઉપેક્ષા અને ત્રિકાળ સ્વભાવ ભગવાનને આશ્રયે અપેક્ષા – એવી શૈલી સુકવિ જ્ઞાનીઓ અને ઉપદેશકો કોઈ દિ' છોડતા નથી. દુનિયાને ઠીક પડે કે નહીં. સમાજ એને તોળી રાખે કે નહીં, સમાજને આ ઠીક પડશે કે નહીં એવું જ્ઞાનીને હોતું નથી. આહાહા! સમજાણું કાંઈ? સમાજ આનાથી પ્રસન્ન રહેશે અને અમારો પક્ષ કરશે, એવું જ્ઞાનીને હોતું નથી. આહાહા! मृषावादसौं प्रीति न मंडै. અસત્ વચનસે પ્રીતિ બિલકુલ નહીં. પ્રાણ જાય તો પણ જૂઠાં બોલવાની બીજી વાત કરે નહીં જ્ઞાની ધર્માત્મા, એને કવિ અને એને ઉપદેશક કહેવામાં આવે છે. પાછું વળી કેવું કહે છે? એની વાત સાચી. મુનિ બધા શાસ્ત્રમાં જે શબ્દો છે ને ઈ વાત જ મૂકે છે. જુઓ.

छंद सबद अच्छर अरथ, कहै सिद्धांत प्रवांन।
जो इहि विधि रचना रचै, सो है सुकवि सुजान॥११॥

**અર્થ** :—જે છન્દ, શબ્દ, અક્ષર, અર્થની રચના સિદ્ધાન્ત અનુસાર કરે છે તે જ્ઞાની સુકવિ છે. ૧૧.

**अर्थ :**–जो छन्द, शब्द, अक्षर, अर्थकी रचना सिद्धान्तके अनुसार करते हैं वे ज्ञानी सुकवि हैं।।११।।

---

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

**छंद सबद अच्छर अरथ, कहै सिद्धांत प्रवांन.** સિદ્ધાંતમાં જે શબ્દ હોય એ જ પ્રમાણે જે બધા આ આચાર્યોએ, કવિઓ બધાએ એ પ્રમાણે જ કહ્યો છે માર્ગ. આ ભાઈ કેવા? બનારસીદાસ નહીં, આ ટોડરમલજી વિગેરે. સિદ્ધાંતમાં જે છે એ શૈલીએ જ વાત કરી છે બધી. સમજાણું કાંઈ? એક છંદ કરે તો એ સિદ્ધાંત પ્રમાણે, શબ્દ બને તો સિદ્ધાંત પ્રમાણે, અક્ષર અને અર્થ તો એ સિદ્ધાંત પ્રમાણે, જે ભગવાને અને સંતોએ કહ્યો તે જ વાક્ય-વાક્ય પણ એવા જ રચે કહે છે, એમ કહે છે.

ઓલામાં આવે છે નહીં? આ ૧૪૪. ત્યારે એને સમકિત નામ પામે. ભાઈ! આવે છે ને. નામસંજ્ઞા. ઈ શૈલી જ ઈ ત્યાં ટોડરમલે લીધી ઓલામાં. હા એ શબ્દો લીધા છે. કોઈ એવી શૈલી કોઈ! દિગંબરના આ પંડિતો અને સંતોની એવી કોઈ શૈલી છે કે એણે શાસ્ત્રનાં જે શબ્દો છે ઈ જાતનાં જ શબ્દ મૂકે. સમજાણું? ત્યાં એમ કહ્યું છે કે વ્યવહાર સમકિતી નિશ્ચય સમકિત નામ પામે નહીં. એમ લખ્યું છે. દેવ-ગુરુની શ્રદ્ધા, નવ તત્ત્વનાં ભેદવાળી શ્રદ્ધા, એ શ્રદ્ધા વ્યવહાર સમકિત એ (નિશ્ચય) સમકિત નામ પામે નહીં. આહાહા! એ ઠેઠ ગાથા ૧૪૪ ની વાત લઈને મૂકી છે. બનારસીદાસ, ટોડરમલજી આદિ મહા! સમજાણું કાંઈ?

**छंद सबद अच्छर अरथ, कहै सिद्धांत प्रवांन.** જે સિદ્ધાંતમાં સિદ્ધ થયેલા ભાવો ને શબ્દો એ વાત પોતે કરે, કહે છે. આડોઅવળો ઘરનો એ કે કલ્પનાનો અક્ષર (હોય જ નહીં.) આહાહા! ટોડરમલે લખ્યું છે ને એવું. સિદ્ધાંતમાં સામાન્યરૂપે જે વાત છે એનું વિશેષ કરીશ. કોઈ મારું એમાં કાંઈ કલ્પનાનું કાંઈ છે નહીં. આહા! **जो इहि विधि रचना रचै.** એ વિધિએ રચના રચે, સિદ્ધાંત પ્રમાણે અને સમ્યક્ જેમ છે તેમ અને પરમાર્થ રસનું વર્ણન (કરે). **सो है सुकवि सुजान.** એ સુકવિ અને સુ-જાન – બરાબર જાણનારો એ સાચો છે. ઘરની કલ્પનાથી કાંઈ કરે નહીં. એ સુકવિ એને કહીએ. એને ધર્મનાં ઉપદેશક એને કહીએ. એટલે ઉપદેશક કેવા અને ઉપદેશ કેવો એ પણ એમાં આવી ગ્યું. કુકવિની વાત કરશે હવે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૯૮, કારતક વદ ૨, ગુરુવાર, તા. ૪-૧૧-૧૯૭૧
## ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિ પદ ૧૨, ૧૩, ૧૪ પર પ્રવચન

સમયસાર નાટક પૂરા હોતા હૈ અભી. આખિરકી બાત હૈ. પહલે તો યે બાત કી. સુકવિ હોતે હૈં સુકવિ, वे तो गुरुपरंपरा रीति बखानै. અપને ઘરકી બાત કોઈ ન કહે. યે બાત આ ગઈ હૈ. ગઈ હૈ ન? परमारथ रस वरनै जोई. સચ્ચે કવિ ઔર સચ્ચે ઉપદેશક કૈસે હોતે હૈં કિ વે પરમાર્થ કી બાત કરે. આત્મા આનંદસ્વરૂપ જ્ઞાયકસ્વરૂપ કા આશ્રય લેના ઔર આનંદકી દશા પ્રગટ કરના, વહ બાત કરે. સાચા કવિ અને સાચા ઉપદેશક તો એ છે. ક્યોંકિ વીતરાગમાર્ગ હૈ તો વીતરાગમાર્ગમેં તો વીતરાગમાર્ગકે પોષક હોના ચાહિયે. રાગકા પોષક વહ વીતરાગ માર્ગ નહીં. સમજમેં આયા? અર્થાત્ વ્યવહારકા પોષક વહ જૈનમાર્ગ નહીં. આહાહા! રાગ હો, વ્યવહાર હો. યથાસ્થાનમેં પાપસે બચનેકો ઐસા ભાવ દયા-દાન-ભક્તિ-પૂજા-વ્રત આદિકા વિકલ્પ–રાગ હોતા હૈ પર વહ ધર્મ નહીં. ઐસે ઉપદેશક ઔર સુકવિ યથાર્થ હો વે ઐસે કહે. કુકવિ ઔર કુઉપદેશક ઉસસે વિરુદ્ધ કહે. યે બાત કહતે હૈં. સમજમેં આયા?

પરમાર્થમાર્ગ પોષણ.. ક્યોંકિ સારે સિદ્ધાંત શાસ્ત્રકા સાર તો વીતરાગતા હૈ. પંડિતજી! 'પંચાસ્તિકાય'મેં આયા હૈ ન? 'પંચાસ્તિકાય'. ૧૭૨ ગાથા. ચારોં અનુયોગ ભગવાનકી વાણી ઉસકા સાર તો વીતરાગભાવ હૈ. તો વીતરાગભાવ કૈસે પ્રગટ હો ઔર વીતરાગભાવકા સ્વરૂપ ક્યા હૈ ઉસકા વર્ણન ધર્મી સુકવિ ઔર ઉપદેશક કરે. તો વીતરાગભાવ જિસસે પ્રગટ હો વહ તો પરકી અપેક્ષા છોડકર નિમિત્ત, રાગકા વિકલ્પ ઔર એક સમયકી પર્યાય કી ભી અપેક્ષા છોડકર ત્રિકાલી ભગવાન પરમાનંદ મૂર્તિકી અપેક્ષા કરાવે, પરકી ઉપેક્ષા કરાવે ઐસા ઉપદેશ સુકવિકા–ઉપદેશકકા હોતા હૈ. ઉસસે વિરોધ કહે વહ કુકવિ ઔર કુઉપદેશક હૈ. આહા! પંડિતજી! આ 'બનારસીદાસ.' વે કહતે હૈં, દેખો. ઉપર આ ગયા હૈ.

अब कछु कहौ जथारथ वानी. ૧૦વેં બોલમેં આ ગયા હૈ. દસમો બોલ છે ને? सुकवि कुकविकी कथा कहानी। प्रथमहिं सुकवि कहावै सोई। परमारथ रस वरनै जोई। એ નવમો બોલ. આહાહા! બનારસીદાસ કવિ થે. પણ કવિ સુકવિ થે. યે કહતે હૈં. યથાર્થ વીતરાગ માર્ગ જો હૈ ઉસકે પોષણ કરનેકી કથા બનાવે, કવિત્ત બનાવે વહ સુકવિ. પર જિસમેં રાગકા પોષણ હો, સમજમેં આયા? રાગ કરતે કરતે કલ્યાણ હો જાયેગા

ઐસા પોષક હો, વહ સુકવિ ઔર સુઉપદેશક નહીં. યે કુકવિ ઔર કુઉપદેશક હૈ. આહાહા! સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ ભાઈ! જગતકો રાગકી ક્રિયા બાહરકી હૈ ન તો વહ જચતી હૈ. પર અંતર ભગવાન આત્મા ચિદાનંદ જ્ઞાયકસ્વરૂપ ધ્રુવ ચૈતન્યકે અવલંબનસે—આશ્રયસે જો વીતરાગી પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતા હૈ વહ રુચતા નહીં લોગોંકો. ક્યોંકિ સૂક્ષ્મ હૈ, અંતરકી બાત હૈ. બહારકી બાત જચ જાતી હૈ કે ઐસા કરો, પૂજા કરો, ભક્તિ કરો, વ્રત પાલો, તપ કરો, અપવાસ કરો, કલ્યાણ હો જાયેગા. યે વીતરાગકા ઉપદેશ નહીં. પંડિતજી! સમજમેં આયા?

परमारथ रस वरनै जोई, कलपित बात हिये नहिं आनै. સુકવિ ઔર સુઉપદેશક કલ્પિત બાત કરે નહીં. અનાદિ ગુરુ પરંપરા... गुरुपरंपरा रीति बखानै. આહાહા! સર્વજ્ઞ ભગવાન પરમાત્મા, 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્ર આચાર્ય' આદિ પરંપરા જો બાત કહતે હૈં યહી બાત કહનેવાલે (કો) સુકવિ અને સુઉપદેશક કહતે હૈં. ઉસસે વિરુદ્ધ કહે વહ કુઉપદેશક હૈ. આહાહા! સમજમેં આયા?

गुरुपरंपरा रीति बखानै, सत्यारथ सैली नहिं छंड़ै. સત્યપંથ હૈ ઉસે છોડે નહીં. ભલે કડક લગે, દુષ્કર લગે પર માર્ગ તો યે હૈ. આહાહા! અપના વસ્તુ સ્વભાવ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ, જ્ઞાન-આનંદ સ્વભાવ કા આશ્રય લેનેસે ધર્મ હોતા હૈ, યે શૈલી અનાદિકી જૈનધર્મકી હૈ. સમજમેં આયા? પરકા આશ્રય લેકર, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો લેકિન પરકે આશ્રયમેં રાગ ઉત્પન્ન હોતા હૈ. નિશ્ચય સ્વઆશ્રિત હૈ, વ્યવહાર પરઆશ્રિત હૈ. તો વ્યવહાર હો, પર વહ પોષણ કરનેકી ચીજ નહીં. આહાહા! સમજમેં આયા? યે તકરાર બડી હૈ. અભી સત્ય નિશ્ચય ઔર વ્યવહાર ઉપચાર ક્યા હૈ ઉસમેં બડી ગરબડ હૈ. તો કહતે હૈં, सत्यारथ सैली नहिं छंड़ै, मृषावादसौं प्रीति न मंडै. કલ્પિત બાત અપને ઘરકી એક અંશ ભી ન કહે. સમજમેં આયા?

'બનારસીદાસ', 'ટોડરમલજી', 'દોલતરામજી' આદિ હુએ પંડિત, પર સત્યાર્થ સર્વજ્ઞકા પંથ થા ઉસ રીતિકી પ્રશંસા કી હૈ. ઉસ રીતિકા સ્થાપન કિયા હૈ. અપને ઘરકી બાત કોઈ કહી નહીં. લો અપને ચલતા હૈ ૧૨-૧૩ (પદ). ૧૧ (પદ) આ ગયા હૈ. છંદ, શબ્દ, અક્ષર ઔર ઉસકી રચના, સિદ્ધાંતકે અનુસાર કરતે હૈં જ્ઞાની સુકવિ. સિદ્ધાંત જો વીતરાગકા માર્ગ હૈ ઉસકે અનુસાર ઉસકા છંદ બનાવે, શબ્દ રચે, અક્ષર અર્થકી રચના સિદ્ધાંતકે અનુસાર કરતે હૈં. વહ सुकवि सुजान. વહ સુકવિ ઔર સુઉપદેશક યથાર્થ જ્ઞાન કરનેવાલા કહનેમેં આતા હૈ. હવે કુકવિ. યહાં તક તો કલ આ ગયા થા.

કુકવિનું લક્ષણ (ચોપાઈ)

अब सुनु कुकवि कहौं है जैसा।
अपराधी हिय अंतसौ अनेसा।।
मृषाभाव रस वरनै हितसौं।
नई उकति उपजावैं चितसौं।।१२।।

ख्याति लाभ पूजा मन आनै।
परमारथ-पथ भेद न जानै।।
वानी जीव एक करि बूझै।
जाकौ चित जड़ ग्रंथ न सूझै।।१३।।

**અર્થ :—**હવે કુકવિ કેવા હોય છે તે કહું છું, તે સાંભળો. તે પાપી હૃદયનો અંધ અને હઠાગ્રહી હોય છે; તેના મનમાં જે નવી કલ્પનાઓ ઊપજે છે તેનું અને સાંસારિક રસનું વર્ણન ખૂબ પ્રેમથી કરે છે, તે મોક્ષમાર્ગનો મર્મ જાણતા નથી અને મનમાં ખ્યાતિ, લાભ, પૂજા આદિની ઇચ્છા રાખે છે. તે વચનને આત્મા જાણે છે, હૃદયનો મૂર્ખ હોય છે, તેને શાસ્ત્રજ્ઞાન નથી. ૧૨-૧૩.

**अर्थ :—**अब जैसा कुकवि होता है सो कहता हूँ, उसे सुनो, वह पापी हृदयका अंधा हठग्राही होता है। उसके मनमें जो नई कल्पनाएँ उपजती हैं, उनका और सांसारिक रसका वर्णन बड़े प्रेमसे करता है। वह मोक्षमार्गका मर्म नहीं जानता और मनमें ख्याति लाभ पूजा आदिकी चाह रखता है। वह वचनको आत्मा जानता है, हृदयका मूर्ख होता है, उसे शास्त्रज्ञान नहीं है।।१२-१३।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કુકવિ, સુનો કૈસા હોતા હૈ. કહે છે. अपराधी हिय अंध अनेसा. આહા! વહ તો પરસે લાભ હોતા હૈ ઐસા માનનેવાલા અપરાધી, પાપી, હૃદયકા અંધા, હઠગ્રાહી હોતા હૈ. આહા! સમજમેં આયા? અપના ભગવાન ચિદાનંદ સ્વભાવ ઐસા પરમાર્થ પંથકા તો ભેદ જાને નહીં. રાગકી ક્રિયા ઔર નિમિત્તસે લાભ હોતા હૈ ઐસી બાત અજ્ઞાની કુકવિ અંધ હૃદયકા અંધ ઐસી રચના કરતા હૈ. જેઠાભાઈ! अपराधी हिय अंध अनेसा, લ્યો. યે હઠગ્રાહી હોતા હૈ અંધ.

मृषाभाव रस वरनै हितसौं. પ્રેમસે જુઠી બાત બહોત કહે. કહે છે. સમજમેં આયા? વ્યવહાર જો પુણ્ય પરિણામ ધ્રુવસે વિરુદ્ધ હૈ. અપને ચૈતન્ય સ્વભાવસે શુભભાવ વિરુદ્ધ હૈ. ઉસસે લાભ બતાતા હૈ, યે મૃષા ધર્મકા કહનેવાલા હૈ. मृषाभाव रस वरनै.

પહેલામાં એમ હતું, परमारथ रस वरनै. આંહીં मृषाभाव वरनै. આહાહા! ઐસે (મનાવે) કવિ ઔર ઉપદેશક કિ ઉસમેં રાગસે લાભ મનાવે, વ્યવહારકી ક્રિયાસે ધર્મ મનાવે. યે સુકવિ નહીં, પર કુકવિ અને કુઉપદેશક હૈ. સમજમેં આયા?

'બનારસીદાસે' કહ્યું ને ભાઈ આ બંધ અધિકારમાં, નહીં? એ આવી ગ્યું છે ને આમાં. બંધ અધિકાર, નહીં? (શ્રોતા : મોક્ષની કાતરણી) ઈ કાતરણી નહીં. ઓલામાં બંધ. અધ્યવસાય. બંધ અધિકાર હૈ ન? બંધ અધિકાર. ઉસમેં કૌનસે પન્ને પર હૈ? (શ્રોતા : અસંખ્યાત પ્રમાણ) (શ્રોતા : ૧૯૩) ૧૯૩, લો. દેખો. કૈસા અર્થ કિયા દેખો કવિને. ૧૯૩ પન્ના હૈ. ઔર ૩૨વાં કળશ હૈ. सम्यग्दृष्टि जीव आत्मस्वरूपमें स्थिर होते हैं. વહ કળશકા અર્થ કિયા. નીચે કળશ હૈ ન ૧૧.

सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै—
स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः ।
सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं
शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नन्ति संतो धृतिम्

ક્યા કહતે હૈં, દેખો. અબ ઉસકા અર્થ કરતે હૈં બનારસીદાસ સ્વયં. असंख्यात लोक परवांन जे मिथ्यात भाव, तेई विवहार भाव केवली उकत हैं. જિતના અસંખ્ય પ્રકારકા દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજા-જાત્રાકા વિકલ્પ હૈ શુભરાગ, વહ ધર્મ હૈ ઐસી માન્યતા વ્યવહારભાવ વહ તો વ્યવહાર ભાવ હૈ ઔર ઉસકો ધર્મ માનના વહ મિથ્યાત્વભાવ હૈ. ભારે! હૈ? અસંખ્યાત લોકપ્રમાણ મિથ્યાત્વભાવ तेई विवहार भाव केवली-उकत हैं. જિતના વ્યવહાર હૈ રાગકા, વિકલ્પકા, શુભભાવકા વહ અપના હૈ ઔર ઉસસે અપનેકો લાભ હોગા, યે ઈતના મિથ્યાત્વભાવ હૈ. આહાહા! સમજમેં આયા? મૃષાવાદ—જૂઠાવાદ કહતે હૈં કુકવિ. સુકવિ સત્ય કહતે હૈં.

जिन्हकौ मिथ्यात गयौ सम्यक दरस भयौ. જિસકી ભ્રાંતિ વ્યવહાર મેરા, યે ચીજ નહીં. વિકલ્પ ઉઠતે હૈં વહ મેરી ચીજ હી નહીં. મેરી ચીજમેં વહ હૈ હી નહીં. આહાહા! સમજમેં આયા? जिन्हकौ मिथ्यात गयौ सम्यक दरस भयौ. સમ્યગ્દર્શન આત્મા શુદ્ધ ચિદાનંદ અખંડ આનંદ હૈ ઐસી દૃષ્ટિ અનુભવ હુઆ, તે नियत—लीन. સમ્યગ્દૃષ્ટિ તો નિશ્ચયમેં લીન હૈ. આહા! ગજબ વાત છે! અપના જ્ઞાયક સ્વભાવ સચ્ચિદાનંદ પ્રભુ આનંદકા ધામ કે આશ્રયમેં લીન હૈ. ઉસકી દૃષ્ટિ કહાઁ પડી હૈ? સમ્યગ્દૃષ્ટિ કી દૃષ્ટિ નિશ્ચયમેં હૈ. विवहारसौं मुकत है. હૈ? પંડિતજી! કહાં હૈ? (શ્રોતા : ૧૯૩ પાના). હાં. विवहारसौं मुकत है. યે 'બનારસીદાસ' અર્થ કરતે હૈં યે ૧૧વેં

કળશકા. गुरुपरंपरा रीति बखानै. ભારે કામ આકરું. જગતને વ્યવહાર એવું લાકડું પેસી ગયું છે ને.

યહાં તો કહતે હૈં, જિતના વ્યવહારકા વિકલ્પ જો હૈ શુભરાગ, ઈતના મિથ્યાત્વભાવ હૈ. જિતના શુભભાવ ઉસકા હૈ ઉસસે મુઝે લાભ હોતા હૈ, ઈતના મિથ્યાત્વભાવ હૈ. કનુભાઈ! ભારે કામ આકરું હોં જગતને. યે સુકવિ ઐસા અર્થ કરતે હૈં. કુકવિ ઉસસે ઉલ્ટા અર્થ કરતે હૈં. जिन्हकौ मिथ्यात गयौ सम्यक दरस भयौ ते नियत-लीन. જ્ઞાયક ચૈતન્ય ભગવાન પ્રભુ ઉસ ઓરકે આશ્રયમેં હી એકતા ઉસકી હૈ ઔર સમ્યગ્દૃષ્ટિ જીવ વ્યવહારકે વિકલ્પસે તો અંતરમેં મુક્ત હૈ. આહાહા! સમજમેં આયા? વ્યવહાર વિકલ્પ આસ્રવ હૈ, ભાવબંધ હૈ. ભાવબંધસે નિશ્ચય હોતા હૈ? આસ્રવસે હી સંવર હોતા હૈ? સો વિકલ્પ જિતની ક્રિયા હૈ, સબ આસ્રવ હૈ. આહાહા! ભારે આમ આકરું. જગતકો વીતરાગકા માર્ગ સુનનેમેં આયા નહીં. અન્ય માર્ગકો જૈનકા માર્ગ સમજ લિયા. 'બનારસીદાસ' અર્થ કરતે હૈં ૧૧ વેં કલશકા.

सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै
स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः

વ્યવહારકા ત્યાગ ભગવાનને કરાયા હૈ. આહાહા! દૃષ્ટિમેં હોં. આતા હૈ તબ તો નિષેધ કિયા ન? સમજમેં આયા? શુભભાવ અસંખ્ય પ્રકારકા હોતા હૈ. દયા-દાન-વ્રત-તપ-પૂજા-અનશન-વિનય-ભક્તિ યે સબ ભાવ શુભરાગ હૈ. યે પુણ્યબંધકા કારણ હૈ. સમ્યગ્દૃષ્ટિ ઉસ બંધકે ભાવસે અંતરમેં મુક્ત હૈ. બહુ કામ આકરું. લોગોંકો ઐસા લગે ઝઘડા.. બહારસે માના હૈ તો ઉસકી યે બાત આતી હૈ તો સિર ફોડતે હૈં. અંદરસે હાય.. હાય! આ માર્ગ? કહતે હૈં, સુન તો સહી, પ્રભુ! તેરી સત્ય ચીજ.

जिन्हकौ मिथ्यात गयौ सम्यक दरस भयौ—મૈં તો પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્ય આનંદ હૂઁ ઐસી દૃષ્ટિમેં જબ આત્મા પ્રતીતમેં—અનુભવમેં સમ્યગ્દૃષ્ટિકો આયા તો જિતને વિકલ્પ ઉઠતે હૈં ઉસકો વો ત્યાજય સમજતે હૈં. સમજમેં આયા? ઐસા ઉપદેશ સુકવિ અને સુઉપદેશક કરતે હૈં. કુકવિ અને કુઉપદેશક ઉસસે ઊંધા ઉપદેશ કરતે હૈં. ઊંધા કહતે હૈં? ઊંધા ક્યા કહતે હૈં? (શ્રોતા : ઊંધા હી કહતે હૈં.) ઊંધા. હમેં બહોત હિન્દી આતી નહીં તુમ્હારે જૈસી. ઐસી સાધારણ ચલે. સમજમેં આયા? આહા!

निरविकलप निरुपाधि आतम समाधि, साधि जे सुगुन मोख पंथकौं ढुकत हैं. આહાહા! નિર્વિકલ્પ ભગવાન આત્મા! રાગ ઔર શુભ બિનાકી ચીજ ઐસા આત્મા. ક્યોંકિ શુભ તો આસ્રવ હૈ. ઉસસે રહિત આત્મા જો હૈ ઐસા નિર્વિકલ્પ નિરુપાધિ

ભગવાન આત્મા વ્યવહારકી ઉપાધિસે રહિત હૈ. ઐસા આતમ સમાધિ. ઐસે આત્માકી સમાધિ સાધકર, શુદ્ધ ચૈતન્યકા સ્વભાવકા સાધક હોકર, साधि सुगुन मोख पंथकौं ढुकत हैं. ઐસા સુગુણી જીવ અપના મોક્ષ જો પંથ ઉસમેં ઢુકત હૈ. આહાહા! મોક્ષકે પંથકો ઢુકત હૈ. બંધકે પંથસે હટ જાતા હૈ, યે કહતે હૈં. આહાહા! વીતરાગ પરંપરા સત્ય ગુરુપરંપરા અનાદિકા માર્ગ જો હૈ, સુકવિ ઔર સુઉપદેશક ઉસે ચૂકતે નહીં. વહી માર્ગ કહતે હૈં. અજ્ઞાની અપની કલ્પનાસે માર્ગ કહે ઔર દુનિયાકો રાજી રખે, દુનિયા રાજી હો જાય, આહાહા! યે બડી બાત હૈ, યે બડી બાત. આહાહા! (શ્રોતા : લોકરંજન) લોકરંજન હૈ.

तेई जीव परम दसामैं थिररुप ह्वैकै, धरममैं धुके न करमसौं रुकत हैं. આહા! ઈસ પર તો બડી ચર્ચા હુઈ હૈ શ્વેતાંબરમેં ઉસ વક્ત. કેવા આચાર્ય કીધા? (શ્રોતા : મેઘવિજય) મેઘવિજય. 'બનારસીદાસ'ને યે જબ લિખા અર્થ તબ મેઘવિજય થે શ્વેતાંબરમેં. તો ઉસને બડા વિરોધ કિયા. ઔર એક પુસ્તક બનાયા. ઈસ શ્લોકકે વિરોધકા. સમજમેં આયા? પઢા હૈ પુસ્તક. સબ પુસ્તક આયે થે ન હમારે પાસ. સબ થે ન. દામનગરમેં થા. વિરોધ કિયા કિ અરે, વ્યવહાર વહ મિથ્યાત્વ? યે ક્યા? પર વ્યવહાર મિથ્યાત્વકા અર્થ ક્યા? ઉસસે એકત્વપના માનના, ઉસસે લાભ માનના વહ મિથ્યાત્વ. ઉસ વ્યવહારકી બાત હૈ યહાઁ.

સમ્યગ્દૃષ્ટિ મુનિયોંકો ભી વ્યવહાર તો આતા તો હૈ. પંચમહાવ્રત કા વિકલ્પ આદિ નિયમ નહીં હોતે હૈં? હો, પર ઉસસે હઠકર અપની સ્વભાવકી દૃષ્ટિ રખકર એકતા કરતે હૈં. રાગસે સમ્યગ્દૃષ્ટિ ધર્મી મુક્ત હૈં. રાગસહિત હૈ ઐસી માન્યતા મિથ્યાત્વ હૈ. સમજમેં આયા? આરે વાત ભારે કઠણ ભાઈ! જગતને કુછ ઐસે માન લિયા હો, ઉસસે વિરુદ્ધ આયે તો ઐસે (વિપરીત) લગે. બડી ચર્ચા હુઈ ૩૦૦ વર્ષ પહલે. 'બનારસીદાસ' કે વક્ત. અરે, વ્યવહાર વહ મિથ્યાત્વભાવ? તો વ્યવહાર તો મુનિકો ભી હોતા હૈ. સુન તો સહી. ક્યા કહતે હૈં યહાઁ?

આચાર્ય કહતે હૈં. વહ આયા ન ઉસમેં કલશમેં. 'सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनैः.' જિનેશ્વરને તો ઐસા કહા હૈ કિ પરકો મૈં જિંદા રખ સકતા હૂઁ, માર સકતા હૂઁ, સુખી કર સકતા હૂઁ—ઐસા ભાવ સબ અધ્યવસાય મિથ્યાત્વ હૈ. સમજમેં આયા? પરકો મૈં જિંદા રખ સકતા હૂઁ, પરકી દયા મૈં પાલ સકતા હૂઁ, પરદ્રવ્યકી ઐસી ક્રિયા મૈં કર સકતા હૂઁ – ઐસી માન્યતા વહ મિથ્યાદશા હૈ. તો કહતે હૈં કિ 'सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनैस्तन्मन्ये' આચાર્ય મહારાજ કહે છે

'અમૃતચંદ્રઆચાર્ય' સંત. હમ ઐસે માનતે હૈં, 'व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः' તો જિતને પરકે આશ્રયસે વિકલ્પ ઉઠતે હૈં, સબકો ત્યાજ્ય ભગવાન બતાતે હૈં. ઉસકો– વ્યવહારકો લાભ(રૂપ) બતાતે હૈં વે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની હૈં. જૈનકો માનનેવાલા નહીં હૈ. ભારે કામ ભાઈ! પંડિતજી! પરસેવા ઊતરી જાય એવું છે. આહાહા! કહો, ગિરધરભાઈ! સમજાય છે આમાં? આવું સમજાય છે કે નહીં આ શું કહે છે આ? આહાહા!

'सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नन्ति संतो.' અરે, ધર્માત્મા! તેરી ચીજ આનંદઘન હૈ ઉસમેં ક્યોં એકાગ્ર નહીં હોતા? રાગકી ક્રિયાસે તો ભિન્ન હૈ તેરી ચીજ. છોટુલાલજી! ભારે વાત પણ આકરી હોં આ. આખો મોટો સંપ્રદાય જે ચાલે છે. વ્યવહાર કરો, વ્યવહાર કરો, વ્યવહાર કરો. ઉસે કરતે–કરતે તુમ્હેં ધર્મ હો જાયેગા. વહ ઉપદેશ મિથ્યાદૃષ્ટિકા હૈ. જૈનધર્મકા અને સમકિતીકા યે ઉપદેશ હૈ નહીં. સમજમેં આયા? સુકવિ ઐસે કહતે હૈં. ઔર કુકવિ– કુઉપદેશ ઉસસે વિરુદ્ધ – વ્યવહારસે આત્માકા કલ્યાણ હોગા, પરમાર્થ નિશ્ચય હોગા, મુક્તિ હોગી – ઐસા ઉપદેશ કરનેવાલા કુકવિ મિથ્યાદૃષ્ટિ કુઉપદેશક હૈ. આ કંઈ હવે ખાનગી વાત રહી નથી આ. સમજમેં આયા? ૧૧વેં કલશકા યે અર્થ હૈ દેખો. આહાહા!

અરે, અકેલા નિશ્ચય હી મોક્ષકા માર્ગ હૈ? ક્યા વ્યવહાર આતા નહીં હૈ? હો. આતા હૈ. કૌન મના કરતા હૈ? પર વહ મોક્ષકા માર્ગ નહીં. સમજમેં આયા? કિતને કહતે હૈં ન કિ મોક્ષકે માર્ગ દો હૈં—નિશ્ચય ઔર વ્યવહાર. 'ટોડરમલજી'ને લિખા હૈ કિ મોક્ષમાર્ગ દો કભી નહીં (હો સકતે). મોક્ષમાર્ગ એક હી હૈ. દો (મોક્ષમાર્ગ) માનનેવાલા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની હૈ. 'ટોડરમલજી'. 'મોક્ષમાર્ગપ્રકાશક.' સાતમો અધ્યાય. ૨૫૬ પન્ના હૈ. સમજમેં આયા? કિતને કહતે હૈં કિ મોક્ષમાર્ગ દો હૈં. દો માનનેવાલા ભ્રમમેં પડા હૈ. અભી તો કહતે હૈં કિ દો ન માનનેવાલા ભ્રમમેં પડા હૈ. યે કહતે હૈં. અરેરે! ગજબ કર્યા છે! (શ્રોતા : ચોર કોટવાલને દંડે.) ચોર કોટવાલને દંડે. સમજમેં આયા? 'મોક્ષમાર્ગ પ્રકાશક'મેં હૈ. સાતવેં અધ્યાયમેં. જહાઁ દો નયકા અવલંબન કી (ચર્ચા) લી હૈ વહાં યે બાત બતાઈ હૈ કિ દો નયકે અવલંબનરૂપ મોક્ષમાર્ગ હૈ હી નહીં. મોક્ષમાર્ગકી પ્રરૂપણા– નિરૂપણ (દો રૂપસે) ચલતી હૈ. માર્ગ તો એક હી હૈ.

અપને આત્માકે આશ્રયસે, ધ્રુવ ચૈતન્ય ભગવાનકે અવલંબનસે જો સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિ હોતી હૈ વહ એક હી મોક્ષમાર્ગ હૈ. બીચમેં જો વિકલ્પ ઉઠતે હૈં વ્યવહાર વહ બંધમાર્ગ હૈ. ઉસકો આરોપસે, નિશ્ચયકા આરોપ દેકર વ્યવહારકો મોક્ષમાર્ગકા આરોપ કિયા હૈ. હૈ નહીં. હૈ નહીં, ઉસકો કહના યહ વ્યવહારકા લક્ષણ હૈ. લખણ એટલે લક્ષણ.

આનંદઘનજી એમ કહે છે. સાંભળો, સાંભળો. એમ જ કહે છે. એમ જ કહે છે. ઈ કહે ભલે ઈ અંદરનું... વ્યવહારથી જ માને છે બધા. આનંદઘનજીનું આવ્યું છે થોડું ઘણું પણ છતાં એ આધારભૂત નથી. ક્યોંકિ ઉન્હોંને (શ્વેતાંબરકે) શાસ્ત્ર—ટીકા માન્ય રખી હૈ. યે બાત હૈ નહીં યહાઁ. શ્વેતાંબરકા શાસ્ત્ર હૈ વહ તો કલ્પિત હૈ. વીતરાગકા કહા હુઆ નહીં. સમજમેં આયા? યે તો માર્ગ ઐસા હૈ. માને—ન માને, સમજે—ન સમજે ઉસકી સ્વતંત્રતા. સમજમેં આયા?

હમને તો સબ શ્વેતાંબર શાસ્ત્ર દેખે કિ નહીં. શ્વેતાંબર શાસ્ત્ર સબ દેખે હૈં. હમને તો કરોડ કલશ, કરોડ ટીકા દેખી હૈં સબ. શ્વેતાંબર થે ને હમ તો. ૪૫ વર્ષ તો ઉસમેં રહે. હમારા પિતાજીકા ધર્મ વહી થા. સ્થાનકવાસી ધર્મ થા. હમ દુકાનમેં ભી શ્વેતાંબર શાસ્ત્ર પઢતે થે. દુકાનમેં શ્વેતાંબર શાસ્ત્ર સબ દેખે સબ. દુકાનમેં ગૃહસ્થાશ્રમમેં. દશવૈકાલિક, ઉતરાધ્યયન, આચારાંગ, સુયગડાંગ સબ દેખે થે. છોટી ઉંમરમેં રસ થા ન હમેં. છોટી ઉંમરસે હમ તો.. ૧૭ વર્ષ. ૧૭. સત્તર ક્યા કહતે હૈં? સત્તરા? સત્તર? નહીં, ૧ ઔર ૭. (શ્રોતા : સતરહ) સતરહ. ૧૭ કી ઉમ્રમેં. ૬૫ વર્ષ પહલેકી બાત હૈ. અભી તો ૮૨ હુએ દેહકો. ૬૫ વર્ષ પહલે. હમ તો દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, આચારાંગ સબ પઢતે થે. પર યે ચીજ નહીં ઉસમેં. સમજમેં આયા? સબ વ્યવહારકા પોષણ હૈ ઉસમે. યહાં કહતે હૈં. યહાં તો માલ હી ઐસા હૈ. ભગવાન! કિસીકો દુઃખ લગે, ન લગે. સ્વતંત્ર (જીવ) હૈ. માર્ગ તો ઐસા હૈ, (ઐસા) કહનેમેં આતા હૈ. ભાઈ!

યહાં તો કવિ કહતે હૈં કિ કુકવિ તો मृषाभाव रस वरनै हितसौं. પ્રેમથી. છે ને? ૧૨મી. नई उकति उपजावैं चितसौं. નથી યુક્તિ ઉપજાવે. નહીં, વ્યવહાર પહલે હોતા હૈ. વ્યવહાર બિના નિશ્ચય કૈસે હોતા હૈ? ઐસી યુક્તિ અજ્ઞાની, કુકવિ, કુઉપદેશક ચાહે તો સાધુ નામ ધરાકર ઐસા કહે તો સબ મિથ્યાદૃષ્ટિ હૈં. ઉસે વીતરાગમાર્ગકી ખબર નહીં. આહાહા! આવો માર્ગ છે, ભગવાન! બહુ કઠણ જગતને એવું પડે. પોષક જ બધી વાત. ક્રિયાકાંડકે પોષનેસે ધર્મ હોતા હૈ. આ તો તમારે રામસૂરિએ નહીં, કેવા? ૧૧ ઉપદેશ કર્યા છે. આંહીંનું સાંભળીને પછી. રામસૂરીએ. વ્યવહારના પ્રાણ પોષો, વ્યવહારની દેશના દ્યો. શ્વેતાંબરકા આચાર્ય હૈ ન? રામવિજય. ઐસા ૧૧ બોલ લિખા હૈ. યહાઁ કી બાત બહાર નીકલી. જચી નહીં. ભાઈ! યહાં તો પરમાત્મા ત્રિલોકનાથ કહતે હૈં, ઐસા 'બનારસીદાસ' કહતે હૈં. ઉનકે ઘરકી બાત એક ભી હૈ નહીં.

કહતે હૈં કિ मृषाभाव रस वरनै हितसौं. અજ્ઞાની તો, જૂઠારસ—રાગકા રસ ઔર રાગમેં એકતાસે લાભ હોતા હૈ ઐસા વર્ણન પ્રેમસે અજ્ઞાની કરતે હૈં. કહો, સમજમેં

આયા? 'બનારસીદાસ' ગૃહસ્થ થે. પહલે તો બડે વ્યભિચારી થે. પીછે સત્‌સમાગમ હુઆ, આતમજ્ઞાન હુઆ, ભાન હુઆ. આગે કહેંગે. છે ને? બોધિબીજ બોયો હૈ. આગળ છે. (શ્રોતા : આઠમા બોલમાં.) ક્યા? આ ગયા? હા, બસ આઠમાં. किये हैं कवित्त हियै बोधिबीज बयौ है. આ ગયા હોં. આઠવેં બોલમેં આયા, લો.

किये हैं कवित्त हियै बोधिबीज बयौ है. સમ્યક્‌જ્ઞાનકા બીજ બોયા હૈ. વાવ્યા છે. ઉસમેંસે કેવલજ્ઞાન પ્રગટ હોગા. આહાહા! અરે, ભાઈ! પહેલી માર્ગની શ્રદ્ધા યથાર્થ અનુભવ હોય. યે માર્ગ દૂસરી ચીજ હૈ યે બાત. સમ્યગ્દર્શન જિસે પરમાત્મા કહે યે તો વિકલ્પકે વ્યવહારસે ભિન્ન હોકર અંતર ભગવાન આનંદકંદ પ્રભુ આત્માકે આશ્રયસે—એકત્વ હોનેસે જો અનુભવ હો ઉસમેં પ્રતીત હો, ઉસકા નામ પરમાત્મા સમ્યગ્દર્શન કહતે હૈં. ઉસકે સિવા ઊંધી રીતસે કહતે હૈં કિ રાગ કરનેસે લાભ હોગા વહ સમ્યક્ હૈ. સબ મિથ્યાદૃષ્ટિકા કથન હૈ. જૈન પરમેશ્વર ઔર જૈન સંતોકા યે કથન નહીં. સમજમેં આયા? नई उकति उपजावैं चितसौं. નવી યુક્તિ ઉપજાવે અને લોકરંજન (કરે).

ख्याति लाभ पूजा मन आनै. વ્યવહારસે લાભ હોગા, રાગક્રિયા કરતે કરતે હોગા. સમજમેં આયા? પહલે આંગનમેં આયે બિના ઘરમેં ઘુસ જાતે હૈં? ઐસા દૃષ્ટાંત દેતે હૈં. વ્યવહાર બરાબર શુદ્ધ હો તો આંગનમેં આયા કહાવે. પર વહ આંગન ઘર નહીં. આંગનકો છોડકર ઘરમેં જાતા હૈ. ભૈયા! માર્ગકી દૃષ્ટિ હોના વહ તો અપૂર્વ ચીજ હૈ. સમ્યગ્દર્શન વહ તો અપૂર્વ ચીજ. વહ તો મુક્તદશાકી પ્રણાલિકા શુરુ હો ગઈ. આહાહા! ક્યોંકિ ભગવાન આત્મા મુક્તસ્વરૂપ હી હૈ. રાગકા જો બંધન હૈ (વહ) એક સમયકી પર્યાયકે સાથ રાગકા સંબંધ હૈ. વસ્તુકી જહાં દૃષ્ટિ હુઈ, અબદ્ધસ્પૃષ્ટ ભગવાન આત્મા (પ્રાપ્ત હુઆ). ૧૪વીં, ૧૫વીં ગાથામેં આયા ન. 'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं । अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि । पस्सदि जिणसासणं सव्वं.' જિસને અપના આત્મા કર્મ ઔર રાગસે બદ્ધ નહીં, અબદ્ધ હૈ, શુદ્ધ હૈ, મુક્ત હૈ—ઐસા પ્રતીત અનુભવમેં કિયા વહ અનુભવ જૈનશાસન હૈ. જૈનશાસન કોઈ રાગ ઔર વ્યવહાર વહ જૈનશાસન નહીં. વહ તો રાગ હૈ. જૈનશાસન તો વીતરાગીભાવ વહ જૈનશાસન હૈ. સમજમેં આયા?

ख्याति लाभ पूजा मन आनै, परमारथ—पथ भेद न जानै. ભેદ ન જાને. અભી તો પરમાર્થ વસ્તુ ક્યા હૈ ઉસે જાને નહીં. આહા! ભાઈ! અનંતકાલ અનંતકાલ હુઆ. જૈનસાધુ હુઆ, જૈન શ્રાવક હુઆ વ્યવહારસે. મિથ્યાદૃષ્ટિ રૂપસે બહોત પંચમહાવ્રત પાલે અનંતબાર. પર રાગકી ક્રિયા વહી ધર્મ હૈ ઐસા માનકર કિયા તો જનમ-મરણકા અંત

આયા નહીં. આહાહા! परमारथ–पथ भेद न जानै. ભગવાન આત્મા વ્યવહારકી ક્રિયા રાગસે બિલકુલ ભિન્ન હૈ. ઐસા પરમાર્થકા ભેદ–રહસ્ય અજ્ઞાની કુકવિ ઔર કુઉપદેશક જાનતે નહીં.

वानी जीव एक करि बूझै. આહા! વહ તો પ્રરૂપણા કરે ન વાણી, તો વાણી તો જડ હૈ. તો જડ મૈં કરતા હૂઁ, વાણી મૈં કરતા હૂઁ, ઉપદેશક મૈં હૂઁ—ઐસી માન્યતા કુકવિકા મિથ્યાત્વભાવ હૈ. સમજમેં આયા? વાણી જીવ? યે વાણી તો અજીવ હૈ–જડ હૈ. ભગવાન તો અરૂપી ચૈતન્ય ભિન્ન હૈ. एक करि बूझै. મૈં વાણી કરતા હૂઁ, મૈં દુનિયાકો ઉપદેશ કરતા હૂઁ, યે ઉપદેશકી ક્રિયા મેરી હૈ—ઐસા માનનેવાલા મિથ્યાદૃષ્ટિ કુકવિ હૈ. આહાહા! જૈસે જગતકા કર્તા ઈશ્વર નહીં પર કર્તા માનતે હૈં, ઐસે અજ્ઞાની વાણીકી ક્રિયાકા કર્તા માને, દોનોં હી એકસરીખે મિથ્યાદૃષ્ટિ હૈં. બરાબર હૈ? પંડિતજી! માર્ગ તો ઐસા હૈ ભગવાન. આહાહા! શું થાય! દુનિયાને મળ્યું નથી સત્ય અને સત્યની દરકાર જ નથી. અપના પોષણ જો ભાવ માના ઉસકા પોષણ કરે, વહ અચ્છી બાત લગે ઉસે. યહાં તો ભગવાન કહતે હૈં, વહી બનારસીદાસ કહતે હૈં. અપના ઘરકા નહીં. वानी जीव एक करि बूझै.

અમૃતચંદ્ર આચાર્યને કહા હૈ. 'સમયસાર'. 'પ્રવચનસાર', 'નિયમસાર', 'પંચાસ્તિકાય' સબમેં. અરે ભગવાન! ઉપદેશકી વાણી મેરી હૈ ઔર મૈં કરતા હૂઁ ઐસા ન માનો. ભગવાન! યે તો જડકી પર્યાય હૈ. આહા! હોઠ હિલતે હૈં વહ જડ હૈ. ઔર વાણી નીકલતી હૈ યે ભાષા જડ હૈ. જડ ઔર આત્મા એક માનતે હૈં. ઉપદેશ મૈં કરતા હૂઁ. બરાબર મૈં ઉપદેશ કરતા હૂઁ. ભાઈ! તુમ તો જ્ઞાન(રૂપ) હો ન તુમ. ઉપદેશકી વાણીકા કર્તા તુમ કહાંસે હુએ? અજ્ઞાનીકો ખબર નહીં. ઉપદેશમેં ઐસા જોર લગાવે, ઐસા હૈ, ઐસા હૈ. અરે ભગવાન! સુન તો સહી, પ્રભુ!

યે વાણીકી ક્રિયા તો જડકી ક્રિયા હૈ. યે તો અજીવકી ક્રિયા હૈ. અજ્ઞાની, વાણી–જીવ એક કરી જાને. बूझै, હૈ ન? પંડિતજી! સંસ્કૃતકે પ્રોફેસર. હમારે પંડિતજી પ્રોફેસર હૈ જયપુરકે. અભી નિવૃત્તિ લી હૈ. ક્યા સંસ્કૃત ભાષા, યે તો જડ હૈ. આહાહા! બોલના યે તો જડકી દશા હૈ, આત્માકી નહીં. આત્મા વાણી કર સકતા નહીં. આહાહા! અરે ભગવાન! અજીવકો જીવ માના. ભાષાકી ક્રિયા અજીવકી ઉસે મૈંને કી, વહ તો અજીવકો જીવ માના. આહાહા! સમજમેં આયા?

वानी जीव एक करि बूझै. ભગવાન તો વાણી કી ક્રિયાસે ભિન્ન ચૈતન્ય હૈ. વાણી રૂપી હૈ, આત્મા અરૂપી હૈ. વાણી જડ હૈ, આત્મા ચૈતન્ય હૈ. સમજમેં આયા? વહ તો

પરમાણુકી પર્યાય હૈ. આત્મા તો જ્ઞાનકી પર્યાય કરનેવાલા હૈ. રાગકા ભી કરના આત્મા નહીં. આહાહા! વ્યવહારરૂપી રાગ વહ મેરા કર્તવ્ય હૈ, યે ભી મિથ્યાદૃષ્ટિકી માન્યતા હૈ. સમજમેં આયા? ભગવાન તો જ્ઞાનસ્વરૂપ હૈ આત્મા. જ્ઞાનસ્વરૂપમેં વાણી કૈસી આયી? વાણીકા રજકણ પડા હૈ આત્મામેં? ભાષા વર્ગણામેંસે વાણી ઉઠતી હૈ. અજ્ઞાની તો ઐસે માનતે હૈં કિ હમ બરાબર ઉપદેશ કરતે હૈં, યે ભાષાકી ક્રિયા હમારી હૈ ઔર ઉસસે લોગોંકો લાભ હોતા હૈ. એ માન્યતા સબ મિથ્યાત્વ હૈ. આહાહા! માર્ગ બાપુ! મોક્ષનો માર્ગ અને તે પરમેશ્વરે કહ્યો એ હોં. દૂસરેમેં તો યે બાત નહીં, હૈ હી નહીં. સર્વજ્ઞ વીતરાગ ઔર દિગંબર સંતોને કહા વહી એક હી માર્ગ હૈ. દૂસરેમેં ઐસા માર્ગ હૈ નહીં. મધ્યસ્થસે દેખે તો ઉસકી સમઝમેં આવે. પક્ષપાતસે દેખે તો સમઝમેં આતા નહીં. સમજમેં આયા?

આંહીં તો ભાઈ, વાણીને એક કરી માને એનો અર્થ પહેલો કે રાગને અને વ્યવહારને પણ એક કરી માને છે, એ વાણીને પણ એક કરીને માને છે. આહાહા! ભગવાન અરૂપી ચૈતન્ય અરૂપી ઘન જ્ઞાનઘન હૈ. ઉસમેંસે રજકણકી આવાજ(કી અવસ્થા) કહાઁસે આયી? ઔર યે તો વીતરાગ મૂર્તિ... આગે આયેગા યે શબ્દ હૈ ન? घट घट अंतर जिन बसै, घट घट अंतर जैन; मतमदिराके पानसौं मतवाला समुझै न. ૩૧ બોલ. ૩૧ હૈ ન ૩૧. ૩૧ આયેગા. પીછે હૈ ૩૧. તીસ ઔર એક. પન્ના ૪૧૯.

घट घट अंतर जिन बसै, घट घट अंतर जैन; मतमदिराके पानसौं मतवाला समुझै न. છે જેઠાભાઈ? ક્યાં? ઘટઘટ અંતર જિન બસે. પ્રત્યેક હૃદયમેં જિનરાજ બિરાજતે હૈં આત્મા. આત્મા તો જિનરાજ હૈ. આહાહા! સમજમેં આયા? ઘટઘટ અંતર જિન બસે. રાગવાલા નહીં, વ્યવહારવાલા નહીં, યે કહતે હૈં. વ્યવહાર તો આસ્રવવાલા હૈ. આસ્રવવાલા જીવ હૈ? ઘટ ઘટ અંતર જિન બસે. ઘટ ઘટ અંતર જૈન. જૈનધર્મકા નિવાસ ભી અંદરમેં હૈ. વીતરાગી પર્યાય વહ જૈનધર્મ હૈ. વ્યવહાર રાગ ઔર નિમિત્ત વહ કોઈ જૈનધર્મ હૈ નહીં. આહાહા! ભારે લાગે માણસને હોં. પછી તકરાર.. તકરાર. વાડાના પક્ષકાર તકરાર કરે. ભગવાન! યે વાદવિવાદકા વિષય નહીં, પ્રભુ! યે તો અંતરકી સમજકા વિષય હૈ. 'સદ્‌ગુરુ કહે, સહજકા ધંધા. વાદવિવાદ કરે સો અંધા.' 'બનારસીદાસ' કહ ગયે. સમજમેં આયા?

જુઓ કેટલી વાત કરી. ઘટઘટ અંતર જિન બસે. ભગવાન બિરાજે છે આત્મસ્વરૂપ, એ આત્મસ્વરૂપ એ જ જિનસ્વરૂપ છે; 'જિન સો હી આત્મા, અન્ય સો હી હૈ કર્મ. યે વચનસે સમજ લે જિનપ્રવચનકા મર્મ.' યે 'શ્રીમદ્' કહતે હૈં. શ્રીમદ્ રાજચંદ્ર

હુએ ન? ઉન્હેં છોટી ઉંમરમેં જાતિસ્મરણ હુઆ. જિન સો હી આત્મા. ભગવાન આત્મા તો વીતરાગમૂર્તિ હૈ. (ઐસા) સ્વરૂપ હી ઉસકા હૈ. રાગ ઔર શરીર; શરીર આદિ અજીવ હૈ, કર્મ આદિ અજીવ હૈં. રાગ, વિકલ્પ, વ્યવહાર વહ તો આસ્રવ હૈ.

ઘટઘટ અંતર જિન બસે, ઘટ ઘટ અંતર જૈન. વીતરાગી સ્વરૂપ ભગવાન આત્માકા આશ્રય લેનેસે જો પર્યાય ઉત્પન્ન હુઈ યે અંતરમેં હૈ. કોઈ વિકલ્પ ઔર બાહરમેં યે પર્યાય હૈ નહીં. મત મદિરાકે પાનસૌં. અપના મજહબ.. મજહબ. હિન્દી તુમ્હારી ભાષા હૈ ન હિન્દી. અપને મજહબ કે પક્ષરૂપી શરાબકે પી લેનેસે અપને પક્ષકા દારૂ પિયા હૈ. મદિરા પી હૈ અપને પક્ષકા, દેખો. અપને મજહબકે પક્ષરૂપી શરાબકે પી લેનેસે મતવાલે લોગ નહીં સમઝતે હૈં. અપને રાગ ઔર અજ્ઞાનકે પક્ષમેં જ્ઞાનીકી ઐસી બાત વે સમજ સકતે નહીં. ઉન્હોંને બહોત લિયા હૈ. બનારસીદાસને તો બહોત લિયા હૈ.

'ટોડરમલજી', 'બનારસીદાસ' આદિ જો હુએ મહાસમર્થ. સમર્થ.. ઉન્હોંને તો ભગવાનકે શાસ્ત્ર થે, ઉસીકા સ્પષ્ટીકરણ કિયા હૈ. અપને ઘરકી કોઈ બાત હૈ હી નહીં. આહાહા! સમ્યગ્દૃષ્ટિ થે. ધર્મકી બાતમેં સમ્યગ્દૃષ્ટિ ઔર કેવલી દોનોં કી બાત એક સી હૈ, સ્થિરતામેં ફેર હૈ. સમ્યગ્દૃષ્ટિમેં સ્થિરતા ચારિત્રકી નહીં. વિશેષ હોં. સ્વરૂપાચરણ ચારિત્ર તો હોતા હૈ. અનંતાનુબંધીકા અભાવ હોકર ઇતની શાંતિકી સ્થિરતા તો સમ્યગ્દૃષ્ટિકી હોતી હૈ. પર વિશેષ જો મુનિકી સ્થિરતા હૈ ચારિત્ર વીતરાગતા, ઐસી સમ્યગ્દર્શનમેં નહીં.

ચારિત્રદશા તો અલૌકિક દશા હૈ. વીતરાગ દશા હૈ. પરમાત્મપદકો પાનેકા નિકટ ભાવ હૈ. આહા! પર ધર્મકી કથનશૈલી, શ્રદ્ધામેં કોઈ ફેર નહીં. સમજમેં આયા? મતવાલે લોગ નહીં સમઝતે. અપને પક્ષકે મતમેં પડે, વે યે બાત સમઝમેં લેતે નહીં. ઐસા કહા? ઐસા ભગવાન હૈ આત્મા? અરે, ભગવાન હૈ. સુન તો સહી! વસ્તુરૂપસે ભગવાન આત્મા હૈ. ઐસી દૃષ્ટિ હો તો પર્યાયમેં ભગવાન મૈં હૂઁ ઐસી પ્રતીત આતી હૈ. ઔર બાદમેં ભગવાન પર્યાયમેં હો જાતા હૈ. ભગવાન ન હો તો ભગવાનકી કેવલજ્ઞાન પર્યાય કહાઁસે આતી હૈ? બાહરસે આતી હૈ? સમજમેં આયા?

લીંડીપીપરકા દૃષ્ટાંત દેતે હૈં ન? છોટી લીંડીપીપર નહીં હોતી હૈ? છોટી પીપર– લીંડી પીપર. ઘિસતે હૈં ન ૬૪ પહર. ચરપરાઈ પ્રગટ હોતી ન ૬૪ પહરી. ઇતની કાલી હોતી હૈ ન લીંડીપીપર. છોટી પીપર. લેંડીપીપર કહતે હોંગે. પર ઉસમેં ૬૪ પ્રહરી શક્તિ પડી હૈ. ૬૪ પૈસા કહતે થે ન પહલે? અભી ૧૦૦ પૈસાકા રૂપિયા હુઆ. પહલે તો ૬૪ પૈસાકા રૂપિયા થા ન? તો ૬૪ પહરી જો શક્તિ પડી હૈ અંદર. વહ ઘૂંટનેસે અંતર હૈ

(વહ) બહાર આતી હૈ. કોઈ શક્તિ બહારસે આતી નહીં. પૂર્ણ એક લીંડીપીપર ઇતની બાહરમેં કાલી ઔર કદમેં છોટી. પર શક્તિમેં પૂર્ણ અંદર ચરપરાઈ ભરી હૈ ચરપરી.

ઐસે ભગવાન આત્મા શરીરરૂપસે અવગાહન દેખનેમેં આતા હૈ ઔર કાલી પુણ્ય-પાપ આદિ વિકારકી પર્યાય દેખનેમેં આતી હૈ, પર વહ યે નહીં. ઉસમેં તો અનંત જ્ઞાન-દર્શન અનંત ચોસઠ પહોરા પૂર્ણ અનંત આદિ ભરા હૈ. યે તો વીતરાગ સ્વરૂપ આત્મા હૈ. શક્તિરૂપસે, સત્ત્વરૂપસે, ભાવરૂપસે, દ્રવ્ય સ્વભાવરૂપસે. સમજમેં આયા? ઉસકા આશ્રય કરનેસે યે મોક્ષકા માર્ગ જો ઉત્પન્ન હો ઉસકા નામ મોક્ષમાર્ગ કહતે હૈં. અજ્ઞાની મતવાલા માનતે નહીં. અપના મતકા પક્ષવાલા યે બાત લક્ષમેં લેતે નહીં. આહાહા! जाकौ चित जड़ ग्रंथ न सूझै. હૃદયકા મૂર્ખ હોતા હૈ કુકવિ. ઔર ઉસે શાસ્ત્રજ્ઞાન નહીં. શાસ્ત્રમેં ક્યા કહના હૈ ઉસકી ખબર નહીં.

(ચોપાઈ)

वानी लीन भयौ डग डोलै।
वानी ममता त्यागि न बौलै।।
है अनादि वानी जगमांही।
कुकवि बात यह समझै नांही।।१४।।

**અર્થ** :—જતે વચનમાં લીન થઈને સંસારમાં ભટકે છે, વચનની મમતા છોડીને કથન કરતા નથી. સંસારમાં વચન અનાદિકાળના છે એ તત્ત્વ કુકવિઓ સમજતા નથી. ૧૪.

**अर्थ** :—वह वचनमें लीन होकर संसारमें भटकता है, वचनकी ममता छोड़कर कथन नहीं करता। संसारमें वचन अनादिकालका है यह तत्त्व कुकवि लोग नहीं समझते।।१४।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ક્યા કહતે હૈં, દેખો. वह वचनमें लीन होकर संसारमें भटकता है. યે વાણી મૈં કરતા હૂઁ, મૈં ઉપદેશક હૂઁ, વાણીકા રચનેવાલા મૈં હૂઁ. દીવારમેંસે ક્યોં વાણી નહીં નિકલતી હૈ? ઐસા તર્ક કરે. વાણી મેરેસે હુઈ હૈ, મૈં ઉપદેશક હૂઁ. મૈં વક્તા હૂઁ. જેઠાભાઈ! ઐસે અજ્ઞાની વચનમેં લીન હોકર વચન મેરા કામ હૈ, ઉપદેશ વાણી મેરા કામ હૈ ઐસા માનકર સંસારમેં ભટકતા હૈ. આહાહા! ભારે વાત ભાઈ!

એક જણો ઓલાનું કહ્યું'તું ને. યહાઁસે સુનકર ગયે થે વહાં અમદાવાદ. એક કો પૂછા કિ 'મહારાજ! યે વાણી કૌન બોલતા હૈ?' તો ઉસને ઉત્તર દિયા, તેરા બાપ બોલતા હૈ? તુમ બોલતે હો. આહાહા! અરેરે, ભગવાન! અમદાવાદકા વહ શ્વેતાંબરી

થા. સુનનેકો આયા. ૧૫ દિન સુના. તો યહાઁ આયા કિ વાણી આત્માકી ક્રિયા હૈ નહીં. જડકી ક્રિયા હૈ યે તો અજીવકી. તો વહાં જાકર પૂછા, 'મહારાજ! વાણી કૌન બોલતા હૈ?' કહે, તેરા બાપ બોલતા હૈ? તુમ બોલતે હો. અરે, અરે! શું વાત! આચાર્ય થા હોં. બડા નામ ધરાવે. અરે ભગવાન! ઐસા અન્યાય અંદરસે ન ચલે, ભગવાન! વીતરાગમાર્ગમેં ઐસા અન્યાય ન ચલે. આહાહા! દુનિયા માને.

તો કહતે હૈં, वचनकी ममता छोड़कर कथन नहीं करता. વાણીકી મમતા કરતે હૈં અજ્ઞાની. મૈં જૈસે બોલૂં વૈસે બોલ સકતા હૂઁ, જોરસે બોલૂં તો બોલ સકતા હૂઁ, ધીરેસે બોલૂં તો હમ બોલ સકતા હૂં. કૈલાસચંદજી! ધીરે સે બોલો, જોર સે બોલો. પહલે આપ બોલતે થે ન? જેઠાલાલજી! ભૈયા ઐસે બોલતે થે. બોલે કોણ? બોલે એ બીજો જડ, આત્મા બોલે નહીં કભી. આહાહા! આત્મા ન બોલે તો લકડીમેંસે ક્યૂં અવાજ નહીં નિકલતી હૈં? અરે, ભગવાન! સુન તો સહી. યે જડકી અવસ્થા સંબંધી જો સમય હોનેવાલી હૈ વહ હોતી હૈ. કેવલજ્ઞાની ભી અપની દિવ્યધ્વનિકા કર્તા નહીં. આહાહા!

દિવ્યધ્વનિ ભગવાનકી નિકલતી હૈ. પરમાત્મા ઓમધ્વનિ. 'ઓમકાર ધ્વનિ સુની અર્થ ગણધર વિચારે.' પર વહ ઓમધ્વનિકા કર્તા આત્મા કેવલી નહીં. શરીરવર્ગણા નહીં કરતા તો ફિર આત્મા કહાંસે કરે? ક્યોંકિ યે શરીરવર્ગણા તો દૂસરી વર્ગણા— આહારવર્ગણા હૈ. ભાષાવર્ગણા દૂસરી હૈ. ભાષાવર્ગણામેંસે ભાષા હોતી હૈ. યે આહારવર્ગણામેં સે નહીં હોતી હૈ. તો આત્માસે હોતી હૈ વાણી? યે તો મૂઢ માનતે હૈં. આહાહા!

वचनकी ममता छोड़कर कथन नहीं करता. ઉસકા અર્થ કિ ઉસકી દૃષ્ટિમેં વચન ઉપર હી દૃષ્ટિ પડી હૈ. રાગ ઉપર હી અજ્ઞાનીકી દૃષ્ટિ હૈ. પર કથન ઔર રાગસે હટકર અપને સ્વભાવકી દૃષ્ટિ રખકર બોલતે નહીં. ભારે વાતું ભાઈ! આવો જૈનધર્મ! કહો, ગિરધરભાઈ! આ વાણી ઊંચે બોલે, કહે છે, આત્મા ન બોલે. એમ કહે છે. 'અમૃતચંદ્રઆચાર્ય' કહતે હૈં કિ અરે, મૈં ઉપદેશક, યે ટીકા મૈંને કી (ઐસા) ન માનો. ઔર વાણીસે તુમ્હેં સમઝ હોગી ઐસે ન માનો. ઐસા મોહ ન કરો. આહાહા!

સંસારમેં વચન અનાદિકા હોતા હૈ. યે કહા થા કલ નહીં? सिद्धो वर्णसमाम्नायः 'મોક્ષમાર્ગપ્રકાશક'મેં હૈ યે શબ્દ. યે અનાદિકા હૈ. કહા થા ન કલ. હમ ભી પહલે પાઠશાલા ગયે થે તો પહલા શબ્દ હમકો યહી સિખાયા થા. સમજે? ૭૫ વર્ષ પહલેકી બાત હૈ. પાઠશાલામેં ધૂલી પાઠશાલા ગયે તો પહલે યે શબ્દ શીખે. सिद्धो वर्णसमाम्नायः. વચનકી આમ્નાય અનાદિકી હૈ. વહ મોક્ષમાર્ગમેં આતા હૈ 'મોક્ષમાર્ગ પ્રકાશક.' મૈં

વાણીકા આત્મા કર્તા નહીં હૈ. આહાહા! ભારે વાત ભાઈ! રાગકા કર્તા હોતા હૈ ન, તો વાણીકા કર્તા ઉસે માન લેતે હૈં. અજ્ઞાની કી દૃષ્ટિ રાગ ઔર વાણી પર હૈ. જ્ઞાનીકી દૃષ્ટિ રાગ ઔર વાણી પર નહીં. આહાહા! મૈં તો જ્ઞાન અને શુદ્ધ ચૈતન્ય હૂઁ. મેરેમેં રાગકા કર્તવ્ય ભી નહીં. રાગ વહ મેરે જ્ઞાનકા પરજ્ઞેય હૈ. વાણી ભી મેરે જ્ઞાનકા પરજ્ઞેય હૈ. આહા! સમજમેં આયા?

संसारमें वचन अनादिकालका है यह तत्त्व कुकवि लोग नहीं समझते. અજ્ઞાની યે સમઝતે નહીં. જોર દેતે હૈં. નહીં, ઐસે બોલતે હૈં, હમ બોલતે હૈં. ભગવાન! હમ યાની ક્યા? હમ યાની આત્મા. તો આત્મા બોલતા હૈ? અજીવકી ક્રિયા આત્મા કરતા હૈ? વહ તો અજીવકી ક્રિયા હૈ ભાષા તો. આહાહા! અજીવકા પરિણમન હૈ, જડકા પરિણમન હૈ. ઉસ પરિણમનકા આત્મા કર્તા હૈ? અજ્ઞાનીકી સૂઝબૂઝ વ્યવહારમેં ઔર પરમેં હૈ તો યે સૂઝ નહીં, યે કહતે હૈં. રાગકી મમતા છોડકર, વાણીકી મમતા છોડકર...

અજ્ઞાની નહીં બોલ સકતે, યે કહતે હૈં. ઉસકી મમતા તો વહાં પડી હૈ ન? રાગ મૈં હૂઁ, વાણી મૈં હૂઁ. યે કહતે હૈં. ક્યોંકિ આત્મા રાગરહિત ચિદાનંદ હૈ, ઐસી દૃષ્ટિકી ખબર નહીં. તો રાગ મૈં હૂઁ. યહાઁ અપની પૂર્ણ સત્તા હૈ ઉસકે અસ્તિત્વકી દૃષ્ટિ નહીં. તો કહીં અપના હૈ ઐસા અસ્તિત્વ માન લેતે હૈં કિ નહીં? તો વ્યવહારકા બોલનેકા ઉપદેશકા વિકલ્પ મેરા હૈ ઔર વાણી ભી મેરી હૈ. ઐસે અજીવ અને આસ્રવકો અપના માનનેવાલા મિથ્યાદૃષ્ટિ કુકવિ સત્યકા ભેદજ્ઞાન કરતા નહીં. આહાહા! ભારે વાતું ભાઈ!

મોટા મોટા મંચ ઉપર આમ ભાષણ આપે. લાખો માણસ આમ... બબ્બે કલાક બોલે. ધારાવાહી વાણી નીકળે અને કહે કે આત્મા કર્તા નથી એનો. અરે, આ તે ગાંડા છે પાગલ? એય, ગિરધરભાઈ! ભાષણ કેવા કરતા હશે, નહીં? પ્રમુખ બનીને ભાષણ કરે આમ મોટી... બોલે કે મને તમે પ્રમુખ તરીકે સ્વીકાર્યો એ તમારી મોટપ છે. મારામાં મોટપ... અંદર તો ગલગલિયાં હોય. સમજમેં આયા? અને એ મોટપ તમારે નભાવવી એ તમારું કામ છે, એમ. એય, ગિરધરભાઈ! આહાહા! અરે, તૂ ચીજ ભગવાન, રાગસે અને વાણીસે ભિન્ન હૈ. નાથ! યે રાગમેં તુમ આતે નહીં ઔર વાણીમેં તુમ જાતે નહીં. પર અજ્ઞાનીકો ઈસકા પતા નહીં. બાદમેં વાણીકી વ્યાખ્યા કરતે હૈં થોડી, લો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૯૯, કારતક વદ ૩, શુક્રવાર, તા. ૫-૧૧-૧૯૭૧
## ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિ પદ ૧૫ થી ૩૧ પર પ્રવચન

સમયસાર નાટક. અંતિમ પદ છે ને આ બધા. વાણીની વ્યાખ્યા આવી છે. એ ૧૫, ૧૫. વાણી નીકળે છે એ સ્વતંત્ર છે એમ સિદ્ધ કરે છે અહીંયા. વાણીનો કર્તા આત્મા નથી.

વાણીની વ્યાખ્યા (સવૈયા એકત્રીસા)

जैसै काहू देसमैं सलिल-धारा कारंजकी,
नदीसौं निकसी फिर नदीमैं समानी है।
नगरमैं ठौर ठौर फैलि रही चहुं ओर,
जाकै ढिग बहै सोइ कहै मेरौ पानी है।।
त्यौंही घट सदन सदनमैं अनादि ब्रह्म,
वदन वदनमैं अनादिहीकी वानी है।
करम कलोलसौं उसासकी बयारि बाजै,
तासौं कहै मेरी धुनि ऐसौ मूढ़ प्रानी है।।१५।।

**અર્થ :—**જેવી રીતે કોઈ સ્થાનમાં પાણીની ધારા શાખારૂપ થઈને નદીમાંથી નીકળે છે અને પાછી તે જ નદીમાં મળી જાય છે, તે શાખા શહેરમાં જ્યાં–ત્યાં થઈને વહી નીકળે છે, તે જેના મકાન પાસે થઈને વહે છે તે જ કહે છે કે આ પાણી મારું છે, તેવી જ રીતે હૃદયરૂપી ઘર છે અને ઘરમાં અનાદિ બ્રહ્મ છે અને પ્રત્યેકના મુખમાં અનાદિ કાળનું વચન છે, કર્મની લહેરોથી ઉચ્છ્વાસરૂપ હવા વહે છે તેથી મૂર્ખ જીવ તેને પોતાની ધ્વનિ કહે છે. ૧૫.

**अर्थ :—**जिस प्रकार किसी स्थानसे पानीकी धारा शाखारूप होकर नदीसे निकलती है और फिर उसी नदीमें मिल जाती है, वह शाखा शहरमें जहाँ तहाँ होकर वह निकलती है, सो जिसके मकानसे पास होकर बहती है वही कहता है कि, यह पानी मेरा है, उसी प्रकार हृदयरूप घर है और घरमें अनादि ब्रह्म है और प्रत्येकके मुखमें अनादि कालका वचन है, कर्मकी लहरोंसे उच्छ्वासरूप हवा बहती है इससे मूर्ख उसे अपनी ध्वनि कहते हैं।।१५।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

જેમ કોઈ દેશમાં સલિલ—પાણી પ્રવાહ ધારા હાલે.. પાણીની ધારા. એનો એક ભાગ ન્યાંથી नदीसौं निकसि फिर नदीमैं સમાય. આવ્યું છે ને, આપણે કળશમાં આવ્યું છે ને. કળશમાં આવ્યું છે ને. પાણીનો પૂર... પાણી ચાલે છે એમાંથી કોઈ ભાગ નીકળીને

વળી પાછો નદીમાં સમાઈ જાય. એ પાણી नगरमैं ठौर ठौर फैलि रही. ગામમાં પાણી ગ્યું. જાય છે ને. जाकै ढिग बहै. જ્યાં પાણી એના ઘર પાસે આવે, सोइ कहै मेरौ पानी है એમ કહે. પાણી તો પાણીને કારણે પ્રવાહથી ચાલે છે. એનું પાણી નથી અને એને કારણે પાણી આવ્યુંય નથી. આહા! त्यौंही घट सदनमैं. એમ આ હૃદયમાં જ્ઞાનસદનમાં અંદર ભગવાન બિરાજે છે અનાદિ બ્રહ્મ આનંદસ્વરૂપ પરમાત્મા પોતે આત્મા અનાદિ બ્રહ્મ વસ્તુ છે. હૃદયરૂપી ઘર હૈ અને ઘરમેં અનાદિ બ્રહ્મ. પ્રત્યેકના મુખમાં અનાદિકાળનું વચન. જુઓ, ક્રમબદ્ધને સિદ્ધ કરે છે. આહા! જેમ ઘર દીઠ પાણી જાય, ઈ પાણી કંઈ એનું નથી ને એને કારણે ગ્યું નથી. સ્વતંત્ર પાણીને કારણે (આવ્યું છે). એમ મુખમાં વાણી સ્વતંત્ર એના પરમાણુના પ્રવાહના કારણે એ આવી છે વાણી. કહો.

(શ્રોતા : એનો કર્તા જીવ નથી?) જીવ તો નથી પણ એના ક્રમે આવી છે વાણી, એમ કહે છે. (શ્રોતા : એક ડગલું આગળ) હા. ઈ. આહાહા! અનાદિ બ્રહ્મ ભગવાન એની સમીપમાં મુખમાં અનાદિકાળનું વચન છે, કહે છે. આ જુઓ ભાષા તો જુઓ. એ વાણીનો પ્રવાહ જે ચાલે છે ક્રમ, ત્યાં એ વાણીનો પ્રવાહ એના ક્રમે અનાદિનો એ ત્યાં એ આવવાનો જ હતો. એને કારણે એ વાણી નીકળી છે. આહાહા! સમજાણું કાંઈ? એ વાણીનો આત્મા કર્તા (નથી.) (શ્રોતા : વ્યવહારે કર્તા?) વ્યવહારે કર્તાનો અર્થ શું? કર્તા જ નથી. એ તો નિમિત્તપણું કોનું છે એ બતાવવા વાણી ભગવાને કહી, મુનિઓએ રચના કરી એમ કહેવામાં આવે છે. કહેવામાં આવે છે એટલે એ કર્તા છે એમ નથી.

સમયસારમાં આવી ગઈ ને ૧૦૦ મી ગાથામાં કે આ શરીર, વાણી, મન એનો કર્તા આત્મા નથી. જડની કર્મની ક્રિયાનો આત્મા કર્તા નથી. ત્યારે? કે અજ્ઞાની જે રાગ અને જોગનો કર્તા થાય છે એ સમયે અજ્ઞાની, તે જોગ અને રાગ તે કર્મની પર્યાયમાં નિમિત્ત થાય છે. શરીરની ક્રિયામાં નિમિત્ત તો એમાં વાણીની ક્રિયામાં નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? આહા! જેના કંપન–જોગ અને ઇચ્છાનો જે કર્તા થાય છે અજ્ઞાની. કેમ કે એ કંપન અને ઇચ્છા એ સ્વરૂપમાં છે જ નહીં. છતાં જે ઇચ્છા રાગ અને કંપનનો કર્તા થાય એવો પર્યાયબુદ્ધિવાળો અજ્ઞાની વાણી અને શરીર અને કર્મની પર્યાયમાં નિમિત્ત તરીકે કહેવામાં આવે (છે). એનાથી થઈ નથી. આહાહા! આંહીં તો... (શ્રોતા : ભીંત કાંઈ બોલે?) ભીંતેય બોલે છે, અવાજ પડે ત્યારે. અવાજ થાતા નથી? એવી વાત છે. આહાહા! તું તો જ્ઞાનસ્વરૂપ છે ભગવાન આત્મા. જ્ઞાનમાં વાણીનું થવું-કરવું એ છે ક્યાં? નિમિત્તપણે થવું એવું એના સ્વભાવમાં નથી, એમ કહે છે આંહીં તો. (શ્રોતા : વકીલાતનો ધંધો કર્યો) વકીલાતનાં ધંધા બધા કર્યા. એય, સુમનભાઈ! આય તેલનો કરે છે ને ધંધો ન્યાં. આહાહા!

આંહીં તો કહે છે કે એ વાણી જે નીકળે છે અને શરીરની ક્રિયા ચાલે છે એ એના પરમાણુના પ્રવાહનો કાળ જ એવો હતો કે એ ત્યાં આવીને એ ક્રિયા થાય છે. એમ કહે છે. વદન વદનમૈં अनादिहीकी वानी है. અનાદિનો અર્થ – એ વાણીનો ક્રમ પ્રવાહ ત્યાં આવવાનો એવો પ્રવાહ છે અનાદિનો એ. આહાહા! અનાદિનો જેમ બ્રહ્મ આનંદસ્વરૂપ ભગવાન અનાદિનો છે. એમ આ વાણી ને શરીરની પર્યાય પણ તે કાળે થવાનો એવો અનાદિનો પ્રવાહ છે ત્યાં, એમ કહે છે. આહા! વીતરાગમાર્ગ લોકોને આકરું. વાણી હું કરું છું, હું છું તો વાણી બોલાય છે. કહે છે કે એ પરમાણુઓ છે તો એની પર્યાય ભાષાની થાય છે. આહાહા! સમજાણું કાંઈ? એ 'સમાધિશતક'માં એ આવે છે ને ઈ. વાયુ થાય છે ને. વાયુથી આ શરીરની પ્રેરણા હાલે છે. વાયુથી શરીરની પ્રેરણા એમ થાય છે, એમ. એનો અર્થ ઈ. એ તો નિમિત્તની વાત છે. આહાહા! ભાઈ!

તું તો આત્મા છો ને અને આત્મા એ તો જ્ઞાનસ્વરૂપી ચૈતન્યઘન છે. ઈ આત્મા એ તો શરીર, વાણીના કાળે જે પર્યાય થાય એનો એ નિમિત્તેય નથી. આહાહા! ભારે વાત આવી! ફક્ત એ વાણી તો વાણીને જ કાળે ભાષા જે રીતે નીકળવાની-થવાની, તે જ રીતે નીકળે અને થાય. એ તો જેમ પાણી ઘર ઘર જાય અને ઓલો માને કે પાણી મારું. નદીમાંથી ફાંટો ફાટીને આવ્યું. એમ પુદ્‌ગલનાં પરમાણુનો ફાંટો એક આવીને એ વખતે ભાષારૂપે થાય. આ શરીર પણ એ રૂપે આમ થાય. એને ઓલો અજ્ઞાની માને કે આ મારે લઈને ભાષા થાય છે. આહાહા! સમજાણું કાંઈ?

વાણી અને શરીરની જે પર્યાય તેનો ખરો પ્રવાહ જ એના પુદ્‌ગલનો એ જ થવાનો ત્યાં હતો. સમજાણું કાંઈ? ત્યાં તે કાળે તે ભાષાનું પરિણમન અને શરીરનું પણ તે ગતિનું તે સમયે તે જ કાળે તે પ્રકારે ગમન એમ થતાં, આત્મા અંદર છે ઈ એમ માને કે મારે લઈને આ ભાષા થઈ.... કુકવિની વાત છે ને. ઉપદેશકની વાત છે આંહીં. ઉપદેશક. કહો, એમાં અહીંયા વકીલ આવ્યા કે નહીં આમાં? દલીલ કરે, દલીલ કરી. બરાબર દલીલ કરી શકે કે નહીં? ન કરી શકે? બરાબર કરી શકે કે આ વિલાયતમાં આ કિસ્સામાં હતું એમાં એ પ્રમાણે તમારે આંહીં સમાધાન કરવું પડશે, લ્યો. એ ભાષા બોલેને? કહો, જેઠાભાઈ! (શ્રોતા : ......દાખલા બતાવ્યા) બતાવ્યા? તમારે ત્યાં ઓલો ઓડીટરમાંય આમ નામું લખવું છે ને બરાબર સરખું. આ પ્રમાણે, આ પ્રમાણે છે બરાબર છે. આ પ્રમાણે બરાબર નથી, લ્યો.

એ લખવાની ક્રિયા જે ભાષા એક-એક પરમાણુ એ સમયે એ જ રીતે પરિણમવાની ક્રિયાનો પ્રવાહ હતો. આહાહા! સમજાણું કાંઈ? એનો આત્મા કર્તા નથી. એને લઈને ભાષા અને શરીરની પર્યાય થાય છે. આની હયાતિ છે માટે આની હયાતિ

આ રીતે થાય છે, એમ નથી. આહાહા! (શ્રોતા : કર્મ છે માટે થાય છે ને) કર્મ છે માટે નથી. કર્મની પર્યાય કર્મના પુદ્‌ગલની પર્યાય તે કાળે તે રીતે થવાની તેવી રીતે થાય. ભાષાને નિમિત્ત છે એમ કહેવું એ પણ એ નિમિત્ત છે. ભાષાની વર્ગણા ભાષાને કારણે એ જ સમયે એ જ પ્રકારે... આહાહા! આ ભાષા તો એમ કરી છે. અનાદિની વાણી છે એમ કીધું છે. એનો અર્થ જ, વાણીનો પ્રવાહ જે છે તે કાળે થવાનો તે અનાદિનો એમ ને એમ છે. આહાહા! કહો, જેઠાભાઈ! ભારે આવી વાતું જૈનદર્શનની.

ઈશ્વર કર્તા જગતનો તો નહીં પણ આ વાણી અને જડનો કર્તા આત્મા નહીં. આહા! અરે, એની નિર્મળ પર્યાયેય કર્તા નહીં. અરે, એની રાગ અને કંપનની ક્રિયાય એની કર્તા નહીં. ફક્ત રાગ અને ક્રિયા ઉપર જેની દૃષ્ટિ છે એને એ કાળે નિમિત્તપણે કર્તાનો આરોપ આપીને કહેવામાં આવે છે. આહાહા! ભારે કામ વ્યાખ્યા. જૈનદર્શનને સમજવું. જૈનદર્શન એટલે વસ્તુનું સ્વરૂપ. સમજાય છે કાંઈ? કહે છે કે અરે, વાણીનાં કાળે જોરથી કે હળવેથી, ધીમેથી કે થોડેથી કે ઝાઝેથી જે ભાષા નીકળે છે એ જ એનો પ્રવાહમાં તે જ પ્રકારનો અનાદિનો ક્રમ છે. કહો, સમજાણું કાંઈ? એને ઠેકાણે અજ્ઞાની करम कलोलसौं उसासकी बयारि बाजै. એ તો નિમિત્તથી કથન કર્યું છે. કર્મના નિમિત્તે ઉચ્છ્‌વાસ થાય શ્વાસ, એમાં વહેતી ભાષા, મૂરખ જીવ ઉસે અપની ધ્વનિ કહતે હૈં. આહા! કેટલા એના? બાયડી એની, છોકરા એના, દુકાન એની, બંગડીઓ એની, હીરાભાઈ એના. આરે ગજબ છે ને. કહે છે.

આંહીં તો કહે, વાણીને કાળે વાણી નીકળી એ એની. મૂરખ છો. આહાહા! આ રાગને કાળે ખરેખર રાગ થાય અને એ મારાં છે એ પણ મૂરખ છે, એમ કહે છે. મૂઢ છે. સમજાણું કાંઈ? આહાહા! ઈચ્છાને કાળે ઈચ્છાનો પ્રવાહ તે કાળે જ એ થવાનો હતો, એને ઠેકાણે અજ્ઞાની પોતાનાં ચૈતન્ય સ્વભાવને ભૂલી અને રાગ મારું કર્તવ્ય છે એમ અજ્ઞાની માને છે. માને છે, આહાહા! છે નહીં. ઉપદેશકો ઓલા હોંશમાં બહુ આવીને પછી ધડાકા બોલેને. અમે આમ કરીએ છીએ, અમે આમ કરીએ છીએ. ભગવાન શાંત થા પ્રભુ! એ જગતના પરમાણુના પ્રવાહના કાળમાં તું ન પેસ. તું ન જા ત્યાં. તું તારામાં રહે. સમજાણું કાંઈ? હું તો જ્ઞાન આનંદ સ્વરૂપ છું. મારામાં તો આ છે. રાગનું અને વાણીનું કર્તવ્ય નિમિત્તપણે પણ મારું નથી. આહાહા! સમજાણું કાંઈ?

એક આજે કાગળ આવ્યો છે એક. કો'ક ચક્રવર્તી છે ને કોલ્હાપુરનો. કાંઈક મંગાવ્યું છે આમણે. આત્મધર્મ લખ્યું હશે છે એમાં. ચક્રવર્તી કાંઈક છે નામ છે. હશે કો'ક ને ત્યાં કુંદકુંદનું..... કુંદકુંદઆચાર્યની પીઠ... પીઠ બાંધી. અને આંહીંના મંગાવ્યા છે. પહેલા મંગાવ્યા હશે, બીજા મંગાવ્યા છે. ભઈ, હવે બે-ત્રણ જણા કોઈ નિંદા કરતા

હોય તો એથી કરીને આખો દિગંબર ધર્મ તમારી નિંદા કરે છે એમ ન માનવું તમારે. સિદ્ધ કરે છે. લખ્યું છે. બે-ત્રણ જણા કોઈ હોય અને તેની ગણતરી શું એની? એવા પાપના પરિણામ કરનારાને દૂર રાખો. બહુ લખ્યું છે એણે. અને એમ સમજો, એ તો ઈ કહે છે, એ પ્રકારે અયશકીર્તિ ટળી જાય છે એ અપેક્ષાએ. અરે, અયશકીર્તિ જાય... એણે અત્યારે લખ્યું છે. બે-ત્રણ જણા... બાકી માર્ગ તો છે ઈ આ. એમ જ ત્યાં લખ્યું છે. આપ સૂર્ય છો તો હું દીપક છું. એને બેઠી છે વાત. ન્યાં લખ્યું છે. ઓલો કહેતો'તો ને ઓલો ચંદ્રશેખર. કે, આપ છો સિંહ તો હું સિંહનું બચ્ચું છું. ભઈ, અમે સિંહેય નથી. તમે મફતના... આહાહા! કોણ કહે છે ભઈ સિંહ અને કોણ કહે છે બચ્ચું? આહા! આ તો આત્મા છે આ તો! ચૈતન્યસૂર્ય ભગવાન. એ તો જાણવાનું જ પોતાનું કામ કરે, એક જ એ એનું કાર્ય છે. આહા! સમજાણું કાંઈ?

બનારસીદાસે વાત કેવી નાખી, જુઓ. અને આચાર્ય પણ પૂજયપાદસ્વામી. ઈચ્છા અને દ્વેષ થાય, રાગ અને દ્વેષ એથી વાયુ થાય એમ કહે. એ તો નિમિત્તની વાત અને વાયુની પ્રેરણાથી શરીરની ક્રિયા થાય, એમ કીધું. યંત્ર હાલે એમ. ઓલો માણસ ચલાવે... એ તો નિમિત્તથી વાત છે. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધેય એના આત્માના સ્વભાવમાં છે જ નહીં. સમજાણું કાંઈ? ખરેખર તો ભગવાન આત્મા જ્ઞાનનો ભાનવાળું સ્વરૂપ છે એનું સ્વરૂપ. એવું ભાન થયું એથી તેને એ જે શરીર, વાણીની ક્રિયા જે થાય તે આંહીં જ્ઞાનમાં એને નિમિત્ત થાય. પોતે તો એને નિમિત્ત ન થાય, પણ જ્ઞાનમાં એ નિમિત્ત થાય. સમજાણું કાંઈ? વાણીમાં નિમિત્ત કર્તા તો નહીં. નિમિત્ત કર્તા નહીં. ધર્મી જીવ એટલે આત્મા. આત્મા એટલે ધર્મી જીવ અને ધર્મી એટલે આત્મા. સમજાણું કાંઈ? જેણે રાગ પોતાનો માન્યો અને દેહ એ તો બધો અણાત્મા છે. એ આત્મા નથી. આહાહા સમજાણું કાંઈ?

આત્મા જે છે એ સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાન અને આનંદનો સાગર. એ તો વાણીને કાળે વાણી થાય. ત્યાં એમ કહે છે ને ઓલામા આવે છે ને. વાણીનો કર્તા... જ્ઞાન કર્તા ને વાણી કર્મ. આવે છે ને ખાણિયા ચર્ચામાં આવે છે. એય! એવું આવે છે ન્યાં. લો, ઈ યાદ આવ્યું પાછું. એમ કે જ્ઞાન કર્તા છે અને વાણી એનું કર્મ છે. એ તો વ્યવહારે કહ્યું છે. હવે કર્મ કેવા એના? આવે છે? યાદ નથી? ઠીક. ઈ એને યાદ કરે છે. આવે છે. (શ્રોતા : .....) હા, પણ એ માને છે, પણ આ માર્ગ છે એમ કીધું. આંહીં તો જ્ઞાન કર્તા ને વાણી એનું કર્મ, વાણી કરી શકે છે. એમ એનો પ્રશ્ન કર્યો હતોને રતનચંદજીએ. એના ઉત્તરમાં આપી છે એમાં. છે ઈ પાઠ છે એવો. જ્ઞાન કર્તા ને વાણી કાર્ય. સમજાણું કાંઈ? ..... ભાઈ! પણ એનો અર્થ શો? એ તો વાણીને કાળે વાણી થાય ત્યારે તે

જ્ઞાનની પર્યાયને નિમિત્ત કહેવામાં આવે. નિમિત્ત કહેવામાં આવે. એ નિમિત્તપણે પણ કર્તા તો નથી, પણ નિમિત્તપણે કર્તા એવો એનામાં આરોપ દેવામાં આવે છે આહાહા! મોટો પ્રશ્ન ઉઠ્યો છે આમાં ખાણિયા ચર્ચામાં. આહા! તત્ત્વ ભગવાન પોતાના અસ્તિત્વમાં છે. ચૈતન્ય તો પોતાના અસ્તિત્વમાં છે. એ તો નથી રાગના અસ્તિત્વમાં, નથી વાણી-શરીરની પર્યાયની હયાતિમાં. સમજાણું કાંઈ?

આવો આત્મા! કહે છે કે એમાં જે વાણી આવે એના પ્રવાહ યોગે, तासौं कहै मेरी धुनि. એ મેરો અવાજ, મારો અવાજ. મારો અવાજ મીઠો છે. મારો અવાજ કડક કાગડા જેવો છે. એમ કહે છે ને. મારી ચાલ ગધેડા જેવી છે. મારી એટલે શરીરની. શરીરની ચાલ હાથી જેવી છે મલપતી છે. અરે ભગવાન! એ તો બધી શરીર અને વાણીની ક્રિયા જડની છે. તે સમયે જડ તે રીતે જ થવાનો કાળ છે એનો. અજ્ઞાની એને કહે છે કે આ મારી ધ્વનિ અવાજ મેં ઉપદેશ આપ્યો. આહાહા! ભારે વાત છે. સમજાણું કાંઈ? (શ્રોતા : ઊંધી ગાડી ચાલે છે.) ઊંધી ગાડી હાલે છે ત્યાં. આહાહા! વાત તો ભાઈ, પ્રભુ! તારા અસ્તિત્વમાંથી નીકળી તું જાય અને બીજાની સત્તામાં તારો પ્રવેશ છે? પ્રવેશ તો નથી પણ નિમિત્તપણે થવું એ પણ તારા સ્વભાવમાં નથી, એમ અહીં તો છે. આહાહા!

જ્યાં આત્મા સ્વ-પર પ્રકાશક એવું જ્યાં ભાન થયું ત્યારે તો વાણી ને શરીર આદિની ક્રિયા થાય તે કાળે થવાની હતી ત્યારે સ્વ-પર પ્રકાશક જ્ઞાનને લઈને પર પ્રકાશક પોતાને કારણે પ્રકાશે છે. એમાં એ ઓલું વાણી આદિ નિમિત્ત કહેવામાં આવે છે. આમ નિમિત્ત નહીં છતાં આમ નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા! એક વાત તો જુઓ! પંડિતજી! તો કહે છે, ઈ કલ્લોલ ઊઠે કર્મના નિમિત્તે વાણી અવાજ, જાણે કે મારાથી થયો. ભાઈ! તું ક્યાં છો ત્યાં? જ્યાં તું છો ત્યાં તો રાગેય નથી અને ત્યાં તો વાણીની પર્યાયમાં નિમિત્ત થવું એ પણ નથી. આહાહા! આવી વાત! આત્માને આવો છે એવો આમ જાણવો અને માનવો એ કાંઈક ઊંચી અપૂર્વ વાત છે ઈ. સમજાણું કાંઈ? આહાહા!

ऐसे मूढ़ कुकवि कुधी, गहै मृषा मग दौर।
रहै मगन अभिमानमैं, कहैं औरकी और॥१६॥
वस्तु सरूप लखै नहीं, बाहिज द्रिष्टि प्रवांन।
मृषा विलास विलोकिकैं, करै मृषा गुन गान॥१७॥

**અર્થ :—**આ રીતે મિથ્યાદૃષ્ટિ કુકવિઓ ઉન્માર્ગ પર ચાલે છે અને અભિમાનમાં મસ્ત થઈને અન્યથા કથન કરે છે. તેઓ પદાર્થનું અસલી સ્વરૂપ જોતા નથી, બાહ્યદૃષ્ટિથી અસત્ય પરિણતિ જોઈને જૂઠું વર્ણન કરે છે. ૧૬-૧૭.

**अर्थ** :—इस प्रकार मिथ्यादृष्टि कुकवि उन्मार्ग पर चलते हैं और अभिमानमें मस्त होकर अन्यथा कथन करते हैं। वे पदार्थका असली स्वरूप नहीं देखते, बाह्यदृष्टिसे असत्य परिणति देखकर झूठा वर्णन करते हैं॥१६-१७॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

मूढ़ कुकवि कुधी अज्ञानी गहै मृषा. જુઠો માર્ગ કહે. નહીં, નહીં, વાણી અમે કરીએ. અમે બોલીએ એમ બોલાય. અમે જેવો રાગ કરીએ એવો થાય. અરે, એમ ન હોય. ભાઈ! આહાહા! સમજાણું કાંઈ? એવી વાત છે. ઉપદેશક અને કવિ આમ રચે, કહે છે. मूढ़ कुकवि कुधी—કુબુદ્ધિ. गहै मृषा—જૂઠા માર્ગને કહે. શું વાણી આત્મા વિના નીકળે? લ્યો. બહુ ચર્ચા ચાલી છે હમણાં ઈ. આ શરીરની ક્રિયામાંથી બધું.... પ્રશ્ન પહેલો ઉઠ્યો છે. કે તો શરીરથી ધર્મ ક્રિયા થાય કે નહીં? લો. આ પંડિતજી હતા ત્યાં. અરે ભગવાન! આ શરીરની ક્રિયાનો સમયનો જે હલનચલનનો પર્યાયકાળ છે, સ્વકાળ એનો તે જ પ્રકારે થાય છે. એમાં એનાથી ધર્મ અને પુણ્ય એવું છે ક્યાં? આહાહા! ભારે કામ ભાઈ! સ્વાહા.. ભગવાનની પૂજા કરે ત્યારે કરે ને અષ્ટદ્રવ્ય સ્વાહા... એ ક્રિયા તો જડની છે ભાઈ. તારો ભાવ છે અંદર એ જરી રાગ શુભ. એ શુભરાગ તારા અસ્તિત્વમાં એ માને તો (છે), ન માને તો એ અસ્તિત્વમાં રાગ પણ છે નહીં. આહાહા! સમજાય છે કાંઈ? આહા! ભગવાનના અસ્તિત્વમાં તો જ્ઞાન ને આનંદ છે. એની સત્તામાં હોવાપણામાં તો આનંદ અને જ્ઞાન છે. એનામાં રાગેય ક્યાં એની સત્તામાં હતો અને વાણીની પર્યાય તો છે જ ક્યાં? આહાહા!

પણ કુકવિ મૃષા (માર્ગ) ને દોરે જાય, रहै मगन अभिमानमैं. અમે જેમ રચીએ એમ ભાષા રચાય. આમ કરીએ તો આમ થાય ને ફલાણું, લ્યો. એ તો 'મોક્ષમાર્ગપ્રકાશક'માં નથી આવતું? સોનાના મણકા હોય એ ક્યાં ગોઠવવા એ એની ઈચ્છા પ્રમાણે ગોઠવે, લ્યો. એમ આવે છે ત્યાં. આવે છે ને? (શ્રોતા : બોલે પણ આ ગોઠવ્યું) ગોઠવે—બોઠવે કાંઈ ગોઠવી શકાતું નથી. ઈ જ આંહીં સિદ્ધ કરવું છે આંહીં તો. આંહીં તો નિમિત્તપણે એવી ભાષા તે કાળે આવે એમ કહેવું. નહીંતર કંઈ ગોઠવી શકે છે કે આ ઠેકાણે આ શબ્દ ગોઠવવો? લ્યો, 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં એમ આવે છે. એય પંડિતજી! (શ્રોતા : ...) કોણ ગોઠવે? એને કારણે એ પરમાણુની પર્યાય તે કાળે તે ક્રમમાં તે ગોઠવાઈ ગઈ છે. આહાહા! કહો.

હજી તો ઓલા કહે, શરીર જુદું અને આત્મા જુદો? મારો તો સોયો એક. છઠ્ઠી સાતમી... અરે ભગવાન! અરે બાપુ! શું કરે છે તું આ! શરીર અને આત્મા જુદા જુદા

કરે છે વાતું. મારો તો સોયો એક. આહા! અરે ભાઈ! સોયો કોણ મારે ને સોયો કોણ હલવે? આહાહા! અને શરીરમાં એ કાણું પડે ઈ કોને લઈને પડે? ઈ સોયાને લઈને નહીં, આત્માને લઈને નહીં અને આત્મામાં નહીં. આહાહા! બહુ માર્ગ ઝીણો. વીતરાગમાર્ગ. જેનાં ફળ પણ અનંત આનંદ અને શાંતિ. અનંત આનંદ આહાહા! 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં.' અરે! આ દુઃખી પ્રાણી અનાદિનો, એને સાદિ અનંત અનંત આનંદ પ્રગટ થાય એના ઉપાય તો અલૌકિક જ હોય ને.

કહે છે કે મગન, અજ્ઞાની તો મગન રહે. બસ આવી વાણી કરી. આવાં શાસ્ત્ર રચ્યા, પુસ્તક આવા બનાવ્યા. કવિત્ત પણ એવી દેશીમાં બનાવ્યા છે કે લોકો રંજન થઈ જશે, લ્યો. શાર્દૂલ, વસંતમાલિકા. વસંતમાલિકા શું કહેવાય? વસંતતિલકા. વસંતમાલિકા તો ઓલી દવા હોય છે. વસંતમાલિકા તો ધાતુ હોય છે, નહીં? આહા! અરે ભગવાન! આહા! તું તો પ્રભુ જ્ઞાન છો ને. એ જ્ઞાનમાં વાણીનું ઉત્પન્ન થવું, ઊઠવું એ ક્યાં છે અંદર? અજ્ઞાનીને જોર ચડી જાય છે. कहैं औरकी और. થાય જડથી અને કહે કે અમારાથી. તમારી ન્યાં આ ભાષા-બાષા કરવી પડતી હશે એ નહીં જ્યાં આમ પોરબંદરમાં હતા ને? પ્રમુખ, શું હતા? (શ્રોતા : કલેક્ટર) કલેક્ટર હતા, લો, પોરબંદરમાં. કલેક્ટરમાં ભાષા-બાષા બધી આવડવી જોઈએ કે નહીં? ભાષા આવડ્યા વિના કલેક્ટરપણું થતું હશે? અરે ભગવાન! ભાષા કોની? આવડત કોની? અરે! ભાષાની આવડતેય કોની? એ આત્માની આવડત નથી. આહાહા!

वस्तु सरूप लखै नहीं. અજ્ઞાની વસ્તુના સ્વરૂપની જાતને જાણે નહીં. લખે નહીં એટલે જાણે નહીં. આહાહા! કે રાગની ક્રિયા પણ સ્વતંત્ર, વાણીની ક્રિયા સ્વતંત્ર. આ રાગ આસ્રવ છે. આસ્રવની ક્રિયાને કાળે આસ્રવની પર્યાય થાય, એનો આત્મા જાણનાર અને દેખનાર છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે અટપટો માર્ગ એટલે લોકો બિચારા... ઓલા બિચારાએ લખ્યું છે કે બે-ત્રણ જણા એવા હોય એથી કંઈ આખો દિગંબર ધર્મ નથી એમાં આવી જતો. આખા દિગંબર ધર્મ વિરોધ નથી કરતા એમ સમજવું, કહે. એ બે-ત્રણ ગણે છે કોણ પણ આંહીં? એ અયશકીર્તિ ટળી જાય છે તમારી, એમ કહે. છતાંય આવું બોલનાર... હવે અયશકીર્તો જ કે દિ' હતો આંહીં? આહાહા!

वस्तु सरूप लखै नहीं. ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એ વાણીનો કર્તા નથી એવું વસ્તુનું સ્વરૂપ છે. એમ જાણે નહીં અજ્ઞાની બાહ્ય દૃષ્ટિ. જુઓને, અમે બોલીએ તો બોલાય છે કે નહીં? અને ખાઈએ તો ખવાય, એમ બાહ્ય દૃષ્ટિ પ્રમાણે હાંકે રાખે છે અજ્ઞાની, કહે છે. આહાહા! નિમિત્તથી અમારાથી લાભ તમને ન થાય તો અમે નહીં બોલીએ, લ્યો. એમ કહે છે. અરે ભાઈ! કોણ બોલે? અને તારાથી બીજાને લાભ થાય

એવી વાત જ ક્યાં છે? આહાહા! मृषा विलास विलोकिकैं. જૂઠી ગતિ દેખકર, ભાષાની, વાણીની આ શરીરની करै मृषा गुन गान. જૂઠા ગુણગાન કરે, ઓહોહો! ભારે તમે ઉપદેશક હોં. બઢિયા વ્યાખ્યાન તમારા. વ્યાખ્યાન બઢિયા પણ ધૂળમાં શું? ગોર મહારાજ ગપ મારે તો સારા. આહા! મૃષા ગુન ગાન, લ્યો. કોઈ જૂઠા વર્ણન કરે. मृषा गुन गान कथन. એ કુકવિનું વર્ણન મૂકે છે.

જૂઠું ગુણગાન કથન (સવૈયા એકત્રીસા)

मांसकी गरंथि कुच, कंचन-कलस कहैं,
कहैं मुख चंद जो सलेषमाको घरु है।
हाड़के दसन आहि हीरा मोती कहैं ताहि,
मांसके अधर ओंठ कहैं बिंबफरु है।।
हाड़ दंड भुजा कहैं कौंलनाल कामधुजा,
हाड़हीकै थंभा जंघा कहैं रंभातरु है।
योंही झूठी जुगति बनावैं और कहावैं कवि,
येतेपर कहैं हमैं सारदाको वरु है।।१८।।

**શબ્દાર્થ** :—ગરંથિ=ગાંઠ. કુચ=સ્તન. સલેષમા(શ્લેષમા)=કફ. દસન=દાંત. આહિ=છે. બિંબફરુ (બિંબાફલ) =લાલરંગનું બિમ્બ નામનું ફળ. કૌંલનાલ(કમળનાળ)=કમળની દાંડી. રંભાતરુ=કેળનું ઝાડ.

**અર્થ** :—કુકવિ માંસના પિંડરૂપ સ્તનોને સુવર્ણઘટ કહે છે, કફ, ખાંસી વગેરેના ઘરરૂપ મુખને ચંદ્રમા કહે છે, હાડકાના દાંતને હીરા-મોતી કહે છે, માંસના હોઠને બિમ્બાફળ કહે છે, હાડકાના દંડરૂપ હાથને કમળની દાંડલી અથવા કામદેવની પતાકા કહે છે, હાડકાના થાંભલારૂપ જાંઘને કેળનું વૃક્ષ કહે છે. તેઓ આ રીતે જૂઠી જૂઠી યુક્તિઓ રચે છે અને કવિ કહેવાય છે, અને છતાં પણ કહે છે કે અમને સરસ્વતીનું વરદાન છે. ૧૮.

**अर्थ** :—कुकवि मांसके पिण्डरूप कुचोंको सुवर्णघट कहते हैं, कफ खकार आदिके घररूप मुखको चन्द्रमा कहते हैं, हड्डीके दाँतोंको हीरा मोती कहते हैं, मांसके ओटोंको कुंदरू कहते हैं, हाड़के दण्डीरूप भुजाओंको कमलकी दंडी अथवा कामदेवकी पताका कहते हैं, हड्डीके खम्भेरूप जाँघोंको केलेका वृक्ष कहते हैं। वे इस प्रकार झूठी युक्तियाँ गढ़ते हैं और कवि कहलाते हैं, इतने पर भी कहते हैं कि हमें सरस्वतीका वरदान है।।१८।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

અમને શારદા વરી છે. સરસ્વતી વરી છે. આહાહા! માંસના પિંડરૂપ કુચ એને સુવર્ણઘટ કહે. સોનાના ઘટ જેવા સ્તન છે આ સ્ત્રીને. એમ કહે, સોનાના ઘટ. આરે,

હાડકાં–માંસ છે. આહાહા! એમાં કેન્સર થાય. કેન્સર થાય છે ને? આહા! માંસના લોચામાં કેન્સર થાય, ગૂમડું થાય અંદર, અડે ને પીડા થાય. અરે, માંસના લોચા સ્તન એને સોનાના કળશ કરીને અજ્ઞાની વખાણે, કહે છે. મૂઢ જીવ આત્માના ભાન વિના આવી રચના કરે, કહે છે. લ્યો, कंचन–कलस कहैं. कहैं मुख चंद जो सलेषमाको घरु है–કફ અને ખખારનો ઘર એવા મુખને ચંદ્રમાની ઉપમા આપે. ચંદ્રમા જેવું રૂપ છે. અરે, સડી ઈયળું પડશે હવે ન્યાં સાંભળને. આહાહા! કુકવિની રચના આવી હોય છે, એમ કહે છે.

हड्डीके दाँतोंको हीरा मोती कहते हैं, લ્યો. દાંત, દાંત. हाड़के दसन. આ હાડકાનાં દાંત છે. મોતી જેવા, બાપા! અરે, હીરા જેવા, મોતી જેવા દાંત નથી કહેતા? ધોળા હોય તે મોતી જેવા દાંત છે. અરેરે! આહાહા! ધોળા મોતી. ઘસી ઘસીને સાફ રાખતા હોય ને. અને સોનાની અને રૂપાની ઓલી રાખતા હોય. શું કહેવાય ઈ? ઉલિયું, ઉલિયું. સોનાની, રૂપાની રાખે આમ. સાફ. હાડકા દાંતના એને મોતી ને હીરાની ઉપમા આપે મૂઢ જીવો, કહે છે. હાડકાના કટકા છે બધા ઈ. આહાહા! मांसके ओठोंको कुंदरू कहते हैं. આ માંસના હોઠને બિંબફળ. બિંબફળ આવે છે ને. એને કહે છે. લાલ બિંબફળ નથી આવતા શું? લાલ હોય છે ને હોઠ એ લાલ બિંબ જેવા છે એમ કહે છે. हाड़के दण्डीरूप भुजाओंको कमलकी दंडी કહે. લ્યો ઠીક. હાડનું દંડ છે આ તો બધા હાડકાના બે ભાગ. ભૂજા એને કોમળ.. કમળકી દંડી કોમલ હૈં. કે આમ કોમળ છે. હવે કોમળ છે પણ હાડકાં છે એ તો જડ છે.

अथवा कामदेवकी पताका कहते हैं, લ્યો. કામદેવની કામધૂજા. સૂંવાળું શરીર હોય, રૂપાળું હોય, માખણ જેવું હોય ત્યારે આમ.... येतेपर कहैं हमैं सारदाको वरु है. અમને સરસ્વતી વરી છે. મરી જઈશ માળા. આહાહા! આવા આત્માના ભાન વિના આવા શરીરનાં વખાણ કરીને દુનિયા પાસે આબરુ મેળવવી છે ને મોટા કવિ છે આ લોકો. કેવા કવિ કહેવાય ઈ બીજા? શીઘ્રકવિ. શીઘ્રકવિ. આમ તરત જોડી દે એમ વાતને. આસુકવિ. આસુકવિ શું? કોણ જોડે ઈ વાણીને, તે કાળે પર્યાય થવાની એમ થાય એમાં આસુકવિ ક્યાંથી તું આવ્યો વળી એનો કરનાર?

मिथ्यावंत कुकवि जे प्रानी।
　　मिथ्या तिनकी भाषित वानी।।
मिथ्यामती सुकवि जो होई।
　　वचन प्रवांन करै सब कोई।।१९।।

**અર્થ :—**જે પ્રાણી મિથ્યાદષ્ટિ અને કુકવિ હોય છે તેમનું કહેલું વચન અસત્ય હોય છે, પરંતુ જે સમ્યગ્દર્શનને પામ્યા તો ન હોય પણ શાસ્રોક્ત કવિતા કરે છે, તેમનું વચન શ્રદ્ધાન કરવા યોગ્ય હોય છે. ૧૯.

**अर्थ :—**जो प्राणी मिथ्यादृष्टि और कुकवि होते हैं, उनका कहा हुआ वचन असत्य होता है, परन्तु जो सम्यग्दर्शनसे सम्पन्न तो नहीं होते पर शास्त्रोक्त कविता करते हैं, उनका वचन श्रद्धान करने योग्य होता है।।१९।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કહે છે કે जो प्राणी मिथ्यादृष्टि और कुकवि होते हैं, उनका कहा हुआ वचन असत्य होता है જૂઠા. એક વાત પહેલી. મિથ્યાવંત અને કુકવિ એ તો मिथ्या तिनकी भाषित वानी. બધી પ્રરૂપણા વચન—વાણી બધું જૂઠું. પણ મિથ્યામતિ હોવા છતાં શ્રદ્ધાવંત હોય તો સુકવિ છે ઈ, એમ કહે છે. जो सम्यग्दर्शनसे सम्पन्न तो नहीं होते पर शास्त्रोक्त कविता करते हैं, उनका वचन श्रद्धान करने योग्य होता है. એમ કહે છે. દષ્ટિમાં ફેર હોય થોડા અંદરમાં, અનુભવ ન હોય છતાં કથન એનું શાસ્ત્ર પ્રમાણે હોય તો એ વચન પ્રમાણ છે. સમજાય છે કાંઈ? શાસ્ત્ર પ્રમાણે બરાબર હોય તો એ વચન પ્રમાણ છે.

वचन प्रवांन करै सुकवि, पुरुष हिए परवांन।<br>
दोऊ अंग प्रवांन जो, सो है सहज सुजान।।२०।।

અર્થ :—જેમની વાણી શાસ્રોક્ત હોય છે અને હૃદયમાં તત્ત્વશ્રદ્ધાન હોય છે, તેમના મન અને વચન બન્ને પ્રમાણિક છે અને તેઓ જ સુકવિ છે. ૨૦.

**अर्थ :—**जिनकी वाणी शास्त्रोक्त होती है और हृदयमें तत्त्वश्रद्धान होता है, उनका मन और वचन दोनों प्रामाणिक हैं और वे ही सुकवि हैं।।२०।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जिनकी वाणी शास्त्रोक्त होती है, શાસ્ત્ર પ્રમાણે. નિમિત્તને નિમિત્ત તરીકે, ઉપાદાનને ઉપાદાન તરીકે, વ્યવહારને વ્યવહાર તરીકે, નિશ્ચયને નિશ્ચય તરીકે (કહે). शास्त्रोक्त होती है और हृदयमें तत्त्वश्रद्धान होता है. ઉન્હેં હૃદયમેં તત્ત્વકી શ્રદ્ધા છે. उनका मन और वचन दोनों प्रामाणिक हैं और वे ही सुकवि हैं, લો.

સમયસાર નાટકની વ્યવસ્થા (ચોપાઈ)

अब यह बात कहूं है जैसे।<br>
नाटक भाषा भयौ सु ऐसे।।

कुंदकुंदमुनि मूल उधरता।
अमृतचंद्र टीकाके करता॥२१॥

**અર્થ :—**હવે એ વાત કહું છું કે નાટક સમયસારની કાવ્ય-રચના કેવી રીતે થઈ છે. આ ગ્રંથના મૂળકર્તા કુંદકુંદસ્વામી અને ટીકાકાર અમૃતચંદ્રસૂરિ છે. ૨૧.

**अर्थ :—**अब यह बात कहता हूँ कि नाटक समयसारकी काव्य-रचना किस प्रकार हुई है। इस ग्रन्थके मूलकर्ता कुंदकुंदस्वामी और टीकाकार अमृतचन्द्रसूरि हैं॥२१॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

લ્યો. વળી હવે કહું છું, બનારસીદાસ કહે છે. बात कहूं है जैसे, લો. વાત કહું. ભાષા શું આવે? नाटक भाषा भयौ. આ નાટકની ભાષા કેમ થઈ સમયસાર એની વાત હવે કરું છું. એનો ઇતિહાસ કહું છું. कुंदकुंदमुनि मूल उधरता 'કુંદકુંદઆચાર્ય' મહારાજે સમયસાર ઉદ્‌ગાર કર્યો અને જગતને ભેટણું આપ્યું. આવે છે ને પાછળ. જયસેન આચાર્યની ટીકા. कुंदकुंदमुनि मूल उधरता. આહાહા! બાર અંગના સારમાંથી સમયસાર રચ્યો એમણે. નિમિત્તપણે સમજાવવું છે ને. अमृतचंद्र टीकाके करता, લ્યો. વળી આંહીં ના પાડી કે કર્તા નથી વાણીનો. પણ હવે નિમિત્તપણું બતાવે છે. ટીકા થઈ જ્યારે વાણીને કારણે એમાં નિમિત્ત કોણ હતું? કે 'અમૃતચંદ્રઆચાર્ય.' સમજાય છે કાંઈ? નિમિત્તકર્તા તરીકે નહીં. નિમિત્ત હતા બસ એટલું. સમજાણું કાંઈ? નિમિત્તકર્તા જૂદું અને નિમિત્ત એકલું એ જુદી વાત છે. એ ઉપાદાનની પર્યાય ત્યાં થવાની એમાં આ નિમિત્ત છે, બસ ઈ જાણવા માટેની વાત છે. अमृतचंद्र टीकाके करता

समैसार नाटक सुखदानी।
टीका सहित संस्कृत वानी॥
पंडित पढ़ै सु दिढ़मति बूझै।
अलपमतिकौं अरथ न सूझै॥२२॥

**અર્થ :—**સમયસાર નાટકની સુખદાયક સંસ્કૃત ટીકા પંડિતો વાંચે છે અને વિશેષ જ્ઞાનીઓ સમજે છે, પરંતુ અલ્પબુદ્ધિ જીવોની સમજમાં આવી શકતી નહોતી.

**अर्थ :—**समयसार नाटककी सुखदायक संस्कृत टीका पण्डित लोग पढ़ते और विशेष ज्ञानी समझते हैं, परन्तु अल्पबुद्धि जीवोंकी समझमें नहीं आ सकती थी॥२२॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ગંભીર વાત છે. સમયસાર દ્રવ્ય-ગુણ-પર્યાય, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત,

ભેદ-અભેદ, ઉપચાર—અનુપચારનાં કથનો સમજવા એ ઘણી ગૂઢતા છે. समैसार नाटक सुखदानी—સમયસાર નાટક તો સુખદાયક છે. સંસ્કૃત ટીકા, લ્યો, સહિત સંસ્કૃત વાણી છે એની. पंडित पढै. જ્ઞાની જો એને પઢે, વાંચે, સમજે, दिढ़मति बूझै, લ્યો. પંડિત લોગ પઢતે હૈં ઔર વિશેષ જ્ઞાની સમજતે હૈં. વિશેષ જ્ઞાન ઉસકો હોતા હૈ અંદર. સમજાય છે કાંઈ ?

કોઈ કહે શાસ્ત્રને પઢેથી જ્ઞાન ન થાય. આંહીં તો... જે આ પઢે છે ત્યાં વ્યવહારે જ્ઞાન થાય છે એની વાત કરવી છે. પછી એને વળી યથાર્થ જ્ઞાન તો સ્વનું આશ્રય કરે ત્યારે થાય. કથનની પદ્ધતિ એવી, શાસ્ત્રમાં વ્યવહારનું જ કથન વધારે હોય. બીજી રીતે કહેવું શી રીતે? આમણે કહ્યું સમયસાર, આણે ઉપદેશ કહ્યો ઈ શી રીતે કહેવું? હવે કહના તો વ્યવહાર હો ગયા. આહાહા! अलपमतीकौं अरथ न सूझै. સમયસારનો અર્થ અલ્પ મતિવાળાને સૂઝ પડે નહીં. કંઈના કાંઈ ગોટા વાળે. આહાહા! કહ્યું કે નહીં? ‘वोच्छामि समयपाहुडं’ જુઓ. હું કહું છું સમયપ્રાભૃતને. વળી એકબાજુ કહ્યું કે વાણીની ક્રિયાનો નિમિત્તપણે પણ આત્મા કર્તા નથી. હવે બધી વાત સાચી રાખીને છે. સમજાણું કાંઈ? હવે કહે છે,

पांडे राजमल्ल जिनधर्मी।
समैसार नाटकके मर्मी।।
तिन गिरंथकी टीका कीनी।
बालबोध सुगम कर दीनी।।२३।।

इहि विधि बोध-वचनिका फैली।
समै पाय अध्यातम सैली।।
प्रगटी जगमांही जिनवानी।
घर घर नाटक कथा बखानी।।२४।।

**અર્થ :—**નાટક સમયસારના જ્ઞાતા, જૈનધર્મી પાંડે રાજમલજીએ આ ગ્રંથની બાલબોધ સહજ ટીકા કરી. આ રીતે સમય જતાં આ આધ્યાત્મિક વિદ્યાની ભાષા વચનિકા વિસ્તૃત થઈ, જગતમાં જિનવાણીનો પ્રચાર થયો અને ઘેર ઘેર નાટકની ચર્ચા થવા લાગી. ૨૩-૨૪.

**अर्थ :—**जैनधर्मी पांडे राजमलजी नाटक समयसारके ज्ञाताने इस ग्रन्थकी बालबोध सहज-टीका की। इस प्रकार समय पाकर इस आध्यात्मिक-विद्याकी भाषा-वचनिका विस्तृत हुई, जगतमें जिनवाणीका प्रचार हुआ और घर घर नाटकका चर्चा होने लगी।।२३-२४।।

**પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :**

पांडे राजमल्ल जिनधर्मी રાજમલ્લ થયા. મૂળ શાસ્ત્ર(કર્તા) 'કુંદકુંદઆચાર્ય.' એની ટીકા(કર્તા) 'અમૃતચંદ્રઆચાર્ય.' હવે એમાં કળશ જે બનાવ્યા અમૃતચંદ્રઆચાર્યે. આમાં તો ટીકાય લીધી. टीका सहित संस्कृत वानी એમ લખ્યું છે ને. પેલામાં કળશ આવ્યું'તું. કળશનો અર્થ કર્યો છે ને એટલે એમ આવ્યું'તું. पांडे राजमल्ल जिनधर्मी. ગૃહસ્થાશ્રમમાં જૈનધર્મી રાજમલ્લ હતા. એમ બનારસીદાસ એની સાક્ષી આપે છે. समैसार नाटकके मर्मी. આ કળશ બનાવ્યા. કળશ છે ને કળશ. કળશટીકા. હા, પણ હિન્દીમાં અને ગુજરાતીમાં બેય કળશટીકા છે એ એમણે રાજમલ્લે બનાવી.

રાજમલ્લ ગૃહસ્થાશ્રમમાં समैसार नाटकके मर्मी હતા. જુઓ, ગૃહસ્થ હોવા છતાં, ગૃહસ્થાશ્રમમાં દેખાય છતાં એ સમયસાર નાટકનાં મર્મી હતા. એટલે મુનિ જ મર્મી હોય એમ છે નહીં, એમ કહે છે. સમજાય છે કાંઈ? ગૃહસ્થાશ્રમમાં પણ જ્ઞાની સમયસારના મર્મી હોઈ શકે છે. આહાહા! કેટલાક એમ કહે છે કે પંચમહાવ્રતધારીના વચન હોય એ બરાબર છે. કારણ કે એને જૂઠું બોલવાનો ત્યાગ છે વળી એમ કહે છે. રતનચંદજી એમ લખે ને ખૂબ લખે છે. આહાહા! અરે ભગવાન! શું કહે છે તું આ? આંહીં તો કહે છે સમ્યગ્દૃષ્ટિ જીવ હો, અરે, યથાર્થ શ્રદ્ધાવાન હો, આવી ગયું પહેલું, એ પણ શાસ્ત્રોક્ત જ વાણી કહે. આહાહા! સમજાય છે કાંઈ?

तिन गिरंथकी टीका कीनी. રાજમલ્લે સમયસાર કળશની ટીકા બનાવી. છે ને આ. એમાં છે. આ રહી કળશટીકા. बालबोध सुगम कर दीनी. બહુ સાદી ભાષામાં બાળજીવોને સમજાય એવો બાળબોધ. सुगम कर दीनी, લ્યો. આહાહા! કળશની ટીકા ઘણી થઈ ગઈ, હજારો આવી ગઈ બહાર. પઢા હૈ કિ નહીં પંડિતજી? કળશટીકા પઢી નહીં હૈ? કળશટીકા. (શ્રોતા : કળશ તો વાંચે હૈ.) લે. કળશટીકા. એ ટીકાસે બનાયા હૈ. ટીકામેંસે બનાયા હૈ. इहि विधि बोध वचनिका फैली દેખો. આ રીતે અધ્યાત્મની વિદ્યાની ભાષા વિસ્તૃત થઈ, લ્યો. ફૈલી. समै पाय अध्यातम सैली. આહાહા! અધ્યાત્મની વિદ્યાની ભાષા વિસ્તૃત હુઈ.

प्रगटी जगमांही जिनवानी. વીતરાગની વાણી કળશટીકાના એવા અર્થ કિયા રાજમલ્લે. હિન્દી અને ગુજરાતી બધે થઈ છે આ. બેય થઈ છે. આ ગુજરાતી છે આ. ગુજરાતીમાં આ છે કળશનો અર્થ. એમાંથી આ પહેલે હિન્દી કરી. પહેલી જૂની હિન્દી, પછી નવી હિન્દી. પછી ગુજરાતી. ઐસા તીન હુઆ હૈ. આહાહા! કહે છે, प्रगटी जगमांही जिनवानी. વીતરાગની વાણી જગતમાં પ્રસિદ્ધ થઈ. દેખો ગૃહસ્થે રાજમલ્લે

બનાવી વીતરાગનો માર્ગ. નિશ્ચય આત્માને આશ્રયે પ્રગટ થાય, વ્યવહાર આશ્રયે નહીં. એની તો ખૂબ ઝપટ લીધી છે. આહાહા! એવા માર્ગની વાણી જગતમાં પ્રસિદ્ધ થઈ.

घर घर नाटक कथा बखानी. તો કહે છે કે આ અધ્યાત્મની વાત બધે ન પહોંચાડવી. આંહીં તો કહે घर घर नाटक कथा बखानी આ સમયસાર નાટકની કથા તો ઘર—ઘર. આહાહા! પરમ પવિત્ર જેનો માર્ગ વીતરાગનો, એ માર્ગની કથા નાટક કથા તો ઘર—ઘર વખાણી છે, લ્યો. નાટકકી કથાની ચર્ચા હોને લગી. પહેલે કહ્યું કે ભઈ પચાસ વરસ પહેલાં તો આવું નહોતું. હવે આ બધું સમયસારનું ચાલ્યું. બાકી જુઓને, પચાસ વરસ પહેલાં તો આ પૂજા ને ભક્તિ ને વ્રત એ તપને કરવા ઈ ધર્મ, જાઓ. ન્યાં બધું સમાઈ જતું. આ પચાસ વરસથી વળી આ વાત સમયસારની બહાર વાત આવી. વાત તો સાચી ને. હતી ક્યાં કાંઈ? આહાહા! घर घर नाटक कथा बखानी, લ્યો.

नगर आगरे मांहि विख्याता।
कारन पाइ भए बहु ग्याता॥
पंच पुरुष अति निपुन प्रवीने।
निसिदिन ग्यान-कथा रस-भीने॥२५॥

**अर्थ** :—પ્રસિદ્ધ શહેર આગ્રામાં નિમિત્ત મળતાં એના અનેક જાણકાર થયા, તેમાં પાંચ મનુષ્ય અત્યંત કુશળ થયા, જે દિનરાત જ્ઞાન—ચર્ચામાં તલ્લીન રહેતા હતા. ૨૫.

**अर्थ** :—प्रसिद्ध शहर आगरेमें निमित्त मिलने पर इसके बहुतसे जानकार हुए, उनमें पाँच मनुष्य अत्यन्त कुशल हुए, जो दिन-रात ज्ञान-चर्चामें लवलीन रहते थे॥२५॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

नगर आगरे मांहि विख्याता कारन पाइ भए बहु ग्याता. પાંચ પુરુષ. પાંચ પુરુષની વાત કરે છે હવે. આગ્રા નગરની અંદર પ્રસિદ્ધ પાંચ પુરુષ હતા. कारन पाइ भए बहु ग्याता. निमित्त मिलने पर इसके बहुतसे जानकार हुए. સત્સંગથી, ગુરુગમ આદિથી પાંચ જણા જ્ઞાતા હુઆ. पंच पुरुष अति निपुन प्रवीने निसिदिन ग्यान—कथा रस-भीने. એ પાંચ જણા નિપુણ પ્રવીણ રાત ને દિન.... निसिदिन છે ને. ग्यान—कथा रस भीने જ્ઞાનકથાના રસમાં ભીના ગૃહસ્થાશ્રમમાં હતા પાંચ જણા. એની આ કથા—ઈતિહાસ બતાવે આનો કેમ થઈ એ.

रूपचंद पंडित प्रथम, दुतिय चतुर्भुज नाम।
तृतिय भगोतीदास नर, कौंरपाल गुनधाम॥२६॥

धर्मदास ये पंचजन, मिलि बैठें इक ठौर।
परमारथ-चरचा करैं, इनके कथा न और।।२७।।

**અર્થ :—**પહેલાં પંડિત રૂપચંદજી, બીજા પંડિત ચતુર્ભુજજી, ત્રીજા પંડિત ભગવતીદાસજી, ચોથા પંડિત કુંવરપાલજી અને પાંચમા પંડિત ધર્મદાસજી.—આ પાંચેય સજ્જનો મળીને એકસ્થાનમાં બેસતા અને મોક્ષમાર્ગની ચર્ચા કરતા, બીજી વાતો કરતા નહિ. ૨૬-૨૭.

**अर्थ :—**पहले पण्डित रूपचन्दजी, दूसरे चतुर्भुजजी, तीसरे पण्डित भगोतीदासजी, चौथे पण्डित कुँवरपालजी और पाँचवें पण्डित धर्मदासजी। ये पाँचों सज्ञन मिलकर एक स्थानमें बैठते तथा मोक्षमार्गकी चर्चा करते थे और दूसरी वार्ता नहीं करते थे।।२६-२७।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

એ આત્માની ધર્મની નિશ્ચયની અધ્યાત્મની કથા કરતા. આહાહા! જુઓ. આગ્રાની અંદર. इनके कथा—મોક્ષમાર્ગની ચર્ચા કરતા તે તો. મોક્ષમાર્ગ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કોને કહેવું, કેનાથી થાય વગેરે ચર્ચા કરતા હતા ઔર દૂસરી વાર્તા નહીં કરતે થે.

कबहूं नाटक रस सुनैं, कबहूं और सिद्धंत।
कबहूं बिंग बनाइकै, कहैं बोध विरतंत।।२८।।

**અર્થ :—**એ કોઈ વાર નાટકનું રહસ્ય સાંભળતા, કોઈ વાર બીજા શાસ્રો સાંભળતા અને કોઈવાર તર્ક ઉઠાવીને જ્ઞાનચર્ચા કરતા. ૨૮.

**अर्थ :—**ये कभी नाटकका रहस्य सुनते, कभी और शास्त्र सुनते और कभी तर्क खड़ी करके ज्ञानचर्चा करते थे।।२८।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

ये कभी नाटकका रहस्य सुनते. સમયસાર નાટકનું રહસ્ય સાંભળતા'તા પાંચે. કોઈ વખતે કભી શાસ્ત્ર સુનતે થે. દૂસરા ભી શાસ્ત્ર સાંભળતા'તા ઔર કભી તર્ક ખડી કરકે बिंग.. बिंग.. તર્ક ખડી કરકે જ્ઞાનચર્ચા કરતે થે. તર્ક બનાવે અંદરથી, તર્ક બનાવીને યે કયા, આ રીતે ચર્ચા કરતા. સમજમેં આયા? જુઓ, આ ગૃહસ્થાશ્રમમાં આવા પાંચ પુરુષ ધર્મકથામાં રસીલા હતા. હવે એની વાત કરે છે.

चित कौंरा करि धरमधर, सुमति भगोतीदास।
चतुरभाव थिरता भये, रूपचंद परगास।।२९।।

**અર્થ :—**કુંવરપાલજીનું ચિત્ત ક્યારા સમાન અર્થાત્ કોમળ હતું, ધર્મદાસજી ધર્મના ધારક

હતા, ભગવતીદાસજી સુમતિવાન હતા, ચતુર્ભુજજીના ભાવ સ્થિર હતા અને રૂપચંદજીનો પ્રકાશ ચન્દ્ર સમાન હતો. ૨૯.

**अर्थ :**—कुँवरपालजीका चित्त कौंरा अर्थात् कोमल था, धर्मदासजी धर्मके धारक थे, भगोतीदासजी सुमतिवान थे, चतुर्भुजजीके भाव स्थिर थे और रूपचन्दजीका प्रकाश चन्द्रमाके समान था।।२९।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

कुँवरपालजीका चित्त कौंरा अर्थात् कोमल था. પાંચ પુરુષમાં. धर्मदासजी धर्मके धारक थे, લ્યો. चित कौरा करि धरमधर. ધર્મદાસજી ધર્મકે ધરનારા હતા. જુઓ, આ બનારસીદાસના વખતની ઈતિહાસ. भगोतीदासजी सुमतिवान थे, चतुर्भुजजीके भाव स्थिर थे. સ્થિર હતો એનો ભાવ. બરાબર જેવો છે એવો માર્ગ. और रूपचन्दजीका प्रकाश चन्द्रमाके समान था, લો. રૂપચંદજી. બનારસીદાસકે ગુરુ થે. અને પછી રૂપચંદજીએ આનું બનાવ્યું. ટીકા બનાયી.

जहां तहां जिनवानी फैली।
लखै न सो जाकी मति मैली।।
जाकै सहज बोध उतपाता।
सो ततकाल लखै यह बाता।।३०।।

**અર્થ :**—જયાં-ત્યાં (બધે) જિનવાણીનો પ્રચાર થયો, પણ જેમની બુદ્ધિ મલિન છે તે સમજી શક્યા નહિ, જેના ચિત્તમાં સ્વાભાવિક જ્ઞાન ઉત્પન્ન થયું છે તે આનું રહસ્ય તરત સમજી જાય છે. ૩૦.

**अर्थ :**—जहाँ तहाँ जिनवाणीका प्रचार हुआ, पर जिसकी बुद्धि मलिन है वह नहीं समझ सका। जिसके चित्तमें स्वाभाविक ज्ञान उत्पन्न हुआ है वह इसका रहस्य तुरन्त समझ जाता है।।३०।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जहां तहां जिनवानी फैली, लखै न सो जाकी मति मैली. વીતરાગની વાણી, નિશ્ચય ક્યા, વ્યવહાર શું, ઉપાદાન શું, નિમિત્ત શું. એ વાણી जहां तहां वानी फैली. ચર્ચા-વાર્તા બસ એ જ લાગી ત્યાં. लखै न सो जाकी मति मैली. જેની મતિ મેલી છે એ એને જાણી શકે નહીં. જિનવાણીને શું કહેવું છે, નિશ્ચયનું વ્યવહારમાં નાખી દે ને વ્યવહારનું નિશ્ચયમાં નાખી દે ને નિમિત્તનું ઉપાદાનાં નાખી દે ને ઉપાદાનમાં નિમિત્તનું (નાખી દે). આહા! એવી મતિ જેની મેલી છે એ लखै न सो जाकी मति मैली. સ્વતંત્ર આત્માકી પર્યાય અપનેસે હોતી હૈ ઐસા નિકાલ સકતે નહીં. મતિ મૈલી.

जाकै सहज बोध उतपाता. જેને જ્ઞાનબોધનો સહજ ઉત્પાત થયો છે. सो ततकाल लखै यह बाता. એ તત્કાળ એનો અર્થ સમજે કે આનો અર્થ આમ છે. સમજાય છે કાંઈ? આહાહા! ગૃહસ્થાશ્રમમાં આવા હતા એ વખતે બનારસીદાસ ને પાંચ જણા. जिसके चित्तमें स्वाभाविक ज्ञान उत्पन्न हुआ है वह इसका रहस्य तुरन्त समझ जाता है. તરત રહસ્ય સમજે કે એમાં આમ કહ્યું છે ને અધ્યાત્મથી આ વાત છે, આગમથી એનું આ કથન છે. એ રહસ્ય સમજી જાય છે. હવે આ સાર આવ્યો.

घट घट अंतर जिन बसै, घट घट अंतर जैन।
मति-मदिराके पानसौं, मतवाला समुझै न॥३१॥

**અર્થ :—**પ્રત્યેક હૃદયમાં જિનરાજ અને જૈનધર્મનો નિવાસ છે, પરંતુ ધર્મના પક્ષરૂપી દારૂ પીવાને લીધે મતવાલા લોકો સમજતા નથી. ૩૧.

**अर्थ :—**प्रत्येक हृदयमें जिनराज और जैनधर्मका निवास है, परन्तु मजहबके पक्षरूपी शराब पी लेनेसे मतवाले लोग नहीं समझते॥३१॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

પ્રત્યેક હૃદયમેં જિનરાજ બિરાજતે હૈં. આત્માકો હી જિનરાજ કહા યહાઁ તો. આહાહા! 'જિન સો હી આત્મા.' 'શ્રીમદ્'માં આવે છે ને. घट घट अंतर जिन बसै, દેહમાં-ઘટ-ઘટમાં હૃદયમાં ભગવાન આત્મા જિનરાજ જ વસે છે. એ આત્મા એને કહીએ કે જે જિનરાજનું સ્વરૂપ એ જ આત્માનું સ્વરૂપ. રાગ અને વ્યવહાર અને નિમિત્તનું એ એનું સ્વરૂપ નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? घट घट अंतर जिन बसै, घट घट अंतर जैन. જૈનધર્મનો નિવાસ પણ ઘટ-ઘટમાં અંદરમાં છે, કહે છે. એવો ભગવાન આત્મા જિનરાજ સ્વરૂપ જ છે. એનો આશ્રય કરે એની પર્યાય એના પર્યાયમાં વસે છે. જૈનશાસન ત્યાં પર્યાયમાં વસે છે, એમ કહે છે. જૈનશાસન કોઈ નિમિત્તમાં, રાગમાં, મંદિરમાં, અપાસરામાં, સ્વાધ્યાયમંદિરમાં ક્યાંય રહેતું નથી એમ કહે છે. આહાહા!

પોતે જિનસ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ છે, આસ્રવ અને નિમિત્તથી ભિન્ન સ્વરૂપ છે. એથી એ જિનરાજ સ્વરૂપ છે. એનો આશ્રય કરીને જે પર્યાય થાય એ વીતરાગી પર્યાય થાય એ જૈનધર્મ છે. એ આત્માની પર્યાયમાં આ ધર્મ વસે છે. ધર્મ કાંઈ આત્માની પર્યાયથી દૂર નથી. આહાહા! પર્યાય પોતે જ ધર્મ છે. 'पस्सदि जिणसासणं' આવ્યું ને. શુદ્ધઉપયોગ, પુણ્ય-પાપના રાગરહિત સ્વભાવનો શુદ્ધ ઉપયોગ એ જ જેનો સ્વભાવ છે. એ શુદ્ધ ઉપયોગ એ જૈનશાસન છે. સમજાણું કાંઈ?

અલિંગગ્રહણમાંય આવ્યું છે ને. સૂર્યમાં જેમ મેલ નથી એમ ભગવાન આત્માના ઉપયોગમાં મેલ નથી. એ તો શુદ્ધ ઉપયોગ સ્વભાવી જ છે. આહા! અલિંગગ્રહણ. સમજાણું કાંઈ? ૧૦મો બોલ છે. બહુ વાત કરી! મોક્ષમાર્ગ પણ આત્મામાં વસે છે એમ કહે છે અને આત્મા પોતે જિનરાજ છે એમ કહે છે. સાર નાખી દીધો. આત્મા એને કહીએ કે જે વીતરાગ સ્વરૂપે બિરાજમાન આત્મા છે. અને ધર્મ જૈનશાસન એને કહીએ કે એ વીતરાગ સ્વભાવને આશ્રયે જે પર્યાય પ્રગટ થઈ એને જૈનશાસન કહીએ. આને જિન કહીએ તો પર્યાયને જૈનશાસન કહીએ, એમ કહે છે. સમજાણું કાંઈ?

વસ્તુ સ્વભાવ ભગવાન આત્મા નિર્વિકારી અવિકારી સ્વભાવનો પિંડ પ્રભુ એ જિનરાજ છે. આહાહા! એમાં વ્યવહારનાં વિકલ્પો આદિ છે નહીં. કર્મ છે નહીં અને કાંઈ પરમાં પરની ચીજ એમાં છે નહીં. પરિપૂર્ણ વીતરાગ સ્વભાવે બિરાજમાન આત્મા એને આત્મા કહીએ. હવે એ આત્માને આશ્રયે જે પર્યાય રાગ વિનાની (થાય) કેમ કે એ વીતરાગ સ્વરૂપ છે. એની પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય. શુદ્ધઉપયોગ સ્વભાવ આત્મા. એ શુદ્ધઉપયોગ સ્વરૂપ એ જૈન શાસન. એ જૈનધર્મ. આહાહા! સમજાણું કાંઈ?

मति–मदिराके पानसौं–પણ પોતાના મજહબના પક્ષથી.... અમે એમ માન્યું છે, અમે આવા છીએ, અમે આવા છીએ, આમ માનનારા છીએ. પોતાના પક્ષના મદિરા પીધા છે ને દારૂ, એને લઈને पानसौं मतवाला समुझै न–મતવાળા સમજે નહીં. નશેમેં ચૂર મતવાલે એટલે જિનકો મજહબકા પક્ષપાત હૈ. અમે આવા છીએ. ઓલો કહે, અમે શ્વેતાંબર છીએ, ઓલો કહે, અમે વીસપંથી છીએ. સમજાણું કાંઈ? ઓલા કહે, અમે મૂર્તિને નહીં માનનારા સ્થાનકવાસી છીએ. એવા મતનો શરાબ પીધો છે, કહે છે. મતનો મદિરા પીધો છે. એને વીતરાગનું વાસ્તવિક સ્વરૂપ અને એનો ધર્મ એ મતવાળા સમજે નહીં. મતવાળા એ સમજી શકે નહીં. પક્ષપાત મૂકીને વાસ્તવિક તત્ત્વ સમજવા માગે તો એ જિનરાજ અને જિનનો ધર્મ બેય સમજી શકે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૨૦૦, કારતક વદ ૪, શનિવાર તા. ૬-૧૧-૧૯૭૧
## ગ્રંથ સમાપ્તિ અને અંતિમ પ્રશસ્તિ પદ ૩૧ થી ૪૦ પર પ્રવચન

આ ગ્રંથની સમાપ્તિ થાય છે. અંતિમ પ્રશસ્તિ છે ને. ૩૧મું પદ આવી ગયું ૩૧.

(દોહરા)

घट घट अंतर जिन बसै, घट घट अंतर जैन।
मति-मदिराके पानसौं, मतवाला समुझै न।।३१।।

**અર્થ :—**પ્રત્યેક હૃદયમાં જિનરાજ અને જૈનધર્મનો નિવાસ છે, પરંતુ ધર્મના પક્ષરૂપી દારૂ પીવાને લીધે મતવાલા લોકો સમજતા નથી. ૩૧.

**अर्थ :—**प्रत्येक हृदयमें जिनराज और जैनधर्मका निवास है, परन्तु मजहबके पक्षरूपी शराब पी लेनेसे मतवाले लोग नहीं समझते।।३१।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કહે છે કે આ હૃદયમાં અંદર આત્મા જિનરાજ બિરાજે છે. આહાહા! એનું સ્વરૂપ જ આત્માનું વીતરાગ સ્વરૂપ જ છે. પર્યાયમાં પ્રગટ થવું એ તો પછી એની દશા છે. પણ આ તો એનું સ્વરૂપ જ વીતરાગ સ્વરૂપ છે. 'જિન સો હી આત્મા'. એવી વાત છે. પરમ ચૈતન્ય પ્રભુ પૂર્ણ સ્વરૂપ એ જિનરાજ સ્વરૂપ જ એનું છે. પર્યાયમાં નહીં, વસ્તુ તરીકે. વસ્તુનો સ્વભાવ જ... આ જૈન સંપ્રદાય નથી કોઈ. એ વસ્તુનો સ્વભાવ છે તે જ વીતરાગ છે અને તે જ જૈન. આહા! સમજાણું કાંઈ?

કેટલાક કહે છે ને. આજ આવ્યું'તું ઓલામાંય આવ્યું'તું. ણમો લોએ સવ્વસાહૂણં. ણમો લોએ સર્વ સાધુને લેવા એમાં બીજાય. એમાં ક્યાં ફલાણું લખ્યું છે? અને એમ કે, ચાર પદમાં કેમ નથી લખ્યું, ણમો લોએ સવ્વ? પણ એને ખબર નથી. બધામાં લીધું છે. ધવલમાં પાઠ છે કે ણમો લોએ સવ્વસાહૂણં એ તો અંતદીપક છે. છેલ્લે કહ્યું પણ પાંચેયમાં એને લાગુ પાડવું. પાઠ એવો છે. હવે એય ખબર નથી. ત્યાં એને કહે, ચારમાં કેમ નથી માટે લોએ અને સવ્વ – સર્વકાળ અને સર્વક્ષેત્રના સાધકો જીવને લેવા એમાં. આ તે વાત સાચી છે સાધક, પણ સાધક કોણ? એ આ આત્મા જિનસ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ જ છે. એને અંતર સાધીને વીતરાગદશા જે પ્રગટ થાય તે જૈન છે. આ કંઈ સંપ્રદાયની ચીજ નથી. આ તો વસ્તુની ચીજ છે. સમજાણું કાંઈ?

घट घट अंतर जिन बसै. ભગવાન આત્મા વીતરાગની મૂર્તિ અકષાય સ્વભાવ પરમાનંદ એકલો પરમાં અતીન્દ્રિય આનંદ એના સ્વભાવનું સ્વરૂપ આખું વીતરાગ છે. એમાં પુણ્ય-પાપ, કર્મ, શરીર આદિ છે નહીં. એને આત્મા કહીએ અને એને જિનરાજ કહીએ. આહાહા! અને घट घट अंतर जैन. જૈનધર્મનો નિવાસ પણ ઘટમાં અંતરમાં છે. કાંઈ વિકલ્પમાં ને બાહ્યક્રિયાના ભેખમાં છે નહીં. એણે લખ્યું, ભેખ-બેખ નહીં. પણ ભેખ નહીં એ બરાબર છે. ભેખમાં નથી પણ ભેખ તો જે હોય તે હોય પાછો. ભેખમાં ધર્મ નથી. પણ ભેખ તો મુનિને જે હોય તે નગ્ન જ હોય. પાછું એમાં લખ્યું છે, પંદરભેદે સિદ્ધ કીધા છે. ગૃહસ્થલિંગે સિદ્ધ, સ્ત્રીલિંગે સિદ્ધ, અન્યમતિમાં સિદ્ધ. ખોટી વાત છે. કોઈએ કપડું નાખી દીધું હોય અને પછી એ તો જુદી વાત છે. પણ બુદ્ધિપૂર્વક કપડું રાખે અને મુનિ થાય, ઈ ત્રણકાળમાં બની શકે નહીં. માર્ગ એવો છે.

અમરચંદજીએ લખ્યું છે ખૂબ. વાંચ્યું? જૈનપ્રકાશમાં ખૂબ લખ્યું છે. ગોટા વાળ્યા છે બધા. એમ કે, ગૃહસ્થલિંગે સિદ્ધ, અન્યલિંગે સિદ્ધ. આવા .... લિંગ હોય તો સિદ્ધ થાય. ન્યાં ક્યાં વેષ...? પણ એમ હોય જ નહીં. આત્માની મુક્ત દશા જયારે થાય ત્યારે એની દશા બાહ્યમાં તદ્દન નગ્ન જ હોય. સમજાણું કાંઈ? એ આગમનો આગ્રહ નથી, પણ એ આગમનું સ્વરૂપ જ એવું છે. घट घट अंतर जैन. અંતરમાં જેને વીતરાગતા પ્રગટ થઈ, એને ભેખ જ એનો નગ્ન ને બાહ્ય વસ્ત્ર વિનાનો લિંગ એને હોય છે. આ વાત છે ભાઈ! પક્ષની આ વાત નથી પણ હવે શું થાય? સમજાય છે કાંઈ?

मति—मदिराके पानसौं. પણ પોતાના મજહબની માન્યતા પક્ષની એને લઈને, શરાબ પી લેનેસે. પોતાના મતનો મદિરા પીધી હોય એને સમજાય નહીં આ. मति—मदिराके पानसौं मतवाला समुझै न. मतवाला, ભાઈ કહે છે ને ધર્મદાસજીએ કીધું છે. અમે જૈનમતવાળા, અમે વૈષ્ણવમતવાળા. મતવાલા છો ને? ભાઈ ધર્મદાસ ક્ષુલ્લક થઈ ગયા છે ને દિગંબર મુનિ. સંવત ૪૮. જેમણે 'સમ્યગ્જ્ઞાન દીપિકા' બનાવી. સ્વાસ્તમામ્ ભાવ મનન્. એને કહે બધા મતવાળા છે. વસ્તુ શું છે? એ વસ્તુ જ આવી છે. અનંત આત્માઓ નિગોદ આદિના વસ્તુ તો જિન સ્વરૂપે જ એ આત્મા છે. દ્રવ્યચક્ષુએ. પ્રગટ કરવું એ તો પછી પર્યાયમાં એનો આશ્રય લઈને પ્રગટ થાય. જે ભાવ છે એને આશ્રયે લઈને એ ભાવ પ્રગટ થાય. मति—मदिराके पानसौं मतवाला समुझै न. મતવાળા હોય એ આ વાતને સમજે નહીં.

बहुत बढ़ाई कहांलौं कीजै कारिजरूप बात कहि लीजै. હવે કહે છે કે આમાં ઈતિહાસ શું છે? આ કેમ બન્યું આ કવિત્ત અને આ બધું? એ વાતનો ઈતિહાસ કહું છું.

(ચોપાઈ)

बहुत बढ़ाई कहांलौं कीजै।
कारिजरूप बात कहि लीजै।।
नगर आगरे मांहि विख्याता।
बानारसी नाम लघु ग्याता।।३२।।

तामैं कवितकला चतुराई।
कृपा करैं ये पांचौं भाई।।
पंच प्रपंच रहित हिय खोलै।
ते बनारसीसौं हँसि बौलै।।३३।।

**અર્થ :**—અધિક મહિમા ક્યાં સુધી કહીએ, મુદ્દાની વાત કહેવી ઉચિત છે. પ્રસિદ્ધ શહર આગ્રામાં બનારસી નામના અલ્પજ્ઞાની થયા. તેમનામાં કાવ્ય-કૌશલ્ય હતું અને ઉપર જણાવેલા પાંચે ભાઈઓ તેમના ઉપર કૃપા રાખતા હતા, તેમણે નિષ્કપટ થઈને સરળ ચિત્તથી હસીને કહ્યું. ૩૨-૩૩.

**अर्थ :**—अधिक महिमा कहाँ तक कहें, मुद्देकी बात कह देना उचित है। प्रसिद्ध शहर आगरेमें बनारसी नामक स्वल्प ज्ञानी हुए, उनमें काव्य-कौशल था और ऊपर कहे हुए पाँचों भाई उनपर कृपा रखते थे, उन्होंने निष्कपट होकर सरल चित्तसे हँसकर कहा।।३२-३३।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

કહે છે કે આમાં કેટલી વાત કરી સમયસાર આદિ(માં)! कहांलौं बढ़ाई कीजै. મહિમા કહાઁ તક કહીએ આત્માની, સમયસારની! આત્મા કહો કે સમયસાર કહો કે જિનરાજ કહો. એની ક્યાં સુધી વાત કહીએ. कारिजरूप—મુદ્દાની વાત કહીશ. મુદ્દાની વાત છે એ કહીએ છીએ અને ક્યાંથી શરૂઆત થઈ એ વાત આમાં કહીએ છીએ, કહે છે. नगर आगरे मांहि विख्याता, લ્યો. આગ્રા પ્રસિદ્ધ શહેર. એમાં बनारसी नाम लघु ग्याता—બનારસીદાસ કહે, હું એક થોડો જાણનાર થયો. लघु ग्याता—અલ્પજ્ઞાની.

तामैं कवितकला चतुराई. કવિત્ત કરવાની ચતુરાઈ હતી. એટલું તો કબૂલ કર્યું. कवितकला चतुराई, कृपा करैं ये पांचौं भाई. પાંચ ભાઈએ કહ્યું કે બનાવો. તમે કવિ છો તો આ રચો. એમ એણે કૃપા કરીને વાત કરી. पंच प्रपंच रहित हिय खोलै—પ્રપંચ વિનાનું હૃદયમાં જે વાત હતી એને મૂકી. ते बनारसीसौं हँसि बोलै—એને નિષ્કપટ હોકર સર્વ કિસીને હંસકર કહા. પાંચ જણાએ બનારસીદાસને હસીને કહ્યું.

नाटक समैसार हित जीका।
सुगमरूप राजमली टीका॥
कवितबद्ध रचना जो होई।
भाषा ग्रंथ पढ़ै सब कोई॥३४॥

**અર્થ :**—જીવનું કલ્યાણ કરનાર નાટક સમયસાર છે. તેની રાજમલજી રચિત સરળ ટીકા છે. ભાષામાં જો છંદબદ્ધ રચના કરવામાં આવે તો આ ગ્રંથ બધા વાંચી શકે. ૩૪.

**अर्थ :**—जीवका कल्याण करनेवाला नाटक समयसार है। उसकी राजमलजी रचित सरल टीका है। भाषामें छंदबद्ध रचा जावे तो इस ग्रन्थको सब पढ़ सकते हैं॥३४॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

नाटक समैसार हित जीका. ઓલા પાંચેય જણાએ કહ્યું એને. આવું સમયસાર નાટક જેમાં જીવનું કલ્યાણ થાય. હિત.. હિત છે ને. જીવનું જેમાં હિત થાય. બીજી વાતું લાખ કરોડ અનંત હોય પણ જેમાં જીવનું હિત થાય, જેમાં આત્માને વીતરાગતા પ્રગટે અને જેના ફળ તરીકે મુક્તિ થાય, એવું સમયસાર હિત કલ્યાણનું કરવાવાળું આવું! આહા! सुगमरूप राजमली टीका. આ કળશટીકા સુગમરૂપ છે. બહુ સહેલી ભાષા હિન્દીમાં. જૂની ઢૂંઢારીમાં કરી'તી પહેલી પણ હવે તો આપણે ચાલુ હિન્દીમાં થઈ ગઈ છે. ગુજરાતીમાં પણ થઈ ગઈ છે.

કહે છે, सुगमरूप राजमली टीका. 'રાજમલ્લ' થઈ ગયા ગૃહસ્થાશ્રમમાં. ઘણા વિદ્વાન. જેમણે આ પંચાધ્યાયી બનાવ્યું. પંચાધ્યાયી મહાતર્કથી બહુ અલૌકિક છે એનું. દોઢેક હજારેક બનાવ્યા ત્યાં તો દેહ છૂટી ગયો પછી. પંચાધ્યાયી લિખા હૈ ન? પંડિતજી! પંચાધ્યાયી એ રાજમલ્લે બનાવ્યું. (શ્રોતા : ....) રાજમલ્લને હી બનાયા હૈ. (શ્રોતા : વો તો નહીં દેખા) નહીં દેખા? લો કહો. કળશટીકા નહીં દેખા, પંચાધ્યાયી નહીં દેખા. પંચાધ્યાયી નહીં હૈ? વહ તો બહોત પ્રચલિત હૈ. (શ્રોતા : વો તો દેખી હૈ લેકિન રાજમલ્લજીને અલગ બનાયી હૈ કે એક હી હૈ?) એ કળશટીકા એ તો. હું તો પંચાધ્યાયી કહું છું. ઈ કળશટીકા તો નહીં જોઈ હોય. કાલ વાત કરી'તી. પંચાધ્યાયી બનાયા હૈ. બહોત સરસ હૈ. દો હજાર ઉપર ઉસમેં તો ગાથા હૈ. બહોત સરસ હૈ. પંચાધ્યાયી. ઈ આ રાજમલ્લજી. પંચાધ્યાયી બનાવ્યું રાજમલ્લજીએ. પેલા કહેતા'તા કે અમૃતચંદ્રઆચાર્યે, એવું કાંઈક કહે છે મખનલાલજી. પણ આ રાજમલ્લજીએ બનાવ્યું છે એમ પાછળથી.

कवितबद्ध रचना जो होई. કહે છે કે આ કળશ છે આ કળશટીકા આ. આમાં

કળશ છે એની ટીકા બનાવી છે રાજમલ્લે. એક એક કળશ ઉપર બહુ સરળ ભાષામાં. આ આખો ગ્રંથ છે ઈ. એમાંથી આ સમયસાર નાટક બનાવ્યું છે. સુગમરૂપ, એમ કહે છે. સહેલી ભાષા છે ઈ. તદ્દન ચાલતી ભાષામાં રાજમલ્લે આની ટીકા હિન્દીમેં બનાઈ. હિન્દીમેં. આંહીં પણ પહેલવહેલી આને તો ઘણાં વર્ષ પહેલાં વાંચેલી. ઘણાં વર્ષો પહેલાં. સુરત તરફથી ભેટ હતીને. સુરત તરફથી ભેટ હતી. આંહીં પુસ્તક ઘણા વર્ષ થયે જુનું પડ્યું છે અમારી પાસે. ઘણા વર્ષનું. ઘણા કેટલા વર્ષ થઈ ગયા, નહીં?

પણ એક વખત હું જંગલથી આવતો'તો એમાં આ નવનીતભાઈ મળ્યા નવનીતભાઈ ઝવેરી. કહે, એક કોઈ પુસ્તક બનાવવાનો ભાવ છે મારે. તે વખતે યાદ જ એમ આવ્યું. આ જૂનું છે પુસ્તક એક રાજમલ્લની ટીકા બહુ સરસ છે ઈ. આપણે છે ને આંહીં? એ જૂનું છે. ઢૂંઢારી ભાષા. બહુ ઢૂંઢારી જૂની. એ તો ઘણા વર્ષોથી વાત ચાલે છે. કીધું, એક આ પુસ્તક છે બહાર પાડવું હોય તો ચાલતી હિન્દીમાં. બહુ સરસ પુસ્તક છે. એ કેટલા વરસ થઈ ગયા એને એ વાતને. જંગલથી આવતો'તો અને સામા આવ્યા. એણે આ પૂછ્યું. મારી વાત થઈ અને એણે તરત ઉપાડ્યું. પછી આ કળશ બનાવ્યું. આ પુસ્તક, આ જૂનું પુસ્તક. બહુ ઢૂંઢારી ભાષા છે આ. ઘણા વર્ષ પહલે. કઈ સાલ છે? કેટલાં વરસ થયા? ૪૦. (શ્રોતા : ૪૧) એકતાલીસ. મૂલ્ય રૂા. ૩. ઠીક. ચાલીસ વર્ષ પહલે કા યે બના હૈ. આ તો પહેલા ઘણી વાર દેખા હૈ. બહોત દેખા હૈ આ શાસ્ત્ર પૂરા. હજારો શ્લોક દેખા હૈ. આ, આ. પણ ભાષા બહોત ઐસી કડક હૈ, બહોત કડક હૈ. તો ઉસમેં યે હૈ.

समजाए समते ઈસી પ્રકાર ભેદ કરી समजाए समते... કહેતાં ત્રિલોકમાંય ઐસો કોણુ જીવ હૈ? કોણુ જીવ હૈ? કોણુ જીવ છે એ ભાષા છે. જિન્હીંકો બોધ કહેતાં જ્ઞાનશક્તિ બોધ કહેતા સ્વસ્વરૂપ પૃથક્પણે અનુભવશીલ .....કહેતાં .....ન કહેતાં નહીં. પરિણમનશીલ હોય. અવતરતી કહેતાં પરિણમનશીલ હોય. ભાવાર્થ કીધો. જે જીવકર્મકો ભિન્નપનો અતિ હી પ્રગટ કરી દિખાયો. એ સ્વ સુનતાં જેહિં જીવ કહૂં જ્ઞાન ઉપજે નાંહી તિહીકો અલગ હૈ. ઓલાનો (અર્થ) આપ્યો છે કે આવું સ્વરૂપ સાંભળીને જેને જ્ઞાન ન થાય, એ તો કોઈ અનંત સંસારી હોય એને ન થાય. જૂની ભાષા બધી આ. એમાંથી આ લીધું છે એ. ઈ આંહીં કહે છે જુઓ. सुगमरूप राजमली टीका. ભાષા જરીક છે કડક આકરી છે. कवितबद्ध रचना जो होई. આની જો કવિતા બને તો भाषा ग्रंथ पढ़ै सब कोई. તો બધા ભાષા કવિત્ત હોય તો કો'ક પઢે, ભણે, સમજે એમ કહે છે.

तब बनारसी मनमहिं आनी।
कीजै तो प्रगटै जिनवानी।।

पंच पुरुषकी आज्ञा लीनी।
कवितबद्धकी रचना कीनी॥३५॥

**अर्थ :**—ત્યારે બનારસીદાસજીએ મનમાં વિચાર્યું કે જો આની કવિતામાં રચના કરું, તો જિનવાણીનો ખૂબ પ્રચાર થશે. તેમણે તે પાંચેય સજ્જનોની આજ્ઞા લીધી અને કવિતાબદ્ધ રચના કરી. ૩૫.

**अर्थ :**—तब बनारसीदासजीने मनमें सोचा कि यदि इसकी कवितामें रचना करूँ, तो जिनवाणीका बड़ा प्रचार होगा। उन्होंने उन पाँचों सज्जनोंकी आज्ञा ली और कवित्तबद्ध रचना की॥३५॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

तब बनारसी मनमहिं आनी—આવું સાંભળીને બનારસીદાસના મનમાં વિચાર આવ્યો. સોચ્યું—વિચાર કર્યો. कीजै तो प्रगटै जिनवानी. જો આની કવિતા થાય તો લોકો બોલે, વાંચે, પઢે, ગાય. જિનવાણી પ્રગટે જગતમાં, લ્યો. એવો આવો વિકલ્પ પણ આવે છે. कीजै तो प्रगटै जिनवानी. વીતરાગની વાણી વીતરાગ સ્વરૂપ બતાવનારી એવી વાણી જો આ કવિત્ત બનાવીએ તો જગતમાં એની પ્રસિદ્ધિ થાય. पंच पुरुषकी आज्ञा लीनी. પાંચ પુરુષો (સાથે) ચર્ચાથી એની આજ્ઞા લીધી. સજ્જનોંકી આજ્ઞા. પાંચ સજ્જનોકી આજ્ઞા. कवितबद्धकी रचना कीनी, લ્યો. બનારસીદાસે એમાંથી કવિત્તની રચના કરી આમાંથી કળશમાંથી.

सोरहसौ तिरानवै बीतै।
आसौ मास सित पच्छ बितीतै॥
तिथि तेरस रविवार प्रवीना।
ता दिन ग्रंथ समापत कीना॥३६॥

**अर्थ :**—વિક્રમ સંવત સોળસો ત્રાણુંના, આસો માસના શુક્લપક્ષની તેરસ અને રવિવારના દિવસે આ ગ્રંથ સમાપ્ત કર્યો. ૩૬.

**अर्थ :**—वि. संवत सोलहसौ तेरानवे, आश्विन मास, शुक्ल पक्ष, तेरस तिथि रविवारके दिन यह ग्रन्थ समाप्त किया॥३६॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

सोरहसौ तिरानवै वीतै. ૧૬૯૩. तिरानवै એટલે ૯૩. आसौ मास सित पच्छ बितीतै. આસો સુદ પક્ષ તિથિ ૧૩ અને રવિવાર, લ્યો. આસો સુદ તિથિ તેરસ ને રવિવાર. प्रवीना यह ग्रंथ समापन कीना, લ્યો. ત્યારે આ ગ્રંથ સમાપ્ત કર્યો. આપણે

પણ કાલે રવિવાર આવે છે. રવિવારે પુરું તે આપણે રવિવારે શરુ કાંઈ કરવું. ૧૭મી વાર સમયસાર શરુ થાય છે કાલે. સોળ વાર તો થઈ ગયું છે. પહેલેથી ઠેઠ સુધી સોળ વાર સભામાં. હવે ૧૭મી વારનું શરૂ છે કાલે. હવે કહે છે, કોના રાજમાં કર્યું.

(દોહરા)

सुख-निधान सक बंध नर, साहिब साह किरान।
सहस-साह सिर-मुकुट-मनि, साहजहां सुलतान॥३७॥

**અર્થ :—**તે વખતે હજારો બાદશાહોમાં મુખ્ય, મહાપ્રતાપી અને સુખદાયક મુસલમાન બાદશાહ શાહજહાન હતો. ૩૭.

**अर्थ :—**उस समय हजारों बादशाहोंमें प्रधान महा प्रतापी और सुखदायक मुसलमान बादशाह शाहजहाँ थे॥३७॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

સુખદાયક મુસલમાન બાદશાહ શાહજહાં થા. એનોય પરિચય થયો એને બનારસીદાસને દરબારનો. દરબારમાં જાતા'તા. પ્રસિદ્ધ હતા ને કવિ. બહુ કવિ પ્રસિદ્ધ હતા. તુલસીદાસને મળ્યા હતા ને. તુલસીદાસ જે આ રામાયણ બનાવી છે ને રામાયણ, એને મળ્યા હતા. ઓલાએ રામાયણ રામની કીધી. તો કહે, રામાયણ તો આવી હોય. આત્મારૂપી રામ એને બનાવ્યું છે. (શ્રોતા : .....) હા, એ. કહે છે, એ સમયમાં હજારો બાદશાહોમાં પ્રધાન દિલ્હીનો બાદશાહ હતો ને. મહાપ્રતાપી, જુઓ. सहस—साह सिर—मुकुट मनि. શાહજહાં મુસલમાન બાદશાહ હતા. એના રાજમાં આ બનાવ્યું છે, એમ કહે છે.

जाकै राज सुचैनसौं कीनौं आगम सार।
ईति भीति व्यापी नहीं, यह उनकौ उपगार॥३८॥

**અર્થ :—**તેમના રાજ્યમાં આનંદપૂર્વક આ ગ્રંથની રચના કરી અને કોઈ ભયનો ઉપદ્રવ ન થયો એ એમની કૃપાનું ફળ છે. ૩૮.

**अर्थ :—**उनके राज्यमें आनन्दसे इस ग्रन्थकी रचना की और कोई भय वा उपद्रव नहीं हुआ यह उनकी कृपाका फल है॥३८॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

जाकै राज सुचैनसौं—જેના રાજની અંદર આનંદથી कीनौं आगम सार—આ ગ્રંથની રચના આગમનો સાર બનાવ્યો. આગમનો સાર ભગવાને કહેલાં સિદ્ધાંત એનો

આ સાર કળશ એની ટીકા બનાવી. इति भीति व्यापी नहीं. વ્યવહાર વાત કરે છે. यह उनकौ उपगार—એ ઉનકી કૃપાનું ફળ છે બાદશાહની. એમ કે, એટલા પુણ્યનો એના યોગ કે અમે એના રાજયમાં પૂર્ણ કરી શક્યા, એમ. આવો આગમનો સાર કવિત્તની રચના કરી. આધિ-વ્યાધિ-ઉપાધિ શરીરમાં કાંઈ નડી નહીં. બની ગયું, એમ કહે છે. પછી તો એનો આંકડો છે.

ગ્રંથના પદ્યોની સંખ્યા (સવૈયા એકત્રીસા)

तीनसै दसोत्तर सोरठा दोहा छंद दोउ,
युगलसै पैंतालीस इकतीसा आने हैं।
छयासी चौपाई, सैंतीस तेईसे सवैये,
बीस छप्पै अठारह कवित्त बखाने हैं।।
सात पुनि ही अडिल्ल, चारि कुंडलिए मिलि,
सकल सातसै सत्ताइस ठीक ठानै हैं।
बत्तीस अच्छरके सिलोक कीने लेखै,
ग्रंथ-संख्या सत्रह सै सात अधिकानै हैं।।३९।।

**અર્થ :—**૩૧૦ સોરઠા અને દોહા, ૨૪૫ એકત્રીસા સવૈયા, ૮૬ ચોપાઇ, ૩૭ તેવીસા સવૈયા, ૨૦ છપ્પા, ૧૮ કવિત્ત (ઘનાક્ષરી), ૭ અડિલ્લ, ૪ કુંડલિયા—આવી રીતે બધા મળીને ૭૨૭ નાટક સમયસારના પદ્યોની સંખ્યા છે; ૩૨ અક્ષરના શ્લોકના પ્રમાણથી ગ્રંથ સંખ્યા ૧૭૦૭ છે. ૩૯.

**अर्थ :—**३१० सोरठे और दोहे, २४५ इकतीसे सवैये, ८६ चौपाई, ३७ तेईसा सवैया, २० छप्पय, १८ अट्ठारह कवित्त (घनाक्षरी), ७ अडिल्ल, ४ कुण्डलिए—ऐसे ये सब मिलकर ७२७ सातसौ सत्ताईस नाटक समयसारके पद्योंकी संख्या है, ३२ अक्षरके श्लोकके प्रमाणसे ग्रन्थ-संख्या १७०७ हैं।।३९।।

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

૩૧૦ સોરઠા અને દોહા, ૨૪૫ એકત્રીસા સવૈયા, ૮૬ ચોપાઈ, ૩૭ તેવીસા સવૈયા, ૨૦ છપ્પા, ૧૮ ઘનાક્ષરી કવિત્ત, ૭ અડિલ્લ. બધાનો સરવાળો કર્યો છે. ૪ કુંડલિયા. ઐસે સબ મિલકર ૭૨૭ નાટક સમયસારના પદ્યોની રચના છે. ૭૨૭, લ્યો. સાત ને બે—નવ ને સાત—સોળ. ૭૨૭ છે. ૩૨ અક્ષરના શ્લોક પ્રમાણે ગ્રંથની રચના ૧૭૦૭ છે. ૧૭૦૭ શ્લોકનું આ સમયસાર નાટક બન્યું છે, કહે છે. એ તો પહેલે કહી ગયા છે કે વાણી વાણીથી બની છે. કંઈ અમારાથી બની નથી. વાણી તો વાણીનો કર્તા

વાણી. આત્મા વાણીનો કર્તા હોય જડનો? આહાહા! એવા અક્ષરોની રચના જડ શબ્દથી થઈ છે, એમ કહે છે.

(દોહરા)

समयसार आतम दरव, नाटक भाव अनंत।
सो है आगम नाममैं, परमारथ विरतंत॥४०॥

**અર્થ** :—સર્વ દ્રવ્યોમાં આત્મદ્રવ્ય પ્રધાન છે અને નાટકના ભાવ અનંત છે, તેનું આગમમાં સત્યાર્થ કથન છે. ૪૦.

**अर्थ** :—सब द्रव्योंमें आत्मद्रव्य प्रधान है और नाटकके भाव अनन्त हैं, सो उसका आगममें सत्यार्थ कथन है॥४०॥

---

પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન :

समयसार आतम दरव. આ સમયસાર તો.. सब द्रव्योंमें आत्मद्रव्य प्रधान है. છ દ્રવ્ય જગતમાં ભગવાને દેખ્યા. તીર્થંકરદેવે કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય જોયાં. આત્મા, પુદ્‌ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. એમાં આતમ પ્રધાન છે. પાંચ તો બધા જડ છે. सब द्रव्योंमें आत्मद्रव्य प्रधान है. મુખ્ય છે. ચૈતન્યમૂર્તિ ચૈતન્યસૂર્ય, વિકાર વિનાની ચીજ, શરીર વિનાની ચીજ અને એકલા ચૈતન્ય સ્વભાવથી ભરેલો આતમ પદાર્થ એ છ દ્રવ્યમાં મુખ્ય છે. नाटक भाव अनंत—એના ભાવ તો અનંત છે. ગુણ અનંત, પર્યાય અનંત, એક એક પર્યાયના અનંત અવિભાગ પ્રતિચ્છેદ એવા અનંતા ભાવ એક આત્મામાં ભર્યા છે. સમજાણું કાંઈ? વસ્તુ એક મુખ્ય—પ્રધાન આતમદ્રવ્ય, પણ એના ભાવ અનંત છે. શક્તિઓ એની અનંત છે. સમજાણું કાંઈ?

કહ્યું'તું એકવાર, નહીં? ઘણીવાર કહ્યું છે. એક આત્મામાં ગુણની એટલી સંખ્યા છે કે છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ મુક્તિને પામે છે. ભગવાનના જ્ઞાનમાં એમ આવ્યું છે. છ મહિના ને આઠ સમય, ૬૦૮ સિદ્ધપદને પામે. આ આત્માના આશ્રય કરીને મુક્તિ પામે. તો એટલા એટલા સિદ્ધ અત્યાર સુધી થયા એની જે સંખ્યા અનંતી અનંતી સંખ્યા થઈ. છ માસ ને આઠ સમયમાં ૬૦૮. એટલા કેટલા ગ્યા? અનંતા પુદ્‌ગલ પરાવર્તન ગ્યા. અનંતા અનંતા સિદ્ધ થયા એનાથી નિગોદના એક શરીરમાં અનંત ગુણા જીવ છે. બટાટા, શક્કરકંદ, આલુ કહેવાય ને આલુ. એની એક કટકી લો રાઈ જેટલી, એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એથી અનંતગુણા જીવ છે. સમજાણું કાંઈ? તો આવું સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય છે? કે બીજે સાધુ હોઈ શકે?

આવડા અનંતા જીવો એથી અનંતગુણા તો પરમાણુ છે. એથી અનંતગુણા ત્રણ કાળના સમય છે. એક સેકન્ડમાં અસંખ્ય સમય જાય એવો ત્રણ કાળના સમય, એ પુદ્ગલના પરમાણુની સંખ્યા કરતાં અનંતગુણા છે. એના કરતાં તો અનંતગુણા આકાશના પ્રદેશ છે. આકાશ છે ને સર્વ વ્યાપક. અંત છે ક્યાંય આકાશનો? ચાલ્યો જાય, ચાલ્યો જાય, ચાલ્યો જાય, ચાલ્યો જાય. ક્યાંય નથી એમ ક્યાંય નહીં થાય. એવો આકાશ, એમાં જે પરમાણુ (જગ્યા રોકે) તે પ્રદેશ, એની સંખ્યા ત્રણ કાળના સમય કરતાં અનંતગુણી છે. અને એના કરતાં અનંતગુણા એક આત્મામાં ગુણ છે. આહાહા! સમજાણું કાંઈ? અનંતગુણા આકાશના પ્રદેશની સંખ્યાનો પાર નથી. અપાર.. અપાર.. અપાર. એટલી સંખ્યા એના કરતાં એક જીવમાં ભગવાને અનંતગુણા ગુણ જોયાં છે. વસ્તુ એક અને ગુણ આટલા અનંતા અનંત.

એ કહે છે, सब द्रव्योंमें आत्मद्रव्य प्रधान है और नाटकके भाव अनन्त हैं. આ વર્ણવ્યું છે ને ઓલામાં નહીં? પરમાત્મ પુરાણ બહુ વર્ણવ્યું છે. નટ ને ઘટ ને બધું એમાં ઘણું વર્ણવ્યું છે. એક એક ગુણ ને એની એક એક પર્યાય ને એના પર્યાયમાં અનંતા નૃત્ય અને અનંતા થટ ને અનંતા કલા ને રૂપ ને ઘણું વર્ણન કર્યું છે. એ આપણે આવી ગ્યું આમાં. વટવૃક્ષનું ન આવ્યું? પાંચમો બોલ છે.

जैसे वट वृच्छ एक, तामैं फल हैं अनेक. પાનું ૪૧૦ છે ને. जैसे वट वृच्छ एक, तामैं फल हैं अनेक, फल फल बहु बीज, बीज बीज वट है. એક વડમાં ઘણા ફળ, ફળમાં ઘણા બીજ. એક એક બીજમાં વૃક્ષ વડ થવાની તાકાત છે. એ વડમાં પણ પાછા ફળ, ફળમાંય વળી બીજ तामैं वट, कीजै जो विचार, तौ अनंतता अघट है॥ तैसे एक सत्तामैं, अनंत गुन परजाय. આહાહા! નાટક આનું જુઓ. पर्जैमैं अनंत नृत्य तामैंऽनंत ठट है। ठटमैं अनंतकला, कलामै अनंतरूप, रूपमैं अनंत सत्ता, ऐसौ जीव नट है. કહો, આવો સર્વજ્ઞ સિવાય પરમાત્મા વીતરાગે જે જોયો, આવો જોયો છે. સમજાણું કાંઈ? આત્મા, આત્મા બીજા કહે, પણ આવું સ્વરૂપ જેણે જોયું નથી એ એવું આત્માનું કથન કરી શકે નહીં.

કહે છે કે સમયસાર આતમદ્રવ્ય એટલે ભગવાન આત્મા વસ્તુ પ્રધાન પદાર્થ, છ દ્રવ્યમાં મુખ્ય ચીજ જ પ્રભુ પોતે છે. જો એ ન હોય તો આ જગત છે કે જડ છે કે પોતે છે, એ કોણ કહેનાર? જાણનાર કોણ? જાણનાર ભગવાન આત્મા એક, એની શક્તિઓ અનંત. એના ભાવો (અનંત). सो है आगम नाममैं. એ ભાવ આગમમાં સત્યાર્થ કથન છે. એ સિદ્ધાંત સર્વજ્ઞમાં કહેલા આગમમાં એનું કથન છે. બીજે કથન એવું હોઈ શકે

નહીં. આહાહા! કહો, આવી વાતને જયાં અંદર સમ્યગ્દર્શનમાં એક સમયની પર્યાયમાં આટલા દ્રવ્યો, અનંતગુણા ગુણો એ જાણવાની એકસમયની પર્યાયમાં તાકાત છે. એવી એવી અનંતી પર્યાયનો પિંડ એ ગુણ અને એવા અનંતગુણનો પિંડ એક આત્મદ્રવ્ય. સમજાણું કાંઈ?

આવો આત્મા જાણ્યા અને માન્યા વિના, એને અનુભવ વિના સમકિત થાય નહીં. આહાહા! ઓઘે ઓઘે આત્મા-આત્મા કરે, એ તો બધાય કરે. બૌદ્ધેય આત્મા-આત્મા કરે. સમાધિ કહેવાય ને ફલાણું કહેવાય ને બધા ઘણે કરે છે. વેદાંતી આત્મા કરે ને એ સર્વવ્યાપક આત્મા છે ને આમ છે ને તેમ છે. એ બધાય કલ્પિત કહેનારા છે. ભગવાને આવો આત્મા કહ્યો એનું આ સ્વરૂપ આવું છે. सो है आगम नाममैं. આ કથનો બધા સિદ્ધાંતમાં સર્વજ્ઞની પરંપરામાં કહેલા શાસ્ત્રો એમાં છે. परमारथ विरतंत, લ્યો. આગમમાં સત્યાર્થ કથન છે. પરમાર્થકથન છે. ભગવાને કહેલાં સિદ્ધાંતમાં એક આતમદ્રવ્યનું અનંત ભાવસ્વરૂપ એવું એમાં કથન છે. ખૂબ બીજેથી મળ્યું છે એની વાત કરે છે થોડી.

समयसार नाटक अकथ, अनुभव-रस-भंडार।
याको रस जो जानहीं सो पावें भव-पार॥१॥

આહા! સમયસાર એવો જે ભગવાન આત્મા એનું જે પરિણમન આદિ નાટક અકથ્ય છે. શું કહે! અનંત ગુણ—અનંતી અવસ્થા એવો ભગવાન પરમાત્મા વાણીથી તો પાર છે. અકથ્ય છે કહે છે. કથનમાં આવી શકે નહીં એવું આ સમયસાર નાટક આપનું છે. ઓલામાં તો કીધું પાઠમાં, આ તો બધું પૂરું કહ્યું છે. પાઠની ગાથામાં કહ્યું છે ને. એ અપેક્ષાથી બધું કહ્યું છે એમ અસ્તિ-નાસ્તિ. અહીં તો અકથ્ય એટલે ઘણું જ અગમ્ય છે, એમ. મહાપ્રભુ ચૈતન્ય એને જાણવો, એને અનુભવવો, એ તો મહા વચનાતીત, રાગાતીત વસ્તુ છે. આહા! એ એનો અનુભવ—એ આત્માનો અનુભવ, એ સમ્યગ્દર્શન આહાહા! એવો આત્મા એક, અનંત ગુણ, એને અનુસરીને થતી વીતરાગી દશાનું વેદન એને અનુભવ કહીએ. એ સમ્યગ્દર્શનમાં આવો અનુભવ હોય. આહાહા! હજી ચોથે ગુણસ્થાને હોં. શ્રાવક તો એથી આગળ ગ્યા સાચા હોય ઈ. મુનિ તો અલૌકિક વાત. આવું જે અકથ્ય કથન

अनुभव—रस—भंडार. અનુભવના રસનો તો ભંડાર છે આત્મા. આ સમયસાર નાટક એવો ભંડાર, પણ એમાં આત્મા મુખ્ય છે. याकौ रस जो जानहीं. ભગવાન આત્મા એનો અતીન્દ્રિય આનંદનો રસ જે જાણે એ સમકિતી એ જ્ઞાની અને એ ધર્મી. આહાહા! याकौ रस जो जानहीं. આવું કરે અને ક્રિયા કરે અને ફલાણું કરે ને, એમ

આંહીં નથી લીધું કાંઈ. આહાહા! ભગવાન આત્મા અતીન્દ્રિય સ્વરૂપ જેમાં અનંત અનંત અનિન્દ્રિય આનંદનો સ્વભાવ ભરેલો છે એનો જે રસ જાણે, એને જે અનુભવે, સમ્યગ્દર્શનમાં એનું વેદન આવે. આખો આત્મા શાંત શુદ્ધ છે એવું વેદન થતાં આખો આત્મા શુદ્ધ છે એમ વેદન આવે, सो पावें भव—पार.. सो पावें भव—पार. એને ભવનો અંત આવે. આહાહા!

એક આત્મા અનંતગુણનો ભંડાર સર્વજ્ઞ પરમેશ્વરે જેવો કહ્યો, એવો જો એને અનુભવમાં આવે તો એના આનંદરસને જાણે. પુણ્ય-પાપના ક્રિયાના પરિણામ તો દુઃખરસ છે. આ આનંદરસને જાણે જ આંહીં તો કીધું. જાણે એટલે એને જાણ્યું. જાણ્યું અનુભવીને ઠર્યો. સમજાણું કાંઈ? મનુભાઈ ગ્યા લાગે છે. ગ્યા હશે. सो पावें भव—पार. એ આત્માના આનંદની દશાને અનુભવે, વેદે, નિર્વિકલ્પ પરિણમન પ્રગટ કરે, એ ભવનો પાર પામે. સમજાણું કાંઈ? આહાહા! જુઓ, આ મોક્ષમાર્ગ પણ ભેગો બતાવી દીધો. કઈ ક્રિયા મોક્ષમાર્ગની? કે, આ ક્રિયા.

अनुभव—रस—भंडार. રસનો ભંડાર છે ઈ તો, કહે છે. ઈ એનો આનંદ કાઢો અનુભવમાં તો ગમે એટલો આનંદ નિકાળો તોય આનંદ તો ભરેલો જ છે એમાં, આહાહા! અતીન્દ્રિય આનંદનું વેદન, સમ્યગ્દર્શનમાંથી શરૂ થતાં અનંત અનંત આનંદને વેદતાં કેવળજ્ઞાન થતાં અનંત આનંદ થાય, તો પણ અનંત આનંદનો એ આત્મા તો ભંડાર છે એમાંથી અનંત આનંદ નીકળ્યા જ કરે. સમજાણું કાંઈ? याकौ रस जौ जानहीं, सो पावें भव—पार. એ ભવનો પાર પામે. લ્યો, બહુ ટૂંકું કહ્યું. સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત એટલે શાશ્વતના સ્વભાવના રસને જાણે એ શાશ્વત મુક્તિની દશાને પામે. સમજાણું કાંઈ? શાશ્વત વસ્તુ અતીન્દ્રિય આનંદ સ્વરૂપ સહિત એવું તત્ત્વ શાશ્વત છે નિજ એને જાણે, એને વેદે, એને અનુભવે, એની શ્રદ્ધા કરે, એનું જ્ઞાન કરે ને એમાં ઠરે એ પામે ભવ પાર. એ ભવનો અંત એને આવીને મુક્તિ થાય. કહો, સમજાણું કાંઈ?

अनुभौ-रसके रसियानै।
तीन प्रकार एकत्र बखानै।
समयसार कलसा अति नीका।
राजमली सुगम यह टीका।।२।।

ताके अनुक्रम भाषा कीनी।
बनारसी ग्याता रसलीनी।।

ऐसा ग्रंथ अपूरब पाया।
तासैं सबका मनहिं लुभाया॥३॥

अनुभौ—रसके रसियानै तीन प्रकार एकत्र बखानै. દેખો. અનુભવના રસના રસિયા. આહાહા! શાસ્ત્રમાં આવે છે ને અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ હૈ રસકૂપ. 'અનુભવ રત્નચિંતામણી, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' આહાહા! અનુભવ રત્નચિંતામણી. આત્માના આનંદનો અનુભવ ઈ સમ્યક્ રત્નત્રય—સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ રતન છે. વ્યવહારના વિકલ્પથી રહિત નિશ્ચય સ્વરૂપ ભગવાન આત્મા એનો અનુભવ—અનુસરીને થવું, આનંદરૂપે વેદવું એ અનુભવ રત્નચિંતામણી. આ ધર્મ અને એ રત્નચિંતામણી છે. આહાહા! અનુભવ રત્નચિંતામણી, અનુભવ હૈ રસકૂપ. એ તો રસનો કૂવો છે. આહાહા! આનંદરસ જ અનુભવ ધર્મમાં ઝરે. ધર્મ એને કહીએ કે જેમાં આનંદરસ ઝરે ને આનંદનું વેદન થાય એમ કહે છે. આહાહા! ભારે વાત ભાઈ! કહો, સમજાણું કાંઈ?

अनुभौ—रसके रसियानै. સમ્યગ્દૃષ્ટિ અનુભવના રસના રસિયા છે. એ પુણ્ય-પાપના વિકારના રસિયા નથી. આહાહા! બહુ માર્ગ એવો ઝીણો વીતરાગનો. લોકોને અંદર બેસવું કે આ.. આ.. પણ શું? નહીં. ભાઈ કહેતા'તાને પ્રેમચંદભાઈનો દીકરો. માળો પણ પ્રેક્ટીસમાં શું કંઈ ભાષા? પ્રેક્ટીસ. આનું પ્રેક્ટીકલ કેમ કરવું? પણ પ્રેક્ટીકલ એટલે આ અંદર આત્મા તરફ જઈને વેદન કરવું એ પ્રેક્ટીકલ. શું થાય? મોંઘી ચીજ, દુર્લભ ચીજ. સાંભળવા મળે નહીં પહેલી તો વાસ્તવિક ચીજ. સાંભળવા મળે છતાં એને પાછી અંદર બેસવી અને બેઠા પછી અંદર સ્વરૂપમાં અનુભવ કરવો એ તો અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ!

જુઓ આ માર્ગ છે. આ સમજયા વિના નગ્ન થઈને બાવા ફરે ઈ સાધુ નથી, એમ કહે છે. બાવા તો અંદરમાંય નાગા જ ફરે અન્યમતિમાં ઘણાય. હજારો નથી આવતા ઓલા મેળો ભરે ત્યાં, શું કહેવાય? નાગા બાવાનો મેળો ભરાય. કુંભમેળો. બહુ બાવા નાગા. એક ફેરી ઘણા હજારો નાગા ફરે. બાવીઓ નાગી સ્ત્રીઓ. એવા પાણી પીવેને એને. ઈ પીવે છે એવા કેળનો રસ પીવે. કેળ.. કેળ હોય છે ને કેળ. એનો રસ પીવેને તો ઈન્દ્રિય શિથિલ થઈ જાય બધી. ઈન્દ્રિય વશ કરી ન હોય, પણ એવો છે સ્વભાવ છે.

એક આપણે હતા ધાંગધ્રામાં મોહનલાલ કરીને. મોહનભાઈ કરીને હતા. ડુંગરપુરનાં દિવાન હતા. ડુંગરપુરના દીવાન હતા આપણા મોહનભાઈ હતા સ્થાનકવાસી. એ માસ્તર હતા એ રાજાના. એટલે પછી પ્રેમ થઈ ગયો તે એને દીવાન બનાવ્યા. બહુ

જાણપણું નહોતું એવું, પણ એ માસ્તર હતા તે દીવાન બનાવ્યા. ઈ દીવાન મોઢા આગળ. બીજા કામ કરે પણ દીવાન ઈ. પછી મોહનભાઈ આવતા અમારી પાસે ઘણીવાર. આ શરીર શિથિલ દેખાય. મોહનભાઈ આમ કેમ દેખાય છે? તમે મોટા દીવાન હતા ને. કહે, કેળનો રસનો પીણી પીધું છે. આ કેળ નથી થાતી કેળ? કેળા. એનો રસ પીવે તો આ ઈન્દ્રિયો શિથિલ થઈ જાય. ઈન્દ્રિયો જાગે નહીં. (શ્રોતા : કૃત્રિમ ઉપાય) કૃત્રિમ ઉપાય. બસ વાત ઈ. એ કૃત્રિમ ઉપાય. એ સાચો ઉપાય નથી. એવા નાગા તો ઘણાં ફરે છે. આંહીં તો આત્માના આનંદના રસમાં ચડતાં પ્યાલા ખુમારી ચડી જાય અને વિષયની વૃત્તિઓ ઊઠે નહીં. વિકલ્પ ઊઠે નહીં. એવો અતીન્દ્રિય આનંદનો અનુભવ, કહે છે કે अनुभौ—रसके रसियानै तीन प्रकार एकत्र बखानै. ત્રણ પ્રકાર.

समयसार कलसा अति नीका. આહા! અમૃતચંદ્ર આચાર્યના કળશો અતિ નીકા—ઘણા ઊંચા. નીકા—ભલા. राजमली सुगम यह टीका. એની પાછી ટીકા આ રાજમલ્લની. આહા! આખું પુસ્તક બનાવ્યું છે. ૨૭૮ શ્લોકનું. राजमली सुगम यह टीका. બહુ સહેલી ટીકા છે કહે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? જેઠાભાઈ, આ વાંચ્યું છે કે નહીં? જેઠાભાઈ! રાજમલ્લને વાંચ્યું છે? કળશટીકા. થઈ છે ને ગુજરાતી થઈ છે. હજારો ગુજરાતી થઈ ગ્યા. હજારો હિન્દી થઈ ગઈ. લોકો આ છોકરાઓ વાંચે છે ને. નાના નાના. ચારે કોર પ્રચાર.. પ્રચાર.. પ્રચાર માર્ગ વીતરાગનો આ છે. સમજાણુ કાંઈ?

ताके अनुक्रम भाषा कीनी। बनारसी ग्याता रसलीनी, લ્યો. એમાંથી બનાવ્યું કવિત્ત. એમ કહે. बनारसी ग्याता रसलीनी, લ્યો બનારસીદાસ જ્ઞાતા રસમાં લીનવાળા હતા. એ આનંદના રસવાળા હતા, એમ કહે છે. बनारसी ग्याता रसलीनी ऐसा ग्रंथ अपूरब पाया तासैं सबका मनहिं लुभाया. આહાહા! એક તો કળશ, એની વળી ટીકા અને એનું પાછું આ કવિત્ત. આ બધું આમાં લખ્યું છે આ જૂનીમાં. આમાં જૂનીમાં છે ને આપણે કવિત્ત નથી નાખી ભાઈ. આમાં કવિત્ત ને બધું નાખ્યું છે આમાં. કવિત્ત પણ છે, કળશા છે અને એની ટીકા છે. આ ત્રણે આમાં છે આ જૂનીમાં. આપણે એ નાંખ્યું નથી કારણ કે બહુ વધી જાય ને પાછું. મોટા અક્ષર. આ ઝીણા અક્ષર બહુ. એમાં કવિત્ત પણ છે આમાં.

बनारसी ग्याता रसलीनी. આહાહા! ઈડરની પ્રતમાં આમ નીકળ્યું છે. બનારસીદાસ જ્ઞાતા-દૃષ્ટા થયા હતા. સમ્યગ્દર્શન પામ્યા હતા. આત્માના રસના રસીલા હતાં. ગૃહસ્થાશ્રમમાં છતાં સમ્યગ્દૃષ્ટિ હતા. આત્માના રસના રસીલા હતા. એનું નામ ધર્મી કહીએ. રાગના રસના રસીલા એ તો મિથ્યાદૃષ્ટિ છે આહાહા! હોય ખરો રાગ,

પણ એનો રસ ન હોય એનો. સમજાણું કાંઈ?

ऐसा ग्रंथ अपूरब पाया। तासैं सबका मनहिं लुभाया. બધા પાંચ ભાઈઓ વાંચતા હતા ને એ લોકો. ભારે ગ્રંથ ભાઈ! ઓહોહો! કહો, એ વખતે આવા બધા બનારસીદાસ આદિ પાંચ પુરુષોને આવા .... પૂર્વ. હવે એવો ગ્રંથ તો બહાર હવે આવી ગ્યો. કેટલા હજારો બહાર આવ્યા છે. પંડિતજી! તો તુમને નહીં પઢા? કહો. હિન્દી નહીં મિલી? એ તો આપણે છે કે નહીં હિન્દી? એય! વધારે છે? દ્યો એક. આપણે ભેટ તરીકે છે? ભેટ તરીકે નથી? ત્યારે? (શ્રોતા : વિચારીને....) વિચાર કરીને બાદમેં દૂંગા. મિલેગા. આહાહા!

(દોહરા)

सोई ग्रंथके लिखनकौ, किए बहुत परकार।
वाँचनकौ देवे नहीं, ज्यौं कृपी रतन-भंडार॥४॥

કંજૂસ જેમ રતનનાં ભંડાર ભરેલા હોય, પાઈ ખર્ચે નહીં ને આપે નહીં. એમ આ ગ્રંથ લિખનકો, કિયે બહુત પ્રકાર. ભાઈ અમને લખવા દ્યો અમને. ઓલો કહે, નહીં. વાંચનકો દેવે નહીં. એવાય હતાને માણસ એ વખતે. આના રસના રસીલા હતા. કે ભાઈ! આહાહા! આવો ગ્રંથ સમયસાર નાટક! અદ્ભુત વાત છે. આવી વાત જો આપણને વાંચવા મળે ને સમજવા મળે જગતમાં તો બહુ કામ થાય. પણ लिखनकौ किए बहुत परकार वांचनकौ देवे नहीं.

એક આ સૂર્યપનંતિ ને ચંદ્રપનંતિ જોઈતી'તી અમારે. સૂર્યપનંતિ છે ૩૨ સૂત્રમાં છે ને ઈ અમારે આંહીં નહોતી ત્યાં દામનગર. ૩૨ સૂત્રમાં એ સૂર્યપનંતિ, ચંદ્રપનંતિ મૂક્યું છે. ઈ આંહીં જેતપુરમાં હતી. ઈ દામોદરશેઠના મામાના દીકરા અશ્વિનભાઈ (પાસે) પણ માળા આપે નહીં. ભઈ, વાંચવા તો દ્યો આ હવે. આ બધું તમારા શાસ્ત્રમાં શું લખ્યું છે બધું જોવાય તો ખરું પહેલું. આપે નહીં માળા. પણ ગમે ત્યાંથી પછી મેળવી'તી. એક આવી'તી. વાંચ્યું'તું ૭૬માં. ૭૬ની સાલની વાત છે હોં. ૨૪ ને ૨૮– બાવન વર્ષ થયાં. ચંદ્રપનંતિ, સૂર્યપનંતિ આવી'તી. આખું વાંચ્યું. એકવાર વાંચ્યું. એમાં કાંઈ બહુ ઈતિહાસનો વિષય જ. એકવાર આખું જોઈ લીધું. પણ એની પાસે ગ્રંથ હતો. આપતા નહોતા માળા. પણ કોઈ રીતે પછી મંગાવી લીધો. (શ્રોતા : વિશ્વાસ નહીં) ના, ના. વિશ્વાસ નહીં. એને (એમ) કે આવી ઊંચી ચીજ છે, બહાર કેમ કાઢવી, એમ. સંકીર્ણતા. એમ આય તે રતનનો ભંડારવાળો હોય કોઈ કંજૂસ હોય તે પાઈ પણ આપે નહીં. આહાહા!

**मानसिंघ चिंतन कियो, क्यौं पावे यह ग्रंथ।**
**गोविंदसो इतनी कही, सरस सरस यह ग्रंथ॥५॥**

**तब गोविंद हरषित भयौ, मन विच धर उल्लास।**
**कलसा टीका अरु कवित, जे जेते तिहि पास॥६॥**

**मानसिंघ चिंतन कियो, क्यौं पावे यह ग्रंथ.** માનસિંઘ. ચિંતવન વિચાર કર્યો કેમ પામે આ ગ્રંથ? જુઓ, આ એ વખતે પણ આ ગ્રંથની મુશ્કેલી હતી. આહાહા! એક આ ટોડરમલજીનું છે ને આપણે આ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી.' ઈ અમારે ૮૩માં મળતી નહોતી. ૮૩ની સાલમાં. સંવત ૧૯૮૩. મળતી નથી આ કારણે એકવાર વળી વીરજીભાઈએ મોકલી'તી. ૮૩ની વાત છે. કેટલા વરસ થ્યા? ૧૭ ને ૨૮–૪૫. પછી તો આપણે છપાવી લીધી. ઘણી મળી. ઈ મળતી નહોતી. એક રૂપિયે ચિઠ્ઠી મળતી નહોતી. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે ને. વાંચી છે. બનારસીદાસ. ટોડરમલજી. બહોત ઊંચી ચીજ બહોત. દિગંબરોમાં તો ગૃહસ્થો, પંડિતો પાક્યા છે તે બહુ અમૂલ્ય રતન પાક્યા છે બધા. એ રહસ્યપૂર્ણ ચિઠ્ઠી મળતી નહોતી સમજ્યાને. છે ને અહીંયા રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. ક્યાંક હતી ઓલા સમયસારમાં.

**गोविंदसो इतनी कही, सरस सरस यह ग्रंथ.** દેખો. જેઠાભાઈ! એ વખતે આ ગ્રંથ.... હવે એની અત્યારે કિંમત ન મળે. અત્યારે ઓલા કેટલા હજારો બહાર પડી ગ્યાં છે. (શ્રોતા : ઈ ફેરી તો હાથે લખાતા હતા ને....) હાથે લખાતા.... **गोविंदसो इतनी कही, सरस सरस यह ग्रंथ.** આહાહા! સરસ.. સરસ એમ કહ્યું. ભારે ટીકા. ભારે એનો અર્થ ને ભારે એની કવિતા.

**तब गोविंद हरषित भयौ, मन विच धर उल्लास.** મન ને વચનથી ધર ઉલ્લાસ થયો એને. **कलसा टीका अरु कवित, जे जेते तिहि पास.** જે જે એની પાસે હતું એ લઈ લીધું, કહે છે. આહાહા! આવી ચીજ એ વખતે મળતી નહોતી અને અત્યારે તો આમ સોંઘી થઈ ગઈ છે હવે. સુમનભાઈ! પુસ્તક બધા સોંઘા થઈ ગયા છે. અને વળી અહીં તો સોંઘા છે પાછા. જે એની કિંમત હોય એનાથી ઓછી કિંમત, તો પણ વાંચતા નથી. આ પંડિત જેવા કહે મેં વાંચ્યું નથી. કહો. સંસ્કૃતના પ્રોફેસર થયા તે આ નહીં. અમે તો ન્યાં સ્થાનકવાસીમાં ઢૂંઢિયામાં હતા તોય આ પહેલું વાંચ્યું હતું. (શ્રોતા : ઢૂંઢિયા ક્યાં હતા?) બહારમાં. પહલે સબ પઢા થા અંદરમેં. ...... ટીકા આની આપી'તીને ભાઈએ આપી'તી. જૈનમિત્ર તરફથી ભેટ આપી'તી. જૈનમિત્ર નીકળે છે ને સુરતથી.

સુરત. એના ભેટ તરીકે. कलसा टीका अरु कवित जे जेते तिहि पास. જે તે હોય એની પાસે લાવ. આહા!

(ચોપાઈ)

जो पंडित जन बांचो सोइ।
अधिको उचो चौकस जोइ॥
आगे पीछे अधिकौ ओछो।
देखि विचार सुगुरुसौ पूंछौ॥७॥

अलप मती है यह मति मेरी।
मनमें धरहुं चाह घनेरी॥
ज्यौं निज भुजा समुद्रहि तरनौ।
है अनादि * * *

जो पंडित जन बांचो सोइ. લ્યો, પંડિત આ ભલામણ કરે છે. जो पंडित जन बांचो सोइ अधिको उचो चौकस जोइ. ઓછું, અધિક હોય, બરાબર નિર્ણય કરો એમાં. ક્યા હૈ ચીજ. આ કંઈ ઐસે માનનેવાલી ચીજ હૈ નહીં. બરાબર તુલના કરીને વિચાર કરો. સમયસાર નાટક દેખો. કલશકી ટીકા દેખો. સુગમ શૈલી હૈ. વાંચો અને વિચારો. अधिको उचो चौकस जोइ आगे पीछे अधिकौ ओछो. ઓછું ને અધિક ક્યાંક દેખાય, देखि विचार सुगुरुसो पूंछौ. જ્ઞાની પાસે પૂછો એનો અર્થ કે આ ક્યા હૈ. સમજમેં આયા? આહાહા!

આવું ચૈતન્ય રતનનો ભંડાર એને વાંચવાને પણ મળે નહીં ને હોય મળે છતાં વાંચે નહીં. લખ્યું છે ને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં, નહીં? નહીં પેલું કાંઈક. મળે ને વાંચે નહીં. લખ્યું છે. અધ્યાત્મ વસ્તુ મળે એને વાંચે નહીં એને શું કહેવું. એમ લખ્યું છે ક્યાંક, નહીં? એના ભાગ્યની શું વાત કરવી? અભાગ્યની.. ઈ જ અભાગ્ય. લખ્યું છે હોં આમાં. લ્યો, આ નીકળી. લ્યો, આ ઓલી ચિઠ્ઠી. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. પહેલી મળતી નહોતી આ. એક રૂપિયે તે પણ. હવે તો આપણે બધી છપાઈ ગઈ છે 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. આ લખે છે નહીં? પહેલા ભાગમાં ને? વ્યાકરણ આદિ સાધનની જરૂર નથી પડતી માટે તેના અભ્યાસમાં અવશ્ય પ્રવર્તો. ઓહોહો!

એમાં લખ્યું છે. એના પહેલાં કંઈ લખ્યું છે. એ પૂરો થઈ ગયો. એના પહેલાં છે ઈ. આવો એમ કે જેમ કોઈ મહાન દરિદ્રીને અવલોકન માત્ર ચિંતામણીની પ્રાપ્તિ થાય

છતાં એ ન અવલોકે તથા જેમ કોઈ કોઢિયાને અમૃતપાન કરાવવા છતાં પણ તે ન કરે, તેમ સંસાર પીડિત જીવને સુગમ મોક્ષમાર્ગના ઉપદેશનું નિમિત્ત બને. ‘મોક્ષમાર્ગપ્રકાશક’માં છે. જુઓ, ‘ટોડરમલે’ લખ્યું છે. છતાં તે અભ્યાસ ન કરે તો તેના અભાગ્યનો મહિમા કોણ કહી શકે. ટોડરમલે લખ્યું છે મોક્ષમાર્ગપ્રકાશકમાં. તેનું તો ભાવિ વિચારીને પોતાને સમતા આવે, લ્યો. આહાહા! સ્વાધીન ઉપદેશ દાતા ગુરુનો યોગ મળવા છતાં જે જીવ ધર્મવાક્યોને નથી સાંભળતો તે ધીઠ દુષ્ટ છે. સંસારભયથી તીર્થંકર આદિ ડર્યા, એ સંસારભયથી જે રહિત છે એ મોટા સુભટ છે. જેનાથી સંસારથી તીર્થંકરો ડર્યા. આહાહા! ચોર્યાશીના અવતાર. એક એક અવતારનાં અનંત દુઃખ એનાથી તે ડર્યા. અને એનાથી જે ન ડરે, મહાસુભટ છે, નરકમાં જવાનો. કહે છે. देखि विचार सुगुरुसो पूंछौ.

अलप मती है यह मति मेरी. બનારસીદાસ કહે છે, મારી મતિ તો અલ્પ છે ભઈ. કહો, એવા બુદ્ધિવાળા તોય પોતાની મતિ અલ્પ છે, એમ કહે છે. मनमें धरहुं चाह घनेरी. મનમાં તો ઘણી ભાવના આવે છે કે આ શું બનાવું. શું સમયસાર રચું, બહાર મૂકું. ज्यौं निज भुजा समुद्रहि तरनौ. જેમ બે હાથથી સમુદ્ર તરવો એમ અનાદિ જૈનની વાણીને એ પૂરી કરવી, લખવી મહાગંભીર અને દુર્લભ છે. પણ છતાં મારી શક્તિ પ્રમાણે લખ્યું છે. એને વાંચજો ને વિચારજો એમ છેલ્લે ભલામણ કરે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## નાટક સમયસાર અક્ષરશઃ પ્રવચનના

૭ ભાગના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશી

**રૂા. ૧૦૦૦૦૦=૦૦**

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી દિગંબર જૈન દિવાળી યાત્રા ગ્રુપ

**રૂા. ૫૧૦૦૦=૦૦**

શ્રી સ્વ. અંજુબેન માણેકલાલ ડેલીવાળા
હ. અનુજ કૌશિકભાઈ ડેલીવાળા
મુલુંડ—મુંબઈ

ડૉ. લીનાબેન અનિલકુમાર મોદી, પાર્લા

શ્રી ઈવેટ મીલન શાહ, એન્ટવર્પ

શ્રીમતી હીરાબેન શાંતિલાલ દોશી, તથા
શ્રીમતી ઈન્દિરાબેન જયંતીલાલ શેઠ
(હ. મમતાબેન ભાવીનભાઈ શેઠ)
તથા શ્રીમતી કોકિલાબેન અનિલભાઈ
ડેલીવાળા

સ્વ. નવલબેન કપૂરચંદભાઈ સંઘાણી
હ. હીનાબેન શાહ, યુ.એસ.એ.

**રૂા. ૨૫૦૦૦=૦૦**

શ્રી પ્રિયંકાબેન વરૂણભાઈ મહેતા

**રૂા. ૧૫૦૦૦=૦૦**

શ્રી શારદાબેન શાંતિલાલ શાહ પરિવાર

**રૂા. ૧૧૦૦૦=૦૦**

શ્રી ધીરજબેન દાદભાવાળા
શ્રી રંજનબેન શાહ
શ્રી મંજુલાબેન ગાલા
ડૉ. હીરાબેન સી. શાહ
શ્રી પ્રસન્નભાઈ બ્રોકર
શ્રી મંજુલાબેન કિશોરભાઈ ગોપાણી
શ્રી વિપુલભાઈ ભરવાડા
શ્રી સરોજબેન
શ્રી કનકબેન અનંતરાય શેઠ પરિવાર
શ્રી ચંદ્રાબેન મધુભાઈ શાહ પરિવાર
શ્રી જયાબેન જયંતીલાલ દોશી પરિવાર
શ્રી મીરા અનીલભાઈ શાહ, મસ્કત
શ્રી છગનલાલ કાલીદાસ વાઘર પરિવાર
શ્રી એક મુમુક્ષુબેન
શ્રીમતી પુષ્પાબેન પ્રતાપભાઈ ભાયાણી
એક મુમુક્ષુબેન, પાર્લા

**રૂા. ૭૫૦૦=૦૦**

શ્રી નીતાબેન મધુભાઈ દોશી પરિવાર

**રૂા. ૫૦૦૦=૦૦**

શ્રી દક્ષાબેન બાબુલાલ ગાંધી
શ્રી ચંદ્રમણિબેન મણિયાર
શ્રી સંધ્યાબેન શૈલેષભાઈ લોડાયા (ઘાટકોપર)
શ્રી ઉષાબેન કીર્તિભાઈ કોઠારી
શ્રી દેવાંગ
શ્રી મમતાબેન ભાવીન શાહ
શ્રી હસમુખભાઈ વસાણી
શ્રી કસુંબાબેન અમૃતલાલ શેઠ,
હ. સુધાબેન રજનીકાંત શેઠ
શ્રી હીરાબેન મણિલાલ શાહ
શ્રી દિવાળીબેન ભાણજીભાઈ ગડા
શ્રી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ
શ્રી લાભુબેન મનુભાઈ કામદાર, પરિવાર
શ્રી કનકબેન કે. શાહ, કે. કે. શાહ
શ્રી મીતાબેન નીતિનભાઈ ઉદાણી
શ્રી ચંદ્રાબેન
શ્રી ઈન્દુબેન એમ. શાહ
શ્રી રૂપાબેન બ્રોકર
શ્રી નયનાબેન સંઘવી

શ્રી કોકીલાબેન નલીનભાઈ શાહ
શ્રી રજનીભાઈ શાહ
શ્રી ધનલક્ષ્મીબેન પ્રાણલાલ કામદાર પરિવાર
શ્રી લીનાબેન સંઘવી
શ્રી તરુબેન વી. શાહ
શ્રી ઈન્દુબેન જસવંતભાઈ મહેતા
શ્રી કાંતાબેન માસ્તર,
 હ. મધુરીબેન નંદુ, સોનગઢ
શ્રી વસુમતી બાબુલાલ મોદી
શ્રી સેજલબેન મહેતા
શ્રી મીતેશ જે. મહેતા
શ્રી ઈન્દુભાઈ પીપલીયા, હ. મહેન્દ્ર પીપલીયા, મનીષ પીપલીયા
શ્રી લક્ષ્મીબેન સાવલા
એક મુમુક્ષુબેન, પાર્લા-સાંતાક્રુઝ
એક મુમુક્ષુબેન, ભાવનગર
શ્રી કોકીલાબેન નલીનભાઈ શાહ

**રૂા. ૪૦૦૦=૦૦**

એક મુમુક્ષુ, ભાવનગર

**રૂા. ૩૦૦૦=૦૦**

શ્રી ઝરણા કેતન શાહ
શ્રી બેલા કેતન દફતરી
શ્રી જ્યોતિબેન પ્રવીણભાઈ મહેતા
શ્રી હર્ષાબેન જનકભાઈ ટીમ્બડીયા
શ્રી ઈન્દિરા ધીરજલાલ શાહ
શ્રી નીકિતા ઋષભ મહેતા
શ્રી વસંતબેન નગીનદાસ કપાસી
શ્રી નગીનદાસ મેઘજીભાઈ કપાસી
 હ. જ્યોતિબેન લલિતભાઈ શાહ મુલુંડ

**રૂા. ૨૫૦૦=૦૦**

શ્રી ચંદ્રકાંતભાઈ કે. શાહ
શ્રી રંજનબેન પ્રવીણભાઈ અજમેરા
શ્રી બચુભાઈ પારેખ
શ્રી શાંતાબેન કે. શાહ
શ્રી રૂપાબેન કિરીટભાઈ જોબાળિયા
શ્રી પ્રતીભાબેન છેડા
શ્રી પૂર્ણિમાબેન રોહિત માલીયા
શ્રી ભારતીબેન સાવલા
શ્રી રસિલાબેન આર. કે. શાહ
શ્રીમતી સરોજબેન ચંદ્રવદન શેઠ

**રૂા. ૨૧૦૦=૦૦**

શ્રી પ્રીતિબેન સંજીવભાઈ કોઠારી

**રૂા. ૨૦૦૦=૦૦**

એક મુમુક્ષુભાઈ, ભાવનગર
શ્રી કમલભાઈ કોઠારી, મદ્રાસ

**રૂા. ૧૧૦૦=૦૦**


શ્રી કુંદનબેન ધીમંતભાઈ શેઠ
શ્રી ભાનુબેન સૂર્યકાંત કામદાર

**રૂા. ૧૦૦૦=૦૦**

શ્રી કલ્પના ઉદય ગોસલીયા
શ્રી દેવીબેન નીતિનબાઈ અજમેરા
શ્રી રીદ્ધિ ઋષભ વોરા
શ્રી અંકિતા કિરણ દેસાઈ
શ્રી ભારતીબેન સાવલા
શ્રી ગીતાબેન રાજેશભાઈ કામદાર—મુલુંડ
શ્રી કાંતીભાઈ હી. શાહ—સુરેન્દ્રનગર

**રૂા. ૫૦૦=૦૦**

ડૉ. દીપક શેઠ
શ્રી નલીની મિલન સંઘવી
શ્રી ભારતીબેન દિ. દોશી
શ્રી અંશ દેવેન દોશી
શ્રી અર્હન કૈનેશ શાહ
શ્રી પૂનમ પરાગ દેસાઈ
શ્રી હર્ષાબેન શાહ
શ્રી લક્ષ્મીબેન સાવલા



**શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર**
**(વિલે પાર્લા) મુંબઈ**